नृकरोटी स्त्री० માણસની ખોપરી.

नृकेशरिन् पु० વિષ્ણુનો નરસિંહ અવતાર, વીર નર.

नृकेसरिन् पु० ઉપરના અર્થ.

नृग पु० ઔશીનર એક રાજા.

नृगधूम पु० તે નામે એક તીર્થ.

नृचक्षस् पु० રાક્ષસ, દેવ.

नृचक्षस् त्रि० મનુષ્યદર્શક.

नृचक्षुस् पु० કુરૂવંશી એક રાજા.

नृजल न० માણસની આંખનું પાણી, માણસનું મૂત્ર.

नृत् दिवा० प० अ० सेट् નૃત્ય કરવું. નાચવું.

नृता स्त्री० પુરૂષપણું, મનુષ્યપણું.

नृति स्त्री० સ્ત્રીનું નૃત્ય, નાચ, નૃત્ય.

नृतु त्रि० નાચનાર, નટ.

नृतू त्रि० નાચનાર, મનુષ્યહિંસક.

नृत्त न० નૃત્ય, તાલ વગેરે સાથે નાચ, નાચવું.

नृत्तमय त्रि० તાલ વગેરેથી યુક્ત નાચવાળું, નૃત્યમય.

नृत्य न० નૃત્ય, નાચ, નાચવું.

नृत्यत् त्रि० નૃત્ય કરતું. નાચતું.

नृत्यप्रिय त्रि० નાચ જેને પ્રિય હોય તે.

नृत्यप्रिय पु० શિવ.

नृत्यप्रिया स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

नृत्यमय त्रि० નાચમય, નાચથી ભરપૂર.

नृत्यशाला स्त्री० નાટ્યગૃહ, નૃત્ય કરવાનું સ્થાન, નાટકશાળા.

नृत्यस्थान न० નૃત્ય કરવાનું સ્થાન, રંગસ્થાન–નાટકશાળા.

नृदुर्ग पु० મનુષ્યો–રથો વગેરેથી વીંટાયલો કીલ્લો.

नृदेव पु० રાજા.

नृधर्म पु० મનુષ્યોનો ધર્મ.

नृधर्मन् पु० કુબેર.

नृधर्मन् त्रि० મનુષ્યના ધર્મવાળું.

नृनमन त्रि० મનુષ્યોએ નમવા યોગ્ય દેવ વગેરે.

नृनाथ पु० કુબેર, રાજા, ક્ષત્રિય.

नृप पु० રાજા, સોળની સંખ્યા.

नृपकन्द पु० એક જાતની ડુંગળી–राजपलाण्डु

नृपगृह न० રાજમહેલ.

नृपञ्जय पु० પુરૂવંશી એક રાજા.

नृपता स्त्री० રાજાપણું.

नृपति पु० કુબેર, રાજા, ક્ષત્રિય.

नृपतिता स्त्री० કુબેરપણું, રાજાપણું, ક્ષત્રિયપણું.

नृपतित्व न॰ ઉપરના અર્થ.

नृपतिवल्लभ पु॰ વૈદ્યક ગ્રંથ-ભૈષજ્ય રત્નાવલીપ્રસિદ્ધ એક ઔષધ.

नृपतिवल्लभ त्रि॰ રાજાને પ્રિય,ક્ષત્રિયને પ્રિય.

नृपतिवल्लभा स्त्री॰ રાજાની રાણી.

नृपत्नी स्त्री॰ મનુષ્યોનું પાલન કરનારી સ્ત્રી.

नृपत्व न॰ રાજાપણું.

नृपद्रुम पु॰ ગરમાળાનું ઝાડ.

नृपप्रिय पु॰ એક જાતનો વાંસ, એક જાતની ડુંગળી, શાલિધાન્ય, આંબો.

नृपप्रिय त्रि॰ રાજાને પ્રિય.

नृपप्रियफला स्त्री॰ વંતાકડી, રીંગણી.

नृपप्रिया स्त्री॰ રાજાની રાણી, કેવડો, એક જાતની ખજૂરી.

नृपबदर पु॰ મોટાં બોરનું ઝાડ, અજમેરી બોરડી.

नृपमन्दिर न॰ રાજમહેલ.

नृपमाङ्गल्यक न॰ 'आहुल्यवृक्ष' નામે ઝાડ.

नृपमान न॰ રાજાના ભોજનકાળને જણાવનાર વાદિત્ર.

नृपलक्ष्मन् न॰ રાજાનું ચિન્હ–છત્ર–ચામર વગેરે.

नृपलिङ्ग न॰ ઉપરનો અર્થ.

नृपवल्लभ न॰ વૈદ્યકપ્રસિદ્ધ ઔષધરૂપ એક તેલ કે ઘી.

नृपवल्लभ त्रि॰ રાજાને પ્રિય.

नृपवल्लभा स्त्री॰ રાજાને વહાલી, રાજાની રાણી.

नृपशासन न॰ રાજશાસન, રાજાની આજ્ઞા.

नृपशु पु॰ મનુષ્યરૂપ પશુ–મૂર્ખ, અજ્ઞાની.

नृपसंश्रय पु॰ રાજાનો આશ્રય.

नृपसभ न॰ રાજાની સભા, અનેક રાજાઓની સભા.

नृपसभा स्त्री॰ એક રાજાની સભા.

नृपसुत पुँ॰ રાજાનો પુત્ર, રાજકુમાર.

नृपसुता स्त्री॰ રાજાની પુત્રી, રાજકન્યા, છછુંદર.

नृपांश पु॰ રાજાને અપાતો કર, રાજાનો પુત્ર.

नृपाकृष्ट पु॰ શેત્રંજ વગેરે રમતમાં રાજાએ આકર્ષેલ રાજારૂપ સોગઠું.

नृपात्मज पु॰ રાજપુત્ર.

नृपात्मजा स्त्री॰ રાજપુત્રી, કડવી તુંબડી.

नृपाध्वर पु॰ માત્ર રાજાથી કરી શકાતો રાજસૂય યજ્ઞ.

नृपान्न न॰ રાજાને પ્રિય એક જાતનું ધાન્ય, રાજાનું ધાન્ય.

नृपाभीर न॰ नृपमान જુઓ.

नृपामय पु॰ ક્ષય રોગ, રાજાનો રોગ.

नृपाल पु॰ રાજા.

नृपावर्त न॰ એક જાતનો મણિ–राजावर्त

नृपासन न॰ રાજાનું સિંહાસન, રાજાને બેસવાનું આસન.

नृपाह्वय पु॰ એક જાતની ડુંગળી–राजपलाण्डु

नृपीट न॰ પાણી.

नृपीति स्त्री॰ મનુષ્યનું રક્ષણ.

नृपीति त्रि॰ મનુષ્યનું રક્ષણ કરનાર.

नृपोचित पु॰ રાજમાષધાન્ય.

नृपोचित त्रि॰ રાજાને યોગ્ય.

नृभोजा त्रि॰ આકાશમાં ઉત્પન્ન થયેલ.

नृमणस् त्रि॰ રક્ષણ કરવા યોગ્ય યજમાનો ઉપર અનુગ્રાહક બુદ્ધિવાળા ઇન્દ્રાદિ દેવ.

नृमणस् न॰ ધન.

नृमणा स्त्री॰ તે નામે એક મોટી નદી.

नृमत् त्रि॰ મનુષ્યોવાળું.

नृमिथुन न॰ મનુષ્ય–સ્ત્રીપુરૂષનું જોડું.

नृमेध पु॰ પુરૂષમેધ યજ્ઞ, તે નામે ઋષિ.

नृम्ण न॰ ધન.

नृयज्ञ पु॰ ગૃહસ્થે દરરોજ કરવાના પાંચ યજ્ઞોપૈકી અતિથિપૂજનરૂપ યજ્ઞ.

नृयुग्म न० नृमिथुन જુઓ.

नृवत् त्रि० મનુષ્યોવાળું, પરિચારક મનુષ્યોથી યુક્ત.

नृवराह पु० મનુષ્ય તથા ભુંડની આકૃતિવાળો વિષ્ણુનો એક અવતાર.

नृवाहन पु० કુબેર.

नृवाहन न० નેતાનું વાહન.

नृशंस त्रि० ઘાતકી, ક્રૂર, પારકો દ્રોહ કરનાર.

नृशंसता स्त्री० ઘાતકીપણું, ક્રૂરતા.

नृशंसत्व न० ઉપરના અર્થ.

नृशंसव्रत त्रि० ઘાતકીપણાં રૂપ વ્રતવાળું, નિત્યક્રૂર.

नृशंस्य न० ઘાતકીપણું, ક્રૂરતા.

नृशृङ्ग न० મિથ્યા પદાર્થ–માણસનું શીંગડું.

नृषद् पु० પરમાત્મા, કણ્વઋષિનો પિતા એક ઋષિ.

नृषद् त्रि० મનુષ્ય ઉપર બેસનાર.

नृषदन न० યજ્ઞગૃહ.

नृसिंह पु० વિષ્ણુનો એક અવતાર, પુરૂષ.

नृसिंहचतुर्दशी स्त्री० વૈશાખ શુદ્ધ ચૌદશ.

नृसिंहपुराण न० તે નામે એક ઉપપુરાણ.

नृसिंहवन न० પશ્ચિમથી ઉત્તરે આવેલ એક દેશ.

नृसेन न० મનુષ્યોની સેના.

नृसेना स्त्री० મનુષ્યોની સેના.

नृसोम पु० શ્રેષ્ઠ મનુષ્ય.

नृहरि पु० नृसिंह જુઓ.

नॄ क्या० प० स० सेट् લઇ જવું, દોરવું.

नेउली स्त्री० એક પ્રકારનો હઠયોગ.

नेजक पु० ધોબી.

नेनेजक त्रि० સાફ કરનાર, શુદ્ધ કરનાર.

नेजन न० સાફ–શુદ્ધ કરવાનું સ્થળ, સાફ કરવું, શુદ્ધ કરવું.

नेडुली स्त्री० એક પ્રકારનો હઠયોગ.

नेत् अव्य० શંકામાં, પ્રતિષેધમાં, સમુચ્ચયમાં અને 'નહિંજ' એવા અર્થમાં વપરાય છે.

नेतव्य त्रि० લઇ જવા યોગ્ય, દોરવા યોગ્ય.

नेतीयोग पु० એક પ્રકારનો હઠયોગ.

नेतृ त्रि० પ્રભુ, સ્વામી નેતા, નાયક, લઇ જનાર, દોરનાર, પહોચાડનાર.

नेतृ पु० લીંબડાનું ઝાડ, વિષ્ણુ.

नेत्र न० રવૈયો ફેરવવાની દોરી–નેતરૂં, રેશમી વસ્ત્ર, ઝાડનું મૂળ, રથ, જટા, નાડી, ચક્ષુ–આંખ, બસ્તી આપવાની સળી.

नेत्र त्रि० લઇ જનાર, દોરનાર, પહોંચાડનાર, લઈ જવાનું સાધન, પ્રેરણા કરનાર.

नेत्रकोष पु० નેત્ર પડલ.

नेत्रच्छद पु० આંખની પાંપણ–પોપચું.

नेत्रज न० આંસુ.

नेत्रज त्रि० આંખમાં ઉત્પન્ન થનાર, આંખથી ઉત્પન્ન થનાર.

नेत्रपर्यन्त पु० આંખનો છેડો–અપાંગ–ખૂણો.

नेत्रपर्यन्त त्रि० આંખસુધીનું.

नेत्रपाक पु० એક જાતનો આંખનો રોગ.

नेत्रपिण्ड पु० બિલાડો.

नेत्रपिण्ड न० નેત્રગોલક, આંખનો ગોળો.

नेत्रपिण्डी स्त्री० બિલાડી.

नेत्रपुष्कर न० રૂદ્રજટા નામે એક વનસ્પતિ.

नेत्रप्रवन्ध पु० આંખની પાંપણ–પોપચું.

नेत्रवन्ध पु० પાછળથી ન જાણે તેમ આવી બે હાથવડે આંખો ઢાંકી દેવારૂપ બાળકોની એક રમત.

नेत्रमल न० આંખનો મેલ ચીપડો.

नेत्रमीना स्त्री० 'यवतिक्ता' નામે એક વનસ્પતિ.

नेत्रमीला स्त्री० ઉપરના અર્થ.

नेत्रमुष् त्रि० આંખને આંજીદેનાર, દૃષ્ટિના પ્રચારનો નાશ કરનાર.

नेत्रयोनि पु० ઈન્દ્ર, ચંદ્ર, કપૂર.

नेत्ररञ्जन न० કાજળ, આંજણ, સુરમો વગેરે.

नेत्ररुज् स्त्री० આંખનો રોગ.

नेत्ररोग पु० આંખનો રોગ.

नेत्ररोगनाशक त्रि० આંખના રોગનો નાશ કરનાર.

नेत्ररोगनाशन त्रि० ઉપરનો અર્થ.

नेत्ररोगहन् पु० 'वृश्चिकाली' નામે વનસ્પતિ.

नेत्ररोगहन् त्रि० આંખના રોગનો નાશ કરનાર.

नेत्ररोमन् न० આંખની પાંપણના વાળ.

नेत्रवस्त्र न० આંખની પાંપણ–પોપચું.

नेत्रविष् स्त्री० આંખનો મેલ–ચીપડા.

नेत्रविष पु० એક જાતનો દિવ્ય સર્પ.

नेत्रस्तम्भ पु० આંખનું સ્તબ્ધ થવું.

नेत्रान्त पु० અપાંગ દેશ–આંખનો છેડો–ખૂણો.

नेत्राभिष्यन्द पु० આંખનો એક રોગ.

नेत्राभिस्यन्द पु० ઉપરનો અર્થ.

नेत्रामय पु० આંખનો રોગ.

नेत्राम्बु न० આંખનું પાણી–આંસુ.

नेत्रारि पु० 'सेहुण्डवृक्ष' નામે એક ઝાડ.

नेत्री स्त्री० લક્ષ્મી, નાડી, નદી, લઇ જનારી, દોરનારી સ્ત્રી.

नेत्रोपमफल पु० બદામનું ઝાડ.

नेत्रौषध न० पुष्पकासीस જુઓ, આંખનું ઔષધ.

नेत्रौषधि स्त्री० મેંઢાશીંગ.

नेत्रौषधी स्त्री० મેંઢાશીંગ.

नेद् अव्य० नेत् જુઓ.

नेद् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.

नेदिष्ठ त्रि० અત્યંત પાસે રહેલ, અત્યંત સમીપનું, નિપુણ, હોંશીઆર.

नेदिष्ठ पु० 'अंकोटक' નામે એક ઝાડ.

नेदिष्ठिन् पु० પોતાનો સગો ભાઇ.

नेदीयस् त्रि० અત્યંત સમીપનું, ઘણુંજ પાસે રહેલ.

नेप पु० પુરોહિત, ગોર, પાણી.

नेपथ्य न० અલંકાર, દાગીનો, વેશ ધારણ કરવાનું સ્થાન, રંગભૂમિ.

नेपाल पु० તે નામે એક દેશ.

नेपालजा स्त्री० મણસીલ.

नेपालजाता स्त्री० મણસીલ.

नेपालकम्बल पु० નેપાળ દેશમાં બનેલ કામળ.

नेपालनिम्ब पु० નેપાળી લીંબડો.

नेपालमूलक न० નેપાળી મૂળો.

नेपालिका स्त्री० મણસીલ.

नेम पु० કાળ, સમય, અવધિ, ખંડ, ટુકડો, કિલ્લો, કપટ, અર્ધભાગ, ખાડો નાટ્યાદિમાં અન્યાર્થે, સાંયકાળ, મૂળ, ઉંચું, અન્ત.

नेम त्रि० દિશાથી ઉત્તરે રહેલ.

नेमधित त्रि० અર્ધાને હિતકારી.

नेमधिति स्त्री० સંગ્રામ, યુદ્ધ.

नेमन् त्रि० લઇ જનાર, દોરનાર, પહોંચાડનાર.

नेमि पु० तिनिशवृक्ष, કુવા ઉપર રાંઢવું જેના પર વીંટાય છે તે રેંટ, પૈડાંનો છેડો, વજ, નેમિનાથ નામે જૈન તીર્થંકર.

नेमि स्त्री० કુવાની પાસેનો સપાટ પ્રદેશ.

नेमिचक्र पु० પરીક્ષિત રાજાના વંશનો એક રાજા.

नेमिजिन पु० બાવીસમા જૈન તીર્થંકર.

नेमिन् पु० તિનિશવૃક્ષ–તે નામનું એક ઝાડ, બાવીસમા જૈન તીર્થંકર નેમિનાથ.

नेमिनाथ पु० જૈનોના બાવીસમા તીર્થંકર.

नेमिश न० નૈમિષારણ્ય.

नेयार्थता स्त्री० તે નામે કાવ્યનો એક દેશ.

नेष्ट त्रि० નહિ ઈષ્ટ, અનિષ્ટ, અપ્રિય, દુઃખ વગેરે, અનિષ્ટનું સાધન, નિષિદ્ધ, નિષેધેલ.

नेष्टु पु० માટીનું ઢેફું.

नेष्टृ पु० અમુક એક ઋત્વિજ.

नेष्ट्र त्रि० નેષ્ટા ઋત્વિજસંબંધી.

नैःश्रेयस त्रि० મોક્ષનું સાધન.

नैःश्रेयसिक त्रि० મોક્ષનું સાધન.

नैःस्निह्य न० નિસ્નેહપણું.

नैःस्व न० નિર્ધનપણું, દરિદ્રપણું.

नैःस्व्य न० ઉપરના અર્થ.

नैक त्रि० અનેક, એક નહિ તે.

नैक पु० વિષ્ણુ.

नैकचर त्रि० સંઘરૂપે ફરનાર,ટોળાંરૂપે ફરનાર.

नैकज पु० પરમેશ્વર.

नैकटिक त्रि० અમુક કોઇ પ્રયોજનને માટે પાસે રહેનાર ભિક્ષુક વગેરે.

नैकत त्रि० ગોષ્ઠીમાં હોનાર–થનાર.

नैकती स्त्री० ગોષ્ઠી, વાત.

नैकधा अव्य० અનેક પ્રકારે.

नैकभेद त्रि० અનેક પ્રકારનું.

नैकमाय त्रि० અનેક કપટવાળું.

नैकमाय पु० પરમેશ્વર.

नैकरूप त्रि० અનેક પ્રકારના રૂપવાળું.

नैकरूप पु० પરમેશ્વર.

नैकरूप न० અનેક પ્રકારનું રૂપ.

नैकशस् अव्य० અનેક વાર.

नैकशस्त्र त्रि० અનેક પ્રકારનાં શસ્ત્રવાળું.

नैकशस्त्र न० અનેક પ્રકારનાં શસ્ત્રો.

नैकशृङ्ग पु० પરમેશ્વર.

नैकषेय पु० રાક્ષસ.

नैकषेयी રાક્ષસી.

नैकसानु पु० અનેક શિખરોવાળો એક પર્વત.

नैकसानुचर पु० શિવ.

नैकात्मन् पु० પરમેશ્વર.

नैकृतिक त्रि० સ્વાર્થી, બીજાને નુકશાન પહોંચાડી પોતાનો સ્વાર્થ સાધનાર. લુચ્ચાઇ કરી જીવનાર.

नैगम पु० ઉપનિષદ્રૂપ વેદભાગ, ન્યાય, નીતિ, સદાચાર, વણિક, વેપારી, નાગર, શહેરી, નિઘંટુગ્રંથનો અમુક ભાગ.

नैगम त्रि० શાસ્ત્ર સંબંધી, વેદ સંબંધી.

नैगमिक त्रि० શાસ્ત્રમાં હોનાર, વેદમાં હોનાર, વૈદિક ગ્રંથ, વૈદિક અધ્યાય.

नैगमेय पु० કાર્તિક સ્વામીનો એક અનુચર, અમુક એક બાળગ્રહ.

नैगमेष पु० ઉપરના અર્થ.

नैघण्टुक न० નિઘંટુ ગ્રંથનો પ્રથમકાંડ.

नैचाशाख न० શૂદ્રયોનિમાં પુત્રપૌત્રાદિ ઉત્પન્ન કરનારા પતિતનું ધન.

नैचिक न० ગાય–બળદનું મસ્તક.

नैचिकी स्त्री० ઉત્તમ ગાય.

नैचित्य त्रि० નિચિત દેશમાં હોનાર–થનાર.

नैचुल न० નિચુલ નામના વૃક્ષનું ફળ.

नैज त्रि० પોતાનું, પોતાસંબંધી.

नैतीश पु० હિંસનો પુત્ર.

नैत्य त्रि० નિત્ય અપાતું, હમેશાં દેવાતું, હમેશાંનું, હમેશનું કર્મ વગેરે.

नैत्यक त्रि० ઉપરના અર્થ.

नैत्यशब्दिक त्रि० શબ્દ નિત્ય છે એમ કહેનાર મીમાંસક વગેરે.

नैत्यिक त्रि० હમેશનું, કાયમનું.

नैदाघ त्रि० ગ્રીષ્મ ઋતુનું, ગ્રીષ્મ ઋતુસંબંધી.

नैदाघिक त्रि० ઉપરના અર્થ.

नैदान त्रि० રોગ વગેરેના નિદાન–કારણને જાણનાર, નિદાન ગ્રંથનો અભ્યાસી.

नैदानिक त्रि० ઉપરના અર્થ.

नैदेशिक त्रि० આજ્ઞા કરનાર, હુકમ માનનાર દાસ વગેરે.

नैद्र त्रि० નિદ્રાનું, નિદ્રાસંબંધી.

नैधन न० મરણ, લગ્નાપેક્ષયા આઠમું સ્થાન.

नैधान त्रि० નિધાનસાધ્ય–ખજાનાથી બની શકે તેવું.

नैधेय पु० નિધિ નામના કોઇનો પુત્ર.

नैधेय त्रि० નિધિ -ખજાનના સંબંધી.

नैध्रुव पु० તે નામે એક ઋષિ.

नैध्रुवि पु० કસ્યપગોત્રનો એક ઋષિ.

नैप त्रि० કદંબ વૃક્ષનો વિકાર.

नैपात्य पु० નિપાતપણું.

नैपाल पु० નેપાળી લીંબડો.

नैपाल त्रि० નેપાળ દેશમાં હોનાર-થનાર, નેપાળદેશનું.

नैपाला स्त्री० બટમોગરો.

नैपालिक न० તાંબું.

नैपाली स्त्री० મણસીલ, શેફાલિકા વનસ્પતિ, ગળી.

नैपुण न० હોંશીઆરી, નિપુણતા.

नैपुण्य न० ઉપરના અર્થ, હોંશીઆરનું કામ.

नैवद्धक त्रि० બંધાયલાની પાસેનું.

नैविड्य न० ઘટ્ટપણું, વાંસળી ફુંકવાનો એક પ્રકાર.

नैभृत्य न० નિશ્ચયપણું, શાંતપણું, અચંચળપણું.

नैमग्नक त्रि० નિમગ્નની પાસેનું, ડુબેલાની પાસેનું.

नैमित्त त्रि० શકુનશાસ્ત્રનો ગ્રંથ વગેરે, શકુનમાં હોનાર-થનાર.

नैमित्तिक त्रि० નિમિત્તશાસ્ત્ર-શકુનશાસ્ત્રને જાણનાર-ભણનાર, નિમિત્તને આધીન, નિમિત્તને આશ્રયે કરવા યોગ્ય કર્મ વગેરે.

नैमित्तिकलय पु० ચાર હજાર યુગને અંતે થનાર બ્રાહ્મ લય.

नैमिश न० નૈમિશારણ્ય-એક તપોવન.

नैमिशारण्य न० નૈમિશારણ્ય નામે એક તપોવન.

नैमिश्रि पु० અત્યંત મિશ્રનો પુત્ર.

नैमिष न० નૈમિશારણ્ય-એક તપોવન.

नैमिषकुञ्ज न० તે નામે એક તીર્થ.

नैमिषारण्य न० તે નામે એક તપોવન.

नैमिषि पु० નિમિષનો પુત્ર.

नैमिषीय त्रि० નૈમિશારણ્યનું, નૈમિષારણ્યસંબંધી.

नैमिषेय त्रि० નૈમિશારણ્યમાં રહેલ, નૈમિષારણ્યસંબંધી.

नैमेय पु० અદલો બદલો કરવો.

नैयग्रोध न० વડના ઝાડનો વિકાર-વડનું ફળ વગેરે.

नैयङ्कव त्रि० ન્યંકુ મૃગસંબંધી, ન્યંકુ મૃગનું ચામડું વગેરે.

नैयमिक त्रि० નિયમથી આવેલ, નિયમવિધિથી પ્રાપ્ત થયેલ-ઋતુકાળે ભાર્યાગમન વગેરે.

नैयाय त्रि० ન્યાયશાસ્ત્રના વ્યાખ્યાનરૂપ ગ્રંથ વગેરે.

नैयायिक त्रि० ન્યાયશાસ્ત્ર જાણનાર-ભણનાર.

नैयासिक त्रि० હરદત્તાદિએ કરેલ ન્યાસ ગ્રંથ જાણનાર-ભણનાર, માતૃકાદિ ન્યાસ જાણનાર-ભણનાર.

नैरन्तर्य न० નિરતંર, હમેશ, અવિચ્છેદ.

नैरपेक्ष्य न० નિરપેક્ષપણું, અપેક્ષાશૂન્યતા, નિસ્પૃહતા.

नैरयिक त्रि० નરકવાસી, નારકી.

नैराश्य न० નિરાશપણું, આશાશૂન્યતા.

नैरुक्त त्रि० આસક્ત, નિરૂક્તના વ્યાખ્યાનરૂપ ગ્રંથ, તે ગ્રંથમાં હોનાર-થનાર.

नैरुक्तिक त्रि० નિરૂક્ત-વ્યુત્પત્તિને જાણનાર-ભણનાર, નિરૂક્ત ગ્રંથને ભણનાર-જાણનાર.

नैरूहिक पु० વૈદ્યકપ્રસિદ્ધ બસ્તિભેદ.

नैर्ऋत पु० રાક્ષસ.

नैर्ऋत न० મૂલ નક્ષત્ર.

नैर्ऋत त्रि० નિર્ઋતિ દેવ સંબંધી, મૃત્યુ દેવસંબંધી.

नैर्ऋती स्त्री० રાક્ષસણી, દક્ષિણ-પશ્ચિમ વચ્ચેની દિશા-નૈર્ઋત ખૂણો, રાક્ષસની શક્તિ.

नैर्ऋतेय पु० રાક્ષસણીનો પુત્ર.

नैर्ऋत्य न० નિર્ઋતિ દેવતાનું પશુ વગેરે.

नैर्गुण्य न० નિર્ગુણપણું, સત્વાદિ ગુણોના સંગથી રહિતપણું.

नैर्घृण्य न० નિર્દયપણું, ક્રૂરપણું, ઘાતકીપણું.

नैर्मल्य न० નિર્મળપણું, સ્વચ્છપણું, વિષયો ઉપરનો વૈરાગ્ય.

नैर्लज्ज्य न० નિર્લજ્જપણું, બેશરમપણું.

नैलायनि पु० નીલ વાનરનો પુત્ર.

नैल्य न० શ્યામપણું, કાળારંગપણું.

नैवकि पु० નિવક ઋષિનો પુત્ર.

नैवति पु० નિવત ઋષિનો પુત્ર.

नैवाकव त्रि० નિવચનશીલ સંબંધી.

नैवाकीय त्रि० નૈવાકવની પાસેનું.

नैवासिक त्रि० નિવાસ કરવામાં સારૂં, રહેવા લાયક.

नैविड्य न० ઘટ્ટપણું, વાંસળી ફુંકવાનો એક ગુણ.

नैवेद्य न० દેવને ધરવા યોગ્ય કોઈ દ્રવ્ય વગેરે.

नैवेश त्रि० વિવાહથી બનેલ.

नैवेशिक त्रि० વિવાહને માટે અપાતું દ્રવ્ય વગેરે, વિવાહને યોગ્ય દ્રવ્ય.

नैश त्रि० રાત્રિનું, રાત્રિસંબંધી.

नैशिक त्रि० રાત્રિમાં હોનાર-થનાર, રાત્રિથી વ્યાપક.

नैश्श्रेयस त्रि० મોક્ષનું સાધન.

नैश्श्रेयसिक त्रि० મોક્ષનું સાધન.

नैषध पु० નિષધ દેશનો રાજા, નળ રાજા.

नैषध न० નળ રાજાના ચરિત્રરૂપ-નૈષધ મહાકાવ્ય.

नैषध त्रि० વંશપરંપરાથીનિષધદેશમાંરહેનાર.

नैषधीय त्रि० નળરાજાનું, નળરાજા સંબંધી.

नैषध्य पु० નિષધ દેશન રાજાનો પુત્ર.

नैषाद पु० નિષાદનો પુત્ર.

नैषादक त्रि० નિષાદે કરેલ.

नैषादकि पु० નિષાદનો પુત્ર.

नैषादि पु० નિષાદનો પુત્ર.

नैषिध पु० દક્ષિણાગ્નિ.

नैष्कर्म्य न० વિધિપૂર્વક સર્વ કર્મોનો ત્યાગ.

नैष्कशतिक त्रि० સો નિષ્કના માપનું.

नैष्कसहस्रिक त्रि० હજાર નિષ્કના માપનું.

नैष्किक पु० ટંકશાળાનો અધિકારી-કોષાધ્યક્ષ.

नैष्किक त्रि० નિષ્કનો વિકાર, નિષ્ક આપી ખરીદેલ.

नैष्कृतिक त्रि० શઠ, નીચ.

नैष्क्रमण त्रि० બાળકને પ્રથમ બહાર કાઢતી વેળા અપાતું, તે વખતનું કાર્ય વગેરે.

नैष्ठिक त्रि० મરણપર્યંત બ્રહ્મચારી રહેનાર, મરણ કાળે કરાતું કર્મ વગેરે, અમુક કોઇ વ્રતમાં આસક્ત.

नैष्ष्णिह्य न० નિઃસ્નેહપણું, રાગનો અભાવ.

नैष्फल्य न० નિષ્ફળપણું, વ્યર્થપણું.

नैसर्गिक त्रि० સ્વાભાવિક.

नौस्त्रिंशिक पु० તરવારથી યુદ્ધ કરનાર યોદ્ધો.

नैस्स्निह्य त्रि० નિઃસ્નેહપણું.

नो अव्य० નહિ, ના.

नोचेत् अव्य० નહિ તો.

नोट त्रि० નટ, નટવો.

नोटी स्त्री० નટી.

नोत् अव्य० નહીંજ.

नोदन न० ખંડન, પ્રેરણા કરવી, હાંકવું, એક જાતનો સંયોગ.

नोधस् पु० તે નામે એક ઋષિ.

नोधा अव्य० નવ પ્રકારે.

नोपस्थातृ त्रि० દૂર રહેલ, હીન પ્રતિવાદી.

नौ स्त्री० નૌકા, હોડી, વહાણ.

नौकर्णधार पु० નાવિક, ખલાસી.

नौकर्णी स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

नौकर्मन् न० વહાણને લગતું કામ.

नौकर्मन् त्रि० વહાણને લગતું કામ કરનાર.

नौका स्त्री० હોડી, વહાણ.

नौकाकृष्ट न० ચતુરંગી એક રમત.

नौकादण्ड पु० વહાણ ચલાવવાનું હલેસું.

नौचर त्रि० વહાણથી ફરનાર.

नौजीविक त्रि० વહાણ ઉપર જીવન ચલાવનાર.

नौतार्य त्रि० વહાણવડે તરવા યોગ્ય.

नौयायिन् त्रि० વહાણથી નદી વગેરેના પાર પ્રત્યે જનાર.

नौवाह त्रि० વહાણ ચલાવનાર, વહાણ ચલાવવાનું હલેસું વગેરે.

नौषेचन न० નૌકાનું સેચન.

न्यका स्त्री० વિષ્ટાનો કીડો.

न्यकारुका स्त्री० એક જાતનો વિષ્ટાનો કીડો.

न्यक्कार पु० હલકું પાડવું, તિરસ્કાર કરવો, તિરસ્કાર.

न्यक्कृति स्त्री० ઉપરના અર્થ.

न्यक्त त्रि० અત્યંત આંજણ યુકત કરેલ.

न्यक्ष पु० પાડો, પરશુરામ.

न्यक्ष न० એક જાતનું ઘાસ, સમગ્રપણું.

न्यक्ष त्रि० અધમ, નીચ, હલકું.

न्यक्षी स्त्री० ભેંસ.

न्यग्जाति स्त्री० નીચ જાતિ, હલકી જાત.

न्यग्भाव पु० નીચપણું, હલકાઇ. નીચ થવું.

न्यग्भावन न० તિરસ્કાર, ધિક્કાર, વીંટવું.

न्यग्रोध पु० વડનું ઝાડ, ખીજડીનું ઝાડ, બાહુ, વિષ્ણુ, ઉગ્રસેન રાજાનો એક પુત્ર.

न्यग्रोधक त्रि० વડના ઝાડની પાસેનો પ્રદેશ વગેરે.

न्यग्रोधपरिमण्डल पु० એક વાંભ લંબાઈ પહોળાઇનો પુરૂષ.

न्यग्रोधपरिमण्डला स्त्री० એક પ્રકારની સુંદર સ્ત્રી.

न्यग्रोधिक त्रि० વડના ઝાડની પાસેનો પ્રદેશ વગેરે.

न्यग्रोधिन् त्रि० ઉપરના અર્થ.

न्यग्रोधी स्त्री० વિષપર્ણી વનસ્પતિ, ઉંદરકાની વનસ્પતિ, મોહના ઔષધિ.

न्यङ्कु पु० તે નામે એક મુનિ, ઘણાં શીંગડાંવાળું એક જાતનું હરણ.

न्यङ्कु त्रि० અત્યંત ગમન કરનાર–જનાર.

न्यङ्कुभूरुह पु० 'श्योनाकवृक्ष'નામે એક ઝાડ.

न्यङ्कादि पु० વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

न्यङ्ग पु० અત્યંત આંજવું, અત્યંત ખરડવું.

न्यच् त्रि નીચું, નીચાણવાળું.

न्यच्छ न० એક જાતનો ક્ષુદ્ર રોગ.

न्यच्छ त्रि० અત્યંત સ્વચ્છ.

न्यञ्च् त्रि० નીચું, નીચાણવાળું.

न्यञ्चन न० અત્યંત જવું, નીચા થવું, નીચે થવું.

न्यञ्चित त्रि० નીચે ફેંકેલ, નીચે નાખેલ.

न्यन्त पु० છેવટનો ભાગ, છેલ્લો ભાગ.

न्यय पु० નાચ, ક્ષય, હાનિ.

न्यर्ण त्रि० માગેલ, યાચેલ.

न्यर्थ पु० નિકૃષ્ટ ગતિ, હલકી ગતિ.

न्यर्थ त्रि० નિકૃષ્ટ અર્થવાળું, હલકા અર્થવાળું.

न्यर्बुद न० દશગણી અબજની સંખ્યા, દશગણી અબજની સંખ્યાવાળું.

न्यर्बुदि पु० એક રૂદ્રદેવ.

न्यसन न० છોડવું, ત્યજવું, દેવું, આપવું, ફેંકવું, મૂકવું, સ્થાપવું.

न्यस्त त्रि० ફેંકેલ, ત્યજેલ, છોડેલ, દીધેલ, મૂકેલ, સ્થાપેલ.

न्यस्तशस्त्र त्रि० જેણે હથીઆર છોડી દીધાં હોય તે.

न्यस्तशस्त्र पु० મનુએ કહેલ પિતૃલોક.

न्यस्य त्रि० સ્થાપવા યોગ્ય, મૂકવા યોગ્ય, ત્યજવા યોગ્ય, છોડવા યોગ્ય.

न्याक्य न० શેકેલા ચોખા, મમરા.

न्याद पु० આહાર, ભોજન.

न्याय पु० યોગ્ય, ગૌતમકૃત ન્યાયશાસ્ત્ર, ન્યાય, નીતિ, સદાચાર, કાયદો, રીવાજ, રવૈયો, વાદ, ફેંસલો.

न्यायपथ पु० મીમાંસાશાસ્ત્ર, ન્યાયવાળો માર્ગ.

न्यायवत् त्रि० ન્યાયવાળું.

न्यायवृत्त न० શાસ્ત્રોક્ત આચાર, ન્યાયયુક્ત વર્તન.

न्यायवृत्त त्रि० શાસ્ત્રોકત આચારવાળું, ન્યાયયુકત વર્તનવાળું.

न्यायसारिणी स्त्री० યુક્તિપૂર્વક કર્મને અનુસરનારી રીતિ.

न्यायाचार पु० ન્યાયવાળો આચાર, ન્યાયયુક્ત વર્તન.

न्यायाचार त्रि० ન્યાયવાળા આચારવાળું, ન્યાયયુક્ત વર્તનવાળું.

न्यायाधार पु० ન્યાયનો આધાર.

न्यायाधीश पु० ન્યાય આપનાર અધિકારી.

न्यायिन् त्रि० ન્યાયવાળું, નીતિવાળું.

न्याय्य त्रि० ન્યાયસિદ્ધ, ન્યાયયુકત, યુક્તિવાળું, ન્યાયમાં હોનાર-થનાર, વ્યાજબી.

न्यास पु० થાપણ, થાપણનું દ્રવ્ય, અર્પણ, મૂકવું, સ્થાપવું, ત્યાગ, તજવું, છોડવું, તંત્રોકત ન્યાસ, હરણ, લખવું.

न्यासधारिन् त्रि० થાપણ રાખનાર, તંત્રોકત ન્યાસ ધારણ કરનાર.

न्यासिक त्रि० ન્યાસ કરનાર, મૂકનાર, સ્થાપનાર, થાપણ મૂકનાર.

न्यासिन् त्रि० ત્યાગી, સંન્યાસી.

न्युङ्ख पु० ગીતિભેદ, અતિશય, અત્યંત.

न्युङ्ख त्रि० મનોહર, સુંદર.

न्युब्ज न० કર્મરંગ ફળ-એક જાતના ઝાડનું ફળ.

न्युब्ज पु० દર્ભમય, સ્રુવો, દર્ભ, સ્રુગ્પાત્ર.

न्युब्ज त्रि० નીચા મુખવાળું, કુબડું, ઉંધુ.

न्युब्जखड्ग पु० વાંકી તરવાર.

न्युब्जीकरण न० ઉંધું કરવું, ઉંધામુખવાળું કરવું, કુબડું કરવું.

न्युब्जीकृत त्रि० ઉંધું કરેલ, ઉંધામુખવાળું કરેલ, કુબડું કરેલ.

न्यूङ्ख पु० ગીતિભેદ, અતિશય, અત્યંત.

न्यूङ्ख त्रि० મનોહર, સુંદર.

न्यून त्रि० ઓછું, હલકું, નિંદ્ય, નિંદવા યોગ્ય.

न्यूनता स्त्री० ઓછાશ, ઉણપ, ઓછાપણું, નિંદ્યપણું, હલકાઇ.

न्यूनत्व न० ઉપરના અર્થ.

न्यूनधी त्रि० ઓછી બુદ્ધિવાળું, હલકી બુદ્ધિવાળું, મૂર્ખ.

न्यूनपञ्चाशद्भाव त्रि० વાયલ, વાયડું, પાગલ, ગંડૂ.

न्योकस् त्रि० નિયતસ્થાનવાળું.

न्योचनी स्त्री० દાસી.

न्योजस् त्रि० કુટિલ, વક્ર, સરળતા વગરનું, સીધું ન નહિ તે.

न्रस्थिमालिन् त्रि० મનુષ્યનાં હાડકાંની માળા ધારણ કરનાર.

न्रस्थिमालिन् पु० શિવ.

प

प् વ્યંજનોમાં એકવીસમો ઓષ્ઠસ્થાની વર્ણઅક્ષર.

प पु० પવન, પાંદડું, પાન, પીવું, પાડવું, ચરિત્ર.

पकार पु० 'प्' અક્ષર.

पक्कटी स्त्री० પીપરનું ઝાડ.

पक्कण पु० ભીલોનું રહેઠાણ.

पक्तपौड पु० એક જાતનું ઝાડ.

पक्तृ त्रि० પકાવનાર, રાંધનાર, પચાવનાર, હઝમ કરનાર.

पक्तृ पु० અગ્નિ, જઠરનો અગ્નિ, ચિત્રાનું ઝાડ.

पक्ति स्त्री० પાક, રસોઈ, રાંધણુ, ગૌરવ, પરિણામ.

पक्तिशूल न० અન્નાદિના પાચન સમયે નીકળતું શૂળ-એક જાતનો રોગ.

पक्त्र न० ગૃહસ્થનો ધર્મ.

पक्त्रिम त्रि० પાકથી બનેલ, પકવેલ, રાંધેલ, પાકેલ, રંધાઈ રહેલ.

पक्त्वा अव्यं० રાંધીને, પકાવીને.

पक्थ पु० પાક, રસોઈ, રાંધણું, તે નામે એક રાજા.

पक्थिन् त्रि० રસોઇવાળું.

पक्व त्रि० પાકેલ, રંધાયેલ, દૃઢ, નાશની અણીપર આવેલ, પચેલ.

पक्व न० પાક, રસોઇ, રાંધવું.

पक्वकृत् पु० લીંબડાનું ઝાડ.

पक्वकृत् त्रि० રાંધનાર, રસોઈ કરનાર.

पक्वकेश त्रि० પાકી ગયેલા વાળવાળું, વૃદ્ધ.

पक्वरस पु० દારૂ, મદ્ય.

पक्ववारि न० કાંજી, ઓસામણ, બાફનું પાણી.

पक्वश पु० તે નામે એક અંત્યજ જાતિ.

पक्वशी स्त्री० એક જાતની અંત્યજ સ્ત્રી.

पक्वशस्योपमोन्नति पु० એક જાતના કદંબનું ઝાડ.

पक्वातिसार पु० વૈદ્યકપ્રસિદ્ધ પાંચ પ્રકારના અતિસાર રોગોમાંનો એક.

पक्वातीसार पु० ઉપરનો અર્થ.

पक्वाधान न० નાભિની નીચે આવેલપાકાશય.

पक्वान्न न० રાંધેલું અન્ન, શુદ્રનું કાચું અન્ન.

पक्वाशय पु० पक्वाधान જુઓ.

पक्वेष्टका स्त्री० પાકી ઇંટ.

पक्ष् चु० उभ० स० सेट् ગ્રહણ કરવું, સ્વીકારવું, લેવું.

पक्ष् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

पक्ष पु० પખવાડીયું, પક્ષીઓની પાંખ, બાણના મૂળ ભાગમાં રહેલ પીછું, પડખું, ઘર, ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ સંદિગ્ધ સાધ્યવાન પદાર્થ, વિરોધ, સહાય, બળ, મિત્ર, ચૂલનું બાંકું, શ્રેષ્ઠ હાથી, પક્ષી, બલોયું, કડું, સમૂહ, પીછું, શરીરનો અર્ધ ભાગ, શુદ્ધ, વર્ગ, શરીર, શરીરનું અમુક અંગ, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ.

पक्षक पु० પક્ષદ્વાર-ખડકી, પડખું, સહાય.

पक्षगम त्रि० પાંખ વડે જનાર-પક્ષી વગેરે.

पक्षग्रहण न० સહાય લેવી, પક્ષમાં લેવું.

पक्षचर पु० ચન્દ્ર, કપૂર, હાથી.

पक्षचर त्रि० જૂદું ચાલનાર, જૂદું ફરનાર.

पक्षज त्रि० પક્ષમાં થયેલ, સહાયરૂપ થયેલ, પડખે થયેલ.

पक्षज पु० ચંદ્ર, કપૂર.

पक्षजन्मन् त्रि० पक्षज त्रि० જુઓ.

पक्षजन्मन् पु० ચંદ્ર, કપૂર.

पक्षता स्त्री० પક્ષપણું, ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ એક પદાર્થ.

पक्षति स्त्री० પડવે તિથિ, પાંખનું મૂળ.

पक्षत्व न० પક્ષપણું.

पक्षद्वय न० શુદ-વદ-એ બે પખવાડીયાં, પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ-એ બે પક્ષ.

पक्षद्वार न० પડખાંનું દ્વાર–ખડકી, ગુપ્તદ્વાર.

पक्षधर पु० ચંદ્ર, કપૂર, તે નામે એક વિદ્વાન, પક્ષી.

पक्षधर त्रि० પડખાંનો આશ્રય કરનાર, સહાય લેનાર.

पक्षपात पु० અન્યાય ભરેલી સહાય કરવી, પક્ષીઓનો એક પ્રકારનો તાવ.

पक्षपातिता स्त्री० પક્ષપાતીપણું, બે પાંખવડે ઉડવાપણું.

पक्षपातित्व न० ઉપરના અર્થ.

पक्षपातिन् त्रि० પક્ષપાત કરનાર.

पक्षपालि स्त्री० પક્ષદ્વાર–ખડકી, ગુપ્તદ્વાર.

पक्षभाग पु० હાથીના પડખાનો ભાગ.

पक्षमूल न० પડખાનું મૂળ, પડવે તિથિ.

पक्षवत् त्रि० પક્ષવાળું, સહાયવાળું, પખવાડીયાવાળું, પાંખવાળું.

पक्षवध पु० પક્ષાઘાત રોગ.

पक्षवाहन पु० પક્ષી.

पक्षवाहनी स्त्री० પક્ષિણી.

पक्षविन्दु पु० ક્રૌંચ પક્ષી.

पक्षस् न० પક્ષ જુઓ.

पक्षसन्धि पु० પર્વનો સંધિકાળ, પડખાનો સાંધો.

पक्षसुन्दर पु० લોધર વૃક્ષ.

पक्षहोम पु० પખવાડીઆ સુધી કરવાનો એક હોમ.

पक्षाघात पु० પક્ષાઘાત રોગ–તે નામે એક વાયુજન્ય રોગ.

पक्षादि पु० વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पक्षान्त पु० પૂનેમ, અમાસ, પખવાડીઆનો અંત, પક્ષનો અંત.

पक्षान्तर न० બીજું પખવાડીયું, બીજું પડખું, બીજી સહાય, બીજીપાંખ, બીજોપક્ષ.

पक्षाभास पु० ખોટો પક્ષ, ખોટો દાવો, ખોટો વાદ, જૂઠી ફરીઆદી.

पक्षालिका स्त्री० તે નામે કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

पक्षालु पु० પક્ષી.

पक्षावसर पु० પૂનેમ, અમાસ.

पक्षिणी स्त्री० આવતા દિવસ સહિત રાત્રિ, બે દિવસ અને એક રાત્રિ, પક્ષિણી–પક્ષી માદા.

पक्षिन् पु० પક્ષી.

पक्षिन् त्रि० પાંખવાળું, સહાયવાળું, પક્ષવાળું, પખવાડીયાવાળું.

पक्षिपानीयशालिका स्त्री० પક્ષીઓને પાણી પીવાનું સ્થળ.

पक्षिराज पु० ગરૂડ પક્ષી.

पक्षिल पु० ગૌતમસૂત્રો ઉપર ભાષ્ય કરનાર વાત્સ્યાયન મુનિ.

पक्षिलस्वामिन् पु० મહાન નીતિ કુશળ ચાણક્ય.

पक्षिशाला स्त्री० પક્ષીઓને રહેવાનું સ્થળ, માળો, ચીડીયાખાનું.

पक्षिशाव पु० પક્ષીનું બચ્ચું.

पक्षिशावक पु० પક્ષીનું બચ્ચું.

पक्षिसिंह पु० ગરૂડ પક્ષી.

पक्षिस्वामिन् पु० ગરૂડ પક્ષી.

पक्षीय त्रि० પક્ષનું, પખવાડીયાસંબંધી, પખવાડીયામાં હોનાર, પડખાનું.

पक्षोद्ग्राहिन् त्रि० પક્ષ લેનાર, સહાય કરનાર.

पक्ष्णु त्रि० પકાવનાર, રાંધનાર, રાંધવાના સ્વભાવવાળું, પાકશીલ.

पक्ष्मकोप पु० એક જાતનો આંખનો રોગ.

पक्ष्मन् न० આંખની પાંપણ, કમળ વગેરેનો કેસરો, પાંખ, સૂત્ર વગેરેનો અલ્પભાગ.

पक्ष्मप्रकोप पु० એક જાતનો આંખનો રોગ.

पक्ष्मल त्रि० પાંખવાળું, પાંપણવાળું, કમળ વગેરેના કેસરાવાળું.

पक्ष्म त्रि० પખવાડીઆનું, પખવાડીયાસંબંધી, પાંખનું, પાંખસંબંધી, પક્ષનું, પક્ષસંબંધી.

पङ्क पु० न० કાદવ, કીચડ, પાપ.

पङ्ककर्वट पु० પાણીવાળો કાદવ.

पङ्ककीर पु० કાદવ જેને પ્રિય છે તેવું પક્ષી.

पङ्ककीरी स्त्री० કાદવ જેને પ્રિય છે તેવી એક જાતની પક્ષિણી.

पङ्कक्रीड पु० ભુંડ, ડુક્કર.

पङ्कक्रीड त्रि० કાદવમાં ખેલનાર.

पङ्कक्रीडन पु० ભુંડ, ડુક્કર.

पङ्कगडक पु० કાદવમાં રહેનારૂં એક જાતનું માછલું.

पङ्कगति पु० ઉપરનો અર્થ.

पङ्कग्राह पु० મગરમચ્છ.

पङ्कग्राही स्त्री० મગરમચ્છ—માદા.

पङ्कज न० કમળ.

पङ्कज पु० સારસ પક્ષી.

पङ्कज त्रि० કાદવમાં ઉત્પન્ન થનાર.

पङ्कजन्मन् न० કમળ.

पङ्कजन्मन् पु० સારસ પક્ષી.

पङ्कजन्मन् त्रि० કાદવમાં ઉત્પન્ન થનાર.

पङ्कजिनी स्त्री० કમળવાળો પ્રદેશ, કમળનો સમૂહ.

पङ्कण पु० ભીલોનું રહેઠાણ.

पङ्कता स्त्री० કાદવપણું, કીચડપણું.

पङ्कत्व न० ઉપરના અર્થ.

पङ्कप्रभा स्त्री० તે નામે એક નરકભૂમિ.

पङ्कभाज् त्रि० કાદવવાળું, કાદવ સેવનાર.

पङ्कमण्डूक पु० કાદવમાં થનારી એક જાતની છીપ.

पङ्कमण्डूकी स्त्री० ઉપરનો અર્થ.

पङ्करुह् न० કમળ.

पङ्करुह् पु० સારસ પક્ષી.

पङ्करुह् त्रि० કાદવમાં ઉગનાર.

पङ्करुह न० કમળ

पङ्करुह पु० સારસ પક્ષી.

पङ्करुह त्रि० કાદવમાં ઉગનાર.

पङ्कवत् त्रि० કાદવવાળું, કીચડવાળું.

पङ्कवास पु० કાદવમાં રહેનારૂં એક જલજંતુ.

पङ्कशुक्ति स्त्री० કાદવમાં થતી એક જાતની છીપ.

पङ्कशूरण पु० शालूक જુઓ.

पङ्कार पु० શેવાળ, સેતુ, પૂલ, પાજ, પગથીયું, એક જાતનું જલકુબ્જક પુષ્પ.

पङ्किन् त्रि० કાદવવાળું, કીચડવાળું.

पङ्किल त्रि० ઉપરના અર્થ.

पङ्केज न० કમળ.

पङ्केज पु० સારસ પક્ષી.

पङ्केज त्रि० કાદવમાં ઉત્પન્ન થનાર.

पङ्केरुह न० કમળ.

पङ्केरुह पु० સારસ પક્ષી.

पङ्केरुह त्रि० કાદવમાં ઉગનાર.

पङ्केशय त्रि० કાદવમાં રહેનાર.

पङ्केशया स्त्री० એક જાતની જળો.

पङ्क्ति स्त्री० પંક્તિ, હાર, પંગત, તે નામે એક છંદ, દશની સંખ્યા, પૃથ્વી, ગૌરવ, મોટાઇ, પાક, રસોઇ.

पङ्क्तिकण्टक पु० એક પંગતમાં બેસવામાં કાંટાની પેઠે ત્યાજ્ય મનુષ્ય, પંગતને દૂષિત કરનાર.

पङ्क्तिग्रीव पु० રાવણ.

पङ्क्तिचर पु० એક જાતનું પક્ષી.

पङ्क्तिदूष पु० पङ्क्तिकण्टक पु० જુઓ.

पङ्क्तिदूषक त्रि० पङ्क्तिकण्टक त्रि० જુઓ.

पङ्क्तिपावन त्रि० પંક્તિને પવિત્ર કરનાર.

पङ्क्तिरथ पु० રાજા દશરથ.

पङ्गु त्रि० પાંગળું, લૂલું.

पङ्गु पु० શનિ ગ્રહ.

पङ्गुता स्त्री० પાંગળાંપણું, લૂલાપણું.

पङ्गुत्व न० ઉપરના અર્થ.

पङ्गुत्वहारिणी स्त्री० 'શિમુડી' નામે એક વનસ્પતિ.

पङ्गुल पु० ધોળા કાથિ જેવા રંગનો એક જાતનો ઘોડો.

पंच् चु० उभ० स० सेट् વિસ્તારવું. ફેલાવવું.

पच् भ्वा० उभ० स० अनिट् પકાવવું, રાંધવું.

पच् भ्वा० आ० स० अनिट् પ્રકટ કરવું, ખુલ્લું કરવું, સ્પષ્ટ કરવું.

पचक त्रि० રાંધનાર, રસોઇ કરનાર.

पचत् त्रि० પકાવતું, રાંધતું.

पचत पु० અગ્નિ, સૂર્ય, ઇન્દ્ર, આકડાનું ઝાડ ચિત્રાનું ઝાડ.

पचतभृज्जता स्त्री० 'રાંધો, ભુંજો' એમ જેમાં કહેવાય તે ક્રિયા.

पचति पु० 'पच्' ધાતુસ્વરૂપ.

पचतिकल्प त्रि० થોડું ઓછું રાંધનાર.

पचतितमाम् अव्य० અત્યંત રાંધનાર.

पचतितराम् अव्य० અત્યંત રાંધનાર,

पचतिदेशीय त्रि० થોડું ઓછું રાંધનાર.

पचतिदेश्य त्रि० થોડું ઓછું રાંધનાર.

पचत्पुट पु० સૂર્યમણિ વૃક્ષ.

पचत्य त्रि રાંધવામાં સારૂં.

पचन पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

पचन न० રાંધવું, રસોઈ કરવી.

पचन त्रि० રાંધનાર, પકાવનાર, રાંધવાનું સાધન.

पचनी स्त्री० જંગલી બીજોરૂં, રાંધનારી સ્ત્રી.

पचपच पु० મહાદેવ.

पचप्रकुटा स्त्री० 'રાંધ, અત્યંત કાપ' એમ જેમાં કહેવાય તે ક્રિયા.

पचमान त्रि० પકાવતું, રાંધતું.

पचम्पचा स्त्री० દારૂ હળદર.

पचलवणा स्त्री० 'મીઠું પકાવ' એમ જેમાં કહેવાય તે ક્રિયા.

पचा स्त्री० પાક, રસોઇ, રાંધણું,રાંધનારી સ્ત્રી.

पचादि पु० વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पचि पु० पच् ધાતુ, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

पचेलिम त्रि० પોતાની મેળે પાકેલ.

पचेलिम पु० સૂર્ય, અગ્નિ, આકડાનું ઝાડ, ચિત્રાનું ઝાડ.

पचेलुक त्रि० રાંધનાર, રસોઇ કરનાર.

पच्छस् अव्य० પાદે પાદે, ચરણે ચરણે, પગલે પગલે.

पच्य त्रि० રાંધવા યોગ્ય, પકાવવા યોગ્ય.

पच्यमान त्रि० રંધાતું, પકવ થતું.

पंज् भ्वा० प० स० सेट् આવરણ કરવું, ઢાંકવું.

पज्ज पु० શૂદ્ર.

पज्जी स्त्री० શૂદ્ર જાતિની સ્ત્રી.

पज्झटिका स्त्री० તે નામે માત્રાવૃત્ત છંદ.

पज्र पु० અંગિરા મુનિ.

पज्र त्रि० પાપથી જીર્ણ, અત્યંત મેળેલ.

पज्रीय पु० આંગિરસના વંશનો.

पञ्चक त्रि० પાંચથી ખરીદેલ, પાંચની સંખ્યાવાળું, પાંચ ભાગવાળું, પાંચની કિંમતનું.

पञ्चक न० પાંચમા રૂપથી કાઇનું ગ્રહણ, પાંચની સંખ્યા, ધનિષ્ઠાના અંત્ય અર્ધથી આરંભી પાંચ તારાઓ.

पञ्चकपाल त्रि० પાંચ કપાલમાં સંસ્કારયુક્ત કરેલ પુરોડાશ વગેરે.

पञ्चकपाली स्त्री० પાંચ કપાલ.

पञ्चकर्ण त्रि०પાંચ કાનરૂપ લક્ષણ-ચિન્હવાળું.

पञ्चकर्मन् न० પાંચ કર્મ, વૈદ્યકપ્રસિદ્ધ પાંચ કર્મ.

पञ्चकर्मी स्त्री० ઉપરના અર્થ.

पञ्चकषाय पु० न० વૈદ્યકપ્રસિદ્ધ પાંચ પ્રકારનો કષાય-ઉકાળો.

पञ्चकाम पु० તંત્રસારપ્રસિદ્ધ કામદેવના પાંચ ભેદ.

पञ्चकृत्य पु० ‘पंचगोड’ નામે એક ઝાડ.

पञ्चकृत्वस् अव्य० પાંચ વાર.

पञ्चकृष्ण पु० એક જાતનો કીડો.

पञ्चकोण न० પાંચ ખૂણાવાળું ક્ષેત્ર, તંત્રપ્રસિદ્ધ એક યંત્ર, લગ્નથી નવમું કે પાંચમું સ્થાન.

पञ्चकोण त्रि० પાંચ ખૂણાવાળું.

पञ्चकोल न० વૈદ્યકપ્રસિદ્ધ એક પાચન-પીપર-પીપરમૂળ-ચવક-ચિત્રો-સુંઠ.

पञ्चकोष पु० વેદાંતિ મતે અન્નમય વગેરે શરીરમાં રહેલા પાંચ કોષ-અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય.

पञ्चक्रोशी स्त्री० કાશીમાં એક તીર્થ, કાશીક્ષેત્ર.

पञ्चक्षारगण न० વૈદ્યકપ્રસિદ્ધ પાંચ ક્ષાર.

पञ्चखट्व न० પાંચ ખાટલા.

पञ्चगङ्ग अव्य० પાંચ નદીઓનો સંગમ, કાશીમાં આવેલું પંચનદ તીર્થ.

पञ्चगण पु० વૈદ્યકપ્રસિદ્ધ પાંચ ઔષધિઓનો સમૂહ.

पञ्चगव न० પાંચ ગાયો, પાંચ બળદો.

पञ्चगवधन त्रि० પાંચ ગાયો જેનું ધન હોય તે.

पञ्चगव्य न० દૂધ-દહીં-ઘી-ગોમૂત્ર-ગાયનું છાણ-એ પાંચ ગાયના વિકારો.

पञ्चगव्यघृत न० વૈદ્યકપ્રસિદ્ધ એક પકવ ઘી.

पञ्चगु त्रि० પાંચ ગાયો કે બળદોથી ખરીદેલ.

पञ्चगुण पु० શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ-એ પાંચ ગુણ.

पञ्चगुण त्रि० પાંચે ગુણેલ, પાંચગણું, પાંચ પ્રકારનું.

पञ्चगुणा स्त्री० પૃથ્વી.

पञ्चगुप्त पु० કાચબો.

पञ्चगुप्त न० ચાર્વાકદર્શન.

पञ्चगुप्तिरसा स्त्री० ‘સ્પૃક્કા , નામે વનસ્પતિ.

पञ्चगुप्ती स्त्री० કાચબી.

पञ्चचामर न० સોળ અક્ષરના ચરણવાળો એક છંદ.

पञ्चचितिक पु० યજ્ઞિય એક અગ્નિ.

पञ्चचीर पु० મંજુઘોષ.

पञ्चचूडा स्त्री० તે નામે અપ્સરા.

पञ्चजन पु० મનુષ્ય, મનુષ્યસંબંધી પ્રાણ વગેરે, મનુષ્યતુલ્ય દેવ વગેરે, મનુષ્યભેદ બ્રાહ્મણ વગેરે, તે નામે એક દૈત્ય, સૃંજય રાજાનો પુત્ર-જે અંશુમાનનો પિતા હતો, તે નામે એક પ્રજાપતિ.

पञ्चजनी स्त्री० વિશ્વાવસુની પુત્રી-જે ભરતની પત્ની હતી.

पञ्चजनीन पु० ભાંડ, વિદૂષક, મસ્કરો, પાંચ માણસોમાં પૂછાતો.

पञ्चजीरकगुड पु० વૈદ્યકપ્રસિદ્ધ જીરૂં વગેરેમાં પકવેલ ગોળ.

पञ्चज्ञान पु० બુદ્ધ દેવ, પાશુપત દર્શનને જાણનાર.

पञ्चत् पु० પાંચની સંખ્યાવાળો વર્ગ.

पञ्चतक्षन् न० પાંચ સુથાર.

पञ्चतक्षी स्त्री० પાંચ સુથાર.

पञ्चतत्त्व पु० न० પાંચ મહાભૂત-પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ, તંત્રપ્રસિદ્ધ મદ્ય-માંસ-મત્સ્ય-મુદ્રા-મૈથુન-એ પાંચ મકારતત્વ, વૈષ્ણવોનાં ગુરૂતત્વ-મંત્રતત્વ-મનસ્તત્વ-દેવતત્વ-ધ્યાનતત્વ-એ પાંચ તત્વો.

पञ्चतन्त्र न० તે નામે એક નીતિશાસ્ત્ર.

पञ्चतन्मात्र न० શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ એ પાંચ તન્માત્રાઓ, પાંચ સૂક્ષ્મ ભૂત.

पञ्चतप पु० ચાર બાજુ અગ્નિ અને પાંચમો સૂર્ય એમ ચાર તેજોથી તપ કરનાર.

पञ्चतपस् पु० ઉપરનો અર્થ.

पञ्चतय न० પાંચની સંખ્યા, પાંચ.

पञ्चतय त्रि० પાંચની સંખ્યાવાળું.

पञ्चता स्त्री० પાંચપણું, મૃત્યુ, આરંભક પાંચ ભૂતોનું પોતાના સ્વરૂપે થવું.

पञ्चतिक्त न० પાંચ કડવા પદાર્થો-વૈદ્યકમાં પ્રસિદ્ધ છે.

पञ्चतीर्थी स्त्री० પ્રયાગ-પુષ્કર-નૈમિષ-વિશ્રાંતિ-શૌકર—એ પાંચ તીર્થ, કાશીમાં આવેલાં જ્ઞાનવાપી વગેરે પાંચ તીર્થ.

पञ्चत्व न० पचता જુઓ.

पञ्चथ त्रि० પાંચની સંખ્યા પૂર્ણ કરનાર, પાંચમું.

पञ्चथु पु० કોયલ, સમય, વેળા વખત.

पञ्चदक पु० તે નામે એક દેશ.

पञ्चदश त्रि० પંદરમું.

पञ्चदशधा अव्य० પંદર પ્રકારે.

पञ्चदशन् त्रि० बहु० પંદર.

पञ्चदशाह पु० પંદર ગણો દિવસ.

पञ्चदशाहिक त्रि० પંદર દિવસસાધ્ય વ્રત વગેરે.

पञ्चदशिन् त्रि० પંદરના માપનું.

पञ्चदशी स्त्री० પૂનેમ, અમાસ તિથિ, તે નામે એક વેદાંત ગ્રંથ.

पञ्चदीर्घ पु० બે હાથ-બે નેત્ર-ઉદર-નાક-છાતી-એ પાંચ જેનાં લાંબાં હોય તે.

पञ्चदेवता स्त्री० સૂર્ય-ગણેશ-દેવી-શંકર-વિષ્ણુ એ પાંચ દેવ.

पञ्चधा अव्य० પાંચ પ્રકારે.

पञ्चन् त्रि० बहु० પાંચ, પાંચની સંખ્યાવાળું.

पञ्चनख पु० હાથી, કાચબો, વાઘ, સસલો-શેઢાઇ-ઘો-ગેંડો-કાચબો-એ પાંચ પ્રાણી.

पञ्चनद पु० તે નામે એક દેશ-હાલનો પંજાબ.

पञ्चनिम्ब न० લીંબડાનું ફૂલ-મૂળ-છાલ-ફળ-પાંદડાં.

पञ्चनी स्त्री० શેત્રંજ-ચોપાટ વગેરે.

पञ्चनीराजन न० દીવો-કમળ-આંબાનું કે નાગરવેલનું પાન-વસ્ત્ર-સ.ષ્ટાંગ નમસ્કાર-એ પાંચ દેવને અર્પણ કરવાં તે.

पञ्चपक्षिन् त्रि० શિવે કહેલ એક શકુનશાસ્ત્ર.

पञ्चपञ्चिनी त्रि० પંચદશસ્તોમની એક વિષ્ટુતિ.

पञ्चपत्र पु० તે નામે એક વૃક્ષ.

पञ्चपदी स्त्री० તે નામે એક ઋચા, તે નામે એક નદી-જે કુશદ્વીપમાં આવેલી છે.

पञ्चपर्णिका स्त्री० ગોખરૂનું ઝાડ.

पञ्चपर्वन् न० ચૌદશ-આઠમ-અમાસ-પૂનેમ-રવિસંક્રાતિ-એ પાંચ પર્વ.

पञ्चपल्लव न० આંબો-જાંબુ-કોઠ-બીજોરૂં-બીલી-એ પાંચ પલ્લવ, પીપળો-ઉંબરો-ખાખરો-આંબો-વડ-એ પાંચ પલ્લવ, ફણસ-આંબો-પીપરો-વડ-બોલસરી એ પાંચ પલ્લવ.

पञ्चपात्र त्रि० પાંચ પાત્ર, એક જાતનું શ્રાદ્ધ.

पञ्चपाद् त्रि० પાંચ પગવાળું.

पञ्चपाद् पु० સંવત્સર-વર્ષ.

पञ्चपादिका स्त्री० શારીરક ભાષ્યના વ્યાખ્યાનરૂપ એક ગ્રંથ.

पञ्चपादी स्त्री० ઉપરનો અર્થ.

पञ्चपितृ पु० ઉત્પન્ન કરનાર-જનોઈ દેનાર-કન્યા આપનાર-અન્ન આપનાર-ભયથી બચાવનાર-એ પાંચ પિતા.

पञ्चपित्त न० ભુંડનું-બકરીનું-પાડાનું-માછલાનું-મોરનું-એ પાંચનાં પિત્ત-જેનો વૈદ્યકમાં ઉપયોગ છે.

पञ्चप्रदीप न० આરતિના અંગરૂપ એક દીવો.

पञ्चपुष्प न० ચંપો-આંબો-ખીજડી-કમળ-કરેણ એ પાંચનું ફૂલ.

पञ्चप्रस्थ पु० સંસારરૂપી વન.

पञ्चप्राण पु० શરીરમાં રહેલ પાંચ વાયુ.

पञ्चप्रासाद पु० પાંચ કળશવાળું દેવમંદિર.

पञ्चवन्ध पु० પંચમાંશયુક્ત દમ વગેરે.

पञ्चवला स्त्री० બલા-નાગબલા-અતિબલા-રાજબલા-એ પાંચ પ્રકારની બલા વનસ્પતિ.

पञ्चवाण पु० કામદેવ, કામદેવનાં પાંચ બાણ.

पञ्चवाहु पु० મહાદેવ.

पञ्चवीज न० સીસું, કાકડી, દાડમ.

पञ्चव्रह्म न० તે નામે એક ઉપનિષદ્.

पञ्चभद्र पु० એક જાતનો ઘોડો-જેના નીચેના ભાગમાં-મુખ ઉપર-પીઠઉપર-પડખા ઉપર-કેડઉપર આવર્ત હોય છે.

पञ्चभद्र न० વૈદ્યકપ્રસિદ્ધ એક પાચન.

पञ्चभद्री स्त्री० એક જાતનો ઘોડો.

पञ्चभूत न० व० પૃથ્વી-જળ-તેજ-આકાશ-વાયુ એ પાંચ મહાભૂત.

पञ्चभृङ्ग न० દેવદાલી-ખીજડી-ભાંગરો-નગોડ-તમાલ-એ પાંચ વૃક્ષ.

पञ्चम त्रि० પાંચમું, દક્ષ, ચતુર, સુંદર.

पञ्चम न० મૈથુન.

पञ्चम पु० તે નામે એક સ્વર. એક રાગ.

पञ्चमक त्रि० પાંચમું.

पञ्चमकार न० મદ્ય-માંસ-મત્સ્ય-મુદ્રા-મૈથુન-એ પાંચ.

पञ्चमय त्रि० પાંચમય, પાંચરૂપ, પાંચવાળું.

पञ्चमहापातक न० બ્રહ્મહત્યા-મદિરાપાન-ગુરૂપત્ની સાથે વ્યભિચાર-સોનાની ચોરી અને તે પાપ કરનારનો સંગ.

पञ्चमहायज्ञ पु० દેવયજ્ઞ-ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ-બ્રહ્મયજ્ઞ-મનુષ્યયજ્ઞ-એ પાંચ યજ્ઞ.

पञ्चमहिष न० ભેંસનું દૂધ-દહીં ઘી-મૂત્ર-છાણ.

पञ्चमार पु० બળદેવનો પુત્ર, પાંચ પ્રકારનો કામ, જૈનમતે પાંચમો આરો.

पञ्चमाषिक त्रि० પાંચ માસા ભાર.

पञ्चमास्य पु० કોયલ પક્ષી.

पञ्चमास्य त्रि० પાંચ મહિનામાં હોનાર-થનાર.

पञ्चमास्या स्त्री० કોયલ માદા.

पञ्चमी स्त्री० દ્રૌપદી, પાંચમ તિથિ, ચંદ્રની પાંચમી કળા.

पञ्चमुख त्रि० પાંચ મુખવાળું.

पञ्चमुख पु० મહાદેવ, પાંચ મુખનો એક રૂદ્રાક્ષ, અરડુસાનું ઝાડ, સિંહ.

पञ्चमुखी स्त्री० સિંહણ, એક જાતનો જવાસો.

पञ्चमुद्रा स्त्री० આવાહની-સ્થાપની-સન્નિધાપની-સંબોધની-સન્મુખીકરણી-એ પાંચ મુદ્રા.

पञ्चमुष्टिक पु० વૈદ્યકપ્રસિદ્ધ એક ઉકાળો.

पञ्चमूत्र न० ગાય-બકરી-ઘેંટી-ભેંશ-ગધેડી-એ પાંચનું મૂત્ર.

पञ्चमूल न० શાલપર્ણી-પૃશ્નિપર્ણી-ભોરીંગણી-ડોરલી-ગોખરૂ-એ પાંચનાં મૂળ.

पञ्चमूली स्त्री० પાંચ મૂળીયાં.

पञ्चमूल्यादि न० વૈદ્યકપ્રસિદ્ધ એક પાચન.

पञ्चयज्ञ पु० पञ्चमहायज्ञ જુઓ.

पञ्चयाम पु० દિવસ, દિવસનો અભિમાની દેવ.

पञ्चयुग न० સાઠ વર્ષોપૈકી સાઠમું વર્ષ.

पञ्चरक्षक पु० એક જાતનું ઝાડ.

पञ्चरक्षक त्रि० પાંચ ઇન્દ્રિયોરૂપ-રક્ષકવાળું.

पञ्चरत्न न० નીલમ-હીરો-માણેક-મોતી-પ્રવાલ એ પાંચ રત્ન, સોનું-હીરો-નીલમ-માણેક-મોતી-એ પાંચ રત્ન, નીતિવાળી પાંચ કવિતા, પાંચ કળશોવાળું દેવમંદિર.

पञ्चरश्मि पु० સૂર્ય, આકડાનું ઝાડ.

पञ्चरसा स्त्री० આંબળી.

पञ्चरात्र न० પાંચ રાત્રિઓ, નારદાદિએ રચેલ જ્ઞાનોપદેશક એક ગ્રંથ.

पञ्चरात्रिक पु० વિષ્ણુ.

पञ्चराशिक पु० લીલાવતીપ્રસિદ્ધ એક ગણિત.

पञ्चलक्षण न० પુરાણ.

पञ्चलक्षणी स्त्री० પાંચ લક્ષણો.

पञ्चलवण न० સૈંધવ-બિડલવણ-સંચળ-ટંકણ-સમુદ્રનું મીઠું-એ પાંચ લવણ.

पञ्चलाङ्गक न० પાંચ હળથી ખેડાય તેવા ખેતરનું મહાદાન.

पञ्चलोकपाल पु० ગણેશ-દુર્ગા-વાયુ-આકાશ-અશ્વિનીકુમાર એ પાંચ દેવ.

पञ्चलोह न० સૌરાષ્ટ્ર દેશમાં ઉત્પન્ન થતું લોહું.

पञ्चलोहक न० સોનું-રૂપું-તાંબું-કલઇ-ગજવેલ-એ પાંચ.

पञ्चवक्त्र पु० મહાદેવ, એક જાતની રૂદ્રાક્ષ, સિંહ, અરડુસો.

पञ्चवक्त्र त्रि० પાંચ મુખવાળું.

पञ्चवक्त्री स्त्री० સિંહણ.

पञ्चवट पु० બાલ યજ્ઞોપવીત.

पञ्चवटी स्त्री० પીપળો-બીલી-વડ-આંબળી-આસોપાલવ એ પાંચ વૃક્ષો, દક્ષિણમાં આવેલું એક તીર્થ.

पञ्चवदन पु० पञ्चवक्त्र पु० જુઓ.

पञ्चवदन त्रि० पञ्चवक्त्र त्रि० જુઓ.

पञ्चवर्ग पु० તે નામે એક યાગ, પાંચ દૂત.

पञ्चवर्ण न० પાંચરંગનું ચોખાનું ચૂર્ણ, પચરંગી ચોખાનું ચૂર્ણ, પ્રણવ-ૐકાર.

पञ्चवर्ण त्रि० પાંચરંગનું, પચરંગી.

पञ्चवर्णक पु० ધંતુરાનું ઝાડ.

पञ्चवर्षीय त्रि० પાંચ વર્ષનું.

पञ्चवल्कल न० વડ-ઉંબરો-પીપળો-ખાખરો-નેતર-એ પાંચની એકત્રકરેલી છાલ.

पञ्चवातीय न० રાજસૂય યજ્ઞના અંગરૂપ એક જાતનો હોમ.

पञ्चविधप्रकृति स्त्री० અમાત્ય-રાષ્ટ્ર-દુર્ગ-અર્થ-દંડ-એ પાંચ રાજ્યના અંગરૂપ પ્રકૃતિ.

पञ्चवीज न० સીસું, કાકડી, દાડમ.

पञ्चवृत्ति स्त्री० પાતંજલ યોગદર્શનપ્રસિદ્ધ મનની પાંચ વૃત્તિ, શરીરમાં રહેલ પ્રાણવાયુ.

पञ्चशर पु० કામદેવ, કામદેવનાં, પાંચ બાણ.

पञ्चशस्य न० મગ-તલ-અડદ-જવ-સરસવ એ પાંચ ધાન્ય.

पञ्चशाख पु० હાથ, હાથી.

पञ्चशाख न० પાંચ શાખાઓ.

पञ्चशाखी स्त्री० હાથણી,

पञ्चशारदीय पु० એક જાતનો યજ્ઞ.

पञ्चशिख पु० તે નામે એક મુનિ, સિંહ.

पञ्चशीर्ष पु० એક જાતનો સર્પ.

पञ्चशुक्र पु० એક જાતનો કીડો.

पञ्चशूरण पु० મિલિત અત્યમ્લાદિ.

पञ्चशैरीषक न० જાસુદના ઝાડનું ફૂલ-મૂળ-ફળ-પાંદડાં-છાલ.

पञ्चशैल पु० મેરૂને દક્ષિણે આવેલો એકપર્વત.

पञ्चष त्रि० वहु० પાંચ કે છ.

पञ्चसिद्धान्ती स्त्री० જ્યોતિષનાપાંચ સિદ્ધાંતો.

पञ्चसुगन्धिक न० કપૂર-કંકોલ-લવિંગ-અગર-જાયફળ-એ પાંચ એકત્ર કરેલાં સુગંધી દ્રવ્ય.

पञ्चसूना स्त्री० ચૂલો-ઘંટી-સાવરણિ-ખાંડણીઓ-પાણીઆરૂં-એ પાંચ હિંસાનાં સ્થાનો.

पञ्चस्रोतस् न० તે નામે એક તીર્થ, તે નામે એક યોગ.

पञ्चस्वरा स्त्री० તે નામે એક જ્યોતિષ ગ્રંથ.

पञ्चस्वरोदय पु० તે નામે એક જ્યોતિષગ્રંથ.

पञ्चहारक न० એક જાતનો હાર.

पञ्चहोत्र पु० વૈવસ્વત મનુનો એક પુત્ર.

पञ्चह्रद पु० તે નામે એક તીર્થ.

पञ्चांश पु० ત્રીશ અંશાત્મક રાશિનો પાંચમો અંશ.

पञ्चाक्षर त्रि॰ પાંચ અક્ષરવાળું, પાંચ અક્ષરનો મંત્ર વગેરે.

पञ्चाक्षर न॰ પ્રતિષ્ઠાખ્ય છંદસભેદ, પ્રણવમંત્ર.

पञ्चाग्नि पु॰ વેદપ્રસિદ્ધ અન્વાહાર્ય વગેરે પાંચ અગ્નિ, અગ્નિ પેઠે આહુતિનાં સ્થાન-સ્વર્ગ-મેઘ-પૃથ્વી-પુરૂષ-સ્ત્રી.

पञ्चाग्नि त्रि॰ વેદપ્રસિદ્ધ અન્વાહાર્ય વગેરે પાંચ અગ્નિઓથી તે તે કાર્ય કરનાર.

पञ्चाग्निता स्त्री॰ પાંચ અગ્નિપણું.

पञ्चाग्नित्व न॰ ઉપરનો અર્થ.

पञ्चाङ्ग पु॰ કાચબો, पञ्चभद्र જુઓ, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક પ્રણામ-જેમાં બે હાથ-બે ઢીંચણ-મસ્તક-છાતી-દૃષ્ટિ-એ પાંચ અંગો નમાવાય છે,

पञ्चाङ्ग न॰ કોઇ એકજ ઝાડનાં એકત્ર કરેલ છાલ-પાંદડાં-ફૂલ-ફળ-મૂળ-એ પાંચ અંગો, તંત્રસારપ્રસિદ્ધ મહાપુરશ્ચરણ, તિથિ-વાર નક્ષત્ર-યોગ-કરણ-એ પાંચ જેમાં દર્શાવ્યાં હોય તે પંચાંગ-ટીપણું.

पञ्चाङ्गगुप्त पु॰ કાચબો.

पञ्चाङ्गगुप्ती स्त्री॰ કાચબી.

पञ्चाङ्गशुद्धि स्त्री॰ તિથિ-વાર-નક્ષત્ર-યોગ-કરણ-એ પાંચેના દોષથી રહિત તિથિ વગેરે.

पञ्चाङ्गी स्त्री॰ કાચબી, હાથીને કેડે બાંધવાની દોરી.

पञ्चाङ्गुल पु॰ એરંડાનું ઝાડ, પાંચ આંગળીઓના આકારની લાકડાની એક જાતની કડછી.

पञ्चाङ्गुलि पु॰ પાંચ આંગળીઓના આકારની લાકડાની નહિ એવી એક કડછી.

पञ्चाज न॰ બકરીનું દૂધ-દહીં-ઘી-મૂત્ર-લીંડી.

पञ्चातप त्रि॰ ચારબાજુ અગ્નિ તથા સૂર્ય-એમ પંચ અગ્નિથી તપ કરનાર.

पाञ्चात्मक त्रि॰ આકાશ વગેરે પાંચ મહાભૂતસ્વરૂપ.

पञ्चानन पु॰ સિંહ, સિંહરાશિ, શિવ, એક જાતની રૂદ્રાક્ષ.

पञ्चाननी स्त्री॰ સિંહણ.

पञ्चाप्सरस् न॰ એક સરોવર-જ્યાં ઇન્દ્રે મોકલેલી પાંચ અંપ્સરાઓએ શાતકર્ણિ મુનિના તપનો ભંગ કર્યો હતો.

पञ्चाब्जमण्डल न॰ સર્વતોભદ્ર મંડળનું એક પેટામંડળ.

पञ्चामरा स्त्री॰ પાંચ પ્રકારની અમરવેલ.

पञ्चामृत न॰ દૂધ-દહીં-ઘી-સાકર-મધ-એ પાંચ.

पञ्चामृतयोग पु॰ એકત્ર કરેલ ગળો-ગોખરૂ-મુસળી-મુંડિકા-શતાવરી-એ પાંચ.

पञ्चाम्नाय पु॰ પાંચ મુખથી શિવે કહેલાં શાસ્ત્રો.

पञ्चाम्र न॰ એક પીપરો-એક લીંબડો-એક વડ-દશ ફૂલઝાડ-બે દાડમી-બે બીજોરાંના ઝાડ-એ પાંચ, એક પીપરો-એક લીંબડો, બે ચંપા-ત્રણ કેસરવૃક્ષ-સાત તાડનાં ઝાડ-નવ નાળીએરી એ પાંચ.

पञ्चाम्ल न॰ બોર-દાડમ-આંબલી-અમ્લવેતસ-બીજોરૂં-એ પાંચ ખાટા પદાર્થો.

पञ्चायतनी स्त्री॰ ગણેશ-દુર્ગા-સૂર્ય-શિવ-વિષ્ણુ-એ પાંચ ઉપાસ્ય દેવ.

पञ्चारी स्त्री॰ ચોપાટ-શેત્રંજનો પટ.

पञ्चार्चिस् पु॰ બુધ ગ્રહ.

पञ्चाल पु॰ बहु॰ તે નામે એક દેશ, તે દેશના રાજાઓ.

पञ्चाल पु॰ મહાદેવ, બાભ્રવ્ય ગોત્ર, તે નામે એક ઋષિ.

पञ्चालिका स्त्री॰ પુતળી, ઢીંગલી.

पञ्चाली स्त्री॰ ઉપરના અર્થ, તે નામે એક ગીતિ, સોગઠાબાજી ખેલવાનો પટ.

पञ्चावट पु॰ બાલ યજ્ઞોપવીત.

पञ्चावत्तिन् त्रि॰ પાંચ પ્રકારે ખંડિત ચરૂ વગેરે.

पञ्चावयव पु० પ્રતિજ્ઞા–હેતુ–ઉદાહરણ–ઉપનય–નિગમન એ પાંચ અવયવોવાળું ન્યાય વાક્ય.

पञ्चावस्थ पु० શબ–મુડદું.

पञ्चावी स्त्री० અઢી વર્ષની ગાય.

पञ्चाश त्रि० પચાસમું.

पञ्चाशत् स्त्री० પચાસ, પચાસની સંખ્યા.

पञ्चाशत्तम त्रि० પચાસમું.

पञ्चाशद्धा अव्य० પચાસ પ્રકારે.

पञ्चाशिन् त्रि० પચાસના પરિણામવાળું.

पञ्चाशीत त्रि० પંચાશીમું.

पञ्चाशीति स्त्री० પંચાશી.

पञ्चाशीतितम त्रि० પંચાશીમું.

पञ्चास्य पु० સિંહ, સિંહ રાશિ, શિવ, એક જાતની રૂદ્રાક્ષ.

पञ्चास्य त्रि० પાંચ મુખવાળું.

पञ्चास्या स्त्री० સિંહણ.

पञ्चिन् त्रि० પાંચ પરિમાણવાળું.

पञ्चीकरण न० પાંચ ન હોય તેને પાંચરૂપ કરવું.

पञ्चीकृत त्रि० પાંચરૂપ કરેલ.

पञ्चेध्मीय पु० પાંચ સમિધોથી સાધ્ય અમુક હોમ.

पञ्चेन्द्र त्रि० પાંચ ઇન્દ્રાણીઓ જેના દેવ હોય તેવું હવિષ વગેરે.

पञ्चेन्द्रिय न० પાંચ ઇન્દ્રિયો.

पञ्चेन्द्रिय त्रि० પાંચ ઇન્દ્રિયોવાળું.

पञ्चेषु पु० કામદેવ, કામદેવનાં પાંચ બાણ.

पञ्चोपचार पु० ગંધ–નૈવેદ્ય વગેરે પૂજાના પાંચ ઉપચારો.

पञ्चोपचार त्रि० પાંચ ઉપચારવાળું પૂજન વગેરે.

पञ्चोपविष न० થોર–આંકડો-કરેણ-લાંગલી-વિષમુષ્ટિકા–એ પાંચ ઉપવિષ.

पञ्चोष्मन् पु० શરીરમાં રહેલા પાંચ અગ્નિઓ.

पञ्चौदन पु० પાંચ આંગળીઓથી પાંચ પ્રકારે વિભાગ કરેલ ભાત.

पञ्जर पु० न० હાડપીંજર.

पञ्जर न० પક્ષી વગેરેનું પાંજરૂં.

पञ्जर पु० કલિયુગ, ગાયોની આરતિનો વિધિ.

पञ्जराखेट पु० માછલાં પકડવાનું એક યંત્ર.

पञ्जल पु० કોલકંદ.

पञ्जि स्त्री० સુતર કાંતવા તૈયાર કરેલી રૂની પૂણી.

पञ्जिका स्त्री० ઉપરનો અર્થ, પાણિનીય સૂત્રો ઉપરની એક વૃત્તિ, પત્રિકા, ટીપણું, એક પ્રકારનું વ્યાખ્યાન, આવક–જાવકની નોંધપોથી, ખાતાવહી.

पञ्जिकारक त्रि० ખાતાવહી કરનાર, કાયસ્થ, જોશી.

पञ्जी स्त्री० पञ्जि જુઓ.

पञ्जीकर त्रि० पञ्जिकारक જુઓ.

पट् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.

पट् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

पट् चु० उभ० स० सेट् વીંટવું.

पट पु० છાપરૂં, છજું, વસ્ત્ર, કપડું, ચિત્રપટ, નકશો, અક્ષર લખવા કરેલ તાંબાનું પત્રું.

पट त्रि० આગળ કરેલ.

पट न० પાદબંધન, પગની બેડી.

पटक न० શિબિર, છાવણી.

पटकार त्रि० વણકર.

पटकुटी स्त्री० તંબુ, રાવટી.

पटगृह न० તંબુ, રાવટી.

पटच्चर न० જૂનું કપડું, જીર્ણ વસ્ત્ર.

पटच्चर पु० ચોર.

पटत् अव्य० વસ્ત્ર, એક જાતનું અસ્પષ્ટ શબ્દનું અનુકરણ.

पटत्क पु० ચોર.

पटमण्डप पु० તંબુ, રાવટી.

पटमन्दिर न० તંબુ, રાવટી.

पटमय न० તંબુ, રાવટી, સાડલો.

पटमय त्रि० વસ્ત્રમય વસ્ત્રનું, વસ્ત્રથી બનાવેલ.

पटर त्रि० જવાના સ્વભાવવાળું, ગતિશીલ, વસ્ત્ર આપનાર.

पटरक पु० 'गुन्द्रवृक्ष' નામે એક ઝાડ.

पटल न० છાપરૂં, છજું, નેત્રનો એક રોગ–પડુલ, ટોળું, સમૂહ, ટોપલો, ઉપકરણ, તિલક, છાલ, તંત્રાંશભેદ, વૃક્ષ.

पटलक न० સમૂહ, જથ્થો.

पटलप्रान्त पु० છાપરાનો છેડો.

पटली स्त्री० છાપરૂં, છજું.

पटवाप पु० તંબુ, રાવડી.

पटवास पु० તંબુ, રાવટી, વસ્ત્રને સુગંધી કરનારૂં કોઇ દ્રવ્ય.

पटवासक पु० ઉપરના અર્થ.

पटवेश्मन् न० તંબુ, રાવટી.

पटह पु० ઢોલ, નગારૂં, ડંકો, સમારંભ, હિંસા કરવી.

पटाक पु० પક્ષી.

पटाका स्त्री० પતાકા, ધજા.

पटाकी स्त्री० પક્ષિણી.

पटालुका स्त्री० જળો.

पटि स्त्री० વસ્ત્ર, કુંભિકાવૃક્ષ, वागुल જુઓ.

पटिका स्त्री० ઉપરના અર્થ.

पटिमन् पु० હોંશીઆરી, ચતુરાઇ.

पटिष्ठ त्रि० અત્યંત ચતુર, ઘણુંજ હોંશીઆર.

पटी स्त्री० पटि જુઓ.

पटीयस् त्रि० पटिष्ठ જુઓ.

पटीर न० ચાળણી, મૂળો, વંશલોચન, ખેટ, પેટ, કામદેવ, ચંદન.

पटीर त्रि० ઉંચું, સુંદર.

पटु न० કાગડાની ટોપી, પટોલપત્ર, પંડોળાનું પાંદડું, પાંશુલવણ, મીઠું.

पटु पु० વેખંડ, ચીનીકપૂર, શાહજીરૂં, ચોર નામે એક ગંધદ્રવ્ય, પંડોળું, કારેલીનો વેલો, પડવલીનો વેલો.

पटु त्रि० ચતુર, હોંશીઆર, નીરોગી, તીક્ષ્ણ, સ્ફુટ, પ્રકટ, ક્રૂર, ધૂતારૂં.

पटुक पु० પંડોળાનો વેલો.

पटुकल्प त्रि० કંઇક થોડું ચતુર, થોડું હોંશીઆર.

पटुजातीय त्रि० ચતુર, શાણું, ચતુરપ્રકારનું.

पटुता स्त्री० ચતુરાઇ, હોંશીઆરી, ડહાપણ.

पटुतृणक न० એક જાતનું ઘાસ.

पटुत्व न० पटुता જુઓ.

पटुत्रय न० સૈંધવ-બિડલવણ-સંચળ–એ ત્રણ.

पटुदेशीय त्रि० पटुकल्प જુઓ.

पटुदेश्य त्रि० पटुकल्प જુઓ.

पटुपत्रिका स्त्री० સોનામુખી-મીંઢી આવળ.

पटुपर्णिका स्त्री० क्षीरिणीवृक्ष નામે એક ઝાડ.

पटुपर्णी स्त्री० ઉપરનો અર્થ.

पटुरूप त्रि० અત્યંત ચતુર, ઘણુંજ હોંશીઆર.

पटुश पु० તે નામે એક રાક્ષસ.

पटुस पु० તે નામે એક રાજા.

पटोटज न० છત્રાકારે થતી ચોમાસાંની એક વનસ્પતિ-જેને કાગડાની ટોપી કહે છે.

पटोल पु० પંડોળાંનો વેલો.

पटोल न० એક જાતનું વસ્ત્ર-છીંટ, પંડોળું.

पटोलक पु० છીપ.

पटोलादि पु० વૈદ્યકપ્રસિદ્ધ એક ઉકાળો.

पटोलाद्यघृत न० વૈદ્યકપ્રસિદ્ધ ઔષધરૂપ ઘી.

पटोलिका स्त्री० હલકી જાતનો પંડોળાંનો વેલો.

पटोर्ली स्त्री० ઉપરનો અર્થ.

पट्ट न० નગર. ચૌટો, જમીન વગેરેનો કર લેવા માટે લિખિત પટ્ટો, પાટલો, બાજઠ, ઢાલ, રાજસિંહાસન, ઉતરીય, વસ્ત્ર.

पट्ट पु॰ न॰ ઉત્તરાસણ, રેશમ.

पट्ट पु॰ પીસવાનો પત્થર, વાટવાનો પત્થર, ઘુમડાં વગેરે ઉપર બાંધવાનો પાટો.

पट्टक पु॰ न॰ पट्ट पु॰ न॰ જુઓ.

पट्टज न॰ રેશમી વસ્ત્ર.

पट्टदेवी स्त्री॰ પટરાણી.

पट्टन न॰ શહેર, નગર,

पट्टमहिषी स्त्री॰ પટરાણી.

पट्टरङ्ग न॰ કપડું રંગવાનો એક પદાર્થ.

पट्टरञ्जन न॰ ઉપરનો અર્થ.

पद्ररञ्जनक न॰ पट्टरङ्ग જુઓ.

पट्टराग पु॰ पट्टरङ्ग જુઓ.

पट्टराज्ञी स्त्री॰ પટરાણી.

पट्टशाक पु॰ એક જાતનું શાક.

पट्टार पु॰ તે નામે એક દેશ.

पट्टारक त्रि॰ પટ્ટાર દેશમાં હોનાર-થનાર.

पट्टारोहा स्त्री॰ પટરાણી.

पट्टाहा स्त्री॰ પટરાણી.

पट्टिका स्त्री॰ એક જાતનું લોધર વૃક્ષ.

पट्टिकाख्य पु॰ રાતું લોધર વૃક્ષ.

पट्टिकालोध्र पु॰ ઉપરનો અર્થ.

पट्टिन् पु॰ રાતું લોધર વૃક્ષ.

पट्टिल पु॰ દુર્ગંધી કરંજ વૃક્ષ.

पट्टिश पु॰ એક જાતનું અસ્ત્ર.

पट्टिस पु॰ ઉપરનો અર્થ.

पट्टी स्त्री॰ રાતું લોધર વૃક્ષ.

पट्टोलिका स्त्री॰ સનંદ, દસ્તાવેજ, ખત.

पट्ठीश पु॰ એક જાતનું અસ્ત્ર.

पट्ठीस पु॰ ઉપરનો અર્થ.

पठ् भ्वा॰ प॰ स॰ सेट् ભણવું, લખેલા અક્ષર વાચવા, વાચવું.

पठक त्रि॰ ભણનાર, વાચનાર.

पठत् त्रि॰ ભણતું, વાચતું.

पठन न॰ ભણવું, વાચવું.

पठनीय त्रि॰ ભણવા યોગ્ય, વાચવા યોગ્ય.

पठमञ्जरी स्त्री॰ તે નામે એક રાગણી.

पठसमञ्जरी स्त्री॰ તે નામે એક રાગણી.

पठि स्त्री॰ ભણવું, વાચવું.

पठि पु॰ પઠ્ ધાતુ.

पठित त्रि॰ ભણેલ, વાચેલ.

पठितव्य त्रि॰ ભણવા યોગ્ય, વાચવા યોગ્ય.

पठितृ त्रि॰ ભણનાર, વાચનાર.

पंड् भ्वा॰ आ॰ स॰ सेट् ગમન કરવું, જવું.

पंड् चु॰ उभ॰ स॰ सेट् ઢગલો કરવો, એકત્ર કરવું.

पड्गृभि पु॰ તે નામે એક અસુર.

पड्वीश न॰ પાદબંધન, પગની બેડી, પગ બાંધવાનું દોરડું.

पण् भ्वा॰ आ॰ स॰ सेट् વેચવું-ખરીદવું, જુગાર ખેલવો. अ॰

पण् भ्वा॰ प॰ स॰ सेट् સ્તુતિ કરવી, વખાણવું.

पण् चु॰ प॰ स॰ सेट् વેચવું-ખરીદવું, જુગાર ખેલવો. अ॰

पण पु॰ એક કર્ષ જેટલું તાંબું, એંસી કોડી, નિર્વેશ, પગાર, મજૂરી, જુગાર, બાજી, કિંમત, ધન, કાર્ષાપણ, બજાર, દુકાન, વેચવા ખરીદવાનો વ્યવહાર, ઘર, વિપણ, વ્યાપાર, ઉદ્યોગ, ધંધો, રહેવાનું સ્થળ, પાસાનો દાવ, હોડ બકવી, વેચવા ખરીદવાનો સોદો.

पण त्रि॰ વેચનાર-ખરીદનાર.

पणग्रन्थि पु॰ હાટ, દુકાન, બજાર.

पणता स्त्री॰ મૂલ્ય, કિંમત.

पणत्व न॰ ઉપરના અર્થ.

पणन न॰ વેચવું, વેચાણ.

पणधर न॰ જ્યોતિષપ્રસિદ્ધ લગ્નથી બીજું પાંચમું-આઠમું-અગીઆરમું સ્થાન.

पणबन्ध पु॰ હોડ બકવી, પણ લેવું.

पणव पु॰ ઢોલ, નગારું, ડંકો.

पणवा स्त्री० ઉપરના અર્થ.

पणस त्रि० વેચવા યોગ્ય, ખરીદવા યોગ્ય.

पणस्त्री स्त्री० વેશ્યા.

पणस्य् भ्वा० प० स० सेट् પૂજા કરવી, પૂજવું.

पणाङ्गना स्त्री० વેશ્યા.

पणादि न० કોડી.

पणाया स्त्री० વેચવા ખરીદવાનો વ્યવહાર, સ્તુતિ, જુગાર.

पणायित त्रि० વેચવા ખરીદવાનો વ્યવહાર કરેલ, સ્તુતિ કરેલ, વેચેલ, ખરીદેલ.

पणार्पण न० વેચવા ખરીદવાનું સાટું કરવું, પણ આપવું.

पणास्थि न० કોડી.

पणास्थिक पु० કોડી.

पणि स्त्री० બજાર.

पणि पु० पण् ધાતુ.

पणिक त्रि० પણ આપી ખરીદેલ.

पणित त्रि० વેચેલ, ખરીદેલ, સ્તુતિ કરેલ, વખાણેલ.

पणितव्य त्रि० पण्य જુઓ.

पणिन् त्रि० વેચનાર,ખરીદનાર,સ્તુતિવાળું.

पणिन् पु० તે નામે એક ઋષિ.

पण्ड पु० न० નપુંસક, નામર્દ.

पण्ड त्रि० નિષ્ફળ.

पण्डक पु० સાવર્ણિ મનુનો એક પુત્ર.

पण्डा स्त्री० શાસ્ત્રીય સંસ્કારવાળી બુદ્ધિ.

पण्डापूर्व न० ધર્માધર્માત્મક અદૃષ્ટ–સંધ્યાવંદનાદિ નહિ કરવાથી પાપ લાગે છે પણ સંધ્યાવંદનાદિ કરવાથી પાપનો નાશ થાય છે તે.

पण्डित पु० શાસ્ત્રીય સંસ્કારવાળી બુદ્ધિવાળો–વિદ્વાન, क्लिह्क જુઓ.

पण्डितक पु० ઉપરના અર્થ, તે નામે ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

पण्डितंमन्य त्रि० પોતાને પંડિત માનનાર.

पण्डितमानिन् त्रि० ઉપરનો અર્થ.

पण्डितायमान त्रि० પંડિત પેઠે આચરણ કરનાર, પંડિત જેવો ડોળ કરનાર.

पण्डितिमन् पु० પંડિતપણું, પંડિતાઇ, વિદ્વાનપણું.

पण्डूक पु० વાયુના રોગવાળો, પાંગળો.

पण्डूकता स्त्री० વાયુના રોગવાળાપણું, પાંગળાપણું.

पण्डूकत्व न० ઉપરનો અર્થ.

पण्य त्रि० વેચવા ખરીદવાના વ્યવહાર યોગ્ય, વેચવા યોગ્ય, ખરીદવા યોગ્ય.

पण्ययोषित् स्त्री० વેશ્યા.

पण्यविक्रयशाला स्त्री० હાટ, દુકાન, બજાર, મારકીટ.

पण्यवीथि स्त्री० બજાર, હાટ,દુકાન,મારકીટ.

पण्यवीथिका स्त्री० ઉપરના અર્થ.

पण्यशाला स्त्री० पण्यवीथि જુઓ.

पण्यस्त्री स्त्री० વેશ્યા.

पण्या स्त्री० માલ કાંકણી– पिण्या

पण्याङ्गना स्त्री० વેશ્યા.

पण्याजिर न० હાટ, દુકાન, બજાર.

पण्याजीव त्रि० વેપારી.

पण्याजीवक त्रि० વેપારી.

पण्याजीवक न० હાટ, દુકાન, બજાર.

पण्यान्धा स्त्री० એક જાતનું ઘાસ.

पण्यार्ह त्रि० વેચવા યોગ્ય.

पत् चु० उभ० स० सेट् ગમન કરવું, જવું, ઐશ્વર્યવાળા થવું, માલીક થવું. अ०

पत् दिवा० आ० अ० सेट् માલીક થવું, ઐશ્વર્યવાળા થવું.

पत् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું, ધડવું, માલીક થવું, ઐશ્વર્યવાળા થવું. अ०

पत त्रि० પુષ્ટ, પોષેલ, પાળેલ, પડનાર.

पत पु० પડવું, પતન પામવું.

पतक त्रि० પડનાર, પતન પામનાર.

पतग पु० પક્ષી.

पतगी स्त्री० પક્ષિણી.

पतङ्ग पु०પક્ષી. સૂર્ય, પતંગીયું, એક જાતની ડાંગેર, પાણીમાં થતો એક મહુડો, પ્લક્ષદ્વીપની એક ક્ષત્રિય જાતિ. આંકડો.

पतङ्ग न० પારો, એક જાતનું ચંદન, કુદી પડવું,

पतङ्गम पु० પક્ષી.

पतङ्गमी स्त्री० પક્ષિણી.

पतङ्गर त्रि० કુદી પડનાર.

पतङ्गा पु० ઘોડો.

पतङ्गा स्त्री० ઘોડી.

पतङ्गिका स्त्री० એક જાતની મધમાખી.

पतङ्गिन् पु० પક્ષી.

पतङ्गिनी स्त्री० પક્ષિણી.

पतङ्गी स्त्री० પક્ષિણી.

पतञ्चिका स्त्री० ધનુષની દોરી.

पतञ्जल पु० ગોત્રપ્રવર્તક એક ઋષિ.

पतञ्जलि पु० યોગસૂત્રકાર એક ઋષિ, પાણિનીય સૂત્રો ઉપર ભાષ્ય કરનાર.

पतत् त्रि० પડતું, ઉડતું, ઉતરતું.

पतत् पु० પક્ષિ.

पतत्र न० વાહન.

पतत्रि पु० પક્ષી.

पतत्त्र पु० પક્ષિની પાંખ.

पतत्त्रिकेतन पु० વિષ્ણુ.

पतत्त्रिन् पु० પક્ષી.

पतत्त्रिणी स्त्री० પક્ષિણી.

पतत्त्रिराज पु० ગરૂડપક્ષી.

पतद्ग्रह पु०પિકદાની,થુંકદાની,થુંકવાનું પાત્ર.

पतद्ग्राह पु० ઉપરના અર્થ.

पतद्भीरु पु० શ્યેન પક્ષી–બાઝ.

पतन न० પડવું, ઉતરવું,ભ્રષ્ટ થવું,પતિતપણું.

पतनीय त्रि० પડવાને યોગ્ય, પાડવા યોગ્ય.

पतनीय न० પાપ.

पतम पु० ચંદ્ર, કપૂર.

पतयालु त्रि० પડવાના સ્વભાવવાળું.

पतयिष्णु त्रि० ઉપરનો અર્થ.

पतर त्रि० ગમન કરનાર, જનાર.

पतरु त्रि० પડવાના સ્વભાવવાળું.

पतस पु० પક્ષી, ચંદ્ર, કપૂર, પતંગીયું.

पतसी स्त्री० પક્ષિણી.

पताका स्त्री० ધજા, પતાકા, વાવટો, સૌભાગ્ય, નાટકનું એક અંગ, નીશાની, ચિન્હ.

पताकास्थानक न० સાહિત્યપ્રસિદ્ધ નાટકનું એક અગ.

पताकिक त्रि० પતાકાવાળું, વાવટાવાળું, નીશાનીવાળું, ધજાવાળું.

पताकिन् त्रि० ઉપરના અર્થ.

पताकिनी स्त्री० સેના.

पतापत त्रि० અત્યંત પડવાવાળું.

पति पु० ભર્તા, ધણી, સ્વામી, માલીક-શેઠ.

पतिंवरा स्त्री० પતિને ઇચ્છતી કન્યા, પતિને પોતાની મેળે પસંદ કરનારી કન્યા,કાળીજીરી.

पतिघातिनी स्त्री ० પતિનો નાશ કરનારી સ્ત્રી.

पतिघ्न त्रि० પતિના નાશને સૂચવનારૂં અમુક ચિન્હ–નીશાની.

पतिघ्नी स्त्री० પતિના નાશને સૂચવનારી હાથની અમુક રેખા.

पतित त्रि० પતન કરનાર, પડનાર, નરકસૂચક નીચ કર્મો કરનાર, પડેલ.

पतिता स्त्री० પતિપણું, સ્વામિત્વ, પડેલી.

पतित्व न० પતિપણું, માલીકી.

पतित्वन न० યૌવન, જુવાની.

पतिदेवता स्त्री० પતિવ્રતા સ્ત્રી.

पतिदैवता स्त्री० પતિવ્રતા સ્ત્રી.

पतिद्विष् स्त्री० પતિનો દ્વેષ કરનારી સ્ત્રી.

पतिमती स्त्री० પતિવાળી પૃથ્વી વગેરે.

पतिलोक पु० પતિ સાથે ધર્માચરણ કરવાથી પ્રાપ્ત થતો સ્વર્ગાદિ લોક.

पतिवत्नी स्त्री० ધણીવાળી સ્ત્રી, સુવાસણ સ્ત્રી.

पतिवेदन पु० શિવ, મહાદેવ.

पतिव्रता स्त्री० પતિવ્રતા સ્ત્રી.

पतिष्ठ त्रि० અત્યંત પડનાર.

पतीयन्ती स्त्री० પતિની ઇચ્છાવાળી સ્ત્રી.

पतीयस् त्रि० અત્યંત પડનાર.

पतेर पु० પક્ષી.

पतेर त्रि० ગમન કરનાર, જનાર.

पतेरी स्त्री० પક્ષિણી.

पत्काषिन् त्रि० પગે જનાર, પગે ચાલનાર, પાળો વગેરે.

पत्त पु० પગ.

पत्तङ्ग न० રક્તચંદન–રતાંજળી.

पत्तन न० નગર, શહેર, મૃદંગ–નરઘું.

पत्तनवणिज् पु० શહેરી વેપારી, શહેરનો વાણીયો.

पत्तनाधिपति पु० તે નામે એક રાજા.

पत्तरङ्ग રક્ત ચંદન–રતાંજળી.

पत्ति पु० સેના, પાળો, વીર, યોદ્ધો. ગમન, ગતિ.

पत्ति स्त्री० એક રથ–બે હાથી–ત્રણ ઘોડા-પાંચ પાયદલ–આટલી સંખ્યાવાળી લશ્કરી ટુકડી, પંચાવન યોદ્ધાઓની લશ્કરીટુકડી.

पत्तिगणक त्रि० પાળાઓને ગણનાર.

पत्तिन् त्रि० પગથી જનાર, પગે ચાલી જનાર, પાળો વગેરે.

पत्तिपङ्क्ति स्त्री० પાળાઓની પંક્તિ.

पत्तिसंहति स्त्री० પાળાઓનો સમૂહ.

पत्तूर पु० એક જાતનું શાક, પતંગીયું.

पत्तूर न० રક્તચંદન-રતાંજળી.

पत्र न० વાહન, પાંદડું, પક્ષીઓની પાંખ, લખવાનો કાગળ, ધાતુનું પતું, તેજપત્ર, ચોપડીનું પાનું.

पत्रक न० ઝાડનું પાંદડું, પત્રાવળી, તેજપત્ર, ચંદન વગેરેથી ચિતરેલ ચિત્ર.

पत्रक पु० એક જાતનું શાક.

पत्रकाहला स्त्री० विज्ञला જુઓ, પક્ષીઓની પાંખનો અવાજ,ઝાડનાં પાંદડાંનો અવાજ.

पत्रकृच्छ्र न० એક જાતનું પ્રાયશ્ચિત્ત.

पत्रगुप्त पु० ‘त्रिकण्टे’ નામે એક વનસ્પતિ.

पत्रघना स्त्री० ‘सातला’ નામે એક ઝાડ.

पत्राङ्ग न० રક્તચંદનના આકારનું એક ઝાડ.

पत्रझङ्कार पु० ‘पुरोटि’ નામે એક ઝાડ.

पत्रणा स्त्री० ચંદન વગેરેથી ચિત્ર કાઢવું તે, પીયળ–અર્ચા.

पत्रतण्डुली स्त्री० ‘यवतिक्ता’ નામે વનસ્પતિ.

पत्रतरु पु० એક જાતના ખેરનું ઝાડ.

पत्रदारक पु० કરવત.

पत्रनाडिका स्त्री० પાંદડાંની રેખા, પાંદડાંની નસ.

पत्रपरशु पु० છીણી.

पत्रपर्शु पु० છીણી.

पत्रपाल पु० નાની છરી, કટાર.

पत्रपाली स्त्री० કાતર.

पत्रपाश्या स्त्री० સોનાનો લલાટનો એક દાગીનો.

पत्रपिशाचिका स्त्री० પાણી વારવાનું સાધન એક યંત્ર.

पत्रपुष्प पु० રાતી તુલસી.

पत्रपुष्पक पु० ભોજપત્ર.

पत्रपुष्पा स्त्री० તુલસી.

पत्रपुष्पी स्त्री० નાનાં પાંદડાંવાળી તુલસી.

पत्रबन्ध पु० એક પ્રકારની પુષ્પરચના.

पत्रबाल पु० એક જાતનું મોટું હલેસું.

पत्रभङ्ग पु० સ્તન–ગાલ–વગેરે ઉપર ચંદન વગેરેથી ચિત્ર કાંઢવું તે.

पत्रभङ्गि स्त्री० ઉપરનો અર્થ.

पत्रभङ्गी स्त्री० पत्रभङ्ग જુઓ.

पत्रमञ्जरी स्त्री० પાંદડાંનો અગ્રભાગ, એક પ્રકારનું તિલક–અર્ચા.

पत्रमाल पु० નેતર.

पत्रमाला स्त्री० પાંદડાંની પંક્તિ.

पत्रमूल पु० પાંદડાંનું મૂળ.

पत्रमूलक न० પાંદડાંના મૂળનો પ્રકાર.

पत्रयौवन न० નવપલ્લવ–નવું કુંપળ.

पत्ररथ पु० પક્ષી.

पत्ररथी स्त्री० પક્ષિણી.

पत्ररेखा स्त्री० पत्रभङ्ग જુઓ.

पत्रल न० પાતળું દૂધ.

पत्रलता स्त्री० पत्रभङ्ग જુઓ, પુષ્કળ પાંદડાંવાળો વેલો.

परिसंख्यान ન० परिसंख्या જુઓ.

परिसञ्चर पु० સૃષ્ટિનો પ્રલયકાળ.

परिसभ्य पु० સભાસદ.

परिसमापन ન० સમાપ્ત કરવું,સંપૂર્ણ કરવું.

परिसमूहन ન० યજ્ઞાદિની સર્વ તરફ જળ વગેરેથી માર્જન કરવું, યજ્ઞમાં અગ્નિ ઉપર ખોલ્યા વિના સમિધ મૂકવી, સર્વ તરફ પડેલા ઘાસને છેદી યજ્ઞાગ્નિમાં નાખવાં.

परिसर पु० નદી–નગર–પર્વત વગેરેનો છેડો, પાસે, સમીપપણું, મૃત્યુ, વિધાન.

परिसर्प पु० ચોતરફ જળ વગેરેથી વીંટવું, ચોતરફ જવું.

परिसर्प ન० સારસ્વત યાગભેદ.

परिसर्पण ન० ચોતરફ જવું, સર્પની પેઠે જવું.

परिसर्पिन् त्रि० ચોતરફ જનાર, સર્પની પેઠે જનાર.

परिसर्या स्त्री० ચોતરફ જવું.

परिसान्त्वन ન० શાંત પાડવું, સમજાવવું, સાંત્વન કરવું.

परिसाधन ન० અત્યંત સાધવું, ઠરાવ કરવો.

परिसार त्रि० સર્વ તરફ જનાર.

परिसारक त्रि० ઉપરનો અર્થ.

परिसारिन् त्रि० સર્વ તરફ જનાર.

परिसीमन् पु० સીમા, હદ.

परिस्कन्द त्रि० परिष्कन्द જુઓ.

परिस्कन्दत् त्रि० સર્વ તરફ જતું, રખડતું, ભટકતું.

परिस्कन्न त्रि० परिष्कण्ण જુઓ.

परिस्तरण ન० આચ્છાદન, ઓછાડ, ઢાંકણુ, યજ્ઞની ચોતરફ દર્ભ રાખવો.

परिस्तृत त्रि० આચ્છાદન કરેલ, ઢાંકેલ, ઓછાડેલ.

परिस्तोम पु० પરિષ્ટોમ જુઓ.

परिस्थान ન० ધૈર્ય, હીંમત.

परिस्थिति स्त्री० ઉપરના અર્થ,હાલત,દશા.

परिस्पन्द त्रि० પરિષ્યન્દ त्रि० જુઓ.

परिस्पन्द पु० परिष्यन्द पु० જુઓ.

परिस्पन्दन ન० ફરકવું, સર્વ તરફથી લગાર હાલવું, ઝરવું, ખરવું.

परिस्पन्दमान त्रि० ફરકતું, સર્વ તરફથી લગાર હાલતું, કંપતું.

परिस्पार्द्धिन् त्रि० સ્પર્ધા કરનાર.

परिस्फुरण ન० ફરકવું, ચમકવું, અંકુરિત થવું. પ્રકાશવું, નીકળવું.

परिस्फुरत् त्रि० ફરકતું, ચમકતું, પ્રકાશતું, અંકુરિત થતું, નીકળતું.

परिस्यन्द पु० હાથી વગેરેના મદ વગેરેનું ઝરવું–ટપકવું–ખરવું.

परिस्रव पु० સર્વ તરફથી ઝરવું–ખરવું–ટપકવું.

परिस्राव पु० ઉપરનો અર્થ, વૈદ્યકપ્રસિદ્ધ શારીરિક એક ઉપદ્રવ.

परिस्राविन् त्रि० ઝરતું, ખરતું, ટપકતું.

परिस्राविन् पु० પાંચ પ્રકારનાં ભગંદર-પૈકી એક ભગંદર.

परिस्रुत् स्त्री० મદિરા, દારૂ, ઝરવું, ખરવું, ટપકવું.

परिस्रुत् त्रि० સર્વ તરફથી ઝરનાર–ખરનાર–ટપકનાર.

परिस्रुत पु० પુષ્પ વગેરેમાંથી નીકળેલ સારરૂપ પદાર્થ.

परिस्रुत त्रि० સર્વ તરફથી ઝરેલ–ખરેલ–ટપકેલ.

परिस्रुता स्त्री० મદિરા, દારૂ.

परिहनु अव्य० હડપચીની ઉપર.

परिहरण ન० દોષ વગેરે મટાડવો, હરણ કરવું, લઇ લેવું, ઝુંટવી લેવું, દૂર કરવું, ત્યાગ કરવો, હરી લેવું, ખંડન કરવું.

परिहरणीय त्रि० હરણ કરવા યોગ્ય, લઇ લેવા યોગ્ય, ત્યાગ કરવા યોગ્ય, ઝુંટવી લેવા યોગ્ય, દૂર કરવા યોગ્ય, હરી લેવા યોગ્ય, ખંડન કરવા યોગ્ય, દોષ વગેરે દૂર કરવા યોગ્ય.

परिहरणीयता स्त्री० દૂર કરવા યોગ્યપણું, ત્યાગ કરવા યોગ્યપણું, ખંડન-હરણ કરવા યોગ્યપણું.

परिहरणीयत्व न० ઉપરના અર્થ.

परिहरत् त्रि० હરણ કરતું, લઇ લેતું, દૂર કરતું, ત્યાગ કરતું, ખંડન કરતું, દોષ વગેરે મટાડતું, હરી લેતું.

परिहरमाण त्रि० ઉપરના અર્થ.

परिहर्तव्य त्रि० परिहरणीय જુઓ.

परिहर्षण त्रि० અત્યંત હર્ષ પમાડનાર, રોમાંચ ઉભાં કરી દેનાર.

परिहस्त अव्य० હાથનો ત્યાગ.

परिहाटक न० સુવર્ણનું બાજુબંધ.

परिहाणी स्त्री० હાનિ, નુકશાન.

परिहार पु० અવજ્ઞા, અનાદર, તિરસ્કાર, દોષ વગેરે દૂર કરવા તે, परिहरण જુઓ.

परिहारिन् त्रि० અવજ્ઞા કરનાર, તિરસ્કાર કરનાર, દોષ વગેરે દૂર કરનાર.

परिहार्य्य त्रि० परिहरणीय જુઓ, દોષ વગેરે દૂર કરવા યોગ્ય.

परिहास पु० હાંસી, મશ્કરી.

परिहासवेदिन् त्रि० હાંસી કરી જાણનાર, મશ્કરી કરી જાણનાર.

परिहासिन् त्रि० હાંસી કરનાર, મશ્કરી કરનાર.

परिहित त्रि० પહેરેલ, ધારણ કરેલ.

परिहीण त्रि० હીન થયેલ, ઓછું થયેલ, કૃશ થયેલ, નાનું થયેલ.

परिहृत् त्रि० હરણ કરી જનાર, ત્યજી જનાર, દૂર કરનાર, દોષ વગેરે દૂર કરનાર.

परिहृत त्रि० હરણ કરેલ, તજેલ, દૂર કરેલ, ઝુંટવી લીધેલ, દોષ વગેરે દૂર કરેલ, ખંડન કરેલ.

परिक्षक त्रि० પરીક્ષા કરનાર, વ્યવહાર વગેરેમાં જૂદાં જૂદાં દિવ્ય વગેરેથી પરીક્ષા કરનાર.

परीक्षण न० પરીક્ષા કરવી તે, પરીક્ષા.

परीक्षणीय त्रि० પરીક્ષા કરવા યોગ્ય.

परीक्षा स्त्री० પરીક્ષા કરવી, તપાસવું.

परीक्षित् पु० અર્જુનનાપુત્ર અભિમન્યુનોપુત્ર.

परीक्षित त्रि० પરીક્ષા કરેલ.

परीक्षिन् त्रि० પરીક્ષા કરનાર, તપાસનાર.

परीणस् त्रि० વ્યાપક, ચોતરફથી જડેલ.

परीणसा अव्य० બહુ, પુષ્કળ, ઘણું.

परीणह न० ચોતરફથી બંધન, ચોતરફથી બાંધવું.

परीणाय पु० परिणाय જુઓ.

परीत त्रि० ચોતરફથી ગયેલ, ચોતરફ વીટાયેલ, ઘેરાયેલ.

परीतत् त्रि० ચોતરફ ફેલાયેલ.

परीत्य अव्य० ચોતરફ જઈને, ચારે તરફથી ઘેરીને-વીંટીને.

परीदाह पु० ચોતરફ દાહ-બળતરા.

परीधाविन् पु० સાઠ સંવત્સરો પૈકી એકતાળીસમો સંવત્સર.

परीपाक पु० परिपाक જુઓ.

परीप्सा स्त्री० પ્રાપ્ત કરવાની ઇચ્છા મેળવવાની ઇચ્છા.

परीप्सु त्रि० પ્રાપ્ત કરવા ઇચ્છનાર, મેળવવા ઇચ્છનાર.

परीभाव पु० તિરસ્કાર, અનાદર.

परीयोग पु० परियोग જુઓ.

परीर न० ફળ.

परीरण पु० કાચબો, દંડ.

परीरम्भ पु० ભેટવું, આલિંગન.

परीवर्त्त पु० परिवर्त જુઓ.

परीवाद पु० परिवाद જુઓ.

परीवाप पु० परिवाप જુઓ

परीवार पु० परिवार જુઓ.

परीवाह पु० परिवाह જુઓ.

परीष्टि स्त्री० શોધ, ખોળ, પરિચર્યા, સેવા.

परीसार पु० ચોતરફ જવું, પ્રસરવું.

परीहार पु० परिहार જુઓ.

परीहास पु० परिहास જુઓ.

परु पु० સમુદ્ર, સ્વર્ગ, ગાંઠ, પર્વત.

परुच्छेप पु० તે નામે એક ઋષિ,

परुत् अव्य० પૂર્વના વર્ષે–પોર.

परुत्न त्रि० પૂર્વના વર્ષે હોનાર–થનાર, પોર હોનાર.

परुद्वार पु० ઘોડો.

परुद्वारी स्त्री० ઘોડી.

परुष न० ક્રૂર વચન, કઠોર ભાષણ, કાળી ઝીંઝોટી, એક જાતનું ફળ.

परुष त्रि० ક્રૂર, કઠોર, નિર્દય.

परुषवचन न० કઠોર ભાષણ.

परुषवचन त्रि० કઠોર ભાષણવાળું.

परुषवाच् स्त्री० ક્રૂર વાણી, કઠોર ભાષણ.

परुषवाच् त्रि० ક્રૂર વાણીવાળું.

परुषोक्ति स्त्री० કઠોર ભાષણ.

परुषोक्ति त्रि० કઠોર ભાષણવાળું.

परुस् न० શેલડી વગેરેની ગાંઠ.

परूष न० એક જાતનું ફળ.

परूषक न० ઉપરનો અર્થ.

परेत त्रि० મરણ પામેલ.

परेत पु० પ્રેત, ભૂત.

परेतभर्तृ पु० યમ.

परेतर त्रि० પારકું નહિ તે, શત્ર નહિ તે.

परेतराज् पु० યમ.

परेतराज पु० યમ.

परेतवास पु० શ્મશાન.

परेद्यवि अव्य० બીજે દિવસે.

परेद्युस् अव्य० બીજે દિવસે.

परेष्टि पु० બ્રહ્મા.

परेष्टुका स्त्री० ઘણીવાર વીયાએલી ગાય.

परैधित त्रि० બીજાએ પાળેલ.

परोक्ष अव्य० અપ્રત્યક્ષ જ્ઞાન.

परोक्ष त्रि० અપ્રત્યક્ષ જ્ઞાનના વિષયનું.

परोक्ष पु० તપસ્વી.

परोक्षता स्त्री० પરોક્ષપણું.

परोक्षत्व न० પરોક્ષપણું.

परोक्षभोग पु० કોઇ બીજું ન જાણે–ન દેખે તેમ કોઇ વસ્તુનો ઉપભોગ કરવો.

परोक्षवृत्ति त्रि० પરોક્ષવૃત્તિ–વર્તનવાળું.

परोक्षार्थ पु० અદૃષ્ટ હેતુ.

परोढा स्त्री० પરસ્ત્રી, બીજા સાથે પરણેલી સ્ત્રી.

परोत्कर्ष पु० પારકો ઉત્કર્ષ, શત્રુની ચઢતી.

परोदित त्रि० બીજાએ કહેલ, શત્રુએ કહેલ.

परोपकार पु० પારકો ઉપકાર, બીજા ઉપર ઉપકાર કરવો તે.

परोपकारिन् त्रि० પરોપકાર કરનાર.

परोपकृत त्रि० પરોપકાર કરાયેલ.

परोपजाप पु० શત્રએ કરેલ ફાટફૂટ.

परोपदेश पु० પારકો ઉપદેશ, બીજાને ઉપદેશ આપવો.

परोपरुद्ध त्रि० બીજાએ રોકેલ, શત્રુએ કેદ કરેલ.

परोवाहु त्रि० પરમ બંધવાળું.

परोरजस् त्रि० વિરાગી, રાગરહિત, વિમુક્ત.

परोलक्ष न० એક લાખની ઉપર સંખ્યા.

परोलक्ष त्रि० એક લાખ ઉપર સંખ્યાવાળું.

परोवरीण त्रि० શ્રેષ્ઠ–અશ્રેષ્ઠવાળું.

परोवरीयस् त्रि० અત્યંત શ્રેષ્ઠ.

परोवरीयस् पु० પરમાત્મા.

परोष्णी स्त्री० એક જાતનો કીડો–तैलपायिका

पर्कट न० પશ્ચાત્તાપ.

पर्कट पु० ક્રૌંચપક્ષી.

पर्कटि स्त्री० પીપરનું ઝાડ.

पर्कटिन् पु० પીપરનું ઝાડ.

पर्कटी स्त्री० ક્રૌંચ પક્ષિણી, પીપરનું ઝાડ.

पर्जनी स्त्री० દારૂ હળદર.

पर्जन्य पु० મેઘ, ઇન્દ્ર, મેઘનો શબ્દ, વિષ્ણુ.

पर्जन्यपत्नी स्त्री० વશા જુઓ, ઇન્દ્રાણી.

पर्जन्या स्त्री० દારૂ હળદર.

पर्ण् चु० उभ० स० सेट् લીલું કરવું.

पर्ण न० પાંદડું, પાંખ, નાગરવેલનું પાન.

पर्ण पु० ખાખરાનું ઝાડ.

पर्ण त्रि० પાંદડાંવાળું.

पर्णक पु० તે નામે એક ઋષિ.

पर्णकार पु० તંબોળી.

पर्णकीय त्रि० પાંદડાંવાળો પ્રદેશ વગેરે.

पर्णकुटी स्त्री० પાંદડાંની બનાવેલી ઝુંપડી.

पर्णकूर्च पु० એક જાતનું વ્રત-જેમાં ત્રણ ઉપવાસ કરી પાંદડાંનો ઉકાળો પીવાય છે.

पर्णकृच्छ्र पु० પાંચ દિવસ અમુક અમુક વૃક્ષોનાં પાંદડાંનો કાઢો પીને કરવાનું એક વ્રત.

पर्णखण्ड पु० પુષ્પ વગરનું ઝાડ, પાંદડાંનો ટુકડો.

पर्णखण्ड न० પાંદડાંનો સમૂહ.

पर्णचोरपट पु० મહાદેવ.

पर्णचोरक पु० ચોર નામે એક ગંધદ્રવ્ય.

पर्णनर पु० મરણ પામેલો નહિ મળવાથી તેને સ્થાને અગ્નિદાહ કે ભૂદાહ કરવા માટે કરાતી પાંદડાંની મનુષ્યાકૃતિ.

पर्णभेदन त्रि० પાંદડું ભેદનાર.

पर्णभेदिनी स्त्री० પ્રિયંગુવૃક્ષ.

पर्णभोजन पु० બકરો.

पर्णभोजन त्रि० પાંદડાં ખાનાર.

पर्णभोजन न० પાંદડાં ખાવાં.

पर्णभोजनी स्त्री० બકરી.

पर्णमणि पु० નીલમ, લીલમ મણિ.

पर्णमय त्रि० પાંદડાંમાંથી બનેલું, પાંદડાંનો વિકાર.

पर्णमयी स्त्री० પાંદડાંમાંથી બનાવેલી જુહૂ-એક યજ્ઞપાત્ર.

पर्णमाचाल पु० કારેલાંનો છોડ.

पर्णमुच् पु० શિશિર ઋતુ-પાનખર ઋતુ-શિયાળો.

पर्णमृग पु० પાંદડાં ખાઇ જીવનાર વાનર વગેરે પશુ.

पर्णरुह् पु० વસંત ઋતુ.

पर्णल त्रि० પાંદડાંવાળું.

पर्णलता स्त्री० નાગરવેલ.

पर्णवत् त्रि० પાંદડાંવાળું.

पर्णवल्क पु० તે નામે એક ઋષિ.

पर्णवल्ली स्त्री० એક જાતનો વેલો-पलाशीलता.

पर्णवी त्रि० પક્ષી.

पर्णवीटिका स्त्री० પાનબીડું.

पर्णशद पु० પડેલાં પાંદડાંવાળો પ્રદેશ, રૂદ્રભેદ.

पर्णशय्या स्त्री० પાંદડાંની શય્યા.

पर्णशबर पु० તે નામે એક દેશ.

पर्णशाला स्त्री० પાંદડાંની બનાવેલી ઝુંપડી.

पर्णशालाग्र पु० ભદ્રાશ્રવખંડમાં આવેલ એક કુલાચળ-પર્વત.

पर्णशुष् पु० શીતકાળ-શિયાળો.

पर्णस त्रि० પાંદડાંની સમીપનો પ્રદેશ વગેરે.

पर्णसि पु० પાણીની વચ્ચે રહેલું ઘર, કમળ, શાક, અલંકાર.

पर्णाढक पु० તે નામે એક ઋષિ.

पर्णाद पु० તે નામે એક ઋષિ.

पर्णाद त्रि० વ્રત માટે પાંદડાં ખાનાર, પાન ખાનાર.

पर्णालि पु० નાની હોડી, વહાણ, કોદાળી, પાવડો, એક એકની લડાઇ.

पर्णाशन पु० મેઘ.

पर्णाशन त्रि० પાંદડાં ખાનાર.

पर्णास पु० તુલસી.

पर्णासि पु० તુલસી.

पर्णिन् पु० વૃક્ષ.

पर्णिनी स्त्री० માષપર્ણી વનસ્પતિ, તે નામે એક અપ્સરા.

पर्णिल त्रि० પાંદડાંવાળું.

पर्णी स्त्री० નાનું પાન.

पर्णोटज न० પર્ણશાળા, પાંદડાંની ઝુંપડી.

पर्द् धा० पर० अ० सेट् અપાન વાયુ છોડવો-પાદવું.

पर्द पु० કેશનો સમૂહ, પાદવું.

पर्दन न० પાદવું.

पर्प् धा० प० स० सेट् ગમન કરવું, જવું.

पर्प न० ઘર, નવું ઘાસ, લૂલા માણસને ચાલવામાં ટેકારૂપ લાકડી-ઘોડી વગેરે.

पर्पट पु० પીતપાપડો, પાપડ, એક જાતનું ઔષધ.

पर्पटक पु० પીતપાપડો, પાપડ.

पर्पटद्रुम पु० 'कुम्भीवृक्ष' ગુગળનું ઝાડ.

पर्पटी स्त्री० સૌરાષ્ટ્ર દેશની માટી, પાપડ, ઉત્તર દેશમાં પ્રસિદ્ધ એક સુગંધી દ્રવ્ય.

पर्परीक पु० સૂર્ય, અગ્નિ, જલાશય, આકડાનું ઝાડ, ચિત્રક વૃક્ષ.

पर्परीण पु० પાંદડાંનો રેસો-નસ-રગ, દ્યૂતકંબલ.

पर्पादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पर्पिक त्रि० લૂલું, લંગડું.

पर्फरीक न० નવપલ્લવ-કુંપળ.

पर्ब् धा० प० स० सेट् ગમન કરવું, જવું.

पर्यङ्क पु० ખાટલો, પલંગ, વીરાસનમાં ખોળામાં ચત્તા સ્થાપેલ હાથ, યોગપટ્ટ, अवसक्थिका જુઓ.

पर्यङ्कपादिका स्त्री० 'कोलशिम्बी' નામે વનસ્પતિ.

पर्यङ्कबन्ध पु० યોગપટ્ટ-વસ્ત્ર વગેરેથી પીઠ જાંઘ-ઢીંચણનું બાંધવું.

पर्यङ्कबन्धन न० ઉપરનો અર્થ.

पर्यङ्क्य पु० અશ્વમેધમાં પશુબંધનસ્તંભે બાંધવાનાં પંદર પશુ.

पर्यग्निकृत त्रि० ચોતરફ અગ્નિ વીંટીને સંસ્કાર કરેલ.

पर्यटन न० વારંવાર ભમવું.

पर्यनुयोग पु० સર્વ તરફનો પ્રશ્ન, દૂષણ જાણવાની ઇચ્છા.

पर्यनुयोज्य त्रि० નિગ્રહસ્થાનમાં તું આવ્યો છે એમ કહેવા યોગ્ય.

पर्यनुयोज्योपेक्षण न० ગૌતમે કહેલ એક નિગ્રહસ્થાન.

पर्यन्त पु० છેડો, અંત, છેવટ.

पर्यन्तभू स्त्री० ગામ વગેરેનો સીમાડો-હદ.

पर्यन्तिका स्त्री० ગુણોનો નાશ.

पर्यन्य पु० पर्जन्य જુઓ.

पर्यय पु० શાસ્ત્ર તથા લોકથી વિરૂદ્ધ આચાર, ફેરફાર, કાળનો નાશ.

पर्ययण न० ઘોડા ઉપર નાખવાનો સામાન-પલાણ.

पर्यवष्टब्ध त्रि० અટકાવેલ, વીંટેલ.

पर्यवष्टम्भन न० અટકાવવું, વીંટવું.

पर्यवसान न० તે તે અર્થનું અવધારણ, અંત, છેડો, છેવટ, શેષ અવધિ.

पर्यवसानिक त्रि० અંતનું, છેવટનું, શેષ અવધિનું.

पर्यवसायिन् त्रि० અંતવાળું, છેડાવાળું, શેષ અવધિવાળું.

पर्यवसित त्रि० પૂર્વાપર વિચાર કરીને નિશ્ચય કરેલ અર્થ, નિષ્કૃષ્ટાર્થ, નીચોલાર્થ

पर्यवस्कन्द पु० નીચે ડુબકી મારવી.

पर्यवस्था स्त्री० વિરોધ, પ્રતિપક્ષ વાદ.

पर्यवस्थान त्रि० વિરોધ કરનાર, પ્રતિપક્ષ વાદ કરનાર.

पर्यवस्थान न० વિરોધ, પ્રતિપક્ષ વાદ.

पर्यवस्थित पु० વિષ્ણુ.

पर्यश्रु त्रि० આંસુથી વ્યાપ્ત.

पर्यसन न० દૂર કરવું, ખસેડવું, ચોતરફ ફેંકવું.

पर्यस्त त्रि० ચોતરફ ફેંકેલ, દૂર કરેલ, ખસેડેલ, પડેલ, વિખરાઇ પડેલ.

पर्यस्ति स्त्री० ખાટલો, પલંગ, ખસેડવું. દૂર કરવું.

पर्यस्तिका स्त्री० ઉપરના અર્થ.

पर्याकुल त्रि० આકુળ વ્યાકુળ, ગભરાયેલ.

पर्याकुलता स्त्री० વ્યાકુળતા, ગભરાટ.

पर्याकुलत्व न० ઉપરના અર્થ.

पर्यागलत् त्रि० ઝરતું, ખરતું, ટપકતું, ખરતું.

पर्याचान्त न० એક પંક્તિમાં બીજા જમતા હોય ત્યારે બીજાએ આચમન કર્યું તે વેળાનું જમનારાઓના પાત્રમાં રહેલું અન્ન.

पर्याचित त्रि० ચોતરફ વ્યાપ્ત.

पर्याण न० ઘોડાનો સામાન–પલાણ વગેરે.

पर्याणहन न० સોમશકટ ઉપર રહેલ પટકુટીરૂપ તેને બાંધવાનો પદાર્થ.

पर्याप्त न० યથેષ્ટ, પૂર્ણ, તૃપ્તિ, સામર્થ્ય, નિવારવું, અટકાવવું, યોગ્યતા.

पर्याप्त त्रि० સમર્થ,પ્રાપ્ત, પર્યાપ્તિસંબંધવાળું.

पर्याप्तभोग त्रि० સંપૂર્ણ ભોગવાળું, જેનો ઉપભોગ કર્યો હોય તે, સંપૂર્ણ ભોગ કરનાર.

पर्याप्ति स्त्री० સારી રીતે પ્રાપ્તિ. ન્યાયમતસિદ્ધ સ્વરૂપ સંબંધ, તૃપ્તિ, પૂર્ણતા.

पर्याप्लाव पु० अभिप्लव જુઓ, ચોતરફ ખોળવું.

पर्याय पु० અનુક્રમ, પ્રકાર, અવસર, નિર્માણ, રચના, દ્રવ્યોનો અમુક ધર્મ, સમાનાર્થબોધક શબ્દ.

पर्यायशयन न० પહેરગીરોનું અનુક્રમે શયન, વારાફરતી સુવું તે.

पर्यायशस् अव्य० અનુક્રમે,વારાફરતી,પર્યાયે.

पर्यायोक्त न० તે નામે એક અર્થાલંકાર.

पर्यायोक्ति स्त्री० અનુક્રમે બોલવું, લક્ષણાવાળું ભાષણ.

पर्यारिणी स्त्री० સર્વ પ્રકારે રોગગ્રસ્ત બનેલી ગાય.

पर्याली अव्य० હિંસા.

पर्यालीकृत्य अव्य० હિંસા કરીને.

पर्यालोचन न० સારીરીતે વિવેચન,વિચારવું.

पर्यावर्त्तन न० સૂર્યની પશ્ચિમમાં રહેલી છાયાની:પૂર્વમાં સ્થિતિ, પરિવર્તન–ફેરફાર.

पर्यास पु० परिवर्त જુઓ, પડવું, હણવું.

पर्युक्षण न० મંત્ર બોલ્યા વિના મૌન પણે પાણી વગેરેનું યજ્ઞાદિની આસપાસ સિંચન.

पर्युत्सुक त्रि० અત્યંત ઉત્કંઠાવાળું.

पर्युदञ्चन न० ઋણ, કરજ, દેવું, ઉદ્ધાર.

पर्युदय अव्य० ઉદયનું સમીપપણું, સૂર્યોદયની લગભગ.

पर्युदस्त त्रि० નિવારેલ, અટકાવેલ, નિષેધેલ, ચોતરફ ફેંકેલ, દૂર કરેલ.

पर्युदास पु० નિવારણ, નિવારવું, અટકાવવું, નિષેધ.

पर्युपवेशन न० બીજું કામ છોડીને કેવળ બેસવું તે.

पर्युपासन न० સેવા, ભક્તિ, ઉપાસના.

पर्युपासित त्रि० સેવક, ભક્ત, ઉપાસના કરનાર.

पर्युपासीन त्रि० ઉપર બેઠેલ,સેવેલ, ઉપાસેલ.

पर्युप्त त्रि० વાવેલ.

पर्युप्ति स्त्री० વાવવું.

पर्युषित त्रि० વાસી, જેના ઉપર એક રાત્રિનો કાળ વીતી ગયો હોય તે.

पर्युषितभोजिन् त्रि० વાસી ખાનાર.

पर्यूहण न० અગ્નિની ચોતરફ માર્જન કરવું તે.

पर्येषण न० તર્ક વગેરેથી પદાર્થની પરીક્ષા, શોધ, ખોળ, તપાસ.

पर्येषणा स्त्री० ઉપરના અર્થ.

पर्येष्टि स्त्री० पर्येषण જુઓ.

पर्येहि त्रि० ચારે તરફ ચેષ્ટા કરનાર.

पर्व् भ्वा० प० स० सेट् પૂર્ણ કરવું, પૂરવું, ભરવું, સમાપ્ત કરવું.

पर्वक न० સાથળનો સાંધો-ઘુંટણ.

पर्वकार त्रि० ધનના લોભ વગેરેથી પર્વ ન હોય તે દિવસે પણ પર્વનું કામ કરનાર.

पर्वकारिन् त्रि० ઉપરના અર્થ.

पर्वगामिन् पु० પર્વને દિવસે સ્ત્રી સાથે મૈથુન કરનાર.

पर्वण पु० એક રાક્ષસ, પૂર્તિ કરવી, પૂર્ણ કરવું,

पर्वणिका स्त्री० સાંધામાં થતો એક જાતનો રોગ.

पर्वणी स्त्री० પૂનેમ, એક જાતનો સાંધાનો રોગ.

पर्वणीका स्त्री० पर्वणिका જુઓ.

पर्वत पु० પહાડ, દાન માટે કલ્પેલ ધાન્ય વગેરેનો પર્વત, તે નામે એક મુનિ, એક જાતનું માછલું, ઝાડ, એક જાતનું શાક, ધર્મનો પુત્ર એક દેવ, સાતની સંખ્યા.

पर्वतकाक पु० દ્રોણકાક-એક જાતનો કાગડો.

पर्वतकाकी स्त्री० એક જાતની કાગડી.

पर्वतज त्रि० પર્વતમાં ઉત્પન્ન થનાર.

पर्वतजा स्त्री० નદી.

पर्वततृण न० એક જાતનું પહાડી ઘાસ.

पर्वतनाथ पु० હિમાલય.

पर्वतपति पु० હિમાલય પર્વત.

पर्वतमोचा स्त्री० પહાડી કેળ.

पर्वतराज् पु० હિમાલય.

पर्वतराज पु० હિમાલય.

पर्वतराजपुत्र पु० મૈનાક પર્વત.

पर्वतराजपुत्री स्त्री० પાર્વતી.

पर्वतवासिन् त्रि० પર્વતમાં રહેનાર.

पर्वतवासिनी स्त्री० 'आकाशमांसी' નામે એક વનસ્પતિ.

पर्वतसुत पु० મૈનાક પર્વત.

पर्वतसुता स्त्री० પાર્વતી.

पर्वतात्मज पु० મૈનાક પર્વત.

पर्वतात्मजा स्त्री० પાર્વતી.

पर्वताधारा स्त्री० પૃથ્વી.

पर्वतारि पु० ઇન્દ્ર.

पर्वताशय पु० મેઘ.

पर्वताश्रय त्रि० પર્વતમાં રહેનાર.

पर्वताश्रय पु० શરભ-અષ્ટાપદ નામે સિંહનું શત્રુ પશુ.

पर्वताश्रया स्त्री० શરભ-અષ્ટાપદ-માદા.

पर्वतासन न० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ આસન.

पर्वतीय त्रि० પર્વતમાં હોનાર-થનાર-એક પહાડી જાત.

पर्वतेष्ठा त्रि० પર્વતમાં રહેનાર.

पर्वतोर्मि पु० એક જાતનું માછલું.

पर्वधि पु० ચન્દ્ર, કપૂર.

पर्वन् न० ઉત્સવ, ગાંઠ, અમુક લક્ષણ, પ્રસ્તાવ, ગ્રંથવિચ્છેદ-સ્થાન, ગ્રંથનો અમુક ભાગ, ચૌદશ-આઠમ-અમાસ-પૂનેમ, સૂર્યસંક્રાન્તિ, અમાસ સુધીનો કે પૂનેમ સુધીનો કાળ, અંશ, ભાગ, ચાતુર્માસ્ય યાગમાં વૈશ્વદેવ-વરૂણપ્રઘાસ-શાકમેધ-શુનાસીરીય-એ ચાર યોગ, ચન્દ્ર-સૂર્યનું ગ્રહણ, પડવે અને પુનેમ કે અમાસની વચ્ચેનો કાળ.

पर्वपूर्णता स्त्री० પર્વનું સંપૂર્ણપણું, ઉત્સવની પૂર્ણતા.

पर्वमूला स्त्री० ધોળી ધ્રો-ખડ.

पर्वयोनि पु० જે ગાંઠમાંથી ઉગે છે-તે શેલડી વગેરે.

पर्वरीण पु० પાંદડાંના ડીંટાનો રસ, ગર્વ, વાયુ, પાંદડાંની રગ, મડદું, ઘૂતકંબલ, પાંદડાંના ચૂર્ણનો રસ,

पर्वरीण न० પર્વ, ઉત્સવ.

पर्वरुह् पु० દાડમ.

पर्ववल्ली स्त्री० માલાદૂર્વા-એક જાતની ધ્રોખડ.

पर्वसन्धि पु० પડવે અને પૂનેમ કે અમાસની સંધિ.

पर्वावधि पु० પર્વનો અંત.

पर्वास्फोट पु० આંગળીના વેઢાનો ફોલ્લો.

पर्वित पु० પહાડી માછલું.

पर्वेश पु० ગ્રહણના જૂદા જૂદા કાળના અધિપતિ.

पर्शान न० પડખાંનું સ્થાન–પાર્શ્વસ્થાન.

पर्शान पु० મેઘ.

पर्शान त्रि० પીડાતું, વિચારયોગ્ય.

पर्शु पु० હરકોઇ આયુધ–હથિઆર, ફરશી, કુહાડી.

पर्शुका स्त्री० પડખાંનું હાડકું.

पर्शुपाणि पु० ગણપતિ, પરશુરામ.

पर्शुराम पु० પરશુરામ.

पर्शुल त्रि० હાડકાંવાળું.

पर्श्वध पु० ફરશી, કુહાડી.

पर्श्वादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पर्ष् भ्वा० आ० स० सेट् સ્નેહ કરવો.

पर्षद् स्त्री० સભા, ધર્મોપદેશકોની મળેલી સભા.

पर्षद्वल त्रि० સભાસદ.

पार्षिक त्रि० પૂરવા યોગ્યપણાથી યોગ્ય.

पर्ष्वन् त्रि० પૂરવા યોગ્ય, ભરવા યોગ્ય.

पल् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.

पल् चुरा० उभ० स० सेट् રક્ષણ કરવું બચાવવું.

पल न० માંસ, જ્યોતિષપ્રસિદ્ધ અમુક કાળ, આઠ રતિ ને બે માસાનું વજન, ત્રણ તોલાભાર, ચાર કર્ષ.

पल पु० દાણા વગરનું ધાન્યનું પરાળ.

पलक्या स्त्री० એક જાતનું શાક.

पलक्ष पु० ધોળો રંગ.

पलक्ष त्रि० ધોળા રંગવાળું, ધોળું.

पलक्षार पु० રૂધિર, લોહી.

पलगण्ड पु० લીંપનાર, ઘર વગેરે ધોળનાર.

पलङ्कट त्रि० ભીરૂ, બીકણ.

पलङ्कर पु० શરીરમાંની પિત્ત ધાતુ.

पलङ्कष पु० રાક્ષસ, કણ, ગુગળ, લાખ, રાસ્ના વનસ્પતિ, મુંડેરી વનસ્પતિ, કેસુડું, ખાખરો, ગોખરૂ.

पलङ्कषा स्त्री० ઝીણો ગોખરૂ, મહાશ્રાવણી વનસ્પતિ, માખી.

पलङ्कषी स्त्री० રાક્ષસણી.

पलद त्रि० જેના સેવનથી માંસ વધે છે તેવું દ્રવ્ય.

पलद पु० તે નામે એક દેશ.

पलदा स्त्री० તે નામે એક નગરી.

पलद्यादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पलप्रिय पु० કાગડો,

पलप्रिय त्रि० માંસ જેને પ્રિય હોય તે.

पलप्रिया स्त्री० કાગડી.

पलभा स्त्री० વિષુવદ્ દિનાર્ધથી ઉત્પન્ન થયેલી શંકુચ્છાયા.

पलल न० માંસ, કાદવ. તલનો ખોળ, વૈદ્યકપ્રસિદ્ધ પિષ્ટકભેદ, અનાજનું પરાળ.

पलल पु० રાક્ષસ.

पललज्वर पु० શરીરમાંની પિત્ત ધાતુ.

पललप्रिय पु० કાગડો.

पललप्रिय त्रि० માંસ જેને પ્રિય હોય તે.

पललप्रिया स्त्री० કાગડી.

पललाशय पु० ગંડરોગ.

पलली स्त्री० રાક્ષસણી.

पलव पु० જીવતાં પકડેલાં માછલાંની ગતિ અટકાવનાર માંછલાં પકડવાનું એક યંત્ર.

पलस्ति त्रि० જેને પળીયાં આવી ગયાં હોય તે, લાંબા આયુષવાળું.

पलाग्नि पु० શરીરમાંની પિત્ત ધાતુ.

पलाग्र न० માંસનો સારાંશ.

पलाङ्ग पु० શિશુમાર નામનું એક જાતનું માછલું.

पलाण्डु पु० ડુંગળી.

पलाद पु० રાક્ષસ.

पलाद त्रि० માંસ ખાનાર.

पलादन पु० રાક્ષસ.

पलादन त्रि० માંસ ખાનાર.

पलादनी स्त्री० રાક્ષસણી.

पलादी स्त्री० રાક્ષસણી.

पलान्न न० માંસમિશ્ર રાંધેલું અન્ન, એક માંસમિશ્ર પકવાન્ન.

पलाप पु० હાથીનું લમણું, કંઠપાશ, ગળે બાંધવાનો પાસલો.

पलापहा स्त्री० નેત્રાંજન, આંખની દવા.

पलायन न० ભયથી નાસી જવું તે.

पलायमान त्रि० ભયથી નાસી જતું.

पलायनपर त्रि० ભયથી નાસી જવામાં તત્પર.

पलायनपरायण त्रि० ઉપરનો અર્થ.

पलायित त्रि० ભયથી નાસી ગયેલ, ભયથી નાસી જનાર.

पलायिन् त्रि० ભયથી નાસી જનાર.

पलाल पु० न० અનાજનું દાણાવગરનું–ભુસું–પરાળ.

पलालदोहद पु० આંબાનું ઝાડ.

पलालिन त्रि० માંસના સમૂહવાળું.

पलाली स्त्री० માંસનો સમૂહ.

पलाश न० પાંદડું.

पलाश पु० ખાખરાનું ઝાડ, રાક્ષસ, લીલો રંગ, મગધ દેશ.

पलाश त्रि० માંસ ખાનાર, નિર્દય, ક્રૂર, લીલા રંગનું.

पलाशक पु० ખાખરાનું ઝાડ, શઠી–વનસ્પતિ.

पलाशपर्णी स्त्री० અશ્વગંધા-આસંધ વનસ્પતિ.

पलाशाख्य पु० હિંગ.

पलाशादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पलाशान्ता स्त्री० ગંધપત્રા-અજમોદ વનસ્પતિ.

पलाशिन् पु० વૃક્ષ.

पलाशिन् त्रि० પાંદડાંવાળું.

पलाशिल त्रि० પાંદડાંની સમીપનો પ્રદેશ વગેરે, ખાખરાના ઝાડની સમીપનો પ્રદેશ વગેરે.

पलाशी स्त्री० રાક્ષસણી, લાખ, સ્ત્રી, શઠી વનસ્પતિ.

पलाशीय त्रि० પાંદડાંવાળું.

पलिक त्रि० એક પલ જેટલા માપનું દ્રવ્ય.

पलिक्नी स्त्री० ધોળા વાળવાળી વૃદ્ધ સ્ત્રી, ગર્ભિણી ગાય.

पलिघ पु० કાચનો કુંપો, કિલ્લો, ગાયનું ઘર–ગોશાળા, परिघ જુઓ.

पलित न० વૃદ્ધાવસ્થાથી થતી કેશની ધોળાશ, કેશપાક, પળીયું, શિલાજીત, કાદવ, ગુગળ, મરી, તાપ, ગરમી.

पलित त्रि० વૃદ્ધ, પળીયાંવાળું.

पलितङ्करण न० પળીયું ન હોય તેને પળીયાંરૂપ કરવાનું સાધન.

पलितम्भविष्णु त्रि० પળીયાંવાળો ન હોય તે, પળીયાંવાળો થનાર.

पलितम्भावुक त्रि० ઉપરનો અર્થ.

पलितिन् त्रि० પળીયાંવાળું, વૃદ્ધ.

पल्य त्रि० ઉત્તમ.

पल्यवर्चस त्रि० ઉત્તમ તેજવાળું.

पल्यङ्क पु० पर्यङ्क જુઓ.

पल्ययन न० ઘોડાનું જિન, પલાણ.

पल्याण न० ઉપરના અર્થ.

पल्युल् चु० उभ० स० सेट् છેદવું, કાપવું, પવિત્ર કરવું.

पल्यूल् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

पल्ल् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.

पल्ल पु० અનાજ ભરવાનું એક જાતનું પાત્ર, ટોપલો વગેરે.

पल्लल पु० न० ક્ષુદ્ર જલાશય–નાનું તળાવ, ખાબોચીયું.

पल्लव पु० न० નવું પાંદડું, કુંપળ, નવાં કુંપળવાળી શાખા, વિસ્તાર, લાખનો રંગ, બળ, અલતાનો રંગ, વલય, શાખા વગેરેના સાંધાના પાંદડાંનો સમુદાય, ડાળ, શૃંગાર, શણગાર, ચપલતા, સ્ત્રીપુરૂષનો પ્રેમ, વન, જંગલ.

पल्लवक पु० એક જાતનુ માછલું, વેશ્યાનો પતિ, આસોપાલવનું ઝાડ.

पल्लवक पु० न० નવુ પાંદડું, કુંપળ.

पल्लवद्रु पु० આસોપાલવનું ઝાડ.

पल्लवद्रुम पु० ઉપરનો અર્થ.

पल्लवाङ्कुर पु० શાખા, ડાળ.

पल्लवाद पु० હરણ, મૃગ.

पल्लवादी स्त्री० હરણી, મૃગલી.

पल्लवाधार पु० શાખા, ડાળ.

पल्लवास्त्र पु० કામદેવ.

पल्लविक त्रि० કામી.

पल्लवित त्रि० નવાં પાંદડાંવાળું, વિસ્તારવાળું, લાખથી રંગેલું.

पल्लवित पु० લાખનો રંગ.

पल्लविन् पु० વૃક્ષ.

पल्लि स्त्री० ક્ષુદ્ર ગામ, નાનું ગામડું, ઝુંપડી, ઘર, એક જાતનું શહેર, ગરોળી.

पल्लिका स्त्री० ઉપરના અર્થ.

पल्लिवाहु पु० એક જાતનું ઘાસ.

पल्ली स्त्री० पल्लि જુઓ.

पल्वल न० ક્ષુદ્ર જલાશય, નાનું તળાવ, ખાબોચીયું.

पल्वलावास पु० કાચબો.

पव पु० વાયુ, સુપડાથી ઝાટકવું.

पव न० ગાયનું છાણ.

पवन पु० વાયુ, વિષ્ણુ, તે નામે એક વર્ષ, પ્રયત્ન.

पवन न० સુપડાથી ઝાટકવું, કુંભારનો નીમાડો, પાણી.

पवन त्रि० પવિત્ર, સ્વચ્છ.

पवनतनय पु० હનુમાન, ભીમસેન.

पवनप्रभव पु० હનુમાન, ભીમસેન, અગ્નિ.

पवनविजय पु० તે નામે એક ગ્રંથ–જેમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ઉપરથી શુભ–અશુભ જણાવેલ છે.

पवनव्याधि पु० યાદવ–ક્ષત્રિય ઉદ્ધવ, વાયુનો રોગ–વાઇ.

पवनव्याधि त्रि० વાયુના રોગવાળું–વાયલ, ફેફરાના રોગવાળું.

पवनसुत पु० હનુમાન, ભીમસેન.

पवनात्मज पु० હનુમાન, ભીમસેન, અગ્નિ.

पवनाम्बुज पु० એક જાતનું ઝાડ–परुषफल.

पवनाल पु० એક જાતનું અનાજ.

पवनाश पु० સર્પ.

पवनाश त्रि० વાયુનું ભક્ષણ કરનાર.

पवनाशन पु० સર્પ.

पवनाशन त्रि० વાયુનું ભક્ષણ કરનાર.

पवनाशनाश पु० ગરૂડ, મોરપક્ષી.

पवनाशनाशी स्त्री० ગરૂડ પક્ષિણી, મોર પક્ષિણી.

पवनाशनी स्त्री० સાપણ.

पवनाशी स्त्री० સાપણ.

पवनाहत त्रि० વાયુએ હલાયેલ, વાયુના રોગથી હણાયેલ.

पवनेश्वर न० કાશીમાં આવેલું શિવલિંગ.

पवनेष्ट पु० महानिंब એક જાતના લીંબડાનું ઝાડ.

पवमान पु० વાયુ, ગાર્હપત્ય અગ્નિ, સોમ.

पवमान त्रि० પવિત્ર કરતું.

पवमानात्मज पु० એક યજ્ઞિય અગ્નિ.

पवष्टुरिक पु० તે નામે એક ઋષિ.

पवाका स्त्री० વંટોળીયો.

पवि पु० ઈન્દ્રનું વજ્ર.

पवि स्त्री० વાણી.

पवित त्रि० પવિત્ર, પવિત્ર કરેલ, શુદ્ધ કરેલ.

पवितव्य त्रि० શુદ્ધ કરવા યોગ્ય, પવિત્ર કરવા યોગ્ય.

पवित न० મરી.

पवितृ त्रि० પવિત્ર કરનાર, શુદ્ધ કરનાર.

पवित्र पु० न० ઘીનો સંસ્કાર કરનારા બે દર્ભ, અનામિકા આંગળીમાં પહેરવાની દર્ભની વીંટી–પવિત્રં, જનોઇ, વિષ્ણુ, અર્ઘ્યનું ઉપકરણ, ઘી, મધ.

पवित्र न० વરસવું, વૃષ્ટિ, તાંબું, પાણી, ઘર્ષણ, ઘસવું તે.

पवित्र पु० તલનું ઝાડ, 'पुत्रजीव' નામે વૃક્ષ.

पवित्र त्रि० વ્રત–શૌચ–પવિત્રતા વગેરેથી પવિત્ર–શુદ્ધ.

पवित्रक पु० पवित्र જુઓ, પીપળાનું ઝાડ, ઉંબરાનું ઝાડ, દર્ભ, દમનક વૃક્ષ.

पवित्रक न० માછલાં પકડવાની જાળ.

पवित्रता स्त्री० પવિત્રપણું, શુદ્ધપણું.

पवित्रत्व न० ઉપરના અર્થ.

पवित्रधान्य न० જવ.

पवित्रा स्त्री० તુલસી, તે નામે એક નદી, હળદર, પીપરનું ઝાડ.

पवित्रारोपण न० વિષ્ણુ વગેરે દેવને ઉદ્દેશી જનોઇ આપવી તે.

पवित्रारोहण न० ઉપરના અર્થ.

पवित्रित त्रि० પવિત્ર કરેલ, શુદ્ધ કરેલ.

पवित्रीकरण न० પવિત્ર કરવું, શુદ્ધ કરવું.

पवित्रीकृत त्रि० પવિત્ર કરેલ, શુદ્ધ કરેલ.

पवित्रीभवन न० પવિત્ર થવું, શુદ્ધ થવું.

पवित्रीभाव पु० ઉપરના અર્થ.

पवित्रीभूत त्रि० પવિત્ર થયેલ, શુદ્ધ થયેલ.

पविन्द पु० તે નામે એક ઋષિ.

पवीतृ त्रि० પવિત્ર કરનાર, શુદ્ધ કરનાર.

पवीनस पु० ગર્ભને ઉપદ્રવ કરનાર એક અસુર.

पवीर न० આયુધ, હથિઆર, વજ્ર, फाल જુઓ.

पवीरव पु० વજ્રનો શબ્દ.

पव्य त्रि० પવિત્ર કરવા યોગ્ય, શુદ્ધ કરવા યોગ્ય, યજ્ઞપાત્ર વગેરે.

पश् भ्वा० उभ० स० सेट् બાધ કરવો, હરકત કરવી, હણવું.

पश् चु० उभ० स० सेट् સ્પર્શ કરવો, અડકવું, ગમન, જવું.

पश् चु० उभ० स० सेट् બાંધવું, કેદ કરવું.

पशव्य त्रि० પશુના હિતનું પશુસંબંધી.

पशु पु० રૂંવાટી અને પૂછડાવાળું પ્રાણી–પશુ, પ્રમથ, દેવ, હરકોઈ પ્રાણી, બકરો, એક પ્રકારનો યજ્ઞ, યજ્ઞીય ઉંબરો, તંત્રપ્રસિદ્ધ સાધકોનો એક ભાવ, શૈવાગમપ્રસિદ્ધ જીવાત્મા, અગ્નિ, ચિત્રક વૃક્ષ.

पशु अव्य० દેખવું, જોવું.

पशुकल्प पु० યજ્ઞના પશુનું સંસ્કારાદિ કર્મ.

पशुक्रिया स्त्री० મૈથુન.

पशुगायत्री स्त्री० યજ્ઞમાં હણવાના પશુના કાનમાં કહેવાનો એક મંત્ર.

पशुघात पु० પશુનો વધ.

पशुचर्या स्त्री० પશુના જેવો નિર્લજ્જ આચાર.

पशुतन् न० અનેકને ઉદ્દેશી એક જાતના એક પશુનું ગ્રહણ, પશુને સ્વાધીન, પશુકલ્પ.

पशुता स्त्री० પશુપણું.

पशुत्व न० પશુપણું.

पशुद त्रि० પશુનું દાન કરનાર, પશુ આપનાર.

पशुदा स्त्री० કાર્તિક સ્વામીની અનુચર એક માતૃકા.

पशुदेवता स्त्री० પશુની અધિષ્ઠાયક દેવતા, જેને પશુ આપવાનો હોય તે દેવ.

पशुधर्म पु० યથેષ્ટ મૈથુન વગેરેના સેવનરૂપ પશુ સમાન ધર્મ–જંગલીપણું.

पशुनाथ पु० શિવ, પશુઓનો સ્વામી.

पशुप पु० શિવ.

पशुप त्रि० પશુઓને પાળનાર, પશુઓનો સ્વામી.

पशुपति पु० શિવ, યજુર્વેદની કર્મકાંડપદ્ધતિ બનાવનાર એક પંડિત, ઔષધિ.

पशुपति त्रि० પશુપાલક, પશુઓનો સ્વામી.

पशुपल्वल न० એક જાતની મોથ–कैवर्तीमुस्तक

पशुपाल त्रि० પશુઓ પાળનાર, પશુઓનું રક્ષણ કરનાર.

पशुपालक त्रि० ઉપરના અર્થ.

पशुपालन न० પશુઓ પાળવાં, પશુઓનું રક્ષણ કરવું.

पशुपाश पु० પશુરૂપ જીવોનો બંધ.

पशुपाशक पु० તે નામે એક રતિબંધ.

पशुप्रेरण न० પશુને હાંકવું તે.

पशुप्रेरणा स्त्री० ઉપરનો અર્થ.

पशुमत् त्रि० પશુઓવાળું.

पशुमारम् अव्य० પશુની પેઠે મારીને.

पशुमोहनिका स्त्री० લતા, વેલ, कट्वी જુઓ.

पशुयाग पु० તે નામે એક યાગ.

पशुरज्जु स्त्री० પશુને બાંધવાની દોરી.

पशुराज् पु० સિંહ.

पशुराज पु० સિંહ.

पशुराजी स्त्री० સિંહણ.

पशुवर्द्धन न० પશુને પુષ્ટ કરનાર અમુક વ્યાપાર.

पशुष पु० પશુઓમાં રહેનાર દૂધ વગેરે.

पशुसनि त्रि० પશુનું દાન કરનાર, પશુ આપનાર.

पशुसमाम्नायिक त्रि० પશુયાગ સંબંધી મંત્ર વગેરે.

पशुसम्भव त्रि० પશુમાંથી ઉત્પન્ન થનાર દૂધ વગેરે.

पशुहरीतकी स्त्री० આમ્રાતકનું ફળ.

पशुहव्य न० પશુયાગ.

पश्चा अव्य० પછી, પાછળથી, છેવટે, છેલ્લે, તે પછી.

पश्चात् अव्य० ઉપરના અર્થ.

पश्चात्तात् अव्य० पश्चा જુઓ.

पश्चात्ताप पु० કરેલા કર્મને અયોગ્ય માની શોક કરવો તે, પસ્તાવો.

पश्चात्तापिन् त्रि० પસ્તાવો કરનાર.

पश्चार्द्ध पु० પાછળનો અર્ધ ભાગ.

पश्चिम त्रि० પાછળનું, પાછળ હોનાર–થનાર, છેવટનું, છેલ્લું.

पश्चिमरात्र पु० રાત્રિનો પાછળનો ભાગ, પાછલી રાત.

पश्चिमरात्रि स्त्री० પાછલી રાત.

पश्चिमा स्त्री० પશ્ચિમ દિશા.

पश्चिमानूपक पु० તે નામે એક રાજા.

पश्चिमोत्तरा स्त्री० પશ્ચિમ અને ઉત્તરની વચ્ચેની દિશા–વાયુકોણ.

पश्य त्रि० યથોક્ત જોનાર, યોગ્ય જોનાર.

पश्य अव्य० પ્રશંસા તથા વિસ્મય અર્થમાં વપરાય છે.

पश्यत् त्रि० દેખતું, જોતું.

पश्यतोहर त्रि० સૌના દેખતાં–આંખ આંજીને ચોરનાર–એક જાતનો ચોર.

पश्यन्ती स्त्री० દેખતી, જોતી સ્ત્રી, એક જાતની વાણી.

पश्वयन न० એક જાતનો યાગ.

पश्वयन्त्र न० પશુઓને નીકળવાનું યંત્ર.

पश्ववदान न० પશુઓના અમુક અમુક અંગનું છેદન.

पश्वाचार पु० તંત્રપ્રસિદ્ધ એક આચાર, પશુઓનો આચાર.

पश्विज्या स्त्री० એક પશુયાગ.

पश्विष्टका स्त्री० અગ્નિચયનાર્થ ઈષ્ટિકાભેદ.

पश्विष्टि स्त्री० પશુયાગના અંગરૂપ એક ઇષ્ટિ.

पश्वेकादशिनी स्त्री० અગીઆર પશુઓથી સાધ્ય એક યજ્ઞ.

पष् भ्वा० उभ० स० सेट् હરકત કરવી, હણવું.

पष् चु० उभ० स० सेट् સ્પર્શ કરવો, જવું.

पष् चु० उभ० स० सेट् બાંધવું, કેદ કરવું.

पष्ठवाह् पु० પાંચ વર્ષનો ભાર ઉંચકી શકે તેવો બળદ.

पष्ठौही स्त्री० પાંચ વર્ષની ગાય.

पंस् चु० उभ० स० सेट् નાશ કરવો, નાશ પમાડવું.

पस् भ्वा० उ० स० सेट् હરકત કરવી, હણવું.

पस् चु० उ० स० सेट् અડકવું, જવું.

पस् चु० उ० स० सेट् બાંધવું, કેદ કરવું.

पसस् न० રાષ્ટ્ર, દેશ.

पस्त्य न० ઘર.

पस्त्यावत् त्रि० ઘરવાળું.

पस्पश पु० શાસ્ત્રના આરંભનું સમર્થન કરનાર-ઉપોદ્ઘાત, સંદર્ભ–ગ્રંથભેદ.

पन्हव पु० દાઢી–મૂછ રાખનાર એક મ્લેચ્છ જાતિ.

पन्हिका स्त्री० वारिपृश्नी નામે વનસ્પતિ.

पा भ्वा० प० स० अनिट् પાન કરવું, પીવું.

पा अदा० प० स० अनिट् રક્ષણ કરવું.

पा त्रि० પીનાર, રક્ષણ કરનાર.

पांशन त्रि० દૂષક, દુષ્ટ કરનાર, દૂષણ આપનાર.

पांशव पु० એક જાતનું લવણ.

पांशव्य त्रि० ધૂળથી હોનાર–થનાર.

पांशु पु० ધૂળ, અનાજ વગેરે માટેનું ખાતર, પીતપાપડો, એક જાતનું કપૂર, રૂદ્રભેદ.

पांशुका स्त्री० અટકાવવાળી સ્ત્રી, એક જાતની સુગંધી ઔષધિ.

पांशुकासीस न० હીરાકસી.

पांशुकुली स्त्री० રાજમાર્ગ.

पांशुकूल न० નામ વગરનો કોઇ દસ્તાવેજ.

पांशुक्षार न० ક્ષારલવણ.

पांशुचत्वर पु० વરસાદનો કરો.

पांशुचन्दन पु० શિવ.

पांशुचामर पु० તંબુ, દૂર્વાંકિત કટીતટ, વર્દ્ધાપક, પ્રશંસા, ધૂળનો ઢગ.

पांशुज न० એક જાતનું લવણ.

पांशुपत्र न० ‘वास्तूक’ નામનું એક શાક.

पांशुभव न० એક જાતનું લવણ.

पांशुमर्दन पु० ક્યારો, ક્યારારૂપ એક જાતનું ખેતર.

पांशुर पु० લૂલો, લંગડો, ડાંસ, મચ્છર.

पांशुरागिणी स्त्री० ‘महामेदा’ નામે વનસ્પતિ.

पांशुराष्ट्र न० તે નામે એક દેશ.

पांशुल त्रि० ધૂળવાળું, વ્યભિચારી, દુષ્ટ, પાપી.

पांशुल पु० મહાદેવ, વ્યભિચારી પુરૂષ, શિવનું એક અસ્ત્ર, ખાટલાનો એક ભાગ, એક ઝાડ.

पांशुला स्त्री० પૃથ્વી, વ્યભિચારિણી સ્ત્રી, અટકાવવાળી સ્ત્રી.

पांशुव पु० લૂલો, લંગડો

पांशुवर्ष पु० ધૂળનો વરસાદ.

पांसन त्रि० पांशन જુઓ.

पांसव पु० पांशव જુઓ.

पांसव्य त्रि० पांशव्य त्रि० જુઓ.

पांसु पु० पांशु જુઓ.

पांसुका स्त्री० पांशुका જુઓ.

पांसुकासीस न० पांशुकासीस જુઓ.

पांसुकुली स्त्री० पांशुकुली જુઓ.

पांसुकूल न० पांशुकूल જુઓ.

पांसुक्षार न० पांशुक्षार જુઓ.

पांसुचत्वर पु० पांशुचत्वर જુઓ.

पांसुचन्दन पु० શિવ.

पांसुचामर पु० पांशुचामर જુઓ.

पांसुज न० पांशुज જુઓ.

पांसुपत्र न० पांशुपत्र જુઓ.

पांसुभव न० पांशुभत्र જુઓ.

पांसुमर्दन पु० पांशुमर्दन જુઓ.

पांसुर पु० पांशुर જુઓ.

पांसुरागिणी स्त्री० पांशुरागिणी જુઓ.

पांसुराष्ट्र न० पांशुराष्ट्र જુઓ.

पांसुल त्रि० पांशुल त्रि० જુઓ.

पांसुल पु० पांशुल पु० જુઓ.

पांसुला स्त्री० पांशुला જુઓ.

पांसुव पु० पांशुव જુઓ.

पांसुवर्ष पु० पांशुवर्ष જુઓ.

पाक पु० રસોઇ કરવી, રાંધવું, રસોઇ, ધાવણું બાળક, વૃદ્ધાવસ્થાથી કેશ વગેરેની પક્વતા–ધોળાશ, ઘુવડ પક્ષી, રાષ્ટ્રભંગ, તે નામે એક દૈત્ય,

पाक त्रि० પાકેલ, પક્વ, પક્વબુદ્ધિવાળું, થોડું, અલ્પ, ઉત્તમ, શ્રેષ્ઠ.

पाककृष्ण पु० એક જાતનું ઝાડ.

पाकज न० કાચ લવણ.

पाकज त्रि० પાકથી થનાર, પરિપાકથી ઉત્પન્ન થનાર.

पाकज पु० પરિણામ, શૂળનો રોગ.

पाकत्रा अव्य० પક્વ બુદ્ધિવાળું.

पाकदूर्वा स्त्री० પાકેલી દૂર્વા–ધ્રો–ઘાસ.

पाकद्विष् पु० ઇન્દ્ર.

पाकपात्र न० રાંધવાનું વાસણ.

पाकपुटी स्त्री० કુંભારનો નીંભાડો.

पाकफल न० फलपाक વૃક્ષ.

पाकभाजन न० રાંધવાનું વાસણ.

पाकभाण्ड न० ઉપરનો અર્થ.

पाकमत्स्य पु० રાંધેલું માછલું, એક જાતનો કીડો, સમુદ્રનું એક માછલું.

पाकयज्ञ पु० ચરૂપાકથી કર્તવ્ય એક યજ્ઞ, નાનો યજ્ઞ, ઉત્તમ યજ્ઞ.

पाकयज्ञिक पु० પાકયજ્ઞના વ્યાખ્યાનરૂપ એક ગ્રંથ.

पाकयज्ञिक त्रि० પાકયજ્ઞમાં હોનાર–થનાર.

पाकयज्ञिय त्रि० પાકયજ્ઞને યોગ્ય.

पाकरञ्जन न० તેજપત્ર–તમાલપત્ર.

पाकरु त्रि० મોઢું પાકવાથી પડેલ ક્ષત, અન્નપાકનાશક અગ્નિની મંદતા.

पाकल न० કુષ્ટ ઔષધિ.

पाकल पु० અગ્નિ, વાયુ, હાથીનો તાવ, બોધનદ્રવ્ય, ચિત્રક વૃક્ષ.

पाकल त्रि० પાક લાવનાર, રસોઇ આણનાર.

पाकलि स्त्री० રોહિણી નામે વૃક્ષ.

पाकली स्त्री० 'कर्कोटी' વૃક્ષ.

पाकशाला स्त्री० રાંધવાનું ઘર, રસોડું.

पाकशासन पु० ઇન્દ્ર.

पाकशासनि पु० ઇન્દ્રનો પુત્ર વૈજયંત, અર્જુન, વાલી વાનર.

पाकशुक्ला स्त्री० ખડી, ચોક.

काकसंस्थ पु० પાકસાધ્ય એક યજ્ઞ.

पाकसुत्वत् पु० પરિપક્વ મનથી સોમાભિષવ કરનાર યજમાન.

पाकस्थान न० पाकशाला જુઓ.

पाका स्त्री० ધાવણી છોકરી, બાળા.

पाकारि पु० ધોળું સોનું, ઇન્દ્ર.

पाकिन् त्रि० પાક કરનાર, રાંધનાર, રસોઇ કરનાર, પાકવાળું.

पाकिम त्रि० પાકથી બનેલ, પાકથી તૈયાર થયેલ.

पाकिमन् पु० પરિપક્વતા, પરિણત બુદ્ધિપણું, પાકપણું, અલ્પપણું, ઉત્તમપણું.

पाकु त्रि० પાક કરનાર,. રાંધનાર, રસોઈ કરનાર.

पाकुक त्रि० ઉપરના અર્થ.

पाक्य त्रि० પકાવવા યોગ્ય, રાંધવા યોગ્ય, પાકથી સાધ્ય, પાકના હિતનું.

पाक्य न० બિડલવણ.

पाक्य पु० પાંશુલવણ, જવખાર.

पाक्ष त्रि० પક્ષનું, પક્ષસંબંધી, પખવાડીયાનું, પખવાડીયાસંબંધી.

पाक्षायण स्त्री० પક્ષમાં હોનાર-થનાર, પખવાડીયાનું, પખવાડીયામાં હોનાર-થનાર.

पाक्षिक त्रि० પખવાડીયામાં હોનાર-થનાર, પક્ષનું, પક્ષસંબંધી, સંશયકોટીમાં હોનાર-થનાર.

पाखण्ड त्रि० પાખંડી, ઢોંગી, નાસ્તિક.

पागल त्रि० ઉન્મત્ત, બેભાન, ગાંડુ.

पाङ्क्त त्रि० પંક્તિમાં હોનાર-થનાર, પંક્તિ છંદવાળું.

पाङ्क्तेय त्रि० પંક્તિને યોગ્ય.

पाङ्क्त्य त्रि० પંક્તિમાં બેસવા યોગ્ય.

पाचक त्रि० પકવનાર, પાક કરનાર, રાંધનાર, રસોઇ કરનાર, જેના ખાવાથી અન્ન પાચન થઈ શકે તેવું ઔષધ વગેરે.

पाचक पु० અગ્નિ, જઠરાગ્નિ, શરીરમાંની પિત્ત ધાતુ, ચિત્રક વૃક્ષ.

पाचन न० પાપનો નાશ કરનાર પ્રાયશ્ચિત્ત, દોષપાચનનું સાધન દ્રવ્ય.

पाचन पु० અગ્નિ, અમ્લરસ, ખાટો રસ, રાતો એરંડો, ચિત્રાનું ઝાડ.

पाचन त्रि० પકાવનાર, પચાવનાર, રાંધનાર.

पाचनक पु० पाचन पु० જુઓ.

पाचनक न० ટંકણખાર.

पाचनी स्त्री० હરડે.

पाचल त्रि० પકાવનાર, રાંધનાર, પાચન કરનાર.

पाचल पु० રાંધવાનું દ્રવ્ય, અગ્નિ, વાયુ, ચિત્રક વૃક્ષ.

पाचल न० રાંધવું, પકાવવું, પાચન કરવું.

पाचि स्त्री० રાંધવું, પકાવવું.

पाचिका स्त्री० ઉપરના અર્થ, રાંધનારી, રસોઇયણ,

पाची स्त्री० એક જાતનો વેલો.

पाच्य त्रि० અવશ્ય પકાવવા યોગ્ય, અવશ્ય રાંધવા યોગ્ય.

पाजस् न० બળ,

पाजस्य त्रि० બળકર.

पाञ्चकपाल त्रि० પાંચ કપાળસંબંધી.

पाञ्चजन्य पु० વિષ્ણુનો શંખ, એક અગ્નિ.

पाञ्चजन्यधर पु० વિષ્ણુ.

पाञ्चजन्यायनि त्रि० વિષ્ણુના પાંચજન્ય શંખની સમીપનું.

पाञ्चदश त्रि० અમાસ કે પુનેમને દિવસે હોનાર-થનાર.

पाञ्चदश्य पु० પંદર સામધેની મંત્રોથી પ્રકટ કરવા યોગ્ય, અલૌકિક અગ્નિ.

पाञ्चभौतिक त्रि० આકાશ વગેરે પાંચ મહાભૂતથી બનેલ.

पाञ्चयज्ञिक त्रि० પાંચ યજ્ઞનું, પાંચ યજ્ઞ સંબંધી.

पाञ्चयज्ञिक न० પંચયજ્ઞનું કર્મ.

पाञ्चवर्षिक त्रि० પાંચ વર્ષની વયનું.

पाञ्चशाब्दिक त्रि० પાંચ શબ્દથી બનેલ કોઇ વાદ્ય.

पाञ्चार्थिक पु० પાશુપત આગમ.

पाञ्चाल त्रि० પંચાલ દેશમાં હોનાર-થનાર.

पाञ्चाल न० પ્રવૃત્ત તથા નિવૃત્ત શાસ્ત્ર.

पाञ्चालक त्रि० પંચાલ દેશનું, પંચાલ દેશ સંબંધી.

पाञ्चालिका स्त्री० પુતળી, ઢીંગલી.

पाञ्चाली स्त्री० દ્રૌપદી, પંચાળદેશની સ્ત્રી.

पाट् अव्य० સંબોધનના અર્થમાં વપરાય છે.

पाट त्रि० ચીરનાર, ફાડનાર.

पाट पु० પહોળાઈ.

पाटक त्रि० છેદનાર, ચીરનાર, ફાડનાર.

पाटक पु० મહાકિષ્કુ, વેંત, કટકાન્તર, પાસા ચલાવવા, મુડીનો નાશ, રોકવું, રોકાણ, ગામનો એક ભાગ.

पाटच्चर पु० ચોર.

पाटन न० છેદવું, ફાડવું, ચીરવું,

पाटल पु० ધોળો મિશ્રલાલ રંગ,ગુલાબી રંગ.

पाटल न० ગુલાબનું ફૂલ, એક જાતનું ધાન્ય आशुधान्य.

पाटल त्रि० ગુલાબી રંગનું, ગુલાબી, ધોળા મિશ્ર લાલ રંગનું.

पाटलद्रुम पु० પુન્નાગ વૃક્ષ.

पाटला स्त्री० ગુલાબનો છોડ, રાતું લોધર, દુર્ગા દેવી, પાડલ.

पाटलापुष्प न० ગુલાબનું ફૂલ, રાતા લોધરનું ફૂલ.

पाटलापुष्पसन्निभ न० પદ્મકાષ્ઠ.

पाटलावती स्त्री० તે નામે એક નદી, દુર્ગા દેવી.

पाटलि स्त्री० પાડલ, ગુલાબનો છોડ, घण्टापाटलि વૃક્ષ.

पाटलिक पु० બીજાના ધર્મને જાણનાર.

पाटलित त्रि० ધોળામિશ્ર લાલ કરેલ, ગુલાબી કરેલ.

पाटलिपुत्र न० તે નામે એક નગર–કુસુમપુર.

पाटलिपुत्रक न० ઉપરનો અર્થ.

पाटली स्त्री० पाटलि જુઓ, કટભી વૃક્ષ, મુષ્કચ્ય વૃક્ષ.

पाटलोपम पु० ધોળામિશ્ર લાલ રંગનો એક મણિ.

पाटव न० હોંશીઆરી, ચતુરાઇ, આરોગ્ય, નીરોગીપણું.

पाटव पु० ब० પટુના વિદ્યાર્થી,ચતુરના શિષ્ય.

पाटविक त्रि० હોંશીઆર, ચતુર,ધૂતારૂં,ઠગ.

पाटहिक त्रि० ઢોલ વગાડનાર, નગારૂં વગાડનાર.

पाटहिका स्त्री० ચણોઠી.

पाटा स्त्री० ‘पाठा, વનસ્પતિ.

पाटित त्रि० ચીરેલ, ફાડેલ.

पाटी स्त्री० બાલાવૃક્ષ, પરિપાટી, અનુક્રમ, ગુણાકાર વગેરેનો સ્પષ્ટ ક્રમ.

पाटीगणित न० લીલાવતી વગેરે અંકશાસ્ત્રરૂપ ગણિતશાસ્ત્ર.

पाटीर पु० ચંદન, पटीर જુઓ.

पाटूपट त्रि० ચીરનાર, ફાડનાર.

पाट्य त्रि० ચીરવા યોગ્ય, ફાડવા યોગ્ય.

पाट्य न० એક જાતનું શાક,–पट्टशाक.

पाठ पु० શાસ્ત્ર વગેરેનો અભ્યાસ, ભણવું, ભણાવવું.

पाठक त्रि० ભણનાર, ભણાવનાર પુરાણાદિ વાંચનાર.

पाठच्छेद पु० પાઠનો વિચ્છેદ, પાઠ પડવો, ભણાવામાં ત્રુટિ, છંદમાં વિરામ સ્થળ.

पाठन न० ભણાવવું.

पाठन त्रि० ભણાવનાર.

पाठना स्त्री० ભણાવવું.

पाठभू स्त्री० પાઠશાળા, નિશાળ, ભણવાનું સ્થળ.

पाठमञ्जरी स्त्री० મેના પક્ષી.

पाठवत् त्रि० પાઠવાળું, ભણવાવાળું,ભણેલ.

पाठशाला स्त्री० નિશાળ, ભણવાનું સ્થાન.

पाठशालिन् त्रि० पाटवत् જુઓ.

पाठशालिनी स्त्री० મેના પક્ષી.

पाठा स्त्री० તે નામે એક વનસ્પતિ–त्रिद्धकर्णी

पाठाद्यचूर्ण न० વૈદ્યકપ્રસિદ્ધ એક દવા.

पाठान पु० ગુગળ, એક જાતનું માછલું.

पाठि पु० पाठीन જુઓ.

पाठिका स्त्री० पाठा વનસ્પતિ, ભણનારી સ્ત્રી.

पाठित त्रि० ભણાવેલ.

पाठिन् त्रि० ભણાવનાર.

पाठिन् पु० ચિત્રાનું ઝાડ.

पाठीकुट पु० ચિત્રાનું ઝાડ.

पाठीन पु० એક જાતનું માછલું, ગુગળનું ઝાડ.

पाठीन त्रि० ભણાવનાર, ભણનાર.

पाठेय त्रि० પાઠા વનસ્પતિમાં હોનાર–થનાર.

पाठ्य त्रि० ભણવા યોગ્ય, ભણાવવા યોગ્ય.

पाडिनी स्त्री० માટીનું વાસણ.

पाण पु० વ્યવહાર, પણ કરવું, હોડ બકવી, સમય, હાથ.

पाणि पु० હાથ, कुलिक वृक्ष.

पाणि स्त्री० હાટ, દુકાન, બજાર.

पाणिक त्रि० પણથી ખરીદેલ.

पाणिकच्छपिका स्त्री० 'कूर्ममुद्रा' કાચબાના આકારની એક મુદ્રા.

पाणिकर्मन् पु० મહાદેવ.

पाणिकर्मन् त्रि० બે હાથ વડે વગાડનાર.

पाणिका स्त्री० કાર્તિક સ્વામીની અનુચર એક માતૃકા, એક જાતની કડછી.

पाणिकूर्चा स्त्री० કાર્તિકસ્વામીની અનુચર માતૃકા.

पाणिखात न० તે નામે એક તીર્થ.

पाणिगृहीत त्रि० પાણિ ગ્રહણ કરેલ, લગ્ન કરેલ.

पाणिगृहीती स्त्री० જેની સાથે વિધિપૂર્વક લગ્ન કર્યું હોય તે સજાતીય સ્ત્રી.

पाणिग्रह पु० વિવાહ, લગ્ન.

पाणिग्रहण न० ઉપરના અર્થ.

पाणिग्रहणिक त्रि० વિવાહના અંગરૂપ મંત્ર.

पाणिग्रहीतृ पु० પતિ, ભરથાર, પરણનાર, પતિ.

पाणिग्राह पु० ઉપરના અર્થ.

पाणिघ त्रि० હાથની તાળી વગાડનાર, હાથની થાપી વડે નરઘાં વગાડનાર કારીગર.

पाणिघात पु० હાથ ઠોકનાર, લપડાક મારનાર, હાથ ઠોકવો તે.

पाणिघ्न त्रि० હાથની તાળી બજાવનાર, હાથવડે નરઘાં વગાડનાર, કારીગર.

पाणिचापल्य न० હાથની ચપળતા.

पाणिज पु० નખ.

पाणितल न० હથેળી, બે તોલાનું વજન.

पाणिधर्म पु० પાણિગ્રહણરૂપ ધર્મ, વિવાહ.

पाणिन पु० પાણિનિ મુનિ.

पाणिनि पु० પાણિનિ મુનિ.

पाणिनीय त्रि० પાણિનિ મુનિમાં ભક્તિવાળું, પાણિનિ મુનિએ જાણેલ, પાણિનિ મુનિએ રચેલ–કહેલ.

पाणिन्धम त्रि० હાથ ઠોકનાર, હાથથી વગાડનાર, હાથ તપાવનાર.

पाणिन्धय त्रि० ઉપરના અર્થ, હાથથી પીનાર.

पाणिपाद न० બે હાથ અને બે પગ.

पाणिपादवत् त्रि० હાથ પગવાળું.

पाणिपीडन न० વિવાહ, એક બીજાના હાથનું મર્દન.

पाणिबन्ध पु० વિવાહ, લગ્ન.

पाणिभुज् पु० ઉંબરાનું ઝાડ.

पाणिभुज् त्रि० હાથવડે ભોજન કરનાર.

पाणिमर्द पु० करमर्द वृक्ष, કરમદાનું ઝાડ, હાથ મચડવો.

पाणिमर्द त्रि० હાથ મચડનાર.

पाणिमर्दक पु० पाणिमर्द पु० જુઓ.

पाणिमर्दक त्रि० पाणिमर्द त्रि० જુઓ.

पाणिमुक्त न० હાથવડે ફેંકાતું અસ્ત્ર.

पाणिमुक्त त्रि० હાથવડે મૂકેલ–છોડેલ.

पाणिमुख पु० પિતૃદેવ.

पाणिरुह पु० નખ.

पाणिवाद त्रि० હાથ ઠોકનાર, હાથ વડે વગાડનાર.

पाणिवादक त्रि० ઉપરના અર્થ.

पाणिसर्ग्या स्त्री० દોરડું, દોરી.

पाणिस्थ त्रि० હાથમાં રહેનાર.

पाणिस्वानक त्रि० હાથવડે તાલ આપનાર, હાથની તાળી બજાવનાર.

पाणिहोम पु० સુપાત્ર બ્રાહ્મણના હાથમાં કરવાનો હોમ.

पाणीतक पु० કાર્તિક સ્વામીની અનુચર માતૃકા.

पाणीकरण न० વિવાહ, લગ્ન.

पाण्ड त्रि० पण्ड જુઓ.

पाण्डर पु० મરવાનું ઝાડ, ધોળો રંગ.

पाण्डर त्रि० ધોળું, ધોળા રંગનું.

पाण्डर न० મોગરાનું ફૂલ, ગેરૂ.

पाण्डरपुष्पिका स्त्री० शीतलावृक्ष નામે ઝાડ.

पाण्डव पु० પાંડુ રાજાનો પુત્ર યુધિષ્ઠિર વગેરે.

पाण्डवाभील पु० શ્રીકૃષ્ણ.

पाण्डवायन पु० શ્રીકૃષ્ણ.

पाण्डवायन न० શ્રીકૃષ્ણ.

पाण्डवी स्त्री० પાંડુરાજાની પત્ની કુંતી તથા માદ્રી.

पाण्डवीय त्रि० પાંડવોનું, પાંડવો સંબંધી.

पाण्डवेय पु० પાંચ પાંડવોમાંનો કોઈ એક.

पाण्डार पु० પંડનો પુત્ર.

पाण्डित्य न० પંડિતાઇ, પંડિતપણું, પંડિતનું કામ.

पाण्डु पु० ધોળો પીળો રંગ, ફીક્કો રંગ, પાંડવોનો પિતા પાંડુ રાજા, ધોળો રંગ, તે નામે એક નાગ, ધોળો હાથી, તે નામે રોગ, કમળો એક જાતની ક્ષુપ વનસ્પતિ, પટોલ વૃક્ષ, તે નામે એક દેશ, તે દેશનો રાજા, કડુ, કબુતર.

पाण्डु त्रि० ધોળું પીળું, ધોળા રંગનું, પાંડુ–કમળાના રોગવાળું.

पाण्डुक पु० પાંડુ દેશ, પાંડુ રાજા, પાંડુ દેશનો રાજા, ધોળો રંગ.

पाण्डुकण्टक पु० અઘાડો વનસ્પતિ.

पाण्डुकम्बल पु० રાજાને યોગ્ય કામળ–શાલ, એક જાતનો પત્થર.

पाण्डुकम्बलिन् त्रि० રાજાને યોગ્ય કામળશાલવાળું, રાજાને યોગ્ય કામળથી ઢંકાયેલો રથ.

पाण्डुकर्मन् न० વૈદ્યકપ્રસિદ્ધ વ્રણને લગતી એક ચિકિત્સા.

पाण्डुकिन् त्रि० પાંડુ રોગવાળું, કમળાના રોગવાળું.

पाण्डुतरु पु० धववृक्ष-ધોવડીનું ઝાડ.

पाण्डुतीर्थ न० તે નામે એક તીર્થ.

पाण्डुनाग पु० પુન્નાગ વૃક્ષ, ધોળો હાથી, ધોળો સર્પ.

पाण्डुपुत्र पु० પાંચ પાંડવોમાંનો કોઇ એક.

पाण्डुपुत्री स्त्री० રેણુકા નામે એક ગંધદ્રવ્ય.

पाण्डुपृष्ट त्रि० ધોળી પીઠવાળું-જે એક ખરાબ લક્ષણવાળું ગણાય છે.

पाण्डुफल पु० પટોલ-પંડોળું.

पाण्डुफला स्त्री० ચીભડાનો વેલો.

पाण्डुभूम त्रि० ધોળી જમીનવાળું.

पाण्डुभूमि स्त्री० ધોળી માટી, ખડી, ચોક.

पाण्डुमृत्तिका स्त्री० ધોળી માટી, ખડી, ચોક.

पाण्डुमृद् स्त्री० ઉપરના અર્થ.

पाण्डुर पु० ધોળો–પીળો મિશ્ર–રંગ કમળાનો રોગ.

पाण्डुर न० 'श्वित्र' નામે એક રોગ–જેમાં શરીરે ધોળાં ચાઠાં થઈ જાય છે.

पाण्डुर त्रि० ધોળા–પીળા મિશ્ર રંગવાળું, ધોળું.

पाण्डुरङ्ग पु० એક જાતનું શાક.

पाण्डुरता स्त्री० ધોળાશ, સફેતી, ધોળા–પીળા મિશ્ર રંગપણું.

पाण्डुरत्व न० ઉપરના અર્થ.

पाण्डुरद्रुम पु० 'कुटज' નામે એક વૃક્ષ.

पाण्डुरपृष्ठ त्रि० पाण्डुपृष्ठ જુઓ.

पाण्डुरफली स्त्री० એક જાતની ક્ષુપ વનસ્પતિ.

पाण्डुरा स्त्री० माषपर्णी વનસ્પતિ, ધોળી જુઇ, પીળી જુઇ.

पाण्डुराग पु० 'दमनक' વૃક્ષ. ધોળો રંગ. ધોળા પીળો રંગ.

पाण्डुरेक्षु पु० ધોળી શેલડી.

पाण्डुलिपि स्त्री० મુસદ્દો, ખરડો.

पाण्डुलेख पु० ઉપરના અર્થ.

पाण्डुलेख्य पु० पाण्डुलिपि જુઓ.

पाण्डुलोमन् त्रि० ધોળા રૂંવાટાંવાળું.

पाण्डुलोमश त्रि० ઉપરનો અર્થ.

पाण्डुलोमशा स्त्री० 'माषपर्णी' નામે વનસ્પતિ.

पाण्डुशर्करा स्त्री० જેમાં મૂત્રસાથે સાકર જેવા કકડા નીકળે છે તે મીઠો પ્રમેહ રોગ.

पाण्डुशर्मिला स्त्री० દ્રૌપદી.

पाण्डुसोपाक पु० તે નામે એક સંકીર્ણ જાતિ.

पाण्ड्य त्रि० પાંડુ નામના દેશમાં રહેનાર.

पाण्ड्य पु० પાંડુ નામના દેશનો રાજા.

पाण्ड्यवाट पु० પાંડુ નામના દેશમાં આવેલી મોતીની એક ખાણ.

पात् त्रि० રક્ષણ કરતું, બચાવતું.

पात पु० નક્ષત્ર મંડળનો અધિષ્ઠાતા એક દેવ, રાહુ, સૂર્ય સિવાયના ગ્રહોની ઉત્તર–દક્ષિણ ઉતરતી ગતિ, પડવું, આઘાત, અથડામણ.

पात त्रि० રક્ષણ કરેલ, બચાવેલ, પડનાર, પતન પામનાર.

पातक त्रि० પાડનાર, પતન કરનાર.

पातक न० પાપ, અનુપાતક.

पातकयोग पु० પાપનો રોગ.

पातकयोगिन् त्रि० પાપના યોગવાળું.

पातकिन् त्रि० પાપી.

पातङ्गि पु० સૂર્યનો પુત્ર-શનૈશ્ચર. યમ, સુગ્રીવ. વૈવસ્વત મનુ.

पातञ्जल न० પતંજલિએ પાણિનીય સૂત્ર ઉપર રચેલ મહાભાષ્ય, પતંજલિનું યોગશાસ્ત્ર.

पातत्रिन् पु० 'पतत्रिन्' શબ્દવાળો કોઇ અધ્યાય કે અનુવાક.

पातन त्रि० પતન કરનાર, પાડનાર.

पातन न० પાડવું, નીચે લઇ જવું.

पातन्य त्रि० પડવાના સ્વભાવાળું.

पातव्य त्रि० પાન કરવા યોગ્ય, રક્ષણ યોગ્ય.

पाताल न० ભુવનની નીચેનો ભાગ, સર્વ કરતાં નીચે રહેલું સ્થાન.

पाताल पु० વડવાનળ, ખાડો.

पातालकेतु पु० તે નામે એક દાનવ.

पातालगरुडी स्त्री० તે નામે એક લતા.

पातालनिलय पु० પાતાળમાં રહેનાર–દૈત્ય–નાગ વગેરે.

पातालनिवास त्रि० ઉપરનો અર્થ.

पातालनिवास पु० પાતાળમાં રહેવું તે.

पातालनिवासिन् त्रि० પાતાળમાં રહેનાર.

पातालवासिन् त्रि० પાતાળમાં રહેનાર.

पातालवासिनी स्त्री० નાગરવેલ.

पातालौकस् त्रि० પાતાળમાં રહેનાર-દૈત્ય-નાગ વગેરે.

पाति पु० પ્રભુ, સ્વામી, પક્ષી.

पातिक पु० શિશુમાર નામે જલચર.

पातिकी स्त्री० શિશુમાર–માદા.

पातित त्रि० પાડેલ.

पातिन् त्रि० પડનાર.

पातिली स्त्री० માછલાં વગેરે પકડવાની એક જાળ, સ્ત્રી, એક જાતનું માટીનું વાસણ.

पातुक त्रि० પડવાના સ્વભાવાળું.

पातुक पु० પાણીનો હાથી, प्रपात જુઓ.

पातृ त्रि० રક્ષણ કરનાર, પાન કરનાર, પીનાર.

पातृ पु० એક જાતનું ઘાસ, ગંધપત્ર.

पातृता स्त्री० રક્ષકપણું, પીનારપણું.

पातृत्व न० ઉપરના અર્થ.

पात्तिगणक न० સેના ગણનારનું કર્મ, સેના ગણનારપણું.

पात्नीवत् पु० 'पत्नी' એવા શબ્દવાળો અધ્યાય કે અનુવાક.

पात्य न० પતિપણું, માલીકી, સ્વામીત્વ.

पात्य त्रि० પાડવા યોગ્ય.

पात्र न० पु० પાત્ર, વાસણ.

पात्र न० યજ્ઞનો સ્રુવો, દાન આપવા યોગ્ય સુપાત્ર, જલાધારસ્થાન, રાજાનો અમાત્ય, નાટકનું પાત્ર, માપ.

पात्रट पु० કર્પટ–ચીંથરાની ગોદડી વગેરે.

पात्रट त्रि० કૃશ, દુર્બળ.

पात्रटीर पु० યોગ્ય વ્યાપારયુક્ત મંત્રી, લોઢાનું પાત્ર, કાંસાનું પાત્ર, રૂપાનું પાત્ર, सिंघान જુઓ, અગ્નિ, ચિત્રાનું ઝાડ, 'पिङ्गाश' જુઓ, કાગડો, કંકપક્ષી.

पात्रटीरी स्त्री० કાગડી, કંકપક્ષિણી.

पात्रता स्त्री० પાત્રપણું, સુપાત્રપણું, યોગ્યતા.

पात्रत्व न० ઉપરના અર્થ.

पात्रपाल त्रि० પાત્રનું રક્ષણ કરનાર.

पात्रपाल पु० तुलाघट જુઓ.

पात्रभूत त्रि० સુપાત્ર થયેલ, દાન વગેરે આપવા યોગ્ય થયેલ,

पात्रभृत् त्रि० સેવક, નોકર.

पात्रशुद्धि स्त्री० નીચેનો શબ્દ જુઓ.

पात्रसंस्कार पु० પાત્રશુદ્ધિ–માટી–જળ વગેરેથી પાત્ર શુદ્ધ કરવું તે.

पात्रासादन न० યજ્ઞનાં પાત્રોનું શાસ્ત્રોક્ત ક્રમ પ્રમાણે યજ્ઞસિદ્ધિ માટે સ્થાપન.

पात्रिक त्रि० એક પાત્ર વવાય તેવું ખેતર વગેરે, એક પાત્ર જેમાં સંભવે તે પાત્રને લઇ જનાર.

पात्रिकी स्त्री० એક પાત્ર જેટલું જેમાં વવાય તેવો ખેતરનો વિભાગ.

पात्रिन् त्रि० પાત્રવાળું.

पात्रिय त्रि० પાત્રને યોગ્ય.

पात्री स्त्री० પાત્ર, વાસણ.

पात्रीण त्रि० पात्रिक જુઓ.

पात्रीय न० યજ્ઞદ્રવ્ય.

पात्रीर पु० न० યજ્ઞદ્રવ્ય.

पात्रीव पु० न० યજ્ઞદ્રવ્ય.

पात्रेबहुल त्रि० નીચેનો શબ્દ જુઓ.

पात्रेसमित त्रि० ભોજન સમયેજ હાજર થયેલ કામમાં નહિ.

पात्रेसमितादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पात्रोपकरण न० પાત્રોનું ઉપભૂષણ.

पात्त्र न० પાપીઓનું રક્ષણ કરનાર.

पात्त्रता स्त्री० પાપીઓનું રક્ષણ કરવાપણું.

पात्त्रत्व न० ઉપરનો અર્થ.

पाथ न० પાણી.

पाथ पु० અગ્નિ, સૂર્ય, ચિત્રાનું ઝાડ, આકડાનું ઝાડ.

पाथस् न० પાણી, અન્ન, આકાશ.

पाथिक पु० વટેમાર્ગુનો છોકરો.

पाथिकी स्त्री० વટેમાર્ગુની છોકરી.

पाथिक्य न० મુસાફરપણું.

पाथिस् पु० સમદ્ર. નેત્ર.

पाथेय त्रि० માર્ગમાં ખાવાયોગ્ય દ્રવ્ય-ભાતું.

पाथेय पु० કન્યા રાશિ, તે નામે એક દેશ.

पाथेयक त्रि० પાથેય નામના દેશમાં હોનાર-થનાર.

पाथोज न० કમળ, શંખ.

पाथोज त्रि० પાણીમાં ઉત્પન્ન થનાર,

पाथोजात त्रि० પાણીમાં ઉત્પન્ન થયેલ.

पाथोजात पु० કમળ, શંખ.

पाथोद पु० મેઘ, મોથ.

पाथोद त्रि० પાણી આપનાર.

पाथोधर पु० મેઘ, મોથ.

पाथोधि पु० સમુદ્ર.

पाथोनिधि पु० સમુદ્ર.

पाथ्य त्रि० હૃદયાકાશમાં હોનાર-થનાર.

पाद् पु० પગ.

पाद पु० પગ, શ્લોક કે મંત્રનો ચતુર્થાંશ, વૃક્ષ વગેરેનું મૂળ, ચોથો ભાગ, મોટા પર્વતની પાસેનો નાનો પર્વત, કિરણ, ગ્રંથનો ભાગ, અવયવ, ભાગ, ગમન, ગતિ, જવું, તે નામે એક ઋષિ.

पादक त्रि० ગમન કરવામાં કુશળ.

पादकटक पु० નૂપુર-ઝાંઝર.

पादकृच्छ्र पु० તે નામે એક વ્રત.

पादगण्डीर पु० 'શ્લીપદ' રોગ-જેમાં પગ સૂજેલો રહે છે.

पादगृह्य पु० ગ્રહણ કરવા યોગ્ય, પગ.

पादग्रन्थि पु० પગની ઘુંટી, પગનો સાંધો.

पादग्रहण न० પગને ગ્રહણ કરવાપૂર્વક પ્રણામ.

पादघृत न० પગે વિલેપન માટેનું ઘી.

पादचतुर त्रि० પગના વ્યાપારમાં-હાલવા ચાલવામાં કુશળ.

पादचतुर पु० બકરો, રેતી, પીપળાનું ઝાડ, કરંજ વૃક્ષ, કેવળ પારકા દોષ કહેનાર પુરૂષ.

पादचतुरी स्त्री० બકરી.

पादचापल्य न० પગનું ચપળપણું.

पादचारिन् पु० પાયદળ, પાળો.

पादचारिन् त्रि० પગે ચાલનાર.

पादज पु० શૂદ્ર.

पादज त्रि० પગમાં થયેલ રોગ વગેરે.

पादजल न० પગનું પાણી-ચરણોદક, છાશ.

पादजल त्रि० જેમાં ચોથે હિસ્સે પાણી હોય તે.

पादजाह न० પગનું મૂળ.

पादजी स्त्री० શૂદ્ર જાતિની સ્ત્રી.

पादतल न० પગનું તળીયું.

पादत्र त्रि०પગની રક્ષા કરનાર.

पादत्रा स्त्री० પાવડી-ચાંખડી, જોડા.

पादत्राण न० ઉપરના અર્થ.

पाददाह पु० પગમાં થતો દાહ-જે એક વાતજન્ય રોગ છે.

पादप पु० વૃક્ષ, પગ મૂકવાની બાજઠ.

पादप त्रि० વૃક્ષે કરેલ.

पादपखण्ड न० વૃક્ષોનો સમૂહ.

पादपरिघट्टन न० પગથી કચરવું.

पादपरुहा स्त्री० લતા, વેલ.

पादपा स्त्री० पादत्रा જુઓ.

पादपाश पु० ઘોડાને પગે બાંધવાનું દોરડું-દામણ, સાંકળ, खट्टुका જુઓ.

पादपाशी स्त्री० લતા, વેલ.

पादपीठ पु० न० પગ મૂકવાની બાજઠ.

पादपीठिका स्त्री० ઘાંજા વગેરેની કારીગરી.

पादप्रक्षालन न० પગ ધોવાનું પાણી, પગ ધોવા તે.

पादप्रणाम पु० પગ ગ્રહણ કરીને પ્રણામ.

पादप्रधारण न० पादत्रा જુઓ.

पादप्रहार पु० પગથી મારવું તે.

पादबन्ध पु० પગ બાંધવા.

पादबन्धन न० ઉપરનો અર્થ, ગાય-ભેંસ. વગેરેને પગે બાંધવાનું દોરડું-દામણ.

पादभाग पु० પગની નીચેનો ભાગ, ચોથો ભાગ, પા ભાગ.

पादभाज् त्रि० એક ચતુર્થાંશ પ્રાપ્ત કરનાર.

पादमूल न० પગનું મૂળ, પગની નીચેનો ભાગ, પગની પાસે.

पादरक्ष त्रि० પગની રક્ષા કરનાર-જોડા વગેરે, રથના પૈડાંની રક્ષા કરનાર.

पादरक्षण त्रि० ઉપરના અર્થ.

पादरक्षण न० પગની રક્ષા કરવી તે.

पादरज्जु स्त्री० પગ બાંધવાની દોરી.

पादरथी स्त्री० पादत्रा જુઓ.

पादरोह पु० વડનું ઝાડ.

पादरोहण न० વડનું ઝાડ.

पादवन्दन न० પગ ગ્રહણ કરવા પૂર્વકપ્રણામ.

पादवल्मीक पु० 'શ્લીપદ' રોગ-જેમાં પગે સોજો રહે છે.

पादविक त्रि० મુસાફર, વટેમાર્ગુ.

पादविग्रह पु० અવયવનું ગ્રહણ, એક ચતુર્થાંશનું ગ્રહણ.

पादविग्रह त्रि० એક ચતુર્થાંશ અવયવવાળું.

पादविरजस् स्त्री० पादत्रा જુઓ.

पादविरजस् पु० व० દેવો.

पादवृक्ष पु० મેંઢાશીંગ વનસ્પતિ.

पादशस् अव्य० પાદે પાદે, પગે પગે, ચોથે હિસ્સે ચોથે હિસ્સે.

पादशाखा स्त्री० પગની આંગળી.

पादशैल पु० મોટા પર્વતની પાસેનો નાનો પર્વત.

पादशोथ पु० પગમાં આવેલો સોજો.

पादशौच न० पादप्रक्षालन જુઓ.

पादसेवन न० પગની સેવા.

पादसेवा स्त्री० પગની સેવા.

पादस्फोट पु० 'विपादिका' નામનો એક રોગ, ક્ષુદ્ર કોઢનો એક રોગ.

पादस्वेदन न० વૈદ્યક રીતે પગને સ્વેદન આપવું તે.

पादस्वेदनिक त्रि० પગને સ્વેદન આપી કરેલ.

पादहत त्रि० પગથી મારેલ.

पादहर्ष पु० વૈદ્યકપ્રસિદ્ધ એક વાતરોગ.

पादहारक त्रि० પગથી લઇ જનાર.

पादहीन त्रि० પગ વિનાનું.

पादहीना स्त्री० ત્રણ પાયાવાળી લાકડાંની ઘોડી-ત્રિપદી.

पादाकुलक न० તે નામે માત્રાવૃત્ત છંદ.

पादाग्र न० પગનો કૂણો, પગનો આગળનો ભાગ.

पादाङ्गद न० પગનું ઝાંઝર.

पादाङ्गदी स्त्री० ઉપરનો અર્થ.

पादाङ्गुलि स्त्री० પગની આંગળી.

पादाङ्गुलीयक न० પગની આંગળીએ પહેરવાનો કરડો-અંગુઠી.

पादाङ्गुष्ठिका स्त्री० પગના અંગુઠે પહેરવાનો કરડો-અંગુઠી.

पादात् त्रि० પગે જનાર.

पादात् पु० પાયદળ-પાળો, વૃક્ષ.

पादात न० પાળાઓનો સમૂહ-સૈન્યસમુદાય.

पादात पु० પાળો.

पादाति पु० પાળો.

पादातिक पु० પાળો.

पादान्त पु० પગનો અંતભાગ, શ્લોક વગેરેના ચરણનો અંત.

पादान्तर न० બીજો પગ, શ્લોક વગેરેનું બીજું ચરણ.

पादाम्बु न० છાશ.

पादाभ्यञ्जन न० પગે ચોપડવાનું ઘી વગેરે.

पादाम्भस् न० પગ ધોવાનું પાણી.

पादायन पु० પાદ ઋષિનો ગોત્રજ.

पादारक पु० નૌકાનો અમુક અવયવ-पोलिन्द જુઓ.

पादालिन्दी स्त्री० નૌકા, નાવ.

पादावनेजन न० पादप्रक्षालन જુઓ.

पादावर्त पु० કુવા વગેરેમાંથી પાણી ખેંચવાનું યંત્ર-રેંટ.

पादावसेचन न० पादप्रक्षालन જુઓ.

पादावस्फालन न० પગથી ઠોકવું, પગ ઠોકવો.

पादाविक पु० પાળો.

पादासन न० પગ મૂકવાની બાજઠ.

पादास्फालन न० પગ ઠોકવો, પગથી ઠોકવું.

पादाहत त्रि० પગથી હણેલ, પગથી મારેલ.

पादिक त्रि० એક ચતુર્થાંશથી જીવનાર, એક ચતુર્થાંશ માપવાળું.

पादिन् त्रि० ચોથો હિસ્સો લેનાર, પગવાળું, ચરણવાળો શ્લોક વગેરે, પા ભાગવાળું.

पादिन् पु० પગવાળું જળજંતુ.

पादु स्त्री० ગમન, ગતિ.

पादुक त्रि० ગમનશીલ, ગતિવાળું.

पादुका स्त्री० पादत्रा જુઓ.

पादुकाकार पु० મોચી.

पादुकाकृत् पु० મોચી.

पादू स्त्री० જોડો.

पादूकृत् पु० મોચી.

पादोदक न० પગ ધોવાનું પાણી, પગ ધોયેલું પાણી.

पादोदर पु० સર્પ.

पादोदरी स्त्री० સર્પણ, સાપેણ.

पाद्धत न० પદ્ધતિનો સમૂહ, માર્ગનો સમુદાય.

पाद्म न० બ્રહ્માના દિવસરૂપ એક કલ્પ, પદ્મપુરાણ ગ્રંથ.

पाद्य न० પગ ધોવામાટેનું જળ.

पाद्य त्रि० ચતુર્થાંશને યોગ્ય.

पाद्यक त्रि० પાદ્યપ્રકાર.

पाद्यपात्र न० પગ ધોવામાટેનું જળ જેમાં હોય તે પાત્ર.

पान न० પાન કરવું, પીવું, રક્ષણ, રક્ષા, પીવાનું વાત્ર, હથિઆરને તીક્ષ્ણ કરવાનો પ્રકાર–હથીઆરને પાણી પાવું તે, દારૂ, પાણી–વગેરે.

पान पु० નિશ્વાસ, દારૂ વેચનાર.

पानक न० પીણું, શરબત.

पानगोष्ठिका स्त्री० દારૂ પીવા માટે એકત્ર થયેલ દારૂડીઓનો સમાજ, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ ભૈરવીચક્ર.

पानठ त्रि० પાન કરવામાં કુશળ, પીવામાં હોંશીઆર.

पानप त्रि० દારૂ વગેરે પીનાર.

पानपर त्रि० પીવામાં તત્પર.

पानपात्र न० દારૂ વગેરે પીવાનું પાત્ર.

पानबणिज् पु० દારૂ વેચનાર.

पानभाजन न० पानपात्र જુઓ.

पानरत त्रि० પીવામાં તત્પર.

पानवणिज् पु० દારૂ વેચનાર.

पानशौण्ड त्रि० દારૂ વગેરે પીવામાં કુશળ.

पानस न० ફણસના ફળનો દારૂ.

पानस त्रि० ફણસસંબંધી.

पानात्यय पु० દારૂ પીવાથી ઉત્પન્ન થયેલો એક રોગ.

पानिक न० દારૂ વેચનાર.

पानिल न० પીવાનું વાસણ.

पानीय त्रि० પીવા યોગ્ય,રક્ષણ કરવા યોગ્ય.

पानीय न० પાણી.

पानीयकाकिक पु० એક જાતનું પક્ષી.

पानीयनकुल पु० જલબીલાડો.

पानीयनकुली स्त्री० જલબીલાડી.

पानीयपृष्ठज पु० પાણી ઉપર થનાર એક વનસ્પતિ.

पानीयपृष्ठजा स्त्री० શેવાળ.

पानीयफल न० પાણીમાં થતું એક કંદ.

पानीयभक्तगुडिका स्त्री० વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.

पानीयमूलक न० ‘ सोमराजी ’ વનસ્પતિ–બાવચી.

पानीयवर्णिका स्त्री० રેતી.

पानीयशालिका स्त्री० પાણીનું પરબ.

पानीयामलक न० પાણીમાં થતું એક વૃક્ષ· પાણી આંબળું,

पानीयालु पु० પાણીમાં થતું એક કંદ.

पानीयाश्ना स्त्री० वल्वजा જુઓ.

पान्थ त्रि० મુસાફર, વટેમાર્ગુ, વિયોગી.

पान्नग त्रि० સર્પસંબંધી.

पान्नागारि पु० પન્નાગાર ઋષિનો ચોથો વંશજ.

पाप न० પાપ, હિંસા વગેરે દુષ્ટ કર્મ.

पाप त्रि० પાપી, પાપવાળું, નિંદવા યોગ્ય, જ્યોતિષપ્રસિદ્ધ પાપગ્રહ વગેરે.

पापक न० પાપ.

पापकर त्रि० પાપ કરનાર, પાપી.

पापकर्तृ त्रि० પાપ કરનાર, પાપી.

पापकर्मन् न० હિંસા વગેરે દુષ્ટ કર્મ.

पापकर्मन् त्रि० પાપી કર્મ કરનાર.

पापकृत् त्रि० पापकर જુઓ.

पापगोचर त्रि० જ્ઞાનપૂર્વક પાપ કરનાર.

पापग्रह पु० જ્યોતિષપ્રસિદ્ધ પાપગ્રહ.

पापघ्न पु० તલ.

पापघ्न त्रि० પાપનો નાશ કરનાર.

पापघ्नी स्त्री० તુલસી.

पापचक त्रि० વારંવાર રાંધનાર, ઘણું રાંધનાર.

पापचर्य त्रि० પાપાચરણ કરનાર.

पापचेतस् त्रि० પાપી મનવાળું.

पापचेलिका स्त्री०'પાઠા' નામે વનસ્પતિ.

पापचेली स्त्री० ઉપરનો અર્થ.

पापति त्रि० વારંવાર પડવાના સ્વભાવવાળું.

पापदर्शिन् त्रि० પાપ જોનાર.

पापदृश्वन् त्रि० પાપ જોનાર.

पापनापित पु० ધૂર્ત હજામ.

पापनाशन त्रि० પાપનો નાશ કરનાર.

पापनाशन पु० વિષ્ણુ.

पापनाशन न० પાપનો નાશ કરવો, પ્રાયશ્ચિત્ત.

पापनाशिन् त्रि० પાપનો નાશ કરનાર.

पापनाशिनी स्त्री० તુલસી.

पापनिरति त्रि० પાપમાં પ્રીતીવાળું.

पापपति पु० ઉપપતિ–રખાત ધણી.

पापपुरुष पु० પાપી પુરૂષ, તંત્રપ્રસિદ્ધ પાપાત્મા નરાકાર પદાર્થ.

पापमति त्रि० પાપમાં બુદ્ધિવાળું.

पापमुक्त त्रि० પાપરહિત.

पापयक्ष्मन् पु० વસ્તુમાં રહેલ પૂજ્યગણ.

पापयोनि स्त्री० નિંદવા યોગ્ય પશુ–પક્ષી વગેરેની યોનિ, પાપને લીધે પ્રાપ્ત થતો નીચ જન્મ.

पापयोनि त्रि० પાપને લીધે પશુ-પક્ષી વગેરેમાં જન્મેલ.

पापरोग पु० પાપને લીધે થયેલ રોગ 'मसुरी' નામનો રોગ.

पापरोगिन् त्रि० પાપને લીધે થયેલા મહાન રોગવાળું.

पापर्द्धि स्त्री० મૃગયા–શિકાર, પાપની વૃદ્ધિ.

पापल त्रि० પાપ ગ્રહણ કરનાર

पापल न० એક જાતનું પરિણામ.

पापलोक्य त्रि० નરક વગેરે પાપલોકસંબંધી.

पापशमन त्रि० પાપને દૂર કરનાર.

पापशमन न० પાપ દૂર કરવું તે.

पापशमनी स्त्री० ખીજડીનું ઝાડ.

पापसम अव्य० પાપની સમાન.

पापसम्मित त्रि० ઉપરનો અર્થ.

पापहन् त्रि० પાપનો નાશ કરનાર.

पापाख्या स्त्री० બુધ ગ્રહની એક પ્રકારની ગતિ.

पापात्मन् त्रि० પાપી, પાપી અંતઃકરણવાળું.

पापात्मन् पु० પાપી જીવ.

पापानुवसित त्रि० પાપમાં રહેલ.

पापानुपत्ति स्त्री०પ્રાયશ્ચિત્તદ્વારા પાપનોનાશ.

पापान्त न० તે નામે એક તીર્થ.

पापापह त्रि० પાપનો નાશ કરનાર.

पापाशय त्रि० પાપી આશયવાળું.

पापाह पु० સુતકનો દિવસ, પાપી દિવસ.

पापिष्ठ त्रि० પાપવાળું, પાપી.

पापीयस् त्रि० અતિશય પાપી.

पाप्मन् पु० પાપ.

पामघ्न पु० ગંધક.

पामघ्नी स्त्री० कटुका જુઓ.

पामन् न० ખસનો રોગ.

पामन त्रि० ખસના રોગવાળું.

पामर त्रि० મૂર્ખ. નીચ, ખળ.

पामरोद्धारा स्त्री० ગળો.

पामवत् त्रि० ખસના રોગવાળું.

पुत्रपौत्रीण त्रि० છોકરાનો અને છોકરાના છોકરાનો અનુભવ કરનાર.

पुत्रप्रतिनिधि पु० દત્તક છોકરો, ખોળે લીધેલ છોકરો.

पुत्रप्रद त्रि० છોકરો આપનાર.

पुत्रप्रदा स्त्री० તે નામે એક વનસ્પતિ,

पुत्रप्रिय पु० એક જાતનું પક્ષી.

पुत्रभद्रा स्त्री० बृहज्जीवन्ती નામનો વેલો.

पुत्रभाव पु० પુત્રપણું, છોકરાપણું, જ્યોતિષપ્રસિદ્ધ પાંચમું સ્થાન.

पुत्रवत् त्रि० પુત્રવાળું, છોકરાવાળું.

पुत्रवत् अव्य० પુત્રસમાન, છોકરાની પેઠે.

पुत्रवती स्त्री० છોકરાવાળી સ્ત્રી.

पुत्रवल त्रि० પુત્રવાળું, છોકરાવાળું.

पुत्रशृङ्गी स्त्री० अजशृङ्गी જુઓ.

पुत्रश्रेणी स्त्री० ઉંદરકાની વનસ્પતિ-मूषककर्णी

पुत्रसङ्करिन् पु० પોતાથી જૂદા વર્ણની સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરી વર્ણસંકર કરનાર.

पुत्रसहम न० જ્યોતિષપ્રસિદ્ધ એક સહમ.

पुत्रसू स्त्री० છોકરો જણનારી સ્ત્રી.

पुत्रहती स्त्री० જેણે છોકરો મારી નાખ્યો હોય તેવી સ્ત્રી.

पुत्राचार्य पु० પુત્ર જેનો વિદ્યાગુરુ હોય તેવો બાપ.

पुत्रादिन् पु० જેની પુત્રને ખાઈ જવાની નિંદા થતી હોય તે.

पुत्रादिनी स्त्री० જેની પુત્રને ખાઇ જવાની નિંદા થતી હોય તેવી સ્ત્રી.

पुत्रान्नाद पु० પુત્રનું અન્ન ખાનાર પિતા, એક જાતનો કુટીચક સંન્યાસી.

पुत्रिक त्रि० પુત્રવાળું.

पुत्रिका स्त्री० પુત્રી, કન્યા, છોકરી, પુતળી, यत्राकतूल જુઓ, છોકરો ન હોય તેવાએ ખોળે લીધેલ છોકરી.

पुत्रिकापुत्र पु० છોકરી એજ છોકરો. છોકરીનો છોકરો.

पुत्रिकाप्रसू स्त्री० છોકરી જણનારી સ્ત્રી.

पुत्रिकाभर्तृ पु० જમાઈ.

पुत्रिकासुत पु० છોકરીનો છોકરો.

पुत्रिणी स्त्री० છોકરાવાળી સ્ત્રી.

पुत्रिन् त्रि० છોકરાવાળું.

पुत्री स्त्री० છોકરી, દીકરી, તે નામે વૃક્ષ.

पुत्रीय त्रि० છોકરાસંબંધી સંયોગ-ઉત્પાત વગેરે, પુત્રસંબંધી.

पुत्रीया स्त्री० પુત્ર નિમિત્તે કરવામાં આવતી એક ઇષ્ટિ-યાગ.

पुत्रेष्टि स्त्री० પુત્રની ઇચ્છાવાળાએ કરવાની એક ઇષ્ટિ-યાગ.

पुत्रेष्टिका स्त्री० ઉપરનો અર્થ.

पुत्रैषणा स्त्री० પુત્રની ઇચ્છા.

पुथ् दि० प० स० सेट् હિંસા કરવી.

पुथ् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

पुद्गल पु० પરમાણુ, જૈન-બૌદ્ધમતપ્રસિદ્ધ દ્વ્યણુક વગેરે અમુક પદાર્થ.

पुद्गल त्रि० સુંદર આકારવાળું, રૂપ વગેરેથી યુક્ત.

पुनःपुनर् अव्य० વારંવાર, ફરી ફરીને, બીજી બીજીવાર.

पुनःपुना સ્ત્રી૦ તે નામે એક નદી.

पुनःसंस्कार પુ૦ મદ્ય-ગોમાંસ વગેરેનું ભક્ષણ કરનારને ફરી જનોઇ આપી સંસ્કાર કરવો તે.

पुनःस्तोम પુ૦ उक्थसंस्थ નામે એક યજ્ઞ.

पुनर् अव्य० ફરીને, બીજીવાર, અપ્રથમ ભેદ, અધિકાર, પક્ષાન્તર, અપ્રથમ વિશેષ-વગેરેમાં વપરાય છે.

पुनरर्थिता સ્ત્રી૦ ફરી યાચકપણું.

पुनरर्थित्व ન૦ ઉપરનો અર્થ.

पुनरसु ત્રિ૦ ફરીથી જન્મેલ-જીવેલ.

पुनरागत ત્રિ૦ ફરી આવેલ.

पुनरागमन ન૦ ફરી આવવું તે.

पुनराधान ન૦ ફરીવાર સ્થાપન-શ્રૌત-સ્માર્ત અગ્નિનું બીજીવાર સ્થાપન.

पुनराधेय ન૦ તે નામે એક શ્રૌત કર્મ, ફરી અગ્નિનું આધાન.

पुनरावर्त्त પુ૦ વારંવાર પાછા ફરવું, ફરી ફરી જન્મ લઇ આવવું તે.

पुनरावर्तिन् ત્રિ૦ વારંવાર પાછા આવનાર, ફરી ફરી જન્મ લેનાર.

पुनराहार પુ૦ ફરી જમવું, બીજીવાર ભોજન કરવું.

पुनरुक्त ત્રિ૦ ફરી કહેલ અર્થ-શબ્દ વગેરે.

पुनरुक्त ન૦ ફરી કહેવું.

पुनरुक्तजन्मन् પુ૦ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-એ દ્વિજાતિ, બ્રાહ્મણ.

पुनरुक्तवदाभास પુ૦ તે નામે એક અલંકાર.

पुनरुक्ति સ્ત્રી૦ ફરી કહેવું.

पुनरुत्पत्ति સ્ત્રી૦ ઉત્પન્ન થયેલાની ફરી ઉત્પત્તિ.

पुनरुत्सृष्ट પુ૦ એક જાતનો પશુ-જેને ગાડા વગેરેમાં જોડી દુર્બળતાને લીધે છોડી દેવામાં આવેલ હોય અને ફરી જોડીને છોડી દીધેલ હોય છે.

पुनर्जन्मजय પુ૦ જન્મમરણના ફેરાને જીતવો તે, મોક્ષ.

पुनर्जन्मन् ન૦ ફરી જન્મ, વારંવાર જન્મ.

पुनर्जन्मन् ત્રિ૦ ફરીવાર જન્મવાળું.

पुनर्णव પુ૦ નખ.

पुनर्णव ત્રિ૦ ફરીફરી નવું.

पुनर्नव ત્રિ૦ ઉપરનો અર્થ.

पुरर्नव પુ૦ નખ.

पुनर्नवा સ્ત્રી૦ સાટોડી વનસ્પતિ.

पुनर्नवामण्डूर ન૦ વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ-દવા.

पुनर्भव પુ૦ નખ, ફરી ઉત્પત્તિ, વારંવાર જન્મ.

पुनर्भव ત્રિ૦ ફરી જન્મેલ, વારંવાર જન્મેલ.

पुनर्भविन् ત્રિ૦ ઉપરના અર્થ.

पुनर्भू સ્ત્રી૦ જેણે પુનર્લગ્ન કર્યું હોય તેવી સ્ત્રી.

पुनर्मृत्यु પુ૦ ફરી મરણ, વારંવાર મરણ.

पुनर्यज्ञ પુ૦ ફરીથી કરવા યોગ્ય યજ્ઞ.

पुनर्यात्रा સ્ત્રી૦ ફરી આવવું કે જવું, જગન્નાથની ફરીવાર યાત્રા.

पुनर्वत् ત્રિ૦ 'પુનર્' એ શબ્દવાળું.

पुनर्वचन ન૦ ફરી બોલવું-કહેવું.

पुनर्वसु પુ૦ વિષ્ણુ, શિવ, કાત્યાયન મુનિ, લોકભેદ, ધન મેળવવાનો આરંભ, તે નામે એક નક્ષત્ર.

पुनर्वसु પુ૦ દ્વિ૦ સાતમું નક્ષત્ર.

पुनर्वह પુ૦ નદ.

पुन्थ् ભ્વા૦ પ૦ સેટ્ વધ કરવો સ૦ ક્લેશ પામવો અ૦

पुन्नाग પુ૦ તે નામે એક ફૂલઝાડ, ધોળું કમળ, જાયફળ, શ્રેષ્ઠ પુરુષ, ધોળો હાથી.

पुन्नाट પુ૦ चक्रमर्द નામે એક વૃક્ષ.

पुन्नाड પુ૦ ઉપરનો અર્થ.

पुन्नामन् પુ૦ તે નામે એક નરક.

पुन्नामनरक પુ૦ તે નામે એક નરક.

पुपूषत् ત્રિ૦ પવિત્ર કરવા ઇચ્છતું.

पुपूषा स्त्री० પવિત્ર કરવાની ઇચ્છા.

पुप्पुट पु० તાળવામાં થતો એક રોગ, દાંતનો એક રોગ.

पुप्पुस पु० क्लोम જુઓ, બીજકોષ-જેમાં કમળકાકડી થાય છે તે ડોડો.

पुप्फुल पु० પેટનો એક રોગ.

पुप्फुष पु० पुप्पुस જુઓ.

पुमनुज त्रि० પુરૂષની પાછળ ઉત્પન્ન થનાર.

पुमपत्य न० પુરૂષરૂપ સંતાન.

पुमाख्य पु० પુરૂષવાચક શબ્દ.

पुमाख्या स्त्री० પુરૂષસંજ્ઞા.

पुम्भूमन् पु० પુરૂષનું બહુપણું, પુલિંગનું બહુપણું.

पुम्स् पु० પુરૂષ, હરકોઈ મનુષ્યજાતિ.

पुर् तु० प० स० सेट् આગળ જવું.

पुरःसर त्रि० આગળ જનાર.

पुर न० ઘર, શરીર, પાટલિપુત્ર નગર, કુસુમદલવૃત્તિ, નાગરમોથ, ચામડું, ઘરનો ઉપરનો માળ, ઘણા ગામડીઆઓનું વ્યવહારસ્થાન-ઘણી દુકાનો વગેરેથી યુક્ત મુખ્ય ગામ, શહેર, પીળી ઝીંઝોટી-વનસ્પતિ, ધાન્ય વગેરેનો સમૂહ.

पुर पु० રાશિ, ઢગલો, ગુગળ.

पुर त्रि० પૂર્ણ, પુષ્કળ, ઘણું.

पुरग त्रि० નગર તરફ જનાર.

पुरजित् पु० શિવ, ચંદ્રવંશી એક રાજા.

पुरज्योतिस् पु० અગ્નિ.

पुरञ्जन पु० ક્ષેત્રજ્ઞ-જીવાત્મા.

पुरञ्जनी स्त्री० બુદ્ધિ.

पुरञ्जय पु० તે નામે એક રાજા-જે ઋક્ષેયુવંશી હતો, સૂર્યવંશી કાકુત્સ્થ એક રાજા.

पुरट न० સોનું.

पुरटलता स्त्री० સુવર્ણવેલ.

पुरण पु० સમુદ્ર.

पुरतटी स्त्री० નાની દુકાન, નાની બજાર.

पुरतस् अव्य० આગળ.

૧૮

पुरदेवता स्त्री० નગરની અધિષ્ઠાયક દેવ-દેવી.

पुरद्वार न० શહેરમાં દાખલ થવાનો દરવાજો.

पुरद्विष् पु० શિવ.

पुरन्द पु० ઈન્દ્ર.

पुरन्दर पु० ઈન્દ્ર, જ્યેષ્ઠા નક્ષત્ર, વિષ્ણુ.

पुरन्दर न० चव्य જુઓ.

पुरन्दरा स्त्री० ગંગા નદી.

पुरन्धि स्त्री० द्वि० દ્યાવાભૂમિ-આકાશ-પૃથ્વી.

पुरन्धि स्त्री० એક જાતની વેદકર્મપ્રસિદ્ધ ઇષ્ટિકા, બહુ બુદ્ધિ.

पुरन्धि त्रि० બહુબુદ્ધિવાળું.

पुरन्ध्रि स्त्री० બહુ કુટુંબવાળી પતિપુત્રવાળી સ્ત્રી.

पुरन्ध्री स्त्री० ઉપરના અર્થ.

पुरपाल पु० શહેરનો રક્ષક-રખેવાળ, દેહપાલક જીવાત્મા.

पुरभिद् पु० શિવ.

पुरभेदन न० શિવ.

पुरमथन पु० શિવ.

पुरमार्ग पु० શહેરનો માર્ગ.

पुरमानिनी स्त्री० તે નામે એક નદી.

पुरय पु० તે નામે એક રાજા.

पुररक्ष पु० पुरपाल જુઓ.

पुररक्षक पु० ઉપર પ્રમાણે.

पुररक्षिन् पु० पुरपाल જુઓ.

पुरला स्त्री० દુર્ગા દેવી

पुरवासिन् त्रि० નગરવાસી, શહેરી.

पुरशासन पु० મહાદેવ.

पुरश्चरण न० આગળથી આચરણ, ગ્રહણ કરેલી મંત્રની સિદ્ધિ માટેનો તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક પ્રયોગ.

पुरश्चर्या स्त्री० ઉપરનો અર્થ.

पुरश्छद पु० એક જાતનું ઘાસ.

पुरस् अव्य० પૂર્વ દિશામાં, પૂર્વકાળમાં, પૂર્વ દેશમાં, આગળ, આગળથી.

पुरसंस्कार पु० નાશ પામેલા શહેરને ફરી સુધારવું તે.

पुरस्करण न० પૂર્ણ કરવું, તૈયાર કરવું, આગળ કરવું, પૂજા કરવી, સત્કાર કરવો, રચવું, વચન આપવું, આરોપ, ઠપકો, શત્રુને પકડવો, હલ્લો, ધાડ પાડવી, પ્રોક્ષણ, ધ્યાનમાં લેવું, સ્વીકારવું.

पुरस्करणीय त्रि० પૂર્ણ કરવા યોગ્ય, આગળ કરવા યોગ્ય, તૈયાર કરવા યોગ્ય.

पुरस्कर्तव्य त्रि० ઉપરના અર્થ.

पुरस्कार पु० પૂજન, શત્રુને પકડવો, આગળ કરવું, સ્વીકાર, છાંટવું, પ્રોક્ષણ કરવું, સત્કાર, અભિશાપ.

पुरस्क्रिया स्त्री० ઉપરના અર્થ.

पुरस्कृत त्रि० પૂજેલ, અભિશાપેલ, શત્રુએ ગ્રહણ કરેલ, આગળ કરેલ, સ્વીકારેલ, સીંચેલ, છાંટેલ, પ્રોક્ષણ કરેલ.

पुरस्तात् तव्य० पुरस् જુઓ.

पुरहन् पु० મહાદેવ.

पुरा अव्य० પરિચ્છિન્ન ક્રિયા કરવી, પુરાણ, જૂનું, પૂર્વે થઇ ગયેલ, ભાવી, પાસે, પ્રથમ થયેલ, બીકણ.

पुरा स्त्री० પૂર્વ દિશા, તે નામે સુગંધીદ્રવ્ય.

पुराकथा स्त्री० ઇતિહાસ, જૂની વાત.

पुराकल्प त्रि० પ્રાચીન કલ્પ, જૂની સૃષ્ટિ, જૂનો આચાર, એક અર્થવાદ.

पुराकृत त्रि० પૂર્વે કરેલ, આ જન્મમાં કે પૂર્વજન્મમાં કરેલ પુણ્ય પાપ વગેરે.

पुराग त्रि० પૂર્વે જનાર, પ્રથમ જનાર.

पुराण् कण्ड्वादि० प० स० सेट् પૂર્વનું આખ્યાન કહેવું.

पुराण त्रि० પૂર્વે–પ્રથમ હોનાર–થનાર, જૂનુ, અગાઉનું.

पुराण न० વ્યાસ વગેરેએ રચેલ પુરાણશાસ્ત્ર–જેના મહાપુરાણ તથા ઉપપુરાણ એવા બે ભેદ છે.

पुराण पु०न० એંસી કોડીનાં માપનું પણ, કાર્ષાપણ.

पुराणग पु० બ્રહ્મ–પરમાત્મા.

पुराणग त्रि० પુરાણશાસ્ત્ર ગાનાર, પુરાણની કથા કરનાર પુરાણી વગેરે.

पुराणपुरुष पु० પરમાત્મા, વિષ્ણુ, વૃદ્ધપુરૂષ.

पुराणान्त पु० યમ, પુરાણનો અંત, પુરાણનો શેષ.

पुरातन त्रि० પૂર્વનું, પૂર્વે હોનાર–થનાર, જૂનું, અગાઉનું.

पुरातन पु० વિષ્ણુ.

पुरातल न० સાત પાતાલમાંનું એક પાતાલ.

पुराधिप पु० નગરનો સ્વામી, શહેરનો અધિકારી વગેરે, જીવાત્મા.

पुराध्यक्ष पु० ઉપરના અર્થ.

पुरायोनि पु० મહાદેવ, શિવ.

पुराराति पु० શિવ.

पुरारि पु० શિવ.

पुरार्द्धविस्तर पु० પરૂં, શાખાનગર, એક જાતનું હથિઆર.

पुरार्द्धविस्तार पु० ઉપરના અર્થ.

पुरावती स्त्री० તે નામે એક નદી.

पुरावसु पु० ભીષ્મ પિતામહ.

पुराविद् त्रि० પૂર્વના ઇતિહાસ વગેરે વૃત્તાંત જાણનાર.

पुरावृत्त न० પૂર્વે બનેલ વૃત્તાંત, ઇતિહાસ.

पुरासाह् पु० ઇન્દ્ર.

पुरासाह् त्रि० શત્રુઓનાં નગરો જીતનાર.

पुरासिनी स्त्री० સહદેવીનો વેલો.

पुरासुहृद् पु० શિવ, મહાદેવ.

पुरि स्त्री० નગર, શહેર, નદી, સંન્યાસીઓની એક ઉપાધિ–વિશેષણ, દેહ, શરીર.

पुरि पु० રાજા.

पुरितत् स्त्री० આંતરડું, શરીરમાં હૃદય ભાગને ઢાંકનાર માંસદેહ, શરીર.

पुरिश पु० જીવ.

पुरी स्त्री० पुरिं જુઓ.

पुरीतत् स्त्री० पुरितत् જુઓ.

पुरीमोह पु० ધંતુરો.

पुरीष न० વિષ્ટા, પાણી, વિષ્ટા જેવી માટી, यवस જુઓ

पुरीषण पु० વિષ્ટા.

पुरीषधान न० જ્યાં વિષ્ટા રહે છે તે સ્થાનમળાશય.

पुरीषम पु० અડદ.

पुरीषाधान न० पुरीषधान જુઓ.

पुरीषिन् त्रि० મળયુક્ત, પાણીવાળું.

पुरीष्य त्रि० વિષ્ટાના હિતનું, ઝાડાને ફાયદાકારક.

पुरु त्रि० પુષ્કળ, ઘણું.

पुरु पु० દેવલોક, યયાતિ રાજાનો એક પુત્ર, યુધિષ્ઠિરનો સભાસદ રાજા, તે નામે એક દૈત્ય, પરાગ, રજ.

पुरु स्त्री० તે નામે એક નદી.

पुरुकुत्स पु० માંધાતા રાજાનો એક પુત્ર.

पुरुकुत्सन पु० તે નામે એક દૈત્ય.

पुरुकुत्सव पु० ઇન્દ્રનો એક શત્રુ.

पुरुकुत्सानी स्त्री० માંધાતા રાજાના પુત્ર પુરૂકુત્સની પત્ની.

पुरुक्ष त्रि० ઘણા અન્નનું સ્વામી, ઘણા અન્નનું માલીક, ઘણા ઘરવાળું.

पुरुचन्द्र त्रि० ઘણી કાંતિવાળું.

पुरुज पु० ભરતવંશી સુશાન્તિનો પુત્ર રાજા.

पुरुजाति पु० ઉપરનો અર્થ.

पुरुजित् पु० કુન્તિભોજ એક રાજા, શશબિંદુના વંશના રૂચકનો એક પુત્ર, વિષ્ણુ.

पुरुणाय पु० તે નામે એક રાજા.

पुरुणाय त्रि० અનેકને જીતનાર.

पुरुत्मन् पु० વિશાળ આત્માવાળું, મોટા આત્માવાળું.

पुरुत्रा अव्य० ઘણાઓને ઘણા વિષે.

पुरुद न० સોનું.

पुरुदंशक पु० હંસ.

पुरुदंशस् पु० ઇન્દ્ર.

पुरुदंसस् पु० ઇન્દ્ર.

पुरुदंसस् त्रि० ઘણાં કર્મવાળું, ઘણા કામવાળું.

पुरुदत्र पु० ઇન્દ્ર.

पुरुदस्म त्रि० ઘણાનો નાશ કરનાર, ઘણા કામવાળું.

पुरुद्रुह् त्रि० ઘણાનો દ્રોહ કરનાર.

पुरुद्रुह् पु० ઇન્દ્ર.

पुरुद्वत् पु० કોષ્ટુવંશી મધુપુત્ર એક રાજા.

पुरुधा अव्य० ઘણે પ્રકારે, અનેક પ્રકારે.

पुरुनाय पु० पुरुणाय જુઓ.

पुरुनाय त्रि० पुरुणाय त्रि० જુઓ.

पुरुभूत पु० ઈન્દ્ર.

पुरुभोजस् पु० મેઘ.

पुरुभोजस् त्रि० ઘણું ખાનાર, ઘણું ભોજન કરનાર.

पुरुमित्र पु० તે નામે એક મહારથી રાજા, તે નામે ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.

पुरुमीढ पु० તે નામે કુરૂવંશી એક રાજા.

पुरुरथ पु० સૂર્ય, આકડાનું ઝાડ.

पुरुरवस् पु० ચંદ્રવંશી એક રાજા.

पुरुरवस पु० ઉપરનો અર્થ.

पुरुरावन् त्रि० અનેક પ્રકારનાં ફળ આપનાર.

पुरुवर्गस् त्रि० ઘણા માનવાળું.

पुरुश्चन्द्र त्रि० ઘણી કાંતિવાળું.

पुरुष पु० પુરૂષ, મનુષ્ય, આત્મા, સાંખ્યપ્રસિદ્ધ પચીસમું તત્વ, પુન્નાગ વૃક્ષ, વિષ્ણુ, મેષ-મિથુન-વગેરે વિષમ રાશિ, મંગળ વગેરે ગ્રહ.

पुरुषक न० ઘોડાઓની બે પગે ઉભા રહી એક જાતની ગતિ.

पुरुषकार पु० પુરૂષ ચેષ્ટિત-પુરૂષાર્થ.

पुरुषकुञ्जर पु० શ્રેષ્ઠ પુરૂષ.

पुरुषच्छन्दस् स्त्री० બે ચરણવાળો છંદ.

पुरुषत्रा અવ્ય० પુરૂષને, પુરૂષમાં, પુરૂષ વિષે.

पुरुषता પુરૂષપણું, મર્દાઇ.

पुरुषत्व न० ઉપરના અર્થ.

पुरुषदघ्न त्रि० ઉંચા કરેલ હાથવાળા પુરૂષના માપનું.

पुरुषदन्तिका स्त्री० મેદા નામે એકવનસ્પતિ.

पुरुषद्वयस त्रि० पुरुषदघ्न જુઓ.

पुरुषद्वेषिन् त्रि० પુરૂષનો દ્વેષ કરનાર.

पुरुषधर्म पु० પુરૂષમાત્રનો ધર્મ.

पुरुषनाय पु० મનુષ્યોનું રક્ષણ કરનાર, સેનાપતિ.

पुरुषपशु पु० પુરૂષરૂપ પશુ.

पुरुषपुङ्गव पु० પુરૂષમાં શ્રેષ્ઠ, શ્રેષ્ઠ પુરૂષ, શ્રેષ્ઠ માણસ.

पुरुषपुण्डरीक पु० શ્રેષ્ઠ પુરૂષ, શ્રેષ્ઠ માણસ, તે નામે એક જિનેશ્વર.

पुरुषमात्र त्रि० पुरुषदघ्न જુઓ.

पुरुषमेध पु० તે નામે એક યજ્ઞ-જેમાં પુરૂષનો વધ થાય છે.

पुरुषर्षभ पु० पुरुषपुङ्गव જુઓ.

पुरुषवर्जित त्रि० પુરૂષરહિત, પુરૂષ વિનાનું.

पुरुषवाच् स्त्री० शारि જુઓ.

पुरुषवाह पु० કુબેર, ગરૂડ પક્ષી.

पुरुषवाहम् अव्य० પુરૂષને વહેવું તે.

पुरुषविध त्रि० પુરૂષના જેવા પ્રકારનું.

पुरुषव्याघ्र पु० શ્રેષ્ઠ પુરૂષ.

पुरुषशार्दूल पु० શ્રેષ્ઠ પુરૂષ.

पुरुषशीर्षक पु० ચોરનું એક હથિઆર.

पुरुषसमवाय पु० પુરૂષોનો સમૂહ.

पुरुषसिंह पु० શ્રેષ્ઠ પુરૂષ, એક જિનેશ્વર.

पुरुषसूक्त न० પરમ પુરૂષનું પ્રતિપાદન કરનાર 'सहस्रशीर्षा' વગેરે ૧૬ ઋચાઓનું એક વેદસૂક્ત.

पुरुषांशक पु० એક પ્રકારનો પુરૂષાંશ, પુરૂષાંશનો પ્રતિપાદક ગ્રંથ.

पुरुषांशकिन् त्रि० પુરૂષાંશક ગ્રંથને જાણનાર કે ભણનાર.

पुरुषाद् पु० રાક્ષસ.

पुरुषाद पु० રાક્ષસ, તે નામે એક મધ્યદેશ.

पुरुषादी स्त्री० રાક્ષસી.

पुरुषाद्य पु० વિષ્ણુ, એક જિનેશ્વર, રાક્ષસ.

पुरुषाधम पु० પુરૂષોમાં અધમ-નીચ,

पुरुषाधिकार पु० પુરૂષનો અધિકાર.

पुरुषायण त्रि० આત્માનો આશ્રય કરી રહેલ પ્રાણ વગેરે.

पुरुषायुष न० પુરૂષનો આયુષકાળ.

पुरुषार्थ पु० ધર્મ-અર્થ-કામ-મોક્ષ-એ ચાર પુરૂષાર્થ, સાંખ્યમતે બુદ્ધિને દૃષ્ટ ભોગ તથા મોક્ષ.

पुरुषाशिन् पु० રાક્ષસ.

पुरुषाशिनी स्त्री० રાક્ષસી.

पुरुषास्थिमालिन् पु० મહાદેવ.

पुरुषोत्तम पु० નારાયણ, વિષ્ણુ, ઉત્તમ પુરૂષ, એક જિનેશ્વર.

पुरुष्य त्रि० પુરૂષના હિતનું.

पुरुह त्रि० પુષ્કળ, ઘણું.

पुरुहु त्रि० પુષ્કળ, ઘણું.

पुरुहूत पु० ઇન્દ્ર.

पुरुहूति पु० વિષ્ણુ.

पुरुहूति स्त्री० દાક્ષાયણી.

पुरुहोत्र पु० અંશુરાજાનો એક પુત્ર.

पुरूद्वह पु० પૌરવ વંશમાં શ્રેષ્ઠ રાજા, રૂદ્રસાવર્ણ મનુનો પુત્ર-બારમો મન્વંતર.

पुरूरवस् पु० ચંદ્રવંશી બુધનો પુત્ર રાજા.

पुरूरवस पु० ઉપરનો અર્થ.

पुरूवसु त्रि० પુષ્કળ ધનવાળું.

पुरोग त्रि० આગળ જનાર, પ્રધાન-મુખ્ય.

पुरोगत त्रि० આગળ ગયેલ.

पुरोगति स्त्री० આગળ જવું તે.

पुरोगति त्रि० આગળ જનાર.

पुरोगम त्रि० આગળ જનાર.

पुरोगमन न० આગળ જવું તે.

पुरोगामिन् त्रि० આગળ જનાર.

पुरोचन पु० લાક્ષાગૃહમાં પાંડવોને બાળવા માટે નીમાયેલ દુર્યોધનનો એક મિત્ર.

पुरोजन्मन् त्रि० આગળ જન્મનાર—મોટો ભાઇ વગેરે.

पुरोजन्या स्त्री० આગળ જન્મેલી, મોટી બહેન.

पुरोटि पु० पत्रझङ्कार જુઓ.

पुरोडाश् पु० યજ્ઞ સંબંધી એક પ્રકારનું હવ્યદ્રવ્ય, સોમરસ, જવના લોટથી મિશ્ર એક જાતનો રોટલો, હુતશેષ.

पुरोडाश पु० ઉપરના અર્થ.

पुरोडाशिक पु० પુરોડાશના વ્યાખ્યાનનો ગ્રંથ.

पुरोडाशीय त्रि०પુરોડાશને હિતનું-જવવગેરે.

पुरोडाश्य त्रि० ઉપરનો અર્થ.

पुरोद्भव त्रि० શહેરમાં હોનાર—થનાર.

पुरोद्भवा स्त्री० 'महामेदा' નામે વનસ્પતિ.

पुरोधस् पु० પુરોહિત, ગોર.

पुरोधा स्त्री० પુરોહિતપણું, ગોરપદું.

पुरोऽनुवाक्या स्त्री० તે નામે એક ઋચા.

पुरोपनीत त्रि०પ્રથમ હોયેલ, પૂર્વે પ્રાપ્ત થયેલ.

पुरोपवन न० શહેરનો બગીચો.

पुरोभाग पु० અગ્ર ભાગ.

पुरोभाग त्रि० ગુણનો ત્યાગ કરી માત્ર દોષ ગ્રહણ કરનાર.

पुरोभागिता स्त्री० ગુણનો ત્યાગ કરી માત્ર દોષ જોવાપણું.

पुरोभागित्व न० ઉપરનો અર્થ.

पुरीभागिन् त्रि० पुरोभाग त्रि० જુઓ.

पुरोमारुत पु० પૂર્વ દિશામાં હોનાર વાયુ, પૂર્વનો પવન.

पुरोयावन् त्रि० આગળ ગયેલ.

पुरोरवस् पु० पुरूरवस् જુઓ.

पुरोरुच् स्त्री० તે નામે એક ઋચા.

पुरोवात पु० પૂર્વનો વાયુ.

पुरोहित पु० पुरोधस् જુઓ.

पुरोहित त्रि० આગળ મૂકેલ-સ્થાપેલ.

पुरोहितादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पुरोहितिका स्त्री०દયાપાત્ર પુરોહિતની પત્ની

पुरोहिती स्त्री० પુરોહિતની પત્ની—ગોરાણી.

पुर्व् भ्वा० प० स० सेट् નિવાસ કરવો,રહેવું

पुर्व् भ्वा० प० स० सेट् પૂર્ણ કરવું, ભરવું, પૂરવું.

पुल् भ्वा० प० स० सेट् મોટા થવું, મોટાઇ પ્રાપ્ત કરવી.

पुल् चु० उभ० स० सेट् ઉદ્ધાર કરવો.

पुल पु० રોમાંચ, શરીરનાં રૂવાં ઉભાં થઇ જાય છે તે.

पुल त्रि० મોટું, વિશાળ.

पुलक न० कङ्कुष्ठ જુઓ, એક જાતની પહાડી માટી.

पुलक पु० રોમાંચ, શરીરમાંથી બહાર નીકળેલ એક કીડો, એક જાતનો પત્થર, મણિનો એક દોષ, હરતાળ, તે નામે એક ગંધર્વ, હાથીના અન્નનો પિંડ, असुराजी જુઓ, गल्वर्क જુઓ.

पुलकित त्रि० જેને રોમાંચ થયેલ હોય તે.

पुलकिन् त्रि० રોમાંચવાળું.

पुलकिन् पु० એક જાતનું કદંબ વૃક્ષ.

पुलकोद्गम पु० રોમાંચ થવું તે.

पुलस्ति पु० પુલસ્ત્ય મુનિ—જે સપ્તર્ષિમાંનો એક છે.

पुलस्त्य पु० ઉપરનો અર્થ.

पुलह पु० સપ્તર્ષિમાંનો એક.

पुलाक पु० સંક્ષેપ, તુચ્છ ધાન્ય, અનાજના ફોતરાં, રાંધેલા ચોખાનું ઢેફું, ચોખાનું ઓસામણ, ઉતાવળ, અલ્પત્વ.

पुलाकिन् पु० વૃક્ષ, ઝાડ.

पुलायित न० ઘોડાની એક ગતિ, વિક્રાન્તિ.

पुलालिका स्त्री० એક જાતનો ઝેરનો ઉપદ્રવ.

पुलिन न० નદી વગેરેનો કાંઠો, પાણી ગયા પછી ઉત્પન્ન થયેલ કાંઠો.

पुलिनवती स्त्री० નદી.

पुलिन्द पु० એક જાતનો ચંડાળ-ભીલ, ભીલોનો દેશ.

पुलिन्दी स्त्री० ભીલડી.

पुलिरिक पु० સર્પ.

पुलिश पु० જ્યોતિષસિદ્ધાંતકર્તા એક ઋષિ

पुलुकाम त्रि० ઘણી કામનાવાળું.

पुलामजा स्त्री० ઈન્દ્રની પત્ની–ઈન્દ્રાણી.

पुलोमजित् पु० ઇન્દ્ર.

पुलोमद्विष् पु० ઈન્દ્ર.

पुलोमन् पु० ઇન્દ્રનો સસરો એક રાક્ષસ.

पुलोमभिद् पु० ઇન્દ્ર.

पुलोमा स्त्री० ભૃગુ ઋષિની પત્ની–ચ્યવનઋષિની માતા.

पुलोमारि पु० ઇન્દ્ર.

पुल्क त्रि० પ્રફુલ્લ, વિકાસ પામેલ.

पुल्कस पु० બ્રાહ્મણથી ક્ષત્રિય જાતિમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર.

पुल्कसी स्त्री० બ્રાહ્મણથી ક્ષત્રિય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર સ્ત્રી.

पुल्य त्रि० રોમાંચ વડે બનેલ–થયેલ.

पुल्ल त्रि० પ્રફુલ્લ, વિકસ્વર.

पुल्वघ पु० અત્યંત ખાઉધરો, એક જાતનો મૃગ.

पुष् दिवा० प० स० अनिट् પોષવું, પોષણ કરવું.

पुष् क्र्या० प० स० सेट् ઉપરનો અર્થ.

पुष् भ्वा० प० स० सेट् પોષવું, પોષણ કરવું.

पुष् चु० उभ० स० सेट् ધારણ કરવું, પોષવું.

पुषा स्त्री० लाङ्गली વૃક્ષ, પોષવું, પોષણ કરવું.

पुषित त्रि० પોષેલ, પોષણ કરેલ.

पुष्क न० પુષ્ટિ, પોષણ.

पुष्कर न० હાથીની સૂંઢનો અગ્રભાગ, વાદિત્રનું મઢેલું મુખ, પાણી, આકાશ, તરવારવું પાનું, કમળ, તે નામે એક તીર્થ, કુષ્ઠ નામે ઔષધિ, ભાગ, અંશ. તે નામે એક બેટ, બ્રહ્માએ કરેલું એક સરોવર.

पुष्कर पु० તે નામે એક રોગ, તે નામે એક નાગ, સારસપક્ષી, નળરાજાનો ભાઇ, મેઘનો અધિપતિ, તે નામે એક યોગ, તે નામે એક અસુર, વિષ્ણુ, પુષ્કર દ્વીપમાં આવેલો એક પર્વત, પુષ્કરદ્વીપનો રાજા, બીલીનું ઝાડ, એક જાતનું વાદિત્ર.

पुष्करकर्णिका स्त्री० સ્થલપદ્મિની, જમીન ઉપર થનાર કમળનો વેલો.

पुष्करचूड पु० લોકાલોક પર્વત ઉપર રહેલ એક દિગ્ગજ.

पुष्करजटा स्त्री० પુષ્કરમૂળ વનસ્પતિ.

पुष्करनाडी स्त्री० पुष्करकर्णिका જુઓ.

पुष्करनाभ पु० વિષ્ણુ.

पुष्करप्रादुर्भाव पु० કમળાકારે ભગવાનનું પ્રકટ થવું.

पुष्करबीज न० કમળનું બી–કમળકાકડી.

पुष्करमालिन् पु० હિમાલયની એક કન્યાનો પતિ.

पुष्करमालिन् त्रि० કમળની માળાવાળું.

पुष्करमूल न० કુષ્ઠ ઔષધિ, કમળનું મૂળ.

पुष्करमूलक न० ઉપરના અર્થ.

पुकरवीज न० पुष्करबीज જુઓ.

पुष्करशायिका स्त्री० સંઘાતે ફરનાર એક જાતનું પક્ષી.

पुष्करशिफा स्त्री० पुष्करमूल જુઓ.

पुष्करसद् त्रि० કમળમાં વસનાર–રહેનાર

पुष्करसद् पु० ગોત્રપ્રવર્તક એક ઋષિ.

पुष्करसागर पु० કુષ્ઠ ઔષધિ.

पुष्करसाद पु० કમળને ખાનારૂં એક પક્ષી.

पुष्करस्थपनि पु० મહાદેવ.

पुष्करस्रज् स्त्री० કમળની માળા.

पुष्करस्रज् पु० द्वि० અશ્વિનીકુમાર.

पुष्करस्रज् त्रि० કમળની માળા ધારણ કરનાર.

पुष्कराक्ष पु० વિષ્ણુ.

पुष्कराक्ष त्रि० કમળ સમાન નેત્રવાળું.

पुष्कराख्य पु० સારસ પક્ષી, કુષ્ઠ ઔષધ.

पुष्कराङ्घ्रिज न० પુષ્કરમૂળ—કુષ્ઠ ઔષધ.

पुष्करादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पुष्करारुणि पु० ગર્ગનો પૌત્ર પુરૂવંશી રાજા.

पुष्करावती स्त्री० તે નામે એક નદી.

पुष्करावर्त्त पु० તે નામે મેઘનો અધિપતિ.

पुष्करावर्त्तक पु० ઉપરનો અર્થ.

पुष्कराह्व पु० पुष्कराख्य જુઓ.

पुष्करराह्वय पु० पुष्कराख्य જુઓ.

पुष्करिका स्त्री० તે નામે એક રોગ—જેનું નિમિત્ત शूकदोष હોય છે.

पुष्करिणी स्त्री० હાથણી, કમલિની, નાનું જલાશય, ચાક્ષુષ મનુની એક પત્ની, ઋચીકની માતા-ભૂમન્યુની પત્ની, સ્થળ કમળ.

पुष्करिणी स्त्री० કમળનો સમૂહ.

पुष्करिन् पु० હાથી.

पुष्करिन् त्रि० કમળવાળો પ્રદેશ વગેરે.

पुष्कल त्रि० શ્રેષ્ઠ, ઘણું, પુષ્કળ, उपचित જુઓ.

पुष्कल न० ૬૪ મુઠિ બરોબર એક માપ, ભિક્ષા માટે આપવા યોગ્ય અન્નનું માપ.

पुष्कल पु० તે નામે એક અસુર, ભરતનો પુત્ર.

पुष्कलक पु० કસ્તૂરી મૃગ.

पुष्कलावत पु० ઉત્તરમાં આવેલ એક દેશ.

पुष्कलावती स्त्री० ભરતના પુત્ર પુષ્કલની રાજધાની.

पुष्ट त्रि० જેણે પોષણ કર્યું હોય તે, પુષ્ટ, લટ્ઠ.

पुष्ट न० પુષ્ટિ, પોષણ.

पुष्ट पु० વિષ્ણુ.

पुष्टाङ्ग न० પુષ્ટ શરીર, પુષ્ટ અંગ.

पुष्टाङ्ग त्रि० પુષ્ટ શરીરવાળું.

पुष्टावत् त्रि० પોષણ કરનાર.

पुष्टि स्त्री० પોષણ, વૃદ્ધિ, આસંધ વનસ્પતિ, તે નામે એક માતૃકા, તે નામે યોગિની, ધર્મપત્ની.

पुष्टिका स्त्री० પાણીમાં થનારી છીપ.

पुष्टिकान्त पु० ગણપતિ, ગણેશ.

पुष्टिद त्रि० પોષણકારક, પુષ્ટિકારક.

पुष्टिदा स्त्री० આસંધ વનસ્પતિ, પુષ્ટિ આપનારી.

पुष्टिपति पु० એક પ્રકારનો અગ્નિ.

पुष्टिपति स्त्री० સરસ્વતી.

पुष्प् दि० प० अ० वेट् વિકસવું, ખીલવું, પ્રફુલ્લ થવું.

पुष्प न० ફૂલ, સ્ત્રીનું રજ, કુબેરનું વિમાન, એક જાતનો નેત્રરોગ—આંખમાં ફૂલું પડે છે તે.

पुष्प पु० વિકસવું, ખીલવું, પ્રફુલ્લ થવું

पुष्पक न० पुष्प न० જુઓ, પિત્તળનું ફૂલ, રત્નનું કંકણ, રસાંજન, હીરાકસી, અંગારા રાખવાની સગડી, लौहकांस्य જુઓ.

पुष्पकरण्ड न० ફૂલ રાખવાનો કરંડીયો.

पुष्पकरण्डक न० ઉજ્જયિની નગરીમાં આવેલ શિવનો એક બગીચો.

पुष्पकरण्डक न० ફૂલ રાખવાનો કરંડીયો.

पुष्पकरण्डिका स्त्री० ઉજ્જયિની નગરી.

पुष्पकाण्ड पु० કામદેવ.

पुष्पकाल पु० સ્ત્રીનો રજોદર્શનો કાળ, વસંત ઋતુનો સમય.

पुष्पकासीस न० એક જાતની હીરાકસી-ધાતુ.

पुष्पकीट पु० ભમરો, ફૂલમાં રહેલ કીડો.

पुष्पकेतन पु० કામદેવ.

पुष्पकेतु न० ફૂલમાંથી બનાવેલ એક અંજન–એક જાતનો સુરમો.

पुष्पकेतु पु० કામદેવ.

पुष्पगण्डिका स्त्री० ગુદામૈથુન.

पुष्पगिरि पु० ફૂલનો પર્વત–ઢગ.

पुष्पघातक पु० વાંસ.

पुष्पघातक त्रि० ફૂલોનો નાશ કરનાર.

पुष्पचय पु० ફૂલનો ઢગ.

पुष्पचाप पु० કામદેવ.

पुष्पचामर पु० મીંઢળનું ઝાડ, નેતરનું ઝાડ.

पुष्पज न० ફૂલનો રસ–મધ.

पुष्पज त्रि० ફૂલમાંથી ઉત્પન્ન થયેલ.

पुष्पद पु० ઝાડ.

पुष्पदंष्ट्र पु० એક જાતનો નાગ.

पुष्पदन्त पु० વાયવ્ય કોણનો એક દિગ્ગજ, તે નામે એક વિદ્યાધર, તે નામે એક જૈન તીર્થંકર, તે નામે એક નાગ, તે નામે વૈષ્ણવ અનુચર, નગરના દ્વારનો અધિપતિ, નગરનો દરવાન.

पुष्पदन्तक पु० 'महिम्नः पारं ते' એ શિવસ્તોત્રનો રચનાર એક ગંધર્વ.

पुष्पदामन् न० ફૂલની માળા, તે નામે છંદ.

पुष्पद्रव पु० ફૂલનો રસ–મધ.

पुष्पध पु० જ્ઞાતિ બહાર થયેલ બ્રાહ્મણનો પુત્ર.

पुष्पधी स्त्री० જ્ઞાતિ બહાર થયેલ બ્રાહ્મણની પુત્રી.

पुष्पधनुस् पु० કામદેવ.

पुष्पधन्वन् पु० કામદેવ.

पुष्पधारण पु० વિષ્ણુ.

पुष्पधारिन् त्रि० ફૂલ ધારણ કરનાર.

ष्पनिरीक्ष पु० ભમરો.

पुष्पनिक्षी स्त्री० ભમરી.

पुष्पनिकर पु० ફૂલનો સમૂહ.

पुष्पनिचय पु० ફૂલનો સમૂહ.

पुष्पनिर्यास पु० ફૂલનો રસ–મકરંદ.

पुष्पनेत्र न० ફૂલનું બનાવેલ નેત્ર.

पुष्पन्धय पु० ભમરો.

पुष्पन्धय त्रि० ફૂલના રસને પીનાર.

पुष्पन्धयी स्त्री० ભમરી.

पुष्पपत्र न० નવું પાંદડું.

पुष्पपत्रिका स्त्री० એક જાતનું શાક.

पुष्पपत्रिन् पु० કામદેવ.

पुष्पपथ पु० સ્ત્રીઓના ઋતુરજને નીકળવાનું દ્વાર–યોનિ.

पुष्पपाण्डु पु० એક જાતનો સર્પ.

पुष्पपिण्ड पु० આસોપાલવનું ઝાડ.

पुष्पपुर न० પાટલિપુત્ર નગર, કુસમપુર, હાલનું પટના શહેર.

पुष्पप्रचय पु० લાકડી વગેરેથી ફૂલ લેવાં તે.

पुष्पप्रचय पु० ચોરીને ફૂલ લેવાં તે.

पुष्पप्रचाय पु० હાથવતી ફૂલ વીણવાં તે.

पुष्पप्रचायिका स्त्री० અનુક્રમે ફૂલ વીણવાં-ચુંટવાં.

पुष्पफल पु० કોઠનું ઝાડ, કોહળું.

पुष्पबाण पु० કામદેવ.

पुष्पभद्रक न० તે નામે સ્વર્ગનો બગીચો.

पुष्पभव न० પુષ્પનો રસ.

पुष्पभूषित त्रि० ફૂલવડે શણગારેલ.

पुष्पभूषित न० સાહિત્યદર્પણપ્રસિદ્ધ એક રૂપકપ્રકરણ.

पुष्पमञ्जरिका स्त्री० શ્યામ કમળ.

पुष्पमय त्रि० ઘણા ફૂલવાળું, ફૂલમય.

पुष्पमास पु० ચૈત્ર મહિનો, વસંતકાળ.

पुष्परक्त पु० સૂર્યમણિ નામે એક વૃક્ષ.

पुष्परजस् न० ફૂલની રજ.

पुष्परथ पु० ફૂલનો બનાવેલ રથ.

पुष्परस पु० ફૂલનો રસ-મકરંદ.

पुष्परसाह्वय न० મધ.

पुष्पराग पु० પોખરાજ મણિ.

पुष्पराग पु० ફૂલનો રંગ.

पुष्पराज पु० પોખરાજ મણિ.

पुष्परेणु पु० ફૂલની રજ-પરાગ.

पुष्परोचन पु० નાગકેસર.

पुष्पलक पु० ખીલો, ખૂંટો.

पुष्पलाव त्रि० ફૂલ ચૂંટનાર.

पुष्पलाव पु० માળી.

पुष्पलाविन् पु० માળી.

पुष्पलाविनी स्त्री० માલણ.

पुष्पलावी स्त्री० માલણ.

पुष्पलिह् पु० ભમરો.

पुष्पलिह पु० ભમરો.

पुष्पवत् त्रि० ફૂલવાળું.

पुष्पवत् पु० द्वि० સૂર્ય-ચંદ્ર.

पुष्पवती स्त्री० ઋતુમતી સ્ત્રી-અભડાયલી સ્ત્રી.

पुष्पवन्त पु० द्वि० સૂર્ય-ચંદ્ર.

पुष्पवर्ग सु० સુશ્રુત ગ્રંથમાં કહેલ અમુક અમુક ફૂલનો સમૂહ.

पुष्पवर्ष पु० ફૂલનો વરસાદ.

पुष्पवर्षण न० ઉપરનો અર્થ.

पुष्पवाटिका स्त्री० ફૂલની વાડી.

पुष्पवाटी स्त्री० ફૂલની વાડી.

पुष्पवाण पु० કામદેવ, તે નામે એક દૈત્ય, સાહિત્યપ્રસિદ્ધ નાયકભેદ.

पुष्पवाहन पु० તે નામે એક રાજા.

पुष्पवाहिनी स्त्री० તે નામે એક નદી.

पुष्पवृष्टि स्त्री० ફૂલનો વરસાદ.

पुष्पशकटी स्त्री० દેવતાઇ વાણી.

पुष्पशकलिन् पु० એક જાતનો સર્પ.

पुष्पशर पु० કામદેવ.

पुष्पशरासन पु० કામદેવ.

पुष्पशालिन् त्रि० ફૂલવાળું.

पुष्पशून्य पु० ઉંબરાનું ઝાડ.

पुष्पशून्य त्रि० ફૂલ વગરનું.

पुष्पशून्या स्त्री० જેને ઋતુધર્મ નથી આવેલ તેવી સ્ત્રી.

पुष्पशोभा स्त्री० ફૂલની શોભા.

पुष्पश्री स्त्री० ફૂલની શોભા.

पुष्पस पु० હૃદયના ડાબા ભાગમાં હોનાર ફેફસું.

पुष्पसमय पु० વસંત ઋતુ.

पुष्पसार पु० ફૂલનો રસ-મધ, તુલસી.

पुष्पसौरभा स्त्री० જેના ફૂલમાં સુગંધ હોય છે તે-कलिकारी વૃક્ષ.

पुष्पस्वेद पु० પુષ્પનો રસ-મકરંદ.

पुष्पहास पु० વિષ્ણુ, ફૂલનું ઉઘડવું-ખીલવું.

पुष्पहासा स्त्री० રજસ્વલા સ્ત્રી.

पुष्पहीन पु० ફૂલ વગરનું ઝાડ.

पुष्पहीना स्त्री० રજોદર્શન વિનાની સ્ત્રી, ઉંબરાનું ઝાડ.

पुष्पा स्त्री० ચંપાપુરી-હાલનું ભાગલપુર.

पुष्पाकर पु० વસંત ઋતુ.

पुष्पागम पु० વસંત ઋતુ.

पुष्पाजीव पु० માળી.

पुष्पाजीविन् पु० માળી.

पुष्पाजीविनी स्त्री० માલણ.

पुष्पाजीवी स्त्री० માલણ.

पुष्पाञ्जन न० ફૂલમાંથી બનતું એક જાતનું અંજન.

पुष्पाञ्जलि पु० ફૂલનો ભરેલો ખોબો.

पुष्पाञ्जली स्त्री० ઉપરનો અર્થ.

पुष्पानन पु० એક જાતનો દારૂ.

पुष्पाम्बुज न० ફૂલનો રસ-મકરંદ.

पुष्पायुध पु० કામદેવ.

पुष्पार्ण पु० તે નામે એક રાજા.

पुष्पावचायिन् पु० માળી.

पुष्पासव न० મધ.

पुष्पास्त्र पु० કામદેવ.

पुष्पाह्वा स्त्री० શતપુષ્પા નામે વનસ્પતિ.

पुष्पिका स्त्री० દાંતનો મેલ, લિંગનો મેલ.

पुष्पित त्रि० પુષ્પવાળું થયેલ, પુષ્પથી ફૂલેલ, ખીલેલ, વિકસેલ.

पुष्पिताग्रा स्त्री० તે નામે એક છંદ.

पुष्पिणी स्त्री० રજસ્વલા સ્ત્રી.

पुष्पिन् त्रि० ફૂલવાળું.

पुष्पेषु पु० કામદેવ.

पुष्पोत्कटा स्त्री० તે નામે એક રાક્ષસી-જે રાવણ તથા કુંભકર્ણની માતા હતી.

पुष्य् कण्ड्वा० प० स० सेट् વિકસવું.ખીલવું

पुष्य पु० સત્યાવીસ નક્ષત્રોપૈકી ૮ મું નક્ષત્ર, પોષ મહિનો, કલિયુગ.

पुष्यनेत्रा स्त्री० જે રાત્રિમાં આદિથી અંત સુધી પુષ્ય નક્ષત્ર હોય છે તે રાત્રિ.

पुष्यरथ पु० યાત્રા માટેનો રથ.

पुष्यलक पु० કસ્તૂરી મૃગ, બૌદ્ધ સાધુ, દિગંબર જૈન સાધુ, ખીલો, ખૂટો.

पुष्यलकी स्त्री० કસ્તૂરી મૃગલી.

पुष्यस्नान न० જે કાળે પુષ્ય નક્ષત્ર હોય તે કાળે સ્નાન.

पुष्या स्त्री० પુષ્ય નક્ષત્ર.

पुष्यानुग न० વૈદ્યકપ્રસિદ્ધ એક ચૂર્ણ.

पुष्याभिषेक पु० पुष्यस्नान જુઓ.

पुष्यार्क पु० પુષ્ય નક્ષત્ર ભોગવનાર સૂર્ય.

पुस् चु० ઉભ० स० सेट् મર્દન કરવું, હાનિ કરવી.

पुस्त् चु० ઉ० स० सेट् બાંધવું, અનાદર કરવો.

पुस्त न० માટી-લાકડું-વસ્ત્ર-ચામડું-લોઢું કે રત્ન-એથી કરેલી કોઇ કારીગરી.

पुस्तक न० પુસ્તક, ચોપડી, પોથી.

पुस्तकमुद्रा स्त्री० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ મુદ્રા.

पुस्तककर्मन् त्रि०ગ્રંથ લખવાનું કામકરનાર.

पुस्तकी स्त्री० પુસ્તક, ચોપડી, પોથી.

पू दिवा० आ० स० सेट् શુદ્ધ કરવું, પવિત્ર કરવું, સાફ કરવું.

पू भ्वा० आ० स० सेट् ઉપરના અર્થ.

पू क्र्या० ઉ० स० सेट् શુદ્ધ કરવું, પવિત્ર કરવું, સાફ કરવું.

पूग पु० સોપારીનું ઝાડ, સમૂહ, છન્દ, ભાવ, ફણસનું ઝાડ.

पूग न० સોપારીનું ફળ.

पूगपात्र न० પિકદાની, થુંકવાનું પાત્ર.

पूगपीठ पु० ઉપરનો અર્થ.

पूगपीठ न० पूगपात्र જુઓ.

पूगपुष्पिका स्त्री० વિવાહોત્સવમાં અપાતાં પાનબીડાં-હાર-તોરા વગેરેનું કર્મ, પાનલેણું.

पूगरोट पु० हिंताल નામે એક ઝાડ.

पूगरोटक पु० ઉપરનો અર્થ.

पूगीकृत त्रि० ઢગલો કરેલ, એકઠું કરેલ.

पूगीभूत त्रि० ઢગલો થયેલ, એકઠું થયેલ.

पूग्य त्रि० સમૂહમાં હોનાર, સોપારીમાં હોનાર-થનાર.

पूज् चु० ઉ० स० सेट् પૂજવું.

पूजक त्रि० પૂજા કરનાર, પૂજારી.

पूजन न० પૂજવું, પૂજા કરવી.

पूजनी स्त्री० તે નામે એક ચકલી-જેની કથા મહાભારતના શાંતિપર્વમાં છે.

पूजनीय त्रि० પૂજવા યોગ્ય.

पूजयितृ त्रि० પૂજા કરનાર.

पूजा स्त्री० પૂજવું, પૂજા કરવી.

पूजाधार पु० દેવોના પૂજનનો આધાર પાણી વગેરે.

पूजार्ह त्रि० પૂજવા યોગ્ય, માન્ય.

पूजित त्रि० પૂજેલ, પૂજા કરેલ.

पूजिल पु० દેવ.

पूजिल त्रि० પૂજવા યોગ્ય, પૂજ્ય.

पूज्य त्रि० ઉપરના અર્થ.

पूज्यता स्त्री० પૂજવા યોગ્યપણું.

पूज्यत्व न० ઉપરનો અર્થ.

पूज्यमान त्रि० પૂજાતું.

पूण् चु० उभ० स० सेट् ઢગલો કરવો, એકઠું કરવું.

पूत न० ફોતરાં કાઢી ઢગલો કરેલ ધાન્ય, સત્ય.

पूत त्रि० વ્રત વગેરેથી શુદ્ધ, પવિત્ર.

पूत पु० શંખ, ધોળો દર્ભ, विकङ्कत વૃક્ષ.

पूतक्रतायी स्त्री० ઇન્દ્રાણી.

पूतक्रतु पु० ઇન્દ્ર.

पूतगन्ध पु० वर्वर-એક જાતની તુલસી.

पूततृण न० ધોળો દર્ભ.

पूतद्रु पु० ફણસનું ઝાડ, ખાખરાનું ઝાડ.

पूतधान्य न० તલ.

पूतना स्त्री० એક જાતની હરડે, ગંધમાંસી વનસ્પતિ, કંસની એક ધાવ-જે ઝેર ચોપડેલ સ્તન કરી કૃષ્ણનો પ્રાણ લેવા આવી હતી, તે નામે એક બાલગ્રહ.

पूतनानिषूदन पु० શ્રીકૃષ્ણ.

पूतनाराति पु० વાસુદેવ શ્રીકૃષ્ણ.

पूतनारि पु० ઉપરનો અર્થ.

पूतनारिपु पु० શ્રીકૃષ્ણ.

पूतनाशत्रु पु० શ્રીકૃષ્ણ.

पूतनासूदन पु० શ્રીકૃષ્ણ.

पूतनाहन् पु० શ્રીકૃષ્ણ.

पूतफल पु० ફણસ.

पूतभृत् पु० સોમરસ ભરવાનું એક જાતનું પાત્ર.

पूतयव अव्य० જ્યાં ફોતરાં કાઢી નાંખેલ જવ હોય તેવું ખળું વગેરે.

पूता स्त्री० દૂર્વા-ધ્રોખડ.

पूतात्मन् त्रि० પવિત્ર આત્માવાળું, શુદ્ધ અંતઃકરણવાળું, શુદ્ધ શરીરવાળું.

पूतात्मन् पु० વિષ્ણુ.

पूति न० रोहिषतृण નામે એક ઘાસ, પવિત્રતા, દુર્ગન્ધ.

पूति त्रि० દુર્ગંધવાળું.

पूतिक न० વિષ્ટા.

पूतिक पु० દુર્ગંધી એક કરંજ વૃક્ષ.

पूतिकरज पु० ઉપરનો અર્થ.

पूतिकरञ्ज पु० पूतिक पु० જુઓ.

पूतिकर्ण पु० એક જાતનો કાનનો રોગ.

पूतिकर्णक पु० ઉપરનો અર્થ.

पूतिका स्त्री० એક જાતનું શાક, मार्जाली જુઓ.

पूतिकामुख पु० शम्बूक જુઓ.

पूतिकाष्ठ न० દેવદારનું ઝાડ.

पूतिकाष्ठक पु० સરલ વૃક્ષ.

पूतिकीट पु० એક જાતનો કીડો.

पूतिकेश्वरतीर्थ न० તે નામે એક તીર્થ.

पूतिगन्ध पु० ગંધક, ઇંગોરીયાંનું ઝાડ, દુર્ગન્ધ.

पूतिगन्ध न० કલઈ.

पूतिगन्धा स्त्री० તે નામે એક વનસ્પતિ.

पूतिगन्धि त्रि० દુર્ગંધવાળું.

पूतिगन्धिक त्रि० દુર્ગંધવાળું.

पूतिगन्धिका स्त्री० એક જાતનું શાક.

पूतिघास पु० સુશ્રુત ગ્રંથમાં વર્ણવેલ એક પ્રાણી.

पूतितैला स्त्री० માલકાંકણી.

पूतिनस्य न० એક જાતનો નાકનો રોગ.

पूतिनासिक त्रि० દુર્ગંધી નાકવાળું.

पूतिपत्त्र पु० શ્યોનાક ભેદ.

पूतिपुष्पिका स्त्री० मातुलुङ्गा બીજોરાંનું ઝાડ.

पूतिफला स्त्री० सोमराजी નામે વનસ્પતિ.

पूतिफली स्त्री० ઉપરનો અર્થ.

पूतिवर्बरी स्त्री० એક જાતની તુલસી.

पूतिभृङ्ग पु० એક જાતનો દુર્ગંધી ભમરો.

पूतिमयूरिका स्त्री० અજમોદા વનસ્પતિ.

पूतिमारुत पु० બીલીનું ઝાડ, દુર્ગંધી પવન.

पूतिमांस न० દુર્ગંધી માંસ.

पूतिमाष पु० ગોત્રપ્રવર એક ઋષિ.

पूतिमृत्तिक न० તે નામે એક નરક.

पूतिमेद पु० એક જાતનો દુર્ગંધી ખેર.

पूतिवक्त्र त्रि० દુર્ગંધી મુખવાળું.

पूतिवात पु० બીલીનું ઝાડ, દુર્ગંધી વાયુ.

पूतिवृक्ष पु० શ્યોનાક વૃક્ષ.

पूतिशारिजा स्त्री० તે નામે જંગલી જંતુ.

पूतिक पु० પૂતિકરંજ વૃક્ષ.

पूतीकरज पु० ઉપરનો અર્થ.

पूतीकरञ्ज पु० તે નામે એક વૃક્ષ.

पूतीका स्त्री० એક જાતનું શાક.

पूत्कार पु० પોકાર, બૂમ.

पूत्कारिन् त्रि० પોકાર કરનાર, બૂમ પાડનાર.

पूत्कारी स्त्री० નાગ લોકની રાજધાની, સરસ્વતી.

पूत्कृति स्त्री० પોકાર, બૂમ.

पूत्यण्ड पु० એક જાતનો દુર્ગંધી કીડો, કસ્તૂરી મૃગજાતિનો એક મૃગ.

पूथिका स्त्री० એક જાતનું શાક.

पून त्रि० વિનાશ પામેલ, ખોવાઈ ગયેલ.

पूप पु० પુડો, માલપુડો.

पूपला स्त्री० પુરી, પોળી.

पूपलिका स्त्री० ઉપરના અર્થ.

पूपशाला स्त्री० પૂડા–માલપુડા બનાવવાનું સ્થળ.

पूपली स्त्री० પૂરી, પોળી.

पूपालिका स्त्री० પૂરી, પોળી.

पूपाली स्त्री० पूपला જુઓ.

पूपाष्टका स्त्री० માગશર મહિનાની પૂનેમ પછી અંધારી આઠમે કરવાનું કહેલ એક શ્રાદ્ધ.

पूपिका स्त्री० पूपला જુઓ.

पूपीय त्रि० પુડાને માટેનો લોટ વગેરે.

पूप्य त्रि० ઉપરનો અર્થ.

पूय् भ्वा० आ० अ० स० सेट् દુર્ગંધ હોવી, દુર્ગંધાવું.

पूय न० ગુમડા વગેરેમાંથી નીકળેલ લોહી-વિકાર–પરૂ.

पूयन न० ઉપરનો અર્થ.

पूयनाशक पु० લીંબડો.

पूयमानयव अव्ययी० ફોતરાં વગરના કરાતા જવવાળું ખળું વગેરે.

पूयरक्त पु० એક જાતનો નાકનો રોગ.

पूयरक्त न० પરૂ સાથે લોહી.

पूयवर्द्धन पु० સુશ્રુતપ્રસિદ્ધ નવધાન્ય વગેરે એક દ્રવ્યવર્ગ.

पूयशोणित पु० पूयरक्त पु० જુઓ.

पूयशोणित न० पूयरक्त न० જુઓ.

पूयारि पु० લીંબડાનું ઝાડ.

पूयालस पु० સાંધામાં થનારો એક જાતનો રોગ.

पूयोद न० તે નામે એક નરક.

पूर् स्त्री० નગર, શહેર.

पूर् दि० आ० स० सेट् પૂરવું, ભરવું, પૂર્ણ કરવું, પ્રસન્ન કરવું.

पूर पु० પાણીનું પૂર, પુડો, માલપુડો, વ્રણશુદ્ધિ–ગુમડું વગેરે સાફ કરવું તે.

पूर न० એક જાતનું અગર.

पूरक त्रि० પૂર્ણ કરનાર, ભરનાર, પ્રસન્ન કરનાર.

पूरक पु० ગુણક અંક, બીજોરાનું ઝાડ, પ્રાણાયામ વેળા બહારના પ્રાણવાયુને નાકથી આકર્ષી શરીરમાં દાખલ કરવાની ક્રિયા, પોતાના સૂતક સમયમાં આપવાનો પ્રેતનો દેહપૂરક પિંડ.

पूरकाह्व पु० બીજોરાનું ઝાડ.

पूरकृत त्रि० પૂરવડે કરેલ, પૂર્ણ કરેલ.

पूरण न० વિષ્ણુતૈલ, ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ ગુણાકાર, વૃષ્ટિ, વરસાદ, कुटन्नट જુઓ.

पूरण पु० वापतन्तु જુઓ, સેતુ, પૂલ, સમુદ્ર, શીમળાનું ઝાડ.

पूरण त्रि० પૂરણ કરનાર, ભરનાર, પ્રસન્ન કરનાર.

पूरणी स्त्री० પૂર્ણ કરનારી સંખ્યા.

पूरयत् त्रि० પૂર્ણ કરતું, ભરતું, પ્રસન્ન કરતું.

पूरयितृ त्रि० પૂર્ણ કરનાર, ભરનાર, પ્રસન્ન કરનાર.

पूरयितृ पु० વિષ્ણુ.

पूरयित्वा अव्य० પૂર્ણ કરીને, ભરીને.

पूराम्ल पु० वृक्षाम्ल જુઓ.

पूरिक पु० પોરણપોળી, પૂડો.

पूरिका स्त्री० પુરી, પોળી.

पूरित त्रि० પૂર્ણ કરેલ, ભરેલ, ગુણેલ.

पूरिन् त्रि० પૂર્ણ કરનાર, ભરનાર, સંપૂર્ણ કરનાર.

पूरी स्त्री० નગર, શહેર.

पूरु पु० ब० व० મનુષ્ય.

पूरु पु० વૈરાજ મનુનો એક પુત્ર, જહ્નુનો એક પુત્ર, તે નામે એક રાક્ષસ, યયાતિનો એક પુત્ર.

पूरुष पु० પુરૂષ, નર, મર્દ.

पूर्ण त्रि० પુરૂં, પૂર્ણ, સંપૂર્ણ, સમગ્ર.

पूर्ण पु० અપેક્ષાશૂન્ય, સર્વ પ્રકારે ઇચ્છાશૂન્ય, પરમાત્મા, પક્ષીઓનો એક પ્રકારનો સ્વર, તે નામે એક નાગ, તે નામે દેવગંધર્વ.

पूर्ण न० પાણી.

पूर्णक पु० સોનેરી કલગીવાળું એક પક્ષી, કુકડો, ચાસ પક્ષી.

पूर्णक त्रि० पूर्ण त्रि० જુઓ.

पूर्णककुद् पु० તરૂણ બળદ.

पूर्णककुद पु० ભરાવદાર ખાંધવાળો બળદ.

पूर्णकाकुद त्रि० પૂર્ણ તાળવાવાળું.

पूर्णकाम पु० પરમેશ્વર.

पूर्णकाम त्रि० જેની કામના પૂર્ણ થઇ હોય તે.

पूर्णकुट पु० એક જાતનું પક્ષી.

पूर्णकुटी स्त्री० એક જાતની પક્ષિણી.

पूर्णकूट पु० पूर्णकुट જુઓ.

पूर्णकूटी स्त्री० पूर्णकुटी જુઓ.

पूर्णकुम्भ पु० જળ વગેરેથી ભરેલ ઘડો, તે નામે એક દાનવ

पूर्णकोशा स्त्री० તે નામે એક ઔપધિ.

पूर्णकोष्ठा स्त्री० નાગરમોથ.

पूर्णचन्द्र पु० પૂનમનો ચંદ્ર-સંપૂર્ણ ચંદ્ર.

पूर्णता स्त्री० પૂર્ણપણું.

पूर्णत्व न० પૂર્ણપણું.

पूर्णपर्वेन्दु स्त्री० પૂનેમ.

पूर्णपात्र न० વધામણામાં વસ્ત્રાલંકારથી ભરપૂર કરી આપવામાં આવતું પાત્ર, વધાઇ.

पूर्णप्रज्ञ त्रि० સંપૂર્ણ બુદ્ધિવાળું.

पूर्णप्रज्ञ पु० વાયુનો ત્રીજો અવતાર, વૈષ્ણવ મતભેદનો સ્થાપક એક આચાર્ય.

पूर्णबीज पु० બીજોરૂં.

पूर्णभद्र पु० તે નામે એક નાગ, તે નામે એક યક્ષ.

पूर्णभा स्त्री० પૂનેમ.

पूर्णमास् स्त्री० પૂનેમ.

पूर्णमास् पु० સૂર્ય, ચંદ્ર, આકડાનું ઝાડ, કપૂર.

पूर्णमास पु० પૂનેમને દિવસે કરવાનો યાગ.

पूर्णमासी स्त्री० પૂનેમ.

पूर्णमुख पु० જનમેજયના સર્પસત્રમાં બળી ગયેલ એક નાગ.

पूर्णयोग पु० એક પ્રકારનું બાહુયુદ્ધ.

पूर्णवैनाशिक पु० સર્વ શૂન્યત્વવાદી એક બૌદ્ધ.

पूर्णहोम पु० પૂર્ણ આહુતિ.

पूर्णा स्त्री० પાંચમ-દશમ-પૂનેમ એ તિથિઓ.

पूर्णाङ्गद पु० તે નામે એક નાગ.

पूर्णानक न० पूर्णपात्र જુઓ.

पूर्णालक न० पूर्णपात्र જુઓ.

पूर्णानन्द पु० પરમેશ્વર, મંત્રપ્રકરણકાર તે નામે એક વિદ્વાન.

पूर्णाभिषेक पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક અભિષેક.

पूर्णायुस् પુ૦ તે નામે એક ગંધર્વ–પ્રાધેય ગંધર્વભેદ.

पूर्णायुस् ન૦ સો વર્ષનો પૂર્ણજીવનકાળ.

पूर्णायुस् त्रि० પૂર્ણ આયુષવાળું.

पूर्णावतार પુ૦ નૃસિંહ, રામ, શ્રીકૃષ્ણ.

पूर्णाशा स्त्री० તે નામે એક નદી.

पूर्णाहुति स्त्री० પૂર્ણ આહુતિ, હોમનીસમાપ્તિ.

पूर्णि स्त्री० પૂર્તિ, પૂનેમ.

पूर्णिका स्त्री० તે નામે એક પક્ષી.

पूर्णिमा स्त्री० પૂનેમ, મરીચીની એક કન્યા.

पूर्णिमारात्रि स्त्री० પૂનેમની રાત.

पूर्णेन्दु પુ૦ પૂર્ણ ચંદ્ર.

पूर्णोत्कट પુ૦ પૂર્વમાં આવેલ એક દેશ.

पूर्णोपमा स्त्री० તે નામે એક ઉપમાલંકાર.

पूर्त त्रि० પૂર્ણ કરેલ, ઢંકાયેલ, પાળેલ.

पूर्त्त ન૦ પાળવું, ખાત વગેરે કર્મ–વાવ–કુવા–દેવમંદીર બંધાવવાં તે.

पूर्त्ति स्त्री० પૂરવું, પૂર્ણ કરવું, ભરવું, ગુણવું.

पूर्त्तिन् त्रि० પૂર્ણ કરનાર, ભરનાર, જેણે પૂર્ણ કરેલ હોય તે, જેણે વાવ–કુવા વગેરે બંધાવ્યાં હોય તે.

पूर्द्वार ન૦ શહેરનો દરવાજો.

पूर्धि भ्वा० प० स० सेट् યાચના કરવી, માગવું.

पूर्भिद्य ન૦ નગરનો નાશ.

पूर्य त्रि० પૂર્ણ કરવા યોગ્ય, પાળવા યોગ્ય.

पूर्व् चु० उभ० सेट् નિમંત્રણ કરવું स० નિવાસ કરવો अ०

पूर्व् भ्वा० प० सेट् ઉપર પ્રમાણે.

पूर्व त्रि० પૂર્વનું, પહેલાંનું, પૂર્વ દિશાનું, પૂર્વ તરફનું, પ્રથમ.

पूर्व પુ૦ बहु० પૂર્વજો.

पूर्वक त्रि० पूर्व त्रि० જુઓ.

पूर्वकर्मन् ન૦ પ્રથમ કર્મ.

पूर्वकाय પુ૦ શરીરનો આગળનો ભાગ.

पूर्वकाल પુ૦ પ્રથમનો કાળ, પૂર્વનો સમય.

पूर्वकालिक त्रि० પૂર્વના કાળમાં સાધ્ય, અગાઉના સમયમાં સાધ્ય.

पूर्वकालीन त्रि० પૂર્વકાળમાં હોનાર–થનાર.

पूर्वकाष्ठा स्त्री० પૂર્વ દિશા.

पूर्वकृत् પુ૦ પૂર્વ દિશાને સૂચવનાર સૂર્ય, પૂર્વ દિશાનો અધિપતિ ઇન્દ્ર.

पूर्वकोटि स्त्री० વિવાદવિષયમાં પ્રથમગ્રહણ કરેલ વિષય–પૂર્વપક્ષ.

पूर्वग त्रि० પૂર્વે જનાર, પૂર્વમાં હોનાર.

पूर्वगङ्गा स्त्री० નર્મદા નદી.

पूर्वगा स्त्री० ગોદાવરી નદી.

पूर्वचिति त्रि० પૂર્વના અનુભવનું વિષય, પૂર્વના સ્મરણવિષયનું.

पूर्वचित्ति स्त्री० તે નામે એક અપ્સરા.

पूर्वज त्रि० પૂર્વે ઉત્પન્ન થયેલ, પૂર્વના સમયમાં ઉત્પન્ન થયેલ.

पूर्वज પુ૦ મોટો ભાઇ, ચંદ્રલોકમાં રહેલ દિવ્ય પિતૃગણ.

पूर्वज પુ૦ बहु० વ૦ બાપદાદા વગેરે પૂર્વજ.

पूर्वजा स्त्री० મોટી બહેન.

पूर्वजिन પુ૦ મંજુઘોષ વગેરે પ્રાચીન જિન-તીર્થંકરો.

पूर्वतन त्रि० પૂર્વે હોનાર–થનાર, પૂર્વનું, અગાઉનું.

पूर्वतस् अव्य० પૂર્વમાંથી, પૂર્વ દિશામાં, પૂર્વમાં, પહેલાંથી.

पूर्वत्र अव्य० પૂર્વે, પૂર્વમાં.

पूर्वदक्षिण પુ૦ અગ્નિકોણમાં આવેલ દેશ.

पूर्वदक्षिणा स्त्री० પૂર્વ અને દક્ષિણ દિશાની વચ્ચેની દિશા–અગ્નિ ખૂણો.

पूर्वदिक्पति પુ૦ઇન્દ્ર, મેષ-સિંહ વગેરે રાશિ.

पूर्वदिगीश પુ૦ ઉપરના અર્થ.

पूर्वदिग्बल ન૦ અમુક કાળે સૂર્ય વગેરે ગ્રહોનું પૂર્વમાં હોનાર બળ.

पूर्वदिग्वदन ન૦ મેષ-સિંહ-ધન-એ ત્રણરાશિ.

पूर्वदिश् स्त्री० પૂર્વ દિશા.

पूर्वदिष्ट त्रि० પૂર્વના ભાગ્યાનુસારે થયેલ દુઃખ વગેરે, પૂર્વે કરેલ.

पूर्वदेव पु० અસુર.

पूर्वदेव पु० द्वि० નર નારાયણ.

पूर्वदेवता स्त्री० અનાદિ કાળથી દેવભાવવાળા પિતૃઓ.

पूर्वदेश पु० પૂર્વમાં રહેલ દેશ, જંબુદ્વીપમાં રહેલ અમુક દેશ.

पूर्वनदी स्त्री० પૂર્વદિશામાં આવેલી નદી.

पूर्वनादेय त्रि० પૂર્વદિશામાં આવેલી નદીમાં હોનાર–થનાર.

पूर्वपक्ष पु० શુક્લપક્ષ, અજવાળીયું, શાસ્ત્રીય સંશય દૂર કરવા માટે પ્રશ્ન–ફક્કિકા, સિદ્ધાંતવિરૂદ્ધ કોટી.

पूर्वपक्षपाद पु० ચાર પાદવાળા વ્યવહારોમાંનો પ્રથમપાદ.

पूर्वपद न० પૂર્વમાં રહેલ વિભક્તિવાળું પદ, પૂર્વમાં રહેલ સ્થાન, પ્રથમનું સ્થાન.

पूर्वपदिक त्रि० પૂર્વપદને ભણનાર કે જાણનાર.

पूर्वपर्वत पु० ઉદયાચલ પર્વત.

पूर्वपाञ्चालक त्रि० પૂર્વ પંચાલ દેશમાં હોનાર-થનાર.

पूर्वपाटलिपुत्रक त्रि० પૂર્વ પાટલિપુત્ર નગરમાં હોનાર–થનાર.

पूर्वपाद पु० શ્લોક વગેરેનું પહેલું ચરણ.

पूर्वपालिन् पु० પૂર્વના દેશનો એક રાજા, પૂર્વ દિશાનો સ્વામી ઈન્દ્ર.

पूर्वपितामह पु० પ્રપિતામહ–પિતાના પીતાનો પિતા.

पूर्वपीठिका स्त्री० કથાગ્રંથની અમુક અવતરણિકા.

पूर्वपुरुष पु० પિતા–પિતામહ–પ્રપિતામહ–એ ત્રણ પુરૂપ.

पूर्वपूरुष पु० ઉપરનો અર્થ.

पूर्वपूर्व त्रि० પૂર્વ પૂર્વનું.

पूर्वप्रवृत्त त्रि० પૂર્વ કાળે ચાલુ થયેલ, પ્રથમ પ્રવતલ.

पूर्वफल्गुनी स्त्री० સત્યાવીસ નક્ષત્રોપૈકી અગીઆરમું નક્ષત્ર.

पूर्वफल्गुनीभव पु० બૃહસ્પતિ.

पूर्वभद्रपद पु० નીચેનો અર્થ.

पूर्वभद्रपदा स्त्री० સત્યાવીસ નક્ષત્રોપૈકી પચીસમું નક્ષત્ર.

पूर्वभव पु० પૂર્વનો જન્મ.

पूर्वभाद्रपदा स्त्री० પૂર્વભદ્રપદા જુઓ.

पूर्वभाव पु० ન્યાયપ્રસિદ્ધ પૂર્વવૃત્તિત્વ કારણત્વ, પૂર્વનો ભાવ–અસ્તિત્વ.

पूर्वभाविन् त्रि० પ્રથમ વર્તનાર પદાર્થમાત્ર. પૂર્વે હોનાર પદાર્થ માત્ર.

पूर्वभाविन् न० કારણ.

पूर्वभुक्ति स्त्री० પૂર્વનો ભોગવટો, પહેલાંનો ઉપભોગ, પ્રથમ ભોજન.

पूर्वयक्ष पु० જૈનમતે મણિભદ્ર વગેરે પૂર્વનાયક્ષ.

पूर्वरङ्ग पु० નાટકના આરંભમાં સૂત્રધાર વગેરેથી ભણવામાં આવતો મંગળનિમિત્તે નાંદીપાઠ.

पूर्वराग पु० નાયક–નાયિકાના મેળાપ પછી પ્રથમ થયેલ સ્નેહ.

पूर्वरात्र पु० રાત્રિનો પૂર્વભાગ.

पूर्वरूप न० તે નામે એક અર્થાલંકાર, ભાવી રોગની પહેલાં થયેલ અમુક લક્ષણ.

पूर्वलक्षण न० પ્રથમનું લણક્ષ, પહેલું ચિન્હ.

पूर्ववत् अव्य० પૂર્વની પેઠે, પ્રથમની સમાન.

पूर्ववयस् न० પ્રથમની વય–બાલ્યાવસ્થા.

पूर्ववयस् त्रि० પ્રથમની વયવાળું–બાળક.

पूर्ववर्तिन् त्रि० પૂર્વે હોનાર-થનાર.

पूर्ववर्तिन् न० અન્યથાસિદ્ધિશૂન્ય કારણ.

पूर्ववाद पु० પૂર્વપક્ષવાદ–વ્યવહારમાં રાજા વગેરેની પાસે પ્રથમ જણાવવું.

पूर्ववादिन् त्रि० પૂર્વપક્ષવાદી–વ્યવહારમા રાજા વગેરેની પાસે પ્રથમ જણાવનાર.

पूर्ववार्षिक त्रि० વર્ષાઋતુના પૂર્વભાગમાં હોનાર-થનાર.

पूर्ववाह् पु० પૂર્વ વયમાં વહેનાર.

पूर्वविद् त्रि० પૂર્વને જાણનાર, પ્રથમનું જાણનાર.

पूर्ववृत्त न० ઇતિહાસ.

पूर्वशारद त्रि० શરદ ઋતુની પૂર્વે હોનાર.

पूर्वशैल पु० ઉદયાચલ પર્વત.

पूर्वसक्थ न० સાથળનો પૂર્વભાગ.

पूर्वसर त्रि० પૂર્વ સન્મુખ થઇને જનાર.

पूर्वसमुद्र पु० પૂર્વમાં આવેલ સમુદ્ર.

पूर्वसागर पु० ઉપરનો અર્થ.

पूर्वसार त्रि० પૂર્વ દેશ તરફ જનાર, પૂર્વ તરફ જનાર.

पूर्वा स्त्री० પૂર્વ દિશા.

पूर्वाचरित त्रि० પૂર્વે આચરેલ, પ્રથમ કરેલ.

पूर्वातिथि पु० તે નામે ગોત્રપ્રવર્તક ઋષિ.

पूर्वादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ સર્વનામ એક શબ્દગણ.

पूर्वाद्रि पु० ઉદયાચલ પર્વત.

पूर्वानिल पु० પૂર્વનો વાયુ.

पूर्वानुयोग पु० પાંચ પ્રકારના દૃષ્ટિવાદોપૈકી એક દૃષ્ટિવાદ.

पूर्वापर त्रि० પૂર્વ કે પશ્ચિમ દેશનું, આગળ પાછળનું.

पूर्वापर्य न० પૂર્વ પશ્ચિમપણું, આગળપાછળપણું.

पूर्वापहाना स्त्री० પૂર્વે હીન થનાર.

पूर्वार्ध न० પહેલો અર્ધભાગ.

पूर्वार्ध्य न० પહેલા અર્ધભાગમાં હોનાર.

पूर्वावतार पु०પ્રથમપ્રવેશ,પ્રથમનો અવતાર.

पूर्वावेदक त्रि०પ્રથમ જણાવનાર વાદી વગેરે.

पूर्वावेदिन् त्रि० ઉપરના અર્થ.

पूर्वाश्रम पु० પ્રથમનો આશ્રમ.

पूर्वाषाढा स्त्री० સત્યાવીસ નક્ષત્રોમાંનું ૨૦ મું નક્ષત્ર.

पूर्वाह्ण पु० દિવસનો પૂર્વભાગ.

पूर्वाह्णतन त्रि० દિવસના પૂર્વભાગમાં હોનાર-થનાર, દિવસનો પૂર્વભાગ સહન કરનાર.

पूर्वाह्णिक त्रि० દિવસના પૂર્વભાગમાં સાધ્ય કર્મ વગેરે.

पूर्वाह्णेतन त्रि० पूर्वाह्णतन જુઓ.

पूर्विक त्रि० પૂર્વનું, પહેલાનું.

पूर्विन् त्रि० પૂર્વે ક્રિયા કરનાર, પ્રથમ ક્રિયા કરનાર.

पूर्वेण अव्य० પૂર્વે, પૂર્વ દિશા-દેશ-કાળમાં.

पूर्वेद्युस् अव्य० પૂર્વ દિવસે, આગલો દિવસ.

पूर्वेषुकामशमी स्त्री० પૂર્વ દિશામાં આવેલું એક શહેર.

पूर्वोक्त त्रि० પ્રથમ કહેલ.

पूर्वोत्तरा स्त्री० પૂર્વ અને ઉત્તર દિશાની વચ્ચેની દિશા-ઈશાનકોણ.

पूर्वोदित त्रि० પ્રથમ કહેલ, પૂર્વે ઉદય પામેલ.

पूर्व्य त्रि० પૂર્વજોએ કરેલ, પૂર્વના વિદ્વાનોએ કરેલ પુરાણ વગેરે.

पूल् चु० उ० स० सेट् ઢગલો કરવો, એકઠું કરવું.

पूल् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

पूलक पु० ઘાસ વગેરેનો પૂળો, ઘાસ વગેરેની ગંજી.

पूलाक पु० તુચ્છ ધાન્ય.

पूलास त्रि० ઘાસ વગેરેની ગંજીને જૂદી પાડનાર-દૂર કરનાર.

पूलासककुण्ड त्रि० કુંડામાંથી કે કુંડમાંથી ઘાસ વગેરે દૂર કરનાર.

पूलिका स्त्री० પુરી, પોળી.

पूष् भ्वा० प० सेट् વૃદ્ધિ પામવી, વધવું अ०

पूष पु० બ્રહ્મદાર વૃક્ષ.

पूषक पु० ઉપરનો અર્થ.

पूषण त्रि० પૃથ્વીનું, પૃથ્વીસંબંધી.

पूषणा स्त्री० તે નામે કાર્તિકસ્વામીની અનુચર માતૃકા.

पूषण्वत् त्रि० સૂર્યવાળું, પૃથ્વીવાળું.

पूषदन्तहर पु० દક્ષપ્રજાપતિના યજ્ઞસમયે પૂષા દેવના દાંત ઉખાડી પાડનાર શિવાનુચર વીરભદ્ર.

पूषध्र पु० વૈવસ્વત મનુનો એક પુત્ર.

पूषन् पु० સૂર્ય, તે નામે એક આદિત્ય દેવ, આકડાનું ઝાડ.

पूषन् स्त्री० પૃથ્વી.

पूषभासा स्त्री० ઇન્દ્રની નગરી.

पूषराति पु० સૂર્ય જે આપી શકે છે તે એક વસ્તુ.

पूषात्मज पु० મેઘ, ઇન્દ્ર.

पूषासुहृत् पु० શિવ.

पृ तु० आ० अ० अनिट् વ્યાપાર કરવો, કામ વગેરેમાં ગુંથાવું.

पृ स्वा० प० अनिट् પ્રસન્ન થવું अ० પ્રસન્ન કરવું स०

पृ जु० प० स० अनिट् પાલન કરવું, પૂર્ણ કરવું, ભરવું.

पृ चु० उभ० स० सेट् પૂર્ણ કરવું, ભરવું.

पृक्का स्त्री० એક જાતનું શાક.

पृक्त त्रि० સંબંધ પામેલ, સ્પર્શ પામેલ, સીંચેલ, છંટાયેલ.

पृक्त न० ધન.

पृक्ति स्त्री० સંબંધ, સ્પર્શ, સીંચન.

पृक्षस् पु० અન્ન, અનાજ.

पृक्षे अव्य० સંગ્રામ, યુદ્ધ.

पृक्षुध् स्त्री० ઘણીજ ભુખ.

पृच् अदा० आ० अ० सेट् સંબંધ પામવો, સ્પર્શ પામવો.

पृच् चु० उ० सेट् સંયમન કરવું, વશ કરવું स० ઉપરના અર્થ अ०

पृच् भ्वा० प० सेट् ઉપરના અર્થ स० સંબંધ પામવો अ०

२०

पृच्छक त्रि० પૂછનાર, પ્રશ્ન કરનાર.

पृच्छन न० પૂછવું, પ્રશ્ન કરવો.

पृच्छा स्त्री० પ્રશ્ન, કંઇપણ જાણવા માટે કોઇને કહેવાની પ્રેરણા.

पृच्छ्य त्रि० પ્રશ્ન કરવા યોગ્ય, પૂછવા યોગ્ય.

पृज् अदा० आ० अ० सेट् સંબંધ પામવો, સ્પર્શ પામવો.

पृड् तु० प० अ० सेट् હર્ષ પામવો, ખુશ થવું.

पृण् तु० प० स० सेट् તૃપ્ત કરવું, ખુશ કરવું.

पृत् स्त्री० સેના, લશ્કર.

पृतना स्त्री० સેના, ૨૪૩ રથ–૨૪૩ હાથી–૭૨૯ ઘોડા–૧૩૧૫ પાળા–એ સંખ્યાવાળું લશ્કર, સંગ્રામ–યુદ્ધ, મનુષ્ય.

पृतनाज्य न० યુદ્ધ, લડાઇ.

पृतनासाह् पु० ઇન્દ્ર.

पृत्सुध पु० યુદ્ધ, લડાઇ.

पृथ् चु० उ० अ० सेट् ફેંકવું, દૂર કરવું.

पृथक् अव्य० જૂદું, સિવાય, જાત જાતનું, તહેવાર, ભિન્ન.

पृथक्करण न० જૂદું પાડવું.

पृथक्कृत त्रि० જૂદું પાડેલ.

पृथक्क्षेत्र त्रि० એક જાતના પુરૂષથી અનેક જાતની સ્ત્રીઓમાં ઉત્પન્ન થયેલ છોકરાં.

पृथक्ता स्त्री० જૂદાઈ, ભિન્નતા.

पृथक्त्व न० ઉપરના અર્થ.

पृथक्त्वचा स्त्री० મૂર્વા વનસ્પતિ–મોરવેલ.

पृथक्पर्णी स्त्री० પીડવણ વનસ્પતિ, ઉંદરકાની વનસ્પતિ.

पृथक्पिण्ड पु० ब० માત્ર જલતર્પણના અધિકારી પિતૃદેવો.

पृथगात्मता स्त्री० ભેદ, તફાવત, વિશેષ, જૂદાઇ.

पृथगात्मत्व न० ઉપરના અર્થ.

पृथगात्मिका स्त्री० व्यक्ति જુઓ.

पृथग्गुण पु० જૂદો ગુણ.

पृथग्जन पु० નીચ, મૂર્ખ, પામર.

पृथग्बीज पु० ભીલામાંનું ઝાડ.

पृथग्विध त्रि० જૂદીજૂદી જાતનું, તરેહવારનું.

पृथवी स्त्री० પૃથ્વી.

पृथा स्त्री० કુંતિભોજની કન્યા-પાંડુની પત્ની.

पृथाज पु० કુંતીપુત્ર યુધિષ્ઠિર વગેરે, સાદડાનું ઝાડ.

पृथापति पु० પાંડુ રાજા.

पृथिका स्त्री० शतपदी જુઓ.

पृथिन् पु० વેન રાજાનો પુત્ર પૃથુ રાજા.

पृथिवि स्त्री० પૃથ્વી.

पृथिवी स्त्री० પૃથ્વી.

पृथिवीक्षित् पु० રાજા.

पृथिवीगीता स्त्री० વિષ્ણુ પુરાણમાં ૪ અંશના ૨૪ અધ્યાયમાં વર્ણવેલી પૃથ્વીનીકથા.

पृथिवीञ्जय पु० તે નામે એક દાનવ.

पृथिवीतल न० પૃથ્વીની સપાટી.

पृथिवीतीर्थ न० તે નામે એક તીર્થ.

पृथिवीनाथ पु० રાજા.

पृथिवीन्द्र पु० રાજા.

पृथिवीपति पु० રાજા, ઋષભ નામે એક ઔષધિ.

पृथिवीपाल पु० રાજા.

पृथिवीपालक पु० રાજા.

पृथिवीभव पु० સુરોખાર.

पृथिवीभव त्रि० પૃથ્વીપર હોનાર-થનાર.

पृथिवीभुज् पु० રાજા.

पृथिवीभुज पु० રાજા.

पृथिवीरुह पु० ઝાડ.

पृथिवीश पु० રાજા.

पृथिवीशक्र पु० રાજા.

पृथु त्रि० વિસ્તીર્ણ, વિશાળ, મોટું.

पृथु पु० વેનનો પુત્ર સૂર્યવંશી એક રાજા, મહાદેવ, ચોથા મન્વંતરનો તે નામે એક સપ્તર્ષિ, કાકુત્સ્થ અનેનસનો પુત્ર એક રાજા, અજમીઢ વંશના પૌરપુત્રનો પુત્ર, ક્રોષ્ટુવંશી ચિત્રનો પુત્ર એક રાજા, તે નામે એક દાનવ, અગ્નિ, ચિત્રક વૃક્ષ, કાળીજીરી, ત્વક્પત્રી વનસ્પતિ, હિંગુપત્રી વનસ્પતિ, અફીણ, વિષ્ણુ.

पृथु स्त्री० કાળીજીરી.

पृथुक पु० चिपिटक જુઓ, નાનું બાળક, બચ્ચું.

पृथुका स्त्री० બાળકી, હિંગુપત્રી વનસ્પતિ.

पृथुकीय त्रि० બાળકના હિતનું, બચ્ચાંને ઉપયોગી.

पृथुकीय स्त्री० કુંતીની નાની બહેન-વસુદેવની એક બહેન.

पृथुकोल पु० મોટું બોર.

पृथुक्य त्रि० पृथुकीय જુઓ.

पृथुगंधा स्त्री० કપૂરકાચલી.

पृथुग्रीव पु० તે નામે એક રાક્ષસ.

पृथुग्रीव त्रि० મોટી ડોકવાળું.

पृथुच्छद पु० એક જાતનો દર્ભ.

पृथुच्छद त्रि० મોટાં પાંદડાંવાળું.

पृथुता स्त्री० વિશાળતા.

पृथुत्व न० વિશાળપણું.

पृथुपत्र पु० રાતું લસણ.

पृथुपत्र त्रि० મોટાં પાંદડાંવાળું.

पृथुपत्रक पु० રાતું લસણ.

पृथुपत्रक त्रि० મોટાં પાંદડાંવાળું.

पृथुपलाशिका स्त्री० કચુરો વનસ્પતિ-શઠી.

पृथुरुक्म पु० ક્રોષ્ટુવંશના રૂક્મકવચનો એક પુત્ર.

पृथुरोमन् पु० માછલું.

पृथुरोमन् त्रि० મોટાં રૂંવાટાંવાળું.

पृथुल त्रि० સ્થૂલ, લઠ્ઠ, મોટું, વિશાળ.

पृथुला स्त्री० हिंगुपत्री નામે વનસ્પતિ.

पृथुलाक्ष त्रि० મોટાં નેત્રવાળું.

पृथुलाक्ष पु० પુરૂવંશના ચતુરંગનો પુત્ર.

पृथुवक्त्र त्रि० મોટાં મોઢાવાળું.

पृथुवक्त्रा स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

पृथुशिम्ब पु० એક જાતનું શ્યોનાક વૃક્ષ.

पृथुशेखर पु० પર્વત.

पृथुश्रव त्रि० મોટા કાનવાળું.

पृथुश्रवस् त्रि० ઉપરનો અર્થ.

पृथुश्रवस् पु० શશબિંદુ રાજાનો એક પુત્ર, કાર્તિકસ્વામીનો એક અનુચર.

पृथुसेन पु० અનુવંશી રૂચિર રાજાનો પુત્ર.

पृथुस्कन्ध पु० ભુંડ, ડુક્કર.

पृथुस्कन्धी स्त्री० ભુંડણ, ડુક્કરી.

पृथूदक न० તે નામે એક તીર્થ.

पृथूदर त्रि० મોટા પેટવાળું.

पृथूदर पु० બકરો.

पृथूदरा स्त्री० બકરી.

पृथूदरी स्त्री० બકરી.

पृथ्वादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

पृथ्वी स्त्री० પૃથ્વી, લઠ્ઠ સ્ત્રી, હિંગુપત્રી વનસ્પતિ, કાળીજીરી, મોટી એલચી, સાટોડી વનસ્પતિ, તે નામે એક છંદ.

पृथ्वीका स्त्री० ઉપરના અર્થ.

पृथ्वीकुरवक पु० ધોળું મંદારવૃક્ષ.

पृथ्वीगर्भ पु० ગણેશ, ગણપતિ.

पृथ्वीज त्रि० પૃથ્વીમાં ઉત્પન્ન થયેલ.

पृथ्वीज न० સુરોખાર.

पृथ्वीधर पु० પર્વત.

पृथ्वीन पु० રાજા.

पृथ्वीभर पु० તે નામે એક છંદ.

पृदाकु पु० વીંછી, વાઘ, ચિત્તો, હાથી, ઝાડ.

पृदाकुसानु पु० ઇન્દ્ર.

पृशन्य त्रि० સ્પર્શથી સાધ્ય.

पृशन्यु त्रि० પોતાને સ્પર્શ સાધ્ય ઇચ્છતું.

पृश्नि त्रि० અતિ અલ્પ, દુર્બળ હાડકાંવાળું, વામન, ઠીંગણું, નીચું.

पृश्नि स्त्री० શ્રીકૃષ્ણની જન્માંતરની માતા રશ્મિ, સૂર્યની એક પત્ની, તે નામે એક વનસ્પતિ, રંગબેરંગી જમીન.

पृश्नि पु० તે નામે એક ઋષિ, યુધાજિત રાજાનો એક પુત્ર.

पृश्निका स्त्री० कुंभिका નામે વનસ્પતિ.

पृश्निगर्भ पु० નારાયણ.

पृश्निगु त्रि० અનેક વર્ણની કાંતિવાળું, રંગબેરંગી કાંતિવાળું.

पृश्निपर्णिका स्त्री० તે નામનો એક વેલો–પીઠવણ વનસ્પતિ.

पृश्निपर्णी स्त्री० ઉપરનો અર્થ.

पृश्निभद्र पु० નારાયણનો એક અંશ.

पृश्निमातृ त्रि० રંગબેરંગી જમીનમાં ઉત્પન્ન થયેલ.

पृश्निशृंग पु० ગણપતિ, નારાયણ.

पृश्नी स्त्री० कुंभिका વનસ્પતિ.

पृष् भ्वा० आ० अ० सेट् સીંચવું, છાટવું.

पृषत् न० બિંદુ, ટીપું.

पृषत् त्रि० છંટકાવવાળું.

पृषत पु० ધોળા ટપકાંવાળો એક જાતનો મૃગ, વાયુવાહન મૃગ, બિંદુ, ટીપું.

पृषती स्त्री० ધોળાં ટપકાંવાળી એક જાતની મૃગલી.

पृषतांपति पु० વાયુ.

पृषताश्व पु० વાયુ.

पृषत्क पु० બાણ.

पृषदंश पु० વાયુ.

पृषदश्व पु० વાયુ.

पृषदाज्य न० દહીંના ટીપાંવાળું ઘી, દહી છાંટેલું ઘી.

पृषद्वल पु० વાયુનો ઘોડો.

पृषद्ध्र पु० વૈવસ્વત મનુનો એક પુત્ર.

पृषद्ध्रु पु० વૈવસ્વત મનુનો એક પુત્ર.

पृषन्ति पु० બિંદુ, ટીપું.

पृषभाषा स्त्री० ઇન્દ્રની નગરી અમરાવતી.

पृषाकरा स्त्री० નાની શિલા, નાનો પત્થર.

पृषातक न० દહીંવાળું ઘી.

पृषोदर त्रि० અતિશય નાના પેટવાળું.

पृषोदर पु० વાયુ.

पृषोदरादि पु० વ્યાકરણપ્રસિદ્ધ શબ્દગણ.

पृषोधान न० નાનો બગીચો.

पृष्ट त्रि० સીંચેલ, છાંટેલ, પ્રશ્ન કરેલ, પૂછેલ.

पृष्टहायन पु० એક જાતનું ધાન્ય, હાથી.

पृष्टहायनी स्त्री० હાથણી.

पृष्टि स्त्री० સીંચવું, છાંટવું, પ્રશ્ન, પૂછવું, પૃષ્ઠદેશ–પીઠ.

पृष्टि त्रि० પાસેનું, પાસે રહેલ.

पृष्ट्वा अव्य० પૂછીને, પ્રશ્ન કરીને.

पृष्ठ न० શરીરનો પાછલો ભાગ, પીઠ, વાંસો, એક જાતનું સ્તોત્ર.

पृष्ठगोप पु० પાછળના ભાગનું રક્ષણ કરનાર યોદ્ધો, પીઠનું રક્ષણ કરનાર.

पृष्ठग्रन्थि त्रि० કુબડું, ખુંધુ.

पृष्ठचक्षुस् पु० રીંછ.

पृष्ठज त्रि० પાછળ થયેલ, વાંસે થયેલ.

पृष्ठजात त्रि० ઉપરના અર્થ.

पृष्ठजाह न० પીઠનું મૂળ.

पृष्ठतल्पन न० પીઠ ઉપર સુવું તે, ચત્તા સુવું તે.

पृष्ठतस् अव्य० પાછળથી, પાછળ, વાંસે.

पृष्ठदृष्टि पु० રીંછ.

पृष्ठफल न० સપાટીનું ક્ષેત્રફળ.

पृष्ठमर्मन् न० પીઠનું મર્મસ્થાન, પીઠનું હાડકું.

पृष्ठमांस न० પીઠનું માંસ.

पृष्ठमांसाद त्रि० પીઠનું માંસ ખાનાર, પરોક્ષમાં કોઇના દોષ કહેનાર, ચાડીયું.

पृष्ठमांसादन त्रि० ઉપરના અર્થ.

पृष्ठमांसादन न० પીઠનું માંસ ખાવું, પરોક્ષમાં કોઇના દોષ કહેવા.

पृष्ठयज्वन् पु० રથંતર વગેરે ૭ સ્તોત્રસમૂહોથી યજ્ઞ કરનાર.

पृष्ठयान न० પીઠ ઉપર ચઢી બેસવું, પીઠ ઉપર સ્વાર થવું, પીઠેથી ચાલવું.

पृष्ठवंश पु० પીઠનું હાડકું.

पृष्ठवास्तु न० બલિ આપનારના પીઠભાગનું વાસ્તુ.

पृष्ठवाह् त्रि० પીઠના ભાગને વહેનાર, પીઠ ઉપર વહેનાર બળદ વગેરે.

पृष्ठवाह्य त्रि० પીઠ ઉપર ભાર વહેનાર બળદ વગેરે.

पृष्ठशाय त्रि० પીઠ ઉપર સૂનાર, ચત્તો સૂનાર.

पृष्ठशृङ्ग पु० જંગલી બકરો.

पृष्ठशृङ्गिन् पु० પાડો, નપુંસક, ભીમસેન.

पृष्ठशृङ्गी स्त्री० જંગલી બકરી.

पृष्ठानुग त्रि० પાછળ ચાલનાર, વાંસે જનાર.

पृष्ठिपर्णी स्त्री० પીઠવણ નામે વનસ્પતિ.

पृष्ठेमुख पु० તે નામે કાર્તિકસ્વામીનો એક અનુચર.

पृष्ठोदय पु० પૃષ્ઠ ભાગમાં ઉદયવાળી જ્યોતિષપ્રસિદ્ધ કોઇ રાશિ.

पृष्ठ्य त्रि० પાછળ હોનાર, પીઠે હોનાર, વાંસે હોનાર, પીઠે ભાર વહેનાર.

पृष्ठ्य न० સ્તોત્રસમૂહ.

पृष्ठ्यस्तोम पु० સામવેદપ્રસિદ્ધ અમુક ૭ યજ્ઞો.

पृष्णि त्रि० જૂદા જૂદા રંગવાળું, રંગબેરંગી.

पृष्णि स्त्री० પીઠ, પગની એડી.

पॄ क्र्या० प० स० सेट् પાળવું, પૂર્ણ કરવું,

पॄ भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

पॄ चु० उभ० स० सेट् પૂર્ણ કરવું, ભરવું.

पेचक पु० ઘુવડ, ગુદા ઢાંકનાર માંસપિંડ, પલંગ, ખાટલો, મેઘ, જૂ, હાથીના પૂંછડાનો અગ્ર ભાગ.

पेचकिन् पु० હાથી.

पेचकिनी स्त्री० હાથણી.

पेचकी स्त्री० ઘુવડી.

पेचिल पु० હાથી.

पेचिली स्त्री० હાથણી.

पेचु न० એક જાતનું શાક.

पेचुली स्त्री० ઉપરનો અર્થ.

पेट पु० प्रहस्त જુઓ.

पेट त्रि० એકઠું કરનાર.

पेटक पु० न० પુસ્તક વગેરે મૂકવા માટે નેતર વગેરેથી કરેલ પદાર્થ, ટોળું, સમૂહ.

पेटक पु० વાંસ વગેરેથી બનાવેલ પેટી, પેટારો.

पेटा स्त्री० મોટી પેટી.

पेटाक पु० पेटक શબ્દના અર્થ જુઓ.

पेटिका स्त्री० પેટી, પેટારો, એક જાતની ક્ષુપ વનસ્પતિ.

पेटी स्त्री० નાની પેટી.

पेडा स्त्री० મોટી પેટી.

पेढाल पु० અવસર્પિણી કાળમાં થયેલ એક જિનેશ્વર.

पेण् भ्वा० प० सेट् જવું, પીસવું, स० ભેટવું, સંબંધ પામવો अ०

पेत्य न० અમૃત, ઘી.

पेदु पु० તે નામે એક રાજા.

पेपीयमान त्रि० વારંવાર પીવાતું.

पेय त्रि० પીવા યોગ્ય.

पेय न० પાણી, દૂધ, આઠ પ્રકારના અન્ન પૈકી એક અન્ન–રાબડી.

पेया स्त्री० ઉકાળો, કાંજી, રાબ, સિકથવાળું પીણું.

पेयूष पु० न० અમૃત, તાજું ઘી, વીઆયેલી ગાયનું પ્રથમ સાત દિવસની અંદરનું દૂધ.

पेरज न० એક જાતનો મણિ–પીરોજા.

पेरा स्त्री० એક જાતનું વાદિત્ર.

पेरु पु० સૂર્ય, અગ્નિ, આકડાનું ઝાડ, ચિત્રક વૃક્ષ, સમુદ્ર.

पेरोज न० એક જાતનો મણિ–પીરોજા.

पेल् भ्वा० प० सेट् કંપવું, ધ્રુજવું अ० જવું स०

पेल् चु० उभ० स० सेट् ગમન કરાવવું.

पेल न० વૃષણ, પુરૂષચિન્હ–અંડકોષ.

पेल पु० ગમન. ગતિ, કંપ, ધ્રૂજ.

पेलव त्रि० કોમળ, કૃશ, વિરલ.

पेलि त्रि० ગમન કરનાર, જનાર.

पेलिन् पु० પુરૂષ, નર, ઘોડો.

पेलिनी स्त्री० એક જાતનું શાક.

पेव् भ्वा० आ० स० सेट् સેવવું, સેવા કરવી.

पेश पु० રૂપ.

पेशल त्रि० સુંદર, દક્ષ, ચતુર, કોમળ, ધૂતારૂં.

पेशल पु० વિષ્ણુ.

पेशस् न० રૂપ, રૂપાંતર, સોનું, કોપ.

पेशस्कार पु० પોતે પકડેલાને સ્વરૂપે કરનાર એક કીડો.

पेशस्कृत् पु० ઉપરનો અર્થ.

पेशि स्त्री० વજ્ર, અડદની દાળ, સારી પાકેલી કળી, જટામાંસી, તરવારનું મ્યાન, માંસપિણ્ડી, તે નામે એક નદી, તે નામે એક પિશાચી, તે નામે એક રાક્ષસી, ગર્ભ ઉપર વીંટાયલી ઓળ, એક જાતનું વાદ્ય, ઈંડું.

पेशिका स्त्री० ઉપરના અર્થ, ફળની છાલ.

पेशी स्त्री० पेशि જુઓ.

पेशीकोश पु० વૃષણ, અંડ.

पेशीकोष पु० અંડકોષ, વૃષણ.

पेष्वर त्रि० પીસનાર, દળનાર, ચૂર્ણ કરનાર.

पेष् भ्वा० आ० स० सेट् સેવવું, નિશ્ચય કરવો.

पेषण न० પીસવું, દળવું, ખરળમાં ઔષધ વગેરેનું મર્દન કરવું.

पेषण पु० એક જાતનું ઝાડ.

पेषणि स्त्री० ઘંટી, ખરલ, દળવાનું હરકોઈ સાધન.

पेषणी स्त्री० ઉપરના અર્થ.

पेषल त्रि० पेशल त्रि० જુઓ.

पेषाक पु० पेषणी જુઓ.

पेषि पु० વજ્ર.

पेस् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.

पेसल त्रि० पेशल त्रि० જુઓ.

पेसुक त्रि० વધવાના સ્વભાવવાળું, વધનાર.

पेस्वर त्रि० જવાના સ્વભાવવાળું, જનાર.

पै ભ્વા૦ પ૦ સ૦ અનિટ્ શોષવું, સુકાવું.

पैङ्ग पु० તે નામે એક ઋષિ.

पैङ्गराज पु० એક જાતનું પક્ષી.

पैङ्गरायन पु० પિંગલ ઋષિનું ગોત્રસંતાન.

पैङ्गल पु० ब० व० પિંગલના પુત્રના વિદ્યાર્થીઓ.

पैङ्गलायन पु० पैङ्गरायन જુઓ.

पैङ्गल्य पु० પિંગલ ઋષિનું ગોત્રસંતાન.

पैङ्गि पु० પિંગ ઋષિનો પુત્ર.

पैङ्गिन् पु० પિંગ ઋષિકૃત કલ્પશાસ્ત્ર-આચારગ્રંથ.

पैङ्ग्य पु० પૈંગ ઋષિનો પુત્ર એક ઋષિ.

पैयवन न० તે નામે એક રાજા.

पैञ्जूष पु० કાન.

पैठर त्रि० તપેલીમાં રાંધેલું માંસ વગેરે.

प्रवेष्टव्य त्रि० પેસવા યોગ્ય, અંદરદાખલ થવા લાયક.

प्रव्यक्त त्रि० સ્પષ્ટ, સ્ફુટ.

प्रव्याध पु० જોરથી ફેંકેલું બાણ જ્યાં પડ્યું હોય તે સ્થાન.

प्रव्रजन न० સંન્યાસ.

प्रव्रजित त्रि० સંન્યાસી.

प्रव्रजिता स्त्री० જટામાંસી, મુંડેરી વનસ્પતિ, તાપસી, તે નામે એક બુદ્ધ ભિક્ષુકી.

प्रव्रज्या स्त्री० દીક્ષા, સંન્યાસ, સંન્યાસાશ્રમ.

प्रव्रज्यावसित पु० સંન્યાસથી ભ્રષ્ટ થયેલ.

प्रव्राज पु० અત્યંત નીચાણવાળો પ્રદેશ, સંન્યાસ.

प्रव्राजन न० સંન્યાસ આપવો, દેશ નિકાલ કરવું.

प्रशंसन न० સ્તુતિ, વખાણ, પ્રશંસા કરવી તે.

प्रशंसना स्त्री० ઉપરના અર્થ.

प्रशंसा स्त्री० ગુણ પ્રકટ કરી સ્તુતિ કરવી તે.

प्रशंसित त्रि० પ્રશંસા કરેલ, વખાણેલ.

प्रशंसितव्य त्रि० પ્રશંસા કરવા યોગ્ય, વખાણવા લાયક.

प्रशंसोपमा स्त्री० તે નામે એક અર્થાલંકાર.

प्रशत्वन् पु० સમુદ્ર.

प्रशत्वरी स्त्री० નદી.

प्रशम पु० શાન્તિ, નિવૃત્તિ, રન્તિદેવનો પુત્ર.

प्रशमन न० વધ, નાશ, શાંત કરવું, શાંત પાડવું, શાન્તિ, શમાવવું.

प्रशमित त्रि० શાંત કરેલ, શમાવેલ.

प्रशमी स्त्री० તે નામે એક અપ્સરા.

प्रशम्यमान त्रि० શાંત કરાતું, શમાવાતું.

प्रशस्त त्रि० વખણાયેલ, શ્રેષ્ઠ, ઉત્તમ.

प्रशस्ताद्रि पु० તે નામે મધ્યદેશમાં આવેલો એક પર્વત.

प्रशस्ति स्त्री० પ્રશંસા, સ્તુતિ, વખાણ.

प्रशस्य त्रि० પ્રશંસા કરવા યોગ્ય, વખાણવા લાયક, સ્તુતિ કરવા લાયક.

प्रशस्य न० પ્રશંસા, સ્તુતિ.

प्रशस्यता स्त्री० વાણીના ૩૫ ગુણો પૈકી એક ગુણ.

प्रशाखा स्त्री० અગ્ર શાખા.

प्रशाखिक पु० નાની શાખા.

प्रशान् अव्य० સામર્થ્ય.

प्रशान्त त्रि० અત્યંત શાંતિ પામેલ, ઘણુંજ શાંત.

प्रशान्तचेष्ट त्रि० અત્યંત શાંત ચેષ્ટાવાળું, છેક બંધ થયેલી ચેષ્ટાવાળું.

प्रशान्तात्मन् त्रि० અત્યંત શાંત આત્માવાળું.

प्रशान्ति स्त्री० અત્યંત શાન્તિ, ઘણીજ શાંતિ.

प्रशासन न० શાસન કરવું, રાજ્ય કરવું, નિયમન કરવું.

प्रशासितृ त्रि० શાસન કરનાર, રાજ્ય કરનાર, નિયમન કરનાર.

प्रशास्तृ पु० શસ્ત્રરૂપ શંસન કરનાર એક ઋત્વિજ.

प्रशास्त्र त्रि० શસ્ત્રરૂપ શંસન કરનાર ઋત્વિજસંબંધી.

प्रशिष्य पु० શિષ્યનો શિષ્ય.

प्रश्न पु० જિજ્ઞાસા, જાણવાની ઇચ્છા, પૂછવું તે, કહેવા માટે પ્રેરણા, તે નામે ઉપનિષદ.

प्रश्नदूती स्त्री० प्रहेलिका જુઓ.

प्रश्नविवाक पु० કરેલા પ્રશ્નનો ઉત્તર આપનાર જોશી.

प्रश्नव्याकरण न० જૈનોએ માનેલ પ્રવચનપુરૂષનાં અગીઆર અંગોમાંનું એક અંગ-એક જૈનશાસનગ્રંથ.

प्रश्नव्याकरण न० પ્રશ્નનો ઉત્તર કહેવો તે.

प्रश्नि पु० તે નામે એક ઋષિ.

प्रश्नी स्त्री० કુંભીપાકા નામની એક વનસ્પતિ.

प्रश्नोपनिषद् स्त्री० તે નામે અથર્વવેદની એક ઉપનિષદ્.

प्रश्रय पु० પ્રણય, વિનય, સ્નેહ.

प्रश्रयोपेत त्रि० વિનયવાળું, વિનયી.

प्रश्रित त्रि० ઉપરના અર્થ.

प्रश्रित पु० શાન્તિદેવનો એક પુત્ર.

प्रश्रुत त्रि०ઘણુંજ સાંભળેલ,અત્યંત સાંભળેલ.

प्रश्लथ त्रि० અત્યંત શિથિલ, ઘણુંજ ઢીલું.

प्रश्वास पु० શ્વાસ લેવો, કોઠાના વાયુને બહાર કાઢવો તે.

प्रश्वासरोधन न० પ્રાણાયામ.

प्रष्टव्य त्रि० પૂછવા યોગ્ય, પ્રશ્ન કરવા લાયક.

प्रष्टृ त्रि० પ્રશ્ન કરનાર, પૂછનાર.

प्रष्टि पु० વાહનત્રયમધ્યવર્તી એક મૃગ.

प्रष्ठ त्रि० આગળ જનાર, શ્રેષ્ઠ.

प्रष्ठवाह् त्रि० ઝુંસરીએ પ્રથમ જોડેલ જુવાન બળદ.

प्रष्ठी स्त्री० ચંડક ઔષધિ, આગળ જનાર-શ્રેષ્ઠની પત્ની.

प्रष्ठौही स्त्री० પ્રથમ ગર્ભિણી થયેલી ગાય.

प्रस् दिवा० आ० स० सेट् પ્રસવવું,વિસ્તારવું.

प्रसक्त त्रि० પ્રસંગના વિષયનું, નિત્ય, નિત્યતાવાળું, લાગેલ. વળગેલ, પ્રાપ્ત થયેલ.

प्रसक्त न० નિત્ય, હમેશ.

प्रसक्ति स्त्री० પ્રસંગ, આપત્તિ, અનુમિતિ, પ્રાપ્તિ, વ્યાપ્તિ.

प्रसक्षिन् त्रि० અત્યંત સહન કરવાના સ્વભાવવાળું.

प्रसंख्यान न० સમ્યગ જ્ઞાન, સારી રીતનું જ્ઞાન, ઉત્તમ જ્ઞાન.

प्रसंख्यान त्रि० અત્યંત સંખ્યાવાળું, સારી રીતે ગણેલ.

प्रसङ्ग पु० અત્યંત સંગ, સારી રીતે સંગ, વ્યાપ્તિરૂપ સંબંધ, એક જાતની સંગતિ, અનુરાગીપણું, પ્રસ્તાવ, પ્રસંગ,મૈથુનમાં આસક્તિ, સિદ્ધિ, પ્રાપ્તિ.

प्रसङ्गसम पु० ગૌતમસૂત્રપ્રસિદ્ધ એક જાતિ.

प्रसज्य अव्य० પ્રાપ્ત થઇને, લાગીને.

प्रसज्य पु० નીચેનો શબ્દ જુઓ.

प्रसज्यप्रतिषेध पु० પ્રાપ્તિ આરોપીને પ્રતિષેધ.

प्रसञ्जन न० વાગવું, વળગવું, પ્રાપ્તિ.

प्रसत्ति स्त्री० નિર્મળતા પ્રસન્નતા.

प्रसत्वन् पु० ધર્મ, પ્રજાપતિ બ્રહ્મા વગેરે.

प्रसत्वरी स्त्री० प्रतिपत्ति જુઓ.

प्रसन्धि पु० તે નામે મનુનો એક પુત્ર, શ્રેષ્ઠ સન્ધિ-સાંધો.

प्रसन्न त्रि० નિર્મળ, સ્વચ્છ, સંતુષ્ટ, જેણે અનુગ્રહ કર્યો હોય તે, કૃપાળુ.

प्रसन्नता स्त्री० નિર્મળતા, સ્વચ્છતા, સંતુષ્ટપણું, કૃપાળુપણું.

प्रसन्नत्व न० ઉપરના અર્થ.

प्रसन्नमुख त्रि० પ્રસન્ન મુખવાળું.

प्रसन्ना स्त्री० દારૂ, મદિરા.

प्रसन्नात्मन् त्रि० પ્રસન્ન અંતઃકરણવાળું.

प्रसन्नात्मन् पु० વિષ્ણુ.

प्रसन्नेरा स्त्री० એક જાતની મદિરા.

प्रसभ न० બલાત્કાર, જોરજુલમ.

प्रसभ अव्य० ઉપરના અર્થ.

प्रसमीक्षण न० સારી રીતે જોવું, વિચારવું.

प्रसमीक्ष्य अव्य० સારીરીતે જોઇને વિચારીને.

प्रसयन न० બાંધવાનું સાધન,તાંતણો,જાળ.

प्रसर पु० વેગ, પ્રલય, સમૂહ, યુદ્ધ, નારાચ

અસ્ત્ર, સારી રીતે ફેલાવું, સારી રીતે સરકવું-ખસવું-જવું.

प्रसर त्रि० સારી રીતે ફેલાવનાર, સરકનાર ખસનાર-જનાર.

प्रसरण न० સૈન્ય વગેરેનું ચોતરફ ગમન, ફેલાવ, ઘાસ વગેરે લેવા માટે સૈન્યોનું આમતેમ જવું.

प्रसरणि स्त्री० ઉપરના અર્થ.

प्रसरणी स्त्री० प्रसरण જુઓ.

प्रसरत् त्रि० ચોતરફ ફેલાતું-ખસતું-જતું.

प्रसर्पक त्रि० બોલાવ્યા વિના આવનાર, આવીને જવાના સ્વભાવવાળું.

प्रसर्पण न० સૈન્યોનું ચોતરફ ફેલાવું,ફેલાવ, સર્વ તરફ ગમન.

प्रसल पु० હેમન્તકાળ.

प्रसलक पु० હેમન્તકાળ.

प्रसलवि अव्य० प्रदक्षिण જુઓ.

प्रसव पु० જણવું, ઉત્પત્તિ, કાર્ય, ફળ,ફૂલ, સંતાન, છોકરું, સ્ત્રીઓનો ગર્ભમુક્તિકાળ.

प्रसवक पु० ચારોળીનું ઝાડ.

प्रसवकाल पु० જણવાનો વખત, ઉત્પત્તિકાળ, ફળ-ફૂલનો સમય.

प्रसवती स्त्री० જણવાનો વખત જેનો આવ્યો હોય તેવી સ્ત્રી.

प्रसवबन्धन न० ફળ-ફૂલ વગેરેનું દીટું.

प्रसववेदना स्त्री० જણવાની પીડા, જણતી વેળાનું દુઃખ.

प्रसवस्थली स्त्री० ઉત્પત્તિસ્થાન, માતા.

प्रसवितृ त्रि० પિતા.

प्रसवित्री स्त्री० માતા.

प्रसविन् त्रि० જણવાના સ્વભાવવાળું,ફળ ફૂલ વગેરે ઉત્પન્ન કરવાના સ્વભાવવાળું.

प्रसव्य त्रि० પ્રતિકૂળ, વિરૂદ્ધ, ઉલટું, ડાબું.

प्रसह त्रि० સારી રીતે સહન કરનાર, બલાત્કારે ખાઇ જનાર.

प्रसह पु० બલાત્કારે ઝુંટાવીને ખાઇ જનાર કાગડો-સમળી વગેરે પક્ષી.

प्रसहन त्रि० ક્ષમારહિત.

प्रसहन पु० એક જાતનું હિંસક પશુ.

प्रसहन न० સારી રીતે સહન કરવું, ક્ષમા, આલિંગન.

प्रसहा स्त्री० તે નામે એક વનસ્પતિ.

प्रसह्य अव्य० બલાત્કારથી, જોર જુલમથી, હઠથી.

प्रसह्य त्रि० સારી રીતે સહન કરવાને શક્ય.

प्रसह्यचौर पु० બલાત્કારે ચોરી કરનાર.

प्रसह्यहरण न० બલાત્કારે હરવું, હરી લેવું.

प्रसह्वन् त्रि० સારી રીતે સહન કરનાર, ક્ષમાવાળું.

प्रसातिका स्त्री० સૂક્ષ્મ ધાન્ય.

प्रसाद पु० નિર્મળતા, સ્વચ્છતા, અનુગ્રહ, કૃપા, મહેરબાની, કાવ્યનો એક ગુણ, સ્વસ્થપણું, દેવનૈવેદ્ય, દેવ-ગુરૂ વગેરેના ઉપભોગ પછી બાકી રહેલ પદાર્થ-પ્રસાદી, ધર્મનો એક પુત્ર.

प्रसादक त्रि० કૃપા-મહેરબાની કરનાર, પ્રસન્ન થનાર, નિર્મળ કરનાર.

प्रसादक पु० એક જાતનું શાક.

प्रसादन न० પ્રસન્ન કરવું, ખુશ કરવું,સેવવું.

प्रसादना स्त्री० ઉપરના અર્થ.

प्रसादपट्ट पु०કૃપાસૂચક પટ્ટ,અનુગ્રહસૂચકપટ્ટ.

प्रसादयत् त्रि० કૃપા કરતું, મહેરબાની કરતું.

प्रसादित त्रि० પ્રસન્ન કરેલ, નિર્મળ કરેલ, સ્વચ્છ કરેલ.

प्रसाधक त्रि० શણગારનાર, શોભાવનાર.

प्रसाधक पु० રાજાઓને શણગારનાર સેવક.

प्रसाधन न० કૃત્રિમ ભૂષણ-વેશ, શણગારવું, સિદ્ધ કરવું, સાધવું.

प्रसाधनी स्त्री० કાંકસી.

प्रसाधिका स्त्री०શણગારનારી,નીવારધાન્ય-સામો.

प्रसाधित त्रि० શણગારેલ,સિદ્ધકરેલ,સાધેલ.

प्रसाध्य त्रि० સાધવા યોગ્ય, સિદ્ધ કરવા યોગ્ય, વશ કરવા યોગ્ય.

प्रसाध्य અવ્ય० સાધીને, સિદ્ધ કરીને, વશ કરીને.

प्रसार पु० ફેલાવ, લૂટ વગેરે માટે સૈન્યોનું ચોતરફ ગમન.

प्रसरण न० ફેલાવવું, વિસ્તારવું, એક પ્રકારની ક્રિયા.

प्रसारणी स्त्री० એક જાતની લતા.

प्रसारिणी स्त्री० લજ્જામણી વનસ્પતિ.

प्रसारित त्रि० ફેલાવેલ, વિસ્તારેલ.

प्रसारिन् त्रि० ફેલાયેલ, વિસ્તારવાળું, ફેલાવનાર.

प्रसित त्रि० આસક્ત, અત્યંત ધોળું.

प्रसित न० પરૂ.

प्रसिति स्त्री० બંધનસાધન બેડી વગેરે, તંતુ, જાળ.

प्रसिद्ध त्रि० પ્રસિદ્ધિ પામેલ, પ્રખ્યાત થયેલ, શણગારેલ.

प्रसिद्धि स्त्री० ખ્યાતિ,ટંકાર, ભૂષણ,શોભા.

प्रसीदिका स्त्री० નાનો બગીચો.

प्रसुप्त त्रि० ગાઢ નિદ્રામાં સૂતેલ.

प्रसुप्ति स्त्री० ગાઢ નિદ્રા, વાયુનો રોગ.

प्रसुह्म पु० તે નામે એક દેશ, તે દેશનો રાજા.

प्रसू स्त्री० માતા, ઘોડી, કેળ, વેલ.

प्रसूका स्त्री० ઘોડી.

प्रसूत त्रि० જણેલ, ઉત્પન્ન થયેલ.

प्रसूत न० ફૂલ.

प्रसूता स्त्री० સુવાવડી સ્ત્રી.

प्रसूति स्त्री० પ્રસવ, જણવું તે, સુવાવડ, ઉત્પત્તિ, છોકરો, છોકરી, માતા.

प्रसूतिका स्त्री० સુવાવડી સ્ત્રી.

प्रसूतिज न० દુઃખ.

प्रसूतिज त्रि० પ્રસવથી ઉત્પન્ન થનાર, સુવાવડથી થનાર.

प्रसून न० ફૂલ, ફળ.

प्रसून त्रि० ઉત્પન્ન થયેલ.

प्रसूनक्लृप्ति स्त्री० ફળ-ફુલની સંપત્તિ.

प्रसूनबाण पु० કામદેવ.

प्रसूनशर पु० કામદેવ.

प्रसूनेषु पु० કામદેવ.

प्रसृत न० બે પલનું વજન, અર્ધો ખોબો.

प्रसृत त्रि० ફેલાયેલ, કરેલ, વેગવાળું, ગયેલ, યોજેલ, જોડેલ.

प्रसृतज पु० પરસ્ત્રીમાં વીર્યસિંચન કરી ઉત્પન્ન કરેલ પુત્ર-કુંડગોલકરૂપ પુત્ર.

प्रसृता स्त्री० જંઘા, જાંઘ.

प्रसृति स्त्री० અર્ધો ખોબો.

प्रसृष्ट त्रि० અત્યંત સાફ કરેલ, સારી રીતે સરજેલ-પેદા-કરેલ.

प्रसृष्टा स्त्री० ફેલાવેલી આંગળી.

प्रसेक .पु० સીંચવું, છાંટવું, ઝરવું, ખરવું, કફનો રોગ.

प्रसेकिन् त्रि०સીંચનાર, છાંટનાર. ઝરનાર, ખરનાર, કફના રોગવાળું.

प्रसेकिन् पु० તે નામે એક અસાધ્ય વ્રણરોગ.

प्रसेदिका स्त्री० નાનો બગીચો.

प्रसेदिवस् त्रि० પ્રસન્ન, પ્રસન્ન થયેલ.

प्रसेदुषी स्त्री० પ્રસન્ન થયેલી સ્ત્રી.

प्रसेन पु० અનમિત્રનો પૌત્ર-સત્રાજીત રાજાનો ભાઈ એક ક્ષત્રિય.

प्रसेनजित् पु० તે નામે એક રાજા.

प्रसेव पु० વીણાનું એક અંગ, સારી રીતે સેવવું.

प्रसेव त्रि० પરોવેલ, ગુંથેલ.

प्रसेवक पु० વીણાને છેડે બાંધેલ તુંબડું, સુતરનું ઘોકડું, સુતરાઉ કોથળી-થેલી વગેરે.

प्रसेवक त्रि० સારી રીતે સેવા કરનાર, સારી રીતે પરોવનાર, સારી રીતે ગુંથનાર.

प्रस्कण्व पु० તે નામે કણ્વનો પુત્ર ઋષિ.

प्रस्कन्दन न०'आस्कन्दन' જુઓ,વિરેચન,રેચ.

प्रस्कन्दन पु० મહાદેવ.

प्रस्कन्न त्रि० પડેલ.

प्रस्कुन्द पु० કુંદ નામની ચક્રાકાર વેદિકા.

प्रस्तर पु० પત્થર, પાંદડાં વગેરેની બનાવેલ શય્યા, મણિ, દર્ભની એક મુઠી.

प्रस्तरिणी स्त्री० गोलोमिका નામની વનસ્પતિ.

प्रस्तरिष्ठा पु० તે નામે એક વિશ્વદેવ.

प्रस्तार पु० પુષ્કળ ઘાસવાળું વન, પાદડાં વગેરેથી બનાવેલ શય્યા, શય્યા, છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ લઘુ-ગુરૂવર્ણને જણાવનારી ક્રિયા.

प्रस्तारपङ्क्ति स्त्री० તે નામે એક છંદ.

प्रस्तार्य्यर्म्म न० એક જાતનો નેત્રરોગ.

प्रस्ताव पु० અત્યંત સ્તુતિ, અવસર,પ્રસંગ, પ્રકરણ, સામવેદનો એક અવયવ.

प्रस्तावना स्त्री० આરંભ, શરૂઆત.

प्रस्तावौचित्य न० વાણીના ૩૫ ગુણોપૈકી એક ગુણ.

प्रस्तिर न० પાંડડાં વગેરેની બનાવેલી શય્યા.

प्रस्तीत त्रि० ઘટ્ટ, ઘાટું, અવાજ કરેલ.

प्रस्तीम त्रि० ઉપરના અર્થ.

प्रस्तुत त्रि० પ્રકરણથી પ્રાપ્ત, પ્રાસંગિક, ઉપસ્થિત, તૈયાર, સ્વીકારેલ, પ્રાપ્ત થયેલ, સારી રીતે સ્તુતિ કરેલ.

प्रस्तुतम् अव्य० ચાલુ સમયે,વિદ્યમાન કાળે.

प्रस्तृत त्रि० ઢાંકેલ, છાયેલ, સારી રીતે વિસ્તારેલ.

प्रस्तोतृ त्रि० સારી રીતે સ્તુતિ કરનાર.

प्रस्तोतृ पु० સામવેદના પ્રથમ ભાગનું ગાન કરનાર એક ઋત્વિજ.

प्रस्तोत्रिय त्रि० પ્રસ્તોતા ઋત્વિજસંબંધી.

प्रस्तोत्रिय न० પ્રસ્તોતા ઋત્વિજે ભણાતો સામવેદનો પ્રથમ ભાગ.

प्रस्थ त्रि० અત્યંત સ્થિતિવાળું, સારી રીતે રહેતું, જનાર, મજબુત.

प्रस्थ पु० એક જાતનું માપ–આઢકનો ચતુર્થાંશ, બે સરાવડાં બરોબર વજન, વિસ્તાર, માપેલી વસ્તુ.

प्रस्थ पु० न० જ્યાં સ્થિતિ થઇ શકે તેવું પર્વતનું શિખર.

प्रस्थकुसुम पु० મરવો, થોડાં પાંદડાંવાળી તુલસી, એક જાતનું બીજોરૂં.

प्रस्थपुष्प पु० ઉપરના અર્થ.

प्रस्थम्पच त्रि० એક પ્રસ્થ વજન બરોબર રાંધનાર.

प्रस्थल पु० તે નામે એક દેશ.

प्रस्थवत् त्रि० પર્વત.

प्रस्थान न० જીતવાની ઇચ્છાવાળાનું યુદ્ધ માટે પ્રયાણ, ગમન, જવું તે, યુધિષ્ઠિર વગેરેના મહાપ્રસ્થાનનું જેમાં વર્ણન છે તે મહાભારતનું એક પેટાપર્વ, માર્ગ, ઉપદેશનો ઉપાય.

प्रस्थानत्रय न० શ્રુતિ–સ્મૃતિના ન્યાયને દર્શાવનાર ઉપનિષદ્–ગીતા–શારીરક સૂત્ર.

प्रस्थानत्रयी स्त्री० ઉપરના અર્થ.

प्रस्थानविघ्न पु० જવામાં વિઘ્ન.

प्रस्थापन न० સ્થાપવું, સારી રીતે સ્થાપવું, પ્રેરણા કરવી, મોકલવું, વળાવવું, વકીલાત કરાવવી.

प्रस्थापनीय त्रि० સારી રીતે સ્થાપવાયોગ્ય, પ્રેરણા કરવા યોગ્ય, મોકલવા યોગ્ય, વળાવવા યોગ્ય, વકીલાત કરવા યોગ્ય.

प्रस्थापित त्रि० સારી રીતે સ્થાપેલ,પ્રેરણા કરેલ, મોકલેલ, વળાવેલ, વકીલાત કરાવેલ.

प्रस्थायिन् त्रि० ભવિષ્યમાં જનાર,જવાના મનવાળું.

प्रस्थिका स्त्री० અંબષ્ઠા નામનો એક વેલો.

प्रस्नुषा स्त्री० પુત્રના પુત્રની વહુ.

प्रस्नेय त्रि० સ્નાન કરવા યોગ્ય.

प्रस्पन्दन न० સારી રીતે ઝરવું–ખરવું–ટપકવું, કાંપવું.

प्रस्फुट त्रि० પ્રફુલ્લ, વિકસેલ, ખીલેલ, સારી રીતે સ્પષ્ટ.

प्रस्फोटन न० સૂપડું, મારવું, ઠોકવું, પ્રકાશ, વિકાસ.

प्रस्यन्द् पु० સારી રીતે ઝરવું-ખરવું-ટપકવું.

प्रस्यन्द त्रि० સારી રીતે ઝરનાર-ખરનાર, સારી રીતે ક્ષરણ કરનાર-ટપકનાર.

प्रस्रव पु० પાણી વગેરેનું અવિચ્છિન્ન ઝરવું, પરસેવો, જ્યાં ઝરતું પાણી પડીને ઘણું થાય છે તે સ્થાન.

प्रस्रवण न० ઉપરના અર્થ.

प्रस्रवण पु० માલ્યવાન પર્વત.

प्रस्राव पु० સારી રીતે ઝરવું--ખરવું-ટપકવું, મૂત્ર-પેશાબ.

प्रस्रुत त्रि० સારી રીતે ઝરેલ, ખરેલ, ટપકેલ, પેસાબ કરેલ.

प्रस्वन पु० મોટેથી શબ્દ-અવાજ.

प्रस्वाद् पु० ઘણો સ્વાદ.

प्रस्वादस् त्रि० અત્યંત સ્વાદ લેવડાવનાર.

प्रस्वान पु० ઉપરનો અર્થ.

प्रस्वाप पु० શત્રુઓને ઉંઘાડી રાખવામાં સાધન એક અસ્ત્ર.

प्रस्वापन न० ઉપરનો અર્થ.

प्रस्वापिनी स्त्री० સત્યભામાની બહેન કૃષ્ણની એક સ્ત્રી.

प्रस्वापिनी स्त्री० શત્રુઓ વગેરેને ઉંઘાડી દેનારી એક વિદ્યા.

प्रस्विन्न त्रि० જેને પરસેવો આવેલ હોય તે.

प्रस्वेद् पु० ઘણોજ પરસેવો.

प्रस्वेदित त्रि० જેને પરસેવો આવેલ હોય તે.

प्रस्वेदितवत् त्रि० ઉપરનો અર્થ.

प्रहत त्रि० હણેલ, મારી નાખેલ.

प्रहनेमि पु० ચન્દ્ર, કપૂર.

प्रहर पु० રાત-દિવસનો આઠમો ભાગ, પહોર.

प्रहरक पु० ઉપરનો અર્થ

प्रहरकुटुम्बी स्त्री० એક જાતની ક્ષુપ વનસ્પતિ.

प्रहरण न० અસ્ત્ર, કર્ણીરથ, યુદ્ધ, પ્રહાર કરવો, મારવું, દમ, દમન.

प्रहरणकलिका स्त्री० ચૌદ અક્ષરના ચરણવાળો એક છંદ.

प्रहरिन् त्रि० એક પ્રહર સુધી કામમાં અધિકૃત સૈન્યભેદ-પહેરગીર-પહેરો ભરનાર.

प्रहरिष्यत् त्रि० પ્રહાર કરનાર-કરશે એવું.

प्रहर्तृ त्रि० પ્રહાર કરનાર, મારનાર.

प्रहर्ष पु० ઘણો હર્ષ-આનંદ.

प्रहर्षण न० અત્યંત હર્ષકારક, અત્યંત હર્ષનું સાધન.

प्रहर्षण पु० બુધ ગ્રહ.

प्रहर्षणी स्त्री० હળદર, તેર અક્ષરના ચરણવાળો એક છંદ.

प्रहर्षित त्रि० હર્ષ પામેલ, આનંદ પામેલ.

प्रहर्षुल पु० બુધ ગ્રહ.

प्रहस पु० તે નામે એક રાક્ષસ.

प्रहसत् त्रि० અત્યંત હસતું, ખડખડાટ હસતું.

प्रहसन न० અત્યંત હસવું, ખડખડ હસવું, હાંસી, મશ્કરી, એક પ્રકારનું દશ્યકાવ્યરૂપક, આક્ષેપ, તિરસ્કાર.

प्रहसन्तिका स्त्री० એક જાતનો મોગરો, જાઇનો વેલો, સગડી.

प्रहसन्ती स्त्री० ઉપરના અર્થ.

प्रहसित त्रि० ખૂબ હસેલ, ખડખડ હસેલ.

प्रहस्त पु० રાવણનો સેનાપતિ એક રાક્ષસ, પહોળી કરેલ આંગળીવાળો હાથ.

प्रहाण न० નાશ, ત્યાગ, ક્ષય, હાનિ.

प्रहाणि स्त्री० હાનિ, નાશ, ઘણોજ નાશ, अपचय જુઓ.

प्रहार पु० પ્રહાર, મારો, માર.

प्रहारण न० કામ્ય દાન.

प्रहारवल्ली स्त्री० मांसरोहिणी નામનો એક વેલો.

प्रहारवल्ली स्त्री० ઉપરનો અર્થ.

प्रहारार्त्त त्रि० પ્રહારથી પીડાયેલ, મારથી દુ:ખી થયેલ.

प्रहारिन् त्रि० અત્યંત પ્રહાર કરનાર–માર મારનાર.

प्रहास पु० શિવ, નટ, સોમતીર્થ, ખડખડ હસવું, તે નામે એક નાગ.

प्रहासिन् त्रि० બીજાને અત્યંત હસાવનાર, પોતે અત્યંત હસનાર.

प्रहासिन् पु० વિદૂષક, મશ્કરો.

प्रहि पु० કુવો.

प्रहित त्रि० પ્રેરણા કરેલ, મોકલેલ, ફેંકેલ, મૂકેલ, સ્થાપેલ, યોજેલ.

प्रहित न० સૂપ જુઓ.

प्रहिता स्त्री० એક જાતનો વેલો.

प्रहीण त्रि० અત્યંત હીન, ઘણુ ઓછું, તજેલ, છોડેલ, નાશ પામેલ.

प्रहीण न० प्रहाण જુઓ.

प्रहीणजीवित त्रि० નાશ પામેલ જીંદગીવાળું, મૃત્યુ પામેલ.

प्रहुत न० ભૂતયજ્ઞ, અત્યંત હોમ, ઘણોજહોમ.

प्रहृत त्रि० પ્રહાર કરેલ, મારેલ.

प्रहृत न० પ્રહાર, માર.

प्रहृत पु० તે નામે એક ઋષિ.

प्रहृष्ट त्रि० હર્ષ પામેલ, આનંદ પામેલ,ખુશી.

प्रहृष्ट न० હર્ષ, આનંદ.

प्रहृष्टक पु० કાગડો.

प्रहेणक न० એક જાતનું પિષ્ટક–પકવાન્ન.

प्रहेलक न० ઉપરનો અર્થ.

प्रहेलिका स्त्री० જેનો અર્થ દુર્જ્ઞેય હોય તેવો એક પ્રશ્ન.

प्रहोषिन् त्रि० અત્યંત હવન કરનાર, સારી રીતે હવન કરનાર.

प्रह्राद पु० હિરણ્યકશિપુનો એક પુત્ર, તે નામે એક નાગ.

प्रह्राद पु० અત્યંત હર્ષ–આનંદ, શબ્દ–મોટો અસ્પષ્ટ શબ્દ.

प्रह्रादन त्रि० આનંદકારક.

प्रह्रादित त्रि० આનંદ પામેલ.

प्रह्लत्ति स्त्री० હર્ષ, આનંદ.

प्रह्लन्न त्रि० હર્ષ પામેલ, આનંદ પામેલ.

प्रह्लन्नि स्त्री० હર્ષ, આનંદ.

प्रह्लाद पु० प्रह्राद જુઓ.

प्रह्लादन त्रि० હર્ષકારક.

प्रह्लादित त्रि० હર્ષ પામેલ, આનંદ પામેલ

प्रह्व त्रि० નમ્ર, આસક્ત.

प्रह्वीभवन न० નમ્ર થવું, આસક્ત થવું.

प्रह्वीभाव पु० ઉપરનો અર્થ.

प्रह्वीभूत त्रि० નમ્ર થયેલ, આસક્ત થયેલ.

प्रह्वलीका स्त्री० प्रहेलिका જુઓ.

प्रह्वांजलि त्रि० નમ્ર અંજલિવાળું.

प्रह्वाय पु० બોલાવવું.

प्रा अदा० प० स० अनिट् પૂર્ણ કરવું, ભમવું.

प्रांशु त्रि० ઉંચું, ઉન્નત.

प्रांशु पु० વત્સપ્રી રાજાનો સુદક્ષિણામાં ઉત્પન્ન થયેલ એક પુત્ર, વૈવસ્વત મનુનો એક પુત્ર.

प्राक् अव्य० પહેલાં, અગાઉ, પ્રથમ.

प्राक्चरणा स्त्री० એક જાતનો યોનિરોગ.

प्राकट्य न० પ્રકટપણું, પ્રસિદ્ધિ,આવિર્ભાવ.

प्राकर पु० દ્યુતિમત રાજાનો એક પુત્ર.

प्राकरणिक त्रि० પ્રકરણથી પ્રાપ્ત થયેલ.

प्राकर्षिक त्रि० નિત્ય પ્રકર્ષને યોગ્ય.

प्राकषिक पु० સ્ત્રીઓને નચાવનાર, પારકી સ્ત્રીઓ ઉપર જીવનાર,ગુદા મૈથુન કરાવનાર.

प्राकाम्य न० આઠ પ્રકારના ઐશ્વર્યમાંનું એક ઐશ્વર્ય,સ્વચ્છંદપણું,ઇચ્છાનુસારપણું.

प्राकार पु० ઇંટો વગેરેથી બનાવેલ કિલ્લો, કોટ, વાડ, ચોતરફ વિસ્તાર.

प्राकारमर्दिन् त्रि० કિલ્લો તોડી ભાંગી નાખનાર.

प्राकाराग्र न० કિલ્લાનો અગ્રભાગ–કાંગરો.

प्राकारीय त्रि० કિલ્લા માટેની ઇંટ વગેરે, જ્યાં કિલ્લો થઇ શકે તેવો પ્રદેશ વગેરે.

प्राकाश्य न० પ્રકાશપણું, પ્રકટપણું, આવિર્ભાવ, સ્વચ્છતા.

प्राकृत त्रि० નીચ, પ્રકૃતિસંબંધી, સ્વભાવસિદ્ધ, સંસ્કૃતમાં બનેલ–અપભ્રંશ વગેરે.

प्राकृत पु० નાટક વગેરેમાં પ્રસિદ્ધ અપભ્રંશ શબ્દ, સ્વભાવથી સિદ્ધ મિત્ર કે અમિત્ર.

प्राकृत न० સંસ્કૃત સિવાયનું ભાષણ–માગધી વગેરે.

प्राकृतज्वर पु० એક પ્રકારનો તાવ.

प्राकृतदोष पु० વર્ષા–શરદ–વસન્ત–એ ત્રણ ઋતુઓમાં અનુક્રમે કોપેલ, વાત–પિત્ત-કફ.

प्राकृतप्रलय पु० એક પ્રકારનો પ્રલય.

प्राकृतमनुष्य पु० નીચ–હલકો માણસ.

प्राकृतमानुष पु० ઉપરનો અર્થ.

प्राकृतमित्र पु० સ્વભાવસિદ્ધ મિત્ર, સ્વાભાવિક મિત્ર.

प्राकृतशत्रु पु० સ્વભાવસિદ્ધ શત્રુ, સ્વાભાવિક શત્રુ.

प्राकृतिक त्रि० પ્રકૃતિસાધ્ય–સ્વભાવસિદ્ધ, સ્વાભાવિક, પ્રકૃતિનું, પ્રકૃતિસંબંધી.

प्राक्काल पु० પૂર્વનો સમય, અગાઉનો વખત.

प्राक्कूल पु० પૂર્વમાં મૂકેલ દર્ભ.

प्राक्छाय त्रि० હસ્તનક્ષત્રની પૂર્વવર્તિ છાયાવાળો દિવસ વગેરે.

प्राक्तन त्रि० પૂર્વનું, પૂર્વે હોનાર–થનાર, અગાઉનું.

प्राक्तनकर्म न० પુણ્ય–પાપ વગેરે–અદૃષ્ટદૈવ.

प्राक्तनकर्मन् न० પૂર્વે કરેલ કર્મ.

प्राक्पद न० પૂર્વનું પદ, પૂર્વનું સ્થાન.

प्राक्पुष्पा स्त्री० પ્રથમ ફૂલ આવનારી લતા.

प्राक्फल पु० ફણસનું ઝાડ.

प्राक्फल्गुनिक पु० બૃહસ્પતિ.

प्राक्फल्गुनी स्त्री० પૂર્વા ફાલ્ગુની નક્ષત્ર.

प्राक्फल्गुनीभव पु० બૃહસ્પતિ.

प्राक्फाल्गुन पु० બૃહસ્પતિ.

प्राक्फाल्गुनेय पु० બહસ્પતિ.

प्राक्शङ्कवत् पु० તે નામે એક ઋષિ.

प्राक्सन्ध्या स्त्री० પૂર્વ કાળની સંધ્યા-પ્રાતઃસંધ્યા.

प्राक्सवन न० યજ્ઞિય પ્રથમ સવન.

प्राक्सौमिक त्रि० સોમયાગની પહેલાં કરવા યોગ્ય અગ્નિહોત્ર-દર્શ–પૌર્ણમાસ–પશુયાગ-ચાતુર્માસ્ય–યાગરૂપ ક્રિયાકલાપ.

प्राक्सौमिकी स्त्री० સોમયાગની પહેલાં કરવાની ઇષ્ટિ.

प्राक्स्रोतस् स्त्री० નદી.

प्राखर्य न० પ્રખરપણું.

प्रागग्र त्रि० પૂર્વાભિમુખ-પૂર્વ સામે મુખવાળું.

प्रागद्य त्रि० સારી રીતે વક્તાની સમીપનો પ્રદેશ વગેરે.

प्रागभाव पु० તે નામે એક સંસર્ગાભાવ, પ્રથમ અભાવ.

प्रागल्भ्य न० प्रगल्भता જુઓ, ભયશૂન્યતારૂપ સ્ત્રીઓનો એક સાત્વિક ભાવ.

प्रागुदीची स्त्री० પૂર્વ અને ઉત્તર દિશાની વચ્ચેની દિશા–ઈશાનકોણ.

प्राग्गामिन् त्रि० પૂર્વ તરફ જનાર, પૂર્વે જનાર, પ્રથમ જનાર.

प्राग्ज्योतिष पु० કામરૂપ દેશ–કામરૂ દેશ.

प्राग्भक्त न० વૈદ્યકપ્રસિદ્ધ ભોજન પહેલાં ઔષધ સેવનનો એક કાળ.

प्राग्भार पु० ઉત્કર્ષ, શ્રેષ્ઠતા, પરભાગ, પર્વતનો અગ્રભાગ.

प्राग्भाव पु० ઉપરના અર્થ, પૂર્વે હોવાપણું.

प्राग्रहर त्रि० શ્રેષ્ઠ.

प्राग्राट न० પાતળું દહીં.

प्राग्र्य त्रि० શ્રેષ્ઠ.

प्राग्वंश पु० હવિર્ગૃહથી પૂર્વભાગમાં રહેલ યજમાન વગેરેની સ્થિતિ માટેનું ઘર.

प्राग्वंश पु० વિષ્ણુ.

प्राग्वचन न० પહેલાં કહેલ વચન, મનુ વગેરેએ પૂર્વે કહેલ વચન.

प्राग्वत् अव्य० પૂર્વના દેશ-કાળતુલ્ય, અગાઉના દેશ-કાળ સરખું.

प्रागाद्य त्रि० અત્યંત સ્પષ્ટ કહેનારની સમીપનો પ્રદેશ વગેરે.

प्राघात पु० યુદ્ધ.

प्राघार पु० યજ્ઞમાં અગ્નિ ઉપર ઘી વગેરેની ધાર કરવી તે.

प्राघुण पु० અતિથિ.

प्राघुणक पु० અતિથિ.

प्राघुणिक पु० અતિથિ.

प्राघूर्णिक पु० અતિથિ.

प्राङ्ग न० પણવ વાદ્ય-पणव જુઓ.

प्राङ्ग त्रि०મોટા શરીરવાળું,સારા શરીરવાળું.

प्राङ्गण न० ઘરની ભૂમિ, આંગણું,પણવવાદ્ય.

प्राङ्गणतस् अव्य० આંગણેથી, આંગણામાં.

प्राङ्गी स्त्री० મોટા શરીરવાળી સ્ત્રી, સારા શરીરવાળી સ્ત્રી.

प्राङ्न्याय पु० વ્યવહારમાં એક પ્રકારનો ઉત્તર.

प्राङ्मुख त्रि० પૂર્વ તરફ મુખવાળું.

प्राच् अव्य० પૂર્વમાં, પૂર્વે.

प्राच् त्रि० પૂર્વ દેશ-કાળ.

प्राच पु० સારી રીતે રક્ષણ કરનાર, સારી રીતે ગમન-જવું.

प्राचार त्रि० આચારભ્રષ્ટ, અનાચારી.

प्राचार्य्य पु० શ્રેષ્ઠ આચાર્ય.

प्राचिका स्त्री० જંગલી માખી.

प्राचिन्वत् पु० તે નામે એક રાજા.

प्राची स्त्री० પૂર્વ દિશા.

प्राचीन त्रि० પૂર્વ દિશા-દેશ—કાળમાં હોનાર-થનાર, પૂર્વનું, અગાઉનું, પ્રથમનું, જૂનું.

प्राचीन न० શહેર, ઘર વગેરેની ચોબાજુ વાડ વગેરે.

प्राचीनगर्भ पु० તે નામે એક ઋષિ.

प्राचीनतिलक पु० ચંદ્ર, કપૂર.

प्राचीनपनस पु० બીલીનું ઝાડ.

प्राचीनवर्हिस् पु० ઇન્દ્ર, તે નામે એક રાજા, હવિર્ધામાનો પુત્ર.

प्राचीनयोग पु० તે નામે એક ઋષિ.

प्राचीनयोगिनीपुत्र पु० યજુર્વેદના વંશનો એક ઋષિ.

प्राचीनयोग्य पु० પ્રાચીનયોગ ઋષિનું ગોત્રસંતાન.

प्राचीना स्त्री० તે નામે એક વનસ્પતિ.

प्राचीनामलक न० પાણીમાં થતું આંબળું.

प्राचीनावीत न० શ્રાદ્ધ વગેરેમાં ડાબો હાથ બહાર કાઢી જમણી ખાંધ ઉપર નાખેલ જનોઈ-અપસવ્ય કરેલ જનોઈ.

प्राचीनावीतिन् पु० શ્રાદ્ધ વગેરેમાં અપસવ્ય કરેલ જનોઇવાળો.

प्राचीपति पु० ઇન્દ્ર.

प्राचीर न० प्राकार જુઓ, વાડ, ચોતરફ વેષ્ટન.

प्राचुर्य न० પુષ્કળપણું.

प्राचेतस पु० વાલ્મીકી મુનિ, પ્રાચીન બર્હિષ રાજાનો પુત્ર, વરૂણનો પુત્ર.

प्राचैस् न० પ્રાચીન, જૂનું, પુરાણું, પૂર્વમાં હોનાર, પૂર્વે હોનાર.

प्राच्य त्रि० ઉપરના અર્થ.

प्राच्य पु० શરાવતી નદીની પૂર્વ-દક્ષિણનો દેશ.

प्राच्यवाट न० પૂર્વ દેશમાં રહેલ.

प्राच्यवृत्ति स्त्री० પ્રાચીન વૃત્તિ, તે નામે છંદ.

प्राच्यवृत्ति त्रि० પ્રાચીન વૃત્તિવાળું.

प्राच्यसप्तसम त्रि० પ્રાચીન સપ્તસમ.

प्राच्यायन पु० પ્રાચ્યનું ગોત્રસંતાન.

प्राच्छ् त्रि० પ્રશ્ન કરનાર, પૂછનાર, ન્યાયાધીશ.

प्राजक पु० સારથિ.

प्राजन न० પશુ વગેરેને હાંકવાનો દંડ-લાકડી.

प्राजया अव्य॰ પ્રાજન ક્રિયા–પ્રકૃષ્ટ ગમન–ક્ષેપણક્રિયા.

प्राजरुहा अव्य॰ ઉગવું.

प्राजरुहाकृत्य अव्य॰ ઉગીને.

प्राजरुहाकृत्वा अव्य॰ ઉગીને.

प्राजहित पु॰ ગાર્હપત્ય અગ્નિ.

प्राजापत त्रि॰ પ્રજાપતિના ધર્મનું, પ્રજાપતિના ધર્મસંબંધી.

प्राजापत्य पु॰ આઠ પ્રકારના વિવાહોમાંનો એક વિવાહ.

प्राजापत्य न॰ તે નામે એક વ્રત, પ્રયાગ તીર્થ, રોહિણી નક્ષત્ર.

प्राजापत्य त्रि॰ પ્રજાપતિ જેનો દેવ હોય તેવું હવિષ વગેરે.

प्राजापत्य पु॰ તે નામે એક જૈન.

प्राजापत्या स्त्री॰ જેમાં સર્વસ્વ દક્ષિણા હોય છે તેવી એક ઇષ્ટિ.

प्राजावत त्रि॰ ભાઈની પત્નીના ધર્મનું, ભાભીના ધર્મસંબંધી.

प्राजितृ पु॰ સારથિ.

प्राजिन पु॰ એક જાતનું પક્ષી.

प्राजेश न॰ રોહિણી નક્ષત્ર.

प्राजेश त्रि॰ પ્રજાપતિ જેનો દેવ હોય તેવું હવિષ વગેરે.

प्राजेश्वर त्रि॰ ઉપરનો અર્થ.

प्राजेश्वर न॰ રોહિણી નક્ષત્ર.

प्राज्ञ पु॰ પંડિત, વિદ્વાન, એક જાતનો પોપટ, કલ્કિનો મોટો ભાઈ, વ્યષ્ટ્યુપહિત ચૈતન્ય–જીવચૈતન્ય.

प्राज्ञ त्रि॰ બુદ્ધિમાન, ચતુર, ડાહ્યું.

प्राज्ञता स्त्री॰ બુદ્ધિમાનપણું,ચતુરાઈ,ડહાપણ.

प्राज्ञत्व न॰ ઉપરના અર્થ.

प्राज्ञमानिन् त्रि॰ પોતાને પંડિત–વિદ્વાન–ડાહ્યું માનનાર.

प्राज्ञा स्त्री॰ બુદ્ધિ.

प्राज्ञी स्त्री॰ પંડિતની સ્ત્રી, વિદ્વાનની પત્ની, ચતુરની સ્ત્રી, સૂર્યની પત્ની.

प्राज्य न॰ પુષ્કળ ઘી, શ્રેષ્ઠ ઘી.

प्राज्य त्रि॰ પુષ્કળ ઘીવાળું; શ્રેષ્ઠ ઘીવાળું.

प्राञ्च् त्रि॰ પૂર્વ–દેશ–કાળમાં વર્તનાર–હોનાર–થનાર.

प्राञ्जल त्रि॰ સરળ, સુબોધ, પ્રમાણિક.

प्राञ्जलता स्त्री॰ સરળપણું, સુબોધપણું, પ્રમાણિકતા

प्राञ्जलत्व न॰ ઉપરના અર્થ.

प्राञ्जलि त्रि॰ જોડેલા બે હાથવાળું.

प्राञ्जलि पु॰ જોડેલા બે હાથ.

प्राञ्जलिन् त्रि॰ प्राञ्जलि त्रि॰ જુઓ.

प्राडाहत त्रि॰ પ્રશ્ન કરનારાએ હણેલ.

प्राड्विवाक पु॰ ન્યાયાધીશ, અદાલતમાં રાજાએ નીમેલ વિચારક, રાજાનો સહાયક.

प्राड्विवेक पु॰ પ્રાણ વાયુ.

प्राण् पु॰ બ્રહ્મા, બોલ સુગંધી દ્રવ્ય, કાવ્યનું જીવન રસ, વાયુ, બળ, સૂક્ષ્મદેહ સમષ્ટિઉપહિત ચૈતન્ય, પ્રાણોપાધિક જીવ,જીવત, ઇન્દ્રિયસ્થાન, ઘ્રાણેન્દ્રિય, શરીરમાં રહેલ છિદ્ર, ધાતાનો એક પુત્ર, કવિત્વશક્તિ, તે નામે એક સપ્તર્ષિ, વિષ્ણુ, પરમાત્મા, મૂલાધારમાં રહેલ વાયુ,જીવત, પરાક્રમ, સત્તા.

प्राण पु॰ ब॰ પાંચ વૃત્તિવાળો પ્રાણ વાયુ, દશ વૃત્તિવાળો શરીરમાં રહેલ વાયુ.

प्राण त्रि॰ પૂર્ણ કરેલ, પૂર્ણ ભરેલ.

प्राणक पु॰ જીવ, જીવકવૃક્ષ, બોલ નામે સુગંધી દ્રવ્ય.

प्राणकर त्रि॰ બળકારક.

प्राणकर्मन् न॰ પ્રાણવાયુનું કર્મ.

प्राणग्रह पु॰ ઘ્રાણેન્દ્રિય.

प्राणजीवन त्रि॰ પ્રાણને જીવાડનાર,પ્રાણને પોષનાર.

प्राणजीवन पु० વિષ્ણુ.

प्राणत् त्रि० જીવતું, શ્વાસોચ્છ્વાસ લેતું.

प्राणतज पु० કલ્પમાં હોનાર વૈમાનિક દેવ.

प्राणत्याग पु० પ્રાણનો ત્યાગ.

प्राणथ पु० प्राण વાયુ, મનુષ્યનો કુલપુરૂષ.

प्राणथ त्रि० બળવાન.

प्राणथज पु० प्राणतज જુઓ.

प्राणद् न० પાણી, લોહી.

प्राणद् पु० વિષ્ણુ, જીવક વૃક્ષ.

प्राणद् त्रि० પ્રાણ આપનાર.

प्राणदा स्त्री० હરડે, ઋદ્ધિ વૃક્ષ.

प्राणदातृ त्रि० પ્રાણ આપનાર.

प्राणदान न० પ્રાણ આપવો તે.

प्राणधारण न० પ્રાણ ધારણ કરવો તે.

प्राणन न० જીવન, જીવવું તે.

प्राणन पु० પાણી.

प्राणनाथ पु० પતિ, સ્વામી, ધણી.

प्राणनिग्रह पु० પ્રાણાયામ.

प्राणनियम पु० પ્રાણાયામ.

प्राणनिरोघ पु० પ્રાણાયામ.

प्राणन्त पु० વાયુ, રસાંજન નામનું અંજન.

प्राणन्ती स्त्री० ક્ષુધા, ભુખ, હેડકી.

प्राणपति पु० પતિ, સ્વામી, ધણી.

प्राणपरीप्सत् त्रि० પ્રાણને બચાવવા ઈચ્છતું.

प्राणपरीप्सु पु० પ્રાણને બચાવવા ઇચ્છનાર.

प्राणपिण्ड पु० બોલ નામે ગંધદ્રવ્ય.

प्राणप्रद त्रि० પ્રાણ આપનાર,બળ આપનાર.

प्राणप्रदा स्त्री० ઋદ્ધિ નામની ઔષધિ,હરડે.

प्राणभक्ष पु० ઘ્રાણેન્દ્રિયથી સુંઘવું તે.

प्राणभक्ष त्रि० ઘ્રાણેન્દ્રિયથી સુંઘનાર.

प्राणभास्वत पु० સમુદ્ર.

प्राणभृत् त्रि० પ્રાણી, હરકોઇ જીવ-જંતુ, પ્રાણનું પોષણ કરનાર.

प्राणभृत् पु० વિષ્ણુ.

प्राणमय पु० જીવના સ્વરૂપને ઢાંકનાર વેદાંતપ્રસિદ્ધ એક કોષ–પ્રાણમય કોષ.

प्राणमयकोष पु० ઉપરનો અર્થ.

प्राणयम पु० પ્રાણાયામ.

प्राणयात्रा स्त्री० પ્રાણનો શ્વાસોચ્છ્વાસ વગેરે, ભોજન, પ્રાણધારણનું સાધન.

प्राणयात्रिक त्रि०પ્રાણધારણનું સાધન ભોજન વગેરે કરનાર.

प्राणयोनि पु० પરમેશ્વર, વાયુ.

प्राणवत् त्रि० પ્રાણવાળું, પ્રાણી, જંતુ, જીવમાત્ર.

प्राणवायु पु० શરીરમાં રહેલ પ્રાણવાયુ.

प्राणव्यय पु० પ્રાણનો નાશ.

प्राणशरीर पु० પરમેશ્વર.

प्राणसंयम पु० પ્રાણાયામ.

प्राणसंवाद पु० મુખ્ય પ્રાણનો ઇન્દ્રિયોની સાથે પોતાની શ્રેષ્ઠતા સંબંધે વિવાદ.

प्राणसंशय पु० પ્રાણની સ્થિતિનો સંશય, જેથી ઘણું કરી મરણ થાય તેવો વ્યાપાર.

प्राणसद्मन् न० દેહ, શરીર.

प्राणसम पु० પ્રાણ સમાન પ્રિય પતિ–સ્વામી–ધણી.

प्राणसम त्रि० પ્રાણસમાન.

प्राणसमा स्त्री० પ્રાણસમાન પ્રિય પત્ની.

प्राणहर त्रि० પ્રાણ હરનાર, પ્રાણ લેનાર ઝેર વગેરે.

प्राणहारक त्रि० ઉપરના અર્થ.

प्राणहारिन् त्रि० प्राणहर જુઓ.

प्राणहिता स्त्री० પાદુકા, મોજડી, જોડા.

प्राणा स्त्री० તે નામે એક પક્ષિણી–જે અરૂણ અને ગરૂડની સાસુ હતી.

प्राणाग्निहोत्र न० પ્રાણરૂપ અગ્નિમાં હોમ–પ્રાણોને પાંચ આહુતિરૂપ અગ્નિહોત્રાત્મક ભોજન, તે નામે કૃષ્ણ યજુર્વેદીય એક ઉપનિષદ્.

प्राणाचार्य पु० वैद्य.

प्राणात्यय पु० પ્રાણનો નાશ, પ્રાણ જવાનો કાળ.

प्राणाधिनाथ पु० પતિ, સ્વામી.

प्राणान्त पु० મરણ.

प्राणान्तिक त्रि० મરણ જેનું ફળ હોય તેવું પ્રાયશ્ચિત્ત વગેરે.

प्राणापहार त्रि० प्राणहर જુઓ.

प्राणापहारक त्रि० ઉપર પ્રમાણે.

प्राणापहारिन् त्रि० प्राणहर જુઓ.

प्राणापान पु० द्वि० પ્રાણ તથા અપાન વાયુ, અશ્વિનીકુમાર.

प्राणाबाध पु० પ્રાણને પીડા-દુ,ખ-સંકટ.

प्राणायतन न० શરીરમાં રહેલ નવ છિદ્રરૂપ પ્રાણને રહેવાનાં મુખ્ય સ્થાન.

प्राणायन पु० પ્રાણનું સંતાન.

प्राणायाम पु० પ્રાણનું સંયમ-પ્રાણવાયુની ગતિ રોકનાર એક વ્યાપાર.

प्राणावाय न० ક્રિયાવિશાલ.

प्राणासन न०રુદ્રયામલ ગ્રંથયાં કહેલ આસન.

प्राणाहुति स्त्री० પ્રાણરૂપ અગ્નિમાં આહુતિ-ગૃહસ્થે કરવાનો પ્રાણરૂપ અગ્નિમાં હોમ.

प्राणिणिषत् त्रि० જીવવા ઇચ્છતું.

प्राणिणिषु त्रि० જીવવા ઇચ્છનાર.

प्राणिद्यूत न० સમાહ્વય નામનું એક વિવાદસ્થાન, શરત કરી પ્રાણીઓનું યુદ્ધ કરાવવું તે.

प्राणिन् त्रि० પ્રાણવાળું, હરકોઇ જંતુ.

प्राणिन् पु० જીવ, જીવાત્મા, ચેતન.

प्राणिपीडन न० પ્રાણીને પીડા-દુઃખદેવું તે.

प्राणिपीडा स्त्री० પ્રાણીને પીડા, પ્રાણીની પીડા-દુઃખ.

प्राणिमातृ स्त्री० એક જાતની ક્ષુપ વનસ્પતિ.

प्राणिहित त्रि० પ્રાણીનું હિતસાધન, પ્રાણીના હિતનું.

प्राणिहिता स्त्री० પાદુકા, પાવડી, જોડા.

प्राणीत्य न० ઋણ, કરજ.

प्राणेश पु० પતિ, સ્વામી, વાયુ.

प्राणेशा स्त्री० પત્ની, ભાર્યા.

प्राणेश्वर पु० પતિ, સ્વામી, વાયુ.

प्राणेश्वरी स्त्री० પત્ની, ભાર્યા.

प्राण्यङ्ग न० પ્રાણીનું અંગ-હાથ-પગ વગેરે.

प्रातःकाल पु० પ્રાતઃકાળ,સવાર,પ્રભાતકાળ, સૂર્યોદય સુધી ત્રણ મુહૂર્તનો કાળ.

प्रातःकृत्य न० શાસ્ત્રોક્ત પ્રાતઃકર્તવ્ય-સંધ્યા વગેરે.

प्रातःसन्ध्या स्त्री० પ્રાતઃકાળે કરવાનું સંધ્યાકર્મ, ગઇ રાત્રિ પછી સૂર્યોદય થતાં સુધીમાં વચ્ચેનો એક મુહૂર્તનો કાળ.

प्रातःसमय पु० प्रातःकाल જુઓ.

प्रातःसव पु० પ્રાતઃકાળે કરવાનું યજ્ઞના અંગરૂપ એક કર્મ.

प्रातःसवन न० ઉપરનો અર્થ.

प्रातःस्नान न० પ્રાતઃકાળે કરવાનું સ્નાન.

प्राःस्मरण न० પ્રાતઃકાળે અમુક દેવ-ગુરૂ વગેરેનું સ્મરણ.

प्रातःस्मरणीय त्रि० પ્રાતઃકાળે સ્મરણ કરવા યોગ દેવ-ગુરૂ વગેરે.

प्रातर् अव्य० प्रातःकाल જુઓ.

प्रातर त्रि० નદી વગેરે તરી જવાના પુષ્કળ દાણવાળો કોઇ દેશ વગેરે.

प्रातरीय त्रि० નદી વગેરે તરી જવામાં પુષ્કર દાણ લેનાર કોઇ દેશની પાસેનો દેશ વગેરે.

प्रातरच्चक पु० એક જાતનો સર્પ.

प्रातरनुवाक पु० પ્રાતઃકાળે ભણવાનો અમુક વેદવિભાગ.

प्रातरशन न० પ્રાતઃકાળનું ભોજન.

प्रातराश पु० ઉપરનો અર્થ.

प्रातर्गान न० પ્રાતઃકાળે ગાવાનું સામ વગેરે.

प्रातर्गेय त्रि० પ્રાતઃકાળે રાજાની સ્તુતિપાઠક, પ્રાતઃકાળે ગાવા યોગ્ય સામ વગેરે.

प्रातर्दिन न० આગલો દિવસ.

प्रातर्भोक्तृ त्रि० પ્રાતઃકાળે ભોજન કરનાર.

प्रातर्भोक्तृ पु० કાગડો.

प्रातर्भोजन न० પ્રાતઃકાળે ભોજન.

प्रातस्तमाम् अव्य० અત્યંત પ્રાતઃકાળ.

प्रातस्तराम् अव्य० ઉપરનો અર્થ.

प्रातस्त्रिवर्गा स्त्री० ગંગા નદી.

प्राति स्त्री० પૂર્તિ, પૂરણ, સંપૂર્ણ કરવું તે, પૂરવું તે, લાભ.

प्रातिकण्ठिक त्रि० પ્રત્યેકકંઠે ગ્રહણ કરનાર.

प्रातिका स्त्री० જવા વૃક્ષ.

प्रातिकामिन् पु० તે નામે દુર્યોધનનો દૂત.

प्रातिकूलिक त्रि० પ્રતિકૂલ વર્તતું, વિરૂદ્ધ વર્તતું.

प्रातिकूलिकी स्त्री० વિરૂદ્ધ વર્તતી.

प्रातिकूल्य न० પ્રતિકૂળપણું, વિરોધપણું, વિરોધ.

प्रातिक्रय न० પ્રતિકપણું,પારૂપીઆની ખરીદી.

प्रातिजनीन त्रि० પ્રત્યેક મનુષ્યને સારૂં, પ્રત્યેક મનુષ્યના હિતનું.

प्रातिनिधिक पु० प्रतिनिधि જુઓ.

प्रातिपथिक त्रि० દરેક માર્ગે જનાર.

प्रातिपथिकी स्त्री० દરેક માર્ગે જનારી.

प्रातिपद त्रि० પડવે તિથિએ હોનાર–થનાર.

प्रातिपदिक त्रि० ઉપરનો અર્થ.

प्रातिपदिक पु० પડવે તિથિએ પ્રકટ થયેલ અગ્નિ.

प्रातिपीय पु० તે નામે એક રાજા, ગોત્રપ્રવર એક ઋષિ.

प्रातिपेय पु० તે નામે એક રાજા.

प्रातिभ त्रि० પ્રતિભાશાળી.

प्रातिभ पु० યોગીઓના યોગમાં વિઘ્ન કરનાર એક ઉપસર્ગ.

प्रातिभाव्य न० જામીનગીરી, જામીનગીરીમાં આપવાનું ધન.

प्रातिभासिक त्रि० છીપમાં જેમ રૂપું તેમ માત્ર ભ્રાંતિથી ભાસતું.

प्रातिलोम्य न० વિપરીતપણું, ઉલટાપણું.

प्रातिवेशिक त्रि० પાડોશી.

प्रातिवेश्य न० પાડોશ, પાડોશી.

प्रातिवेश्यक न० ઉપરનો અર્થ.

प्रातिशाख्य त्रि० દરેક શાખામાં હોનાર–થનાર.

प्रातिशाख्य न० તે નામે એક વ્યાકરણ.

प्रातिश्रुत्क पु० પ્રતિશ્રવણ વેલાએ હોનાર પુરૂષ.

प्रातिस्विक त्रि० અસાધારણ ધર્મ, દરેક વ્યક્તિએ હોનાર–થનાર.

प्रातिहर्त्र न० પ્રતિહર્તા નામના ઋત્વિજનું કર્મ, પ્રતિહરણ.

प्रातिहर पु० જાદુગર, ગારૂડી.

प्रातिहार पु० પ્રતિહાર, છડીદાર.

प्रातिहारक पु० ઉપરનો અર્થ.

प्रातिहारिक पु० प्रातिहार જુઓ.

प्रातीतिक त्रि० प्रातिभासिक જુઓ.

प्रातीप पु० પ્રતીપ રાજાનો પુત્ર–શાન્તનુ રાજા.

प्रातीपिक त्रि० વિરૂદ્ધ વર્તનાર, ઉલટું ચાલનાર.

प्रातृद पु० તે નામે એક ઋષિ.

प्रात्ययिक त्रि० એક પ્રકારનો જામીન–સાક્ષી, ખાત્રીનું, અનુભવવાળું.

प्राथमकल्पिक त्रि० પ્રથમ આરંભને યોગ્ય વેદાધ્યયન વગરે, પ્રથમ કલ્પરૂપ શિક્ષાગ્રંથને ભણનાર.

प्राथमिक त्रि० પ્રથમમાં હોનાર–થનાર વેદ વગેરેનું પ્રથમ અધ્યયન કરનાર.

प्राथम्य न० પ્રથમપણું.

प्रादि पु० 'प्र' વગેરે ઉપસર્ગ.

प्रादुराक्षि पु० તે નામે ગોત્રપ્રવર ઋષિ.

प्रादुर्भवन न० પ્રકટ થવું, પ્રથમ પ્રકાશ.

प्रादुर्भाव पु० ઉપરના અર્થ.

प्रादुर्भूत त्रि० પ્રથમ પ્રકટ થયેલ, પ્રથમ પ્રકાશેલ.

प्रादुष्य न० પ્રાદુર્ભાવ. પ્રકટપણું.

प्रादुस् अव्य० પ્રકટપણું, પ્રકટ, ખુલ્લું.

प्रादेश पु० તર્જની આંગળી સાથે પહોળો કરેલ અંગુઠો, દેશમાત્ર, એક જાતનું માપ, સ્થાન.

प्रादेशन न० દાન, દેવું, આપવું.

प्रादेशिक त्रि० પ્રદેશમાં હોનાર-થનાર.

प्रादोष त्रि० પ્રદોષકાળે-રાત્રિના આરંભ-સમયે હોનાર-થનાર.

प्रादोषिक त्रि० ઉપરનો અર્થ.

प्रादोहनि पु० પ્રદોહનનો પુત્ર.

प्रादोहनायनि पु० પ્રદોહનનો યુવપુત્ર.

प्राधनिक त्रि० યુદ્ધનું ઉપકરણ, યુદ્ધનું સાધન-સામાન વગેરે.

प्राधा स्त्री० કશ્યપની એક સ્ત્રી-દક્ષની કન્યા.

प्राधानिक त्रि० प्रधान જુઓ, પ્રધાન-સંબંધી, મુખ્યસંબંધી.

प्राधान्य न० પ્રધાનપણું, મુખ્યપણું, શ્રેષ્ઠતા.

प्राधीत त्रि० સારી રીતે ભણેલ.

प्राधेय पु० દક્ષકન્યા પ્રધાના પુત્ર દેવ-ગંધર્વ વગેરે.

प्राध्ययन न० સારી રીતે ભણવું તે.

प्राध्व त्रि० નમ્ર, બંધાયેલ, બહુ દૂર જનાર રથ વગેરે.

प्राध्व पु० દૂર માર્ગ, દૂરનો રસ્તો, લાંબો રસ્તો.

प्राध्वम् अव्य० અનુકૂલપણું, બંધન અને નમ્રતા-એ અર્થમાં વપરાય છે.

प्रान्त पु० છેડો, બાકીની હદ, છેવટ, તે નામે એક ઋષિ.

प्रान्ततस् अव्य० છેડેથી, બાકીની હદથી, છેવટથી.

प्रान्तदुर्ग पु० રાજાને આશ્રય કરવાનું એક સ્થાન, એક જાતનો કિલ્લો.

प्रान्तर न० દૂર જવા યોગ્ય માર્ગ, વૃક્ષ વગેરેની શાખા વગેરેનો રસ્તો, વન, કોટર.

प्रान्तशून्य पु० છાયા વગેરેથી રહિત માર્ગ.

प्राप त्रि० પુષ્કળ જળવાળું, જળમય.

प्रापक त्रि० પહોંચાડનાર, પ્રાપ્ત કરનાર, મેળવનાર.

प्रापण न० પ્રાપ્ત કરવું, મેળવવું, પહોંચાડવું.

प्रापणिक पु० મોટો વેપારી, કરીયાંણા વેચનાર.

प्रापणीय त्रि० પ્રાપ્ત કરવા યોગ્ય, પહોંચાડવા લાયક.

प्रापित त्रि० પહોંચાડેલ, મેળવેલ, પ્રાપ્ત કરેલ.

प्रापेय पु० તે નામે એક ગંધર્વગણ.

प्राप्त त्रि० પ્રાપ્ત કરેલ, મેળવેલ, પાસે આવેલ, થઇ ગયેલ.

प्राप्तकाल पु० કરવા યોગ્ય સમય, યોગ્ય કાળ, જેનો સમય આવી પહોંચ્યો હોય તે.

प्राप्तपञ्चत्व त्रि० મરણ પામેલ, મરેલ.

प्राप्तबुद्धि त्रि० બુદ્ધિને પામેલ, ભાનમાં આવેલ.

प्राप्तभार त्रि० ભાર વહેવાનો સમય જેનો આવ્યો હોય તેવો બળદ વગેરે.

प्राप्तभाव पु० ઉપરનો અર્થ.

प्राप्तरूप त्रि० મનોહર, સુંદર, પંડિત, વિદ્વાન, રૂપવાળું, રૂપાળું.

प्राप्तव्य त्रि० પ્રાપ્ત કરવા યોગ્ય, પહોંચાડવા લાયક.

प्राप्तापराध त्रि० અપરાધમાં આવેલ, અપરાધી.

प्राप्तावसर त्रि० प्राप्तकाल જુઓ.

प्राप्ति स्त्री० ઉદય, ધન વગેરેની વૃદ્ધિ, લાભ, પહોંચવું, પહોંચાડવું, સંહતિ, જથ્થો,

સમૂહ, અણિમા વગેરે આઠ ઐશ્વર્યમાંનું એક, બૃહદ્રથ વંશના જરાસંધ રાજાની એક પુત્રી, કંસની એક સ્ત્રી, સંયોગસ્વરૂપ એક દ્રવ્યગુણ, સાહિત્યપ્રસિદ્ધ એક મુખાંગ, કામની એક સ્ત્રી, તે નામે એક સહમ, મેળવવું, જવું, ગમન.

प्राप्तिसम न० ગૌતમસૂત્રમાં કહેલ એક જાતિ ઉત્તર.

प्राप्त्याशा स्त्री० લાભની ઇચ્છા, પ્રારબ્ધ કાર્યની એક અવસ્થા, મેળવવાની ઇચ્છા.

प्राप्य त्रि० ગમન કરવા યોગ્ય, જવા યોગ્ય, મેળવવા યોગ્ય.

प्राप्य न० વ્યાકરણપ્રસિદ્ધ એક કર્મ.

प्राप्य अव्य० ગમન કરીને, જઇને, મેળવીને, પ્રાપ્ત કરીને.

प्राप्यकारिन् त्रि० વિષયપ્રદેશમાં જઇને વિષયનો પ્રકાશ કરનાર ચક્ષુષ વગેરે ઇન્દ્રિય.

प्राबल्य न० પ્રબળપણું.

प्राबोधिक पु० ઉષાકાળ–પરોઢ, પરોઢીયું, સવાર.

प्राबोधिक त्रि० પ્રાતઃકાળે સ્તુતિપાઠ કરનાર ભાટ–ચારણ વગેરે.

प्राभञ्जन न० સ્વાતી નક્ષત્ર.

प्राभञ्जन त्रि० વાયુસંબંધી, વાયુનું.

प्राभञ्जनि पु० હનુમાન, પાંડવ-ભીમસેન.

प्राभव न० પ્રભુત્વ. શ્રેષ્ઠતા, પ્રભુતા.

प्राभवत्य न० વિભુપણું, પ્રભુતા.

प्राभाकर त्रि० પ્રભાકર નામના એક મીમાંસકસંબંધી, પ્રભાકર-મીમાંસકના મતને જાણનાર.

प्राभातिक त्रि० પ્રભાતનું, પ્રભાતસંબંધી, પ્રાતઃકાળસંબંધી.

प्राभृत न० ભેટણું, ભેટમાં મૂકવાનું દ્રવ્ય, ભેટ.

प्राभृतक न० ઉપરના અર્થ.

प्रामधि पु० તે નામે ઋષિ–સપ્તર્ષિમાંનો એક.

प्रामाणिक त्रि० પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી સિદ્ધ, શાસ્ત્રસિદ્ધ, કારણથી સિદ્ધ, કારણસંબંધી, મર્યાદા જાણનાર, શાસ્ત્ર જાણનાર, પરિચ્છેદક, પ્રમાણ કરનાર.

प्रामाण्य न० પ્રમાણપણું.

प्रामाण्यवाद पु० પ્રમાણપણાનો વાદ–પ્રમાણતાકથન.

प्रामादिक त्रि० પ્રમાદના કારણનું, અસત્ય ભાષણ વગેરે વ્યવહાર.

प्रामाद्य न० પ્રમાદ.

प्रामाद्य पु० અરડુસાનું ઝાડ, અરડુસો.

प्रामीत्य न० કરજ, દેણું, મરણ.

प्रामोदिक त्रि० હર્ષકારક, આનંદનું કારણ.

प्राय पु० મૃત્યુ, મરણ, અનશન કરીને મરવું તે, ઘણું, ઘણું કરીને.

प्रायण न० શરીરનો ત્યાગ કરી બીજે સ્થાને ગમન, પ્રારંભ, પ્રારંભદિવસ.

प्रायणीय पु० અતિરાત્ર યાગ.

प्रायश्चित्त न० પાપક્ષય માત્રનું સાધન શાસ્ત્રોક્ત એક કર્મ, નિશ્ચયયુક્ત કર્મ, નિશ્ચયયુક્ત તપ.

प्रायश्चित्तविधि पु० પ્રાયશ્ચિત્તનો વિધિ.

प्रायश्चित्ति स्त्री० પ્રાયશ્ચિત્ત જુઓ.

प्रायश्चित्तिक त्रि० નીચેનો શબ્દ જુઓ.

प्रायश्चित्तिन् त्रि० જેને પ્રાયશ્ચિત્ત કરવાનું હોય તે.

प्रायश्चित्तीय त्रि० પ્રત્યશ્ચિત્તનું, પ્રાયશ્ચિત્તસંબંધી.

प्रायश्चित्तीयता स्त्री० પ્રાયશ્ચિત કરવાપણું.

प्रायस् अव्य० ઘણું કરીને, તપ, વ્રત વગેરે, પુષ્કળપણું.

प्रायाणिक त्रि० પ્રયાણના હિતનું, પ્રયાણનું સાધન, પ્રયાણને ઉપયોગી શંખ–ચામર–વગેરે.

प्रायिक त्रि० ઘણું કરીને હોનાર–થનાર.

प्रायुद्धेषिन् पु० ઘોડો.

प्रायोग પુ० ગાડા વગેરેમાં જોડવા યોગ્યબળદ.

प्रायोगिक त्रि० નિત્ય પ્રયોગને યોગ્ય, હમેશ વાપરવા લાયક.

प्रायोज्य त्रि० સારી રીતે યોજવા–જોડવા યોગ્ય.

प्रायोपविष्ट त्रि० અનશન કરીને મરવા તૈયાર થયેલ.

प्रायोपवेश पु० અનશન કરીને મરવા તૈયાર થવું તે.

प्रायोपवेशन न० ઉપરનો અર્થ.

प्रायोपेत त्रि० અનશનમરણવાળું.

प्रारब्ध त्रि० સારી રીતે આરંભેલ-શરૂ કરેલ.

प्रारब्ध न० દેહાદિનું આરંભક અદૃષ્ટ–દૈવ-નસીબ, પૂર્વજન્મમાં કરેલ કર્મ.

प्रारब्धि स्त्री० હાથીને બાંધવાની દોરડી, આરંભ, શરૂઆત.

प्रारम्भ पु० આરંભ, શરૂઆત.

प्रारम्भ त्रि० સારી રીતે આરંભવાળું,યોગી.

प्रारम्भण न० આરંભ, શરૂઆત.

प्रारम्भणीय त्रि० આરંભના પ્રયોજનવાળું.

प्रारिप्सित त्रि० સારી રીતે આરંભ કરવા ઇચ્છેલ.

प्रारोह त्रि० ઉગવાના સ્વભાવવાળું.

प्रार्ण न० ઘણુંજ કરજ, ઉત્તમ કરજ.

प्रार्ण त्रि० અત્યંત કરજદાર, ઉત્તમકરજદાર.

प्रार्थन न० પ્રાર્થના, યાચના, હિંસા.

प्रार्थना स्त्री० ઉપરના અર્થ, ગર્ભનું એક અંગ, એક જાતની મુદ્રા.

प्रार्थनीय त्रि० પ્રાર્થના કરવા યોગ્ય, યાચના કરવા યોગ્ય.

प्रार्थनीय पु० દ્વાપર યુગ.

प्रार्थित त्रि० પ્રાર્થના કરેલ, યાચના કરેલ, કહેલ, શત્રુએ કેદ કરેલ.

प्रार्थितवत् त्रि० પ્રાર્થના કરતું,યાચનાકરતું.

प्रालम्ब न० કંઠથી સીધી લટકતી માળા.

प्रालम्ब त्रि० અત્યંત લટકતું.

प्रालम्बिका स्त्री० સોનાનો એક જાતનો હાર.

प्रालेय न० હિમ.

प्रालेयकर पु० ચંદ્ર, કપૂર.

प्रालेयकिरण पु० ચંદ્ર, કપૂર.

प्रालेयांशु पु० ચંદ્ર, કપૂર.

प्रालेयाद्रि पु० હિમાલય પર્વત.

प्रावट पु० જવ.

प्रावण न० કોદાળી.

प्रावणि स्त्री० સારી રીતે રક્ષણ.

प्रावह पु० प्राचीर જુઓ, તે નામે એક દેશ.

प्रावरण न० ઓછાડવાનું વસ્ત્ર, ઓછાડ, ઉત્તરીય વસ્ત્ર.

प्रावार पु० અત્યંત આવરણ, સારી રીતે આવરણ, ઉત્તરીય વસ્ત્ર.

प्रावारकर्ण पु० એક જાતનું ઘુવડ.

प्रावारकीट पु० એક જાતનો કીડો.

प्रावास त्रि० પ્રવાસમાં અપાતું, પ્રવાસમાં કરવાયોગ્ય કાર્ય વગેરે.

प्रावासिक त्रि० પ્રવાસનું સાધન, પ્રવાસમાં સારૂં.

प्रावितृ त्रि० સારી રીતે રક્ષણ કરનાર.

प्रावीण्य न० હોંશીઆરી, પ્રવીણતા.

प्रावृट्काल पु० વર્ષાકાળ.

प्रावृट्कालवहा स्त्री० તે નામે એક નદી.

प्रावृडत्यय पु० વર્ષાઋતુ વીતી જવી તે, શરદ ઋતુ.

प्रावृट्समय पु० વર્ષાકાળ.

प्रावृड्ज पु० प्रावृषिज पु० જુઓ.

प्रावृड्ज त्रि० प्रावृषिज त्रि० જુઓ.

प्रावृत न० સારી રીતે ઢાંકેલ–ઓઢેલ વસ્ત્ર.

प्रावृत त्रि० ઢાંકેલ, ઓઢેલ, વીટેલ.

प्रावृति स्त्री० प्राचीर જુઓ.

प्रावृत्तिक पु० પ્રવૃત્તિ–ખબર અંતર લઈ જનાર–લાવનાર દૂત.

प्रावृष् स्त्री० વર્ષાકાળ-શ્રાવણ અને ભાદરવો.

प्रावृषा स्त्री० ઉપરનો અર્થ

प्रावृषायणी स्त्री० कपिकच्छू વનસ્પતિ-કુવચ્યબીજ.

प्रावृषिक पु० મોર પક્ષી.

प्रावृषिक त्रि० વર્ષાઋતુમાં હોનાર-થનાર.

प्रावृषिकी स्त्री० મોરપક્ષિણી-ઢેલ, વર્ષાઋતુમાં હોનારી.

प्रावृषिज पु० વરસાદ સાથે તોફાની પવન-ઝંઝાવાત.

प्रावृषिज त्रि० વર્ષાઋતુમાં ઉત્પન્ન થયેલ.

प्रावृषीण त्रि० વર્ષાકાળમાં હોનાર-થનાર.

प्रावृषेण्य त्रि० ઉપરનો અર્થ.

प्रावृषेण्य त्रि० વર્ષાકાળમાં આપવા યોગ્ય કર વગેરે, વર્ષાકાળમાં કરવા યોગ્ય કામ વગેરે.

प्रावृषेण्य पु० કદંબનું ઝાડ, કુટજ વૃક્ષ, ધારાકદંબ.

प्रावृषेण्य न० પુષ્કળપણું.

प्रावृषेण्या स्त्री० રાતી સાટોડી, कपिकच्छू વનસ્પતિ.

प्रावृषेय पु० તે નામે એક દેશ.

प्रावृषेय त्रि० વર્ષાકાળમાં હોનાર-થનાર.

प्रावृष्य त्रि० ઉપરનો અર્થ.

प्रावृष्य पु० ધારા કદંબનું ઝાડ, કુટજ વૃક્ષ, વિકંકત વૃક્ષ.

प्रावेशन त्रि० પ્રવેશમાં અપાતું, પ્રવેશમાં કરાતું.

प्रावेशन न० શિલ્પશાળા.

प्रावेशिक त्रि० પ્રવેશનું સાધન.

प्राव्राज्य न० સંન્યાસ, દીક્ષા, સંન્યાસીપણું.

प्राश पु० અન્ન વગેરેનું અત્યંત ભોજન, સારી રીતે જમવું તે.

प्राशक त्रि० સારી રીતે જમનાર-ભોજન કરનાર.

प्राशन न० प्राश જુઓ.

प्राशव्य त्रि० સારી રીતે ભક્ષણમાં ઉપયોગી, પ્રકૃષ્ટ ભક્ષણના હિતનું.

प्राशित त्रि० સારી રીતે જમેલ-ભોજન કરેલ.

प्राशित न० ભક્ષણ, ભોજન, ખાવું તે, પિતૃયજ્ઞમાં તર્પણ.

प्राशित्र न० બ્રહ્મોદ્દેશ્યક ભાગરૂપ શિક્ષનો અમુક અંશ.

प्राशित्राहरण न० પ્રાશિત્રરૂપ ભાગને હરવાનું સાધન એક પાત્ર.

प्राशु त्रि० સારી રીતે ભક્ષણ કરનાર-ભોજન કરનાર.

प्राशु अव्य० અત્યંત શીઘ્ર, ઘણીજ ઉતાવળ.

प्राशृङ्ग त्रि० મોટાં શિંગડાંવાળું, મોટા શિખરવાળું.

प्राश्निक पु० સભ્ય, સભાસદ.

प्राश्निक त्रि० પ્રશ્નોત્તર આપવામાં ઠીક-સારૂં.

प्राश्नीपुत्र पु० યજુર્વેદના વંશનો તે નામે એક ઋષિ.

प्राश्य अव्य० પ્રાશન કરીને, ભોજન કરીને.

प्राष्टवर्ण त्रि० અનેક પ્રકારના રંગવાળું, રંગબેરંગી.

प्रास पु० ભાલો, ભાલાનો અગ્રભાગ.

प्रासक पु० ઉપરના અર્થ, पाशक જુઓ.

प्रासङ्ग पु० નવા જોડવાના વાછડાની ખાંધ ઉપર નાખવાની એક પ્રકારની ઝુંસરી.

प्रासङ्गिक त्रि० પ્રસંગથી પ્રાપ્ત થયેલ, પ્રસંગથી આવેલ.

प्रासङ्ग्य पु० ઝુંસરીને વહેનાર બળદ.

प्रासाद पु० દેવમંદીર, રાજમહેલ, હવેલી.

प्रासादकुक्कुट पु० પારેવું, કબૂતર.

प्रासादपृष्ठ न० દેવમંદીર-રાજમહેલ વગેરેની અગાસી, ઝરૂખો.

प्रासादशृङ्ग न० દેવમંદીર-રાજમહેલ વગેરેની ટોચ-શિખર.

प्रासिक पु० ભાલાવડે યુદ્ધ કરનાર.

प्रास्त त्रि० ફેંકેલ, ઉછાળેલ.

प्रास्तारिक त्रि० પ્રસ્તારમાં વ્યવહાર કરનાર.

प्रास्थानिक त्रि० પ્રયાણ સમયનું, પ્રયાણ સમયનું મંગલદ્રવ્ય-શંખ-દહીં વગેરે

प्रास्थिक त्रि० જેમાં એક પ્રસ્થ જેટલું ધાન્ય વવાય તેવું ખેતર વગેરે, પોતાનામાં એક પ્રસ્થ જેટલું સમાવનાર, એક પ્રસ્થ ધાન્ય રાંધનાર, એક પ્રસ્થ જેટલો ધાન્યનો ઢગ વગેરે, એક પ્રસ્થથી ખરીદેલ.

प्रास्थिक त्रि० એક પ્રસ્થના માપનું.

प्रास्थिक पु० એક પ્રસ્થનિમિત્તે સંયોગ અથવા ઉત્પાત.

प्रास्थिकी स्त्री० જેમાં એક પ્રસ્થ જેટલું ધાન્ય વવાય તેવી ભૂમિ.

प्राह पु० નૃત્યોપદેશ.

प्राहुण पु० અતિથિ.

प्राहुणक पु० અતિથિ.

प्राह्ण अव्ययी० સારા દિવસવાળું, મોટા દિવસવાળું.

प्राह्ण पु० દિવસનો પૂર્વભાગ-પ્રથમ ભાગ.

प्राह्णे अव्य० દિવસનો પૂર્વ ભાગ.

प्राह्णेतन त्रि० દિવસના પૂર્વભાગમાં હોનાર-થનાર.

प्राह्णेतनी स्त्री० દિવસના પૂર્વભાગમાં હોનારી થનારી.

प्राह्णेतमाम् अव्य० અત્યંત પ્રાતઃકાળ.

प्राह्णेतराम् अव्य० ઉપરનો અર્થ.

प्रिय त्रि० પ્રિય, વહાલું, સુંદર, મનોહર.

प्रिय पु० પતિ, સ્વામી, ભર્થાર, પ્રિયક મૃગ, જીવક ઔષધિ.

प्रियंवद त्रि० મીઠું બોલનાર.

प्रियंवद पु० ખેચર, તે નામે એક ગંધર્વ.

प्रियंवदा स्त्री० તે નામે એક છંદ, શકુંતલાની એક સખી.

प्रियक पु० એક જાતનો મૃગ, એક જાતનું ઝાડ, કાંગનું ઝાડ, કદંબવૃક્ષ, ધારાકંદબ વૃક્ષ, ભમરો, કેસર, અસનવૃક્ષ, કાર્તિકસ્વામીનો એક અનુચર.

प्रियकार त्रि० પ્રિય કરનાર.

प्रियकी स्त्री० એક જાતની મૃગલી.

प्रियकृत् त्रि० પ્રિય કરનાર.

प्रियकृत् पु० વિષ્ણુ.

प्रियङ्कर त्रि० પ્રિય કરનાર.

प्रियङ्करण त्रि० અપ્રિયને પ્રિય કરવાનું સાધન.

प्रियङ्करी स्त्री० ધોળી ભોંયરીંગણી, બૃહજ્જીવંતી વનસ્પતિ, આસંધ વનસ્પતિ.

प्रियङ्गु स्त्री० કાંગ, રાઈ, પીપર, પ્રિયંગુ વૃક્ષ, કડુ.

प्रियजन पु० વહાલો માણસ, પ્રૌઢ ભાવને જાણનાર.

प्रियजीव पु० શ્યોનાક વૃક્ષ.

प्रियजीवक पु० લોધરનું ઝાડ.

प्रियतम त्रि० અત્યંત પ્રિય.

प्रियतम पु० પતિ, ભર્થાર. મયૂરશિખાવૃક્ષ.

प्रियतमा स्त्री० વહાલી, પ્રિયા, પત્ની.

प्रियतर त्रि० અત્યંત પ્રિય.

प्रियता स्त्री० પ્રિયપણું.

प्रियतोष पु० પ્રિય-વહાલાને સંતોષ.

प्रियतोषण त्रि० વહાલાને સંતોષ ઉપજાવનાર.

प्रियतोषण पु० રતિમંજરીમાં કહેલ એક રતિબંધ.

प्रियत्व न० પ્રિયપણું.

प्रियदत्ता स्त्री० દાન કરાતી પૃથ્વી.

प्रियदर्शन त्रि० પ્રીતિકર દેખાવનું. સુંદર દેખાવનું,

प्रियदर्शन पु० પોપટ પક્ષી, ક્ષીરિકાવૃક્ષ.

प्रियप्रायम् न० પ્રિયવાક્ય.

प्रियप्रेप्सत् त्रि० પોતાને પ્રિય હોય તેને પ્રાપ્ત કરવા ઇચ્છતું.

प्रियप्रेप्सु त्रि० પોતાને પ્રિય હોય તેને પ્રાપ્ત કરવા ઇચ્છનાર.

प्रियभाषण न० પ્રિય બોલવું તે,પ્રિયવાક્ય.

प्रियभाषण त्रि० પ્રિય બોલનાર.

प्रियभाषिणी स्त्री० પ્રિય બોલનારી, મેના પક્ષી.

प्रियभाषिन् त्रि० પ્રિય બોલનાર.

प्रियमधु पु० બળરામ, બળદેવ.

प्रियमधु त्रि० જેને દારૂ પ્રિય હોય તે.

प्रियमाण त्रि० પ્રસન્ન થતું, પ્રેમી, પ્રેમાળ.

प्रियमाल्यानुलेपन त्रि० પુષ્પની માળા તથા ચંદનલેપન જેને પ્રિય હોય તે.

प्रियमेध पु० અજમીઢ રાજાનો એક પુત્ર, તે નામે એક ઋષિ.

प्रियम्भविष्णु त्रि० અપ્રિય પ્રિય થાય તે.

प्रियम्भावुक त्रि० ઉપરનો અર્થ.

प्रियरूप त्रि० પ્રિયરૂપવાળું, સુંદરરૂપવાળું.

प्रियरूप न० પ્રિય રૂપ, સુંદર રૂપ.

प्रियवचन त्रि० પ્રિયવાદી, પ્રિય બોલનાર, વૈદ્યના ઉપર ભક્તિ ધરાવનાર રોગી.

प्रियवचन न० પ્રિય વચન, સુંદર વચન.

प्रियवर्णी स्त्री० પ્રિયંગુ લતા.

प्रियवल्ली स्त्री० પ્રિયંગુ લતા, સુંદર વેલ.

प्रियवादिन् त्रि० પ્રિય બોલનાર.

प्रियवादिनी स्त्री० પ્રિય બોલનારી સ્ત્રી.

प्रियंव्रत पु० સ્વાયંભુવ મનુનો એક પુત્ર.

प्रियव्रत त्रि० વ્રત જેને પ્રિય હોય તે.

प्रियश्रवस् पु० પરમેશ્વર.

प्रियसख पु० પ્રિય મિત્ર, ખેરનું ઝાડ, પ્રિયનો મિત્ર.

प्रियसखी स्त्री० વહાલી સખી.

प्रियसङ्गम पु० વહાલાનો સમાગમ.

प्रियसङ्गमन न० ઉપરનો અર્થ.

प्रियसङ्गमन पु० તે નામે એક દેશ.

प्रियसत्य न० પ્રિય એવું સત્ય વાક્ય.

प्रियसत्य त्रि० સત્ય જેને પ્રિય હોય તે.

प्रियसन्देश पु० પ્રિય એવો સંદેશો, ચંપાનું ઝાડ, પ્રિયનો સંદેશો.

प्रियसाल पु० ચારોળીનું ઝાડ.

प्रियसालक पु० ઉપરનો અર્થ.

प्रिया स्त्री० ભાર્યા, પત્ની.

प्रियाख्य त्रि० પ્રિય કહેનાર, સારા સમાચાર કહેનાર.

प्रियादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

प्रियाम्बु पु० આંબાનું ઝાડ.

प्रियाम्बु त्रि० પાણી જેને પ્રિય હોય તે.

प्रियार्ह त्रि० પ્રિય વાક્ય વગેરેને યોગ્ય.

प्रियार्ह पु० વિષ્ણુ.

प्रियाल पु० ચારોળીનું ઝાડ.

प्रियाला स्त्री० દ્રાક્ષ.

प्रियोदित न० પ્રિય વાક્ય.

प्रियोदित त्रि० પ્રિય કહેલ, વહાલાંએકહેલ.

प्री भ्वा० उ० स० अनिट् સંતુષ્ટ કરવું, તૃપ્ત કરવું, પ્રેમ ઉપજાવવો, ખુશ કરવું.

प्री दिवा० आ० स० अनिट् ઇચ્છવું, ઇચ્છા કરવી, પ્રીતિ કરવી.

प्री क्र्या० उभ० अनिट् તૃપ્ત કરવું, ખુશ કરવું, स० તૃપ્ત થવું, ખુશ થવું, ઇચ્છવું, ચાહવું. अ०

प्री चु० उभ० स० अनिट् પ્રેમ ઉપજાવવો, ખુશ કરવું.

प्री स्त्री० પ્રીતિ, પ્રેમ.

प्रीण त्रि० પ્રીતિકારક, ખુશકારક, પુરાણું, જૂનું.

प्रीण न० મશ્કરી, હાંસી.

प्रीणन न० પ્રેમ ઉપજાવવો, ખુશ કરવું, તૃપ્ત કરવું.

प्रीणस पु० ગેંડો.

प्रीत त्रि० પ્રસન્ન થયેલ, ખુશ થયેલ, તૃપ્ત થયેલ.

प्रीत न० પ્રેમ, આનંદ, સંતોષ, ખુશી.

प्रीतमनस् त्रि० પ્રસન્ન થયેલ મનવાળું.

प्रीति स्त्री० હર્ષ, આનંદ, તૃપ્તિ, ખુશી, તે નામે એક યોગ, કામદેવની એક પત્ની.

प्रीतिजुष त्रि० પ્રીતિવાળું, પ્રેમાળ, પ્રેમ રાખનાર.

प्रीतिजुषा स्त्री० અનિરૂદ્ધનીપત્ની ઉષા-ઓખા.

प्रीतिद त्रि० પ્રેમ આપનાર, પ્રીતિદાયક.

प्रीतिद पु० ભાંડ, મશ્કરો, વિદૂષક.

प्रीतिदत्त त्रि० પ્રીતિથી આપેલ.

प्रीतिदत्त न० એક પ્રકારનું સ્ત્રીધન.

प्रीतिदान न० પ્રેમથી આપેલ દાન, પ્રેમથી આપવું.

प्रीतिदाय पु० પ્રેમથી આપેલ.

प्रीतिपूर्वक अव्य० પ્રેમપૂર્વક, પ્રેમથી.

प्रीतिभोजन न० પ્રેમનું ભોજન, પ્રેમથી ભોજન.

प्रीतिभोज्य त्रि० પ્રેમથી ભોજન કરવા યોગ્ય અન્ન વગેરે

प्रीतिमत् त्रि० પ્રેમવાળું, પ્રેમાળ.

प्रीतिमनस् त्रि० જેના મનમાં પ્રેમ હોય તે.

प्रीतिवचस् न० પ્રેમનું વચન, પ્રિય વચન, પ્રેમાળ વચન.

प्रीतिवचस् त्रि० પ્રેમ વચનવાળું.

प्रीतिवर्द्धन पु० વિષ્ણુ.

प्रीतिवर्द्धन त्रि० પ્રેમ વધારનાર.

प्रीतु पु० એક જાતનું પક્ષી.

प्रीयमाण त्रि० ખુશ થતું, તૃપ્ત થતું, પ્રસન્ન થતું.

प्रु भ्वा० आ०स० अनिट् સરકવું, ખસવું, જવું.

प्रुट् भ्वा० प० स० सेट् મર્દન કરવું, ચોળવું.

प्रुष् भ्वा० प० स० सेट् ભસ્મ કરવું, બાળી નાખવું, બાળવું.

प्रुष् क्र्या० प० सेट् સીંચવું, છાંટવું, પૂર્ણ કરવું, ભરવું स० સ્નેહ કરવો. अ०

प्रुष्ट त्रि० ભસ્મ કરેલ, બાળી નાખેલ, બાળેલ.

प्रुष्व पु० ઋતુ, સૂર્ય, આકડાનું ઝાડ, પાણીનું ટીપું.

प्रुष्वा स्त्री० પાણીનું ટીપું.

प्रेक्षक त्रि० જોનાર, તપાસ કરનાર.

प्रेक्षण न० જોવું, તપાસ કરવી, નેત્ર, દૃષ્ટિ, નાટક વગેરે.

प्रेक्षणकूट पु० નેત્રનો ગોળો.

प्रेक्षणा स्त्री० જોવું, તપાસ.

प्रेक्षणिक त्रि० જોનાર, તપાસનાર.

प्रेक्षणिका स्त्री० જે તે જો જો કરનારી સ્ત્રી.

प्रेक्षणीय त्रि० જોવા યોગ્ય, તપાસવા યોગ્ય, દેખાવડું.

प्रेक्षा स्त्री० વિષયના શુભ-અશુભ સંબંધે પર્યાલોચના, બુદ્ધિપૂર્વક કર્મ કરવું તે, જોવું, તપાસ, સમજણ, સમજ.

प्रेक्षागार न० રાજાઓનું મસલત ચલાવવાનું ઘર.

प्रेक्षागृह न० ઉપરનો અર્થ.

प्रेक्षादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

प्रेक्षावत् त्रि० વિચારીને કરનાર.

प्रेक्षित त्रि० જોયેલ, વિચારેલ, તપાસેલ.

प्रेक्ष्यमाण त्रि० જોવાતું, તપાસ કરાતું.

प्रेङ्खण न० અત્યંત હાલવું-ચાલવું, હીંચવું, ડોલવું, દશરૂપકનું અંતર્ગત એક રૂપક.

प्रेङ्खत् त्रि० અત્યંત હાલતું-ચાલતું, હીંચકતું.

प्रेङ्खा स्त्री० હીંચકો, હીંડોળો, પરિભ્રમણ, સ્વાર્થકગતિ, ઘોડાની ગતિ, નાચ, એક જાતનું ઘર.

प्रेङ्खित त्रि० અત્યંત હાલેલ-ચાલેલ, કંપેલ, હીંચકેલ, ડોલેલ.

प्रेङ्खोल् चु० उभ० स० सेट् હીંચવું, હીંચકવું, હાલવું, ડોલવું.

प्रेङ्खोलन न० હીંચકો, હીંડોળો, હીંચવું, ડોલવું, કંપવું.

प्रेङ्खोलित त्रि० હીંચકાવેલ, ડોલાવેલ, કંપાવેલ.

प्रेण् भ्वा० प० स० सेट् જવું, પ્રેરણા કરવી, ભેટવું.

प्रेणि त्रि० પ્રેરણા કરનાર, જનાર, ભેટનાર.

प्रेत त्रि० મરણ પામેલ.

प्रेत पु० નરકમાં રહેલ કોઇ જીવ, પિશાચ, શબ, મુડદું, ભૂત, પ્રેત.

प्रेतकर्मन् न० મરેલાને ઉદ્દેશી કરવામાં આવતી દાહાદિ ક્રિયા.

प्रेतकानन न० શ્મશાન.

प्रेतकार्य न० प्रेतकर्मन् જુઓ.

प्रेतकृत्य न० प्रेतकर्मन् જુઓ.

प्रेतगृह न० શ્મશાન.

प्रेतगेह न० શ્મશાન.

प्रेततर्पण न० મરેલાને ઉદ્દેશી એક વર્ષ સુધી કરવામાં આવતું તર્પણ.

प्रेतता स्त्री० પ્રેતપણું.

प्रेतत्व न० પ્રેતપણું.

प्रेतदेह पु० પ્રેતશરીર, મડદું.

प्रेतधूम पु० ચિતાનો ધુમાડો.

प्रेतनगर न० प्रेतपुर જુઓ.

प्रेतनदी स्त्री० યમદ્વારમાં આવેલી વૈતરણીનદી.

प्रेतनिर्हारक पु० શબને ઘેરથી શ્મશાનમાં લઇ જનાર.

प्रेतपक्ष पु० ભાદરવા મહિનાનું અંધારીયું પખવાડીયું.

प्रेतपटह पु० મરણ કાળે વગાડવાનું વાદિત્ર.

प्रेतपति पु० યમરાજ.

प्रेतपर्वत पु० ગયા તીર્થમાં આવેલો પર્વત.

प्रेतपात्र न० પ્રેતકાર્યમાં વપરાતું એક પાત્ર.

प्रेतपिण्ड पु० પ્રેતને આપવાનો પિંડ.

प्रेतपुर न० યમરાજાનું નિવાસસ્થળ.

प्रेतभूमि स्त्री० શ્મશાન.

प्रेतमेघ पु० પિતૃઓના શ્રાદ્ધરૂપ યજ્ઞ.

प्रेतराक्षसी स्त्री० તુલસી.

प्रेतराज पु० યમરાજ.

प्रेतलोक पु० યમલોક.

प्रेतवन न० શ્મશાન.

प्रेतवाहित त्रि० ભૂતના વળગાડવાળું.

प्रेतशिला स्त्री० ગયા તીર્થમાં આવેલ ગુંજપર્વત વગેરે સ્થળે એક શિલા.

प्रेतशुद्धि स्त्री० મરણ થતાં તે નિમિત્તે જે સૂતક લાગે છે તેના દૂર થયા પછી શુદ્ધિ કરવી તે.

प्रेतशौच न० ઉપરનો અર્થ, તે નામે એક પ્રેતસંસ્કાર.

प्रेतश्राद्ध न० પ્રેતને ઉદ્દેશી કરવામાં આવતું શ્રાદ્ધ.

प्रेतहार त्रि० શબને શ્મશાનમાં લઈ જનાર.

प्रेता स्त्री० પ્રેત ભાવને પામેલી સ્ત્રી.

प्रेतान्न न० શ્રાદ્ધનું અન્ન, પ્રેતપ્રીત્યર્થે અપાતું અન્ન.

प्रेति पु० અન્ન, અનાજ.

प्रेति स्त्री० મરણ.

प्रेतीषणि त्रि० પ્રાપ્ત ગમનવાળું.

प्रेत्य अव्य० લોકાન્તર, પરલોક, મરણપામીને.

प्रेत्यजाति स्त्री० મરણ પછીનો જન્મ.

प्रेत्यभवन न० મરણ પછીનો પુનર્જન્મ.

प्रेत्यभाव पु० ઉપરનો અર્થ.

प्रेत्वन् पु० ઇન્દ્ર, વાયુ.

प्रेप्सत् त्रि० પ્રાપ્ત કરવા–મેળવવા ઇચ્છતું.

प्रेप्सु त्रि० પ્રાપ્ત કરવા–મેળવવા ઇચ્છનાર.

प्रेमन् पु० न०–સૌહાર્દ, સ્નેહ, પ્રેમ, હર્ષ, આનંદ, તે નામે એક ભાવબંધન.

प्रेमपर त्रि० પ્રેમ પરાયણ.

प्रेमपातन न० નેત્રનું પાણી, આંસુ, નેત્ર, આંખ.

प्रेमबंध पु० ગાઢ સ્નેહ, ગાઢ અનુરાગ.

प्रेमबंधन न॰ ઉપરના અર્થ.

प्रेमभक्ति स्त्री॰ પ્રેમપૂર્વક ભક્તિ.

प्रेमालिङ्गन न॰ પ્રેમપૂર્વક આલિંગન.

प्रेमाश्रु न॰ પ્રેમનું આંસુ.

प्रेमिन् त्रि॰ પ્રેમવાળું.

प्रेयस् पु॰ અતિશય પ્રિય, ઘણુંજ વહાલું.

प्रेयस् पु॰ પતિ, ભર્તાર.

प्रेयस् न॰ મોક્ષનું સાધન નહિ એવું સ્વર્ગાદિ ફળ.

प्रेयसी स्त्री॰ પ્રિયા, પત્ની, ભાર્યા.

प्रेयोऽपत्य पु॰ ક્રૌંચ પક્ષી.

प्रेरक त्रि॰ પ્રેરણા કરનાર, પ્રયોજક.

प्रेरण न॰ પ્રેરણા કરવી.

प्रेरणा स्त्री॰ પ્રેરણા કરવી–પ્રેરવું.

प्रेरित त्रि॰ પ્રેરણા કરેલ.

प्रेत्वन् पु॰ સમુદ્ર.

प्रेत्वरी स्त्री॰ નદી.

प्रेष् भ्वा॰ प॰ स॰ सेट् ગમન કરવું, જવું, મોકલવું.

प्रेष पु॰ મોકલવું, પીડવું.

प्रेषक त्रि॰ મોકલનાર, પ્રેરણા કરનાર.

प्रेषण न॰ મોકલવું, પ્રેરણા કરવી.

प्रेषणीय त्रि॰ મોકલવા યોગ્ય, પ્રેરણા કરવા યોગ્ય.

प्रेषित त्रि॰ મોકલેલ, પ્રેરણા કરેલ.

प्रेषितवत् त्रि॰ મોકલનાર, પ્રેરણા કરનાર.

प्रेषितव्य त्रि॰ प्रेषणीय જુઓ.

प्रेषितृ त्रि॰ મોકલનાર, પ્રેરણા કરનાર.

प्रेष्ठ त्रि॰ અતિશય પ્રિય, ઘણુંજ વહાલું.

प्रेष्ठ पु॰ પતિ, ભર્થાર.

प्रेष्ठा स्त्री॰ પત્ની, ભાર્યા, જાંઘ.

प्रेष्य त्रि॰ મોકલવા યોગ્ય, પ્રેરણા કરવા યોગ્ય.

प्रेष्य अव्य॰ મોકલીને, પ્રેરણા કરીને.

प्रेष्य पु॰ ચાકર, દાસ.

प्रेष्य न॰ પ્રેરવું, મોકલવું.

प्रेहिकटा स्त्री॰ 'હે કટ જા' એમ જેમાં કહેવાય તે ક્રિયા.

प्रेहिकर्दमा स्त्री॰ 'હે કર્દમ જા' એમ જેમાં કહેવાય તે ક્રિયા.

प्रैय न॰ સ્નેહ, પ્રેમ, પ્રિયપણું.

प्रैयव्रत त्रि॰ પ્રિયવ્રતનું, પ્રિયવ્રતસંબંધી.

प्रैष पु॰ ક્લેશ, દુઃખ, પીડવું, મર્દન કરવું, ઉન્માદ, પ્રેરણા કરવી, મોકલવું.

प्रैष्य त्रि॰ प्रेष्य त्रि॰ જુઓ.

प्रैष्य न॰ प्रेष्य न॰ જુઓ, નોકરી, ચાકરી.

प्रैष्य पु॰ प्रेष्य पु॰ જુઓ.

प्रोक्त त्रि॰ કહેલ, બોલેલ.

प्रोक्त न॰ કહેલ વાક્ય.

प्रोक्तवत् त्रि॰ કહેતું, બોલતું.

प्रोक्षण न॰ યજ્ઞાર્થે પશુને હણવું તે, વધ, નાશ, સીંચવું, છાંટવું, ચત્તે હાથે પાણી વગેરે છાંટવું.

प्रोक्षणी स्त्री॰ પ્રોક્ષણનું સાધન જળ, પ્રોક્ષણસાધન જળ જેમાં હોય તે પાત્ર.

प्रोक्षणीय त्रि॰ પ્રોક્ષણ–સિંચન કરવા યોગ્ય.

प्रोक्षित त्रि॰ યજ્ઞ માટે સંસ્કારવાળું કરેલ પશુ વગેરે, પ્રોક્ષણ–સિંચન કરેલ, છાંટેલ, વધ કરેલ, મારી નાખેલ.

प्रोज्जासन न॰ મારવું, મારી નાખવું.

प्रोज्झन न॰ છોડવું, ત્યાગ કરવો.

प्रोज्झित त्रि॰ છોડેલ, તજેલ.

प्रोञ्छन न॰ માર્જન, લૂછવું, સાફ કરવું.

प्रोढ त्रि॰ ત્રીસથી પંચાવન વર્ષની ઉમરનું, વૃદ્ધ, પ્રગલ્ભ, પીઢ, પાકટ, સારી રીતે વહેલ.

प्रोढ पु॰ ચાળીસ અક્ષરનો મંત્ર.

प्रोढपाद त्रि॰ પગ ઉપર પગ જેણે ચઢાવેલ હોય તે, આસન ઉપર જેણે પગ રાખ્યો હોય તે.

प्रोढा સ્ત્રી૦ સાહિત્યપ્રસિદ્ધ એક નાયિકા–ત્રીસથી પંચાવન વર્ષની ઉમરની સ્ત્રી.

प्रोढि સ્ત્રી૦ સામર્થ્ય, શક્તિ, બડાઇ હાંકવી, હઠોકિત.

प्रोढिवाद પુ૦ હઠોકિત–બડાઇ હાંકવી તે.

प्रोण्ठ પુ૦ પીકદાની.

प्रोत ત્રિ૦ સારી રીતે પરોવેલ, સીવેલ, ગુંથેલ.

प्रोत ન૦ સીવેલ વસ્ત્ર, સીવવું, સાંધવું.

प्रोतोत्सादन ન૦ વસ્ત્ર જડેલી ભૂમિ, છત્ર, છત્રી.

प्रोत्कट ત્રિ૦ અતિશય ઉત્કટ, પ્રીતિનું, પ્રીતિપાત્ર, ઘણુંજ.

प्रोत्कर्ष પુ૦ અત્યંત ઉત્કર્ષ, ઘણીજ ચઢતી.

प्रोत्फल પુ૦ એક જાતનું ઝાડ–જેનાં ફલ સિંહના પૂછડાંના આકારનાં હોય છે.

प्रोत्फुल्ल ત્રિ૦ વિકસેલ, ખીલેલ, ફુલેલ.

प्रोत्साह પુ૦ અત્યંત ઉત્સાહ.

प्रोत्साहन ન૦ સારી રીતે ઉત્સાહ આપવો, તે નામે એક નાટયાલંકાર.

प्रोत्साहित ત્રિ૦ સારી રીતે ઉત્સાહ આપેલ.

प्रोथ् ભ્વા૦ ઉભ૦ અ૦ સેટ્ પરિપૂર્ણ થવું, સમર્થ હોવું.

प्रोथ પુ૦ ન૦ પ્રયાણ કરેલ, ચાલેલ, ઘોડાનું નાક, ઘોડાનું મુખ.

प्रोथ પુ૦ કેડ, સાડલો, સાડી, સ્ત્રીનો ગર્ભ, ખાડો, કટિપશ્ચાદ્દભાગ–કુલો–ઢગરો.

प्रोथ ત્રિ૦ ભીષણ, ભયંકર, મુસાફર, પ્રસિદ્ધ, સ્થાપેલ.

प्रोथथ પુ૦ મુખનો શબ્દ, મોઢેથી શબ્દ કરવો તે.

प्रोष પુ૦ સંતાપ–દાહ.

प्रोषक પુ૦ તે નામે એક દેશ.

प्रोषित ત્રિ૦ પ્રવાસે ગયેલ, પરદેશ ગયેલ.

प्रोषितभर्तृका સ્ત્રી૦ જેનો ધણી પ્રવાસે–પરદેશ ગયો હોય તે સ્ત્રી.

प्रोषितमरण ન૦ પરદેશમાં મરણ, પ્રવાસમાં મૃત્યુ.

विन्दुरेखक पु० અનુસ્વાર વર્ણ, એક જાતનું પક્ષી.

बिन्दुसरस् न० કાશીમાં ગંગાકિનારે એક સરોવર.

बिन्दुह्रद पु० ઉપરનો અર્થ.

विभ्रक्षत् त्रि० ભુંજવા-શેકવા ઇચ્છતું, નાશ કરવા ઇચ્છતું.

विभ्रक्षु त्रि० ભુંજવા-શેકવા ઇચ્છનાર, નાશ કરવા ઇચ્છનાર.

विभ्रज्जिषत् त्रि० विभ्रक्षत् જુઓ.

विभ्रज्जिषु त्रि० विभ्रक्षु જુઓ.

विभ्रज्जिषु पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

बिल् चु० उभ०, स० सेट् ભેદવું, ચીરવું, બાંકુ પાડવું.

बिल् तु० प० स० सेट् ઉપરના અર્થ.

बिल न० છિદ્ર, બાંકુ, ગુફા, ગફોલ, નેતર, ખાડો.

बिल पु० ઇન્દ્રનો ઉચ્ચૈઃશ્રવા ઘોડો.

बिलकारिन् पु० ઉંદર.

बिलकारिन् त्रि० છિદ્ર કરનાર, બાંકુ પાડનાર, ખાડો કરનાર, ગુફા કરનાર.

विलवास पु० એક જાતનું પ્રાણી.

बिलवासिन् पु० સર્પ, ઉંદર, સસલો.

बिलवासिन् त्रि० છિદ્રમાં રહેનાર, બાંકામાં રહેનાર, ખાડામાં રહેનાર,ગુફામાં રહેનાર.

बिलवासिनी स्त्री० સાપેણ, ઉંદરડી, ઘો, સેઢાઈ.

बिलेवासिन् त्रि० ઉપરના અર્થ.

विलेवासिन् पु० સર્પ, ઉંદર, સસલો.

बिलेवासिनी स्त्री० સાપેણ, ઉંદરડી, સસલી, સેઢાઇ.

बिलेशय पु० સર્પ, ઉંદર, સસલો.

बिलेशय त्रि० बिलवासिन् त्रि० જુઓ.

विलेशया स्त्री० સાપેણ, ઉંદરડી, સસલી, ઘો, સેઢાઇ.

विल्म न० ભાસવું, દીપવું, માથા ઉપરનો ટોપ-શિરસ્ત્રાણ.

बिल्मिन् पु० રૂદ્રદેવ.

बिल्मिन् त्रि० પ્રકાશમાન, શિરસ્ત્રાણવાળું. ટોપવાળું.

बिह्ल न० હિંગ, કયારો.

बिह्लमूला स्त्री० વારાહીકન્દ.

बिह्लसू स्त्री० દશ પુત્રને જણનારી સ્ત્રી.

बिल्व पु० બીલીનું ઝાડ.

बिल्व न० બીલીનું ફળ-બીલું.

बिल्वक न० તે નામે એક તીર્થ.

बिल्वक पु० તે નામે એક નાગ.

बिल्वकादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

बिल्वकीय त्रि०બીલીવાળો પ્રદેશ વગેરે.

बिल्वज त्रि० બીલીમાંથી ઉત્પન્ન થયેલ.

बिल्वतेजस् पु० તે નામે એક નાગ.

बिल्वपत्र पु० તે નામે એક નાગ.

बिल्वपत्र न० બીલીનું પાંદડું.

बिल्वमाण्डर पु० તે નામે એક નાગ.

बिल्वपेषिका स्त्री० સુકાયલા બીલાંનો ટુકડો.

बिल्ववन न० બીલીનું વન.

बिल्वा स्त्री० હિંગુપત્રી વનસ્પતિ.

बिल्वोदकेश्वर पु० તે નામે શિવમૂર્તિ.

बिस् दिवा० प० स० सेट् ફેંકવું.

बिस न० મૃણાલ-કમળનો દાંડલો.

बिसकण्ठिका स्त्री० બગલી.

बिसकण्ठिन् पु० બગલો.

बिसकुसुम न० કમળ.

बिसखा त्रि० મૃણાલ-કમળના દાંડલાને ખોદનાર.

बिसग्रन्थि पु० મૃણાલ-કમળના દાંડલાનીગાંઠ.

बिसनाभि स्त्री० કમલિની.

बिसनालिका स्त्री० बिस જુઓ.

बिसल न० કિસલય-કુંપળ.

बिसवत् त्रि० મૃણાલ-કમળના દાંડલાવાળું.

बिसवर्त्मन् पु० न० નેત્રનો એક રોગ.

बिसिनी स्त्री० કમલિની, કમળનો સમૂહ, કમળવાળો દેશ.

बिसिल त्रि० મૃણાલ-કમળના દાંડલાની સમીપ વગેરે.

बीभत्स त्रि० પાપી, નિંદ્ય, ઘૃણાના વિષયરૂપ, ઘૃણાજનક, વિકૃત માંસ વગેરે, ધિક્કારપાત્ર, શરમ ભરેલું.

वीभत्स पु० નાટ્યશાસ્ત્રપ્રસિદ્ધ જુગુપ્સાસ્થાયિભાવક રસ, તે રસનો વિષય, અર્જુન, સાદડ વૃક્ષ.

वीभत्सु पु० અર્જુન, સાદડ વૃક્ષ.

वुक त्रि० ભસનાર.

वुकिन् त्रि० ભસનારની સમીપનો પ્રદેશ વગેરે.

वुक्क् भ्वा० प० अ० सेट् ભસવું.

वुक्क् चु० उ० अ० सेट् ભસવું.

वुक्क त्रि० ભસનાર.

वुक्क पु० બકરો, કુતરો, સમય, વખત.

वुक्क न० લોહી, હ્રદય, હ્રદયનો માંસપિંડ.

वुक्कन् पु० वुक्क पु० જુઓ,

वुक्कन न० ભસવું.

वुक्कस पु० ચંડાળ.

वुक्कसी स्त्री० ચંડાળણ.

वुक्का स्त्री० લોહી, હ્રદય.

वुक्काग्रमांस न० હ્રદયમાં રહેલ માંસપિંડાકાર અગ્રમાંસ.

वुक्कार पु० સિંહનો શબ્દ.

वुक्की स्त्री० હ્રદય, કાળજું.

वुट् चु० उ० स० सेट् હિંસા કરવી.

वुट् भ्वा० प० स० सेट् હિંસા કરવી.

वुड् तुदा० प० अ० से ट्त्याग કરવો, ઢાંકવું.

वुडिल पु० તે નામે એક રાજા.

वुद् भ्वा० उ० स० सेट् નિશામન-આલોચન કરવું, જોવું.

वुद्ध पु० ભગવાનનો એક અવતાર, પંડિત, વિદ્વાન.

वुद्ध त्रि० બોધ પામેલ, જાગેલ, જ્ઞાની.

वुद्धगया स्त्री० કીકટ દેશમાં આવેલ બુદ્ધગયા તીર્થ.

वुद्धद्रव्य न० સ્તૂપ કરેલ દ્રવ્ય.

वुद्धपुराण न० બુદ્ધના આવિર્ભાવને જણાવનારૂં પુરાણ.

वुद्धान्त पु० જીવની એક અવસ્થા-જાગ્રદવસ્થા.

वुद्धि स्त्री० સાંખ્યમાં કહેલ સુખદુઃખાદિ અનિષ્ટ ધર્મવાળું પ્રકૃતિ-પરિણામ, વેદાન્તીઓએ માનેલ નિશ્ચયાત્મક વૃત્તિવાળું અન્તઃકરણ, જ્ઞાન, અક્કલ, તે નામે ધર્મની એક પત્ની.

वुद्धिकाम त्रि० બુદ્ધિને ઇચ્છનાર.

वुद्धिकामा स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

वुद्धिजीविन् त्रि० બુદ્ધિરૂપ ઉપાયથી જીવનાર, બુદ્ધિથી આજીવિકા ચલાવનાર.

वुद्धितस् अव्य० બુદ્ધિથી.

वुद्धिभृत् त्रि० બુદ્ધિમાન.

वुद्धिमत् त्रि० બુદ્ધિમાન.

वुद्धिरहित त्रि० બુદ્ધિહીન.

वुद्धिरहितता स्त्री० બુદ્ધિહીનપણું.

वुद्धिरहितत्व न० ઉપરનો અર્થ.

वुद्धिसहाय पु० બુદ્ધિસહાયક અમાત્ય-મંત્રી-પ્રધાન.

वुद्धिहीन त्रि० બુદ્ધિ વગરનું.

वुद्धिहीनता स्त्री० બુદ્ધિહીનપણું.

वुद्धिहीनत्व न० બુદ્ધિહીનપણું.

वुद्धीन्द्रिय न० જ્ઞાનેન્દ્રિય-મન-બે કાન-બે નેત્ર-જીભ-ત્વચા-નાસિકા.

वुद्वुद न० પાણીનો વિકાર-પરપોટો, ગર્ભની. એક અવસ્થા.

वुध् भ्वा० प० स० सेट् બોધ થવો, જાણવું.

वुध् भ्वा० उ० स० सेट् બોધ થવો જાણવું.

वुध् दिवा० आ० स० अनिट् બોધ થવો, જાણવું.

वुध पु० પંડિત, વિદ્વાન, બુધ ગ્રહ, બુધવાર, કુતરો.

वुध त्रि० ડાહ્યું, સમજુ.

वुधचक्र न० જ્યોતિષપ્રસિદ્ધ શુભાશુભસૂચક એક ચક્ર.

वुधचार पु० બુધ ગ્રહનો શુભાશુભસૂચક સંચાર.

बुधतनय पु० પુરૂરવા રાજા.

बुधतात पु० ચન્દ્ર.

बुधपुत्र पु० પુરૂરવા રાજા.

बुधरत्न न० મર્કત મણિ.

बुधवार पु० બુધવાર.

बुधवासर पु० બુધવાર.

बुधसानु पु० યજ્ઞપુરૂષ, પાંદડું.

बुधसुत पु० પુરૂરવા રાજા.

बुधा स्त्री० જટામાંસી વનસ્પતિ.

बुधादित्य पु० જન્મકાલે એક રાશિમાં બુધ અને સૂર્યનો યોગ.

बुधान पु० આચાર્ય, ગુરૂ, વિદ્વાન, પંડિત, કવિ, બ્રહ્મવાદી.

बुधान त्रि० પ્રિયવાદી, મીઠું બોલનાર.

बुधाष्टमी બુધવાર યુક્ત અજવાળી આઠમ, તે દિવસે કરવાનું વ્રત.

बुधित त्रि० જાણેલ.

बुधिल त्रि० વિદ્વાન, પંડિત, સમજુ,ડાહ્યું.

बुध्न पु० મૂલ, શિવ, અન્તરીક્ષ, ગુદા.

बुध्न्य पु० ગાર્હપત્ય અગ્નિ, તે નામે રૂદ્ર.

बुन्द् भ्वा० उभ० स० सेट् આલોચન કરવું, જોવું.

बुन्ध् भ्वा० उभ० स० सेट् ઉપરના અર્થ.

बुन्ध् चु० उभ० स० सेट् બાંધવું.

बुभुक्षत् त्रि० ભોજન કરવા–ખાવા ઇચ્છતું.

बुभुक्षा स्त्री० ભોજન કરવાની ઇચ્છા.

बुभुक्षित त्रि० ભૂખ્યું.

बुभुक्षु त्रि० ભૂખ્યું, ખાવા ઇચ્છનાર.

बुल् चु० उभ० अ० सेट् ડુબવું.

बुलि स्त्री० ભય, બીક.

बुल्व त्रि० તીરછું, આડું, વાંકું.

बुष न० તુચ્છ ધાન્ય, ફળરહિત ધાન્ય–ભુસું.

बुस न० ઉપરના અર્થ.

बुस्त् चु० उभ० स० सेट् આદર કરવો, અનાદર કરવો.

बुस्त न० ફણસ વગેરે ફળનો ત્યાગ કરવા યોગ્ય ભાગ, એક જાતનું માંસપિષ્ટક.

बूक्क न० હૃદય, કાળજું, લોહી.

बृवदुक्थ न० પદ.

बृषी स्त्री० ઋષિઓનું આસન.

बृसी स्त्री० ઉપરનો અર્થ.

बृह् भ्वा० प० अ० सेट् વધવું.

बृहक पु० તે નામે એક દેવગંધર્વ.

बृहच्चञ्चु पु० એક જાતનું શાક.

बृहच्चित्र पु० બીજોરાનું ઝાડ.

बृहच्छल्क पु० એક જાતનું માછલું.

बृहच्छ्रवस् त्रि० મહાન યશસ્વી, મોટા યશવાળું.

बृहज्जन पु० મહાજન, મોટો માણસ.

बृहज्जातक न० વરાહમિહિરકૃત એક જાતક ગ્રંથ.

बृहज्जाबाल पु० તે નામે એક ઉપનિષદ.

बृहज्जीवन्ती स्त्री० મહાજીવન્તી વનસ્પતિ.

बृहड्ढक्का स्त्री० ભેરી વાદિત્ર–મોટું નગારૂં.

बृहत् त्रि० મોટું, મહાન.

बृहत् पु० વિષ્ણુ.

बृहतिका स्त्री० ઉત્તરીય વસ્ત્ર.

बृहती स्त्री० ઉત્તરીય વસ્ત્ર, નવ અક્ષરના ચરણવાળો એક છંદ, નાની વંતાકડી-રીંગણી, જલાશય, ભોરીંગણી. વાણી, એક શાક.

बृहतीपति पु० બૃહસ્પતિ.

बृहत्क त्रि० મોટા પ્રકારનું.

बृहत्कथा स्त्री० વરરૂચિએ લખેલી એક કથા.

बृहत्कन्द पु० વિષ્ણુકન્દ–ગાજર, ડુંગળી, લસણ.

बृहत्कर्मन् न० મોટું કામ.

बृहत्कर्मन् त्रि० મોટાં કામવાળું.

बृहत्कर्मन् पु० બૃહદશ્વનો એક પુત્ર.

बृहत्काय त्रि० મોટા શરીરવાળું.

बृहत्काय पु० અજમીઢ વંશનો એક રાજા.

बृहत्कोलशाक पु० એક જાતનું શાક.

बृहत्कास पु० એક જાતનું ઘાસ.

बृहत्कीर्ति त्रि० મોટી કીર્તિવાળું.

बृहत्कीर्ति पु० આંગિરસ અગ્નિનો એક પુત્ર, તે નામે એક અસુર.

बृहत्कुक्षि त्रि० મોટા પેટવાળું.

बृहत्केतु त्रि० મોટી ધજાવાળું.

बृहत्केतु पु० તે નામે એક રાજા.

बृहत्क्षत्र पु० તે નામે એક રાજા.

बृहत्ताल पु० હિંતાલ વૃક્ષ.

बृहत्तिक्ता स्त्री० પાઠા નામની વનસ્પતિ.

बृहत्तृण पु० વાંસ.

बृहत्त्वच् त्रि० એક જાતનું વૃક્ષ.

बृहत्पर्ण त्रि० મોટાં પાંદડાંવાળું.

बृहत्पर्ण पु० લોધરનું ઝાડ, હસ્તિકંદ વૃક્ષ.

बृहत्पर्ण न० મોટું પાંદડું.

बृहत्पाटलि पु० ધંતુરો.

बृहत्पाद त्रि० મોટા પગવાળું, મોટાં મૂળીયાંવાળું.

बृहत्पाद पु० વડનું ઝાડ.

बृहत्पारेवत पु० મોટું પારેવું-કબૂતર.

बृहत्पालिन् पु० જંગલી જીરું.

बृहत्पीलु पु० મોટાં પીલુનું ઝાડ.

बृहत्पुष्प त्रि० મોટાં ફૂલવાળું.

बृहत्पुष्पी स्त्री० તે નામે એક વૃક્ષ.

बृहत्फल त्रि० મોટાં ફળવાળું.

बृहत्फल पु० ફણસનું ઝાડ.

बृहत्फला स्त्री० કડવી તુંબડીનો વેલો, મહેન્દ્રવારૂણી, કોહળાંનો વેલો, મહાજંબૂ વૃક્ષ.

बृहत्संहिता स्त्री० વરાહમિહિરકૃત એક જ્યોતિષગ્રંથ.

बृहत्सामन् न० તે નામે સામવેદનો વિભાગ.

बृहत्सेन त्रि० મોટી સેનાવાળું.

बृहत्सेन पु० મગધ દેશનો એક રાજા, બૃહદ્રથના વંશનો એક ભાવી રાજા.

बृहत्सेना स्त्री० મોટી સેના.

बृहदग्नि त्रि० અનેક પ્રકારના અગ્નિવાળું.

बृहदङ्ग पु० હાથી.

बृहदङ्ग त्रि० મોટાં શરીરવાળું.

बृहदङ्गी स्त्री० મોટાં શરીરવાળી સ્ત્રી,હાથણી.

बृहदम्बालिका स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

बृहदम्ल पु० એક જાતનું ઝાડ.

बृहदश्व पु० તે નામે એક ઋષિ, તે નામે એક રાજા.

बृहदसृङ्मति पु० ભૂત, પિશાચ.

बृहदारण्यक न० તે નામે એક ઉપનિષદ.

बृहदिषु पु० આજમીઢનો પુત્ર રાજા, હર્યશ્વ વંશનો એક રાજા.

बृहदुक्थ न० મહાન ઉકથ.

बृहदुक्थ पु० અશ્વમેધયજ્ઞ,અગ્નિવંશી તપનો પુત્ર, તે નામે એક અગ્નિ.

बृहदुक्ष पु० જગત્સૃષ્ટિકારક પ્રજાપતિ.

बृहदुत्तरतापनी स्त्री० તે નામે ઉપનિષદ.

बृहदेला स्त्री० મોટી એલચી.

बृहद्गर्भ पु० શિબિરાજાનો એક પુત્ર.

बृहद्गु पु० તે નામે એક રાજા.

बृहद्गुह पु० કારૂષ નામે દેશ-બુંદેલખંડ.

बृहद्गृह पु० ઉપરનો અર્થ.

बृहद्गोल न० તરબુચ.

बृहद्दर्भ पु० કક્ષેયુવંશી એક રાજા.

बृहद्दल पु० હિંતાલ વૃક્ષ, પટ્ટિકાલોધ્ર.

बृहद्द्युति त्रि० ઘણા તેજવાળું.

बृहद्द्युति स्त्री० ઘણું તેજ.

बृहद्द्युमन् पु० તે નામે એક રાજા.

बृहद्द्युम्न पु० તે નામે એક રાજા.

बृहद्धनुस् पु० અજમીઢવંશી એક રાજા.

बृहद्धनुस् त्रि० મોટા ધનુષવાળું.

बृहद्धन पु० ઇક્ષ્વાકુવંશી એક રાજા.

बृहद्धन त्रि० પુષ્કળ ધનવાળું.

बृहद्बल न० મોટું બળ.

बृहद्बल त्रि० અત્યંત બળવાન.

बृहद्ब्रह्मन् पु० અંગિરા ગોત્રનો એક ઋષિ.

बृहद्भट्टारिका स्त्री० દુર્ગા દેવી.

बृहद्भय पु० સાવર્ણિ મનુનો એક પુત્ર.

बृहद्भानु पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ, આંગિરસ એક અગ્નિ, ઇન્દ્ર-સાવર્ણિ મન્વન્તરમાં હરિનો એક અવતાર.

बृहद्भाव पु० એક જાતનું પક્ષી.

बृहद्रण पु० ઇક્ષ્વાકુવંશી ભાવી રાજા.

बृहद्रथ पु० મૌર્યવંશી એક રાજા, આંગિરસ અગ્નિનો એક પુત્ર, મગધ દેશનો એક રાજા, જરાસંધનો પિતા, ચેદિરાજ વસુનો એક પુત્ર.

बृहद्रथन्तर न० તે નામે સામવેદનો વિભાગ.

बृहद्राज पु० ઇક્ષ્વાકુવંશનો ભાવી એક રાજા.

बृहद्राविन् पु० એક જાતનું ઘુવડ.

बृहद्रूप पु० તે નામે એક મરુદ્ગણ.

बृहद्व्रत् पु० ઇન્દ્ર, એક પ્રકારનો યજ્ઞ.

बृहद्वती स्त्री० તે નામે એક નદી.

बृहद्वल्क पु० પટ્ટિકાલોધ્ર નામે વનસ્પતિ.

बृहद्वल्कल पु० ઉપરનો અર્થ.

बृहद्वात पु० પથરી રોગને મટાડનાર એક ધાન્ય.

बृहद्वारुणी स्त्री० માહેન્દ્રવારૂણી વનસ્પતિ.

बृहद्वीज पु० આમ્રાતક વૃક્ષ.

बृहन्नल पु० અર્જુન, સાદડ વૃક્ષ.

बृहन्नारदीय न० તે નામે એક ઉપપુરાણ.

बृहन्नारायणोपनिषद् स्त्री० તે નામે એક ઉપનિષદ.

बृहन्नौका स्त्री० એક જાતની રમત.

बृहन्यनस् पु० તે નામે ચંદ્રવંશી એક રાજા.

बृहस्पति पु० આંગિરસ એક મુનિ, દેવોનો ગુરૂ, એક ગ્રહ.

बृहस्पतिचक्र न० શુભાશુભસૂચક તે નામે એક ચક્ર.

बृहस्पतिपुरोहित पु० ઇન્દ્ર, હરકોઈ દેવ.

बृहस्पतिवार पु० ગુરૂવાર.

बृहस्पतिवासर पु० ગુરૂવાર.

बृहस्पतिसव पु० તે નામે એક યજ્ઞ.

बृहस्पतिस्तोम पु० તે નામે એક યજ્ઞ.

बृंहित न० હાથીની ગર્જના.

बृहित त्रि० વૃદ્ધિ પામેલ, વધેલ.

बृ क्र्या० प० स० सेट् વરવું, માગવું, પસંદ કરવું, સ્વીકારવું, ભરણ પોષણ કરવું.

बेकनाट पु० વ્યાજવટાંનો ધંધો કરનાર.

बेकुरा स्त्री० વાણી.

बेह् भ्वा० आ० अ० सेट् પ્રયત્ન કરવો.

बैजिक त्रि० બીજનું, બીજસંબંધી.

बैजिक न० મૂળ કારણ.

बैडालवृत्ति स्त्री० બિલાડાની વૃત્તિ.

बैडालवृत्ति त्रि० બિલાડાના જેવી વૃત્તિવાળું, દાંભિક.

बैल्व त्रि० બીલીનું, બીલીસંબંધી.

बैल्व न० બીલીનું પાંદડું.

बोकडी स्त्री० બોકડાનું આંતરડું.

बोध पु० જ્ઞાન, જાગવું, તે નામે એક દેશ, ઉપદેશ.

बोधक त्रि० જ્ઞાન ઉત્પન્ન કરનાર, સમજાવનાર, બોધ આપનાર, ચાડીયું, વૈતાલિક-રાજાઓને સવારે સ્તુતિદ્વારા જગાડનાર.

बोधकर त्रि० ઉપરના અર્થ.

बोधन न० જણાવવું, સમજાવવું, બોધ આપવો, સમયને લીધે કોઇ પદાર્થની ઓછી થયેલી ગંધમાં વધારો કરવો, જાગવું, ઉપદેશ આપવો, જગાડવું.

वोधना स्त्री० એક જાતનો વેલો.

वोधनी स्त्री० પીપર,કાર્તિકશુદ અગીઆરશ.

वोधनीय त्रि० ઉપદેશ આપવા યોગ્ય, સમજાવવા યોગ્ય.

वोधयत् त्रि० સમજાવતું, બોધ કરતું, ઉપદેશ કરતું, જણાવતું, જગાડતું.

वोधवासर पु० કાર્તિક શુદ અગીઆરશ, તે દિવસે કરવાનું વ્રત.

वाधान त्रि० ડાહ્યું, સમજુ, વિદ્વાન.

वाधान पु० બૃહસ્પતિ.

वोधि पु० એક જાતની સમાધિ, પીપળાનું ઝાડ, તે નામે એક બુદ્ધ, જૈનમતે સમ્યક્ત્વ, બોધ, જ્ઞાન.

बाधि त्रि० જાણનાર, જ્ઞાની.

वोधितरु पु०પીપળાનું ઝાડ.

वोधिद्रु पु० પીપળાનું ઝાડ.

वोधिद्रुम पु० પીપળાનું ઝાડ.

वोधिवीज न० જ્ઞાનનું મૂળ,સમ્યકત્વનું મૂળ.

वोधिसत्त्व न० જ્ઞાનયુક્ત સત્ત્વ, સમ્યકત્વ સાથે સત્વ.

वोधिसत्त्व पु० તે નામે એક બુદ્ધ.

वोद्धव्य त्रि० જાણવા યોગ્ય, સમજાવવા માગ્ય.

वौद्ध न० બુદ્ધે કહેલ શાસ્ત્ર, બૌદ્ધ શાસ્ત્ર.

वौद्ध त्रि० બુદ્ધનું, બુદ્ધસંબંધી, બૌદ્ધ શાસ્ત્ર જાણનાર-ભણનાર, બુદ્ધનો અનુયાયી.

बौध पु० બુધનો પુત્ર પુરૂરવા.

वौधि पु० આંગિરસ ભિન્ન બોધનું ગોત્રસંતાન.

वौध्य पु० બોધનું આંગિરસ ગોત્રસંતાન.

बौध्य त्रि० બાપદાદાઓથી બોધ દેશમાં રહેનાર.

व्यध् दिवा० प० स० अनिट् તાડન કરવું, મારવું.

व्युष् चु० उभ० स० सेट् છોડવું, ત્યાગ કરવો, વિભાગ કરવા.

व्रण् भ्वा० प० अ० सेट् શબ્દ કરવો.

व्रध्न पु० સૂર્ય, આકડાનું ઝાડ, શિવ, દિવસ, ઘોડો, તે નામે એક ઋષિ. એક રાગ.

व्रध्नश्व पु० એક રાજા.

ब्रह्मकन्यका स्त्री० સરસ્વતી, બ્રાહ્મી-વાણી.

ब्रह्मकन्या स्त्री० ઉપરના અર્થ.

ब्रह्मकर्मन् न० વેદોક્ત કર્મ, બ્રાહ્મણનું કર્મ.

ब्रह्मकर्मन् त्रि० કર્મનાં ફળ ઇશ્વરને અર્પણ કરી દેનાર.

ब्रह्मकर्मसमाधि पु० સર્વકર્મ-કર્તા વગેરેનું બ્રહ્મસ્વરૂપે ચિંતન.

ब्रह्मकाष्ठ न० પારસ પીપળો.

ब्रह्मकुण्ड न० તે નામે એક સરોવર.

ब्रह्मकुशा स्त्री० અજમોદા વનસ્પતિ.

ब्रह्मकूट पु० તે નામે એક પર્વત.

ब्रह्मकूर्च न० પંચગવ્યના પાનરૂપ એક વ્રત, કુશોદકસહિત પંચગવ્ય.

ब्रह्मकृत् त्रि० તપ કરનાર.

ब्रह्मकृत् पु० વિષ્ણુ.

ब्रह्मकृत त्रि० બ્રહ્માએ કરેલ; બ્રાહ્મણે કરેલ, બ્રહ્મે કરેલ.

ब्रह्मकोशी स्त्री० અજમોદા વનસ્પતિ.

ब्रह्मगर्भा स्त्री० आदित्यभक्ता વનસ્પતિ.

ब्रह्मगार्ग्य पु० તે નામે એક ઋષિ.

ब्रह्मगिरि पु० તે નામે એક પર્વત.

ब्रह्मगीता स्त्री० મહાભારતના આનુશાસનિક પર્વના ૩૫ મા અધ્યાયમાં બ્રહ્માએ ગાયેલી ગીતા.

ब्रह्मग्रन्थि पु० જનોઇની ગાંઠ.

ब्रह्मघात पु० બ્રહ્મહત્યા, બ્રાહ્મણનો વધ, બ્રહ્મચર્યનો નાશ

ब्रह्मघातक त्रि० બ્રહ્મહત્યા-બ્રાહ્મણનો વધ કરનાર, બ્રહ્મચર્યનો નાશ કરનાર.

ब्रह्मघातिन् त्रि० ઉપરના અર્થ.

ब्रह्मघोष पु० વેદધ્વનિ.

ब्रह्मघ्न त्रि० ब्रह्मघातक જુઓ.

ब्रह्मघ्नी स्त्री० કુંવાર વનસ્પતિ.

ब्रह्मचक्र न० સંસાર, દુનીયાં, રૂદ્રયામલ ગ્રંથમાં કહેલ દીક્ષાને ઉપયોગી એક ચક્ર.

ब्रह्मचर्य न० બ્રહ્મચર્ય વ્રત.

ब्रह्मचर्य पु० બ્રહ્મચારી.

ब्रह्मचर्या स्त्री० બ્રહ્મચર્ય વ્રત.

ब्रह्मचारिणी स्त्री० બ્રહ્મચર્ય પાળતી સ્ત્રી, દુર્ગા-દેવી, વારૂણી વૃક્ષ.

ब्रह्मचारिन् पु० બ્રહ્મચારી.

ब्रह्मज पु० હિરણ્યગર્ભ.

ब्रह्मज त्रि० બ્રહ્માથી ઉત્પન્ન થનાર, બ્રહ્મથી ઉત્પન્ન થનાર.

ब्रह्मजटा स्त्री० દમનક વૃક્ષ.

ब्रह्मजामल न० બ્રહ્મયામલ તંત્ર.

ब्रह्मजिज्ञासा स्त्री० બ્રહ્મ જાણવાની ઇચ્છા.

ब्रह्मजिज्ञासु त्रि० બ્રહ્મ જાણવા ઇચ્છનાર.

ब्रह्मजीविन् त्रि० વેદ ઉપર જીવનાર.

ब्रह्मज्ञ पु० વિષ્ણુ.

ब्रह्मज्ञ त्रि० બ્રહ્મવેત્તા–બ્રહ્મ જાણનાર, વેદ જાણનાર.

ब्रह्मज्ञान न० બ્રહ્મનું જ્ઞાન, 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન.

ब्रह्मणस्पति पु० બ્રાહ્મણ જાતિનો સ્વામી, મંત્રનો સ્વામી.

ब्रह्मण्य पु० વિષ્ણુ, બ્રહ્મદાર વૃક્ષ, મુંજ ઘાસ, તાડનું ઝાડ, શનૈશ્ચર, બ્રહ્મ, વેદ,તપ.

ब्रह्मण्य त्रि० બ્રાહ્મણના હિતનું, વેદનિષ્ઠ, તપસ્વી.

ब्रह्मतत्व न० બ્રહ્મનું તત્વ, વેદનું તત્વ, પરબ્રહ્મ–પરમાત્મા.

ब्रह्मता स्त्री० બ્રાહ્મણનો ધર્મ, બ્રહ્મા થયેલ ઋત્વિજનો ધર્મ, બ્રાહ્મણપણું, બ્રહ્મપણું.

ब्रह्मतीर्थ न० પુષ્કર તીર્થ, પુષ્કર મૂળ.

ब्रह्मतुङ्ग पु० તે નામે એક પર્વત.

ब्रह्मत्व न० ब्रह्मता જુઓ.

ब्रह्मद पु० ઉપનયન સંસ્કાર કરી વેદ ભણાવનાર આચાર્ય.

ब्रह्मदण्ड पु० બ્રાહ્મણનો શાપરૂપ દંડ, બ્રહ્મદંડ, બ્રાહ્મણનો દંડ, વસિષ્ઠની સિદ્ધ એવી એક લાકડી, બ્રાહ્મણયષ્ટિવૃક્ષ, બ્રાહ્મણની લાકડી, કેતુભેદ.

ब्रह्मदण्डी स्त्री० એક જાતની ક્ષુપ વનસ્પતિ.

ब्रह्मदत्त पु० ઇસ્વાકુવંશી એક રાજા, અણુહનો પુત્ર.

ब्रह्मदत्त त्रि० બ્રહ્માએ આપેણ, બ્રાહ્મણને આપેલ.

ब्रह्मदत्ता स्त्री० શુકદેવની કન્યા.

ब्रह्मदर्भा स्त्री० યમાનિકા વનસ્પતિ.

ब्रह्मदातृ पु० ब्रह्मद જુઓ.

ब्रह्मदान न० વેદ ભણાવવો તે.

ब्रह्मदाय पु० વેદાધ્યયનની સમાપ્તિસમયે બ્રાહ્મણને રાજાએ અપાતું ધન.

ब्रह्मदारु पु० પીપળાના જેવું એક ઝાડ, પારસપીપળો.

ब्रह्मद्विष् त्रि० બ્રાહ્મણનો દ્વેષ કરનાર, વેદની નિંદા કરનાર, વેદનો દ્વેષ કરનાર.

ब्रह्मन् न० વેદ, તપ, સત્ય, યથાર્થ તત્વ, પરબ્રહ્મ.

ब्रह्मन् पु० બ્રહ્મા, બ્રાહ્મણ, બ્રહ્મા થયેલો ઋત્વિજ, જ્યોતિષપ્રસિદ્ધ ૨૫ મો યોગ, બૃહસ્પતિ, ખાખરાનું ઝાડ.

ब्रह्मनाभ पु० વિષ્ણુ, નારાયણ.

ब्रह्मनाल न० કાશીમાં મણિકર્ણિકાની પાસેનું એક તીર્થ.

ब्रह्मनिर्वाण न० બ્રહ્મભાવનો લાભ-મોક્ષ-પરમાનંદ.

ब्रह्मनिष्ठ पु० એક જાતનું વૃક્ષ.

ब्रह्मनिष्ठ त्रि० બ્રહ્મમાં સ્થિતિ કરનાર, વેદ ઉપર શ્રદ્ધા રાખનાર, તપસ્વી.

ब्रह्मनिष्ठा स्त्री॰ બ્રહ્મમાં નિષ્ઠા, વેદમાં નિષ્ઠા, તપમાં નિષ્ઠા-સ્થિતિ-શ્રદ્ધા.

ब्रह्मपत्र ન॰ ખાખરાના ઝાડનું પાંદડું.

ब्रह्मपर्ण ન॰ ઉપરનો અર્થ.

ब्रह्मपर्णी स्त्री॰ પૃશ્નિવર્ણિ વનસ્પતિ.

ब्रह्मपवित्र पु॰ દર્ભ.

ब्रह्मपादप पु॰ ખાખરાનું ઝાડ.

ब्रह्मपुत्र पु॰ એક જાતનું ઝેર, ઉત્તર દેશમાં આવેલો એક નદ, એક ક્ષેત્ર, નારદ વગેરે બ્રહ્માના પુત્ર.

ब्रह्मपुत्री स्त्री॰ સરસ્વતી નદી, ભારંગ વનસ્પતિ.

ब्रह्मपुर ન॰ બ્રહ્મના ઉપાસનાર્થે હૃદયસ્થાન, બ્રહ્માના નગરી, કાશી-નગરી, ઇશાન દિશામાં આવેલ એક દેશ.

ब्रह्मपुराण ન॰ વ્યાસે રચેલ એક મહાપુરાણ.

ब्रह्मपुरी स्त्री॰ ब्रह्मपुर જુઓ.

ब्रह्मपुरुष पु॰ ब॰ બ્રહ્મપ્રાપક-દ્વારપાળરૂપ ચક્ષુ-વાણી-મન-પ્રાણ.

ब्रह्मपुरोहत पु॰ દેવ.

ब्रह्मप्रसूत ન॰ બ્રહ્મથી ઉત્પન્ન થયેલ જગત, બ્રાહ્મણે શરૂ કરેલ કર્મ.

ब्रह्मप्रसूत त्रि॰ બ્રહ્મ-બ્રહ્મા-બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલ.

ब्रह्मबध्या स्त्री॰ બ્રહ્મહત્યા.

ब्रह्मबन्धु पु॰ બ્રાહ્મણના આચારથી ભ્રષ્ટ નીચ બ્રાહ્મણ.

ब्रह्मबिन्दु पु॰ વેદાધ્યયનસમયે મુખમાંથી નીકળતી લાળનું ટીપું.

ब्रह्मब्रुवाण पु॰ બ્રાહ્મણ તરીકે પોતાને કહેનાર, નીચ બ્રાહ્મણ.

ब्रह्मभद्रा स्त्री॰ ત્રાયમાણા ઔષધિ.

ब्रह्मभाग पु॰ બ્રહ્મારૂપ ઋત્વિજને આપવાનો યજ્ઞદ્રવ્યનો ભાગ.

ब्रह्मभू त्रि॰ બ્રાહ્મણ-બ્રહ્મ-બ્રહ્માથી ઉત્પન્ન થનાર.

ब्रह्मभूत त्रि॰ બ્રહ્મ-બ્રહ્મા-બ્રાહ્મણથી ઉત્પન્ન થયેલ.

ब्रह्मभूति स्त्री॰ સન્ધ્યા.

ब्रह्मभूमिजा स्त्री॰ સિંહલી નામની વનસ્પતિ.

ब्रह्मभूय ન॰ બ્રહ્મપણું, બ્રહ્મભાવ-શુદ્ધ ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિ.

ब्रह्ममण्डूकी स्त्री॰ એકજાતનીક્ષુપ વનસ્પતિ.

ब्रह्ममय त्रि॰ બ્રહ્મારૂપ, બ્રહ્માત્મક.

ब्रह्ममय ન॰ બ્રહ્માસ્ત્ર.

ब्रह्ममयी स्त्री॰ મહાકાલી દેવી.

ब्रह्ममह पु॰ બ્રાહ્મણોને ઉદ્દેશી ઉત્સવ.

ब्रह्ममित्र पु॰ તે નામે એક મુનિ.

ब्रह्ममीमांसा स्त्री॰ વ્યાસે રચેલો એક વેદાન્તગ્રંથ.

ब्रह्ममेखला स्त्री॰ મુંજઘાસ.

ब्रह्मयज्ञ पु॰ વેદનું અધ્યયન તથા અધ્યાપન.

ब्रह्मयष्टि स्त्री॰ એક જાતનું વૃક્ષ-વામન હાટી વૃક્ષ.

ब्रह्मयष्टिका स्त्री॰ ઉપરનો અર્થ.

ब्रह्मयुग ન॰ હિરણ્યગર્ભનો વિપ્રસૃષ્ટિ-પ્રધાન એક કાળ

ब्रह्मयोग पु॰ બ્રહ્મસાક્ષાત્કારસાધન સમાધિ.

ब्रह्मयोनि पु॰ બ્રહ્મગિરિ પર્વત, બ્રહ્મપ્રાપ્તિના ઉપાયરૂપ જ્ઞાનનિષ્ઠા.

ब्रह्मयोनि त्रि॰ બ્રહ્માથી ઉત્પન્ન થયેલ.

ब्रह्मयोनि स्त्री॰ સરસ્વતી, તે નામે એક તીર્થ.

ब्रह्मयोनी स्त्री॰ ઉપરના અર્થ.

ब्रह्मरन्ध्र ન॰ મસ્તક ઉપરનું છિદ્ર.

ब्रह्मराक्षस पु॰ બ્રહ્મરાક્ષસ.

ब्रह्मरात पु॰ શુકદેવ, યાજ્ઞવલ્ક્ય મુનિ.

ब्रह्मराति पु॰ ઉપરના અર્થ.

ब्रह्मरात्र पु॰ રાત્રિના શેષભાગરૂપ મુહૂર્ત.

ब्रह्मरीति स्त्री॰ એક જાતનું પીતળ.

ब्रह्मर्षि पु॰ બ્રહ્માઋષિ, બ્રહ્મા સરખો ઋષિ, વેદનું સ્મરણ કરનાર.

ब्रह्मर्षि पु० વેદદ્રષ્ટા ઋષિઓ.

ब्रह्मर्षिदेश पु० કુરૂક્ષેત્ર–મત્સ્ય–પંચાલ–શૂરસેન–એ દેશ.

ब्रह्मलक्षण न० બ્રહ્મનું લક્ષણ, બ્રાહ્મણનું લક્ષણ.

ब्रह्मलोक पु० બ્રહ્માનો લોક, સત્યલોક, તુરીય બ્રહ્મસ્વરૂપ.

ब्रह्मवर्चस न० બ્રહ્મતેજ, વેદાધ્યયથી ઉત્પન્ન થયેલું તેજ.

ब्रह्मवर्चस्विन् त्रि० વેદાધ્યયનથી ઉત્પન્ન થયેલા તેજવાળું.

ब्रह्मवर्त्त पु० બ્રહ્માવર્ત દેશ.

ब्रह्मवर्द्धन न० તાંબુ.

ब्रह्मवाटीय पु० તે નામે એક મુનિ.

ब्रह्मवाद पु० વેદપાઠ, વેદાધ્યયન.

ब्रह्मवादिन् पु० વેદપાઠક, વેદાન્તી.

ब्रह्मवादिन् न० બ્રહ્મબોધક શાસ્ત્ર.

ब्रह्मवादिनी स्त्री० ગાયત્રી.

ब्रह्मवालुक न० તે નામે એક તીર્થ.

ब्रह्मवास पु० બ્રહ્મલોક.

ब्रह्मवाहस् त्रि० મંત્રથી પ્રાપ્ત કરાતું.

ब्रह्मविद् त्रि० બ્રહ્મ અને આત્માની એકતા જાણનાર, વેદ જાણનાર.

ब्रह्मविद् पु० વિષ્ણુ.

ब्रह्मविद्या स्त्री० બ્રહ્મજ્ઞાન.

ब्रह्मविवर्द्धन पु० વિષ્ણુ.

ब्रह्मविवर्द्धन न० બ્રહ્મ–તપ વગેરેની વિશેષ વૃદ્ધિ.

ब्रह्मवृक्ष पु० ખાખરાનું ઝાડ, ઉંબરાનું ઝાડ.

ब्रह्मवृत्ति स्त्री० બ્રહ્માકાર અંતઃકરણની વૃત્તિ, બ્રાહ્મણની આજીવિકા–વૃત્તિ.

ब्रह्मवेद पु० બ્રહ્મજ્ઞાન, વેદાન્ત.

ब्रह्मवेदि पु० તે નામે એક દેશ–જે કુરૂક્ષેત્રમાં છે.

ब्रह्मवेदिन् त्रि० ब्रह्मविद् त्रि० જુઓ.

ब्रह्मवैवर्त्त न० તે નામે એક મહાપુરાણ.

ब्रह्मव्रत न० હજાર વર્ષનું એક વ્રત.

ब्रह्मशल्य पु० તે નામે એક વૃક્ષ.

ब्रह्मशाला स्त्री० તે નામે એક તીર્થ, વેદપાઠ માટે શાળા.

ब्रह्मशासन न० વેદની આજ્ઞા, બ્રહ્મવિદ્યાગૃહ.

ब्रह्मशिरस् न० તે નામે એક અસ્ત્ર.

ब्रह्मसंशित त्रि० મંત્રથી તીક્ષ્ણ કરેલ.

ब्रह्मसंहिता स्त्री० વૈષ્ણવોના આચારસિદ્ધાંતનો એક ગ્રંથ.

ब्रह्मसती स्त्री० સરસ્વતી.

ब्रह्मसत्ता स्त्री० બ્રહ્મરૂપ જગતની અધિષ્ઠાત્રી સત્તા.

ब्रह्मसत्र न० ब्रह्मयज्ञ જુઓ.

ब्रह्मसदन न० ઋત્વિજનું દર્ભાસન, બ્રહ્મલોક.

ब्रह्मसम्भव पु० જૈનભેદ, બ્રહ્માથી ઉત્પન્ન થયેલ વસિષ્ઠ વગેરે.

ब्रह्मसम्भव त्रि० બ્રહ્મથી ઉત્પન્ન થનાર, બ્રહ્માથી ઉત્પન્ન થનાર.

ब्रह्मसरस् न० તે નામે એક તીર્થ.

ब्रह्मसर्प पु० એક જાતનો મોટો સર્પ.

ब्रह्मसात् अव्य० બ્રહ્મને–બ્રાહ્મણને અંધીન, બ્રહ્માર્પણ.

ब्रह्मसामन् न० સામવેદનો અમુક ભાગ.

ब्रह्मसायुज्य न० બ્રહ્મભાવ–બ્રહ્મપણાને પામવું તે.

ब्रह्मसार्ष्टिता स्त्री० બ્રહ્મતુલ્ય ગતિ.

ब्रह्मसावर्णि पु० દશમો મનુ.

ब्रह्मसिद्धान्त पु० બ્રહ્માએ રચેલ એક જ્યોતિષસિદ્ધાન્ત.

ब्रह्मसुत पु० બ્રહ્માના પુત્ર, કેતુભેદ.

ब्रह्मसुवर्चला स्त्री० એક જાતની ઔષધિ.

ब्रह्मसू पु० ચતુર્વ્યૂહાત્મક વિષ્ણુની એક મૂર્તિ, અનિરૂદ્ધ, કામદેવ.

ब्रह्मसूत्र न० જનોઈ, વ્યાસકૃત બ્રહ્મપ્રતિપાદક શારીરક સૂત્ર.

ब्रह्मसूनु पु० ઇક્ષ્વાકુવંશી એક રાજા–બ્રહ્મદત્ત, વસિષ્ઠ વગેરે.

ब्रह्मसोमा स्त्री० બ્રાહ્મી વનસ્પતિ.

ब्रह्मस्तेय न० વેદની ચોરી, અનુજ્ઞા વિના વેદાધ્યયન.

ब्रह्मस्थान न० તે નામે એક તીર્થ.

ब्रह्मस्व न० બ્રાહ્મણનું ધન.

ब्रह्मस्वरूप न० બ્રહ્મ–બ્રહ્મા–બ્રાહ્મણનું સ્વરૂપ, વેદનું સ્વરૂપ.

ब्रह्महत्या स्त्री० બ્રાહ્મણનો વધ.

ब्रह्महत्यासम न० બ્રહ્મહત્યાસમાન અસત્ય ભાષણ વગેરે.

ब्रह्महन् त्रि० બ્રાહ્મણનો વધ કરનાર.

ब्रह्माङ्गभू पु० ઘોડો, બ્રહ્માના પુત્ર.

ब्रह्माञ्जलि पु० વેદપાઠ માટે ગુરૂને જોડેલા બે હાથ–ગુરૂ પ્રત્યે વિનયાંજલિ.

ब्रह्माणी स्त्री० બ્રહ્મશક્તિ, રેણુકા નામે ગંધદ્રવ્ય, રાજરીતિ, બ્રહ્માના અર્ધા શરીરથી ઉત્પન્ન થયેલી શતરૂપા, બ્રહ્માની પત્ની સાવિત્રી, ગાયત્રી, સરસ્વતી.

ब्रह्माण्ड न० અંડાકાર ભુવનકોષ.

ब्रह्मात्मभू पु० ब्रह्माङ्गभू જુઓ.

ब्रह्मादनी स्त्री० हंसपदी જુઓ.

ब्रह्माधिगम पु० વેદાધ્યયન, વેદાભ્યાસ.

ब्रह्माधिगमन न० ઉપરનો અર્થ.

ब्रह्मानन्द पु० બ્રહ્માનો આનંદ, મોક્ષ.

ब्रह्मापेत पु० સૂર્યમંડળમાં રહેલ રાક્ષસ.

ब्रह्माभ्यास पु० વેદનો અભ્યાસ.

ब्रह्मारण्य न० વેદપાઠની ભૂમિ.

ब्रह्मार्पण न० સર્વ કર્મ– કર્તા વગેરેનું બ્રહ્મસ્વરૂપે ચિંતન, બ્રહ્મ–પરમાત્મા–ઈશ્વરમાં સર્વ કર્મ ફળનો સંન્યાસ–ત્યાગ.

ब्रह्मावर्त्त पु० તે નામે એક દેશ.

ब्रह्मावर्त न० બ્રહ્માવર્ત દેશમાં આવેલ તીર્થ.

ब्रह्मासन न० બ્રહ્મા–ઋત્વિજનું આસન, પદ્મસ્વસ્તિક વગેરે આસન, દેવપૂજાના અંગરૂપ એક આસન, બ્રાહ્મણનું આસન.

ब्रह्मास्त्र न० બ્રહ્માનું અસ્ત્ર.

ब्रह्माहुति स्त्री० વેદાધ્યયન.

ब्रह्मिन् पु० પરમેશ્વર, વેદ જાણનાર, તપસ્વી.

ब्रह्मिष्ठ त्रि० અતિશય બ્રહ્મવેત્તા.

ब्रह्मिष्ठा स्त्री० દુર્ગા દેવી.

ब्रह्मी स्त्री० બ્રાહ્મી વનસ્પતિ.

ब्रह्मीघृत न० બ્રાહ્મીનું ઘી.

ब्रह्मेशय पु० વિષ્ણુ, કાર્તિક સ્વામી.

ब्रह्मोज्झ पु० વેદનો ત્યાગ કરનાર.

ब्रह्मोज्झता स्त्री० વેદનો ત્યાગ કરવાપણું.

ब्रह्मोज्झत्व न० ઉપરનો અર્થ.

ब्रह्मोडुम्बर न० તે નામે એક તીર્થ.

ब्रह्मोत्तर त्रि० જેનો અધિકારી બ્રાહ્મણ હોય તે, બ્રહ્મપ્રધાન.

ब्रह्मोदुम्बर न० તે નામે એક તીર્થ.

ब्रह्मोद्य न० બ્રહ્મપ્રતિપાદક વાક્ય, બ્રહ્મકથન, વેદપાઠ.

ब्रह्मोपनेतृ पु० ખાખરાનું ઝાડ.

ब्रह्मोपनिषद् स्त्री० તે નામે એક ઉપનિષદ.

ब्रह्मौदन न० पु० યજ્ઞમાં બ્રહ્મા–ઋત્વિજ–માટેનું અન્ન.

ब्राह्म त्रि० બ્રહ્માનું, બ્રહ્મા સંબંધી, બ્રાહ્મણનું, બ્રાહ્મણ સંબંધી, બ્રહ્માએ કહેલ, વેદે કહેલ.

ब्राह्म न० એક મૂહુર્ત, એક નક્ષત્ર, તે નામે એક પુરાણ, અંગુઠાના મૂળરૂપ તીર્થ.

ब्राह्म पु० તે નામે એક વિવાહ, બ્રહ્માના પુત્ર વસિષ્ઠ–નારદ વગેરે, બ્રાહ્મકાળ, મનુએ કહેલો રાજાઓનો ધર્મ, પારો.

ब्राह्मक त्रि० બ્રહ્માએ કરેલ, બ્રાહ્મણે કરેલ.

ब्राह्मगुप्त पु० તે નામે એક આયુધજાતિવર્ગ.

ब्राह्मगुप्तीय त्रि० ઉપરનો અર્થ.

ब्राह्मण न० મંત્રથી જૂદો એક વેદવિભાગ.

ब्राह्मण पु० વિપ્ર, બ્રાહ્મણ.

ब्राह्मण त्रि० બ્રહ્મ જાણનાર, આત્મજ્ઞાની,

ब्राह्मणक पु० નીચ બ્રાહ્મણ.

ब्राह्मणक पु० જ્યાં બ્રાહ્મણો હથિઆર ઉપર જીવતા હોય તે દેશ.

ब्राह्मणकाम्या स्त्री० બ્રાહ્મણની ઇચ્છા, બ્રાહ્મણનો વિષય.

ब्राह्मणकीय त्रि० જ્યાં બ્રાહ્મણો હથિઆર ઉપર જીવતા હોય તે દેશસંબંધી.

ब्राह्मणचक्षुस् न० બ્રાહ્મણનું નેત્ર-વેદ-સ્મૃતિ.

ब्राह्मणचाण्डाल पु० નીચ બ્રાહ્મણ.

ब्राह्मणजातीय पु० બ્રાહ્મણ, બ્રાહ્મણની જાતિનો.

ब्राह्मणजीविका स्त्री० બ્રાહ્મણની વૃત્તિ-યાજન-અધ્યાપન-પ્રતિગ્રહ વગેરે.

ब्राह्मणता स्त्री० બ્રાહ્મણપણું.

ब्राह्मणत्रा अव्य० બ્રાહ્મણને આપવા યોગ્ય, બ્રાહ્મણને અર્પણ.

ब्राह्मणत्व न० બ્રાહ્મણપણું.

ब्राह्मणप्रिय पु० વિષ્ણુ.

ब्राह्मणप्रिय त्रि० બ્રાહ્મણને પ્રિય, બ્રાહ્મણના હિતનું.

ब्राह्मणब्रुव पु० બ્રાહ્મણ કર્મથી ભ્રષ્ટ, માત્ર નામનો બ્રાહ્મણ.

ब्राह्मणयज्ञ पु० માત્ર બ્રાહ્મણે કરવાલાયક સૌત્રામણી યજ્ઞ.

ब्राह्मणयष्टि स्त्री० એક જાતનું ઝાડ, બ્રાહ્મણની લાકડી.

ब्राह्मणयष्टिका स्त्री० ઉપરના અર્થ.

ब्राह्मणयष्टी स्त्री० ब्राह्मणयष्टि જુઓ.

ब्राह्मणलक्षण न० યોગ-તપ-દમ-દાન-સત્ય-શૌચ-દયા-શાસ્ત્રજ્ઞાન વિદ્યા-વિજ્ઞાન-આસ્તિક્ય-એ રૂપ બ્રાહ્મણનું લક્ષણ.

ब्राह्मणशस्त्र न० અભિચારાદિ મંત્રોચ્ચારરૂપ બ્રાહ્મણવાક્ય.

ब्राह्मणसम पु० બ્રાહ્મણક્રિયાથી ભ્રષ્ટ બ્રાહ્મણ.

ब्राह्मणाच्छंसिन् पु० તે નામે યજ્ઞીય ઋત્વિજ.

ब्राह्मणादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

ब्राह्मणायण पु० શુદ્ધવંશમાં ઉત્પન્ન થયેલ બ્રાહ્મણ.

ब्राह्मणायणी स्त्री० શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલી બ્રાહ્મણી.

ब्राह्मणिक पु० મંત્રેતર વેદવિભાગના વ્યાખ્યાનરૂપ એક ગ્રંથ.

ब्राह्मणी स्त्री० બ્રાહ્મણ જાતિની સ્ત્રી, પૃક્કા વનસ્પતિ, બ્રાહ્મી વનસ્પતિ, ભારંગ વનસ્પતિ, બુદ્ધિ, નાની કીડી.

ब्राह्मण्य न० બ્રાહ્મણોનો સમૂહ, બ્રાહ્મણધર્મ, બ્રાહ્મણકર્મ, બ્રાહ્મણપણું.

ब्राह्मण्य पु० શનિ ગ્રહ.

ब्राह्मी स्त्री० સરસ્વતી, વાણી, સોમલતા, એક જાતનું શાક, તે નામે એક માતૃકા, તે નામે એક દેવી, વારાહીકંદ, હિલમોચિકા વનસ્પતિ, રોહિણી.

ब्राह्मीकन्द पु० વારાહીકન્દ, બ્રહ્મયષ્ટિકા વનસ્પતિ.

ब्राह्म्य त्रि० બ્રહ્મસંબંધી, બ્રહ્મનું.

ब्राह्म्य न० વિસ્મય, આશ્ચર્ય, દૃશ્ય-દેખાવ.

ब्राह्म्यमुहूर्त पु० રાત્રીના છેલ્લા પ્રહરનું મુહૂર્ત.

ब्रुवत् त्रि० બોલતું, કહેતું.

ब्रुवाण त्रि० ઉપરના અર્થ.

ब्रू अदा० उभ० द्विक० सेट् બોલવું, કહેવું. अनु+પાછળ બોલવું, અનુવાદ કરવો, वि+વિરુદ્ધ બોલવું, વિવાદ કરવો.

ब्रूस् चु० उभ० स० सेट् પીડવું, દુઃખ દેવું.

भ.

भ् વ્યંજનોમાં ચોવીસમો વ્યંજન.

भ न० નક્ષત્ર, ગ્રહ, રાશિ.

भ पु० શુક્રાચાર્ય, પર્વત, ભ્રાન્તિ, છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ ભગણ.

भंसस् पु० ગુદા, ગાંડ.

भकार पु० અક્ષર.

भकक्षा स्त्री० નક્ષત્રકક્ષા.

भकूट न० વિવાહમાં દંપતીના શુભ–અશુભને સૂચવનાર રાશિસમૂહ.

भक्किका स्त्री० એક જાતનો કીડો.

भक्त पु० न० અન્ન, ભાત.

भक्त त्रि० ભક્તિવાળું, ભક્તિમાં તત્પર, વિભાગ કરેલ, ભાગ કરેલ.

भक्त न० ભાગ કરવા, વિભાગ કરવા, ભજવું, સેવવું, ભજન.

भक्तकंस पु० न०અન્ન-ભાત લાવવાનું પાત્ર.

भक्तकर पु० ધૂપ–અમુક પદાર્થોથી બનાવેલ ધૂપ.

भक्तकार त्रि० અન્ન રાંધનાર,રસોઇ કરનાર.

भक्तछंद् न० ભૂખ.

भक्तजा स्त्री० અમૃત, તૃપ્તિ.

भक्तता स्त्री० ભક્તપણું.

भक्ततूर्य न० ભોજનવેળાનું વાદિત્ર.

भक्तत्व न० ભક્તપણું.

भक्तद् त्रि० અન્ન આપનાર.

भक्तदातृ त्रि० ઉપરનો અર્થ.

भक्तदान न० અન્ન આપવું.

भक्तदायक त्रि० અન્ન આપનાર.

भक्तदायिन् त्रि० ઉપરનો અર્થ.

भक्तदास पु० માત્ર અન્ન મેળવી દાસ બનેલ, અન્નનો દાસ.

भक्तपुलाक पु० અન્નનો કોળીયો, ભાતનો કોળીયો, ઉકાળેલા ચોખાનું પાણી.

भक्तमण्ड पु० ભાતનું ઓસામણ.

भक्तवत्सल त्रि० ભક્ત ઉપર પ્રેમ રાખનાર.

भक्तवत्सल पु० વિષ્ણુ.

भक्तसिक्थ पु० भक्तमण्ड જુઓ.

भक्ति स्त्री० આરાધના, સેવા, સેવામાં એકાગ્ર ચિત્તવૃત્તિ, ભજન, વિભાગ, ગૌણી વૃત્તિ, ઉપચાર, અવયવ, ભાગ, રચના,શ્રદ્ધા.

भक्तिका स्त्री० એક જાતની વનસ્પતિ.

भक्तिभाज् त्रि० ભક્તિવાળું. ભક્ત, સેવક.

भक्तिमत् त्रि० ઉપરના અર્થ.

भक्तियोग पु० ચિત્તની એકાગ્રતાનું સાધન એક ઉપાય, ભક્તિરૂપ યોગ.

भक्तिरस पु० ભક્તિરૂપ રસ.

भक्तिल पु० સારો ઘોડો.

भक्तिसूत्र न० શાંડિલ્ય મુનિકૃત સૂત્રાત્મક એક ગ્રંથ.

भक्ष् चु० उ० स० सेट् ભક્ષણ કરવું, ખાવું.

भक्ष् भ्वा० प० स० सेट् ભક્ષણ કરવું, ખાવું.

भक्ष पु०ભોજન, ખોરાક, ખાવા યોગ્ય પદાર્થ.

भक्षक त्रि० ભક્ષણ કરનાર, ખાનાર.

भक्षकार पु० કંદોઇ, મીઠાઇ બનાવનાર.

भक्षटक पु० ગોખરૂ.

भक्षण न० ભક્ષણ કરવું, ખાવું.

भक्षणीय त्रि० ભક્ષણ કરવા યોગ્ય, ખાવા યોગ્ય.

भक्षपत्रा स्त्री० નાગરવેલ.

भक्षयत् त्रि० ભક્ષણ કરતું, ખાતું.

भक्षयमाण त्रि० ઉપરના અર્થ.

भक्षाल पु० તે નામે એક દેશ.

भक्षित त्रि० ભક્ષણ કરેલ, ખાધેલ.

भक्षितव्य त्रि० ભક્ષણ કરવા યોગ્ય, ખાવા લાયક.

भक्षिवस् त्रि० ભક્ષણ કરનાર.

भक्ष्य त्रि० भक्षितव्य જુઓ.

भक्ष्य न० ભોજન, ખોરાક.

भक्ष्यकार पु० भक्षकार જુઓ.

भक्ष्यपत्रा स्त्री० નાગરવેલ.

भक्ष्यालाबू स्त्री० એક જાતની તુંબડીનો વેલો.

भग पु० न०સૂર્ય, આકડાનું ઝાડ, અણિમા વગેરે આઠ પ્રકારનું ઐશ્વર્ય, વીર્ય, પરાક્રમ, યશ, લક્ષ્મી, શોભા, જ્ઞાન, વૈરાગ્ય, યોનિ, ઇચ્છા, માહાત્મ્ય, યત્ન, ધર્મ, મોક્ષ, સૌભાગ્ય, કાન્તિ, ચંદ્ર, કપૂર, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, સારૂં નશીબ.

भग पु० ગુદા અને વૃષણની વચ્ચેનો ભાગ.

भग न० ધન, પદ, સ્થાન.

भगघ्न पु० મહાદેવ.

भगण पु० બાર રાશિઓનો સમૂહ, બાર રાશિઓનો ભોગકાળ, છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ ભગણ.

भगदत्त पु० નરકાસુરનો એક પુત્ર.

भगदा स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

भगदेव पु० કામી પુરૂષ.

भगदैवत न० પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.

भगनन्दन पु० વિષ્ણુ.

भगनन्दा स्त्री० કાર્તિક સ્વામીની અનુચર એક માતૃકા.

भगनेत्रघ्न पु० મહાદેવ.

भगनेत्रापह पु० મહાદેવ.

भगन्दर पु० તે નામનો એક રોગ-ગુદા અને વૃષણની વચ્ચે થતું ગુમડું.

भगभक्त त्रि० ધનમાં આસક્ત, ધનનો ભક્ત.

भगभक्षक त्रि० નાયક-નાયિકાને મેળાવી આપનાર, કુટણાનો ધંધો કરનાર.

भगवत् पु० પરમેશ્વર, બુદ્ધદેવ.

भगवत् त्रि० ઐશ્વર્યવાન, ધનવાન.

भगवती स्त्री० દુર્ગા દેવી, શ્રીમતી, નસીબદારસ્ત્રી.

भगवद्गीता स्त्री० મહાભારતના ભીષ્મ પર્વમાં આ.તો અઢાર અધ્યાયનો ગ્રંથ.

भगवद्दृश्य त्रि० ભગવાન તુલ્ય.

भगशास्त्र न० કામશાસ્ત્ર.

भगहन् पु० વિષ્ણુ.

भगाङ्कुर पु० હરસનો રોગ.

भगाधान न० મહાત્મ્યનું સ્થાપન. સૌભાગ્ય.

भगाल न० માણસનું માથું, માણસની ખોપરી.

भगालिन् पु० શિવ.

भगिनी स्त्री० બહેન.

भगीरथ पु० સૂર્યવંશી એક રાજા.

भगेश पु० ઐશ્વર્ય વગેરેનો ઇશ્વર-સ્વામી.

भगोल पु० રાશિચક્ર, નક્ષત્રમંડળ.

भगोस् अव्य० સત્કારપૂર્વક સંબોધનાર્થે વપરાય છે.

भग्न त्रि० ભાગેલ, તુટેલ, તોડેલ, હારેલ, અપમાન પામેલ.

भग्नपाद न० જેનો તૃતીયાંશ અન્યરાશિમાં ગયેલો હોય છે તેવું નક્ષત્ર.

भग्नपृष्ठ त्रि० ભાંગેલી પીઠવાળું, સમ્મુખ.

भग्नप्रक्रम पु० કાવ્યનો એક વાક્યદોષ, અનુક્રમનો ભંગ.

भग्नसन्धि पु० જેમાં સાંધા ભાંગે છે તે એક રોગ.

भग्नसन्धिक न० છાશ.

भग्नसन्धिक त्रि० ભાંગેલા સાંધાવાળું.

भग्नात्मन् पु० ચંદ્ર, કપૂર.

भग्नाश त्रि० હતાશ, ભાગેલી આશાવાળું.

भग्नी स्त्री० બહેન.

भग्नोद्यम त्रि० નિષ્ફળ ઉદ્યમવાળું.

भङ्कारी स्त्री० ભમરી.

भङ्ग पु० તરંગ, મોજું, પરાજય, હારવું તે, ખંડ, ટુકડો, એક જાતનો રોગ, કુટિલતા, ભય, પત્રરચના-કપાળ વગેરેમાં અર્ચા કાઢવામાં આવે છે તે, ગમન, ગતિ, પાણીનું નિકળવું, શણ, ઘાસ, ધાન્ય, હરકોઇ રોગ, અપમાન.

भङ्कार पु० અવિક્ષિત રાજાનો એક પુત્ર, સત્રાજિત રાજાનો એક પુત્ર.

भङ्कार त्रि०ભાંગનાર, હરાવનાર, અપમાન કરનાર, ભંગ કરનાર.

भङ्गवासा स्त्री० હળદર.

भङ्गसार्थ त्रि० કુટિલ, વક્ર, અપ્રમાણિક,લુચ્ચું.

भङ्गा स्त्री० ભાંગ, નસોતર.

भङ्गाकट न० ભાંગની રજ, ભાંગ.

भङ्गान पु० એક જાતનું માછલું.

भङ्गानी स्त्री० એક જાતની માછલી.

भङ्गारी स्त्री० ભમરી.

भङ्गासन पु० તે નામે એક રાજા.

भङ्गि स्त्री० ભાંગવું, તુટવું, કુટિલતા, અપ્રમાણિકપણું, વિન્યાસ, મૂકવું, સ્થાપવું, તરંગ, મોજું, ભેદ, બહાનું, ઓઘ, પ્રવાહ, રચના.

भङ्गिन् त्रि०ભાંગવાના સ્વભાવવાળું,નાશવંત.

भङ्गिनी स्त्री० એક જાતની વનસ્પતિ.

भङ्गिमन् पु० भङ्गि જુઓ.

भङ्गी स्त्री० भङ्गि જુઓ.

भङ्गील न० જ્ઞાનેન્દ્રિયમાં ન્યૂનતા.

भङ्गुर त्रि० ભાંગી જવાના સ્વભાવવાળું, નાશવંત, કુટિલ, વક્ર.

भङ्गुर पु० નદીઓનો વાંકો પ્રવાહ.

भङ्गुरा स्त्री० પ્રિયંગુ જુઓ, અતિવિખની કળી, ભાંગ.

भङ्ग्य न० ભાંગ જેમા નીપજી શકે તેવું ખેતર.

भङ्ग्य त्रि० ભાંગને યોગ્ય.

भचक्र न० નક્ષત્રમંડળ, રાશિચક્ર.

भज् भ्वा० उभ० स० अनिट् ભાગ કરવા, જૂદું કરવું, સેવા કરવી, ભોગવવું.

भज् चु० उभ० स० सेट् રાંધવું, દેવું, આપવું.

भजक त्रि० ભાગ કરનાર, જુદું કરનાર, ભજનાર, સેવનાર, ભોગવનાર.

भजत् त्रि० ભાગ કરતું, જૂદું કરતું, ભજતું, સેવતું, ભોગવતું, સેવક વગેરે.

भजमान त्रि० ઉપરના અર્થ, ન્યાયથી આવેલ દ્રવ્ય વગેરે.

भजमान पु० સાત્વત રાજાનો એક પુત્ર.

भजि पु० भज् ધાતુ, સત્વત રાજાનો પુત્ર.

भजिन् पु० સત્વત રાજાનો એક પુત્ર.

भजेन्य त्रि० ભજન કરવા યોગ્ય, ભાગ કરવા યોગ્ય, સેવવા યોગ્ય.

भजेरथ पु० તે નામે એક રાજા.

भञ्ज् चु० उभ० स० सेट् દીપવું, પ્રકાશવું.

भञ्जक त्रि० ભાંગનાર,તોડનાર, નાશ કરનાર.

भञ्जन न० ભાંગવું, તોડવું. નાશ કરવો.

भञ्जनक पु० એક જાતનો મોઢાંનો રોગ.

भञ्जनागिरि पु० તે નામે એક પર્વત.

भञ्जरु पु० દેવમંદીરમાં ઉગેલ વૃક્ષ.

भञ्जा स्त्री० અન્નપૂર્ણા દેવી.

भट् भ्वा० प० स० सेट् ભાડું લેવું, કામ કરવાનું મૂલ્ય લેવું, પગાર લેવો.

भट् भ्वा० प० स० सेट् ભાષણ કરવું, બોલવું.

भट् चु० प० स० सेट् છેતરવું, ઠગવું.

भट पु० યોદ્ધો, વીર, એક જાતનો મ્લેચ્છ, એક જાતનો નીચ રાક્ષસ. રાત્રિચર.

भटा स्त्री० ઈંદરવરણાંનો વેલો.

भटित्र न० સોયા ઉપર રાંધેલું માંસ.

भट्ट पु० ભાટ, સ્તુતિપાઠક, વેદ જાણનાર, પંડિત, સ્વામીપણું, માલીકી, તે નામે એક મીમાંસક.

भट्टाचार्य पु० તુતાતભટ્ટ અને ઉદયનાચાર્ય સમાન, તે બન્નેના મતને જાણનાર.

भट्टाचार्य पु० द्वि० તુતાતભટ્ટ અને ઉદયનાચાર્ય.

भट्टार त्रि० પૂજ્ય.

भट्टारक त्रि० પૂજ્ય.

भट्टारक पु० રાજા. (નાટકની ભાષામાં)

भट्टारक पु० દેવ,તપોધન,સૂર્ય,આકડાનું ઝાડ.

भट्टारकवार पु० રવિવાર.

भट्टारकवासर पु० રવિવાર.

भट्टारिका स्त्री० એક દેવતા.

भट्टारी स्त्री० એક દેવતા.

भट्टि पु० તે નામે એક મહાકવિ.

भट्टिकाव्य न० ભટ્ટિકવિએ કરેલું મહાકાવ્ય.

भट्टिनी स्त्री० નાટ્યભાષામાં જેના ઉપર પટરાણી તરીકે અભિષેક નથી તેવી રાજાની રાણી, બ્રાહ્મણની સ્ત્રી-ભટાણી.

भट्टोजि पु० સિદ્ધાન્તકૌમુદીના કર્તા એક વ્યાકરણશાસ્ત્રી.

भंड् भ्वा० आ० स० सेट् બોલવું.

भंड् चु० उभ० स० सेट् કલ્યાણ બોલવું.

भड पु० એક જાતનો વર્ણસંકર.

भडिल पु० વીર, સેવક, તે નામે એક ઋષિ.

भण् भ्वा० प० द्वि० सेट् કહેવું, ભણવું.

भणित त्रि० ભણેલ, કહેલ.

भणिति स्त्री० ભણવું, કહેવું, બોલવું, વાણી.

भण्टाकी स्त्री० રીંગણી, બૃહતી વનસ્પતિ.

भण्टुक पु० શ્યોનાક વૃક્ષ.

भण्टूक पु० શ્યોનાક વૃક્ષ.

भण्ड पु० ભાંડ, મશ્કરો.

भण्डक पु० ખંજન પક્ષી.

भण्डकी स्त्री० ખંજન પક્ષિણી.

भण्डन न० ઠગવું, છેતરવું, કવચ-બખ્તર.

भण्डहासिनी स्त्री० વેશ્યા.

भण्डि स्त्री० વીચી-તરંગ, શિરીષવૃક્ષ.

भण्डिका स्त्री० મજીઠ.

भण्डित पु० તે નામે એક ઋષિ.

भण्डिर पु० શિરીષવૃક્ષ.

भण्डिल पु० શિરીષવૃક્ષ.

भण्डी स्त्री० ઉપરનો અર્થ.

भण्डीतकी स्त्री० મજીઠ.

भण्डीर पु० એક જાતની ક્ષુપ વનસ્પતિ, તાંદળજાનું શાક, શિરીષવૃક્ષ.

भण्डीरलतिका स्त्री० મજીઠ.

भण्डीरी स्त्री० મજીઠ.

भण्डील पु० મજીઠ.

भण्डु पु० તે નામે એક દેશ.

भण्डुक पु० એક જાતનું માછલું.

भण्डूक पु० શ્યોનાક વૃક્ષ,

भंद् भ्वा० आ० अक० सेट् શુભ કહેવું, પ્રસન્ન થવું.

भंद् चु० उ० स० सेट् કલ્યાણ કરવું.

भदन्त पु० તે નામે એક બુદ્ધ.

भदन्त त्रि० પૂજ્ય, સાધુ-સંન્યાસી.

भदाक न० કલ્યાણ.

भद्र न० કાળું કમળ, ચંદન, લોઢું, પોલાદ, નાગરમોથ, કલ્યાણ, મંગળ, મસ્તક, સોનું, જ્યોતિષપ્રસિદ્ધ સાતમું કરણ.

भद्र पु० મહાદેવ, બળદ, ખંજન પક્ષી, કદંબનું ઝાડ, હાથીની એક જાત, બળદેવ, રામનો એક દૂત, સુમેરૂપર્વત, થોરનું ઝાડ, દેવદારનું ઝાડ, તે નામે એક મધ્યદેશ, વસુદેવનો એક પુત્ર, તે નામે એક દેવગણ, તે નામે એક નટ.

भद्र त्रि० ઉત્તમ, શ્રેષ્ઠ, સુંદર, કલ્યાણકારક, માંગલીક.

भद्रक त्रि० મનોહર, સુંદર.

भद्रक पु० દેવદારનું ઝાડ.

भद्रक न० એક જાતની મોથ, બાવીસ અક્ષરના ચરણવાળો એક છંદ.

भद्रकण्ट पु० ગોખરૂનું ઝાડ.

भद्रकर्ण पु० તે નામે એક તીર્થ.

भद्रकार त्रि० માંગલીક, કલ્યાણકારક.

भद्रकार पु० તે નામે એક દેશ.

भद्रकाय पु० શ્રીકૃષ્ણનો તે નામે એક પુત્ર.

भद्रकाय त्रि० માંગલીક શરીરવાળું.

भद्रकाली स्त्री० દુર્ગા દેવીની એક શક્તિ.

भद्रकाशी स्त्री० એક જાતની મોથ.

भद्रकाष्ठ न० દેવદારનું ઝાડ.

भद्रकुम्भ पु० જલપૂર્ણ કલશ-ઘડો.

भद्रगन्ध पु० કલ્યાણકારક ગંધ.

भद्रगन्धिका स्त्री० મોથ.

भद्रगौर पु० તે નામે એક દેશ.

भद्रङ्कर त्रि० મંગળકારક.

भद्रङ्करण न० મંગળનું સાધન.

भद्रचन्दनसारिका स्त्री० કાળી ઉપલસરી વનસ્પતિ.

भद्रचारु पु० રુક્મિણીમાં શ્રીકૃષ્ણનો એક પુત્ર.

भद्रचूड पु० એક જાતનું ઝાડ.

भद्रज पु० અંદરજવ.

भद्रतरुणो स्त्री० કુબ્જક વૃક્ષ.

भद्रतुङ्ग पु० તે નામે એક તીર્થ.

भद्रतुरग न० જંબૂદ્વીપના નવ ખંડમાંનો એક ખંડ.

भद्रदन्तिका स्त्री० દંતીવૃક્ષ.

भद्रद्दारु पु० न० દેવદારનું વૃક્ષ.

भद्रद्वीप पु० તે નામે એક ઉપદ્વીપ.

भद्रनामन् पु० એક જાતનું પક્ષી.

भद्रनामिका स्त्री० ત્રાયંતીનો વેલો.

भद्रनिधि पु० દાન માટે તૈયાર કરેલ તાંબા વગેરેનો ઘડો.

भद्रपदा स्त्री० પૂર્વાભાદ્રપદા તથા ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર.

भद्रपर्णा स्त्री० कटम्भरा વૃક્ષ, પ્રસારિણી વનસ્પતિ.

भद्रपर्णी स्त्री० ગાંભારી વનસ્પતિ

भद्रपाद त्रि० પૂર્વાભાદ્રપદા તથા ઉત્તરાભાદ્રપદામાં જન્મેલ.

भद्रपीठ पु० न० રાજા કે દેવ વગેરેના અભિષેક માટેનો પાટલો.

भद्रबलन पु० બળરામ.

भद्रबला स्त्री० ગંધમાદાક્ષનો વેલો, ગંધિકા વનસ્પતિ, માધવી લતા, બલા વનસ્પતિ.

भद्रभोमा स्त्री० કશ્યપની પત્ની એક દક્ષકન્યા.

भद्रमल्लिका स्त्री० નવમલ્લિકા લતા-બટમોગરો.

भद्रमुख त्रि० સારું બોલનાર, માંગલિક બોલનાર, સારા મુખવાળું.

भद्रमुञ्ज पु० એક જાતનું મુંજ ઘાસ.

भद्रमुस्तक पु० નાગરમોથ.

भद्रमुस्ता स्त्री० નાગરમોથ.

भद्रयव पु० અંદરજવ.

भद्ररथ पु० કલેયુવંશના હર્યંગરાજાનો પુત્ર.

भद्ररेणु पु० ઐરાવત હાથી.

भद्ररोहिणी स्त्री० કડુ.

भद्रलता स्त्री० હળદર, એક જાતનો મોગરો.

भद्रवत् न० દેવદારનું ઝાડ.

भद्रवती स्त्री० ગાંભારી વનસ્પતિ, ભરતની એક કન્યા.

भद्रवर्मन् पु० નવમલ્લિકાનો વેલો-બટમોગરો.

भद्रवल्लिका स्त्री० અનન્ત મૂળનો વેલો–गोपवल्ली.

भद्रवल्ली स्त्री० ઉપરનો અર્થ.

भद्रविराज् पु० તે નામે એક અર્ધસમ વૃત્ત–છંદ.

भद्रशर्मन् त्रि० પુત્ર વગેરના આનંદવાળું, સુખી.

भद्रशाख पु० કાર્તિકસ્વામી.

भद्रशिफा स्त्री० હળદર.

भद्रश्रय न० ચંદન વૃક્ષ.

भद्रश्रवस् पु० ધર્મનો એક પુત્ર.

भद्रश्री पु० ચંદન વૃક્ષ.

भद्रश्रेण्य पु० દિવોદાસની પહેલાંનો કાશીનો એક રાજા.

भद्रसरस् न० સુપાર્શ્વ પર્વત ઉપર આવેલું એક સરોવર.

भद्रसालवन न० ભદ્રાશ્વ ખંડમાં આવેલું એક વન.

भद्रसेन पु० દેવકીમાં વસુદેવનો એક પુત્ર, કુંતી દેશના રાજાનો એક પુત્ર.

भद्रसोमा स्त्री० ગંગા, તે નામે એક નદી.

भद्रहंस पु० નાગરમોથ.

भद्रा स्त्री० તે નામની એક નદી, જ્યોતિષ-પ્રસિદ્ધ સાતમું કરણ, ભદ્રા તિથિ-બીજ-સાતમ-બારશ, વૈશ્રવણની પત્ની, ચંદ્રની પુત્રી-ઉતથ્યની પત્ની, રૌદ્રાશ્વની એક કન્યા, કાયફળ, જૈનદેવી, વેખંડ વનસ્પતિ, ધોળી ધ્રો, બલા વનસ્પતિ, નાગરવેલ, કાળો ઉંબરો, કાળી ઉપલસરી, ચાંદવેલ, શ્રીકૃષ્ણની બહેન.

भद्राकरण न० મુંડન.

भद्राङ्ग पु० બળરામ.

भद्रात्मज पु० તરવાર.

भद्रारक पु० અઢાર દ્વીપોમાંનો એક દ્વીપ.

भद्रालपत्रिका स्त्री० ગંન્ધાલી વનસ્પતિ.

भद्राली स्त्री० ઉપરનો અર્થ, મંગળની શ્રેણી-પરંપરા.

भद्रावती स्त्री० કાયફળનું ઝાડ.

भद्राश्रय पु० ચંદન વૃક્ષ.

भद्राश्व पु० તે નામે એક રાજા, ભદ્રાશ્વ-ખંડનો રહેવાસી.

भद्राश्व न० જંબૂદ્વીપના નવખંડમાંનો ખંડ.

भद्रासन न० રાજાનું આસન, દેવનું આસન.

भद्रिका स्त्री० બીજ-સાતમ-બારશ-એ તિથિ, તે નામે એક દશા, નવ અક્ષરના ચરણવાળો એક છંદ, અગીઆર અક્ષરના ચરણવાળો એક છંદ.

भद्रेश्वर पु० તે નામે એક મહાદેવ.

भद्रैला स्त्री० મોટી એલચી.

भद्रोदनी स्त्री० બલા વનસ્પતિ.

भन् भ्वा० प० स० सेट् પૂજવું, પૂજા કરવી.

भन्द् भ्वा० आ० स० सेट् પૂજવું, દીપવું.

भन्दिल त्रि० શુભ, માંગલિક.

भन्दिल पु० કંપ, ધ્રૂજ, દૂત.

भन्दुक पु० તે નામે એક દેશ.

भपञ्जर न० નક્ષત્રમંડળ.

भपति पु० ચંદ્ર, રાશીના સ્વામી મંગળ વગેરે, કપૂર.

भमण्डल न० રાશિચક્ર.

भम्म पु० એક જાતની માખી, ધૂમાડો.

भम्मरालिका स्त्री० ભમરી, ડાંસ.

भम्मराली स्त्री० ભમરી, ડાંસ.

भम्भासार पु० મગધ દેશનો એક રાજા.

भय न० ભયનું કારણ, ભય, બીક, નાટક-પ્રસિદ્ધ એક રસ.

भय पु० નિર્ઋતિનો એક પુત્ર.

भयकर त्रि० ભયકારક, ભય કરનાર.

भयकारक त्रि० ઉપરના અર્થ.

भयकृत् त्रि० भयकर જુઓ.

भयकृत् पु० ભયનો નાશ કરનાર પરમેશ્વર.

भयङ्कर त्रि० ભયજનક, ભયકારક.

भयङ्कर पु० નાટકપ્રસિદ્ધ એક રસ, એક જાતનું પક્ષી, વિશ્વદેવ-ગણ.

भयङ्करी स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા, એક જાતની પક્ષિણી.

भयडिण्डिम पु० રણવાદ્ય..

भयद त्रि० ભય આપનાર, ભયંકર.

भयदातृ त्रि० ઉપરના અર્થ.

भयदाय त्रि० भयद જુઓ.

भयदायक त्रि० भयद જુઓ.

भयद्रुत त्रि० ભયથી નાસેલ.

भयनाशन त्रि० ભયનો નાશ કરનાર.

भयनाशन पु० વિષ્ણુ.

भयनाशिनी स्त्री० ત્રાયમાણનો વેલો.

भयप्रस्ताव पु० ભયનું કારણ.

भयब्राह्मण पु० ભયથી પોતાને બ્રાહ્મણ કહેનાર.

भयभीत त्रि० ભયથી ત્રાસ પામેલ.

भयभ्रष्ट त्रि० ભયથી નાસેલ.

भयविधायिन् त्रि० ભય કરનાર.

भयविप्लुत त्रि० ભયમાં ડુબેલ.

भयव्यूह पु० એક પ્રકારનો વ્યૂહ.

भयसंहृष्टरोमन् त्रि० ભયથી જેનાં રૂવાં ખડાં થઈ ગયાં હોય તે.

भयस्थान न० ભયનું સ્થાન.

भयहेतु पु० ભયનું કારણ.

भयातुर त्रि० ભયથી આતુર.

भयानक पु० વાઘ, રાહુગ્રહ.

भयानक त्रि० ભયંકર, ભયજનક.

भयापह त्रि० ભયનો નાશ કરનાર.

भयापह पु० વિષ્ણુ, તે નામે એક રાજા.

भयावह त्रि० ભયંકર.

भयैकप्रवण त्रि० ભયમાં તત્પર, ભયભીત.

भयोपशम पु० ભયની શાંતિ, નિર્ભયતા.

भय्य न० ભય, બીક.

भर पु० અતિશય સમૂહ.

भर त्रि० ભરણ પોષણ કરનાર.

भरग त्रि० અતિશય, જનાર.

भरग पु० પરબ્રહ્મ, પરમાત્મા.

भरट पु० કુંભાર.

भरटिक त्रि० કુંભારથી લઇ જનાર.

भरण न० પોષણ, પગાર, ધારણ.

भरण पु० ભરણી નક્ષત્ર.

भरणिक त्रि० પગારથી લઇ જનાર.

भरणी स्त्री० ભરણી નક્ષત્ર, એક જાતની લતા.

भरणीभू पु० રાહુ ગ્રહ.

भरणीय त्रि० ભરણ પોષણ કરવા યોગ્ય, ધારણ કરવા યોગ્ય.

भरण्ड पु० સ્વામી, રાજા, તે નામે પક્ષી.

भरण्य् कण्ड्वादि० प० स० सेट् ધારણ કરવું, પોષણ કરવું.

भरण्य त्रि० भरणीय જુઓ.

भरण्य न० ધારણ, પોષણ, પગાર.

भरण्यभुज् त्रि० પગારદાર નોકર વગેરે.

भरण्या स्त्री० સ્ત્રી.

भरण्याह्वा स्त्री० એક જાતનું વૃક્ષ.

भरण्यु त्रि० શરણ્ય, મિત્ર, સ્વામી.

भरण्यु पु० અગ્નિ, ચંદ્ર, ચિત્રાનું વૃક્ષ, કપૂર.

भरत पु० જડ ભરત મુનિ, અલંકાર શાસ્ત્રનો કર્તા એક મુનિ, શબર, તન્તુવાય, ક્ષેત્ર, કૈકયીનો પુત્ર ભરત, શકુન્તલામાં દુષ્યંતનો પુત્ર, અગ્નિનો એક પુત્ર, ભૌત્ય મનુનો એક પુત્ર, તે નામે આયુધજીવી એક સંઘ, જંગલી માણસ, સ્ત્રીનો વેષ લેનાર, ગાયન નૃત્ય કરનાર પુરૂષ.

भरत पु० बहु० ભરતવંશી રાજાઓ, ભરતશાસ્ત્ર–નાટ્યશાસ્ત્ર ભણનાર.

भरतखण्ड पु० કુમારિકા ખંડ-હિંદુસ્તાન.

भरतद्वादशाह पु० ભરતે કરેલ એક યજ્ઞ.

भरतपुत्रक पु० નટ નાટકીયો.

भरतप्रसू स्त्री० કૈકેયી, શકુન્તલા, ઋષભદેવની પત્ની.

भरतवर्ष पु० ભરતખંડ–હિંદુસ્તાન.

भरताग्रज पु० રામચન્દ્ર.

भरथ पु० રાજા, એક દેવ.

भरद्वाज पु० તે નામે એક મુનિ, મનોરૂપ એક ઋષિ, એક જાતનું પક્ષી, તે નામે એક દેશ.

भरद्वाजक पु० એક જાતનું પક્ષી.

भरद्वाजी स्त्री० એક જાતની પક્ષિણી.

भरम त्रि० ભરણ પોષણ કરનાર, ધારણ કરનાર.

भरस् पु० ભરણ, પોષણ, ધારણ.

भरिणी स्त्री० લીલો રંગ.

भरित त्रि० પોષેલ, ધારણ કરેલ.

भरित पु० લીલો રંગ.

भरित त्रि० લાલ રંગવાળું, લીલું.

भरित्र न० द्वि० બે બાહુ.

भरिमन् पु० કુટુંબ, ભરણ, પોષણ, ધારણ, વિષ્ણુ.

भरु पु० સ્વામી, સોનું, શિવ.

भरुक पु० દક્ષિણમાં આવેલો એક દેશ.

भरुज पु० શિયાળ.

भरुजा स्त्री० શિયાળ–માદા.

भरुजी स्त्री० શિયાળ–માદા.

भरुटक न० શેકેલું માંસ.

भरे अव्य॰ સંગ્રામ, યુદ્ધ.

भर्ग पु॰ શિવ, જ્યોતિઃપદાર્થ, સૂર્યમાં રહેલ ઈશ્વરી તેજ, શેકવું, ધૃષ્ટકેતુના વંશનો એક રાજા, તે નામે એક દેશ.

भर्गस् पु॰ તેજ.

भर्गादि पु॰ પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

भर्गायण पु॰ તે નામે એક ઋષિ.

भर्ग्य पु॰ શિવ.

भर्जन न॰ ભુંજવું, શેકવું.

भर्णस् त्रि॰ ભરણ પોષણ કરનાર, ધારણ કરનાર.

भर्तव्य त्रि॰ ભરણ પોષણ કરવા યોગ્ય, ધારણ કરવા યોગ્ય.

भर्तव्या स्त्री॰ સ્ત્રી.

भर्तृ पु॰ સ્વામી, પતિ,અધિપતિ, શેઠ,રાજા, વિષ્ણુ.

भर्तृ त्रि॰ ભરણ પોષણ કરનાર, ધારણ કરનાર.

भर्तृघ्न त्रि॰ સ્વામી–ધણી–શેઠ–રાજાનો નાશ કરનાર.

भर्तृघ्नी स्त्री॰ પતિ–ધણી–શેઠ–રાજાનો નાશ કરનારી હાથની રેખા, ધણીને મારી નાખનારી સ્ત્રી.

भर्तृता स्त्री॰ સ્વામીપણું, શેઠાઈ, પોષકપણું.

भर्तृत्व न॰ ઉપરના અર્થ.

भर्तृदारक पु॰ રાજકુમાર. (નાટ્યભાષામાં)

भर्तृदारिका स्त्री॰ રાજકુમારી. (નાટ્યભાષામાં)

भर्तृस्थान न॰ તે નામે એક તીર્થ.

भर्तृहरि पु॰ વિક્રમાદિત્યનો મોટો ભાઈ–ભરથરી રાજા.

भर्त्रिम त्रि॰ ભરણ પોષણ કરેલ.

भर्त्स् चु॰ उभ॰ स॰ सेट् તર્જના કરવી, તિરસ્કારવું, નિંદવું.

भर्त्सन न॰ તર્જના, તિરસ્કાર, નિંદા.

भर्त्सना स्त्री॰ ઉપરના અર્થ.

भर्त्स्यपत्रिका स्त्री॰ મહાનીલી વૃક્ષ.

भर्म् भ्वा॰ प॰ स॰ सेट् હિંસા કરવી.

भर्म न॰ સોનું, પગાર, નાભિ, ધંતુરો.

भर्मण्या स्त्री॰ પગાર.

भर्मन् न॰ भर्म જુઓ.

भर्मण्या स्त्री॰ પગાર.

भर्मयूथी स्त्री॰ પીળી જૂઈ.

भर्माश्व पु॰ તે નામે ભરતવંશી એક રાજા.

भर्व् भ्वा॰ प॰ स॰ सेट् હિંસા કરવી,ભોજન કરવું.

भल् चु॰ आ॰ स॰ सेट् નિરૂપણ કરવું, જણાવવું.

भलता स्त्री॰ રાજબલા નામની લતા.

भलन्दन पु॰ કાન્યકુબ્જ દેશનો એક રાજા.

भलानस् त्रि॰ માંગલિક મુખવાળું.

भल्ल् भ्वा॰ प॰ स॰ सेट् દેવું, આપવું,વધ કરવો, જણાવવું, સમજાવવું.

भल्ल पु॰ રીંછ, પીળું નસોતર, એક જાતનો રોગ, સન્નિપાત, તે નામે એક દેશ.

भल्ल पु॰ न॰ ભાલું.

भल्ल पु॰ ब॰ ભલ્લ દેશમાં હોનાર–થનાર.

भल्लक पु॰ भल्ल पु॰ જુઓ.

भल्लपाल पु॰ રીંછને પાળનાર.

भल्लपालक पु॰ ઉપરનો અર્થ.

भल्लपुच्छी स्त्री॰ એક જાતની ક્ષુપ વનસ્પતિ.

भल्लवि पु॰ તે નામે એક ઋષિ.

भल्ला स्त्री॰ રીંછણ.

भल्लाक्ष पु॰ એક જાતનો હંસ.

भल्लाट पु॰ શશિધ્વજ રાજાનો પુત્ર, ક્ષત્રદત્તના વંશનો એક રાજા.

भल्लात पु॰ न॰ ભીલામાનું ઝાડ.

भल्लातक पु॰ न॰ ઉપરનો અર્થ.

भल्लातकतैल न॰ વૈદ્યકપ્રસિદ્ધ ભીલામાનું તેલ.

भल्लातकलौह न॰ ભીલામા વગેરેમાં પકવેલ એક ઔષધ.

भल्लातकविधान न० એક હજાર ભીલામાં સેવવાનો એક પ્રકાર.

भल्लातकी स्त्री० ભીલામાનું ઝાડ.

भल्लिका स्त्री० ઉપરનો અર્થ.

भल्ली स्त्री० ભીલામાનું ઝાડ.

भल्लुक पु० રીંછ, શ્યોનાકનો ભેદ, એક જાતનો જલજંતુ.

भल्लूक पु० ઉપરના અર્થ.

भव पु० મહાદેવ, જન્મ, ઉત્પત્તિ, પ્રાપ્તિ, સંસાર.

भव न० ફળ.

भवक त्रि० ઉત્પન્ન થયેલ, જન્મેલ, આશીર્વાદ આપનાર.

भवकेतु पु० એક કેતુ.

भवघस्मर पु० દાવાનળ.

भवत् त्रि० આપ, તમે, હોતું, થતું.

भवदा स्त्री० કાર્તિકસ્વામીની અનુચર એક માતૃકા.

भवदादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

भवदारु पु० દેવદારનું ઝાડ.

भवदीय त्रि० આપનું, તમારૂં, આપના સંબંધી, તમારાસંબંધી.

भवन न० ઘર, ભાવ, જન્મ, સત્તા–હોવાપણું

भवननाथ पु० નીચેનો શબ્દ જુઓ.

भवनपति पु० ઘરનો માલીક, રાશીનો સ્વામી, જૈનમતે એક દેવજાતિ.

भवनाशन त्रि० જન્મ–સંસારનો નાશ કરનાર.

भवनाशिनो स्त्री० સરયૂ નદી.

भवनीय त्रि० હોવા યોગ્ય, થવા યોગ્ય.

भवनोदर न० ઘરનો મધ્ય પ્રદેશ, ઘરનો અંદરનો ભાગ.

भवन्त पु० કાળ, સમય.

भवन्ति पु० વર્તમાન કાળે જન્મ વગેરે.

भवन्ती स्त्री० હોતી, થતી, ઝેર ચોપડેલ બાણ.

भवभाज् त्रि० સંસારી, જીવ, પ્રાણી.

भवभावन पु० જન્મનું કારણ, ઉત્પત્તિનું કારણ.

भवभूत न० પરમેશ્વર.

भवभूति पु० મહાદેવની વિભૂતિ, તે નામે એક વિદ્વાન કવિ.

भवरुत् पु० પ્રેતપટહ–મડદાને કાઢતી વેળા વગાડાતું નગારૂં.

भवाचल पु० મંદરાચળની પૂર્વે આવેલ એક પર્વત, કૈલાસ.

भवात्मज पु० કાર્તિકસ્વામી, ગણપતિ.

भवात्मजा स्त्री० મનસાદેવી.

भवादृक्ष त्रि० આપજેવું, આપસમાન.

भवादृश् त्रि० ઉપરના અર્થ.

भवादृश त्रि० આપજેવું, આપસમાન.

भवानी स्त्री० શિવની પત્ની-દુર્ગા દેવી-પાર્વતી.

भवानीगुरु पु० હિમાલય.

भवानीपति पु० શિવ.

भवान्तकृत् पु० બ્રહ્મા.

भवान्तकृत् न० સંસારનો નાશ કરનાર જ્ઞાન.

भवाभाव पु० સંસારનો અભાવ, જન્મનો અભાવ.

भवाभीष्ट पु० ગુગળ.

भवाभीष्ट त्रि० સંસારમાં ઇષ્ટ, સંસારમાં પ્રિય.

भवायन त्रि० શિવમાં તત્પર, શૈવ.

भवायनी स्त्री० ગંગા નદી.

भविक न० કુશળ, ક્ષેમ, મંગળ.

भविक त्रि० કુશલયુક્ત, ક્ષેમયુક્ત, માંગલીક.

भवित त्रि० થયેલ, ઉત્પન્ન થયેલ, જન્મેલ.

भवितव्य त्रि० થવા લાયક, હોવા લાયક.

भवितव्यता स्त्री० અવશ્યંભાવ, નસીબ, ભાગ્ય, અવસ્યથવાપણું.

भवितृ त्रि० હોનાર, ઉત્પન્ન થનાર.

भविन त्रि० કાવ્યકર્તા કવિ.

भविल पु॰ જાર પુરૂષ, વ્યભિચારી.

भविल त्रि॰ ભવ્ય, હોનાર, થનાર.

भविष्णु त्रि॰ થવા-હોવાના સ્વભાવવાળું.

भविष्य पु॰ ભાવિ કાળ.

भविष्य त्रि॰ ભાવિ-ભવિષ્યમાં હોનાર-થનાર.

भविष्य न॰ તે નામે એક પુરાણ.

भविष्य पु॰ ભાવિકાળ, એક જાતનું ફળ.

भविष्यत् त्रि॰ भविष्य त्रि॰ જુઓ.

भविष्यत् न॰ પાણી, હરિવંશનું એક પર્વ.

भवीयस् त्रि॰ અતિશય ઘણું.

भव्य त्रि॰ ભાવી, થવા-હોવાલાયક, શ્રેષ્ઠ, સારૂં, યોગ્ય, શુભ, સાચું.

भव्य न॰ એક જાતનું ફળ, હાડકું, સત્ય.

भव्य पु॰ એક જાતનો રસ, કર્મરંગ.

भव्या स्त्री॰ ગજપીપર, અળસી-અતસી.

भष् भ्वा॰ प॰ स॰ सेट् કુતરાનું ભસવું.

भष पु॰ કુતરો.

भषक पु॰ કુતરો.

भषकी स्त्री॰ કુતરી.

भषण न॰ કુતરાનું ભસવું.

भषा स्त्री॰ સ્વર્ણક્ષીરી વૃક્ષ-સોનામુખી.

भषी स्त्री॰ કૂતરી.

भंस् जुहो॰ प॰ सेट् દીપવું अक॰ તિરસ્કાર કરવો सक॰

भस् भ्वा॰ प॰ स॰ सेट् ભક્ષણ કરવું, ખાવું.

भसत् त्रि॰ ભક્ષણ કરતું, ખાતું.

भसद् पु॰ કાળ, સમય, મછવો, કારંડવપક્ષી.

भसद् न॰ જાંઘ, સૂર્ય, આકડાનું ઝાડ, માંસ.

भसद् स्त्री॰ જાંઘ.

भसन्त पु॰ કાળ, સમય.

भसन्धि पु॰ અમુક નક્ષત્રોનો સંધિરૂપ કાળ.

भसित न॰ ભસ્મ, રાખ.

भसूचक पु॰ જોશી.

भस्त्रा स्त्री॰ ધમણ.

भस्त्राका स्त्री॰ ધમણ.

भस्त्राफला स्त्री॰ એક જાતની ક્ષુપ વનસ્પતિ.

भस्त्रिका स्त्री॰ ધમણ.

भस्त्री स्त्री॰ ધમણ.

भस्त्रीय त्रि॰ ધમણની પાસેનો પ્રદેશ વગેરે.

भस्मक न॰ ઘણું ખવરાવનાર એક રોગ, રૂપું, વાવડીંગ.

भस्मकूट पु॰ તે નામે એક પર્વત.

भस्मगन्धा स्त्री॰ તે નામે એક ગંધદ્રવ્ય-रेणुका.

भस्मगन्धिका स्त्री॰ ઉપરનો અર્થ.

भस्मगन्धिनी स्त्री॰ भस्मगन्धा જુઓ.

भस्मगर्भ पु॰ સીસમનું ઝાડ, તિનિશ વૃક્ષ.

भस्मगर्भा स्त्री॰ भस्मगन्धा જુઓ.

भस्मजाबाल पु॰ તે નામે એક ઉપનિષદ.

भस्मतूल न॰ ગામનો સમૂહ, ધૂળનું ઘર્ષણ, હિમ.

भस्मन् न॰ રાખ.

भस्मरोहा स्त्री॰ दग्धिका જુઓ.

भस्मवर्ण पु॰ એક જાતનો કાગડો.

भस्मवेधक पु॰ કપૂર.

भस्मसा अव्य॰ ચર્વણજન્ય શબ્દનું અનુકરણ.

भस्मसात् अव्य॰ સમગ્ર ભસ્મરૂપ કરવું-થવું.

भस्माङ्ग पु॰ હોલો પક્ષી, એક જાતનો મણિ.

भस्माचल पु॰ કામરૂ દેશમાં આવેલ પર્વત.

भस्मासुर पु॰ તે નામે એક અસુર.

भस्माह्वय पु॰ કપૂર.

भस्मीकरण न॰ રાખ કરવી.

भस्मीकृत त्रि॰ રાખ કરેલ.

भस्मीभवन न॰ રાખ થવું.

भस्मीभूत त्रि॰ રાખ થયેલ.

भा अदा॰ प॰ अक॰ अनिट् દીપવું, પ્રકાશવું, જણાવું, દેખાવું, प्रति+बुद्धिની પ્રગલ્ભતા થવી, वि+अति+પરસ્પર દીપવું.

भा स्त्री॰ દીપ્તિ, કાંતિ.

भाक्रजीक त्रि॰ કાંતિ મેળવનાર.

भाकुट पु० એક જાતનું માછલું.

भाकुरि त्रि० કાંતિકારક.

भाकूट पु० તે નામે એક પર્વત, એક જાતનું માછલું.

भाकोष पु० સૂર્ય, આકડાનું ઝાડ.

भाक्त त्रि० ઔપચારિક–ગૌણીવૃત્તિથી જણાયેલ અર્થ, અન્નસંબંધી, જેને નિયત અન્ન અપાતું હોય તે.

भाक्त पु० અન્નસંપાદન સાધન, ચોખા.

भाक्तिक त्रि० જેને નિયત અન્ન અપાતું હોય તે.

भाक्ष त्रि० ભક્ષણ કરવાના સ્વભાવવાળું.

भाग पु० ભજન, ભજવું, ભાગ, અંશ, ઈષ્ટ વસ્તુનો અર્ધો ભાગ, જ્યોતિષમાં કહેલ રાશિનો ત્રીસમો ભાગ, તૃતીયાંશ–ચતુર્થાંશ વગેરે, ભાગવું.

भाग न० પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, અગીઆરની સંખ્યા.

भागजाति स्त्री० ભાગવાનો પ્રકાર, ભાગાકાર.

भागधेय न० ભાગ્ય, નશીબ.

भागधेय पु० રાજાને આપવામાં આવતો કર, દાયાદ–સપિંડ–વારસ.

भागन न० નક્ષત્રમંડળ, રાશિચક્ર, વર્તુલનો પરિધ.

भागलक्षणा स्त्री० જહદજહત્ સ્વાર્થા લક્ષણા.

भागवत त्रि० ભગવાનનું, ભગવાનસંબંધી, ભક્ત.

भागवत न० શ્રીમદ્ભાગવત મહાપુરાણ.

भागवित्ति पु० તે નામે એક ઋષિ.

भागवित्तिक पु० ભાગવિત્તિ ઋષિનું નિંદ્ય યુવસંતાન.

भागवित्तेय त्रि० ઉપરનો અર્થ.

भागवृत्ति स्त्री० ઉણાદિસૂત્રની એક વૃત્તિ–વિવરણ.

भागशस् अव्य० ભાગ પ્રમાણે.

भागहर त्रि० ભાગ લેનાર, વારસ.

भागहार पु० ભાગાકાર.

भागहार पु० ભાગનું હરણ.

भागानुबन्धजाति स्त्री० ત્રણ પૂર્ણાંક એક ચતુર્થાંશ એવી ગણિતપ્રસિદ્ધ જાતિ.

भागापवाहजाति स्त्री० ગણિતપ્રસિદ્ધ જાતિ.

भागासिद्धि स्त्री० તે નામે એક હેત્વાભાસ.

भागिक त्रि० વારસ, ભાગવાળું, જેના ઉપર વ્યાજ ચઢતું હોય તેવી ધરેણે મૂકેલી વસ્તુ.

भागिन् त्रि० ભાગવાળું, વારસ.

भागिनेय पु० ભાણેજ, ભાણો.

भागिनेयी स्त्री० ભાણી, ભાણેજી.

भागीयस् त्रि० અતિશય ભાગવાળું.

भागीरथी स्त्री० ગંગા નદી.

भागुरि पु० સ્મૃતિ–વ્યાકરણ વગેરેના કર્તા એક મુનિ.

भाग्य न० નસીબ, પ્રારબ્ધ.

भाग्य त्रि० ભાગને યોગ્ય.

भाङ्गीन त्रि० ભાંગ જેમાં થઈ શકે તેવુ ખેતર વગેરે.

भाङ्ग्य त्रि० ઉપરનો અર્થ.

भाज् चु० उभ० स० सेट् જૂદું કરવું, અલગ કરવું, ભાગવું.

भाज् त्रि० જૂદું કરનાર, અલગ કરનાર, ભાગનાર.

भाजक त्रि० ભાજક અંક, ભાગ કરનાર.

भाजन न० પાત્ર, વાસણ, આધાર, ભાગાકાર કરવો, યોગ્ય, **आढक** જુઓ.

भाजनता स्त्री० પાત્રપણું, યોગ્યપણું, આધારપણું.

भाजनत्व न० ઉપરના અર્થ.

भाजा स्त्री० અપક્વ વ્યંજન.

भाजित त्रि० જૂદું કરેલ, ભાગેલ, ભાગ કરેલ.

भाजिन् त्रि० સેવક, ભક્ત.

भाजी स्त्री० શેકેલ–પકવેલ કોઈ વ્યંજન.

भाज्य त्रि० ભાગ કરવા યોગ્ય, વિભાગ કરવા યોગ્ય.

भाटक पु० न० ભાડું.

भाटि स्त्री० ભાડું.

भाट्ट त्रि० કુમારિલ ભટ્ટને અનુસરનાર.

भाण पु० દશરૂપકની અંદરનું એક રૂપક-એક દશ્ય કાવ્ય-નાટક.

भाण्ड न० પાત્ર, વાસણ, તેલ વગેરેનું પાત્ર, વેપારીઓનું મૂળધન, વેચવાનું કરીયાણું, ભંડાર, નદીના બન્ને કાંઠાની વચ્ચેનો પ્રેદેશ, ઘોડાનો અલંકાર, ભાંડનું ચરિત્ર-ભવાઇ.

भाण्ड पु० ગર્દભાણ્ડ વૃક્ષ.

भाण्डपुट पु० હજામ, ધાંજો.

भाण्डपुष्प पु० એક જાતનો સર્પ.

भाण्डप्रतिभाण्ड पु० એક વસ્તુ દઇને બીજી તેના બદલામાં લેવાનો ગણિતપ્રસિદ્ધ પ્રકાર.

भाण्डभरक पु० ભાંડમાં ભરવાની વસ્તુ.

भाण्डल त्रि० ભાંડ ગ્રહણ કરનાર.

भाण्डव त्रि० ભંડુની પાસેનો પ્રદેશ વગેરે.

भाण्डवादन न० ભંભોપાત્ર વગાડવું તે.

भाण्डागार न० ભંડાર.

भाण्डागारिक त्रि० ભંડારી, ભંડાર ઉપર નીમેલ.

भाण्डागारिन् त्रि० ભંડારી.

भाण्डारिन् त्रि० ભંડારી, કોઠારી, ભંડાર ઉપર નીમેલ.

भाण्डि स्त्री० હજામની ઓજારો રાખવાની કોથળી.

भाण्डिक पु० ભાંડ, ભાટ, સ્તુતિપાઠક.

भाण्डिन् त्रि० ભાંડવાળું-પાત્રવાળું.

भाण्डिल पु० હજામ, ધાંજો.

भाण्डिवाह पु० હજામ, ધાંજો.

भाण्डीर पु० વડનું ઝાડ, વૃંદાવનમાં આવેલ વડલાઓનું એક વન.

भात् त्रि० દીપતું, પ્રકાશતું.

भात त्रि० દીપેલ, પ્રકાશેલ.

भाति स्त्री० દીપ્તિ, કાંતિ, શોભા.

भातु पु० સૂર્ય, આકડાનું ઝાડ.

भातु त्रि० દીપ્ત, પ્રકાશમાન.

भातृ त्रि० દીપનાર, પ્રકાશમાન.

भाद्र पु० ભાદરવો મહિનો.

भाद्र न० પૂર્વાભાદ્રપદા કે ઉત્તરાભાદ્રપદા નક્ષત્ર.

भाद्रपद पु० ભાદરવો મહિનો.

भाद्रपदा स्त्री० भाद्र न० જુઓ.

भाद्रपदी स्त्री० ભાદરવાની પૂનેમ.

भाद्रमातुर पु० સતીનો પુત્ર.

भाद्री स्त्री० ભાદરવા મહિનાની પૂનેમ.

भान न० પ્રકાશ, દીપ્તિ, જ્ઞાન.

भानवद् त्रि० પ્રકાશમાન, જ્ઞાની.

भानु पु० સૂર્ય, આકડાનું ઝાડ, કિરણ, પ્રભુ, રાજા, તે નામે એક ગંધર્વ, યદુવંશી એક ક્ષત્રિય-ભાનુમતીનો પિતા, વિષ્ણુ, ભૂતકાળના પંદરમા જૈન તીર્થંકર, પિતા, સુંદરતા, શોભા.

भानु पु० ब० ઉત્તમમન્વંતરના કાળના દેવ.

भानु स्त्री० ધર્મની એક પત્ની.

भानुफला स्त्री० કેળ.

भानुमती स्त्री० ભાનુ નામના યાદવની કન્યા.

भानुमत् पु० સૂર્ય, આકડાનું ઝાડ, તે નામે એક રાજા.

भानुमालिन् पु० સૂર્ય, આકડાનું ઝાડ.

भानुवार पु० રવિવાર.

भानुवासर पु० રવિવાર.

भानुसेन पु० કર્ણનો એક પુત્ર.

भानेमि पु० સૂર્ય, આકડાનું ઝાડ.

भान्त पु० ચંદ્ર, નક્ષત્ર અને રાશિનો અંત.

भाम् भ्वा० आ० अ० सेट् ક્રોધ કરવો.

भाम पु० ક્રોધ, દીપ્તિ, પ્રકાશ, સૂર્ય, આકડાનું ઝાડ, બનેવી.

भामक पु० બનેવી.

भामनी पु० પરમેશ્વર.

भामा स्त्री० ક્રોધી સ્ત્રી.

भामिन् त्रि० ક્રોધી.

भामिनी स्त्री० ક્રોધી સ્ત્રી.

भार पु० ગુરૂત્વપરિમાણ, બોજો, વિષ્ણુ. ભારે પદાર્થ, વીસ તોલાનું માપ, આઠ હજાર તોલાનું માપ વીવધ જુઓ.

भारक पु० ભાર, બોજો.

भारङ्गिक त्रि० પોષણ કરનાર.

मृग પુ૦ પશુ, હરણ, એક જાતનો હાથી, મૃગશીર્ષ નક્ષત્ર, શોધવું, ખોળવું, માગવું, એક યન્ત્ર, માગશર મહિનો, કસ્તૂરી, મકર રાશિ, પુરૂષની એક જાતિ.

मृगक्षीर ન૦ હરણીનું દૂધ.

मृगगामिन् त्रि० હરણ માફક જનાર.

मृगगामिनी स्त्री० મૃગ માફક જનારી સ્ત્રી, વાવડીંગ.

मृगचेटक પુ૦ જંગલી બીલાડો.

मृनचेटकी स्त्री० જંગલી બીલાડી.

मृगजालिका स्त्री० હરણ પકડવાની જાળ.

मृगजीवन પુ૦ પારધિ–શીકારી.

मृगण ન૦શોધવું, ખોળવું,શોધ, ખોળ,તપાસ.

मृगणा स्त्री० ઉપરના અર્થ.

मृगतृष् स्त्री० નીચેનો શબ્દ જુઓ.

मृगतृष्णा स्त्री० ઝાંઝવાનું જળ.

मृगतृष्णिका स्त्री० ઉપરનો અર્થ.

मृगदंशक પુ૦ કુતરો.

मृगदंशकी स्त्री० કુતરી.

मृगद्युत् પુ૦ શીકારી.

मृगद्यू પુ૦ શીકારી.

मृगधूर्तक પુ૦ શિયાળ.

मृगधूर्तकी स्त्री० શિયાળણ.

मृगनाभि પુ૦ કસ્તૂરી.

मृगनाभिज ન૦ કસ્તૂરી.

मृगनाभिजा स्त्री० કસ્તૂરી.

मृगनेत्रा स्त्री० સૌર માર્ગના અમુક રાત્રિઓ.

मृगपति પુ૦ સિંહ, સિંહ રાશિ.

मृगपद ન૦ હરિણનું પગલું–પગ.

मृगपालिका स्त्री० કસ્તૂરી મૃગ.

मृगपिप्लु પુ૦ ચંદ્ર, કપૂર.

मृगप्रिय ન૦ પહાડી ઘાસ.

मृगबधाजीव પુ૦ પારધિ, શીકારી.

मृगबन्धनी स्त्री० હરણ પકડવાની જાળ.

मृगबन्धिनी स्त्री० ઉપરનો અર્થ.

मृगभक्ष પુ૦ એક પ્રાણી.

मृगभक्ष्या स्त्री० જટામાંસી.

मृगभोजनी स्त्री० એક વનસ્પતિ.

मृगमद પુ૦ કસ્તૂરી.

मृगमदवासा स्त्री० કસ્તૂરી, મોગરો.

मृगमातृका स्त्री० હરણની માતા.

मृगया स्त्री० શીકાર.

मृगयु પુ૦ બ્રહ્મા, શિયાળ, શીકારી.

मृगरसा स्त्री० સહદેવીનો વેલો.

मृगराज् પુ૦ સિંહ, સિંહરાશિ.

मृगराज પુ૦ ઉપરના અર્થ, ચંદ્ર, કપૂર, મૃગશિર નક્ષત્ર.

मृगराटिका स्त्री० જીવન્તી ઔષધિ.

मृगरिपु પુ૦ સિંહ, સિંહરાશિ.

मृगरोमज त्रि० મૃગના રૂંવાટાંમાંથી બનેલ.

मृगलाञ्छन પુ૦ ચંદ્ર, કપૂર, મૃગશીર નક્ષત્ર.

मृगवधाजीविन् પુ૦ શીકારી.

मृगवल्लभ ન૦ એક જાતનું ઘાસ.

मृगवाहन પુ૦ વાયુ, સ્વાતી નક્ષત્ર.

मृगव्य ન૦ શીકાર.

मृगव्या स्त्री० શિકાર.

मृगशत्रु પુ૦ સિંહ, સિંહરાશિ.

मृगशिरस् ન૦ મૃગશીર નક્ષત્ર.

मृगशिरा स्त्री० ઉપરનો અર્થ.

मृगशीर्ष પુ૦ મૃગશીર નક્ષત્ર.

मृगशीर्षन् ન૦ ઉપરનો અર્થ.

मृगा स्त्री० સહદેવી લતા.

मृगाक्षी स्त्री० વિશાલા વનસ્પતિ, મૃગના જેવા નેત્રવાળી સ્ત્રી.

मृगाङ्क પુ૦ ચંદ્ર, કપૂર.

मृगाजिन ન૦ મૃગનું ચામડું.

मृगाण्डजा स्त्री० કસ્તૂરી.

मृगाद् પુ૦ વાઘ.

मृगादन પુ૦ વાઘ.

मृगादनी સ્ત્રી० વાયેણુ, સહદેવીનો વેલો, ઈંદરવરણી, એક જાતની કાકડી.

मृगाधिप પુ० સિંહ, સિંહરાશિ.

मृगाधिपति પુ० સિંહ, સિંહરાશિ.

मृगाधिराज પુ० ઉપરના અર્થ.

मृगाराति પુ० સિંહ, સિંહરાશિ, કુતરો, વાઘ.

मृगारि પુ० ઉપરના અર્થ, રાતો સરગવો.

मृगाविध् પુ० પારધિ, શીકારી.

मृगित ત્રિ० શોધેલ, ખોળેલ, યાચેલ, માગેલ.

मृगेन्द्र પુ० સિંહ, સિંહરાશિ.

मृगेन्द्रचटक પુ० બાઝપક્ષી.

मृगेन्द्रमुख ન० સિંહનું મોઢું.

मृगेन्द्राशी સ્ત્રી० અરડુસો.

मृगेन्द्रासन ન० સિંહાસન.

मृगेन्द्री સ્ત્રી० સિંહણ.

मृगेर्वारु સ્ત્રી० એક જાતની કાકડી, ધોળી ઈંદરવરણી.

मृगेष्ट પુ० મગનું ઝાડ.

मृगेक्षण ત્રિ० મૃગના જેવાં નેત્રવાળું.

मृगेक्षणा સ્ત્રી० મૃગેર્વારુ જુઓ, મૃગના જેવા નેત્રવાળી સ્ત્રી.

मृग्य ત્રિ० શોધવા ખોળવા લાયક.

मृज् ચુ० ઉભ० સ० સેટ્ શુદ્ધ કરવું, સાફ કરવું, શણગારવું, શોભાવવું.

मृज् અદા० પ० સ० સેટ્ ઉપરના અર્થ.

मृज પુ० એક જાતનું વાદિત્ર.

मृजा સ્ત્રી० શુદ્ધિ, નિર્મળતા.

मृजान्वय ત્રિ० શુદ્ધ, નિર્મળ.

मृज्य ત્રિ० શુદ્ધ કરવા યોગ્ય, નિર્મળ કરવા યોગ્ય.

मृड् क्र्या० પ० સ० સેટ્ સંતોષ પમાડવો, પ્રસન્ન કરવું.

मृड् તુદા० પ० સ० સેટ્ ઉપરના અર્થ.

मृड પુ० શિવ.

मृडङ्कण પુ० બાળક શિષ્ય.

मृडानी સ્ત્રી० પાર્વતી, દુર્ગા દેવી.

मृडानीपति પુ० શિવ.

मृडीक પુ० હરણ.

मृण् તુદા० પ० સ० સેટ્ હિંસા કરવી.

मृणाल પુ० ન० કમળનો દાંડો-નાળ, કમળ વગેરેના નાળમાં રહેલો તંતુ.

मृणाल ન० વીરણમૂળ.

मृणालिन् ત્રિ० કમળ વગેરેના નાળના તંતુવાળું.

मृणालिन् પુ० કમળ.

मृणालिनी સ્ત્રી० કમળનો સમૂહ, કમળનો વેલો, કમળવાળો દેશ.

मृणाली સ્ત્રી० મૃણાલ પુ० ન० જુઓ, થોડી મૃણાલ જાતિ.

मृण्मय ત્રિ० માટીનું, માટીનું બનાવેલ.

मृत ન० મરણ, યાચકવૃત્તિ, ભીખ.

मृत ત્રિ० મરેલું, મરણ પામેલ, ભીખેલું.

मृतक ન० મડદું, મરણનિમિત્તે સૂતક.

मृतकल्प ત્રિ० મૃતપ્રાય-મરેલા જેવું.

मृतकान्तक પુ० શિયાળ.

मृतकान्तकी સ્ત્રી० શિયાળ-માદા.

मृतजीव પુ० તિલક વૃક્ષ.

मृतण्ड પુ० સૂર્યનો પિતા.

मृतमत्त પુ० શિયાળ.

मृतमत्तक પુ० શિયાળ.

मृतवत्सा સ્ત્રી० જેનું છોકરૂં મરી ગયું હોય તે સ્ત્રી, જેનું વાછડું મરી ગયું હોય તેવી ગાય.

मृतशङ्का સ્ત્રી० મરણની શંકા.

मृतसञ्जीवनी સ્ત્રી० ગોરક્ષદુગ્ધા વનસ્પતિ, તંત્રપ્રસિદ્ધ એક વિદ્યા.

मृतस्नात ત્રિ० મરણનિમિત્તે ન્હાયેલ.

मृतस्नान ન० મરણનિમિતે સ્નાન.

मृतस्वभोक्तृ પુ० એક રાજર્ષિ.

मृताण्ड પુ० સૂર્ય, આકડાનું ઝાડ.

मृतामद न० મોરથુથુ.

मृतालक न० એક સુગંધી માટી, તુવેર.

मृति स्त्री० મરણ, મૃત્યુ.

मृतोद्भव पु० સમુદ્ર.

मृत्कर पु० કુંભાર.

मृत्कांश्य न० માટીનું વાસણ.

मृत्किरा स्त्री० એક જાતનો દેડકો.

मृत्तिका स्त्री० માટી, તુવેર.

मृत्फली स्त्री० કુષ્ઠ ઔષધિ.

मृत्यु पु० યમ, મરણ, કંસ.

मृत्यु न० મરણ, મોત.

मृत्युञ्जय पु० મહાદેવ.

मृत्युनाशक पु० પારો.

मृत्युनाशक त्रि० મૃત્યુનો નાશ કરનાર.

मृत्युपुष्प पु० શેલડી.

मृत्युफला स्त्री० કેળ.

मृत्युबीज पु० વાંસ.

मृत्युभङ्गुरक पु० મૃત્યુ સમયે વગાડવાનું નગારૂં.

मृत्युभृत्य पु० માંદગી, રોગ.

मृत्युवचन पु० શિવ, એક જાતનો કાગડો, એક જાતનું ઝાડ, બીલીનું ઝાડ.

मृत्युवीज पु० વાંસ.

मृत्युसूति स्त्री० કરચલી.

मृत्सा स्त्री० માટી, તુવેર.

मृत्स्ना स्त्री० માટી, તુવેર.

मृत्स्नाभाण्ड न० માટીનું વાસણ.

मृत्स्नाभाण्डक न० માટીનું વાસણ.

मृद् क्र्या० प० स० सेट् ચૂર્ણ કરવું, મર્દન કરવું, પીસવું, દળવું.

मृद् स्त्री० માટી.

मृदङ्कर पु० એક જાતનું કબૂતર.

मृदङ्ग पु० એક વાદ્ય-નરઘું.

मृदङ्गक पु० ઉપરનો અર્થ.

मृदङ्गफल पु० ફણસનું ઝાડ.

मृदङ्गफलिन् पु० ફણસનું ઝાડ.

मृदङ्गफलिनी स्त्री० કોષાતકી લતા.

मृदङ्गी स्त्री० કોષાતકી લતા.

मृदर त्रि० જલદી જનાર, ખેલતું, રમતું.

मृदा स्त्री० માટી.

मृदाकर पु० ઇન્દ્રનું વજ્ર.

मृदाह्वया स्त्री० તુવેર.

मृदिनी स्त्री० સારી માટી, સારી જમીન.

मृदु त्रि० કોમળ.

मृदु स्त्री० કોમળ સ્ત્રી, ગૃહકન્યા, ચિત્રા-અનુરાધા-મૃગશીર-રેવતી-એ નક્ષત્રોનો એક ગણ.

मृदुकृष्णायस न० સીસું.

मृदुगण पु० ચિત્રા-અનુરાધા-મૃગશીર-રેવતી-એ નક્ષત્રોનો એક ગણ.

मृदुगमन पु० હંસ.

मृदुगमनी स्त्री० હંસલી.

मृदुचर्मिन् पु० ભોજપત્રનું ઝાડ.

मृदुच्छद पु० ઉપરનો અર્થ, પહાડી પીલુનું ઝાડ, કુક્કુરવૃક્ષ, શ્રીતાલવૃક્ષ.

मृदुता स्त्री० કોમળપણું.

मृदुत्व न० કોમળપણું.

मृदुत्वच् पु० ભોજપત્રનું ઝાડ.

मृदुत्वच पु० ઉપરનો અર્થ.

मृदुन्नक न० સોનું.

मृदुपत्र पु० નડ-બરૂ ઘાસ.

मृदुपत्र न० કોમળ પાંદડું.

मृदुपत्र त्रि० કોમળ પાંદડાંવાળું.

मृदुपत्री स्त्री० એક શાક.

मृदुपर्वक पु० નેતર.

मृदुपर्वक त्रि० કોમળ ગાંઠવાળું.

मृदुपर्वन् पु० નેતર.

मृदुपुष्प पु० શિરીષ-સરસડાનું ઝાડ.

मृदुपुष्प न० કોમળ ફૂલ.

मृदुपुष्प त्रि० કોમળ ફૂલવાળું.

मृदुफल न० વિકંકત વૃક્ષ, મીઠું નાળીએર, કોમળ એવું ફળ.

मृदुफल त्रि० કોમળ ફળવાળું.

मृदुल न० પાણી.

मृदुल त्रि० કુમળું, કોમળ.

मृदुलता स्त्री० કોમલતા, કુણાશ, કોમળ વેલ.

मृदुलत्व न० કોમળતા, કુણાશ.

मृदुलोमक पु० સસલું.

मृदुलोमक न० કોમળ રૂવાટું.

मृदुलोमक त्रि० કોમળ રૂવાટાંવાળું.

मृदुलोमवत् त्रि० ઉપરના અર્થ.

मृदुलोमवत् पु० સસલું.

मृदुवात पु० કોમળ વાયુ.

मृदूत्पल न० કાળું કમળ, કાળું પોયણું.

मृद्वङ्ग न० કલઇ, સીસું.

मृद्वी स्त्री० દ્રાક્ષ, પીળી દ્રાક્ષ.

मृद्वीका स्त्री० ઉપરના અર્થ.

मृध् भ्वा० उभ० अ० सेट् ભીનું થવું.

मृध न० યુદ્ધ, લડાઇ.

मृल्लोष्ट न० માટીનું ઢેફું.

मृश् तुदा० प० स० अनिट् સ્પર્શ કરવો, અડકવું, વિચારવું, જોવું.

मृष् चु० उभ० स० सेट् ક્ષમા કરવી, સહન કરવું.

मृष् भ्वा० प० स० सेट् સીંચવું, છાંટવું.

मृष् चु० उभ० स० सेट् ક્ષમા કરવી, સહન કરવું.

मृष् भ्वा० उभ स० सेट् ઉપરના અર્થ.

मृषा अव्य० ફોકટ, મિથ્યા, જૂઠું.

मृषार्थक न० અત્યંત અસંભવિત વાક્ય.

मृषालक पु० આંબાનું ઝાડ.

मृषावाद पु० જૂઠું બોલવું, મિથ્યાવાદ.

मृषावादिन् त्रि० જૂઠું બોલનાર, મિથ્યાવાદી.

मृषोद्य त्रि० ઉપરના અર્થ.

मृषोद्य न० मृषावाद જુઓ.

मृष्ट न० મરી, તીખાં.

मृष्ट त्रि० ઘસેલ, શોધેલ, મર્દન કરેલ, અડકેલ.

मृष्टि स्त्री० ઘર્ષણ, શોધન, મર્દન, સ્પર્શ, સીંચવું, છાંટવું, ખાણા માટે ખોરાક તૈયાર કરવો તે.

मृष्टेरुक त्रि० અતિથિનો દ્વેષ કરનાર, ખરાબ સ્વભાવવાળું, ઉદાર, દાતા, સખાવત, મિષ્ટાન્ન ખાનાર.

मॄ क्र्या० प० स० सेट् વધ કરવો, મારી નાખવું.

मे भ्वा० आ० स० सेट् સામે આપવું, બદલે આપવું, બદલો કરવો.

मेकल पु० એક પર્વત, બકરો.

मेकलकन्यका स्त्री० નર્મદા નદી.

मेकलकन्या स्त्री० નર્મદા નદી.

मेकलाद्रिजा स्त्री० નર્મદા નદી.

मेकली स्त्री० બકરી.

मेक्षण न० એક યજ્ઞપાત્ર.

मेखल पु० એક પર્વત, બકરો.

मेखलकन्यका स्त्री० નર્મદા નદી.

मेखलकन्या स्त्री० નર્મદા નદી.

मेखला स्त्री० સ્ત્રીની કેડનો દાગીનો, કંદોરો, ઉપનયન સંસ્કાર વખતે બ્રહ્મચારીએ ધારણ કરવાની મુંજ ઘાસની મેખલા, તલવાર બાંધવાનો પટ્ટો, પર્વતનો મધ્યપ્રદેશ, નર્મદા નદી, પૃશ્નિપર્ણી વનસ્પતિ, હોમકુંડની ઉપર રહેલ માટીનું વેષ્ટન.

मेखलाद्रि पु० એક પર્વત.

मेखलाद्रिजा स्त्री० નર્મદા નદી.

मेखलापद न० કેડ કમર.

मेखलिन् त्रि० મેખલાવાળું, કંદોરાવાળું.

मेखली स्त्री० બકરી.

मेघ पु० વાદળું. મેઘ, મોથ, એક રાક્ષસ. એક રાગ, કર્પૂર.

मेघकफ पु० વરસાદનો કરો.

मेघकाल पु० વર્ષાઋતુ.

मेघगर्जन न० મેઘનું ગાજવું.

मेघगर्जना स्त्री० ઉપરનો અર્થ.

मेघगम्भीरघोषत्व न० વાણીનો એક ગુણ.

मेघज पु० મોટું મોતી.

मेघज त्रि० મેઘથી ઉત્પન્ન થનાર.

मेघजाल न० મેઘનો સમૂહ.

मेघजीवक पु० ચાતક પક્ષી.

मेघजीवकी स्त्री० ચાતક પક્ષિણી.

मेघजीवन पु० ચાતક પક્ષી.

मेघजीवनी स्त्री० ચાતક પક્ષિણી.

मेघज्योतिस् न० વજ્રાગ્નિ-વીજળી.

मेघतिमिर न० મેઘથી અંધકાર.

मेघदीप पु० વીજળી.

मेघद्वार न० આકાશ.

मेघनाद पु० વરૂણદેવ, રાવણનો પુત્ર ઈન્દ્રજીત, મેઘનો શબ્દ.

मेघनादजित् पु० લક્ષ્મણ.

मेघनादानुलासक पु० મોર પક્ષી.

मेघनादानुलासकी स्त्री० મોર પક્ષિણી.

मेघनादानुलासिन् पु० મોર પક્ષી.

मेघनादानुलासिनी स्त्री० મોર પક્ષિણી.

मेघनामन् पु० મોથ.

मेघनिर्घोष पु० મેઘનો અવાજ.

मेघपुष्प पु० વિષ્ણુનો ઘોડો, વરસાદનો કરો.

मेघपुष्पक न० પાણી.

मेघप्रसव पु० પાણી.

मेघभूति स्त्री० વિજળી.

मेघमाला स्त्री० મેઘની પંક્તિ-સમૂહ.

मेघयोनि स्त्री० ધૂમાડો.

मेघराग पु० તે નામે એક રાગ.

मेघवर्ण त्रि० મેઘના જેવા રંગનું.

मेघवर्ण पु० મેઘનો રંગ.

मेघवर्णा स्त्री० ગળીનું ઝાડ.

मेघवर्त्मन् न० આકાશ.

मेघवन्हि पु० વજ્રાગ્નિ-વીજળી.

मेघवाहन पु० ઇન્દ્ર.

मेघविस्फूर्जित न० મેઘગર્જના.

मेघवीथि स्त्री० આકાશ.

मेघसार पु० ચીનાઇ કપૂર.

मेघसुहृद् पु० મોરપક્ષી.

मेघस्तनित न० મેઘગર્જના.

मेघस्तनितोद्भव पु० મેઘના ગાજવાથી ઉગતું એક ઝાડ.

मेघागम पु० વર્ષાકાળ, વર્ષાઋતુ.

मेघात्यय पु० શરદ ઋતુ.

मेघानन्दा स्त्री० બગલી.

मेघानन्दिन् पु० મોર પક્ષી.

मेघानन्दिनी स्त्री० મોરપક્ષિણી, બગલી.

मेघान्त पु० શરદ ઋતુ.

मेघास्थि न० વરસાદનો કરો.

मेघास्पद न० આકાશ, વાતાવરણ.

मेचक न० અંધકાર, સ્રોતાંજન, નીલાંજન, મોરપિંછનો ચંદ્રક.

मेचक पु० કાળો રંગ, ધૂમાડો, મેઘ, સરગવો.

मेचक त्रि० કાળા રંગનું, કાળું.

मेचकापगा स्त्री० યમુના નદી.

मेट् भ्वा० प० अ० सेट् ગાંડા થવું.

मेटुला स्त्री० आमलकी જુઓ.

मेड् भ्वा० प० अ० सेट् ગાંડા થવું.

मेड पु० હાથીનો માવત.

मेढ्र पु० ઘેંટો, બકરો, પુરૂષનું ચિન્હ-લિંગ.

मेढ्रशृङ्गी स्त्री० મેંઢાશીંગ.

मेढ्री स्त्री० ઘેંટી, બકરી.

मेण्ढक पु० ઘેંટો, મેંઢો.

मेण्ढकी स्त्री० ઘેંટી, મેંઢી.

मेतार्य पु० જૈન તીર્થંકર મહાવીરના દશમા ગણધર.

मेथ् भ्वा० उभ० सेट् વધ કરવો, મારી

નાખવું, બોધ પામવો જાણવું સ૦ સંગ કરવો. અ૦

मेथि पु० ખળામાં ધાન્યમર્દન વખતે પશુને બાંધવાનું કાષ્ઠ.

मेथिका स्त्री० એક શાક-મેથી.

मेथिनी स्त्री० ઉપરનો અર્થ.

मेथी स्त्री० मेथिका જુઓ.

मेद् भ्वा० उभ० स० सेट् વધ કરવો, મારી નાખવું, જાણવું, સમજવું.

मेदःसारा स्त्री० મેદા નામે વનસ્પતિ.

मेद पु० મેદ, ચરબી.

मेदक पु० દારૂનો તળેનો ભાગ.

मेदज पु० એક જાતનો ગુગળ.

मेदज त्रि० મેદ-ચરબીથી ઉત્પન્ન થનાર.

मेदस् न० મેદ-ચરબી.

मेदस्कृत् न० માંસ.

मेदस्तेजस् न० હાડકું.

मेदस्विन् त्रि० ચરબીવાળું, લઠ્ઠ, મજબૂત.

मेदा स्त्री० તે નામે એક વનસ્પતિ.

मेदिनी स्त्री० ઉપરનો અર્થ, પૃથ્વી.

मेदिनीद्रव पु० ધૂળ, રજ.

मेदुर त्रि० અત્યંત સ્નિગ્ધ-ભરપુર, વ્યાપ્ત.

मेदुरा स्त्री० કાકોલી વનસ્પતિ.

मेदोग्रन्थि पु० શરીરમાં ચરબીની ગાંઠ.

मेदोज न० હાડકું.

मेदोद्भवा स्त्री० મેદા વનસ્પતિ.

मेदोवृद्धि स्त्री० ચરબીનો વધારો.

मेध् मेथ् ધાતુ જુઓ.

मेध पु० યજ્ઞ.

मेधस् पु० સ્વાયંભુવ મનુનો એક પુત્ર.

मेधा स्त्री०ધારણાવાળી બુદ્ધિ, બુદ્ધિ.

मेधाजित् पु० કાત્યાયન મુનિ.

मेधाविन् पु० પોપટ પક્ષી.

मेधाविन् त्रि० બુદ્ધિમાન.

मेधाविनी स्त्री० બુદ્ધિવાળી સ્ત્રી, પોપટ પક્ષિણી, બ્રહ્માની પત્ની,

मेधि पु० मेथि જુઓ.

मेधि स्त्री० પશુને બાંધવાનો સ્તંભ.

मेधिर त्रि० બુદ્ધિમાન.

मेधिष्ठ त्रि० અતિશય બુદ્ધિમાન.

मेधीयस् त्रि० ઉપરનો અર્થ.

मेधीयसी स्त्री० અતિશય બુદ્ધિવાળી સ્ત્રી.

मेध्य त्रि० પવિત્ર, શુદ્ધ.

मेध्य पु० બકરો, ખેર, જવ.

मेध्या स्त्री० કેવડાનું ઝાડ, શંખપુષ્પી વનસ્પતિ, રાતી વજ, રોચના, ખીજડી, મંડૂકી વનસ્પતિ, માલકાંકણી.

मेनका स्त्री० સ્વર્ગની એક વેશ્યા, હિમાલયની પત્ની.

मेनकातनय पु० મૈનાક પર્વત.

मेनकातनया स्त्री० પાર્વતી.

मेनकात्मज पु० મૈનાક પર્વત.

मेनकात्मजा स्त्री० પાર્વતી.

मेनकाधव पु० હિમાલય પર્વત.

मेनकापति पु० ઉપરનો અર્થ.

मेनकापुत्र पु० મૈનાક પર્વત.

मेनकापुत्री स्त्री० પાર્વતી.

मेनकाप्राणेश पु० હિમાલય.

मेनकासुत पु० મૈનાક પર્વત.

मेनकासुता स्त्री० પાર્વતી.

मेनकासूनु पु० મૈનાક પર્વત.

मेना स्त्री० પિતૃઓની માનસી કન્યા-હિમાલયની પત્ની.

मेनाज पु० મૈનાક પર્વત.

मेनाजा स्त्री० પાર્વતી.

मेनातनय पु० મૈનાક પર્વત.

मेनातनया स्त्री० પાર્વતી.

मेनात्मज पु० મૈનાક પર્વત.

मेनात्मजा स्त्री० પાર્વતી.

मेनाद पु० બિલાડો, બકરો, મોરપક્ષી.

मेनादी स्त्री० બિલાડી, બકરી, મોરપક્ષિણી.

मेनाधव पु० હિમાલય પર્વત.

मेनापति पु० હિમાલય પર્વત.

मेनापुत्र पु० મૈનાક પર્વત.

मेनापुत्री स्त्री० પાર્વતી.

मेनासुत पु० મૈનાક પર્વત.

मेनासुता स्त्री० પાર્વતી.

मेनासूनु पु० મૈનાક પર્વત.

मेन्धिका स्त्री० મેંદીનું ઝાડ.

मेन्धी स्त्री० મેંદીનું ઝાડ.

मेप् भ्वा० आ० स० सेट् જવું.

मेय त्रि० માપવા યોગ્ય, જાણવા યોગ્ય.

मेरक पु० તે નામે એક અસુર.

मेरु पु० એક પર્વત, જપમાળામાં સૌથી મોટો વચ્ચેનો મણકો, હાથના વેઢાની માળામાં અમુક વેઢો.

मेरुक पु० એક જાતનો ધૂપ, યક્ષધૂપ.

मेरुसावर्ण पु० ચૌદ મનુમાં અગીઆરમો મનુ.

मेल पु० મેળો, મેળાવડો, સંગ.

मेलक पु० ઉપરના અર્થ.

मेलकलवण न० એક જાતનું મીઠું.

मेलन न० મેળવવું, મેળો, મેલાવડો, સંગ.

मेला स्त्री० ઉપરના અર્થ, ગળીનું ઝાડ, મેશ, શાહી, આંજણ, કાળો સુરમો.

मेलानन्दा स्त्री० स्त्री० શાહીનો ખડીયો.

मेलान्धु पु० શાહીનો ખડીયો.

मेलापकाख्या स्त्री० એક પ્રકારની ગ્રહદૃષ્ટિ.

मेलाम्बु पु० શાહીનો ખડીયો.

मेव् भ्वा० आ० स० सेट् સેવવું.

मेष पु० બકરો, ઘેંટો, કુંવાડીયાનું ઝાડ, મેષ રાશિ.

मेषक पु० ઉપરના અર્થ.

मेषकम्बल पु० બકરાં કે ઘેટાંની ઊનનો કામળો.

मेषनेत्र त्रि० બકરાં જેવી આંખવાળું.

मेषलोचन पु० કુવાડીયાનું ઝાડ.

मेषलोचन त्रि० બકરાં જેવી આંખવાળું.

मेषवल्ली स्त्री० મેંઢાશીંગ વનસ્પતિ.

मेषविषाणिका स्त्री० મેંઢાશીંગ.

मेषविषाणी स्त्री० ઉપરનો અર્થ.

मेषशृङ्ग पु० એક સ્થાવર ઝેર.

मेषशृङ्गी स्त्री० મેંઢાશીંગ વનસ્પતિ.

मेषा स्त्री० ઝીણી એલચી.

मेषाक्षिकुसुम पु० કુવાડીયાનું ઝાડ.

मेषाण्ड पु० ઇન્દ્ર.

मेषालु पु० એક જાતનું ઝાડ.

मेषिका स्त्री० ઘેંટી, બકરી.

मेषी स्त्री० ઘેંટી, બકરી, જટામાંસી, તિનિશ વૃક્ષ.

मेसूरण न० લગ્નાવધિ દશમું સ્થાન.

मेह पु० મૂત્ર, પેસાબ, પ્રમેહ રોગ, મેઘ.

मेहघ्नी स्त्री० હળદર.

मेहत् त्रि० મૂતરતું.

मेहन न० મૂતરવું, મૂત્ર, પુરૂષનું લિંગ.

मेहना स्त्री० સ્ત્રી.

मेहिन् त्रि० મૂતરનાર, પ્રમેહ રોગવાળું.

मैत्र न० હગવું, અનુરાધા નક્ષત્ર:

मैत्र पु० મિત્ર, બ્રાહ્મણ.

मैत्र त्रि० મિત્રનું, મિત્રસંબંધી, મિત્રથી આવેલ-પ્રાપ્ત થયેલ, સૂર્યનું, સૂર્ય સંબંધી.

मैत्रभ न० અનુરાધા નક્ષત્ર.

मैत्रावरुण पु० અગસ્ત્ય ઋષિ.

मैत्रावरुणि पु० ઉપરનો અર્થ.

मैत्री स्त्री० મિત્રતા, દોસ્તી.

मैत्रीबल पु० બુદ્ધદેવ.

मैत्रेय पु० બુદ્ધદેવ, એક મુનિ.

मैत्रेयक पु० રાજા, શ્રીમંત વગેરેને સમય કહેનારો પુરૂષ.

मैत्रेयिका स्त्री० મિત્રની લડાઇ.

मैत्र्य न० મિત્રતા, દોસ્તી.

मैथिल पु० મિથિલા નગરીનો રાજા.

मैथिल त्रि० મિથિલા નગરીનું-સંબંધી.

मैथिली स्त्री० સીતા.

मैथुन न० અગ્ન્યાધાન વગેરે કર્મ, સ્ત્રીપુરૂષના સંયોગરૂપ ગ્રામ્યધર્મ.

मैनाक पु० તે નામે એક પર્વત.

मैनाकस्वसृ स्त्री० પાર્વતી.

मैनिक पु० મચ્છીમાર.

मैन्द पु० તે નામે એક દૈત્ય.

मैन्दहन् पु० વિષ્ણુ.

मैरेय न० મિરા દેશનો આસવ, એક જાતનો દારૂ.

मैलन्द पु० ભમરો.

मोक्तव्य त्रि० મૂકવા-છોડવા યોગ્ય.

मोक्तृ त्रि० મૂકનાર-છોડનાર.

मोक्ष् चु० उभ० स० सेट् મૂકવું, છોડવું.

मोक्ष् भ्वा० प० स० सेट् મૂકવું, છોડવું.

मोक्ष पु० મૂકવું, છોડવું, મરણ, મુક્તિ, પરમાનંદપ્રાપ્તિ, એક ઝાડ.

मोक्षक त्रि० મૂકનાર, છોડનાર.

मोक्षण न० મૂકવું, છોડવું,

मोक्षणीय त्रि० મૂકવા-છોડવા યોગ્ય.

मोक्षित त्रि० મૂકેલ, છોડેલ.

मोक्षोपाय पु० મોક્ષનો ઉપાય.

मोघ त्रि० નિર્થક, નિષ્ફળ, હીન.

मोघ पु० વાડ, કોટ.

मोघपुष्पा स्त्री० વાંઝણી સ્ત્રી.

मोघा स्त्री० પાટલા વૃક્ષ, વાવડીંગ.

मोघोली स्त्री० વાડ, કોટ.

मोच न० કેળનું ફળ-કેળું.

मोच पु० સરગવો.

मोचक पु० કેળ, સરગવો, મોક્ષ, મુષ્કક વૃક્ષ.

मोचक त्रि० મૂકનાર, છોડનાર, વૈરાગ્યવાળું.

मोचन न० મૂકવું, છોડવું, મુક્તિ, મોક્ષ, દંભ, શઠતા.

मोचनी स्त्री० ભોરીંગણી.

मोचनीय त्रि० મૂકવા--છોડવા યોગ્ય.

मोचरस पु० મોચરસ.

मोचा स्त्री० કેળ, શીમળો, ગળીનું ઝાડ.

मोचाट पु० કાળું જીરૂં, કેળનો ગર્ભ, ચંદન.

मोटक न० શ્રાદ્ધમાં પિતૃઓને આપવા માટે મૂકેલા બે દર્ભ.

मोटकी स्त्री० એક રાગિણી.

मोटा स्त्री० બલા નામની વનસ્પતિ.

मोटायित न० નીચેનો અર્થ.

मोट्टायित न० સ્ત્રીઓનો એક અભિલાપ.

मोण पु० સુકું ફળ, એક જાતનું કમળ.

मोद पु० હર્ષ, આનંદ.

मोदक पु० લાડુ, એક વર્ણસંકર જાતિ.

मोदक त्रि० હર્ષ પમાડનાર, ખુશ કરનાર.

मोदमोदनी स्त्री० જાંબુનું ઝાડ.

मोदयत् त्रि० હર્ષ, પમાડતું, ખુશ કરતું.

मोदयन्ती स्त्री० મોગરો, અજમો.

मोदा स्त्री० અજમોદા.

मोदाढ्य त्रि० હર્ષવાળું, ખુશી.

मोदाढ्या स्त्री० અજમોદા.

मोदित त्रि० હર્ષ પામેલ, ખુશી થયેલ.

मोदित न० હર્ષ, આનંદ.

मोदिती स्त्री० મોગરો, અજમોદા, જૂઈ, કસ્તૂરી, મદિરા.

मोरट न० શેલડીનું મૂળ, અંકોટ પુષ્પ, સાત રાત્રિનું રાખેલું દૂધ.

मोरट पु० ક્ષીરમોરટા વનસ્પતિ.

मोरटा स्त्री० મોરવેલ.

मोष पु० ચોરી, લૂટ, ચોર.

मोषक पु० ચોર.

मोषण न० ચોરવું, લૂટવું, છેદવું, વધ.

मोषयित्नु पु० બ્રાહ્મણ, કોયલ.

मोषा स्त्री० ચોરવું, ચોરી.

मोषितृ त्रि० ચોરનાર, ચોર.

मोष्टृ त्रि० ચોરનાર, ચોર.

मोह पु० મૂર્છા, ભ્રાન્તિસાધન અજ્ઞાન, વેદાંતમાં કહેલ એક અજ્ઞાન, દુઃખ, દેહ વગેરેમાં આત્માનું અભિમાન.

मोहन पु० ધંતુરો, કામદેવનું એક બાણ.

मोहन त्रि० મોહકારક.

मोहन न० મૈથુન, મોહ પામવો.

मोहना स्त्री० એક જાતનું ફૂલ.

मोहनी स्त्री० ઉપોદકી વનસ્પતિ, વટપત્રી વનસ્પતિ.

मोहनी स्त्री० બ્રહ્માના પચાસ વર્ષે થતે પ્રલય, જન્માષ્ટમી.

मोहशास्त्र न० મોહક શાસ્ત્ર.

मोहिन् त्रि० મોહ પમાડનાર.

मोहिनी स्त्री० એક અપ્સરા, અમૃતમંથનકાળે દૈત્યોને મોહ પમાડવા માટે વિષ્ણુએ સ્ત્રીરૂપે લીધેલો અવતાર, દારૂ.

मौकुलि पु० કાગડો.

मौक्तिक न० મોતી.

मौक्तिकप्रसवा स्त्री० મોતીની છીપ.

मौक्तिकशुक्ति स्त्री० મોતીની છીપ.

मौक्तिकशुक्तिका स्त्री० મોતીની છીપ.

मौक्य न० મુંગાપણું.

मौख त्रि० મુખનું, મુખ સંબંધા.

मोखर्य न० વાચાળપણું, અગ્રેસરપણું.

मौखिक त्रि० મુખનું. મુખ સંબંધી.

मौख्य न० મુખ્યપણુ.

मौग्ध न० મુગ્ધપણું, ભોળાપણું, સુંદરતા.

मौग्ध्य न० ઉપરના અર્થ.

मौञ्ज त्रि० મુંજવાસનું-સંબંધી.

मौञ्जी स्त्री० મુંજવાસની કટીમેખલા-કંદોરો.

मौञ्जीवन्ध पु० ઉપનયનસંસ્કાર.

मौञ्जीवन्धन न० ઉપરનો અર્થ.

मौढ्य न० મૂઢપણું, મોહ, બાળપણ.

मौण्ड्य न० મુંડીયાપણું.

मौदलि पु० કાગડો.

मौद्गल्य पु० તે નામે એક મુનિ.

मौद्गीन न० મગ નીપજે તેવું ખેતર.

मौन न० ચૂપ રહેવું, બોલવું નહિ તે,

मौनिन् पु० મુનિ.

मौनिन् त्रि० ચૂપ રહેનાર, નહિ બોલનાર.

मौनेय पु० તે નામે એક ગંધર્વ.

मौरजिक त्रि० નરઘાં વગાડનાર.

मौर्ख्य न० મૂર્ખાઈ, મૂર્ખતા.

मौर्यपुत्र पु० જૈન તીર્થંકર મહાવીરના સાતમા ગણધર.

मौर्वी स्त्री० ધનુષની દોરી, મેંઢાશીંગ.

मौल त्रि० મૂળ જાણનાર, મૂળથી આવેલ-પ્રાપ્ત થયેલ, મૂળનું.

मौलि पु० स्त्री० શિખા, મુકુટ, બાંધેલો કેશ, મસ્તક.

मौलि पु० આસોપાલવનું ઝાડ.

मौलि स्त्री० પૃથ્વી.

मौलिक त्रि० મૂળનું, મૂળ સંબંધી, મૂળ ભારને વહેનાર.

मौली स्त्री० પૃથ્વી.

मौषल न० મુસળ સંબંધી, મુસળસમાન ચેષ્ટારહિત, મહાભારતનું સોળમું પર્વ.

मौष्टा स्त्री० મુષ્ટિપ્રહારની રમત.

मौहूर्त पु० જોશી.

मौहूर्तिक पु० જોશી.

म्ना भ्वा० प० स० सेट् અભ્યાસ કરવો, મનન કરવું.

म्रक्ष् चु० ઉભ० स सट् યોજવું, જોડવું, ચોપડવું.

म्रक्ष् भ्वा० प० सेट् એકઠા થવું ઇ० યોજવું, મિશ્ર કરવું स०

म्रक्ष पु० ધૂતારાપણું, પોતાના દોષ ગુપ્ત રાખવા તે.

म्रक्षण न० યોજવું, મિશ્ર કરવું, એકત્ર કરવું, ઢગ કરવો, તેલ.

म्रद् भ्वा० आ० स० से् દળવું, ચૂર્ણ કરવું, કચરવું.

म्रदिमन् पु० કોમળતા.

म्रदिष्ठ त्रि० અતિશય કોમળ.

म्रदीयस् त्रि० અત્યંત કોમળ.

म्रातन न० એક જાતની મોથ.

म्रियमाण त्रि० મરતું.

म्रुच् भ्वा० प० स० सेट् જવું.

म्रुन्च् भ्वा० प० स० सेट् જવું.

म्रेट् भ्वा० प० अ० सेट् ગાંડા થવું.

म्रेड् भ्वा० प० अ० सेट् ગાંડા થવું.

म्लक्ष् चु० उभ० स० सेट् म्रक्ष् જુઓ.

म्लक्त त्रि० ચોળેલ, ચોપડેલ.

म्लान त्रि० કરમાયેલ, ચીમળાયેલ, ઓછું થયેલ, થાકેલ.

म्लान न० કરમાવું, ચીમળાવું, થાકવું, ઓછા થવું.

म्लानि स्त्री० ઉપરના અર્થ.

म्लायिन् त्रि० કરમાનાર, ચીમળાનાર, થાકી જનાર, ઓછું થનાર.

म्लिष्ट त्रि० અસ્પષ્ટ વાક્ય બોલનાર, મ્લાન.

म्लुञ्च् भ्वा० प० स० सेट् જવું.

म्लुच् भ्वा० प० स० सेट् જવું.

म्लेच्छ् चु० उभ० स० सेट् અપશબ્દ બોલવો, ખરાબ બોલવું, અસ્પષ્ટ બોલવું, વિદેશી બોલવું.

म्लेच्छ् भ्वा० प० अ० सेट् ઉપરના અર્થ.

म्लेच्छ पु० અપશબ્દ, ખરાબ શબ્દ, પામર જાતિ, હલકી જાત.

म्लेच्छ त्रि० ગાય વગેરેનું અભક્ષ્ય માંસ ખાનાર, આચારભ્રષ્ટ, પાપી.

म्लेच्छ न० હીંગળો.

म्लेच्छकन्द पु० લસણ.

म्लेच्छजाति स्त्री० હલકી જાત, નીચ જાત, ગોમાંસ વગેરે ખાનારની જાત, ભિલ વગેરે.

म्लेच्छदेश पु० મ્લેચ્છોનો દેશ.

म्लेच्छभोजन न० અર્ધા કાચા જવ.

म्लेच्छभोजन पु० ઘઉં.

म्लेच्छमण्डल न० મ્લેચ્છ દેશ.

म्लेच्छमुख न० તાંબુ.

म्लेच्छाश पु० અર્ધાં કાચા જવ.

म्लेच्छास्य न० તાંબુ.

म्लेच्छित न० અપશબ્દ-અસંસ્કૃત શબ્દ.

म्लेट् भ्वा० प० अ० सेट् ગાંડા થવું.

म्लेड् भ्वा० प० अ० सेट् ગાંડા થવું.

म्लेव् भ्वा० आ० स० सेट् સેવવું.

म्लै भ्वा० प० अ० अनिट् કાન્તિનો ક્ષય થવો, કરમાવું.

य.

य् વ્યંજનોમાં છવીસમો.

य पु० વાયુ, યશ, યોગ, ગતિ, જવું, સંયમ, છંદઃશાસ્ત્રમાં યગણ.

य त्रि० જનાર.

यक त्रि० જે.

यकार पु० य् અક્ષર.

यकृत् न० પેટમાં જમણી બાજુ રહેલ માંસપિંડ, એ માંસપિંડને વધારનાર રોગ.

यकृदात्मिका स्त्री० એક કીડો.

यकृद्वैरिन् पु० રોહિડાનું ઝાડ.

यक्ष् चु० उभ० स० सेट् પૂજા કરવી.

यक्ष पु० એક દેવજાતિ, કુબેરનો અનુચર, કુબેર, પૂજન, ઇન્દ્રગૃહ.

यक्षकर्दम पु० કેસર-અગર-કસ્તૂરી-કપૂર-ચંદન-એ સમભાગે મિશ્ર કરેલ-ચૂર્ણ.

यक्षतरु पु० વડનું ઝાડ.

यक्षधूप पु० રાળ.

यक्षनायक पु० ચોથા જૈન તીર્થંકરનો ભક્ત એક યક્ષ, કુબેર.

यक्षराज् पु० કુબેર.

यक्षराज पु० કુબેર.

यक्षराजपुरी स्त्री० કુબેરની અલકા નગરી.

यक्षरात्रि स्त्री० કાર્તિકી પૂનેમ.

यक्षामलक न० એક જાતનું ખજૂર.

यक्षावास पु० વડનું ઝાડ.

यक्षी स्त्री० યક્ષ જાતિની સ્ત્રી, કુબેરની સ્ત્રી.

यक्षेश् पु० અઢારમા જૈનતીર્થંકરનો ભક્ત એક યક્ષ.

यक्षेश पु० કુબેર.

यक्षेश्वर पु० કુબેર.

यक्षोडुम्बरक न० પીપળાનું ફળ.

यक्ष्मघ्नी स्त्री० દ્રાક્ષ.

यक्ष्मन् पु० ક્ષય રોગ.

यक्ष्यमाण त्रि० મનાતું, પૂજાતું.

यज् भ्वा० उभ० स० अनिट् યજ્ઞ કરવો, પૂજવું, દાન કરવું, દેવું, સંગ કરવો.

यजत् त्रि० યજ્ઞ કરતું, પૂજતું, દેતું, સંગ કરતું.

यजत पु० ઋત્વિજ.

यजति पु० એક યાગ.

यजत्र न० અગ્નિહોત્ર.

यजत्र त्रि० અગ્નિહોત્રી.

यजन न० યજ્ઞ કરવો, પૂજવું.

यजन्त त्रि० યજ્ઞ કરનાર, પૂજનાર.

यजमान त्रि० यजत् જુઓ.

यजाक त्रि० દાતા, આપનાર, યજ્ઞનો ખર્ચ આપી યજ્ઞ કરનાર.

यजि पु० યજ્ઞ કરનાર, યજ્ઞ, यज् ધાતુ.

यजुर्विद् पु० યજુર્વેદ જાણનાર.

यजुर्वेद पु० ચાર વેદોપૈકી એક વેદ.

यजुस् पु० ઉપરનો અર્થ.

यज्ञ पु० યાગ, યજ્ઞ, વિષ્ણુ.

यज्ञकर्मन् न० યજ્ઞનું કામ.

यज्ञकाल पु० द्वि० પૂનેમ, અમાસ.

यज्ञकृत् त्रि० યજ્ઞ કરનાર.

यज्ञक्रिया स्त्री० યજ્ઞની ક્રિયા.

यज्ञद्रुह् त्रि० યજ્ઞનો દ્રોહ કરનાર.

यज्ञद्रुह् पु० રાક્ષસ.

यज्ञपति पु० વિષ્ણુ.

यज्ञपशु पु० યજ્ઞમાં હોમવાનો ઘોડો-બકરો વગેરે.

यज्ञपात्र न० યજ્ઞસાધન પાત્ર.

यज्ञपुरुष पु० વિષ્ણુ.

यज्ञभाजन न० યજ્ઞસાધન પાત્ર.

यज्ञभूमि स्त्री० યજ્ઞ કરવાનું સ્થાન.

यज्ञभूषण न० ધોળો દર્ભ, દર્ભ.

यज्ञयोग्य पु० ઉંબરાનું ઝાડ.

यज्ञयोग्य त्रि० યજ્ઞને યોગ્ય યજમાન-બ્રાહ્મણ વગેરે.

यज्ञवराह पु० વિષ્ણુ, આદિવરાહ.

यज्ञवल्ली स्त्री० સોમલતા.

यज्ञवाट पु० યજ્ઞનું સ્થાન.

यज्ञवृक्ष पु० વડનું ઝાડ.

यज्ञशिष्ट त्रि० યજ્ઞ કરતાં બાકી રહેલ વસ્તુ.

यज्ञशेष त्रि० ઉપરનો અર્થ.

यज्ञश्रेष्ठा स्त्री० સોમવલ્લી.

यज्ञसार पु० ઉંબરાનું ઝાડ.

यज्ञसूत्र न० જનોઈ.

यज्ञस्थान न० યજ્ઞનું સ્થાન.

यज्ञाङ्ग पु० ઉંબરાનું ઝાડ, ખેર, બ્રહ્મયષ્ટિ.

यज्ञाङ्ग न० યજ્ઞનું અંગ.

यज्ञान्त पु० યજ્ઞનો અંત-સમાપ્તિ.

यज्ञान्त त्रि० યજ્ઞ કરતાં બાકી રહેલ.

यज्ञायज्ञीय न० અગ્નિષ્ટોમ યજ્ઞમાં ગાવાનું એક સામ, જ્યોતિષ્ટોમ યજ્ઞમાં ગાવાનું એક સામ.

यज्ञिक પુ૦ ખાખરાનું ઝાડ.

यज्ञिय त्रि० યજ્ઞકર્મને યોગ્ય.

यज्ञिय પુ૦ દ્વાપર યુગ, ખેર, ખાખરો, ઉંબરો.

यज्ञियदेश પુ૦ યજ્ઞકર્મયોગ્ય દેશ.

यज्ञियशाला स्त्री० યાગમંડળ.

यज्ञीय પુ૦ यज्ञिय પુ૦ જુઓ.

यज्ञीय त्रि० યજ્ઞસંબંધી, યજ્ઞનું.

यज्ञीयब्रह्मपादप પુ૦ એક ઝાડ.

यज्ञेश પુ૦ વિષ્ણુ.

यज्ञेश्वर પુ૦ વિષ્ણુ.

यज्ञेष्ट ન૦ એક જાતનું ઘાસ.

यज्ञेष्ट त्रि० યજ્ઞમાં ઇચ્છેલ, યજ્ઞ જેને પ્રિય હોય તે.

यज्ञोडुम्बर પુ૦ ઉંબરાનું ઝાડ.

यज्ञोदुम्बर પુ૦ઉપરનો અર્થ.

यज्ञोपवीत ન૦ જનોઈ.

यज्यु પુ૦ યજુર્વેદ ભણેલ બ્રાહ્મણ.

यज्वन् પુ૦ વિધિપૂર્વક યજ્ઞ કરનાર, વિષ્ણુ.

यज्वनांपति પુ૦ ચંદ્ર, વિષ્ણુ, કપૂર.

यत् ચુ૦ પ૦ સ૦ सेट् તાડન કરવું, મારવું, અભિપ્રાય પ્રમાણે ઠરાવવું.

यत् ભ્વા૦ આ૦ અ૦ सेट् યત્ન કરવો.

यत् अव्य० જેમાટે, જેથી.

यत त्रि० વશ કરેલ, દાબમાં રાખેલ.

यतचित्त त्रि० મનને જેણે વશ કર્યું હોય તે.

यतचेतस् त्रि० ઉપરનો અર્થ.

यतत् त्रि० યત્ન કરતું.

यतन ન૦ યત્ન, મહેનત.

यतनीय त्रि० યત્ન કરવા યોગ્ય.

यतम त्रि० અનેકમાંથી જે.

यतमान त्रि० યત્ન કરતું.

यतर त्रि० બેમાંથી જે.

यतस् अव्य० જેથી, જે માટે, જ્યાં.

यतात्मन् त्रि० વશ મનવાળું.

यति પુ૦ સંન્યાસી, જતિ, સાધુ, પરાભવ, વિષ્ણુ, વાદ્યાંગ એક પ્રબંધ.

यति स्त्री० છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ છંદોમાં અમુક વિશ્રામસ્થળ, શ્લોકો વગેરેમાં અમુક વિરામસ્થાન, રાંડીરાંડ, રાગ, સંધિ.

यति त्रि० જેટલા પ્રમાણનું, જેટલું.

यतिचान्द्रायण ન૦ એક વ્રત.

यतिन् પુ૦ સંન્યાસી, જતી, સાધુ.

यतिनी स्त्री० રાંડીરાંડ સ્ત્રી, સાધ્વી, જોગણ.

यतिपात्र ન૦ સંન્યાસી—જતિ—સાધુનું પાત્ર-કમંડળ વગેરે.

यतिमैथुन ન૦ દુષ્ટ યતિઓનું ગુપ્ત મૈથુન.

यतुका स्त्री० એક જાતનું ઝાડ.

यतूका स्त्री० ઉપરનો અર્થ.

यत्न પુ૦ ઉદ્યોગ, મહેનત, પ્રયત્ન.

यत्नतस् अव्य० પ્રયત્નથી, ઉદ્યોગથી.

यत्नवत् त्रि० પ્રયત્નવાળું, ઉદ્યોગી.

यंत्र् ચુ૦ ઉભ૦ સ૦ सेट् સંકોચવું, વશ કરવું.

यंत्र् भ्वा० પ૦ સ૦ सेट् ઉપરના અર્થ.

यत्र अव्य જ્યાં.

यत्रकामावसायित्व ન૦ અણિમા વગેરે આઠ ઐશ્વર્યપૈકી એક.

यथा अव्य० જે પ્રકારે, જેમ, જેવું, યોગ્યતા.

यथांशतस् अव्य० સરખા ભાગે.

यथाकथम् अव्य० જેવી વાત હોય તેવી.

यथाकाम अव्य० ઇચ્છાનુસાર

यथाकामिन् त्रि० સ્વેચ્છાચારી.

यथाकाल अव्य० સમયપ્રમાણે.

यथाक्रम अव्य० ક્રમપ્રમાણે, અનુક્રમે.

यथाजात त्रि० મૂર્ખ, નીચ.

यथातथ अव्य० યથાર્થ, ખરેખર.

यथातथता स्त्री० યથાર્થપણું, ખરેખરપણું.

यथातथत्व ન૦ ઉપરના અર્થ.

यथातथा અવ્ય૦ જેમતેમ.

यथापूर्व અવ્ય૦ અગાઉની પેઠે, પૂર્વ પ્રમાણે.

यथामुखीन त्रि० સમાન, સરખું, મળતું.

यथारुचि અવ્ય૦ ઇચ્છાનુસાર, મરજી મુજબ.

यथारूप અવ્ય૦ રૂપને યોગ્ય, રૂપ પ્રમાણે, યથાયોગ્ય.

यथार्थ અવ્ય૦ સત્યતા, સત્ય સ્વરૂપ.

यथार्थ त्रि० સત્ય, સાચું.

यथार्थता स्त्री० સત્યપણું, સચ્ચાઇ, યોગ્યતા.

यथार्थत्व न० ઉપરના અર્થ.

यथार्ह અવ્ય૦ યથાયોગ્યતા, યોગ્ય રીતે.

यथार्ह त्रि० યોગ્ય, સત્ય પદાર્થ.

यथार्हता स्त्री० યથાયોગ્યપણું, સત્યતા.

यथार्हत्व न० ઉપરના અર્થ.

यथार्हवर्ण पु० ચર, દૂત, જાસુસ.

यथावकाश અવ્ય૦ સમય પ્રમાણે, વખતસર.

यथावत् અવ્ય૦ યોગ્ય રીતે, બરાબર.

यथावसर અવ્ય૦ यथावकाश જુઓ.

यथाविधि અવ્ય૦ વિધિ પ્રમાણે, આજ્ઞા પ્રમાણે.

यथाशक्ति અવ્ય૦ શક્તિ પ્રમાણે.

यथाशास्त्र અવ્ય૦ શાસ્ત્ર પ્રમાણે.

यथासुख અવ્ય૦ સુખ પ્રમાણે, સુખેથી.

यथास्थित અવ્ય૦ જેમ હોય તેમ, યોગ્ય, ખરેખરૂં.

यथास्थित त्रि० યથાર્થ, સત્ય, યોગ્ય.

यथास्थितता स्त्री० યથાર્થપણું, યોગ્યપણું, સાચાઇ.

यथास्थितत्व न० ઉપરના અર્થ.

यथास्व અવ્ય૦ યથાર્થપણું, સારૂં, વ્યાજબી.

यथास्व त्रि० યથાર્થ, સત્ય, યોગ્ય.

यथास्वता स्त्री० યથાયોગ્યપણું, સચાઇ.

यथास्वत्व न० ઉપરના અર્થ.

यथेप्सित અવ્ય૦ યથેષ્ટ, ઇચ્છાનુસાર, મરજીપ્રમાણે.

यथेप्सित त्रि० યથેષ્ટ, મરજીપ્રમાણેનું.

यथोचित અવ્ય૦ યથાયોગ્ય, યોગ્યતાપ્રમાણે.

यथोचित त्रि० યોગ્ય, લાયક.

यथोदित અવ્ય૦ કહેવા પ્રમાણે.

यद् त्रि० જે.

यद् અવ્ય૦ જેથી, નિંદામાં તથા અવધૃતિમાં પણ વપરાય છે.

यदा અવ્ય૦ જ્યારે, જે કાળે, જે વખતે.

यदि અવ્ય૦ જો, સંભાવના, નિંદા, વિકલ્પ.

यदीय त्रि० જેનું.

यदु पु० યયાતિ રાજાનો મોટો પુત્ર રાજા.

यदु पु० ब० યદુવંશી, દશાર્હ દેશ.

यदुनाथ पु० શ્રીકૃષ્ણ.

यदुपति पु० શ્રીકૃષ્ણ.

यदृच्छा स्त्री० સ્વાતંત્ર્ય, સ્વેચ્છાપણું.

यदृच्छाशब्द पु० જાતિ વગેરે નહિ કહેનાર નિરર્થક 'ડિત્થ' વગેરે સંજ્ઞાશબ્દ.

यद्भविष्य त्रि० દૈવ-ભાવીપર આધાર રાખનાર.

यद्यपि અવ્ય૦ જો કે.

यद्युवा અવ્ય૦ यदि જુઓ.

यद्वद त्रि० જે આવ્યું તે બોલનાર, જેમ તેમ બોલનાર.

यद्वा અવ્ય૦ અથવા, બુદ્ધિ.

यन्तृ पु० સારથિ, માવત.

यन्तृ त्रि० સંયમવાળું, સંયમી.

यन्त्र न० સંયમન, બાંધવું, વશ કરવું, દેવાદિનું આશ્રયસ્થાન ચક્ર-જંતર, સંચો, સાંચો, સુથારનું વીંધણું, ઔષધપાક માટેનું એક પાત્ર, દુરબિન, અગ્નિયંત્ર.

यन्त्रक न० એક જાતનું યંત્ર.

यन्त्रक त्रि० પાજ વગેરે બાંધનાર.

यन्त्रगृह न० તેલ કાઢવાની ઘાણીનું સ્થાન, સંચાનું કારખાનું.

यन्त्रगोल पु० વટાણા.

यन्त्रण न० બાંધવું, વશ કરવું, કેદ કરવું, રક્ષણ, બંધન, દુઃખ.

यन्त्रणा स्त्री० પીડા, દુઃખ.

यन्त्रणी स्त्री० વહુની નાની બહેન-સાળી.

यन्त्रपेषणी स्त्री० સંચાથી દળવાની ઘંટી.

यन्त्रमुक्त न० યંત્રથી ફેંકવાનું હથિઆર.

यंत्रित त्रि० બાંધેલ, વશ કરેલ, કેદ કરેલ, રક્ષણ કરેલ, પીડેલ.

यन्त्रितकथ त्रि० જેણે બોલવું બંધ કર્યું હોય તે.

यन्त्रिन् त्रि० બંધન કરનાર, વશ કરનાર, કેદ કરનાર.

यभ् भ्वा० प० स० अनिट् મૈથુન કરવું, સ્ત્રી· સાથે વિષય ભોગવવો તે.

यम् भ्वा० प० अ० अनिट् વિરમવું, બંધ કરવું, વશ કરવું, आ+લાંબુ કરવું उप+ વિવાહ કરવો.

यम् चु० उभ० स० सेट् પીરસવું, જમાડવું.

यम पु० અહિંસા-સત્ય-બ્રહ્મચર્ય-અશાઠ્ય-અસ્તેય-એ પાંચ વ્રતો, ઇન્દ્રિયો વગેરેને વશ રાખવી તે, યમદેવ, કાગડો, શનિ ગ્રહ, એની સંખ્યા, ભરણી નક્ષત્ર.

यम त्रि० જોડલું, જોડું.

यमक पु० વ્રત, નિયમપાલન.

यमक न० એક શબ્દાલંકાર.

यमकालिन्दी स्त्री० સૂર્યપત્ની સંજયા.

यमकीट पु० એક જાતનો કીડો.

यमकोटि पु० લંકાથી પૂર્વે એક શહેર.

यमकोटि स्त्री० ઉપરનો અર્થ.

यमघण्ट पु० તે નામે એક યોગ.

यमदग्नि पु० જમદગ્નિ મુનિ.

यमज त्रि० જોડલું, જોડે જન્મેલ.

यमदन्त पु० ब० નીચેનો શબ્દ જુઓ

यमदर्शन पु० ब० કાર્તિક અને માગશરના પહેલા આઠ આઠ દિવસો.

यमदूत पु० યમનો દૂત.

यमदूतक पु० યમનો દૂત, કાગડો.

यमदूतिका स्त्री० આંબલીનું ઝાડ, કાગડી.

यमदेव पु० યમદેવ.

यमदेवत न० ભરણી નક્ષત્ર.

यमदेवता स्त्री० ભરણી નક્ષત્ર.

यमद्रुम पु० શીમળાનું ઝાડ.

यमद्वितीया स्त्री० કાર્તિક શુદ બીજ-ભાઇ-બીજ.

यमधानी स्त्री० યમનું રહેઠાણ.

यमधार पु० બન્ને બાજુ ધારવાળું હથિઆર-કિરીચ.

यमन न० બાંધવું, વશ કરવું, વિરમવું, નિગ્રહ.

यमन पु० યમદેવ.

यमनिका स्त्री० તંબુની કપડાની દીવાલ, પડદો.

यमप्रिय पु० વડનું ઝાડ.

यमभगिनी स्त्री० યમુના નદી.

यमरथ पु० પાડો.

यमराज् पु० યમદેવ, ધર્મરાજ.

यमराज पु० ઉપરના અર્થ.

यमल न० જોડલું, જોડું, વૃંદાવનમાં આવેલું એક વૃક્ષ.

यमलपत्र पु० અશ્મન્તક વૃક્ષ, કોવિદારવૃક્ષ.

यमलार्जुन पु० વૃંદાવનમાં એક વૃક્ષ.

यमलार्जुनहन् पु० શ્રીકૃષ્ણ.

यमली स्त्री० બંડી, અંગરખું, ઝબલું વગેરે.

यमवत् त्रि० સંયમી, જિતેંદ્રિય, ઇન્દ્રિયો વશ રાખનાર.

यमवाहन पु० પાડો.

यमव्रत न० નિષ્પક્ષપાતપણે કોઇને શિક્ષા કરવી તે.

यमसभ न० યમદેવની સભા.

यमसात्कृत त्रि० યમને સ્વાધીન કરેલ.

यमस्वसृ स्त्री० યમુના નદી, યમુના.

यमानिका स्त्री० અજમોદ.

यमानी स्त्री० અજમોદ.

यमान्तक पु० શિવ.

यमिन् त्रि० યમ પાળનાર, સંયમી.

यमिन् पु० સંન્યાસી, સાધુ.

यमी स्त्री० યમુના નદી, યમુના.

यमुना स्त्री० ઉપરના અર્થ, દુર્ગા દેવી.

यमुनाजनक पु० સૂર્ય.

यमुनाभिद् पु० બળદેવ.

यमुनाभ्रातृ पु० યમદેવ.

यमेरिका स्त्री० દંડનું નગારૂં.

ययाति पु० નહુષનો પુત્ર એક રાજા.

ययी पु० માર્ગ, રસ્તો, શિવ, ઘોડો.

ययु पु० અશ્વમેધનો ઘોડો, ઘોડો.

यर्हि अव्य० જ્યારે.

यव पु० જવ, આંગળીમાં જવના આકારની એક રેખા, એક જવનું વજન, છ સરસવ બરાબર વજન.

यवक पु० જવ.

यवक्य न० જવ પાકે તેવું ખેતર.

यवक्षार पु० જવખાર.

यवक्षोद पु० જવનો લોટ.

यवचूर्ण न० જવનો લોટ.

यवज पु० જવખાર, અજમોદ.

यवतिक्ता स्त्री० શંખિની વનસ્પતિ.

यवद्वीप पु० જાવા બેટ.

यवन पु० યવન દેશ, વેગ, વેગવાળો ઘોડો, ઘઉં, ગાજર, તુર્કસ્તાની લોક, યવન લોક.

यवन पु० ब० યવન દેશવાસી, યવન દેશના રાજા.

यवन त्रि० અતિશય વેગવાળું.

यवनद्विष्ट पु० ગુગળ.

यवनप्रिय न० મરી, તીખાં.

यवनाचार्य पु० જ્યોતિઃશાસ્ત્રી એક પંડિત.

यवनानी स्त्री० યવનોની લીપી.

यवनारि पु० શ્રીકૃષ્ણ.

यवनाल पु० એક જાતનું ધાન્ય, જવનો સાંઠો.

यवनालज पु० જવખાર.

यवनिका स्त्री० કનાત, પડદો.

यवनी स्त्री० અજમોદ, યવનની સ્ત્રી.

यवनेष्ट न० સીસું, મરી, ગાજર, લસણ, ડુંગળી.

यवनेष्ट पु० લીંબડાનું ઝાડ.

यवनेष्टा स्त्री० ખજૂરીનું ઝાડ.

यवफल पु० વાંસ, ઇંદરજવનું ઝાડ, જટામાંસી, પીપળાનું ઝાડ.

यवमध्य न० એક જાતનું ચાંદ્રાયણ વ્રત.

यवलास पु० જવખાર.

यवशूक पु० જવખાર.

यवशूकज पु० જવખાર.

यवस न० ઘાસ.

यवागू स्त्री० રાબ, રાબડી.

यवाग्रज पु० જવખાર, અજમોદ.

यवानिका स्त्री० અજમોદ.

यवानी स्त्री० અજમોદ.

यवापत्य न० જવખાર.

यवाम्लज न० સૌવીરક એક કાંજિક.

यवास पु० જવાસો, એક જાતનો ખેર, ધમાસો.

यवासक पु० ઉપરના અર્થ.

यवासा स्त्री० જવાસો.

यवाह्व पु० જવખાર.

यविष्ठ त्रि० અતિશય નાનું, નાનામાં નાનું, અતિશય જુવાન.

यवीयस् त्रि० ઉપરના અર્થ.

यवोत्थ न० સૌવીરક અંજન.

यव्य न० જવ પાકે તેવું ખેતર.

यव्य पु० ચાંદ્ર માસ.

यशःकाय पु० યશરૂપી શરીર.

यशःपटह पु० યશનું નગારૂં.

यशःशेष त्रि० મરણ પામેલ.

यशःशेषीभूत त्रि० મરણ પામેલ.

यशद न० કલઇ જેવી એક ધાતુ.

यशस् न० ખ્યાતિ, કીર્તિ, આબરૂ.

यशस्कर त्रि० યશ કરનાર, યશદાયી.

यशस्काम त्रि० યશની ઇચ્છાવાળું.

यशस्काम्यत् त्रि० યશને ઇચ્છતું.

यशस्काम्या स्त्री० યશની ઇચ્છા.

यशस्य त्रि० યશનું સાધન.

यशस्या स्त्री० જીવન્તી ઔષધિ, ઋદ્ધિનામની ઔષધિ.

यशस्वत् त्रि० યશવાળું.

यशस्विन् त्रि० યશવાળું.

यशस्विनी स्त्री० યશવાળી સ્ત્રી, જ્યોતિષ્મતીનો વેલો–માલકાંકણી,જંગલી કપાસ.

यशोघ्न त्रि० યશનો નાશ કરનાર.

यशोद त्रि० યશ આપનાર.

यशोद न० पु० પારદ–પારો.

यशोदा स्त्री० નંદગોપની સ્ત્રી, દિલીપરાજાની માતા.

यशोधर पु० ભાવી ૧૯ મા જૈન તીર્થંકર, ભૂતકાળના ૧૮ મા જૈન તીર્થંકર.

यशोधर त्रि० યશ ધારણ કરનાર.

यशोभद्र पु० ચૌદ પૂર્વધારી એક જૈન શ્રુતકેવલી.

यष्टि स्त्री० લાકડી, ધજા વગેરેનો દાંડો, તાંતણો, હાર, ભારંગ વનસ્પતિ, જેઠીમધ, એક જાતનું શાસ્ત્ર.

यष्टिक पु० એક જાતનું પક્ષી.

यष्टिका स्त्री० यष्टि જુઓ.

यष्टिग्रह पु० લાકડી પકડનાર–લેનાર.

यष्टिमधु न० જેઠી મધ.

यष्टिमधुका स्त्री० જેઠીમધ.

यष्टिनिवास पु० થાંભલા ઉપર બાંધેલું કબૂતરખાનું, પક્ષીઓને બેસવાનો સ્તંભ.

यष्टी स्त्री० यष्टि જુઓ.

यष्टीक न० જેઠીમધ.

यष्टीपुष्प पु० એક જાતનું ઝાડ.

यष्टीमधु पु० જેઠીમધ.

यष्टृ पु० યજ્ઞ કરનાર, પૂજનાર.

यष्ट्याह्व न० જેઠીમધ.

यस् दिवा० प० अ० सेट् યત્ન કરવો.

यस् भ्वा० प० अ० सेट् યત્ન કરવો.

यस्क पु० તે નામે એક મુનિ.

यह्व पु० યજમાન.

या अदा० प० स० अनिट् જવું.

याग पु० યજ્ઞ.

याच् भ्वा० उभ० द्विक० सेट् માગવું.

याचक त्रि० માગનાર, માગણ.

याचन न० યાચવું, માગવું.

याचनक त्रि० याचक જુઓ.

याचना स्त्री० યાચવું, માગવું.

याचमान त्रि० યાચતું, માગતું.

याचित त्रि० યાચેલ, માગેલ.

याचित न० યાચના, માગણી.

याचितक न० યાચેલી–માગેલી વસ્તુ.

याच्ञा स्त्री० યાચના, માગણી.

याच्य त्रि० યાચવા–માગવા લાયક.

याज पु० ઉકાળેલા ચોખા.

याजक पु० ધન વગેરેની ઇચ્છાથી પારકા માટે યજ્ઞ કરનાર ઋત્વિજ વગેરે.

याजक पु० ગાંડો હાથી, રાજાનો હાથી.

याजन न० દક્ષિણા માટે બીજાને યજ્ઞ કરાવવો.

याजि पु० યજ્ઞ કરનાર.

याजिन् पु० યજ્ઞ કરનાર.

याजुष त्रि० યજુર્વેદસંબંધી.

याज्ञदत्ति पु० કુબેર.

याज्ञवल्क्य पु० ધર્મશાસ્ત્રકાર એક ઋષિ, શુકલ યજુર્વેદનો પ્રવર્તક એક મુનિ.

याज्ञसेनी સ્ત્રી૦ પાંડવપત્ની દ્રૌપદી.

याज्ञिक પુ૦ યજ્ઞમાં ઉપયોગી દર્ભ, याजक જુઓ, યજમાન, ખેર, ખાખરો, પીપળો.

याज्य ન૦ યજ્ઞનું સ્થાન, દેવીની પ્રતિમા.

याज्य ત્રિ૦ યજ્ઞ કરાવવા યોગ્ય.

याज्या સ્ત્રી૦ એક ઋચા.

यात् ત્રિ૦ જતું.

यात ત્રિ૦ ગયેલ.

यातना સ્ત્રી૦ તીવ્ર વેદના.

यातयाम ત્રિ૦ જેના ઉપર એક પ્રહર વીતી ગયો હોય તે, જીર્ણ, ઉપભોગ કરેલ, ભોગવેલ, વાસી, ઉચ્છિષ્ટ, વારંવાર પ્રયોજાતું-વપરાતું, રદ કરેલ.

यातव्य ત્રિ૦ જવાયોગ્ય.

यातव्य પુ૦ યુદ્ધ માટે રાજાએ જવા યોગ્ય શત્રુ.

यातायात ન૦ જવું-આવવું.

यातु ન૦ રાક્ષસ.

यातु પુ૦ કાળ, સમય, વાયુ.

यातु ત્રિ૦ જનાર, મુસાફર, ગમન કરાવનાર, પ્રવર્તાવનાર.

यातुघ्न પુ૦ ગુગળ.

यातुधान પુ૦ રાક્ષસ.

यातुधानी સ્ત્રી૦ રાક્ષસી.

यातृ સ્ત્રી૦ દેરાણી, જેઠાણી.

यातृ ત્રિ૦ જનાર.

यातृक ત્રિ૦ મુસાફર.

यात्य પુ૦ નરકનું દુઃખ ભોગવનાર.

यात्रा સ્ત્રી૦ જીતવાની ઇચ્છાથી રાજાનું જવું, જવું, દેવને ઉદ્દેશી રથયાત્રા વગેરે ઉત્સવ, વખત ગાળવો, ઉપાય.

यात्राकरण ન૦ યાત્રા કરવી, જવું, મુસાફરી કરવી.

यात्राप्रसङ्ग પુ૦ યાત્રાનો પ્રસંગ, જવાનો પ્રસંગ.

यात्रिक ત્રિ૦ યાત્રા માટે હિતનું નક્ષત્ર વગેરે, યાત્રા કરનાર, મુસાફર.

यात्रिक ન૦ ઉત્સવ, ઉપાય.

यात्रोत्सव પુ૦ યાત્રા માટે ઉત્સવ.

याथातथ्य ન૦ જેવું થવું જોઇએ તેવાપણું, યથાર્થપણું, સત્યતા, યોગ્યતા.

याथार्थ्य ન૦ યથાર્થપણું, સત્યતા.

यादईश પુ૦ સમુદ્ર, વરૂણ.

यादःपति પુ૦ ઉપરના અર્થ.

यादव પુ૦ યદુવંશી, શ્રીકૃષ્ણ.

यादव ત્રિ૦ યદુનું, યદુસંબંધી.

यादव ન૦ યદુઓનું ગાય-ભેંસ વગેરે ધન.

यादवी સ્ત્રી૦ યદુવંશી સ્ત્રી, દુર્ગા દેવી.

यादस् ન૦ જળજંતુ.

यादसांनाथ પુ૦ સમુદ્ર, વરૂણદેવ.

यादसांपति પુ૦ ઉપરના અર્થ.

यादोनिवास પુ૦ પાણી.

यादृक्ष ત્રિ૦ જેજેવું, જેવું.

यादृच्छिक ત્રિ૦ યથેચ્છાએ પ્રાપ્ત થયેલ, દૈવયોગે મળી આવેલ.

यादृश् ત્રિ૦ જેજેવું, જેવું.

यादृश ત્રિ૦ ઉપરના અર્થ.

यान ન૦ જવું, શત્રુપર ચઢાઇ માટે જવું. જવાનું સાધન રથ વગેરે વાહન.

यानपात्र ન૦ વહાણ, હોડી.

यानपात्रक ન૦ વહાણ, હોડી.

यानमुख ન૦ રથ વગેરેનો અગ્રભાગ.

यानस्वामिन् પુ૦ વાહનનો માલીક.

यापन ન૦ સમય ગાળવો, દૂર કરવું, રદ કરવું, રહેવું, રોગ-પીડા વગેરે દૂર કરવી તે.

यापनीय ત્રિ૦ સમય ગાળવા યોગ્ય, દૂર કરવા લાયક, રદ કરવા લાયક, રોગ-પીડા વગેરે શાંત કરવા યોગ્ય.

याता સ્ત્રી૦ જટા.

याप्य ત્રિ૦ નિંદવા યોગ્ય, અધમ, દૂર કરવા યોગ્ય, કાળની પેઠે ગાળવા લાયક.

याप्य पु० સંપૂર્ણ શાંત કરવા યોગ્ય અમુક રોગ

याप्ययान न० પાલખી, મીયાનો.

याभ न० મૈથુન, સ્ત્રીસંભોગ.

याम पु० પ્રહર, સંયમ, તે નામે એક દેવગણ, સંયમ.

यामघोष पु० કુકડો.

यामघोषा स्त्री० ઘડીઆળ, ઘડી.

यामघोषी स्त्री० કુકડી.

यामनाली स्त्री० ઘડીઆળ, કલાક વગેરે જણાવનારૂં નગારૂં.

यामनेभि पु० ઇન્દ્ર.

यामल न० યુગલ, જોડલું. તે નામે એક તંત્રશાસ્ત્ર.

यामवत् त्रि० સમયવાળું, પ્રહરવાળું.

यामवती स्त्री० રાત્રિ, હળદર.

यामातृ पु० જમાઇ.

यामि पु० કુળવાન સ્ત્રી, ધર્મપત્ની, બહેન, રાત્રિ, હળદર, યમદેવની પત્ની.

यामिका स्त्री० રાત્રિ, હળદર.

यामित्र न०જ્યોતિષપ્રસિદ્ધ લગ્ન અને રાશિથી સાતમું સ્થાન.

यामित्रवेध पु० વિવાહ વગેરેમાં ત્યાજ્ય એક યોગ.

यामिनी स्त्री० રાત્રિ, હળદર.

यामिनीनाथ पु० ચંદ્ર, કપૂર.

यामिनीपति पु० ચંદ્ર, કપૂર.

यामिनीश पु० ચંદ્ર, કપૂર.

यामिनीश्वर पु० ચંદ્ર, કપૂર.

यामी स्त्री० દક્ષિણ દિશા, ભરણી નક્ષત્ર, યામિ જુઓ, યમસંબંધી પીડા.

यामीर पु० ચંદ્ર, કપૂર.

यामीरा स्त्री० રાત્રિ, હળદર.

यामुन त्रि० યમુનાનું, યમુનાસંબંધી.

यामुनेष्टक न० સીસું.

यामेय पु० ભાણેજ, ધર્મપત્ની-કુળવાન સ્ત્રીનો પુત્ર.

याम्य पु० અગસ્ત્ય, ચંદનવૃક્ષ, યમનો દૂત.

याम्य त्रि० યમનું, યમસંબંધી, દક્ષિણનું, દક્ષિણસંબંધી.

याम्य न० ભરણી નક્ષત્ર.

याम्या स्त्री० દક્ષિણ દિશા, ભરણી નક્ષત્ર.

याम्यायन न० સૂર્યનું દક્ષિણાયન.

याम्योद्भूत पु० શ્રીતાલ વૃક્ષ.

यायजूक पु० વારંવાર યજ્ઞ કરનાર.

यायावर पु० અશ્વમેધનો ઘોડો, જરત્કારૂ મુનિ.

यायावर त्रि० વારંવાર જનાર, અત્યંત વાંકું જનાર, ભટકનાર.

यायावर न० યાચના, માગણી.

यायिन् त्रि० જનાર.

याव पु० લાખ, અલતો.

याव त्रि० જવનું, જવસંબંધી.

यावक पु० લાખ, અલતો, કળથી.

यावच्छक्य अव्य० જેટલું બની શકે તેટલું.

यावज्जीव अव्य० જ્યાંસુધી જીવ હોય ત્યાંસુધી.

यावत् त्रि० જેટલા પ્રમાણનું, જેટલું.

यावत् अव्य० જ્યાંસુધી, સમગ્રપણું, અવધિ, વ્યાપ્તિ, માપ, નિશ્ચય.

यावत्तावत् अव्य० બીજગણિતપ્રસિદ્ધ પ્રથમ રાશિ.

यावतिथ त्रि० જેટલું હોય તેટલું, જ્યાંસુધી હોય ત્યાંસુધી.

यावन पु० શિલાજીત.

यावन त्रि० યવનનું, યવનસંબંધી.

यावनक पु० રાતો એરંડો.

यावनाल पु० એક જાતનું ધાન્ય.

यावनालशर पु० એક જાતનું બાણ.

यावनाली स्त्री० એક જાતની સાકર.

यावनीय पु० કરમાણી અજમોદ.

यावशूक पु० જવખાર.

यावस न० ખડનો ઢગ, ઘાસની ગંજી.

याव्य त्रि० મિશ્ર કરવા યોગ્ય, એકઠું કરવા લાયક.

याशोधरेय पु० યશોધરાનો પુત્ર.

याष्टीक पु० લાકડીથી યુદ્ધ કરનાર.

यास पु० ધમાસો, પ્રયાસ, યત્ન.

यियक्षत् त्रि० યજ્ઞ કરવા-પૂજવા ઇચ્છતું.

यियक्षमाण त्रि० ઉપરનો અર્થ.

यियक्षा स्त्री० યજ્ઞ કરવા-પૂજવાની ઇચ્છા.

यियक्षु त्रि० યજ્ઞ કરવા–પૂજવા ઇચ્છનાર.

यियविषत् त्रि० મિશ્ર કરવા ઇચ્છતું, અમિશ્ર કરવા ઇચ્છતું.

यियविषा स्त्री० મિશ્ર કરવાની ઇચ્છા, અમિશ્ર કરવાની ઇચ્છા.

यियविषु त्रि० મિશ્ર કરવા ઇચ્છનાર, અમિશ્ર કરવા ઇચ્છનાર.

यु अदा० प० स० सेट् મિશ્ર કરવું, અમિશ્ર કરવું.

यु क्र्या० उभ० स० अनिट् બાંધવું.

यु चु० आ० स० सेट् નિંદવું.

युक् अव्य० ખરાબ રીતે.

युक्त त्रि० જોડેલ, મળેલ, એકઠું કરેલ, યોગ્ય, સત્ય, સાચું, સિદ્ધ.

युक्त पु० યોગી.

युक्त न० ન્યાયથી આવેલ દ્રવ્ય વગેરે.

युक्तरसा स्त्री० રાસ્ના વનસ્પતિ.

युक्ता स्त्री० એક વૃક્ષ-એલાની.

युक्ति स्त्री० ન્યાય, વ્યવહાર, અનુમાન, અનુમાનસાધકલિંગજ્ઞાન વગેરે, જુક્તિ, જોડવું.

युंग् भ्वा० प० स० सेट् વર્જવું, તજવું.

युग न० જોડકું, એની સંખ્યાવાળું, સત્ય–ત્રેતા–દ્વાપર–કલિ-એ યુગ, વૃદ્ધિ નામે ઔષધિ, ચાર હાથનું માપ.

युग पु० રથ–ગાડાની ઝુંસરી, હળની ઝુંસરી.

युगकीलक पु० ઝુંસરીનો ખીલો.

युगन्धर पु० રથ–ગાંડાની ઝુંસરીને ધારણ કરનાર કાષ્ઠ, એક પર્વત.

युगपत् अव्य० એક સાથે, એકદમ.

युगपत्र पु० કોવિદાર વૃક્ષ.

युगपत्रक पु० કોવિદાર વૃક્ષ.

युगपत्रिका स्त्री० સીસમનું ઝાડ.

युगपार्श्वग पु० અભ્યાસ માટે ઝુંસરે નવો જોડેલ બળદ.

युगल न० જોડલું, એની સંખ્યાવાળું.

युगलाख्य पु० વર્વર વૃક્ષ.

युगलाख्य त्रि० 'યુગલ' એવા નામવાળું.

युगान्त पु० પ્રલય, પ્રલયકાળ.

युग्म न० જોડલું, એની સંખ્યાવાળું, અમુક બે તિથિઓથી યુક્ત યોગ, મિથુન રાશિ, સમરાશિ.

युग्मक न० युगल જુઓ.

युग्मपत्र पु० એક વૃક્ષ.

युग्मपत्रिका स्त्री० સીસમનું ઝાડ.

युग्मफला स्त्री० ઇન્દ્રચિર્ભટી, વૃશ્ચિકાલુ.

युग्य न० વાહન.

युग्य त्रि० ઝુંસરૂં વહેનાર ઘોડો બળદ વગેરે.

युच्छ् भ्वा० प० अ० सेट् પ્રમાદ કરવો.

युज् रुधा० उभ० स० अनिट् યોજવું, જોડવું, મિશ્ર કરવું, अनु+स० आ० પ્રશ્ન કરવો, अभि+स० आ० દાવો કરવો, હુમલો કરવો, દબાવવું, उद्+યોજવું, જોડવું, ઉદ્યમ કરવો, आ० अ० नि+स० आ० પ્રેરણા કરવી, परि+अनु+आ० स० દૂષણ માટે પ્રશ્ન કરવો, प्र+आ० स० પ્રયોગ કરવો, ધીરધાર કરવી, આપવું, प्रति+स० आ० સામે જોડવું, वि+છૂટા પડવું, नि+યોજવું, એકઠા થવું, वि+नि+નીમવું, યોજવું, વાપરવું. सम्+प० स० સંયોગ કરવો, એકઠા થવું.

युज् चु० आ० स० सेट् નિંદા કરવી.

युज् दिवा० आ० अ० अनिट् મનમાં સમાધાન કરવું, સમાધિ કરવી.

युज् चु० उभ० स० सेट् બાંધવું, મિશ્ર કરવું.

युज् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

युज् अव्य० નિંદા.

युज् त्रि० જોડનાર, મનની સમાધિવાળું, સંયોગવાળું.

युञ्जत् त्रि० જોડતું, મિશ્ર કરતું, સમાધિ કરતું.

युञ्जान न० ઉપરના અર્થ.

युञ्जान पु० સમાધિનિષ્ઠ યોગી, બ્રાહ્મણ, સારથિ.

युत् भ्वा० आ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

युत त्रि० જોડાયેલ, મળેલ, નહિ મળેલ.

युतक न० સંશય, યુગ, જોડલું, જોટો, સ્ત્રીના વસ્ત્રનો છેડો, પગનો અગ્ર ભાગ, વિવાહ સમયે આવેલી બક્ષીસ, મિત્રતા કરવી, આશ્રય, વિરામ, સુપડાનો અગ્રભાગ, સ્ત્રીનું વસ્ત્ર.

युतक त्रि० મિશ્ર કરેલ, જોડેલ.

युतवेध पु० વિવાહ વગેરેમાં વર્જ્ય એક પાપગ્રહ યોગ.

युति स्त्री० જોડવું, મિશ્ર કરવું, સરવાળો.

युद्ध न० યુદ્ધ, લડાઈ.

युद्धरङ्ग पु० કાર્તિકસ્વામી.

युद्धसार पु० ઘોડો.

युद्धाऽनिवर्तिन् पु० ब० મહાભારતપ્રસિદ્ધ સંશપ્તક યોદ્ધાઓ.

युद्धाऽनिवर्तिन् त्रि० યુદ્ધમાંથી પાછું નહિ ફરનાર.

युद्धोन्मत्त त्रि० યુદ્ધ–લડાઇમાં ઉન્મત્ત.

युध् दिवा० आ० स० सेट् લડવું, યુદ્ધ કરવું.

युध् स्त्री० લડાઇ, યુદ્ધ, લડવું.

युधा स्त्री० ઉપરના અર્થ.

युधाजित् पु० ક્રોષ્ટુ રાજાનો પુત્ર રાજા.

युधान पु० ક્ષત્રિય, શત્રુ.

युधिष्ठिर पु० પાંડવમાં સૌથી મોટો.

युधीय त्रि० લડનાર.

युध्म पु० લડાઈ, યુદ્ધ, ધનુષ, બાણ, યોદ્ધો, શરભ પશુ.

युप् दिवा० प० अ० सेट् મોહ પામવો.

युयु पु० ઘોડો.

युयुक्खुर पु० નાનો વાઘ.

युयुधान पु० ઇન્દ્ર, સાત્યકિ નામે યાદવ, હરકોઇ ક્ષત્રિય.

युवक पु० જુવાન.

युवखलति स्त्री० મસ્તકે ટાલના રોગવાળી જુવાન સ્ત્રી.

युवगण्ड पु० યુવાનને ગંડસ્થળમાં થતું એક વ્રણ–ખીલ.

युवजरत् त्रि० યુવાન હોવા છતાં વૃદ્ધ.

युवजानि पु० જુવાન સ્ત્રીવાળો.

युवति स्त्री० જુવાન સ્ત્રી, હરકોઈ સ્ત્રી, હળદર.

युवती स्त्री० ઉપરના અર્થ.

युवतीष्टा स्त्री० પીળી જૂઇ.

युवन् पु० જુવાન, શ્રેષ્ઠ, સ્વભાવિક બળવાન, પૌત્રાદિનું સંતાન.

युवनाश्व पु० માંધાતાનો પિતા સૂર્યવંશી રાજા.

युवनाश्वज पु० માંધાતા રાજા.

युवपलित त्रि० જુવાનીમાં જેને પળીયાં આવ્યાં હોય તે.

युवराज पु० પાટવી કુંવર, એક બુદ્ધ.

युवराज्य न० યુવરાજપણું.

युष् सौत्र० प० स० सेट् ભજવું.

युष्मद् त्रि० તુ, તમે.

यू स्त्री० જેમાં કઠોળ વગેરે પળાલેલ હોય તે પાણી.

यूक पु० માકણ, જૂ.

यूका स्त्री० માકણ, જૂ.

यूकाण्ड न० માકણ કે જૂનું ઈંડું.

यूति स्त्री० મિશ્ર કરવું.

यूथ न० ટોળું, સજાતીય સમુદાય.

यूथनाथ पु० જંગલી હાથીઓના ટોળાંનો નાયક હાથી.

यूथप पु० ઉપરનો અર્થ.

यूथपति पु० यूथनाथ જુઓ.

यूथभ्रष्ट त्रि० સજાતીય સમુદાયથી વિખૂટું પડેલ.

यूथिका स्त्री० અમ્લાનક, પાઠા વનસ્પતિ, જૂઈ.

यूथी स्त्री० જૂઈ.

यूथीन पु० यूथनाथ જુઓ.

यूनि स्त्री० મિશ્ર કરવું.

यूनी स्त्री० युवति જુઓ.

यूप पु० न० યજ્ઞના પશુને બાંધવાનો કાષ્ઠસ્તંભ, યજ્ઞસમાપ્તિના ચિહ્ન માટે સ્તંભ.

यूप पु० જયસ્તંભ.

यूपकटक पु० યજ્ઞસમાપ્તિસૂચક સ્તંભ ઉપરનું લાકડાનું ચષાલ-કડું.

यूपकर्ण पु० ઘી ચોપડેલ યજ્ઞસ્તંભનો એક ભાગ.

यूपद्रु पु० ખેરનું ઝાડ.

यूपद्रुम पु० ખેરનું ઝાડ.

यूष् भ्वा० प० स० सेट् વધ કરવો, મારી નાખવું.

यूष पु० न० મગ વગેરેનો ઉકાળો-ઓસામણ.

येष् भ्वा० आ० अ० सेट् યત્ન કરવો.

योक्तव्य त्रि० યોજવા જોડવા યોગ્ય.

योक्तृ त्रि० યોજનાર, જોડનાર.

योक्त्र न० જોતરૂં, જોતર.

योग पु० સંબંધ, સંયોગ, જોડવું, મળવું, ઉપાય, બખ્તર વગેરે ધારણ કરવું, ધ્યાન, યુક્તિ, સર્વ વિષયોથી અંતઃકરણને રોકવું તે, જીવાત્મા અને પરમાત્માનું ઐક્ય, અલભ્ય અર્થને મેળવવાની ચિન્તા, દેહની ચિન્તા, શબ્દાદિનો પ્રયોગ, ઔષધ, દવા, વિશ્વાસઘાતક, દ્રવ્ય, કામણ-ટુમણ, સમુદાયશબ્દનો અવયવાર્થ સાથે સંબંધ, કર્મમાં કુશળતા, જ્યોતિષપ્રસિદ્ધ વિષ્કુંભ વગેરે યોગ, તિથિ-નક્ષત્રો વગેરેનો અમુક સંબંધ, છળ, કપટ, નૈયાયિક, ધન, દૂત, જાસુસ, સૂત્ર.

योगक्षेम न० અન્નવસ્ત્રાદિથી વ્યવહાર ચલાવવો તે, અલભ્યના લાભની ચિંતા સાથે મેળવેલી વસ્તુનું રક્ષણ કરવું તે, કલ્યાણ.

योगक्षेमकर त्रि० અન્નવસ્ત્રાદિથી વ્યવહાર ચલાવનાર, કલ્યાણ કરનાર.

योगचर पु० હનુમાન.

योगचूर्ण न० એક પ્રકારનું ચમત્કારી ચૂર્ણ.

योगज न० અગરચંદન.

योगज पु० ન્યાય વગેરેમાં કહેલ પ્રત્યક્ષનું સાધન એક સન્નિકર્ષ.

योगज त्रि० સંબંધ-સંયોગ-જોડાવા વગેરેથી થનાર.

योगतस् अव्य० યોગથી.

योगदान न० છળ-કપટથી દાન.

योगनिद्रा स्त्री० દુર્ગા દેવી, ગાઢ સમાધિ, યોગરૂપ નિદ્રા, પ્રલયકાળે સર્વ જીવોના સંહારની ઇચ્છાથી પરમેશ્વરનો યોગરૂપ વ્યાપાર.

योगपट्ट न० યોગાભ્યાસ માટે યોગી લોકોએ કેડ ઉપર ધારણ કરાતું વ્યાઘ્રચર્મ-મૃગચર્મ કે કોઈ વસ્ત્ર.

योगपदक न० ઉપરનો અર્થ.

योगपीठ पु० न० દેવ વગેરેનું એક આસન.

योगमाया स्त्री० ભગવાનની જગત સરજવાની શક્તિ, દુર્ગા દેવી.

योगरङ्ग पु॰ નારંગીનું ઝાડ.

योगरूढि स्त्री॰ શબ્દની એક વૃત્તિ.

योगवाहिन् पु॰ પારો, સાજીખાર.

योगविक्रय पु॰ કપટથી વેચાણ કરવું તે.

योगविद् त्रि॰ યોગ જાણનાર.

योगविद् पु॰ યોગી.

योगशास्त्र न॰ પતંજલિ વગેરેનું યોગશાસ્ત્ર.

योगसारक पु॰ નારંગીનું ઝાડ.

योगसेवन न॰ યોગાભ્યાસ.

योगसेवा स्त्री॰ યોગાભ્યાસ.

योगाचार पु॰ એક બૌદ્ધ.

योगाधमन न॰ છળ-કપટથી દાન-ધરેણે મૂકવું તે.

योगारूढ पु॰ યોગાભ્યાસી-યોગી.

योगासन न॰ યોગશાસ્ત્રોક્ત સ્વસ્તિક વગેરે આસન.

योगिन् त्रि॰ સંયોગવાળું, યોગવાળું, જોડાયલું, મળેલું.

योगिन् पु॰ યોગી.

योगिनी स्त्री॰ દુર્ગા દેવી, ચોસઠ જોગણીઓમાંની કોઈ એક.

योगेश्वर पु॰ યાજ્ઞવલ્કય મુનિ, યોગીઓમાં શ્રેષ્ઠ.

योगेश्वरी स्त्री॰ દુર્ગા દેવી.

योगेश्वर पु॰ શ્રીકૃષ્ણ.

यागेश्वरी स्त्री॰ દુર્ગા દેવી.

योगेष्ट न॰ સીસું.

योग्य त्रि॰ યોગને યોગ્ય, લાયક, હોંશીઆર, શક્તિમાન, સમર્થ.

योग्य पु॰ પુષ્ય નક્ષત્ર.

योग्य न॰ ઋદ્ધિ નામે ઔષધિ.

योग्यता स्त्री॰ સામર્થ્ય, શાબ્દબોધસાધન યોગ્યપણું.

योग्यत्व न॰ યોગ્યપણું.

योग्या स्त्री॰ અભ્યાસ, શાસ્ત્રાભ્યાસ, સૂર્યની પત્ની.

योग्यानुपलब्धि स्त्री॰ ન્યાય વગેરેમાં કહેલ અભાવગ્રાહક એક સાધન.

योजन न॰ યોજવું, જોડવું, સંયોગ, જોડણી, ચાર કોશ, પરમાત્મા, આંગળી.

योजनगन्धा स्त्री॰ કસ્તૂરી, સીતા, વ્યાસની માતા સત્યવતી.

योजनगन्धिका स्त्री॰ ઉપરના અર્થ.

योजनगामिनी स्त्री॰ જૈનતીર્થંકરોની વાણી.

योजनपर्णी स्त्री॰ મજીઠ.

योजनवल्लिका स्त्री॰ મજીઠ.

योजनवल्ली स्त्री॰ મજીઠ.

योजना स्त्री॰ યોજવું, જોડવું, નીમણુંક, ઉમેરવું.

योजनीय त्रि॰ યોજવા-જોડવા યોગ્ય, ઉમેરવા લાયક.

योजित त्रि॰ યોજેલ, જોડેલ, નીમેલ.

योज्य त्रि॰ योजनीय જુઓ.

योटक त्रि॰ મેળાપ કરી આપનાર, મેળવનાર.

यातु पु॰ માપ, સાફ કરવું.

योतु त्रि॰ માપનાર, સાફ કરનાર.

योत्र न॰ જોતરૂં, જોતર.

योद्धव्य त्रि॰ લડવા લાયક.

योद्धृ त्रि॰ લડનાર, યુદ્ધ કરનાર, યોદ્ધો.

योध पु॰ યોદ્ધો, લડવૈયો, લડાઈ.

योधन न॰ યુદ્ધ, અસ્ત્ર વગેરે આયુધ.

योधन पु॰ યોદ્ધો, લડવૈયો, યુદ્ધ કરનાર.

योधसंराव पु॰ યુદ્ધ માટે યોદ્ધાઓનું પરસ્પર બોલાવવું.

योधमुख्य पु॰ શ્રેષ્ઠ યોદ્ધો, યોદ્ધાઓનો ઉપરી.

योधयत् त्रि॰ લડાવતું, યુદ્ધ કરાવતું.

योधिन् पु॰ લડનાર, યોદ્ધો.

योनल पु॰ એક જાતનું ધાન્ય.

योनि पु॰ મણિ વગેરેનું ઉત્પત્તિસ્થાન-ખાણ, કારણ, જળ, સ્ત્રીઓનું ખાસ ચિન્હ, ઉત્પત્તિસ્થાન, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.

योनिज न० જરાયુજ, દેહ, અંડજ દેહ.

योनिदेवता स्त्री० પૂર્વાફાલ્ગુની નક્ષત્ર.

योनिनासा स्त्री० સ્ત્રીની યોનિનો ઉપલો ભાગ.

योनिमुद्रा स्त्री० તંત્રશાસ્ત્રોક્ત એક મુદ્રા.

योनिरञ्जन न० સ્ત્રીનો અટકાવ.

योनिरोग पु०સોળ પ્રકારના સ્ત્રીના યોનિરોગ.

योनिसंवृत्ति स्त्री० સ્ત્રીની યોનિનું સંકોચાવું.

योषा स्त्री० નારી, સ્ત્રી.

योषित् स्त्री० નારી, સ્ત્રી.

योषिता स्त्री० નારી, સ્ત્રી.

योषित्प्रिय त्रि० સ્ત્રીને પ્રિય.

योषित्प्रिया स्त्री० હળદર.

यौक्तिक त्रि० યુક્તિસિદ્ધ, યોગ્ય.

यौक्तिक पु० ગમત કરાવનાર પ્રધાન.

यौग पु० નૈયાયિક, ન્યાયશાસ્ત્ર.

यौगिक पु० પ્રકૃતિ અને પ્રત્યયથી જેનો અર્થ મળી શકે તેવો શબ્દ.

यौगिक त्रि० યોગને યોગ્ય.

यौजनशतिक त्रि० સો યોજન જનાર, સો યોજન લાંબું.

यौजनिक त्रि०યોજન જનાર, યોજન લાંબું.

यौट् भ्वा० प० स० सेट् બાંધવું, સંબંધ કરવો.

यौड् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

यौतक न० વિવાહસમયે મેળવેલું ધન, પહેરામણીમાં મળેલું દ્રવ્ય.

यौतव न० પરિમાણ, માપ.

यौतुक न० यौतक જુઓ.

यौधाजय न० સામવેદનો એક ભાગ.

यौधेय पु० યોદ્ધો, લડવૈયો.

यौधेय पु० ब० ઉત્તરમાં એક દેશ.

यौधेय त्रि० યુધાનું સંતાન.

यौन त्रि० યોનિથી પ્રાપ્ત.

यौन पु० વૈવાહિક સંબંધ.

यौवत न० જુવાન સ્ત્રીઓનો સમૂહ.

यौवत त्रि० જુવાન સ્ત્રીઓએ કરેલ.

यौवन न० જુવાની, જોબન.

यौवनकण्टक पु० જુવાનીમાં થતા ખીલ.

यौवनदर्प पु० જુવાનીનું અભિમાન.

यौवनदशा स्त्री० જુવાની.

यौवनपीडका स्त्री० यौवनकण्टक જુઓ.

यौवनलक्षण न० જુવાનીનું ચિન્હ, સ્તન, સૌંદર્ય, લાવણ્ય.

यौवनवत् त्रि० જુવાન.

यौवनाढ्य त्रि० જુવાન.

यौवनाश्व पु० માંધાતા રાજા.

यौवनाश्वक पु० માંધાતા રાજા.

यौष्माक त्रि० તમારૂં, તમારાસંબંધી.

यौष्माकीन त्रि० ઉપરના અર્થ.

र.

र् વ્યંજનોમાં સત્યાવીસમો.

र पु० અગ્નિ, ઉગ્ર, કામદેવનો અગ્નિ, છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ ર ગણ.

रंह् चु० उभ० स० सेट् જવું.

रंहति स्त्री० વેગ.

रंहस् न० વેગ.

रक् चु० उभ० स० सेट् સ્વાદ લેવો, ચાખવું, મેળવવું.

रक्त न० કેસર, તાંબું, પ્રાચીનામલક, સિંદૂર, હિંગળો, પતંગ, લોહી, રાગ, રંગ.

रक्त पु० કસુંબો, હિજ્જલ,રાતો રંગ,પરાગ.

रक्त त्रि० રંગેલ, અનુરાગી-પ્રેમી, ક્રીડામાં આસક્ત.

रक्तक पु० અમ્લાન વૃક્ષ, બંધૂક વૃક્ષ, રાતો સરગવો, એરંડો.

रक्तक न० લોહી, લાલ વસ્ત્ર.

रक्तक त्रि० અનુરાગી, પ્રેમી, વિનોદી.

रक्तकन्द पु० પરવાળું, રતાળુ,લાલ ડુંગળી.

रक्तकन्दल पु० પરવાળું.
रक्तकमल न० લાલ કમળ.
रक्तकम्बल न० લાલ કમળ.
रक्तकरवीर पु० લાલ કરેણુ.
रक्तकरवीरक पु० લાલ કરેણુ.
रक्तकाञ्चन पु० લાલ ફૂલનું એક ઝાડ.
रक्तकाण्डा स्त्री० રાતી સાટોટી.
रक्तकुमुद न० લાલ પોયણું.
रक्तकुसुम न० पारिभद्र જુઓ.
रक्तकेसर पु० पारिभद्र જુઓ.
रक्तकैरव न० લાલ કમળ.
रक्तखदिर पु० લાલ ખેર.
रक्तगन्धक न० બોલ–ગન્ધરસ.
रक्तघ्न पु० રોહિડાનું ઝાડ.
रक्तघ्नी स्त्री० ધ્રોખડ.
रक्तचन्दन न० લાલ ચંદન, રતાંજળી.
रक्तचित्रक न० લાલચિત્રક વનસ્પતિ.
रक्तचूर्ण न० સિંદૂર, લાલ ચૂર્ણ.
रक्तजिह्व पु० સિંહ.
रक्तझिण्टी स्त्री० એક ફૂલઝાડ.
रक्तता स्त्री० રતાશ, લાલાશ.
रक्ततुण्ड पु० પોપટ પક્ષી.
रक्ततुण्ड त्रि० લાલ મુખવાળું.
रक्ततृणा स्त्री० गोमूत्रिका જુઓ.
रक्ततेजस् न० માંસ.
रक्तत्रिवृत् स्त्री० રાતું નસોતર.
रक्तत्रिवृता स्त्री० રાતું નસોતર.
रक्तत्व न० રતાશ, લાલાશ.
रक्तदन्तिका स्त्री० દુર્ગા દેવીની એક શક્તિ.
रक्तदला स्त्री० એક વનસ્પતિ.
रक्तदृश् पु० કબૂતર.
रक्तदृश् त्रि० લાલ દૃષ્ટિવાળું.
रक्तधातु पु० ગેરૂ, તાંબું, લોહી.
रक्तनामक न० કેસર.
रक्तनामन् न० કેસર.
रक्तनाल पु० એક જાતનું શાક.
रक्तनासिक पु० ઘુવડ પક્ષી.
रक्तप पु० રાક્ષસ.
रक्तप त्रि० લોહી પીનાર.
रक्तपक्ष पु० ગરૂડ.
रक्तपत्रिका स्त्री० રાતી સાટોડી.
रक्तपत्री स्त्री० રાતી સાટોડી
रक्तपदी स्त्री० રીસામણીનો વેલો, હંસપદી.
रक्तपल्लव पु० આસોપાલવ.
रक्तपा ी० જળો.
रक्तपाकी स्त्री० બૃહતી વનસ્પતિ.
रक्तपात पु० લોહી નીકળવું, લોહી પાડવું.
रक्तपाता स्त्री० જળો.
रक्तपाद पु० પોપટ, હંસ.
रक्तपाद त्रि० લાલ પગવાળું.
रक्तपायिन् पु० માકડ.
रक्तपायिनी स्त्री० જળો.
रक्तपारद न० पु० હીંગળો.
रक्तपिण्ड पु० ચીનાઇ ગુલાબ, લાલ ગુમડું, નાક અને મોંમાંથી લોહીનું એકદમ નીકળવું.
रक्तपिण्डक पु० રતાળું.
रक्तपित्त न० એક જાતનો રોગ.
रक्तपित्तहा स्त्री० એક જાતની ધ્રોખડ.
रक्तपी स्त्री० રાક્ષસણી.
रक्तपुच्छिका स्त्री० એક પ્રાણી.
रक्तपुष्प न० લાલ કરેણુ, રોહિડાનું ઝાડ, રક્તકાંચન વૃક્ષ, દાડમનું ઝાડ, નાગકેસરનું ઝાડ, બપોરીયાનું ઝાડ.
रक्तपुष्पक पु० ખાખરાનું ઝાડ, રોહિડાનું ઝાડ, શીમળાનું ઝાડ, પીતપાપડો.
रक्तपुष्पा स्त्री० શીમળાનું ઝાડ, સાટોડી.
रक्तपुष्पिका स्त्री० રીસામણીનો વેલો, લાલ સાટોડી.
रक्तपुष्पी स्त्री० પાટલી વૃક્ષ, જવા,

આવર્તકી લતા, નાગદમની વૃક્ષ, કરૂણી વૃક્ષ, ઉષ્ટ્રકાંડી.

रक्तपूरक न० વૃક્ષામ્લ વનસ્પતિ.

रक्तप्रसव पु० લાલ કરેણ, રક્તામ્લાન વૃક્ષ.

रक्तफल पु० વડનું ઝાડ.

रक्तफला स्त्री० બિમ્બિકા વનસ્પતિ.

रक्तफेनज पु० ફેફસું.

रक्तवालुक न० સિંદૂર.

रक्तवालुका स्त्री० સિંદૂર.

रक्तवीज पु० દાડમનું ઝાડ, અરીઠો, એક અસુર.

रक्तभव न० માંસ.

रक्तमञ्जर पु० નિચુલ વૃક્ષ.

रक्तमूलक पु० દેવ સરસવ.

रक्तमूला स्त्री० રીસામણીનો વેલો.

रक्तमेह पु० એક જાતનો પ્રમેહ રોગ.

रक्तमोक्षण न० લોહી કાઢવું.

रक्तयष्टि स्त्री० મજીઠ.

रक्तयष्टिका स्त्री० મજીઠ.

रक्तरहित त्रि० લોહી વગરનું, રાગ વિનાનું.

रक्तरेणु पु० ખાખરાની કળી, સિંદૂર, નાગકેસર.

रक्तरेणुका स्त्री० ખાખરાની કળી.

रक्तलशुन न० લાલ લસણ.

रक्तला स्त्री० काकतुंडी વનસ્પતિ.

रक्तलोचन पु० કબૂતર.

रक्तलोचन त्रि० લાલ નેત્રવાળું.

रक्तवटी स्त्री० શીળીનો રોગ.

रक्तवर्ग पु० લાલ વસ્તુઓનો સમૂહ.

रक्तवर्जित त्रि० रक्तरहित જુઓ.

रक्तवर्ण पु० ઇન્દ્રગોપ કીડો, લાલ રંગ.

रक्तवर्ण त्रि० લાલ રંગનું.

रक्तवर्द्धन पु० वार्ताकु જુઓ.

रक्तवर्षाभू पु० રાતી સાટોડી.

रक्तवसन पु० સંન્યાસી.

रक्तवीज पु० रक्तवीज જુઓ.

रक्तवृन्ता स्त्री० शेफालिका જુઓ.

रक्तवृष्टि स्त्री० લોહીનો વરસાદ.

रक्तशालि पु० લાલ ડાંગેર.

रक्तशासन न० સિંદૂર.

रक्तशिग्रु पु० લાલ સરગવો.

रक्तशीर्षक पु० દેવદાર.

रक्तशीर्षक त्रि० લાલ મસ્તકવાળું.

रक्तशृङ्गिक न० એક જાતનું ઝેર.

रक्तश्याम पु० લાલ મિશ્ર કાળો રંગ.

रक्तसंकोच न० કસુંબો.

रक्तसंकोचक न० રાતું કમળ.

रक्तसंज्ञ न० કેસર.

रक्तसन्ध्यक न० લાલ કમળ.

रक्तसरोरुह न० લાલ કમળ.

रक्तसर्षप पु० રાઇ.

रक्तसहा स्त्री० रक्ताम्लान વૃક્ષ.

रक्तसार न० રતાંજળી.

रक्तसार पु० અમ્લવેતસ.

रक्तसौगन्धिक न० લાલ કમળ.

रक्तस्राव पु० લોહીનું ઝરવું.

रक्तहीन त्रि० લોહી વગરનું, રાગ વગરનું.

रक्ता स्त्री० લાખ, ચણોઠી, મજીઠ, રાગી સ્ત્રી.

रक्ताकार पु० પરવાળું.

रक्ताकार त्रि० લાલ આકારનું.

रक्ताक्ष पु० કબૂતર, પાડો, ચકોર, સારસપક્ષી, ક્રૂર માણસ.

रक्ताक्ष त्रि० લાલ આંખવાળું.

रक्ताङ्क पु० પરવાળું, પ્રવાલ.

रक्ताङ्ग न० કેસર.

रक्ताङ्ग पु० મંગળ ગ્રહ, ફાલસા.

रक्ताङ्ग पु० न० પરવાળું.

रक्ताङ्गी स्त्री० જીવન્તી વૃક્ષ, મજીઠ.

रक्तातिसार पु० લોહીવાળો ઝાડાનો રોગ.

रक्तातीसार पु० ઉપરનો અર્થ.

रक्ताधार पु० શરીર ઉપરની ચામડી.

रक्तापह पु० ગંધરસ-બોલ.

रक्तापामार्ग पु० લાલ અઘાડો.

रक्ताम्बर न० લાલ વસ્ત્ર.

रक्ताम्बर त्रि० લાલ વસ્ત્રવાળું.

रक्ताम्र पु० એક જાતનું ઝાડ.

रक्ताम्लान पु० એક જાતનો વેલો.

रक्तार्बुद पु० એક જાતનો રોગ.

रक्तार्शस् न० એક જાતનો હરસનો રોગ.

रक्तालु पु० રતાળુ, સકરકંદ.

रक्ति स्त्री० પ્રીતિ, રંગ, રાગ.

रक्तिका स्त्री० ચણોઠી, રાઈ, રતિ વજન.

रक्तेक्षण न० લાલ નેત્ર.

रक्तेक्षण त्रि० લાલ નેત્રવાળું.

रक्तेक्षु पु० લાલ શેલડી.

रक्तैरण्ड पु० લાલ એરંડો.

रक्तोत्पल न० લાલ કમળ, ગેરૂ.

रक्तोत्पल पु० શીમળાનું ઝાડ.

रक्तोत्पलाभ पु० લાલરૂપ, લાલરંગ.

रक्तोत्पलाभ त्रि० લાલ રૂપવાળું, રાતું.

रक्ष् भ्वा० प० स० सेट् રક્ષણ કરવું, બચાવવું, સંભાળવું, રાખવું.

रक्ष त्रि० रक्षक જુઓ.

रक्षःसभ न० રાક્ષસોની સભા.

रक्षक त्रि० રક્ષણ કરનાર, બચાવનાર, સંભાળનાર.

रक्षण न० રક્ષણ કરવું, રક્ષણ, બચાવ, રક્ષા, રાખવું.

रक्षणि स्त्री० ત્રાયમાણ લતા.

रक्षणी स्त्री० ત્રાયમાણ લતા.

रक्षणीय त्रि० રક્ષણ કરવા યોગ્ય, સંભાળવા લાયક, રાખવા લાયક.

रक्षत् त्रि० રક્ષણ કરતું, સંભાળતું, રાખતું.

रक्षस् न० રાક્ષસ.

रक्षा स्त्री० रक्षण જુઓ, રાખડી, લાખ, રાખ.

रक्षाधिकृत त्रि० રક્ષણ માટે નીમેલ અધિકારી.

रक्षापत्र पु० ભોજપત્રનું ઝાડ.

रक्षित त्रि० રક્ષણ કરેલ, બચાવેલ, સંભાળેલ, રાખેલ, કરીયાણું.

रक्षित पु० એક પ્રકારનો વૈદ્ય.

रक्षितव्य त्रि० रक्षणीय જુઓ.

रक्षितृ त्रि० રક્ષણ કરનાર, સંભાળનાર, બચાવનાર, રાખનાર.

रक्षिन् त्रि० ઉપરના અર્થ.

रक्षिवर्ग पु० રક્ષણ કરનારા-પહેરગીર વગેરેનો સમૂહ.

रक्षोगण पु० રાક્ષસોનો સમૂહ.

रक्षोघ्न न० કાંજીક, હીંગ, ભીલામું, ઋગ્વેદપ્રસિદ્ધ એક સૂક્ત.

रक्षोघ्न पु० ભીલામાનું ઝાડ, ધોળો સરસવ.

रक्षोघ्न त्रि० રાક્ષસોનો નાશ કરનાર.

रक्षोघ्नी स्त्री० વજ.

रक्षोहन् पु० ગુગળ, ધોળો સરસવ.

रक्षोहन् त्रि० રાક્ષસોનો નાશ કરનાર.

रक्ष्ण पु० रक्षण જુઓ.

रंख् भ्वा० प० स० सेट् ખસવું, જવું.

रख् भ्वा० प० स० सेट् ખસવું, જવું.

रंग् भ्वा० प० स० सेट् જવું.

रग् भ्वा० प० स० सेट् શંકા કરવી.

रग् चु० उभ० स० सेट् સ્વાદ લેવો, ચાખવું, મેળવવું.

रंघ् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

रंघ् भ्वा० आ० स० सेट् જવું.

रघु पु० સૂર્યવંશી-દીલીપપુત્ર રઘુરાજા, કાલીદાસકૃત એક મહાકાવ્ય.

रघु पु० ब० રઘુ રાજાના વંશજો.

रघुकार पु० મહાકવિ કાલીદાસ.

रघुकाव्य न० કાલીદાસકૃત એક મહાકાવ્ય.

रघुनन्दन पु० શ્રીરામચંદ્ર, તેમના ભાઈ ભરત વગેરે.

रघुनाथ पु० શ્રીરામચંદ્ર.

रघुपति पु० શ્રીરામચંદ્ર.

रघुवंश पु० રઘુરાજાનો વંશ, મહાકવિ કાલીદાસકૃત એક મહાકાવ્ય.

रघुवंशतिलक पु० શ્રીરામચંદ્ર.

रघुवर पु० શ્રીરામચંદ્ર.

रघूद्वह पु० શ્રીરામચંદ્ર.

रङ्क त्रि० રાંક, કૃપણ, મંદ.

रङ्कु पु० એક જાતનો મૃગ, રંગબેરંગી પીઠવાળો હરણ.

रङ्ग पु० न० કલઈ ધાતુ.

रङ्ग पु० રંગ, રાગ, પ્રીતિ, રણભૂમિ, ટંકણખાર, નાટચસ્થાન, નૃત્ય, નાચ, ખેરસાર.

रङ्गज न० સિંદૂર.

रङ्गजीवक पु० રંગારો, ચીતારો, નાટકીયો.

रङ्गद पु० ટંકણખાર, ખેરસાર

रङ्गदा स्त्री० ફટફડી.

रङ्गदायक पु० એક જાતનું ધાન્ય, કાંગ.

रङ्गपत्री स्त्री० ગળીનું ઝાડ.

रङ्गपुष्पी स्त्री० ગળીનું ઝાડ.

रङ्गबीज न० રૂપું.

रङ्गभूति पु० શરદ પુનમનો દિવસ.

रङ्गभूमि स्त्री० નાટચભૂમિ, નાટચસ્થાન, મલ્લનો અખાડો, રણભૂમિ.

रङ्गमल्ली स्त्री० વીણા, તંબુરો વગેરે.

रङ्गमातृ स्त्री० લાખ, કુટણી સ્ત્રી.

रङ्गमातृका स्त्री० ઉપરના અર્થ.

रङ्गलासिनी स्त्री० શેફાલિકા વનસ્પતિ.

रङ्गवीज न० રૂપું.

रङ्गशाला स्त्री० નાટકશાળા, નાટચસ્થાન.

रङ्गाङ्गा स्त्री० ફટકડી.

रङ्गाजीव पु० નાટકીયો, ચિતારો, રંગારો.

रङ्गारि पु० કરેણનું ઝાડ.

रङ्गावतरण न० નાટકમાં પાઠ લેવા ઉતરવું.

रङ्गावतारक पु० નટ, નાટકીયો.

रङ्गावतारिन् पु० નાટકીયો.

रङ्गिणी स्त्री० શતમૂલી, એક જાતની મોથ.

रङ्गिन् त्रि० રંગવાળું, રાગ–પ્રીતિવાળું.

रङ्हस् न० વેગ.

रच् चु० ઉભ० स० सेट् રચવું, ગોઠવવું, બનાવવું.

रचक त्रि० રચનાર, બનાવનાર, ગોઠવનાર.

रचन न० રચવું, બનાવવું, ગોઠવવું.

रचना स्त्री० ઉપરના અર્થ.

रज न० સ્ત્રીરજ, પરાગ, ધૂળ.

रज पु० રજોગુણ.

रजःशय पु० કુતરો.

रजःशया स्त्री० કુતરી.

रजःसारथि पु० વાયુ.

रजक पु० રંગારો, ધોબી.

रजकी स्त्री० રંગારી, ધોબણ.

रजत न० રૂપું, હાથીદાંત, લોહી, હાર, એક પર્વત, સોનું, એક સરોવર, ધોળાશ.

रजत त्रि० ધોળું, સફેત.

रजतगिरि पु० કૈલાસ, રૂપાનો પર્વત.

रजतद्युति पु० હનુમાન.

रजताचल पु० રૂપાનો પર્વત, કૈલાસપર્વત.

रजताद्रि पु० ઉપરના અર્થ.

रजन न० રંગવું, રાગ.

रजनि स्त्री० રાત્રિ, હળદર, લાખ, કસુંબો.

रजनी स्त्री० ઉપરના અર્થ.

रजनीकर पु० ચંદ્ર, કપૂર.

रजनीगन्धा स्त्री० એક ફૂલઝાડ.

रजनीचर पु० રાક્ષસ, ચોર, રાત્રિનો પહેરગીર.

रजनीचर त्रि० રાત્રે ફરનાર.

रजनीचरी स्त्री० રાક્ષસણી.

रजनीजल न० હિમ, ઝાકળ.

रजनीपुष्प पु० એક જાતનું કરંજવૃક્ષ.

रजनीमुख न० પ્રદોષ, રાત્રિનો પ્રારંભ.

रजनीहासा स्त्री० શેફાલિકા જુઓ.

रजस् न० કસુંબો, પુષ્પનીરજ–પરાગ, ધૂળ, રજોગુણ, સ્ત્રીરજ.

रजसानु पु० મેઘ, અંતઃકરણ.

रजसी स्त्री० પૃથ્વી.

रजस्वल त्रि० રજવાળું.

रजस्वल पु० પાડો.

रजस्वला स्त्री० અટકાવવાળી સ્ત્રી.

रजस्वली स्त्री० ભેંસ.

रजोजुष् त्रि० રજોગુણ સેવનાર.

रजोरस न० અંધારૂં.

रजोवल न० અંધારૂં.

रजोहर पु० ધોબી.

रज्जु स्त्री० દોરડું, દોરી, કેશની વેણી.

रज्जुदालक पु० જંગલી ધુવડ.

रञ्ज् भ्वा० उभ० स० सेट् રંગવું.

रञ्जक न० હીંગળો.

रञ्जक पु० કાંપિલ્લવૃક્ષ.

रञ्जक त्रि० રંગનાર, પ્રીતિકારક.

रञ्जन न० રાતું ચંદન, રંગવું, હિંગળો, મુંજ ઘાસ, રાગ, રંગ.

रञ्जन पु० કાયફળ.

रञ्जन त्रि० પ્રીતિકારક, રંગનાર.

रञ्जनक पु० કાયફળ.

रञ्जनी स्त्री० મજીઠ, ગળી, શેફાલિકા, હળદર, પર્પટી, ગુંડરોચનિકા વનસ્પતિ.

रट् भ्वा० प० स० सेट् બોલવું, કહેવું.

रटत् त्रि० બોલતું, કહેતું.

रटन न० બોલવું, કહેવું.

रटन्ती स्त्री० માઘ મહિનાની અંધારી ચૌદશ.

रटित त्रि० બોલેલ, કહેલ.

रटित न० બોલવું, કહેવું.

रठ् भ्वा० प० स० सेट् બોલવું, કહેવું.

रण् भ्वा० प० स० सेट् જવું.

रण् भ्वा० प० अ० सेट् શબ્દ–અવાજ કરવો.

रण पु० न० યુદ્ધ, લડાઇ.

रण पु० શબ્દ, અવાજ, કણ, ગતિ.

रणकामिन् पु० યુદ્ધ ઇચ્છનાર.

रणत् त्रि० જતું, શબ્દ–અવાજ કરતું.

रणतूर्य न० લડાઇનું વાજું, લડાઇની નોબત.

रणपण्डित पु० યુદ્ધકુશળ યોદ્ધો.

रणप्रिय पु० યુદ્ધ જેને પ્રિય હોય તે.

रणमत्त पु० હાથી.

रणरङ्क पु० હાથીના બે દાંત વચ્ચેનો ચહેરાનો ભાગ.

रणरङ्क त्रि० યુદ્ધમાં રાંકણું–બીકણ.

रणरण पु० મચ્છર.

रणरणक पु० ઉદ્વેગ, અતિશય.

रणसङ्कुल न० તુમુલ યુદ્ધ, મોટી લડાઇ.

रणस्तम्भ पु० રણનો થાંભલો.

रणाङ्गण न० રણનું આંગણું.

रणाजिर न० રણનું આંગણું.

रणालंकरण पु० એક જાતનું પક્ષી.

रणित त्रि० ગયેલ, શબ્દ–અવાજ કરેલ.

रणोत्साह पु० રણમાં ઉત્સાહ.

रण्ड त्रि० ધૂતારૂં, નિષ્ફળ, અર્ધાંગે છેદાયેલ અવયવવાળું.

रण्डक पु० નિષ્ફળ વૃક્ષ.

रण्डा स्त्री० વિધવા, રાંડીરાંડ, નિંદ્ય સ્ત્રી, ઉંદરકાની વનસ્પતિ.

रण्डाश्रमिन् पु० અડતાળીસ વર્ષે રંડાયેલો પુરૂષ.

रण्व् भ्वा० आ० स० सेट् જવું.

रत न० સ્ત્રીપુરૂષનું મૈથુન, ગુહ્ય અંગ.

रत त्रि० રાગી, અનુરાગી, રમેલ.

रतकील पु० કુતરો, પુરૂષનું લિંગ.

रतकूजित न० મૈથુનમાં થતો શબ્દ.

रतक्रिया स्त्री० મૈથુન.

रतगुरु पु० પતિ, ધણી.

रतज्वर पु० કાગડો.

रततालिन् पु० વ્યભિચારિ, રંડીબાજ.

रततालिनी स्त्री० વ્યભિચારિણી, વેશ્યા, કુટણી.

रतताली स्त्री० ઉપરના અર્થ.

रतनारीच पु० કામદેવ, કુતરો, રંડીબાજ, મૈથુનવેળા સીત્કાર.

रतनिधि पु० ચકલો, ખંજરીટ પક્ષી.

रतनिधि स्त्री० ચકલી, ખંજરીટ પક્ષિણી.

रतर्द्धिक न० દિવસ, સુખસ્વપ્ન, અષ્ટમંગળ.

रतव्रण पु० કુતરો.

रतशायिन् पु० કુતરો.

रतहिण्डक पु० રંડીબાજ, સ્ત્રીને ચોરી લઇ જનાર.

रतान्दुक पु० કુતરો.

रतामर्द पु० કુતરો.

रतायनी स्त्री० વેશ્યા, કુટણી.

रति स्त्री० પ્રીતિ, ઉત્સાહ, રમવું, ગુહ્ય અંગ, કામદેવની સ્ત્રી.

रतिकान्ति पु० કામદેવ.

रतिकुहर न० સ્ત્રીની યોનિ.

रतिक्रिया स्त्री० મૈથુન.

रतिगृह न० સ્ત્રીની યોનિ, કામક્રીડાનું ઘર.

रतिपति पु० કામદેવ.

रतिप्रिय पु० કામદેવ.

रतिप्रिय त्रि० રમવું જેને પ્રિય હોય તે.

रतिबन्ध पु० સોળ કામક્રીડાના પ્રકાર.

रतिमदा स्त्री० અપ્સરા.

रतिमन्दिर न० रतिगृह જુઓ.

रतिरमण पु० કામદેવ.

रतिलक्ष पु० મૈથુન.

रतिसत्वरा स्त्री० શાક.

रतू स्त्री० શ્રેષ્ઠ સ્ત્રી, ગંગા.

रतोद्वह पु० કોયલા.

रत्न न० માણેક વગેરે રત્ન, હીરો, પોતપોતાની જાતિઓમાં શ્રેષ્ઠ.

रत्नकन्दल पु० પરવાળું.

रत्नकर पु० કુબેર.

रत्नकूट पु० તે નામે એક પર્વત.

रत्नगर्भ पु० સમુદ્ર, કુબેર.

रत्नगर्भा स्त्री० પૃથ્વી, સત્પુત્રવાળી સ્ત્રી.

रत्नदीप पु० રત્નરૂપ દીવો.

रत्नद्वीप पु० न० તંત્રોક્ત સુધાસમુદ્રમાં રહેલાંરૂપે ધ્યાન કરવા યોગ્ય રત્નમય બેટ.

रत्नधि पु० સમુદ્ર.

रत्नधेनु स्त्री० મહાદાન માટે કલ્પેલી રત્નોની ગાય.

रत्ननाभ पु० વિષ્ણુ.

रत्ननायक पु० માણેક.

रत्ननिधि पु० ખંજનપક્ષી, રત્નોનો ભંડાર સમુદ્ર.

रत्नपारायण न० સર્વ રત્નોનો આધાર.

रत्नपरीक्षक पु० રત્નોની પરીક્ષા કરનાર.

रत्नप्रभा स्त्री० રત્નની કાંતિ, એક નરકભૂમિ.

रत्नमुख्य न० હીરો.

रत्नराज् पु० માણેક, શ્રેષ્ઠ રત્ન.

रत्नराशि पु० સમુદ્ર, રત્નોનો ઢગ.

रत्नवत् त्रि० રત્નોવાળું.

रत्नवती स्त्री० પૃથ્વી.

रत्नवर्षुक पु० કુબેરનો રથ.

रत्नवर्षुक त्रि० રત્નો વર્ષાવનાર.

रत्नवृक्ष पु० પરવાળું.

रत्नसानु पु० સુમેરૂ પર્વત.

रत्नसू स्त्री० પૃથ્વી.

रत्नाकर पु० સમુદ્ર, રત્નોની ખાણ.

रत्नाङ्क पु० વિષ્ણુનો રથ.

रत्नाचल पु० દાન માટે કલ્પેલો રત્નનો પર્વત.

रत्नाभरण न० રત્નજડિત દાગીનો.

रत्नावली स्त्री० રત્નજડિત હાર, વત્સરાજની એક પત્ની, શ્રીહર્ષકૃત ચાર અંકની એક નાટિકા.

रत्नि पु० મુઠી વાળેલા હાથનું માપ.

रत्नी स्त्री० ઉપરનો અર્થ.

रत्यंग न० સ્ત્રીની યોનિ, પુરૂષનું લિંગ.

रथ पु० રથ, શરીર, પગ, નેતરનું ઝાડ, તિનિશ વૃક્ષ.

रथक पु० મંદીરનો અમુક અવયવ.

रथकट्या स्त्री० રથોનો સમૂહ.

रथकर पु० રથ બનાવનાર, સુથાર.

रथकार पु० ઉપરના અર્થ.

रथकुटुम्बिन् पु० સારથિ.

रथकृत् पु० સુથાર.

रथगर्भक पु० પાલખી-ડોલી વગેરે, कर्णीरथ જુઓ.

रथगुप्ति स्त्री० શસ્ત્ર વગેરેથી રથના રક્ષણ માટે કરેલ લોખંડી આવરણ.

रथगोपन न० ઉપરનો અર્થ.

रथचरण पु० રથનું પૈડું, ચક્રવાક પક્ષી.

रथचरणी स्त्री० ચક્રવાક પક્ષિણી.

रथद्रु पु० તિનિશ વૃક્ષ.

रथद्रुम पु० તિનિશ વૃક્ષ.

रथन्तर त्रि० રથ લઈ જનાર.

रथन्तर न० સામવેદનો અમુક ભાગ.

रथपाद पु० रथचरण જુઓ.

रथयात्रा स्त्री० આષાઢ શુદ બીજે જગન્નાથની રથવડે યાત્રા, રથથી કરવાનો એક ઉત્સવ.

रथवाहक पु० રથ હાંકનાર સારથિ.

रथाङ्ग न० પૈડું, ચક્રવાક પક્ષી.

रथाङ्गपाणि पु० વિષ્ણુ.

रथाङ्गाह्व पु० ચક્રવાક પક્ષી.

रथाङ्गाह्वी स्त्री० ચક્રવાક પક્ષિણી.

रथाङ्गाह्वान पु० ચક્રવાક પક્ષી.

रथाङ्गाह्वानी स्त्री० ચક્રવાક પક્ષિણી.

रथाङ्गिन् पु० વિષ્ણુ.

रथाङ्गी स्त्री० ચક્રવાક પક્ષિણી.

रथाभ्र पु० નેતરનું ઝાડ.

रथाभ्रपुष्प पु० નેતરનું ઝાડ.

रथारूढ त्रि० રથ ઉપર ચઢેલ-બેઠેલ.

रथारोहण न० રથ ઉપર ચઢવું-બેસવું.

रथारोहिन् पु० રથમાં ચઢનાર-બેસનાર.

रथावरोहण न० રથથી ઉતરવું.

रथिक पु० રથમાં બેસી યુદ્ધ કરનાર, તિનિશ વૃક્ષ.

रथिन् पु० रथिक જુઓ.

रथिन पु० ઉપરનો અર્થ.

रथिर पु० रथिक જુઓ.

रथोपस्थ पु० રથનો મધ્યભાગ.

रथ्य पु० ઘોડો.

रथ्य त्रि० રથસંબંધી, રથનું.

रथ्या स्त्री० શ્રેષ્ઠ માર્ગ, અંદરનો માર્ગ, શેરી, રથોનો સમૂહ, નાનો રસ્તો, ચોક, ચૌટો, માર્ગ.

रद् ભ્વા૦ ઉભ૦ सेट् ઉખેડવું, ખોદવું.

रद पु० દાંત, ખોદવું, ફાડવું, ચીરવું.

रदच्छद पु० द्विव० હોઠ.

रदन पु० દાંત.

रदन न० ચીરવું, ફાડવું.

रदायुध पु० ડુક્કર.

रदायुधी स्त्री० ડુક્કરી.

रन्ज् ભ્વા૦ ઉભ૦ અ૦ अनिट् રંગવું.

रन्तिदेव पु० વિષ્ણુ, ચંદ્રવંશી એક રાજા, કુતરો.

रन्तिदेवी स्त्री० કુતરી.

रन्तु पु० રસ્તો, નદી.

रन्धन न० રાંધવું, નાશ કરવો.

रन्धित त्रि० રાંધેલ.

रन्ध्र न० છિદ્ર, દૂષણ, જ્યોતિષપ્રસિદ્ધ લગ્નથી આઠમું સ્થાન, યોનિ, ખાડો.

रन्ध्रकण्टक पु० એક જાતનો બાવળ.

रन्ध्रबभ्रु पु० ઉંદર.

रन्ध्रवंश पु० એક જાતનો વાંસ.

रप् भ्वा० प० स० सेट् સ્પષ્ટ બોલવું, પ્રકટ કરવું.

रंफ् भ्वा० प०स० सेट् જવું.

रंब् भ्वा० आ० सेट् શબ્દ કરવો अ० જવું स०

रब पु० શબ્દ, અવાજ.

रब्ध त्रि० આરંભેલ, શરૂ કરેલ.

रब्धृ त्रि० આરંભનાર, શરૂ કરનાર.

रंभ् भ्वा० आ० स० सेट् શબ્દ કરવો.

रभ् भ्वा० आ० अ० अनिट् ઉત્સુક થવું, आ+ આરંભ કરવો, શરૂ કરવું स०

रभस पु० વેગ, હર્ષ, ઉત્સુકપણું, આગળ પાછળનો વિચાર ન કરવો, ઉતાવળ કરવી.

रभस त्रि० ઉતાવળીયું, વેગવાળું, હર્ષવાળું, ઉત્સુક, આગળ પાછળનો વિચાર ન કરનાર, મોટું.

रभस पु० તે નામે એક કોષકાર.

रम् भ्वा० आ० अ० अनिट् ક્રીડા કરવી.

रम पु० કાંત, ધણી, પતિ, પ્રિય, કામદેવ. આસોપાલવ.

रम त्रि० વહાલું, ચાહેલું.

रमक पु० આશક, યાર, વહાલો.

रमठ न० હિંગ.

रमठध्वनि पु० હિંગ.

रमण पु० કામદેવ, પતિ, ધણી, ગધેડો, વૃષણ–પેલીયો, લીંબડો, જંબૂદ્વીપમાં આવેલો એક ખંડ, બળદ.

रमण न० સુરત–મૈથુન, રમવું, ખેલવું, પટોલમૂલ, જઘન–જાંઘ.

रमणक न० પટોલમૂળ.

रमणा स्त्री० તે નામે પીઠસ્થ એક શક્તિ, સ્ત્રી.

रमणी स्त्री० ઉત્તમ સ્ત્રી, હરકોઇ સ્ત્રી, એક જાતનું ઝાડ, ગધેડી.

रमणीय त्रि० સુંદર.

रमणीयता स्त्री० સુંદરતા, સૌંદર્ય.

रमणीयत्व न० ઉપરના અર્થ.

रमण्य त्रि० રમાડનાર, રમુજી.

रमति पु० નાયક, સ્વર્ગ, કામદેવ, કામ, સમય.

रममाण त्रि० રમતું, ક્રીડા કરતું.

रमल न० એક પ્રકારનું જ્યોતિઃશાસ્ત્ર.

रमा स्त्री० લક્ષ્મી, શોભા, કલ્કિની સ્ત્રી.

रमानाथ पु० વિષ્ણુ.

रामापति पु० વિષ્ણુ.

रमाप्रिय पु० વિષ્ણુ.

रमाप्रिय न० કમળ.

रम्भ पु० રેણુ, રજ, મહિષાસુરનો પિતા રંભાસુર.

रम्भा स्त्री० કેળ, એક અપ્સરા, વેશ્યા, ગાય કે બળદનો શબ્દ, ગૌરી, ઉત્તર દિશા.

रम्भातृतीया स्त्री० માગશર શુદ ત્રીજ.

रम्भाव्रत न० માગશર શુદ ત્રીજે કરવાનું એક વ્રત.

रम्भोरू स्त्री० કેળ જેવી જાંઘવાળી.

रम्य त्रि० સુંદર, બલકારક.

रम्य पु० ચંપો, બકવૃક્ષ.

रम्य न० પટોલમૂલ.

रम्यक न० શુક્રધાતુ–વીર્ય, જંબૂદ્વીપનો એક ખંડ, પારો.

रम्यता स्त्री० સુંદરતા, સૌંદર્ય.

रम्यत्व न० ઉપરના અર્થ.

रम्यपुष्प पु० શીમળાનું ઝાડ.

रम्या स्त्री० રાત્રિ, સ્થલપદ્મિની, ગંગા.

रम्र पु० લાલ રંગ, શોભા, કાંતિ.

रय् भ्वा० आ० स० सेट् જવું.

रय पु० વેગ, પ્રવાહ.

रयि न० પાણી, ધન.

रयिष्ठ पु० કુબેર, અગ્નિ, બ્રહ્મા, ચિત્રક વૃક્ષ.

रयिष्ठ त्रि० અત્યંત વેગવાળું.

रराट न० લલાટ, કપાળ.

रल्लक પુ૦ એક જાતનો મૃગ, કામળો, આંખનું રૂંવાડું.

रव પુ૦ શબ્દ, અવાજ.

रवण પુ૦ કોયલ, ઉંટ.

रवण ત્રિ૦ શબ્દ–અવાજ કરનાર, તીક્ષ્ણ, ચંચળ, ભાંડ, મશ્કરો.

रवण ન૦ કાંસું.

रवणी સ્ત્રી૦ કોકિલા, ઉંટડી.

रवथ પુ૦ કોયલ.

रवथी સ્ત્રી૦ કોયલ–માદા.

रवि પુ૦ સૂર્ય, આકડાનું ઝાડ,બારની સંખ્યા.

रविकान्त પુ૦ સૂર્યકાંતમણિ.

रविज પુ૦ શનિ, સાવર્ણિ મનુ, વૈવસ્વત મનુ, સુગ્રીવ, યમ, કર્ણ.

रविजा સ્ત્રી૦ યમુના.

रवितनय પુ૦ રવિજ જુઓ.

रविनन्दन પુ૦ રવિજ જુઓ.

रविनन्दिनी સ્ત્રી૦ યમુના.

रविनाथ ન૦ કમળ, બપોરીયાનું ફૂલ.

गविनाथ પુ૦ બપોરીયાનું ઝાડ.

रविनेत्र પુ૦ વિષ્ણુ.

रविपुत्र પુ૦ રવિજ જુઓ.

रविपुत्री સ્ત્રી૦ યમુના.

रविप्रिय ન૦ લાલ કમળ, તાંબું.

रविप्रिय પુ૦ કરેણનું ઝાડ, આદિત્યપત્ર, જલચર.

रविरत्न ન૦ માણેક.

रविलोचन પુ૦ વિષ્ણુ.

रविलौह ન૦ તાંબું.

रविवार પુ૦ સૂર્યનો વાર, રવિવાર.

रविवासर પુ૦ ઉપરના અર્થ.

रविसंज्ञक ન૦ તાંબું.

रविसुत પુ૦ રવિજ જુઓ.

रविसुता સ્ત્રી૦ યમુના.

रश् સૌત્ર૦ પ૦ અ૦ સેટ્ શબ્દ–અવાજ કરવો.

रशना સ્ત્રી૦ મેખલા–કંદોરો, જીભ, દોરડું.

रश्मि પુ૦ કિરણ, લગામ, આંખની પાંપણ.

रश्मि ન૦ કમળ.

रश्मिकलाप પુ૦ ચોપન સેરનો હાર.

रस् ભ્વા૦ પ૦ અ૦ સેટ્ શબ્દ–અવાજ કરવો.

रस् ચુ૦ ઉભ૦ સ૦ સેટ્ સ્વાદ લેવો, ચાખવું.

रस પુ૦ સ્વાદ, રસ, માધુર્ય વગેરે ગુણ, ખાધેલા અન્ન વગેરેનું શરીરમાં થતું એક પરિણામ, સાર, પારો, ગોળ વગેરે, પુષ્પનો રસ–મકરંદ, અલંકારશાસ્ત્રપ્રસિદ્ધ રત્યાદિ સ્થાયી ભાવ, શૃંગારાદિ રસ, ગંધક.

रस પુ૦ ન૦ ઝેર, વીર્ય, રાગ, દ્રવ, પાણી, ગંધરસ, ગંધક, અન્ન.

रसक ન૦ ઉકાળેલું માંસ.

रसकर्पूर ન૦ રસકપૂર.

रसकेसर ન૦ કપૂર.

रसगन्ध પુ૦ ન૦ બોલ–ગંધરસ.

रसगन्धक પુ૦ ન૦ ગંધરસ, ગંધક.

रसगर्भ પુ૦ રસાંજન, હિંગળો.

रसघ्न પુ૦ ટંકણખાર.

रसज ન૦ લોહી.

रसज પુ૦ ગોળ, દારૂનો કીડો.

रसज ત્રિ૦ રસમાંથી ઉત્પન્ન થનાર.

रसज्ञ ત્રિ૦ રસને જાણનાર.

रसज्ञा સ્ત્રી૦ જીભ.

रसज्येष्ठ પુ૦ મધુરરસ, શૃંગારરસ.

रसत् ત્રિ૦ અવાજ કરતું, શબ્દ કરતું, ચાખતું.

रसतेजस् ન૦ લોહી.

रसदालिका સ્ત્રી૦ એક જાતની વેલડી.

रसधातु પુ૦ પારો.

रसधेनु સ્ત્રી૦ દાન માટે કલ્પેલી શેલડીના રસરૂપ ગાય.

रसन ન૦ સ્વાદ, ચાખવું, શબ્દ, અવાજ, જીભ.

रसना स्त्री० જીભ, રાસ્ના વનસ્પતિ, કટીમેખલા, દોરડી.

रसनाथ पु० પારો.

रसनायक पु० શિવ.

रसनालिह् पु० કુતરો.

रसनेत्रिका स्त्री० મણસીલ.

रसपति पु० પારો.

रसपाक पु० રસનો પાક.

रसपाकज पु० ગોળ, લોહી.

रसफल पु० નાળીએરનું ઝાડ.

रसमाणिक्य न० તે નામે એક પદાર્થ.

रसराज पु० પારો, રસાંજન.

रसलेह पु० પારો.

रसवत् त्रि० રસવાળું.

रसवती स्त्री० રસોડું, રસોઇ.

रसविक्रय पु० રસ વેચવો તે.

रसशोधन न० ટંકણખાર, પારાને શોધવો તે.

रससिन्दूर न० પારામાંથી બનતું એક સિંદૂર.

रसस्थान न० હીંગળોક.

रसा स्त्री० પૃથ્વી.

रसाखन पु० કુકડો.

रसाखनी स्त्री० કુકડી.

रसाग्रज न० રસાંજન.

रसाञ्जन न० પિત્તળમાંથી બનતું એક અંજન.

रसाढ्य पु० આમ્રાતક વૃક્ષ.

रसाढ्य त्रि० રસવાળું.

रसातल न० તે નામે એક પાતાળ.

रसादान न० રસનું ગ્રહણ.

रसाधिक पु० ટંકણખાર.

रसाधिक त्रि० રસથી અધિક, ઘણા રસવાળું.

रसाधिका स्त्री० કાકોદુમ્બરિકા વનસ્પતિ.

रसान्तर न० ચાલુ રસથી બીજો રસ.

रसाभास पु० પશુ વગેરે પરનાયકગત શૃંગારાદિ રસ.

रसाभिनिवेश पु० રસમાં આસક્તિ.

रसाम्ल न० વૃક્ષામ્લ, चुक्र જુઓ.

रसायन न० છાશ, કેડ, એક જાતનું ઝેર. વૈદ્યકપ્રસિદ્ધ ઔષધોનું સ્થાન.

रसायन पु० વાવડીંગ, ગરૂડ પક્ષી.

रसायनफला स्त्री० હરડે.

रसायनश्रेष्ठ पु० પારો.

रसायनी स्त्री० ગળો, કાકમાચી વનસ્પતિ, શંખપુષ્પી, મજીઠ, ધોળું નસોતર, અન્તરસવાહિકા નાડી.

रसाल पु० આંબો, શેલડી, ફણસ, ઘઉં ધોળી શેલડી.

रसाल न० શિલાજીત, ગંધરસ, શિખંડ.

रसाला स्त्री० જીભ, ધ્રોખડ, વિદારી વનસ્પતી, દ્રાક્ષ.

रसालिका स्त्री० ચિક્કાખાઇ વનસ્પતિ.

रसालिहा स्त्री० એક જાતનો છોડ.

रसाली स्त्री० એક જાતની શેલડી, ચિક્કાખાઇ.

रसावेष्ट पु० એક જાતનો ધૂપ.

रसाश्वासा स्त्री० એક વેલો-पलाशी.

रसास्वाद पु० રસનો સ્વાદ, આત્મસાક્ષાત્કારમાં એક વિઘ્ન.

रसास्वादिन् पु० ભમરો.

रसास्वादिन् त्रि० રસનો સ્વાદ લેનાર.

रसास्वादिनी स्त्री० રસનો સ્વાદ લેનારી સ્ત્રી, ભમરી.

रसाह्वा स्त्री० રાસ્ના વનસ્પતિ, શતાવરી.

रसिक पु० સારસપક્ષી, ઘોડો, હાથી.

रसिक त्रि० રસને જાણનાર, રસવાળું.

रसिकता स्त्री० રસિકપણું.

रसिकत्व न० રસિકપણું.

रसिका स्त्री० જીભ, શેલડીનો રસ, કટિમેખલા, દ્રાક્ષ, ધ્રોખડ.

रसिकी स्त्री० સારસપક્ષિણી, ઘોડી, હાથણી.

रसित न० મેઘ વગેરેનો શબ્દ, પક્ષી વગેરેનો શબ્દ.

रसित त्रि०શબ્દવાળું, સ્વાદ લીધેલ, ચાખેલ.

रसिन् त्रि० રસિક, રસવાળું.

रसुन पु० લસણ.

रसुनक पु० લસણ.

रसेन्द्र पु० પારો.

रसेन्द्रवेधन न० સોનું.

रसेन्द्रसंजात न० સોનું.

रसेश पु० પારો.

रसेश्वर पु० પારો, ઈશ્વરતુલ્ય રસ.

रसोत्तम पु० મગ, પારો, રસાંજન.

रसोद्भव न० હીંગળો.

रसोद्भव त्रि० રસમાંથી ઉત્પન્ન થનાર.

रसोन पु० લસણ.

रसोनक पु० લસણ.

रसोपल न० મોતી.

रस्न न० દ્રવ્ય, વસ્તુ, પદાર્થ.

रस्य न० લોહી, માંસ, પાતળું દહીં.

रस्या स्त्री० રાસ્ના વનસ્પતિ.

रंह् भ्वा० प० स० सेट् જવું.

रह् भ्वा० प० स० सेट् ત્યાગ કરવો.

रहस् न० એકાંત, નિર્જન, છાનું રાખવાલાયક, યથાર્થપણું, સત્યતા, મૈથુન, ગુહ્ય અંગ.

रहस् अव्य० ગુપ્તપણે, છાની રીતે.

रहस पु० સ્વર્ગ લોક, સમુદ્ર.

रहसि अव्य० એકાંતમાં.

रहस्य त्रि० ગુપ્ત-છાનું રાખવા યોગ્ય, એકાંતમાં થયેલ.

रहस्य न० ગુપ્ત વસ્તુ, છાનું રહસ્ય-તાત્પર્ય-ભાવ-ઉપદેશ.

रहस्या स्त्री० પાઠા, રાસ્ના, એક નદી.

रहाट पु० બ્રહ્મરાક્ષસ, મંત્રી, પ્રધાન.

रहित त्रि० વર્જેલ, છોડેલ.

रहीभूत त्रि० એકાંતમાં થયેલ, એકાંતનું.

रा अदा० प० स० अनिट् દેવું, આપવું, લેવું.

रा स्त्री० વિભ્રમ, દાન, સોનું.

राका स्त्री० પડવેમુક્ત પૂનેમ, સંપૂર્ણ ચંદ્રવાળી પૂનેમ, એક નદી, પ્રથમ અભડાયલી સ્ત્રી, કચ્છૂરોગ, આંગિરસ કન્યા.

राकापति पु० ચંદ્ર.

राक्षस पु० રાક્ષસ.

राक्षस त्रि० રાક્ષસનું, રાક્ષસસંબંધી.

राक्षसी स्त्री० રાક્ષસણી, રાત્રિ, દાઢ, ચંડિકા, ચોર નામે ગંધદ્રવ્ય.

राक्षसेन्द्र पु० રાવણ, રાક્ષસોનો રાજા.

राक्षा स्त्री० લાખ.

राख् भ्वा० प० सेट् સુકવવું, નિવારવું, અટકાવવું, શણગારવું,स० સમર્થ હોવુંअ०

राग पु० રંગવું, રંગ, પ્રીતિ, અનુરાગ, રાજા, સંગીતના રાગ, લાલ રંગ, ચંદ્ર, સૂર્ય, લાખ વગેરે.

रागचूर्ण पु० કામદેવ, ખેરનું ઝાડ, લાખ, રંગવાળું ચૂર્ણ, સિંદુર, ગુલાલ.

रागच्छन्न पु० રામચંદ્ર.

रागद त्रि० રંગનાર, ચિત્રકાર, ગવૈયો.

रागदा स्त्री० સ્ફટિક મણિ.

रागदालि पु० મસૂર.

रागपुष्प पु० બપોરીયો, રક્તામ્લાનવૃક્ષ.

रागपुष्पी स्त्री० जवा જુઓ.

रागप्रसव पु० रागपुष्प જુઓ.

रागयुज् पु० માણેક.

रागयुज् त्रि० રંગવાળું, રંગીન, રાગવાળું.

रागरज्जु पु० કામદેવ.

रागवत् त्रि० रागयुज् त्रि० જુઓ.

रागवृन्त पु० કામદેવ.

रागसूत्र न० પટ્ટસૂત્ર, રંગેલું સુતર, તુલાસૂત્ર.

रागाङ्गी स्त्री० મજીઠ.

रागाढ्या स्त्री० મજીઠ.

रागारु त्रि० આશા બતાવી નિરાશ કરનાર.

रागाशनि पु० બુદ્ધદેવ

रागिणी स्त्री० રાગણી, ચતુર સ્ત્રી, રાગ, સ્નેહવાળી સ્ત્રી, મેનકાની એક કન્યા. રતિવાળી સ્ત્રી, એક ઘાસધાન્ય.

रागिन् त्रि० રાગવાળું, સ્નેહવાળું, રતિવાળું, રંગવાળું, રંગનાર.

रागिष्ठ पु० રીંછ.

राघ् भ्वा० आ० अ० सेट् શક્તિમાન હોવું, સમર્થ હોવું.

राघव पु० રઘુનો વંશજ, શ્રીરામચંદ્ર, સમુદ્ર, એક જાતનું મોટું માછલું.

राङ्कल पु० કાંટો.

राङ्कव न० રંકુ મૃગના રૂંવાટાનું વસ્ત્ર.

राज् भ्वा० उभ० अ० सेट्० દીપવું, પ્રકાશવું, શોભવું.

राज् पु० રાજા.

राज् त्रि० દીપનાર, પ્રકાશનાર, શોભનાર.

राजक न० રાજાઓનો સમૂહ.

राजक त्रि० કાંતિમાન, તેજસ્વી, શોભનાર.

राजक पु० રાજા.

राजकदम्ब पु० એક જાતનું કદંબવૃક્ષ.

राजकन्या स्त्री० રાજાની કન્યા.

राजकर पु० રાજાનો કર.

राजकल्प त्रि० રાજા જેવું.

राजकर्कटिका स्त्री० ચીનાઇ કાકડી.

राजकर्कटी स्त्री० ચીનાઇ કાકડી.

राजकशेरु पु० ભદ્રમોથ.

राजकशेरुक पु० ભદ્રમોથ.

राजकार्य न० રાજાનું કામ.

राजकीय त्रि० રાજાનું, રાજાસંબંધી.

राजकुमार पु० રાજાનો પુત્ર.

राजकुल न० રાજાનું કુળ, રાજાનું ઘર.

राजकुष्माण्ड पु० वार्ताकी જુઓ.

राजकोषातकी स्त्री० એક જાતનો વેલો.

राजक्षवक पु० રાજસર્ષપ.

राजखर्जूरी स्त्री० એક જાતની ખજૂરી.

राजगामिन् त्रि० રાજા પાસે જનાર.

राजगिरा स्त्री० રાજગરો.

राजगिरि पु० મગધદેશમાં એક પર્વત, એક શાક.

राजगुरु पु० રાજાનો ગુરૂ, રાજગોર.

राजग्रीव पु० એક જાતનું માછલું.

राजघ त्रि० રાજાનો નાશ કરનાર, તીક્ષ્ણ.

राजचिन्ह न० છત્ર-ચામર વગેરે રાજાનું ચિન્હ.

राजचिन्हक न० લિંગ, યોનિ.

राजजम्बू स्त्री० એક જાતની ખજૂરી, એક જાતની જાંબુડી.

राजजक्ष्मन् पु० એક જાતનો ક્ષયરોગ.

राजत त्रि० રૂપાનું, રૂપા સંબંધી.

राजत न० રૂપું

राजतरु पु० કરેણનું ઝાડ, ગરમાળો.

राजतस् अव्य० રાજાથી, રાજા પાસેથી.

राजता स्त्री० રાજાપણું.

राजताल पु० સોપારીનું ઝાડ.

राजतेजस् न० રાજાનું તેજ.

राजत्व न० રાજાપણું.

राजदन्त पु० ઉપરની લાઇનમાં વચ્ચેના બે દાંત.

राजदेशीय त्रि० રાજાતુલ્ય.

राजदेश्य त्रि० રાજાતુલ્ય.

राजद्वार न० રાજાનું દ્વાર, કોર્ટ.

राजद्रोह पु० રાજાનો દ્રોહ.

राजद्रोहिन् पु० રાજાનો દ્રોહ કરનાર.

राजधस्तूर पु० પીળો ધંતુરો.

राजधस्तूरक पु० પીળો ધંતુરો.

राजधुस्तूर पु० પીળો ધંતુરો.

राजधुस्तूरक पु० પીળો ધંતુરો.

राजधर्म पु० રાજાનો ધર્મ.

राजधर्मज्ञ त्रि॰ રાજાનો ધર્મ જાણનાર.

राजधर्मविद् त्रि॰ ઉપરનો અર્થ.

राजधानी स्त्री॰ રાજાનું નિવાસસ્થાન શહેર.

राजधान्य न॰ શ્યામાક- સામો ધાન્ય.

राजन् पु॰ રાજા, ચંદ્ર, પ્રભુ, સ્વામી, ક્ષત્રિય, યશ, કુબેર, ઇન્દ્ર, પૃથુ રાજા.

राजनग पु॰ રાજગરો.

राजनय पु॰ રાજનીતિ.

राजनीति स्त्री॰ રાજાઓની નીતિ, રાજાએ જાણવાના સામ વગેરે ઉપાય, કામન્દકીય વગેરે નીતિશાસ્ત્ર.

राजनील पु॰ એક જાતનું રત્ન.

राजन्य पु॰ ક્ષત્રિય, રાજપુત્ર, અગ્નિ, ક્ષીરિકા વૃક્ષ.

राजन्यक न॰ ક્ષત્રિયોનો સમૂહ.

राजन्वत् त्रि॰ સુંદર-શ્રેષ્ઠ રાજાવાળો દેશ વગેરે.

राजपटोल पु॰ પંડોળું, મધુર પંડોળી.

राजपट्ट पु॰ એક જાતનો મણિ.

राजपत्नी स्त्री॰ રાણી, પીતળ.

राजपथ पु॰ રાજમાર્ગ, સરીયામ રસ્તો.

राजपर्णी स्त्री॰ એક જાતનો વેલો.

राजपलाण्डु पु॰ લાલ ડુંગળી.

राजपोलु पु॰ મોટાં પીલુનું ઝાડ.

राजपुत्र पु॰ બુધ ગ્રહ, રાજાનો પુત્ર, રજપુત, એક જાતનો આંબો.

राजपुत्रक न॰ રાજપુત્રોનો સમૂહ.

राजपुत्रिका स्त्री॰ એક જાતનું પક્ષી.

राजपुत्री स्त्री॰ રાજાની પુત્રી, કડવી તુંબડી, રેણુકા, પીતળ, જાતિ, છછુંદર, માલતી, મોગરો, જાઇ.

राजपुरुष पु॰ રાજાનો માણસ, રાજકીય પુરૂષ.

राजपुष्प पु॰ નાગકેસરનું ઝાડ.

राजपुष्पी स्त्री॰ મોગરો, જાઇ.

राजपूज्य त्रि॰ રાજાને પૂજ્ય.

राजपूज्य न॰ સોનું.

राजप्रिय पु॰ લાલ ડુંગળી.

राजप्रेष्य पु॰ રાજાનો ચાકર.

राजप्रैष्य न॰ રાજાની નોકરી.

राजफणिज्झक पु॰ નારંગીનું ઝાડ.

राजफल पु॰ પંડોળાંનું ઝાડ.

राजफला स्त्री॰ જાંબુડી.

राजफल्गु पु॰ એક જાતનું ઝાડ.

राजवदर पु॰ મોટાં સારાં બોરનું ઝાડ.

राजबदर न॰ મીઠું, રક્તામલક વૃક્ષ.

राजबला स्त्री॰ એક જાતનો વેલો.

राजबीज न॰ રાજાનું વીર્ય.

राजबीजिन् त्रि॰ રાંજવંશી.

राजभद्रक पु॰ કુષ્ઠ વનસ્પતિ, લીંબડો.

राजभूय न॰ રાજાપણું, રાજધર્મ.

राजभृत्य पु॰ રાજાનો સેવક.

राजभोग्य न॰ જાયફળ.

राजभोग्य पु॰ ચારોળીનું ઝાડ.

राजभोग्य त्रि॰ રાજાને ભોગવવા યોગ્ય વસ્તુ.

राजभौत पु॰ રાજાનો વિદૂષક વગેરે મશ્કરો.

राजमण्डल न॰ રાજાઓનો સમૂહ.

राजमण्डूक पु॰ મોટો દેડકો.

राजमन्दिर न॰ રાજમહેલ.

राजमल्ल पु॰ રાજાનો મલ્લ.

राजमार्ग पु॰ राजपथ જુઓ.

राजमाष पु॰ એક જાતના અડદ.

राजमुद्ग पु॰ એક જાતના મગ.

राजमुद्रा स्त्री॰ રાજાનો સીક્કો, રાજમહોર, રાજચિન્હ.

राजयक्ष्मन् पु॰ ‘राजंजक्ष्मन् જુઓ.

राजयोग्य त्रि॰ રાજાને યોગ્ય.

राजरङ्ग न॰ રૂપું.

राजराज पु॰ કુબેર, ચંદ્ર, ચક્રવર્તી રાજા.

राजरीति स्त्री० એક જાતનું પીતળ.

राजर्षि पु० શ્રેષ્ઠ રાજા, રાજા ઋષિ, જીતેન્દ્રિય રાજા.

राजलक्षण न० राजचिन्ह જુઓ.

राजलक्ष्मन् व० ઉપર પ્રમાણે.

राजलक्ष्मी स्त्री० રાજવૈભવ.

राजलेख पु० રાજા તરફનું લખાણ, રાજકીય દસ્તાવેજ.

राजवंश पु० રાજાનો વંશ.

राजवंश्य त्रि० રાજવંશી.

राजवत् त्रि० રાજાવાળો દેશ વગેરે.

राजवर्त्मन् न० राजपथ જુઓ, રાજાનું કર્તવ્ય કર્મ.

राजवल्लभ पु० ચારોળીનું ઝાડ, શ્રેષ્ઠ બોરનું ઝાડ, એક જાતનો આંબો, એક ગ્રંથ.

राजवल्लभ त्रि० રાજાને વહાલું.

राजवल्ली खी० એક જાતનો વેલો.

राजवाह पु० ઘોડો.

राजवाह्य त्रि० રાજાને બેસવાનું વાહન હાથી-ઘોડો વગેરે.

राजवीजिन् त्रि० રાજવંશી.

राजवृक्ष पु० ગરમાળાનું ઝાડ, ચારોળીનું ઝાડ, લંકાનું એક વૃક્ષ.

राजशण पु० પટ્ટ-પાટ.

राजशय्या स्त्री० રાજાની શય્યા.

राजशाक पु० એક જાતનું શાક.

राजशाकिनी स्त्री० રાજગરી.

राजशुक पु० એક જાતનો પોપટ.

राजशृङ्ग न० રાજચિન્હ છત્ર.

राजस त्रि० રજોગુણથી ઉત્પન્ન થયેલ કર્મેન્દ્રિય વગેરે, રજઃપ્રધાન.

राजस न० ખ્યાતિ માટે કરવામાં આવતું કર્મ.

राजसत्ता स्त्री० રાજાની સત્તા.

राजसभ न० રાજાની સભા.

राजसर्षप पु० એક જાતનો સરસવ, સરસવ બરોબર માપ.

राजसात् अव्य० રાજાને અધીન.

राजसारस पु० મોર પક્ષી.

राजसारसी स्त्री० મોર પક્ષિણી.

राजसिंह पु० ચક્રવર્તી રાજા, શ્રેષ્ઠ રાજા.

राजसी स्त्री० દૂર્વા-ધ્રોખડ.

राजसूय पु० માત્ર રાજાએ કરવાનો યજ્ઞ.

राजसूययाजिन् पु० રાજસૂય યજ્ઞનો ઋત્વિજ.

राजसेवक पु० રાજાનો સેવક.

राजस्व न० રાજાનો કર, રાજાનું ધન.

राजस्वर्ण पु० પીળો ધંતુરો.

राजहंस पु० લાલ ચાંચ અને પગવાળો ધોળી પાંખવાળો એક હંસ, કલહંસ.

राजहंस पु० શ્રેષ્ઠ રાજા.

राजहर्षण न० તગરનું ફૂલ.

राजहस्तिन् पु० રાજાનો હાથી.

राजहासक पु० એક જાતનું માછલું, રાજાને હસાવનાર વિદૂષક વિગેરે.

राजातन पु० ચારોળીનું ઝાડ.

राजादन पु० ઉપરનો અર્થ, કેસુડાનું ઝાડ.

राजादनी स्त्री० ક્ષીરિણી વૃક્ષ.

राजाद्रि पु० રાજગરી.

राजाधिराज पु० ચક્રવર્તી રાજા.

राजानुजीविन् पु० રાજસેવક.

राजान्न न० એક જાતનું ધાન્ય, રાજાની માલીકીનું અનાજ.

राजाम्र पु० એક જાતનો આંબો.

राजाम्ल पु० અમ્લવેતસ.

राजार्क पु० ધોળા આકડાનું ઝાડ.

राजार्ह न० અગરચંદન.

राजार्ह त्रि० રાજાને યોગ્ય.

राजार्ह पु० કપૂર.

राजार्हा स्त्री० જાંબુડી.

राजालाबू स्त्री० મીઠી તુંબડી.

राजावर्त પુ૦ એક જાતનું રત્ન, વિરાટ દેશનો હીરો.

राजाहि પુ૦ બે મોઢાવાળો સર્પ.

राजि સ્ત્રી૦ પંક્તિ, રેખા.

राजिका સ્ત્રી૦ પંક્તિ, રેખા, રાઇ.

राजिकाफल પુ૦ ધોળો સરસવ.

राजित ત્રિ૦ શોભેલું.

राजिफल પુ૦ પંડોળાંનો વેલો.

राजिफला સ્ત્રી૦ ચીનાઇ કાકડી.

राजिल પુ૦ ઝેર વિનાનો એક સાપ.

राजिली સ્ત્રી૦ ઝેર વિનાની એક સાપેણ.

राजी સ્ત્રી૦ પંક્તિ, રેખા.

राजीफल પુ૦ પંડોળાંનો વેલો.

राजीफला સ્ત્રી૦ ચીનાઇ કાકડી.

राजीव ન૦ કમળ.

राजीव પુ૦ એક જાતનું હરણ, એક જાતનું માછલું, હાથી, સારસપક્ષી.

राजीवनेत्र ત્રિ૦ કમળસમાન નેત્રવાળું.

राजीवलोचन ત્રિ૦ ઉપરનો અર્થ.

राजीवी સ્ત્રી૦ એક જાતની હરણી, એક જાતની માછલી, હાથણી, સારસ પક્ષિણી.

राजेन्द्र પુ૦ ચક્રવર્તી રાજા, શ્રેષ્ઠ રાજા.

राजेभ પુ૦ રાજાનો હાથી.

राज्ञी સ્ત્રી૦ રાણી, રાજકરનારી સ્ત્રી, સૂર્યની પત્ની, કાંસું.

राज्य ન૦ રાજાપણું, રાજાનું કર્મ, દેશ, લાખ ગામનું અધિપતિપણું.

राज्यक्ता સ્ત્રી૦ રાઇતું.

राज्यच्युत પુ૦ રાજ્યભ્રષ્ટ રાજા.

राज्यधुर् સ્ત્રી૦ રાજ્યભાર.

राज्यधुरा સ્ત્રી૦ રાજ્યભાર.

राज्यभाज् પુ૦ રાજા.

राज्यभ्रष्ट પુ૦ राज्यच्युत જુઓ.

राज्यरक्षा સ્ત્રી૦ રાજ્યનું રક્ષણ.

राज्याङ्ग ન૦ સ્વામી-અમાત્ય-મિત્ર-કિલ્લો-ખજાનો-રાષ્ટ્ર-સૈન્ય-પ્રજા-એ આઠ રાજ્યનાં અંગ.

राटि પુ૦ પક્ષી.

राटि સ્ત્રી૦ યુદ્ધ.

राटी સ્ત્રી૦ યુદ્ધ.

राड પુ૦ ગળીનું ઝાડ.

राडि પુ૦ પક્ષી.

राडि સ્ત્રી૦ યુદ્ધ.

राडी સ્ત્રી૦ યુદ્ધ.

राढ પુ૦ તે નામે એક દેશ.

राढक પુ૦ ઉપરનો અર્થ.

राढा સ્ત્રી૦ એક શહેર, શોભા, સૂક્ષ્મ.

राढीय ત્રિ૦ રાઢ દેશમાં હોનાર-થનાર.

राण ન૦ પાંદડું, મોરનું પીછું.

राति સ્ત્રી૦ દાન, દેવું, આપવું.

रात्रि સ્ત્રી૦ રાત્રિ, હળદર, પિતૃઓનો શુક્લપક્ષરૂપ કાળ, દેવોનો દક્ષિણાયનરૂપ કાળ.

रात्रिकर પુ૦ ચંદ્ર, કપૂર.

रात्रिचर પુ૦ રાક્ષસ.

रात्रिचर ત્રિ૦ રાત્રિમાં વિચરનાર-ફરનાર.

रात्रिचरी સ્ત્રી૦ રાક્ષસી, ઓઝલ પડદે રહેનારી સ્ત્રી.

रात्रिचर्या સ્ત્રી૦ રાત્રિમાં ફરવું તે, રાતનું કામ.

रात्रिज ત્રિ૦ રાત્રિમાં ઉત્પન્ન થનાર.

रात्रिजागर પુ૦ કુતરો, રાત્રે જાગવું.

रात्रिजागर ત્રિ૦ રાત્રે જાગનાર.

रात्रिजागरद પુ૦ માંકડ, મચ્છર, ચાંચડ.

रात्रिजागरी સ્ત્રી૦ કુતરી.

रात्रिञ्चर પુ૦ રાક્ષસ.

रात्रिञ्चर ત્રિ૦ રાત્રે ફરનાર.

रात्रिञ्चरी સ્ત્રી૦ રાક્ષસી.

रात्रिपुष्प ન૦ રાત્રિવિકાસી કમળ-પોયણું.

रात्रिपुष्पिका સ્ત્રી૦ ધોળી જૂઇ.

रात्रिपुष्पी स्त्री० ધોળી જૂઇ.

रात्रिमणि पु० ચંદ્ર, કપૂર.

रात्रिम्मन्य त्रि० રાત્રિ જેવું લાગનાર.

रात्रिराज् पु० ચંદ્ર, કપૂર.

रात्रिवासस् न० અંધારૂં, રાત્રે પહેરવાનું વસ્ત્ર.

रात्रिविगम पु० પ્રભાતકાળ, પરોઢ.

रात्रिविष्लेषगामिन् पु० ચક્રવાક પક્ષી.

रात्रिविश्लेषगामिनी स्त्री० ચક્રવાક પક્ષિણી.

रात्रिवेद पु० કુકડો.

रात्रिवेदिन् पु० કુકડો.

रात्रिवेदिनी स्त्री० કુકડી.

रात्रिवेदी स्त्री० કુકડી.

रात्रिसत्र न० રાત્રે કરવાનો યજ્ઞ.

रात्रिहास पु० ધોળું કમળ.

रात्र्यन्ध त्रि० રાત્રે આંધળું, કાગડો વગેરે.

राद्ध त्रि० સિદ્ધ, તૈયાર, પક્વ, રાંધેલું.

राद्धान्त पु० સિદ્ધાંત, નિશ્ચય.

राध् स्वादि० प० अनिट् સિદ્ધ થવું अ० સિદ્ધ કરવું, તૈયાર કરવું, રાંધવું स०

राध् दिवा० प० अनिट् ઉપર પ્રમાણે.

राध पु० વૈશાખ મહિનો.

राधन न० સાધન, પ્રાપ્તિ, સંતોષ.

राधना स्त्री० પૂજન, પૂજા.

राधरङ्क पु० હળ, ઝીણો વરસાદ.

राधस् न० અન્ન.

राधा स्त्री० વિશાખા નક્ષત્ર, એક ગોપી, પુતળી, કર્ણની પાલક માતા, એક શક્તિ–દેવી.

राधाकान्त पु० શ્રીકૃષ્ણ.

राधातनय पु० કર્ણ.

राधापति पु० શ્રીકૃષ્ણ.

राधापुत्र पु० કર્ણ.

राधासेदिन् पु० અર્જુન.

राधावल्लभ पु० શ્રીકૃષ્ણ.

राधावेधिन् पु० અર્જુન.

राधी स्त्री० વૈશાખ પૂનેમ.

राधेय पु० કર્ણ.

राभस्य न० વેગ, ત્વરા, ઉતાવળ, હીંગળો.

राभस्य पु० આસોપાલવનું ઝાડ.

राम पु० શ્રીરામચંદ્ર, પરશુરામ, બળરામ, ત્રણની સંજ્ઞા, હીંગળો.

राम त्रि० મનોહર, સુંદર, ધોળું, કાળું.

राम न० વાસ્તૂક શાક, કુષ્ઠ ઔષધિ, તમાલપત્ર.

रामक पु० એક વનસ્પતિ.

रामकरी स्त्री० રામકલી રાગણી.

रामकर्पूरक पु० એક જાતનું સુગંધી ઘાસ.

रामकाण्ड पु० न० રામબાણ.

रामगिरि पु० ચિત્રકૂટ પર્વત.

रामचन्द्र पु० શ્રીરામચંદ્ર.

रामच्छर्दनक पु० મીંઢળનું ઝાડ.

रामजनक पु० દશરથ રાજા.

रामजननी स्त्री० કૌસલ્યા, વસુદેવની પત્ની રોહિણી, જમદગ્નિની પત્ની રેણુકા.

रामजयन्ती स्त्री० રામનવમી.

रामठ न० હીંગ.

रामठ पु० અંકોટક વૃક્ષ.

रामठानाडी स्त्री० દીકામારી વનસ્પતિ.

रामठी स्त्री० ઉપરનો અર્થ.

रामण न० પહાડી, લીંબડો, તિન્દુક વૃક્ષ.

रामणीयक न० સુંદરતા, રમણીયતા.

रामणीयक त्रि० સુંદર, રમણીય.

रामतरुणी स्त्री० શેવંતીનું ઝાડ, રામપત્ની સીતા, બળદેવની પત્ની રેવતી.

रामदूत पु० હનુમાન.

रामदूती स्त्री० એક જાતની તુલસી.

रामनवमी स्त्री० ચૈત્ર શુદ નોમ.

रामपूग पु० એક જાતની સોપારીનું ઝાડ.

रामफल न० રામફળ.

रामबाण न० રામબાણ, એક રસ.

रामभद्र पु० શ્રીરામચંદ્ર.

राममित्र न० સુગ્રીવ.

रामलवण न० શાંભારી લવણ.

रामवल्लभ न० ભોજપત્ર.

रामवल्लभ त्रि० રામને પ્રિય

रामवल्लभा स्त्री० સીતા, બળદેવની પત્ની રેવતી.

रामवीणा स्त्री० એક જાતની વીણા.

रामसख पु० સુગ્રીવ.

रामा स्त्री० ગીત વગેરે કળા જાણનારી સ્ત્રી, હરકોઇ સ્ત્રી, નદી, હીંગ, ધોળી ભોરીંગણી, ગૃહકન્યા, આસોપાલવ, ગોરોચના, ગેરૂ, બાલા.

रामाप्रिय पु० તજ.

रामायण न० વાલ્મીકીય એક મહાકાવ્ય.

रामालिङ्गनकाम पु० રકતામ્લાન વૃક્ષ.

रामिल पु० કામદેવ, પતિ, ધણી, સ્વામી, યાર.

रामोपाख्यान न० રામનું આખ્યાન, મહાભારતના વનપર્વનું એક પેટાપર્વ.

राम्भ पु० અમુક કોઈ વ્રતમાં ધારણ કરવાનો વાંસનો દંડ.

रायण न० દુ:ખ, પીડા, અવાજ.

रायभाटी स्त्री० નદીંનો પ્રવાર.

राल पु० રાળ.

रालकार्य पु० સાગનું ઝાડ.

राव पु० શબ્દ, અવાજ.

रावण पु० રાવણ રાક્ષસ.

रावणगङ्गा स्त्री० એક નદી.

रावणनिषूदन पु० શ્રીરામચંદ્ર.

रावणरिपु पु० શ્રીરામચંદ્ર.

रावणशत्रु पु० શ્રીરામચંદ્ર.

रावणहन् पु० શ્રીરામચંદ્ર.

रावणहन्तृ पु० શ્રીરામચંદ્ર.

रावणारि पु० શ્રીરામચંદ્ર.

रावणि पु० રાવણનો મોટો પુત્ર મેઘનાદ.

राश् भ्वा० आ० अ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

राशि पु० ઢગ, ઢગલો, મેષ વગેરે રાશિ, ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ ત્રિરાશિ—પંચરાશિ વગેરે.

राशिकृत त्रि० ઢગલો કરેલ.

राशिचक्र न० બાર રાશિઓનું મંડળ.

राशिभाग पु० રાશિનો ભાગ.

राशिभोग पु० મેષ વગેરે રાશિઓમાં સૂર્ય વગેરે ગ્રહોની અમુક ગતિ.

राशिमण्डल न० राशिचक्र જુઓ.

राशीकरण न० ઢગલો કરવો.

राशीकृत त्रि० ઢગલો કરેલ.

राशीभवन न० ઢગલો થવો.

राशीभूत त्रि० ઢગલો થયેલ.

राष्ट्र न० દેશ, રાજ્ય, ઉપદ્રવ.

राष्ट्रिका स्त्री० ભોરીંગણી.

राष्ट्रिय पु० (નાટ્યભાષામાં-) રાજાનો સાળો, રાજા.

राष्ट्रिय त्रि० રાષ્ટ્ર-દેશમાં હોનાર-થનાર.

राष्ट्रीय त्रि० ઉપરનો અર્થ.

राष्ट्रीय पु० राष्ट्रिय पु० જુઓ.

रास् भ्वा० आ० अ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

रास पु० શબ્દ, અવાજ, કોલાહલ, એક જાતની રમત.

रासक स० એક દૃશ્ય કાવ્ય.

रासभ पु० ગધેડો.

रासभनन्दिनी स्त्री० મોગરાનું ઝાડ.

रासभी स्त्री० ગધેડી.

रासमण्डल न० રાસક્રીડા માટે મંડળ, ગોલોકમાં રાસક્રીડા માટેનું એક આધારસ્થાન.

रासयात्रा स्त्री० કાર્તિકી પૂનેમને દિવસે શ્રીકૃષ્ણનો એક ઉત્સવ.

रासेवास पु० ગોષ્ઠી, મંડળી, રાસ, શૃંગાર, રસસિદ્ધિ, રસાવાસ, પ્રેમ, ઉત્સવ, પરિહાસ.

रासेश्वरी स्त्री० રાધા ગોપી.

रास्ना स्त्री० એક વનસ્પતિ.

राहु पु० ત્યાગ, તજનાર, જ્યોતિશ્ચક્રમાં સૂર્યકિરણનો સ્પર્શ નહિ થવાથી પડતી પૃથ્વીની છાયારૂપ અંધકાર, તે નામે એક ગ્રહ, સિંહિકાનો પુત્ર દાનવ.

राहुग्रस्त त्रि० રાહુએ ગ્રાસ કરેલ.

राहुग्रास पु० ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ.

राहुग्राह पु० ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ.

राहुच्छत्र न० આદુ.

राहुदर्शन न० ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ.

राहुभेदिन् पु० વિષ્ણુ.

राहुमूर्द्धभिद् पु० વિષ્ણુ.

राहुरत्न न० ગોમેદ મણિ.

राहुलसू पु० બૌદ્ધ શાક્યસિંહ.

राहुस्पर्श पु० ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ.

राहुहन् पु० વિષ્ણુ.

राहूच्छिष्ट पु० લસણ.

राहूत्सृष्ट पु० લસણ.

रि तु० प० स० अनिट् જવું.

रिक न० અંતઃકરણ, મન, કાયદો.

रिक्त न० શૂન્ય, વન.

रिक्त त्रि० ખાલી, સૂનું, નિરર્થક.

रिक्तक त्रि० ઉપરના અર્થ.

रिक्तता स्त्री० ખાલીપણું. શૂન્યતા, નિરર્થકપણું.

रिक्तत्व न० ઉપરના અર્થ.

रिक्तपाणि पु० ખાલી હાથ.

रिक्तपाणि त्रि० ખાલી હાથવાળું.

रिक्तभाण्ड न० ખાલી વાસણ.

रिक्तहस्त पु० ખાલી હાથ.

रिक्तहस्त त्रि० ખાલી હાથવાળું, નિર્ધન, દાન વગેરેમાં પુષ્કળ ધન ખર્ચી ખાલી હાથવાળું.

रिक्ता स्त्री० બન્ને પખવાડીયાંની ચોથ નોમ ને ચૌદશ.

रिक्थ न० ધન, વારસો, મિલ્કતનો હિસ્સો.

रिक्थग्राह त्रि० વારસો લેનાર, વારસ.

रिक्थग्राहिन् त्रि० ઉપરનો અર્થ.

रिक्थाद त्रि० વારસ, વારસો લેનાર.

रिक्थिन् त्रि० ઉપરનો અર્થ.

रिक्षा स्त्री० લીખ.

रिंख् भ्वा० प० स० सेट् રિંખવું, જવું.

रिख् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

रिंग् भ्वा० प० स० सेट् જવું.

रिङ्खण न० સ્ખલના પામવી, જવું, રિંખવું.

रिङ्गण न० ઉપરના અર્થ.

रिच् रु० उभ० अ० अनिट् ખાલી કરવું, ખૂબ હગવું अति + અતિ ઉત્કૃષ્ટ થવું, શ્રેષ્ઠ થવું अ० वि + अति + ભેદ પામવો.

रिच् भ्वा० प० स० सेट् સંબંધ પામવો, છૂટા થવું.

रिच् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

रिज् भ्वा० आ० स० सेट् ભુંજવું, શેકવું, તળવું.

रिटि स्त्री० ભડકાનો અવાજ, એક વાદિત્ર, કાળું મીઠું.

रिटि पु० શિવનો એક અનુચર.

रिण्व् भ्वा० प० स० सेट् જવું.

रिद्ध न० પાકેલું ધાન્ય.

रिद्ध त्रि० તૈયાર, સિદ્ધ.

रिधम पु० કામદેવ, વસંત.

रिपु पु० શત્રુ, ચોર નામે ગંધદ્રવ્ય, જ્યોતિષમાં કહેલ લગ્નની અપેક્ષાએ છ સ્થાન, કામક્રોધ વગેરે આભ્યંતર શત્રુઓ.

रिपुघातिन् त्रि० શત્રુને મારનાર.

रिपुघातिनी स्त्री० એક જાતનો વેલો.

रिपुञ्जय त्रि० શત્રુને જીતનાર.

रिपुञ्जय पु० તે નામે એક રાજા.

रिपुता स्त्री० શત્રુપણું, દુશ્મનાઈ.

रिपुत्व न० ઉપરના અર્થ.

रिप्र त्रि० ક્રૂર, ઘાતકી, નીચ.

रिफ् तुदा० प० सेट् હિંસા કરવી, નિંદવું, स० વખાણવું. अ०

रिफ् सौत्र० प० स० सेट् નિંદવું.

रिभ् भ्वा० प० स० सेट् શબ્દ કરવો.

रिम्फ् तुदा० प० स० सेट् વધ કરવો, હણવું.

रिम्फ पु० લગ્ન અપેક્ષાએ બારમું સ્થાન.

रिम्व् भ्वा० प० स० सेट् જવું.

रिरंसा स्त्री० રમવાની ઇચ્છા.

रिरंसु त्रि० રમવા ઇચ્છનાર.

रिरी स्त्री० પિતળ.

रिश् तुदा० प० स० अनिट् હિંસા કરવી, મારી નાખવું.

रिश्य पु० એક જાતનો મૃગ-હરણ.

रिश्या स्त्री० એક જાતની મૃગલી.

रिष् भ्वा० प० स० सेट् વધ કરવો, મારી નાખવું.

रिष्ट न० મંગળ, અશુભ, પાપ, નાશ.

रिष्ट पु० તરવાર, રાતો સરગવો.

रिष्ट त्रि० માંગલિક, અશુભવાળું, પાપી, નાશવંત.

रिष्टक त्रि० ઉપરના અર્થ.

रिष्टक पु० रिष्ट पु० જુઓ.

रिष्टताति त्रि० કલ્યાણકારક.

रिष्टि स्त्री० અશુભ, અમંગળ, એક જાતનું શસ્ત્ર.

रिष्टि पु० તરવાર, છિદ્ર.

रिष्य पु० रिश्य જુઓ.

रिष्या स्त्री० रिश्या જુઓ.

रिष्व त्रि० હણનાર, મારી નાખનાર.

रिह् भ्वा० प० स० सेट् વધ કરવો, મારી નાખવું.

री क्र्या० प० अनिट् જવું, વધ કરવો स० શબ્દ કરવો अ०

रीज्या स्त्री० દયા, લજ્જા.

रीठा स्त्री० રીઠા કરંજવૃક્ષ.

रीठाकरञ्ज पु० તે નામે એક વૃક્ષ.

रीढक पु० પૃષ્ઠવંશ-પાંસળી, પાસળું.

रीढा स्त्री० અવજ્ઞા, અપમાન.

रीण त्रि० સ્રવેલ, ખરેલ, ઝરેલ.

रीति स्त्री० પિતળ, ઝરવું, ખરવુ., ટપકવું, લોઢાનું કીટું, બાળેલા સોના વગેરેનો મેલ, સીમા-હદ, મતિ, બુદ્ધિ, સ્વભાવ, અલંકારશાસ્ત્રપ્રસિદ્ધ ગૌડી વગેરે રચના.

रीतिक न० પુષ્પાંજન.

रीतिका स्त्री० પુષ્પાંજન.

रीतिकुसुम न० પુષ્પાંજન.

रीतिपुष्प न० પુષ્પાંજન.

रीतिहेतु पु० જસત.

रीरी स्त्री० પિતળ.

रीव् भ्वा० उभ० स० सेट् ગ્રહણ કરવું, ઢંકાઈ જવું, અંતર્ધાન થવું.

रु अदा० प० अ० वेट् શબ્દ-અવાજ કરવો.

रु भ्वा० आ० अ० अनिट् વધ કરવો, મારી નાખવું, જવું.

रुक पु० ઉદાર, સખાવત.

रुक्प्रतिक्रिया स्त्री० રોગનો ઉપચાર.

रुक्म न० સોનું, ધંતુરો, લોઢું, નાગકેસર.

रुक्म पु० સોનાનો દાગીનો.

रुक्मकारक पु० સોની.

रुक्मपृष्ठ त्रि० સોનાથી મઢેલ.

रुक्मिणी स्त्री० શ્રીકૃષ્ણની એક સ્ત્રી, સોનામુખી, મીઢી આવળ.

रुक्मिदर्प पु० બળદેવ.

रुक्मिदारिन् पु० બળદેવ.

रुक्मिन् पु० ભીષ્મક રાજાનો મોટો પુત્ર.

रुक्मिन् त्रि० સોનાવાળું.

रुक्मिभिद् पु० બળદેવ.

रुक्सद्मन् न० વિષ્ટા, ગુ.

रुक्ष त्रि० ચીકણું નહિ તે, લૂખું, નિઃસ્નેહ, કઠોર.

रुक्षता स्त्री० લૂખાપણું, કઠોરતા.

रुक्षत्व न० ઉપરના અર્થ.

रुग्ण त्रि० રોગી, ભાંગેલું, વાંકુ.

रुग्णता स्त्री० રોગીપણું, વાંકાઇ.

रुग्णत्व ब० ઉપરના અર્થ.

रुग्दाह पु० સંનિપાત.

रुच् भ्वा० आ० अ० सेट् દીપવું, પ્રકાશવું, પ્રસન્ન થવું, રૂચવું.

रुच् स्त्री० દીપ્તિ, કાંતિ, પ્રકાશ, દીપવું, શોભા, મેના કે પોપટની વાણી, ઇચ્છા, રૂચવું, ગમવું.

रुचक न० સાજીખાર, માંગલિક દ્રવ્ય, ઘોડાનો અલંકાર, માલ્ય, હાર, માળા, સંચળ, મીઠું, બીજોરૂં, ચાખવા લાયક રસ, ગોરોચના, વાવડીંગ, સોનાનું એક જાતનું પાત્ર.

रुचक पु० બીજારાનું ઝાડ, દાંત, સોનામહોર, કબૂતર.

रुचक त्रि० ઉત્કૃષ્ટ, દીપનાર, પ્રકાશનાર, શોભનાર, ગમનાર.

रुचकी स्त्री० કબૂતર માદા.

रुचा स्त्री० रुच् स्त्री० જુઓ.

रुचि स्त्री० અનુરાગ, પ્રીતિ, સ્નેહ, આસક્તિ, સ્પૃહા, અભિલાષ, ઇચ્છા, શોભા, કાન્તિ, દીપ્તિ, પ્રકાશ, કિરણ, ભૂખ, ગોરોચના, એક પ્રકારનું આલિંગન.

रुचि पु० તે નામે એક પ્રજાપતિ.

रुचिकर त्रि० રૂચિકારક, પ્રીતિ કરનાર, સ્નેહ કરનાર, ઇચ્છા કરનાર, પ્રકાશનાર વગેરે.

रुचिकर पु० નારંગીનું ઝાડ.

रुचिता स्त्री० પ્રીતિ, સ્નેહ, આસક્તિ, શોભા, તેજ વગેરે.

रुचित्व न० ઉપરના અર્થ.

रुचिर त्रि० મનોહર, સુંદર, મધુર.

रुचिर न० મૂળો, કેસર, લવીંગ.

रुचिरा स्त्री० ગોરોચના.

रुचिराङ्गद पु० વિષ્ણુ.

रुचिराञ्जन न० સરગવાનું ઝાડ.

रुचिरानन त्रि० સુંદર મુખવાળું.

रुचिरापाङ्ग पु० સુંદર કટાક્ષ.

रुचिरापाङ्गी स्त्री० સુંદર કટાક્ષવાળી સ્ત્રી.

रुचिष्य त्रि० રૂચિકારક, મીઠું વગેરે.

रुची स्त्री० रुचि स्त्री० જુઓ.

रुच्य त्रि० સુંદર, રૂચિ કરનાર.

रुच्य पु० પતિ, સ્વામી, નિર્મલીનું ઝાડ, ડાંગેર ધાન્ય.

रुच्य न० સંચળ.

रुच्यकन्द पु० સુરણ.

रुज् तुदा० प० स० सेट् ભાંગવું, ભરડવું, દુઃખ દેવું.

रुज् चुरा० उभ० स० सेट् હિંસા કરવી, મારી નાખવું.

रुज् स्त्री० રોગ, ભાંગવું, ભંગ, બકરી, કોઢ.

रुजत् त्रि० પીડતું, દુઃખ દેતું, ભાગતું, તોડતું, ભરડતું.

रुजस्कर त्रि० રોગકારક, ઉપદ્રવકારક.

रुजा स्त्री० रुज् स्त्री० જુઓ.

रुजाकर न० કર્મરંગ ફળ.

रुजाकर त्रि० રોગકારક.

रुजाकर पु० વ્યાધિ, રોગ.

रुजापह त्रि० રોગનો નાશ કરનાર.

रुंट् भ्वा० प० स० सेट् ચોરી કરવી, ચોરવું.

रुट् चुरा० उभ० सेट् રોકવું સ० દીપવું, પ્રકાશવું अ०

रुट् भ्वा० आ० सट् દીપવું, अ० સામે મારવું स० ०

रुंठ् भ्वा० प० सेट् જવું, ચોરવું स० મંદ થવું, લૂલા થવું अ०

रुठ् भ्वा० आ० स० से् સામે મારવું.

रुण्ड पु० માથાવિનાનું શરીર–ધડ.

रुण्डिका स्त्री० ઉંબરો, રણભૂમિ, અદ્ભુત શક્તિ, દૂતી.

रुत न० પશુ–પક્ષી વગેરેનો શબ્દ.

रुद् अदा० प० अ० सेट् રડવુ., રોવું.

रुदत् त्रि० રડતું, રોતું.

रुदथ पु० શિષ્ય, કુતરો.

रुदन्तिका स्त्री० એક જાતનો છોડ.

रुदन्तीका स्त्री० ઉપરનો અર્થ.

रुदादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક ધાતુગણ.

रुदित न० રડવું, રોવું.

रुदित त्रि० રડેલ.

रुद्ध त्रि० રોકેલ, ઘેરેલ, અટકાવેલ, અટકેલ.

रुद्र पु० શિવની એક મૂર્તિ, અગ્નિ, અગીઆર રૂદ્ર દેવો, આર્દ્રા નક્ષત્ર, અગીઆરની સંખ્યા.

रुद्रचण्डी स्त्री० એક તંત્રગ્રંથ.

रुद्रज पु० પારો, ગણેશ, કાર્તિકસ્વામી.

रुद्रजटा स्त्री० એક જાતનો વેલો, શિવની જટા.

रुद्रतनय पु० તે નામે એક રાજા, ગણેશ, કાર્તિકસ્વામી.

रुद्रपत्नी स्त्री० દુર્ગા દેવી, અળસી.

रुद्रप्रिया स्त्री० દુર્ગા દેવી, હરડે.

रुद्ररोदन न० સોનું.

रुद्रलता स्त्री० એક જાતનો વેલો.

रुद्रविंशति स्त्री० પ્રભવ વગેરે સાઠ વર્ષો પૈકી છેલ્લાં વીસ વર્ષ.

रुद्रसावर्णि पु० ચૌદ મનુઓ પૈકી બારમો મનુ.

रुद्रसू स्त्री० અગીઆર છોકરાંની મા.

रुद्राक्रीड न० શ્મશાન.

रुद्राक्ष पु० રૂદ્રાક્ષનું ઝાડ.

रुद्राणी स्त्री० દુર્ગા દેવી.

रुद्रारि पु० કામદેવ.

रुद्रावास पु० શ્મશાન, કાશી, કૈલાસ.

रुध् दिवा० आ० स० अनिट् અનુસરવું, ઇચ્છવું. (ઘણું કરી अनु સાથેજ વપરાય છે.)

रुध् रुधा० उभ० द्विक० अनिट् રોકવું, ઘેરવું, પીડવું, ઢાંકવું.

रुधिर न० લોહી, કેસર, એક જાતનો મણિ.

रुधिर पु० મંગળ ગ્રહ, લાલ રંગ.

रुधिर त्रि० લાલ રંગનું, રાતું.

रुधिरपायिन् त्रि० લોહી પીનાર.

रुधिरपायिन् पु० રાક્ષસ.

रुधिरपायिनी स्त्री० રાક્ષસી.

रुप् दिवा० प० स० सेट् આકુળ કરવું.

रुमण्वत् पु० તે નામે એક પર્વત.

रुमा स्त्री० સુગ્રીવ વાનરની સ્ત્રી, જ્યાં મીઠું થાય છે તે એક દેશ.

रुमाभव न० એક જાતનું મીઠું.

रुरु पु० એક જાતનો મૃગ.

रुरुक पु० સૂર્યવંશી એક રાજા.

रुरुत्सा स्त्री० રોકવાની ઇચ્છા.

रुरुत्सु त्रि० રોકવા ઇચ્છનાર.

रुरुदिषत् त्रि० રડવા ઇચ્છતું.

रुरुदिषा स्त्री० રડવાની ઇચ્છા.

रुरुदिषु त्रि० રડવા ઇચ્છનાર.

रुवथु पु० અવાજ, શબ્દ, કુકડો.

रुवु पु० એરંડાનું ઝાડ, લાલ એરંડો.

रुवुक पु० ઉપરના અર્થ.

रुवूक पु० એરંડાનું ઝાડ.

रुश् तुदा० प० स० अनिट् હિંસા કરવી, મારી નાખવું

रुशती स्त्री० અશુભ વાણી.

रुष् भ्वा० प० अ० सेट् रुश् જુઓ.

रुष् दिवा० अ० प० सेट् ક્રોધ કરવો.

रुष् स्त्री० ક્રોધ, કોપ.

रुषा स्त्री० ક્રોધ, કોપ.

रुषित त्रि० કોપેલ, ક્રોધ પામેલ.

रुष्ट त्रि० ઉપરના અર્થ.

रुष्टि स्त्री० ક્રોધ, કોપ.

रुह् भ्वा० प० अ० अनिट् ઉગવું. अधि + ઉપર ચઢવું, आ ચઢવું, अव + ઉતરવું, प्र ઉગવું.

रुह त्रि० ઉત્પન્ન થયેલ, ઉગેલ.

रुहक न० છિદ્ર, બાંકું.

रुहा स्त्री० ધ્રોખડ.

रुहिरुहिका स्त्री० ઉત્કંઠા.

रूक्ष् चु० उभ० अ० सेट् કઠોરતા કરવી, નિઃસ્નેહ થવું.

रूक्ष त्रि० કઠોર, લૂખું, નિઃસ્નેહ.

रूक्ष पु० ઝાડ, એક જાતનું ઘાસ.

रूक्षगन्ध पु० ગુગળ.

रूक्षणात्मिका स्त्री० એક જાતનું ધાન્ય.

रूक्षता स्त्री० લૂખાપણું, કઠોરતા, સ્નેહશૂન્યતા.

रूक्षत्व न० ઉપરના અર્થ.

रूक्षदर्भ पु० એક જાતનો દર્ભ.

रूक्षपत्र पु० શાખોટ વૃક્ષ.

रूक्षप्रिय पु० ઋષભ ઔષધિ.

रूढ त्रि० ઉગેલ, ઉત્પન્ન થયેલ, પ્રસિદ્ધ.

रूढ पु० રૂઢિથી અર્થબોધક શબ્દ.

रूढि स्त्री० જન્મ, ઉત્પત્તિ, પ્રસિદ્ધિ, તે નામે એક શબ્દશક્તિ.

रूढिशब्द पु० રૂઢિથી અર્થબોધક શબ્દ.

रूप् चु० उभ० स० सेट् રૂઢિથી યુક્ત કરવું, હાવભાવથી બતાવવું, ભજવવું. नि + પ્રમાણો મૂકી સ્વરૂપ વગેરે કહેવું, બતાવવું.

रूप न० સ્વભાવ, સૌંદર્ય, પશુ, નામ, શબ્દ, ગ્રંથની આવૃત્તિ, દૃશ્ય કાવ્ય, નાટક વગેરે, શ્લોક, આકાર, ઘાટ, શબ્દ–ધાતુનું રૂપ, ધોળો વગેરે રંગ, એકની સંખ્યાવાળું, બીજગણિતમાં કહેલ અવ્યક્ત રાશીસાથેની વ્યક્ત સંખ્યાવાળું, શબ્દાદિ વિષયોપૈકી એક વિષય.

रूप त्रि० રૂપવાળું, ધોળો વગેરે રંગવાળું.

रूपक न० અભિનયપ્રદર્શક એક દૃશ્ય કાવ્ય–નાટક વગેરે, ધોળો વગેરે રંગ, આદર, આકૃતિ, તે નામે એક અર્થાલંકાર, ત્રણ ચણોઠી બરાબર વજન, રૂપીઓ.

रूपक त्रि० રૂપવાળું, આકૃતિવાળું, મૂર્તિમાન.

रूपक पु० રૂપીઓ, ધોળો વગેરે રંગ.

रूपतत्व न० મૂળ સ્વભાવ.

रूपतन्मात्र न० સાંખ્યાદિમતપ્રસિદ્ધ તેજ પદાર્થનું મૂળકારણ એક સૂક્ષ્મ ભૂત.

रूपतस् अव्य० રૂપથી, રૂપથકી.

रूपधारिन् त्रि० રૂપવાળું, રૂપાળું, સુંદર, બીજો વેશ લેનાર નટ વગેરે.

रूपनाशन त्रि० રૂપનો નાશ કરનાર.

रूपनाशन पु० ઘુવડ.

रूपभृत् त्रि० રૂપ ધારણ કરનાર.

रूपयत् त्रि० બનાવતું, ભજવતું.

रूपलावण्य न० સુંદરતા.

रूपवत् त्रि० રૂપાળું, રૂપવાળું, સુંદર આકારવાળું.

रूपशिख न० કથીર.

रूपाजीवा स्त्री० વેશ્યા.

रूपास्त्र न० કામદેવ.

रूपिका स्त्री० ધોળા આકડાનું ઝાડ.

रूपिन् त्रि० रूपवत् જુઓ.

रूप्य न० રૂપૈયો, અલંકાર વગેરે બનાવવા ટીપાતું સોનું કે રૂપું, ઉપમેય, રૂપું.

रूप्य त्रि० સુંદર.

रूप्याध्यक्ष पु० ખજાનચી.

रूवूक पु० એરંડાનું ઝાડ.

रूष् चु० ઉભ० अ० सेट् ધૂળ વગેરેથી મિશ્ર કરવું.

रूषक पु० અરડુસો.

रूषक त्रि० મિશ્ર કરનાર.

रूषित त्रि० ધૂળ વગેરેથી મિશ્ર કરેલ, ખરડાયેલ, ચીકણું નહિ કરેલ, લૂખું કરેલ.

रे अव्य० નીચ વગેરેને સંબોધન.

रेक् भ्वा० आ० स० सेट् શંકા કરવી.

रेक पु० વિરેચન, રેચ, જુલાબ, શંકા, નીચ, દેડકો.

रेकणस् न० સોનું.

रेका स्त्री० સંદેહ, શક.

रेकी स्त्री० દેડકી.

रेखा स्त्री० અલ્પ, થોડું, છળ, કપટ, આભોગ, વિસ્તાર, તૃપ્તિ, લાંબી રેખા, પંક્તિ, સુમેરૂ અને લંકાની વચેનું સ્થળ.

रेखागणित न० તે નામે એક ગણિતગ્રંથ.

रेखापुर न० લંકા અને સુમેરૂની મધ્ય પ્રદેશનું એક શહેર.

रेचक न० બરતી, પીચકારી, જુલાબ, રેચ, પાતળો થઈ ગુદાદ્વારા નીકળતો મળ.

रेचक पु० નેપાળો, જવખાર, તિલકવૃક્ષ, પ્રાણાયામનો એક ભેદ.

रेचक त्रि० જુલાબ લાવનાર ઔષધ વગેરે.

रेचन न० રેચ, જુલાબ, કોઠાના વાયુને નાકમાંથી બહાર કાઢવો તે.

रेचनक पु० કાંપિલ્લ વૃક્ષ.

रेचना स्त्री० ધોળું નસોતર.

रेचनी स्त्री० કાંપીલ્લ વૃક્ષ, નેપાળો, કાલાંજની.

रेचित त्रि० રેચ આપેલ.

रेचित न० ઘોડાની એક ગતિ.

रेची स्त्री० કાંપિલ્લ વૃક્ષ, અંકોટ.

रेज़् भ्वा० आ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

रेज़् पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

रेजते स्त्री० ઉત્તર દિશા.

रेट् भ्वा० उभ० द्विक० सेट् યાચવું, બોલવું.

रेणु पु० स्त्री० ધૂળ, રજ, પરાગ.

रेणु स्त्री० રેણુકાબીજ, વટાણા.

रेणु पु० પીતપાપડો, વાવડીંગ, ધૂળ.

रेणुक पु० વટાણા.

रेणुका स्त्री० રેણુકાબીજ, વટાણા, જમદગ્નિની પત્ની–પરશુરામની માતા.

रेणुकातनय पु० પરશુરામ.

रेणुकात्मज पु० પરશુરામ.

रेणुकापुत्र पु० પરશુરામ.

रेणुकासुत पु० પરશુરામ.

रेणुकासूनु पु० પરશુરામ.

रेणुरूषित पु० ગધેડો.

रेणुरूषित त्रि० ધૂળથી ખરડાયેલ.

रेणुरूषिती स्त्री० ગધેડી.

रेणुवास पु० ભમરો.

रेणुसार पु० કપૂર.

रेणुसारक पु० કપૂર.

रेतजा स्त्री० રેતી.

रेतन न० પારો, વીર્ય.

रेतस् न० પારો, વીર્ય.

रेत्य न० પુષ્પાંજન, પીતળ.

रेत्र न० વીર્ય, પારો, અમૃત, પટવાસ, સૂતર.

रेप् भ्वा० आ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો अ० જવું स०

रेप त्रि० નિંદિત, ક્રૂર, કૃપણ.

रेफ पु० રકાર, 'ર' અક્ષર, રાગ, શબ્દ, કામ.

रेफ त्रि० નિંદિત, નિંદ્ય.

रेफस् त्रि० ક્રૂર, અધમ, નીચ, દુષ્ટ, કૃપણ.

रेब् भ्वा० आ० सेट् જવું स० કૂદવું. अ०

रेभ् भ्वा० आ० अ० सेट् શબ્દ–અવાજ કરવો

रेभण न० ગાયનું ભાંભરવું.

रेरिहाण पु० મહાદેવ, અસુર, ચોર.
रेव् रेव् જુઓ.
रेवट पु० ભુંડ, વાંસ, વિષવૈદ્ય, વાયડો.
रेवट न० દક્ષિણાવર્ત શંખ.
रेवत पु० બીજોરાનું ઝાડ, ગરમાળો, બળરામનો સસરો એક રાજા.
रेवत त्रि० પૈસાદાર, ધનવાન.
रेवतक पु० કબૂતર.
रेवति स्त्री० કામદેવની એક સ્ત્રી.
रेवती स्त्री० રેવત રાજાની કન્યા–બળરામની પત્ની, સત્યાવીસમું નક્ષત્ર, સત્યાવીસની સંખ્યા, એક માતૃકા, ગાય, એક નદી, દુર્ગા દેવી, રેવતીપદયુક્ત ઋચા, પાંચમા મનુની પત્ની.
रेवतीजानि पु० બળરામ.
रेवतीपति पु० બળરામ.
रेवतीभव पु० શનૈશ્ચર ગ્રહ, રૈવત મનુ.
रेवतीरमण पु० બળરામ.
रेवतीवल्लभ पु० બળરામ.
रेवतीश पु० બળરામ.
रेवत्यादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.
रेवन्त पु० ગુહ્યકોનો અધિપતિ, સૂર્યનો પુત્ર–એક મનુ.
रेवन्तमनु पु० એક મનુ.
रेवन्तमनुसू स्त्री० સૂર્યપત્ની સંજ્ઞા.
रेवा स्त्री० નર્મદા નદી, દુર્ગા દેવી, કામદેવની પત્ની, ગળીનું ઝાડ.
रेष् भ्वा० आ० अ० सेट् ઘોડાનો શબ્દ કરવો, હણહણવું.
रेषण न० હણહણવું.
रेषित न० હણહણવું.
रेषित त्रि० હણહણેલ.
रेष्टृ त्रि० નુકશાન કરનાર, અપકાર કરનાર.
रै भ्वा० प० अ० अनिट् શબ્દ કરવો.
रै पु० ધન, સોનું, શબ્દ.
रैत्य त्रि० પિતળનું, પિતળસંબંધી
रैवत पु० ગિરનાર પર્વત, એક ઝાડ, શિવ, એક દૈત્ય, પાંચમો મનુ, શનૈશ્ચર ગ્રહ.
रैवतक पु० ગિરનાર પર્વત.
रैवतक न० એક જાતનું ઝાડ.
रैवतिक पु० રેવતિનો પુત્ર.
रोक न० વહાણ, છિદ્ર, બાકું.
रोक पु० દીપ્તિ, તેજ, કીંમત આપી ખરીદવું.
रोक त्रि० ચંચળ, ચપળ, ચળ.
रोग पु० વ્યાધિ, રોગ, કુષ્ઠ ઔષધ.
रोगग्रस्त त्रि० રોગી, માંદુ, બીમાર.
रोगघ्न न० ઔષધ, દવા, વૈદ્યકશાસ્ત્ર.
रोगघ्न त्रि० રોગનો નાશ કરનાર.
रोगपति पु० તાવ.
रोगभाज् त्रि० રોગી; રોગવાળું.
रोगभू स्त्री० શરીર.
रोगराज पु० ક્ષયરોગ.
रोगलक्षण न० રોગનું લક્ષણ–નિદાન.
रोगशान्ति स्त्री० રોગની શાન્તિ.
रोगशिला स्त्री० મણસીલ.
रोगह न० ઔષધ, દવા.
रोगहन् पु० વૈદ્ય, ડોકટર, હકીમ.
रोगहन् त्रि० રોગનો નાશ કરનાર.
रोगहर त्रि० ઉપરનો અર્થ.
रोगहर पु० रोगहन् पु० જુઓ.
रोगहर्तृ पु० વૈદ્ય વગેરે.
रोगहर्तृ त्रि० રોગનો નાશ કરનાર.
रोगहारिन् पु० रोगहन् पु० જુઓ.
रोगहारिन् त्रि० રોગનો નાશ કરનાર.
रोगान्तक त्रि० ઉપરનો અર્થ.
रोगान्तक पु० વૈદ્ય વગેરે.
रोगान्वित त्रि० રોગી.
रोगायतन न० શરીર.

रोगार्त्त त्रि० રોગથી પીડાતું.

रोगिणी स्त्री० રોગી સ્ત્રી.

रोगितरु पु० આસોપાલવ.

रोगिता स्त्री० રોગીપણું.

रोगित्व न० રોગીપણું.

रोगिन् त्रि० રોગવાળું, રોગી.

रोग्य त्रि० રોગના હિતનું કુપથ્ય વગેરે, રોગનું, રોગ સંબંધી.

रोचक त्रि० રૂચિકારક.

रोचन पु० ભૂખ, કેળ; ડુંગળી, ચાટણ ઔષધ વગેરે.

रोचन पु० એક જાતના શીમળાનું ઝાડ, ધોળો સરગવો, ડુંગળી, દાડમ, કરંજવૃક્ષ, ગરમાળો, અંકોઠ વૃક્ષ.

रोचन त्रि० રૂચિકારક.

रोचनक पु० બીજોરાનું ઝાડ.

रोचनफल पु० બીજોરાનું ઝાડ.

रोचनफला स्त्री० ચીભડાનો વેલો.

रोचना स्त्री० ઉત્તમ સ્ત્રી, ગોરોચન, રાતું કમળ.

रोचनिका स्त्री० શુંડારોચન, વંશરોચન.

रोचनी स्त्री० મણસીલ, ગોરોચના આમળી, શુંડારોચન, ધોળું નસોતર, એક ગંધદ્રવ્ય.

रोचमान त्रि० દીપતું, પ્રકાશતું, રૂચિયુક્ત.

रोचमान पु० ઘોડાની ડોકે રૂંવાટાનું આવર્ત.

रोचिष्णु त्रि० પ્રકાશમાન, તેજસ્વી.

रोचिस् न० પ્રભા, તેજ, કાંતિ.

रोची स्त्री० हिलमोचीका જુઓ

रोच्य त्रि० પ્રકાશયોગ્ય, પ્રીતિવિષય.

रोटिका स्त्री० રોટલી.

रोड् भ्वा० प० स० सेट् અનાદર કરવો.

रोदन न० રડવું, રોવું, આંસુ.

रोदनिका स्त्री० એક જાતનું ઘાસ.

रोदनी स्त्री० ધમાસો વનસ્પતિ.

रोदस् न० સ્વર્ગ, ભૂમિ.

रोदसी स्त्री० પૃથ્વી.

रोदसी स्त्री० द्वि० આકાશ અને પૃથ્વી.

रोदिका स्त्री० લાજાળુ વનસ્પતિ.

रोध पु० રોકવું, અટકાવવું, અટકાવ, ઘેરો, નદીનો કીનારો.

रोधन न० રોકવું, અટકાવવું, અટકાવ.

रोधन त्रि० અટકાવનાર, રોકનાર.

रोधन पु० બુધ ગ્રહ.

रोधवक्रा स्त्री० નદી.

रोधस् न० નદી વગેરેનો કીનારો.

रोधोवक्रा स्त्री० નદી.

रोध्र न० પાપ, અપરાધ.

रोध्र पु० લોધરનું ઝાડ.

रोध्रक पु० લોધરનું ઝાડ.

रोध्रपुष्प पु० મહુડાનું ઝાડ.

रोध्रपुष्पिणी स्त्री० ધાવડીનું ઝાડ.

रोध्रशुक्र पु० એક જાતનો ભાત.

रोप पु० બાણ, રોપવું, વાવવું.

रोप न० છિદ્ર, બાકું.

रोपक त्रि० રોપનાર, વાવનાર.

रोपण न० રોપવું, વાવવું, ઉત્પન્ન કરવું, એક જાતનું અંજન, મોહ પમાડવો, અન્યથા વસ્તુનું અન્યથા જ્ઞાન, મૂકવું, સ્થાપવું.

रोपणीवर्ति स्त्री० એક નેત્રાંજનવટી.

रोपित त्रि० રોપેલ, વાવેલ, મૂકેલ, સ્થાપેલ, આરોપેલ.

रोम पु० છિદ્ર, બાકું.

रोम न० પાણી, રૂવાડું, રોમ શહેર.

रोमक न० રોમ શહેર, એક જાતનું લવણ, લોહચુંબક.

रोमकन्द पु० ડુંગળી.

रोमकपत्तन न० રોમ શહેર,

रोमकर्णक पु० સસલો.

रोमकर्णकी स्त्री० સસલી.

रोमकूप पु० રૂવાટાંનું છિદ્ર.

रोमकेसर न० ચામર.

रोमगुच्छ पु० ચામર.

रोमगुच्छक पु० ચામર.

रोमन् न० રૂવાટું.

रोमन्थ पु० પશુઓનું વાગોળવું.

रोमभूमि स्त्री० ચામડી, ચામડું.

रोमराजि स्त्री० નીચેનો શબ્દ જુઓ.

रोमलता स्त्री० રૂવાટાંની પંક્તિ, ડુંટી સુધી જનારી રૂવાટાંની પંક્તિ.

रोमवत् त्रि० રૂવાટાંવાળું.

रोमविकार पु० રૂવાટાં ખડાં થઈ જાય છે તે.

रोमविक्रिया स्त्री० ઉપરનો અર્થ.

रोमश पु० બકરો, ઘેટો, ભુંડ, કુંભી જુઓ, पिण्डालु જુઓ.

रोमश त्रि० રૂવાટાંવાળું.

रोमशी स्त्री० બકરી, ઘેટી, ભુંડણી.

रोमहर्ष पु० रोमविकार જુઓ.

रोमहर्षण न० ઉપર પ્રમાણે.

रोमहर्षण पु० તે નામે એક મુનિ.

रोमाञ्च पु० रोमविकार જુઓ.

रोमाञ्चित त्रि० જેનાં રૂવાં ખડાં થયાં હોય તે.

रोमाली स्त्री० જુવાની, યૌવન, રૂવાટાંની પંક્તિ.

रोमालु पु० पिण्डालु જુઓ.

रोमालु त्रि० રૂવાટાંવાળું,

रोमालुविटपिन् स्त्री० कुम्भी જુઓ.

रोमावलि स्त्री० रोमलता જુઓ.

रोमावली स्त्री० ઉપર પ્રમાણે.

रोमोद्भव पु० रोमविकार જુઓ.

रोमोद्भेद पु० ઉપર પ્રમાણે.

रोरुदा स्त्री० અતિશય રડવું.

रोरुदावत् त्रि० અત્યંત રડનાર.

रोरुद्यमान त्रि० અત્યંત રડતું.

रोल पु० પાણીઆંબળું, સુંઠ.

रोलम्ब पु० ભમરો, સુકી જમીન.

रोलम्बी स्त्री० ભમરી.

रोष पु० ક્રોધ.

रोषण पु० પારો, કસોટીનો પથ્થર, ખાર જમીન.

रोषण त्रि० ક્રોધી સ્વભાવનું.

रोषणता स्त्री० ક્રોધી સ્વભાવપણું.

रोषणत्व न० ઉપરનો અર્થ.

रोषवाह त्रि० ક્રોધાયમાન થયેલ.

रोष्टृ त्रि० ક્રોધ કરનાર.

रोह पु० અંકુર, ઉગવું, ચઢવું.

रोह त्रि० ઉગનાર, ચઢનાર.

रोहक त्रि० ઉપરના અર્થ.

रोहण पु० એક વૃક્ષ.

रोहण न० પ્રકટ થવું, વીર્ય, ચઢવું, ઉગવુ.

रोहणद्रुम पु० ચંદન વૃક્ષ.

रोहन्त पु० એક વૃક્ષ, ઝાડ, એક લતા.

रोहन्ती स्त्री० વેલો.

रोहि पु० વૃક્ષ, બી.

रोहि त्रि० ધાર્મિક.

रोहिण न० દિવસના પંદર વિભાગમાંથી નવમો ભાગ, રોહિણી જેનો દેવ હોય તે.

रोहिण पु० વડનું ઝાડ, રોહિડાનું ઝાડ, એક જાતનું ઘાસ.

रोहिणिका स्त्री० ક્રોધથી લાલ થયેલી સ્ત્રી.

रोहिणी स्त्री० ગાય, ચોથું નક્ષત્ર, વસુદેવની પત્ની-બળદેવની માતા, વીજળી, કડવી તુંબડી, લાલ રંગની સ્ત્રી, હરડે, મજીઠ, કાશ્મરી, નવ વર્ષની કન્યા, સુરભિ કન્યા, એક જાતનો ગળાંનો રોગ.

रोहिणीज पु० બળદેવ.

रोहिणीतनय पु० બળદેવ.

रोहिणीतनूज पु० બળદેવ.

रोहिणीनाथ पु० ચંદ્ર, કપૂર, વસુદેવ.

रोहिणीपति पु० ઉપરના અર્થ.

रोहिणीपुत्र पु० બળદેવ.

रोहिणीवल्लभ पु० रोहिणीनाथ જુઓ.

रोहिणीव्रत न० રોહિણી નક્ષત્રયુક્ત આઠમે કરવાનું વ્રત.

रोहिणीशकट न० ગાડા જેવું રોહિણી નક્ષત્ર.

रोहिणीसुत पु० બળદેવ.

रोहिणीसूनु पु० બળદેવ.

रोहिणीस्वामिन् पु० रोहिणीनाथ જુઓ.

रोहित् पु० સૂર્ય, આકડાનું ઝાડ, લાલ રંગ, એક જાતનું માછલું.

रोहित न० લોહી, કેસર, ઇન્દ્રધનુષ.

रोहित पु० રોહિડાનું ઝાડ, એક માછલું, લાલ રંગ, એક જાતનો મૃગ.

रोहित त्रि० લાલ રંગનું.

रोहितक पु० રોહિડાનું ઝાડ.

रोहिताश्व पु० અગ્નિ.

रोहितिका स्त्री० લાલ રંગની સ્ત્રી.

रोहिती स्त्री० એક જાતનો વેલો, મૃગલી.

रोहितेय पु० રોહિડાનું ઝાડ.

रोहिन् पु० રોહિડાનું ઝાડ, વડનું ઝાડ, પીપળાનું ઝાડ.

रोहिन् त्रि० ઉગનાર, વધનાર, ચઢનાર.

रोहिष पु० એક જાતનું ઘાસ.

रौक्ष्य न० કઠોરતા, લૂખાપણું.

रौचनिक त्रि० રોચનાથી રંગેલ.

रौच्य पु० તેરમો મનુ.

रौट् भ्वा० प० स० सेट् અનાદર કરવો.

रौड् ઉપર જુઓ.

रौद्र न० સૂર્યનો તાપ, ઉગ્ર રસ.

रौद्र त्रि० ભયંકર, ઉગ્ર રસવાળું.

रौद्र पु० સાહિત્યપ્રસિદ્ધ એક રસ.

रौद्री स्त्री० દુર્ગા દેવી રૂદ્રજટા વૃક્ષ.

रौप्य न० રૂપું.

रौप्यमय त्रि० રૂપાનું, રૂપાસંબંધી.

रौम न० એક જાતનું લવણ.

रौमक न० ઉપરનો અર્થ.

रौरव पु० તે નામે એક નરક.

रौरव न० સામવેદનો અમુક ભાગ.

रौरव त्रि० ચંચળ, ધૂતારૂં, ભયંકર.

रौहिण पु० ચંદન વૃક્ષ. रोहिण पु० જુઓ.

रौहिणेय पु० બુધ ગ્રહ, બળરામ, ગાયનો વાછડો, શનૈશ્ચર ગ્રહ.

रौहिणेय न० મરકત મણિ–લીલમ.

रौहिणेयी स्त्री० ગાયની વાછડી.

रौहिष न० એક જાતનું ઘાસ.

रौहिष पु० એક જાતનો મૃગ, એક જાતનું માછલું.

रौहिषी स्त्री० દૂર્વા–ધ્રોખડ, એક જાતની મૃગલી.

ल.

ल् વ્યંજનોમાં અઠાવીસમો.

ल् पु० લઘુ અક્ષર, ધાતુના દશ કાળ.

ल पु० ઇન્દ્ર, લઘુ અક્ષર.

ल न० તંત્રપ્રસિદ્ધ એક મંત્ર.

लक् चु० उभ० स० सेट् સ્વાદ લેવો, ચાખવું, પ્રાપ્ત થવું, મેળવવું.

लक न० લલાટ, કપાળ.

लकच पु० એક જાતનું ઝાડ.

लकुच पु० ઉપરનો અર્થ.

लक्तक पु० અલતો, જીર્ણ વસ્ત્રનો ટુકડો.

लक्तकर्मन् पु० લાલ લોધરનું ઝાડ.

लक्तिका स्त्री० ઘો.

लक्ष् चु० उभ० स० सेट् જોવું, તપાસવું, આંકવું, નિશાનમાં લેવું, તાકવું.

लक्ष न० પદ, ચિન્હ, વ્યાજ, બાણનું લક્ષ્ય-નિશાન, એક લાખની સંખ્યા.

लक्षक पु० લક્ષણાથી અર્થબોધક શબ્દ.

लक्षण न० ચિન્હ, લક્ષણ, નીશાની, સ્વરૂપ, વ્યવહારમાં ઉપયોગી નામ.

लक्षण न० વ્યાકરણ વગેરેનું સૂત્ર.

लक्षण पु० સ્વરૂપપ્રતિપાદક શબ્દ, સારસ પક્ષી.

लक्षणा स्त्री० તે નામે એક શબ્દશક્તિ, સારસ-માદા. હંસ-માદા, એક અપ્સરા.

लक्षा स्त्री० લાખની સંખ્યા.

लक्षित त्रि० જાણેલ, અનુમાન કરેલ.

लक्षित पु० લક્ષણાથી, જણાયેલ અર્થ, લક્ષણાશ્રય લક્ષક શબ્દ.

लक्षितलक्षणा स्त्री० તે નામે એક લક્ષણા.

लक्ष्मण पु० રામનો ભાઇ લક્ષ્મણ.

लक्ष्मण न० ચિન્હ નામ.

लक्ष्मण त्रि० મુખ્ય, પ્રધાન. ભાગ્યવાન.

लक्ष्मणप्रसू स्त्री० લક્ષ્મણની માતા સુમિત્રા.

लक्ष्मणा स्त्री० સારસ પક્ષિણી, ધોળી ભોંરીંગણી, એક ઔષધ લક્ષ્મણાકંદ, દુર્યોધનની પુત્રી,

लक्ष्मन् न० ચિન્હ, નીશાની. પ્રધાન.

लक्ष्मी स्त्री० વિષ્ણુની પત્ની, શોભા, કાંતિ, સંપત્તિ, ઋદ્ધિ ઔષધિ, વૃદ્ધિ નામે ઔષધિ, ફલિની વૃક્ષ, સ્થલપદ્મિની, હળદર, ખીજડી, મોતી, દ્રવ્ય, પીડા, વેશ્યા.

लक्ष्मीकान्त पु० વિષ્ણુ, રાજા.

लक्ष्मीगृह न० લક્ષ્મીનું ઘર, લાલ કમળ.

लक्ष्मीज पु० लक्ष्मीपुत्र જુઓ.

लक्ष्मीजनार्दन न० એક શાલગ્રામ.

लक्ष्मीतनय पु० लक्ष्मीपुत्र જુઓ.

लक्ष्मीतनूज पु० लक्ष्मीपुत्र જુઓ.

लक्ष्मीनारायण न० એક શાલગ્રામ.

लक्ष्मीनृसिंह न० એક શાલગ્રામ.

लक्ष्मीपति पु० વિષ્ણુ, રાજા, લવિંગ, સોપારીનું ઝાડ.

लक्ष्मीपुत्र पु० કામદેવ, ઘોડો, કુશ લવ, એક ગંધર્વ.

लक्ष्मीपुष्प पु० પદ્મરાગ મણિ. માણેક.

लक्ष्मीफल पु० બીલીનું ઝાડ.

लक्ष्मीवत् पु० ફણસનું ઝાડ, ધોળા રોહિડાનું ઝાડ.

लक्ष्मीवत् त्रि० લક્ષ્મીવાળું. પૈસાદાર, ધનવાન, શ્રીમંત.

लक्ष्मीश पु० વિષ્ણુ, રાજા, આંબાનું ઝાડ.

लक्ष्मीसमाह्वया स्त्री० સીતા.

लक्ष्मीसहज पु० ચંદ્ર, કપૂર, ઉચ્ચૈઃશ્રવા ઘોડો.

लक्ष्मीसुत पु० लक्ष्मीपुत्र જુઓ.

लक्ष्मीसूनु पु० लक्ष्मीपुत्र જુઓ.

लक्ष्य न० નીશાન, બાણનું લક્ષ્ય.

लक्ष्य पु० લક્ષણાબોધ્ય અર્થ.

लक्ष्य त्रि० જાણવા યોગ્ય, ઉદ્દેશ્ય, અનુમાન કરવા યોગ્ય.

लक्ष्यासन न० એક જાતનું આસન.

लंख् भ्वा० प० स० सेट् જવું.

लख् भ्वा० प० स० सेट् જવું.

लंग् भ्वा० प० स० सेट् જવું.

लग् भ्वा० प० स० सेट् લંગડા થવું, લૂલા થવું. अ० જવું स०

लग् भ्वा० प० स० सेट् વળગવું, લાગવું.

लग् चु० उ० स० सेट् સ્વાદ લેવો, પામવું,

लगड त्रि० સુંદર.

लगित त्रि० લાગેલ, વળગેલ.

लगुड पु० લાડી, લાકડી, ધોકો.

लगुर पु० ઉપરના અર્થ.

लगुल पु० लगुड જુઓ.

लग्न न० મેષ વગેરે રાશિઓનો ઉદય.

लग्न त्रि० લાગેલ, વળગેલ, જોડાયેલ, લાજેલ, શરમાયેલ.

लग्न पु० સ્તુતિપાઠક, ભાટ.

लग्नक पु० સાક્ષી, જામીન.

लग्निका स्त्री० જેને અટકાવ આવતો નથી તેવી કન્યા.

लंघ् स्वा० आ० सेट् લાંઘવું, ભૂખ્યા રહેવું અ૦ મર્યાદા ઓળંગવી, જવું. ઓળંગવું. સ૦

लंघ् भ्वा० प० स० सेट् શોક પામવો.

लंघ् चु० उभ० अ० सेट् પ્રકાશવું.

लघ् चु० उभ० स० सेट् સ્વાદ લેવો, ચાખવું, મેળવવું,પામવું.

लघट पु० વાયુ.

लघटि पु० વાયુ.

लघिमन् पु० હલકાઇ, લઘુતા. એક ઐશ્વર્ય.

लघिष्ठ त्रि० અતિશય લઘુતાવાળું, ઘણુંજ હલકું.

लघीयस् त्रि० ઉપરના અર્થ.

लघु न० શીઘ્ર, જલદી, કાળું અગર, સુગંધી વાળો-ખસ.

लघु त्रि० હલકું, ટુંકું; મનોહર, સુંદર, નિઃસાર.

लघु स्त्री० પૃક્કા ઔષધિ, લઘુતાવાળી સ્ત્રી.

लघु पु० હ્રસ્વ અક્ષર, જ્યોતિષપ્રસિદ્ધ પુષ્ય વગેરે નક્ષત્ર.

लघुकाय पु० બકરો.

लघुकाय पु० न० નાનું-હલકું શરીર.

लघुकाया स्त्री० બકરી.

लघुकाश्मर्य पु० કાયફળનું ઝાડ.

लघुगण पु० અશ્વિની-પુષ્ય-હસ્ત-નક્ષત્ર

लघुगर्ग पु० એક જાતનું માછલું.

लघुचन्दन न० કાળું અગર.

लघुचिर्भिटा स्त्री० એક જાતની કાકડી.

लघुचेतस् त्रि० હલકા ક્ષુદ્ર મનવાળું,

लघुता स्त्री० હલકાઇ, ક્ષુદ્રતા, નાનપણ.

लघुत्व न० ઉપરના અર્થ.

लघुदन्ती स्त्री० ક્ષુદ્ર દન્તી વૃક્ષ.

लघुदुन्दुभि पु० નાનું નગારૂં.

लघुद्राक्षा स्त्री० એક જાતની દ્રાક્ષ.

लघुनामन् पु० અગર ચંદન.

लघुपत्रक पु० એક જાતનો વેલો.

लघुपत्री स्त्री० પીપળાનું ઝાડ.

लघुपुष्प पु० એક જાતના કદંબનું ઝાડ.

लघुबदर पु० ચણી બોરનું ઝાડ.

लघुबदरी स्त्री० એક જાતની બોરડી.

लघुब्राह्मी स्त्री० એક જાતની બ્રાહ્મી.

लघुमन्थ पु० ક્ષુદ્ર અગ્નિમંથ વૃક્ષ.

लघुलय न० સુગંધી વાળો-ખસ.

लघुसदाफला स्त्री० એક જાતના ઉંબરાનું ઝાડ.

लघुहस्त पु० બાણ ફેંકવામાં ઝડપદાર હાથવાળો.

लघुहेमदुग्धा स्त्री० ઉપરનો અર્થ.

लघूकृत त्रि० હલકું કરેલ.

लघूदुम्बरिका स्त्री० એક જાતના ઉંબરાનું ઝાડ.

लघ्वाशिन् त्रि० અલ્પાહારી, થોડું ખાનાર, હલકું ખાનાર

लघ्वाहार पु० હલકો આહાર-ખોરાક.

लघ्वी स्त्री० ટુંકી, નાની, પૃક્કા વનસ્પતિ.

लङ्का स्त्री० એક શહેર, વેશ્યા, શાખા.

लङ्कादाहिन् पु० હનુમાન.

लङ्काधिप पु० રાવણ, કુબેર.

लङ्काधिपति पु० રાવણ, કુબેર.

लङ्कानाथ पु० રાવણ, કુબેર.

लङ्काप पु० રાવણ, કુબેર.

लङ्कापति पु० રાવણ, કુબેર.

लङ्कापिका स्त्री० પૃક્કા વનસ્પતિ.

लङ्कायिका स्त्री० ઉપરનો અર્થ.

लङ्कास्थायिन् पु० લંકામાં એક ઝાડ.

लङ्कास्थायिन् त्रि० લંકામાં રહેનાર.

लङ्केश पु० રાવણ. કુબેર.

लङ्केश्वर पु० રાવણ, કુબેર.

लङ्कोपिका स्त्री० પૃક્કા વનસ્પતિ.

लङ्घनी स्त्री० લગામની કડી.

लङ्ग पु० સંગ, વ્યભિચારી પુરૂષ.

लङ्घन न० લાંઘણ, લાંઘવું, ભોજન નહિ કરવું તે, ઓળંગીને જવું, ઓળંગવું, કૂદવું, ખેંચવું, ખેડવું, અપમાન કરવું.

लङ्घना स्त्री० ઉપરના અર્થ.

लङ्घनीय त्रि० ઓળંગવા યોગ્ય, લાંઘવા યોગ્ય.

लङ्घित त्रि० ઓળંગેલ, લાંઘેલ.

लच्छ् भ्वा० प० स० सेट् ચિન્હ કરવું.

लंज् भ्वा० प० स० सेट् તિરસ્કાર કરવો.

लंज् चु० उभ० स० सेट् બોલવું, હિંસા કરવી, દેવું स० સમર્થ થવું, રહેવું अ०

लज् भ्वा० आ० अ० सेट् લાજવું, શરમાવું

लज् चु० उभ० अ० सेट् ભાસવું, દીપવું.

लजकारिका स्त्री० રીસામણીનો વેલો.

लज्जत् त्रि० લાજતું, શરમાતું.

लज्जमान त्रि० ઉપરના અર્થ.

लज्जा स्त्री० લાજ, શરમ, રીસામણીનો વેલો.

लज्जाकर त्रि० શરમાવે તેવું, શરમાવનાર.

लज्जाकारिन् त्रि० ઉપરના અર્થ.

लज्जान्वित त्रि० લાજવાળું, શરમાળ.

लज्जारहित त्रि० લાજવગરનું, બેશરમ.

लज्जालु स्त्री० રીસામણીનો વેલો.

लज्जालु त्रि० શરમાળ.

लज्जावत् त्रि० લાજવાળું, શરમાળ.

लज्जाशील त्रि० ઉપરના અર્થ.

लज्जाहीन त्रि० નિર્લજ્જ, બેશરમ.

लज्जित त्रि० લાજેલ, શરમાયેલ.

लज्जिरी स्त्री० રીસામણીનો વેલો.

लज्ज्या स्त्री० લાજ, શરમ.

लञ्च पु० લાંચ, રૂશ્વત.

लञ्चा स्त्री० લાંચ, રૂશ્વત.

लञ्ज् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

लञ्ज पु० પગ, પૂછડું, कच्छु જુઓ.

लञ्जा स्त्री० વેશ્યા, લક્ષ્મી, પ્રવાહ.

लञ्जिका स्त्री० વેશ્યા.

लट् भ्वा० प० सेट् બાળપણ કરવું अ० બોલવું, કહેવું द्विक०

लट पु० પ્રમાદવચન, દોષ, એક રાગ.

लटक पु० દુર્જન.

लटपर्ण न० તજ.

लटभ त्रि० સુંદર.

लटा स्त्री० એક જાતના કરમદાનું ઝાડ, એક જાતનું વાદિત્ર, ગામનો ચકલો, કસુંબો, ભમરો, એક પક્ષી.

लट्ट पु० દુર્જન.

लट्व पु० એક જાતનું કરમદાનું ઝાડ, ચકલો, ઘોડો.

लट्वा स्त्री० ચકલી, ઘોડી, કસુંબો, ભમરો.

लंड् चु० उभ० स० सेट् ઉંચે ફેંકવું, બોલવું, द्विक०

लंड् भ्वा० प० स० सेट् ઉંચે ફેંકવું, બોલવું द्विक०

लड् भ्वा० प० अ० सेट् વિલાસ કરવો, રમવું, જીભ ભરાબર કાઢી હલાવવી.

लड् भ्वा० प० अ० सेट् પીડવું, દુઃખ દેવું.

लड् चु० उभ० स० सेट् અત્યંત પાળવું, લાડ લડાવવાં.

लड् चु० उभ० स० सेट् ફેંકવું.

लड् चु० उभ० स० सेट् વ્યાપવું.

लडह त्रि० સુંદર, મનોહર.

लड्डु त्रि० દુર્જન.

लड्डु पु० લાડુ.

लड्डुक पु० લાડુ.

लण्ड न० વિષ્ટા, લાદ.

लण्ड्र पु० લંડન-દેશ.

लण्ड्रज त्रि० લંડનમાં જન્મેલ.

लत् सौत्र० प० स० सेट् આઘાત કરવો.

लता स्त्री० વેલ, વેલો, શાખા, કાંગ, પૃક્કા વનસ્પતિ, અસનપર્ણી, માલકાંકણી, શારિવા ઔષધિ, ધ્રોખડ, મોગરો.

लताकरञ्ज पु० એક જાતનું કરંજ વૃક્ષ.

लताकस्तूरिका स्त्री० એક જાતનો વેલો.

लताजिह्व पु० સર્પ.

लताजिह्वी स्त्री० સાપેણ.

लतातरु पु० તાડનું ઝાડ, નારંગીનું ઝાડ, સાગનું ઝાડ.

लताद्रुम पु० ઉપરના અર્થ.

लतापनस पु० તરબુચનો વેલો.

लतापृक्का स्त्री० એક શાક.

लताप्रतान पु० લતાનો તંતુ, લતાનો ફેલાવ.

लताप्रतानिनी स्त्री० વેલ.

लताफल न० પંડોળું.

लतामणि पु० પરવાળું.

लतामरुत् स्त्री० પૃક્કા વનસ્પતિ.

लतामाधवी स्त्री० માધવી લતા.

लतामृग पु० વાનર, વાંદરો.

लतामृगी स्त्री० વાંદરી.

लतायष्टि स्त्री० મજીઠ.

लतायावक न० પરવાળું.

लतार्क पु० લીલી ડુંગળી.

लतालक पु० હાથી.

लतावेष्ट पु० એક જાતનું આલિંગન.

लतावेष्टितक न० ઉપરનો અર્થ.

लताशंख पु० સાગનું ઝાડ.

लतिका स्त्री० વેલો.

लप् भ्वा० प० द्विक० सेट् બોલવું.

लपन न० મુખ, બોલવું, કહેવું.

लपित त्रि० બોલેલ, કહેલ.

लपित न० બોલવું, કહેવું.

लप्सिका स्त्री० લાપસી, લાવસી.

लम्ब् भ्वा० आ० सेट् આશ્રય લેવો, લટકવું સ૦ શબ્દ કરવો અ૦

लब्ध त्रि० મેળવેલ, પામેલ.

लब्ध न० લાભ, મેળવવું, પામવું.

लब्धजन्मन् त्रि० જન્મેલું, જન્મ પામેલું.

लब्धधन त्रि० મેળવેલા ધનવાળું.

लब्धवर्ण पु० વિદ્વાન, પંડિત.

लब्धविद्य त्रि० ભણેલ, વિદ્યા પામેલ.

लब्धा स्त्री० એક નાયિકા.

लब्धि स्त्री० પ્રાપ્તિ, અમુક ઐશ્વર્ય, નફો, ભાગાકાર.

लंभ् भ्वा० आ० सेट् શબ્દ કરવો અ૦

लंभ् भ्वा० आ० स० अनिट् મેળવવું, પામવું आ + સ્પર્શ કરવો, વધ કરવો, उप + જાણવું. उप + आ+ઠપકો દેવો, તિરસ્કારવું.

लभस न० ઘોડાને પગે બાંધવાનું દોરડું.

लभ्य त्रि० પ્રાપ્ત કરવા યોગ્ય, મેળવવા યોગ્ય, ન્યાય ભરેલું, યોગ્ય.

लमक पु० છીનાળવો, વ્યભિચારી.

लम्पट पु० પરસ્ત્રીમાં લુબ્ધ, આસક્ત.

लम्पटता स्त्री० લંપટપણું, આસક્તિ.

लम्पटत्व न० ઉપરના અર્થ.

लम्पाक पु० તે નામે એક દેશ.

लम्पापटह पु० એક જાતનું નગારું.

लम्ब पु० નટ, નટવો, કાન્ત, અંગ, લાંચ, રૂષ્વત, અંકશાસ્ત્રમાં કહેલ ત્રણ ભુજાવાળા ક્ષેત્ર વગેરેમાં ભુજાની અને કર્ણની વચ્ચે લટકતું સૂત્ર.

लम्बकर्ण पु० બકરો, હાથી, રાક્ષસ, બાઝ પક્ષી, લાંબો-લટકતો કાન; અંકોટ વૃક્ષ.

लम्बकर्ण त्रि० લાંબા કાનવાળું, લટકતા કાનવાળું.

लम्बकर्णी स्त्री० બકરી, હાથણી, રાક્ષસી, બાઝ પક્ષિણી.

लम्बकेश पु० લાંબા કેશ, લટકતા કેશ.

लम्बकेश त्रि० લાંબા કેશવાળું, લટકતા કેશવાળું.

लम्बदन्त पु० લાંબો દાંત.

लम्बदन्त त्रि० લાંબા દાંતવાળું.

लम्बदन्ता स्त्री० એક જાતની પીપર.

लम्बन न० નાભિસુધી લટકતી માળા-હાર વગેરે, આશ્રય લેવો.

लम्बबीजा स्त्री० એક જાતની પીપર.

लम्बमान त्रि० લટકતું.

लम्बा स्त्री० કડવી તુંબડી, લક્ષ્મી, ગૌરી, દક્ષની એક કન્યા, હિમાલયની એક કન્યા.

लम्बिका स्त्री० પડજીભ.

लम्बित त्रि० લટકેલ, આશ્રિત.

लम्बुषा स्त्री० સાત સેરનો હાર.

लम्बोदर पु० ગણપતિ.

लम्बोदर त्रि० લાંબા-મોટા પેટવાળું.

लम्बोदरी स्त्री० તારા નામે દેવી.

लम्बोष्ठ पु० ઉંટ.

लम्बोष्ठ त्रि० લાંબા હોઠવાળું.

लम्बोष्ठी स्त्री० ઉંટડી.

लम्बौष्ठ पु० ઉંટ.

लम्बौष्ठ त्रि० લાંબા હોઠવાળું.

लम्बौष्ठी स्त्री० ઉંટડી.

लम्भा स्त्री० એક જાતની વાડ.

लय् भ्वा० आ० स० सेट् જવું.

लय पु० સંશ્લેષ, લીનતા, વિનાશ, નૃત્ય-ગીત-વાદ્યની એકતાનતારૂપ સામ્ય, પ્રલય કાળ, ઇશ્વર.

लयकाल पु० પ્રલય કાળ.

लयपुत्र पु० નટવો, નટ.

लयपुत्री स्त्री० નટી, નાચનારી.

लयालम्ब पु० નટ, નટવો, નાચનાર.

लर्ब् भ्वा० प० स० सेट् જવું.

लल् चु० उभ० स० सेट् ઇચ્છવું.

ललजिह्व पु० કુતરો, ઉંટ.

ललजिह्व त्रि० હિંસક પ્રાણી, ચાલતી જીભવાળું.

ललजिह्वा स्त्री० ચાલતી-ચળવળતી જીભવાળી સ્ત્રી.

ललजिह्वी स्त्री० કુતરી, ઉંટડી.

ललत् त्रि० ચાલતુ, ચળવળતું.

ललन न० ચાલવું, હાલવું, ક્રીડા, રમત.

ललन पु० બાળક, સાગનું ઝાડ, ચારોળીનું ઝાડ.

ललना स्त्री० જીભ, સ્ત્રી.

ललनाप्रिय पु० કદંબનું ઝાડ.

ललनाप्रिय न० સુગંધી વાળો-ખસ.

ललनाप्रिय त्रि० સ્ત્રી જેને પ્રિય હોય તે, જીભ જેને પ્રિય હોય તે.

ललन्तिका स्त्री० નાભિસુધી લટકતી માળા-હાર, ઘો.

ललाक पु० પુરૂષનું લિંગ.

ललाट न० કપાળ.

ललाटक न० કપાળ.

ललाटतट न० કપાળ.

ललाटन्तप पु० સૂર્ય.

ललाटन्तप त्रि० લલાટને તપાવનાર.

ललाटपट्ट पु० લલાટ-કપાળ.

ललाटफलक न० કપાળ.

ललाटरेखा स्त्री० કપાળમાં લખાયલી રેખા, કપાળમાં લીટી.

ललाटिका स्त्री० કપાળનું ભૂષણ, કપાળમાં ચિન્હ-તિલક વગેરે.

ललाम न० પ્રધાન, ધ્વજ, શૃંગ, શિખર, પૂછડું, ભૂષણ, તિલક, પ્રભાવ, ઘોડો.

ललाम त्रि० મનોહર, સુંદર.

ललामक न० કપાળસુધી સન્મુખ સ્થાપેલી માળા.

ललामन् न० ललाम न० જુઓ.

ललामन् त्रि० ललाम त्रि० જુઓ.

ललामी स्त्री० કાનનો દાગીનો, ઘોડી.

ललित न० શૃંગારને અનુસરતી અમુક ચેષ્ટા, હલાવવું, ચલાવવું.

ललित त्रि० મનોહર, સુંદર, ઇચ્છેલ, ચાહેલ, ધીમું, મંદ, આનંદી.

ललित पु० અમુક એક સ્વર.

ललिता स्त्री० કસ્તુરી, હરકોઇ સ્ત્રી, એક નદી, દુર્ગા દેવી, રાધાની એક સખી.

ललितासप्तमी स्त्री० ભાદરવા શુદ સાતમ.

ललितासप्तमीव्रत न० ભાદરવા શુદ સાતમે કરવાનું વ્રત.

लव पु० લેશ, અંશ, વિનાશ, છેદવું, છેદન, શ્રીરામનો એક પુત્ર, સમયનું અમુક માપ-એ કાષ્ઠા, ગાય-બળદના પૂછડાના વાળ, કેશ, એક જાતનું પક્ષી.

लव न० લવીંગ, જાયફળ, સુગંધી વાળો-ખસ.

लवक त्रि० કાપનાર, છેદનાર, લણનાર.

लवङ्ग न० લવીંગ.

लवङ्गक न० લવીંગ.

लवङ्गकलिका स्त्री० લવીંગ, લવીંગની કળી.

लवण पु० ખારો રસ, સિન્ધુ દેશ, સમુદ્ર, એક અસુર.

लवण न० લવણ, મીઠું, ક્ષાર પદાર્થ.

लवण त्रि० ખારૂં, લાવણ્યવાળું, સુંદર.

लवणकिंशुका स्त्री० મહાજ્યોતિષ્મતીનો વેલો-માલકાંકણી.

लवणक्षार पु० લવણયુક્ત ક્ષાર.

लवणखनि स्त्री० શાંભરિ લવણ જેમાં ઉત્પન્ન થાય છે તે એક ખાણ, મીઠાની ખાણ.

लवणधेनु स्त्री० દાન માટે કલ્પેલી લવણની ગાય.

लवणवारि पु० ખારો સમુદ્ર.

लवणसमुद्र पु० ખારો દરીયો.

लवणाकर पु० મીઠાની ખાણ.

लवणाचल पु० દાન માટે કલ્પેલો લવણનો પર્વત.

लवणाब्धि पु० ખારો દરીયો.

लवणाब्धिज न० દરીયાનું મીઠું.

लवणा स्त्री० એક નદી, દીપ્તિ, કાંતિ.

लवणोत्तम न० સિંધાલૂણ, સૈંધવ.

लवणोद पु० ખારો દરીયો.

लवन न० કાપવું, છેદવું, લણવું, દાતરડું.

लवनी स्त्री० એક જાતનું ઝાડ.

लवली स्त्री० એક જાતનું ઝાડ.

लवाक पु० દાતરડું.

लवित्र न० દાતરડું.

लवी स्त्री० એક જાતની પક્ષિણી.

लवेप्सु त्रि० કાપવા ઇચ્છનાર.

लव्य त्रि० કાપવા યોગ્ય, લણવા લાયક.

लश् चु० उभ० स० सेट् કારીગીરી કરવી.

लशुन न० લસણ.

लशून न० લસણ.

लष् चु० उभ० स० सेट् लश् જુઓ.

लष् दिवा० उभ० स० सेट् ચાહવું, ઇચ્છવું.

लष् भ्वा० उभ० स० सेट् ચાહવું, ઇચ્છવું,

लष्व पु० નાચનારો, નટ.

लस् चु० उभ० स० सेट् लश् જુઓ.

लस् भ्वा० प० सेट् ભેટવું, આલિંગન કરવું स० રમવું, દીપવું अ०

लसत् त्रि० દીપતું, શોભતું, ભેટતું.

लसा स्त्री० હળદર.

लसिका स्त्री० લાળ.

लसीका स्त्री० શેલડીનો રસ, ચામડી અને માંસ વચ્ચેનો રસ, એક જાતનું પાણી.

लस्ज् भ्वा० आ० अ० सेट् શરમાવું.

लस्त त्रि० ભેટેલ, રમેલ, દીપેલ, પ્રકાશેલ, કારીગર.

लस्त पु० ધનુષનો મધ્યભાગ.

लस्तक पु० ઉપરનો અર્થ.

लस्तकिन् पु० ધનુષ.

लहरि स्त्री० લહેર, મોટું મોજું, તરંગ.

लहरी स्त्री० ઉપરના અર્થ.

ला अदा० पर० सक० अनिट् લેવું, આપવું.

लाक्षणिक पु० લક્ષણાથી અર્થબોધક શબ્દ.

लाक्षणिक त्रि० લક્ષણાવાળું.

लाक्षण्य त्रि० શુભ-અશુભ લક્ષણ જાણનાર, લક્ષણવાળું.

लाक्षा स्त्री० લાખ રંગવાનું એક દ્રવ્ય.

लाक्षागृह न० લાખનું ઘર.

लाक्षातरु पु० જેમાંથી લાખ બને છે તે ઝાડ.

लाक्षादितेल न० વૈદ્યકપ્રસિદ્ધ એક તેલ.

लाक्षाप्रसाद पु० એક જાતનું લોધરવૃક્ષ.

लाक्षाप्रसाधन न० રાતા લોધરનું ઝાડ.

लाक्षारस पु० અલતો.

लाक्षिक त्रि० લાખથી રંગેલ.

लाख् भ्वा० प० सेट् સુકાવું. શણગારવું, દેવું, આપવું, અટકાવવું स० સમર્થ થવું अ०

लाघ् भ्वा० आ० अ० सेट् સમર્થ થવું.

लाघव न० લઘુતા, હલકાઇ, આરોગ્ય.

लाङ्गल न० હળ, લિંગ, એક જાતનું ફૂલ, તાડનું ઝાડ, ઘરનું લાકડું.

लाङ्गलग्रह पु० ખેડુત.

लाङ्गलदण्ड पु० હળની વચ્ચેનું લાકડું-ઇંસ.

लाङ्गलपद्धति स्त्री० હળથી ખેડેલા ખેતરમાં ભૂમિરેખા.

लाङ्गलिक त्रि० હળનું, હળસંબંધી.

लाङ्गलिक पु० એક જાતનું ઝેર.

लाङ्गलिकी स्त्री० એક જાતનું ઝાડ.

लाङ्गलिन् पु० બળરામ, નાળીએરનું ઝાડ, સર્પ.

लाङ्गली स्त्री० એક જાતનું શાક.

लाङ्गुल न० પૂછડું.

लाङ्गूल न० પૂછડું, શેફ જુઓ, कुशूल જુઓ.

लाङ्गूलिका स्त्री० પૃશ્નીપર્ણી વનસ્પતિ.

लाङ्गूलिन् पु० વાનર, ઋષભ ઔષધિ.

लाङ्गूलिन् त्रि० પૂછડાવાળું.

लांज् भ्वा० प० स० सेट् તિરસ્કારવું, ઠપકો દેવો.

लाज् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

लाज न० સુગંધી વાળો-ખસ.

लाज पु० ભીના ચોખા.

लाज पु० ब० શેકેલી ડાંગેર-શાળ.

लाजा स्त्री० ઉપરનો અર્થ.

लाञ्छ् भ्वा० प० स० सेट् ચિન્હ નીશાની કરવી.

लाञ्छन न० ચિન્હ, નીશાની.

लाट पु० તે નામે એક દેશ, વસ્ત્ર, જીર્ણ અલંકાર, ચતુર પુરૂષ.

लाटानुप्रास पु० તે નામે એક શબ્દાલંકાર.

लाड् चु० उभ० स० सेट् ફેંકવું.

लाप पु० બોલવું, કહેવું.

लाप्य त्रि० બોલવા યોગ્ય, કહેવા યોગ્ય.

लाभ पु० લાભ, ફાયદો, નફો, પ્રાપ્તિ.

लाभकारक त्रि० ફાયદો કરનાર, નફો કરનાર, મેળવનાર, પ્રાપ્ત કરનાર.

लाभकृत् त्रि० ઉપરના અર્થ.

लामज्जक न० સુગંધી વાળો-ખસ.

लालन न० સ્નેહપૂર્વક પાળવું-લડાવવું.

लालप्यमान त्रि० અત્યંત વિલાપ કરતું.

लालस त्रि० લાલસાવાળું. લુબ્ધ, લેલુપ.

लालसा स्त्री० અત્યંત ઇચ્છા, ગર્ભિણીનું દોહલું, યાચના, માગણી. ઉત્કંઠા.

लाला स्त्री० લાળ.

लालाटिक त्रि० પ્રભુ-સ્વામી-શેઠના ભાગ્ય ઉપર જીવનાર-કાર્ય કરવામાં અસમર્થ, ભાગ્યને અધીન, ભાગ્ય સંબંધી, કપાળ સંબંધી.

लालाविष पु० એક જાતનો કીડો-કરોળીયો વગેરે.

लालास्राव पु० કરોળીયો.

लालिक पु० પાડો.

लालित त्रि० સ્નેહપૂર્વક પાળેલ-લડાવેલ.

लालित्य न० સુંદરતા, મનોહરતા.

लाव पु० એક જાતનું પક્ષી, છેદવું, કાપવું.

लावक पु० એક જાતનું પક્ષી.

लावक त्रि० છેદનાર, કાપનાર.

लावकी स्त्री० એક જાતની પક્ષિણી.

लावण न० મીઠું ચઢાવેલ ઔષધ વગેરે.

लावण त्रि० મીઠા સંબંધી.

लावणिक न० लावण न० જુઓ.

लावणिक त्रि० મીઠું વેચનાર.

लावण्य न० મીઠાપણું, ખારાશ, ખુબસુરતી, સૌંદર્ય.

लावण्यश्री स्त्री० ખુબસુરતીની શોભા.

लावण्यार्जित त्रि० વિવાહસમયે કન્યાને સાસુસસરાએ આપેલ ધન.

लावा स्त्री० એક જાતનું પક્ષી.

लाविक पु० પાડો.

लावी स्त्री० એક જાતની પક્ષિણી.

लाव्य त्रि० લણવા યોગ્ય, કાપવા યોગ્ય.

लास पु० નૃત્ય, નાચ, રાબડી, કાંજી.

लासक पु० નટ, નટવો, શિવ, મોરપક્ષી.

लासक त्रि० નાચનાર, ભેટનાર, જુગારી.

लासक न० ઘરનો ઉપરનો માળ.

लासकी स्त्री० નૃત્ય કરનારી સ્ત્રી.

लासिका स्त्री० ઉપરનો અર્થ.

लास्य न० નૃત્ય, નાચ, નૃત્ય-ગીત-વાદ્ય.

लास्यक न० ઉપરના અર્થ.

लास्या स्त्री० નૃત્ય કરનારી સ્ત્રી.

लि स्त्री० થાક, નાશ, સમાનતા, એકતા, બરોબરી.

लिकुच पु० એક જાતનું ઝાડ.

लिक्का स्त्री० જાળીયામાં સૂર્યના પ્રકાશમાં દેખાતી ચાર રજ બરોબર વજન, લીખ.

लिक्षा स्त्री० ઉપરના અર્થ.

लिंख् भ्वा० प० स० सेट् જવું.

लिख् तुदा० प० स० सेट् લખવુ, ચીરવું.

लिख त्रि० લખનાર, લેખક.

लिखत् त्रि० લખતું, ચીતરતું.

लिखन न० લખવું, ચીતરવું લિપી.

लिखित न० ઉપરના અર્થ, લખાણ, દસ્તાવેજ, ખત.

लिखित त्रि० લખેલ ચીતરેલ.

लिखित पु० તે નામે એક મુનિ.

लिख्या स्त्री० लिक्का જુઓ.

लिगु न० અંતઃકરણ, મન.

लिगु त्रि० મૂર્ખ, બેવકુફ.

लिगु पु० હરણ, પૃથ્વીનો એક ભાગ.

लिङ्ग् भ्वा० प० स० सेट् જવું.

लिङ्ग् चु० उभ० अ० सेट् ચીતરવું.

लिङ्ग न० જાતિ, ચિન્હ, પુરૂષનું ચિન્હ ગુહ્ય ઇન્દ્રિય, સાંખ્યમાં કહેલ પ્રધાન, શિવની મૂર્તિ, વ્યાપ્ય, વ્યક્ત, શબ્દમાં રહેલ એક ધર્મ.

लिङ्गक पु० કોઠનું ઝાડ.

लिङ्गजा स्त्री० એક વનસ્પતિ.

लिङ्गदेह पु० દશ ઇન્દ્રિય-પાંચ વિષય-મન-એ રૂપ જીવનું સૂક્ષ્મ શરીર.

लिङ्गन न० ભેટવું, આલિંગન કરવું.

लिङ्गनाश पु० ચિન્હનો નાશ.

लिङ्गपरामर्श पु० ન્યાયમતે અનુમાન-સાધન હેતુવિચાર.

लिङ्गपुराण न० વ્યાસકૃત એક મહાપુરાણ.

लिङ्गभूता स्त्री० એક જાતનો વેલો.

लिङ्गवत् त्रि० ચિન્હવાળું, લિંગવાળું.

लिङ्गवर्द्धन पु० કોઠનું ઝાડ.

लिङ्गवर्द्धिनी स्त्री० અઘાડો.

लिङ्गवृत्ति पु० વેશધારી કપટી સંન્યાસી.

लिङ्गसंभवा स्त्री० એક જાતનો વેલો.

लिङ्गस्थ पु० બ્રહ્મચારી.

लिङ्गार्चन न० લિંગની પૂજા.

लिङ्गालिका स्त्री० નાની ઉંદરડી.

लिङ्गिन् त्रि० ચિન્હવાળું, વેશધારી કપટી સંન્યાસી વગેરે, વાસનાશ્રય.

लिङ्गिन् पु० શ્રેષ્ઠ ચિન્હવાળો હાથી.

लिङ्गिनी स्त्री० એક જાતનો વેલો.

लिङ्गिवेश पु० કમંડળ વગેરે સંન્યાસીના વેશને ધારણ કરનાર.

लिङ्गोपहित पु० સાધ્ય અનુમાનના અંગના હેતુવાળો પક્ષ.

लिप् तुदा० उभ० स० अनिट् લીપવું, ખરડવું, ચોપડવું.

लिपा स्त्री० નીચેનો શબ્દ જુઓ.

लिपि स्त्री० અક્ષર, મૂળાક્ષર, ખત, દસ્તાવેજ, લખવું.

लिपिकर त्रि० લખનાર, લેખક, લહીયો.

लिपिकार त्रि० ઉપરના અર્થ.

लिपिका स्त्री० लिपि જુઓ.

लिपिसज्ज्ञा स्त्री० લેખણ-કલમ વગેરે.

लिपी स्त्री० लिपि જુઓ.

लिपीकर त्रि० लिपिकर જુઓ.

लिपीकार त्रि० लिपिकार જુઓ.

लिपीसज्ज्ञा स्त्री० लिपिसज्ज्ञा જુઓ.

लिप्त त्रि० લીપેલ, ખરડેલ, ચોપડેલ, ભોગવેલ, મળેલ, ઝેર ચોપડેલ.

लिप्तक पु० ઝેર ચોપડેલ બાણ.

लिप्तवत् त्रि० लिप्त જુઓ.

लिप्ता स्त्री० જ્યોતિષમાં કહેલ રાશિના સાઠ ભાગમય કલારૂપ ભાગ-દંડાત્મક કાળ.

लिप्तिका स्त्री० ઉપરનો અર્થ.

लिप्सा स्त्री० મેળવવાની ઈચ્છા, લાભની ઈચ્છા, લાલચ.

लिप्सावत् त्रि० મેળવવાની ઇચ્છાવાળું, લાલચુ.

लिप्सित त्रि० મેળવવા ઈચ્છેલ, ચાહેલ

लिप्सु त्रि० મેળવવા ઇચ્છનાર, લાલચુ.

लिम्पाक पु० એક જાતનું બીજોરૂં, ગધેડો.

लिम्पाकी स्त्री० ગધેડી.

लिवि स्त्री० लिपि જુઓ.

लिविकर त्रि० लिपिकर જુઓ.

लिविकार त्रि० लिपिकार જુઓ.

लिविका स्त्री० लिपिका જુઓ.

लिविसज्ज्ञा स्त्री० लिपिसज्ज्ञा જુઓ.

लिवी स्त्री० लिपि જુઓ.

लिवीकर त्रि० लिपिकर જુઓ.

लिवीकार त्रि० लिपिकार જુઓ.

लिवीसज्ज्ञा स्त्री० लिपिसज्ज्ञा જુઓ.

लिश् दिवा० आ० सक० अनिट् ભેટવું, મળવું, ઓછું થવું अ०

लिश् तुदा० प० स० अनिट् જવું.

लिष्व पु० નટ, નટવો.

लिह् अदा० उभ० स० अनिट् સ્વાદ લેવો, ચાખવું.

लिह् त्रि० સ્વાદ લેનાર, ચાખનાર.

ली दिवा० आ० स० अनिट् ભેટવું, જોડવું, લીન થવું.

ली क्र्या० प० स० अनिट् ઉપરના અર્થ.

ली चु० उभ० स० सेट् ઓગાળવું, પીગળાવવું.

ली भ्वा० प० स० अनिट् ઉપરના અર્થ.

लीक्षा स्त्री० लिक्षा જુઓ.

लीक्षा स्त्री० लिक्षा જુઓ.

लीढ त्रि० સ્વાદ લીધેલ, ચાખેલ, સ્પર્શ કરેલ.

लीन त्रि० વળગેલ, જોડાયેલ, લીન થયેલ, ઓગળેલ, એકાગ્ર થયેલ.

लीनता स्त्री० લીનપણું, એકાગ્રપણું.

लीनत्व न० ઉપરના અર્થ.

लीला स्त्री० ક્રીડા, રમત, વિલાસ, શૃંગાર વગેરેથી ઉત્પન્ન થયેલી ચેષ્ટા, પ્રિયાનુકરણ.

लीलाखेल त्रि० રમતીયાળ, ખેલાડી, વિલાસી.

लीलागृह न० વિલાસગૃહ, રમતનું ઘર.

लीलायित त्रि० લીલાથી આચરેલ, વિલાસથી કરેલ.

लीलावतार पु० શ્રીભગવાનનો ક્રીડાર્થે અવતાર.

लीलावती स्त्री० વિલાસવાળી સ્ત્રી, ભાસ્કરાચાર્યની પુત્રી, તે નામે એક ગણિતગ્રંથ, મંડનાચાર્યની પત્ની, તે નામે એક ન્યાયગ્રંથ, તે નામે એક વેશ્યા.

लीलावन न० નીચેનો શબ્દ જુઓ.

लीलोद्यान न० ક્રીડા માટેનું ઉદ્યાન, બગીચો.

लीलोपवन न० ઉપરનો અર્થ.

लुक्कायन न० અદૃશ્ય થવું, છુપાઇ જવું.

लुक्कायित त्रि० અદૃશ્ય થયેલ, છુપાઈ ગયેલ.

लुच् पु० લોપ, અદર્શન.

लुञ्च् भ्वा० प० स० सेट् છેદવું, કાપવું, ચુંટવું, છોલવું, કેશ ચુંટવા, દૂર કરવું.

लुञ्चन न० ઉપરના અર્થ.

लुञ्चित त्रि० છેદેલ, કાપેલ, ચુંટેલ, છોલેશ, કેશ ચુંટેલ, દૂર કરેલ.

लुञ्ज् चु० उभ० स० सेट् કહેવું.

लुंट् भ्वा० प० स० सेट् હરવું, લુટવું.

लुंट् भ्वा० प० सेट् જવું, ચોરવું, લૂટવું स० લૂલા થવું, આળસ કરવું अ०

लुट् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

लुट् दिवा० प० स० सेट् લોટવું, આળોટવું, હરવું, લૂટવું.

लुट् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

लुट्यत् त्रि० લોટતું, આળોટતું.

लुठ् भ्वा० आ० अ० सेट् લોટવું, આળોટવું, સામે અથડાવું.

लुठ् भ्वा० प० अ० सेट् આળોટવું.

लुठ् तुदा० प० स० सेट् જોડાવું, આળોટવું.

लुठ् चु० उ० स० सेट् ચોરવું, લૂટવું.

लुठन न० લોટવું, આળોટવું.

लुठित त्रि० લોટેલ, આળોટેલ.

लुड् भ्वा० प० स० सेट् મથવું, વલોવવું.

लुड् तुदा० प० सेट् ઢાંકવું, स० ભેટવું, જોડવું अ०

लुण्ट् चु० उभ० स० सेट् અપમાન કરીને ચોરવું, લૂટવું.

लुण्ट् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

लुण्टक पु० એક જાતનું શાક.

लुण्टाक त्रि० ચોર, લૂટારો, કાગડો.

लुण्टाकी स्त्री० લૂટારી, કાગડી.

लुण्ठ् भ्वा० प० स० सेट् ચોરવું, લૂટવું, આળોટવું.

लुण्ठक त्रि० ચોર, લૂટારો, કાગડો.

लुण्ठक पु० એક જાતનું શાક.

लुण्ठकी स्त्री० લૂટારી કાગડી.

लुण्ठन न० લોટવું, આળોટવું, ચોરવું.

लुण्ठाक स्त्री० લોટવું, આળોટવું.

लुण्ठाक त्रि० लुण्टाक જુઓ.

लुण्ठाकी स्त्री० लुण्टाकी જુઓ.

लुण्ठी स्त्री० લોટવું, આળોટવું.

लुण्ड् चु० उभ० स० सेट् ચોરવું, લૂટવું,

लुण्डिका स्त्री० સદાચાર, યોગ્ય વર્તન, એકત્ર વીટેલ (ઘેટાં વગેરે).

लुण्डी स्त्री० રાજાના ધર્મ પાળવા તે.

लुन्थ् भ्वा० प० सेट् વધ કરવો स० દુઃખી થવું अ०

लुप् दिवा० प० अ० सेट् વ્યાકુલ થવું, ગભરાવું.

लुप् पु० લોપ, અદર્શન.

लुप्त न० ચોરેલું ધન, લૂટ.

लुप्त त्रि० નાશ પામેલ, લોપ પામેલ, છેદાયેલ, છેદેલ.

लुप्तता स्त्री० લોપ, અદર્શન.

लुप्तत्व न० ઉપરના અર્થ.

लुप्तपिण्डोदकक्रिय त्रि० જેનાં પિંડદાન તથા ઉદકદાન નાશ પામ્યાં હોય તે.

लुब्ध त्रि० લોભી, લાલચુ, લંપટ.

लुब्ध पु० શિકારી, પારધિ.

लुब्धक पु० ઉપરના અર્થ.

लुब्धक पु० આકાશમાં શિકારીના આકારનો એક તારો, વાયુ.

लुभ् तु० प० अ० सेट् મોહ પામવો, ગભરાવું.

लुभ् दिवा० प० स० सेट् લોભ કરવો.

लुम्प् तुदा० उभ० स० अनिट् નાશ કરવો, છેદવું, કાપવું.

लुम्ब् चु० उभ० स० सेट् પીડવું, દુઃખ દેવું.

लुम्ब् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

लुल् सौत्र० प० स० सेट् મર્દન કરવું, ઉશ્કેરવું.

लुलाप पु० પાડો.

लुलापी स्त्री० ભેંસ.

लुलाय पु० પાડો.

लुलायी स्त्री० ભેંસ.

लुलित त्रि० હલાવેલ, કંપાવેલ, હીંચોળેલ.

लुष् भ्वा० प० स० सेट् ચોરવું, લૂટવું.

लुष् सौत्र० प० स० सेट् હિંસા કરવી, મારી નાખવું.

लुषभ पु० મદોન્મત્ત હાથી.

लुह् भ्वा० प० स० अनिट् લોભ કરવો, ઇચ્છવું.

लू क्र्या० उभ० स० सेट् છેદવું, કાપવું, લણવું.

लूतक पु० પશુ.

लूता स्त्री० કરોળીયો, એક જાતનો કીડો, એક જાતનો રોગ, કીડી.

लूतिका स्त्री० કરોળીયો.

लून त्रि० છેદેલ, કાપેલ.

लूम न० પૂછડું.

लूमन् न० પૂછડું.

लूमविष पु० પૂછડામાં ઝેરી એક પ્રાણી.

लूष् चु० उभ० स० सेट् વધ કરવો, મારી નાખવું, ચોરવું.

लेख पु० લખવું, લખાણ, દસ્તાવેજ, દેવ, લખવાનો કાગળ.

लेख त्रि० લખવા યોગ્ય.

लेखक पु० લેખક, લખનાર, લહીયો.

लेखन न० લખવું, ભોજપત્ર, ઉલટી, એક જાતનું ચૂર્ણ.

लेखन पु० એક જાતનું ઘાસ.

लेखनिक पु० લેખક, લહીયો.

लेखनी स्त्री० રોગ દૂર કરવાનું એક શસ્ત્ર, લખવાની કલમ, ખડી, કાસડો ઘાસ, અંજનના અંગરૂપ એક વ્યાપાર.

लेखनीय त्रि० લખવા યોગ્ય.

लेखर्षभ पु० ઇન્દ્ર.

लेखहार पु० લખેલો કાગળ વગેરે લઇ જનાર ખેપીયો વગેરે, પોસ્ટમેન.

लेखहारक पु० ઉપરના અર્થ.

लेखहारिन् पु० लेखहार જુઓ.

लेखा स्त्री० રેખા, પંક્તિ, લિપી.

लेखित त्रि० લખેલ.

लेख्य त्रि० લખવા યોગ્ય.

लेख्य न० લેખ, દસ્તાવેજ.

लेख्यक न० ઉપરના અર્થ.

लेख्यपत्र पु० તાડનું ઝાડ.

लेख्यपत्र न० લખવાનો કાગળ, લિખીત દસ્તાવેજ.

लेख्यपत्रक न० ઉપરના અર્થ.

लेख्यपत्रक पु० તાડનું ઝાડ.

लेख्यप्रसङ्ग पु० લિખિત દસ્તાવેજ.

लेण्ड न० લીંડું.

लेप् भ्वा० आ० स० सेट् જવું.

लेप पु० ભોજન, લેપ કરવો, લેપ, લીંપવું, કળી ચૂનો, પિતૃઓને આપેલા પિંડનો શેષ.

लेपक त्रि० લીપનાર, લેપ કરનાર.

लेपक पु० કડીયો, સલાટ.

लेपन न० લીપવું, ચોપડવું, લેપ–એક સુગંધી દ્રવ્ય.

लेपभागिन् पु० ચોથી–પાંચમી–છઠ્ઠી પેઢીના પિતૃઓ.

लेपभुज् पु० ઉપરનો અર્થ.

लेपिन् पु० કડીયો.

लेपिन् त्रि० લીપનાર, ચોપડનાર.

लेप्यकृत् त्रि० ઉપરનો અર્થ.

लेप्यकृत् पु० કડીયો.

लेप्यमयी स्त्री० પુતળી.

लेप्यस्त्री स्त्री० પુતળી, સુગંધી દ્રવ્ય ચોપડેલી સ્ત્રી.

लेय पु० સિંહરાશી.

लेलिहा स्त्री० તે નામે એક મુદ્રા.

लेलिहान पु० શિવ, સર્પ.

लेलिहान त्रि० વારંવાર ચાટનાર.

लेलिहाना स्त्री० એક જાતની મુદ્રા.

लेलिहानी स्त्री० સાપેણ.

लेश पु० અલ્પ, થોડું, થોડાશ.

लेष्टु पु० માટીનું ઢેફું.

लेष्टुघ्न पु० માટીનું ઢેફું ભાંગનાર.

लेष्टुभेदन पु० ઉપરનો અર્થ.

लेसिक पु० માવત.

लेह पु० ચાટવું, ચાટણ, ખાવું, રસ, સ્વાદ લેવો.

लेह त्रि० ચાટનાર, સ્વાદ લેનાર.

लेहक त्रि० ઉપરના અર્થ.

लेहन न० लेह पु० જુઓ.

लेहिन् त्रि० लेह त्रि० જુઓ.

लेहिन पु० ટંકણખાર.

लेह्य त्रि० ચાટવા યોગ્ય, સ્વાદ લેવા લાયક.

लेह्य न० અમૃત, ચાટણ.

लैङ्ग न० અઢાર મહાપુરાણોપૈકી અગીઆરમું પુરાણ.

लैङ्ग त्रि० લિંગનું, લિંગસંબંધી.

लैङ्गिक त्रि० લિંગ વગેરેથી કલ્પેલ, અનુમાન કરેલ.

लैङ्गी स्त्री० લિંગિની વૃક્ષ.

लोक् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

लोकृ भ्वा० आ० स० सेट् દેખવું, જોવું.

लोक पु० જગત, દુનીયાં, સંસાર, માણસ, જોવું, દીપવું.

लोककान्त पु० લોકનો સ્વામી.

लोककान्त त्रि० લોકને પ્રિય.

लोककान्ता स्त्री० ઋષભ ઔષધિ.

लोककृत् पु० બ્રહ્મા.

लोकचक्षुस् पु० સૂર્ય, આકડાનું ઝાડ.

लोकजित् पु० બુદ્ધદેવ.

लोकजित् त्रि० જગતને જીતનાર.

लोकत्रय न० સ્વર્ગ–મૃત્યુ–પાતાલ એ ત્રણ લોક.

लोकत्रयी स्त्री० ઉપરનો અર્થ.

लोकनाथ पु० જગતનો ધણી, બુદ્ધ, लोकपाल જુઓ.

लोकनीय त्रि० જોવા લાયક.

लोकनेत्र न० સૂર્ય, આકડાનું ઝાડ.

लोकपति पु० लोकनाथ જુઓ.

लोकपाल पु० રાજા, ઇન્દ્રાદિ લોકપાલ, વિનાયક વગેરે પાંચ.

लोकपाल त्रि० જગતનું રક્ષણ કરનાર.

लोकप्रसिद्ध त्रि० જગતમાં પ્રસિદ્ધ.

लोकबान्धव पु० સૂર્ય, આકડાનું ઝાડ.

लोकबाह्य त्रि० જગતની બહારનું.

लोकबिन्दुसार न० જૈનમતે ચૌદમું પૂર્વ.

लोकमातृ स्त्री० લક્ષ્મી દેવી, જગતની માતા.

लोकमातृ त्रि० જગતને જાણનાર.

लोकम्पृण त्रि० જગતને આનંદકારક, જગતમાં વ્યાપક.

लोकलोचन न० સૂર્ય, આકડાનું ઝાડ.

लोकवाद पु० લોકકહેવત.

लोकान्तर न० બીજો લોક, પરલોક, સ્વર્ગ વગેરે.

लोकान्तरगत त्रि० મરણ પામેલ, પરલોકમાં ગયેલ.

लोकान्तरप्राप्त त्रि० ઉપરના અર્થ.

लोकायत न० ચાર્વાક વગેરેનો નાસ્તિકમત.

लोकायतिक पु० ચાર્વાક વગેરે નાસ્તિક.

लोकालोक पु० તે નામે એક પર્વત.

लोकित त्रि० જોયલ, દેખેલ.

लोकेश पु० બ્રહ્મા, રાજા, પારો, બુદ્ધભેદ.

लोकेश्वर पु० ઉપરના અર્થ.

लोच् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

लोचृ भ्वा० आ० स० सेट् દેખવું, જોવું.

लोचक न० માંસપિંડ, આંખની કીકી, કાજળ, સ્ત્રીઓનું કપાળનું એક આભૂષણ, કાળું વસ્ત્ર, કાનનો દાગીનો, કેળ, મોરવેલ, સાપની કાંચળી.

लोचक त्रि० જોનાર, દેખનાર, બુદ્ધિવગરનું, નિર્બુદ્ધિ.

लोचन न० નેત્ર, આંખ, દેખવું, જોવું.

लोचनहिता स्त्री० એક જાતનું અંજન.

लोचना स्त्री० દેખવું, જોવું.

लोचनामय पु० આંખનો રોગ.

लोचनी स्त्री० એક જાતનો કીડો.

लोच पु० કેશ ચૂટવા, જોવું.

लोचमर्कट पु० એક જાતનું ફૂલ.

लोचमस्तक पु० મોરની કલગી, મોર.

लोट् भ्वा० प० स० सेट् ગાંડા થવું.

लोटन न० લોટવું, આળોટવું.

लोड् भ्वा० प० स० सेट् ગાંડા થવું.

लोणक न० મીઠું.

लोणा स्त्री० એક વનસ્પતિ–લૂણી.

लोणाम्ला स्त्री० ઉપરનો અર્થ.

लोणार न० એક જાતનો ખાર.

लोणी स्त्री० लोणा જુઓ.

लोत न० ચોરેલ ધન, ચિન્હ, આંસુ, લવણ, મીઠું.

लोत्र न० ચોરેલું ધન, આંસુ.

लोध पु० લોધરનું ઝાડ.

लोध्र पु० લોધરનું ઝાડ.

लोप पु० નાશ, અદર્શન, છેદવું, કાપવું, વ્યાકુળ થવું.

लोपा स्त्री० અગસ્ત્ય મુનિની પત્ની.

लोपाक पु० શિયાળ.

लोपाकी स्त्री० શિયાળવી.

लोपापक पु० શિયાળ.

लोपापिका स्त्री० શિયાળ–માદા.

लोपामुद्रा स्त्री० અગસ્ત્ય મુનિની પત્ની.

लोपामुद्रापति पु० અગસ્ત્ય મુનિ.

लोपाशक पु० શિયાળ.

लोपाशिका स्त्री० શિયાળ–માદા.

लोप्त्र न० ચોરેલું ધન.

लोप्त्री खी० ચોરેલું ધન.

लोभ पु० લોલુપતા, પારકા દ્રવ્યમાં અતિશય અભિલાષ.

लोभनीय त्रि० લોભ કરવા લાયક.

लोभमोहित त्रि० લોભવડે મોહ પામેલ.

लोभरहित त्रि० લોભ વિનાનુ.

लोभविरह पु० લોભનો ત્યાગ.

लोभविरह त्रि० લોભરહિત.

लोभविरहित त्रि० લોભરહિત.

लोभाकृष्ट त्रि० લોભથી ખેંચાયેલ.

लोभिन् त्रि०લોભવાળું, લોભી.

लोभ्य पु० મગ.

लोभ्य त्रि० લોભ કરવા લાયક.

लोम न० રૂંવાડું, પૂછડું.

लोमकर्ण पु० સસલો.

लोमकर्णी स्त्री० સસલી.

लोमकूप पु० રૂંવાટાંનું છિદ્ર.

लोमघ्न न० ટાલનો રોગ, ટાલ.

लोमन् पु० રૂંવાટું.

लोमपाद पु० અંગ દેશનો એક રાજા.

लोमपादपुर् स्त्री० ચંપા નગરી.

लोमपादपुरी स्त्री० ચંપા નગરી.

लोमविष पु० વાઘ વગેરે.

लोमश पु० એક મુનિ, બકરો, ઘેટો.

लोमश त्रि० રૂંવાટાંવાળું.

लोमशकाण्डा स्त्री० કાકડી.

लोमशपर्णिका स्त्री० જંગલી મગ.

लोमशपर्णिनी स्त्री० એક વનસ્પતિ.

लोमशपुष्पक पु० શિરીષ વૃક્ષ, સરસડાનું ઝાડ.

लोमशा स्त्री० કાકજંઘા વનસ્પતિ, જટામાંસી વનસ્પતિ, વજ, શૂકશિંબી વનસ્પતિ, મહામેદા વનસ્પતિ, હીરાકસી, શણપુષ્પા વનસ્પતિ, અતિબલા વનસ્પતિ, ગંધમાંસી વનસ્પતિ, એક શાકિની.

लोमशातन न० વાળ ખેરવી પાડે તેવું એક ઔષધ.

लोमहर्षण न० રોમાંચ, રૂવાં ખડાં થવાં તે.

लोमहर्षण पु० વ્યાસનો શિષ્ય તે નામે એક પૌરાણિક.

लोमहृत् पु० હરતાળ.

लोमांच पु० રોમાંચ.

लोमालिका स्त्री० શીયાળવી.

लोल त्रि० તૃષ્ણાવાળું, ચંચળ, ચપળ.

लोला स्त्री० જીભ, લક્ષ્મી.

लोलार्क पु० કાશીમાં સૂર્યની એક મૂર્તિ.

लोलित त्रि० ચલાવેલ, હલાવેલ, ચંચળ કરેલ.

लोलुप त्रि० અતિશય લોભી, લાલચુ.

लोलुभ त्रि० ઉપરના અર્થ.

लोलुव त्रि० વારંવાર છેદનાર, અત્યંત કાપનાર.

लोलूया स्त्री० લણવા-કાપવાની ઇચ્છા.

लोष्ट् भ्वा० आ० स० सेट् ઢગલો કરવો, એકઠું કરવું.

लोष्ट पु० न० માટીનું ઢેફું, લોઢાનો મેલ.

लोष्टघ्न पु० માટીનાં ઢેફાં ભાંગવાનું સાધન મુદ્ગર વગેરે.

लोष्टभेदन पु० ઉપરનો અર્થ.

लोष्टमर्दिन् पु० ઉપર પ્રમાણે.

लोष्टु पु० लोष्ट જુઓ.

लोष्टू पु० लोष्ट જુઓ.

लोह पु० न० ગજવેલ, લોઢું, હરકોઇ ધાતુ, લોહી, હથીઆર.

लोह न० અગર ચંદન.

लोहकण्टक पु० મીંઢળનું ઝાડ, લોઢાંનો કાંટો.

लोहकान्त पु० લોહચુંબક.

लोहकार पु० લવાર.

लोहकारक पु० લવાર.

लोहकिट्ट न० લોઢાનો મેલ, કાટ.

लोहचूर्ण न० લોઢાની ભુક્કી.

लोहज न० લોઢાનો મેલ, કાટ, કાંસું.

लोहजित् पु० હીરો.

लोहद्राविन् पु० ટંકણખાર.

लोहद्राविन् त्रि० લોઢાને પીગળાવનાર, ધાતુને ગાળનાર.

लोहनाल पु० નારાચ અસ્ત્ર.

लोहपृष्ठ पु० કંકપક્ષી.

लोहपृष्ठी स्त्री० કંકપક્ષિણી.

लोहप्रतिमा स्त्री० લોઢાની મૂર્તિ.

लोहमय त्रि० લોઢાનું.

लोहमारक पु० એક વનસ્પતિ.

लोहल पु० અસ્પષ્ટ બોલનાર, લોઢું લેનાર.

लोहवर न० સોનું.

लोहवर्मन् न० લોઢાનું બખ્તર.

लोहशङ्कु पु० લોઢાનો ખીલો.

लोहश्लेषण ન૦ ટંકણખાર.

लोहसङ्कर ન૦ મિશ્ર ધાતુ, એક જાતનું લોઢું.

लोहाभिसार પુ૦ યુદ્ધ માટે પ્રયાણ વખતે રાજાઓ શસ્ત્રોની જે આરતિ ઉતારે છે તે.

लोहाभिहार પુ૦ ઉપરનો અર્થ.

लोहार्गल પુ૦ લોઢાનો આગળીયો, લોઢાનો ખીલો, તે નામે એક તીર્થ.

लोहित ન૦ કેસર, રતાંજળી, લાલ ગોરોચન, પતંગ, હરિચંદન, તૃણ, કુંકુમ, લોહી, યુદ્ધ.

लोहित પુ૦ તે નામે એક નદ, મર્દન કરવું, લાગ રંગ, એક જાતનો મૃગ, રોહિત મત્સ્ય, એક દેવ, સર્પ, મસૂરધાન્ય, રાતી ડાંગેર, રતાળુ, તે નામે એક વન, તે નામે એક સરોવર.

लोहित ત્રિ૦ લાલ રંગનું, ચઢનાર.

लोहितक ન૦ પિતળ.

लोहितक પુ૦ મંગળ ગ્રહ, પદ્મરાગ મણિ-માણેક.

लोहितचन्दन ન૦ કેસર, રતાંજળી.

लोहितपुष्पक પુ૦ દાડમનું ઝાડ.

लोहितपुष्पक ત્રિ૦ લાલ ફૂલવાળું.

लोहितमृत्तिका સ્ત્રી૦ ગેરૂ, લાલ માટી.

लोहिता સ્ત્રી૦ વરાહક્રાંતા વનસ્પતિ, લાલ સાટોડી, લાલ રંગની સ્ત્રી.

लोहिताक्ष પુ૦ વિષ્ણુ, કોયલ.

लोहिताक्ष ત્રિ૦ લાલ નેત્રવાળું.

लोहिताक्षी સ્ત્રી૦ કોયલ-માદા.

लोहिताङ्ग પુ૦ મંગળ ગ્રહ, કાંપિલ્લ વૃક્ષ.

लोहितानन પુ૦ નોળીયો.

लोहितानन ત્રિ૦ લાલ મોઢાવાળું.

लोहिताननी સ્ત્રી૦ નોળીયણ.

लोहितायस् ન૦ તાંબુ.

लोहितायस ન૦ તાંબુ.

लोहितिमन् પુ૦ લાલાશ, રતાશ.

लोहिनी સ્ત્રી૦ લાલ રંગની સ્ત્રી.

लोहोत्तम ન૦ સોનું.

लौकायतिक પુ૦ ચાર્વાક વગેરેના નાસ્તિક મતને જાણનાર.

लौकिक ત્રિ૦ લોકમાં જાણીતું, લોકપ્રસિદ્ધ, લોકના હિતનું.

लौकिक ન૦ લોક વ્યવહાર-લોકરૂઢિ.

लौकिकता સ્ત્રી૦ લૌકિકપણું.

लौकिकत्व ન૦ લૌકિકપણું.

लौकिकाग्नि પુ૦ વિધિપૂર્વક સંસ્કારરહિત અગ્નિ.

लौड् भ्वा० प० स० सेट् ગાંડા થવું.

लौह પુ૦ લોઢું, હરકોઇ ધાતુ.

लौहज ન૦ મંડૂર, કાંસુ-પિતળ વગેરે.

लौहबन्ध પુ૦ લોઢાનો બંધ.

लौहभाण्ड ન૦ લોઢાનું વાસણ.

लौहभाण्ड પુ૦ લોઢાનું અમુક વાસણ.

लौहमल ન૦ લોઢાનો મેલ, કાટ.

लौहश्लेष्मण પુ૦ ટંકણખાર.

लौहित्य ન૦ રતાશ, લાલાશ, લાલ રંગ.

लौहित्य પુ૦ તે નામે એક નદ.

ल्पी क्र्या० प० स० अनिट् ભેટવું, જોડવું.

ल्वी क्र्या० प० स० अनिट् જવું.

व.

व् ઓગણત્રીસમો અંતઃસ્થ વ્યંજન.

व પુ० વાયુ, વરૂણદેવ, શાંત પાડવું, મંત્રણ-મસલત, કલ્યાણ, રાહુ, રહેવું, રહેઠાણ, સમુહ, વાઘ, शाल्क જુઓ, વંદન, પાણી.

व त्रि० બળવાન.

व अव्य० સમાનપણું-સાદૃશ્ય.

ब न० વરૂણ.

वंश पु० વંશ, કુળ, વાંસ, વાંસળી, સમૂહ, વાંસાનું હાડકું, શેલડી, સાગનું ઝાડ.

वंशक पु० એક જાતનું માછલું, એક જાતની શેલડી.

वंशक न० અગર ચંદન.

बंशकफ न० વાંસના આકારમાં હવામાં ઉડતા તંતુ.

वंशकर्पूर न० વાંસકપૂર.

वंशकर्पूररोचना स्त्री० વાંસકપૂર.

वंशक्षय पु० વંશનો નાશ, વાંસનો નાશ.

वंशक्षोरी स्त्री० વાંસકપૂર.

वंशज पु० વાંસમાં થતો જવ.

वंशज त्रि० સારા કુળમાં ઉત્પન્ન થયેલ.

वंशजा स्त्री० વાંસકપૂર.

वंशतण्डूल पु० વાંસમાં થતો જવ.

वंशधर त्रि० વંશને ધારણ કરનાર, વાંસને ધારણ કરનાર.

वंशनालिका स्त्री० વાંસળી.

वंशपत्र न० શેલડીનું મૂળ.

वंशपत्र पु० નડ ઘાસ.

वंशपत्र न० વાંસનું પાંદડું.

वंशपत्रपतित न० સત્તર અક્ષરના ચરણવાળો એક છંદ.

वंशपत्री स्त्री० એક જાતની હીંગ.

वंशपीत पु० એક જાતનો ગુગળ.

वंशपुष्पा स्त्री० સહદેવીનો વેલો.

वंशपूरक न० શેલડીનું મૂળ.

वंशरोचना स्त्री० વાંસકપૂર.

वंशलोचना स्त्री० વાંસકપૂર.

वंशवृद्धि स्त्री० વંશની વૃદ્ધિ, વાંસની વૃદ્ધિ.

वंशशर्करा स्त्री० વાંસકપૂર.

वंशशलाका स्त्री० સુગંધી વાળો-ખસ.

वंशसमाचार पु० વંશના સમાચાર.

वंशस्तनित न० બાર અક્ષરના ચરણવાળો એક છંદ.

वंशस्थ न० ઉપરનો અર્થ.

वंशस्थबिल न० ઉપર પ્રમાણે.

वंशहीन त्रि० વંશવીનાનું, નિર્વંશીયું.

वंशाग्र न० વાંસનો અગ્રભાગ-કાંટો.

वंशाङ्कुर पु० ઉપરનો અર્થ.

वंशानुवंशचरित न० સૂર્યવંશ વગેરે વંશનું ચરિત્ર.

वंशिक न० અગર ચંદન.

वंशिका स्त्री० વાંસળી.

वंशी स्त्री० વાંસળી.

वंशीधर पु० શ્રીકૃષ્ણ.

वंशीधर त्रि० વાંસળી ધારણ કરનાર.

वंश्य त्रि० વંશનું, વંશમાં હોનાર, કુળવાન.

वंश्य न० ઘરનો અવયવ એક લાકડું.

वंहिष्ठ त्रि० અત્યંત, અતિશય.

वंहीयस् त्रि० ઘણુંજ, બહુજ.

वक पु० બગલો પક્ષી, એક ફૂલઝાડ, શ્રીકૃષ્ણે મારેલો એક દૈત્ય, એક યંત્ર, કુબેર.

वकजित् पु० શ્રીકૃષ્ણ, ભીમસેન.

वकधूप पु० એક જાતનો ધૂપ.

वकनिषूदन पु० શ્રીકૃષ્ણ.

वकपञ्चक न० કાર્તિક શુદ અગીઆરશથી પાંચ તિથિ.

वकपुष्प पु० એક ફૂલઝાડ.

वकवृत्ति त्रि० સ્વાર્થી ઠગ મનુષ્ય, બગલા જેવી ઠગ વૃત્તિવાળું.

वकव्रतधर त्रि० ઉપરના અર્થ.

वकव्रतिक त्रि० वकवृत्ति જુઓ.

वकव्रतिन् त्रि० ઉપર પ્રમાણે.

वकाची स्त्री० એક જાતની માછલી.

वकान्तक पु० શ્રીકૃષ્ણ.

वकारि पु० શ્રીકૃષ્ણ.

वकुल पु० બોલસરીનું ઝાડ.

वकुला स्त्री० ઉપરનો અર્થ.

वकुली स्त्री० કાકોલી વનસ્પતિ.

वकूल पु० वकुल જુઓ.

वकेरुका स्त्री० વાયુથી વાંકી થયેલી ઝાડની ડાળી.

वक् भ्वा० आ० स० सेट् જવું.

वक्तव्य त्रि० બોલવા લાયક, કહેવા યોગ્ય.

वक्तव्य त्रि० નિંદવા લાયક, નિંદ્ય, હીન, હલકું, દુષ્ટ.

वक्तव्य न० દૂષણ, દોષ, કહેવું, કથન, ઠપકો.

वक्तव्यता स्त्री० કહેવા યોગ્યપણું, દૂષણ, ઠપકો.

वक्तव्यत्व न० ઉપરના અર્થ.

वक्तुकाम त्रि० બોલવા ઇચ્છનાર.

वक्तुमनस् त्रि० બોલવાના મનવાળું.

वक्तृ त्रि० યોગ્ય બહુ બોલનાર, કહેનાર, બોલનાર.

वक्तृ पु० પંડિત.

वक्त्र न० મુખ, મોઢું, તગરમૂળ, એક જાતનું વસ્ત્ર, એક છંદ.

वक्त्रखुर पु० દાંત.

वक्त्रज पु० બ્રાહ્મણ.

वक्त्रज त्रि० મુખમાં ઉત્પન્ન થનાર.

वक्त्रताल पु० न० મુખથી વગાડવાનું એક વાદિત્ર.

वक्त्रपट्ट पु० તોબરો.

वक्त्रभेदिन् पु० કડવો કે તીખો રસ.

वक्त्रभेदिन् त्रि० મોઢું ભાંગી નાખનાર.

वक्त्रवास पु० નાગરવેલ, પાનસોપારી, મુખની ગંધ.

वक्त्रशोधिन् पु० બીજોરું.

वक्त्रशोधिन् त्रि० પાનસોપારી વગેરે.

वक्त्रासव पु० અધરોષ્ઠ રસ.

वक्र न० નદીની વાંકાઈ.

वक्र पु० શનૈશ્ચર ગ્રહ, મંગળ ગ્રહ, રૂદ્ર દેવ, ત્રિપુરાસુર, પીતપાપડો.

वक्र त्रि० વાંકું, ટેઢું, ક્રૂર.

वक्रकण्ट पु० બોરડીનું ઝાડ, ખેરનું ઝાડ.

वक्रखड्ग पु० વાંકી તરવાર.

वक्रगामिन् त्रि० વાંકું જનાર.

वक्रग्रीव पु० ઉંટ.

वक्रग्रीव त्रि० વાંકી ડોકવાળું.

वक्रग्रीवा स्त्री० વાંકી ડોક, વાંકી ડોકવાળી સ્ત્રી.

वक्रग्रीवी स्त्री० ઉંટડી.

वक्रचञ्चु पु० પોપટ પક્ષી.

वक्रता स्त्री० વાંકાઇ, ટેઢાપણું.

वक्रत्व न० ઉપરના અર્થ.

वक्रदंष्ट्र पु० ડુક્કર.

वक्रनासिक पु० ઘુવડ પક્ષી.

वक्रनासिक त्रि० વાંકા નાકવાળું.

वक्रपुच्छ पु० કુતરો.

वक्रपुच्छ न० વાંકું પૂછડું.

वक्रपुच्छी स्त्री० કુતરી.

वक्रपुष्प पु० ખાખરો, એક ઝાડ.

वक्रभणित त्रि० વાંકુ કહેલ.

वक्रभणित न० વાંકું બોલવું, વક્રોક્તિ.

वक्रलाङ्गूल पु० કુતરો.

वक्रलाङ्गूलन न० પૂછડું.

वक्रलाङ्गूली स्त्री० કુતરો.

वक्रवालधि पु० કુતરી.

वक्रशल्या स्त्री० એક જાતનું ઝાડ.

वक्रा स्त्री० વાંકી ગતિ.

वक्राङ्ग पु० હંસ.

वक्राङ्ग न० વાંકું શરીર.

वक्राङ्ग त्रि० વાંકા શરીરવાળું.

वक्राङ्गी स्त्री० હંસલી.

वक्रिम पु० વક્રતા, વાંકાઈ.

वक्रिमन् पु० ઉપરના અર્થ.

वक्रीकरण न० વાંકું કરવું.

वक्रीकृत त्रि० વાંકું કરેલ.

वक्रीभवन न० વાંકું થવું.

वक्रीभाव पु० વાંકું થવું.

वक्रीभूत त्रि० વાંકું થયેલ.

वक्रोक्ति स्त्री० વાંકું બોલવું, તે નામે એક અર્થાલંકાર, કાકુવચન.

वक्रोष्ठिका स्त्री० દાંત ન દેખાય તેમ હસવું.

वक्ष् भ्वा० प० स० सेट् ક્રોધ કરવો.

वक्षःस्थल न० છાતી, શ્રેષ્ઠ છાતી.

वक्षःसंमर्दिनी स्त्री० પ્રિયપત્ની.

वक्षण न० છાતી.

वक्षस् न० છાતી, હૃદય.

वक्षस्थल न० શ્રેષ્ઠ છાતી, છાતી.

वक्षस्स्थल न० ઉપરના અર્થ.

वक्षोज पु० સ્તન.

वक्षोरुह पु० સ્તન.

वक्ष्यमाण त्रि० કહેવાશે, બોલાશે તે.

वंख् भ्वा० प० स० सेट् જવું.

वंग् भ्वा० प० अ० सेट् લંગડાવું.

वगाह पु० अवगाहन જુઓ.

वङ्क् भ्वा० आ० सेट् વાંકા થવું अ० જવું स०

वङ्क पु० નદીનો વાંક.

वङ्का स्त्री० पल्ययन જુઓ.

वङ्किल पु० એક જાતનો કાંટો.

वङ्क्य त्रि० વાંકું.

वङ्क्रि स्त्री० પડખાંનું હાડકું.

वङ्क्रि पु० न० એક જાતનું વાદિત્ર, ઘરનું લાકડું.

वङ्क्षण न० જાંઘનો સાંધો.

वङ्क्षु स्त्री० ગંગાનો એક પ્રવાહ.

वङ्ग न० સીસું, કલઈ.

वङ्ग पु० ब० બેંગાલ દેશ.

वङ्ग पु० યદુવંશી એક રાજા. કપાસ, રીંગણીનો વેલો.

वङ्गज न० સિંદૂર.

वङ्गज त्रि० બેંગાલ દેશમાં ઉત્પન્ન થનાર.

वङ्गन पु० રીંગણીનો વેલો.

वङ्गशुल्वज न० કાંસું.

वङ्गसेन पु० એક જાતનું ઝાડ.

वङ्गारि पु० હરતાળ.

वङ्घ् भ्वा० आ० सेट् નિંદા કરવી, આરંભ કરવો अ० વેગ કરવો स०

वच् चु० उभ० सेट् સંદેશો કહેવો, स० કહેવું द्वि०

वच् अदा० द्विक० प० अनिट् બોલવું, કહેવું. अनु + કહેલાનું ફરી કહેવું–અનુવાદ કરવો, निर् + અવયવાર્થકથન, प्र+પ્રવચન કરવું.

वच पु० પોપટ.

वचक्नु त्रि० બકબકીયું, ભડભડીયું.

वचन न० બોલવું, કહેવું, વાક્ય, સુંઠ, વ્યાકરણપ્રસિદ્ધ એકવચન-દ્વિવચન-બહુવચન.

वचनकर त्रि० વચન કરનાર, સેવક.

वचनक्रम पु० બોલવાનો ક્રમ.

वचनग्राहिन् त्रि० વચન માનનાર, સેવક, વશ થયેલ.

वचनीय त्रि० કહેવા યોગ્ય, નિંદવા લાયક.

वचनीय न० લોકાપવાદ, નિંદા.

वचनोयता स्त्री० ઉપના અર્થ.

वचनीयत्व न० નિંદા, લોકાપવાદ.

वचनेस्थित त्रि० વચનમાં રહેલ, વશ થયેલ, ચાકર.

वचनोपक्रम पु० બોલવાની શરૂઆત, વાક્યારંભ.

वचर पु० કુકડો.

वचर त्रि० શઠ, લુચ્ચું.

वचरी स्त्री० કુકડી.

वचलु पु० અપરાધ, દોષ, ભૂલ, શત્રુ.

वचस् न० વચન, વાક્ય.

वचसांपति पु० બૃહસ્પતિ.

वचस्कर त्रि० વશ થયેલ, વચન માનનાર.

वचा स्त्री० વજ.

वचोग्रह पु० કાન.

वज् भ्वा० प० स० सेट् જવું.

वज् चु० उभ० स० सेट् બાણનો સંસ્કાર કરવો.

वज्र पु० न० હીરો, ઈન્દ્રનું હથીઆર.

वज्र न० બાળક, ધાવડી, કાંજીક, તલનું ફૂલ, એક જાતનું લોઢું, અભ્રભેદ, જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.

वज्र पु० કોકિલાક્ષ વૃક્ષ, ધોળો દર્ભ, શ્રીકૃષ્ણનો પ્રપૌત્ર એક રાજા, તે નામે એક જૈન આચાર્ય, સામવેદપ્રસિદ્ધ એક યજ્ઞ.

वज्र त्रि० મજબૂત, કઠણ.

वज्रकंकक पु० હનુમાન.

वज्रकण्टक पु० ગોરનું ઝાડ, કોકિલાક્ષવૃક્ષ.

वज्रचर्मन् पु० ગેંડો જનાવર.

वज्रतुण्ड पु० ગણપતિ, ગરૂડ, મચ્છર, ગીધ.

वज्रदन्त पु० ભુંડ, ડુક્કર, ઉંદર.

वज्रदशन पु० ઉપરના અર્થ.

वज्रद्रु पु० થોરનું ઝાડ.

वज्रद्रुम पु० થોરનું ઝાડ.

वज्रधर पु० ઈન્દ્ર, ઘુવડ.

वज्रनिर्घोष पु० વજ્રનો શબ્દ.

वज्रनिष्पेष पु० ઉપરનો અર્થ.

वज्रपर्यायनामन् न० હીરો.

वज्रपाणि पु० ઇન્દ્ર, ઘુવડ.

वज्रपात पु० વજ્રનું પડવું.

वज्रपुट न० ઔષધ પકવવાનું એક પાત્ર.

वज्रपुष्प न० તલનું ફૂલ.

वज्रपुष्पा स्त्री० શતપુષ્પા વનસ્પતિ, સુવા.

वज्रमय त्रि० અત્યંત કઠણ, મજબૂત.

वज्रमूली स्त्री० माषपर्णी વનસ્પતિ.

वज्ररथ पु० ક્ષત્રિય.

वज्ररद पु० ભુંડ, ડુક્કર.

वज्रलेप पु० વજ્ર જેવો કઠણ લેપ.

वज्रवल्ली स्त्री० વજ્રના જેવી કઠણ વેલ.

वज्रवाराही स्त्री० માયાદેવી.

वज्रवीजक पु० લતાકરંજ વૃક્ષ.

वज्रवृक्ष पु० સેહુણ્ડ વૃક્ષ.

वज्रशल्य पु० એક જાતનો જંતુ.

वज्रशृंखला स्त्री० વિદ્યા દેવી.

वज्रसूर्य पु० એક બુદ્ધ.

वज्रस्वामिन् पु० એક જૈનાચાર્ય.

वज्रा स्त्री० ગળો, થોરનું ઝાડ, દુર્ગા દેવી.

वज्राकृति पु० જિહ્વામૂલીય એક વર્ણ.

वज्राकृति त्रि० વજ્રના જેવા આકારનું.

वज्राघात पु० વજ્રનો ઘા.

वज्राङ्ग पु० સર્પ.

वज्राङ्गी स्त्री० એક જાતનું અનાજ, એક જાતનો વેલો.

वज्रास्थिशृंखला स्त्री० કોકિલાક્ષ વૃક્ષ.

वज्रिजित् पु० ગરૂડ.

वज्रिन् पु० ઇન્દ્ર, ઘુવડ, બુદ્ધભેદ.

वज्री स्त्री० वज्रा જુઓ.

वञ्चक पु० શિયાળ, ઘરનો નોળીયો.

वञ्चक त्रि० ઠગ, ખળ, છેતરનાર.

वञ्चकी स्त्री० શિયાળવી.

वञ्चथ पु० ઠગ, ખળ, કોયલ, ઠગાઈ.

वञ्चन न० ઠગાઇ, ઠગવું, છેતરવું.

वञ्चना स्त्री० ઉપરના અર્થ.

वञ्चनीय त्रि० ઠગવા લાયક, છેતરવા લાયક.

वञ्चित त्रि० ઠગેલ, છેતરેલ.

वञ्जुल पु० ઠગ, ઠગાઈ.

वञ्जुल त्रि० તિનિશ વૃક્ષ, આસોપાલવ, નેતરનું ઝાડ, સ્થલપદ્મ વૃક્ષ, એક જાતનું પક્ષી.

वञ्जुल त्रि० વાંકું.

वञ्जुलद्रुम पु० આસોપાલવ.

वञ्जुलप्रिय पु० નેતર.

वञ्जुला स्त्री० બહુ દૂધવાળી ગાય, નદી.

वट् चु० उभ० स० सेट् વીટવુ, ભાગ કરવા.

वट् भ्वा० प० द्विक० सेट् કહેવું.

वट पु० વડનું ઝાડ, વડું, કોડી, ગોળો, સમાનતા, મજબૂત દોરી.

वटक पु० વડું, ગોળી.

वटपत्र पु० એક જાતનું ઝાડ.

वटपत्रा स्त्री० त्रिपुरमाली વૃક્ષ.

वटपत्री स्त्री० એક જાતની વેલ.

वटर पु० કુકડો.

वटर त्रि० શઠ, ચંચળ, ચોર.

वटरी स्त्री० કુકડી.

वटवासिन् पु० યક્ષ.

वटाकर पु० દોરડું, દોરી.

वटारक पु० ઉપરના અર્થ.

वटारका स्त्री० દોરી.

वटारकामय त्रि० બહુ દોરીવાળું.

वटावीक पु० પ્રસિદ્ધ ચોર.

वटिका स्त्री० વડી, ગોળી.

वटी स्त्री० દોરી, વડી, ગોળી, એક જાતનું ઝાડ.

वटु पु० બટુક, બ્રહ્મચારી, માણવક.

वटुक पु० બાળક, બટુક, બ્રહ્મચારી, બટુક ભૈરવ.

वटूकरण न० જનોઇ દેવાની ક્રિયા.

वठ् भ्वा० प० अ० सेट् સમર્થ થવું.

वठर त्रि० મૂર્ખ, શઠ, મંદ, નીચ, ક્રૂર.

वड् सौ० प० स० सेट् વધવું, ચઢવું.

वडभि स्त्री० ઘરની વળી, મહેલ ઉપરની બંગલી.

वडभी स्त्री० ઉપરના અર્થ.

वडवा स्त्री० ઘોડી.

वडवानल पु० સમુદ્રનો અગ્નિ.

वडवामुख पु० ઉપરનો અર્થ.

वडवासुत पु० સ્વર્ગવૈદ્ય-અશ્વિનીકુમાર.

वडवासूनु पु० ઉપરનો અર્થ.

वडा स्त्री० વડું.

वडिश न० માછલાં પકડવાનો લોખંડી આંકડો.

वड्ड त्रि० મોટું.

वण् भ्वा० प० स० सेट् શબ્દ કરવો.

वणिग्मार्ग पु० બજાર.

वणिज् पु० વાણીયો, વેપારી, તુલારાશિ.

वणिज्य न० વેપાર.

वणिज्या स्त्री० વેપાર.

वण्ट् चु० उभ० स० सेट् વિભાગ કરવા.

वण्ट् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

वण्ट् भ्वा० प० स० सेट् ઉપર પ્રમાણે.

वण्ट् सौत्र० प० स० सेट् ચોરવું.

वण्ट पु० ભાગ, દાતરડાં વગેરેનો હાથો.

वण्टक पु० ભાગ, વહેંચણી.

वण्टक त्रि० ભાગ કરનાર, વિભાજક.

वण्टन न० ભાગ કરવા, વહેંચણી.

वण्ठ् भ्वा० आ० अ० सेट् અસહાય કરવું.

वण्ठर पु० બાંધવાની દોરી, કુતરાની પૂછડી, કરીરકોષ, તાલનું પલ્લવ, મેઘ, સ્તન.

वण्ड् भ्वा० आ० अ० सेट् વીટવું, વિભાગ કરવા.

वण्ड त्रि० નહિ પરણેલ, વાંકું, હાથવિનાનું, ઠુંઠું, નાગું, નપુંસક.

वण्डर पु० અંતઃપુરરક્ષક-નાજર, કૃપણ.

वण्डा स्त्री० દુરાચારિણી સ્ત્રી.

वण्डाल पु० શૂરાઓનું યુદ્ધ, વહાણનો પાવડો.

वत् अव्य० સમાનતા, સાદસ્ય.

वत अव्य० ખેદ, અનુકંપા, દયા, હર્ષ, વિસ્મય, આમંત્રણ.

वतंस पु० કાનનો દાગીનો, મુકુટ, મસ્તકનો દાગીનો, કલગી, હરકોઇ દાગીનો.

वतण्ड पु० તે નામે એક મુનિ.

वतोका स्त्री० છોકરાં વિનાની સ્ત્રી.

वत्स न० છાતી.

वत्स पु० બાળક, બચ્ચું, પુત્ર, ગાય વગેરેનું વાછડું, વર્ષ, ચંદ્રવંશી એક રાજા.

वत्सक न० पुष्पकासीस જુઓ.

वत्सक पु० ગાય વગેરેનો વાછડો, કુટજ, ઈંદરજવ.

वत्सकवीज न० ઈંદરજવ.

वत्सकाम त्रि० છોકરાંની ઈચ્છાવાળું.

वत्सकामा स्त्री० છોકરાં ઇચ્છનારી સ્ત્રી.

वत्सगुरु पु० છોકરાંઓનો ગુરૂ-મહેતો.

वत्सतर पु० નાનું વાછરડું.

वत्सतरी स्त्री० નાની વાછરડી.

वत्सतन्त्री स्त्री० વાછરડું બાંધવાની દોરી.

वत्सनगर न० કૌશાંબી નગરી.

वत्सनाभ पु० વછનાગ.

वत्सपत्तन न० કૌશાંબી નગરી.

वत्सपाल पु० શ્રીકૃષ્ણ, બળદેવ.

वत्सपुर न० કૌશાંબી નગરી.

वत्सर पु० વર્ષ, સાલ.

वत्सराज पु० ચંદ્રવંશી એક રાજા.

वत्सरादि पु० માગશર મહિનો.

वत्सरान्तक पु० ફાગણ કે આશ્વિન માસ.

वत्सल त्रि० વહાલું, સ્નેહાળ.

वत्सल पु० વિષ્ણુ, વાત્સલ્ય રસ.

वत्सलता स्त्री० વહાલ, પ્રેમ.

वत्सलत्व न० વહાલ, પ્રેમ.

वत्सला स्त्री० વાછરડા માટે આતુર ગાય કે સ્ત્રી.

वत्साक्षी स्त्री० गोडुम्बा જુઓ.

वत्सादन पु० વરૂ, નહાર.

वत्सादनी स्त्री० વરૂ-માદા, ગળો.

वत्सीय पु० ભરવાડ, રબારી, ગોવાળ.

वद् भ्वा० उभ० स० सेट् બોવવું, કહેવું, સંદેશો કહેવો.

वद् भ्वा० प० स० सेट् બોલવું, કહેવું, अप+નિંદા કરવી, અપવાદ કરવો, परि+નિંદા કરવી, મિથ્યા દોષ આપવા, प्रति+વિરૂદ્ધ બોલવું, ઉત્તર આપવો वि+વિવાદ કરવો, વિરૂદ્ધ બોલવું.

वद् चु० उभ० स० सेट् બોલવું, કહેવું, સંદેશો કહેવો, अभि+પ્રણામ કરવા, નમવું.

वद त्रि० બોલનાર, કહેનાર.

वदत् त्रि० બોલતું, કહેતું.

वदन न० મુખ, મોઢું, બોલવું, કહેવું, વચનેન્દ્રિય.

वदन्ति स्त्री० વાણી, વાત, ભાષા.

वदन्ती स्त्री० ઉપરના અર્થ, બોલતી, કહેતી.

वदन्य पु० દાતા, ઉદાર.

वदरिक पु० બોરડીનું ઝાડ.

वदान्य पु० દાતા, ઉદાર.

बदाम न० બદામ.

वदाल पु० એક જાતનું માછલું.

वदालक पु० ઉપરનો અર્થ.

वदाली स्त्री० એક જાતની માછલી.

वदालकी स्त्री० ઉપરનો અર્થ.

वदावद पु० બહુ બોલનાર, વાચાળ.

वध पु० નાશ, હિંસા, મારી નાખવું તે.

वधू स्त्री० વહુ, ભાર્યા, પત્ની, નવી પરણેલી સ્ત્રી, પુત્રની સ્ત્રી, કચૂરો વનસ્પતિ.

वधूजन न० સ્ત્રી, નારી.

वधूटी स्त्री० જુવાન સ્ત્રી.

वधूशयन न० જાળી, ગોખ, ઝરૂખો.

वध्री स्त्री० ચામડાની દોરી, વાધરી.

वन् भ्वा० प० सेट् સેવવું स० શબ્દ કરવા अ०

वन् भ्वा० प० स० सेट् વ્યાપાર કરવો.

वन् तना० आ द्विक० सेट् યાચવું, માગવું.

वन् चु० उभ० सेट् ઉપકાર કરવો, તપાવવું, દુઃખ દેવું સ० શબ્દ કરવો અ०

वन् भ्वा० प० सेट् ઉપરના અર્થ.

वन न० જંગલ, વન, પાણી, રહેઠાણ, ઘર, પાથરણ.

वनकदली स्त्री० જંગલી કેળ.

वनकन्द पु० જંગલી સુરણ.

वनकरिन् पु० જંગલી હાથી.

वनकरिणी स्त्री० જંગલી હાથણી.

वनकार्पासी स्त्री० જંગલી કપાસ.

वनकोलि पु० જંગલી બોરડી.

वनगव पु० રોઝ મૃગ.

वनगज पु० જંગલી હાથી.

वनगहन न० ગાઢ જંગલ–ઝાડી.

वनचन्दन न० અગરચંદન, દેવદાર.

वनचन्द्रिका स्त्री० મોગરો.

वनचम्पक पु० જંગલી ચંપો.

वनचर त्रि० વનમાં ફરનાર, જંગલી.

वनचारिन् त्रि० ઉપરના અર્થ.

वनच्छाग पु० જંગલી બકરો, ભુંડ, ડુક્કર.

वनच्छागी स्त्री० જંગલી બકરી, ભુંડણ, ડુક્કરી.

वनज न० કમળ, એક જાતની મોથ.

वनज पु० જંગલી સુરણ, હાથી, નાગરમોથ.

वनज त्रि० વનમાં ઉત્પન્ન થનાર.

वनजा स्त्री० આસંધ, ગંધપત્રા, જંગલી કપાસ, જંગલી મગ.

वनतिक्त पु० હરડે.

वनतिक्तक पु० હરડે.

वनतिक्ता स्त्री० પાઠા વનસ્પતિ.

वनदीप पु० જંગલી ચંપો.

वनपल्लव पु० સરગવો.

वनपुष्प न० જંગલી ફૂલ.

वनपुष्पा स्त्री० સુવા.

वनपूरक पु० જંગલી બીજોરૂં.

वनप्रिय पु० કોયલ.

वनप्रिय न० તજ.

वनप्रिय त्रि० જેને જંગલ પ્રિય હોય તે.

वनप्रिया स्त्री० કોયલ–માદા.

वनभुज् पु० બળદ, ઋષભ ઔષધિ.

वनमक्षिका स्त्री० જંગલી માખી, ડાંસ.

वनमल्लिका स्त्री० જંગલી મોગરો.

वनमल्ली स्त्री० ઉપરનો અર્થ.

वनमाला स्त्री० ઢીંચણ સુધી લટકતી–દરેક ઋતુનાં ફૂલવાળી–વચ્ચે મોટાં કદંબનાં ફૂલવાળી માળા.

वनमालिन् पु० શ્રીકૃષ્ણ.

वनमालिनी स्त्री० વારાહીલતા, દ્વારકા.

वनमुच् पु० મેઘ.

वनमुद्ग पु० જંગલી મગ.

वनमुद्गी स्त्री० મુદ્ગપર્ણી વનસ્પતિ.

वनमूत पु० મેઘ.

वनमूर्द्धजा स्त्री० કાકડાશીંગ.

वनमोचा स्त्री० જંગલી કેળ.

वनलक्ष्मी स्त्री० કેળ, વનની શોભા, પાણીની શોભા.

वनलता स्त्री० જંગલી વેલ.

वनवर्वर पु० જંગલી બાવળ.

वनवन्हि पु० જંગલનો અગ્નિ, દવાનળ.

वनवास पु० જંગલમાં રહેવું તે.

वनवासिन् त्रि० જંગલમાં રહેનાર.

वनवासिन् पु० મુષ્કક વૃક્ષ, વારાહીકન્દ, શાલ્મલી કન્દ, નીલમહિષ કન્દ, ઋષભ ઔષધિ.

वनवीज पु० જંગલી બીજોરૂં.

वनवृन्ताकी स्त्री० જંગલી રીંગણી.

वनव्रीहि पु० સામો, મોરૈયો.

वनशूकर पु० જંગલી ભુંડ.

वनशूकरी स्त्री० કવચ વનસ્પતિ, જંગલી ભુંડણ.

वनशृङ्गाट पु० ગોખરૂ.

वनशृङ्गाटक पु० ગોખરૂ.

वनशोभन न० કમળ.

वनशोभा स्त्री० જંગલની કે પાણીની શોભા.

वनश्वन् पु० જંગલી કુતરો, શિયાળ, વાઘ, જંગલી બિલાડો.

वनसंकट पु० મસૂર ધાન્ય.

वनसरोजिनी स्त्री० જંગલી કપાસ.

वनस्थ त्रि० વનમાં રહેનાર.

वनस्थ पु० હરણ, તપસ્વી.

वनस्पति पु० પુષ્પવિના જેને ફળ આવે છે તે પીપળો વગેરે ઝાડ, હરકોઇ ઝાડ.

वनहास पु० કાસડો ઘાસ.

वनाखु पु० સસલો.

वनाखुक पु० મગ.

वनाट्टु पु० કાળો ભમરો, અપાનપ્રદેશ–ગુદા.

वनान्त पु० વનનો છેડો.

वनाभिलाव त्रि० જંગલનો નાશ કરનાર.

वनामल पु० કરમદાનું ઝાડ.

वनाम्र पु० कोशाम्र જુઓ.

वनायु पु० અરબસ્તાન દેશ.

वनायुज पु० અરબસ્તાની ઘોડો.

वनारिष्टा स्त्री० જંગલી હળદર.

वनार्चक त्रि० ફૂલ એકઠાં કરનાર.

वनालिका स्त्री० એક જાતની વેલ.

वनाहिर पु० ડુક્કર.

वनि पु० અગ્નિ, ઢગલો, યાચના, માગવું, ચિત્રક વૃક્ષ.

वनि त्रि० યાચક, માગણ, માગનાર.

वनिका स्त्री० બાગ, બગીચો, ઝાડી, જંગલ.

वनित त्रि० યાચેલ, માગેલ.

वनिता स्त्री० પ્રેમ રાખનારી સ્ત્રી.

वनिन् पु० વાનપ્રસ્થ.

वनिष्णु त्रि० યાચક, માગણ.

वनी स्त्री० वनिका જુઓ.

वनीक त्रि० યાચક, માગણ.

वनीपक त्रि० ઉપરના અર્થ.

वनीयक त्रि० યાચક, માગણ.

वनेक्षुद्रा स्त्री० કરંજ વૃક્ષ.

वनेचर त्रि० જંગલમાં ફરનાર, જંગલી.

वनेशय त्रि० વનમાં રહેનાર, જંગલી.

वनेश्वर पु० સિંહ.

वनेसर्ज पु० અસન વૃક્ષ.

वनैकदेश पु० વનનો એક ભાગ.

वनोद्भव त्रि० વનમાં ઉત્પન્ન થનાર.

वनोद्भवा स्त्री० જંગલી કપાસ.

वनौकस् पु० વાનર, વાંદરો.

वनौकस् त्रि० વનમાં રહેનાર, જંગલી.

वन्च् भ्वा० प० स० सेट् ઠગવું, છેતરવું.

वन्द् भ्वा० आ० स० सेट् નમવું, પગે પડવું, સ્તુતિ કરવી.

वन्दका स्त्री० એક જાતનો છોડ.

वन्दथ पु० ભાટ, ચારણ, સ્તુતિપાઠક.

वन्दन न० નમવું, પગે પડવું, મુખ, મોઢું.

वन्दनमाला स्त्री० દરવાજાની શણગારેલી કમાન.

वन्दनमालिका स्त्री० ઉપરનો અર્થ.

वन्दना स्त्री० નમવું, પગે પડવું.

वन्दनीय त्रि० નમવા યોગ્ય, સ્તુતિ કરવા યોગ્ય.

वन्दनीया स्त्री० ગોરોચના.

वन्दा स्त्री० એક જાતનો વેલો, ભીખારણ.

वन्दाक पु० એક જાતનો વેલો.

वन्दाका स्त्री० એક જાતનો વેલો.

वन्दाकी स्त्री० ઉપરનો અર્થ.

वन्दारु त्रि० વન્દન કરવાના સ્વભાવવાળું.

वन्दि स्त्री० કેદી, વંદન, સ્તુતિ, પગથીયું.

वन्दिग्राह पु० બલાત્કારે મારી નાખનાર.

वन्दिचौर पु० ઘરફાડુ ચોર.

वन्दिजन पु० वन्दिन् જુઓ.

वन्दित त्रि० વંદન કરેલ, સ્તુતિ કરેલ.

वन्दिन् पु० રાજા વગેરેનો સ્તુતિપાઠક, ભાટ, ચારણ.

वन्दिपाठ पु० સ્તુતિગ્રંથ, વખાણ કરવાં.

वन्दी स्त्री० वन्दि જુઓ.

वन्द्य त्रि० નમવા યોગ્ય, વંદન કરવા લાયક.

वन्ध्या स्त्री० વાંઝણી.

वन्द्या स्त्री० ગોરોચના, એક વેલો.

वन्द्र न० કલ્યાણ.

वन्द्र त्रि० પૂજક, પૂજારો, પૂજનાર.

वन्य न० તજ.

वन्य पु० જંગલી સૂરણ, વારાહીકન્દ, એક જાતનું બરૂ ઘાસ.

वन्य त्रि० વનમાં ઉત્પન્ન થનાર.

वन्या स्त्री० મુદ્ગપણી, ચણોઠી, ગોપાલકર્કટી, એક જાતની મોથ.

वन्या स्त्री० પાણીનો કે જળનો સમૂહ.

वन्त्र त्रि० અંશવાળું, ભાગવાળું.

वप् भ्वा० उभ० स० अनिट् વાવવું, મુંડવું, વણવું.

वप पु० વાવવું, મુંડવું, વણવું.

वपन न० ઉપરના અર્થ.

वपनी स्त्री० સજૈયો, અસ્ત્રો, હજામનું ઓજાર, વણાટશાળા, વણકરનું ઘર, વણવાનું સાધન, મુંડવાનું સાધન.

वपा स्त्री० મેદ, ચરબી, છિદ્ર.

वपिल पु० પિતા.

वपुन पु० દેવ.

वपुषा स्त्री० હવુષા.

वपुष्टमा स्त्री० પદ્મચારિણી લતા, કાશી રાજાની એક કન્યા, જનમેજયની પત્ની.

वपुष्मत् त्रि० શરીરવાળું,

वपुस् न० શરીર, સુંદર આકાર, તેજનો અંશ.

वप्तव्य त्रि० વાવવા લાયક, મુંડવા લાયક, વણવા યોગ્ય.

वप्तृ पु० પિતા, ખેડુત.

वप्तृ त्रि० વાવનાર, મુંડનાર, વણનાર.

वप्र पु० न० કિલ્લો, કોટ, ખેતર, રજ, ધૂળ, કાંઠો, કિનારો.

वप्र न० સીસું.

वप्र पु० પિતા, પ્રજાપતિ, કિલ્લો.

वप्रक्रीडा स्त्री० માટી વગેરેના ઢગમાં માથું મારી હાથી-બળદ-ભેંસ વગેરે રમત કરે છે તે.

वप्रा स्त्री० મજીઠ.

वप्रि पु० ખેતર, કયારો, દુર્ગતિ, સમુદ્ર.

वप्री स्त्री० રાફડો.

वभ्र् भ्वा० प० स० सेट् જવું.

वम् भ्वा० प० स० सेट् ઓકવું, ઉલટી કરવી, બહાર કાઢવું.

वम पु० ઉલટી, ઓકવું તે.

वमथु पु० ઉપરના અર્થ, હાથીની સુંઢમાંથી નીકળતા જળકણ.

वमन न० ઓકવું, બહાર કાઢવું, મર્દન કરવું, આહુતિ.

वमन पु० શણ.

वमनी स्त्री० જળો.

वमनीया स्त्री० માખી.

वमि स्त्री० ઉલટી, વાંતિ.

वमि पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

वमि त्रि० ધૂતારૂ, ઠગ.

वमित त्रि० ઓકેલ, બહાર કાઢેલ.

वमिन् त्रि० ઓકનાર, બહાર કાઢનાર.

वम्भ पु० વંશ.

वम्भारव पु० પશુનું બરાડવું.

वम्रीकूट पु० રાફડો.

वय् भ्वा० आ० स० सेट् જવું.

वयस् न० પક્ષી, બાળપણ વગેરે અવસ્થા, યૌવન, જુવાની.

वयस्क त्रि० વયનું, ઉંમરનું.

वयःस्थ पु० જુવાન.

वयःस्था स्त्री० બહેડાનું ઝાડ, આંબળી, હરડે, સોમવલ્લી, ઝીણી એલચી, કાકોલી, ક્ષીર કાકોલી, જુવાન સ્ત્રી.

वयस्थ पु० જુવાન.

वयस्था स्त्री० વયઃસ્થા જુઓ.

वयस्य त्रि० સમાનવયનું, મિત્ર.

वयस्या स्त्री० સખી, બહેનપણી.

वयुन न० જ્ઞાન, દેવમંદીર.

वयुन पु० દેવમંદીર.

वयोधस् पु० જુવાન.

वयोरङ्ग न० સીસું.

वर् चु० उभ० स० सेट् ઇચ્છવું, વર માગવો.

वर न० કેસર, થોડું, ઇચ્છા, યાચના, વીંટવું.

वर त्रि० ઇષ્ટ, ઇચ્છેલ, શ્રેષ્ઠ.

वर पु० જાર, વ્યભિચારી પુરૂષ, પતિ, વર, જમાઇ, ગુગળ, ઇષ્ટ પદાર્થ.

वरक पु० જંગલી મગ, પીતપાપડો, એક જાતનું ધાન્ય.

वरक न० વહાણ ઢાંકવાનું વસ્ત્ર.

वरक्रतु पु० ઇન્દ્ર, ધુવડ.

वरचन्दन न० દેવદાર, કાળું અગર.

वरट न० મોગરાનું ફૂલ.

वरट पु० એક જાતનો કીડો, હંસ પક્ષી.

वरटा स्त्री० હંસલી, કસુંબાનું બી.

वरटी स्त्री० હંસલી.

वरण न० વરવું, પસંદ કરવું, વીંટવું, બ્રાહ્મણ વગેરેનું યજ્ઞાદિ ક્રિયાણાં વરણ-સ્વીકાર, કિલ્લો, વરૂણ વૃક્ષ, ઢાંકવું, પોષવું.

वरण पु० ઉંટ.

वरणसी स्त्री० કાશી-બનારસ.

वरणा स्त्री० કાશીમાં આવેલી એક નદી.

वरणी स्त्री० ઉંટડી.

वरण्ड पु० એક જાતનો મુખનો રોગ, મધ્યવેદી, સમૂહ, ટીપું.

वरण्डक पु० ઉપરના અર્થ, વર્તુલ, ભીંત.

वरण्डक त्रि० વિશાળ, કૃપણ, ક્ષય પામેલ.

वरण्डालु पु० એરંડાનું ઝાડ.

वरता स्त्री० વરપણું.

वरतिक्त पु० કુટજ વૃક્ષ.

वरतिक्तक पु० કુટજ વૃક્ષ.

वरतिक्ता स्त्री० પાઠા વનસ્પતિ.

वरत्करी स्त्री० રેણુકા નામે ગંધદ્રવ્ય

वरत्रा स्त्री० હાથીના પેટ ઉપર બાંધવાની દોરી.

वरत्व न० વરપણું.

वरत्वच पु० લીંબડાનું ઝાડ.

वरत्वच त्रि० શ્રેષ્ઠ છાલ-ચામડીવાળું.

वरद त्रि० ઇચ્છિત આપનાર, વર આપનાર, પ્રસન્ન.

वरद न० તે નામે એક મુદ્રા.

वरदा स्त्री० કન્યા, આસંધ, દુર્ગા દેવી, આદિત્યભક્તા.

वरदाचतुर्थी स्त्री० માઘ શુદ ચોથ.

वरदातु पु० એક જાતનું ઝાડ.

वरदान न० વર આપવો, વરદાન.

वरनिश्चय पु० વરનો નિશ્ચય.

वरपक्ष पु० વિવાહમાં વરનો પક્ષ-સગાં સંબંધી.

वरपर्ण पु० ક્ષીરકંચુકી વૃક્ષ.

वरप्रद त्रि० વર આપનાર.

वरप्रदा स्त्री० લોપામુદ્રા.

वरफल पु० નાળીએરનું ઝાડ.

वरफल न० શ્રેષ્ઠ ફળ.

वरम् अव्य० થોડું ઇષ્ટ, સારું, ઠીક.

वरमुखी स्त्री० રેણુકા નામે ગંધદ્રવ્ય.

वरस्वरा स्त्री० પતિ વરવા ઇચ્છતી કન્યા, એક વેલ.

वरयितृ पु० ધણી, પતિ.

वररुचि त्रि० શ્રેષ્ઠ પ્રીતિવાળું, ઉત્તમ કાંતિવાળું.

वररुचि पु० વિક્રમાદિત્યની સભાનો એક પંડિત, એક વ્યાકરણાચાર્ય.

वरल पु० હંસ, એક જાતનો કીડો.

वरलब्ध पु० ચંપાનું ઝાડ.

वरलब्ध त्रि० જેણે વર મેળવેલ હોય તે.

वरला स्त्री० હંસલી.

वरली स्त्री० હંસલી.

वरवत्सला स्त्री० સાસુ.

वरवर्णिनी स्त्री० ઉત્તમ સ્ત્રી, લાખ, હળદર, રોચના, ફલિની વનસ્પતિ, સાધ્વી સ્ત્રી, ગૌરી, પાર્વતી, લક્ષ્મી.

वरवारण पु० શ્રેષ્ઠ હાથી.

वरवाह्लीक न० કેસર.

वरा स्त्री० હરડે–બહેડાં–આમળાં, રેણુકા નામે ગંધદ્રવ્ય, ગળો, મેદા વનસ્પતિ, બ્રાહ્મી વનસ્પતિ, વાવડીંગ, પાઠા વનસ્પતિ, હળદર.

वराक पु० શિવ.

वराक न० યુદ્ધ.

वराक त्रि० બીચારૂં, ગરીબ, શોચનીય, અધમ.

वराङ्ग न० મસ્તક, ગુહ્ય ઇન્દ્રિય, યોનિ, તજ.

वराङ्ग पु० હાથી, વિષ્ણુ, કામદેવ.

वराङ्ग त्रि० શ્રેષ્ઠ અંગવાળું.

वराङ्गक न० તજ.

वराङ्गना स्त्री० ઉત્તમ સ્ત્રી.

वराङ्गिन् पु० અમ્લવેતસ.

वराङ्गिन् त्रि० શ્રેષ્ઠ અંગવાળું.

वराङ्गी स्त्री० હળદર, ઉત્તમ અંગવાળી સ્ત્રી.

वराट पु० કોડી, દોરડું.

वराटक पु० ઉપરના અર્થ, પદ્મબીજનો કોષ.

वराटकरजस् पु० નાગકેસર વૃક્ષ.

वराटिका स्त्री० કોડી, ગરીબડી, તુચ્છ.

वराण पु० ઇન્દ્ર, વરૂણ વૃક્ષ.

वराणसी स्त्री० કાશી, બનારસ.

वरादन न० ચારોળી.

वराम्र पु० કરમદું.

वरारक पु० હીરો.

वरारोह पु० હાથી.

वरारोहा स्त्री० શ્રેષ્ઠ નિતંબવાળી સ્ત્રી.

वरालि पु० ચંદ્ર, કપૂર.

वरालिका स्त्री० દુર્ગા દેવી.

वराशि पु० ઝાડું કપડું.

वरासन न० જાસુદનું ફૂલ, ઉત્તમ આસન.

वरासन पु० વ્યભિચારી પુરૂષ, દ્વારપાળ.

वरासि पु० ઝાડું વસ્ત્ર, તરવાર ધારણ કરનાર.

वराह पु० ભુંડ, ડુક્કર, વિષ્ણુનો વરાહ અવતાર, એક પર્વત, એક બેટ, મોથ, એક જાતનું માપ, શિશુમાર, વારાહીકન્દ.

वराहकन्द पु० એક જાતનું ઝાડ.

वराहकान्ता स्त्री० એક જાત્તનું ઝાડ.

वराहक्रान्ता स्त्री० રીસામણીનો વેલો.

वराहावतार पु० વિષ્ણુનો વરાહ અવતાર.

वराहिका स्त्री० કવચ વનસ્પતિ.

वराही स्त्री० એક જાતની મોથ, ભુંડણ, વરાહકન્દ વૃક્ષ.

वरिमन् पु० શ્રેષ્ઠપણું.

वरिवस् न० પૂજન, ધન.

वरिवसित त्रि० પૂજેલ, સેવેલ.

वरिवस्या स्त्री० સેવા, પૂજા.

वरिवस्यित त्रि० પૂજેલ, સેવેલ.

वरिष्ठ त्रि० અત્યંત મોટું, ઘણું ભારે, અત્યંત શ્રેષ્ઠ.

वरिष्ठ पु० તેતરપક્ષી, નારંગીનું ઝાડ, વાછરડો.

वरिष्ठ न० તાંબુ, મરી.

वरिष्ठा स्त्री० આદિત્યભક્તા.

वरिष्ठी स्त्री० તેતર પક્ષિણી.

वरी स्त्री० શતાવરી, સૂર્યની પત્ની.

वरीयस् त्रि० અત્યંત શ્રેષ્ઠ, ઘણું, મોટું, ઘણું ભારે.

वरीयस् पु० જ્યોતિષપ્રસિદ્ધ અઢારમો યોગ.

वरीवर्द्ध पु० બળદ.

वरीषु पु० કામદેવ.

वरुट पु० એક મ્લેચ્છજાતિ.

वरुटी स्त्री० એક મ્લેચ્છજાતિની સ્ત્રી.

वरुड पु० એક અંત્યજ જાતિ.

वरुडी स्त्री० એક અંત્યજ જાતિની સ્ત્રી.

वरुण पु० વરૂણ દેવ, પ્રાણી, સૂર્ય, આકડાનું ઝાડ, એક બેટ, વરૂણ વૃક્ષ.

वरुणा स्त्री० કાશીમાં એક નદી.

वरुणात्मजा स्त्री० પાણીમાંથી થતો એક દારૂ.

वरुणानी स्त्री० વરૂણની સ્ત્રી.

वरुत्र न० ઉત્તરીય વસ્ત્ર.

वरूथ न० બખ્તર, ઢાલ, ચામડું, રથનું રક્ષક ઢાંકણ.

वरूथ पु० રથનું રક્ષક ઢાંકણ.

वरूथिन् पु० રથ, પહેરગીર, ચોકીદાર.

वरूथिनी स्त्री० સેના, સૈન્ય.

वरेण्य न० કેસર.

वरेण्य त्रि० મુખ્ય, શ્રેષ્ઠ, પ્રાર્થના કરવા લાયક, ઇચ્છવા લાયક.

वरेन्द्री स्त्री० ગૌડ દેશ.

वरेश पु० શિવ.

वरेश्वर पु० શિવ.

वरोट पु० મરવાનું ઝાડ.

वरोट ब० મરવાનું ફૂલ.

वरोल पु० એક જાતનો કીડો.

वरोली स्त्री० એક જાતની કીડી.

वर्कर पु० જુવાન પશુ, બકરા–ઘેટાંનું બચ્ચું, બકરો, ઘેટો, હાંસી, મશ્કરી.

वर्कराट न० સ્ત્રીના સ્તન ઉપર પુરૂષનો નખક્ષત.

वर्करी स्त्री० બકરી, ઘેંટી.

वर्ग पु० સજાતીય સમૂહ, સંઘ, સમૂહ, વિભાગ, ગ્રંથપરિચ્છેદ, ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ વર્ગ.

वर्गप्रकृति स्त्री० બીજ ગણિતમાં કહેલ એક ગણનાપ્રકાર.

वर्गमूल न० ગણિતપ્રસિદ્ધ વર્ગમૂલ.

वर्गीय त्रि० વર્ગનું, વર્ગસંબંધી.

वर्गोत्तम पु० જ્યોતિષમાં કહેલ ત્રીસમા અંશરૂપ રાશિનો નવાંશભેદ.

वर्घ् दिवा० प० स० सेट् જવું.

वर्च् भ्वा० आ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

वर्चस् न० રૂપ, વીર્ય, તેજ, વિષ્ટા.

वर्चस् पु० ચંદ્રનો પુત્ર.

वर्चस्क पु० વિષ્ટા.

वर्चस्विन् त्रि० તેજસ્વી.

वर्जक त्रि० તજનાર, છોડનાર.

वर्जन न० ત્યાગ, તજવું, છોડવું, હિંસા, મારી નાખવું.

वर्जनीय त्रि० તજવાલાયક, છોડવા લાયક.

वर्जम् अव्य० વિના, સિવાય.

वर्जित त्रि० તજેલ, છોડેલ, રહિત.

वर्जितव्य त्रि० वर्जनीय જુઓ.

वर्ज्य त्रि० वर्जनीय જુઓ.

वर्ण् चु० उभ० स० सेट् વર્ણન કરવું, વખાણવું.

वर्ण न० કેસર.

वर्ण पु० સોનું, વ્રત, ધોળો વગેરે રંગ, અકાર વગેરે અક્ષર, ભેદ, ગાયનનો ક્રમ, ચિત્ર, એક તાલ, અંગરાગ, યશ, ગુણ,

સ્તુતિ, બ્રાહ્મણ વગેરે જાતિ, વિવાહોપયોગી અમુક નક્ષત્રોથી થતો વર્ણકૂટ.

वर्ण પુ० ન० ભેદ, રૂપ, અક્ષર.

वर्णक પુ० ચારણ, હીંગળો વગેરે.

वर्णक ન० હરતાળ, વિલેપનયોગ્ય પિષ્ટ–પીઠી વગેરે–ચંદન વગેરે.

वर्णकवि પુ० કુબેરનો પુત્ર.

वर्णका સ્ત્રી० હીંગળો વગેરે.

वर्णकूपिका સ્ત્રી० શાહીનો ખડીયો.

वर्णकूपी સ્ત્રી० શાહીનો ખડીયો.

वर्णचारक પુ० ચિત્રકાર, ચીતારો.

वर्णज्येष्ठ પુ० બ્રાહ્મણ.

वर्णज्येष्ठ ત્રિ० શ્રેષ્ઠ વર્ણકૂટવાળું.

वर्णज्येष्ठा સ્ત્રી० શ્રેષ્ઠ વર્ણકૂટવાળી સ્ત્રી.

वर्णतस् અવ્ય० વર્ણથી.

वर्णतूलि સ્ત્રી० લેખણ, કલમ

वर्णतूलिका સ્ત્રી० લેખણ, કલમ.

वर्णतूलि સ્ત્રી० લેખણ, કલમ.

वर्णद् ન० કાળું અગર.

वर्णद् ત્રિ० વર્ણ આપનાર.

वर्णदातृ ત્રિ० વર્ણ આપનાર.

वर्णदात्री સ્ત્રી० હળદર.

वर्णदूत પુ० લખેલો કાગળ, લિપી.

वर्णधर्म પુ० બ્રાહ્મણ વગેરે જાતિનો ધર્મ.

वर्णन ન० વર્ણન કરવું, વખાણવું, રંગવું.

वर्णना સ્ત્રી० ઉપરના અર્થ.

वर्णनीय ત્રિ० વખાણવા લાયક, વર્ણન કરવા યોગ્ય, રંગવા લાયક.

वर्णमातृ સ્ત્રી० લેખણ. કલમ.

वर्णमातृका સ્ત્રી० સરસ્વતી.

वर्णमाला સ્ત્રી० જાતિમાળા, અક્ષરપંક્તિ, યાગકર્મમાં પચાસ વર્ણની એક માળા.

वर्णरेखा સ્ત્રી० ખડી, ચોક.

वर्णलेखा સ્ત્રી० ખડી, ચોક.

वर्णवत् ત્રિ० વર્ણવાળું.

वर्णवती સ્ત્રી० હળદર.

वर्णविलोडक પુ० અક્ષરચોર, શ્લોકચોર, ઘરફાડુ ચોર.

वर्णवृत्त ન० અક્ષરછંદ.

वर्णश्रेष्ठ પુ० બ્રાહ્મણ.

वर्णसङ्कर પુ० ઉત્તમ વર્ણના પુરૂષથી નીચ વર્ણની સ્ત્રીમાં અથવા નીચ વર્ણના પુરૂષથી ઉત્તમ વર્ણની સ્ત્રીમાં જન્મેલ સંતાન.

वर्णसि પુ० પાણી.

वर्णहीन ત્રિ० હલકા વર્ણનું, વર્ણબહિષ્કૃત, અક્ષરરહિત.

वर्णा સ્ત્રી० તુવેર ધાન્ય.

वर्णाङ्का સ્ત્રી० લેખણ, કલમ.

वर्णाट પુ० ગવૈયો, ચિત્રકાર, નાટકીયો.

वर्णात्मन् પુ० શબ્દ, ધાતુ–ક્રિયાપદ.

वर्णापसद ત્રિ० નીચવર્ણનું, વર્ણબહિષ્કૃત.

वर्णापेत ત્રિ० વર્ણથી દૂર કરેલ.

वर्णार्ह પુ० મગ.

वर्णाश्रम પુ० વર્ણાશ્રમ.

वर्णाश्रमधर्म પુ० વર્ણાશ્રમનો ધર્મ.

वर्णि ન० સોનું.

वर्णिका સ્ત્રી० કલમ, શાહી, ખડી, વાનગી.

वर्णित ત્રિ० વર્ણવેલ, વખાણેલ, રંગેલ, રૂપાંતર કરેલ.

वर्णिन् પુ० ચિત્રકાર, લેખક, બ્રહ્મચારી, બ્રાહ્મણ વગેરે જાતિ.

वर्णिनी સ્ત્રી० હળદર, સ્ત્રી.

वर्णिलिंगिन् પુ० બ્રહ્મચારીના વેષવાળો.

वर्णु પુ० તે નામે એક નદ, આદિત્ય.

वर्तक પુ० ભારંડ પક્ષી, ચકલો પક્ષી, ઘોડાની ખરી.

वर्तक ત્રિ० વર્તનાર, હોનાર.

वर्तक ન० એક જાતનું લોઢું.

वर्तका સ્ત્રી० ચકલી.

वर्तजन्मन् પુ० મેઘ.

वर्तन न० વર્તવું, રહેવું, સ્થિતિ, વૃત્તિ, સ્થાપન, ધંધો, પગાર, ભાડું, આજીવિકા, સાધારણ વર્તુલ, ગોળો, લાડુ, ચરખાની બેઠક.

वर्तन त्रि० વર્તનાર, હોનાર, વૃત્તિવાળું, વામન, સ્થાવર.

वर्तनदान न० પગાર આપવો, ભાડું આપવું, આજીવિકા આપવી.

वर्तनाभाव पु० આજીવિકાનો અભાવ.

वर्तनि स्त्री० પૂર્વ દેશ.

वर्तनी स्त्री० માર્ગ, રસ્તો, પીસવું, દળવું.

वर्तनीय त्रि० વર્તવા યોગ્ય, હોવા લાયક, રહેવા લાયક.

वर्तमान पु० વર્તમાન–ચાલુ કાળ.

वर्तमान त्रि० વર્તમાન–ચાલુકાળનું, વર્તતું, હોતું, રહેતું.

वर्तमानता स्त्री० વર્તમાનપણું.

वर्तमानत्व न० વર્તમાનપણું,

वर्तरूक पु० તે નામે એક નદ, પાણીનું ગોળ ફરવું, દ્વારપાળ, પહેરગીર, કાકલીભેદ.

वर्तलोह न० એક જાતનું લોઢું.

वर्ति स्त्री० લેખ, નેત્રાંજન, વાટ, દીવેટ, શરીરે લેપન, વૈદ્યોનું એક ઔષધ, દીવો, તંબુ, પોષાકનો છેડો, લીટી, આંકેલી લીટી.

वर्त्तिक पु० ચકલો પક્ષી, ભારંડ પક્ષી.

वर्तिका स्त्री० દીવેટ, ચકલી, મેંઢાશીંગ.

वर्तिकी स्त्री० ચકલી, ભારંડ પક્ષિણી.

वर्तित त्रि० વર્તેલ.

वर्तितव्य त्रि० वर्तनीय જુઓ.

वर्तिष्णु त्रि० વર્તનાર, વર્તનશીલ, વર્તવાના સ્વભાવનું.

वर्तिष्णु त्रि० વર્તવાના સ્વભાવવાળું.

वर्तिष्यमाण पु० ભવિષ્યકાળ.

वर्तिष्यमाण त्रि० ભવિષ્યકાળનું.

वर्त्ती स्त्री० वर्ति જુઓ.

वर्तुल त्रि० ગોળાકાર પદાર્થ.

वर्तुल न० ગાજર.

वर्तुल पु० વટાણા, ગોળો.

वर्तुला स्त्री० ચરખાની બેઠક.

वर्तुली स्त्री० ગજપીપર.

वर्त्मन् न० માર્ગ, રસ્તો, આચાર, આંખની પાપણ.

वर्त्मनि स्त्री० માર્ગ, રસ્તો.

वर्ध् चु० उभ० स० सेट् છેદવું, પૂરવું, ભરવું.

वर्ध पु० છેદવું, પૂરવું, ભરવું, વૃદ્ધિ.

वर्धक पु० ब्राह्मणयष्टि વનસ્પતિ.

वर्धक त्रि० છેદનાર, પૂરનાર, ભરનાર, વૃદ્ધિ કરનાર.

वर्धकि पु० સુથાર.

वर्धकिन् पु० સુથાર.

वर्धन न० વધવું, છેદવું, પૂરવું, ભરવું.

वर्धन त्रि० વૃદ્ધિકારક, વધનાર, વૃદ્ધિવાળું, છેદનાર.

वर्धनी स्त्री० સાવરણી, ખડી, નાળચાંવાળું પાત્ર.

वर्धमान त्रि० વધતું, વૃદ્ધિ પામતું, વૃદ્ધિવાળું.

वर्धमान पु० એરંડાનું ઝાડ, માટીનું કોડીયું, વિષ્ણુ, એક જાતનું પશુ, જૈન તીર્થંકર મહાવીર, ધનવાનોનું એક જાતનું ઘર, એક દેશ, એક નગર.

वर्धमानक पु० ઢાંકણું.

वर्धापन न० વધામણું, ઉત્સવ, નાડીચ્છેદન કર્મના અંગરૂપ એક સંસ્કાર.

वर्धित त्रि० વધેલ, છેદેલ, પૂરેલ, ભરેલ, પ્રસ્તુત.

वर्धिन् त्रि० વધતું, વૃદ્ધિ પામતું.

वर्धिष्णु त्रि० વૃદ્ધિ પામવાના સ્વભાવનું, વધતું.

वर्ध्र न० ચામડું, વાધરી, ચામડાની દોરી.

वर्ध्री स्त्री० વાધરી, ચામડાની દોરી.

वर्पस् न० રૂપ.

वर्फ् भ्वा० प० स० सेट् જવું, વધ કરવો.

वर्मकण्टक शु० પીતપાપડો.

वर्मकषा स्त्री० એક જાતની વનસ્પતિ.

वर्मन् न० કવચ, બખ્તર.

वर्मन् पु० ક્ષત્રિયને લાગતું વિશેષણ.

वर्महर पु० બખ્તર ધારણ કરી શકે તેટલી ઉમ્મરનો જુવાન.

वर्मि पु० એક જાતનું માછલું.

वर्मित त्रि० જેણે બખ્તર ધારણ કર્યું હોય તે, તૈયાર.

वर्य त्रि० મુખ્ય, શ્રેષ્ઠ.

वर्य पु० કામદેવ.

वर्या स्त्री० કન્યા, પતિ વરવા ઇચ્છતી કન્યા.

वर्वणा स्त्री० એક જાતની માખી.

वर्वर न० હિંગળો, પીળું ચંદન, ગંધરસ.

वर्वर त्रि० પામર, મૂર્ખ.

वर्वर पु० વાંકડીયા કેશ, એક દેશ, બાવળનું ઝાડ, એક જાતની માખી.

वर्वरिका स्त्री० એક જાતનું ચંદન, એક જાતનું ફૂલ.

वर्वरा स्त्री० એક જાતની માખી, બાવળનું ઝાડ.

वर्वरी स्त्री० ઉપરના અર્થ.

वर्वरीक पु० શિવ, ब्राह्मणयष्टि વૃક્ષ. વાંકડીયા કેશ, અજગંધિકા વનસ્પતિ.

वर्वरोत्थ न० ધોળું ચંદન.

वर्वा स्त्री० એક જાતની વનસ્પતિ.

वर्वि त्रि० ખાઉધરૂં, ખાખા કરનાર.

वर्वुर पु० બાવળનું ઝાડ.

वर्ष पु० વરસાદ, વૃષ્ટિ, વરસવું તે, જંબુદ્વીપ, મેઘ, પ્રભવ વગેરે સાઠ વર્ષમાંનું કોઇ વર્ષ.

वर्ष पु० न० જંબુદ્વીપનો અમુક ભાગ.

वर्ष त्रि० વરસનાર.

वर्षकर पु० મેઘ.

वर्षकर त्रि० વરસાદ કરનાર.

वर्षकरी स्त्री० એક જાતનો કીડો-તમરૂં.

वर्षकेतु पु० રાતી સાટોડી, વરસાદનો ફેરો.

वर्षकोष पु० જોશી, મહિનો.

वर्षज त्रि० વરસાદથી-માં ઉત્પન્ન થનાર, વર્ષથી-વર્ષમાં પેદા થનાર, જંબુદ્વીપમાંથી થનાર.

वर्षण न० વરસાદ, વરસવું.

वर्षणि स्त्री० કૃતિ, વર્તન, યજ્ઞ, વરસવું, વરસાદ.

वर्षत् त्रि० વરસતું.

वर्षधर पु० નાંજર, નપુંસક.

वर्षधराद्यङ्क न० वर्ष न० જુઓ.

वर्षधर्ष पु० वर्षधर જુઓ.

वर्षपर्वत पु० હિમાલય-હેમકૂટ વગેરે સાત ખંડપર્વતો.

वर्षपाकिन् पु० આમ્રાતક વૃક્ષ.

वर्षपुष्पा स्त्री० સહદેવીનો વેલો.

वर्षप्रिय पु० બપૈયો.

वर्षप्रिया स्त्री० બપૈયો-માદા.

वर्षबर पु० નાંજર, નપુંસક.

वर्षवर पु० ઉપરના અર્થ.

वर्षवृद्धि स्त्री० જન્મતિથિ, જન્મદિવસ, જન્મદિવસે કરવાનું પૂજા વગેરે કર્મ.

वर्षशत न० સો વર્ષ, સૈકો.

वर्षसहस्र न० એક હજાર વર્ષ.

वर्षा स्त्री० ब० શ્રાવણ-ભાદરવો-એ બે મહિનાની ઋતુ.

वर्षाङ्ग पु० મહિનો.

वर्षाङ्गी स्त्री० સાટોડી.

वर्षाघोष पु० દેડકો.

वर्षापगम पु० શરદ ઋતુ, વર્ષા ઋતુની સમાપ્તિ.

वर्षाप्रभञ्जन त्रि० વરસાદ દૂર કરે તેવું.

वर्षाप्रभञ्जन पु० વરસાદની ઋતુનો પવન.

वर्षाभव पु० રાતી સાટોટી.

वर्षाभव त्रि० વર્ષાઋતુમાં હોનાર–થનાર.

वर्षाभू त्रि० ઉપરનો અર્થ.

वर्षाभू पु० દેડકો, ઇન્દ્રગોપ કીડો.

वर्षाभू स्त्री० સાટોડી.

वर्षाभ्वी स्त्री० દેડકી, એક જાતનો વેલો.

वर्षामद पु० મોર પક્ષી.

वर्षामदी स्त्री० મોર પક્ષિણી.

वर्षाम्भःपारणाव्रत पु० બપૈયો.

वर्षायुत न० દશ હજાર વર્ષ.

वर्षारात्र पु० વર્ષાઋતુની રાત.

वर्षार्चिस् पु० મંગળ ગ્રહ.

वर्षावसान पु० वर्षापगम જુઓ.

वर्षिक त्रि० વર્ષાઋતુસંબંધી, વર્ષાઋતુનું, વરસતું, વરસસંબંધી.

वर्षिक न० એક જાતનું લાકડું.

वर्षिन् त्रि० વરસનાર.

वर्षिष्ठ त्रि० અતિશય વૃદ્ધ.

वर्षीयस् त्रि० અત્યંત વૃદ્ધ.

वर्षुक त्रि० વર્ષવાના સ્વભાવવાળું.

वर्षुकाब्द पु० વરસનાર મેઘ.

वर्षेज त्रि० વરસાદમાં ઉત્પન્ન થનાર.

वर्षोपल पु० વરસાદનો કરો.

वर्ष्म न० શરીર.

वर्ष्मन् न० શરીર, પત્થર.

वर्ष्मन् त्रि० અત્યંત સુંદર.

वर्ह् चु० उभ० सेट् વધ કરવો स० દીપવું, પ્રકાશવું. अ०

वर्ह् भ्वा० आ० स० सेट् ઉત્કર્ષ પામવો.

वर्ह न० મોરનું પીછું, ગ્રન્થિપર્ણ વૃક્ષ.

वर्ह पु० મોરનું પીછું.

वर्हण न० પાંદડું.

वर्हिःकुसुम न० ગ્રન્થિપર્ણ વૃક્ષ.

वर्हिःपुष्प न० ગ્રંથિપર્ણ વૃક્ષ.

वर्हिःशुष्मन् पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

वर्हिःष्ठ न० સુગંધી વાળો–ખસ.

वर्हिकुसुम न० ગ્રંથિપર્ણ વૃક્ષ.

वर्हिण पु० મોર પક્ષી.

वर्हिणवाहन पु० કાર્તિકસ્વામી.

वर्हिणी स्त्री० મોર પક્ષિણી.

वर्हिध्वजा स्त्री० ચંડિકા દેવી.

वर्हिन् पु० મોર પક્ષી.

वर्हिपुष्प न० ગ્રંથિપર્ણ વૃક્ષ.

वर्हिर्ज्योतिस् पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

वर्हिर्मुख पु० દેવ.

वर्हिषद् पु० ब० તે નામે પિતૃગણ.

वर्हिष्केश पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वर्हिष्ठ पु० સુગંધી વાળો–ખસ.

वर्हिस् पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ, ગ્રંથિપર્ણ વૃક્ષ.

वर्हिस् पु० न० દર્ભ.

वर्हिस् त्रि० કાંતિવાળું, તેજસ્વી.

वल् भ्वा० आ० स० सेट् ઢાંકવું, ઘેરવું, ચાલવું.

वल न० સૈન્ય, લશ્કર.

वलक्ष पु० ધોળો રંગ.

वलक्ष त्रि० ધોળું, સફેત.

वलक्षगु पु० ચંદ્ર, કપૂર.

वलग्न पु० न० મધ્ય, કેડ.

वलन न० संवरण જુઓ.

वलभि स्त्री० गोपानसी જુઓ, વલભીપુર શહેર, ઘરનો ઉપલો માળ.

वलभी स्त्री० ઉપરના અર્થ.

वलम्ब पु० अवलम्ब જુઓ.

वलय पु० न० ચુડી, હાથપગનું કડું, ગોળાકૃતિ, વેષ્ટનભૂમિ.

वलय पु० ગળાંનો એક રોગ.

वलयित त्रि० વીંટેલ, ઘેરેલ, ગોળાકાર થયેલ.

वला स्त्री० બલા વનસ્પતિ, बला જુઓ.

वलाक पु० બગલો.

वलाका स्त्री० બગલી.

वलाहक पु० મેઘ, મોથ, પર્વત, એક દૈત્ય, એક નાગ, શ્રીકૃષ્ણનો એક ઘોડો.

वलि पु० बलि જુઓ.

वलित त्रि० વળેલ, ઘેરેલ, ચલાવેલ.

वलिर त्रि० केकर જુઓ.

वलिश न० बडिश જુઓ.

वलीक न० पटल न० જુઓ.

वलीवर्द्द पु० બળદ.

वलूक पु० એક જાતનું પક્ષી, અસુર.

वलूक न० કમળ.

वल्क् चु० उभ० द्वि० वेट् બોલવું, કહેવું.

वल्क न० વૃક્ષ વગેરેની છાલ, માછલાનું ચામડું, ખંડ, ટુકડો.

वल्क पु० એક જાતના લોધરનું ઝાડ.

वल्कतरु पु० સોપારીનું ઝાડ.

वल्कद्रुम पु० ભોજપત્રનું ઝાડ.

वल्कल न० તજ.

वल्कल पु० न० ઝાડની છાલ.

वल्कलोध्र पु० એક જાતના લોધરનું ઝાડ.

वल्ग् भ्वा० प० स० सेट् જવું, કુદવું.

वल्गत् त्रि० જતું, હાલતું,

वल्गा स्त्री० ઘોડાની લગામ.

वल्गित न० ઘોડાની એક ગતિ, જવું, કૂદવું, બહુ બોલવું.

वल्गित त्रि० ગયેલ, કૂદેલ.

वल्गु पु० બકરો.

वल्गु त्रि० મનોહર, સુંદર.

वल्गुक त्रि० મનોહર, સુંદર.

वल्गुक न० ચંદન, વન, પણ, કીંમત.

वल्गुपत्र पु० જંગલી મગ.

वल्गुल पु० એક જાતનું પક્ષી.

बल्गुला स्त्री० સોમરાજી, એક પક્ષી.

वल्गुलिका स्त्री० એક જાતનો કીડો.

वल्गूयत् त्रि० મનોહર-સુંદર થતું.

वल्भ् भ्वा० आ० स० सेट् ભક્ષણ કરવું, ખાવું.

वल्भन न० ખાવું, ખોરાક, ભોજન.

वल्भित त्रि० ભોજન કરેલ, ખાધેલ.

वल्मिक पु० કીડાઓએ કરેલો માટીનો રાફડો.

वल्मिकि पु० રાફડો.

वल्मीक पु० न० કીડાઓએ કરેલો માટીનો રાફડો.

वल्मीक पु० એક જાતનો રોગ, વાલ્મીકિ.

वल्मीकभव पु० વાલ્મીકી મુનિ.

वल्मीकशीर्ष न० એક જાતનું અંજન.

वल्मीकूट न० वल्मीक पु० न० જુઓ.

वल्युल् चु० उभ० स० सेट् છેદવું, પવિત્રતા કરવી.

वल्यूल् ઉપર પ્રમાણે.

वल्ल् भ्वा० आ० स० सेट् ઢાંકવું, ચાલવું.

वल्ल पु० ત્રણ ચણોઠી બરોબર વજન, બે ચણોઠી બરોબર વજન, દોઢ ચણોઠી બરોબર વજન, વાલ.

वल्लकी स्त्री० વીણા, સલ્લકી વૃક્ષ.

वल्लभ पु० પતિ, ધણી, અધ્યક્ષ, ઉત્તમ ઘોડો.

वल्लभ त्रि० વહાલું, પ્રિય.

वल्लभपाल पु० અશ્વપાળ.

वल्लभा स्त्री० વહાલી સ્ત્રી.

वल्लर न० કાળું અગર, ગહન, કુંજ, ઝાડી, માંજર-ઝાડનો મહોર.

वल्लरि स्त्री० ઝાડનો મહોર, મેથી, ચિત્રમૂળ, લતા, વેલ.

वल्लरी स्त्री० ઉપરના અર્થ.

वल्लव पु० ગોવાળ, ભરવાડ, રબારી, ભીમસેન, રસોઇઓ.

वल्लवी स्त्री० ગોવાળણ, ભરવાડણ, રબારણ.
वल्लि स्त्री० લતા, વેલ, પૃથ્વી.
वल्ली स्त्री० ઉપરના અર્થ, અજમોદ, કૈવર્તિકા, ચવક.
वल्लीज न० મરી.
वल्लीदूर्वा स्त्री० એક જાતની ધ્રો.
वल्लीवदरी स्त्री० એક જાતની બોરડી.
वल्लीमुद्ग पु० જંગલી મગ.
वल्लीवृक्ष पु० સાગનું ઝાડ.
वल्लुर न० ઝાડી, ઝાડનો મહોર, નિર્જન સ્થાન, લીલા ઘાસવાળો પ્રદેશ, ગહન, જંગલ.
वल्लूर न० તડકા વગેરેથી સૂકાયલું માંસ, ભુંડ-ડુક્કરનું માંસ, વનક્ષેત્ર, જંગલ, વાહન, ક્ષાર ભૂમિ.
वल्ल्या स्त्री० ધાવડીનું ઝાડ.
वल्वज न० એક જાતનું ઘાસ.
वल्वजा स्त्री० એક જાતનું ઝાડ.
वल्ह् चु० उभ० अक० सेट् દીપવું, પ્રકાશવું.
वल्ह् भ्वा० आ० स० सेट् ઉત્કર્ષ પામવો.
वव पु० જ્યોતિષપ્રસિદ્ધ પહેલું કરણ.
वश् अदा० प० स० सेट् સ્પૃહા કરવી, ઇચ્છવું.
वश पु० न० વશપણું, સ્વાધીનપણું, પ્રભુત્વ, ઇચ્છા.
वश त्रि० સ્વાધીન, પરવશ, પરાધીન.
वशंवद त्रि० પ્રિયવાક્ય બોલનાર, મીઠું બોલનાર, 'હું તને વશ છું' એમ બોલનાર
वशका स्त्री० સ્વાધીન સ્ત્રી, તાબામાં રહેતી સ્ત્રી.
वशक्रिया स्त्री० વશ કરવું.
वशग त्रि० વશ થયેલ, તાબે થયેલ.
वशगा स्त्री० વશકા જુઓ.
वशङ्गत त्रि० વશ થયેલ.
वशना स्त्री० સ્ત્રીનો કંઠાલંકાર.

वशवर्तिन् त्रि० વશ થયેલ, સ્વાધીન.
वशा स्त्री० કોઈપણ સ્ત્રી, વાંઝણી સ્ત્રી, પુત્રી, હાથણી, ગાય, નણંદ.
वशाकु पु० એક જાતનું પક્ષી.
वशानुग त्रि० વશ થયેલ, તાબેદાર.
वशापायिन् त्रि० કુતરો.
वशापायिनी स्त्री० કુતરી.
वशि त्रि० વશ કરનાર.
वशि न० વશીકરણ.
वशिक त्रि० શૂન્ય, ખાલી.
वशिका स्त्री० અગર ચંદન.
वशिता स्त्री० વશ કરવાપણું, ઇશ્વરનું એક ઐશ્વર્ય, સ્વતંત્ર.
वशित्व न० ઉપરના અર્થ.
वशिन् त्रि० જિતેન્દ્રિય, સ્વાધીન, સ્વતંત્ર.
वशिनी स्त्री० ખીજડીનું ઝાડ.
वशिर न० સમુદ્રનું મીઠું.
वशिर पु० ગજપીપર, ચવક વનસ્પતિ.
वशिष्ठ पु० વસિષ્ઠ મુનિ.
वशीकरण न० બીજાને વશ કરવું તે.
वशीकृत त्रि० વશ કરેલ, તાબે કરેલ.
वशीभवन न० વશ થવું, તાબે થવું.
वशीभूत त्रि० વશ થયેલ, તાબે થયેલ.
वशीर पु० ગજપીપર.
वश्य न० લવીંગ.
वश्य त्रि० વશ, સ્વાધીન, તાબે થયેલ.
वश्यका स्त्री० સ્વાધીન રહેતી સ્ત્રી.
वश्या स्त्री० ઉપરનો અર્થ.
वप् भ्वा० प० स० सेट् વધ કરવો.
वषट् अव्य० દેવોને ઉદ્દેશી હવિષનો ત્યાગ.
वषट्कार पु० દેવોને ઉદ્દેશી હવિષના ત્યાગરૂપ યજ્ઞ.
वषट्कृत त्रि० હોમેલ.
वष्क् भ्वा० आ० स० सेट् જવું.
वष्कय पु० એક વર્ષનું વાછરડું.

वष्कयणी स्त्री० ઘણા કાળથી વીયાયેલી ગાય.

वष्कयिणी स्त्री० ઉપરનો અર્થ.

वस् चु० उभ० सेट् સ્નેહ કરવો, માયાળુ થવું अ० છેદવું, વધ કરવો स०

वस् दिवा० प० स० सेट् થંભવું, થંભી જવું.

वस् भ्वा० प० स० अनिट् રહેવું.

वस् अदा० आ० स० सेट् ઢાંકવું.

वस् चु० उभ० स० सेट् વાસિત કરવું, સુગંધી કરવું.

वसत् त्रि० વસતું, રહેતું.

वसति स्त्री० રહેઠાણ, નિવાસ કરવો, સ્થાપન, ઘર, છાવણી, રાત્રિ.

वसतिवरी स्त्री० ब० સોમગ્રહણ માટે જળ.

वसती स्त्री० वसति જુઓ.

वसथ पु० ગામ, ગામડું.

वसन न० વસ્ત્ર, ઢાંકણ, વસવું, વાસ, રહેઠાણ, સ્ત્રીનું કટીભૂષણ-કંદોરો.

वसनगृह न० કપડાંનું ઘર-તંબુ.

वसनसद्मन् न० ઉપરનો અર્થ.

वसना स्त्री० સ્ત્રીનું કટીભૂષણ-કંદોરો.

वसन्त पु० ચૈત્ર-વૈશાખ-એ બે મહિનાની ઋતુ, ઝાડાનો રોગ, નાટકમાં વિદૂષકને વિશેષણ, તે નામે એક તાલ.

वसन्तक पु० શ્યોનાક વૃક્ષ.

वसन्तकुसुम पु० સેલુવૃક્ષ.

वसन्तकुसुम न० વસંતઋતુનું ફૂલ.

वसन्तकुसुमाकर पु० પ્રમેહ રોગનો નાશ કરનાર એક ઔષધ.

वसन्तघोषिणी स्त्री० કોયલ-માદા.

वसन्तघोषिन् पु० કોયલ-નર.

वसन्तज त्रि० વસંતઋતુમાં ઉત્પન્ન થનાર.

वसन्तजा स्त्री० માધવી લતા.

वसन्ततिलक न० ચૌદ અક્ષરના ચરણવાળો એક છંદ.

वसन्ततिलका स्त्री० ઉપરનો અર્થ.

वसन्तदूत पु० કોયલ-નર, આંબાનું ઝાડ, પંચમ રાગ.

वसन्तदूती स्त्री० માધવી લતા, પાટલી વૃક્ષ, ગણીયારીનું ઝાડ, કોયલ-માદા.

वसन्तद्रु पु० આંબાનું ઝાડ.

वसन्तपञ्चमी स्त्री० વસંતપંચમી.

वसन्तवृक्ष पु० આંબાનું ઝાડ.

वसन्तसख पु० કામદેવ.

वसन्तोत्सव पु० હોળીનો ઉત્સવ.

वसा स्त्री० મેદ, ચરબી, એક વેલો.

वसाढ्य पु० શિશુમાર નામે મોટું માછલું.

वसाढ्यक पु० ઉપરનો અર્થ.

वसाढ्या स्त्री० શિશુમાર નામે માછલી.

वसान त्रि० પહેરતું, ધારણ કરતું.

वसि पु० રહેઠાણ, ઘર, રહેવું.

वसितृ त्रि० વસનાર, રહેનાર.

वसिन् पु० પાણીનો બિલાડો.

वसिर न० સમુદ્રનું મીઠું, ગજપીપર.

वसिष्ठ पु० વસિષ્ઠ ઋષિ.

वसु न० ધન, રત્ન, વૃદ્ધિ ઔષધ, સોનું, પાણી.

वसु पु० બકવૃક્ષ સૂર્ય, અગ્નિ, કિરણ, એક ગણદેવ, આઠની સંખ્યા, ધનિષ્ઠા નક્ષત્ર, તે નામે એક રાજા, આકડાનું ઝાડ, ચિત્રાનું ઝાડ.

वसु स्त्री० દીપ્તિ, કાંતિ, વૃદ્ધિ, ઔષધિ.

वसु त्रि० શ્યામ, મધુર, સુકાયલું, સુકું.

वसुक पु० આકડાનું ઝાડ, બકવૃક્ષ.

वसुक न० એક જાતનું મીઠું.

वसुकीट पु० યાચક, માગણ.

वसुच्छिद्रा स्त्री० મહામેદા વનસ્પતિ.

वसुद पु० કુબેર, વિષ્ણુ.

वसुद त्रि० ધન-સોનું-રત્ન વગેરે આપનાર.

वसुदा स्त्री० પૃથ્વી, ધન આપનારી.

वसुदेव पु० શ્રીકૃષ્ણનો પિતા.

वसुदेव न० ધનિષ્ઠા નક્ષત્ર.

वसुदेवता स्त्री० ઉપરનો અર્થ.

वसुदेवभू पु० શ્રીકૃષ્ણ.

वसुदेव्या स्त्री० ધનિષ્ઠા નક્ષત્ર.

वसुधा स्त्री० પૃથ્વી.

वसुधाधर पु० પર્વત.

वसुधाधिप पु० રાજા.

वसुधाधिपति पु० રાજા.

वसुधाधीश पु० રાજા.

वसुधाधीश्वर पु० રાજા.

वसुधानगर न० વરુણની રાજધાની.

वसुधारा स्त्री० માંગલીકમાં ચેદિરાજ વસુને ઉદ્દેશી કરાતી ઘી વગેરેની ધાર, કુબેરની નગરી, જિનદેવની એક શક્તિ.

वसुन्धरा स्त्री० પૃથ્વી.

वसुप्राण पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वसुपूज्य पु० ૧૨ મા જૈન તીર્થંકર વાસુપૂજ્યના પિતા.

वसुमत् त्रि० ધનવાન, પૈસાદાર.

वसुमती स्त्री० પૃથ્વી.

वसुरोचिस् पु० યજ્ઞ.

वसुल पु० દેવ.

वसुषेण पु० કર્ણ.

वसुसेन पु० કર્ણ.

वसुस्थली स्त्री० કુબેરની નગરી, ધન-રત્ન-સોના વગેરેનું સ્થળ.

वसुहट्ट पु० બકવૃક્ષ.

वसुहट्टक पु० બકવૃક્ષ.

वसूक पु० એક જાતનું મીઠું.

वसूरा स्त्री० વેશ્યા.

वस्क् भ्वा०आ० स० सेट् જવું.

वस्क पु० નિશ્ચય.

वस्कराटिका स्त्री० વીછી.

वस्त् चु० उभ० सेट् વધ કરવો, મારી નાખવું, જવું स० યાચવું, માગવું द्विक०

वस्त पु० બકરો.

वस्त न० ઘર.

वस्तक न० બનાવટી મીઠું.

वस्तकर्ण पु० સાગનું ઝાડ.

वस्तगन्धा स्त्री० અજગન્ધા વનસ્પતિ.

वस्तमोदा स्त्री० અજમોદ.

वस्तव्य त्रि० રહેવા લાયક, રહેવા યોગ્ય.

वस्ति पु० નાભિની નીચે મૂત્રાધારસ્થાન, વાસ, રહેઠાણ, રહેવું, ગુદાદ્વારા લેવાતી પીચકારી.

वस्ति पु० स्त्री० કપડાંની કિનાર-છેડો.

वस्तिकर्मन् न० ગુદાદ્વારા પીચકારી લેવી તે.

वस्तिकर्माढ्य पु० અરીઠાનું ઝાડ.

वस्तिमल न० મૂત્ર.

वस्ती स्त्री० બકરી.

वस्तु न० વસ્તુ, દ્રવ્ય, ચીજ, પદાર્થ, સત્ય પદાર્થ, પાત્રભૂત, અર્થ, નાટક વગેરેનો વિષય.

वस्तुक न० એક જાતનું શાક.

वस्तुका स्त्री० એક જાતનું શાક.

वस्तुतस् अव्य० વાસ્તવિક રીતે, ખરી રીતે, વસ્તુથી.

वस्तुमात्र न० પદાર્થમાત્ર.

वस्तुहानि स्त्री० વસ્તુની હાનિ.

वस्तूक न० એક જાતનું મીઠું.

वस्त्य न० ઘર.

वस्त्वन्तर न० બીજી વસ્તુ.

वस्त्वभाव पु० વસ્તુનો અભાવ.

वस्त्र न० વસ્ત્ર, કપડું, તમાલપત્ર, આચ્છાદન.

वस्त्रकुट्टिम न० તંબુ, છત્રી.

वस्त्रगृह न० તંબુ.

वस्त्रग्रन्थि पु० કપડાંની ગાંઠ, નીવિ જુઓ.

वस्त्रनिर्णेजक पु० ધોબી.

वस्त्रपुत्रिका स्त्री० કપડાંની પુતળી, ઢીંગલી.

वस्त्रभूषणा स्त्री० મજીઠ.

वस्त्रभेदक पु० દરજી.

वस्त्रभेदिन् पु० દરજી.

वस्त्रयुग्म न० બે વસ્ત્ર, વસ્ત્રની જોડ.

वस्त्रयोनि स्त्री० રૂ-ઉન-રેશમ વગેરે.

वस्त्ररञ्जक त्रि० કપડાં રંગનાર.

वस्त्ररञ्जन पु० કસુંબો.

वस्त्राञ्चल पु० न० કપડાંનો છેડો.

वस्त्रापहारक त्रि० કપડાંની ચોરી કરનાર.

वस्त्रापहारिन् त्रि० ઉપરનો અર્થ.

वस्न न० પગાર, કીંમત, મૂલ્ય, વસ્ત્ર, દ્રવ્ય, ચીજ, ધન, મૃત્યુ, વાસ, રહેઠાણ.

वस्न पु० કીંમત, મૂલ્ય.

वस्नन न० સ્ત્રીનો કેડનો દાગીનો.

वस्नसा स्त्री० स्नायु જુઓ.

वस्वोकसारा स्त्री० ઇન્દ્રની નગરી, ઇન્દ્રની નદી, કુબેરની નગરી, કુબેરની નદી.

वंह् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

वह् भ्वा० उभ० द्विक० अनिट् પહોંચાડવું, પ્રાપ્ત કરવું, વહેવું, વાવું, લઇ જવું.

वहंलिह पु० બળદ.

वह पु० બળદની ખાંધ, ઘોડો, બાહુ, ભુજા, માર્ગ, રસ્તો.

वह त्रि० વહેનાર, લઇ જનાર, પ્રાપ્ત કરનાર.

वहत् त्रि० વહેતું, વાતું, લઈ જતું, પહોંચાડતું.

वहत पु० બળદ, મુસાફર.

वहति पु० વાયુ, બળદ, પ્રધાન, મંત્રી.

वहती स्त्री० ગાય, નદી.

वहतु पु० મુસાફર, બળદ.

वहन न० તે નામે એક શહેર, વાવું, લઈ જવું, પ્રાપ્ત કરવું, પહોંચાડવું, તરવાનું સાધન વહાણ વગેરે.

वहनीय त्रि० વહન કરવા યોગ્ય, લઇ જવા યોગ્ય.

वहन्त पु० વાયુ, બાળક.

वहमान त्रि० वहत् જુઓ.

वहल पु० વહાણ.

वहल त्रि० દૃઢ, મજબૂત, ગાઢ, બહુ, પુષ્કળ.

वहलगन्ध न० એક જાતનું ચંદન.

वहलचक्षुस् पु० મેંઢાશીગ વનસ્પતિ.

वहलत्वच पु० ધોળું લોધરનું ઝાડ.

वहला स्त्री० સુવા, મોટી એલચી.

वहा स्त्री० નદી.

वहित्र न० વહાણ, પાણીમાં તરવાનું સાધન.

वहित्रक न० ઉપરના અર્થ.

वहिन् त्रि० વહેનાર, લઈ જનાર, પ્રાપ્ત કરનાર, પહોંચાડનાર.

वहिनी स्त्री० વહાણ.

वहिरङ्ग न० વ્યાકરણપ્રસિદ્ધ પ્રત્યયાદિક નિમિત્તક પ્રકૃતિના અવયવ વગેરેમાં કાર્ય.

वहरिन्द्रिय न० શબ્દાદિ બાહ્ય વિષયોને ગ્રહણ કરનારી શ્રોત્ર વગેરે ઇન્દ્રિય.

वहिर्गत त्रि० બહાર ગયેલ.

वहिर्गमन न० બહાર જવું.

वहिर्द्वार न० બહારનો દરવાજો.

वहिर्भवन न० બહાર થવું-હોવું.

वहिर्भूत त्रि० બહાર થયેલ.

वहिर्मुख त्रि० બાહ્ય વિષયોમાં આસક્ત મનવાળું, વિષયાસક્ત, વિમુખ.

वहिश्चर पु० કરચલો.

वहिश्चर त्रि० બહાર ફરનાર-જનાર.

वहिष्करण न० બહાર કરવું, હાંકી કાઢવું, બહિષ્કાર, અનાદર કરવો.

वहिष्कार पु० ઉપરના અર્થ.

वहिष्कृत त्रि० બહાર કરેલ, હાંકી કાઢેલ, અનાદર કરેલ.

वहिस् अव्य० બહાર.

वहिडक पु० બહેડાનું ઝાડ.

वह्नि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ, ભીલામાનું ઝાડ, લીંબુનું ઝાડ, તંત્રોક્ત રકાર.

वह्निकर त्रि० અગ્નિ કરનાર, અગ્નિદીપક.

वह्निकरी स्त्री० એક જાતનું ઝાડ.

वह्निकाष्ठ न० એક જાતનું અગર.

वह्निकुमार पु० જૈનાગમપ્રસિદ્ધ અગ્નિકુમાર દેવ.

वह्निगन्ध पु० એક જાતનો ધૂપ.

वह्निगर्भ पु० વાંસ.

वह्निगर्भा स्त्री० ખીજડીનું ઝાડ.

वह्निज्वाला स्त्री० ધાવડીનું ઝાડ, અગ્નિની ઝાળ.

वह्निदीपक पु० કસુંબાનું ઝાડ.

वह्निदीपक त्रि० અગ્નિદીપક.

वह्निदीपिका स्त्री० અજમોદ.

वह्निनामन् पु० ભીલામાનું ઝાડ, ચિત્રક વૃક્ષ.

वह्निनी स्त्री० જટામાંસી વનસ્પતિ.

वह्निपुष्पी स्त्री० ધાવડીનું ઝાડ.

वह्निबीज न० वह्निवीज જુઓ.

वह्निभोग्य न० ધી.

वह्निमन्थ पु० ગણીયારીનું ઝાડ, અગ્નિનું મંથન, અગ્નિ પ્રકટ કરવો.

वह्निमारक न० પાણી.

वह्निमित्र पु० પવન, વાયુ.

वह्निरेतस् पु० શિવ, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वह्निरेतस् न० સોનું.

वह्निलोह न० તાંબુ.

वह्निलोहक न० કાંસું.

वह्निवधू स्त्री० અગ્નિની સ્ત્રી સ્વાહા, સ્વાહામંત્ર.

वह्निवर्ण न० લાલ કમળ.

वह्निवल्लभ पु० લાખ.

वह्निवल्लभ त्रि० અગ્નિને વહાલું.

वह्निवीज न० જીરૂં, લીંબુ, તંત્રોક્ત રકાર.

वह्निशिख न० કસુંબો.

वह्निशिखा स्त्री० ધાવડી, અગ્નિની શિખા.

वह्निसख पु० વાયુ, જીરૂં.

वह्निसंज्ञक पु० ચિત્રાનું ઝાડ, ભીલામાનું ઝાડ.

वह्न्युत्पात पु० અગ્નિકૃત ઉત્પાત, ધૂમકેતુ.

वह्य न० ગાડું, વાહનમાત્ર.

वह्या स्त्री० મુનિપત્ની.

वा चु० उभ० सेट् સુખ મેળવવું, अ० જવું, સેવવું, स०

वा अदा० प० स० अनिट् જવું, વાવું, હિંસા કરવી.

वा अव्य० વિકલ્પ, સાદૃશ્ય, અવધારણ, નિશ્ચય, સમુચ્ચય, વિતર્ક તથા પાદપૂર્તિમાં વપરાય છે.

वांश त्रि० વંશનું, કુળનું, વંશસંબંધી, વાંસડાનું, વાંસડાસંબંધી.

वांशिक त्रि० વાંસળી વગાડનાર, વાંસનો ભાર લઇ જનાર.

वांशी स्त्री० વંશરોચન.

वाःकिटि पु० શિશુમાર.

वाःपुष्प न० લવીંગ.

वाःसदन न० પાણીનું મોટું વાસણ.

वाक पु० વચન, વાક્ય, એક ગ્રંથ, વેદનો અમુક ભાગ.

वाक त्रि० બગલાનું, બગલાસંબંધી.

वाक न० બગલાઓનો સમૂહ.

वाकुची स्त्री० સોમરાજી વનસ્પતિ.

वाक्कलह पु० વાણીનો કજીયો.

वाक्कीर पु० સાળો.

वाक्छल न० વાણી વડે છળ.

वाक्पटु त्रि० બોલવામાં હોંશીઆર.

वाक्पटुता स्त्री० બોલવામાં હોંશીઆરી.

वाक्पटुत्व न० ઉપરનો અર્થ.

वाक्पति पु० બૃહસ્પતિ, પુષ્ય નક્ષત્ર.

वाक्पति त्रि० નિર્દોષ ઉદ્ધત વચન બોલનાર.

वाक्पथ पु० વાણીનો-વાક્યનો વિષય.

वाक्पारुष्प न० કઠોર વાણી, વાણીની કઠોરતા.

पुस्तकालय
गुरुकुल काँगड़ी

वाक्य न० અમુક પદોનો સમુદાય, સ્વાર્થબોધસમાપ્ત પદસમુદાય.

वाक्यखण्डन न० વાક્યનું ખંડન.

वाक्यविन्यास पु० વાક્યરચના.

वांक्ष् भ्वा० प० स० सेट् સ્પૃહા કરવી, ઇચ્છવું, ઝંખવું.

वागर पु० વિદ્વાન, પંડિત, શૂરવીર, કસોટી, મુમુક્ષુ, ખાતરી, અડચણ, વરૂ, વડવાગ્નિ.

वागर त्रि० નિર્ભય, ભયરહિત.

वागरी स्त्री० વરૂ-માદા.

वागा स्त्री० લગામ.

वागारु त्रि० વચન તોડનાર.

वागाशनि पु० બુદ્ધદેવ.

वागीश पु० બૃહસ્પતિ, પુષ્યનક્ષત્ર, બ્રહ્મા.

वागीश त्रि० શ્રેષ્ઠ વચન બોલનાર.

वागीशा स्त्री० સરસ્વતી

वागीश्वर पु० બૃહસ્પતિ, ગુરૂ, મંજુઘોષ.

वागीश्वरी स्त्री० સરસ્વતી.

वागुजी स्त्री० સોમરાજી.

वागुरा स्त्री० શિકારમાં ઉપયોગી પશુબંધનપાશ–પાસલો-જાળ.

वागुरावृत्ति पु० પારધી, શિકારી.

वागुरावृत्ति स्त्री० શિકાર, જાળથી પશુ પકડવાનો ધંધો.

वागुरिक पु० શીકારી.

वागृषभ पु० પંડિત, વિદ્વાન, વક્તા.

वाग्गुद पु० એક જાતનું પક્ષી.

वाग्गुदी स्त्री० એક જાતની પક્ષિણી.

वाग्गुलि पु० રાજાઓને તાંબૂલ–પાનબીડું આપનાર.

वाग्गुलिक पु० ઉપરનો અર્થ.

वाग्डम्बर पु० વાણીનો આડંબર, બોલવાની છટા, વાક્યનો સમૂહ, બહુ વાક્ય.

वाग्दण्ड पु० વાણીનો દંડ, વાણીનો સંયમ, બોલવું, મિત ભાષણ.

वाग्दत्त त्रि० વાણીથી-વચનથી આપેલ.

वाग्दत्ता स्त्री० વાણીથી–વચનથી આપેલી કન્યા.

वाग्दरिद्र त्रि० મિતભાષી, થોડા બોલું.

वाग्दल न० હોઠ.

वाग्दान न० કન્યાનું વાણીથી દાન.

वाग्दुष्ट त्रि० વાણીથી દુષ્ટ–શુદ્ધ વસ્તુ પણ અશુદ્ધરૂપ કહેવાથી દૂષિત થયેલ.

वाग्देवता स्त्री० સરસ્વતી.

वाग्देवी स्त्री० સરસ્વતી.

वाग्दोष पु० વાણીનો દોષ, કોઈનું ખરાબ બોલવું.

वाग्बन्धन न० વાણીનું બંધન, મૌન, બોલતું બંધ કરવું.

वाग्मिन् त्रि० શ્રેષ્ઠ વાક્ય બોલનાર, વાચાળ, બોલવામાં કુશળ.

वाग्मिन् पु० બૃહસ્પતિ, વિષ્ણુ.

वाग्मूल न० વાણીનું મૂળ

वाग्य त्रि० વાણીમાં દરિદ્ર.

वाग्य पु० ખેદ, કંટાળો, વૈરાગ્ય, દીનતા, શક.

वाग्यत त्रि० મૌન ધારણ કરનાર.

वाग्यत पु० મુનિ.

वाग्यम पु० મુનિ.

वाग्याम पु० વાણીનો સંયમ, થોડું બોલવું.

वाग्याम त्रि० થોડું બોલનાર, મૌન ધારણ કરનાર, વાણીનો સંયમ કરનાર.

वाग्विलास पु० વાણીનો વિલાસ.

वाङ्क पु० સમુદ્ર.

वाङ्मती स्त्री० એક નદી.

वाङ्मय त्रि० વાણીમય શાસ્ત્ર વગેરે, વાણીરૂપ.

वाङ्मुख न० પ્રથમ વાક્યારંભ.

वाच् स्त्री० વાણી, સરસ્વતી, બોલવું, વાક્ય, વાક્ ઇન્દ્રિય.

वाचंयम त्रि० માપસર બોલનાર, વાણીને નિયમમાં રાખનાર.

वाचंयम पु० મુનિ.

वाच पु० એક જાતનું માછલું.

वाच पु० એક વનસ્પતિ.

वाचक त्रि० બોલનાર, કહેનાર, વાચનાર, પુરાણાદિ વાચનાર-ભણનાર.

वाचक पु० ઉપાધ્યાય, સાક્ષાત્ સંકેતિત અર્થને જણાવનાર શબ્દ.

वाचकता स्त्री० વાચકપણું.

वाचकत्व न० વાચકપણું.

वाचन न० વાચવું, ભણવું, કહેવું.

वाचना स्त्री० ઉપરના અર્થ.

वाचनिक त्रि० વચનથી ઉત્પન્ન થયેલ.

वाचसांपति पु० બૃહસ્પતિ, પુષ્ય નક્ષત્ર.

वाचस्पति पु० બૃહસ્પતિ, પુષ્ય નક્ષત્ર.

वाचा स्त्री० वाच् જુઓ.

वाचाट त्रि० બહુ બોલ બોલ કરનાર.

वाचाल त्रि० ઉપરનો અર્થ.

वाचिक त्रि० વાણીથી થયેલ પાપાદિ.

वाचिक न० સંદેશાની વાણી, સમાચાર, સંદેશો.

वाचिक पु० એક પ્રકારનો વાક્યારંભ.

वाचिकपत्र न० સંદેશાનો કાગળ. લીપી.

वाचिकपत्रक न० ઉપરના અર્થ.

वाचिकहारक पु० સંદેશો લઇ જનાર કાગળ વગેરે.

वाचोयुक्ति स्त्री० વાણીથી દર્શાવેલી યુક્તિ, વાક્યની નિર્મળતા.

वाचोयुक्ति त्रि० બોલવામાં કુશળ.

वाचोयुक्तिपटु त्रि० બોલવાની યુક્તિમાં હોંશીઆર.

वाच्य न० દૂષણ, દોષ, પ્રતિપાદન, કથન, કહેવું.

वाच्य त्रि० દૂષણયોગ્ય, નિંદ્ય, બોલવા-કહેવા યોગ્ય, પ્રતિપાદન યોગ્ય.

वाच्य पु० શબ્દની અભિધાશક્તિથી જાણવા યોગ્ય અર્થ.

वांछ् भ्वा० प० स० सेट् ઇચ્છવું, ચાહવું.

वाज न० અન્ન, ઘી, પાણી, યજ્ઞ, બાણનું પીછું.

वाज पु० વેગ, શબ્દ, પક્ષી, પીછું, મુનિ.

वाजपेय पु० न० એક જાતનો યાગ.

वाजपेयिन् पु० વાજપેય યાગ કરનાર, વાજપેય યાગ કરનારનો વંશજ.

वाजभोजिन् पु० વાજપેય યાગ.

वाजसन पु० વિષ્ણુ, શિવ.

वाजसनि पु० સૂર્ય, આકડાનું ઝાડ.

वाजसनेय पु० યાજ્ઞવલ્કય.

वाजसनेयिन् पु० યાજ્ઞવલ્કય ઋષિકૃત શુક્લ યજુર્વેદ ભણનાર બ્રાહ્મણ વગેરે.

वाजिगन्धा स्त्री० આસંધ વનસ્પતિ.

वाजिता स्त्री० ઘોડાપણું.

वाजित्व न० ઘોડાપણું.

वाजिदन्त पु० અરડુસાનું ઝાડ.

वाजिदन्तक पु० ઉપરનો અર્થ.

वाजिन् पु० ઘોડો, બાણ, અરડુસો, અમુક એક દેવ.

वाजिन् त्रि० વેગવાળું.

वाजिन पु० આમિક્ષામાંથી નીકળેલ પાણી. (તપાવેલા પાણીમાં દહીં નાખતાં જે કોકડાં કોકડાં થઇ જાય છે તે આમિક્ષા.)

वाजिनी स्त्री० ઘોડી, આસંધ, વેગવાળી સ્ત્રી.

वाजिपृष्ठ पु० એક ઝાડ-अम्लान

वाजिभक्ष पु० ચણા.

वाजिभोजन पु० મગ.

वाजिमत् पु० પટોલ વૃક્ષ.

वाजिशाला स्त्री० ઘોડાર, તબેલો.

वाजीकरण न० વીર્ય વૃદ્ધિ કરનાર કોઇ ઔષધ.

वाञ्छ् भ्वा० प० स० सेट् ઇચ્છવું, ચાહવું.

वाञ्छत् त्रि० ઇચ્છતું, ચાહતું.

वाञ्छन न० ઇચ્છવું, ચાહવું.

वाञ्छनीय त्रि० ઇચ્છવા-ચાહવા યોગ્ય.

वाञ्छा स्त्री० ઈચ્છા, ચાહના.

वाञ्छित त्रि० ઇચ્છેલ, ચાહેલ.

वाञ्छितव्य त्रि० ઇચ્છવા-ચાહવાયોગ્ય.

वाञ्छिन् त्रि० ઇચ્છનાર, ચાહનાર.

वाञ्छिनी स्त्री० ઇચ્છતી-ચાહતી સ્ત્રી.

वाट पु० માર્ગ, રસ્તો, વાડ, ભીંત, મંડપ.

वाट न० વરંડ, એક ગાત્ર.

वाटशृङ्खला स्त्री० રસ્તો બંધ કરનારી સાંકળ.

वाटिका स्त्री० વાસ્તુભૂમિ, ઘરની જમીન, વાડી, વાડ, ભીંત એક વનસ્પતિ.

वाटी स्त्री० ઉપરના અર્થ.

वाट्टक न० શેકેલા જવ.

वाट्य त्रि० વાડીનું, વાડસંબંધી, ભીંતનું. ભીંતસંબંધી.

वाट्या स्त्री० એક જાતનો છોડ.

वाट्याल पु० એક જાતનો છોડ.

वाट्यालक पु० એક જાતનો છોડ.

वाट्याली स्त्री० ઉપરનો અર્થ.

वाड् भ्वा० आ० अ० सेट् નાહવું, વીટવું, ડુબકી મારવી.

वाड पु० ઘેરવું, વીંટવું.

वाडव पु० સમુદ્રમાં સળગતો અગ્નિ, બ્રાહ્મણ.

वाडव न० ઘોડીઓનો સમૂહ.

वाडवाग्नि पु० સમુદ્રમાં સળગતો અગ્નિ.

वाडवेय पु० બળદ.

वाडव्य न० ઘોડીઓનો સમૂહ.

वाढ न० અતિશય, ઘણું.

वाढ त्रि० અતિશયવાળું, અત્યંત.

वाढम् अव्य० પ્રતિજ્ઞામાં, સ્વીકારમાં વપરાય છે.

वाढविक्रम त्रि० અત્યંત પરાક્રમી.

वाण पु० બાણ, વણકર, ગાયોનો આંચર, એક દૈત્ય, કેવળ, ફક્ત, એક કવિ, અગ્નિ, એક જાતનું મુંજ ઘાસ, ચિત્રાનું ઝાડ.

वार्णजित् पु० શ્રીકૃષ્ણ.

वाणदण्ड पु० વણકરની સાળ.

वाणनिकृत त्रि० બાણથી ઘાયલ થયેલ.

वाणपाणि त्रि० બાણ જેના હાથમાં હોય તે.

वाणपुर न० બાણાસુરનું શહેર-શોણિતપુર.

वाणवार पु० બખ્તર.

वाणसुता स्त्री० બાણાસુરની પુત્રી-ઓખા.

वाणहन् पु० શ્રીકૃષ્ણ.

वाणारि पु० શ્રીકૃષ્ણ.

वाणि स्त्री० વણવું, વણવાની સાળ, વેમા, વાક્ય, વાણી, સરસ્વતી.

वाणिज पु० વાણીયો, વેપારી.

वाणिज्य न० વેપાર.

वाणिन् त्रि० બાણવાળું.

वाणिनी स्त्री० નાચનારી સ્ત્રી, હોશીઆર સ્ત્રી, ગાંડી સ્ત્રી.

वात् चु० उभ० स० सेट् જવું, સેવવું, સુખી કરવું.

वात पु० વાયુ, પવન, શરીરમાં રહેલ એક ધાતુ, વ્યભિચારી પુરૂષ, ધૃષ્ટ નાયક.

वात त्रि० જનાર.

वातक पु० વ્યભિચારી પુરૂષ, એક વનસ્પતિ.

वातकर्मन् न० વા છોડવો, પાદવું.

वातकिन् त्रि० વાયુના રોગવાળું.

वातकुंभ पु० હાથીના ગંડસ્થળનો નીચલો ભાગ.

वातकेतु पु० ધૂળ, રજ.

वातकेलि पु० સ્ત્રોના સ્તન ઉપર પુરૂષના નખક્ષત, પ્રેમવાર્તા.

वातगामिन् पु० પક્ષી.

वातगुल्म पु० વાયુનો ગોળો, એક જાતનો વાતરોગ, પવનનો મોટો ઝપાટો.

वातग्रस्त त्रि० વાયુથી ઘેરાયેલ, વાયુના દરદથી વ્યાપ્ત.

वातघ्न त्रि० વાયુનો નાશ કરનાર.

वातघ्नी स्त्री० સાલપાન વનસ્પતિ, આસંધ વનસ્પતિ, એક જાતનો છોડ.

वातचक्र न० વંટોળીયો, પૂર્વ વગેરેના વાયુનું કાળભેદપરત્વે શુભાશુભસૂચક અમુક પ્રકારે વાવું.

वातज्वर पु० વાયુનો તાવ.

वाततूल न० વાયુથી આકાશમાં ઉડતું સૂતર–રૂ.

वातध्वज पु० મેઘ, ધૂળ.

वातपुत्र पु० હનુમાન, ભીમસેન, ઠગ

वातपोथ पु० ખાખરાનું ઝાડ.

वातप्रमी पु० વેગવાળું એક જાતનું હરણ.

वातप्रमी स्त्री० વેગવાળી એક જાતની હરણી.

वातफुल्ल त्रि० વાયુથી ફૂલેલ.

वातमज पु० એક જાતનો મૃગ.

वातमजी स्त्री० એક જાતની મૃગલી.

वातमण्डली स्त्री० વંટોળીયો પવન.

वातमृग पु० વેગવાળો એક જાતનો મૃગ.

वातमृगी स्त्री० વેગવાળી એક જાતની મૃગલી.

वातरक्त न० એક જાતનો રોગ.

वातरक्तघ्न पु० એક જાતનું ઝાડ.

गतरक्तारि पु० એક જાતનો વેલો.

वातरङ्ग पु० પીપળાનું ઝાડ.

वातरथ पु० વાદળું, આકાશ.

वातरायण त्रि० ઉન્મત્ત-ગાંડું, આળસુ.

वातरायण पु० પ્રયોજનશૂન્ય પુરૂષ, બાણ, બાણનું વેગથી જવું, કરવત, પર્વતનો અગ્રભાગ, સરલ વૃક્ષ–દેવદાર.

वातरूष पु० વાયલ, પવનની લહેર, લાંચ ઇન્દ્રનું ધનુષ.

वातरोग पु० વાયુનો રોગ.

वातरोगिन् त्रि० વાયુના રોગવાળું.

वातर्द्धि पु० કેવળ લાકડાનું તથા લોઢાનું બનાવેલ.

वातर्द्धि स्त्री० વાયુની વૃદ્ધિ.

वातल पु० ચણો.

वातल त्रि० વાયુકારક દ્રવ્ય, વાયડું.

वातव्याधि पु० વાયુનો રોગ.

वातवस्ति स्त्री० મૂત્રનો અટકાવ.

वातवैरिन् पु० એરંડાનું ઝાડ.

वातशीर्ष न० પેટની નીચેનો ભાગ–પેડુ, બસ્તિ

वातशूल न० વાયુનું શૂળ.

वातसह त्रि० વાયુને સહન કરનાર, વાયુના રોગવાળું.

वातसारथि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वातसुत पु० वातपुत्र જુઓ.

वाताट पु० સૂર્યનો ઘોડો, એક જાતનો મૃગ.

वाताण्ड पु० એક જાતનો વૃષણનો રોગ.

वाताद पु० બદામનું ઝાડ.

वातापि पु० તે નામે એક અસુર.

वातापिद्विष् અગસ્ત્ય મુનિ.

वातापिसूदन पु० ઉપરનો અર્થ.

वातापिहन् पु० અગસ્ત્ય મુનિ.

वातामोदा स्त्री० કસ્તૂરી.

वाताय न० પાંદડું.

वातायन न० બારી, ગોખ, ઝરૂખો, જાળીયું.

वातायन पु० ઘોડો.

वातायनी स्त्री० ઘોડી.

वातायु पु० હરણ.

वातारि पु० એરંડાનુ ઝાડ, શતમૂલી, શેફાલિકા, અજમોદ, ભારંગ વનસ્પતિ, થોર, ભીલામાનું ઝાડ, વાવડીંગ, સુરણ, લાખ, પુત્રદાત્રી વૃક્ષ.

वाताली स्त्री० વંટોળીયો વાયુ.

वाताश्व पु० ઉત્તમ ઘોડો.

वाति पु० વાયુ, સૂર્ય, ચન્દ્ર, આકડાનું ઝાડ, કપૂર.

वातिक पु० વાયુથી થયેલો કોઇ રોગ.

वातिक त्रि० વાયલ, વાચાળ, વાયુથી થયેલ.

वातिग पु० એક જાતનું ઝાડ.

वातिग त्रि० ધાતુવાદી-ખનિજ પદાર્થનું જ્ઞાન ધરાવનાર.

वातिगम त्रि० ઉપરનો અર્થ.

वातिगम पु० वातिग જુઓ.

वातिङ्गण पु० ઉપર પ્રમાણે.

वातीय न० કાંજીક.

वातीय त्रि० વાયુના હિતનું, વાયુ માટે ફાયદાકારક.

वातुल पु० વાયુનો સમૂહ.

वातुल त्रि० વાયલ, વાયડું, ગાંડું.

वातुलि पु० એક જાતનું પક્ષી.

वातुलि स्त्री० એક જાતની પક્ષિણી.

वातूल त्रि० વાત રોગવાળું, ઉન્મત્ત, ગાંડું, વાયડું, વાયલ.

वातूल न० વાયુનો સમૂહ,

वातृ पु० વાયુ, પવન.

वातोन त्रि० વાયુરહિત, વાયુહીન.

वातोना स्त्री० એક જાતનો છોડ.

वात्या स्त्री० વાયુનો સમૂહ.

वात्सक न० વાછરડાઓનો સમૂહ.

वात्सल्य न० પુત્રાદિ ઉપર પ્રેમ, સ્નેહ, સાહિત્યપ્રસિદ્ધ રસ.

वात्सीपुत्र पु० ધાંજો.

वात्स्य पु० ગોત્રપ્રવર્તક એક મુનિ.

वात्स्यायन पु० ન્યાયસૂત્ર ભાષ્યકાર પક્ષિલ મુનિ.

वाद पु० વાદ, બોલવું, ગૌતમે કહેલ વિચારાત્મક વાક્ય, તત્વ જાણવાની ઇચ્છાથી કહેવું.

वादकर त्रि० વાદ કરનાર.

वादन न० હરકોઈ વાદિત્ર વગાડવું, બજાવવું.

वादयत् त्रि० વગાડતું, બજાવતું.

वादर न० સુતરાઉ વસ્ત્ર વગેરે.

वादरङ्ग पु० પીપળાનું ઝાડ.

वादरत त्रि० વાદ કરવામાં આસક્ત.

वादरा स्त्री० કપાસનો છોડ.

वादरायण पु० વેદવ્યાસ.

वादरायणि पु० વેદવ્યાસ, શુકદેવ.

वादरिक त्रि० બોર વીણનાર.

वादल न० જેઠીમધ.

वादवादिन् पु० જિનભેદ.

वादान्य त्रि० દાતા, ઉદાર.

वादाम न० બદામ.

वादाल पु० હજાર દાઢવાળું એક માછલું.

वाद् त्रि० વિદ્વાન.

वादित्र न० વાદિત્ર, વાજું.

वादिन् त्रि० વક્તા, બોલનાર, અર્થી, વાદકથા કહેનાર.

वादिर पु० એક ઝાડ.

वादिश पु० વિદ્વાન.

वाद्य न० મૃદંગ વગેરે વાદિત્ર.

वाद्यनिर्घोष पु० વાદિત્રનો અવાજ.

वाद्यभाण्ड न० વગાડવાનું પાત્ર-ભંભો વગેરે.

वाध् भ्वा० आ० स० सेट् પીડવું, દુઃખ દેવું, બાધ કરવો.

वाध पु० પ્રતિરોધ, અટકાવ, બાધ, પીડા, દુઃખ, ન્યાયપ્રસિદ્ધ એક હેત્વાભાસ.

वाधन न० ઉપરનો શબ્દ જુઓ.

वाधा स्त्री० वाध જુઓ.

वाधूक्य न० વિવાહ.

वाध्रीणस पु० ગેંડો જનાવર.

वान न० સૂકું ફળ, વનનો સમૂહ, સીવવું,

સાદડી, ગતિ, ગમન, પાણીમાં કુદતી વાયુની લહેર, સુરંગ, સુગંધ, તપખીર, ઘરની ભીંતમાં છિદ્ર.

वान त्रि० વનસંબંધી, વનનું, સૂકાયલું.

वानदण्ड पु० वापदण्ड જુઓ.

वानप्रस्थ पु० મહુડાનું ઝાડ, ખાખરાનું ઝાડ, વાનપ્રસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ જેણે સ્વીકાર્યો હોય તે.

वानर पु० વાંદરો.

वानरनाथ पु० वानरेन्द्र જુઓ.

वानरप्रिय पु० એક જાતનું ઝાડ.

वानराघात पु० લોધરનું ઝાડ.

वानराधीश पु० वानरेन्द्र જુઓ.

वानराधीश्वर पु० ઉપર પ્રમાણે.

वानरी स्त्री० વાંદરી, શૂકશિંબી વનસ્પતિ.

वानरेन्द्र पु० સુગ્રીવ, વાનરોનો રાજા.

वानल पु० એક જાતનું ઘાસ.

वानस्पत्य पु० પુષ્પમાંથી ફળવાળું થનાર આંબો વગેરે ઝાડ.

वानायु पु० અરબસ્તાન દેશ.

वानायुज पु० અરબસ્તાની ઘોડો.

वानायुजी स्त्री० અરબસ્તાની ઘોડી.

वानीर पु० નેતર, વંજુલ વૃક્ષ.

वानीरक पु० મુંજ ઘાસ.

वानीरज न० કુષ્ઠ ઔષધ.

वानेय न० એક જાતની મોથ.

वानेय त्रि० વનમાં કે જળમાં હોનાર–થનાર.

वान्त त्रि० ઓકેલ, ઉલટી કરેલ, બહાર કાઢેલ.

वान्ताद पु० કુતરો.

वान्तादी स्त्री० કુતરી.

वान्ति स्त्री० ઉલટી, ઓકવું તે.

वान्तिकर त्रि० ઉલટી કરનાર.

वान्तिकृत् त्रि० ઉપરનો અર્થ.

वान्तिद त्रि० ઉલટી કરાવનાર.

वान्तिदा स्त्री० કર્કી વૃક્ષ.

वान्तिहृत् पु० ઉલટી દૂર કરનાર એક ઝાડ.

वान्तिहृत् त्रि० ઉલટી દૂર કરનાર.

वाप पु० વાવવું, વણવું, મુંડવું, ક્ષેત્ર.

वापदण्ड पु० વણકરનું વણવાનું સાધન–વેમા.

वापित त्रि० વાવેલ, મુંડેલ.

वापित न० એક જાતનું ધાન્ય.

वापि स्त्री० વાવ, હરકોઇ જલાશય.

वापी स्त्री० ઉપરના અર્થ.

वापीह पु० ચાતક પક્ષી–બપૈયો.

वापीही स्त्री० ચાતક પક્ષિણી.

वाप्य त्रि० વાવમાં હોનાર થનાર, વાવવા યોગ્ય.

वाप्य न० કુષ્ઠ ઔષધ.

वाम न० ધન, ડાબું શરીર, એક શાક.

वाम पु० વામમાર્ગ, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ વેદાચારવિરૂદ્ધ મદ્યપાનાદિ આચાર, કામદેવ, મહાદેવ.

वाम त्रि० મનોહર, સુંદર, પ્રતિકૂલ, અવળું, વિરૂદ્ધ, ડાબું, અધમ.

वामता स्त्री० સુંદરતા, મનોહરપણું. અવળાઇ, આડાઈ, પ્રતિકૂલપણું, ડાબાપણું, અધમપણું.

वामत्व न० ઉપરના અર્થ.

वामदेव पु० મહાદેવ, એક ઋષિ.

वामन त्रि० નીચ, ઠીંગણું, વામન, ટુંકું.

वामन पु० દક્ષિણ દિશાનો દિગ્ગજ, અંકોટ વૃક્ષ, વિષ્ણુનો વામન અવતાર, કાશિકાવૃત્તિકાર એક પંડિત.

वामनीकृत त्रि० નીચું કરેલ, ટુંકું કરેલ, ઠીંગણું કરેલ.

वामनीभवन न० નીચા થવું, ટુંકા થવું, ઠીંગણા થવું.

वामनीभूत त्रि० નીચું થયેલ, ટુંકું થયેલ, ઠીંગણું થયેલ.

वामलूर पु० રાફડો.

वामलोचन त्रि० સુંદર નેત્રવાળું.

वामलोचना स्त्री० સુંદર નેત્રવાળી સ્ત્રી.

वामवेध पु० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.

वामा स्त्री० દુર્ગા દેવી, હરકોઇ સ્ત્રી, લક્ષ્મી, સરસ્વતી.

वामाक्षी स्त्री० સુંદર નેત્રવાળી સ્ત્રી.

वामाङ्गीकृत त्रि० ડાબે અંગે કરેલ.

वामाचार पु० વેદાદિવિરૂદ્ધ આચાર, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ મદ્ય-માંસસેવનરૂપ આચાર, વામ માર્ગ.

वामाचारिन् त्रि० તાંત્રિક, નાસ્તિક, વામમાર્ગી.

वामापीडन पु० પીલુનું ઝાડ.

वामावर्त्त त्रि० વામમાર્ગે જનાર, અવળે માર્ગે જનાર.

वामावर्त्त पु० ડાબી તરફ રેખાવાળો શંખ, અવળે માર્ગે જવું.

वामिका स्त्री० ચંડિકા દેવી.

वामिल त्रि० દંભી, અવળું, સુંદર.

वामी स्त्री० ઘોડી, ગધેડી, શિયાળવી, ઉંટડી, હાથણી.

वामोरू स्त्री० સુંદર સાથળોવાળી સ્ત્રી.

वाय पु० વણવું.

वायक पु० વણનાર, વણકર, સમૂહ.

वायदण्ड पु० वायदण्ड જુઓ.

वायन न० સારા પ્રસંગે બ્રાહ્મણને મીઠાઈ આપવી તે.

वायनक न० ઉપરનો અર્થ.

वायवी स्त्री० વાયુસંબંધી સ્ત્રી, વાયુની શક્તિ, વાયવ્ય ખૂણો.

वायव्य त्रि० વાયુ જેનો દેવ હોય તે, વાયુસંબંધી.

वायस पु० કાગડો, અગરનું ઝાડ, શ્રીવાસ વૃક્ષ.

वायसविद्यिक त्रि० કાગવિદ્યા જાણનાર.

वायसादनी स्त्री० માલકાંકણી, કાકતુંડી વનસ્પતિ.

वायसाराति पु० ઘુવડ.

वायसी स्त्री० કાગડી, માલકાંકણી, કાકોદુંબરિકા, કાકમાચી, કાકતુંડી, કાકનાસા વનસ્પતિ.

वायसेक्षु पु० કાસડો ઘાસ.

वायसोलिका स्त्री० નીચેનો શબ્દ જુઓ.

वायसोली स्त्री० કાકમાચી વનસ્પતિ.

वायु पु० પવન, વાયુ દેવ, શરીરમાંની એક ધાતુ.

वायुकेतु पु० ઘુવડ.

वायुगति स्त्री० વાયુની ગતિ.

वायुगति त्रि० વાયુસમાન ગતિવાળું.

वायुगुल्म पु० પાણીનું ગોળાકાર ભમવું.

वायुज पु० ભીમસેન, હનુમાન.

वायुजात पु० ઉપરના અર્થ.

वायुतनय पु० वायुज જુઓ.

वायुदारु पु० મેઘ.

वायुपुत्र पु० वायुज જુઓ.

वायुफल न० ઇન્દ્ર ધનુષ, વરસાદનો કરો.

वायुभक्ष पु० સર્પ.

वायुभक्षण पु० સર્પ.

वायुभक्षणी स्त्री० સાપેણ.

वायुभक्षी स्त्री० સાપેણ.

वायुभक्ष्य पु० સર્પ.

वायुभक्ष्या स्त्री० સાપેણ.

वायुभूति पु० જૈન તીર્થંકર મહાવીર સ્વામીના ત્રીજા ગણધર.

वायुमित्र पु० અગ્નિ.

वायुरोषा स्त्री० રાત્રિ.

वायुवर्त्मन् न० આકાશ.

वायुवाह पु० ધુમાડો.

वायुवाहिनी स्त्री० શરીરમાં વાયુનો સંચાર કરનારી નાડી.

वायुसख पु० અગ્નિ.

वायुसखि पु० અગ્નિ.

वायुसंभव पु० હનુમાન, ભીમસેન.

वायुसुत पु० ઉપરના અર્થ.

वाय्वास्पद न० આકાશ.

वार् न० પાણી.

वार पु० સંઘ, સમુદાય, અવસર, વખત, રવયોગ્ય કાળ, દ્વાર, શિવ, કુબ્જ વૃક્ષ, ક્ષણ, દિવસ, દારૂનું પાત્ર.

वार न० પાણીનો સમૂહ-જથ્થો.

वारक त्रि० વારનાર, રોકનાર, અટકાવનાર.

वारक पु० એક જાતનો ઘોડો, ઘોડાની એક ગતિ, શત્રુ, પાંદડાં ભક્ષણ કરી રહેનાર યોગી, વારો.

वारक न० સુગંધી વાળો-ખસ, કષ્ટસ્થાન.

वारकिन् पु० એક જાતનો ઘોડો-ચિત્રાશ્વ, સમુદ્ર, પાંદડાં ખાઈ રહેનાર યોગી, શત્રુ.

वारकीर पु० સાળો, વાડવાગ્નિ, જૂ, વેણીવેધિની, આરતિ ઉતારેલ ઘોડો.

वारङ्क पु० પક્ષી.

वारङ्ग पु० તરવાર વગેરેની મૂઠ.

वारट न० ક્ષેત્ર, ક્ષેત્રોનો સમૂહ.

वारटा स्त्री० હંસલી.

वारण न० વારવું, રોકવું, અટકાવવું, નિષેધ, મનાઇ, હાથ વગેરેથી વારવું.

वारण पु० હાથી.

वारण पु० न० બખ્તર.

वारणपुष्पा स्त्री० કેળ.

वारणवल्लभा स्त्री० કેળ.

वारणी स्त्री० હાથણી.

वारणीय त्रि० વારવા-રોકવા યોગ્ય, અટકાવવા લાયક, નિષેધ કરવા યોગ્ય.

वारनारी स्त्री० વેશ્યા.

वारबाण पु० न० બખ્તર.

वारमुख्या स्त्री० વેશ્યા.

वारंवारम् अव्य० વારંવાર, ફરીફરી.

वारयितृ पु० પતિ.

वारयितृ त्रि० વારનાર, રોકનાર, અટકાવનાર.

वारयोषा स्त्री० વેશ્યા.

वारयोषित् स्त्री० વેશ્યા.

वारला स्त्री० હંસલી.

वारलीक पु० એક જાતની તુલસી.

वारवधू स्त्री० વેશ્યા.

वारवनिता स्त्री० વેશ્યા.

वारवाण पु० બખ્તર.

वारवाणि स्त्री० વેશ્યા.

वारवाणी स्त्री० વેશ્યા.

वारविलासिनी स्त्री० વેશ્યા.

वारवृषा स्त्री० ધાન્ય, કેળ.

वारवेला स्त्री० રવિવાર વગેરે દિવસોમાં ત્યાગ કરવા યોગ્ય અમુક સમય.

वारसुंदरी स्त्री० વેશ્યા.

वारस्त्री स्त्री० વેશ્યા.

वाराङ्गना स्त्री० વેશ્યા.

वारांनिधि पु० સમુદ્ર.

वाराणसी स्त्री० કાશી, બનારસ.

वाराणसेय त्रि० કાશી-બનારસમાં હોનાર-થનાર.

वारासन न० પાણીનું મોટું વાસણ, પાણીનો ધરો.

वाराह पु० એક જાતનું ઝાડ.

वाराह त्रि० વરાહ-ભુંડ-ડુક્કરસંબંધી, વરાહ અવતારનું-સંબંધી.

वाराहकर्णी स्त्री० આસંધ વનસ્પતિ.

वाराहपत्री स्त्री० ઉપરનો અર્થ.

वाराहाङ्गी स्त्री० દંતીવૃક્ષ.

वाराही स्त्री० આઠ માતૃકાઓ મધ્યે વરાહશક્તિ, એક જોગણી, વરાહક્રાંતા વનસ્પતિ, ભુંડણ, ડુક્કરી, શ્યામા પક્ષી.

वाराहीकन्द पु० એક જાતનો કંદ.

वारि न० પાણી, સુગંધી વાળો–ખસ.

वारि स्त्री० હાથીને બાંધવાની સાંકળ વગેરે, વાણી, સરસ્વતી, કળશલી, ગાગર, કેદી સ્ત્રી.

वारिकण्टक पु० न० સીંગોડું.

वारिकर्णिका स्त्री० कुंभी નામે વનસ્પતિ.

वारिकर्णी स्त्री० ઉપરનો અર્થ.

वारिकर्पूर पु० એક જાતનું માછલું.

वारिकर्पूरी स्त्री० એક જાતની માછલી.

वारिकुब्ज पु० સીંગોડું.

वारिकुब्जक पु० સીંગોડું.

वारिक्रिमि पु० જળો.

वारिचत्वर पु० कुंभिका વનસ્પતિ.

वारिचर पु० માછલું.

वारिचर त्रि० જલચર પ્રાણી.

वारिचामर न० શેવાળ.

वारिज न० કમળ, લવીંગ, ધોળું સોનું, એક જાતનું લવણ.

वारिज पु० શંખ, शंबूक જુઓ.

वारिज त्रि० પાણીમાં ઉત્પન્ન થનાર.

वारित त्रि० વારેલ, રોકેલ, અટકાવેલ.

वारितस्कर पु० સૂર્ય, મેઘ, મોથ, આકડાનું ઝાડ.

वारित्रा स्त्री० છત્ર.

वारिद पु० મેઘ, મોથ.

वारिद त्रि० પાણી આપનાર.

वारिदा स्त्री० સુગંધી વાળો–ખસ.

वारिद्र पु० ચાતક–બપૈયો.

वारिधि पु० સમુદ્ર, પાણીના આધારરૂપ ઘડો વગેરે, મેઘ.

वारिनाथ पु० સમુદ્ર વરૂણદેવ, મેઘ.

वारिनिधि पु० ઉપરના અર્થ.

वारिपथिक त्रि० જળમાર્ગે જનાર.

वारिपर्णिका स्त्री० કુંભિકા વનસ્પતિ.

वारिपर्णी स्त्री० ઉપરનો અર્થ.

वारिपालिका स्त्री० કુંભિકા વનસ્પતિ.

वारिपृश्निका स्त्री० ઉપરનો અર્થ.

वारिपृश्नी स्त्री० કુંભિકા વનસ્પતિ.

वारिबदरा स्त्री० એક જાતની આમળી.

वारिबालक न० સુગંધી વાળો–ખસ.

वारिभव त्रि० પાણીમાં હોનાર–થનાર.

वारिभव न० એક જાતનું અંજન.

वारिमसि पु० મેઘ, મોથ.

वारिमुच् पु० મેઘ, મોથ.

वारिमूली स्त्री० कुंभी વનસ્પતિ.

वारिरथ पु० વહાણ, હોડી.

वारिराशि पु० સમુદ્ર, પાણીનો સમૂહ.

वारिरुह न० કમળ.

वारिरुह त्रि० પાણીમાં ઉત્પન્ન થયેલ.

वारिलोमन् पु० વરૂણ.

वारिवदन न० એક જાતનું આમળું.

वारिवर न० કરમદું–करमर्दक.

वारिवल्लभ त्रि० પાણી જેને વહાલું હોય તે.

वारिवल्लभा स्त्री० વિદારી વનસ્પતિ.

वारिवास पु० शौंडिक જુઓ.

वारिवाह पु० મેઘ, મોથ.

वारिवाहन पु० મેઘ, મોથ.

वारिश पु० વિષ્ણુ.

वारी स्त्री० वारि स्त्री० જુઓ.

वारीश पु० સમુદ્ર, વરૂણદેવ.

वारीश्वर पु० ઉપરના અર્થ.

वारु पु० શત્રુઓનો વિજય કરનાર હાથી.

वारुण न० પાણી, શતતારા નક્ષત્ર.

वारुण त्रि० પાણીનું, પાણીસંબંધી, પાણી કે વરૂણ જેનો દેવ હોય તે.

वारुणि पु० અગસ્ત્ય મુનિ.

वारुणी स्त्री० પશ્ચિમ દિશા, મદિરા, શતભિષા નક્ષત્ર, ગંડદૂર્વા, ધ્રોખડ, શતભિષા નક્ષત્રયુક્ત ચૈત્રકૃષ્ણ ત્રયોદશી, ઈંદ્રવરણી, વરૂણની સ્ત્રી.

वारुणीनायक पु० વરૂણ દેવ.

वारुणोपति पु० વરૂણ દેવ.

वारुणीवल्लभ पु० વરૂણ દેવ.

वारुणीश पु० વરૂણ દેવ.

वारुणीश्वर पु० વરૂણ દેવ.

वारुणीस्वामिन् पु० વરૂણ દેવ.

वारेण अव्य० વારંવાર.

वारेन्द्री स्त्री० વંગ દેશ–બંગાળ.

वार्क्ष न० જંગલ, વન.

वार्चर त्रि० હંસ વગેરે જલચર.

वार्णिक पु० લેખક.

वार्त्त न० આરોગ્ય, અસાર.

वार्त्त त्रि० નિરામય, નીરોગી, વૃત્તિવાળું.

वार्त्ता स्त्री० દુર્ગા દેવી, વૃત્તિ, આજીવિકા, ખેતી, વાત, લોકકહેવત, વૃત્તાંત, વર્તવું, હોવું, રહેવું, કાલથી થતો પ્રાણીઓનો નાશ.

वार्त्ताक पु० રીંગણ, વંતાક.

वार्ताकि पु० રીંગણ, વંતાક.

वार्त्ताकिन् पु० ઉપરનો અર્થ.

वार्त्ताकु स्त्री० રીંગણી, વંતાકડી.

वार्त्ताकु पु० ઉપરનો અર્થ.

वार्त्तायन पु० જાસુસ, ચર, પ્રવૃત્તિ જાણનાર.

वार्त्तावह पु० ખેતી–વેપાર ઉપર જીવનાર વેપારી.

वार्त्तावह त्रि० સમાચાર લઇ જનાર.

वार्त्ताशिन् त्रि० જીવિકાને માટે સત્રાદિમાં ખાનાર.

वार्त्तिक न० વૃત્તિરૂપે કરેલો ગ્રંથ, વિવરણરૂપ ગ્રંથ.

वार्त्तिक त्रि० ચર, દૂત, કાસદ, વૃત્તાંત લઇ જનાર.

वार्त्तिक पु० વૈશ્ય, વેપારી, ચકલો પક્ષી.

वार्दर न० દક્ષિણાવર્ત શંખ, પાણી, ભારતીવાણી, રેશમ, આમ્રબીજ.

वार्दल न० વાદળીયો દિવસ–દુર્દિન.

वार्दल पु० શાહીનો ખડીયો.

वार्द्धक न० વૃદ્ધોનો સમૂહ, વૃદ્ધપણું, વૃદ્ધાવસ્થા.

वार्द्धक्य न० વૃદ્ધપણું, વૃદ્ધાવસ્થા.

वार्द्धानी स्त्री० જળપાત્ર.

वार्द्धि पु० સમુદ્ર.

वार्द्धिभव न० સમુદ્ર લવણ–મીઠું.

वार्द्धिभव त्रि० સમુદ્રમાં હોનાર–થનાર.

वार्द्धुषि पु० વ્યાજનો ધંધો કરી જીવનાર.

वार्द्धुषिक पु० ઉપરનો અર્થ.

वार्द्धुषिन् त्रि० વ્યાજ ઉપર જીવનાર, વ્યાજનો ધંધો કરી જીવનાર.

वार्द्धुष्य न० ધાન્યાદિને વધારવાનો ઉપાય, વ્યાજનો ધંધો કરનારપણું.

वार्द्धीनस पु० ગંડક–ગેંડો જનાવર, એક જાતનો બકરો, એક જાતનું પક્ષી.

वार्ध्रीणस पु० ઉપરના અર્થ.

वार्भट पु० એક જાતનું માછલું.

वार्मण न० બખ્તરોનો સમૂહ.

वार्मिण न० બખ્તરધારીઓનો સમૂહ.

वार्मुच् पु० મેઘ, મોથ.

वार्य त्रि० વારવા–અટકાવવા લાયક.

वार्य त्रि० પાણીનું, પાણીસંબંધી.

वार्युद्भव न० કમળ.

वार्वट पु० વહાણ, હોડી.

वार्वणा स्त्री० એક જાતની માખી.

वार्शिला स्त्री० પાણીનો કરો, બરફ.

वार्ष त्रि० વર્ષનું, વર્ષસંબંધી, વરસાદનું, વરસાદસંબંધી.

वार्षक न० પૃથ્વીનો એક ભાગ.

वार्षिक त्रि० વર્ષમાં હોનાર-થનાર, વર્ષ કાળમાં હોનાર-થનાર.

वार्षिक न० ત્રાયણમાણનો વેલો.

वार्षिको स्त्री० દરવર્ષે કરવાની પૂજા.

वार्षिला स्त्री० પાણીનો કરો, બરફ.

वार्षुक त्रि० વરસતું, ભીનું કરતું, છાંટતું.

वार्ष्णेय पु० શ્રીકૃષ્ણ.

वार्ष्णेय त्रि० વૃષ્ણિકુળમાં ઉત્પન્ન થયેલ.

वार्हत न० બૃહતીનું ફળ.

वार्हद्रथ पु० બૃહદ્રથરાજાનો પુત્ર જરાસંધ રાજા.

वार्हद्रथ त्रि० બૃહદ્રથરાજાનું-સંબંધી.

वार्हद्रथि पु० वार्हद्रथ पु० જુઓ.

वार्हस्पत त्रि० બૃહસ્પતિનું. બૃહસ્પતિસંબંધી.

वार्हस्पत न० બૃહસ્પતિ જેનો દેવ છે તેવું હવિષ, પુષ્ય નક્ષત્ર, બૃહસ્પતિનું નીતિશાસ્ત્ર, બૌદ્ધાગમ.

वार्हस्पत पु० ચાર્વાક.

वार्हस्पत्य पु० ચાર્વાક.

वार्हस्पत्य त्रि० वार्हस्पत त्रि० જુઓ.

वार्हस्पत्य न० वार्हस्पत न० જુઓ.

वाल पु० બાળક, વાળ, વાલ.

वालक पु० ઉપરના અર્થ.

वालधि पु० પૂછડું.

वालपाश्या स्त्री० વાળ બાંધવા માટે મોતીની સેરો, વાળમાં પાશનો સમૂહ.

वालव पु० જ્યોતિષપ્રસિદ્ધ એક કરણ.

वालि पु० વાલી વાનર.

वालिन् पु० ઉપરનો અર્થ.

वालुका स्त्री० રેતી.

वालुकाप्रभा स्त्री० એક નરકભૂમિ.

वालुङ्की स्त्री० કાકડી.

वालूक पु० એક સ્થાવર ઝેર.

वालेय पु० ગધેડો.

वालेया स्त्री० ગધેડી.

वाल्क न० ઝાડની છાલથી બનેલું વસ્ત્ર.

वाल्कल न० ઉપરનો અર્થ.

वाल्कली स्त्री० એક જાતની મદિરા-દારૂ.

वाल्मिकि पु० રામાયણ ગ્રંથકર્તા એક મુનિ.

वाल्मोक पु० ઉપરનો અર્થ.

वाल्मीकि पु० રામાયણ ગ્રંથકર્તા એક મુનિ

वाल्हिक पु० व० તે નામે એક દેશ.

वाल्हीक पु० ब० તે નામે એક દેશ.

वाल्हीक न० હીંગ.

वावदूक त्रि० બહુ બોલવાના સ્વભાવવાળું, વાચાળ.

वावदूकता स्त्री० વાચાળપણું, બહુ બોલકાપણું.

वावदूकत्व न० ઉપરના અર્થ.

वावय पु० એક જાતની તુલસી.

वावहि त्रि० અત્યંત ભાર વગેરે વહેનાર-ઉપાડનાર.

वावृत् दिवा० आ० स० सेट् ભજવું, સંભક્ત કરવું.

वावृत्त त्रि० સ્વીકારેલ, પસંદ કરેલ.

वाश् दिवा० आ० सेट् તિર્યંચોનો શબ્દ કરવો अ० બોલાવવું स०

वाशन न० તિર્યંચોનો શબ્દ કરવો, બોલાવવું.

वाशर पु० न० દિવસ.

वाशा स्त्री० અરડુસો વનસ્પતિ.

वाशिका स्त्री० ઉપરનો અર્થ.

वाशित न० वाशन જુઓ.

वाशित त्रि० બોલાવેલ.

वाशित त्रि० वाक्षित त्रि० જુઓ.

वाशित न० वासित न० જુઓ.

वाशिता स्त्री० હાથણી, હરકોઈ સ્ત્રી.

वाशिष्ठ न० વસિષ્ઠે રચેલું એક ઉપપુરાણ, વસિષ્ઠનું એક યોગશાસ્ત્ર.

वाशिष्ठ त्रि० વસિષ્ઠનું, વસિષ્ઠસંબંધી.

वाशिष्ठी स्त्री० ગોમતી નદી.

वाशी स्त्री० બૂમ, ગર્જના.

वाशीमत् त्रि० બૂમ પાડતું, ગર્જના કરતું.

वाशुरा स्त्री० રાત્રિ.

वाश्र न० ઘર, ચૌટો.

वाश्र पु० દિવસ.

वाष्कल त्रि० મોટું.

वाष्कल पु० શૂર–વીર, યોદ્ધો.

वाष्प पु० ઉષ્ણતા, ગરમી, લોઢું, આંસુ.

वाष्पक पु० એક જાતનું શાક–मारिषशाक.

वाष्पिका स्त्री० ઉપરનો અર્થ.

वाष्मो स्त्री० वाष्पक જુઓ.

वास् चु० उभ० स० सेट् સુગંધી કરવું, મસાલાથી મિશ્ર કરવું, હરણ કરવું.

वास पु० રહેવું, રહેઠાણ, ઘર, વાસ, વસ્ત્ર, અરડુસો.

वासक पु० અરડુસો, ગાયનનું એક અંગ.

वासकर्णी स्त्री० યજ્ઞશાળા.

वासकसज्ज्ञा स्त्री० સાહિત્યપ્રસિદ્ધ એક નાયિકા.

वासका स्त्री० અરડુસો.

वासगृह न० રહેવાનું ઘર, મધ્ય ગ્રહ.

वासत पु० ગધેડો.

वासती स्त्री० ગધેડી.

वासतेय त्रि० રહેવા લાયક, વાસ કરવા યોગ્ય.

वासतेयी स्त्री० રાત્રી, હળદર.

वासन न० સુગંધી કરવું, ધૂપ દેવો, જલપાત્ર, વસ્ત્ર, રહેવાનું સ્થાન, જ્ઞાન, મૂકવા સ્થાપવાનો આધાર, કંઇ અંદર મૂકી–નાખી સીલ કરેલું પાત્ર, ફેંકવું.

वासना स्त्री० પ્રત્યાશા, જ્ઞાન, સ્મરણહેતુ સંસ્કાર, સુગંધી કરવું, મિથ્યા જ્ઞાનજન્ય એક સંસ્કાર, ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ એક સંસ્કાર, અજ્ઞાન, ઇચ્છા.

वासन्त पु० કોયલ, વસંતનો વાયુ–મલય વાયુ, મગ, કાળા મગ, મીંઢળનું ઝાડ, ગુદામૈથુન કરાવનાર, નાંજર.

वासन्त त्रि० વસંતકાળમાં હોનાર–થનાર, વસંતઋતુનું, વસંત ઋતુસંબંધી.

वासन्ती स्त्री० જૂઇ, મોગરો, પાટલા લતા, પીળી જાઇ, નવમલ્લિકા લતા, વસન્તકાળે કરવાની દેવીની પૂજા, ઉંટડો, કોયલ–માદા.

वासन्तोपूजा स्त्री० વસંતકાળે કરવાની દેવીની પૂજા.

वासयोग पु० અબીલ.

वासर पु० न० દિવસ.

वासर पु० એક નાગ.

वासव पु० ઇન્દ્ર.

वासव न० ધનિષ્ઠા નક્ષત્ર.

वासव त्रि० ઈન્દ્રનું, ઈન્દ્રસંબંધી.

वासवदत्त त्रि० ઇન્દ્રે આપેલ.

वासवदत्ता स्त्री० તે નામે એક આખ્યાયિકાગ્રંથ.

वासवी स्त्री० વ્યાસની માતા મત્સ્યગંધા.

वासस् न० કપડું, વસ્ત્ર.

वाससज्ज्ञा स्त्री० તે નામે એક નાયિકા.

वासा स्त्री० અરડુસો.

वासाखण्ड न० વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.

वासाखण्डकुष्माण्डक न० એક ઔષધ.

वासागार न० વાસ યોગ્ય, ઘર, ઘરનો મધ્યભાગ.

वासाघृत न० વૈદ્યકપ્રસિદ્ધ ઔષધરૂપ એક ઘી.

वासाद्यघृत न० ઉપરનો અર્થ.

वासावलेह पु० અરડુસાનું એક ચાટણરૂપ ઔષધ.

वास्सि स्त्री० એક જાતની ફરસી–વાંસલો.

वासिका स्त्री० અરડુસો.

वासित त्रि० સુગંધીયુક્ત કરેલ, પ્રસિદ્ધ, ખ્યાત, વસ્ત્રથી વીંટેલ.

वासित न० શબ્દ, જ્ઞાન, પક્ષીનો શબ્દ, વાસના.

वासिता स्त्री० હાથણી, સ્ત્રી.

वासिती स्त्री० હાથણી, સ્ત્રી.

वासिन् त्रि० વસનાર, રહેનાર.

वासिनी स्त्री० એક જાતની વનસ્પતિ.

वासिष्ठ न० લોહી.

वासिष्ठ त्रि० વસિષ્ઠનું, વસિષ્ઠસંબંધી.

वासिष्ठी स्त्री० ગોમતી નદી.

वासु पु० વિષ્ણુ, વિશ્વરૂપ, પુનર્વસુ નક્ષત્ર.

वासुकि पु० તે નામે સર્પોનો રાજા.

वासुकेय पु० ઉપરનો અર્થ.

वासुदेव पु० વિષ્ણુ, શ્રીકૃષ્ણ.

वासुदेव न० શ્રવણ નક્ષત્ર.

वासुदेवप्रियंकरी स्त्री० શતાવરી વનસ્પતિ.

वासुदेवी स्त्री० એક વનસ્પતિ.

वासुपूज्य पु० બારમા જૈન તીર્થંકર.

वासुर पु० શિયાળ.

वासुरी स्त्री० શિયાળવી.

वासुरा स्त्री० સ્ત્રી, હાથણી, રાત્રિ, ભૂમિ.

वासू स्त्री० બાળા સ્ત્રી. (નાટકની ભાષામાં)

वासौकस् न० રહેવાનું સ્થળ–ઘર.

वास्तव न० સત્યભૂત પદાર્થ, સત્ય, ખરૂં.

वास्तव त्रि० સાચું, ખરૂં.

वास्तविक त्रि० સ્વતઃસિદ્ધ, સત્યભૂત.

वास्तवोषा स्त्री० હળદર.

वास्तव्य त्रि० વસનાર, રહેવાસી.

वास्तव्य न० વસવા યોગ્ય સ્થાન, વસતિ, રહેઠાણ.

वास्तु पु० न० વાસયોગ ભૂમિ.

वास्तु न० એક જાતનું શાક.

वास्तुक न० એક શાક.

वास्तूक न० એક જાતનું શાક.

वास्तूकी स्त्री० એક જાતનું શાક.

वास्तेय त्रि० વસ્તિસંબંધી, રહેવા યોગ્ય, વાસનું, વાસસંબંધી.

वास्तोष्पति पु० ઇન્દ્ર, વાસ્તુ ભૂમિનો પતિ.

वास्त्र पु० વસ્ત્રથી બરાબર ઢાંકેલ રથ.

वास्त्र त्रि० વસ્ત્રનું, વસ્ત્રસંબંધી.

वास्प पु० बाष्प જુઓ.

वास्पेय पु० નાગકેસર.

वाह् भ्वा० आ० अ० सेट् યત્ન કરવો.

वाह पु० ઘોડો, એક જાતનું માપ, ભુજા, વાયુ, બળદ.

वाहक त्रि० વહેનાર, લઇ જનાર, ઉંચકનાર.

वाहद्विषत् पु० પાડો.

वाहद्वेषिन् पु० પાડો.

वाहन न० રથ, ગાડી વગેરે વાહન.

वाहन त्रि० વહેનાર લઇ જનાર.

वाहरिपु पु० પાડો.

वाहशत्रु पु० પાડો.

वाहस पु० અજગર, એક જાતનું શાક, માપ.

वाहा स्त्री० બાહુ, ભુજા.

वाहिक पु० નગારૂં, બળદ, ગાડું વગેરે.

वाहिक त्रि० ભાર વહેનાર.

वाहित्थ न० હાથીના ગંડસ્થળનો નીચલો ભાગ.

वाहिन् त्रि० વહેનાર, લઇ જનાર.

विराविन् त्रि॰ શબ્દ કરનાર, બૂમ પાડનાર, પોકાર કરનાર.

विरिक्त त्रि॰ જુલાબ આપેલ, રેચ દીધેલ.

विरिञ्च पु॰ બ્રહ્મા, વિષ્ણુ, શિવ.

विरिञ्चन पु॰ ઉપરના અર્થ.

विरिञ्चि पु॰ विरिञ्च જુઓ.

विरिब्ध पु॰ શબ્દ, અવાજ.

विरुक्षण न॰ અપમાન, ગાળ, સોગંદ, બાધા.

विरुत न॰ શબ્દ, અવાજ, સ્વર.

विरुद् पु॰ બૂમ, પોકાર, રડવું.

विरुद् न॰ બિરૂદ, ઇલ્કાબ.

विरुद्ध त्रि॰ વિરોધવાળું, વિરોધી, પ્રતિકૂળ.

विरुद्ध पु॰ તે નામે એક હેત્વાભાસ.

विरुद्धता स्त्री॰ વિરોધીપણું, વિરોધ, પ્રતિકૂળતા.

विरुद्धत्व न॰ ઉપરના અર્થ.

विरुद्धभुज् त्रि॰ પ્રકૃતિ વિરૂદ્ધ ખાનાર, અપથ્યસેવી.

विरुद्धभोजन न॰ પ્રકૃતિ વિરૂદ્ધ ખાવું, અપથ્યસેવન.

विरुद्धमतिकृत् पु॰ તે નામે એક કાવ્યદોષ.

विरुद्धशंसन न॰ ગાળ, ગાળ દેવી, વિરૂદ્ધ કહેવું.

विरूढ त्रि॰ ઉગેલ, ઉત્પન્ન થયેલ.

विरूढक न॰ એક જાતનું શાક.

विरूप त्रि॰ ખરાબ રૂપવાળું, બેડોળ, કદ્રુપું, નિંદિત.

विरूप न॰ પીપરમૂળ, ગંઠોડા.

विरूपक त्रि॰ विरूप त्रि॰ જુઓ.

विरूपा स्त्री॰ અતિવિખની કળી, ધમાસો-વનસ્પતિ, યમદેવની સ્ત્રી.

विरूपाक्ष पु॰ શિવ.

विरूपाक्ष त्रि॰ વિકટ નેત્રવાળું, બેડોળ આંખવાળું.

विरूपिन् त्रि॰ विरूप त्रि॰ જુઓ.

विरूपिन् पु॰ जाहकजन्तु–એક પ્રાણી.

विरेक पु॰ રેચ, જુલાબ, વધારે, વિશેષ.

विरेचक त्रि॰ રેચ લાવનાર, જુલાબ કરનાર.

विरेचक पु॰ પીલુનું ઝાડ.

विरेचन पु॰ ઉપરનો અર્થ.

विरेचन त्रि॰ રેચ લાવનાર, જુલાબ કરનાર.

विरेचन न॰ રેચ, જુલાબ.

विरेचनफल पु॰ પીલુનું ઝાડ.

विरेचित त्रि॰ રેચ આપેલ, જુલાબ દીધેલ, ખાલી કરેલ.

विरेफ पु॰ નદ, નદી, હરકોઈ મદ.

विरेफ त्रि॰ રેફવર્ણરહિત.

विरोक पु॰ न॰ છિદ્ર, બાકું, ગુફા, દર.

विरोक पु॰ સૂર્યનું કિરણ.

विरोचन पु॰ સૂર્ય, આકડાનું ઝાડ, બલિરાજાનો પિતા, પ્રહ્‌લાદનો પુત્ર એક અસુર, ચંદ્ર, કપૂર, અગ્નિ, ચિત્રાનું ઝાડ, રોહિડાનું ઝાડ, શ્યોનાક વૃક્ષ, ઘૃતકરંજ વૃક્ષ.

विरोचन त्रि॰ રૂચિકારક.

विरोचनतनय पु॰ બલિરાજા.

विरोचनतनूज पु॰ બલિરાજા.

विरोचनपुत्र पु॰ બલિરાજા.

विरोचनसुत पु॰ બલિરાજા.

विरोचनसूनु पु॰ બલિરાજા.

विरोचिष्णु त्रि॰ પ્રકાશમાન, શોભતું, સુશોભિત.

विरोध पु॰ વૈર, દુશ્મનાવટ, વિરૂદ્ધતા, ન્યાયપ્રસિદ્ધ એક હેતુદોષ, તે નામે એક અર્થાલંકાર, વિપરીત અર્થવાળાપણું, સાઠ વર્ષો પૈકી એક વર્ષ, વિપરીતપણું, લડાઈ, આફત, દબાણ, હરકત, સામાપણું

विरोधन न० વૈર, દુશ્મનાવટ.

विरोधाभास पु० તે નામે એક અર્થાલંકાર.

विरोधिन् पु० શત્રુ, સાઠ વર્ષોપૈકી એક વર્ષ.

विरोधिन् त्रि० વિરોધ કરનાર.

विरोधी स्त्री० બાંધેલો ધારો-રિવાજ-કાયદો.

विरोधोक्ति स्त्री० બીજાના વચનથી વિરૂદ્ધ વચન-ભાષણ.

विल् तुदा० प० स० सेट् સ્તુતિ કરવી, વખાણ કરવાં.

विल् चुरा० उभ० स० सेट् પ્રેરવું, મોકલવું, ફેંકવું.

विल पु० ઇન્દ્રનો ઘોડો, એક જાતનું ઘાસ-બરૂ.

विल न० છિદ્ર, બાકું, ગુફા, દર, ખારો.

विलक्ष त्रि० આશ્ચર્ય પામેલ, શરમાયેલ, ઝંખવાડું થયેલ, નિસ્તેજ થયેલ, નીશાની વગરનું, લક્ષ વગરનું.

विलक्षण त्रि० વિભિન્ન, જૂદું, વિશેષણ-યુક્ત, બીજું, જુદી તરેહનું.

विलक्षण न० પ્રયોજન વિનાની સ્થિતિ, જોવું તે, વિરૂદ્ધ લક્ષણ.

विलक्षणता स्त्री० જૂદાઇ, વિરૂદ્ધ લક્ષણપણું.

विलक्षणत्व न० ઉપરના અર્થ.

विलक्षणा स्त्री० દાન માટે કલ્પેલ સોનાના પુરૂષની મૂર્તિયુક્ત એક શય્યા.

विलक्षता स्त्री० શરમ. વિસ્મય, લક્ષરહિહિતપણું, નીશાની રહિતપણું.

विलक्षत्व न० ઉપરના અર્થ.

विलग्न त्रि० વળગેલ, ચોટેલ, ચોપડેલ, પાતળું, કૃશ, નાજુક.

विलग्न न० મધ્યભાગ, કેડ, ઉદય પામેલી મેષ વગેરે રાશિ.

विलङ्घन न० ઓળંગવું, તોડવું, અપમાન કરવું.

विलङ्घनीय त्रि० ઓળંગવા યોગ્ય, તોડવા લાયક, અપમાન કરવા લાયક.

विलङ्घित त्रि० ઓળંગેલ, તોડેલ, અપમાન કરેલ.

विलङ्घ्य त्रि० विलङ्घनीय જુઓ.

विलज्जमान त्रि० લાજતું, શરમાતું.

विलज्जा स्त्री० લાજ, શરમ.

विलपत् त्रि० વિલાપ કરતું, બોલતું, બકતું.

विलम्ब पु० અશીઘ્રતા, ઉતાવળ નહિ કરવી તે, થોભવું, રાહ જોવી, વાર, સાઠ વર્ષોપૈકી એક વર્ષ.

विलम्बन न० ઉતાવળ નહિ કરવી તે, થોભવું, વાર કરવી, રાહ જોવી, લટકવું.

विलम्बमान त्रि० વાર કરતું, રાહ જોતું, વિલંબ કરતું, લટકતું.

विलम्बित त्रि० વિલંબવાળું, ધીમું, મંદ, ઉતાવળું નહિ તે, વાર કરતું.

विलम्बित न० મધ્ય કાળનું નૃત્ય કે ગીત.

विलम्बिन् त्रि० વિલંબવાળું, વાર કરનાર, ધીમું, ઉતાવળું નહિ તે.

विलम्भ पु० અત્યંત દાન, બક્ષીસ.

विलय पु० પ્રલય, નાશ.

विलला स्त्री० શ્વેતબલા નામે એક વનવનસ્પતિ.

विलसत् त्रि० વિલાસ કરતું, રમતું, પ્રકાશતું, દીપતું, ચળકતું.

विलसित त्रि० વિલાસ કરેલ, રમેલ, દીપેલ.

विलसित न० વિલાસ, દીપ્તિ, કાંતિ.

विलाप पु० વિલાપ, પરિદેવન.

विलाल पु० બિલાડો, યંત્ર, સાંચો.

विलाली स्त्री० બિલાડી.

विलास पु० સ્ત્રીઓની એક શૃંગારચેષ્ટા, દીપ્તિ, કાંતિ, સ્ત્રીઓનો એક સાત્વિક ભાવ, રમત, ગંમત, મોજશોખ.

विलासमन्दिर न० વિલાસ કરવાનું સ્થાન, રમતનું ઘર.

विलासवत् त्रि० વિલાસી, મોજીલું, શોખીન, ગંમતી, ભોગી.

विलासिका स्त्री० ઉપરૂપક રૂપ એક નાટિકા.

विलासिन् त्रि० વિલાસવાળું, મોજીલું, શોખીન, ગમ્મતી, ભોગવાળું, ભોગી.

विलासिन् पु० સર્પ, કૃષ્ણ, અગ્નિ, ચિત્રાનું ઝાડ, મહાદેવ, ચંદ્ર, કપૂર.

विलासिनी स्त्री० વેશ્યા, સ્ત્રી.

विलिप्त त्रि० લીપેલ, ખરડેલ, ચોપડેલ.

विलीन त्रि० ઓગળેલ, પીગળેલ, જૂદું પડેલ, નાશ પામેલ.

विलेपन न० લીપવું, ખરડવું, ચોપડવું, ચોપડવાનો કે ખરડવાનો ઘસેલો કે પીસેલો ચંદન-કેસર વગેરે પદાર્થ.

विलेपनी स्त्री० રાબડી, સુંદર વેશવાળી સ્ત્રી.

विलेप्य पु० રાબડી, રાબ.

विलेप्य त्रि० લેપવા યોગ્ય, ખરડવા, યોગ્ય, ચોપડવા લાયક.

विलोक पु० એકાંત.

विलोकन न० જોવું, દેખવું.

विलोकना स्त्री० જોવું, દેખવું.

विलोकनीय त्रि० જોવા લાયક, દેખવા લાયક.

विलोकनोयता स्त्री० જોવા યોગ્યપણું.

विलोकनीयत्व न० ઉપરનો અર્થ.

विलोकित त्रि० જોયેલ, દેખેલ.

विलोक्य त्रि० विलोकनीय જુઓ.

विलोक्य अव्य० જોઇને, દેખીને.

विलोचन न० નેત્ર, આંખ, જોવું, દેખવું.

विलोचनपात पु० જોવું, નજર કરવી.

विलोचनाम्बु न० આંખનું પાણી, આંસુ.

विलोटक पु० એક જાતનું માછલું.

विलोडन न० વલોવવું, મથવું. ડહોળી નાખવું.

विलोडित न० છાશ.

विलोडित त्रि० વલોવેલ, મથેલ, ડહોળી નાખેલ.

विलोभ पु० વિશેષ લોભ.

विलोभ त्रि० વિશેષ લોભવાળું, લોભરહિત.

विलोम त्रि० વિપરીત, અવળું, ઉલટું.

विलोम पु० સર્પ, કુતરો, વરૂણદેવ, ગણિતપ્રસિદ્ધ એક ક્રિયા.

विलोम न० પાણી ખેંચવાનો રેંટ-अरघट्ट.

विलोमकर्मन् न० અવળું કામ, ઉલટું કામ, વિપરીત કર્મ, ગણિતપ્રસિદ્ધ એક ક્રિયા.

विलोमकर्मन् त्रि० અવળું કામ કરનાર, ઉલટું કામ કરનાર.

विलोमक्रिया स्त्री० विलोमकर्मन् न० જુઓ.

विलोमज पु० ઉત્તમ વર્ણની સ્ત્રીમાં અધમ વર્ણના પુરૂષે ઉત્પન્ન કરેલ પુત્ર.

विलोमजा स्त्री० ઉત્તમ વર્ણની સ્ત્રીમાં અધમ વર્ણના પુરૂષે ઉત્પન્ન કરેલ પુત્રી.

विलोमजिह्व पु० હાથી.

विलोमजिह्वी स्त्री० હાથણી.

विलोमवर्ण पु० विलोमज જુઓ.

विलोमवर्णा स्त्री० विलोमजा જુઓ.

विलोमी स्त्री० આમળીનું ઝાડ, સાપેણ, કુતરી.

विलोल त्रि० ચંચળ, ચપળ, વિશેષ તૃષ્ણાવાળું.

विलोलता स्त्री० ચંચળપણું, ચપળપણું, લોલુપતા.

विलोलत्व न० ઉપરના અર્થ.

विलोलन न० ચલાવવું, હલાવવું.

विल्ल न० હીંગ, ખાડો, દર, ગુફા.

विल्व पु० બીલીનું ઝાડ.

विल्व न० બીલીનું ફળ.

विवक्षत् त्रि० બોલવા ઇચ્છતું, કહેવા ઇચ્છતું.

विवक्षा स्त्री० બોલવાની ઇચ્છા, કહેવાની ઈચ્છા.

विवक्षु त्रि० બોલવા ઇચ્છનાર, કહેવા ઇચ્છનાર.

विवञ्चिषत् त्रि० ઠગવા ઇચ્છતું, છેતરવા ઈચ્છતું.

विवञ्चिषा स्त्री० ઠગવાની ઇચ્છા, છેતરવાની ઈચ્છા.

विवञ्चिषु त्रि० ઠગવા ઇચ્છનાર, છેતરવા ઇચ્છનાર.

विवर पु० न० છિદ્ર, બાંકું, ગફોલ, ગુફા, દોષ.

विवरण न० વ્યાખ્યાન, કોઈ વિષયનો વિસ્તાર કરવો, સ્પષ્ટીકરણ, ટીકા, ભાષ્ય.

विवरणकार त्रि० વ્યાખ્યાન કરનાર, ટીકાકાર, ભાષ્યકાર.

विवरणकृत् त्रि० ઉપરના અર્થ.

विवरनालिका स्त्री० વાંસ.

विवरीषत् त्रि० વ્યાખ્યાન કરવા ઇચ્છતું, પ્રકટ કરવા ઇચ્છતું, ખુલ્લું કરવા ઇચ્છતું.

विवरिषा स्त्री० વ્યાખ્યાન કરવાની ઇચ્છા, પ્રકટ કરવાની ઇચ્છા.

विवरिषु त्रि० વ્યાખ્યાન કરવા ઇચ્છનાર, પ્રકટ કરવા ઇચ્છનાર.

विवर्जन न० વર્જવું, છોડવું, ત્યાગ.

विवर्जनीय त्रि० વર્જવા યોગ્ય, છોડવા લાયક, તજવા લાયક.

विवर्जित त्रि० વર્જેલ, છોડેલ, તજેલ.

विवर्ज्य त्रि० विवर्जनीय જુઓ.

विवर्ण त्रि० અધમ, નીચ, મલિન, મેલું.

विवर्णवदन त्रि० ફીક્કા મુખવાળું.

विवर्णास्य त्रि० ઉપરના અર્થ.

विवर्त्त पु० વિકાર, ફેરફાર, રૂપાંતર, નૃત્ય, નાચ, સમુદાય, ફરવું, ફરી જવું, કારણથી વિષમ સત્તાએ ઉત્પન્ન થતું કાર્ય, કોઇ વસ્તુને કોઇ વસ્તુરૂપ માનવી કે જોવી એ પ્રકારની ભ્રાંતિ.

विवर्द्धन न० વધવું, વૃદ્ધિ, કાપવું.

विवर्द्धित त्रि० વધેલ, કાપેલ.

विवश त्रि० અસ્વતંત્ર, પરવશ, પરાધીન, વ્યાકુળ, અરિષ્ટ બુદ્ધિવાળું.

विवशता स्त्री० પરાધીનતા, વ્યાકુળતા.

विवशत्व न० ઉપરના અર્થ.

विवस्त्र त्रि० વસ્ત્ર વગરનું, નાગું.

विवस्त्र पु० દિગંબર જૈન, શિવ.

विवस्वत् पु० સૂર્ય, આકડાનુ ઝાડ, સૂર્યનો સારથિ અરૂણ, હરકોઇ દેવ.

विवाक त्रि० વિવેચન કરનાર.

विवात् त्रि० વિશેષ વાતું.

विवाद पु० વિરૂદ્ધ વાદ, કલહ, કજીયો, દાવો.

विवादकर त्रि० વાદ કરનાર, કજીયો કરનાર, દાવો કરનાર.

विवादकरण न० વાદ કરવો, કજીયો કરવો, દાવો કરવો.

विवादकार त्रि० विवादकर જુઓ.

विवादकारण न० વાદનું કારણ, કજીયાનું કારણ, દાવાનું કારણ.

विवादकृत् त्रि० विवादकर જુઓ.

विवादार्थिन् त्रि० વાદ કરવા ઇચ્છનાર, દાવો કરવા ઇચ્છનાર.

विवादिन् त्रि० વાદ કરનાર, દાવો કરનાર, કજીયો કરનાર.

बिवार पु० પહોળું થવું, ફેલાવ, વ્યાકરણસિદ્ધ વર્ણોચ્ચારણમાં એક બાહ્ય પ્રયત્ન.

विवास पु० પરદેશ વસવું, દેશનિકાલ.

विवासस् त्रि० વસ્ત્ર વિનાનું, નાગું.

विवासस् पु० શિવ, દિગંબર જૈન.

विवासित त्रि० દેશનીકાલ કરેલ.

विवाह पु० પરણવું, લગ્ન, વિવાહ.

विवाहित त्रि॰ પરણેલ, જેનો વિવાહ થયો હોય તે.

विवाह्य त्रि॰ વિવાહને યોગ્ય, વિશેષે કરી વહન કરવા યોગ્ય.

विवाह्य पु॰ જમાઇ.

विविक्त त्रि॰ નિર્જન, એકાંત, પવિત્ર, અસંયુક્ત, નહિ જોડાયલું, વિવેકી.

विविक्तसेविन् त्रि॰ એકાંત સેવનાર.

विविक्ता स्त्री॰ અભાગણી સ્ત્રી.

विविक्षत् त्रि॰ પ્રવેશ કરવા ઇચ્છતું.

विविक्षा स्त्री॰ પ્રવેશ કરવાની ઇચ્છા.

विविक्षु त्रि॰ પ્રવેશ કરવા ઇચ્છનાર.

विविदिवस् त्रि॰ મેળવતું. પામતું.

विविद्वस् त्रि॰ જાણતું, જાણનાર, ડાહ્યું.

विविध त्रि॰ અનેક પ્રકારનું, જાત જાતનું, તરેહ તરેહનું, જૂદું જૂદું.

विविंशिवस् त्रि॰ પ્રવેશ કરતું.

विवीत पु॰ ઘણાં ઝાડ તથા ઘાસ વગરે વાળો દેશ.

विवृक्त त्रि॰ તજેલ, છોડેલ.

विवृक्ता स्त्री॰ પતિએ તજેલી સ્ત્રી.

विवृत त्रि॰ વિસ્તૃત, વિશાળ, ખુલ્લું કરેલ, વ્યાખ્યાન કરેલ.

विवृता स्त्री॰ એક જાતનો ક્ષુદ્રરોગ.

विवृताक्ष पु॰ કુકડો.

विवृताक्षी स्त्री॰ કુકડી.

विवृति स्त्री॰ વિવરણ, વ્યાખ્યાન, વિસ્તાર, ફેલાવ, ખુલ્લાપણું.

विवृत्त त्रि॰ આડું ચાલેલ, પ્રકટ કરેલ, તિરછું કરેલ.

विवृत्ता स्त्री॰ એક જાતનો ક્ષુદ્ર રોગ.

विवृत्सत् त्रि॰ વર્તવા-હોવા ઇચ્છતું.

विवृत्सा स्त्री॰ વર્તવા-હોવાની ઇચ્છા.

विवृत्सु त्रि॰ વર્તવા-હોવા ઇચ્છનાર

विवृद्ध त्रि॰ વધેલ.

विवृद्धि स्त्री॰ વધવું, વધારો.

विवेक पु॰ યથાર્થ રીતે વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરવો, પ્રકૃતિ અને પુરૂષનું ભેદજ્ઞાન, અન્યોન્યના ધર્મને પૃથક્ કરી વસ્તુના સ્વરૂપનો નિશ્ચય કરવો તે, વિચાર, પાણીનો ધરો.

विवेक पु॰ ન્યાયાધીશ.

विवेकता स्त्री॰ વિવેકપણું.

विवेकत्व न॰ વિવેકપણું.

विवेकदृश्वन् त्रि॰ વિવેકી, વિવેકથી જોનાર.

विवेकिता स्त्री॰ વિવેકીપણું.

विवेकित्व न॰ વિવેકીપણું.

विवेकिन् त्रि॰ વિવેકવાળું.

विवेकिन् पु॰ ભૈરવવંશી દેવસેનનો એક પુત્ર.

विवेक्तव्य त्रि॰ વિવેચન કરવા યોગ્ય.

विवेचन न॰ વિચાર, વિશેષે કરી પૃથક્કરણ, ટીકા.

विवेचनीय त्रि॰ વિવેચન કરવા યોગ્ય.

विवोढृ पु॰ જમાઈ, પતિ.

विव्वोक पु॰ સ્ત્રીઓની એક શૃંગારચેષ્ટા.

विश् तुदा॰ प॰ स॰ अनिट् પ્રવેશ કરવો, પેસવું, अधि+બેસવું. अधि+नि+મનની સ્થિતિનું કારણ એક સંયોગ, उप+આસન વગેરે ઉપર સ્થિતિ કરવી-બેસવું, नि+બેસવું, સ્થિતિ કરવી, निर्+ઉપભોગ કરવો, प्र+ અંદર જવું. પેસવું, દાખલ થવું.

विश् पु॰ મનુષ્ય, વૈશ્ય.

विश न॰ કમળની દાંડલી-મૃણાલ.

विश त्रि॰ પ્રવેશ કરનાર, પેસનાર.

विशकण्ठ पु॰ બગલો.

विशकण्ठा स्त्री॰ બગલી.

विशङ्क त्रि॰ શંકારહિત, નિઃશંક.

विशङ्कट त्रि॰ વિશાળ.

विशत् त्रि० પ્રવેશ કરતું, પેસતું.

विशद पु० સફેત રંગ, ધોળો રંગ, ઉજાસ.

विशद त्रि० સફેત, ધોળું, ઉજ્જવળ, નિર્મળ, પ્રકટ, ખુલ્લુ, સ્પષ્ટ.

विशदीकरण न० પ્રકટ કરવું, ખુલ્લું કરવું, સ્પષ્ટ કરવું.

विशय पु० સંશય.

विशयिन् त्रि० સંશયવાળું.

विशर पु० વધ, મારવું, મારી નાખવું.

विशर त्रि० બાણ વગરનું, બાણ રહિત.

विशरण न० त्रिशर पु० જુઓ.

विशल्य त्रि० સાલ વગરનું, કાંટા વગરનું, દુઃખ વગરનું.

विशल्यकृत् त्रि० સાલ વગરનું કરનાર, કાંટા વિનાનું કરનાર, દુઃખ દૂર કરનાર.

विशल्यकृत् पु० એક જાતનું ઝાડ.

विशल्यकरणी स्त्री० એક જાતની ઓષધિ.

विशल्या स्त्री० અગ્નિશિખા વૃક્ષ, નેપાળાનું ઝાડ, ગળો, અજમોદ.

विशसन न० મારવું, મારી નાખવું, કાપવું, કાપી નાખવું.

विशसन पु० તરવાર.

विशसित त्रि० મારી નાખેલ, કાપી નાખેલ.

विशसितृ त्रि० મારી નાખનાર, કાપી નાખનાર.

विशस्त त्रि० त्रिशसित જુઓ, ઉદ્ધત, નિર્લજ્જ, પ્રસિદ્ધ, વખાણેલ.

विशस्तृ पु० ચંડાળ.

विशस्त्र त्रि० શસ્ત્રરહિત.

विशाख पु० કાર્તિક સ્વામી, ધનુર્ધારીની નીશાન તાકતી વેળા ઉભા રહેવાની એક રીત, સાટોડી, શિવ, કાર્તિક સ્વામીના અંશથી ઉત્પન્ન થયેલ એક દેવ.

विशाख त्रि० યાચક, માગણ, અરજદાર.

विशाख त्रि० શાખા વગરનું.

विशाखज त्रि० નારંગીનું ઝાડ.

विशाखल न० ધનુર્ધારીઓની ઉભા રહેવાની એક રીત.

विशाखा स्त्री० સોળમું નક્ષત્ર, कठिल्लक જુઓ.

विशाय पु० પહેરગીરોનું વારાફરતી સૂવું.

विशारण न० મારી નાખવું, ઠાર કરવું.

विशारद पु० બોલસરીનું ઝાડ, પંડિત.

विशारद त्रि० પ્રગલ્ભ, શ્રેષ્ઠ, બાહોશ, હોંશીઆર, કુશળ, વિદ્વાન, પ્રસિદ્ધ.

विशारदा स्त्री० ધમાસો વનસ્પતિ.

विशाल त्रि० વિસ્તીર્ણ, મોટું.

विशाल पु० એક જાતનો મૃગ, એક જાતનું પક્ષી, તે નામે એક રાજા, એક જાતનું ઝાડ.

विशालकुल न० મોટું કુળ.

विशालकुलज त्रि० મોટા કુળમાં ઉત્પન્ન થયેલ.

विशालकुलसंभव त्रि० ઉપરનો અર્થ.

विशालता स्त्री० વિસ્તાર, મોટાઈ.

विशालतैलगर्भ पु० અંકોટક વૃક્ષ.

विशालत्व न० ઉપરના અર્થ.

विशालत्वच् पु० સાતપુડાનું ઝાડ.

विशालपत्र पु० कासालु વૃક્ષ, શ્રીતાલ વૃક્ષ.

विशाला स्त्री० ઇન્દરવરણી, મહેન્દ્રવારૂણીનો વેલો, उपोदकी જુઓ, ઉજ્જયિની નગરી, તે નામે એક નદી.

विशालाक्ष पु० ગરૂડ, મહાદેવ, વિષ્ણુ.

विशालाक्ष त्रि० વિશાળ નેત્રવાળું, મોટી આંખોવાળું.

विशालाक्षी स्त्री० પાર્વતી, મોટી આંખોવાળી સ્ત્રી, નાગદંતી વૃક્ષ, શ્રેષ્ઠ સ્ત્રી, એક યોગિની.

विशाली स्त्री० અજમોદ, એક જાતની મૃગલી, એક જાતની પક્ષિણી.

विशिख पु० બાણ, કાસડાનું ઝાડ, તોમર શસ્ત્ર.

विशिख त्रि० શિખા વગરનું.

विशिखा स्त्री० કોદાળી, પાવડો, બંદુક, પોળ, માંદાને સુવાનું ઘર.

विशिञ्जान त्रि० શબ્દ કરતું, અવાજ કરતું.

विशिप न० મંદિર.

विशिष्ट त्रि० યુક્ત, વિલક્ષણ, વિશેષથી યુક્ત, ઉત્તમ.

विशिष्टबुद्धि स्त्री० વિશેષણવાળા વિશેષ્યનું જ્ઞાન.

विशिष्टवैशिष्ट्यज्ञान न० વિશેષણયુક્ત સંસર્ગનું જ્ઞાન.

विशिष्टाद्वैत न० રામાનુજ વગેરેએ કહેલ પ્રકૃતિયુકત બ્રહ્મની એકતા.

विशिष्टाभाव पु० વિશેષણવિશિષ્ટનો અભાવ.

विशीर्ण त्रि० સુકાઇ ગયેલ, વૃદ્ધાવસ્થાને પામેલ, વીખાઈ ગયેલ.

विशीर्णपर्ण पु० લીંબડાનું ઝાડ.

विशील त्रि० શીલવિનાનું, ચારિત્ર્યહીન.

विशुद्ध त्रि० દોષરહિત, સ્વચ્છ, નિર્મળ, પવિત્ર.

विशुद्ध न० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ કંઠમાં આવેલું એક ચક્ર.

विशुद्धता स्त्री० શુદ્ધિ, પવિત્રતા, સ્વચ્છતા, નિર્મળતા, દોષરહિતપણું.

विशुद्धत्व न० ઉપરના અર્થ.

विशुद्धाद्वैत न० વલ્લભાચાર્યના મતે દોષ રહિત બ્રહ્મનું અદ્વૈતપણું–એકતા.

विशुद्धि स्त्री० દોષરહિતપણું, શોધવું, પવિત્ર કરવું, નિર્દોષપણું, નિર્મળપણું, શુદ્ધિ.

विशृङ्खल त्रि० પરિપાટી વગરનું, સાંકળ વિનાનું, કેદમાંથી છૂટેલું, સ્વતંત્ર, ઉચ્છૃંખલ.

विशेष पु० વધારે, ભેદ, પ્રકાર, વ્યક્તિ, સ્પષ્ટીકરણ, તફાવત, ખાસ, તિલક, ન્યાયપ્રસિદ્ધ એક પદાર્થ, વ્યાપ્ય ધર્મ, તે નામે એક અર્થાલંકાર.

विशेषक पु० न० લલાટમાં કરેલ તિલક, ચાંદલો.

विशेषक न० એક વાક્યતાને પામેલ ત્રણ શ્લોક.

विशेषक त्रि० વિશેષ કરનાર.

विशेषक पु० તિલનું ઝાડ

विशेषगुण पु० ન્યાયપ્રસિદ્ધ વિશેષ પદાર્થના ગુણ.

विशेषज्ञ त्रि० વિશેષ જાણનાર, વિદ્વાન.

विशेषण न० ગુણ–ક્રિયા વગેરે ભેદક ધર્મ.

विशेषणासिद्ध पु० તે નામે એક હેત્વાભાસ.

विशेषतस् अव्य० વિશેષથી, વિશેષે કરીને, ઘણું કરીને, ખાસ કરીને.

विशेषता स्त्री० વિશેષપણું.

विशेषत्व न० વિશેષપણું.

विशेषधर्म पु० વિશેષ ધર્મ–ખાસ ધર્મ.

विशेषलक्षण न० વિશેષ લક્ષણ–ખાસ લક્ષણ.

विशेषविधि पु० વિશેષ વિધાન–ખાસ વિધિ.

विशेषित त्रि० વિશેષ કરેલ, ભેદ પાડેલ, વિશેષણયુક્ત કરેલ.

विशेषोक्ति स्त्री० તે નામે એક અર્થાલંકાર.

विशेष्य त्रि० ગુણ વગેરેથી ભેદ્ય પદાર્થ, ધર્મી, જેને વિશેષણ લાગ્યું હોય તે.

विशेष्यासिद्ध पु० સ્વરૂપાસિદ્ધ એક હેત્વાભાસ.

विशोक पु० આસોપાલવનું ઝાડ.

विशोक त्रि० શોકરહિત.

विशोका स्त्री० યોગશાસ્ત્રોક્ત એક ચિત્તવૃત્તિ.

विशोधन न० શુદ્ધ કરવું, પવિત્ર કરવું, સ્વચ્છ કરવું, શોધવું.

विशोधन त्रि० શુદ્ધ કરનાર, પવિત્ર કરનાર, સ્વચ્છ કરનાર, શોધનાર.

विशोधनी स्त्री० નેપાળો.

विशोधित त्रि० શુદ્ધ કરેલ, શોધેલ, પવિત્ર કરેલ, સ્વચ્છ કરેલ.

विशोधिन् त्रि० विशोधन त्रि० જુઓ.

विशोधिनी स्त्री० नागदन्ती જુઓ.

विश्न पु० દીપ્તિ, કાંતિ, પ્રકાશ, શોભા.

विश्रणन न० દાન, દેવું, આપવું.

विश्रब्ध त्रि० વિશ્વાસ, વિશ્વાસ પામેલ, શાંત, ઉદ્ધત નહિ તે, ગાઢ.

विश्रम पु० વિરામ, વીસામો લેવો, આરામ.

विश्रमित त्रि० અત્યંત થાકેલ, વીસામો લીધેલ.

विश्रम्भ पु० વિશ્વાસ, પ્રેમ, સ્નેહ, ક્રીડા-કલહ, વધ, મારી નાખવું.

विश्रय पु० આશ્રય.

विश्राणन न० विश्रणन જુઓ.

विश्राणित त्रि० દીધેલ, આપેલ.

विश्रान्त त्रि० વીસામો લીધેલ, શાંત.

विश्रान्ति स्त्री० વીસામો લેવો, આરામ.

विश्राम पु० विश्रम જુઓ.

विश्राव पु० પ્રસિદ્ધિ, ખ્યાતિ.

विश्रुत त्रि० વિખ્યાત, પ્રસિદ્ધ, વિશેષ સાંભળેલ.

विश्रुति स्त्री० વિશેષ સાંભળવું, પ્રખ્યાતિ, પ્રસિદ્ધિ.

विश्लथ त्रि० શિથિલ, ઢીલું, નિર્બળ.

विश्लथाङ्ग त्रि० ઢીલા અંગવાળું, શિથિલ અંગવાળું.

विश्लिष्ट त्रि० જૂદું પડેલ, શિથિલ, ઢીલું.

विश्लेष न० વિયોગ, શિથિલપણું.

विश्व पु० જગત, સંસાર, વિષ્ણુ, દેહ, શરીર, સુંઠ.

विश्व पु० સંસારાભિમાની જીવ.

विश्व त्रि० બધું, સઘળું, નાગરિક.

विश्व पु० ब० તે નામે શ્રાદ્ધ દેવો.

विश्वकद्रु पु० શિકાર કરવામાં હોંશીઆર કુતરો, શબ્દ, અવાજ.

विश्वकद्रु त्रि० ખળ, નીચ, લુચ્ચું.

विश्वकर्मन् पु० સૂર્ય, આકડાનું ઝાડ, દેવોનો કારીગર-સુથાર, તે નામે એક મુનિ, પરમેશ્વર.

विश्वकर्मजा स्त्री० સૂર્યની એક પત્ની.

विश्वकर्मसुता स्त्री० ઉપરનો અર્થ.

विश्वकृत् पु० વિશ્વકર્મા, પરમેશ્વર, બ્રહ્મા, બધું કરનાર.

विश्वकेतु पु० અનિરૂદ્ધ.

विश्वक्सेन पु० વિષ્ણુ, વિષ્ણુના નિર્માલ્યને ધારણ કરનાર તેનો એક ગણ.

विश्वक्सेना स्त्री० પ્રિયંગુ વૃક્ષ-કાંગ.

विश्वगन्ध न० બોલ-ગંધરસ, ડુંગળી.

विश्वगन्धा स्त्री० પૃથ્વી.

विश्वगोप्तृ त्रि० જગતનું રક્ષણ કરનાર.

विश्वगोप्तृ पु० ઇન્દ્ર, વિષ્ણુ, શિવ, પરમેશ્વર.

विश्वग्रन्थि स्त्री० हंसपदी લતા.

विश्वङ्कर त्रि० સઘળું કરનાર.

विश्वच् अव्य० ચોતરફ, બધેય, ચારે બાજુ, સર્વ તરફ,

विश्वच् त्रि० સર્વ તરફ જનાર, ચોતરફ જનાર.

विश्वच न० બારમું એક મહાદાન.

विश्वजन न० બધાં માણસો.

विश्वजन पु० યક્ષ.

विश्वजनीन त्रि० બધા માણસના હિતનું, જગતના હિતનું.

विश्वजनीय त्रि० ઉપરના અર્થ.

विश्वजन्य त्रि० ઉપર પ્રમાણે.

विश्वजित् पु० વિષ્ણુ, સર્વસ્વ દક્ષિણાવાળો યજ્ઞ.

विश्वजित् त्रि० જગતને જીતનાર, બધું જિતનાર.

विश्वञ्च् त्रि० ચોતરફ જનાર, ચોતરફનું.

विश्वञ्च् अव्य० ચોતરફ.

विश्वतस् अव्य० ચારે તરફથી, સઘળેથી, સઘળે.

विश्वतोमुख त्रि० ચોતરફ મુખવાળું.

विश्वदेव पु० व० એક શ્રાદ્ધ દેવગણ.

विश्वदेवा स्त्री० એક વનસ્પતિ, નાગબલા, લાલ કમળ.

विश्वधारिणी स्त्री० પૃથ્વી.

विश्वधारिन् त्रि० જગત ધારણ કરનાર, સમગ્ર ધારણ કરનાર.

विश्वधारिन् पु० પરમેશ્વર.

विश्वनाथ पु० પરમેશ્વર, શિવ.

विश्वपर्णी स्त्री० ભોંય આંબળી.

विश्वपा पु० સૂર્ય, ચંદ્ર, અગ્નિ, આકડાનું ઝાડ, ચંદ્ર, કપૂર, ચિત્રાનું ઝાડ, પરમેશ્વર.

विश्वपा त्रि० જગતનું રક્ષણ કરનાર.

विश्वप्सन् पु० સર્વભક્ષક અગ્નિ, ચંદ્ર, દેવ, વિશ્વકર્મા, પૃથ્વી, સૂર્ય, ચિત્રાનું ઝાડ, કપૂર, આકડાનું ઝાડ.

विश्वभुज् त्रि० જગત્‌ભક્ષક, સમગ્ર ખાઇ જનાર.

विश्वभू पु० તે નામે એક બુદ્ધ.

विश्वभेषज न० સુંઠ.

विश्वमदा स्त्री० અગ્નિની એક જીભ.

विश्वम्भर पु० ઇન્દ્ર, વિષ્ણુ, શિવ, બ્રહ્મા.

विश्वम्भरा स्त्री० પૃથ્વી.

विश्वयु पु० પવન.

विश्वराज् पु० જગતનો રાજા, પરમેશ્વર.

विश्वरूप पु० વિષ્ણુ, પરમેશ્વર.

विश्वरूपक न० કાળું અગર.

विश्वरेतस् पु० બ્રહ્મા.

विश्वरोचन पु० એક જાતનું શાક.

विश्वविधायिन् पु० જગતનો કર્તા.

विश्ववेदस् पु० ઇન્દ્રાદિ દેવ.

विश्ववेदस् त्रि० સમગ્ર જાણનાર.

विश्वव्यापक त्रि० જગતમાં વ્યાપનાર, સર્વવ્યાપક.

विश्वव्यापिन् त्रि० ઉપરના અર્થ.

विश्वव्याप्ति स्त्री० જગતમાં વ્યાપવું, સમગ્ર સ્થળે વ્યાપવું.

विश्वसन न० વિશ્વાસ.

विश्वसह त्रि० સમગ્ર સહન કરનાર.

विश्वसहा स्त्री० પૃથ્વી.

विश्वसार न० તે નામે એક તંત્ર.

विश्वसारक पु० તે નામે એક વૃક્ષ.

विश्वसित त्रि० વિશ્વાસ પામેલ.

विश्वसृज् पु० બ્રહ્મા, જગતનો કર્તા.

विश्वसेनराज् पु० સોળમા જૈન તીર્થંકર શાંતિનાથના પિતા.

विश्वस्त त्रि० વિશ્વાસ પામેલ.

विश्वस्ता स्त्री० વિધવા સ્ત્રી.

विश्वस्था स्त्री० શતાવરી વનસ્પતિ.

विश्वस्रष्टृ पु० જગત કર્તા, બ્રહ્મા.

विश्वा स्त्री० સુંઠ, શતાવરી, દક્ષની એક કન્યા, અતિવિખની કળી, વીસ પળ બરોબર વજન.

विश्वाची स्त्री० તે નામે એક અપ્સરા, બાહુનો રોગ.

विश्वात्मन् पु० પરમેશ્વર, વિષ્ણુ.

विश्वाधायस् पु० દેવ.

विश्वानर पु० અગ્નિજનક એક વિપ્ર.

विश्वामित्र पु० ગાધિપુત્ર બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર.

विश्वामित्रप्रिय पु० નાળીએર, શ્રીરામચંદ્ર.

विश्वाराज् पु० સમગ્રનો રાજા, પરમેશ્વર.

विश्वावसु स्त्री० તે નામે એક ગંધર્વ.

विश्वास पु० વિશ્વાસ, શ્રદ્ધા.

विश्वासकारण न० વિશ્વાસનું કારણ.

विश्वासकृत् त्रि० વિશ્વાસ કરનાર.

विश्वासघात पु० વિશ્વાસનો ઘાત.

विश्वासघातक त्रि० વિશ્વાસ ઘાત કરનાર, કપટી.

विश्वासघातिन् त्रि० ઉપરના અર્થ.

विश्वासभङ्ग पु० વિશ્વાસનો નાશ.

विश्वासस्थान न० વિશ્વાસનું સ્થાન.

विश्वेदेव पु० ब० એક શ્રાદ્ધ દેવગણ.

विश्वेदेव पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

विश्वेश पु० શિવ, પરમેશ્વર.

विश्वेश्वर पु० ઉપરના અર્થ.

विश्वौषध न० સુંઠ.

विष् जुहो० उभ०सक० अनिट् વ્યાપવું.

विष् क्र्या० प० अ० अनिट् વિયોગી થવું, જૂદા પડવું, છૂટા થવું.

विष् भ्वा० प० स० अनिट् સીંચવું, છાંટવું.

विष् स्त्री० વિષ્ટા, કન્યા.

विष न० પાણી, પદ્મકેસર, ગંધરસ–બોલ, વછનાગ, ઝેર.

विष पु० न० હરકોઈ ઝેર.

विष पु० કમળનો દાંડલો.

विषकण्टकिनो स्त्री० એક જાતનો વેલો.

विषकण्ठ पु० શિવ.

विषघा स्त्री० ગળો.

विषघातिन् पु० શિરીષ વૃક્ષ.

विषघातिन् त्रि० ઝેરનો નાશ કરનાર.

विषघ्न पु० શિરીષ વૃક્ષ, જવાસો, બહેડાનું ઝાડ, ચંપાનું ઝાડ.

विषघ्न त्रि० ઝેરનો નાશ કરનાર.

विषघ्नो स्त्री० હિલમોચિકા, ઈંદરવરણી, ભોંય આંબળી, હળદર, લાલ સાટોડી, મહાકરંજ વૃક્ષ.

विषजिह्व पु० દેવતાડ વૃક્ષ.

विषजुष्ट त्रि० ઝેર ખાધેલું, ઝેર સેવેલ.

विषज्वर पु० પાડો.

विषज्वरी स्त्री० ભેંસ.

विषण्ड न० કમળનો દાંડલો.

विषण्ण त्रि० ખેદ પામેલ, કંટાળેલ.

विषण्णमुख त्रि० ખેદ પામેલા મુખવાળું.

विषण्णवदन त्रि० ઉપરનો અર્થ.

विषण्णता स्त्री० ખેદ, કંટાળો.

विषण्णत्व न० ખેદ, કંટાળો.

विषण्णास्य त्रि० ખેદ પામેલા મુખવાળું.

विषतिन्दु पु० કારસ્કર વૃક્ષ, કિંપાક વૃક્ષ, ખરાબ પીલુનું ઝાડ.

विषद् पु० મેઘ, મોથ, ધોળો રંગ.

विषद त्रि० ઝેર આપનાર, ધોળા રંગવાળું.

विषद न० મોરથુથુ.

विषदंष्ट्रा स्त्री० સર્પની દાઢ, ઝેરી દાઢ, એક જાતનો વેલો.

विषदन्तक पु० સર્પ.

विषदन्तकी स्त्री० સાપેણ.

विषदर्शनमृत्युक पु० ચકોર પક્ષી.

विषदर्शनमृत्युकी स्त्री० ચકોર પક્ષિણી.

विषद्रुम पु० કારસ્કર–કિંપાક વૃક્ષ.

विषधर पु० સર્પ.

विषधर त्रि० ઝેર ધારણ કરનાર.

विषधरी स्त्री० સાપેણ.

विषधर्मन् पु० એક જાતનો વેલો.

विषधात्री स्त्री० જરત્કારૂની સ્ત્રી.

विषनाशन पु० શિરીષ વૃક્ષ.

विषनाशन त्रि० ઝેરનો નાશ કરનાર.

विषनाशिन् त्रि० ઉપરનો અર્થ.

विषनाशिन् पु० શિરીષ વૃક્ષ.

विषनाशिनी स्त्री० એક જાતનો વેલો.

विषनुद् पु० શ્યોનાક વૃક્ષ.

विषपुष्प न० કાળું કમળ.

विषपुष्पक न० છર્દન વૃક્ષ, મીંઢળનું ઝાડ.

विषप्रयोग पु० ઝેરનો ઉપયોગ કરવો.

विषभक्षण न० ઝેર ખાવું.

विषभुजङ्ग पु० ઝેરી સર્પ.

विषभृत् त्रि० ઝેર ધારણ કરનાર.

विषभृत् पु० ઝેરી સર્પ.

विषम त्रि० અસમ, અયુગ્મ-એકીનું, ઉંચા નીચું, એક સરખું નહિ તે, કજોડ, અવળું, દારૂણ, ક્રૂર.

विषम न० જેનાં ચારે ચરણ ભિન્ન હોય તેવું એક પદ્ય, સંકટ, દુઃખ, ઉપદ્રવ.

विषम पु० મેષ-મિથુન-વગેરે એકીની રાશિ, એક જાતનો તાલ.

विषमच्छद पु० સાતપુડાનું ઝાડ.

विषमज्वर पु० ચડ-ઉતર તાવ-એકાંતરીયો તાવ, આંતરે આવતો તાવ.

विषमनयन पु० શિવ.

विषमनेत्र पु० શિવ.

विषमन्त्र पु० સર્પ પકડનાર-ગારૂડી.

विषममय त्रि० વિષમથી પ્રાપ્ત થયેલ.

विषमरूप्य त्रि० ઉપરનો અર્થ.

विषमर्दनिका स्त्री० રાસ્ના વનસ્પતિ.

विषमर्दनी स्त्री० ઉપરનો અર્થ.

विषमस्थ त्रि० ઉંચા નીચામાં રહેલ, ઉપદ્રવને પામેલ, સંકટમાં રહેલ.

विषमस्थित त्रि० ઉપરના અર્થ.

विषमशर पु० કામદેવ.

विषमशिष्ट न० અયોગ્ય શાસન.

विषमायुध पु० કામદેવ.

विषमास्त्र पु० કામદેવ.

विषमीय त्रि० વિષમથી પ્રાપ્ત.

विषमुष्टि पु० એક જાતનો છોડ.

विषमृत्यु पु० ચકોર પક્ષી.

विषमेक्षण पु० શિવ.

विषमेषु पु० કામદેવ.

विषमोन्नत न० ઉંચાનીચું.

विषय पु० શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ગંધ-એ ઇન્દ્રિયોના વિષય, દેશ, ભોગસાધન, વીર્ય, પારો, પતિ, નિત્યસેવિત, અવ્યક્ત, ઉપભોગ કરવા યોગ્ય કોઇ વસ્તુ, નિયામક, આરોપાશ્રય.

विषयकर्मन् न० વિષયનું કામ.

विषयकाम पु० વિષયની ઇચ્છા.

विषयकाम त्रि० વિષયની ઇચ્છાવાળું.

विषयग्राम पु० વિષયોનો સમૂહ, દેશોનો સમૂહ.

विषयज्ञान न० વિષયોનું જ્ઞાન.

विषयाज्ञान न० તંદ્રા.

विषयात्मक त्रि० વિષયરૂપ આત્માવાળું, વિષયી.

विषयायिन् पु० રાજા, કામદેવ, વિષયી પુરૂષ.

विषयायिन् न० જ્ઞાન, ઇન્દ્રિય.

विषयासक्त त्रि० વિષયમાં આસક્ત, કામી, વિષયી.

विषयिता स्त्री० વિષયીપણું, જ્ઞાનનિષ્ઠ વિષયનિરૂપિત એક પદાર્થ, સ્વરૂપ સંબંધ.

विषयित्व न० વિષયીપણું.

विषयिन् न० જ્ઞાન, ઇન્દ્રિય.

विषयिन् पु० રાજા, કામદેવ.

विषयिन् त्रि० વિષયમાં આસક્ત.

विषयोपसेवन न० વિષયોનું સેવન.

विषयोपसेवा स्त्री० ઉપરનો અર્થ.

विषरूप त्रि० ઝેરરૂપ, ઝેર જેવું.

विषरूपा स्त्री० અતિવિખની કળી.

विषल न० ઝેર.

विषलता स्त्री० ઈંદરવરણી, ઝેરપણું.

विषलत्व न० ઝેરપણું.

विषविद्या स्त्री० વિષનો નાશ કરનાર મંત્રાદિનું જ્ઞાન.

विषविधि पु० એક જાતનું દિવ્ય-પણ-સોગંદ.

विषवेग पु० ઝેરનો વેગ.

विषवैद्य पु० ઝેરનો વૈદ્ય, મંત્રાદિથી ઝેર

ઉતારનાર, ગારૂડી, ઝેર ઉતારવાની વિદ્યા જાણનાર.

विषशालूक पु० પદ્મકંદ.

विषशूक पु० ભમરો.

विषशृङ्गिन् पु० ભમરો.

विषसूचक पु० ચકોર રક્ષી.

विषसूचकी स्त्री० ચકોર પક્ષિણી.

विषसृक्कन् पु० ભમરો.

विषह त्रि० ઝેરનો નાશ કરનાર.

विषहन्तृ त्रि० ઝેરનો નાશ કરનાર.

विषहन्त्री स्त्री० અપરાજિતા વનસ્પતિ.

विषहर त्रि० ઝેર દૂર કરનાર.

विषहरी स्त्री० મનસા દેવી, ઝેર ઉતારનારી એક વિદ્યા.

विषहा स्त्री० દેવદાલીનો વેલો.

विषहृदय त्रि० ઝેરી હૃદયવાળું.

विषा स्त्री० અતિવિખની કળી, બુદ્ધિ.

विषाङ्कुर पु० ભાલો.

विषाण न० પશુનું શીંગડુ, હાથીનો દાંત, કુષ્ઠ ઔષધ. વરાહનો દાંત, ડુક્કરનું દાતરડું.

विषाणिका स्त्री० મેંઢાશીંગ, કાકડાશીંગ, આવર્તકી, સાતલા.

विषाणिन् पु० બળદ, હાથી, ડુક્કર, પશુ, શીંગોડું, ઋષભ ઔષધિ.

विषाणिन् त्रि० શીંગડાવાળું.

विषाणी स्त्री० આંબલી, વૃશ્ચિકાલુ, विषाणिका જુઓ.

विषाद पु० ખેદ, શોક, જડતા.

विषाद त्रि० ઝેર ખાનાર.

विषादनी स्त्री० એક જાતનો વેલો.

त्रिषादिन् त्रि० ખેદવાળું, શોકવાળું, જડ.

विषानन पु० સર્પ.

विषाननी स्त्री० સાપેણ.

विषान्तक पु० શિવ.

विषान्तक त्रि० ઝેરનો નાશ કરનાર.

विषापह त्रि० ઝેર દૂર કરનાર, ઝેર હરનાર.

विषापहा स्त्री० મુષ્કક વૃક્ષ, ઈંદ્રવરણી, નિર્વિષા, નાગદમની, અર્કમૂલા તથા સર્પકંકાલિકા–વનસ્પતિ.

विषायुध पु० સર્પ.

विषायुधी स्त्री० સાપેણ.

विषार पु० સર્પ.

विषाराति पु० કાળો ધંતુરો.

विषाराति त्रि० ઝેરનું શત્રુ.

विषारि त्रि० ઝેરનું શત્રુ.

विषारि पु० ઘૃતકરંજવૃક્ષ.

विषारि स्त्री० સાપેણ.

विषालु त्रि० ઝેરી, ઝેરવાળું.

विषास्य पु० સર્પ.

विषास्या स्त्री० સાપેણ, ભીલામું.

विषु अव्य० અનેક પ્રકારનું, સમાનતા.

विषुव न० સમાન દિવસ અને રાત્રિવાળો કાળ, અયનાંશક્રમણ.

विषुवत् न० ઉપરના અર્થ.

विषौषधी स्त्री० નાગદંતી વનસ્પતિ.

विष्क् चु० आ० स० सेट् હિંસા કરવી.

विष्कम्भ पु० સૂર્ય તથા ચંદ્રના યોગથી ઉત્પન્ન થયેલા યોગ પૈકી પહેલો યોગ, વિસ્તાર, પ્રતિબિંબ, રૂપક નાટકનું એક અંગ, યોગીનો એક બંધ, વૃક્ષ, રોકનાર, અટકાવનાર, ખીલો વગેરે, એક પર્વત.

विष्कम्भक पु० ઉપરના અર્થ.

विष्कल पु० ગામમાં રહેતું ભુંડ.

विष्कली स्त्री० ગામમાં રહેતી ભુંડણી.

विष्किर पु० પક્ષી, એક જાતનું પક્ષી.

विष्किरी स्त्री० પક્ષિણી.

विष्ट त्रि० પ્રવેશ કરેલ, પેસેલ.

विष्टप न० જગત, ભુવન.

विष्टब्ध त्रि० રોકાયેલ, અટકાયેલ.

विष्टम्भ पु० રોકાણુ, અટકાવ, પ્રતિબંધ, આફરાનો રોગ, મૂકવું.

विष्टम्भिन् त्रि० રોકાણુવાળું, અટકાયતવાળું, આફરાના રોગવાળું, મૂકનાર.

विष्टर पु० દર્ભનું એક આસન, વૃક્ષ, દર્ભની મુઠી, હરકોઇ આસન.

विष्टरश्रवस् पु० વિષ્ણુ.

विष्टरस्थ त्रि० આસન ઉપર રહેનાર, આસને બેઠેલ.

विष्टरुहा स्त्री० એક જાતનો કેવડો.

विष्टार पु० પંક્તિ છંદનો ભેદ એક છંદ.

विष्टि स्त्री० વેઠ. પૈસા વિનાની મજુરી, પગાર, કામ, વરસતું, જ્યોતિષપ્રસિદ્ધ વિષ્ટિ, મોકલવું, ફેંકવું.

विष्टि पु० સેવક, ચાકર.

विष्टि त्रि० કામ કરનાર, વેઠીયો, પૈસા વિનાનો મજૂર.

विष्ठल न० દૂરનું સ્થળ.

विष्ठा स्त्री० પેટ, મળ, ગુ, નરક.

विष्णु पु० વિષ્ણુ, પરમેશ્વર, અગ્નિ, વસુદેવ, ધર્મશાસ્ત્રકાર, એક મુનિ, શ્રવણ નક્ષત્ર, ચિત્રક વનસ્પતિ.

विष्णु त्रि० વ્યાપક.

विष्णुकन्द पु० એક જાતનું મૂળીયું.

विष्णुक्रान्ता स्त्री० અપરાજિતા વનસ્પતિ.

विष्णुगुप्त पु० ચાણક્ય, એક જાતનું કંદ.

विष्णुगुप्त त्रि० વિષ્ણુએ રક્ષણ કરેલ.

विष्णुगृह न० તામ્રલિપ્તિ શહેર.

विष्णुतैल न० એક જાતનું ઔષધરૂપ તેલ.

विष्णुदैवत त्रि० વિષ્ણુ જેનો દેવ છે તેવું દ્રવ્ય વગેરે.

विष्णुदैवत न० શ્રવણ નક્ષત્ર.

विष्णुदैवत्य न० ઉપરનો અર્થ.

विष्णुदैवत्य त्रि० विष्णुदैवत त्रि० જુઓ.

विष्णुद्विष् पु० અસુર, જૈનમતે પ્રતિવાસુદેવ.

विष्णुधर्म पु० વિષ્ણુની ઉપાસનાયોગ્ય ધર્મ, વિષ્ણુધર્મપ્રતિપાદક ગ્રંથ.

विष्णुधर्मोत्तर न० એક સંહિતા.

विष्णुपद न० આકાશ, ક્ષીરસમુદ્ર, કમળ, વિષ્ણુનો ખગ-પગલું, વિષ્ણુરૂપ સ્થાન.

विष्णुपदी स्त्री० ગંગા નદી.

विष्णुपुराण न० વ્યાસે રચેલ એક મહાપુરાણ.

विष्णुप्रिय त्रि० વિષ્ણુને પ્રિય.

विष्णुप्रिया स्त्री० લક્ષ્મી, તુલસી.

विष्णुमाया स्त्री० પરમેશ્વરની માયા, દુર્ગા દેવી.

विष्णुयशस् पु० કલ્કિનો પિતા.

विष्णुरथ पु० ગરૂડ પક્ષી, વિષ્ણુનો રથ.

विष्णुरात पु० પરીક્ષિત રાજા.

विष्णुवल्लभ त्रि० વિષ્ણુને પ્રિય.

विष्णुवल्लभा स्त्री० લક્ષ્મી, તુલસી, અગ્નિશિખા વૃક્ષ.

विष्णुवाहन पु० ગરૂડ પક્ષી.

विष्णुवाहन न० વિષ્ણુનું વાહન.

विष्णुवाह्य पु० ગરૂડ પક્ષી.

विष्फार पु० ધનુષ્યનો ટંકાર.

विष्य त्रि० ઝેર વડે મારી નાખવા યોગ્ય.

विष्व त्रि० નુકશાન કરનાર, નુકશાની, અડચણ કરનાર.

विष्वक् अव्य० ચોતરફ, સર્વત્ર.

विष्वक्सेन पु० વિષ્ણુ.

विष्वक्सेनप्रिय त्रि० વિષ્ણુને પ્રિય.

विष्वक्सेनप्रिया स्त्री० લક્ષ્મી, તુલસી, વારાહીકંદ.

विष्वक्सेना स्त्री० પ્રિયંગુ લતા.

विष्वच् त्रि० ચોતરફ જનાર, સર્વવ્યાપી.

विष्वणन न० ખાવું, ભોજન કરવું.

विष्वद्र्यच् त्रि० સર્વ તરફ જનાર, સર્વવ્યાપક.

विष्वाण पु० ભોજન, ખોરાક.

विसंयुक्त त्रि० છૂટું, જોડાયલુ નહિ.

विसंयोग पु० વિયોગ, જોડાવું નહિ તે.

विसंवाद पु० વિરૂદ્ધ, ઠગવું, ગમતું નહિ તે, પ્રતિકૂલપણું, ખોટું કહી છેતરવું, વિરોધ.

विस् दिवा० प० स० सेट् છોડવું, તજવું.

विस न० મૃણાલ–કમળની દાંડલી.

विसकण्ठिका स्त्री० બગલી.

विसकुसुम न० કમળ.

विसङ्कट पु० સિંહ, ઇંગોરીયાંનું ઝાડ.

विसङ्कटी स्त्री० સિંહણ.

विसज न० કમળ.

विसनाभि स्त्री० કમળનો સમૂહ, કમળનો વેલો.

विसपुष्प न० કમળ.

विसप्रसून न० કમળ.

विसर पु० સમૂહ, વિસ્તાર.

विसर्ग पु० દાન, ત્યાગ, મળત્યાગ, વિસર્ગ અક્ષર, મોક્ષ, પ્રલય, વિશેષ સૃષ્ટિ, સૂર્યનું એક અયન.

विसर्जन न० છોડવું, તજવું, વિદાય કરવું, પ્રેરણા કરવી, દાન, ત્યાગ.

विसर्जनीय पु० વિસર્ગ અક્ષર.

विसर्जनीय त्रि० ત્યાગ કરવા યોગ્ય, દેવા યોગ્ય.

विसर्जित त्रि० તજેલ, છોડેલ, દીધેલ.

विसर्प पु० એક જાતનો રોગ, ફેલાવું, ફેલાવ.

विसर्पघ्न न० મધપુડાનું મીણ.

विसर्पण न० ફેલાવું, પસરવું, ખસવું.

विसर्पिन् त्रि० ફેલાનાર, ધીમેથી ખસનાર.

विसल न० પલ્લવ–કુંપળ.

विसार पु० માછલું.

विसार न० ઇમારતી લાકડું.

विसारिणी स्त्री० માછલી, માષપર્ણી વનસ્પતિ.

विसारिन् पु० માછલું.

विसारिन् त्रि० ફેલાનાર, પસરનાર.

विसारी स्त्री० માછલી.

विसिनी स्त्री० કમળનો સમૂહ, કમળનો વેલો, કમળની દાંડલી.

विसूचिका स्त्री० અજીર્ણનો એક રોગ-કોલેરા.

विसूरण न० શોક, દુઃખ.

विसूरणा स्त्री० ઉપરના અર્થ.

विसूरित न० શોક, પશ્ચાત્તાપ.

विसूरिता स्त्री० એક જાતનો તાવ.

विसृजत् त्रि० છોડતું, તજતું, દેતું, આપતું.

विसृज्य अव्य० છોડીને, તજીને, દઇને, આપીને.

विसृत त्रि० વિસ્તીર્ણ, ફેલાયેલ.

विसृत न० ફેલાવો, પ્રસાર.

विसृति स्त्री० ઉપરના અર્થ.

विसृत्वर त्रि० ફેલાતું, પ્રરસતું.

विसृमर त्रि० ઉપરના અર્થ

विसृष्ट त्रि० છોડેલ, તજેલ, ફેંકેલ, આપેલ.

विसृष्टि स्त्री०. ત્યાગ, દાન.

विस्कन्तृ त्रि० જનાર.

विस्त पु० न० સોનાનું એક કર્ષ, એંસી રતિભાર વજન.

विस्तर पु० શબ્દોનો સમૂહ, વિસ્તાર, પ્રણય, સમૂહ, બાજઠ, પાટલો.

विस्तरतस् अव्य० વિસ્તારથી.

विस्तरशस् अव्य० વિસ્તારથી.

विस्तार पु० શાખા, ડાળું, વિશાળતા, ફેલાવ, ગુચ્છો, સમાસના વાક્યની અંદર રહેલ પદસમૂહ.

विस्तीर्ण त्रि० વિશાળ, વિસ્તારવાળું, મોટું, પહોળું.

विस्तीर्णता स्त्री० વિશાળતા, વિસ્તાર, ફેલાવ, મોટાઇ, પહોળાઇ.

विस्तीर्णत्व न० ઉપરના અર્થ.

विस्तीर्णपर्ण न० એક જાતનો કંદ.

विस्तृत त्रि० વિસ્તારવાળું, વિશાળ, પહોળું.

विस्तृति स्त्री० विस्तीर्णता જુઓ.

विस्पष्ट त्रि० સ્પષ્ટ, પ્રકટ, ખુલ્લું.

विस्फार पु० ધનુષનો ટંકાર.

विस्फुलिङ्ग पु० તણખો, અગ્નિનો કણ, એક જાતનું ઝેર.

विस्फूर्जथु पु० મેઘનો ગડગડાટ, કડાકો.

विस्फोट पु० ફોલ્લો, વિસ્ફોટક રોગ.

विस्फोटक पु० ઉપરના અર્થ.

विस्मय पु० આશ્ચર્ય, અદ્‌ભુતસ્થાયિભાવક એક રસ, ગર્વ, સંદેહ.

विस्मयान्वित त्रि० વિસ્મયવાળું, આશ્ચર્યવાળું.

विस्मयिन् त्रि० ઉપરના અર્થ.

विस्मरण न० વીસરવું, ભૂલી જવુ.

विस्मरणीय त्रि० વિસરવા લાયક, ભૂલી જવા યોગ્ય.

विस्मापन पु० કામદેવ, કપટ, માયા, ઠગાઇ, જાદુઈ, ભ્રાંતિ.

विस्मापन न० ગંધર્વ નગર, વિસ્મય પમાડવો.

विस्मापनीय त्रि० વિસ્મય પમાડવા યોગ્ય, આશ્ચર્ય પમાડવા લાયક.

विस्मापयत् त्रि० વિસ્મય પમાડતું, આશ્ચર્ય કરતું.

विस्मायन न० विस्मापन न० જુઓ.

विस्माययत् त्रि० विस्मापयत् જુઓ.

विस्मित त्रि० વિસ્મય-આશ્ચર્ય પામેલ.

विस्मृत त्रि० ભૂલી જવાયેલ, વિસરેલ.

विस्मृति स्त्री० ભૂલી જવું, વિસરવું.

विस्मेर त्रि० આશ્ચર્ય પામેલ, વિસ્મય પામેલ.

विस्र न० અપક્વ ગંધ, ચિતાનો ધૂમાડો વગેરે, અપક્વ માંસનો ગંધ, દુર્ગંધ.

विस्रंस पु० ઝરવું, ખરવું, ટપકવું. પડવું.

विस्रंसा स्त्री० વૃદ્ધાવસ્થા.

विस्रगंध पु० विस्र જુઓ.

विस्रगंधा स्त्री० हपुषा જુઓ,

विस्रगंधि पु० હડતાળ.

विस्रता स्त्री० ગંધનું કાચાપણું, કાચો ગંધ.

विस्रत्व न० ઉપરના અર્થ.

विस्रब्ध त्रि० વિશ્વાસ પામેલ, શાંત મનવાળું, વિશ્વાસુ.

विस्रम्भ पु० વિશ્વાસ, ખાતરી, ઓળખાણ, પરિચય, પ્રીતિ, સ્નેહ, દરકાર, મારી નાખવું.

विस्रम्भिन् त्रि० વિશ્વાસુ, પ્રીતિવાળું, પરિચયવાળું, દરકારવાળું, મારી નાખનાર.

विस्रस्त त्रि० પડેલ, ખરેલ.

विस्रा स्त्री० हपुषा જુઓ.

विस्वर त्रि० ખરાબ સ્વરવાળું, સ્વરવિનાનું.

विस्वाद त्रि० સ્વાદ વિનાનું, ખરાબ સ્વાદવાળું.

विहग पु० પક્ષી, બાણ, સૂર્ય, ચંદ્ર, મેઘ, આકડાનું ઝાડ, કપૂર, મોથ, સૂર્ય વગેરે ગ્રહ.

विहगपति पु० ગરૂડ.

विहगराज पु० ગરૂડ.

विहगी स्त्री० પક્ષિણી.

विहगेश पु० ગરૂડ.

विहगेश्वर पु० ગરૂડ.

विहङ्ग पु० પક્ષી.

विहङ्गपति पु० ગરૂડ.

विहङ्गम पु० પક્ષી.

विहङ्गमराज पु० ગરૂડ.

विहङ्गमा स्त्री० ભાર ઉંચકવાની લાકડી, કાવડ.

विहङ्गमी स्त्री० પક્ષિણી.

विहङ्गराज पु० ગરૂડ.

विहङ्गिका स्त्री० ભાર ઉંચકવાની લાકડી, કાવડ.

विहङ्गी स्त्री० પક્ષિણી.

विहत त्रि० હણેલ, મારી નાખેલ, અટકાવેલ.

विहति स्त्री० હણવું, મારી નાખવુ, અટકાવવું.

विहति पु० દોસ્તદાર, સોબતી.

विहनन न० હણવું, મારી નાખવું, હિંસા, વિઘ્ન, ૩ પીંજવાનું કામઠું.

विहर पु० विहार જુઓ.

विहरण न० विहार જુઓ, હરવું, લઇ જવું.

विहरणीय त्रि० વિહાર કરવા યોગ્ય, હરવા યોગ્ય, લઇ જવા લાયક.

विहर्तृ पु० હરનાર, ચોર, લૂટારો, વિહાર કરનાર, ફરનાર, ભટકનાર.

विहसन न० મધ્યમ હસવું.

विहसित न० મધ્યમ હસવું.

विहस्त त्रि० વ્યગ્ર, વ્યાકુળ, પંડિત, હાથવિનાનું.

विहस्त पु० पण्ड જુઓ.

विहा अव्य० સ્વર્ગ.

विहापित न० દાન, આપવું.

विहापित त्रि० આપેલ, દાન કરેલ.

विहाय अव्य० તજીને, છોડીને.

विहायित न० દાન, આપવું.

विहायस् न० पु० આકાશ.

विहायस् पु० પક્ષી.

विहायस पु० પક્ષી.

विहायस न० આકાશ.

विहायसा अव्य० આકાશ.

विहार पु० ક્રીડા માટે બે પગે જવું, ભમવું, ફરવું, રમવું, લીલા કરવી, ગંમત, ખભો, બૌદ્ધનું દેવાલય, એક જાતનું પક્ષી, ધજા.

विहारिन् त्रि० વિહાર કરનાર, મોજીલું, આનંદી, ગંમતી, ફરનાર, રમનાર

विहास पु० મધ્યમ હસવું.

विहित त्रि० કરેલ, વિધિથી બોધેલ, આજ્ઞા કરેલ.

विहितवत् त्रि० કરતું.

विहितागस् त्रि० અપરાધી.

विहिताञ्जलि त्रि० બે હાથ જેણે જોડ્યા હોય તે.

विहीन त्रि० તજેલ, છોડેલ.

विहृत त्रि० વિહાર કરેલ, રમેલ, ફરેલ.

विहृत न० વિહાર, રમવું, ગંમત કરવી, સ્ત્રીઓની એક ચેષ્ટા.

विहृति स्त्री० ઉપરના અર્થ.

विहेठ पु० હિંસા, મર્દન, વિડંબન, ફજેતી, પીડા.

विहेठन न० ઉપરના અર્થ.

विह्वल त्रि० ભય વગેરેથી વ્યાકુળ, ગભરાયેલ.

विह्वलता स्त्री० વિહ્વળપણું, ગભરામણ.

विह्वलत्व न० ઉપરના અર્થ.

वी अदा० प० अनिट् ઇચ્છવું, ચાહવું, ઉત્પન્ન થવું अ० વ્યાપવું, ફેંકવું, ભોજન કરવું જવું, મોકલવું स०

वी पु० ઉપરના અર્થ.

वीक पु० વાયુ, પક્ષી, મન.

वीकाश पु० વિકાસ, પ્રકાશ, એકાંત.

वीक्ष पु० જોવું, દર્શન.

वीक्ष न० વિસ્મય, દશ્ય પદાર્થ.

वीक्षण न० જોવું, દર્શન, આંખ.

वीक्षणीय त्रि० જોવા લાયક.

वीक्षमाण त्रि० જોતું. દેખતું.

वीक्षा स्त्री० જોવું, દર્શન, આશ્ચર્ય, વિસ્મય, શરમ.

वीक्षापन्न त्रि० જોયેલ, આશ્ચર્ય પામેલ, શરમાયેલ.

वीक्षित त्रि० જોયેલ.

वीङ्खा स्त्री० શૂકશિંબી વનસ્પતિ, એક જાતની ગતિ, નૃત્ય, નાચ, ઘોડાની એક ગતિ, સંધિ, સાંધો.

वीचि पु० તરંગ, મોજું, અવકાશ, સુખ, કિરણ, અલ્પ, સુખ.

वीचि स्त्री० ઉપરના અર્થ.

वीचितरङ्ग पु० એક ન્યાય-એક તરંગમાંથી ઉત્તરોત્તર તરંગ ઉત્પન્ન થાય છે તેમ કોઇ વિષયમાંથી ઉત્તરોત્તર વિષયનો પ્રસાર.

वीचिमाला स्त्री० તરંગોની પંક્તિ.

वीचिमालिन् पु० સમુદ્ર.

वीची स्त्री० वीचि स्त्री० જુઓ.

वीज् चु० उभ० स० सेट् વીંઝવું, પંખો નાખવો.

वीज न० બી, બીજ, કારણ, વીર્ય, અંકુર, તત્ત્વાવધાન, મજ્જા, ચરબી, પારો, અવ્યક્ત એક ગણિત, એક મંત્ર, ધાન્ય વગેરેનું ફળ વગેરે.

वीजक न० ઉપરના અર્થ.

वीजक पु० બીજોરૂં, પીતસાર.

वीजकृत् न० વાજીકરણ ઔષધ,-વીર્યવૃદ્ધિકારક દવા.

वीजकोष पु० કમળનાં બી જેમાં રહે છે તે.

वीजगर्भ पु० પંડોળું, પીતપાપડો.

वीजगुप्ति स्त्री० શીંગ.

वीजतस् अव्य० બીજથી, બીજમાંથી, બીથી.

वीजन न० વીંઝવું, પંખો નાખવો, ચામર વગેરે, પંખો, વસ્તુ, ચીજ.

वीजन पु० ચક્રવાક પક્ષી, જીવંજીવ પક્ષી.

वीजपादप पु० ભીલામાનું ઝાડ, બીમાંથી ઉત્પન્ન થયેલ વૃક્ષ.

वीजपुष्प न० મરવો, મીંઢળનું ઝાડ.

वीजपूर पु० બીજોરાનું ઝાડ.

वीजपूर न० બીજોરૂ

वीजपूरक पु० બીજોરાનું ઝાડ.

वीजपूरक न० બીજોરૂં.

वीजपेशिका स्त्री० વૃષણ, પેલીયો.

वीजपेशी स्त्री० ઉપરનો અર્થ.

वीजफलक पु० બીજોરાનું ઝાડ.

वीजमातृका स्त्री० પદ્મબીજ.

वीजरत्न न० વટાણા.

वीजरुह पु० બીમાંથી થનાર ધાન્ય વગેરે.

वीजरुह त्रि० બીમાંથી થનાર.

वीजरेचन न० નેપાળાનું બી.

वीजवद् त्रि० બીવાળું.

वीजवपन न० ક્ષેત્ર, ખેતર, બી વાવવુ..

वीजवृक्ष पु० અસન વૃક્ષ.

वीजसञ्चय पु० વાવવા લાયક બીનો સંગ્રહ.

वीजसू स्त्री० પૃથ્વી.

वीजस्थापन न० ધાન્ય વગેરે સ્થાપવામાં તેનું મુહૂર્ત વગેરે.

वीजाकरण न० બીજસાથે ખેડવું.

वीजाकृत त्रि० બીજ સાથે ખેડેલ.

वीजाम्ल न० એક જાતનું ઝાડ.

वीजित त्रि० વીંઝેલ, પંખો નાખેલ, ચામર ઢોળેલ.

वीजिन् त्रि० બીજવાળું.

वीजिन् पु० પિતા.

वीजोत्कृष्ट न० ઉત્તમ બીજ.

वीजोदक न० વરસાદનો કરો.

वीज्य त्रि० કુળવાન, બીજથી ઉત્પન્ન થનાર.

वीटि स्त्री० પાનની બીડી.

वीटिका स्त्री० ઉપરનો અર્થ, કાંચળીની ગાંઠ.

वीटी स्त्री० वीटि જુઓ.

वीणा स्त्री० એક વાદિત્ર-તંબુરો, વીજળી.

वीणादण्ड पु० વીણા વાદિત્રનો ઉપરના ભાગનો દાંડો.

वीणावाद त्रि० વીણા વગાડનાર.

वीणावादक त्रि० વીણા વગાડનાર.

वीणावादिन् त्रि० વીણા વગાડનાર.

वीणावाद्य न० વીણા વાદિત્ર.

वीणावाद्य पु० નારદ.

वीणावाद्या स्त्री० સરસ્વતી દેવી.

वीत न० યુદ્ધ માટે અસમર્થ હાથી–ઘોડા વગેરેનું સૈન્ય, અંકુશકર્મ, ન્યાય વગેરેમાં કહેલ એક અનુમાન.

वीत त्रि० ગયેલ, શાંત.

वीतंस पु० મૃગો તથા પક્ષીઓને પકડવાની દોર–જાળ–વગેરે, મૃગો તથા પક્ષીઓને વિશ્વાસ પમાડવાનું એક ઓઢણ.

वीतकाम त्रि० કામનારહિત, નિષ્કામ.

वीतदंभ त्रि० દંભ વગરનું, નિષ્કપટ.

वीतन पु० ડોકની બન્ને બાજુનાં પડખાં.

वीतभय त्रि० નિર્ભય, ભયરહિત.

वीतराग त्रि० વિરાગી, રાગરહિત.

वीतराग पु० સર્વજ્ઞ દેવ, પરમાત્મા, જિનદેવ, બુદ્ધ.

वीतशोक पु० આસોપાલવનું ઝાડ.

वीतशोक त्रि० ગયેલા શોકવાળું, શોકરહિત.

वीतस्पृह त्रि० સ્પૃહારહિત, નિઃસ્પૃહ.

वीति स्त्री० ગતિ, ગમન, દીપ્તિ, કાંતિ, ભોજન, ઉત્પન્ન કરવું, ધારણ કરવું.

वीतिहोत्र पु० અગ્નિ, સૂર્ય, ચિત્રાનું ઝાડ, આકડાનું ઝાડ.

वीतिहोत्रक पु० ઉપરના અર્થ.

वीतोत्तर त्रि० ઉત્તરરહિત, ઉત્તર આપવા અસમર્થ, ઉત્તર આપવા નાખુશ.

वीथि स्त्री० પંક્તિ, શ્રેણી, ઘરનું એક અંગ-અગાશી, માર્ગ, રસ્તો, પોળ, શેરી, દશ્ય એક કાવ્ય.

वीथिका स्त्री० ઉપરના અર્થ.

वीथी स्त्री० વીથિ જુઓ.

वीथ्यङ्ग पु० દશ્ય એક કાવ્ય, દશ્ય કાવ્યનું એક અંગ.

वीध्र त्रि० નિર્મળ, સ્વચ્છ.

वीध्र पु० આકાશ, વાયુ, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वीनाह पु० કુવા વગેરેનું ઢાંકણ.

वीपा स्त्री० વીજળી.

वीप्सा स्त्री० રાત્રિ, વ્યાપ્તિ, વ્યાપવું, વારંવાર.

वीब्र् चु० आ० अक० सेट् શૌર્ય કરવું, પરાક્રમ કરવું.

वीबुकोश पु० ચમરી.

वीभ् भ्वा० आ० अक० सेट् શૌર્યહેતુ ઉદ્યમ કરવો, બડાઇ કરવી.

वीर् चु० आ० अ० सेट् વીર થવું, શૌર્ય કરવું.

वीर न० શૃંગી, સુગંધી વાળો-ખસ, નડઘાસ, મરી, પદ્મમૂલ, કાંજી आरूक જુઓ.

वीर त्रि० શૂર, પરાક્રમી, તાંત્રિક કુલાચારવાળું, શ્રેષ્ઠ.

वीर पु० છેલ્લા જિનદેવ, નટ, વિષ્ણુ, તાંદળજો, વરાહકંદ, લતા કરંજ, કરેણનું ઝાડ, અર્જુન, સાદડાનું ઝાડ, યજ્ઞનો અગ્નિ, પતિ, પુત્ર, ઉત્તર, સુભટ, યોદ્ધો, સાહિત્યપ્રસિદ્ધ એક રસ, ચિત્રાનું ઝાડ.

वीरक पु० કરેણનું ઝાડ.

वीरजयंतिका स्त्री० યુદ્ધ, લડાઈ, યુદ્ધમાં વિજયવેળા યોદ્ધાઓનું એક નૃત્ય.

वीरण न० સુગંધી વાળો-ખસ.

वीरणमूल न० ઉપરનો અર્થ.

वीरणी स्त्री० કટાક્ષ, ઉંડું સ્થળ, ઘાસ.

वीरणीमूल न० સુગંધી વાળો-ખસ.

वीरतम त्रि० મહાન વીર.

वीरतर न० वीरण જુઓ.

वीरतर त्रि० અત્યંત વીર--મહાવીર.

वीरतरु पु० અર્જુનવૃક્ષ-સાદડ, ભીલામાનું ઝાડ, બીલીનું ઝાડ, કોકિલાક્ષ.

वीरता स्त्री० વીરપણું, પરાક્રમ, શૌર્ય.

वीरत्व न० ઉપરના અર્થ.

वीरधन्वन् पु० કામદેવ.

वीरपति स्त्री० નીચેનો શબ્દ જુઓ.

वीरपत्नी स्त्री० વીર પુરૂષની સ્ત્રી.

वीरपत्रा स्त्री० ભાંગ.

वीरपाण न० યુદ્ધ માટે અથવા યુદ્ધનો થાક ઉતારવા માટે મદિરાપાન વગેરે.

वीरपाणक न० वीरपाण જુઓ.

वीरपान न० वीरपाण જુઓ.

वीरप्रसवा स्त्री० વીરપુરૂષની માતા.

वीरबाहु पु० વિષ્ણુ.

वीरभद्र पु० અશ્વમેધ યજ્ઞનો ઘોડો, વીરોમાં ભદ્ર, સુગંધી વાળો-ખસ, શિવનો ગણ.

वीरभद्रक पु० સુગંધી વાળો-ખસ.

वीरभार्या स्त्री० वीरपत्नी જુઓ.

वीरमातृ स्त्री० વીર પુરૂષની માતા.

वीरमुद्रा स्त्री० વચલી આંગળીએ પહેરવાની વીટી.

वीरमुद्रिका स्त्री० ઉપરનો અર્થ.

वीररजस् न० સિંદુર.

वीररेणु पु० ભીમસેન.

वीरवत् त्रि० વીરવાળું.

वीरवत् अव्य० વીરની પેઠે.

वीरवती स्त्री० વીરવાળી, માંસરોહિણી વનસ્પતિ, પતિવાળી સ્ત્રી, પુત્રવાળી સ્ત્રી.

वीरवत्सा स्त्री० વીરપુરૂષની માતા.

वीरवाहु पु० વિષ્ણુ.

वीरविप्लावक पु० શુદ્રનું ધન લઈ યજ્ઞ કરનાર બ્રાહ્મણ.

वीरवृक्ष पु० એક જાતનું ધાન્ય, वीरतरु જુઓ.

वीरसू स्त्री० વીરપુરૂષની માતા.

वीरसेन पु० નળ રાજાનો પિતા એક રાજા.

वीरसेन न० आरुकवृक्ष જુઓ.

वीरहन् पु० અગ્નિહોત્રી નહિ એવો બ્રાહ્મણ, વિષ્ણુ.

वीरहन् त्रि० વીરનો નાશ કરનાર.

वीरा स्त्री० મુરા નામનું ગંધ દ્રવ્ય, ક્ષીરકાકોલી, આંમળી, એલવાલુકા, પતિ-પુત્રવાળી સ્ત્રી, કેળ, વિદારી વનસ્પતિ, દૂધી, ક્ષીરવિદારી, કાંકોલી, મહાશતાવરી, એક જાતની કુંવાર, બ્રાહ્મી વનસ્પતિ, અતિવિખની કળી, મદિરા, સીસમ.

वीराम्ल पु० અમ્લવેતસ.

वीराशंसन न० ભયંકર યુદ્ધક્ષેત્ર.

वीरासन न० એક આસન, ભીંત વગેરેના આધાર વિના બેસવું.

वीरुध् स्त्री० ફેલાયલી વેલ, વેલો.

वीरुधा स्त्री० ઉપરના અર્થ.

वीरेश्वर त्रि० વીરોનો પતિ-સ્વામી.

वीरेश्वर पु० કાશીમાં એક શિવલિંગ.

वीरोज्झ पु० સવાર-સાંજ હોમ નહિ કરનાર.

वीरोपजीविक पु० દંભ માટે અગ્નિહોત્ર કરનાર.

वीर्य न० શરીરમાં રહેલી છેલ્લી ધાતુ, પરાક્રમ, બળ, પ્રભાવ, તેજ, દીપ્તિ, કાંતિ, દ્રવ્યમાં રહેલ રસવિપાકાદિ શક્તિરૂપ એક પ્રભાવ.

वीर्यप्रवाद न० જૈનમતે ચૌદ પૂર્વો પૈકી ત્રીજું પૂર્વ.

वीर्ययुक्त त्रि० बीर्यवत् જુઓ.

वीर्यरहित त्रि० वीर्यविरहित જુઓ.

वीर्यवत् त्रि० વીર્યવાળું, બળવાન, પ્રભાવશાળી, તેજસ્વી.

वीर्यविरहित त्रि० વીર્યરહિત, નિર્બળ, નિસ્તેજ.

वीर्यविशिष्ट त्रि० वीर्यवत् જુઓ.

वीर्यहीन त्रि० वीर्यविरहित જુઓ.

वीवध पु० ભાર.

वीहार पु० બુદ્ધનું મંદિર, ગમત માટે ફરવું, રમવું.

वुंग् भ्वा० प० स० सेट् યોજવું, જોડવું.

वुंट् चु० उभ० स० सेट् ક્ષય પામવો, ઘસાવું.

वृ चु० उभ० स० सेट् ઢાંકવું.

वृ क्या० आ० स० सेट् સેવા કરવી.

वृ भ्वा० उभ० स० सेट् વરવું, સ્વીકારવું.

वृंहित न० હાથીની ગર્જના.

वृंहित त्रि० વધેલ, પોષેલ,

वृक् भ्वा० आ० स० सेट् લેવું, ગ્રહણ કરવું.

वृक पु० વરૂ, નહાર, કાગડો, શિયાળ, ક્ષત્રિય, એક જાતનું ઝાડ, અનેક દ્રવ્યોનો ધૂપ, સરલવૃક્ષનો રસ, પેટનો એક અગ્નિ.

वृकदंश पु० કુતરો.

वृकदंशी स्त्री० કુતરી.

वृकधूप पु० અનેક દ્રવ્યોનો દશાંગ વગેરે ધૂપ.

वृकधूर्त पु० શિયાળ.

वृकधूर्ती स्त्री० શિયાળવી.

वृका स्त्री० અંબષ્ઠા વનસ્પતિ.

वृकाक्षी स्त्री० નસોતર.

वृकाराति पु० કુતરો.

वृकरिपु पु० કુતરો.

वृकोदर पु० ભીમસેન.

वृक्का स्त्री० શ્રેષ્ઠ માંસ.

वृक्ण त्रि० છેદેલ, કાપેલ.

वृक्ष् भ्वा० आ० स० सेट् વરવું, પસંદ કરવું, સ્વીકારવું.

वृक्ष पु० ઝાડ.

वृक्षक पु० નાનું ઝાડ.

वृक्षकुक्कुट पु० જંગલી કુકડો.

वृक्षकुक्कुटी स्त्री० જંગલી કુકડી.

वृक्षचर पु० વાનર, વાંદરો.

वृक्षचर त्रि० ઝાડ ઉપર ફરનાર.

वृक्षचरी स्त्री० વાંદરી.

वृक्षच्छाय न० ઘણાં વૃક્ષોની છાયા.

वृक्षतल न० ઝાડનું તળીયું.

वृक्षधूप पु० સરલ વૃક્ષ–દેવદાર.

वृक्षनाथ पु० વડનું ઝાડ.

वृक्षनिर्यास पु० ઝાડનો ગુંદર.

वृक्षपति पु० વડનું ઝાડ.

वृक्षपाक पु० વડનું ઝાડ.

वृक्षभवन न० ઝાડની ગફાલ.

वृक्षभक्ष त्रि० ઝાડને ખાઇ જનાર.

वृक्षभक्षा स्त्री० વંદા નામનો વેલો.

वृक्षभिद् पु० કુહાડો.

वृक्षसेदिन् पु० કુહાડો, ટાંકણું.

वृक्षमय त्रि० ઘણાં ઝાડોવાળો પ્રદેશ વગેરે.

वृक्षमर्कटिका स्त्री० ખીસખોલી.

वृक्षमर्कटी स्त्री० ખીસખોલી.

वृक्षमृद्भू पु० પાણીનું નેતર.

वृक्षरोपक त्रि० ઝાડ વાવનાર.

वृक्षरोपण न० ઝાડ વાવવું.

वृक्षवाटिका स्त्री० ઘરની પાસેની વાડી-બગીચો.

वृक्षवाटी स्त्री० ઉપરનો અર્થ.

वृक्षादन पु० કુહાડો, પીપળો, મધપોડું, ચારોળીનું ઝાડ.

वृक्षादन त्रि० ઝાડને ચીરનાર.

वृक्षादनी स्त्री० વંદાનો વેલો.

वृक्षादिरुहक न० ભેટવું, આલિંગન.

वृक्षाम्ल न० ખાટું ઝાડ, આંબલી, વૈદ્યક-પ્રસિદ્ધ એક દવા.

वृक्षारोपक त्रि० ઝાડ વાવનાર.

वृक्षारोपण न० ઝાડ વાવવું.

वृक्षार्हा स्त्री० મહામેદા વનસ્પતિ.

वृक्षालय पु० પક્ષી.

वृक्षालया स्त्री० પક્ષિણી.

वृक्षाश्रय पु० પક્ષી.

वृक्षाश्रया स्त्री० પક્ષિણી.

वृक्षाश्रयिणी स्त्री० પક્ષિણી.

वृक्षाश्रयिन् पु० પક્ષી, એક જાતનું નાનું ઘુવડ.

वृक्षोत्थ त्रि० ઝાડથી ઉત્પન્ન થનાર.

वृक्षोत्पल पु० કરેણનું ઝાડ.

वृच् रुधा० प० स० सेट् વીંટાવું, જવું.

वृज् अदा० आ० स० सेट् ત્યાગ કરવો, તજવું.

वृज् भ्वा० प० स० सेट् ત્યાગ કરવો, તજવું,

वृज् चुरा० उभ० स० सेट् ઉપર જુઓ.

वृज् रुधा० प० स० सेट् વીંટવું, વીટાવું, ત્યાગ કરવો, તજવું.

वृजन न० પાપ, આકાશ.

वृजन पु० કેશ, વાળ.

वृजन त्रि० કુટિલ, વક્ર.

वृजि स्त्री० તે નામે એક દેશ.

वृजिन न० પાપ, દુઃખ.

वृजिन पु० કેશ, વાળ.

वृजिन त्रि० કુટિલ, વાંકું.

वृण् तना० उभ० स० सेट् ભક્ષણ કરવું, ખાવું.

वृण्वत् त्रि० વરતું, પસંદ કરતું, સ્વીકારતું.

वृण्वान त्रि० ઉપરના અર્થ.

वृत् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

वृत् भ्वा० आ० अ० सेट् વર્તવું, હોવું.

वृत् दिवा० आ० स० सेट् વિભાગ કરવા, પસંદ કરવું, વરવું.

वृत् त्रि० થયેલ, હોયેલ.

वृत त्रि० વરેલ, સ્વીકારેલ, યોજેલ, નીમેલ.

वृत न० વર્તુલ, ગોળાકૃતિ.

वृतपत्रा स्त्री० એક જાતનો વેલો.

वृति स्त्री० વરવું, સ્વીકારવું, નીમવું, યોજવું, વાડ, ઘોડો.

वृतिकर त्रि० વાડ કરનાર, ઘેરનાર, સ્વીકારનાર, નીમનાર.

वृतिङ्कर पु० એક ઝાડ.

वृत्त न० સદ્વર્તન, ગુરૂપૂજા–દયા–સત્ય–ઇન્દ્રિયનિગ્રહ વગેરે ચરિત્ર, શિખરિણી વગેરે છંદ, વૃત્તિ, ગોળાકાર ખેતર, આજીવિકા, ગોળાકૃતિ, વૃત્તાંત, હકીકત, ઇતિહાસ.

वृत्त त्रि० વર્તેલ, થયેલ, દૃઢ, ગોળાકારવાળું, દૃઢ, મજબૂત, આવરણ કરેલ, ઢાંકેલ, મરણ પામેલ, ઉત્પન્ન થયેલ, થયેલ, પ્રખ્યાત, ઢાંકેલ, અભ્યાસ કરેલ. પસંદ કરેલ, વહેલ, નીમેલ.

वृत्त पु० કાચબો.

वृत्तखण्ड न० વર્તુલનો ટુકડો.

वृत्तगन्धि न० એક જાતનું ગદ્ય.

वृत्तज्ञ त्रि० વૃત્તાંત જાણનાર, ચરિત્ર જાણણનાર, ઇતિહાસ જાણનાર.

वृत्ततण्डुल पु० એક જાતના ચોખા.

वृत्तनिष्पाविका स्त्री० ગોળ નેઇણી.

वृत्तपर्णी स्त्री० એક જાતની વનસ્પતિ–પાઠા.

वृत्तपुष्प पु० કદંબનું ઝાડ, સરસડો–શિરીષ.

वृत्तफल न० મરી, દાડમ, બોર.

वृत्तफला स्त्री० વંતાકડી, આંબળી, દાડમી, બોરડી.

वृत्तमल्लिका स्त्री० ધોળો આકડો, એક લતા.

वृत्तवत् त्रि० ચરિત્રવાળું, સદ્વર્તનવાળું.

वृत्तवीज पु० ભીંડાનું ઝાડ.

वृत्तवीजा स्त्री० તુવેર.

वृत्तसंपन्न त्रि० સદ્વર્તનવાળું.

वृत्तसादिन् त्रि० ચારિત્ર્યહીન, આચારભ્રષ્ટ, નીચ.

वृत्तस्थ त्रि० સદ્વર્તનવાળું, ચારિત્ર્યવાન, આચારનિષ્ઠ.

वृत्ता स्त्री० રેણુકા, પ્રિયંગુરોહિણી, એક વેલ.

वृत्ताध्ययनर्द्धि स्त्री० ચારિત્ર અને વિદ્યાનું તેજ, બ્રહ્મતેજ.

वृत्तान्त पु० સંવાદ, સંદેશ, ખબર, પ્રક્રિયા, સમગ્રપણું, પ્રસ્તાવ, પ્રસંગ, જાત, રીત, એકાંત, ભાવ.

वृत्ति स्त्री० ધંધો, રોજગાર, આજીવિકા, વર્તન, સ્થિતિ, વિવરણ, નાટકરચનાભેદ-કૈશિકી–સાત્વતી-ભારતી–આરભટી, વેદાંતમાં કહેલ અંતઃકરણ વગેરેની વૃત્તિ.

वृत्तिकर्षित त्रि० અલ્પ આજીવિકાવાળું, મુશ્કેલીમાં રહેલ, ધંધાવડે ખેંચાયેલ.

वृत्तिता स्त्री० આજીવિકા, ધંધો, રોજગાર, સ્થિતિ.

वृत्तित्व न० ઉપરના અર્થ.

वृत्तिदान न० આજીવિકાનું સાધન આપવું.

वृत्तिमत् त्रि० આજીવિકાવાળું, ધંધારોજગારવાળું.

वृत्तिस्थ त्रि० સત્કર્મ કરનાર.

वृत्तिस्थ पु० કાચંડો–કાકીડો.

वृत्तिस्थी स्त्री० કાચંડી–કાકડી.

वृत्तिहेतु पु० આજીવિકાનું કારણ.

वृत्तौजस् त्रि० અત્યંત બળવાન.

वृत्र पु० અંધકાર, શત્રુ, તે નામે એક દાનવ, મેઘ, મોથ, એક પર્વત, ઈન્દ્ર, શબ્દ.

वृत्रद्विष् पु० ઇન્દ્ર.

वृत्ररिपु पु० ઇન્દ્ર.

वृत्रशत्रु पु० ઇન્દ્ર.

वृत्रहन् पु० ઇન્દ્ર.

वृत्रहन्तृ पु० ઇન્દ્ર.

वृत्राराति पु० ઇન્દ્ર.

वृत्रारि पु० ઇન્દ્ર.

वृथा स्त्री० નિરર્થક, નિષ્ફળ, ખોટું, વ્યર્થ.

वृथाकथा स्त्री० જૂઠી વાત, ખોટી કથા.

वृथाघात पु० વ્યર્થ મારવું, ખોટું મારવું.

वृथादान न० નિષ્ફળ દાન, ફોકટ દાન.

वृथापशुघ्न पु० યજ્ઞાદિ નિમિત્ત વિના વ્યર્થ પશુને મારનાર.

वृथामांस न० દેવાદિના નિમિત્તવિના હણેલ પશુનું માંસ.

वृथालम्भ पु० વ્યર્થ કાપવું, ફોકટ મારી નાખવું.

वृद्ध न० એક ગંધદ્રવ્ય.

वृद्ध पु० વૃદ્ધદારક વૃક્ષ, પંડિત.

वृद्ध त्रि० ઘરડું, વૃદ્ધાવસ્થાવાળું, વધેલું, મોટું.

वृद्धकाक पु० એક જાતનો કાગડો.

वृद्धगङ्गा स्त्री० તે નામે એક નદી.

वृद्धता स्त्री० વૃદ્ધપણું, ઘડપણ.

वृद्धत्व न० ઉપરનો અર્થ.

वृद्धदार पु० વીરતાડ વૃક્ષ.

वृद्धदारक पु० ઉપરનો અર્થ.

वृद्धदारु न० ઉપર પ્રમાણે.

वृद्धनाभि त्रि० મોટી નાભિવાળું, દુંટાળું.

वृद्धपितामह पु० મોટો દાદો.

वृद्धपितामही स्त्री० મોટી દાદી.

वृद्धप्रपितामह पु० દાદાનો દાદો.

वृद्धप्रपितामहो स्त्री० દાદાની દાદી.

वृद्धप्रमातामह पु० માતાના દાદાનો દાદો.

वृद्धप्रमातामही स्त्री० માતાના દાદાની દાદી.

वृद्धबला स्त्री० તે નામે એક વનસ્પતિ.

वृद्धबिभीतक पु० આમ્રાતક વૃક્ષ.

वृद्धभाव पु० वृद्धता જુઓ.

वृद्धवाहन पु० આંબો.

वृद्धविभीतक पु० આમ્રાતક વૃક્ષ.

वृद्धश्रवस् पु० ઇન્દ્ર.

वृद्धसंघ पु० ઘરડાંઓનો સમૂહ.

वृद्धसूत्रक न० એક જાતનું રૂ.

वृद्धा स्त्री० ઘરડી સ્ત્રી, ડોસી, મહાશ્રાવણિકા વનસ્પતિ.

वृद्धावस्था स्त्री० ઘડપણ.

वृद्धि स्त्री० વધારો, સમૃદ્ધિ, અભ્યુદય, સંપત્તિ, સમૂહ, તે નામે એક ઔષધ, એક જાતનો રોગ, વ્યાજ.

वृद्धि पु० એક ગંધદ્રવ્ય, ધન.

वृद्धिकर त्रि० વૃદ્ધિ કરનાર, અભ્યુદયકારક, સંપત્તિકારક.

वृद्धिका स्त्री० એક જાતનું ઔષધ.

वृद्धिजीविका स्त्री० વ્યાજવટ્ટાનો ધંધો.

वृद्धिपत्र न० એક જાતનો અસ્ત્રો.

वृद्धिमत् त्रि० વૃદ્ધિવાળું.

वृद्धिश्राद्ध न० પુત્રાદિના સંસ્કારના અંગરૂપ નાંદીશ્રાદ્ધ.

वृद्धोक्ष पु० ઘરડો બળદ.

वृद्ध्याजीव पु० વ્યાજવટું કરી જીવનાર.

वृध् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

वृध् भ्वा० आ० अ० सेट् વધવું.

वृधसान पु० મનુષ્ય.

वृधसानी स्त्री० મનુષ્ય-સ્ત્રી.

वृधसानु पु० પુરૂષ, પાંદડું, કાર્ય-કામ.

वृन्त न० દીંટું.

वृन्ताक पु० વંતાકડી, રીંગણી.

वृन्ताकी स्त्री० ઉપરના અર્થ.

वृन्तिता स्त्री० કડુ વનસ્પતિ.

वृन्द न० ટોળું, સમૂહ, દશ અબજની સંખ્યા.

वृन्दा स्त्री० તુલસી, કેદારકન્યા, રાધિકા.

वृन्दार त्रि० મનોહર, સુંદર, આબરૂદાર.

वृन्दारक पु० દેવ, યૂથપતિ.

वृन्दारक त्रि० મુખ્ય, મનોહર, સુંદર, શ્રેષ્ઠ.

वृन्दावन न० મથુરાની પાસેનું એક વન-તીર્થ.

वृन्दिष्ठ त्रि० અતિશય મુખ્ય, ઘણું સુંદર.

वृन्दीयस् त्रि० ઉપરના અર્થ.

वृश् दिवा० प० स० सेट् વરવું, સ્વીકારવું, પસંદ કરવું.

वृश पु० અરડુસો, ઉંદર.

वृश न० આદુ.

वृशा स्त्री० એક ઔષધિ.

वृशी स्त्री० ઉંદરડી.

वृश्चिक पु० વીછી, એક કીડો, વૃશ્ચિક રાશિ, એક ઔષધિ, મીંઢળનું ઝાડ, છાણનો એક કીડો, કરચલો.

वृश्चिककर्णी स्त्री० ઉંદરકાની વનસ્પતિ.

वृश्चिकप्रिया स्त्री० पूतिका જુઓ.

वृश्चिका स्त्री० એક જાતનો ઝેરી છોડ.

वृश्चिकाली स्त्री० ઉપરનો અર્થ.

वृश्चिपत्री स्त्री० वृश्चिका જુઓ.

वृश्चीर पु० ધોળી સાટોડી.

वृष् भ्वा० प० सेट् સીંચવું, છાંટવું, स० ઐશ્વર્યવાળા થવું, સંતતિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવવું. अ०

वृष् चु० आ० अ० सेट् સંતતિ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય ધરાવવું, ઐશ્વર્યવાળા થવું.

वृष पु० બળદ, વૃષભરાશિ, એક જાતનો પુરૂષ, ઇન્દ્ર, ધર્મ, શીંગડાંવાળું કોઇપણ પશુ, ઉંદર, વાસ્તુનું એક સ્થાન, અરડુસો, શત્રુ, કામદેવ, ઋષભ ઔષધિ, મોરપિંછ, શ્રીકૃષ્ણ, અરિષ્ટાસુર.

वृष त्रि० બળવાન, વીર્યવાન.

वृषकर्णी स्त्री० એક જાતનો વેલો.

वृषकेतन पु० શિવ.

वृषगन्धा स्त्री० એક વનસ્પતિ.

वृषण पु० અંડકોષ-પેલીયો.

वृषण त्रि० વીર્યવાળું, પરાક્રમી.

वृषणश्व पु० ઇન્દ્રનો ઘોડો.

वृषण्वत् त्रि० વર્ષણવાળું, વરસતું.

वृषण्वसु त्रि० રથ વગેરે ઇન્દ્રનાં ઉપકરણ.

वृषदंशक पु० બીલાડો.

वृषदंशकी स्त्री० બિલાડી.

वृषध्वज पु० શિવ, ગણપતિ.

वृषध्वांक्षी स्त्री० નાગરમોથ.

वृषन् पु० ઈન્દ્ર, કર્ણ, દુઃખ, વેદનાજ્ઞાન, બળદ, ઘોડો, ધર્મ.

वृषनाशन पु० વાવડીંગ, શ્રીકૃષ્ણ.

वृषनाशन त्रि० ધર્મનાશક.

वृषपर्णी स्त्री० ઉંદરકાની વનસ્પતિ, સુદર્શની વૃક્ષ.

वृषपर्वन् पु० શિવ, તે નામે એક દૈત્ય, એક ઝાડ.

वृषभ पु० બળદ, પહેલા જૈન તીર્થંકર, કાનનું છિદ્ર, એક ઔષધિ, વૈદર્ભીરીતિ, વષભ રાશિ, હાથીનો કાન.

वृषभ त्रि० શ્રેષ્ઠ, ઉત્તમ.

वृषभकेतन पु० શિવ.

वृषभगति पु० શિવ.

वृषभध्वज पु० શિવ.

वृषभयान पु० શિવ.

वृषभवाहन पु० શિવ.

वृषभाक्षी स्त्री० ઈંદ્રવરણી.

वृषभान पु० રાધિકાનો પિતા.

वृषभानु पु० ઉપરનો અર્થ.

वृषभासा स्त्री० અમરાવતી.

वृषयान पु० શિવ.

वृषरिपु पु० શ્રીકૃષ્ણ.

वृषल पु० શૂદ્ર, ગાજર, ઘોડો, ચંદ્રગુપ્ત રાજા.

वृषल त्रि० અધાર્મિક, નીચ.

वृषलता स्त्री० શૂદ્રપણું.

वृषलत्व न० ઉપરના અર્થ.

वृषली स्त्री० પિતાને ઘેર પરણ્યા પહેલાં જેને રજોદર્શન આવેલું છે તેવી સ્ત્રી, શૂદ્ર જાતિની સ્ત્રી, ઘોડી, શૂદ્રની સ્ત્રી.

वृषलोचन पु० ઉંદર, બળદની આંખ.

वृषलोचन त्रि० બળદના જેવા નેત્રવાળું.

वृषलोचनी स्त्री० ઉંદરડી.

वृषवाहन पु० શિવ.

वृषशत्रु पु० શ્રીકૃષ્ણ.

वृषस्यन्ती स्त्री० અત્યંત કામી સ્ત્રી.

वृषा स्त्री० ઉંદરકાની, કવચબીજ.

वृषाकपायी स्त्री० પાર્વતી, ગૌરી, લક્ષ્મી, સ્વાહા, ઈન્દ્રાણી, જીવન્તી, શતાવરી વનસ્પતિ.

वृषाकपि पु० શિવ, વિષ્ણુ, ઇન્દ્ર, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वृषाकर पु० અડદ.

वृषाङ्क पु० શિવ, નપુંસક, ભીલામાનું ઝાડ, સાધુ.

वृषाङ्क त्रि० ધર્મિષ્ઠ, પુણ્યવાન.

वृषाञ्जन पु० શિવ.

वृषाणक पु० શિવ.

वृषान्तक पु० શ્રીકૃષ્ણ.

वृषायण पु० એક જાતનો ચકલો.

वृषाराात पु० શ્રીકૃષ્ણ.

वृषारि पु० શ્રીકૃષ્ણ.

वृषाहार पु० બિલાડો.

वृषाहारी स्त्री० બિલાડી.

वृषि स्त्री० વ્રતિઓનું દર્ભાસન.

वृषी स्त्री० ઉપરનો અર્થ.

वृषोत्सर्ग पु० મરેલા વગેરેને ઉદ્દેશી તેના પુત્ર વગેરેએ નીલ પરણાવવો તે, વિધિપૂર્વક બળદને છૂટો કરવામાં આવે છે તે.

वृषोपगा स्त्री० બળદ પાસે જનારી ગાય, પુરૂષ પાસે જનારી સ્ત્રી.

वृष्टि स्त्री० વરસાદ, વરસવું તે, મેઘ વગેરેથી સીચાતું જળ.

वृष्टिकर त्रि० વૃષ્ટિ કરનાર, વરસાવનાર.

वृष्टिकाल पु० વરસાદનો સમય.

वृष्टिघ्नी स्त्री० ઝીણી એલચી.

वृष्टिजीवन पु० ચાતક પક્ષી.

वृष्टिजीवन त्रि० વરસાદ ઉપર જીવનાર દેશ વગેરે.

वृष्टिभू पु० દેડકો.

वृष्टिभू त्रि० વરસાદમાં હોનાર-થનાર.

वृष्टिमत् त्रि० વરસાદવાળું.

वृष्टिवैकृत न० ઉપદ્રવસૂચક વૃષ્ટિવિકાર.

वृष्णि पु० યાદવવંશી એક રાજા, શ્રીકૃષ્ણ, મેઘ, મોથ.

वृष्णि त्रि० ગરમ, ઉગ્ર, પાખંડી.

वृष्णिगर्भ पु० શ્રીકૃષ્ણ.

वृष्य त्रि० બળકારક, વીર્યની વૃદ્ધિ કરનાર.

वृष्य पु० અડદ.

वृष्य न० વાજીકરણ ઔષધ.

वृष्यकन्दा स्त्री० વિદારી વનસ્પતિ.

वृष्यगन्धा स्त्री० વૃદ્ધદારક-વનસ્પતિ.

वृष्यगन्धिका स्त्री० અતિબલા વનસ્પતિ.

वृष्यवल्लिका स्त्री० વિદારી વનસ્પતિ.

वृष्यवल्ली स्त्री० ઉપર જુઓ.

वृष्या स्त्री० આમળી, શતાવરી, ઋષભ ઔષધિ, ઋદ્ધિ નામે ઔષધિ.

वृंह् चु० उभ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

वृंह् भ्वा० प० अ० सेट् ઉપરના અર્થ.

वृंह् भ्वा० प० अ० सेट् (હાથીનો) શબ્દ કરવો, વધવું.

वृंह् भ्वा० आ० अ० से् વધવું, શબ્દ કરવો.

वृह् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

वृहचञ्चु पु० એક જાતનું શાક.

वृहच्चित्त पु० બીજોરાનું ઝાડ.

वृहच्चित्त त्रि० મોટા મનવાળું.

वृहच्चित्त न० મોટું મન.

वृहच्छरीर न० મોટું શરીર.

वृहच्छरीर त्रि० મોટા શરીરવાળું.

वृहच्छल्क पु० એક જાતનું માછલું.

वृहज्जन पु० મોટો માણસ.

वृहड्ढका स्त्री० મોટું નગારૂં.

वृहत् त्रि० મોટું.

वृहतिका स्त्री० ઉત્તરીય વસ્ત્ર, રીંગણી, ભોરીંગણી.

वृहती स्त्री० મોટી સ્ત્રી, નાની રીંગણી, પાણીની ઝારી વગેરે, ભોરીંગણી, વાણી, સરસ્વતી, નવ અક્ષરના ચરણવાળો એક છંદ

वृहतीपति पु० બૃહસ્પતિ.

वृहत्क त्रि० મોટું.

वृहत्कन्द पु० ગાજર, વિષ્ણુકંદ.

वृहत्काय त्रि० મોટા શરીરવાળું.

वृहत्काय पु० મોટું શરીર.

वृहत्कालशाक पु० એક જાતનું શાક.

वृहत्काश पु० એક જાતનું ઘાસ.

वृहत्कुक्षि त्रि० મોટા પેટવાળું.

वृहत्ताल पु० હિંતાલ વૃક્ષ.

वृहत्तिका स्त्री० પાઠા વનસ્પતિ.

वृहत्तृण पु० વાંસનું ઝાડ.

वृहत्त्वच् पु० તે નામે એક ઝાડ.

वृहत्पत्र पु० હસ્તિકંદ વૃક્ષ.

वृहत्पत्रा स्त्री० ત્રિપર્ણિકા વનસ્પતિ.

वृहत्पाटलि पु० ધંતુરાનું ઝાડ.

वृहत्पाद त्रि० વડનું ઝાડ

वृहत्पाद त्रि० મોટા પગવાળું.

वृहत्पालिन् पु० જંગલી જીરૂં.

वृहत्पीलु पु० મોટા પીલુનું ઝાડ.

वृहत्पुष्प न० મોટું ફૂલ.

वृहत्पुष्प त्रि० મોટા ફૂલવાળું.

वृहत्फल न० મોટું ફળ.

वृहत्फल त्रि० મોટા ફળવાળું.

वृहत्फला स्त्री० કડવી તુંબડી, મહેન્દ્રવારૂણી, કોહળાંનો વેલો, મોટા બીજોરાનું ઝાડ.

वृहत्सामन् न० તે નામે એક સામ.

वृहदङ्ग पु० હાથી.

वृहदङ्गी स्त्री० હાથણી.

वृहदम्ल पु० તે નામે એક ઝાડ.

वृहदेला स्त्री० મોટી એલચી.

वृहद्गृह पु० તે નામે એક દેશ.

वृहद्गोल न० તરબુચ.

वृहद्दल पु० એક જાતનું લોધરનું વૃક્ષ, હિંતાલ વૃક્ષ.

वृहद्धल न० મોટું હળ.

वृहद्भट्टारिका स्त्री० દુર્ગા દેવી, પાર્વતી.

वृहद्भानु पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वृहद्रथ पु० ઇન્દ્ર, એક જાતનું યજ્ઞપાત્ર, તે નામે એક સામ.

वृहद्राव पु० મોટો શબ્દ.

वृहद्राविणो स्त्री० એક ઘુવડ-માદા.

वृहद्राविन् पु० એક જાતનું ઘુવડ.

वृहद्राविन् त्रि० મોટા શબ્દવાળું.

वृहद्वल्क पु० પટ્ટિકા લોધ્ર વૃક્ષ.

वृहद्वात पु० તે નામે એક ઝાડ.

वृहद्वारुणो स्त्री० મહેંદ્રવારૂણી.

वृहद्बीज पु० આમ્રાતક વૃક્ષ.

वृहन्नड पु० અર્જુન, સાદડ વૃક્ષ.

वृहन्नडा स्त्री ઉપરના અર્થ.

वृहन्नल पु० વૃહન્નડ જુઓ.

वृहन्नला स्त्री० ઉપર પ્રમાણે.

वृहस्पति पु० દેવગુરૂ, દેવાચાર્ય, એક ગ્રહ.

वृहस्पतिचक्र न० સાઠ વર્ષનું એક ચક્ર.

वृहस्पतिसव पु० એક યજ્ઞ.

वॄ क्र्या० उभ० स० सेट् વરવું, સ્વીકારવું, પસંદ કરવું.

वे भ्वा० उभ० स० अनिट् વણવું.

वेकट पु० યુવાન, ઝવેરી, નાટકીયો, એક માછલું.

वेग पु० ઉતાવળ, પ્રવાહ, વેગ, ઝડપ, મહાકાલ ફળ, વીર્ય, મૂત્ર-વિષ્ટા વગેરેને બહાર કાઢવાનો એક યત્ન, ન્યાયમાં કહેલ એક સંસ્કાર.

वेगतस् अव्य० ઉતાવળથી, ઝડપથી.

वेगरोध पु० વેગ રોકવો.

वेगरोधन न० વેગ રોકવો.

वेगवत् त्रि० વેગવાળું.

वेगवत्तम त्रि० અત્યંત વેગવાળું.

वेगवत्तर त्रि० ઘણા વેગવાળું.

वेगविधारण न० વેગ રોકવો, વેગ ધારણ કરવો.

वेगसर पु० ખચ્ચર ઘોડો.

वेगसर त्रि० વેગથી જનાર.

वेगसरी स्त्री० વેગથી જનાર સ્ત્રી, ખચ્ચર ઘોડી.

वेगाघात पु० વેગ અટકાવવો, વેગનું રોકાણ.

वेगिता स्त्री० વેગવાળાપણું.

वेगित्व न० ઉપર જુઓ.

वेगिन् त्रि० વેગવાળું, ઝડપદાર.

वेगिन् पु० બાઝપક્ષી, દૂત, ખેપીયો.

वेगिनी स्त्री० બાઝ પક્ષિણી, વેગવાળી સ્ત્રી.

वेचा स्त्री० પગાર, ભાડું.

वेजानो स्त्री० સોમરાજી વનસ્પતિ.

वेड पु० ઘટ્ટ-છિદ્રવિનાનું બંધન.

वेडमिका स्त्री० વેડમી-એક જાતની રોટલી.

वेडमी स्त्री० ઉપરનો અર્થ.

वेडा स्त्री० નૌકા-વહાણ.

वेण् भ्वा० उभ० स० सेट् જાણવું, સાંભળવું, વાદિત્ર ગ્રહણ કરવું, જવું, ચિંતવવું, વિચારવું.

वेण पु० એક જાતનો વર્ણસંકર, પૃથુ રાજાનો પિતા એક રાજા.

वेणि पु० ગુંથેલા વ્યવસ્થિત કેશ, ચોટલો, અંબોડો, પાણીનો સમૂહ, પાણીનો પ્રવાહ, દેવતાડ વૃક્ષ, ગંગા-યમુના-સરસ્વતીને મળવાનું સ્થાન-ત્રિવેણી-પ્રયાગ ક્ષેત્ર, તે નામે એક નદી.

वेणिका स्त्री० ગુંથેલા વ્યવસ્થિત કેશ, ચોટલો, અંબોડો.

वेणी स्त्री० वेणि જુઓ.

वेणीर पु० અરીઠાનું ઝાડ.

वेणु पु० વાંસ, વાંસનો વિકાર, વાંસળી વાદિત્ર, તે નામે એક રાજા.

वेणुक न० तोत्र જુઓ.

वेणुकर्कर पु० કરેણનું ઝાડ.

वेणुज पु० વાંસનો જવ-ચોખો.

वेणुज त्रि० વાંસની લાકડી વગેરે, વાંસથી ઉત્પન્ન થનાર.

वेणुदण्ड पु० વાંસની લાકડી.

वेणुध्म पु० વાંસળી વગાડનાર.

वेणुन न० મરી, તીખાં.

वेणुपत्री स्त्री० વંશપત્રી વૃક્ષ.

वेणुयव पु० વાંસનો જવ-ચોખો.

वेणुवाद त्रि० વાંસળી વગાડનાર.

वेणुवादक त्रि० ઉપરનો અર્થ.

वेणुवीज न० वेणुयत्र જુઓ.

वेतन न० પગાર, ભાડું, આજીવિકા.

वेतनानपाकर्मन् न० એક વ્યવહાર.

वेतस पु० નેતરનું ઝાડ.

वेतसाम्ल पु० અમ્લવેતસ વૃક્ષ.

वेतसी स्त्री० નેતરનું ઝાડ.

वेतस्वत् पु० ઘણા નેતરવાળો દેશ.

वेतस्वत् त्रि० નેતરવાળું.

वेताल पु० તે નામે એક મલ્લ, ભૂત જેમાં પેઠું હોય તેવું મડદું, શિવનો અનુચર એક ભૈરવ, દ્વારપાળ.

वेतालभट्ट पु० વિક્રમની સભાનો એક કવિ.

वेत्तृ त्रि० જ્ઞાની, જાણનાર, મેળવનાર, પરણનાર, વહેનાર.

वेत्तृ पु० પંડિત, વિદ્વાન.

वेत्र पु० નેતરનું ઝાડ.

वेत्र न० છડી, લાકડી.

वेत्रकीय न० નેતરનો સમૂહ, બહુ નેતરવાળો દેશ.

वेत्रकीय त्रि० બહુ નેતરવાળું.

वेत्रधर पु० છડીદાર, દ્વારપાળ.

वेत्रधर त्रि० છડી-લાકડી ધારણ કરનાર.

वेत्रधारक त्रि० ઉપરનો અર્થ.

वेत्रधारक पु० છડીદાર, દ્વારપાળ.

वेत्रवत् पु० ઉપરના અર્થ.

वेत्रवत् त्रि० છડી-લાકડીવાળું, નેતરવાળું.

वेत्रवती स्त्री० છડીદાર સ્ત્રી, માળવ દેશમાં એક નદી, વૃત્રાસુરની માતા.

वेत्रावती स्त्री० છડીદાર સ્ત્રી, વૃત્રાસુરની માતા.

वेत्रासन न० નેતરનું આસન, નેતરની ખુરશી.

वेत्रासुर पु० તે નામે એક અસુર.

वेत्रिणी स्त्री० છડીદાર સ્ત્રી.

वेत्रिन् पु० છડીદાર, દ્વારપાળ.

वेत्रिन् त्रि० છડીવાળું, લાકડીવાળું, નેતરવાળું.

वेथ् भ्वा० आ० द्विक० सेट् યાચવું, માગવું.

वेद पु० વિષ્ણુ, શાસ્ત્રજ્ઞાન, શાસ્ત્રોક્ત ચરિત્ર, યજ્ઞનું અંગ, દર્ભની મુઠીનો કરેલો એક પદાર્થ, ઋગ્વેદ-યજુર્વેદ-સામવેદ-અથર્વવેદ.

वेद त्रि० જાણનાર, જ્ઞાની, જણાવનાર.

वेदकौलेयक पु० મહાદેવ, શિવ.

वेदगर्भ पु० બ્રહ્મા, વિષ્ણુ, બ્રાહ્મણ.

वेदगुप्ति स्त्री० વેદનું રક્ષણ, વેદને ગુપ્ત રાખવા તે.

वेदज्ञ त्रि० વેદ જાણનાર.

वेदण्ड पु० હાથી.

वेदण्डी स्त्री० હાથણી.

वेदतत्त्व न० વેદનું રહસ્ય.

वेदतत्त्वज्ञ त्रि० વેદના રહસ્યને જાણનાર.

वेदत्रय न० ત્રણ વેદ–ઋક્–યજુઃ–સામ.

वेदत्रयी स्त्री० ઉપરનો અર્થ.

वेदन न० જાણવું, અનુભવવું, ભોગવવું, વિવાહ.

वेदना स्त्री० ઉપરના અર્થ, પીડા, દુઃખ, બૌદ્ધના પાંચ સ્કન્ધપૈકી એક.

वेदनास्कन्ध पु० બૌદ્ધોના પાંચ સ્કન્ધ પૈકી એક.

वेदनिन्दक पु० બૌદ્ધ, નાસ્તિક.

वेदनिन्दक त्रि० વેદની નિંદા કરનાર.

वेदनिन्दा स्त्री० વેદની નિંદા.

वेदनीय त्रि० જાણવા લાયક, જણાવવા લાયક, અનુભવવા યોગ્ય, ભોગવવા લાયક.

वेदपारग त्रि० વેદના પારને પામેલ.

वेदपारगत त्रि० ઉપરનો અર્થ.

वेदपुण्य न० વેદનું પુણ્ય.

वेदमातृ स्त्री० ગાયત્રી મંત્ર.

वेदय त्रि० જાણનાર, પામનાર.

वेदयत् त्रि० જણાવતું.

वेदयितृ त्रि० જણાવનાર.

वेदरक्षण न० વેદનું કક્ષણ.

वेदरक्षा स्त्री० વેદનું રક્ષણ.

वेदरक्षितृ त्रि० વેદનું રક્ષણ કરનાર.

वेदवचन न० વેદનું વચન.

वेदवत् पु० વેદાભ્યાસી દ્વિજ.

वेदवती स्त्री० કુશધ્વજ રાજાની કન્યા.

वेदवाक्य न० વેદનું વચન.

वेदवास पु० બ્રાહ્મણ, બ્રહ્મા.

वेदवित् त्रि० વેદ જાણનાર.

वेदवित् पु० વિષ્ણુ.

वेदविद्वस् त्रि० વેદ જાણનાર.

वेदवृत्त न० વેદનો મત.

वेदव्यास पु० પરાશરનો પુત્ર એક મુનિ.

वेदस् पु० જાણનાર, પામનાર.

वेदसंमत त्रि० વેદે માનેલ.

वेदाङ्ग न० વેદનું અંગ.

वेदादि पु० ૐકાર.

वेदाधिगम पु० વેદનું જ્ઞાન, વેદપ્રાપ્તિ.

वेदाधिगमन न० ઉપરના અર્થ.

वेदाधिप पु० બૃહસ્પતિ-શુક્રાચાર્ય–મંગળ-બુધ, વિષ્ણુ.

वेदाधिपति पु० ઉપરના અર્થ.

वेदाध्ययन न० વેદનો અભ્યાસ.

वेदाध्यायिन् त्रि० વેદનો અભ્યાસ કરનાર.

वेदाध्यापक त्रि० વેદ ભણાવનાર.

वेदाध्यापन न० વેદ ભણાવવો.

वेदान्त पु० ઉપનિષદ્રૂપ વેદ ગ્રંથ, શારીરક સૂત્ર ભાષ્ય વગેરે.

वेदान्तज्ञ त्रि० વેદાંત શાસ્ત્ર જાણનાર.

वेदान्तविद् त्रि० ઉપરનો અર્થ.

वेदान्तिन् त्रि० વેદાંત શાસ્ત્ર જાણનાર.

वेदाभ्यास पु० વેદનો અભ્યાસ.

वेदार पु० કાચંડો, કાકીડો.

वेदारी स्त्री० કાચંડી, કાકીડી.

वेदावास पु० બ્રાહ્મણ, બ્રહ્મા.

वेदि न० અંબષ્ઠા નામે વેલો.

वेदि पु० પંડિત.

वेदि स्त्री० પરિષ્કૃત ભૂમિ, સાફ કરેલી જમીન, આંગળીની વીટી, ઓટલો, વિવાહ વગેરેમાં વેદવિધિથી કરાતી ઓટલી, પશુ બાંધવા માટે કરેલી ડમરૂ આકારની જમીન.

वेदिका स्त्री० મંગલ કર્મ માટે ઘરના દ્વાર વગેરેમાં કરાતી ચોખંડી માટીની ઓટલી.

वेदिजा स्त्री० દ્રૌપદી.

वेदित त्रि० જણાવેલ.

वेदितव्य त्रि० જાણવા લાયક, જણાવવા લાયક.

वेदिता स्त्री० જ્ઞાન, સમજ.

वेदितृ त्रि० જાણનાર.

वेदित्व न० જ્ઞાન, સમજણ.

वेदिन् पु० પંડિત, બ્રહ્મા.

वेदिन् त्रि० જાણનાર.

वेदिनी स्त्री० જાણનારી સ્ત્રી.

वेदी स्त्री० वेदि स्त्री० જુઓ.

वेदोदय पु० સૂર્ય, આકડાનું ઝાડ.

वेदोदित त्रि० વેદે કહેલ, વેદમાં કહેલ.

वेद्य त्रि० જાણવા લાયક.

वेध पु० વીંધવું, વેધ, પરિધિનો નવમો ભાગ, ઉંડાઇ.

वेधक पु० કચૂરો વનસ્પતિ, અમ્લવેતસ.

वेधक न० ધાણા.

वेधक त्रि० વીંધનાર, વેધ કરનાર.

वेधकरण न० વીંધવું.

वेधकर्तृ त्रि० वेधक त्रि० જુઓ.

वेधन न० વીંધવું, ઉંડાઇ.

वेधनिका स्त्री० હાથીના કાન વીંધવાનું અસ્ત્ર, વીંધણી, મણીઆર લોકોનું રત્ન વગેરે વીંધવાનું એક ઓજાર, મેથી.

वेधनी स्त्री० વીંધણી, મણીઆર લોકોનું રત્નો વગેરે વીંધવાનું એક ઓજાર, હાથીઓના કાન વીંધવાનું અસ્ત્ર.

वेधमुख्य पु० કચૂરો વનસ્પતિ.

वेधमुख्यक पु० હળદરનું, ઝાડ.

वेधस् पु० હિરણ્યગર્ભ, બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય, ધોળા આકડાનું ઝાડ, પંડિત, એક એક રાજા.

वेधस न० હાથના અંગુઠાનું મૂળ.

वेधित त्रि० વીંધેલ, છિદ્ર પાડેલ.

वेधिन् त्रि० વીંધનાર.

वेधिनी स्त्री० જળો,મેથી.

वेध्य त्रि० વીધવા લાયક.

वेन् भ्वा० प० स० सेट् જવું.

वेन पु० वेण જુઓ, બ્રહ્મા.

वेन्ना स्त्री० તે નામે એક નદી.

वेप् भ्वा० आ० अ० सेट् કંપવું, ધ્રૂજવું.

वेपथु पु० કંપ, ધ્રૂજ.

वेपन न० કંપવું, ધ્રૂજવું.

वेपमान त्रि० કંપતું, ધ્રૂજતું.

वेपस् न० કંપ, ધ્રૂજ.

वेपस् त्रि० નિર્દોષ.

वेम पु० વણકરોની સાળ.

वेमन् न० पु० ઉપરનો અર્થ.

वेर न० દેહ, શરીર, રીંગણી, કેસર.

वेरक पु० કચૂરો વનસ્પતિ.

वेरट पु० એક નીચ જાતિ–મનુષ્ય.

वेल् भ्वा० प० स० सेट् કંપવું, ચાલવું.

वेल् चु० उभ० स० सेट् સમયનો ઉપદેશ કરવો, વખત જણાવવો.

वेल न० ઉપવન, બગીચો.

वेला स्त्री० કાળ, વખત, મર્યાદા, સમુદ્રનો કીનારો, હોરારૂપી કાળ, સમુદ્રના જળનો વિકાર, અક્લિષ્ટ મરણ, રોગ, ઇશ્વર-ભોજન, બુધની પત્ની.'

वेलाकूल न० તામ્રલિપ્ત દેશ.

वेलामूल न० સમુદ્રનો કિનારો.

वेल्ल् भ्वा० प० स० सेट् ચાલવું, હાલવું.

वेल्ल पु० न० વાવડીંગ.

वेल्ल पु० હાલવું, ચાલવું.

वेल्लज पु० મરી, તીખાં.

वेल्लम न० ઘોડા વગેરેનું જમીન ઉપર લોટવું, હાલવું, ચાલવું, લાકડાનો એક પદાર્થ.

वेल्लना स्त्री०માલાદૂર્વા વનસ્પતિ.

वेल्लन्तर पु० એક વૃક્ષ–वीरतरु.

वेल्लहल पु० છાકટો. લોફર, છીનાળવો.

वेल्लि स्त्री० લતા, વેલો, વેલ.

वेल्लिका स्त्री० એક ઝાડ, વેલો.

वेल्लित न० ગમન, ગતિ, હાલવું.

वेल्लित त्रि० ગયેલ. હાલેલ, ચાલેલ, કંપેલ, વાંકું.

वेल्ली स्त्री० વેલો, વેલ.

वेवी अदा० आ० सेट् મોકલવું, ઇચ્છવું, જવું, વ્યાપ્ત થવું, ફેંકવું, તિરસ્કારવું, ભોજન કરવું स० ગર્ભ ધારણ કરવો अ०

वेश पु० વેશ, અલંકાર વગેરેથી કરેલું રૂપાંતર, વેશ્યાનું ઘર, હરકોઇ ઘર, પ્રવેશ, પેસવું.

वेशक त्रि० પ્રવેશ કરનાર.

वेशक न० ઘર.

वेशकृत् त्रि० વેશ કરનાર, પ્રવેશ કરનાર.

वेशधारिणी स्त्री० વેશ ધારણ કરનારી સ્ત્રી.

वेशधारिन् त्रि० કપટવેશ ધારણ કરનાર, નટ, વેશ ધારણ કરનાર.

वेशन न० ઘર, પ્રવેશ, પેસવું.

वेशन्त पु० નાનું સરોવર, તળાવ, ખાબોચીયું, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

वेशभृत् त्रि० वेशधारिन् જુઓ.

वेशभूषा स्त्री० વેશનો શણગાર.

वेशर पु० ખચ્ચર ઘોડો.

वेशरी स्त्री० ખચ્ચર ઘોડી.

वेशवार पु० કરીયાણું, વસાણું.

वेशिन् त्रि० વેશવાળું.

वेश्मन् न० ઘર.

वेश्मभू स्त्री० ઘર કરવા યોગ્ય સ્થાન.

वेश्य न० વેશ્યાનું ઘર, વેશ્યાવાડો.

वेश्या स्त्री० વેશ્યા સ્ત્રી, પાઠા વનસ્પતિ.

वेश्यागण पु० વેશ્યાઓનો સમૂહ.

वेश्यागुरु पु० વેશ્યાનો ભડવો.

वेश्यागृह न० વેશ્યાનું ઘર.

वेश्याचार्य पु० વેશ્યાનો ભડવો.

वेश्यावार पु० વેશ્યાઓનો સમૂહ.

वेश्याश्रम पु० વેશ્યાનું ઘર, વેશ્યાવાડો.

वेष पु० વેશ, અલંકાર વગેરેથી રૂપાન્તર કરવું તે, વેશ્યાનું ઘર, વેશ્યાવાડો.

वेषण पु० કાસમર્દ વૃક્ષ.

वेषणा स्त्री० ધાણાનું ઝાડ.

वेष्ट् भ्वा० आ० स० सेट् વીંટવું, ઘેરવું.

वेष्ट पु० વીંટવું, ઘેરવું, ઝાડનો રસ-ગુંદર, વાડ, પાઘડી.

वेष्टक न० પાઘડી.

वेष्टक पु० કિલ્લો, ભીંત, કોહળું.

वेष्टक त्रि० વીંટનાર, ઘેરનાર.

वेष्टन न० વીંટવું, ઘેરવું, કાનનું છિદ્ર, પાઘડી, મુકુટ, ગુગળ, વાડ, ભીંત.

वेष्टनीय त्रि० વીંટવા-ઘેરવા યોગ્ય.

वेष्टवंश पु० એક જાતનો વાંસ.

वेष्टसार पु० श्रीवेष्ट જુઓ.

वेष्टित त्रि० વીંટેલ, ઘેરેલ, રોકેલ, નાચનાર.

वेष्टित न० વીંટવું, ઘેરવું, નૃત્ય.

वेस् भ्वा० प० स० सेट् જવું.

वेसन न० ચણા વગેરેની દાળનો લોટ, જવું, ગમન.

वेसर पु० ખચ્ચર ઘોડો.

वेसरी स्त्री० ખચ્ચર ઘોડી.

वेसवार पु० વસાણું, કરીયાણું, પાક, એક ખાણું.

वेह् भ्वा० आ० अ० सेट् યત્ન કરવો.

वेहत् स्त्री० ગર્ભઘાત કરનારી સ્ત્રી.

वेहार पु० બીહાર દેશ.

वेह्व् भ्वा० प० स० सेट् જવું.

वेह्ल् भ्वा० प० स० सेट् જવું.

वै भ्वा० प० अ० स० सेट् સુકાવું, સુકવવું.

वै अव्य० પાદ પૂરણમાં, અનુનયમાં, સંબોધનમાં.

वैंशतिक त्रि० વીસથી ખરીદેલ.

वैकक्ष न० એક જાતનો હાર-જે જનોઇની પેઠે પહેરાય છે, ઉત્તરીય વસ્ત્ર.

वैकक्षक न० જનોઇની પેઠે પહેરેલી એક જાતની માળા.

वैकङ्कत पु० એક જાતનું ઝાડ.

वैकङ्कत त्रि० વિકંકત વૃક્ષસંબંધી.

वैकटिक पु० ઝવેરી.

वैकल्पिक त्रि० વિકલ્પે હોનાર–થનાર, અનિશ્ચિત, પક્ષપ્રાપ્ત.

वैकल्य न० विकलता જુઓ.

वैकाल पु० સાંજ.

वैकुण्ठ पु० વિષ્ણુ, ઇન્દ્ર, ધોળું અબરખ.

वैकुण्ठ न० વિષ્ણુલોક, વિષ્ણુનું ધામ.

वैकृत न० વિકાર, બીભત્સ રસ.

वैकृत त्रि० વિકારથી ઉત્પન્ન થયેલ.

वैकृतापह त्रि० વિકારનો નાશ કરનાર.

वैक्रान्त न० એક જાતનો મણિ.

वैखरी स्त्री० કંઠ વગેરેમાં ઉચ્ચારાતો અર્થબોધક-વર્ણાત્મક એક શબ્દ.

वैखानस पु० વાનપ્રસ્થ એક તાપસ.

वैखानस त्रि० વાનપ્રસ્થ એક તાપસનું–સંબંધી.

वैखानसी स्त्री० વાનપ્રસ્થ એક તાપસની વૃત્તિ, યજ્ઞનું એક પાત્ર.

वैगुण्य न० વિગુણપણું, વિરૂદ્ધ ગુણવાળાપણું, દોષ, ખોટ, ન્યૂનતા, અન્યાય, ગુણરહિતપણું.

वैचक्षण्य न० વિચક્ષણપણું, હોંશીઆરી.

वैचित्र्य न० વિચિત્રતા, વિલક્ષણતા, અદ્ભુતપણું, તરેહ તરેહપણું, આશ્ચર્ય.

वैजनन न० ગર્ભિણીનો પ્રસવકાળ.

वैजयन्त पु० ઈન્દ્રનો મહેલ, ઇન્દ્ર, ઘર, ઇન્દ્રની ધ્વજા, અરણિનું ઝાડ.

वैजयन्तिक त्रि० ધ્વજાવાળું, પતાકાવાળું.

वैजयन्तिका स्त्री० ધ્વજા, પતાકા, એક ઝાડ.

वैजयन्ती स्त्री० ઉપરનો અર્થ.

वैजयि पु० જૈન શાસ્ત્રપ્રસિદ્ધ એક ચક્રવર્તી.

वैजात्य न० વિજાતીપણું.

वैजिक न० સરગવાનું તેલ, કારણ, આત્મા.

वैजिक त्रि० બીજસંબંધી, બીજથી પ્રાપ્ત, બીજથી થયેલ.

वैजिक पु० નવાંકુર.

वैज्ञानिक पु० હોંશીઆર, વિજ્ઞાનશાસ્ત્રી, બૌદ્ધ આગમ.

वैज्ञानिक त्रि० બૌદ્ધાગમ ભણનાર, બૌદ્ધાગમસંબંધી.

वैडाल त्रि० બિલાડાનું. બિલાડા સંબંધી.

वैडालव्रत न० ધર્મકપટ, છળથી ધર્માચરણ, ઢોંગ.

वैडालव्रतिक त्रि० છળથી ધર્માચરણ કરનાર, ઢોંગી, ઉપરથી ધર્મનો ડોળ કરનાર.

वैडूर्य न० वैदूर्य જુઓ.

वैण पु० વાંસ કાપનાર, વાંસનું કામ કરનાર.

वैणव त्रि० વાંસનું, વાંસસંબંધી, વાંસળીનું-સંબંધી.

वैणव न० વાંસનો જવ.

वैणविक त्रि० વાંસળી વગાડનાર.

वैणिक त्रि० વીણા વગાડનાર.

वैणुक न० હાથીને ચલાવવાની લોઢાના મોંવાળી વાંસની લાકડી.

वैणुक त्रि० વાંસળી વગાડનાર.

वैणुकेय त्रि० વાંસનું, વાંસસંબંધી.

वैण्य पु० વેન રાજાનો પુત્ર પૃથુ રાજા.

वैतंसिक त्रि० માંસ વેચી જીવનાર શિકારી.

वैतनिक त्रि० ભાડા ઉપર જીવનાર, પગાર ઉપર જીવનાર, પગારથી કામ કરનાર.

वैतरणि स्त्री० યમદ્વારમાં એક નદી.

वैतरणी स्त्री० ઉપરનો અર્થ.

वैतस पु० અમ્લ વેતસ.

वैतस त्रि० નેતરનું, નેતર સંબંધી.

वैतान त्रि० યજ્ઞનો પવિત્ર અગ્નિ વગેરે.

वैतानिक पु० શ્રૌતવિધિથી અગ્નિનું સ્થાપન.

वैतानिक त्रि० યજ્ઞના પવિત્ર અગ્નિ વગેરે-સંબંધી.

वैतालिक त्रि० મંગળ-સ્તુતિ વગેરેથી રાજાઓને જગાડનાર ભાટ ચારણ વગેરે.

वैतालीय पु० તે નામે એક માત્રાવૃત્ત છંદ.

वैद त्रि० વેદનું, વેદસંબંધી, ડાહ્યાનું, ડાહ્યાસંબંધી.

वैदग्ध न० ડહાપણ, ચતુરાઇ, શઠતા, લુચ્ચાઈ, ચાલાકી.

वैदग्धी स्त्री० ઉપરના અર્થ.

वैदग्ध्य न० वैदग्ध જુઓ.

वैदर्भ पु० વિદર્ભ દેશનો રાજા.

वैदर्भ न० વાકયની કુટિલતા.

वैदर्भी स्त्री० વિદર્ભનો કાયદો, સાહિત્યપ્રસિદ્ધ એક કાવ્યરચના, નળરાજાની પત્ની દમયંતી, અગસ્ત્યની પત્ની, શ્રી કૃષ્ણની એક રાણી.

वैदल न० ભિક્ષુકનું એક ભિક્ષાપાત્ર.

वैदल पु० મસાલેદાર ઘીની પોળી.

वैदिक पु० વેદ જાણનાર બ્રાહ્મણ.

वैदिक त्रि० વેદોકત કર્મ વગેરે.

वैदुषी स्त्री० વિદ્વાનપણું. પંડિતાઇ.

वैदुष्य न० વિદ્વત્તા, પંડિતાઇ.

वैदूर्य न० એક જાતનો મણી.

वैदेशिक त्रि० વિદેશનું, પરદેશી.

वैदेह पु० વેપારી, શૂદ્રથી વૈશ્યમાં ઉત્પન્ન થયેલો એક વર્ણસંકર, વિદેહરાજા જનક.

वैदेह त्रि० વિદેહ દેશનું, વિદેહ દેશમાં હોનાર-થનાર.

वैदेहिक पु० बैदेह पु० જુઓ.

वैदेही स्त्री० શૂદ્રથી વૈશ્યમાં ઉત્પન્ન થયેલી એક વર્ણસંકરની સ્ત્રી, વેપારી સ્ત્રી, સીતા, હળદર, પીપર.

वैद्य पु० વિદ્વાન, પંડિત, વૈદ્ય, અરડુસાનું ઝાડ.

वैद्यक न० આયુર્વેદ-ચિકિત્સાશાસ્ત્ર.

वैद्यनाथ पु० તે નામે એક દેશ, તે નામે એક ભૈરવ, ધન્વંતરિ, તે નામે એક શિવલિંગ.

वैद्यबन्धु पु० ગરમાળાનું ઝાડ.

वैद्यमातृ स्त्री०. અરડુસાનું ઝાડ.

वैद्यसिंही स्त्री० ઉપરનો અર્થ.

वैद्या स्त्री० કાકોલી વનસ્પતિ.

वैध त्रि० વિધિપ્રતિપાદ્ય, વિધિથી પ્રાપ્ત, વિધિ પ્રમાણે.

वैधर्म्य न० વિરૂદ્ધ ધર્મપણું, જૂદા ધર્મપણું, અન્યલક્ષણ.

वैधव्य न० વિધવાપણું.

वैधहिंसा स्त्री० વેદોક્ત હિંસા.

वैधात्र पु० સનત્કુમાર વગેરે મુનિ.

वैधात्री स्त्री० બ્રાહ્મી વનસ્પતિ.

वैधृति पु० વૈષ્કંભ વગેરે યોગમાંહેનો છેલ્લો યોગ, સૂર્યચંદ્રના ક્રાંતિસામ્યથી આણેલ અશુભસૂચક એક અગ્નિ.

वैधेय पु० મૂર્ખ.

वैध्यत पु० યમદેવનો પ્રતિહાર-દ્વારપાળ.

वैनतेय पु० ગરૂડ, અરૂણ.

वैनयिक त्रि० વિનયવાળું.

वैनायिक त्रि० બૌદ્ધાગમ.

वैनायिक पु० બૌદ્ધાગમ જાણનાર, બૌદ્ધ.

वैनाशिक पु० બૌદ્ધાગમ, કરોળીયો.

वैनाशिक त्रि० બૌદ્ધાગમ જાણનાર, બૌદ્ધ, ક્ષણિક, પરતન્ત્ર.

वैनीतक पु० न० પાલખી-ડોલી-વગેરે.

वैन्य पु० પૃથુ રાજા.

वैपरोत्य न० વિપરીતપણું, વિપર્યય.

वैपरीत्या स्त्री० લજ્જાલુ લતા-રીસામણીનો વેલો.

वैबधिक त्रि० वैवधिक જુઓ.

वैभव न० વિભુપણું, વૈભવ, વિભૂતિ, સમૃદ્ધિ.

वैभ्र न० વિષ્ણુ લોક.

वैभ्राज न० દેવ લોકમાં એક બગીચો.

वैमात्र न० સાવકો ભાઈ.

वैमात्री स्त्री० સાવકી બહેન.

वैमात्रेय पु० સાવકો ભાઇ.

वैमात्रेयी स्त्री० સાવકી બહેન.

वैमानिक पु० ब० જૈનાગમપ્રસિદ્ધ દેવ.

वैमानिक त्रि० વિમાનનું. વિમાન સંબંધી.

वैमुख्य न० વિમુખપણું, વિમુખતા, વિરોધ.

वैमेय पु० विनिमय જુઓ.

वैयधिकरण्य न० વ્યધિકરણપણું, ભિન્ન વિભક્તિ–ભિન્ન લિંગ–ભિન્ન વચનપણું.

वैयाकरण त्रि० વ્યાકરણ શાસ્ત્રી, વ્યાકરણ જાણનાર, વ્યાકરણ ભણનાર.

वैयाघ्र पु० વાઘના ચામડાથી મઢેલો રથ.

वैयाघ्रपद्य पु० ગોત્રકારક એક મુનિ.

वैयात्य न० બે અદબી, જંગલીપણું, નિર્લજ્જપણું.

वैयासकि पु० વ્યાસપુત્ર શુકદેવ.

वैयासिक त्रि० વ્યાસે કહેલ.

वैयासिकी स्त्री० વ્યાસે રચેલ સંહિતા.

वैर न० વિરોધ, દ્વેષ, વીરપણું, શૌર્ય, દુશ્મનાવટ.

वैरकर त्रि० વિરોધ કરનાર, દ્વેષ કરનાર.

वैरकार त्रि० ઉપરના અર્થે.

वैरक्त्य न० વિરાગ, વૈરાગ્ય.

वैरङ्गिक त्रि० વિરાગને યોગ્ય, વિરાગી.

वैरनिर्यातन न० વૈરનો બદલો, વેર વાળવું.

वैरप्रतिक्रिया स्त्री० ઉપરના અર્થે.

वैरप्रतिकार पु० ઉપર પ્રમાણે.

वैरशुद्धि स्त्री० वैरनिर्यातन જુઓ.

वैराग त्रि० વિરાગ, વૈરાગ્ય.

वैरागिक त्रि० वैरङ्गिक જુઓ.

वैराग्य न० વિષયવાસના રહિતપણું, આ લોક-પરલોકના વિષય–ઉપર અપ્રીતિ, અરૂચિ, કંટાળો.

वैराट त्रि० વિરાટસંબંધી, વિરાટનુ.

वैराट पु० ઇન્દ્રગોપ કીડો.

वैरातङ्क पु० અર્જુન વૃક્ષ–સાદડાનું ઝાડ.

वैरानुबन्धिन् त्रि० દ્વેષને યોગ્ય કરનાર, વૈરભાવને ઘટતું કરનાર, વૈરને અનુસરનાર.

वैरायमाण त्रि० વૈર કરતું.

वैरिन् त्रि० શત્રુ, વીર.

वैरूप्य न० વિરૂપપણું, બેડોળપણું, ખરાબ રૂપવાળાપણું, અવળું થવું, વસ્તુનો એક વિકાર, અયોગ્યપણું.

वैरोचन पु० અગ્નિનો પુત્ર, સૂર્યનો પુત્ર, બલિ રાજાનો પુત્ર એક દાનવ, તે નામે બુદ્ધ, સિદ્ધગણ.

वैरोचननिकेतन न० પાતાળ.

वैरोचनि पु० वैरोचन જુઓ.

वैरोट्या स्त्री० જૈનાગમપ્રસિદ્ધ સોળ વિદ્યાદેવીઓ પૈકી તેરમી વિદ્યા દેવી.

वैलक्ष्य न० શરમ, લજ્જા, સ્વભાવની વિલક્ષણતા.

वैलक्षण्य न० વિલક્ષણપણું, વિશિષ્ટતા.

वैलव त्रि० બીલીનું, બીલીસંબંધી.

वैवधिक त्रि० વેપારી, અન્ન વગેરેનો વેપારી.

वैवर्ण्य न० મલિનતા, ફીકાશ, નિસ્તેજપણું

वैवस्वत पु० યમદેવ, અગ્નિ, એક રૂદ્ર, સાતમો મનુ, ચિત્રાનું ઝાડ.

वैवस्वत त्रि० યમસંબંધી, અગ્નિસંબંધી, સાતમા મનુ સંબંધી, તે નામે રૂદ્રસંબંધી.

वैवस्वती स्त्री० દક્ષિણ દિશા.

वैवाहिक त्रि० વિવાહને યોગ્ય, વિવાહ સંબંધી, વિવાહથી સંબંધવાળું.

वैवाहिकी स्त्री० વિવાહની ક્રિયા.

वैशद्य न० સ્પષ્ટપણું, સફેતી, ધોળાશ, નિમ તા.

वैशम्पायन न० વ્યાસનો શિષ્ય એક મુનિ.

वैशस न० હિંસા, ક્રૂરતા.

वैशस त्रि० હિંસક, ક્રૂર.

वैशाख पु० વૈશાખ મહિનો, તે નામે એક ગુરૂવર્ષ, રવૈયો.

वैशाख न० ધનુર્ધારીઓનું એક આસન.

वैशाखी स्त्री० વૈશાખ મહિનાની પૂનેમ.

वैशिक पु० વેશ્યામાં આસક્ત પુરૂષ.

वैशिष्ट्य न० ભેદ, વિશેષતા, વિશેષ્ય-વિશેષણસંબંધી વિશેષબુદ્ધિનિયામક એક સંબંધ.

वैशेषिक न० કણાદમુનિકૃત એક શાસ્ત્ર.

वैशेषिक त्रि० વૈશેષિક શાસ્ત્ર જાણનાર, વૈશેષિક શાસ્ત્રસંબંધી.

वैशेष्य न० वैशिष्ट्य જુઓ.

वैश्य पु० વૈશ્ય વર્ણ, વેપારી, વાણીયો.

वैश्यकर्मन् न० નીચેનો શબ્દ જુઓ.

वैश्यक्रिया स्त्री० વેપાર, ખેતી વગેરે વૈશ્યનો ધંધો.

वैश्यवृत्ति स्त्री० ઉપરના અર્થ.

वैश्या स्त्री० વૈશ્ય સ્ત્રી, વાણીયણ.

वैश्रवण पु० કુબેર.

वैश्रवणालय पु० વડનું ઝાડ, કુબેરની નગરી.

वैश्रवणावास पु० વડનું ઝાડ, કુબેરની નગરી.

वैश्वदेव पु० વિશ્વદેવોને આપવા યોગ્ય બલિનું કર્મ.

वैश्वदेवकर्मन् न० વિશ્વદેવોને આપવા યોગ્ય બલિનું કર્મ.

वैश्वानर पु० અગ્નિ, ચેતન, ચિત્રાનું ઝાડ, અગ્નિલોકનો અધિપતિ અગ્નિ.

वैश्वानरी स्त्री० વર્ષના આરંભમાં થતો એક યજ્ઞ.

वैश्वी स्त्री० ઉત્તરાષાઢા નક્ષત્ર.

वैषम्य न० વિષમતા, વિલક્ષણતા, ભેદ.

वैषयिक त्रि० વિષયસંબંધી, વિષયનું સુખ દુઃખ વગેરે.

वैष्टुत न० હોમની ભસ્મ.

वैष्टुत त्रि० વિષ્ટુતિસાધ્ય યજ્ઞ વગેરે.

वैष्ट्र पु० વિષ્ટપ, ભુવન, જગત, સ્વર્ગ, વાયુ, વિષ્ણુ.

वैष्णव पु० વિષ્ણુનો ઉપાસક, વિષ્ણુનો ભક્ત.

वैष्णव त्रि० વિષ્ણુનું, વિષ્ણુસબંધી, વિષ્ણુ જેનો દેવ છે તેવું હવિષ વગેરે.

वैष्णव न० વિષ્ણુનું સ્થાન, વિષ્ણુ પુરાણ.

वैष्णवी स्त्री० વિષ્ણુની શક્તિ.

वैसारिण पु० માછલું.

वैसारिणी स्त्री० માછલી.

वैसूचन न० નાટકમાં સ્ત્રીવેશ ધારણ કરનાર પુરૂષ.

वैहार्य त्रि० મશ્કરી કરવા યોગ્ય સાળો વગેરે.

वैहासिक पु० વિદૂષક, ભાંડ, મશ્કરો.

वोटा स्त्री० ચાકરડી, ગુલામડી.

वोड्र पु० એક જાતનો સર્પ, એક જાતનું માછલું.

वोड्री स्त्री० એક જાતની સાપેણ, એક જાતની માછલી, પળનો ચતુર્થાંશ.

वोढु पु० તે નામે એક મુની.

वोढृ त्रि० વહેનાર, ઉંચકનાર, મજૂર, એક ઠેકાણેથી બીજે ઠેકાણે પહોંચાડનાર, ભાર લઈ જનાર, મૂઢ, મૂર્ખ.

वोढृ पु० પરણનાર, વર, બળદ, પુત્ર.

वोद त्रि० ભીનું.

वोदाल पु० એક જાતનું માછલું.

वोदाली स्त्री० એક જાતની માછલી.

वोरक पु० લેખક, લહીઓ.

वोरट पु० મોગરો, ડોલર વૃક્ષ.

वोरपट्टी स्त्री० એક જાતની સાદડી.

वोरुखान पु० એક જાતનો ઘોડો.

वोरुखानी स्त्री० એક જાતની ઘોડી.

वोल पु० બોલ, ગંધરસ.

वोलक पु० ઉપરનો અર્થ, લેખક, લહીઓ.

वोल्लाह पु० ધોળી કેશવાળી અને ધોળા પૂછડાવાળો ઘોડો.

वोल्लाही स्त्री० ધોળી કેશવાળી અને ધોળા પૂછડાવાળી ઘોડી.

वोशि स्त्री० જન્મકાળે સૂર્યથી બીજા સ્થાનમાં રહેલ વિચન્દ્ર ગ્રહ, પૃથ્વી અને પાણીમાં જીવી શકનાર એક જાતનું પ્રાણી.

वोहित्थ न० વહાણ.

वौषट् अव्य० દેવોને ઉદ્દેશી હવિષનો ત્યાગ.

व्यंशक पु० પર્વત.

व्यंशुक त्रि० વસ્ત્ર રહિત, નગ્ન.

व्यंसक पु० ધૂર્ત, ઠગ, છેતરનાર.

व्यंसक त्रि० ખાંધ વગરનું.

व्यंसन न० ઠગવું, છેતરવું.

व्यंसनीय त्रि० ઠગવા લાયક, છેતરવા લાયક.

व्यंसित त्रि० ઠગેલ, છેતરેલ.

व्यक्त त्रि० સ્ફુટ, સ્પષ્ટ, પ્રકટ કરેલ, ખુલ્લું, ડાહ્યું, સ્થૂલ.

व्यक्त पु० વિષ્ણુ.

व्यक्तता स्त्री० સ્પષ્ટપણું, પ્રકટપણું, ખુલ્લાપણું, સ્થૂલપણું, ડહાપણ.

व्यक्तत्व न० ઉપરના અર્થ.

व्यक्तदृष्टार्थ पु० સાક્ષાત જોનાર સાક્ષી.

व्यक्तदृष्टृ त्रि० ઉપરનો અર્થ, સ્પષ્ટ જોનાર.

व्यक्तरूप पु० વિષ્ણુ.

व्यक्ति स्त्री० પ્રકાશ, મનુષ્ય, જુદી જુદી વસ્તુ, પ્રકટપણું, સ્પષ્ટતા.

व्यक्तीकरण न० સ્પષ્ટ કરવું, ખુલ્લું કરવું.

व्यक्तीकृत त्रि० સ્પષ્ટ કરેલ, ખુલ્લું કરેલ.

व्यक्तीभवन न० સ્પષ્ટ થવું, ખુલ્લા થવું.

व्यक्तीभूत त्रि० સ્પષ્ટ થયેલ, ખુલ્લુ થયેલ.

व्यक्तोदित त्रि० સ્પષ્ટ કહેલ, ખુલ્લુ કહેલ, સ્પષ્ટ ઉદય પામેલ.

व्यग्र त्रि० વ્યાકુળ, આસક્ત.

व्यग्र पु० વિષ્ણુ.

व्यग्रता स्त्री० વ્યાકુળતા, આસક્તિ.

व्यग्रत्व न० ઉપરના અર્થ.

व्यङ्ग न० વિકળ અંગ, ખોટવાળું અંગ, ગયેલું અંગ.

व्यङ्ग त्रि० વિકળ અંગવાળું, ખોટવાળા અંગવાળું, ગયેલા અંગવાળું.

व्यङ्ग पु० દેડકો, મુખનો એક રોગ.

व्यङ्गार त्रि० અંગારા વિનાનું.

व्यङ्गी स्त्री० દેડકી.

व्यङ्ग्य पु० વ્યંજના વૃત્તિથી જાણવા યોગ્ય અર્થ.

व्यङ्ग्य त्रि० પ્રકાશ કરવા યોગ્ય.

व्यच् तुदा० प० सेट् બહાનું કરવું અ० સંબંધ કરવો स०.

व्यजन न० વીંઝણો, પંખો.

व्यञ्जक पु० વ્યંજના વૃત્તિથી અર્થ જણાવનાર શબ્દ, હૃદયના ભાવ વગેરેને પ્રકટ કરનાર અભિનય.

व्यञ्जन न० દાળ-શાક વગેરે, ચિન્હ, નીશાની, દાઢી, મૂછ, સ્ત્રી પુરૂષનું ગુહ્ય અંગ, અવયવ, ભાવ, દિવસ, વ્યંજન-અક્ષર, શબ્દની એક વૃત્તિ.

व्यञ्जना स्त्री० શબ્દની એક વૃત્તિ.

व्यञ्जित त्रि० પ્રકાશેલ, પ્રકટ કરેલ.

व्यञ्जित पु० વ્યંજના વૃત્તિથી જણાયેલ અર્થ.

व्यञ्जिजिषत् त्रि० પ્રકટ કરવા ઇચ્છતું, પ્રકાશ કરવા ઇચ્છતું.

व्यञ्जिजिषा स्त्री० પ્રકટ કરવાની ઇચ્છા, પ્રકાશ કરવાની ઇચ્છા.

व्यञ्जिजिषु त्रि० પ્રકટ કરવા ઇચ્છનાર, પ્રકાશ કરવા ઇચ્છનાર.

व्यडम्बक पु० એરંડાનું ઝાડ.

व्यतिकर पु० વ્યતિસંબંધ, વ્યસન, દુઃખ, સંકટ, મિશ્રપણું, સેળભેળ કરવું. પરસ્પર સંબંધ, બનાવ, પ્રસંગ, તક, વારાફરતી બનવું.

व्यतिक्रम पु० ઓળંગવું, ઉલ્લંઘન, વિપર્યય, ઉલટપણું, વિશેષે ઓળંગવું.

व्यतिक्रान्त त्रि० ઓળંગેલ, વિપરીત.

व्यतिरिक्त त्रि० ભિન્ન, જૂદું.

व्यतिरेक पु० વિશેષે કરી ઓળંગવું, અભાવ, વિના, સિવાય, તે નામે એક અર્થાલંકાર.

व्यतिरेकव्याप्ति स्त्री० સાધ્યભાવવ્યાપકીભૂત અભાવપ્રતિયોગિત્વરૂપ એક વ્યાપ્તિ.

व्यतिरेकिन् न० ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ એક અનુમાન.

व्यतिरेकिन् त्रि० ઓળંગનાર, ભેદવાળું, અભાવવાળું.

व्यतिषक्त त्रि० પરસ્પર જોડાયલું, મળેલું, ગુંથાયલું.

व्यतिषङ्ग पु० પરસ્પર મળવું, અન્યોન્યાશ્રય.

व्यतिषङ्गवत् त्रि० પરસ્પર મળનાર, અન્યોન્યાશ્રયવાળું.

व्यतिहार पु० બદલો, પરસ્પર એક જાતની ક્રિયા કરવી.

व्यतीत त्रि० ગયેલ, વીતેલ.

व्यतीपात पु० એક જાતનો મોટો ઉત્પાત, અપમાન, જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ, પડવું, પડતી.

व्यतीहार पु० व्यतिहार જુઓ.

व्यत्यय पु० ઓળંગવું, વિપર્યય, ઉલટપણું, સામ.પણું.

व्यत्यस्त त्रि० ઉલટું, વિરૂદ્ધ.

व्यत्यास पु० व्यत्यय જુઓ.

व्यथ् भ्वा० आ० स० सेट् ભય પામવો, દુઃખ પામવું, ચળવું, ગભરાવું.

व्यथन न० પીડા કરવી, દુઃખ દેવું.

व्यथा स्त्री० પીડા, દુઃખ.

व्यथाकर त्रि० પીડા કરનાર, દુઃખ કરનાર.

व्यथारहित त्रि० પીડા વગરનું, દુઃખરહિત.

व्यथित त्रि० પીડા પામેલ, દુઃખી થયેલ.

व्यध् दिवा० प० स० अनिट् મારવું, વીંધવું.

व्यध पु० વેધ છિદ્ર કરવું, ભેદવું, ચીરવું, ફાડવું.

व्यधन न० ઉપરના અર્થ.

व्यधिकरण न० સમાન વિભક્તિમાં ન હોવાપણું, કોઈ પદાર્થનું જૂદે જૂદે હોવાપણું.

व्यधिकरण पु० જૂદી જૂદી વિભક્તિઓવાળા શબ્દોનો એક બહુવ્રીહિસમાસ.

व्यधिकरणबहुव्रीहि पु० ઉપરનો અર્થ.

व्यधिकरण्य न० વ્યધિકરણપણું, જૂદી જૂદી વિભક્તિવાળાપણું.

व्यध्य त्रि० મારી નાખવા લાયક, વીંધવા લાયક.

व्यध्व पु० નીશાન, લક્ષ્ય.

व्यध्व पु० ખરાબ માર્ગ.

व्यनुवाद पु० ફેલાતો શબ્દ.

व्यप् चु० उभ० स० सेट् ક્ષય પમાડવો, ક્ષય કરવો.

व्यपदेश पु० કહેવું, સંજ્ઞા, કપટપણું, બહાનું, મુખ્ય વ્યવહાર, બતાવવું.

व्यपदेशिन् त्रि० મુખ્ય વ્યવહારનો વિષય કોઈ પદાર્થ.

व्यपदेशिवत् अव्य० મુખ્ય વ્યવહારના વિષય કોઈ પદાર્થની પેઠે.

व्यपदेशिवद्भाव पु० મુખ્ય વ્યવહારના વિષય કોઇ પદાર્થની સમાનતા.

व्यपदेष्टृ त्रि० બહાનું કરનાર, ઠગનાર, કપટ કરનાર, બતાવનાર.

व्यपनयन न० દૂર કરવું, ખસેડવું.

व्यपनीत त्रि० દૂર કરેલ, ખસેડેલ.

व्यपरोपण न० છેદવું, ઉખેડી નાખવું, મારી નાખવું, પ્રાણવિમુક્ત કરવું.

व्यपरोपित त्रि० છેદેલ, ઉખેડી નાખેલ, મારી નાખેલ, પ્રાણવિયુક્ત કરેલ.

व्यपाकृत त्रि० નિરાકરણ કરેલ, ના પાડેલ, અસ્વીકારેલ, ખંડન કરેલ, કપાવેલ.

व्यपाकृति स्त्री० નિરાકરણ, ના પાડવી તે, અસ્વીકાર, ખંડન, ગોપવું, છુપાવવું.

व्यपाश्रय पु० આશ્રય.

व्यपाश्रित त्रि० આશ્રિત, આશ્રયવાળું.

व्यपेक्ष त्रि० દરકાર વિનાનું, બેદરકાર, રાહ જોતું.

व्यपेक्षण न० દરકાર રાખવી નહિ તે, રાહ જોવી.

व्यपेक्षा स्त्री० ઉપરના અર્થ, વ્યાકરણપ્રસિદ્ધ પરસ્પર મિલિત પદોનો પરસ્પર અન્વય.

व्यपेक्षित त्रि० દરકાર નહિ કરેલ, રાહ જોયેલ.

व्यपेत त्रि० દૂર થયેલ, ગયેલ.

व्यपोढ त्रि० સામું, ઉલટું, વિરૂદ્ધ, પ્રતિકૂલ.

व्यभिचार पु० નિંદિત આચાર, સ્ત્રીનો પરપુરૂષસંગ અને પુરૂષનો પરસ્ત્રીસંગ, ન્યાય વગેરેમાં પ્રસિદ્ધ એક હેતુદોષ, તે નામે એક હેત્વાભાસ, નિયમનો ભંગ, અવળે માર્ગે ગમન.

व्यभिचारिन् पु० અલંકાર શાસ્ત્રપ્રસિદ્ધ રસને પ્રકટ કરવાના અંગરૂપ નિર્વેદ વગેરે સંચારિ ભાવ.

व्यभिचारिन् त्रि० વ્યભિચાર કરનાર, દુરાચારી, ચારિત્ર્યભ્રષ્ટ.

व्यभ्र त्रि० વાદળાં વિનાનું.

व्यय् भ्वा० उभ० स० सेट् ત્યાગ કરવો, ખરચવું, તજવું.

व्यय् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

व्यय् चु० उभ० स० सेट् શબ્દ કરવો.

व्यय पु० ખર્ચ, ખરચવું, ધન વગેરે વાપરવું, જવું, ઓછા થવું.

व्ययत् त्रि० ખરચતું, વાપરતું, ઉડાઉ.

व्ययन न० व्यय જુઓ.

व्ययमान त्रि० ખરચતું, વાપરતું, ઉડાઉ.

व्ययित त्रि० ખરચેલ, વાપરેલ, ક્ષય થયેલ.

व्ययिन् त्रि० ખરચનાર, વાપરનાર, ઉડાઉ.

व्ययीकरण न० ખરચ કરવો, ખરચવું.

व्ययीकृत त्रि० ખરચેલ, વાપરેલ.

व्ययीभवन न० ખરચ થવું.

व्ययीभूत त्रि० ખરચ થયેલ.

व्यर्थ त्रि० નિષ્પ્રયોજન, નિષ્ફળ, અર્થશૂન્ય, નકામું.

व्यर्थक त्रि० ઉપરના અર્થ.

व्यर्थता स्त्री० વ્યર્થપણું.

व्यर्थत्व न० વ્યર્થપણું.

व्यर्थीकरण न० વ્યર્થ કરવું.

व्यर्थीकृत त्रि० વ્યર્થ કરેલ.

व्यर्थीभवन न० વ્યર્થ થવું.

व्यर्थीभूत त्रि० વ્યર્થ થયેલ.

व्यलीक न० અકાર્ય, વિલખાપણું, અપરાધ, અપ્રિય, અસત્ય, ઠગાઈ, ગતિનું ઉલટાપણું, દુઃખ.

व्यलीक त्रि० અકાર્યવાળું, અપરાધી, અપ્રિય, જૂઠવાળું, ઠગ, ઉલટું, દુઃખી.

व्यलीकता स्त्री० જૂઠાણું, અપ્રીતિ, ભૂલ, દુઃખ.

व्यलीकत्व न० ઉપરના અર્થ.

व्यवकलन न० વિયુક્ત કરવું, છૂટું કરવું, બાદ કરવું, દૂર કરવું, હીન કરવું.

व्यवकलित न० ઉપરના અર્થ.

व्यवकलित त्रि० વિયુક્ત કરેલ, છૂટું કરેલ, બાદ કરેલ, દૂર કરેલ, હીન કરેલ.

व्यवक्रुष्ट त्रि० ગાળો દીધેલ, નિંદેલ.

व्यवक्रोशन न० ગાળો દેવી, નિંદા કરવી.

व्यवच्छिन्न त्रि० છેદેલ, કાપેલ, જૂદું કરેલ, ભાગ કરેલ, વિશેષવાળું.

व्यवच्छेद पु० જૂદું કરવું, વિશેષ કરવું, મૂકવું, બાણ છોડવું, છેદવું, ભાગ કરવો.

व्यवतिष्ठमान त्रि० વ્યવસ્થિત કરતું, ગોઠવતું.

व्यवधा स्त्री० વ્યવધાન, વચ્ચે આવવું, વચ્ચે થવું, અંતર, ઢાંકણ, કોઈ બે વસ્તુ વચ્ચે કોઇનું આચ્છાદન, સંતાડવું, છુપાવવું, અદ્રશ્ય થવું.

व्यवधान न० ઉપરના અર્થ, છુપાઇ જવું.

व्यवधायक त्रि० વ્યવધાન કરનાર, ઢાંકનાર, વચ્ચે કરનાર, વચ્ચે આવનાર, સંતાડનાર, છુપાવનાર.

व्यवधि पु० व्यवधान જુઓ.

व्यवसाय पु० ઉદ્યમ, નિશ્ચય, ઉપજીવિકા, કંઇક કરવું તે, ધારણા, ઠરાવ, વિષ્ણુ.

व्यवसायात्मक त्रि० ઉદ્યોગી, ઠરાવવાળુ, નિશ્ચયવાળુ.

व्यवसायात्मिका स्त्री० નિશ્ચયસ્વરૂપ બુદ્ધિ વગેરે.

व्यवसायिन् त्रि० ઉદ્યોગી, મહેનતુ, આજીવિકાવાળુ, નિશ્ચયવાળુ, કામે લાગેલ, ઠરાવવાળું.

व्यवसित न० નિશ્ચય, ઉદ્યોગ, ઠરાવ, કાર્ય, આજીવિકા, ધારણા.

व्यवसित त्रि० નિશ્ચય કરેલ, ઉદ્યોગ કરેલ, ઠરાવેલ, ધારેલ.

व्यवस्था स्त्री० શાસ્ત્રમર્યાદા, ગોઠવવું, રીતસર કરવું, ઠરાવ, ગોઠવણ, ન્યાયાધીશનો હુકમ, દૂર કરવું, મૂકવું, સ્થાપવું, શાસ્ત્રોક્તનું બીજા વિષયના ત્યાગપૂર્વક અંદર કરવું, અમુક વિષયમાં સ્થાપન, શરત, કાયદો.

व्यवस्थातिक्रम पु० વ્યવસ્થા ઓળંગવી, શાસ્ત્રમર્યાદાનો ત્યાગ કરવો, શરતનો ભંગ કરવો, ઠરાવ તોડવો, કાયદાનો ભંગ.

व्यवस्थातिवर्तन न० ઉપરના અર્થ.

व्यवस्थान न० व्यवस्था જુઓ.

व्यवस्थान पु० વિષ્ણુ.

व्यवस्थापन न० સ્થાપવું, મૂકવું, વ્યવસ્થા કરવી, નક્કી કરવું, નીમવું, જૂદુ કરવું, નિયમિત કરવું.

व्यवस्थित त्रि० સ્થાપેલ, મૂકેલ, વ્યવસ્થા કરેલ, નીમેલ, નિયમિત કરેલ, નક્કી કરેલ, મર્યાદામાં મૂકેલ.

व्यवस्थितविभाषा स्त्री० 'કોઇ ઠેકાણે પ્રવૃત્તિ, કોઈ ઠેકાણે અપ્રવૃત્તિ' વગેરે પ્રકારનો વ્યાકરણ શાસ્ત્રમાં કહેલો એક વિકલ્પ.

व्यवहरणीय त्रि० નીચે જુઓ.

व्यवहर्तव्य त्रि० વ્યવહાર કરવા યોગ્ય, બોલવા લાયક, કહેવા યોગ્ય, કાયદેસર કરવા લાયક.

व्यवहर्तृ त्रि० વ્યવહાર કરનાર, ન્યાયાધીશ, જજ.

व्यवहार पु० અમુક કોઇ અર્થનો બોધ કરવા માટે અમુક કોઇ શબ્દનો પ્રયોગ, સાથે બેસવા ઉઠવા જમવા વગેરેનો વ્યવહાર, ધારો, રૂઢી, ધંધો, રોજગાર, ફોજદારી—દીવાની—વગેરે કાયદાનો વ્યહવાર.

व्यवहारकरण न० વ્યવહાર કરવો.

व्यवहारकर्तृ त्रि० વ્યવહાર કરનાર.

व्यवहारज्ञ त्रि० વ્યવહાર જાણનાર.

व्यवहारदर्शन न० વ્યવહારની તપાસ, વ્યવહાર જોવો.

व्यवहारद्रष्टृ त्रि० વ્યવહાર તપાસનાર-જોનાર.

व्यवहारपद न० વ્યવહારનો વિષય, વ્યવહારનું સ્થાન.

व्यवहारप्राप्त त्रि० વ્યવહારથી પ્રાપ્ત થયેલ, વ્યવહારને પામેલુ.

व्यवहारमातृका स्त्री० વ્યવહારને માટે ન્યાયાધીશ વગેરેએ કરવા યોગ્ય ક્રિયા-સમુદાય.

व्यवहारिक त्रि० વ્યવહારના પ્રયોજનવાળુ, વ્યવહારને યોગ્ય કોઇ વસ્તુ વગેરે, વહેપારી, વ્યવહારમાં ગુંથાએલું.

व्यवहारिकसत्ता स्त्री० વ્યવહારમાં ઉપયોગી વસ્તુની સત્તા–હોવાપણું.

व्यवहारिका स्त्री० લોકરૂઢી, ઈંગોળીઆંનું ઝાડ, સાવરણી.

व्यवहारिन् त्रि० વ્યવહારવાળું, વહેપારી, કાયદાને અનુસરતું.

व्यवहार्य त्रि० व्यवहर्तव्य જુઓ.

व्यवहास पु० પરસ્પર હસવું.

व्यवहित त्रि० વ્યવધાનવાળુ, વચ્ચે કંઇ અંતરવાળુ.

व्यवाय पु० ગ્રામ્યધર્મ–મૈથુન, અંતર્ધાન, ઢાંકવું.

व्यवाय न० તેજ.

व्यवायिन् त्रि० ગ્રામ્યધર્મ કરનાર, મૈથુન કરનાર.

व्यसन न० વિપત્તિ, દુઃખ, સંકટ, ભ્રષ્ટ થવું, કામથી ઉત્પન્ન થયેલ સ્ત્રીભોગ–મદ્યપાન વગેરે દોષ, કોપથી ઉત્પન્ન થયેલ દોષ, દૈવાદિકૃત ઉપદ્રવ, પાપ, દુર્ભાગ્ય, દુર્દૈવનું પરિણામ, નિષ્ફળ ઉદ્યમ, આસક્તિ, નાલાયકી, પડવું તે, વાયુ.

व्यसनप्रहारिन् त्रि० દુઃખ દેતુ, પીડતું, દુઃખમાં માર મારતુ.

व्यसनार्त त्रि० દૈવાદિકૃત ઉપદ્રવવાળુ; દુઃખી.

व्यसनिता स्त्री० દુઃખીપણુ, વ્યસનીપણું.

व्यसनित्व न० ઉપરના અર્થ.

व्यसनिन् त्रि० દુઃખી, વ્યસની.

व्यसनीय पु० છીનાળવો.

व्यसु त्रि० મરણ પામેલ, પ્રાણરહિત.

व्यस्त त्रि० વ્યાકુળ, વ્યાપ્ત, વહેંચાયલું, છૂટું, ભાગ પાડેલ, વિપરીત, એકત્ર પદાર્થમાં એક એક, સમસ્તભિન્ન, ઉલ્લંઘન.

व्यस्तता स्त्री० વ્યાકુળતા, છુટાપણું, વિભાગ કરવા, વિપરીતપણું.

व्यस्तत्व न० ઉપરના અર્થ.

व्यस्तपद न० વ્યાકુળતા, ગભરાટ.

व्यस्तार पु० હાથીના ગંડસ્થળમાંથી નીકળતું મદજળ.

व्याकरण न० શબ્દ સિદ્ધ કરનારૂ શાસ્ત્ર, વેદાંતમાં કહેલ નામ–રૂપ વડે જગતનું વિકાસન.

व्याकार पु० વિરૂદ્ધ આકાર, આકારમાં ફેરફાર.

व्याकुल त्रि० રોગ વગેરેથી વ્યાકુળ, ગભરાયલુ.

व्याकुलता स्त्री० વ્યાકુળપણું, ગભરાટ.

व्याकुलत्व न० ઉપરના અર્થ.

व्याकुलमनस् त्रि० ગભરાયલા મનવાળુ.

व्याकुलमनस्क त्रि० ઉપરનો અર્થ.

व्याकुलित त्रि० ગભરાયલુ'

व्याकूति स्त्री० કપટ, દગો.

व्याकृत त्रि० પ્રકટ કરેલ, નામ અને રૂપથી પ્રકાશેલ, વિરૂદ્ધ આકારવાળુ.

व्याकृति स्त्री० ભંગી, રચના, પ્રકટ કરવું, ખુલ્લુ કરવું. નામ તથા રૂપ વડે પ્રકાશ કરવું, વ્યાકરણ શાસ્ત્ર.

व्याकोश त्रि० પ્રફુલ્લ, વિકસ્વર, ખીલેલુ.

व्याकोष त्रि० ઉપરના અર્થ.

व्याक्षेप पु० વિઘ્ન, તિરસ્કાર, વિલંબ, આમ તેમ અથડાવું.

व्याख्या स्त्री० વિવરણ, ટીકા, બોલવું, કહેવું.

व्याख्यात त्रि० વિવરણ કરેલ, ટીકા કરેલ, બોલેલ, કહેલ.

व्याख्येय त्रि० વિવરણ કરવા યોગ્ય, ટીકા કરવા લાયક, બોલવા કહેવા યોગ્ય.

व्याघट्टन न० અથડાવું, ઘસવું, ચોળવું, વલોવવું, મથવું.

व्याघट्टना स्त्री० ઉપરના અર્થ.

व्याघट्टित त्रि० અથડાયેલ, ઘસેલ, ચોળેલ, વલોવેલ, મથેલ.

व्याघात पु० અંતરાય, વિઘ્ન, પ્રતિબિંબ, હરકત, પ્રહાર, માર, તે નામે એક અર્થાલંકાર, જ્યોતિષપ્રસિદ્ધ તે નામે એક યોગ.

व्याघातक त्रि० અંતરાય કરનાર, વિઘ્ન કરનાર, હરકત કરનાર, પ્રહાર કરનાર, અટકાવનાર.

व्याघातिन् त्रि० ઉપરના અર્થ.

व्याघारित त्रि० છાંટેલ, સીંચેલ.

व्याघ्र पु० વાઘ, ચિત્રો, લાલ એરંડો, કરંજવૃક્ષ

व्याघ्रचर्मन् न० વાઘનું ચામડું.

व्याघ्रचर्मन् त्रि० વાઘના ચામડાવાળું.

व्याघ्रदल पु० એરંડાનું ઝાડ.

व्याघ्रनख पु० નખલો નામે એક સુગંધીદ્રવ્ય, વાઘનો નખ, થોરનું ઝાડ.

व्याघ्रनखक पु० ઉપરના અર્થ.

व्याघ्रनायक पु० શિયાળ.

व्याघ्रपाद् पु० વિકંકત વૃક્ષ, તે નામે એક મુનિ.

व्याघ्रपाद पु० ઉપરના અર્થ.

व्याघ्रपुच्छ पु० એરંડાનું ઝાડ, વાઘનું પૂછડું.

व्याघ्रपुच्छ न० વાઘનું પૂછડું.

व्याघ्राट पु० ભરદ્વાજ પક્ષી.

व्याघ्राटी स्त्री० ભરદ્વાજ પક્ષિણી.

व्याघ्रादनी स्त्री० નસોતર.

व्याघ्रास्य पु० બિલાડો.

व्याघ्रास्या स्त्री० બિલાડી.

व्याघ्री स्त्री० વાઘેણ, ભોરીંગણી.

व्याज पु० કપટ, દગો, બહાનું, ઠગાઈરૂપ ફળવાળો અસત્ય વ્યવહાર, ક્રૂરપણું.

व्याजनिन्दा स्त्री० કપટ ભરેલી નિંદા, તે નામે એક અર્થાલંકાર.

व्याजस्तुति स्त्री० કપટ ભરેલી સ્તુતિ, તે નામે એક અર્થાલંકાર.

व्याजोक्ति स्त्री० છળથી કહેવું, કપટથી કહેવું, તે નામે એક અર્થાલંકાર.

व्याड पु० માંસભક્ષક વાઘ વગેરે પશુ, સર્પ, ઇન્દ્ર

व्याड त्रि० ઠગારો, ઠગ, છેતરનાર.

व्याडायुध न० નખલો નામે સુગંધી દ્રવ્ય.

व्याडि पु० તે નામે એક મુનિ-જેમણે 'સંગ્રહ' નામે એક વ્યાકરણગ્રંથ રચ્યો છે.

व्यात्त त्रि० પહોળું કરેલ, ફાડેલ, વિસ્તારેલ, વિશેષે કરી ગ્રહણ કરેલ.

व्यात्युक्षी स्त्री० પરસ્પર છાંટવારૂપ એક જલક્રીડા.

व्यादान न० ગ્રહણ, ગ્રહણ કરવું, પહોળું કરવું, ફાડવું.

व्यादिश पु० વિષ્ણુ.

व्यादिश त्रि० વિશેષે કરી આદેશ કરનાર.

व्याध पु० શિકારી, એક વર્ણસંકર, વીંધવું, પીડવું, મારવું.

व्याध त्रि० દુષ્ટ, હિંસક.

व्याधभीत पु० મૃગ, હરણ.

व्याधभीता स्त्री० મૃગલી, હરણી.

व्याधाम पु० વજ્ર.

व्याधि पु० રોગ, કોઢનો રોગ, કામે કરેલ નાયક-નાયિકાના એક અવસ્થા.

व्याधिकर त्रि० રોગકારક.

व्याधिघात पु० ગરમાળો.

व्याधिघ्न त्रि० રોગનો નાશ કરનાર.

व्याधित त्रि० રોગી, રોગવાળું.

व्याधियुक्त त्रि० રોગી.

व्याधिरहित त्रि० રોગ વગરનું.

व्याधिहन् त्रि० રોગનો નાશ કરનાર.

व्याधिहन्तृ पु० વારાહીકન્દ વનસ્પતિ.

व्याधिहन्तृ त्रि० રોગનો નાશ કરનાર.

व्याधुत त्रि० કંપેલ, કંપાવેલ, તિરસ્કારેલ.

व्याधूत त्रि० ઉપરના અર્થ.

व्याध्युपशम पु० રોગની શાંતિ.

व्याध्युपशान्ति स्त्री० રોગની શાંતિ.

व्यान पु० શરીરમાંના પાંચ પ્રાણ વાયુમાંનો એક વાયુ-જે આખા શરીરમાં વ્યાપ્ત છે.

व्यापक त्रि० અધિક દેશમાં વર્તનાર, વ્યાપનાર, ઢાંકનાર, આચ્છાદક, ફેલાનાર.

व्यापकता स्त्री० વ્યાપકપણું.

व्यापकत्व न० વ્યાપકપણું.

व्यापद् स्त्री० આફત, દુઃખ, મૃત્યુ.

व्यापन न० વ્યાપવું, ફેલાવું.

व्यापन्न त्रि० મરણ પામેલ, આફતમાં આવેલ, દુઃખી.

व्यापाद पु० દ્રોહચિંતન, કોઇનું ખરાબ ચિંતવવું.

व्यापादन न० મારી નાખવું, કોઇનું ખરાબ ચિંતવવું.

व्यापादित त्रि०મારી નાખેલ, કોઈનું ખરાબ ચિંતવેલ.

व्यापार पु० વેપાર, રોજગાર, ક્રિયા,પ્રયત્ન, શ્રમ, જ્યાં ત્યાં માથુ મારવું તે.

व्यापारवत् त्रि० વેપારી, વેપારવાળું, ધંધાદાર, રોજગારવાળું, ક્રિયાવાળું, પ્રયત્ન કરનાર.

व्यापारिन् त्रि० ઉપરના અર્થ.

व्यापारिन् पु० વેપારી, વાણીયો.

व्यापिन् त्रि० વ્યાપનાર, ફેલાનાર.

व्यापृत त्रि० વ્યાપારવાળું, ધંધામાં મશગુલ, કામે વળગેલ.

व्यापृत पु० કારભારી, પ્રધાન, મંત્રી.

व्याप्त त्रि० પૂર્ણ, વ્યાપેલું, ફેલાયલું દબાયલું, પ્રખ્યાત, સ્થાપિત, વ્યાપ્તિવાળું.

व्याप्ति स्त्री० તે નામે એક ઐશ્વર્ય, ન્યાયમતે તેના અભાવવાળામાં અવિદ્યામાનતારૂપ પદાર્થ,વ્યાપવું, ફેલાવું, મેળવવું.

व्याप्तिमत् त्रि० વ્યાપ્તિવાળું.

व्याप्तिलक्षण न० વ્યાપ્તિનું લક્ષણ.

व्याप्य त्रि० વ્યાપ્ત, અલ્પદેશવૃત્તિ.

व्याप्य न० અનુમાનનું સાધન લિંગ, હરકોઇ સાધન, કુષ્ઠ ઔષધિ.

व्याम पु० બન્ને બાજુ પહોળા કરેલા બે હાથની વચ્ચેનું માપ-વાંભ.

व्यामन न० અનાદર, તિરસ્કાર.

व्यामर्ष पु० અધૈર્ય.

व्यामिश्र त्रि० મિશ્ર, શેળભેળ.

व्यायत त्रि० લાંબું, દૃઢ, મજબુત, અતિશય, અત્યંત, કામમાં વ્યાપૃત-લાગેલ.

व्यायत न० લંબાઇ.

व्यायाम पु० ઉદ્યોગ, શ્રમ, કસરત, પુરૂષાર્થ, થાક, વાંભ, મરદાઇ, દુર્ગસંસ્કાર, વિષમ, મલ્લ લોકોની કુસ્તી.

व्यायामशील त्रि० ઉદ્યોગી, પરિશ્રમ કરનાર, નિયમિત કસરત કરનાર.

व्यायामिन् त्रि० ઉપરના અર્થ.

व्यायोग पु० દૃશ્ય એક કાવ્ય.

व्याल पु० સર્પ, હિંસક પશુ, દુષ્ટ હાથી, ચિત્રો, વાઘ, રાજા.

व्याल त्रि० શઠ, લુચ્ચુ, દુષ્ટ, ધુતારૂ.

व्यालक पु० દુષ્ટ હાથી.

व्यालगन्धा स्त्री० नाकुली જુઓ.

व्यालग्राह त्रि० સર્પ પકડનાર.

व्यालग्राहक त्रि० સર્પ પકડનાર.

व्यालग्राहिन् त्रि० ઉપરનો અર્થ

व्यालजिह्वा स्त्री० महासमङ्गा વનસ્પતિ.

व्यालतम त्रि० અત્યંત દુષ્ટ, ઘાતકી, અત્યંત ધૂર્ત.

व्यालतर त्रि० ઉપરના અર્થ.

व्यालदंष्ट्र पु० ગોખરૂ.

व्यालदल पु० નખલો નામે સુગંધી દ્રવ્ય.

व्यालनख पु० ઉપરનો અર્થ.

व्यालपत्रा स्त्री० એક જાતની કાકડી.

व्यालम्ब पु० લાલ એરંડો.

व्यालम्ब त्रि० વિશેષ લટકતુ.

व्यालायुध पु० न० નખલો નામે સુગંધી દ્રવ્ય.

व्यालिखत् त्रि० લખતું, ખોતરતું.

व्यालोल त्रि० ચંચળ, કંપતું, ધ્રૂજતુ.

व्यावकलन न० બાદ કરવું.

व्यावकलित त्रि० બાદ કરેલ.

व्यावक्रोशी स्त्री० પરસ્પર ગાળો દેવી, નિંદવું.

व्यावर्त्त पु० નાભિકંટક.

व्यावर्त्तन न० ગોળ ફરવું,

व्यावहारिक पु० મંત્રી, પ્રધાન.

व्यावहारिक त्रि० વ્યવહારનું, વ્યવહાર સંબંધી, રીતનું, રીતસંબંધી, જગતરૂપ પ્રપંચ સંબંધી.

व्यावहारी स्त्री० પરસ્પર હરવું.

व्यावहासी स्त्री० પરસ્પર હસવું.

व्याविध त्रि० જૂદુ જૂદુ, જાતજાતનું.

व्यावृत्त त्रि० પાછું ફરેલ, વીંટાયેલ.

व्यावृत्ति स्त्री० પાછા ફરવું, વીંટવું અટકાવવું.

व्यास पु० પરાશરપુત્ર વેદવ્યાસ, પુરાણી, વિસ્તાર,સમાસ વગેરેનું સમાનાર્થક વિગ્રહવાક્ય, વૃત્ત ક્ષેત્રની મધ્યસ્થ રેખા, એક પ્રમાણ.

व्यासक्त त्रि० આસક્ત, તત્પર, વળગેલ, ચોટેલ.

व्यासक्ति स्त्री० નીચેનો શબ્દ જુઓ.

व्यासङ्ग पु० આસક્તિ, બીજા કાર્યનો ત્યાગ કરી એકજ કાર્યમાં લાગ્યા રહેવું, વળગી રહેવું, ચોંટી રહેવું.

व्यासिद्ध त्रि० રાજાની આજ્ઞાથી રોકી રાખેલ, નિષેધેલ, અટકાવેલ.

व्याहत त्रि० વ્યાઘાતવાળું.

व्याहरण न० નીચેનો અર્થ.

व्याहरत् त्रि० બોલતું, કહેતું.

व्याहार पु० ઉક્તિ, વાક્ય બોલવું તે.

व्याहृत त्रि० બોલેલ, કહેલ.

व्याहृति स्त्री०व्याहार જુઓ. ભૂર્-ભુવર્-સ્વર-જનસ્-તપસ્-સત્ય-એ સાત વ્યાહૃતિ.

व्युत्क्रम पु० ઓળંગવું, ક્રમનું વિપરીતપણું.

व्युत्थान न० વિરોધ કરવો, સ્વાતંત્ર્ય કરવું, રોકવું. અટકાવવું, યોગશાસ્ત્રમાં કહેલ સમાધિ અવસ્થાથી ચ્યુત થવું, એક જાતનું નૃત્ય, વિશેષે કરી ઉઠવું.

व्युत्थिति स्त्री० ઉપરના અર્થ.

व्युत्पत्ति स्त्री० વિશેષ ઉત્પત્તિ, શાસ્ત્રજન્યશબ્દ તથા અર્થના જ્ઞાનથી સંપાદન કરવા યોગ્ય એક સંસ્કાર, શબ્દોના અર્થને જણાવનારી શક્તિ.

व्युत्पन्न त्रि० વિશેષ ઉત્પન્ન થયેલ, શબ્દોના અર્થ જણાવનારી શક્તિવાળું, વિદ્વાન.

व्युदस्त त्रि० ખંડન કરેલ, તિરસ્કારેલ, રદ કરેલ, દૂર કરેલ, નિરાકરણ કરેલ.

व्युदास पु० રદ કરવું, ખંડન કરવું, તિરસ્કારવું.

व्युष्ट त्रि० બળેલ વાસી.

व्युष्ट न० પ્રભાત, પરોઢ, ફળ, દિવસ.

व्युष्टि स्त्री० સમૃદ્ધિ, સ્તુતિ, ફળ, પરિણામ.

व्यूढ त्रि० વ્યૂહ રચનામાં ગોઠવેલ સૈન્ય

વગેરે, મૂકેલ, સ્થાપેલ, એકઠું કરેલ, વ્યવસ્થિત, મોટું દઢ, વિશાળ, પહેરેલ, પરણેલ.

व्यूढकङ्कट त्रि० જેણે બખ્તર પહેર્યું હોય તે.

व्यूढोरस्क त्रि० વિશાળ છાતીવાળું.

व्यूत त्रि० તંતુઓથી ગુંથેલ, વણેલ, સીવેલ.

व्यूति स्त्री० વણવું, સીવવું, ગુંથવું, વણાટ, વસ્ત્રાદિ વણવા બદલ ભાડું-પગાર.

व्यूह पु० સમૂહ, રચના, ગોઠવણી, સારો તર્ક, દેહ, શરીર, સૈન્ય, યુદ્ધ માટે સૈન્યની એક જાતની ગોઠવણી, એકઠું કરવું.

व्यूहन न० ઉપરના અર્થ.

व्यूहपार्ष्णि पु० યુદ્ધ માટે ગોઠવાઇ ઉભેલા સૈન્યનો પાછલો ભાગ.

व्यृद्धि स्त्री० વિરૂદ્ધ સંપત્તિ.

व्ये भ्वा० उभ० स० अनिट् વણવું, સીવવું, વીંટવું, ઢાંકવું.

व्यो अव्य० લોઢું, એક બીજ.

व्योकार पु० લવાર, લોઢું.

व्योमकेश पु० શિવ.

व्योमकेशिन् पु० શિવ.

व्योमचारिन् पु० પક્ષી, દેવ, ગ્રહ- નક્ષત્ર વગેરે.

व्योमचारिन् त्रि० આકાશમાં વિચરનાર-ફરનાર.

व्योमचारिनगर न० આકાશમાં ફરતું નગર-ગંધર્વ નગર, હરિશ્ચંદ્ર રાજાનું એક શહેર.

व्योमचारिपुर न० ઉપરના અર્થ.

व्योमधूप पु० મેઘ, મોથ.

व्योमन् न० આકાશ, અભ્રક, પાણી, સૂર્યની પૂજાનું આશ્રયસ્થાન.

व्योममण्डल न० આકાશમંડળ, પતાકા, ધજા.

व्योममुद्गर पु० અકસ્માત આકાશમાંથી છૂટેલ પવનનો ઝપાટો.

व्योमयान न० વિમાન-એરોપ્લેન, બલૂન.

व्योमसद् पु० व्योमचारिन् पु० જુઓ.

व्योमसद् त्रि० व्योमचारिन् त्रि० જુઓ.

व्योष न० સુંઠ-મરી-પીપર-એ ત્રણ.

व्रज् भ्वा प० स० सेट् જવું.

व्रज् चु० उभ० स० सेट् જવું, સંસ્કાર કરવો, સાફ કરવું, શુદ્ધ કરવું.

व्रज पु० સમૂહ, ગામનો વાડો, માર્ગ, મથુરાની પાસેનો દેશ.

व्रजत् त्रि० જતું.

व्रजन न० જવું.

व्रजनाथ पु० શ્રીકૃષ્ણ.

व्रजपति पु० શ્રીકૃષ્ણ.

व्रजपाल पु० શ્રીકૃષ્ણ.

व्रजमोहन पु० શ્રીકૃષ્ણ.

व्रजवर पु० શ્રીકૃષ્ણ.

व्रजवल्लभ पु० શ્રીકૃષ્ણ.

व्रजाङ्गना स्त्री० વ્રજની સ્ત્રી, ગોપી.

व्रजित त्रि० ગયેલ.

व्रजित न० ગમન, ગતિ, જવું.

व्रज्या स्त्री० ગમન, ગતિ, સૈન્યનું યુદ્ધ માટે પ્રયાણ, જિતેચ્છુની કુચ, સમૂહ, ભટકવું, રખડવું.

व्रज्यावत् त्रि० જનાર, પ્રયાણ કરનાર, રખડનાર, ભટકનાર.

व्रण् भ्वा० प० अ० सेट् શબ્દ કરવો.

व्रण् चु० उभ० स० सेट् અંગે ઘાયલ કરવું.

व्रण पु० न० ઘાવ, વ્રણ, જખમ, ઘારૂ.

व्रणकृत् पु० ભીલામું.

व्रणकृत् त्रि० ઘાવ કરનાર, જખમ કરનાર.

व्रणद्विष् त्रि० ઘાવ રૂઝવનાર.

व्रणद्विष् पु० બ્રાહ્મણયષ્ટિકા વનસ્પતી.

व्रणवस्तु न० વ્રણ પાડવા યોગ્ય શરીરનો, હરકોઇ ભાગ.

व्रणवेदना स्त्री० ઘાવ, જખમ, વેદના.

व्रणव्यथा स्त्री० ઉપરના અર્થ.

व्रणशोथ पु० જખમનો સોજો, ઘાવનો સોજો.

व्रणहृ पु० એરંડાનું ઝાડ.

व्रणहा स्त्री० ગળો વનસ્પતિ.

व्रणाश पु० બોળ વનસ્પતિ–ગંધરસ, અગથીયો.

व्रणास्राव पु० ઘાવનું ઝરવું, જખમમાંથી લોહી વગેરેનું ઝરવું.

व्रत न० એક જાતનું ભક્ષણ, પુણ્યનું સાધન ઉપવાસ વગેરે, કોઇ જાતનો નિયમ, પુણ્યનું સાધન, દીક્ષા.

व्रतति स्त्री० લતા, વેલ, વિસ્તાર.

व्रतभिक्षा स्त्री० જનોઇના સંસ્કારસમયે કરેલી ભિક્ષા.

व्रतलोप पु० વ્રત ભાંગવું તે.

व्रतलोपन न० વ્રત ભાંગવું.

व्रतसंग्रह पु० વ્રતમાટે લીધેલી દીક્ષા.

व्रताचरण न० વ્રત પાળવું.

व्रताचार पु० વ્રત આચરવું.

व्रतादान न० વ્રત લેવું, દીક્ષા લેવી.

व्रतादेश पु० જનોઇ દેવું તે, ઉપનયનસંસ્કાર.

व्रतिन् त्रि० વ્રતવાળું, વ્રત ધારણ કરનાર.

व्रतिन् पु० યજમાન, સંન્યાસી, બ્રહ્મચારી.

व्रध्न पु० સૂર્ય, આકડાનું ઝાડ.

व्रश्च् तु० प० स० वेट् છેદવું, કાપવું.

व्रश्चन पु० સોનું વગેરે કાપવાની છીણી, કુહાડો.

व्रश्चन न० છેદવું, કાપવું

व्राजि स्त्री० પવનનો ઝપાટો.

व्रात पु० સમૂહ, ટોળું.

व्रातीन पु० સમૂહ, સંઘ ઉપર જીવનાર.

व्रात्य त्रि० વ્યવહારને અયોગ્ય, સંસ્કારહીન.

व्रात्यस्तोम पु० તે નામે એક યજ્ઞ.

व्री क्र्या० प० स० अनिट् વરવું, પસંદ કરવું, વીંટવું, ઢાંકવું.

व्री दिवा० आ० स० अनिट् જવું.

व्रीड् दिवा० प० सेट् ફેંકવું તિરસ્કારવું, स० લાજવું, શરમાવું अ०

व्रीड पु० લાજ, શરમ.

व्रीडन न० લાજવું, શરમાવું.

व्रीडा स्त्री० લાજ, શરમ.

व्रीडानत त्रि० શરમથી નમેલ.

व्रीडान्वित त्रि० લાજાળું, શરમાળ.

व्रीडित त्रि० લાજેલ, શરમાયેલ.

व्रीस् चु० उभ० सक० सेट् વધ કરવો, મારી નાખવું.

व्रीस् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

व्रीहि पु० ડાંગેર, ચોખા.

व्रीहिक त्रि० ડાંગેરવાળું, ચોખાવાળું.

व्रीहिकाञ्चन पु० એક જાતનો કઠોર, મસૂર.

व्रीहिन् त्रि० ડાંગેરવાળું, ચોખાવાળું.

व्रीहिपर्णी स्त्री० એક જાતનો છોડ.

व्रीहिभेद पु० ચણા.

व्रीहिमय त्रि० ચોખાનો રોટલો, પુરોડાશ વગેરે.

व्रीहिराजिका स्त्री० કાંગ ધાન્ય.

व्रीहिश्रेष्ठ पु० એક જાતના ઉત્તમ ચોખા.

व्रीह्यगार न० અનાજનો કોઠાર.

व्रीह्यादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

व्रुड् तुदा० प० सेट् ઢગલો કરવો, ઢાંકવું, स० ડુબવું अ०

व्रूस् चु० उ० स० सेट् વધ કરવો, મારી નાખવું.

व्रूस् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

व्रैह त्रि० ચોખાનું, ચોખા સંબંધી, ડાંગેરનું, ડાંગેર સંબંધી.

व्रैहेय त्रि० ડાંગેર થાય તેવું ખેતર વગેરે.

व्ली क्र्या० प० स० अनिट् જવું, પસંદ કરવું, ઢાંકવું.

व्लेक्ष् चु० प० स० सेट् જોવું.

श.

श् તાલવ્ય અઘોષ=ત્રીસમો વ્યંજન.

श न० મંગળ-શુભ, કલ્યાણ, સુખ.

श पु० શિવ, શસ્ત્ર.

शंक् भ्वा० आ० सेट् ત્રાસ પામવો अ० સંશય કરવો स०

शंयु त्रि० માંગલિક, સુખી, કલ્યાણવાળું, શુભ.

शंव त्रि० ઉપરના અર્થ.

शंव पु० વજ્ર, મુસળનો લોખંડી અગ્રભાગ.

शंवर न० પાણી.

शंस् भ्वा प० स० सेट् કહેવું, વખાણવું. પ્રશંસા કરવી, દુઃખ દેવું, प्र+स्तुति કરવી વખાણવું, आ+આશા રાખવી, તકાસવું, आत्मनेपद, अभि+શાપ દેવો.

शंसा स्त्री० વાક્ય, આકાંક્ષા, ઇચ્છા, પ્રશંસા, બોલવું, કહેવું.

शंसित त्रि० બોલેલ, કહેલ, નિશ્ચય કરેલ, હિંસા કરેલ, વખાણેલ, ઇચ્છેલ.

शंस्तृ त्रि० બોલનાર, કહેનાર, વખાણ કરનાર.

शंस्थ त्रि० સુખી, કલ્યાણવાળુ, શુભવાળુ.

शंस्थ त्रि० વખાણવા લાયક, હિંસા કરવા યોગ્ય, કહેવા લાયક.

शक् दिवा० उभ० स० सेट् ક્ષમા કરવી, સહન કરવું.

शक् स्वा०प० अ० अनिट् સમર્થ થવું, શક્તિમાન થવું.

शक पु० એક ક્ષત્રિય જાતિ, તે નામે એક દેશ, તે દેશનો રાજા, યુધિષ્ઠિર, વિક્રમાદિત્ય, શાલિવાહન વગેરે છ રાજાઓએ ચલાવેલો સંવત.

शकट पु० न० ગાડું.

शकट पु० તે નામે એક દૈત્ય, બે હજાર પળનું વજન.

शकटहन् पु० શ્રીકૃષ્ણ.

शकटहन्तृ पु० શ્રીકૃષ્ણ.

शकटासुर पु० તે નામે એક દૈત્ય.

शकटाह्वा स्त्री० રોહિણી નક્ષત્ર.

शकटिका स्त्री० ગાડી, નાની ગાડી.

शकटी स्त्री० ઉપરના અર્થ.

शकन्धु पु० શક દેશનો કે શક લોકોનો કુવો.

शकल पु० न० ટુકડો, એક ભાગ, અવયવ.

शकल न० છાલ, વલ્કલ, તજ, માછલાંની ચામડી.

शकलिन् पु० માછલું.

शकली स्त्री० એક જાતનું માછલું.

शकलीकरण न० ટુકડા કરવા.

शकलीकृत त्रि० ટુકડા કરેલ.

शकलीभवन न० ટુકડા થવા તે.

शकलीभूत त्रि० ટુકડા થયેલ.

शकव पु० હંસ.

शकवी स्त्री० હંસલી.

शकान्तक पु० વિક્રમાદિત્ય.

शकाब्द पु० શક ચલાવનાર રાજા સુધીનું વર્ષ.

शकार पु० 'શ' અક્ષર, નાટકમાં રાજાનો નહિ પરણેલો સાળો.

शकारि पु० વિક્રમાદિત્ય રાજા.

शकाव्द पु० शकाब्द જુઓ.

शकुन न० શુકન.

शकुन पु० પક્ષી, ગીધ પક્ષી એક જાતનું પક્ષી.

शकुनज्ञ त्रि० શુકન જાણનાર, નિમિત્તીયો, જોશી.

शकुनज्ञा स्त्री० ઘરમાં ફરતી ગરોળી.

शकुनि पु० પક્ષી, એક જાતનું પક્ષી, દુર્યોધનનો મામો શકુનિ, જ્યોતિષપ્રસિદ્ધ એક કરણ, દુઃસહ રાજાનો પુત્ર, વિકૃતિ રાજાનો એક પુત્ર.

शकुनिनाथ पु० ગરૂડ પક્ષી.

शकुनिप पु० ગરૂડ પક્ષી.

शकुनिपति पु० ગરૂડ પક્ષી.

शकुनिप्रपा स्त्री० પક્ષીઓને પાણી પીવાનું સ્થળ.

शकुनिस्वामिन् पु० ગરૂડ પક્ષી.

शकुनी स्त्री० શ્યામ પક્ષી–કાળી ચકલી.

शकुनीश पु० ગરૂડ પક્ષી.

शकुनीश्वर पु० ગરૂડ પક્ષી.

शकुन्त पु० પક્ષી, ભાસ પક્ષી, એક જાતનો કીડો.

शकुन्तला स्त्री० મેનકા–વિશ્વામિત્રની પુત્રી–કણ્વ ૠષિએ ઉછેરેલી દુષ્યંત રાજાની પત્ની, દુષ્યંતપુત્ર ભરતની માતા.

शकुन्तला स्त्री० મહાકવિ કાલીદાસકૃત એક નાટક.

शकुन्तलाङ्गज पु० શકુંતલા–દુષ્યંતપુત્ર ભરત રાજા.

शकुन्तलाज पु० ઉપરનો અર્થ.

शकुन्तलाजन्मन् पु० शकुन्तलाङ्गज જુઓ.

शकुन्तलातनुज पु० ઉપર પ્રમાણે.

शकुन्तलातनूज पु० शकुन्तलाङ्गज જુઓ.

शकुन्तलात्मज पु० ઉપર પ્રમાણે.

शकुन्तलापुत्र पु० शकुन्तलाङ्गज જુઓ.

शकुन्तलासुत पु० ઉપર પ્રમાણે.

शकुन्तलासूनु पु० शकुन्तलाङ्गज જુઓ.

शकुन्ति पु० પક્ષી, ભાસ પક્ષી.

शकुन्तिका स्त्री० તીડ.

शकुन्तिनाथ पु० ગરૂડ પક્ષી.

शकुन्तिप पु० ગરૂડ પક્ષી.

शकुन्तिपति पु० ગરૂડ પક્ષી.

शकुन्तिस्वामिन् पु० ગરૂડ પક્ષી.

शकुन्तीश पु० ગરૂડ પક્ષી.

शकुन्तीश्वर पु० ગરૂડ પક્ષી.

शकुल पु० એક જાતનું માછલું.

शकुलाक्षी स्त्री० એક જાતની ધ્રોખડ.

शकुलादनी स्त्री० એક જાતનું શાક, જટામાંસી વનસ્પતિ, જલપીપર, કાયફળ.

शकुलार्भक पु० માછલું.

शकुली स्त्री० એક જાતની માછલી.

शकृत् न० વિષ્ઠા, ગુ.

शकृत्करि पु० ગાય વગેરેનો વાછડો વગેરે.

शकृत्करी स्त्री० ગાય વગેરેની વાછડી વગેરે.

शकृत्कार पु० વિષ્ઠા કરનાર.

शकृद्द्वार न० ગુદા, ગાંડ.

शक्कर पु० બળદ.

शक्करी स्त्री० ચૌદ અક્ષરના ચરણવાળો એક છંદ, તે નામે એક નદી, કંદોરો, મેખલા, આંગળી.

शक्त त्रि० સમર્થ, શકિતમાન.

शक्तता स्त्री० શક્તિ, સામર્થ્ય.

शक्तत्व न० શક્તિ, સામર્થ્ય.

शक्ति स्त्री० સામર્થ્ય, શકિત, હરકોઈ દેવી, દેવીની મૂર્તિ, ન્યાય વગેરેમાં કહેલ કારણનિષ્ઠ કાર્યોત્પાદનયોગ્ય એક ધર્મ, શબ્દમાં રહેલ અર્થબોધકતારૂપ શકિત–વૃત્તિ, એક જાતનું અસ્ત્ર, તંત્રપ્રસિદ્ધ પીઠાધિષ્ઠાત્રી એક દેવતા, રાજાઓની પ્રભાવમંત્ર–ઉત્સાહરૂપ શકિત–સામર્થ્ય, ગૌરી, લક્ષ્મી, કવિત્વ શકિત, સ્ત્રીની યોનિ.

शक्तिग्रह पु० શબ્દની અર્થબોધકતારૂપ શકિત–વૃત્તિનું જ્ઞાન, શિવ, કાર્તિકસ્વામી.

शक्तिग्रह त्रि० શકિત અસ્ત્રને ધારણ કરનાર, સામર્થ્યવાળું.

शक्तिग्राहक पु० શિવ, કાર્તિકસ્વામી.

शक्तितस् अव्य० શક્તિથી, સામર્થ્યથી, શક્તિપ્રમાણે.

शक्तिधर पु० કાર્તિકસ્વામી.

शक्तिधर त्रि० શક્તિ ધારણ કરનાર, સામર્થ્યવાળું, શક્તિ અસ્ત્રને ધારણ કરનાર.

शक्तिधारक त्रि० ઉપરના અર્થ.

शक्तिधारक पु० કાર્તિક સ્વામી.

शक्तिपर्ण पु० સાતપુડાનું ઝાડ.

शक्तिपाणि पु० કાર્તિકસ્વામી.

शक्तिभृत् पु० કાર્તિકસ્વામી.

शक्तिभृत् त्रि० शक्तिधर त्रि० જુઓ.

शक्तिमत् त्रि० શક્તિવાળું.

शक्तिरहित त्रि० શક્તિવગરનુ, નિર્બળ.

शक्तिहीन त्रि० ઉપરના અર્થ.

शक्तिहेतिक पु० શક્તિ અસ્ત્રથી લડનાર યોદ્ધો.

शक्तु पु० ब० સાથવો, શેકેલા જવ વગેરેનો લોટ.

शक्तुफला स्त्री० ખીજડીનું ઝાડ.

शक्तुफली स्त्री० ખીજડીનું ઝાડ.

शक्त्रि पु० વસિષ્ઠનો પુત્ર-પરાશરનો પિતા એક મુનિ.

शक्थ्रि पु० ઉપરનો અર્થ.

शक्नु त्रि० પ્રિય બોલનાર.

शक्मन् पु० શક્તિ, સામર્થ્ય, સત્તા.

शक्य त्रि० શક્તિવાળું, સમર્થન કરવા યોગ્ય, સાધવાને યોગ્ય, બની શકે તેવું.

शक्य पु० શબ્દની શક્તિથી જાણવા યોગ્ય અર્થ.

शक्यता स्त्री० શક્યપણું.

शक्यतावच्छेदक पु० શક્યપદાર્થનો અસાધારણ ધર્મ-જેમ ઘટમાં ઘટત્વ.

शक्यत्व न० શક્યપણું.

शक्र पु० ઇન્દ્ર, કુટજ વૃક્ષ. સાદડાનું ઝાડ, ઘુવડ, જ્યેષ્ઠા નક્ષત્ર, ચૌદની સંખ્યા.

शक्रक्रीडाचल पु० મેરુ પર્વત.

शक्रगोप पु० ઇન્દ્રગોપ કીડો.

शक्रचाप पु० ઇન્દ્રધનુષ.

शक्रज पु० કાગડો.

शक्रज त्रि० ઇન્દ્રથી ઉત્પન્ન થનાર.

शक्रजात त्रि० ઉપરનો અર્થ.

शक्रजात पु० કાગડો.

शक्रजित् पु० ઇન્દ્રજિત-રાવણપુત્ર-મેઘનાદ.

शक्रजित् त्रि० ઇન્દ્રને જિતનાર.

शक्रतनय पु० અર્જુન, જયંત, વાલી.

शक्रतनूज पु० અર્જુન, જયંત, વાલી વાનર.

शक्रधनुस् न० ઇન્દ્રનું ધનુષ્ય.

शक्रध्वज पु० ભાદરવા શુદ બારશે પૂજવા યોગ્ય ઇન્દ્રની ધજા.

शक्रनन्दन पु० અર્જુન, જયંત, વાલી વાનર.

शक्रनन्दन त्रि० ઇન્દ્રને આનંદકારક.

शक्रपर्याय पु० કુટજ વૃક્ષ, ઇન્દ્ર શબ્દનો પર્યાય શબ્દ.

शक्रपादप पु० દેવદારનું ઝાડ, કુટજ વૃક્ષ.

शक्रपुत्र पु० અર્જુન, વાલી વાનર, જયંત.

शक्रपुष्पिका स्त्री० અગ્નિશિખા વૃક્ષ.

शक्रपुष्पी स्त्री० ઉપરનો અર્થ.

शक्रवीज न० અંદરજવ, ઇન્દ્રયવ.

शक्रभवन न० સ્વર્ગ.

शक्रभिद् पु० शक्रजित् पु० જુઓ.

शक्रभू पु० અર્જુન, જયંત, વાલી વાનર.

शक्रभूभवा स्त्री० ઇંદ્રવરણી.

शक्रमातृ स्त्री० ઇન્દ્રની માતા અદિતિ, ભારંગ વનસ્પતિ.

शक्रमूर्धन् पु० રાફડો, ઇન્દ્રનું મસ્તક.

शक्रवल्ली स्त्री० ઇંદ્રવરણી.

शक्रवाहन पु० મેઘ.

शक्रवीज न० અંદરજવ, ઇન્દ્રયવ.

शक्रशरासन न० ઇન્દ્રધનુષ.

शक्रशाखिन् पु० કુટજવૃક્ષ.

शक्रशिरस् न० રાફડો, ઇન્દ્રનું મસ્તક.

शक्रशीर्ष न० ઉપરનો અર્થ.

शक्रसारथि पु० ઇન્દ્રનો સારથી, માતલિ.

शक्रसुत पु० અર્જુન, જયંત, વાલી-વાનર.

शक्रसुधा स्त्री० पालंकी વનસ્પતિ.

शक्रसूनु पु० ઉપરના અર્થ.

शक्रसृष्ट त्रि० ઇન્દ્રે ઉત્પન્ન કરેલ.

शक्रसृष्टा स्त्री० હરડે.

शक्राख्य पु० ઘુવડ.

शक्राणी स्त्री० ઇન્દ્રાણી.

शक्रावास पु० સ્વર્ગ.

शक्राशन न० ભાંગ.

शक्राशन पु० કુટજ વૃક્ષ.

शक्रि पु० મેઘ, વજ્ર, હાથી, પાંદડું.

शक्रोत्थान न० ભાદરવા શુદ બારશે કરવાનું ઇન્દ્રધ્વજનું ઉત્થાન, તે નિમિત્તે કરવાનો ઉત્સવ.

शक्ल त्रि० પ્રિય બોલનાર, મીઠા બોલું.

शक्व पु० હાથી.

शक्वरी स्त्री० બળદ.

शक्वरी स्त्री० शक्करी જુઓ.

शङ्क् भ्वा० आ० स० सेट् શંકા કરવી, વહેમ આણવો, ભય પામવો.

शङ्क पु० ગાડું વહેનાર બળદ વગેરે.

शङ्कनीय त्रि० શંકા–વહેમ આણવા લાયક, શક ભરેલું.

शङ्कर पु० શિવ.

शङ्कर त्रि० કલ્યાણ કરનાર, સુખ કરનાર.

शङ्करावास पु० કૈલાસપર્વત, કપૂર.

शङ्करी स्त्री० દુર્ગા પાર્વતી, મજીઠ, ખીજડી.

शङ्का स्त्री० વહેમ, સંશય, બીક, વિતર્ક.

शङ्कान्वित त्रि० શંકાવાળું, ભયવાળું.

शङ्कामय त्रि० વહેમી, ભયભીત.

शङ्कारहित त्रि० શંકાવગરનું, ભયવગરનું.

शङ्काविहीन त्रि० ઉપરના અર્થ.

शङ्काहीन त्रि० शङ्कारहित જુઓ.

शङ्कित त्रि० શંકાવાળું, ભયભીત, તર્ક-કરેલ.

शङ्कितवर्णक पु० ચોર.

शङ्कु पु० એક જાતનું માછલું, ઝાડનું ઠુંઠું, ખીલો- રાફડો, દશ કરોડની સંખ્યા, દશ કરોડની સંખ્યાવાળુ, મહાદેવ, પાપ, મેલ, પાંદડાના રેસાનો સમૂહ, પુરૂષનું લિંગ, નખલો નામે સુગંધી દ્રવ્ય, છાયાના માપને માટે લાકડા વગેરેનો એક ખીલો, જનમેજયનો એક પુત્ર, નવ રત્નમાંનું એક રત્ન, હંસ, દૈત્ય, કામદેવ, ભય, બીક.

शङ्कुकर्ण पु० ગધેડો, તે નામે એક દાનવ; કાર્તિક સ્વામિનો એક અનુચર.

शङ्कुतरु पु० સાગનું ઝાડ.

शङ्कुर त्रि० ભયંકર.

शङ्कुला स्त्री० સુડી.

शङ्कुलाखण्ड पु० સુડીવડે ટુકડો.

शङ्कुवृक्ष पु० સાગનું ઝાડ.

शङ्कोच पु० એક જાતનુ માછલું.

शङ्कोचि पु० એક જાતનું માછલું,

शङ्ख पु० न० શંખ, શંખલું.

शङ्ख पु० લલાટનું હાડકુ, તે નામે એક નિધિ, ખજાનો, નખલો નામે એક ગંધ-દ્રવ્ય, કાનની પાસેનું હાડકુ; તે નામે એક નાગ, હાથીના દાંતનો મધ્યભાગ, દશ નિખર્વની સંખ્યા, દશ નિખર્વની સંખ્યાવાળુ.

शङ्खक न० શંખનો ગોળાકાર એક પદાર્થ, શંખનું કડુ, ચુડી.

शङ्खक पु० મસ્તકનો રોગ.

शङ्खकार पु० શંખના દાગીના બનાવનાર એક વર્ણસંકર જાતિ.

शङ्खचरी स्त्री० લલાટનું હાડકું.

शङ्खचर्चा स्त्री० લલાટનું હાડકું.

शङ्खचूर्ण न० શંખનું ચૂર્ણ.

शङ्खज पु० શંખમાં થતું એક મોતી.

शङ्खद्रावक पु० તે નામે એક ઔષધ.

शङ्खद्राविन् पु० અમ્લવેતસ.

शङ्खधर पु० વિષ્ણુ, સમુદ્ર.

शङ्खधर त्रि० શંખ ધારણ કરનાર.

शङ्खधरा स्त्री० हिलमोचि જુઓ.

शङ्खध्म पु० શંખ વગાડનાર.

शङ्खध्मा पु० શંખ વગાડનાર.

शङ्खध्वनि पु० શંખનો અવાજ.

शङ्खनख पु० નાનું શંખલુ, નખલો નામે ગંધ દ્રવ્ય.

शङ्खनखी स्त्री० ઉપરના અર્થ.

शङ्खपाल पु० સૂર્ય, એક નાગ, આકડાનું ઝાડ.

शङ्खपुष्पी स्त्री० એક વનસ્પતિ.

शङ्खप्रस्थ पु० ચંદ્રમાંનો ડાઘ.

शङ्खभृत् पु० વિષ્ણુ, સમુદ્ર.

शङ्खभृत् त्रि० શંખ ધારણ કરનાર.

शङ्खमुख पु० એક જાતનું જલચર.

शङ्खमुखी स्त्री० શંખમુખ-જલચરમાદા.

शङ्खस्वन पु० શંખનો અવાજ.

शङ्खिका स्त्री० એક જાતનો છોડ.

शङ्खिन् पु० વિષ્ણુ, સમુદ્ર.

शङ्खिन् त्रि० શંખવાળુ.

शीतकालीन त्रि० થંડીના વખતનું, થંડીમાં હોનાર, થનાર.

शीतकिरण પુ૦ ચંદ્ર, કપૂર.

शीतकुंभ પુ૦ करवीर વૃક્ષ.

शीतकुंभी स्त्री० પાણીમાં થતું એક ઝાડ.

शीतकृच्छ्र ન૦ એક વ્રત-જેમાં પ્રથમ ત્રણ દિવસ થંડું પાણી, તે પછી ત્રણ દિવસ થંડું દૂધ, તે પછી ત્રણ દિવસ થંડું ઘી પીને પછી ત્રણ દિવસ વાયુનો આહાર કરવાનો હોય છે.

शीतक्षार ન૦ ધોળો ટંકણખાર.

शीतगन्ध ન૦ ધોળું ચંદન.

शीतगिरि પુ૦ હિમાલય પર્વત.

शीतगु पु० ચંદ્ર, કપૂર.

शीतचम्पक पु० દર્પણ, આરસી, દીવો.

शीतता स्त्री० થંડી, શીતલતા, ટાઢ.

शीतत्व न० ઉપરના અર્થ.

शीतपर्णी स्त्री० એક વનસ્પતિ.

शीतपल्लवा स्त्री० એક જાતની જાંબુડી.

शीतापाकिनी स्त्री० કાકોલી વનસ્પતિ.

शीतपाकी स्त्री० કાકોલી વનસ્પતિ, वाट्यालक.

शीतपुष्प पु० શિરીષ વૃક્ષ–સરસડો, આકડાનું ઝાડ.

शीतपुष्प न० શિલાજિત.

शीतपुष्पक न० શિલાજિત.

शीतपुष्पा स्त्री० અતિબલા વનસ્પતિ.

शीतप्रभ पु० કપૂર.

शीतप्रिय पु० પીતપાપડો.

शीतफल पु० ઉંબરાનું ઝાડ, શેલુ જુઓ.

शीतबला स्त्री० એક જાતની વનસ્પતિ.

शीतभानु पु० ચંદ્ર, કપૂર.

शीतभीरु स्त्री० મોગરો.

शीतभीरु त्रि० થંડીથી ભય પામનાર.

शीतभोजिन् त्रि० થંડુ ખાનાર.

शीतमञ्जरी स्त्री० શેફાલિકા વનસ્પતિ.

शीतमयूख पु० ચંદ્ર, કપૂર.

शीतमरीचि पु० ચંદ્ર, કપૂર.

शीतमूलक न० સુગંધી વાળો–ખસ.

शीतमूलक त्रि० થંડાં મૂળીયાંવાળું.

शीतरम्य पु० દીવો.

शीतरश्मि पु० ચંદ્ર, કર્પૂર.

शीतल पु० થંડો સ્પર્શ, ચંપો, રાળ, ચંદ્ર, કર્પૂર, બહુવાર વૃક્ષ.

शीतल न० મલયચંદન, શિલાજિત, હીરાકસી, મોતી, સુગંધી વાળો–ખસ.

शीतल त्रि० થડું, ટાઢું.

शीतलक न० ધોળું કમળ.

शीतलक पु० મરવો.

शीतलच्छद् पु० ચંપો, થડું પાંદડું.

शीतलजल न० કમળ, થંડુ પાણી.

शीतलता स्त्री० થંડી, શીતલપણું.

शीतलत्व न० ઉપરના અર્થ.

शीतलप्रद पु० સુખડ, ચંદન.

शीतलवात पु० થંડો પવન.

शीतलवातक पु० અસનપર્ણી વનસ્પતિ.

शीतला स्त्री० તે નામે એક દેવી, શીતળા, કુટુંબિની વૃક્ષ, રેતી.

शीतली स्त्री० પાણીમાં થનારૂં એક ઝાડ.

शीतवल्क पु० ઉંબરાનું ઝાડ.

शीतवीर्यक पु० ખાખરાનું ઝાડ.

शीतवीर्यक त्रि० શીતલ વીર્ય કરનાર.

शीतशिव न० સૈંધવ, શિલાજિત, સક્તફલ વૃક્ષ.

शीतशिव पु० મધુરિકા.

शीतशिवा स्त्री० મિશ્રેકા વનસ્પતિ, ખીજડીનું ઝાડ.

शीतसह पु० પીલુનું ઝાડ.

शीतसहा स्त्री० કાળી નગોડ, વાસંતી.

शीता स्त्री० હળનો લીસોટો, રામપત્ની–સીતા, અતિબલા નામે વનસ્પતિ, દૂર્વા–ધ્રોખડ, એક જાતનું ઘાસ, થંડી, ચંદ્રવાળી રાત્રિ.

शीतांशु पु० ચંદ્ર, કપૂર.

शीताकुल त्रि० થંડીથી વ્યાકુળ–વિહ્વળ.

शीताङ्ग त्रि० થંડા અંગવાળું.

शीताङ्ग न० થડું અંગ.

शीताङ्गी स्त्री० હંસપદી વૃક્ષ.

शीताद पु० દાંતના મૂળમાં એક રોગ.

शीताद्य पु० તાઢીયો તાવ.

शीताद्रि पु० હિમાલય પર્વત.

शीतार्त्त त्रि० થંડીથી પીડાયલું, થંડીની પીડાવાળું.

शीतालु त्रि० ઉપરના અર્થ,

शीतावला स्त्री॰ એક વનસ્પતિ.

शीताश्मन् पु॰ ચંદ્રકાન્ત મણિ.

शीतीभाव पु॰ મોક્ષ, થંડા થવું.

शीतोत्तम न॰ વાણી.

शीत्कार पु॰ મૈથુન સમયે સ્ત્રીઓનો એક અસ્પષ્ટ અવાજ, 'શી' એવો અવાજ.

शीत्य त्रि॰ હળથી ખેડવા યોગ્ય ખેતર વગેરે.

शीधु पु॰ न॰ શેલડીના રસનો એક દારૂ.

शीधुगन्ध पु॰ બોલસરીનું ઝાડ.

शीधुप त्रि॰ શેલડીના રસનો દારૂ પીનાર.

शीन त्रि॰ જામી ગયેલ ઘી વગેરે, મૂર્ખ.

शीन पु॰ અજગર.

शीनी स्त्री॰ અજગર-માદા.

शीभ् भ्वा॰ आ॰ स॰ सेट् બોલવું, કહેવું.

शीभ्य पु॰ શિવ, બળદ.

शीर पु॰ અજગર.

शीरिका स्त्री॰ વંશપત્રી વનસ્પતિ.

शीरिन् पु॰ લીલો દર્ભ.

शीरी स्त्री॰ અજગર-માદા.

शीर्ण त्रि॰ કૃશ, દુર્બળ, સુકાયેલ, એક ગંધદ્રવ્ય.

शीर्णता स्त्री॰ કૃશપણું, દુર્બળતા, સુકાયલાપણું.

शीर्णत्व न॰ ઉપરના અર્થ.

शीर्णदल पु॰ લીંબડાનું ઝાડ.

शीर्णदल त्रि॰ સુકાયલા પાંદડાંવાળું.

शीर्णदल न॰ સુંકાયલું પાંદડું.

शीर्णनाला स्त्री॰ એક વનસ્પતિ.

शीर्णपत्र पु॰ કરેણનું ઝાડ, લીંબડો, એક જાતનું લોધર.

शीर्णपत्र त्रि॰ સુકાયલાં પાંદડાંવાળું.

शीर्णपत्र न॰ સુકાયલું પાંદડું.

शीर्णपर्ण पु॰ લીંબડાનું ઝાડ.

शीर्णपर्ण त्रि॰ સુકાયલાં પાંદડાંવાળું.

शीर्णपण न॰ સુકાયલું પાંદડું.

शीर्णपाद् पु॰ શનૈશ્ચર ગ્રહ.

शीर्णपुष्पिका स्त्री॰ अवाक्पुष्पी વનસ્પતિ.

शीर्णपुष्पी स्त्री॰ ઉપરનો અર્થ.

शीर्णमाला स्त्री॰ પૃશ્નિપર્ણી વનસ્પતિ, સુકાઇ ગયેલી માળા,

शीर्णवृन्त न॰ તરબુચ, સુકાયલું દીંટું.

शीर्णवृन्त त्रि॰ સૂકાયલા દીંટાંવાળું.

शीर्णवृन्तक त्रि॰ ઉપરનો અર્થ.

शीर्णवृन्तक न॰ તરબુચ.

शीर्णाङ्घ्रि पु॰ શનૈશ્ચર ગ્રહ.

शीर्वि त्रि॰ અપકાર કરનાર, હિંસક.

शीर्ष न॰ મસ્તક, માથું, કાળું અગર, મથાળું, શીરનામું.

शीर्षक न॰ ઉપરના અર્થ, પાઘડી, ટોપી-વગેરે, માથાનો ટોપ, હુકમનામું, ફેંસલો, માથાનું હાડકું.

शीर्षक पु॰ રાહુ ગ્રહ.

शीर्षकस्थ त्रि॰ મસ્તક ઉપર નહેનાર, જેના ઉપર હુકમનામું થયેલ હોય તે.

शीर्षच्छेद् पु॰ મસ્તક કાપવું.

शीर्षच्छेदक त्रि॰ માથું કાપનાર.

शीर्षच्छेदन न॰ માથું કાપવું.

शीर्षच्छेदिक त्रि॰ માથું કાપવા યોગ્ય.

शीर्षच्छेदिन् त्रि॰ માથું કાપનાર.

शीर्षच्छेद्य त्रि॰ शीर्षच्छेदिक જુઓ.

शीर्षण्य पु॰ મસ્તકની પાઘડી-ટોપી વગેરે, માથાનો ટોપ

शीर्षण्य पु॰ નિર્મળ કેશ.

शीर्षण्य त्रि॰ નિર્મળ કેશવાળું.

शीर्षत्राण न॰ મસ્તકની પાઘડી-ટોપી વગેરે, માથાનો ટોપ.

शीर्षरक्ष न॰ ઉપરના અર્થ.

शील् भ्वा॰ प॰ स॰ सेट् સમાધિ કરવી, સેવવું, ચિંતવવું, વિચારવું, એકાગ્ર થવું, પૂજવું, માન આપવું.

शील् चु० उभ० स० सेट् અભ્યાસ કરવો, અતિશય થવું, પૂજવું, માન આપવું, પહેરવું, ધારણ કરવું, પ્રવૃત્તિ કરવી.

शील न० સદ્વર્તન, સ્વભાવ, સદાચરણ, ચારિત્ર, રાગદ્વેષનો ત્યાગ.

शील पु० અજગર સર્પ.

शीलतस् अव्य० સદ્વર્તનથી, સ્વભાવથી, ચારિત્રથી, રાગદ્વેષના ત્યાગથી.

शीलता स्त्री० शील न० જુઓ, અભ્યાસ, વહીવટ.

शीलत्व न० ઉપર પ્રમાણે.

शीलन न० મનન કરવું, અભ્યાસ, અતિશય થવું, પ્રવૃત્તિ કરવી, સેવવું, માન આપવું, પહેરવું, ધ.રણ કરવું.

शीलरहित त्रि० ચારિત્રરહિત, દુરાચારી.

शीलवत् त्रि० ચારિત્રવાળું, દુરાચારી સ્વભાવવાળું.

शीलवृत्त त्रि० ઉપરના અર્થ.

शीलसंपन्न त्रि० शीलवत् જુઓ.

शीलित त्रि० અભ્યાસ કરેલ, મનન કરેલ, ચિંતવેલ, સદાચારી.

शीला स्त्री० કૌણ્ડિન્ય મુનિની પત્ની.

शीली स्त्री० અજગર સાપેણ.

शीवन् पु० અજગર સર્પ.

शुक् भ्वा० प० स० सेट् જવું.

शुक पु० વ્યાસપુત્ર શુકદેવ, પોપટ પક્ષી, રાવણનો એક મંત્રી, શિરીષ વૃક્ષ-સરસડો, હરકોઈ ઝાડ, તાલીસ પત્ર.

शुक न० ગ્રન્થિપર્ણ વૃક્ષ, વસ્ત્ર, વસ્ત્રનો છેડો, शिरस्त्राण જુઓ, દાદરનો રોગ.

शुकच्छद न० ગ્રન્થિપર્ણ વૃક્ષ.

शुकजिह्वा स्त्री० એક જાતનું ઝાડ, પોપટની જીભ.

शुकतरु पु० શિરીષ વૃક્ષ-સરસડો.

शुकदेव पु० વ્યાસનો પુત્ર શુકદેવ મુનિ.

शुकद्रुम पु० शुकतरु જુઓ.

शुकनामन् पु० શુકજિહ્વા વૃક્ષ.

शुकनाशन पु० દાદરના રોગનો નાશ કરનાર એક ઝાડ.

शुकनास पु० શ્યોનાક વૃક્ષ, કાદંબરી ગ્રંથપ્રસિદ્ધ તારાપીડ રાજાનો એક મંત્રી.

शुकनास त्रि० પોપટના જેવા નાકવાળું.

शुकनासा स्त्री० એક વનસ્પતિ, પોપટનું નાક.

शुकपिण्डी स्त्री० કવચ વનસ્પતિ.

शुकपितामह पु० પરાશર મુનિ.

शुकपितृ पु० શુકદેવનો પિતા વ્યાસમુનિ.

शुकपुच्छ पु० ગંધક.

शुकपुच्छ न० પોપટનું પૂછડું.

शुकपुच्छक पु० ગંધક.

शुकपुच्छक न० પોપટનું પૂછડું.

शुकपुष्प पु० શિરીષ વૃક્ષ-સરસડો.

शुकप्रिय पु० શિરીષ વૃક્ષ-સરસડો, દાડમનું ઝાડ, લીંબડો.

शुकप्रिय त्रि० પોપટને પ્રિય.

शुकप्रिया स्त्री० જુંબુનું ઝાડ, પોપટી.

शुकफल पु० આકડાનું ઝાડ.

शुकबर्ह न० એક વનસ્પતિ, પોપટનું પીછું.

शुकवर्ह न० ઉપરના અર્થ.

शुकवल्लभ पु० शुकप्रिय पु० જુઓ.

शुकवल्लभ त्रि० પોપટને પ્રિય.

शुकवाह पु० કામદેવ.

शुकशिम्बी स्त्री० કવચ વનસ્પતિ.

शुकसिम्बी स्त्री० ઉપરનો અર્થ.

शुकादन पु० દાડમ.

शुकानना स्त्री० એક ઝાડ.

शुकी स्त्री० પોપટડી, કશ્યપની પત્ની, તામ્રાની એક કન્યા.

शुकोदर न० તાલીસપત્ર, પોપટનું પેટ.

शुक्त न० માંસ, કાંજી, અમુક સમય પડી રહેવાથી ખાટો થઈ ગયેલો કોઈ મધુર

પદાર્થ, નિર્જન; એકાંત, ત્રણ રાત્રિની કાંજી.

शुक्त त्रि॰ ખાટું, નિર્જન, પવિત્ર, ક્રૂર, કઠોર, ભેટેલ, વળગેલ.

शुक्ति स्त्री॰ એક જલજંતુ, શંખલુ, છીપ, ખોપરીનો ટુકડો, નખલો નામે સુગંધી એક દ્રવ્ય, હરસનો રોગ, ઘોડાના શરીર ઉપરનું એક આવર્ત–ચકરી, એક આંખનો રોગ, બે કર્ષનું માપ, ચાર કર્ષનું માપ, चुक्रिका જુઓ.

शुक्तिका स्त्री॰ છીપ, શંખલું, चुक्रिका જુઓ.

शुक्तिज न॰ મોતી.

शुक्तिमत् पु॰ તે નામે એક કુલાચલ પર્વત.

शुक्तिमती स्त्री॰ તે નામે એક નદી.

शुक्र न॰ પારો, વીર્ય–ધાતુ, શરીરની છેલ્લી ધાતુ, એક જાતનો આંખનો રોગ.

शुक्र पु॰ દૈત્ય ગુરૂ શુક્રાચાર્ય, શુક્ર ગ્રહ, અગ્નિ, ચિત્રક વૃક્ષ, જેઠ મહિનો, જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ, શુક્રવાર.

शुक्रकर पु॰ મજ્જાધાતુ–ચરબી.

शुक्रकर त्रि॰ વીર્ય કરનાર કોઇ પદાર્થ.

शुक्रकार्श्य न॰ વીર્યની ક્ષીણતા.

शुक्रकार्श्य पु॰ એક જાતનો વાયુનો રોગ.

शुक्रद पु॰ ઝીણા ઘઉં, જવ.

शुक्रद त्रि॰ વીર્ય આપનાર કોઇ પદાર્થ.

शुक्रनाश पु॰ વાયુ, વીર્યનો નાશ.

शुक्रभुज् पु॰ મોર પક્ષી.

शुक्रभुज् स्त्री॰ મયૂરપક્ષિણી–મોર–માદા.

शुक्रभू पु॰ મજ્જા ધાતુ–ચરબી.

शुक्रमातृ स्त्री॰ ભારંગ વનસ્પતિ.

शुक्रल त्रि॰ વીર્યવર્ધક કોઇ પદાર્થ.

शुक्रला स्त्री॰ उच्चटा જુઓ.

शुक्रवार पु॰ શુક્રવાર.

शुक्रवासर पु॰ શુક્રવાર.

शुक्रशिष्य पु॰ દૈત્ય, અસુર, શુક્રાચાર્યનો શિષ્ય.

शुक्रिय त्रि॰ શુક્ર જેનો દેવ હોય તેવું હવિષ વગેરે, શુક્રાચાર્યસંબંધી.

शुक्रिय न॰ યજુર્વેદનો 'ऋचंवाचम्' એ ૩૬ મો શાન્ત્યધ્યાય.

शुक्ल न॰ રૂપું, માખણ.

शुक्ल पु॰ ધોળો રંગ, એક આંખનો રોગ, જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ, ધોળો એરંડો, શુક્લપક્ષ–શુદ.

शुक्ल त्रि॰ ધોળું, સફેત, શુદ્ધ.

शुक्लक पु॰ એક ઝાડ.

शुक्लकण्ठ पु॰ એક પક્ષી–दात्यूह.

शुक्लकण्ठक पु॰ દાત્યૂહ પક્ષી.

शुक्लकण्ठकी स्त्री॰ દાત્યૂહ પક્ષિણી.

शुक्लकण्ठी स्त्री॰ એક પક્ષિણી–दात्यूही.

शुक्लकन्द पु॰ એક કંદ–મહિષકંદ, ધોળો કંદ.

शुक्लकन्दा स्त्री॰ અતિવિખની કળી.

शुक्लकर्मन् न॰ પવિત્ર કર્મ, શુદ્ધ કામ.

शुक्लकर्मन् त्रि॰ પવિત્ર કર્મ કરનાર, શુદ્ધ કામ કરનાર.

शुक्लकुष्ठ न॰ ધોળો કોઢ.

शुक्लक्षीरा स्त्री॰ काकोली વનસ્પતિ.

शुक्लता स्त्री॰ ધોળાશ, શુદ્ધતા.

शुक्लत्व न॰ ઉપરના અર્થ.

शुक्लदुग्ध पु॰ શાંગોડું.

शुक्लदुग्ध त्रि॰ ધોળા છીરવાળું.

शुक्लधातु पु॰ ધોળી ધાતુ, ખડી–ચોક.

शुक्लपक्ष पु॰ શુદ–અજવાળીયું, ધોળી પાંખ, બગલો પક્ષી.

शुक्लपक्षी स्त्री॰ બગલી.

शुक्लपुष्प न॰ ધોળું ફૂલ.

शुक्लपुष्प पु॰ છત્રાક વૃક્ષ, મોગરો.

शुक्लपुष्प त्रि॰ ધોળા ફૂલવાળું.

शुक्लपुष्पी स्त्री० નાગદંતી વનસ્પતિ, શીતંભી વનસ્પતિ.

शुक्लपृष्ठक पु० નગોડનું ઝાડ.

शुक्लमूल पु० ધોળું લસણ.

शुक्लयजुस् न० 'इषेत्वा' ઇત્યાદિ ચાળીસ અધ્યાયનો એક યજુર્વેદ.

शुक्लरोहित पु० ધોળો અને લાલ-મિશ્ર રંગ.

शुक्लरोहित पु० ધોળા રોહિડાનું ઝાડ.

शुक्लरोहित त्रि० ધોળા-લાલ-મિશ્રરંગનું.

शुक्ला स्त्री० उच्चटा વનસ્પતિ.

शुक्लवायस पु० ધોળો કાગડો, બગલો.

शुक्लवायसी स्त्री० ધોળી કાગડી, બગલી.

शुक्लवृक्ष पु० એક ઝાડ.

शुक्लशाल पु० પહાડી લીંબડો, ધોળા રંગનું ઝાડ.

शुक्ला स्त्री० સરસ્વતી, સાકર, કાકોલી વનસ્પતિ, વિદારી વનસ્પતિ, સ્નુહી વનસ્પતિ, ધોળા રંગની સ્ત્રી.

शुक्लाङ्ग त्रि० ધોળા અંગવાળું.

शुक्लाङ्ग न० ધોળું અંગ.

शुक्लाङ्गी स्त्री० શેફાલીકા વનસ્પતિ.

शुक्लापाङ्ग पु० મોર પક્ષી.

शुक्लापाङ्गी स्त्री० મોર પક્ષીણી.

शुक्लाम्ल न० એક જાતનું શાક.

शुक्लार्क पु० ધોળો આંકડો.

शुक्लार्म्मन् पु० એક જાતનો આંખનો રોગ.

शुक्लिमन् पु० ધોળાશ.

शुक्लीकरण न० ધોળું કરવું.

शुक्लीकृत त्रि० ધોળું કરેલ.

शुक्लीभवन न० ધોળું થવું.

शुक्लीभाव पु० ધોળા થવું.

शुक्लीभूत त्रि० ધોળું થયેલ.

शुक्लोपला स्त्री० ખડી સાકર.

शुङ्ग पु० વડનું ઝાડ, આમ્રાતક વૃક્ષ, કાંટો.

शुङ्गा स्त्री० પીતપાપડો, ધાન્ય વગેરેનો કાંટો.

शुङ्गाकर्मन् न० એક ગર્ભસંસ્કાર.

शुङ्गिन् पु० વડનું ઝાડ, ખાખરાનું ઝાડ.

शुङ्गिन् त्रि० શુંગ-કાંટાવાળું.

शुच् दिवा० उभ० अ० सेट् શોક કરવો, ભીના થવું, अनु+કોઇને ઉદ્દેશી પશ્ચાત્તાપ કરવો स०

शुच् भ्वा० प० स० सेट् શોક કરવો.

शुच् स्त्री० શોક, પશ્ચાત્તાપ.

शुचा स्त्री० શોક, પશ્ચાત્તાપ.

शुचि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ, અષાઢ મહીનો, જેઠ મહીનો, શૃંગાર રસ, શુદ્ધ આચરણ, ગ્રીષ્મ ઋતુ-ઉનાળો, શુદ્ધ મંત્રી, એક જાતનો અગ્નિ, ધોળો રંગ, સૂર્ય, આકડાનું ઝાડ, જપ, દોષરહિતપણું, શુદ્ધપણું, ચંદ્ર, કપૂર, શુક્ર, વિષ્ણુ, બ્રહ્મચર્ય, પવિત્રતા, નિર્મળતા.

शुचि त्रि० શુદ્ધ, પવિત્ર, ધોળું, નિર્દોષ, સ્વચ્છ.

शुचि स्त्री० કાશ્યપની પત્ની, તામ્રાની એક કન્યા.

शुचित त्रि० શુદ્ધ કરેલ, પવિત્ર કરેલ, શોક કરેલ.

शुचिता स्त्री० પવિત્રતા, નિર્મળતા, સ્વચ્છપણુ, શુદ્ધિ.

शुचित्व न० ઉપરના અર્થ.

शुचिद्रुम पु० પીપળાનું ઝાડ.

शुचिप्रणी स्त्री० આચમન વગેરેથી શુદ્ધ કરવું તે.

शुचिमणि पु० સ્ફાટિક મણિ, ધોળો મણિ, સ્વચ્છ મણિ.

शुचिमल्लिका स्त्री० મોગરો, બટમોગરો.

शुचिरोचिस् पु० ચંદ્ર, કપૂર.

शुचिरोचिस् त्रि० ઉજ્વળ કાંતિવાળુ, ધોળુ.

शुचिव्रत त्रि० પવિત્ર વ્રતવાળુ.

शुचिव्रत पु० પુંડરીક વૃક્ષ.

शुचिव्रत न० પવિત્ર વ્રત.

शुचिश्रवस् पु० વિષ્ણુ.

शुचिश्रवस् त्रि० પવિત્ર યશવાળુ.

शुचिस्मित त्रि० મંદ હાસ્યવાળુ.

शुच्य् भ्वा० प० सेट् સ્નાન કરવું अ० નવડાવવું, અભિષેક કરવો, આસવ કાઢવો, મથવું, પીડવુ, નીચોવવું, સાંધવું, સંધાન કરવું, स०

शुटीर पु० વીર, શૂર.

शुटीरता स्त्री० શૌર્ય, પરાક્રમ, વીરતા.

शुटीरत्व न० ઉપરના અર્થ.

शुठ् भ्वा० प० स० सेट् ગતિ અટકાવવી.

शुठ् चु० उ० अ० सेट् આળસ કરવું, આળસુ થવું.

शुण्टि स्त्री० સુંઠ.

शुण्ठ् चु० उभ० स० सेट् શોધવું.

शुण्ठ् भ्वा० प० स० सेट् શોધવું.

शुण्ठि स्त्री० સુંઠ.

शुण्ठी स्त्री० સૂંઠ.

शुण्ठ्य न० સુંઠ.

शुण्ड पु० મદનું ઝરણુ, હાથીની સુંઢ.

शुण्डक पु० દારૂ વેચનાર, કલાલ.

शुण्डा स्त्री० હાથીની સૂંઢ, દારૂ પીવાનુ સ્થળ, દારૂની દુકાન, દારૂ, વેશ્યા, પાણીની હાથણી, કુટણી સ્ત્રી, કમળની દાંડલી.

शुण्डापान न० દારૂ પીવાનું સ્થળ, દારૂ પીવો તે.

शुण्डार पु० દારૂ વેચનાર, કલાલ, હાથી.

शुण्डारी स्त्री० હાથણી.

शुण्डाल पु० હાથી.

शुण्डाली स्त्री० હાથણી.

शुण्डिका स्त्री० शुण्डा જુઓ.

शुण्डिन् पु० હાથી, દારૂ વેચનાર.

शुण्डिनी स्त्री० હાથણી, દારૂ વેચનારી સ્ત્રી, છછુંદર.

शुण्डिमूषिका स्त्री० છછુંદર.

शुण्डी स्त्री० હાથણી, એક ઝાડ.

शुतुद्रि स्त्री० તે નામે એક નદી.

शुद्ध न० સેંધવ લવણ, મરી, રૂપુ.

शुद्ध त्रि० કેવળ, નિર્દોષ, શુદ્ધ, પવિત્ર, સ્વચ્છ, ધોળુ.

शुद्धकोटि स्त्री० ત્રિકોણની સરળ બાજુ, ચતુષ્કોણની સરળ બાજુ, નિર્દોષ પક્ષ.

शुद्धजङ्घ पु० ગધેડો.

शुद्धजङ्घी स्त्री० ગધેડી.

शुद्धता स्त्री० પવિત્રતા, સ્વચ્છતા, ધોળાશ, શુદ્ધપણું.

शुद्धत्व न० ઉપરના અર્થ.

शुद्धदत् त्रि० સ્વચ્છ દાંતવાળું.

शुद्धधी स्त्री० પવિત્ર બુદ્ધિ.

शुद्धधी त्रि० શુદ્ધ બુદ્ધિવાળુ, શુદ્ધ ધ્યાન કરનાર.

शुद्धबुद्धि त्रि० શુદ્ધ બુદ્ધિવાળુ.

शुद्धबुद्धि स्त्री० પવિત્ર બુદ્ધિ.

शुद्धमति त्रि० શુદ્ધ બુદ્ધિવાળુ.

शुद्धमति पु० ગઈ ઉત્સર્પિણીમાં થયેલ ૨૧મા જૈન તીર્થંકર.

शुद्धमति स्त्री० પવિત્ર બુદ્ધિ, ભીમક રાજાની પત્ની-રૂકિમણીની માતા.

शुद्धमांस न० એક જાતનુ પકવ માંસ.

शुद्धवध पु० કેવળ વધ.

शुद्धवल्ली स्त्री० ગળો, પવિત્રતા.

शुद्धवासस् त्रि० પવિત્ર વસ્ત્રવાળુ.

शुद्धवासस् न० પવિત્ર વસ્ત્ર.

शुद्धा स्त्री० ફટકડી, કાસડાનું બી, શુદ્ધ સ્ત્રી.

शुद्धानुमान न० નિર્દોષ અનુમાન.

शुद्धान्त पु० રાજાનું જનાનખાનું, જનાનખાનાની સ્ત્રી, સૂતકનો છેડો–અંત.

शुद्धान्तपालक पु० જનાનખાનાનો રક્ષક.

शुद्धापह्नुति स्त्री० તે નામે એક અર્થાલંકાર.

शुद्धि स्त्री० પવિત્રતા, સ્વચ્છતા, નિર્દોષપણું, ધોવું, સાફ કરવું, વૈદિક કર્મયોગ્યતાસંપાદક એક સંસ્કાર, દુર્ગા દેવી.

शुद्धिकन्द प० પવિત્ર કંદ, ધોળો કંદ.

शुद्धोदन पु० બૌદ્ધ શાક્યમુનિનો પિતા.

शुद्धोदनज पु० બૌદ્ધ શાક્ય મુનિ.

शुद्धोदनजात पु० ઉપરનો અર્થ.

शुद्धोदनतनय पु० शुद्धोदनज જુઓ.

शुद्धोदनतनुज पु० शुद्धोदनज જુઓ.

शुद्धोदनतनूज पु० शुद्धोदनज જુઓ.

शुद्धोदनपुत्र पु० બૌદ્ધ, શાક્ય મુનિ.

शुद्धोदनसुत पु० બૌદ્ધ શાક્ય મુનિ,

शुद्धोदनसूनु पु० शुद्धोदनज જુઓ.

शुद्धोदनात्मज पु० ઉપરનો અર્થ.

शुध् दिवा० प० अनिट् પવિત્ર થવું, શુદ્ધ થવું, સમાપ્ત થવું, अ० પવિત્ર કરવું, શુદ્ધ કરવું, સમાપ્ત કરવું. स०

शुन् तुदा० प० स० सेट् જવું.

शुन पु० કુતરો.

शुनःशेफ पु० વિશ્વામિત્રનો શિષ્ય એક મુનિ.

शुनक पु० કુતરો, તે નામે એક મુનિ.

शुनकचञ्चुका स्त्री० એક જાતનો છોડ.

शुनकचिल्ली स्त्री० એક જાતનો છોડ.

शुनकी स्त्री० કુતરી.

शुनाशीर पु० ઇન્દ્ર, ઘુવડ.

शुनासीर पु० ઉપરનો અર્થ.

शुनि पु० કુતરો.

शुनी स्त्री० કુતરી, કહોળાંનો વેલો.

शुनीर पु० કુતરીઓનો સમૂહ.

शुन्ध् चु० उभ० सेट् શુદ્ધ થવું अ० શુદ્ધ કરવું स०

शुन्ध् भ्वा० प० स० सेट् ઉપર પ્રમાણે.

शुन्ध्यु पु० વાયુ.

शुन्भ् तुदा० प० सेट् દીપવુ, પ્રકાંશવું अ० મર્દન કરવું. स०

शुन्य न० કુતરીઓનો સમૂહ.

शुन्य त्रि० શૂન્ય, ખાલી, સૂનુ.

शुभ् तुदा० प० सेट् દીપવું, પ્રકાશવું, શોભવું, अ० હિંસા કરવી. स०

शुभ् भ्वा० आ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

शुभ न० મંગળ, શુભ, કલ્યાણ, પદ્મકાષ્ઠ, એક ખેચરનગર.

शुभ पु० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.

शुभ त्रि० શુભ, માંગલિક, કલ્યાણવાળુ, સારૂ.

शुभंयु त्रि० ઉપરના અર્થ.

शुभकर त्रि० શુભ કરનાર, મંગળ કરનાર, કલ્યાણ કરનાર.

शुभगन्ध पु० સારો ગન્ધ, ઉત્તમ ગંધ.

शुभगन्ध त्रि० સારાગન્ધવાળું, ઉત્તમ ગંધવાળું.

शुभगन्धक न० બોલ નામે સુગંધી દ્રવ્ય.

शुभगन्धक त्रि० શુભ ગંધવાળું, ઉત્તમ ગંધવાળું.

शुभग्रह पु० શુભદાયક ગ્રહ, ગુરૂ, શુક્ર, ચંદ્ર, બુધ.

शुभङ्कर त्रि० શુભ કરનાર, કલ્યાણ કરનાર, મંગળ કરનાર.

शुभङ्करी स्त्री० દુર્ગા દેવી.

शुभद पु० પીપળાનુ ઝાડ.

शुभद त्रि० મંગળ આપનાર, કલ્યાણ આપનાર.

शुभदन्ती स्त्री० સારા દાંતવાળી સ્ત્રી, વાયવ્ય કોણના દિગ્ગજની સ્ત્રી હાથણી.

शुभपत्रिका स्त्री॰ સાલપાન વનસ્પતિ.

शुभपत्री स्त्री॰ ઉપરનો અર્થ.

शुभम् અવ્ય॰ મંગળ, કલ્યાણ.

शुभलग्न न॰ સારૂ લગ્ન, માંગલીક લગ્ન.

शुभवासन पु॰ મુખવાસ દ્રવ્ય, પાનસોપારી વગેરે.

शुभवासन त्रि॰ સારી વાસનાવાળું.

शुभशील त्रि॰ સારા સ્વભાવવાળું, ઉત્તમ ચારિત્રવાળું.

शुभसूचक त्रि॰ સારૂ સૂચવનાર.

शुभसूचिका स्त्री॰ શુભ સૂચવનારી.

शुभसूचन त्रि॰ સારૂં સૂચવનાર.

शुभसूचनी स्त्री॰ તે નામે એક દેવી.

शुभस्थली स्त्री॰ યજ્ઞસ્થળ, સારૂં સ્થળ.

शुभा स्त्री॰ શોભા, કાન્તિ, ઈચ્છા, રોચના, ખીજડી, પ્રિયંગુ, સરસવ, કાંગ, ધોળી ધ્રો, દેવસભા, પાર્વતીની એક સખી.

शुभाकिनी स्त्री॰ એક વનસ્પતિ.

शुभाङ्ग त्रि॰ સારા અંગવાળું, સુંદર અંગવાળું.

शुभाङ्ग न॰ સારૂ-સુંદર અંગ.

शुभाचार त्रि॰ સારા-પવિત્ર આચારવાળું.

शुभाचारा स्त्री॰ પાર્વતીની એક સખી, સારા આચારવાળી સ્ત્રી.

शुभाञ्जन पु॰ સરગવાનુ ઝાડ.

शुभानन त्रि॰ સારા-સુંદર મુખવાળું.

शुभानन न॰ સારૂં મુખ.

शुभापाङ्गा स्त्री॰ સુંદર કટાક્ષવાળી સ્ત્રી.

शुभाशुभ न॰ શુભ અને અશુભ.

शुभेतर न॰ અશુભ, અમંગળ, ખરાબ.

शुभ्र न॰ અભ્રક, રૂપું, હીરાકસી, સૈંધવ લવણ, ધોળું ચંદન.

शुभ्र पु॰ ધોળો રંગ, સ્ફટિક મણિ.

शुभ्र त्रि॰ ધોળું, ધોળા રંગનું, ઉજ્વળ.

शुभ्रकर पु॰ ચંદ્ર, કપૂર, ધોળો હાથ.

शुभ्रकर त्रि॰ ધોળા કિરણવાળું, ઉજ્વળ કિરણવાળું, ધોળા હાથવાળું.

शुभ्रकिरण पु॰ ચંદ્ર, કપૂર.

शुभ्रकिरण त्रि॰ ધોળા કિરણવાળું, ઉજ્વળ કિરણવાળું.

शुभ्रकृत पु॰ સાઠ વર્ષોમાંનું એક વર્ષ.

शुभ्रकृत् त्रि॰ ધોળું કરનાર.

शुभ्रता स्त्री॰ ધોળાશ, ધોળાપણું, ઉજ્વળપણું.

शुभ्रत्व न॰ ઉપરના અર્થ.

शुभ्रदन्ती स्त्री॰ शुभदन्ती જુઓ.

शुभ्ररश्मि पु॰ ચંદ્ર, કપૂર.

शुभ्रा स्त्री॰ ખાવાનો એક પદાર્થ, ગંગા નદી, સાકર, વંશલોચન, ફટકડી, સ્ફટિક મણિ.

शुभ्रांशु पु॰ ચંદ્ર, કપૂર.

शुभ्रांशु त्रि॰ शुभ्रकिरण त्रि॰ જુઓ.

शुभ्रालु पु॰ ધોળું એક કંદ, મહિષકંદ વનસ્પતિ.

शुभि पु॰ બ્રહ્મા.

शुम्भ न॰ દોરી.

शुम्भ पु॰ તે નામે એક દાનવ.

शुम्भघातिनी स्त्री॰ દુર્ગા દેવી.

शुम्भपुरी स्त्री॰ શુંભ દૈત્યનું એક નગર-શંભલપુર.

शुम्भमथिनी स्त्री॰ દુર્ગા દેવી.

शुम्भमर्दिनी स्त्री॰ દુર્ગા દેવી.

शुर् दिवा॰ आ॰ स॰ सेट् મારવું, થંભાવવું.

शुल्क् चु॰ उभ॰ स॰ सेट् કહેવું, સરજવું, છોડવું, દેવું, આપવું.

शुल्क पु॰ न॰ રાજાનો કર, જકાત, દાણ, ટેક્સ, વરના પક્ષપાસેથી કન્યાના પક્ષવાળાંઓએ લેવાતું ધન, એક પ્રકારનું સ્ત્રીધન, સંભોગ માટે સ્ત્રીને અપાતું દ્રવ્ય, ભાડું, કીંમત, પણ.

शुल्कस्थान न० રાજાઓનું દાણ લેવાનું સ્થાન, કર લેવાનું સ્થળ, જેની જકાત લઈ શકાય તેવી વસ્તુ.

शुल्काध्यक्ष पु० દાણ લેનાર અધિકારી.

शुल्व् चु० उभ० स० सेट् દેવું, આપવું, માપવું.

शुल्व न० તાંબુ, દોરી, પાણીની સમીપ, યજ્ઞ કર્મ, આચાર, ધર્મ.

शुल्वा स्त्री० દોરી.

शुल्वारि पु० ગંધક.

शुशुमा स्त्री० શુક્રાચાર્યની સ્ત્રી.

शुश्रुवस् त्रि० સાંભળનાર.

शुश्रू स्त्री० માતા, મા.

शुश्रूषक त्रि० સાંભળવા ઇચ્છનાર, સેવક, સેવનાર.

शुश्रूषण न० સાંભળવા ઇચ્છવું, સેવવું, સેવા કરવી.

शुश्रूषणा स्त्री० ઉપરના અર્થ.

शुश्रूषत् त्रि० સાંભળવા ઇચ્છતું, સેવતું, સેવા કરતું.

शुश्रूषा स्त्री० સાંભળવાની ઇચ્છા,સેવા,કહેવું.

शुश्रूषापर त्रि० સાંભળવા તત્પર, સેવામાં તત્પર.

शुष् दिवा० प० स० अनिट् શોષવું, સુકાવું.

शुष पु० ખાડો, દર, છિદ્ર.

शुषि स्त्री० પત્થર, દર, છિદ્ર.

शुषिर न० છિદ્ર, બંસી-વાંસળી વગેરે વાદિત્ર.

शुषिर त्रि० છિદ્રંવાળું.

शुषिर पु० ઉંદર, અગ્નિ, ચિત્રક વૃક્ષ.

शुषिरा स्त्री० નદી, નલી નામે એક ગંધદ્રવ્ય.

शुषिरी स्त्री० ઉંદરડી.

शुषिल पु० વાયુ.

शुष्क त्रि० સુકાયલું, સુકું.

शुष्क न० સુકાવું, સોસાવું.

शुष्कता स्त्री० સુકાયલાપણું.

शुष्कत्व न० સુકાયલાપણું.

शुष्कपत्र न० એક શાક, સુકાયલું પાંદડું.

शुष्कमांस न० સુકું માંસ, માંસની સુકવણી.

शुष्करेवती स्त्री० તે નામે એક માતૃકા.

शुष्कल न० સુકું માંસ, માંસ.

शुष्कवृक्ष पु० સુકાયલું ઝાડ, ધવવૃક્ષ.

शुष्कवैर न० કારણવિનાનું વૈર.

शुष्कव्रण पु० સુકાયલો ઘાવ-ઘા.

शुष्काक्षिपाक पु० એક આંખનો રોગ.

शुष्काङ्ग पु० ધવવૃક્ષ.

शुष्काङ्ग त्रि० સુકાયલાં અંગવાળું.

शुष्काङ्ग न० સુકાયલું અંગ.

शुष्काङ्गी स्त्री० સુકાયલા અંગવાળી સ્ત્રી, ગરોળી.

शुष्कार्द्रक न० સુંઠ.

शुष्म न० તેજ, પરાક્રમ.

शुष्म पु० સૂર્ય, આકડાનું ઝાડ, અગ્નિ, ચિત્રક વૃક્ષ, વાયુ, પક્ષી, અગ્નિની જ્વાળા.

शुष्मन् पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

शुष्मन् न० તેજ, પરાક્રમ.

शुष्यत् त्रि० સુકાતું.

शूक पु० न० તીક્ષ્ણ અગ્ર-અણી, શિખા, દયા, ઝેરી પાણાના મેલથી થનાર એક જંતુ.

शूकक पु० વર્ષા કાળ, રસ.

शूककीट पु० એક જાતનો કીડો, વીછી.

शूकज न० જવખાર.

शूकतृण न० એક જાતનું ઘાસ.

शूकधान्य न० જવ વગેરે ધાન્ય.

शूकपाक्य न० જવખાર.

शूकपिण्डी स्त्री० કવચ વનસ્પતિ.

शूकर पु० ભુંડ, ડુક્કર.

शूकरकन्द पु० વારાહીકન્દ વનસ્પતિ.

शूकरदंष्ट्रक पु० એક ક્ષુદ્રરોગ-ગુદભ્રંશ.

शूकरपादिका स्त्री० कोलशिम्बी વનસ્પતિ.

शूकरमुख न० તે નામે એક નરક.

शूकराक्रान्ता स्त्री० વરાહક્રાંતા વનસ્પતિ.

शूकरी स्त्री० ઉપરનો અર્થ, ભુંડણી, ડુક્કરી.

शूकरेष्ट पु० कसेरु નામે એક કંદ.

शूकरेष्ट त्रि० ભુંડને પ્રિય, ડુક્કરને વહાલું.

शूकल पु० તોફાની ઘોડો.

शूकवत् त्रि० તીક્ષ્ણ અગ્રવાળું, શિખાવાળું, દયાળુ.

शूकवती स्त्री० કવચ વનસ્પતિ, તીક્ષ્ણ અગ્રવાળી, દયાળુ સ્ત્રી, શિખાવાળી.

शूकशिखा स्त्री० કવચ વનસ્પતિ.

शूकशिम्बि स्त्री० ઉપરનો અર્થ.

शूकशिम्बी स्त्री० કવચ વનસ્પતિ.

शूका स्त्री० ઉપરનો અર્થ.

शूकापुट्ट पु० એક જાતનો મણિ.

शूकल पु० માછલું, એક જાતનું માછલું, નાગરમોથ.

शूकली स्त्री० માછલી, એક જાતની માછલી.

शूक्तिपर्ण पु० ગરમાળો.

शूद्र पु० ચોથો વર્ણ–શૂદ્ર.

शूद्रता स्त्री० શૂદ્રપણું.

शूद्रत्व न० શૂદ્રપણું.

शूद्रधर्म पु० શૂદ્રનો ધર્મ.

शूद्रभिक्षित न० શૂદ્ર પાસે માગેલી ભિક્ષા.

शूद्रभूयिष्ठ त्रि० જ્યાં શૂદ્ર ઘણા હોય તે.

शूद्रा स्त्री० શૂદ્ર જાતિની સ્ત્રી.

शूद्रान्न न० શૂદ્રનું અનાજ.

शूद्रापरिणयन न० શૂદ્ર જાતિની સ્ત્રીને પરણવું તે.

शूद्रापुत्र पु० શૂદ્ર જાતિની સ્ત્રીનો પુત્ર.

शूद्रापुत्री स्त्री० શૂદ્ર જાતિની સ્ત્રીની પુત્રી.

शूद्राभार्य पु० જેની સ્ત્રી શૂદ્ર જાતિની હોય તે.

शूद्रार्ता स्त्री० प्रियङ्गु જુઓ.

शूद्रावेदन न० શૂદ્ર જાતિની સ્ત્રીને પરણવું તે.

शूद्रावेदिन् पु० શૂદ્ર જાતિની સ્ત્રીને પરણનાર.

शूद्रासुत पु० શૂદ્ર જાનિની સ્ત્રીનો પુત્ર.

शूद्रासुता स्त्री० શૂદ્ર જાતિની સ્ત્રીની પુત્રી.

शूद्री स्त्री० શૂદ્રની સ્ત્રી.

शूना स्त्री० પ્રાણીઓનું વધસ્થાન, પડજીભ.

शून्य त्रि० અસંપૂર્ણતા, ઓછું, તુચ્છ, સૂનું.

शून्य न० નિર્જનસ્થાન, આકાશ, મીંડું, બિંદુ, અભાવ.

शून्यगेह न० સૂનું ઘર, ખાલી ઘર, નધણીયાતું ઘર.

शून्यता स्त्री० શૂન્યપણું, સૂનાપણું, આકાશપણું, નિર્જન.

शून्यत्व न० ઉપરના અર્થ.

शून्यमध्य पु० નડ, ઘાસ.

शून्यवादिन् पु० બૌદ્ધ, નાસ્તિક.

शून्यस्थान न० એકાંત, નિર્જન સ્થાન.

शून्यहस्त त्रि० ખાલી હાથવાળું.

शून्या स्त्री० नली જુઓ મહાકંટકિની વનસ્પતિ.

शूयमान त्रि० સોજી જતું, વધતું, જતું.

शूर् दिवा० आ० स० सेट् હિંસા કરવી, સ્તબ્ધ થવું.

शूर् चु० उभ० स० सेट् પરાક્રમ કરવું.

शूर पु० વીર, પરાક્રમી, વસુદેવ યાદવ, સૂર્ય, આકડાનું ઝાડ, સિંહ, ભુંડ, ડુક્કર, ચિત્રક વૃક્ષ, સાગનું ઝાડ, મસૂર ધાન્ય.

शूरण पु० સુરણ નામે એક કંદ, શોણક વૃક્ષ.

शूरता स्त्री० વીરપણું, પરાક્રમ.

शूरत्व न० ઉપરના અર્થ.

शूरदेव पु० ભાવી ઉત્સર્પિણીમાં પહેલા જૈન તીર્થંકર.

शूरसेन पु० તે નામે એક દેશ, એક રાજા.

शूरसेनज पु० શૂરસેનનો પુત્ર કંસરાજા.

शूरी स्त्री० સિંહણ, ભુંડણી, કુકરી.

शूर्प् चु० उभ० स० सेट् માપવું.

शूर्प पु० સૂપડું, બે દ્રોણનું માપ.

शूर्पक पु० તે નામે એક દૈત્ય.

शूर्पकर्ण पु० હાથી, ગણપતિ.

शूर्पकर्णी स्त्री० હાથણી.

शूर्पणखा स्त्री० તે નામે રાવણની બહેન.

शूर्पणखी स्त्री० ઉપરનો અર્થ.

शूर्पनिष्पाव पु० એક સુપડું, ધાન્યનું ભુસુ.

शूर्पपर्णी स्त्री० જંગલી મગ.

शूर्पवात पु० સુપડાનો પવન.

शूर्पश्रुति पु० ગણપતિ, હાથી.

शूर्म पु० લોઢાની પ્રતિમા.

शूर्मि स्त्री० લોઢાં વગેરેની પ્રતિમા.

शूल् भ्वा० प० अक० सेट् રોગી થવું.

शूल पु० न० શૂળનો રોગ, ત્રિશૂળ, શૂળી, ભાલો, પીડા, દુઃખ, મૃત્યુ, ચિન્હ, માંસ શેકવાનો લોખંડી સળીઓ.

शूलक पु० ઉપરના અર્થ, દુર્વિભાગ્ય.

शूलग्रन्थि એક જાતની ધ્રોખડ.

शूलघातन न० મંડૂર, લોહભસ્મ.

शूलघ्न पु० તુંબુર વૃક્ષ.

शूलद्विष् पु० હીંગ.

शूलधन्वन् पु० શિવ.

शूलधर पु० શિવ.

शूलधरा स्त्री० દુર્ગા દેવી.

शूलधारिणी स्त्री० દુર્ગા દેવી.

शूलधारिन् पु० શિવ.

शूलधृज् पु० શિવ.

शूलधृज् स्त्री० દુર્ગા દેવી.

शूलधृष् स्त्री० દુર્ગા દેવી.

शूलधृष् पु० શિવ.

शूलनाशन न० સંચળ, પુષ્કર મૂળ.

शूलनाशन पु० હીંગ.

शूलपत्री स्त्री० એક જાતનું ઘાસ.

शूलपाणि पु० શિવ.

शूलभृत् पु० શિવ.

शूलभृत् स्त्री० દુર્ગા દેવી.

शूलशत्रु पु० એરંડાનું ઝાડ.

शूलहन्त्री स्त्री० અજમોદ.

शूलहृत् पु० હીંગ.

शूला स्त्री० શૂળી, વેશ્યા.

शूलाकृत त्रि० લોખંડી સળીયા ઉપર પકવેલ માંસ વગેરે.

शूलाग्र न० શૂળીનો અગ્રભાગ.

शूलिक पु० સસલો.

शूलिक त्रि० शूलाकृत જુઓ, શૂળવાળું.

शूलिकी स्त्री० સસલી.

शूलिन् पु० શિવ, સસલો.

शूलिन् त्रि० શૂળના રોગવાળું, ત્રિશૂળ ધારણ કરનાર.

शूलिन पु० ભાંડીર વૃક્ષ.

शूलिनी स्त्री० દુર્ગા દેવી, સસલી.

शूली स्त्री० એક જાતનું ઘાસ.

शूलोत्खा स्त्री० સોમરાજી વનસ્પતિ.

शूल्य त्रि० शूलाकृत જુઓ.

शूष् भ्वा० प० स० सेट् પ્રસવવું, જણવું.

शृकाल पु० શિયાળ.

शृकाली स्त्री० શિયાળવી.

शृगाल पु० શિયાળ, તે નામે એક દૈત્ય, વાસુદેવ.

शृगाल त्रि० ક્રૂર, ઘાતકી, ખળ, ઠગ, બીકણ.

शृगालकण्टक पु० એક જાતનો છોડવો.

शृगालकोलि पु० એક જાતની બોરડી.

शृगालघण्टी स्त्री० એક જાતનો છોડવો.

शृगालजम्बु स्त्री० એક જાતની વનસ્પતિ.

शृगालविन्ना स्त्री० પૃશ્નિપર્ણી વનસ્પતિ.

शृगालवृन्ता स्त्री० ઉપરનો અર્થ.

शृगालिका स्त्री० શિયાળવી, ભયથી પલાયન કરવું તે.

शृगाली स्त्री० ઉપરના અર્થ, કોકિલાક્ષ, વિદારી વનસ્પતિ.

शृङ्खल पु० નિગડ, બેડી, સાંકળ, લોખંડી પાદબંધન, કંદોરો, કેડે બાંધવાનો પટ્ટો, કમરપટો.

शृङ्खलक पु० ઉંટ, शृङ्खल જુઓ.

शृङ्खलकी स्त्री० ઉંટડી.

शृङ्खला स्त्री० शृङ्खल જુઓ.

शृङ्खलित त्रि० સાંકળથી બાંધેલ, બેડી ઘાલેલ, કેદ કરેલ.

शृङ्खली स्त्री० કોકિલાક્ષ વૃક્ષ, કેડે બાંધવાનો પટ્ટો, કમરપટ્ટો.

शृङ्ग न० શિખર, પ્રભુતા, ચિન્હ, જલક્રીડા માટેનું યંત્ર, પીચકારી, પશુ વગેરેનું શીંગડુ, ઉત્કર્ષ, ઉંચું, તીક્ષ્ણ, કમળ, રણશીંગ, કામની અધિકતા, આદુ.

शृङ्ग पु० એક જાતનું ઝાડ, તે નામે એક મુનિ.

शृङ्गक पु० જીવક વૃક્ષ.

शृङ्गक न० પર્વતનું શિખર, આદુ.

शृङ्गकन्द न० શીંગોડું.

शृङ्गकन्दक न० શીંગોડું.

शृङ्गज न० અગરચંદન.

शृङ्गज पु० જેમાંથી બાણ બની શકે છે તે એક ઝાડ.

शृङ्गज त्रि० શીંગડામાંથી થનાર.

शृङ्गधूम पु० હોલો પક્ષી.

शृङ्गधूमी स्त्री० હોલી.

शृङ्गनाम्नी स्त्री० કાકડાશીંગ.

शृङ्गमूल पु० શીંગોડું.

शृङ्गमोहिन् पु० ચંપાનું ઝાડ.

शृङ्गला स्त्री० મેંઢાશીંગ.

शृङ्गवत् त्रि० શિખરવાળું, શીંગડાવાળું.

शृङ्गवत् पु० તે નામે એક સીમાપર્વત.

शृङ्गवेर न० આદુ, સુંઠ, રામના મિત્ર ગુહકનું શહેર.

शृङ्गवेरक न० આદુ.

शृङ्गवेराभमूलक पु० एरका જુઓ.

शृङ्गाट पु० ઉત્તરમાં એક પર્વત, ચૌટો, શીંગોડાંનો વેલો, દરવાજો.

शृङ्गाट न० શીંગોડું.

शृङ्गाटक न० શીંગોડું.

शृङ्गाटक पु० शृङ्गाट पु० જુઓ.

शृङ्गार पु० સાહિત્યપ્રસિદ્ધ એક રસ, લવીંગ, સિંદૂર, ચૂર્ણ, કાળું અગર, ભૂષણ, અલંકાર, શણગાર, હાથીનો અલંકાર, પુરૂષની સ્ત્રીમાં અને સ્ત્રીની પુરૂષમાં સંયોગપ્રત્યે ઇચ્છા, મૈથુન.

शृङ्गारक न० સિંદુર.

शृङ्गारभूषण न० સિંદુર.

शृङ्गारयोनि पु० કામદેવ.

शृङ्गाररस पु० સાહિત્યપ્રસિદ્ધ રસ.

शृङ्गारसहाय पु० શૃંગારમાં સહાયક.

शृङ्गारसहायक पु० ઉપરનો અર્થ.

शृङ्गारित त्रि० શણગારેલ, સિંદૂરથી રંગેલ.

शृङ्गारिन् पु० સોપારી, હાથી, માણેક.

शृङ्गारिन् त्रि० શણગારવાળું, સારા વેશવાળું.

शृङ्गाह्वा स्त्री० શીંગોડું.

शृङ्गि स्त्री० એક જાતની માછલી.

शृङ्गिक न० એક જાતનું ઝેર.

शृङ्गिका स्त्री० અતિવિખની કળી.

शृङ्गिण पु० બકરો, ઘેંટો, બળદ.

शृङ्गिणी स्त्री० બકરી, ઘેટી, ગાય, મોગરાનો વેલો, માલકાંકણી.

शृङ्गिन् पु० પર્વત, વૃક્ષ, તે નામે એક કુલાચલ પર્વત, તે નામે મુનિ, બકરો, ઘેટો. બળદ.

शृङ्गिन् त्रि० શીંગડાંવાળુ હરકોઇ પ્રાણી, શિખરવાળું.

शृङ्गी स्त्री० એક જાતની માછલી, અતિવિખની કળી, વૃષભ ઔષધિ, કાકડાશીંગ, પીપરનું ઝાડ, પીપળાનું ઝાડ, ઝેર, દાગીના માટે સોનું.

शृङ्गीकनक न० દાગીના માટે સોનું.

शृणि स्त्री० અંકુશ.

शृण्वत् त्रि० સાંભળતું.

शृत त्रि० પકવેલ, રાંધેલ, ઉકાળેલ પાણી વગેરે.

शृत पु० કવાથ, ઉકાળો.

शृध् भ्वा० आ० अ० सेट् પાદવું.

शृध् भ्वा० उभ स० सेट् છેદવું, કાપવું.

शृध् चु० उभ० स० सेट् ગ્રહણ કરવું.

शृधु पु० બુદ્ધિ, અપાન, ગુદા.

शृधु त्रि० નિંદવા યોગ્ય, ખરાબ.

शॄ क्र्या० प० स० सेट् હિંસા કરવી, ઠાર કરવું.

शेखर पु० શિખા, ચોટલી, મસ્તકમાં રહેલી માળા, તોરો, ગાયના અંગ રૂપ એક ધ્રુવ.

शेखरित त्रि० શિખાવાળું ચોટલીવાળુ, તોરાવાળું.

शेखरी स्त्री० વંદા નામે વનસ્પતિ.

शेखरीकरण न० શેખર રૂપ કરવું.

शेखरीकृत त्रि० શેખર રૂપ કરેલ.

शेखरीभवन न० શેખર રૂપ થવું.

शेखरीभूत त्रि० શેખર રૂપ થયેલ.

शेणवी स्त्री० બુદ્ધિ.

शेणा स्त्री० બુદ્ધિ.

शेप पु० પુરૂષનું ચિન્હ—લોડો.

शेप त्रि० સૂનાર, શયન કરનાર.

शेपस् पु० शेप पु० જુઓ.

शेपाल पु० શેવાળ.

शेफ पु० न० शेप पु० જુઓ.

शेफ त्रि० शेप त्रि० જુઓ.

शेफस् न० शेप पु० જુઓ.

शेफालि स्त्री० નગોડ વનસ્પતિ.

शेफालिका स्त्री० નગોડ વનસ્પતિ.

शेफाली स्त्री० નગોડ વનસ્પતિ.

शेमुषी स्त्री० બુદ્ધિ.

शेल् भ्वा० प० स० सेट् જવું, ચાલવું.

शेलु पु० બહુવાર વૃક્ષ.

शेव पु० शेप पु० જુઓ, સર્પ.

शेव त्रि० ઉન્નત, ઉંચું.

शेवधि पु० નવ પ્રકારના નિધિ—ભંડાર.

शेवल न० શેવાળ.

शेवाल न० શેવાળ.

शेवाला स्त्री० આકાશમાંસી વનસ્પતિ.

शेष पु० શેષ નાગ, બળદેવ, બાકી, હાથી, ભગવાનની કાળમૂર્તિ, મરણ.

शेष त्रि० ઉપયુક્તથી ઇતર વસ્તુ.

शेषकाल पु० બાકીનો વખત, મરણનો સમય.

शेषभाग पु० બાકીનો ભાગ.

शेषभुज् त्रि० બાકી રહેલું ખાનાર, એઠું ખાનાર.

शेषभोजन न० બાકી રહેલુ ખાવું, એઠું ખાવું.

शेषरात्रि स्त्री० રાત્રિનો બાકીનો ભાગ.

शेषशयन पु० નારાયણ.

शेषशायिन् पु० નારાયણ.

शैक्ष त्रि० શિક્ષાગ્રંથને ભણનાર કે જાણનાર.

शैखरिक पु० અઘાડો વનસ્પતિ.

शैखरेय पु० અઘાડો વનસ્પતિ.

शैघ्र न० ઉતાવળ, વેગ, ઝડપ.

शैत्य न० શીતળપણું.

शैथिल्य न० શિથિલપણું, ઢીલપણું, અદૃઢ સંયોગ.

शैनेय पु० સાત્યકિ નામે યાદવ.

शैब्य पु० શ્રીકૃષ્ણનો ઘોડો, એક રાજા.

शैब्या स्त्री० કૃષ્ણની એક પત્ની, રાજા દ્યુમત્સેનની પત્ની, સત્યવાનની માતા.

शैरीय पु० કાળી ઝીંઝોટી.

शैरेयक पु० ઉપરનો અર્થ.

शैर्षच्छेदिक त्रि० શીર્ષચ્છેદને યોગ્ય, વધ કરવા યોગ્ય.

शैल न० શિલાજિત, તાર્ક્ષ્યશૈલ.

शैल पु० પર્વત.

शैल त्रि० શિલા–પથ્થર સંબંધી–નું

शैलगन्ध न० એક જાતનું ચંદન.

शैलगर्भा स्त्री० ઔષધ રૂપ એક ધોળો પથ્થર.

शैलज न० શિલાજિત.

शैलज त्रि० પર્વતમાંથી ઉત્પન્ન થનાર.

शैलजा स्त्री० ગજપીપર, દુર્ગા દેવી, પાર્વતી, सैंहली જુઓ, ગંગા.

शैलदुहितृ स्त्री० પાર્વતી, ગંગા.

शैलधन्वन् पु० શિવ.

शैलधर पु० શ્રી કૃષ્ણ.

शैलनाथ पु० હિમાલય પર્વત.

शैलनिर्यास पु० શિલાજિત.

शैलपति पु० હિમાલય પર્વત.

शैलपत्र पु० બીલીનું ઝાડ.

शैलपुत्र पु० મૈનાક પર્વત.

शैलपुत्री स्त्री० પાર્વતી.

शैलभित्ति पु० પથ્થર કોતરવાનું ટાંકણું.

शैलरन्ध्र पु० પર્વતની ગુફા.

शैलराज पु० હિમાલય પર્વત.

शैलराजदुहितृ स्त्री० પાર્વતી, ગંગા.

शैलराजपुत्र पु० મૈનાક પર્વત.

शैलराजपुत्री स्त्री० પાર્વતી.

शैलराजसुत पु० મૈનાક પર્વત.

शैलराजसुता स्त्री० પાર્વતી, ગંગા.

शैलराजात्मज पु० મૈનાક પર્વત.

शैलराजात्मजा स्त्री० પાર્વતી, ગંગા.

शैलवोज पु० ભીલામાંનું ઝાડ.

शैलशिखर न० પર્વતનું શિખર.

शैलशिविर न० સમુદ્ર.

शैलशृङ्ग न० પર્વતનું શિખર.

शैलसंभव पु० શિલાજિત.

शैलसार न० पु० શિલાજિત.

शैलसुत पु० મૈનાક પર્વત.

शैलसुता स्त्री० પાર્વતી, ગંગા.

शैलाग्र न० પર્વતનું શિખર.

शैलाज न० શિલાજિત.

शैलाट पु० સિંહ, ભિલ, ધોળો કાચ, દેવનો પૂજારી.

शैलाटी स्त्री० સિંહણ, ભીલડી.

शैलात्मज पु० મૈનાક પર્વત.

शैलात्मजा स्त्री० પાર્વતી, ગંગા.

शैलादि पु० શિવનો પાર્શ્વચર નંદી.

शैलालिन् पु० નટ.

शैलिक्य त्रि० પાખંડી, ઢોંગી, ધૂર્ત.

शैली स्त्री० ચારિત્ર, એક જાતનો સંકેત.

शैलुक पु० એક જાતનું ઝાડ.

शैलूष पु० નટ, બીલીનું ઝાડ, ગવૈયો, ધુતારો, કરતાડ વગાડનાર.

शैलूषिक पु० મુખ્ય નટ.

शैलूषिकी स्त्री० મુખ્ય નટની સ્ત્રી, મુખ્ય નટી.

शैलेन्द्र पु० હિમાલય પર્વત.

शैलेन्द्रज पु० મૈનાક પર્વત.

शैलेन्द्रजा स्त्री० પાર્વતી, ગંગા.

शैलेन्द्रतनय पु० મૈનાક પર્વત.

शैलेन्द्रतनया स्त्री० પાર્વતી, ગંગા.

शैलेन्द्रसुत पु० મૈનાક પર્વત.

शैलेन्द्रसुता स्त्री० પાર્વતી, ગંગા.

शैलेन्द्रस्थ पु० ભોજપત્રનું ઝાડ.

शैलेन्द्रात्मज पु० મૈનાક પર્વત.

शैलेन्द्रात्मजा स्त्री० પાર્વતી, ગંગા.

शैलेय न० શિલાજિત.

शैलेय त्रि० પર્વતમાં હોનાર થનાર, શિલાનું, શિલાસંબંધી, પત્થર જેવું.

शैलेय पु० સિંહ, ભમરો.

शैलेयी स्त्री० સિંહણ, પાર્વતી, ભમરી.

शैलेश पु० હિમાલય.

शैलेशज पु० મૈનાક પર્વત.

शैलेशजा स्त्री० પાર્વતી, ગંગા.

शैलेशसुता स्त्री० પાર્વતી, ગંગા.

शैलेशात्मज पु० મૈનાક પર્વત.

शैशात्मजा स्त्री० પાર્વતી, ગંગા.

शैलोद्भवा स्त्री० ક્ષુદ્ર પાષણાભેદ વૃક્ષ, પાર્વતી, ગંગા.

शैल्य न० પત્થર જેવું કઠણ.

शैव न० વેદવ્યાસકૃત એક મહાપુરાણ, શેવાળ, આર્દ્રા નક્ષત્ર.

शैव त्रि० શિવનું, શિવસંબંધી, શિવભક્ત.

शैव पु० વસુક, ધંતુરો, એક આચાર.

शैवल पु० શેવાળ.

शैवल न० પદ્મકાષ્ઠ.

शैवलिनी स्त्री० નદી.

शैवाल पु० શેવાળ,

शैवालक पु० શેવાળ.

शैव्य पु० શિબિ ગોત્રનો એક રાજા, ઘોડો, શ્રીકૃષ્ણનો એક ઘોડો.

शैशव न० બાળપણ, બાલ્યાવસ્થા.

शैशिर पु० કાળો ચકલો.

शैशिर न० શિશિર ઋતુ.

शैशिर त्रि० શિશિર ઋતુનુ-સંબંધી.

शैशिरी स्त्री० કાળી ચકલી.

शैष पु० શિશિર ઋતુ.

शैष्योपाध्यायिका स्त्री० શિષ્ય અને ઉપાધ્યાયનું કર્મ–શિષ્યને ભણાવવાનું કામ.

शो दिवा० प० स० से॰ તીક્ષ્ણ કરવું.

शोक पु० શોક, અફસોસ, દીલગીરી.

शोकचर्चा स्त्री० શોક કરવો તે.

शोकज्वर पु० શોકનો તાવ.

शोकच्छिद् त्रि० શોકનો નાશ કરનાર.

शोकच्छेदक त्रि० શોકનો નાશ કરનાર.

शोकच्छेदन न० શોકનો નાશ કરવો.

शोकनाथ पु० આસોપાલવનું ઝાડ.

शोकनाश पु० ઉપરનો અર્થ, શોકનો નાશ.

शोकनाशन त्रि० શોકનો નાશ કરનાર.

शोकभङ्ग पु० શોકનો નાશ.

शोकमूर्च्छित त्रि० શોકવડે મૂર્છા પામેલ.

शोकवत् त्रि० શોકવાળું.

शोकहारिन् त्रि० શોકનો નાશ કરનાર.

शोकहारी स्त्री० વનવર્વરિકા નામે વનસ્પતિ.

शोकाकुल त्रि० શોકથી વ્યાકુળ.

शोकाग्नि पु० શોકરૂપ અગ્નિ, શોકનો અગ્નિ.

शोकानल पु० ઉપરના અર્થ.

शोकापनुद् पु० શોક દૂર કરનાર.

शोकारि पु० કદંબનું ઝાડ.

शोकोद्भव त्रि० શોકથી ઉત્પન્ન થનાર.

शोचन न० શોક કરવો.

शोचन त्रि० શોક કરનાર.

शोचनीय त्रि० શોક કરવા યોગ્ય, ક્ષુદ્ર, હલકું, અધમ, બીચારૂં, દયાપાત્ર.

शोचि पु० કિરણ, તેજ, કાંતિ.

शोचित त्रि० શોક કરેલ.

शोचितव्य त्रि० शोचनीय જુઓ.

शोचिष्केश पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

शोचिस् न० પ્રભા, કાંતિ, તેજ.

शोच्य त्रि० शोचनीय જુઓ.

शोच्यक त्रि० ઉપર જુઓ.

शोटीर्य न० વીર્ય, પરાક્રમ, શૌર્ય.

शोठ पु० કબૂતર પક્ષી.

शोठ त्रि० મૂર્ખ, આળસુ, ધૂતારૂં, ઠગ, નીચ.

शोठी स्त्री० કબૂતરી.

शोण् भ्वा० प० सेट् જવું સ૦ લાલ થવું અ૦

शोण न० લોહી, સિંદૂર.

शोण पु० લાલ શેલડી, શોણાક વૃક્ષ, મંગળ ગ્રહ, અગ્નિ, ચિત્રક વૃક્ષ, લાલ રંગ, તે નામે એક નદ, એક સમુદ્ર.

शोण त्रि० લાલ રાતું.

शोणक पु० એક જાતનું ઝાડ.

शोणझिण्टिका स्त्री० લાલ ઝીંઝોટી.

शोणझिण्टी स्त्री० ઉપરનો અર્થ.

शोणपत्र त्रि० લાલ પાંદડાંવાળું.

शोणपत्र पु० રાતી સાટોડી–વનસ્પતિ.

शोणपुष्पक पु० કોવિદાર વૃક્ષ.

शोणपुष्पक त्रि० લાલ ફૂલવાળું.

शोणपुष्पी स्त्री० સિંદૂર પુષ્પી વનસ્પતિ.

शोणफलिनी स्त्री० પીળું કાંચન વૃક્ષ.

शोणरत्न न० પદ્મરાગ મણિ.

शोणाक न० એક જાતનો છોડ.

शोणित न० લોહી, કેસર.

शोणित पु० લાલ રગ.

शोणित त्रि० લાલવર્ણું, રાતું.

शोणितचन्दन न० રતાંજળી, રક્તચંદન.

शोणितप पु० રાક્ષસ.

शोणितप त्रि० લોહી પીનાર.

शोणितपुर न० બાણાસુરનું શહેર.

शोणिताभिध न० કેસર.

शोणितोपल पु० પદ્મરાગ મણિ–માણેક.

शोणिमन् पु० લાલાશ, રતાશ.

शोणोपल पु० પદ્મરાગ મણિ–માણેક.

शोथ पु० સોજો, હાથ પગ વગેરેમાં સોજાનો રોગ.

शोथक पु० ઉપરના અર્થ.

शोथघ्न त्रि० સોજો ઉતારનાર.

शोथघ्नी स्त्री० સાટોડી વનસ્પતિ, સાલપાન, વનસ્પતિ.

शोथजित् पु० ભીલામું.

शोथजिह्व पु० સાટોડી.

शोथहृत् पु० ભિલામું.

शोथिन् त्रि० સોજાવાળું.

शोधक त्रि० શોધનાર, શુદ્ધ કરનાર, સુધારનાર, બાદ કરવાનો અંક.

शोधन न० શુદ્ધ કરવું, શોધવું, શૌચ, વિષ્ટા, હીરાકસી, મળ વગેરેનું વિરેચન, દોષનિવારણ, કરજ અદા કરવું, બાદ કરવું, વિહિત અવિહિત માસ વગેરેનો વિચાર કરવો, સંસ્કાર કરવો, વાળવું, ઝાડવું, સાફ કરવું, સ્વચ્છ કરવું, પવિત્ર કરવું.

शोधन पु० લીંબુ, ચૂનો.

शोधन त्रि० शोधक त्रि० જુઓ.

शोधनी स्त्री० સાવરણી, નાગરવેલ, ગળી, નેપાળાનું ઝાડ.

शाधनीवीज न० નેપાળાનું બી.

शोधनीय त्रि० શોધવા યોગ્ય, શુદ્ધ કરવા યોગ્ય, બાદ કરવા લાયક.

शोधिका स्त्री० રાતી કાંગ.

शोधित त्रि० શોધેલ, શુદ્ધ કરેલ, સાફ કરેલ, સ્વચ્છ કરેલ, પવિત્ર કરેલ, સંસ્કાર કરેલ.

शोधिन् त्रि० शोधक જુઓ.

शोफ पु० शोथ જુઓ.

शोफक पु० शोथ જુઓ.

शोफघ्न त्रि० સોજો ઉતારનાર.

शोफघ्नी स्त्री० शोथघ्नी જુઓ.

शोफजित् पु० ભીલામું.

शोफजिह्म पु० સાટોડી વનસ્પતિ.

शोफनाशन पु० નીલ વૃક્ષ.

शोफहृत् पु० ભીલામું.

शोभन न० કમળ, સૌંદર્ય, શોભા, શુભ માટે બલિદાન.

शोभन पु० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ, શુભ ગ્રહ, શિવ.

शोभन त्रि० સાફ, સુંદર, શોભાવાળું.

शोभनक पु० સરગવાનું ઝાડ.

शोभना स्त्री० હળદર, ગોરોચન.

शोभनाचरण न० સારૂં આચરણ.

शोभनाचरण त्रि० સારા આચરણવાળું.

शोभनाचरित न० સારૂં આચરણ.

शोभनाचरित त्रि० સારા આચરણવાળું.

शोभनीय त्रि० શોભવા યોગ્ય.

शोभनीया स्त्री० ગોરખમુંડી વનસ્પતિ.

शोभमान त्रि० શોભતું, શોભા પામતું.

शोभा स्त्री० શોભા, કાંતિ, તેજ, તે નામે એક ગોપી, હળદર, ગોરોચન.

शोभाञ्जन पु० સરગવાનું ઝાડ.

शोभित त्रि० શોભેલ, શોભા પામેલ.

शोभिन् त्रि० શોભેલ, શોભા પામનાર.

शोलिका स्त्री० જંગલી હળદર.

शोली स्त्री० જંગલી હળદર.

शोशुच्यमान त्रि० અત્યંત શોક કરતું.

शोष पु० સુકવવું, સુકાવું. ક્ષયરોગ, દુર્બળ થવું, કૃશ થવું.

शोषण न० ઉપરના અર્થ, શોણાક વૃક્ષ, સુંઠ, કામદેવનું એક બાણ, ચૂસવું, સોસવું.

शोषसंभव न० પીપરમૂળ.

शोषहा स्त्री० એક વનસ્પતિ.

शोषापह त्रि० શોષનો નાશ કરનાર.

शोषापहा स्त्री० એક વનસ્પતિ.

शोषित त्रि० સુકાયેલ, સોસાયેલ, શોષ પડેલ.

शोषिन् त्रि० સુકાનાર, શોષ પાડનાર, સુકવનાર.

शौक न० પોપટ પક્ષીઓનો સમૂહ.

शौकर न० તે નામે એક તીથી.

शौकर त्रि० ભુંડનું, ભુંડસંબંધી.

शौकरव न० તે નામે એક તીર્થ.

शौक्तिकेय न० મોતી.

शौक्तेय न० મોતી.

शौक्लिकेय पु० સોમલ.

शौक्ल्य न० ધોળાશ, સફેતી, ધોળો રંગ.

शौच न० શુદ્ધિ, પવિત્રતા, સૂતકનું નિવારણ, કાયિક–વાચિક–માનસિક–પવિત્રતા, મળનો ત્યાગ કરવો, પ્રમાણિકપણું.

शौचेप्सु त्रि० શુદ્ધિ–પવિત્રતા ઇચ્છનાર.

शौचेय पु० ધોબી.

शौचेया स्त्री० ધોબણ.

शौट् भ्वा० प० अ० सेट् ગર્વ કરવો.

शौटीर पु० ત્યાગી, વીર, શૂર.

शौटीर त्रि० ગર્વિષ્ઠ, અભિમાની.

शौटीर्य न० ગર્વ, વીરતા, શૌર્ય.

शौड् भ्वा० प० अ० सेट् ગર્વ કરવો.

शौण्ड त्रि० મદોન્મત્ત, છકેલું, ગર્વિષ્ઠ, દક્ષ, ચતુર, હોંશીઆર, કુશળ, દારૂડીયું.

शौण्ड पु० કુકડો.

शौण्डिक पु० દારૂ વેચનાર–કલાલ.

शौण्डिकी स्त्री० દારૂ વેચનારી–કલાલણ.

शौण्डिन् पु० शौण्डिक જુઓ.

शौण्डिनी स्त्री० शौण्डिकी જુઓ.

शौण्डी स्त्री० ચવક વનસ્પતિ, ગજપીપર કુકડી.

शौण्डीर त्रि० ગર્વિષ્ઠ, અભિમાની.

शौण्डीर्य न० પરાક્રમ, શૌર્ય, પુરૂષાર્થ.

शौद्र त्रि० શૂદ્રનું, શૂદ્રસંબંધી.

शौद्र पु० શૂદ્ર સ્ત્રીમાં દ્વિજાતિથી ઉત્પન્ન થયેલો પુત્ર.

शौद्री स्त्री० શૂદ્ર સ્ત્રીમાં દ્વિજાતિથી ઉત્પન્ન થયેલી પુત્રી.

शौद्धोदनि पु० એક બૌદ્ધ મુનિ.

शौधिका स्त्री० રાતી કાંગ.

शौन न० વધસ્થાન સંબંધી માંસ.

शौनक पु० તે નામે એક મુનિ.

शौनिक पु० માંસ વેચનાર, કસાઇ, શિકારી, શિકાર.

शौभ न० આકાશમાં ફરનાર હરિશ્ચંદ્રનું શહેર.

शौभ पु० દેવ, સોપારી.

शौभनेय पु० સુંદર-સારી સ્ત્રીનો પુત્ર.

शौभाञ्जन पु० સરગવાનું ઝાડ.

शौभिक त्रि० ઇન્દ્રજાલિક, જાદુગર.

शौरि पु० વિષ્ણુ, શનૈશ્ચર.

शौर्प त्रि० સૂપડાથી માંપેલ.

शौर्पिक त्रि० ઉપરનો અર્થ.

शौर्य न० પરાક્રમ, શૂરવીરતા, શક્તિ, સામર્થ્ય, आरभटी જુઓ.

शौर्यान्वित त्रि० શૂરવીર, પરાક્રમી.

शौर्यार्जित त्रि० પરાક્રમથી મેળવેલ.

शौर्योपार्जित त्रि० ઉપરનો અર્થ.

शौल्क त्रि० રાજાના દાણનું-સંબંધી.

शौल्क पु० રાજાની જકાત-કર લેનાર-અધિકારી

शौल्किक पु० ઉપરનો અર્થ.

शौल्किक त्रि० शौल्क त्रि० જુઓ.

शौल्किकय पु० એક જાતનું ઝેર.

शौल्विक पु० કંસારો.

शौल्विकी स्त्री० કંસારણ.

शौव न० કુતરાંનો સંકોચ.

शौवन त्रि० કુતરાંનું, કુતરાંસંબંધી.

शौवस्तिक त्रि० આવતી કાલે હોનાર-થનાર.

शौवापद त्रि० શીકારી પશુનું, શીકારી પશુંસંબંધી.

शौष्कल त्रि० સુકું માંસ વેચનાર, સુકું માંસ ખાનાર.

शौष्कल न० સુકા માંસની કીંમત.

श्चुत् भ्वा० प० अ० सेट् ખરવું, ઝરવું, ટપકવું.

श्चोत पु० ઝરવું, ખરવું, ટપકવું, છાંટવું.

श्च्युत् भ्वा० प० सेट् ખરવું, ઝરવું, ટપકવું अ० સીંચવું, છાંટવું स०

श्च्युति त्रि० ઝરવું, ખરવું, ટપકવું.

श्च्युतित त्रि० ખરેલ, ઝરેલ, ટપકેલ.

श्च्योत पु० ચોતરફ સીંચવું-છાંટવું.

श्मन् न० પુરૂષનું મુખ, શબ, મુડદું.

श्मशान न० સ્મશાન, મસાણ.

श्मशानकाली स्त्री० એક કાલીકા દેવી.

श्मशाननिवास पु० સ્મશાનમાં રહેવું.

श्मशाननिवासिन् त्रि० સ્મશાનમાં રહેનાર.

श्मशाननिवासिन् पु० શિવ, બટુક ભૈરવ.

श्मशानवासिन् पु० ઉપરના અર્થ.

श्मशानवासिन् त्रि० સ્મશાનમાં રહેનાર.

श्मशानवेश्मन् पु० શિવ.

श्मश्रु न० પુરૂષનીમૂછ-દાઢી.

श्मश्रुकर्मन् न० હજામત.

श्मश्रुमुखो स्त्री० દાઢી મૂછવાળી સ્ત્રી-પુરૂષનાં ચિન્હવાળી સ્ત્રી.

श्मश्रुल त्रि० દાઢી-મૂછવાળું.

श्मश्रुवर्द्धक पु० ધાંજો, હજામ.

श्मील् भ्वा० प० अ० सेट् નેત્ર મીંચવું, મીચાવું.

श्मीलन न० નેત્ર મીંચવું, મીચાવું.

श्मीलि न० નેત્ર મીંચવું, મીંચાવું.

श्मीलित त्रि० નેત્ર મીંચેલ, મીંચાયેલ.

श्यान त्रि० સંકોચ પામેલ-ઘન થયેલ, સુકાઇ ગયેલ, ઠરી ગયેલ-જામી ગયેલ.

श्यान न० ધૂમાડો.

श्याम पु० વૃદ્ધદારક વૃક્ષ, પ્રયાગ તીર્થમાં આવેલો એક વડ, કોયલ પક્ષી, મેઘ.

કાળો રંગ. લીલો રંગ, ધંતુરો, પીલુનું ઝાડ, સામો ધાન્ય, દમનક વૃક્ષ, એક ઘાસ.

श्याम न० મરી, સૈંધવ.

श्याम त्रि० કાળું, લીલું.

श्यामक न० એક જાતનું ઘાસ.

श्यामक पु० સામો ધાન્ય.

श्यामकंठ पु० શિવ, મોર પક્ષી.

श्यामकंठी स्त्री० મોર પક્ષિણી.

श्यामकन्या स्त्री० અતિવિખની કળી.

श्यामकाण्डा स्त्री० એક જાતની ધ્રોખડ.

श्यामग्रन्थि स्त्री० ઉપરનો અર્થ.

श्यामता स्त्री० કાળાશ, લીલાશ.

श्यामत्व न० ઉપરના અર્થ.

श्यामपत्र पु० તમાલ વૃક્ષ.

श्यामल पु० પીપળાનું ઝાડ, કાળો રંગ, લીલો રંગ, ભમરો, કાળાં મરી.

श्यामल त्रि० કાળું, લીલું.

श्यामलचूडा स्त्री० ચણોઠી.

श्यामलता स्त्री० એક વનસ્પતિ, કાળી વેલ.

श्यामलता स्त्री० કાળાશ, લીલાશ.

श्यामलत्व न० ઉપરના અર્થ.

श्यामला स्त्री० આસંધ વનસ્પતિ, જાંબુડી, કસ્તુરી, કડુ વનસ્પતિ.

श्यामलिका स्त्री० ગળી.

श्यामलेक्षु पु० કાળી શેલડી.

श्यामसुन्दर पु० શ્રીકૃષ્ણ.

श्यामा स्त्री० છોકરૂં નહિ થયેલી સ્ત્રી, પ્રિયંગુ જુઓ, યમુના નદી, વાગુલિ જુઓ, રાત્રિ, કાળું નસોતર, ગળી, ગુગળ, સોમલતા, ગુન્દ્રા જુઓ, કૃષ્ણા જુઓ, અંબિકા, ગળો, કસ્તૂરી, વટપત્રી વનસ્પતિ, વન્દા વનસ્પતિ, કાળી સાટોડી, પીપર, હળદર, કાળી ધ્રો, તુલસી, ગાય, છાયા, બાવચી, સીસમ, કાળી ચકલી, થંડીમાં ગરમીવાળી અને ગરમીમાં થંડક આપતી સોનેરી રંગની સ્ત્રી, સોળ વર્ષની સ્ત્રી, હિમાલયની પુત્રી કાલી, સુગંધી દ્રવ્ય ઘઉંલો, પદ્મબીજ, ઉપલસરી વનસ્પતિ.

श्यामाक पु० સામો ધાન્ય.

श्यामाङ्ग पु० બુધ ગ્રહ.

श्यामाङ्ग न० કાળું શરીર.

श्यामाङ्ग त्रि० કાળા શરીરવાળું.

श्यामाङ्गी स्त्री० કાળાં અંગવાળી સ્ત્રી, કાળી ધ્રોખડ.

श्यामाम्ली स्त्री० એક જાતનો છોડ.

श्यामाह्वा स्त्री० પીપર.

श्यामिका स्त्री० કાળાશ, લીલાશ, સોના વગેરેનું મેલાપણું.

श्यामित त्रि० કાળું થયેલ, લીલું થયેલ.

श्याल पु० સાળો.

श्यालक पु० સાળો.

श्यालिक पु० સાળો.

श्यालिका स्त्री० સાળી.

श्याव पु० કાળો પીળો મિશ્ર રંગ.

श्याव त्रि० કાળા પીળા મિશ્ર રંગવાળું.

श्यावतैल पु० એક ઝાડ.

श्यावदत् त्रि० કાળા રંગના દાંતવાળું.

श्यावदन्त त्रि० સ્વભાવથી કાળા દાંતવાળું.

श्यावदन्त पु० સ્વભાવથી કાળો દાંત.

श्यावदन्तक त्रि० સ્વભાવથી કાળા દાંતવાળું.

श्येत पु० ધોળો રંગ.

श्येत त्रि० ધોળા રંગનું, ધોળું.

श्येतकोलक पु० એક જાતનું માછલું.

श्येतकोलकी स्त्री० એક જાતની માછલી.

श्येतता स्त्री० ધોળાશ, ધોળાપણું.

श्येतत्व न० ઉપરના અર્થ.

श्येन पु० બાઝ પક્ષી, ધોળો રંગ, એક યાગ.

श्येन त्रि० ધોળા રંગનું, ધોળું.

श्येनकरण न० જૂદી ચિતામાં બાળવુ.

श्येनघण्टा स्त्री० દંતી વૃક્ષ.

श्येनम्पाता स्त्री० શિકાર.

श्येनी स्त्री० ધોળા રંગની સ્ત્રી, બાઝ પક્ષિણી.

श्यै ભ્વા૦ આ૦ અ૦ अनिट् જવું.

श्योणाक पु० એક જાતનો છોડવો.

श्योनाक पु० ઉપરનો અર્થ.

श्रङ्क् ભ્વા૦ આ૦ સ૦ सेट् સરકવું, ખસવું, જવું.

श्रङ्ग् ભ્વા૦ પ૦ સ૦ सेट् જવું.

श्रण् ભ્વા૦ પ૦ સ૦ सेट् દેવું, આપવું.

श्रण् चु० ઉભ૦ સ૦ सेट् દેવું, આપવું.

श्रत् अव्य० શ્રદ્ધા.

श्रथ् चु० ઉભ૦ सेट् યત્ન કરવો, અ૦ હર્ષ પમાડવો. સ૦

श्रथ् चु० ઉભ૦ અ૦ सेट् દુર્બળ થવું.

श्रथ् ભ્વા૦ પ૦ સ૦ सेट् વધ કરવો, મારી નાખવું, બાંધવું, છોડવું.

श्रथ् चु० ઉભ૦ સ૦ सेट् ઉપરના અર્થ.

श्रथन न० વધ, મારી નાખવું, યત્ન, પ્રતિહર્ષ.

श्रथना स्त्री० ઉપરના અર્થ.

श्रद्दधत् त्रि० શ્રદ્ધા કરતુ, વિશ્વાસ રાખતું.

श्रद्दधान त्रि० ઉપરના અર્થ.

श्रद्धा स्त्री० આદર, વિશ્વાસ, શુદ્ધિ, પવિત્રતા, સ્પૃહા, ચિત્તની પ્રસન્નતા, ખાતરી.

श्रद्धाकरण न० શ્રદ્ધા રાખવી.

श्रद्धाकृत त्रि० શ્રદ્ધાથી કરેલ.

श्रद्धान्वित त्रि० શ્રદ્ધાવાળું.

श्रद्धारहित त्रि० શ્રદ્ધાવગરનું.

श्रद्धालु त्रि० શ્રદ્ધાવાળું.

श्रद्धालु स्त्री० સ્પૃહાવાળી સ્ત્રી, શ્રદ્ધાળુ સ્ત્રી.

श्रद्धावत् त्रि० શ્રદ્ધાવાળુ.

श्रन्थ् ભ્વા૦ આ૦ सेट् શિથિલ થવું અ૦ શિથિલ કરવું સ૦

श्रन्थ् चु० ઉભ૦ સ૦ सेट् ગુંથવું, વધ કરવો, મારી નાખવુ.

श्रन्थ् ભ્વા૦ પ૦ સ૦ सेट् ઉપરનો અર્થ.

श्रन्थ् क्र्या० પ૦ સ૦ सेट् મૂકવું, છોડવું, ખુશ કરવું.

श्रन्थ पु० બાંધવું, ગુંથવું મૂકવુ, છોડવું, વિષ્ણુ.

श्रन्थन न० ગુંથવું.

श्रन्थना स्त्री० ગુંથવું.

श्रपण न० વાસણ વગેરેમાં ઉકાળવુ, રાંધવું.

श्रपित त्रि० ઘી વગેરે સિવાયનો કોઇ માંસ વગેરે રાંધેલો પદાર્થ.

श्रम् दिवा० પ૦ અ૦ सेट् થાકી થવું, પરિશ્રમ કરવો, મહેનત કરવી, તપ કરવું, वि+વિસામો લેવો, થાક ઉતારવો.

श्रम पु० યત્ન, થાક, શાસ્ત્રનો અભ્યાસ, લશ્કરી તાલીમ, તપ, પરિશ્રમ, મહેનત, પરસેવો.

श्रमजल न० પરસેવો.

श्रमण पु० બૌદ્ધ સાધુ, જૈન સાધુ.

श्रमण त्रि० ભિક્ષા ઉપર જીવનાર હરકોઇ.

श्रमणक पु० બૌદ્ધ સાધુ, જૈન સાધુ.

श्रमणक त्रि० ભિક્ષા ઉપર જીવનાર હરકોઈ.

श्रमणा स्त्री० જટામાંસી વનસ્પતિ, મુંડેરી વનસ્પતિ, એક જાતની ભીલડી, સુંદર દેખાવની સ્ત્રી, મજીઠ.

श्रमणी स्त्री० બૌદ્ધ સાધ્વી, જૈન સાધ્વી.

श्रमणोपासक पु० બૌદ્ધ ગૃહસ્થ, શ્રાવક.

श्रमसाध्य त्रि० પરિશ્રમથી સધાય તેવું, યત્નસાધ્ય.

श्रमसिद्ध त्रि० પરિશ્રમથી સિદ્ધ, યત્નથી સિદ્ધ.

श्रमिन् त्रि० પરિશ્રમવાળુ, થાકેલ, મહેનતુ.

श्रम्म् भ्वा० आ० अ० सेट् પ્રમાદ કરવો, ભૂલવું, ચુકવુ, वि+વિશ્વાસ કરવો.

श्रय पु० આશ્રય, આધાર.

श्रयण न० આશ્રય, આધાર.

श्रव पु० કાન, ખ્યાતિ, પ્રસિદ્ધિ.

श्रवण न० કાન, સાંભળવું, શ્રવણ નક્ષત્ર.

श्रवण पु० શ્રવણ નક્ષત્ર.

श्रवणद्वादशी स्त्री० ભાદરવા સુદ બારશ.

श्रवणपथ पु० કાનનો માર્ગ.

श्रवणशीर्षिका स्त्री० શ્રાવણી વૃક્ષ.

श्रवणा स्त्री० શ્રવણ નક્ષત્ર, મુંડરિકા વૃક્ષ.

श्रवस् न० કાન, કીર્તિ.

श्रवाय्य पु० યજ્ઞનો પશુ.

श्रविष्ठा स्त्री० ધનિષ્ઠા નક્ષત્ર, શ્રવણ નક્ષત્ર.

श्रविष्ठाज पु० બુધ ગ્રહ.

श्रविष्ठाभू पु० બુધ ગ્રહ.

श्रा अदा० प० स० अनिट् રાંધવું, પકાવવું.

श्राण त्रि० ઘી વગેરે સિવાયનો કોઇ માંસ વગેરે રાંધેલ પદાર્થ.

श्राणा स्त्री० રાબ.

श्राद्ध न० પિતૃ વગેરેને શ્રદ્ધાથી અપાતું દ્રવ્ય, શ્રાદ્ધ.

श्राद्ध त्रि० શ્રદ્ધાવાળું, શ્રદ્ધાળુ.

श्राद्ध पु० શ્રાવક.

श्राद्धकर त्रि० શ્રાદ્ધ કરનાર.

श्राद्धकाल पु० પિતૃકર્મકાળ, દિવસનો આઠમો ભાગ.

श्राद्धकृत् त्रि० શ્રાદ્ધ કરનાર.

श्राद्धदेव पु० યમ, વૈવસ્વત મનુ.

श्राद्धदेवता स्त्री० ઉપરનો અર્થ.

श्राद्धदेवता स्त्री० व० પિતૃદેવો.

श्राद्धभुज् त्रि० શ્રાદ્ધ ખાનાર.

श्राद्धशाक न० શ્રાદ્ધમાં કરવાનું એક શાક.

श्राद्धिक त्रि० શ્રાદ્ધમાં આપવા લાયક કોઇ દ્રવ્ય વગેરે, શ્રાદ્ધમાં આપવા લાયક દ્રવ્ય ખાનાર.

श्राद्धिन् त्रि० શ્રાદ્ધમાં આપવા લાયક દ્રવ્ય ખાનાર.

श्रान्त त्रि० પરિશ્રમવાળું, થાકેલ, શાન્ત, જિતેન્દ્રિય.

श्रान्त न० શ્રમ, પરિશ્રમ, મહેનત, યત્ન.

श्रान्तसंवाह न० થાકેલાને આસન વગેરે આપી થાક દૂર કરાવવો તે.

श्रान्ति स्त्री० પરિશ્રમ, થાક.

श्राम् चु० उभ० स० सेट् મંત્રણા કરવી, બોલાવવું.

श्रावक त्रि० સાંભળનાર.

श्रावक पु० બૌદ્ધગૃહસ્થ, જૈનગ્રહસ્થ, કાગડો.

श्रावण पु० શ્રાવણ મહિનો, પાખંડ, એક જાતનું વર્ષ.

श्रावण त्रि० કાનનું, કાન સંબંધી, શ્રવણ નક્ષત્રનું, શ્રવણ નક્ષત્ર સંબંધી.

श्रावणा स्त्री० દધ્યાલી વૃક્ષ.

श्रावणिक पु० શ્રાવણ મહિનો.

श्रावणी स्त्री० શ્રાવણ મહિનાની પૂનેમ.

श्रावणीय त्रि० સંભળાવવા લાયક.

श्रावन्ती स्त्री० ધર્મપત્તન શહેર.

श्रि भ्वा० उभ० स० सेट् સેવવું, આશ્રય કરવો.

श्रित त्रि० સેવેલ, આશ્રય લીધેલ.

श्रिय् भ्वा० उभ० स० सेट् બાળવું.

श्री क्र्या० उभ० स० सेट् પકવવું, રાંધવું.

श्री स्त्री० લક્ષ્મી, લવિંગ, શોભા, વાણી, વેશરચના, દેવદારનું ઝાડ, ધર્મ-અર્થ-કામ, સંપત્તિ, પ્રકાર, ઉપકરણ, રાચ-

पुस्तकालय
गुरुकुल काँगड़ी

રચીલું, આબાદી, બુદ્ધિ, વિભૂતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય, અધિકાર, પ્રભા, કાંતિ, તેજ, કીર્તી, વૃદ્ધિ, સિદ્ધિ, કમળ, બીલીનું ઝાડ, વૃદ્ધિ નામે ઔષધિ, શણગાર.

श्री पु० તે નીમે એક રાગ.

श्रीकंठ पु० શિવ. હસ્તિનાપુરની ઉત્તર-પશ્ચિમે કુરૂજાંગલ દેશ.

श्रीकंठपदलाञ्छन पु० ભવભૂતિ કવિ.

श्रीकंठसख पु० કુબેર.

श्रीकन्या स्त्री० એક જાતની કાકડી.

श्रीकर न० લાલ કમળ.

श्रीकर पु० વિષ્ણુ. તે નામે એક પંડિત.

श्रीकर त्रि० લક્ષ્મીકારક, શોભાકારક.

श्रीकरण न० લેખણ, કલમ.

श्रीकान्त पु० વિષ્ણુ.

श्रीकारिन् पु० એક જાતનો મૃગ.

श्रीकारिन् त्रि० લક્ષ્મીકારક, શોભાકારક.

श्रीखण्ड न० ચંદન. સુખડ.

श्रीगर्भ पु० વિષ્ણુ. તરવાર.

श्रीग्रह पु० પક્ષિઓને પાણી પીવાનું સ્થળ, પરબડી.

श्रीवन पु० તે નામે એક બુદ્ધ.

श्रीघन न० દહીં.

श्रीचक्र न० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક યંત્ર.

श्रीज पु० કામદેવ.

श्रीतनय पु० કામદેવ.

श्रीतनुज पु० કામદેવ.

श्रीतनूज पु० કામદેવ.

श्रीताल पु० તાડના જેવું એક ઝાડ.

श्रीद पु० કુબેર

श्रीद त्रि० લક્ષ્મી આપનાર, ધન આપનાર.

श्रीधर पु० વિષ્ણુ, ભૂતકાળની ઉત્સર્પિણીમાં થયેલા ૭ મા જૈન તીર્થંકર.

श्रीधर न० શાલગ્રામની એક મૂર્તિ.

श्रीनन्दन पु० કામદેવ.

श्रीनाथ पु० વિષ્ણુ.

श्रीनिकेतन पु० વિષ્ણુ.

श्रीनिकेतन न० લક્ષ્મીનું નિવાસસ્થળ.

श्रीनिवास पु० વિષ્ણુ, લક્ષ્મીનું નિવાસસ્થળ.

श्रीपञ्चमी स्त्री० માઘ શુદ પાંચમ.

श्रीपति पु० વિષ્ણુ. રાજા.

श्रीपथ पु० રાજમાર્ગ-જાહેર રસ્તો.

श्रीपर्ण न० કમળ.

श्रीपर्ण पु० અરણિનું ઝાડ.

श्रीपर्णिका स्त्री० કાયફળનું ઝાડ.

श्रीपर्णी स्त्री० કાયફળનું ઝાડ, ગાંભારી વૃક્ષ, શીમળાનું ઝાડ, અરણિનું ઝાડ.

श्रीपिष्ट पु० દેવદારનું ઝાડ.

श्रीपुत्र पु० કામદેવ, ઇન્દ્રનો ઉચ્ચૈઃશ્રવા ઘોડો, ચંદ્ર, કપૂર.

श्रीपुष्प न० લવીંગ, પદ્મકાષ્ઠ.

श्रीपूर्वम् अव्य० 'श्री' જેની પૂર્વમાં લગાડેલ હોય તે.

श्रीफल पु० બીલીનું ઝાડ, રાયણનું ઝાડ, ગળીનું ઝાડ.

श्रीफला स्त्री० નાના કારેલાંનો વેલો.

श्रीफलिका स्त्री० ઉપરનો અર્થ.

श्रीफली स्त्री० આમળી.

श्रीभद्रा स्त्री० એક જાતની મોથ.

श्रीभागवत न० તે નામે એક મહાપુરાણ.

श्रीभ्रातृ पु० ઉચ્ચૈઃશ્રવા ઘોડો, ચંદ્ર, કપૂર.

श्रीमत् पु० તલનું ઝાડ, પીપળો, વિષ્ણુ, શિવ, કુબેર.

श्रीमत् त्रि० લક્ષ્મીવાળું, ધનવાન.

श्रीमती स्त्री० રાધિકા, ધનવાન સ્ત્રી, શોભાવાળી સ્ત્રી.

श्रीमद्भागवत स्त्री० તે નામે એક મહાપુરાણ.

श्रीमलापहा स्त्री० એક વેલો-धूम्रपत्रा.

श्रीमस्तक पु० લસણ.

श्रीमुख पु० તે નામે એક વર્ષ.

श्रीमूर्ति स्त्री० દેવીની પ્રતિમા, લક્ષ્મીની મૂર્તિ.

श्रीयुक्त त्रि० શોભાવાળું, લક્ષ્મીવાળું, કીર્તિવાળું.

श्रीयुत त्रि० ઉપરના અર્થ.

श्रीरङ्गपत्तन न० દક્ષિણમાં એક શહેર.

श्रीरस पु० તે નામે એક ગંધદ્રવ્ય.

श्रीराम पु० દશરથપુત્ર શ્રીરામચંદ્ર.

श्रील त्रि० શોભાવાળું, લક્ષ્મીવાળું; કીર્તિવાળું.

श्रीवत्स पु० છાતીમાં ધોળાં રૂવાટાંનું ચક્ર-જે મહત્ત્વસૂચક ગણાય છે, વિષ્ણુ, એક પ્રકારની સુરંગા.

श्रीवत्सक पु० છાતીમાં ધોળાં રૂવાટાંના ચક્રવાળોઘોડો.

श्रीवत्सभृत् पु० વિષ્ણુ.

श्रीवत्सलाञ्छन पु० વિષ્ણુ.

श्रीवत्सलाञ्छन न० વિષ્ણુની છાતીમાં રૂવાટાંની ગોળ એક નિશાની.

श्रीवत्साङ्क न० ઉપરનો અર્થ.

श्रीवत्साङ्क पु० વિષ્ણુ.

श्रीवराह पु० વિષ્ણુનો વરાહાવતાર.

श्रीवल्ली स्त्री० પુષ્કળ કાંટાવાળુ એક ઝાડ.

श्रीवाटी स्त्री० એક જાતની નાગરવેલ.

श्रीवारक पु० એક જાતનું શાક.

श्रीवास न० દેવદારના ઝાડનો રસ, કમળ, વિષ્ણુ, શિવ.

श्रीवासस् न० દેવદારના ઝાડનો રસ.

श्रीविद्या स्त्री० ત્રિપુરાસુંદરી.

श्रीवृक्ष पु० ઘોડાની છાતીમાં ધોળી રૂવાટીનું ચક્ર-કુંડાળું, પીપળાનું ઝાડ, બીલીનું ઝાડ.

श्रीवृक्षकिन् पु० જેની છાતીમાં ધોળા રૂવાટાંનું ગોળ ચક્ર-કુંડાળું હોય તેવો ઘોડો.

श्रीवेष्ट पु० દેવદારનો રસ.

श्रीवेष्टक पु० ઉપરનો અર્થ.

श्रीश पु० વિષ્ણુ, શ્રી રામચંદ્ર.

श्रीश्वर पु० ઉપરના અર્થ.

श्रीसंज्ञ न० લવીંગ.

श्रीसहोदर पु० ચંદ્ર, ઉચ્ચૈઃશ્રવા ઘોડો, કપૂર.

श्रीहस्तिनी स्त्री० એક જાતનું ઝાડ.

श्रु भ्वा० प० स० अनिट् જવું.

श्रु भ्वा० प० स० अनिट् શ્રવણ કરવું, સાંભળવું.

श्रुघ्न पु० તે નામે એક દેશ,

श्रुघ्निका स्त्री० સાજીખાર.

श्रुघ्नी स्त्री० સાજીખાર.

श्रुत न० શાસ્ત્ર, શાસ્ત્રનું જ્ઞાન.

श्रुत त्रि० શ્રવણ કરેલ, સાંભળેલ.

श्रुतकीर्ति स्त्री० કુશધ્વજ રાજાની કન્યા, શત્રુઘ્નની પત્ની.

श्रुतकीर्ति त्रि० પ્રખ્યાત યશવાળું.

श्रुतदेवी स्त्री० સરસ્વતી દેવી.

श्रुतबोध पु० કાલીદાસકૃત એક છંદઃશાસ્ત્ર-ગ્રંથ.

श्रुतश्रवस् पु० શિશુપાલનો પિતા.

श्रुतश्रोणि स्त्री० स्रवन्ती જુઓ.

श्रुतादान न० શાસ્ત્રગ્રહણ, બ્રહ્મવાદ.

श्रुतायुस् पु०સૂર્યવંશી એક રાજા.

श्रुति स्त्री० વેદ, શ્રવણેન્દ્રિયથી થનારૂ જ્ઞાન, શ્રવણ કરવું, સાંભળવું, ગણિતશાસ્ત્રપ્રસિદ્ધ એક રેખા, વાર્તા, ખબર, શ્રવણ નક્ષત્ર, ષડ્જરાગના આરંભ સમયનો એક શબ્દ.

श्रुतिकट पु० સર્પ, પાપને શોધવું, પાપમાંથી છૂટવું તે.

श्रुतिकटी स्त्री० સાપેણ.

श्रुतिकटु पु० અલંકારશાસ્ત્ર પ્રસિદ્ધ એક કાવ્યદોષ, કઠોર શબ્દ.

श्रुतिकथित त्रि० વેદે કહેલ, વેદનું ફરમાન.

श्रुतिजीविका स्त्री० સ્મૃતિશાસ્ત્ર.

श्रुतितत्पर त्रि० સાંભળવામાં તત્પર, વેદમાં તત્પર.

श्रुतिधर त्रि० માત્ર સાંભળતાંજ ધારણ કરી શકનાર.

श्रुतिन् त्रि० જેણે સાંભળ્યું હોય તે, શાસ્ત્ર જાણનાર.

श्रुतिमूल न० વેદરૂપ ધર્મબોધક પ્રમાણ, કાનનું મૂળ.

श्रुतिमूलक त्रि० વેદ જેનું મૂળ કારણ હોય તે.

श्रुतिवर्जित त्रि० વેદપાઠ રહિત, બહેરૂં.

श्रुतिविषय पु० વેદનો વિષય.

श्रुतिवेध पु० કર્ણવેધ નામનો એક સંસ્કાર.

श्रुतिस्फोटा स्त्री० એક જાતની લતા.

श्रुत्यनुप्रास पु० તે નામે એક શબ્દાલંકાર.

श्रुत्युक्त त्रि० વેદમાં કહેલ.

श्रुव पु० યાગ, યજ્ઞ.

श्रुवा स्त्री० એક યજ્ઞપાત્ર, શરવો.

श्रुवावृक्ष पु० વિકંકત વૃક્ષ.

श्रूयमाण त्रि० શ્રવણ કરાતું, સંભળાતું.

श्रेढी स्त्री० જૂદી જૂદી જાતનાં દ્રવ્યોને મિશ્ર કરવા માટે એક જાતની ગણત્રી.

श्रेढीव्यहार पु० જૂદી જૂદી જાતનાં દ્રવ્યોને મિશ્ર કરવા માટે ગણત્રીનો એક ઉપાય.

श्रेणि स्त्री० પંક્તિ, લાઇન.

श्रेणिक पु० તે નામે એક એક જૈન રાજા.

श्रेणिका स्त्री० તંબુ.

श्रेणी स्त्री० श्रेणि જુઓ.

श्रेणीकरण न० પંક્તિ રૂપે કરવું.

श्रेणीकृत त्रि० પંક્તિ રૂપે કરેલ.

श्रेणीभवन न० પંક્તિરૂપ થવું.

श्रेणीभूत त्रि० પંક્તિ રૂપ થયેલ.

श्रेयस् न० ધર્મ, મોક્ષ, કલ્યાણ, શુભ.

श्रेयस् त्रि० અત્યંત વખાણવા લાયક, માંગલિક, કલ્યાણવાળું, ઉત્તમ.

श्रेयसी स्त्री० હરડે, પાઠા વનસ્પતિ, ગજપીપર, રાસ્ના વનસ્પતિ.

श्रेयस्कर त्रि० કલ્યાણકારક, શુભકારક.

श्रेयस्काम त्रि० કલ્યાણની ઇચ્છાવાળું.

श्रेष्ठ पु० કુબેર, રાજા, બ્રાહ્મણ, વિષ્ણુ.

श्रेष्ठ न० ગાયનું દૂધ.

श्रेष्ठ त्रि० અત્યંત ઉત્તમ.

श्रेष्ठकाष्ठ पु० એક જાતનું વૃક્ષ.

श्रेष्ठता स्त्री० શ્રેષ્ઠપણું.

श्रेष्ठत्व न० શ્રેષ્ઠપણું.

श्रेष्ठलवण न० સિંધાલૂણ.

श्रेष्ठवेधिका स्त्री० કસ્તુરી.

श्रेष्ठा स्त्री० સ્થલપદ્મિની, મેદા વનસ્પતિ.

श्रेष्ठाम्ल पु० કોકમનું ઝાડ.

श्रेष्ठिन् पु० શેઠ.

श्रै भ्वा० प० अ० अनिट् પવસેવો થવો.

श्रैष्ठ्य न० શ્રેષ્ઠપણું

श्रोण् भ्वा० प० अ० सेट् એકઠા થવું.

श्रोण त्रि० પાંગળું, લુલું.

श्रोणा स्त्री० કાંજી.

श्रोणि स्त्री० કેડ, કમર, માર્ગ, રસ્તો.

श्रोणिफलक न० શ્રેષ્ઠ કેડ, કમર, કેડનું પડખું.

श्रोणिबिंब न० કેડનો એક દાગીનો.

श्रोणिसूत्र न० કેડે તરવાર વગેરે બાંધવા માટેનો કમરપટો.

श्रोणी स्त्री० श्रोणि જુઓ.

श्रोतव्य त्रि० શ્રવણ કરવા યોગ્ય, સાંભળવા લાયક.

श्रोतस् न० કાન, નદીનો વેગ, ઇન્દ્રિય.

श्रोतुकाम त्रि० સાંભળવા ઇચ્છનાર.

श्रोतुमनस् त्रि० સાંભળવાને મનવાળું.

श्रोतृ त्रि० સાંભળનાર.

श्रोत्र न० કાન, કાનનું છિદ્ર.

श्रोत्रविषय पु० શબ્દ, અવાજ.

श्रोत्रिय पु० વેદ ભણવામાં આસક્ત બ્રાહ્મણ, સંપૂર્ણ વેદશાસ્ત્ર જાણનાર, છ કર્મ કરવામાં તત્પર બ્રાહ્મણ.

श्रोत्रियता स्त्री० શ્રોત્રિયપણુ.

श्रोत्रियत्व न० શ્રોત્રિયપણું

श्रौत त्रि० વેદોક્ત ધર્મ વગેરે.

श्रौत पु० ગાર્હપત્ય–આહવનીય–દક્ષિણાગ્નિ-એ ત્રણમાંનો કોઈ અગ્નિ.

श्रौत न० કાન, વૈદિકપણું, વેદોકત કર્મ વગેરે.

श्रौषट् अव्य० યજ્ઞ વગેરેમાં હવિષ પદાર્થનું દાન કરતી વેળા ઉચ્ચારાતો શબ્દ.

श्लक्ष्ण त्रि० અલ્પ, થોડું, ચિકણું.

श्लक्ष्णक पु० સોપારીનું ઝાડ.

श्लक्ष्णक त्रि० મનોહર, સુંદર.

श्लक्ष्णत्वच् पु० અશ્મન્તક વૃક્ષ.

श्लङ्क् भ्वा० आ० स० सेट् સરકવું, ખસવું, જવું.

श्लङ्ग् भ्वा० प० स० सेट् જવું.

श्लथ् चु० उभ अ० सेट् દુર્બળ થવું.

श्लथ त्रि० દુર્બળ, ઢીલું, શિથિલ.

श्लाख् भ्वा० प० स० सेट् વ્યાપવુ.

श्लाघ् भ्वा० आ० अ० सेट् પોતાના ગુણો જાહેર કરવા, વખાણવું.

श्लाघनीय त्रि० વખાણવા લાયક.

श्लाघा स्त्री० પોતાના ગુણો જાહેર કરવા, પ્રશંસા, વખાણ, તારીફ, પરિચય, સેવા, અભિલાષા, ઇચ્છા.

श्लाघित त्रि० વખાણેલ.

श्लाघ्य त्रि० વખાણવા લાયક.

श्लिकु न० જ્યોતિઃશાસ્ત્ર.

श्लिक्यु पु० ચાકર, નોકર, જાર પુરૂપ.

श्लिष् भ्वा० प० स० सेट् બાળવુ.

श्लिष् दिवा० प० स० सेट भेटवुं, આલિંગન કરવું, વળગવું.

श्लिष् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

श्लिष्ट त्रि० આલિંગન કરેલ, ભેટેલ, વળગેલ, શ્લેષરૂપ શબ્દાલંકારવાળું.

श्लिष्यत् त्रि० આલિંગન કરતું, ભેટતુ.

श्लीपद न० એક જાતનો પગનો રોગ.

श्लीपद त्रि० શ્લીપદ રોગવાળું.

श्लीपदप्रभव पु० આંબાનું ઝાડ.

श्लीपदापह पु० પુત્રજીવ વૃક્ષ.

श्लील त्रि० શોભાવાળું, સુંદર.

श्लेष पु० સંસર્ગ, આલિંગન, ભેટવું તે, દાહ, બળતરા, તે નામે એક શબ્દાલંકાર.

श्लेषालंकार पु० તે નામે એક શબ્દાલંકાર.

श्लेष्मक पु० કફ, સળેખમ.

श्लेष्मघ्न त्रि० કફનો–સળેખમનો નાશ કરનાર.

श्लेष्मघ्न स्त्री० मल्लिका જુઓ, કેવડો.

श्लेष्मघ्नी स्त्री० मल्लिका જુઓ, માલકાંકણી, त्रिकटु જુઓ.

श्लेष्मज त्रि० સળેખમથી થનાર, કફથી થનાર.

श्लेष्मण त्रि० કફવાળુ, સળેખમવાળું.

श्लेष्मणा स्त्री० અરડુસો.

श्लेष्मन् पु० કફ, સળેખમ.

श्लेष्मल त्रि० કફવાળુ, સળેખમવાળું.

श्लेष्मल पु० એક જાતનું ઝાડ, बहुवार.

श्लेष्मह पु० કાયફળનું ઝાડ.

श्लेष्मह त्रि० કફનો નાશ કરનાર, સળેખમનો નાશ કરનાર.

श्लेष्मोत पु० એક જાતનું ઝાડ, बहुवार.

श्लेष्मातक पु० ઉપરનો અર્થ.

श्लेष्मान्तक पु० बहुवार वृक्ष.

श्लोक् भ्वा० आ० स० सेट् વધારવુ, એકઠુ કરવુ, છોડવુ, વખાણવું.

श्लोक पु० ચાર ચરણનું કવિકૃત વાક્ય-પદ્ય-કવિતા, યશ.

श्लोण् भ्वा० प० स० सेट् એકઠું કરવું.

श्वःश्रेयस न० મંગળ, કલ્યાણ, સુખ, પરમાત્મા.

श्वःश्रेयस त्रि० માંગલિક, કલ્યાણવાળું, સુખી.

श्वगण पु० કુતરાનો સમૂહ.

श्वगणिक त्रि० કુતરાઓના સમૂહની મદદથી શિકાર કરનાર.

श्वक्क् भ्वा० आ० स० सेट् સરકવું, ખસવુ, જવુ.

श्वच् भ्वा० आ० स० सेट् જવું.

श्वजीविका स्त्री० નોકરી; ચાકરી, સેવા.

श्वञ्च् भ्वा० आ० स० सेट् જવું.

श्वठ् चु० उ० स० सेट् જવું, સંસ્કાર કરવો, દુષ્ટ ભાષણ કરવું, ખરાબ બોલવું.

श्वण्ठ् चु० उ० स० सेट् ઉપરના અર્થ.

श्वदंष्ट्र पु० કુતરાની દાઢ.

श्वदंष्ट्रक पु० ગોખરૂનો છોડ.

श्वदंष्ट्रा स्त्री० કુતરાની દાઢ, ગોખરૂ.

श्वदयित न० હાડકું.

श्वधूर्त्त पु० શિયાળ.

श्वधूर्ती स्त्री० શિયાળ-માદા.

श्वन् पु० કુતરો.

श्वनिश न० કુતરાંઓને મદ કરનારી રાત્રિ.

श्वनिशा स्त्री० ઉપરનો અર્થ.

श्वपच पु० હલકો ચાંડાલ.

श्वपद न० કુતરાંનુ પગલુ.

श्वपाक पु० હલકો ચાંડાળ.

श्वपुच्छक पु० વીંછી.

श्वपुच्छा स्त्री० પીઠવણ વનસ્પતિ.

श्वफल पु० બીજોરાંનુ ઝાડ.

श्वफल्क पु० યાદવ વંશી- અક્રૂરનો પિતા એક ક્ષત્રિય.

श्वभीरु पु० શિયાળ.

श्वभ्र् चु० उभ० सेट् જવુ, છિદ્ર કરવું, स० દરિદ્ર થવું, ખરાબ સ્થિતિવાળા થવું. अ०

श्वभ्र न० છિદ્ર, બાંકુ.

श्वयथु पु० સોજો.

श्वयीची स्त्री० પીડા, દુઃખ, સોજાનો રોગ.

श्वल् भ्वा० प० स० सेट् વેગ કરવો.

श्वल्क् चु० उभ० स० सेट् બોલવું, કહેવું.

श्वल्ल् भ्वा० प० अ० सेट् વેગ કરવો.

श्ववत् त्रि० કુતરાવાળું.

श्ववृत्ति स्त्री० નોકરી, ચાકરી, સેવા, દાસત્વ.

श्वव्याघ्र पु० ચિત્રો, વાઘ.

श्वशुर पु० સસરો.

श्वशुरक पु० સસરો.

श्वशुर्य पु० દિયર, સાળો.

श्वश्रू स्त्री० સાસુ.

श्वश्रूश्वशुर पु० સાસુ સસરો.

श्वस् अव्य० આવતીકાલ, આવતો દિવસ.

श्वस् अदा० प० अ० सेट् જીવવું, શ્વાસ લેવો.

श्वस् अदा० प० अ० सेट् ઉંઘવું.

श्वसत् त्रि० જીવતું, શ્વાસ લેતું.

श्वसन पु० વાયુ, મીંઢળનું ઝાડ.

श्वसन न० નિશ્વાસ, નીશાસો, શ્વાસ લેવો, જીવવું.

श्वसनाशन पु० સર્પ.

श्वसनाशनी स्त्री० સાપેણ.

श्वसनेश्वर पु० સાદડાનું ઝાડ.

श्वसनोत्सुक पु० સર્પ.

श्वसनोत्सुकी स्त्री० સાપેણ.

श्वसित न० નિશ્વાસ, શ્વાસ, નિશાસો.

श्वसुन पु० એક જાતનું ઝાડ.

श्वस्तन त्रि० આવતી કાલે હોનાર-થનાર.

श्वस्त्य त्रि० ઉપરનો અર્થ.

श्वस्पृष्ट त्रि० કુતરાએ સ્પર્શ કરેલ.

श्वागणिक पु० કુતરાંને મદદમાં લઇ શિકાર કરનાર.

श्वादन्त त्रि० કુતરાં જેવા દાંતવાળું.

श्वान पु० કુતરો.

श्वानचिल्लिका स्त्री० शुनकचिल्ली જુઓ.

श्वानी स्त्री० કુતરી.

श्वापद पु० હિંસક પશુ, વાઘ.

श्वाविध् पु० સેઢાઇ જનાવર-શાહુડી.

श्वाविध पु० ઉપરનો અર્થ.

श्वाश्व पु० ભૈરવ.

श्वास पु० શ્વાસ લેવો, શ્વાસ, વ્યાકરણ-પ્રસિદ્ધ એક બાહ્ય પ્રયત્ન, એક રોગ.

श्वासकास पु० શ્વાસ સાથે ઉધરસ-દમનો રોગ.

श्वासकुठार पु० વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.

श्वासधारण न० પ્રાણાયામ.

श्वासहेति स्त्री० નિદ્રા, ઉંઘ.

श्वासारि पु० પુષ્કરમૂળ વનસ્પતિ.

श्वासिन् त्रि० શ્વાસવાળું.

श्वासिन् पु० વાયુ.

श्वि भ्वा० प० सेट् જવું स० વધવું अ०

श्वित् भ्वा० आ० स० सेट् ધોળું કરવું.

श्वित्र न० એક જાતનો ધોળો કોઢ.

श्वित्रघ्नी स्त्री० એક વનસ્પતિ-पीतपर्णी

श्वित्रिन् त्रि० એક જાતના ધોળા કોઢવાળું.

श्विद् भ्वा० आ० स० सेट् ધોળું કરવું.

श्वेत पु० તે નામે એક બેટ, એક પર્વત, એક જાતનું કોડું, શુક્ર ગ્રહ, ધોળું વાદળું, શંખ, जीवक જુઓ, ધોળો રંગ, કલિયુગમાં શિવનો એક અવતાર.

श्वेत न० રૂપું.

श्वेतक न० રૂપું.

श्वेतक पु० કોડું.

श्वेतकण्टकारी स्त्री० ધોળી ભોંરીંગણી.

श्वेतकन्दा स्त्री० અતિવિખની કળી.

श्वेतकिणिही स्त्री० એક જાતનો છોડવો.

श्वेतकुञ्जर पु० ઐરાવત હાથી, ધોળો હાથી.

श्वेतकुश पु० એક જાતનો ધોળો દર્ભ.

श्वेतकेतु पु० એક કેતુગ્રહ, તે નામે એક ઋષિ, બુદ્ધ.

श्वेतकेश पु० ધોળા કેશ, લાલ સરગવો.

श्वेतकेश त्रि० ધોળા કેશવાળું.

श्वेतकोल पु० એક જાતનું માછલું.

श्वेतकोलक पु० એક જાતનું માછલું.

श्वेतकोलकी स्त्री० એક જાતની માછલી.

श्वेतकोली स्त्री० એક જાતની માછલી.

श्वेतखदिर पु० ધોળો ખેર.

श्वेतगज पु० श्वेतकुञ्जर જુઓ.

श्वेतगरुत् पु० હંસ.

श्वेतगरुत् स्त्री० હંસલી.

श्वेतगरुत् त्रि० ધોળી પાંખવાળું.

श्वेतगुञ्जा स्त्री० ધોળી ચણોઠી.

श्वेतचिल्ली स्त्री० એક જાતનું શાક.

श्वेतच्छद पु० હંસ પક્ષી.

श्वेतच्छद त्रि० ધોળી પાંખવાળું.

श्वेतच्छदी स्त्री० હંસલી.

श्वेतजीरक पु० ધોળું જીરૂં.

श्वेतटङ्कण न० ધોળો ટંકણખાર.

श्वेतदूर्वा स्त्री० ધોળી ધ્રો.

श्वेतद्युति पु० ચંદ્ર, કપૂર.

श्वेतद्विप पु० श्वेतकुञ्जर જુઓ.

श्वेतद्वीप पु० તે નામે એક બેટ.

श्वेतधातु पु० ધોળી ધાતુ, ખડી-ચોક.

श्वेतधामन् पुं० ચંદ્ર, કપૂર, સમુદ્રનું ફીણ.

श्वेतधामन् त्रि० ધોળા તેજવાળું.

श्वेतनील पु० ધોળો કાળો રંગ, મેઘ.

श्वेतनील त्रि० ધોળા કાળા રંગનું.

श्वेतपत्र पु० હંસ.

श्वेतपत्र त्रि० ધોળી પાંખવાળું, ધોળાં પાંદડાંવાળું.

श्वेतपत्र न० ધોળું પાંદડું, ધોળો કાગળ.

श्वेतपत्ररथ पु० બ્રહ્મા.

श्वेतपत्री स्त्री० હંસલી.

श्वेतपद्म न० ધોળું કમળ.

श्वेतपर्णी स्त्री० वारिपर्णी જુઓ.

श्वेतपर्णास पु० ધોળી તુલસી.

श्वेतपाटला स्त्री० ધોળી પાડલ વનસ્પતિ.

श्वेतपिङ्ग पु० સિંહ, ધોળો પીંગળો રંગ.

श्वेतपिङ्ग त्रि० ધોળા પીંગળા રંગનું.

श्वेतपिङ्गल त्रि० ઉપરનો અર્થ.

श्वेतपिङ्गल पु० श्वेतपिङ्ग જુઓ.

श्वेतपिण्डीतक पु० મહાપિણ્ડીતક વૃક્ષ.

श्वेतपुष्प पु० નગોડનું ઝાડ.

श्वेतपुष्प त्रि० ધોળા ફૂલવાળું.

श्वेतपुष्पक पु० ધોળી કરેણ.

श्वेतपुष्पा स्त्री० नागदन्ती જુઓ, मृगेर्वारु જુઓ, घोषातकी જુઓ.

श्वेतपुष्पिका स्त्री० મહાશણ વૃક્ષ, पुत्रदात्री વનસ્પતિ.

श्वेतप्रसूनक पु० કોબીનું ઝાડ.

श्वेतप्रसूनक त्रि० ધોળા ફૂલવાળું.

श्वेतभण्डा स्त्री० ધોળી અપરાજિતા વનસ્પતિ.

श्वेतमन्दार पु० ધોળું મંદાર વૃક્ષ.

श्वेतमरिच पु० સરગવાનું બી, ધોળાં મરી.

श्वेतरक्त पु० ગુલાબી રંગ.

श्वेतरक्त त्रि० ગુલાબી રંગનું, ગુલાબી.

श्वेतरञ्जन न० સીસું.

श्वेतरथ पु० ધોળો રથ, શુક્ર ગ્રહ.

श्वेतराजी स्त्री० चचेण्डा વનસ્પતિ.

श्वेतरोचिस् पु० ચંદ્ર, કપૂર.

श्वेतरोहित पु० ગુલાબી રંગ, એક ઝાડ, ગરૂડ.

श्वेतरोहित त्रि० ગુલાબી રંગનું, ગુલાબી.

श्वेतलोध्र पु० એક જાતનું લોધરનું ઝાડ.

श्वेतवचा स्त्री० અતિવિખની કળી.

श्वेतवल्कल पु० ઉંબરાનું ઝાડ.

श्वेतकल्कल त्रि० ધોળી છાલવાળું.

श्वेतवाजिन् पु० ચંદ્ર, અર્જુન, કપૂર, સાદડાનું ઝાડ.

श्वेतवासस् पु० શ્વેતાંબર જૈન સાધુ, એક જાતનો સંન્યાસી.

श्वेतवासस् त्रि० ધોળાં કપડાંવાળું.

श्वेतवाह् पु० ઇન્દ્ર, અર્જુન, ચંદ્ર, કપૂર, સાદડાનું ઝાડ.

श्वेतवाहन पु० ઉપરના અર્થ.

श्वेतवुन्हा स्त्री० वनतिक्ता જુઓ.

श्वेतवृक्ष पु० વરૂણ વૃક્ષ, ધોળું ઝાડ.

श्वेतवृहती स्त्री० ધોળી ક્ષુદ્ર બૃહતી.

श्वेतशिंशपा स्त्री० ધોળું સીસમ.

श्वेतशिग्रु पु० ધોળો સરગવો.

श्वेतशुङ्ग पु० જવ.

श्वेतशुङ्ग त्रि० ધોળી શીંગવાળું.

श्वेतशूरण पु० જંગલી સુરણ.

श्वेतसर्प पु० વરૂણ વૃક્ષ, ધોળો સાપ.

श्वेतसर्पी स्त्री० ધોળી સાપેણ.

श्वेतसर्षप पु० ધોળો સરસવ.

श्वेतसार पु० ધોળો ખેર.

श्वेतसुरसा स्त्री० ધોળી શેફાલિકા વનસ્પતિ.

श्वेतस्पन्दा स्त्री० ધોળી અપરાજિતા વનસ્પતિ.

श्वेतहय पु० ઉચ્ચૈઃશ્રવા ઘોડો, ધોળો ઘોડો, અર્જુન, ઇન્દ્ર, સાદડાનું ઝાડ.

श्वेतहय त्रि० ધોળા ઘોડાવાળું.

श्वेता स्त्री० કોડી, શંખિની, એક જાતની પાડલ વનસ્પતિ, અતિવિખની કળી, ધોળી અપરાજિતા વનસ્પતિ, ધોળી ભોંરીંગણી, પાષાણભેદિની વનસ્પતિ, ધોળી ધ્રો, સાકર, ધોળી રીંગણી.

श्वेतार्क पु० ધોળા આકડાનું ઝાડ.

श्वेतावर पु० સિતાવર શાક.

श्वेताश्व पु० श्वेतवाजिन् જુઓ.

श्वेताश्वतर पु० એક વેદશાખા.

श्वेतेक्षु पु० ધોળી શેલડી.

श्वेतोदर पु० કુબેર.

श्वेतौही स्त्री० ઇન્દ્રાણી.

श्वैत्य न० ધોળાશ, ધોળાપણું.

श्वोवसीयस न० આવતે દિવસે થનાર મંગળ-કલ્યાણ, ભાવિ કાળનું મંગળ.

श्वोवसीयस त्रि० ભાવિ કાળે મંગળવાળું, આવતી કાલના મંગળવાળું.

ष.

ष् વ્યંજનો માં એકત્રીસમો વ્યંજન.

ष पु० કેશ, ગર્ભવિમોચન, મનુષ્ય, સ્વર્ગ, નિદ્રા, અંત, નાશ, મોક્ષ.

ष त्रि० સર્વ, શ્રેષ્ઠ, પંડિત, વિદ્વાન, ડાહ્યું.

ष न० ધૈર્ય, ધીરજ.

षग् भ्वा० प० स० सेट् ઢાંકવું.

षघ् स्वा० प० स० सेट् હિંસા કરવી.

षच् भ्वा० आ० स० सेट् સીચવું, છાંટવું.

षच् भ्वा० प० स० सेट् સંબંધ પામવો, જોડાવું.

षट् भ्वा० प० स० सेट् વિભાગ કરવો.

षट्क त्रि० છ અવયવાળું, છ વાળુ, છ.

षट्कर्मन् न० શાંતિ-વશીકરણ-સ્તંભન-વિદ્વેષ-ઉચ્ચાટન-મારણ-એ છ પ્રયોગ, અધ્યયન-અધ્યાપન-યજન-યાજન-દાન-પ્રતિગ્રહ-એ છ કર્મ, હઠ યોગનાં અંગરૂપ ધૌતિ-બસ્તિ-નેતિ-નૌલિ-ત્રાટક-કપાલભાતિ-એ છ ક્રિયાઓ.

षट्कर्मन् पु० યજન-યાજન-અધ્યયન-અધ્યાપન-દાન-પ્રતિગ્રહ એ છ કર્મમાં આસક્ત રહેનાર બ્રાહ્મણ.

षट्कर्मनिरत पु० ઉપરનો અર્થ.

षट्कूटा स्त्री० એક ભૈરવીભેદ.

षट्कोण न० વજ, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક યંત્ર, જ્યોતિષસિદ્ધ લગ્નથી છઠ્ઠું સ્થાન.

षट्कोण त्रि० છ ખુણાવાળું.

षट्चक्र न० તંત્રોક્ત શારીરિક છ ચક્રો-દ્વિદલ-ચતુર્દલ વગેરે.

षट्चत्वारिंश त्रि० છેંતાલીસમું.

षट्चत्वारिंशत् स्त्री० છેંતાલીસ.

षट्चत्वारिंशत्तम त्रि० છેંતાલીસમું.

षट्चरण पु० ભમરો, જૂ.

षट्चरणी स्त्री० ભમરી, જૂ.

षट् चु० उभ० सेट् નિવાસ કરવો, રહેવુ, બળવાન થવું अ० હિંસા કરવી, દાન કરવું, દેવું, स०

षट्तिलिन् पु० તલ વડે શરીરે મર્દન-સ્નાન-હોમ-દાન-ભોજન તથા તલની વાવણી કરનાર.

षट्त्रिंश त्रि० છત્રીસમું.

षट्त्रिंशत् स्त्री० છત્રીસ.

षट्त्रिंशत्तम त्रि० છત્રીસમું.

षट्त्रिंशदुपचार पु० દેવપૂજાના અંગરૂપ છત્રીસ ઉપચાર.

षट्त्रिंशन्मत न० મનુ વગેરે છત્રીસ ધર્મશાસ્ત્રકારોનો મત.

षट्पञ्चाश त्रि० છપનમું.

षट्पञ्चाशत् स्त्री० છપન.

षट्पञ्चाशत्तम त्रि० છપનમું.

षट्पञ्चाशिका स्त्री० તે નામે એક પ્રશ્નગ્રંથ.

षट्पद पु० ભમરો, જૂ.

षट्पदप्रिय पु० નાગકેસર.

षट्पदप्रिय त्रि० ભમરાને પ્રિય.

षट्पदातिथि पु० આંબાનું ઝાડ.

षट्पदानन्दवर्धन पु० અસોપાલવનું ઝાડ.

षट्पदी स्त्री० ભમરી, જૂ, છ ચરણવાળો એક છંદ, છ શ્લોકોનો સમૂહ.

षट्प्रज्ञ पु० ધર્મ-અર્થ-કામ-મોક્ષ-લોકવ્યવહાર અને આધ્યાત્મિક-એ છ વિષયોનું જ્ઞાન ધરાવનાર, બૌદ્ધ, કામી પુરૂષ.

षडङ्ग न० બે જાંઘ-બે બાહુ-મસ્તક-મધ્ય અંગ-એ શરીરનાં અંગો, શિક્ષા-કલ્પ-વ્યાકરણ-નિરૂક્ત-છંદઃશાસ્ત્ર-જ્યોતિષ-એ છ વેદનાં અંગો, ગોમૂત્ર-ગાયનું છાણ-દૂધ-ગાયનું ઘી-ગાયનું દહીં-ગોરોચન-એ છ માંગલિક અંગ.

षडङ्ग त्रि० છ અંગોવાળું.

षडङ्गजित् पु० વિષ્ણુ.

षडङ्गविद् त्रि० છ અંગો જાણનાર.

षडङ्गी स्त्री० षडङ्ग न० જુઓ.

षडङ्घ्रि पु० ભમરો, જૂ.

षडभिज्ञ पु० બુદ્ધભેદ.

षडशीति स्त्री० છયાસી, મિથુન-કન્યા-ધન-મીન-એ રાશિઓમાં સૂર્યનું સંક્રમણ.

षडशीतिचक्र न० જ્યોતિષપ્રસિદ્ધ એક ચક્ર.

षडशीतितम त्रि० છયાસીમું.

षडशीतिमुख न० જ્યોતિષપ્રસિદ્ધ અમુક રાશિપરત્વે કાળ.

षडष्टक न० વર કન્યાની પરસ્પર રાશિની અપેક્ષાએ પરસ્પર છઠ્ઠી તથા આઠમી રાશિનો સંબંધ.

षडानन पु० કાર્તિક સ્વામી.

षडाम्नाय पु० શિવનાં છ મુખથી નીકળેલ છ પ્રકારનાં તંત્રશાસ્ત્ર.

षडूर्मि पु० ભૂખ-તરસ-હર્ષ-શોક-જન્મ-મરણ-એ છ વિકારોવાળો જીવ.

षडूषण न० મરીસહિત પંચકોલ.

षड्गया स्त्री० ગયાગજ-ગયાદિત્ય-ગાયત્રી-ગદાધર-ગયા-ગયાસુર-એ છ.

षड्गव न० છ બળદો કે છ ગાયો.

षड्गव त्रि० છ બળદોવડે ખેંચવાનું કોઇ ગાડું-હળ વગેરે.

षड्गुण पु० સંધિ-વિગ્રહ-યાન-સ્થાન-આસન-દ્વૈધીભાવ-એ છ રાજાઓના ગુણ.

षड्गुण न० છ ગુણો.

षड्गुण त्रि० છગણું.

षड्ग्रन्था स्त्री० વજ, કચૂરો વનસ્પતિ, ધોળી વજ, મહાકરંજ વૃક્ષ.

षड्ग्रन्थि त्रि० છ ગાંઠાવાળું.

षड्ग्रन्थि स्त्री० વજ.

षड्ग्रन्थिका स्त्री० શઠી-કચૂરો વનસ્પતિ.

षड्ग्रन्थो स्त्री० વજ.

षड्ज पु० સંગીતપ્રસિદ્ધ એક સ્વર.

षड्दर्शन न० પૂર્વમીમાંસા-વેદાન્ત-સાંખ્ય-પાતંજલ-ન્યાય-વૈશેષિક-એ છ દર્શન, છ બૌદ્ધ દર્શન.

षड्दीर्घ पु० आ-ई-ऊ-ऐ-औ-अः-એ છ દીર્ઘ.

षड्दुर्ग न० મનુએ કહેલા છ જાતના કિલ્લા.

षड्धा अव्य० છ પ્રકારે.

षड्बिन्दु पु०એક જાતનો કીડો, વિષ્ણુ.

षड्भुज त्रि० છ ભુજાવાળું.

षड्भुज पु० રૌદ્ર જ્વર.

षड्भुजा स्त्री० તરબુચનો વેલો.

षड्रस न० મીઠો–ખારો–તીખો–તુરો–ખારો–કડવો–એ છ રસ, છ ગણો રસ.

षड्रस त्रि० છ રસવાળું.

षड्रसासव पु० મધુર વગેરે છ રસોનો આસવ.

षड्रेखा स्त्री० તરબુચનો વેલો.

षड्लवण न० છ જાતનું મીઠું.

षड्वदन पु० કાર્તિક સ્વામી.

षड्वर्ग पु० કામ–ક્રોધ–લોભ–મોહ–મદ–મત્સર–એ છ, જ્યોતિષપ્રસિદ્ધ ક્ષેત્ર–હોરા-દ્રેક્કાણ-નવાંશ-દ્વાદશાંશક-ત્રિંશાંશક-એ છ.

षड्विध त्रि० છ પ્રકારનું.

षण् भ्वा० प० स० सेट् સારી રીતે ભક્તિ કરવી, ભાગ કરવા.

षण् तना० उभ० स० सेट् દાન કરવું, દેવું.

षण्ड पु० નપુંસક, બળદ.

षण्ढ पु० નપુંસક, નામર્દ.

षण्ढतिल पु० વાંઝીયો તલ, તેલ વગરનો તલ.

षण्णवति स्त्री० છન્નું.

षण्णवतितम त्रि० છન્નુમું.

षण्मास न० છ મહિના.

षण्मास्य त्रि० છ મહિનાનું.

षण्मुख पु० કાર્તિક સ્વામી.

षद् चु० उभ० स० सेट् જવું.

षद् तुदा० प० अनिट् ખેદ પામવો, આકુળ વ્યાકુળ થવું अ० હિંસા કરવી, જવું स०

षन् भ्वा० प० स० सेट् સારી રીતે ભક્તિ કરવી, વિભાગ કરવા.

षन् तना० उभ० स० सेट् દાન કરવું, દેવું,

षन्च् भ्वा० प० स० सेट् જવું.

षन्ज् भ्वा० प० स० अनिट् સંબંધ પામવો, જોડાવું, સંગ કરવો.

षप् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

षम् भ्वा० प० स० सेट् વિકળ થવું.

षम्ब् भ्वा० प० स० सेट् સરકવું, ખસવું, જવું.

षर्ज् भ्वा० प० स० सेट् સરજવું, મેળવવું.

षर्ब् भ्वा० प० स० सेट् જવું.

षर्व् भ्वा० प० स० सेट् જવું.

षर्षपी स्त्री० એક જાતનું પક્ષી.

षल् भ्वा० प० स० सेट् જવું.

षष् त्रि० છ, છની સંખ્યા.

षष्टि स्त्री० સાઠ, સાઠની સંખ્યા.

षष्टिक पु० સાઠી ચોખા.

षष्टिक त्रि० સાઠથી ખરીદેલ.

षष्टिका स्त्री० સાઠી ચોખા.

षष्टिक्य न० સાઠી ચોખા થઇ શકે તેવું ખેતર.

षष्टितम त्रि० સાઠમું.

षष्टिधा अव्य० સાઠ પ્રકારે.

षष्टिमत्त पु० સાઠ વર્ષે મદવાળો થયેલ હાથી.

षष्टिलता स्त्री० ભમરી.

षष्टिवत्सर पु० ब० સાઠ વર્ષો.

षष्टिसंवत्सर पु० ब० સાઠ વર્ષો.

षष्टिहायन पु० સાઠ વર્ષનો હાથી, સાઠી ચોખા.

षष्ट्यब्द पु० ब० સાઠ વર્ષો.

षष्ठ त्रि० છઠ્ઠું.

षष्ठक पु० છઠ્ઠો ભાગ.

षष्ठवाह् पु० છ વર્ષનો હળ વહી શકે તેવા બળદ.

षष्ठांश पु० છઠ્ઠો ભાગ.

षष्ठान्न न० છઠ્ઠું ભોજન.

षष्ठान्न त्रि० દિવસના છઠ્ઠા ભાગે અન્નભોજનના સમયવાળું.

षष्ठान्नकाल त्रि० ઉપરનો અર્થ.

षष्ठी स्त्री० છઠ, સ્કંદની ભાર્યારૂપ એક માતૃકા.

षस् अदा० प० अ० सेट् સુવું, ઉંઘવું.

षस्ज् भ्वा० प० स० सेट् સરકવું, ખસવું, જવું.

षस्त् अदा० प० अ० सेट् સુવું, ઉંઘવું.

षह् चु० उभ० स० सेट् સહન કરવું.

षह् दिवा० प० स० सेट् સહન કરવું.

षह् भ्वा० आ० स० सेट् સહન કરવું.

षहसानु पु० મોર પક્ષી, યજ્ઞ.

षाट् अव्य० સંબોધનાર્થે.

षाट्कौषिक त्रि० છ મ્યાનમાં ઢંકાયેલ.

षाडव पु० ગાન, ગાયન, રસ, મળેલા છ સ્વરવાળો રાગ.

षाड्गुण्य न० છ ગુણો.

षाण्मातुर पु० કાર્તિક સ્વામી.

षाण्मासिक त्रि० છ મહિને હોનાર-થનાર.

षाण्मासिक न० મરી ગયેલાને ઉદ્દેશી છ મહિને કરવાનું શ્રાદ્ધ.

षाध् स्वा० प० अ० अनिट् સિદ્ધ થવું, સિદ્ધ કરવું स०

षाध् दिवा० प० अ० अनिट् સિદ્ધ થવું, સિદ્ધ કરવું स०

षान्त्व् चु० उभ० स० सेट् શાંત પાડવું.

षि स्वा० उभ० स० अनिट् બાંધવું.

षि क्र्या० उभ० स० अनिट् બાંધવું.

षिङ्ग पु० षिड्ग જુઓ.

षिञ्च् तुदा० उभ० स० अनिट् સિંચવું, છાંટવું.

षिट् भ्वा० प० स० सेट् અનાદર કરવો.

षिड्ग पु० કામી પુરૂષ, વ્યભિચારી પુરૂષ, છીનાળવો, રંડોડીયો.

षिध् भ्वा० प० वेट् મંગળ કરવું अ० શાસન કરવું स०

षिध् भ्वा० प० स० सेट् જવું.

षिध् दिवा० प० अ० अनिट् સિદ્ધ થવું, પૂર્ણ થવું, आ + રાજાની આજ્ઞાથી રોકવું, उत् + ઉંચા થવું, नि + નિવારણ કરવું. રોકવું, परि + નિવારણ કરવું, રોકવું प्रति + રોકવું, અટકાવવું; वि + आ + વિશેષે કરી નિષેધ કરવો, वि + प्रति + વિરોધ કરવો, અટકાવવું.

षिम्म् भ्वा० प० सेट् હિંસા કરવી, स० દીપવું, પ્રકાશવું, अ०

षिम् भ्वा प० स० सेट् હિંસા કરવી, ઠાર કરવું.

षिल् तुदा० प० स० सेट् જેમાંથી ધાન્ય ઉપડી ગયું હોય તેવા ખેતરમાંથી પડેલા દાણે દાણા વીણવા.

षिव् दिवा० प० स० सेट् સીવવું.

षु स्वा० उभ० अनिट् દારૂ કાઢવો, સોમરસ કાઢવો, અર્ક કાઢવો, મથવુ. स० સ્નાન કરવું अ०

षु भ्वा० उभ० स० अनिट् જવું.

षु अदा० प० स० अनिट् જણવું, ઉત્પન્ન કરવું, स० ઐશ્વર્યવાળા થવું अ०

षु पु० જણવુ, ગર્ભ છોડવો.

षुट्ट् चु० उभ० स० सेट् અનાદર કરવો.

षुम्भ् भ्वा० प० सेट् દીપવું अ० હિંસા કરવી स०

षुट् तुदा० प० सेट् દીપવું अ० ઐશ્વર્યવાળા થવું.

षुह् दिवा० प० सेट् તૃપ્ત થવુ, अ० ક્ષમા કરવી, સહન કરવુ स०

षू अदा० आ० स० वेट् જણવું, ગર્ભ છોડવો.

षू दिवा० आ० स० वेट् જણવુ.

षू तुदा० प० स० वेट् નિવારણ કરવું, અટકાવવું.

षू स्त्री० જન્મ, ઉત્પત્તિ.

षूद् भ्वा० आ० स० सेट् નિવારણ કરવું, અટકાવવું.

षूद् भ्वा० प० स० सेट् મારવું, મારી નાખવું.

षूद् चु० उभ० सेट् ખરવું, ઝરવું, अ० પ્રતિજ્ઞા કરવી, દૂર કરવું.

षूर् दिवा० आ० सेट् થંભાવવું अ० હિંસા કરવી, स०

षूर्क्ष् भ्वा० प० स० सेट् અનાદર કરવો.

षूर्क्ष्य् भ्वा० प० स० सेट् ઈર્ષ્યા કરવી.

षूष् भ्वा० प० स० सेट् જણવું.

षृभ् भ्वा० प० स० सेट् હિંસા કરવી, હણવુ.

षृन्भ् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

षेक् भ्वा० आ० स० सेट् સરકવુ, ખસવું, જવું.

षेल् भ्वा० प० स० सेट् ચાલવુ.

षेव् भ्वा० उभ० स० सेट् સેવવુ, ઉપભોગ કરવો, ભોગવવું, આશ્રય કરવો.

षै भ्वा० प० अ० अनिट् ક્ષય પામવો, ઘસાવું.

षो दिवा० प० अ० अनिट् નાશ પામવુ, अधि+अव+ઉત્સાહ કરવો, નિશ્ચય જ્ઞાન કરવું, वि+अव+વિશેષ નિશ્ચય કરવો, ઉદ્યમ કરવો, अनु+वि+अव + જ્ઞાનપૂર્વક જાણવું.

षोडत् पु० છ દાંત વાળો બળદ વગેરે.

षोडश त्रि० સોળમું.

षोडशक न० સોળની સંખ્યાવાળી વસ્તુ.

षोडशन् त्रि० સોળની સંખ્યા, સોળની સંખ્યાવાળુ.

षोडशभुजा स्त्री० દુર્ગા દેવીની એક મૂર્તિ.

षोडशमातृका स्त्री० ગૌરી–પદ્મા શચી–મેધા–સાવિત્રી–વિજયા–જયા–દેવસેના—સ્વાહા–શાન્તિ–પુષ્ટિ–ધૃતિ–તુષ્ટિ––માતૃ–લોકમાતૃ–એ સોળ માતૃકાઓ.

षोडशर्त्विज् पु० હોતા વગેરે છ ઋત્વિજો.

षोडशांश पु० સોળમો ભાગ.

षोडशांशु पु० શુક્ર ગ્રહ.

षोडशांह्रि पु० षोडशाङ्घ्रि જુઓ.

षोडशाङ्ग पु० ગુગળ વગેરે સોળ દ્રવ્યોથી બનાવેલ ધૂપ.

षोडशाङ्घ्रि पु० કરચલો જળચર.

षोडशार न० શરીરમાં સોળ પાંખડીનું એક કમળ, તંત્રપ્રસિદ્ધ એક યંત્ર.

षोडशार्चिस् पु० શુક્ર ગ્રહ.

षोडशावर्त पु० એક જાતનો શંખ.

षोडशिन् पु० ચંદ્ર, કપૂર, યજ્ઞમાં સોમરસ રાખવાનું એક પાત્ર.

षोडशोपचार पु० ब० સ્વાગત -આસન–પાદ્ય–અર્ધ્ય–આચમન-મધુપર્ક- આચમન-સ્નાન-વસ્ત્ર-અલંકાર-ગંધ-પુષ્પ- ધૂપ–દીપ-નૈવેદ્ય–વંદન–એ સોળ ઉપચાર.

षोढा अव्य० સોળ પ્રકારે.

षोढान्यास पु० તંત્રપ્રસિદ્ધ સોળ પ્રકારનો ન્યાસ.

ष्ठक् भ्वा० प० स० सेट् અથડાવું, અટકાવવું, રોકવું, અડચણ કરવી.

ष्ठग् भ्वा० प० स० सेट् ઢાંકવું.

ष्टन् भ्वा० प० स० सेट् શબ્દ કરવો.

ष्टम् चु० उभ० स० सेट् વિકળ થવું, ગભરાવું.

ष्टम् भ्वा० प० अ० सेट् ઉપરના અર્થ.

ष्टम्भ् भ्वा० आ० अ० सेट् થંભવું, થંભી જવું, રોકવું, અટકવું.

ष्टिघ् स्वा० आ० अ० सेट् સામે થવું.

ष्टिप् भ्वा० आ० अ० सेट् ખરવું, ઝરવું.

ष्टिम् भ्वा० आ० अ० सेट् ભીંજાવું.

ष्टीम् दिवा० प० अ० सेट् ભીંજાવું.

ष्टु अदा० उभ० स० अनिट् સ્તુતિ કરવી.

ष्टुच् भ्वा० आ० अ० सेट् પ્રસન્ન થવું.

ष्टुभ् भ्वा० आ० सेट् થંભવું, અટકવું, રોકવું अ० થંભાવવું, અટકાવવું, રોકવું स०

ष्टूप् दिवा० प० अ० सेट् ઉંચા થવું.

ष्टृक्ष् भ्वा० प० स० सेट् જવું.

ष्टृह् तुदा० प० स० वेट् વધ કરવો, ઠાર કરવું.

ष्टॄह् तुदा० आ० स० वेट् ઉપરના અર્થ.

ष्टेप् भ्वा० आ० अ० सेट् ઝરવું, ખરવું.

ष्टै भ्वा० प० स० अनिट् વીંટવું.

ष्ट्युभ् पु० ચંદ્ર, કપૂર, કાંતિ.

ष्ट्यै भ्वा० प० अनिट् એકઠું કરવું, અવાજ કરવો अ०

ष्ठग् भ्वा० प० स० सेट् ઢાંકવું.

ष्ठल् भ्वा० प० अ० सेट् સ્થિતિમાં હોવું, ઉભા રહેવું, સ્થાનમાં હોવું.

ष्ठस् दिवा० प० स० सेट् દૂર કરવું, ખંડન કરવું.

ष्ठा भ्वा० प० अ० अनिट् ઉભવું, ઉભા રહેવું, સ્થાનમાં હોવું, સ્થિતિમાં હોવું अधि + આધારરૂપે રહેવું, ઉપર રહેવું, વસવું अनु + કરવું, આચરવું, પાછળ જવું, નકલ કરવી, આજ્ઞા પાળવી उद् + ઉંચે ચેષ્ટા કરવી, ઉઠવું, ઉત્પન્ન થવું—આ અર્થમાં आत्मने० उप + સેવવું, सक० आत्मने० नि + અત્યંત સ્થિતિ કરવી, સમાપ્ત કરવું, મરવુ, સમાપ્ત થવું, प्र+ પ્રયાણ કરવુ, જવું सक० प्रति+પ્રતિષ્ઠા કરવી, સારી રીતે સ્થિતિ કરવી, પ્રયાણ કરવુ, જવું, वि+अव+એક પ્રકારનો નિયમ કરવો, વ્યવસ્થા કરવી सम्+સારી રીતે સ્થિતિ કરવી, નાશ પામવુ, आत्मने० समव+તૈયાર થવું, ક્રિયા કર્યા વિના ઉભા રહેવુ. आत्म० अव+ખેંચી લેવું आत्म० वि+પાથરવું, વેગળા રહેવું आत्म०

ष्ठिव् भ्वा० प० अ० सेट् દૂર કરવું, થુંકવું.

ष्ठीव् भ्वा० प० अ० सेट् ઉપરના અર્થ.

ष्ठीवन न० થુંકવું, થુંક દૂર કરવું.

ष्ठेवन न० ઉપરના અર્થ.

ष्ठ्यूत त्रि० થુંકેલ, દૂર કરેલ.

ष्णस् दिवा० प० स० सेट् દૂર કરવું, ખંડન કરવું.

ष्णा अदा० प० अ० अनिट् સ્નાન કરવું, ન્હાવું, શુદ્ધ થવું.

ष्णिह् दिवा० प० स० वेट् સ્નેહ રાખવો, પ્રેમ કરવો.

ष्णिह् चु० उभ० अ० सेट् સ્નેહયુક્ત થવું.

ष्णु अदा० उभ० स० सेट् સ્તુતિ કરવી.

ष्णुच् भ्वा० आ० स० सेट् સીંચવું, છાંટવું.

ष्णुस् दिवा० प० स० सेट् ભક્ષણ કરવું, ખાવું.

ष्णुह् दिवा० प० स० वेट् ઓડકાર ખાવો, વમન કરવું, બહાર કાઢવું.

ष्णै भ्वा० प० स० अनिट् વીંટવું.

ष्मि भ्वा० आ० अ० अनिट् લગાર હસવું, સ્મિત કરવું, મંદ હસવું.

ष्वक्क् भ्वा० आ० स० सेट् સરકવું, ખસવું, જવું.

ष्वद् चु० उभ० स० सेट् સ્વાદ કરવો, ચાખવું, છેદવું, કાપવું.

ष्वद् भ्वा० आ० स० सेट् પ્રેમ કરવો, પ્રીતિ કરવી, ચાટવું, ચાખવું.

ष्वन्ज् भ्वा० आ० स० अनिट् આલિંગન કરવું, ભેટવું.

ष्वप् अदा० प० अ० अनिट् શયન કરવું, સુવું, નિદ્રા લેવી, ઉંઘવું.

ष्वर्त् चु० ઉભ૦ सेट् જવું, स० દુઃખથી જીવવું अ०

ष्वष्क् भ्वा० आ० स० सेट् જવું.

ष्विद् भ्वा० आ० सेट् મોહ પામવો, મુંઝાવું, સ્નેહ કરવો, પરસેવો થવો, ચીકટ થવું, अ० મૂકવું, છોડવું स०

ष्विद् दिवा० प० अ० अनिट् પરસેવો થવો.

स.

स् વ્યંજનોમાં બત્રીસમો વ્યંજન.

स पु० વિષ્ણુ, સર્પ, ઈશ્વર, પક્ષી, છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ સગણ, વાયુ.

स न० જ્ઞાન, ગાડાં વગેરેનો રસ્તો, વાડ, ધ્યાન.

संक्षेप पु० ટુંકમાં–ટુંકાણમાં અર્થ વગેરેનું પ્રકાશન, ટુંકુ કરવું.

संक्षेपण न० ઉપરના અર્થ.

संक्षोभ पु० ચંચળપણું, ક્ષોભ, ગભરામણ, વ્યાકુળતા.

संक्षोभण न० ઉપરના અર્થ.

संग्रह पु० સંઘરવું, એકઠું કરવું, સારી રીતે ગ્રહણ કરવું, સંયમ કરવો, ધારણ કરવું.

संग्राहिन् पु० કુટજ વૃક્ષ.

संग्राहिन् त्रि० સંગ્રહ કરનાર, સંચય કરનાર, ધારણ કરનાર.

संघ पु० સમૂહ, પ્રાણીઓનું ટોળું.

संघट्ट पु० અન્યોન્ય ગીડદી, અન્યોન્ય ગુંથાઈ જવું, પરસ્પર ઘટ્ટ મળી જવું.

संघट्टन न० ઉપરના અર્થ.

संघट्टा स्त्री० લતા, વેલ.

संघर्ष पु० અન્યોન્ય દઢ સંયોગ, સ્પર્ધા, સારી રીતે ઘર્ષણ, સારી રીતે મર્દન.

संज्ञ न० પીતકાષ્ઠ વનસ્પતિ.

संज्ञ त्रि० સાથે મળેલા ઢીંચણવાળું.

संज्ञपन न० મારી નાખવું.

संज्ञप्ति स्त्री० મારી નાખવું, જણાવવું.

संज्ञा स्त्री० નામ, ઇસારો, બુદ્ધિ, અવયવોની ચેષ્ટાથી કંઇ જણાવવું તે, ભાન, ચેતના, સૂર્યની એક પત્ની, ગાયત્રી.

संज्ञातनय पु० શનૈશ્ચર ગ્રહ.

संज्ञातनुज पु० શનૈશ્ચર ગ્રહ.

संज्ञातनूज पु० શનૈશ્ચર ગ્રહ.

संज्ञापन न० જણાવવું.

संज्ञापुत्र पु० શનૈશ્ચર ગ્રહ.

संज्ञावत् त्रि० સંજ્ઞાવાળું, ચેતનાવાળું, ભાનવાળું.

संज्ञासुत पु० શનૈશ્ચર ગ્રહ.

संज्ञित त्रि० નામ પાડેલ, ભાનમાં આવેલ.

संज्ञु त्रि० સાથે મળેલા ઢીંચણવાળું.

संज्वर पु० અગ્નિથી થયેલો તાપ, સંતાપ.

संमर्द पु० અન્યોન્ય ગીડદી, પરસ્પર દઢ સંયોગ, संघर्ष જુઓ.

संमर्दन न० સારી રીતે મર્દન કરવું.

संय पु० હાડપીંજર.

संयत् स्त्री० યુદ્ધ.

संयत् त्रि० સંયમ કરનાર, સંયમી.

संयत त्रि० કેદી, બંધાયેલ, બાંધેલ, દબાણમાં લીધેલ, જેણે શાસ્ત્રોક્ત નિયમ કરેલ હોય તે.

संयतात्मन् त्रि० સંયમ કરેલ આત્માવાળું, સંયમી.

संयतेन्द्रिय त्रि० જિતેન્દ્રિય, ઇન્દ્રિયોને વશ કરનાર.

संयत्वर पु० પ્રાણીઓનો સમૂહ.

संयत्वर त्रि० વાણીને નિયમાં રાખનાર.

संयद्वर पु० રાજા.

संयद्वाम पु० આંખમાં જણાતો પુરૂષ.

संयन्तृ त्रि० નિયમ કરનાર, વશ કરતાર, બાંધનાર, કેદ કરનાર.

संयम પુ૦ વ્રત, દીક્ષા, વ્રતના અંગ તરીકે આગલે દિવસે કરવાનો નિયમ, હરકોઈ નિયમ, ઇન્દ્રિયોને વશ કરવી તે, બંધન, નિયમ, દબાણ.

संयमन ન૦ સંયમ, બંધન, ચાર શાળાવાળું ઘર, ચાર ખંડવાળું ઘર, તે નામે એક શહેર.

संयमन પુ૦ યમ દેવ.

संयमनी સ્ત્રી૦ યમદેવની નગરી.

संयमिन् ત્રિ૦ સંયમ કરનાર, નિયમવાળું, ઇન્દ્રિયોને વશ કરનાર.

संयमिन् પુ૦ મુનિ.

संयात्रा સ્ત્રી૦ જાત્રા, મુસાફરી.

संयाम પુ૦ संयम જુઓ.

संयाव પુ૦ ઘી વગેરેમાં શેકેલા ઘઉંનો લોટ, શિરો.

संयुक्त ત્રિ૦ જોડાયલું, સંયોગવાળું.

संयुग ન૦ યુદ્ધ.

संयुज् ત્રિ૦ ગુણવાન, જોડાયેલ.

संयुत ત્રિ૦ જોડાયલું, સંયોગવાળું.

संयुयुक्षत् ત્રિ૦ સંયોગ કરવા–જોડવા ઇચ્છતું.

संयुयुक्षा સ્ત્રી૦ જોડવાની ઇચ્છા, સંયોગ કરવાની ઇચ્છા.

संयुयुक्षु ત્રિ૦ જોડવા ઇચ્છનાર, સંયોગ કરવા ઇચ્છનાર.

संयुयूषत् ત્રિ૦ જોડવા ઇચ્છતું, મિશ્ર કરવા ઇચ્છતું.

संयुयूषा સ્ત્રી૦ જોડવાની ઇચ્છા, મિશ્ર કરવાની ઇચ્છા.

संयुयूषु ત્રિ૦ જોડવા ઇચ્છનાર, મિશ્ર કરવા ઇચ્છનાર.

संयोग પુ૦ મળવું, જોડાવું, સંબંધ.

संयोगपृथक्त्व ન૦ એકજ કર્મનું નિત્ય–અનિત્યપણું પ્રતિપાદન કરનાર મીમાંસકોએ કહેલ એક ન્યાય.

संयोगविरुद्ध ન૦ બીજા દ્રવ્યના સંયોગથી વિરૂદ્ધ ગુણના આશ્રયવાળું કોઇ દ્રવ્ય.

संयोगित ત્રિ૦ સંયોગ પામેલ, જોડાયેલ.

संयोजन ન૦ મૈથુન, સારી રીતે જોડવું–યોજવું.

संयोजित ત્રિ૦ યોજેલ, જોડેલ, મેળવેલ.

संरक्षण ન૦ સારી રીતે રક્ષણ–બચાવ, રાખવું.

संरक्षित ત્રિ૦ સારી રીતે રક્ષણ કરેલ, બચાવેલ, રાખેલ.

संरब्ध ત્રિ૦ કોપેલ, ક્રોધાયમાન થયેલ.

संरम्भ પુ૦ ક્રોધ, કોપ, આડંબર, ઉત્સાહ, આવેશ, વેગ.

संरम्भिन् ત્રિ૦ ક્રોધવાળું, કોપવાળું, આડંબરવાળું, ઉત્સાહવાળું, આવેશવાળું, વેગવાળું.

संराग પુ૦ ક્રોધ, પ્રીતિ.

संराधन ન૦ સારી રીતે સેવવું, સારી રીતે ચિંતવવું.

संराव પુ૦ શબ્દ, અવાજ, બૂમ.

संराविन् ત્રિ૦ શબ્દવાળું, અવાજવાળું, બૂમવાળું.

संरूढ ત્રિ૦ પ્રૌઢ, ઉગેલ, અંકુર ફૂટેલ.

संरुद्ध ત્રિ૦ રોકેલ, ઘેરેલ, રૂંધેલ.

संरोध પુ૦ રોકવું, ઘેરવું, રૂંધવું.

संलग्न ત્રિ૦ વળગેલ, મળેલ, ચોંટેલ, જોડાયેલ.

संलज्जमान ત્રિ૦ લાજતું, શરમાતું.

संलय પુ૦ નિદ્રા, પ્રલય.

संलाप પુ૦ પરસ્પર કહેવું, વાતચીત, પ્રીતિથી પરસ્પર કહેવું, એકાંતમાં કહેવું.

संलापित ત્રિ૦ પરસ્પર કહેલ, વાતચીત કરેલ, પ્રીતિથી પરસ્પર બોલેલ, એકાંતમાં કહેલ.

संलापिन् त्रि० પરસ્પર કહેનાર, વાતચીત કરનાર, પ્રીતિથી પરસ્પર બોલનાર, એકાંતમાં કહેનાર.

संवत् अव्य० વર્ષ, વરસ, સાલ.

संवत्सर पु० વરસ, સાલ, વર્ષ.

संवदन न० આલોચન, જોવું, વિચારવું, વશ કરવું, વશીકરણ, બોલવુ, કહેવું.

संवनन न० ઉપરના અર્થ.

संवर न० પાણી.

संवर पु० તે નામે એક દૈત્ય, એક જાતનું માછલું, એક જાતનો મૃગ.

संवरी स्त्री० એક જાતની માછલી. એક જાતની મૃગલી.

संवर्त्त पु० પ્રલયકાળ, સ્મૃતિકાર એક મુનિ, કર્પફલ વૃક્ષ, મેઘ, મેઘનો એક નાયક.

संवर्त्तक न० બળદેવનું હળ.

संवर्त्तक पु० બળદેવ, વડવાનળ.

संवर्त्तकिन् पु० બળદેવ.

संवर्त्तिका स्त्री० દીવા વગેરેની શિખા, કમળ વગેરેના કેસરાની પાસેનું પાંદડું, નવું પાંદડું, કુંપળ.

संवर्द्धक त्रि० સન્માન કરનાર, વધારનાર, વૃદ્ધિ કરનાર, ઉછેરનાર.

संवर्द्धन न० સન્માન કરવું, વધારવું, ઉછેરવું.

संवर्मित त्रि० બખ્તર પહેરેલ.

संवलित त्रि० મળેલ, મિશ્ર થયેલ.

संवसथ पु० ગામ, ગામડું, જનસમૂહનું નિવાસસ્થળ.

संवह पु० સાત વાયુપૈકી એક વાયુ.

संवात् त्रि० વાતું.

संवाद पु० સારી રીતે વાદ, પરસ્પર સંવાદ.

संवार पु० વ્યાકરણપ્રસિદ્ધ એક બાહ્ય પ્રયત્ન, સંગોપન, સંરક્ષણ. છુપાવવું, ઢાંકવું, સંકોચવું.

संवास पु० ઘર, વસવું, રહેવું, નગરની બહાર નગરવાસીઓને રહેવા લાયક ખુલ્લું સ્થાન.

संवासिन् त्रि० વસનાર, રહેનાર, ઘરવાળું.

संवाह पु० શરીર ચાંપનાર ચાકર, અંગમર્દન કરનાર સેવક.

संवाहक पु० ઉપરના અર્થ.

संवाहन न० શરીર ચાંપવું, દાબવું, અંગમર્દન કરવું.

संविग्न त्रि० વૈરાગ્ય પામેલ, ઉદ્વેગ પામેલ, ભય વગેરેથી ઉત્કંઠિત થયેલ.

संविग्नमानस त्रि० ઉદ્વેગ પામેલા મનવાળું.

संवित्ति स्त्री० જ્ઞાન, સ્વીકાર, ચેતના, અંગીકાર, બુદ્ધિ.

संविद् स्त्री० જ્ઞાન, પ્રતિપત્તિ-સ્વીકાર, સંભાષા-વાતચીત, બુદ્ધિ, ક્રિયા કરવી તે, યુદ્ધ, અંગીકાર, નામ, આચાર, સંકેત, સંતોષ, સમાધિ, ચિત્તની એક ગતી.

संविदा स्त्री० ભાંગ.

संविदित त्रि० અંગીકાર કરેલ, સ્વીકારેલ, સારી રીતે જાણેલ.

संविद्व्यतिक्रम पु० સ્વીકારેલું-કબૂલેલું નહિ કબૂલ કરવારૂપ એક વિવાદ.

संविधान न० ઉપાય, યોજવું, જોડવું, રચના.

संविभक्त त्रि० વિભાગ કરેલ, ભાગ પાડેલ, વહેંચેલ.

संविभाग पु० વિભાગ કરવો, ભાગ પાડવો, વહેરવું.

संविषा स्त्री० અતિવિખની કળી.

संविष्ट त्रि० પહેરેલ, સૂતેલ.

संवीक्षण न० સારી રીતે જોવું, તપાસવું, શોધવું, ખોળવું.

संवीत त्रि० આવૃત, ઢાંકેલ, સંતાડેલ, છુપાવેલ, રૂંધેલ, ઘેરેલ, મળેલ, જોડાયેલ.

संवुवूर्षत् त्रि० છુપાવવા ઇચ્છતું, છાનું રાખવા ઇચ્છતું, ઢાંકવા ઇચ્છતું.

संवुवूर्षा स्त्री० છુપાવવાની ઇચ્છા, છાનું રાખવાની ઇચ્છા, ઢાંકવાની ઇચ્છા.

संवुवूर्षु त्रि० છુપાવવા ઇચ્છનાર, છાનું રાખવા ઇચ્છનાર, ઢાંકવા ઇચ્છનાર.

संवृत त्रि० સંતાડેલ, ઢાંકેલ, છુપાવેલ, વ્યાકરણપ્રસિદ્ધ એક આભ્યન્તર પ્રયત્ન.

संवृत्त पु० વરૂણ દેવ.

संवृत्ति स्त्री० ઢાંકવું, છુપાવવું, સંતાડવું.

संवेग पु० ભય વગેરેથી ઉતાવળ, સારો વેગ, અત્યંત વેગ, વૈરાગ્ય.

संवेगिन् त्रि० વેગવાળું, ઉતાવળું, વૈરાગી.

संवेद पु० જ્ઞાન, અનુભવ.

संवेदना स्त्री० ઉપરના અર્થ.

संवेश पु० નિદ્રા, પીઠ, આસન, બાજઠ, પાટલો, એક જાતનો રતિબંધ.

संवेशन न० રતિક્રિયા, મૈથુન.

संयान न० ઉત્તરીય વસ્ત્ર, હરકોઈ વસ્ત્ર.

संव्यूढ त्रि० મેળવેલ, મિશ્ર કરેલ, એકઠું કરેલ.

संव्यूह पु० મેળવણ, મિશ્ર કરવું, એકઠું કરવું.

संशप्तक पु० પ્રતિજ્ઞા કરીને યુદ્ધમાંથી પાછું નહિ હઠનાર સૈન્ય.

संशय पु० સંદેહ, શંકા, વહેમ–આ અમુક હશે કે અમુક વગેરે.

संशयसम पु० જાત્યુત્તરભેદ.

संशयस्थ त्रि० સંદેહવાળું, શંકાવાળું, વહેમી.

संशयात्मन् त्रि० સંદેહયુક્ત અંતઃકરણવાળું, વહેમી.

संशयान त्रि० સંશય કરતું, શંકા કરતું, વહેમી.

संशयालु त्रि० સંશયવાળું, શંકાવાળું, વહેમી.

संशयितृ त्रि० સંશય કરનાર, શંકા કરનાર, વહેમી.

संशरण न० રણનો આરંભ, યુદ્ધની શરૂઆત.

संशित त्रि० વ્રતસંબંધી યત્ન કરનાર, વ્રતમાં પ્રયત્નવાળું.

संशित पु० સંપાદન કરેલા વ્રતસંબંધી પ્રયત્ન, સ્વીકારેલા વ્રતમાં કાળજી.

संशितव्रत त्रि० સારી રીતે સંપાદન કરેલ વ્રતવાળું.

संशुद्ध त्रि० સારી રીતે શુદ્ધ, પવિત્ર, સ્વચ્છ, નિર્મળ.

संशुद्धि स्त्री० સારી રીતે શોધન, પવિત્ર કરવું, સફાઈ કરવી, નિર્મળતા, શરીર વગેરે સાફ કરવું.

संशुष्क त्रि० સારી રીતે સુકાયેલ, સુકું.

संशोधन न० સારી રીતે શુદ્ધ કરવું, પવિત્ર કરવું, સાફ કરવું.

संश्चत् न० કપટ, દગો, ઠગવું, છેતરવું.

संश्यान त्रि० સંકોચાયેલ, સંકોચ પામેલ.

संश्रय पु० આશ્રય.

संश्रव पु० અંગીકાર, સ્વીકાર, કબુલ કરવું તે.

संश्राव पु० ઉપરના અર્થ.

संश्रुत त्रि० અંગીકાર કરેલ, સ્વીકારેલ, સારી રીતે સાંભળેલ.

संश्लिष्ट त्रि० મળેલ. જોડાયેલ, સંબંધ પામેલ, ભેટેલ, વળગેલ.

संश्लेष पु० આલિંગન કરવું, ભેટવું, સંબંધ પામવો, સંબંધ, વળગવું, સંબંધ.

संश्वत् न० संश्चत् જુઓ.

संसक्त त्रि० મળેલ, સંબંધ પામેલ, જોડાયેલ, લાગુ થયેલ, જોડેલ, વળગાડેલ, બાંધેલ, વ્યવધાન વગરનું, અંતરવગરનું, ચોતરફ વિસ્તાર પામેલ.

संसक्तयुग पु० ઝુંસરીએ જોડેલ બળદ વગેરે.

संसक्ति स्त्री० આસક્તિ, વળગવું, સંબંધ પામવો, જોડાવું, બાંધવું, જોડવું, સમીપપણું, લાગુ થવું.

संसज्जमान त्रि० જોડાતું, લાગુ થતું, વળગતું, તૈયાર થતું.

संसद् स्त्री० સભા.

संसरण न० સંસાર, સાથે જવું, સંગમ, પ્રવાહ, મોટા માર્ગ, સરીયામ રસ્તો, રાજમાર્ગ, યુદ્ધનો આરંભ, સંગતિ, સંગત, જોડાવું તે, ગામ કે શહેરની પાસે વિશ્રામસ્થળ.

संसर्ग पु० સંબંધ, જૂદું થયા પછી જોડાવું તે, પરિચય, સાથે રહેવું, વિષયનો સંબંધ, માહિતી.

संसर्गाभाव पु० સંબંધનો અભાવ, પરિચય નહિ તે, ન્યાયપ્રસિદ્ધ એક અભાવ.

संसर्गिता स्त्री० સંબંધવાળાપણું, પરિચયવાળાપણું.

संसर्गित्व न० ઉપરના અર્થ.

संसर्गिन् त्रि० સંસર્ગવાળું, પરિચયવાળું, પ્રથમ જૂદું થઇ એકઠું થનાર.

संसर्जन न० ઉત્પન્ન થવું, છોડવું, મૂકવું.

संसर्प पु० ખસવું, સરકવું, પાણીના રેલાની પેઠે જવું, સર્પની પેઠે જવું.

संसर्पण न० ઉપરના અર્થ.

संसर्पिन् त्रि० ખસનાર, જનાર, સરકનાર, પાણીના રેલાની પેઠે જનાર, સર્પની પેઠે જનાર.

संसार पु० સંસાર, દુનિયાં, જગત, મિથ્યાજ્ઞાનજન્ય સંસ્કારરૂપ વાસના, દેહારંભક એક અદૃષ્ટ, પોતાના અદૃષ્ટથી બંધાયલા શરીરને ગ્રહણ કરવું તે, સંગતિ, જોડાવું, પ્રવાહ.

संसारगुरु पु० કામદેવ, આખા જગતનો ગુરૂ.

संसारचक्र न० ફરી ફરી જન્મમરણરૂપ જીવનો એક વ્યાપાર, સંસારરૂપી ચક્ર.

संसारमार्ग पु० યોનિદ્વાર.

संसारिन् पु० જીવ.

संसारिन् त्रि० સંસારવાળું.

संसिद्ध त्रि० સારી રીતે સિદ્ધ થયેલ, સ્વભાવસિદ્ધ, મોક્ષ પામેલ.

संसिद्धि स्त्री० સ્વાભાવિક સિદ્ધિ, સારી રીતે સિદ્ધ થવું તે, સ્વભાવ, પ્રકૃતિ, મુક્ત, મોક્ષ.

संसूचन न० સૂચવવું, જણાવવું, ઠપકો, ગાળ દેવી, ચાડી કરવી.

संसूचित त्रि० સૂચવેલ, જણાવેલ, ઠપકો આપેલ, ગાળ દીધેલ, ચાડી ·રેલ.

संसृष्ट पु० વારસાની વહેંચ· કરી લીધા પછી મૈત્રી કરી ફરી પોતાતાના ધનમાં એકત્ર થયેલા ભાઇઓ ·રે, મિશ્ર થયેલ, જોડાયેલ, સંબંધ પામે વળગેલ, વમન વગેરેથી શુદ્ધ થયેલ

संसृति स्त्री० સંસ· પ્રવાહ, સંગતિ, જોડાવું તે.

संसृष्ट न० સંસ· સંબંધ.

संसृष्टिन् पु० ·સાની વહેંચણી કરી જૂદા થઇ ફરી ·ા થયેલા ભાઇઓ વગેરે.

संसेवन न·વવું, ચાકરી કરવી.

संसेवित · સેવેલ, ચાકરી કરેલ.

संस्कर्तृ · સંસ્કાર કરનાર, રાંધનાર, તૈયા·કરનાર, સિદ્ધ કરનાર, સ્થાપન કર·

संस् पु० હયાત ગુણોમાં બીજા ગુણો ·પવારૂપ પ્રયત્ન, ગર્ભાધાન વગેરે સોળ ·કાર, રસોઈ, વ્યાકરણપ્રસિદ્ધ શબ્દાદિની ·ાધનિકા, શાસ્ત્રીય જ્ઞાન, પૂર્વજન્મની વાસના, કેળવણી.

संस्कारज त्रि० સંસ્કારથી ઉત્પન્ન થનાર.

संस्काररहित त्रि० સંસ્કારવગરનું.

संस्कारवत्त्व न० વાણીનો એક ગુણ.

संस्कारवर्जित त्रि० સંસ્કાર વગરનું, ગર્ભાધાનાદિ સંસ્કારરહિત, શાસ્ત્રાદિમાં વ્યુત્પત્તિરહિત,

संस्कारहीन त्रि० ઉપરના અર્થ.

संस्कृत त्रि० કેળવાયેલ, સંસ્કાર કરેલ, જેની સિદ્ધિ વ્યાકરણને આધીન હોય તેવો શબ્દ વગેરે, રાંધેલ, તૈયાર કરેલ, સિદ્ધ, શણગારેલ, શોધેલ, પવિત્ર કરેલ, એક પ્રકારનું શાસ્ત્ર વગેરે.

संस्कृत न० સંસ્કૃત ભાષા, કેળવણી.

संस्कृतात्मन् त्रि० સંસ્કારી આત્માવાળું, શુદ્ધ, પવિત્ર, કેળવાયેલ.

संस्कृतोक्ति स्त्री० સંસ્કૃત ભાષા, સંસ્કારી ભાષા, શુદ્ધ બોલી.

संस्कृत्रिम त्रि० સંસ્કારથી બનેલ, સંસ્કાર પામેલ, શુદ્ધ, કેળવાયેલ.

संस्क्रिया स्त्री० संस्कार જુઓ, કેળવણી.

संस्तर पु० શય્યા, બીછાનું, પાંદડા વગેરેની શય્યા.

संस्तरशायिन् त्रि० પથારીવશ, પથારીમાં સૂનાર.

संस्तब्ध त्रि० થંભેલ, અટકેલ, સ્થિર થયેલ, સ્તબ્ધ થયેલ.

संस्तव पु० ઓળખાણ, પરિચય, સારી રીતે સ્તુતિ, પ્રશંસા.

संस्तवान त्रि० સ્તુતિ કરતું, વખાણતુ, સારી રીતે બોલતું, વાચાળ.

संस्ताव पु० યજ્ઞ માટે મંત્રોચ્ચાર કરતા બ્રાહ્મણોની વાસભૂમિ, વેદના મંત્રો વારંવાર બોલવા તે.

संस्तुत त्रि० સારી રીતે સ્તુતિ કરેલ, પરિચયવાળું, ઓળખાણવાળું.

संस्तुति स्त्री० સારી રીતે સ્તુતિ, પ્રશંસા.

संस्त्याय पु० સંઘાત, સમૂહ, ઢગ, ગાઢ સંયોગ, જથો, વિસ્તાર, સંસ્થાન, આકૃતિ, ઘર.

संस्थ त्रि० રહેલ, સ્થિતિ પામેલ, મરણ પામેલ, નિવારણ કરનાર, અટકાવનાર, વ્યવસ્થિત, સમાપ્ત કરેલ, સમાપ્ત.

संस्थ पु० ચર, દૂત, પ્રકાર, મરણ, પ્રલય, એક યજ્ઞપ્રકાર.

संस्था स्त्री० ન્યાયમાર્ગે રહેવું તે, સ્થિતિ, રહેવું, વિનાશ, નાશ, સમાપ્તિ, છેડો, વ્યક્તિ, વ્યવસ્થા, સાદૃશ્ય, સમાનતા, એક યજ્ઞ.

संस्थान न० ચૌટો, રહેવું, સ્થિતિ કરવી, આકૃતિ, આકાર, ગામ વગેરે, મૃત્યુ, ચિન્હ, સારી રીતે સ્થિતિ કરવી, રહેઠાણ, અવયવારંભક એક સંયોગ.

संस्थान त्रि० સમાન, સરખું, મળતું.

संस्थापन न० સ્થાપન કરવું, સ્થાપવું, મૂકવું, એકઠું કરવું.

संस्थापित त्रि० સ્થાપન કરેલ, સ્થાપેલ, એકઠું કરેલ, મૂકેલ.

संस्थित त्रि० મરણ પામેલ, સ્થિતિ પામેલ, રહેલ, સારી રીતે રહેલ.

संस्थिति स्त्री० મૃત્યુ, મરણ, નાશ, અંત, છેડો, રહેવું.

संस्पर्श पु० અડકવું, સારી રીતે સ્પર્શ કરવો.

संस्पर्शा स्त्री० એક જાતનું ઝાડ–रजनीगन्धावृक्ष.

संस्पृष्ट त्रि० સારી રીતે સ્પર્શ કરેલ, અડકેલ.

संस्फाल पु० મેઘ.

संस्फुट त्रि० વિકસેલ, ખીલેલ.

संस्फेट न० યુદ્ધ.

संस्फोट पु० યુદ્ધ.

संस्मरण न० સ્મરણ કરવું, સંભારવું, સ્મૃતિ, સ્મરણ, યાદગીરી.

संस्मृत त्रि० સ્મરણ કરેલ, સંભારેલ, યાદ કરેલ, સ્મરણમાં આવેલ.

संस्मृति स्त्री० संस्मरण જુઓ.

संहत त्रि० દૃઢ સાંધાવાળું, મળેલ, જોડાયેલ, દૃઢ, પારકા માટે મળેલ, મજબૂત સંયોગવાળું, સારી રીતે હણેલ, મારી નાખેલ.

संहत न० સંઘાત, સમૂહ.

संहतजानु त्रि० જેના બન્ને ઢીંચણ સાથે મળેલ-જોડાયલા હોય તે.

संहतजानुक त्रि० ઉપરનો અર્થ.

संहतपुष्पिका स्त्री० મિશ્રેયા વનસ્પતિ.

संहतल पु० ભેગા મળેલા બે હાથ.

संहतस्तनी स्त्री० જેના બન્ને સ્તન સાથે મળેલા હોય તેવી સ્ત્રી.

संहति स्त्री० સમૂહ, સારી રીતે હણવું તે, ઠાર કરવું.

संहनन न० દેહ, શરીર, સંઘાત, સમૂહ, વધ, નાશ, ઠાર કરવું.

संहर्ष पु० આનંદ, હર્ષ, સ્પર્ધા, વાયુ.

संहनन न० ચાર ઘરનો સમુદાય.

संहार पु० પ્રલય, નાશ, સંક્ષેપ, સમેટવું તે, એક નરક, વિસર્જન, છોડવું, વિદાય કરવું, કાલિકા ભૈરવભેદ.

संहारमुद्रा स्त्री० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.

संहिता स्त्री० મનુ વગેરેએ રચેલ ધર્મશાસ્ત્ર-પુરાણ-ઇતિહાસ વગેરે, કર્મકાંડ પ્રતિપાદક વેદવિભાગ, અક્ષરોનું અત્યંત સમીપપણું, આગલા પાછલા અક્ષરનું ઘણુંજ પાસેપણું.

संहूति स्त्री० સારી રીતે બોલાવવું, બૂમ, પોકાર, ઘણાએ કરેલ પોકાર.

संहृत त्रि० હરણ કરેલ, સમેટેલ, સંક્ષેપેલ, સંહાર કરેલ, સંકોચેલ.

संहृति स्त्री० संहार જુઓ.

संह्राद पु० અવાજ, શબ્દ.

संह्रादिन् त्रि० અવાજ કરતું, શબ્દ કરતું.

संह्रीण त्रि० શરમાયેલ, લાજેલ.

संह्लाद पु० હર્ષ, આનંદ.

सकट त्रि० ખરાબ.

सकट पु० એક ઝાડ.

सकटान्न न० ખરાબ અન્ન.

सकण्टक पु० એક જાતનાં કરમદાનું ઝાડ, શેવાળ.

सकण्टक त्रि० કાંટાવાળું.

सकरुण त्रि० કરૂણાવાળું, દયાળુ.

सकर्ण त्रि० સાવધાન, સરવા કાનવાળું, કાનવાળું.

सकर्णक त्रि० કર્મવાળું, વ્યાકરણપ્રસિદ્ધ સકર્મક ધાતુ વગેરે.

सकर्मन् त्रि० કામવાળું.

सकल त्रि० સંપૂર્ણ, સમાનતા, બધું, કળાસહિત.

सकारण त्रि० કારણવાળું, કારણસહિત.

सकारण न० હરકોઇ કાર્ય.

सकाश पु० સમીપ, પાસે.

सकुरुण्ड पु० साकुरुण्ड વૃક્ષ.

सकुल पु० એક જાતનું માછલું.

सकुल त्रि० સમાન કુળવાળું.

सकुली स्त्री० એક જાતની માછલી.

सकुल्य त्रि० સમાન કુળમાં હોનાર-થનાર,

सकृत् अव्य० એકવાર.

सकृत् स्त्री० વિષ્ટા, ગુ.

सकृत्प्रज पु० કાગડો.

सकृत्प्रज त्रि० એકવાર જેને સંતાન થયેલ હોય તે.

सकृत्प्रजी स्त्री० કાગડી.

सकृत्फला स्त्री० કેળનું ઝાડ.

सकृद्गर्भ पु० ખચ્ચર.

सकृद्गर्भा स्त्री० જેને એકવાર ગર્ભ રહ્યો હોય તે સ્ત્રી.

सकृद्वीर पु० એકવીર વૃક્ષ.

सकोप त्रि० કોપવાળું, ક્રોધી.

सक्त त्रि० આસક્ત, વળગી રહેલ, રહેલ, ઉદ્યમી.

सक्तक पु० એક સ્થાવર ઝેર.

सक्ति स्त्री० આસક્તિ, વળગી રહેવું તે, ઉદ્યમ.

सक्तु पु० સાથવો, શેકેલા જવ વગેરેનો લોટ.

सक्तुक न० એક જાતનું ઝાડ.

सक्तुफला स्त्री० ખીજડીનું ઝાડ.

सक्तुफली स्त्री० ખીજડીનું ઝાડ.

सक्थि न० સાથળ, ગાડાનો એક અમુક અવયવ.

सखण्डोपाधि पु० બહુ પદાર્થઘટિત ધર્મ–જેવો કે–ઇન્દ્રિયત્વ–દેહત્વ વગેરે.

सखि त्रि० મિત્ર, દોસ્ત.

सखिता स्त्री० મિત્રાચારી, દોસ્તી, મિત્રતા.

सखित्व न० ઉપરના અર્થ.

सखी स्त्री० સહચરી, સાહેલી, સોબતણ.

सख्य न० सखिता જુઓ।

सग् भ्वा० प० स० सेट् ઢાંકવું.

सगन्ध पु० જ્ઞાતિ, બંધુ.

सगन्ध त्रि० ગંધવાળું.

सगर पु० સૂર્યવંશી એક રાજા.

सगर त्रि० ઝેરવાળું, ઝેરસહિત, ઝેરી.

सगर्भ पु० સગો ભાઈ.

सगर्भ त्रि० ગર્ભવાળું. ગર્ભસહિત.

सगर्भा स्त्री० સગી બહેન, ગર્ભવતી સ્ત્રી.

सगर्भ्य पु० સગો ભાઈ.

सगर्भ्या स्त्री० સગી બહેન.

सगर्व त्रि० ગર્વવાળું; ગર્વિષ્ટ.

सगुण त्रि० ગુણવાળું, ગુણવાન.

सगोत्र न० કુળ, વંશ.

सगोत्र त्रि० સમાન ગોત્રવાળું, સગોત્રી, જ્ઞાતિ, બંધુ.

सग्धि स्त्री० સાથે ભોજન.

सघ् स्वा० प० स० सेट् મારી નાખવું, ઠાર કરવું.

सङ्कट त्रि० અલ્પ અવકાશવાળું, સાંકડું, ગીચ, ઘટ્ટ, થોડી જગ્યાવાળું સ્થળ વગેરે, વિકટ સ્થળ.

सङ्कट न० દુઃખ.

सङ्कटा स्त्री० જ્યોતિષપ્રસિદ્ધ એક દશા, એક દેવી.

सङ्कटाक्ष पु० ધાવડીનું ઝાડ.

सङ्कथा स्त्री० પરસ્પર કહેવું, વાતચીત કરવી.

सङ्कर पु० સાવરણી વગેરેથી વાળેલ કચરો-પુંજો, ભિન્ન જાતિના પુરુષથી ભિન્ન જાતિમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર, મળવું, મિશ્ર કરવું, મિશ્ર થવું, સંસર્ગ, સંબંધ, સ્પર્શ, તે નામે એક અર્થાલંકાર, અગ્નિનો અવાજ.

सङ्करी स्त्री० તાજી-તુરતમાં દૂષિત થયેલી કન્યા.

सङ्करीकरण न० એક જાતનું પાપ, મેળવવું, મિશ્ર કરવું, શેળભેળ કરવું.

सङ्करीकृत त्रि० મેળવેલ, મિશ્ર કરેલ, શેળભેળ કરેલ.

सङ्कर्षण पु० બળદેવ.

सङ्कर्षण न० આકર્ષણ, ખેંચવું, તાણવું, એક સ્થળેથી બીજે સ્થાને ખેંચી જવું.

सङ्कल पु० ગણત્રી કરવી, ગણવું, સમૂહ, સરવાળો કરી વધારવું.

सङ्कलन न० એકત્ર સ્થિર કરવું, સરવાળો કરવો, ગણવું, યોજવું, સંગ્રહ કરવો, ગુંથવું, રચવું.

सङ्कलना स्त्री० યોજના, ઉપરના અર્થ.

सङ्कलित त्रि० યોજેલ, જોડેલ, ગણેલ, સરવાળો કરેલ, ગુંથેલ, સંગ્રહ કરેલ.

सङ्कलित न० સારી રીતે યોજવું, જોડવું, સરવાળો.

सङ्कलितैक्य न० લીલાવતીમાં કહેલ એક વગેરે અંકનો યોગ.

सङ्कल्प पु० 'અમુક આમ કરવું' એવો ઇષ્ટસિદ્ધિ માટે મનનો વ્યાપાર. નિશ્ચય, પ્રતિજ્ઞા, કર્મ સાધવા માટે અભિલાપ વાક્ય, માનસિક વિચાર.

सङ्कल्पज पु० કામદેવ.

सङ्कल्पज त्रि० સંકલ્પથી ઉત્પન્ન થનાર.

सङ्कल्पजन्मन् त्रि० ઉપરનો અર્થ.

सङ्कल्पजन्मन् पु० કામદેવ.

सङ्कल्पजात पु० કામદેવ.

सङ्कल्पजात त्रि० સંકલ્પથી ઉત્પન્ન થયેલ.

सङ्कल्पभव त्रि० સંકલ્પથી ઉત્પન્ન થનાર.

सङ्कल्पभव पु० કામદેવ.

सङ्कल्पयोनि पु० કામદેવ.

सङ्कल्पयोनि त्रि० સંકલ્પથી ઉત્પન્ન થનાર.

सङ्कल्पसम्भव त्रि० ઉપરનો અર્થ.

सङ्कल्पसम्भव पु० કામદેવ.

सङ्कसुक त्रि० નીચેનો શબ્દ જુઓ.

सङ्कसूक त्रि० અસ્થિર, ચંચળ, મંદ, દુર્બળ, સાંકડું, નીચ, સંકીર્ણ, અપવાદ કરવાના સ્વભાવવાળું.

सङ्कार पु० ઝાડુ વગેરેથી કાઢેલો પુંજો-કચરો, અગ્નિનો શબ્દ-અવાજ.

सङ्कारी स्त्री० सङ्की જુઓ.

सङ्काश त्रि० સરખું, સમાન, તુલ્ય, સમીપ, પાસે.

सङ्किल पु० અગ્નિનો અંગારો, તણખો.

सङ्कीर्ण त्रि० સાંકડું. મળેલી અનેક જાતનું, વ્યાપ્ત, મિશ્ર, શેળ ભેળ થયેલ, અશુદ્ધ

सङ्कीर्ण त्रि० જુદી જાતિના પુરૂષથી જુદી જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ વર્ણસંકર.

सङ्कीर्तन न० સ્તુતિ, વખાણ, પ્રશંસા, વર્ણન, દેવ વગેરેનું નામોચ્ચારણ, ગાયનથી દેવ વગેરેના ગુણોનું કીર્તન, કથન.

सङ्कीर्तित त्रि० વર્ણવેલ, વખાણેલ.

सङ्कुचित त्रि० સંકોચ પામેલ, સંકોચાયેલ, ચીમાયેલ, સમેટેલ, પ્રફુલ્લ નહિ તે, સુતેલ.

सङ्कुल न० પરસ્પર અસંબદ્ધ વાક્ય, ગીર્દીવાળું, સાંકડું સ્થાન વગેરે યુદ્ધ.

सङ्कुल त्रि० સાંકડું, વ્યાપ્ત.

सङ्कृत्ति स्त्री० એક જાતનો છંદ.

सङ्केत पु० મનનો ભાવ જણાવવા માટે હાથ વગેરે અવયવોની ચેષ્ટા, ઇસારો, એક જાતની અર્થબોધના શક્તિ, પ્રિયના સંગમ માટે ગુપ્તસ્થાન.

सङ्केतस्थान न० પ્રિયના સંગમ માટેનું ગુપ્ત સ્થાન.

सङ्केतित पु० સંકેતયુક્ત વાચ્ય અર્થ.

सङ्केतित न० પ્રિયના મેળાપનું ગુપ્ત સ્થાન.

सङ्केतित त्रि० સંકેતવાળું.

सङ्कोच पु० બહુ વિષયવાળા વાક્યને અલ્પ વિષયવાળા તરીકે સ્થાપવું, સામાન્ય શબ્દની વિશેષપરાયણતા, જડ થવું, બોધ, બન્ધ, એક જાતનું માછલું.

सङ्कोच न० કેસર.

सङ्कोचनी स्त्री० લજામણીનો વેલો.

सङ्कोचपिशुन न० કેસર.

सङ्क्रन्दन पु० ઇન્દ્ર.

सङ्क्रन्दन न० સારી રીતે બૂમ પાડવી-મોટેથી રડવું.

सङ्क्रम पु० પાણીનું બંધનસ્થાન, સૂર્ય વગેરે ગ્રહનું બીજી બીજી રાશિમાં ગમન, એક સ્થળે રહેલી વસ્તુનું બીજે સ્થળે જવું, પ્રતિબિંબ.

सङ्क्रमण न० सङ्क्रान्ति, सूर्य वगेरे ग्रहोनुं बीजी बीजी राशिमां गमन.

सङ्क्रमित त्रि० એક સ્થળેથી અન્ય સ્થળે ગયેલ, પ્રતિબિંબ પડેલ.

सङ्क्रमितृ त्रि० એક સ્થળેથી અન્યસ્થળે જનાર.

सङ्क्रान्त त्रि० સંક્રાન્તિવાળું, સંક્રમણ કરનાર,એક સ્થાનેથી બીજે સ્થાને જનાર, પ્રતિબિંબ પડેલ, પ્રાપ્ત થયેલ, ગયેલ.

सङ्क्रान्त न० સ્ત્રીઓનું પતિ વગેરે પાસેથી દાયરૂપે આવેલું ધન.

सङ्क्रान्ति स्त्री० सङ्क्रमण જુઓ.

सङ्क्राम पु० सङ्क्रम જુઓ.

सङ्क्रीडन न० રમવું, રમત, ખેલ.

सङ्क्रीडमाण त्रि० રમતું, ખેલતું.

सङ्क्रीडा स्त्री० રમત, ખેલ.

सङ्क्रुद्ध त्रि० કોપેલ, ક્રોધે ભરાયેલ.

सङ्क्षय पु० નાશ, પ્રલય.

सङ्क्षिप्त त्रि० ટુંકાવેલ, ટુંકુ કરેલ, ફેંકેલ, ઉરાડેલ, મોકલેલ.

सङ्क्षिप्ति स्त्री० ટુંકાવવું, ટુંકાણ, ફેંકવું, ઉરાડવું, મોકલવું.

सङ्क्षेप पु० ઉપરના અર્થ.

सङ्क्षेपण न० सङ्क्षिप्ति જુઓ.

सङ्ख्य न० યુદ્ધ.

सङ्ख्या स्त्री० એક-બે વગેરે સંખ્યા, વિચાર, બુદ્ધિ, ગણત્રી.

सङ्ख्यात त्रि० ગણેલ, સારી રીતે પ્રસિદ્ધ, સંખ્યા કરેલ

सङ्ख्यान न० ગણવું, ગણત્રી કરવી.

सङ्ख्यावत् त्रि० સંખ્યાવાળું.

सङ्ख्यावत् पु० વિદ્વાન. પંડિત.

सङ्ख्येय त्रि० ગણવા યોગ્ય, સંખ્યા કરવા લાયક.

सङ्ग पु० મળવું, સંબંધ, વિષય વગેરે ઉપરનો રાગ, સોબત, સંગ.

सङ्गणिका स्त्री० જેની સમાન બીજી કોઇ ન હોય તેવી કથા.

सङ्गत न० સૌહાર્દ, પ્રેમ, સ્નેહ, સોબત, સંગત, સમાગમ, જોડાવું.

सङ्गत त्रि० સારી રીતે મળેલ, સંગ પામેલ, મળેલ, જોડાયેલ, સાથે ગયેલ, યુક્તિથી સિદ્ધ.

सङ्गति स्त्री० સંગમ, સોબત, મળવું તે, પ્રસંગ.

सङ्गम पु० ઉપરના અર્થ, સમાગમ, જોડાવું, મળવું.

सङ्गम पु० न० સ્ત્રીપુરૂષનો સંગમ.

सङ्गर पु० આપત્તિ, દુઃખ, પ્રતિજ્ઞા, યુદ્ધ, ક્રિયાકારક બ્રાહ્મણ.

सङ्गर न० ખીજડીનું ઝાડ.

सङ्गररहित त्रि० પ્રતિજ્ઞાવિનાનું.

सङ्गरवर्जित त्रि० પ્રતિજ્ઞાવિનાનું.

सङ्गरहित त्रि० સંગવિનાનું.

सङ्गवर्जित त्रि० સંગવિનાનું.

सङ्गविच्युत त्रि० સંગરહિત, વિયોગી.

सङ्गविच्युति स्त्री० સંગ છૂટવો, વિયોગ.

सङ्गव पु० પ્રાતઃકાળ પછી ત્રણ મુહૂર્ત સુધીનો કાળ.

सङ्गिन् त्रि० સંગવાળું.

सङ्गीत न० ગાયન, ગાન, ગાન-નૃત્ય-વાદ્ય એ ત્રણ, સંગીત શાસ્ત્ર.

सङ्गीत त्रि० સારી રીતે ગાયેલ.

सङ्गीति स्त्री० સારી રીતે ગાવું તે, આલાપ કરવો, વાતચીત, ગાન-નૃત્ય-વાદ્ય-એ ત્રણ.

सङ्गीर्ण त्रि० સ્વીકારેલ, કહેલ, પ્રતિજ્ઞા કરેલ.

सङ्गुप्त त्रि० સારી રીતે રક્ષણ કરેલ, છુપાવેલ, સંતાડેલ.

सङ्गुप्त पु० એક બૌદ્ધ સાધુ.

सङ्गूढ त्रि॰ સારી રીતે ગુપ્ત, અત્યંત છાનું, सङ्केतित જુઓ.

सङ्गृहीत त्रि॰ ગ્રહણ કરેલ, સ્વીકારેલ, સંગ્રહ કરેલ, એકઠું કરેલ, પકડેલ, સંઘરેલ.

सङ्गृहीति स्त्री॰ ગ્રહણ, સ્વીકાર, સંગ્રહ.

सङ्ग्रह पु॰ સંશય, સંઘરો, અનેક અર્થવાળાં વાક્યોનું એકત્ર સંકલન, ઉંચાઈ, ઉંચાપણું, મોટું, ગ્રહણ કરવું, સ્વીકારવું, સંક્ષેપ કરવો, ટુંકાવવું, ટુંકાણ, મોટાઇ, મોટાપણું, સ્વીકાર, મોટો ઉદ્યોગ, વ્યાડિકૃત વ્યાકરણનો એક ગ્રંથ, મુડી, મુડ.

सङ्ग्रहण न॰ ગ્રહણ કરવું, સ્વીકારવું, આશા, સંઘરો કરવો.

सङ्ग्रहणी स्त्री॰ સંગ્રહણી રોગ.

सङ्ग्राम् चु॰ उभ॰ स॰ सेट् યુદ્ધ કરવું.

सङ्ग्राम पु॰ યુદ્ધ, લડાઈ.

सङ्ग्रामपटह पु॰ લડાઈનો ઢોલ, યુદ્ધનું નગારૂં.

सङ्ग्राह पु॰ ઢાલ વગેરેની મુઠનુ બંધનસ્થાન.

सङ्ग्राहिन् त्रि॰ સંગ્રહ કરનાર, સંઘરો કરનાર.

सङ्ग्राहिन् पु॰ કુટજ વૃક્ષ.

सङ्घ पु॰ સજાતીય પ્રાણીઓનો સમૂહ, ટોળું, કાફલો, જથ્થો, સમૂહ, ઢગ, રાશિ.

सङ्घ त्रि॰ એકઠું કરેલ, ઢગ કરેલ.

सङ्घचारिन् पु॰ માછલું.

सङ्घचारिन् त्रि॰ એકઠું થઇ ફરનાર, સંઘરૂપે જનાર.

सङ्घजीविन् पु॰ શૂદ્ર વગેરે.

सङ्घजीविन् त्रि॰ સંઘ ઉપર જીવનાર.

सङ्घट्ट पु॰ પરસ્પર સંઘર્ષણ, પરસ્પર ગુંથાવું તે, મળવું; મેળો, લતા, વેલ.

सङ्घट्ट त्रि॰ ચલાવનાર.

सङ्घट्टन न॰ મળવું, ગુંથવું, રચના, પરસ્પર અથડાવું, નાયક–નાયિકા વગેરેનો સંબંધ.

सङ्घट्टना स्त्री॰ ઉપરના અર્થ.

सङ्घट्टा स्त्री॰ વેલ, વેલો, લતા.

सङ्घतल पु॰ બે ભેગા જોડેલા હાથ.

सङ्घपुष्पी स्त्री॰ ધાવડીનું ઝાડ.

सङ्घर्ष पु॰ પરસ્પર ઘર્ષણ, ઘસારો, સ્પર્ધા, સારી રીતે ફેલાવું, સરકવું.

सङ्घशस् अव्य॰ ટોળે ટોળે, ઘણું ઘણું.

सङ्घाटिका स्त्री॰ જોડલું, કુટણી સ્ત્રી, એક વનસ્પતિ, સુંઘવું, ઘ્રાણ ઇન્દ્રિય, નાક.

सङ्घात पु॰ સમુદાય, સમૂહ, ટોળું, જથ્થો, એક જાતનું નરક, સારી રીતે હણવું, દઢ સંયોગ, કફ.

सङ्घातवत् त्रि॰ સમૂહવાળું, દઢ સંયોગવાળું.

सङ्घातपत्रिका स्त्री॰ સુવા.

सङ्घुष्ट पु॰ શબ્દ, અવાજ.

सङ्घृष्ट त्रि॰ સારી રીતે ઘસેલ.

सचराचर त्रि॰ સ્થાવર–જંગમસહિત.

सचि स्त्री॰ ઇન્દ્રાણી, મિત્રતા, ભાઇબંધી, દોસ્તી.

सचिल्लक पु॰ ચીપડાવાળી આંખ.

सचिव पु॰ સહાય, મંત્રી, પ્રધાન, કાળો ધંતુરો.

सचिवामय पु॰ એક જાતનો રોગ.

सची स्त्री॰ ઇન્દ્રાણી.

सचीनन्दन पु॰ તે નામે એક વૈષ્ણવાચાર્ય.

सचेतन त्रि॰ ચેતનાવાળું, ભાનવાળું, વિશેષ જ્ઞાનવાળું.

सचेतस् त्रि॰ મનવાળું, ભાનવાળું.

सचेल त्रि॰ કપડા સાથે, વસ્ત્રસહિત.

सचेष्ट त्रि॰ ચેષ્ટાવાળું.

सचेष्ट पु॰ આંબાનું ઝાડ.

सच्चरित त्रि॰ સારા ચરિત્રવાળું, સદાચારી.

सच्चारा स्त्री॰ હળદર.

सच्चिदानन्द पु० નિત્યજ્ઞાનસુખમય બ્રહ્મ-પરમાત્મા.

सच्चिदानन्द त्रि० નિત્યજ્ઞાનસુખમય.

सच्छूद्र पु० ભરવાડ, રબારી, ઘાંચો વગેરે.

सजम्बाल त्रि० કાદવવાળું, કીચડવાળું.

सजल त्रि० પાણીવાળું.

सजाति पु० સમાન જાતિના પુરૂષે સમાન જાતિની પરણેલી સ્ત્રીમાં ઉત્પન્ન કરેલ પુત્ર.

सजाति त्रि० સમાનજાતિનું, સજાતીય, એક જાતનું.

सजातीय त्रि० સમાન ધર્મવાળું, એક જાતિનું, સમાન ગુણવાળું.

सजुस् अव्य० સાથે.

सजुस् त्रि० પ્રીતિવાળું, સ્નેહવાળું, સેવા કરનાર, સેવક.

सजुस् पु० તાપસ, તપસ્વી.

सज्ज त्रि० સજ્જ, તૈયાર, સજેલ, એકઠું કરેલ, ધારણ કરેલ, શણગારેલ, બખ્તર પહેરેલ.

सज्ज न० વેશ, જોડવું.

सज्ज त्रि० સારાથી ઉત્પન્ન થયેલ, સજ્જનથી ઉત્પન્ન થયેલ.

सज्जन न० સજ્જ કરવું, તૈયાર કરવું, રણ માટે સૈન્યની સ્થાપના, ઘાટ.

सज्जन पु० સારો માણસ, સંત, કુળવાન.

सज्जना स्त्री० રાજા વગેરેને ચઢવા માટે હાથીને શણગારવો તે.

सज्जमान त्रि० તૈયાર થતું, સજ્જ થતું, વેશ ધારણ કરતું, બખ્તર પહેરતું.

सज्जा स्त्री० વેશ, બખ્તર.

सज्जित त्रि० સજ્જ કરેલ, તૈયાર કરેલ, શણગારેલ, વેશ પહેરેલ, બખ્તર ધારણ કરેલ.

सज्जीकरण न० સજ્જ કરવું, તૈયાર કરવું,

सज्जीकृत त्रि० સજ્જ કરેલ, તૈયાર કરેલ, શણગારેલ, વેશ પહેરાવેલ.

सज्जीभवन न० સજ્જ થવું, તૈયાર થવું, વેશ પહેરવો, બખ્તર ધારણ કરવું.

सज्जीभूत त्रि० સજ્જ થયેલ, તૈયાર થયેલ, વેશ પહેરેલ, બખ્તર ધારણ કરેલ.

सञ्च पु० લખવાનો એક જાતનો પત્ર.

सञ्चकित त्रि० ભયભીત, બીવેલ, ત્રાસ પામેલ.

सञ्चत् त्रि० ઠગ, ઠગારૂં, છેતરનાર.

सञ्चय पु० સંગ્રહ, સંઘરો, સમૂહ, એકઠું કરવું. ઢગલો.

सञ्चयन न० ઉપરના અર્થ.

सञ्चयिन् त्रि० સંગ્રહ કરનાર, એકઠું કરનાર, ઢગલો કરનાર.

सञ्चर पु० સેતુ, પૂલ, પાજ, દેહ, શરીર, ગ્રહ વગેરેનું બીજી રાશિમાં ગમન, સારી રીતે જવું.

सञ्चाय्य पु० એક જાતનો યજ્ઞ.

सञ्चार पु० सञ्चर જુઓ.

सञ्चारिका स्त्री० કુટણી સ્ત્રી, દૂતી, જોડું, નાક, સુંઘવું તે, ઘ્રાણ ઇન્દ્રિય.

सञ्चारिणी स्त्री० હંસપદીનો વેલો.

सञ्चारित त्रि० સંચાર કરેલ, ચલાવેલ, દોરેલ, હાંકેલ, ગતિવાળું કરેલ.

सञ्चारिन् पु० ધૂપ, વાયુ, અલંકાર શાસ્ત્ર-પ્રસિદ્ધ શૃંગારાદિ રસને અનુકૂલ એક ભાવ-વ્યભિચારી ભાવ.

सञ्चारिन् त्रि० ચાલનાર, ચંચળ, ચપળ, સ્થાયી નહિ તે, ચલાવનાર, દોરનાર.

सञ्चाली स्त्री० ચણોઠી.

सञ्चित्रा स्त्री० ઉંદરકાની વનસ્પતિ.

सञ्चित त्रि० સંગ્રહ કરેલ, સંઘરેલ, એકઠું કરેલ, ઢગ કરેલ.

सञ्चित न० નહિ આરંભેલા ફળવાળું એક પ્રારબ્ધ કર્મ.

सञ्चिन्तन न० સારી રીતે ચિંતન, વિચાર કરવો.

सञ्चूर्णन न० સારી રીતે ચૂર્ણ કરવું, ભુક્કો કરવો.

सञ्चूर्णित त्रि० સારી રીતે ચૂર્ણ કરેલ, ભુક્કો કરેલ.

सञ्चेय त्रि० સંગ્રહ કરવા યોગ્ય, એકઠું કરવા લાયક, ઢગલો કરવા યોગ્ય.

सञ्चोदित त्रि० સારી રીતે પ્રેરણા કરેલ, આજ્ઞા, કરેલ.

सञ्छन्न त्रि० ઢંકાયેલ, છવાયેલ.

सञ्छादित त्रि० ઢાંકેલ, છાયેલ.

सञ्छिन्न त्रि० છેદેલ, કાપેલ.

सञ्ज् भ्वा० प० स० सेट् વળગવું, ચોંટવુ, સંગ કરવો अनु + સાથે જવું, સંગત કરવી, वि + अति + જોડવું, એકઠા થવું, સંયુક્ત કરવું, प्र + વળગવું, પ્રસંગ પડવો, नि+આસક્ત થવું, વળગવું, ચોંટવું आ+બાંધવું, મૂકવું, સ્થાપવું, अव+સોંપવું. વળગવું.

सञ्ज पु० બ્રહ્મા, શિવ.

सञ्जनन न० ઉત્પન્ન થવું, નીપજવું.

सञ्जवन न० પરસ્પર સન્મુખ રહેલ ચાર ઓરડાઓવાળું ઘર.

सञ्जा स्त्री० બકરી.

सञ्जात त्रि० સારી રીતે ઉત્પન્ન થયેલ, નીપજેલ.

सञ्जानान त्रि० સારી રીતે જાણતું, ખબર રાખતું.

सञ्जीवन न० सञ्जवन જુઓ, સારી રીતે જીવવું.

सञ्जीवनी स्त्री० તે નામે એક ઔષધિ.

सट न० વ્રતીઓનો કેશસમુદાય, જટા, શિખા, સિંહ વગેરેની કેશવાળી.

सटा स्त्री० ઉપરના અર્થ.

सटाङ्क पु० સિંહ.

सटाङ्की स्त्री० સિંહણ.

सटि स्त्री० કચૂરો વનસ્પતિ, ગંધપત્ર વૃક્ષ.

सटी स्त्री० ઉપરના અર્થ.

सटीक त्रि० ટીકાવાળું, ટીકાસહિત.

सट्वा स्त्री० એક જાતનું પક્ષી, વાદિત્ર.

सठ् चु० उभ० स० सेट् श्वठ् ધાતુ જુઓ, જવું, સંસ્કાર કરવો, અસંસ્કાર કરવો.

सठि स्त्री० सटि જુઓ.

सठी स्त्री० ઉપર પ્રમાણે.

सणसूत्र न० શણનો તાંતણો.

सण्डिश पु० સાંડસી, ચીપીયો.

सण्डीन न० પક્ષીઓનું એક સાથે મળીને જવું.

सत् त्रि० સાચું, સાધુ, સજ્જન, પૂજાયેલ, માન્ય, ધીર, પ્રશસ્ત, વિદ્યમાન-હયાત, હોતું, થતુ.

सत् न० પરબ્રહ્મ, પરમાત્મા.

सत् अव्य० આદર, સત્કાર.

सतत न० નિત્ય, નિરંતર, હમેશ, કાયમ.

सतत त्रि० નિત્યનું, નિરંતરનું, હમેશનું, કાયમનું.

सततता स्त्री० નિત્યપણું, નિરંતરપણું.

सततत्व न० ઉપરના અર્થ.

सतत्त्व न० સ્વભાવ, યથાર્થ, સત્ય.

सतानन्द पु० ગૌતમનો પુત્ર એક મુનિ.

सति स्त्री० દાન, નાશ.

सती स्त्री० પતિવ્રતા સ્ત્રી, દક્ષની એક કન્યા, સોરઠ દેશની માટી.

सतीता स्त्री० સતીપણું, પતિવ્રતાપણું.

सतीत्व न० ઉપરના અર્થ.

सतीन पु० એક જાતનો વાંસ, એક જાતનો કઠોળ.

सतीनक पु० ઉપરના અર્થ.

सतीर्थ पु० એક ગુરૂ પાસે ભણેલ, સહાધ્યાયી.

सतोर्थ्य पु० ઉપરના અર્થ.

सतील पु० એક જાતનો કઠોળ, વાંસ, વાયુ.

सतीलक पु० વાંસ, એક જાતનો કઠોળ.

सतीला स्त्री० એક જાતનો કઠોળ.

सतृष् त्रि० તૃષ્ણાવાળું, તરસ્યું.

सतेर त्रि० ફોતરાંવાળું ધાન્ય વગેરે.

सत्कदम्ब पु० એક જાતના કદંબનું ઝાડ.

सत्कर्तृ पु० વિષ્ણુ.

सत्कर्तृ त्रि० સત્કાર કરનાર, સારૂં કરનાર.

सत्कर्मन् न० સારૂં કામ, વેદોક્ત યજ્ઞયાગાદિ કર્મ, પુણ્ય કર્મ.

सत्काञ्चनार पु० એક જાતની રતાંજળી.

सत्काण्ड पु० સમળો પક્ષી.

सत्काण्डी स्त्री० સમળી.

सत्कार पु० સન્માન, પૂજા, સત્કાર, આદર.

सत्कार्य न० सत्कर्मन् જુઓ.

सत्कार्यवाद पु० કાર્યના અસ્તિત્વનો નિર્ણય કરનાર એક વાદ.

सत्कृत त्रि० સત્કાર કરેલ, માન આપેલ, પૂજેલ.

सत्कृति स्त्री० सत्कार જુઓ.

सत्क्रिया स्त्री० ઉપર પ્રમાણે.

सत्तम त्रि० અતિશય ઉત્તમ, ઘણુંજ સારૂં.

सत्तर त्रि० ઘણું સારૂં.

सत्ता स्त्री० દ્રવ્ય-ગુણ-કર્મમાં રહેનારી જાતિ, વિદ્યમાનપણું, હયાતી, હોવાપણું.

सत्त्र न० સ્થાન, એક જાતનો યજ્ઞ, સદાનું દાન, જંગલ, કપટ, ધન, ઘર, દાન, સરોવર, તળાવ, ઢાંકણ.

सत्त्रम् अव्य० સાથે.

सत्त्रशाला स्त्री० દાનશાળા, અન્ન-જળ વગેરેનું દાન આપવા માટેનું સ્થળ.

सत्त्रा अव्य० સાથે.

सत्त्राजित् पु० શ્રીકૃષ્ણનો સસરો-સત્યભામાનો પિતા એક રાજા.

सत्त्रि पु० મેઘ, હાથી.

सत्त्रि त्रि० જીતવાના સ્વભાવવાળું, જીતનાર.

सत्त्रिन् पु० ગૃહપતિ, ગૃહસ્થ, યજ્ઞ કરનાર.

सत्त्व न० સાંખ્યપ્રસિદ્ધ પ્રકૃતિનો અવયવ એક પદાર્થ-સત્વગુણ, દ્રવ્ય, પ્રાણ, વ્યવસાય, બળ, સ્વભાવ, મન, ચિત્ત, પિશાચ વગેરે, રસ, આયુષ, ધન, આત્મા, સત્તા, એક પ્રકારની જાતિ, હોવાપણું.

सत्त्व पु० न० પ્રાણી.

सत्त्वगुण पु० સત્વગુણ.

सत्पत्र न० સારૂં પાંદડું, કમળનું નવું પાંદડું.

सत्पत्र त्रि० સુંદર પાંદડાંવાળું.

सत्पथ पु० સારો માર્ગ, વેદ વગેરેમાં કહેલ આચાર.

सत्परिग्रह पु० ઉત્તમ મનુષ્ય પાસેથી દાન ગ્રહણ કરવું તે.

सत्पशु पु० યજ્ઞનું પશુ, સારૂં પશુ.

सत्पुत्र पु० સારો પુત્ર.

सत्पुरुष पु० સારો પુરૂષ.

सत्पूरुष पु० સારો પુરૂષ.

सत्प्रतिग्रह पु० સારા માણસે આપેલ દાનનો સ્વીકાર કરવો તે.

सत्प्रतिपक्ष पु० પ્રતિયોગી-તુલ્યવિરોધી, ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ હેતુદોષ-એક હેત્વાભાસ.

सत्फल पु० દાડમનું ઝાડ.

सत्फल त्रि० સારા ફળવાળું.

सत्य न० પાંચ મહાભૂત, સત્યયુગ, સોગંદ, સત્યપણું, સાચાઈ, પરબ્રહ્મ, તપલોકની ઉપર આવેલો લોક.

सत्य त्रि० સાચું, સત્યપૂર્ણ, સત્યતાવાળું, સત્યયુગનું.

सत्य पु० પીપળાનું ઝાડ, નાંદીમુખ શ્રાદ્ધનો એક દેવ, સિદ્ધાન્ત, શ્રીરામચંદ્ર, પરમાત્મા, વિષ્ણુ.

सत्यक त्रि० સાચું, ખરૂં, સત્યવાળું.

सत्यक न० 'અમુક વસ્તુ મારે ખરીદવીજ છે' એમ દર્શાવવાને ખાત્રી માટે જે પ્રથમ કંઈ બહાનું આપવામાં આવે છે તે.

सत्यङ्कार न० ઉપરનો અર્થ.

सत्यङ्कारकृत त्रि० બહાનામાં આપેલ.

सत्यतपस् पु० તે નામે એક મુનિ.

सत्यता स्त्री० સાચાપણું, સાચાઇ.

सत्यत्व न० ઉપરના અર્થ.

सत्यधन त्रि० સત્યરૂપ ધનવાળું, સત્ય પાળનાર.

सत्यधन न० સત્યરૂપ ધન, સત્ય પાળવું તે.

सत्यधृति पु० શતાનન્દનો પુત્ર એક ઋષિ.

सत्यनारायण पु० સંક્રાંતિ વગેરેમાં પૂજ્ય નારાયણની એક મૂર્તિ.

सत्यपुर न० વિષ્ણુલોક.

सत्यपूत त्रि० સત્યવડે પવિત્ર.

सत्यफल पु० બીલીનું ઝાડ.

सत्यभामा स्त्री० સત્રાજિત રાજાની એક પુત્રી–શ્રીકૃષ્ણની એક પત્ની.

सत्यभारत पु० વેદવ્યાસ.

सत्यम् अव्य० સ્વીકારમાં વપરાય છે.

सत्ययुग न० ચાર યુગમાં પહેલો સત્યયુગ.

सत्ययौवन पु० એક દેવજાતિ–વિદ્યાધર.

सत्यरत त्रि० સત્યમાં આસક્ત, સત્ય પાળનાર.

सत्यरत पु० સત્ય બોલવામાં આસક્ત હરિશ્ચંદ્રનો પિતા.

सत्यरति त्रि० સત્ય ઉપર પ્રીતિવાળું, સત્ય પાળનાર.

सत्यलोक पु० ઉપર આવેલા સાત લોકપૈકી સૌથી ઉપરનો લોક.

सत्यवक्तृ त्रि० સત્ય બોલનાર.

सत्यवचन त्रि० સત્ય વચનવાળું, સાચું બોલનાર.

सत्यवचन न० સત્ય એવું વચન, સત્ય ભાષણ.

सत्यवचस् त्रि० સત્ય વચનવાળું, સાચું બોલનાર.

सत्यवचस् पु० મુનિ, ઋષિ.

सत्यवत् पु० સાવિત્રી રાજકન્યાનો પતિ સત્યવાન, તે નામે એક મુનિ.

सत्यवत् त्रि० સત્યવાળું, સાચું.

सत्यवती स्त्री० વ્યાસની માતા સત્યવતી, નારદની પત્ની, ઋચીક મુનિની પત્ની.

सत्यवतीतनय पु० વ્યાસ મુનિ.

सत्यवतीतनुज पु० વ્યાસ મુનિ.

सत्यवतीतनूज पु० વ્યાસ મુનિ.

सत्यवतीपुत्र पु० વ્યાસ મુનિ.

सत्यवतीसुत पु० વ્યાસ મુનિ.

सत्यवतीसूनु पु० વ્યાસ મુનિ.

सत्यवद्य त्रि० સત્ય બોલનાર.

सत्यवाच् पु० ઋષિ, મુનિ, કાગડો,

सत्यवाच् त्रि० સાચું બોલનાર.

सत्यवाच् स्त्री० કાગડી.

सत्यवादिता स्त्री० સાચાબોલાપણું.

सत्यवादित्व न० સત્યવાદીપણું.

सत्यवादिन् पु० ઋષિ, મુનિ.

सत्यवादिन् त्रि० સાચું બોલનાર.

सत्यव्रत पु० ત્રિશંકુ નામે રાજા, યુધિષ્ઠિર રાજા.

सत्यव्रत त्रि० સત્યવ્રતવાળું, સત્યમાં પરાયણ.

सत्यसङ्गर पु० કુબેર.

सत्यसङ्गर त्रि० સત્ય પ્રતિજ્ઞાવાળું.

सत्यसन्ध त्रि० સત્ય પ્રતિજ્ઞાવાળું, સત્યને લક્ષ્યબિંદુ માનનાર.

सत्यसन्ध पु० શ્રીરામચન્દ્ર, શ્રીરામચન્દ્રનો નાનો ભાઇ ભરત, જનમેજય રાજા, યુધિષ્ઠિર રાજા.

सत्यसन्धा स्त्री० દ્રૌપદી, સત્ય એવી પ્રતિજ્ઞા.

सत्या स्त्री० રામપત્ની સીતા, વ્યાસની માતા સત્યવતી, દુર્ગા દેવી, દ્રૌપદી.

सत्याकृति स्त्री० सत्यक न० જુઓ.

सत्याग्नि पु० અગસ્ત્ય મુનિ.

सत्यानुरक्त त्रि० સત્યમાં આસક્ત, સત્ય ઉપર પ્રેમ રાખનાર.

सत्यानुरक्ति स्त्री० સત્ય ઉપર પ્રેમ, સત્યમાં આસક્તિ.

सत्यानृत न० વણિગ્‌વૃત્તિ-વેપાર.

सत्यानृत त्रि० સાચું-ખોટું જેમાં હોય તે.

सत्यापन न० सत्यक न० જુઓ.

सत्यापना स्त्री० ઉપર પ્રમાણે.

सत्योत्कर्ष पु० સત્યની ઉન્નતિ, સત્યનો જય, સત્ય માટે ઉન્નતિ, સાચી ઉન્નતિ.

सत्योद्य त्रि० सत्यवादिन् त्रि० જુઓ.

सत्योद्य न० સત્ય ભાષણ, સાચું વાક્ય, સાચું બોલવું તે.

सत्र् चु० आ० अ० સેટ્ સંબંધ કરવો, સંતતિ-પરંપરા કરવી.

सत्र न० ઘણા દિવસથી સાધ્ય એક જાતનો યજ્ઞ, નિત્યનું દાન.

सत्र पु० શ્રીકૃષ્ણનો સસરો એક રાજા.

सत्रप त्रि० શરમવાળું, શરમાળ.

सत्रशाला स्त्री० યજ્ઞશાળા, નિત્યની દાનશાળા, હમેશ જ્યાં દાન અપાતું હોય તે સ્થળ.

सत्राजित् पु० શ્રીકૃષ્ણનો સસરો એક રાજા.

सत्रिजातक न० એક જાતનું માંસ.

सत्रिन् पु० सत्त्रिन् જુઓ.

सत्वर न० શીઘ્ર, ઉતાવળથી, જલદી.

सत्वर त्रि० ઉતાવળીયું, ઝડપદાર.

सत्वरता स्त्री० ઉતાવળ, જલદી, ઝડપ.

सत्वरत्व न० ઉપરના અર્થ.

सत्संसर्ग पु० ઉત્તમ મનુષ્યનો સંગ, સારા માણસની સોબત.

सत्संसर्गिन् त्रि० ઉત્તમ મનુષ્યના સંગવાળું, સારા માણસની સોબતવાળું.

सत्संग पु० सत्संसर्ग पु० જુઓ.

सत्संगिन् त्रि० सत्संसर्गिन् જુઓ.

सत्समागम पु० सत्संसर्ग જુઓ.

सत्समागमिन् त्रि० सत्संगिन् જુઓ.

सथूत्कार न० થુંક ઉરાડીને, થુંકપૂર્વક, થુંક સાથે.

सद् तुदा० प० अ० अनिट् બેસી જવું, એક સ્થળે સ્થિર થવું, શિથિલ થવું, થાકી જવું, અપ્રસન્ન થવું, નાખુશ થવું, નીચે પડવુ, સરકી જવું, वि + ખેદ કરવો, થાકી જવું, પીડાવું प्र + પ્રસન્ન થવું, ખુશ થવું, કૃપા કરવી, શાંત થવું, સ્વચ્છ થવું, સફળ થવું, नि + નીચે બેસવું, બેસવું, દુઃખી થવું, પીડાવું उप + પાસે જવું, પૂજવું, उद् + ઉખડી પડવું, નીચે પડી જવું, નાશ પામવો, आ + પાસે જવું, સામે થવું, હુમલો કરવો, બેસવું, अव + નીચે પડવું, થાકી જવું, મૂર્છા આવવી, નાખુશ થવું, મંદોત્સાહ થવું, નાશ પામવો.

सदंशक पु० કરચલો જલચર.

सदंशक त्रि० દંશવાળું.

सदंशवदन पु० કંક પક્ષી.

सदंशवदनी स्त्री० કંક પક્ષિણી.

सद पु० વૃક્ષનું ફળ.

सदञ्जन न० એક જાતનું અંજન-पुष्पाञ्जन.

सदन न० ઘર, પાણી, સ્થાનમાં હોવું, સ્થિતિમાં હોવું, સ્થિતિ.

सदय पु० સારો શુભકારક વિધિ.

सदय त्रि० દયાવાળું, દયાળુ.

सदर त्रि० ભયવાળું, ભયસહિત.

सदस् स्त्री० સભા.

सदस्य पु० યજ્ઞ વગેરેમાં શાસ્ત્રીય વિધિને યથાસ્થિત દર્શાવનાર બ્રાહ્મણ.

सदस्य त्रि० સભાસદ, સભ્ય.

सदा अव्य० સર્વ કાળે, હમેશ, દરરોજ, કાયમ.

सदागति पु० વાયુ, સૂર્ય, આકડાનું ઝાડ, નિર્વાણ, મોક્ષ, પરમેશ્વર.

सदागति त्रि० હમેશ ગતિવાળું, કાયમ જનાર.

सदाचार पु० સારો આચાર, ઉત્તમ આચરણ, સદ્વર્તન.

सदाचारिन् त्रि० સારા આચારવાળું, ઉત્તમ આચરણવાળું, સદ્વર્તન કરનાર.

सदातन पु० વિષ્ણુ, પરમેશ્વર, આત્મા.

सदातन त्रि० નિત્યનું, હમેશનું, સતત હોનાર.

सदातोया स्त्री० કરતોયા નદી, એલાપર્ણી વનસ્પતિ.

सदात्मन् त्रि० સારા મનવાળું, સારા સ્વભાવવાળું.

सदादान पु० ઇન્દ્રનો ઐરાવત હાથી, ગણપતિ, હરકોઇ હાથી.

सदादान त्रि० હમેશ દાન કરનાર.

सदानन्द पु० બ્રહ્મા, પરમાત્મા, શિવ, વિષ્ણુ.

सदानन्द त्रि० હમેશ આનંદવાળું, સદા આનંદમાં રહેનાર.

सदानर्त्त पु० ખંજન પક્ષી.

सदानर्त्त त्रि० હમેશ નાચનાર, નિત્ય નૃત્ય કરનાર.

सदानर्त्ती स्त्री० ખંજન પક્ષિણી.

सदानीरवहा स्त्री० કરતોયા નદી.

सदानीरा स्त्री० કરતોયા નદી.

सदापुष्प पु० નાળીએરનું ઝાડ.

सदापुष्प त्रि० હમેશ ફૂલવાળું.

सदापुष्पी स्त्री० લાલ આકડાનું ઝાડ.

सदाप्रसून पु० રોહિડાનું ઝાડ, આકડાનું ઝાડ, મોગરો.

सदाप्रसून त्रि० હમેશાં ફૂલવાળું.

सदाफल पु० નાળીએરનું ઝાડ, ઉંબરાનું ઝાડ, સન્દફળ વૃક્ષ, બીલીનું ઝાડ.

सदाफल त्रि० હમેશાં ફળવાળું.

सदाफला स्त्री० એક જાતની વંતાકડી.

सदाभद्र पु० વિષ્ણુ, પરમાત્મા, પરમેશ્વર.

सदाभद्र त्रि० હમેશ કલ્યાણવાળું.

सदाभद्रा स्त्री० ગાંભારી વૃક્ષ.

सदायोगिन् पु० વિષ્ણુ.

सदायोगिन् त्रि० હમેશ યોગવાળું, નિત્ય યોગ સાધન કરનાર.

सदाशिव पु० મહાદેવ, શંકર.

सदाश्रित त्रि० સારાનો આશ્રય કરનાર, સારા આશ્રયવાળું, સારૂં આશ્રિત, હમેશાં આશ્રિત.

सदुत्तर न० સારો ઉત્તર, યોગ્ય જવાબ, સારી જુબાની.

सदुत्तर त्रि० સારા ઉત્તરવાળું, યોગ્ય જવાબવાળું, સારી જુબાનીવાળું.

सदृक्ष त्रि० સમાન, સરખું, જેવું, યોગ્ય.

सदृश् त्रि० ઉપરના અર્થ.

सदृश त्रि० સમાન, સરખું, જેવું, યોગ્ય.

सदृशता स्त्री० સમાનતા, સરખામણી, યોગ્યતા.

सदृशत्व न० ઉપરના અર્થ.

सदृशस्पन्दन त्रि० સ્થિર, ચંચળતારહિત.

सदेश पु० નિકટ, સમીપ, પાસે, નજદીક.

सदेश त्रि० સમીપનું, પાસેનું, નજદીકનું, સમાન દેશનું. દેશ સહિત.

सद्गति स्त्री० સારી ગતિ, ઉત્તમ ગતિ યોગ્ય ગતિ.

सद्गति त्रि० સારી ગતિવાળું, ઉત્તમ ગતિવાળું, યોગ્ય જાતિવાળું.

सद्गतिमत् त्रि० ઉપરના અર્થ.

सद्गुण पु० સારો ગુણ, ઉત્તમ ગુણ.

सद्गुण त्रि० સારા ગુણવાળું, ગુણવાન.

सद्गुणवत् त्रि० સારા ગુણોવાળું.

सद्गुणिन् त्रि० સારા ગુણવાળું.

सद्धेतु पु० હેત્વાભાસ દોષ રહિત ન્યાયપ્રસિદ્ધ એક હેતુ.

सद्धेतुमत् त्रि० હેત્વાભાસ દોષરહિત ન્યાયપ્રસિદ્ધ એક હેતુવાળું.

सद्भाव पु० હયાતી, હોવાપણું, સારો ભાવ.

सद्भूत न० યથાર્થતા, સત્ય, સાચાપણું.

सत्भूत त्रि० સાચું, સત્યવાળું, યથાર્થ.

सद्भूतता स्त्री० સાચાઈ, સત્યતા, ખરાપણું.

सद्भूतत्व न० ઉપરના અર્થ.

सद्मन् न० ઘર, પાણી.

सद्मचिति स्त्री० ઘરનો સમુદાય.

सद्यःकरण न० જલદી કરવું, તુરત કરવું, એકદમ કરવું.

सद्यःकृत त्रि० જલદી કરેલ, તુરત કરેલ, એકદમ કરેલ.

सद्यःकृति स्त्री० જલદી કરવું, તુરત કરવું, એકદમ કરવું.

सद्यःकृत्य अव्य० જલદી કરીને, તુરત કરીને, એકદમ કરીને.

सद्यःप्राणकर त्रि० તુરત બળ કરનાર–તાજું માંસ–નવું અન્ન–જુવાન સ્ત્રી–દૂધનું ભોજન–ઘી–ગરમ પાણી એ છ પદાર્થો.

सद्यःप्राणहर त्रि० તુરત પ્રાણ હરનાર–સુકું માંસ–વૃદ્ધ સ્ત્રી–બાલસૂર્ય--તાજું દહીં-પ્રભાતે મૈથુન-પ્રભાતે નિદ્રા.

सद्यःशोथा स्त्री० કવચ વનસ્પતિ.

सद्यःशौच न० ધર્મશાસ્ત્રોક્ત તુરત નાશ કરવા યોગ્ય—દૂર કરવા યોગ્ય અશૌચ.

सद्यःशौच જેનું અશૌચ–સૂતક–અપવિત્રતા વગેરે તુરત દૂર થાય છે તે–કારીગર–રાજા–શ્રોત્રિય બ્રાહ્મણ વગેરે.

सद्यस् अव्य० તુરત, તત્ક્ષણ, જલદી, એકદમ, એકજ દિવસે.

सद्यस्क त्रि० નવું, તાજું, તુરતનું, તત્ક્ષણ ઉત્પન્ન થયેલ.

सद्यस्क्री पु० એક જાતનો યાગ.

सद्योजात पु० વાછરડો, શિવની એક મૂર્તિ

सद्योजात त्रि० सद्यस्क જુઓ.

सद्योभाविन् त्रि० ઉપર પ્રમાણે.

सद्योभाविन् पु० વાછરડો.

सद्रु त्रि० જનાર.

सद्वंश त्रि० સારા વંશનું, ઉચ્ચ કુળનું, કુળવાન, સારા વાંસનું.

सद्वंश पु० સારો વંશ, ઉચ્ચ કુળ, સારો વાંસ.

सद्वसथ पु० સારું ગામ.

सद्वृत्त न० સારો સ્વભાવ, સારું વર્તન, ઉત્તમ ચારિત્ર.

सद्वृत्त त्रि० સારા સ્વભાવનું, સારા વર્તનવાળું, ઉત્તમ ચારિત્રવાળું.

सद्वृत्ति स्त्री० ઉત્તમ ચારિત્ર, સદ્વર્તન, ઉત્તમ વ્યાખ્યા–ટીકા–વિવરણ.

सद्वृत्ति त्रि० ઉત્તમ ચરિત્રવાળું, સદ્વર્તનવાળું, ઉત્તમ વ્યાખ્યા-ટીકા-વિવરણવાળું.

सधन त्रि० ધનવાન.

सधर्मन् त्रि० સમાન ધર્મવાળું, તુલ્ય, સમાન, સરખું.

सधर्मचारिणी स्त्री० ભાર્યા, પત્ની, વિધિપૂર્વક પરણેલી સ્ત્રી.

सधर्मा स्त्री० સમાન ધર્મવાળી સ્ત્રી.

सधर्मिणी स्त्री० सधर्मचारिणी જુઓ.

सधार्मिन् त्रि० સમાન ધર્માચરણ કરનાર, સમાન ધર્મવાળું.

सधवा स्त्री० જેનો પતિ જીવતો હોય તેવી સ્ત્રી.

सध्रि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सध्रिस् पु० બળદ.

सध्रीची स्त्री० ભાર્યા, પત્ની, સોબતણ, સખી, બહેનપણી, સહચરી.

सध्र्यच् त्रि० સહચર, ઓબતી, મિત્ર, સાથે જનાર.

सन् तना० उभ० स० सेट् માન આપવું. પૂજવું, ચાહવું, પ્રસન્નતાથી સત્કાર કરવો, ચાહવું.

सन् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

सन पु० ઘંટાપાટલિ વૃક્ષ, હાથીના કાનનું અથડાવું.

सनक पु० બ્રહ્માનો એક માનસ પુત્ર.

सनत् पु० બ્રહ્મા.

सनत् अव्य० સદા, હમેશ, કાયમ.

सनत्कुमार पु० બ્રહ્માનો પુત્ર એક મુનિ, જૈનમતે એક દેવજાતિ.

सनन्द पु० બ્રહ્માનો પુત્ર એક મુનિ.

सनन्द त्रि० આનંદવાળું, આનંદસહિત.

सनपर्णी स्त्री० અસનપર્ણી વનસ્પતિ.

सनसूत्र न० માછલાં પકડવાની શણની જાળ.

सना अव्य० સદા, હમેશ, નિત્ય, કાયમ.

सनातन त्रि० સદાનું, નિત્યનું, હમેશનું, કાયમનું, હમેશ હોનાર-થનાર, નિશ્ચળ.

सनातन पु० શિવ, વિષ્ણુ, બ્રહ્મા, દિવ્ય મનુષ્ય, બ્રહ્માનો એક માનસ પુત્ર, પિતૃઓનો અતિથિ.

सनातनी स्त्री० દુર્ગા દેવી, લક્ષ્મી, સરસ્વતી.

सनात् पु० વિષ્ણુ.

सनात् अव्य० સદા, હમેશ, નિત્ય, કાયમ.

सनाथ त्रि० સહિત, યુક્ત. નાથવાળું.

सनाथा स्त्री० જેનો ધણી જીવતો હોય તેવી સ્ત્રી.

सनाभि पु० જ્ઞાતિ, સગું, વહાલું.

सनाभि त्रि० સખ્યવાળું, સ્નેહવાળું, તુલ્ય, સમાન, સરખું, જેવું.

सनामक पु० સરગવાનું ઝાડ.

सनामक त्रि० નામવાળું.

सनि पु० પૂજા, દાન, સત્કાર, સત્કારપૂર્વક નિયોગ-યોજના.

सनि स्त्री० સત્કારપૂર્વક નિયોગ-યોજના.

सनित त्रि० દાન કરેલ, સ્વીકારેલ.

सनिष्ठीव न० થુંકસહિત, થુંકપૂર્વક.

सनिष्ठेव न० ઉપરના અર્થ.

सनी स्त्री० सनि स्त्री० જુઓ, હાથીના કાનનું અથડાવું, દિશા.

सनीड त्रि० નજદીકમાં રહેલ, સમીપનું, પાસેનું, પક્ષી વગેરેના માળાસહિત.

सन्त पु० જોડેલા બે હાથ.

सन्त न० નિત્ય, હમેશ, કાયમ, નિરંતર.

सन्तत त्रि० નિત્યનું, હમેશનું, કાયમનું, નિરંતરનું, વિસ્તીર્ણ, વિશાળ.

सन्तति स्त्री० ગોત્ર, પુત્ર, કન્યા, છોકરૂં, વિસ્તાર, પંક્તિ, અવિચ્છિન્ન ધારા.

सन्तप्त त्रि० અગ્નિથી તપેલ, માર્ગમાં જવા વગેરેથી થાકેલ, અગ્નિથી શુદ્ધ, દુઃખ પામેલ, સંતાપ પામેલ.

सन्तमस न० ગાઢ અંધારૂં, મહામોહ, મોટું અજ્ઞાન.

सन्तर्जन न० તર્જના કરવી, તિરસ્કાર કરવો, તરછોડવું.

सन्तर्जना स्त्री० ઉપરના અર્થ.

सन्तर्जित त्रि० તર્જના કરેલ, તિરસ્કાર કરેલ, તરછોડેલ.

सन्तर्पण न० દ્રાક્ષ-દાડમ-ખજૂર-સાકર-મધ-આટલાં દ્રવ્યોની સાથે ઘી નાખેલું શેકેલી ડાંગેરનું ચૂર્ણ.

सन्तर्पण त्रि० સારી રીતે તૃપ્ત કરનાર.

सन्तर्पित त्रि० સારી રીતે તૃપ્ત કરેલ.

सन्तान पु० વંશ, કુળ, કલ્પવૃક્ષ, સંતાન-છોકરૂં, વિસ્તાર.

सन्तानक पु० કલ્પવૃક્ષ.

सन्तानिका स्त्री० દૂધની તર, ફીણ, કરોળીયાનું જાળું, છરીનું ફળું.

सन्ताप पु० અગ્નિનો તાપ, સારી રીતે તાપ, દુ:ખ, સંતાપ, કલેશ, વેગ, આવેશ, જુસ્સો, તપ, પશ્ચાત્તાપ.

सन्तापन न० કામદેવનું એક બાણ.

सन्तापन त्रि० તપાવનાર, સંતાપ કરનાર, પશ્ચાત્તાપ કરનાર, તપ કરનાર.

सन्तापित त्रि० સંતાપ પામેલ, દુ:ખી, તપેલ, તપાવેલ.

सन्ति स्त्री० દાન, અવસાન, અંત, છેડો.

सन्तुष्ट त्रि० સંતોષી, સંતોષ પામેલ, પ્રસન્ન થયેલ, ખુશ થયેલ, ધીરજવાળું.

सन्तोष पु० ધૈર્ય, ધીરજ, સ્વાર્થપણું, શાંતિ, સારી રીતે તુષ્ટિ, તૃપ્તિ.

सन्तोषण न० સંતોષ પામવો, ખુશ થવું, તૃપ્ત થવું, પ્રસન્ન થવું.

सन्तोषित त्रि० સંતોષ પમાડેલ, ખુશ કરેલ, તૃપ્ત કરેલ, પ્રસન્ન કરેલ.

सन्तोषिन् त्रि० સંતોષ પામનાર, ખુશ થનાર, તૃપ્ત થનાર, પ્રસન્ન, શાંત, સ્વસ્થ.

सन्त्यक्त त्रि० તજેલ, છોડેલ, છાંડેલ, ત્યાગ કરેલ.

सन्त्यजन न० ત્યાગ કરવો, તજવું, છાંડવું, છોડવું.

सन्त्याग पु० ઉપરના અર્થ.

सन्त्रसन न० ત્રાસ પામવો, બીવું.

सन्त्रस्त त्रि० ત્રાસ પામેલ, બીધેલ.

सन्त्रास पु० ત્રાસ પામવો, બીવું, ભય

सन्त्रासिन् त्रि० ત્રાસવાળું, ભયભીત, ભયવાળું.

सन्दंश पु० સાંડસી, ચીપીયો.

सन्दंशपतित पु० મીમાંસા શાસ્ત્રમાં કહેલ એક ન્યાય.

सन्दंशपतित त्रि० સાંડસીમાં આવેલ, ચીપીયામાં પકડાયેલ.

सन्दधत् त्रि० નીચેનો શબ્દ જુઓ.

सन्दधान त्रि० સાંધતું, તાકતું, ધારણ કરતું.

सन्दर्भ पु० રચવું, રચના, ગુંથવું, ગ્રંથ, ગૂઢ અર્થનો પ્રકાશ કરવો, શ્રેષ્ઠ વાણીવડે ઉત્તમ વચન કહેવાં, અનેક અર્થવાળાપણું, જાણવા યોગ્યપણું, વક્તાનું એક જાતનું તાત્પર્ય.

सन्दर्शन न० દેખાડવું, બતાવવુ.

सन्दर्शयत् त्रि० દેખાડતું, બતાવતું.

सन्दर्शित त्रि० દેખાડેલ, બતાવેલ.

सन्दान न० દામ, દોરડું, બંધન, સારી રીતે ખંડન કરવું, સારી રીતે દેવું, આપવું.

सन्दान पु० હાથીનું ગંડસ્થળ-જ્યાં મદ ઝરે છે તે.

सन्दानिका स्त्री० એક જાતનો દુર્ગંધી ખેર.

सन्दानित त्रि० બાંધેલ, દીધેલ, આપેલ.

सन्दानिनी स्त्री० ગોશાળા.

सन्दाव पु० નાસી જવું, ભાગી જવું, પલાયન કરી જવું.

सन्दाह पु० મુખ વગેરેનું સુકાવું, સારી રીતે દાહ–તાપ–બળતરા.

सन्दिग्ध त्रि० સંદેહવાળું, સંયગવાળું, સંદેહનો વિષય, સારી રીતે લીપેલ, ખરડેલ, ચોપડેલ.

सन्दिग्ध न० સારી રીતે લીપવું, ખરડવું, ચોપડવું, સંદેહ, શંકા.

सन्दिग्धलेख्य न० શક ભરેલો ખત, સંશયવાળો દસ્તાવેજ.

सन्दित त्रि० બાંધેલ.

सन्दिशत् त्रि० સંદેશો આપતું, બતાવતું.

सन्दिष्ट न० સંદેશો.

सन्दिष्ट त्रि० દેખાડેલ, બતાવેલ, ઉપદેશેલ, સંદેશો કહેલ.

सन्दिहान त्रि० સંશય કરતું, સંદેહ કરતું, સંશયવાળું, સંદેહવાળું.

सन्दी स्त्री० ખાટલો, પલંગ.

सन्दीप्य पु० મયૂરશિખા વૃક્ષ.

सन्देश पु० સંદેશો.

सन्देशहर पु० સંદેશો લઇ જનાર-દૂત.

सन्देशहारक पु० ઉપરનો અર્થ.

सन्देह पु० સંશય, સંદેહ, શંકા, તે નામે એક અલંકાર.

सन्दोह पु० સમૂહ, સારી રીતે દોહવું, દુધ.

सन्द्राव पु० પલાયન, નાસી જવું, ભાગી જવું.

सन्ध त्रि० ધારણ કરનાર, એકઠું થયેલ, જોડાયેલ.

सन्धा स्त्री० સ્થિતિ, પ્રતિજ્ઞા, સાંધવું, સંધાવું, દારૂ કાઢવો, અનુસંધાન, સંધ્યા.

सन्धातव्य त्रि० સાંધવા યોગ્ય, સંધિ કરવા લાયક, જોડવા લાયક.

सन्धान न० દારૂ કાઢવો, સોમરસ કાઢવો, અનુસંધાન, સાંધવું, જોડવું, સંધિ, સલાહ, દારૂ, કાંજી, મદ્યપાન વગેરેની તૃષા વધારનાર એક દ્રવ્ય-અવદંશ, સૌરાષ્ટ્ર, ધનુષમાં બાણ સાંધવું.

सन्धानी स्त्री० હથિઆર વગેરે રાખવાનું કે બનાવવાનું સ્થળ, કાંજી, મદિરા.

सन्धि पु० સાંધવું, સંપ, સલાહ, સંયોગ, જોડાવું, બે હાડકાંનું સંયોગ-સ્થાન, ચોર વગેરેએ કરેલી સુરંગ, ભગ, યોનિ, નાટકનું એક અંગ, સવિકાશ, વ્યાકરણમાં કહેલ બે અક્ષરોની સંધિ, ભેદ, ચીરવું, ફાડવું, તિથિ વગેરેનો આદિ અંત ભાગ.

सन्धिका स्त्री० દારૂ કાઢવો.

सन्धिचौर पु० ઘરફાડૂ ચોર, ઘર વગેરે તોડીને ચોરી કરનાર.

सन्धिजीवक पु० લુચ્ચાઇથી પારકું ધન હરનાર.

सन्धित त्रि० સાંધેલ, બાંધેલ, એકઠું કરેલ, જોડેલ.

सन्धित्सत् त्रि० સાંધવા ઇચ્છતું, બાંધવા ઇચ્છતું, જોડવા ઇચ્છતું.

सन्धित्सा स्त्री० સાંધવાની ઇચ્છા, બાંધવાની ઇચ્છા, જોડવાની ઇચ્છા.

सन्धित्सु त्रि० સાંધવા ઇચ્છનાર, બાંધવા ઇચ્છનાર, જોડવા ઇચ્છનાર.

सन्धिदूषण न० સંધિમાં દોષ કાઢવો તે, સલાહનો ભંગ.

सन्धिनी स्त्री० બળદના સંયોગથી ગર્ભવતી થયેલી ગાય, અકાળે દૂધવાળી ગાય.

सन्धिपूजा स्त्री० આશ્વિન શુદ આઠમ તથા નોમના સંધિકાળે કરેલી પૂજા.

सन्धिवंध पु० એક જાતના ચંપાનું ઝાડ, સલાહ કરવી, સંધિનો નિયમ બાંધવો, સલાહનો કરાર.

सन्धिभंग पु० સલાહનો ભંગ, સંધિ તોડવી, શરીરના સાંધાનું ભાંગવું.

सन्धिरन्ध्रका स्त्री० ભીંતમાં પાડેલું બાકું, સુરંગ, નદી.

सन्धिविग्रह पु० સલાહ અને યુદ્ધ.

सन्धिविग्रहाधिकारिन् पु० રાજાઓનો સંધિ અને લડાઇ માટેનો અધિકારી.

सन्धिविचक्षण पु० સંધિ કરવામાં કુશળ, સલાહ કરવામાં હોંશીઆર.

सन्धिविद् त्रि० સંધિ કરી જાણનાર, સલાહ કરવાનું જાણનાર.

सन्धिवेल त्रि० દિવસ અને રાત્રિના સંધિકાળે હોનાર-થનાર.

सन्धिवेला स्त्री० દિવસ અને રાત્રિનો સંધિકાળ, સંધ્યા, સંધિનો સમય, સલાહનો વખત.

सन्धिहारक पु० ઘરફાડુ ચોર, ઘર ફાડીને ચોરી કરનાર.

सन्धुक्षित त्रि० દીપેલ, સળગાવેલ, બાળેલ, બળેલ, પ્રદીપ્ત.

सन्धेय त्रि० સાંધવા લાયક, મેળવી દેવા લાયક, સંધિ કરવા યોગ્ય.

सन्ध्या स्त्री० સંધ્યાકાળ, દિવસ અને રાત્રિનો મધ્યવર્તી કાળ, દિવસ અને રાત્રિનો સંધિકાળ, સાંજ, પ્રાતઃકાળે ઉપાસના કરવા યોગ્ય એક દેવ, સંધ્યાકાળની ઉપાસના, દિવસ અને રાત્રિના સંધિકાળે કરવાનું દ્વિજજાતિનું એક નિત્ય કર્મ, યુગનો સંધિકાળ, તે નામે એક નદી, બ્રહ્માની એક પત્ની, ચિન્તા, વિચાર, ધ્યાન, પ્રતિજ્ઞા, વચન, સીમા, હદ, સંધાન, એક જાતનું ફૂલ, સલાહ, સંધિ, કરાર, પ્રબોધ અને સંપ્રસાદની સંધિમાં હોનારૂં સ્વપ્ન.

सन्ध्यांश पु० યુગના સંધિકાળનો અંશ, સંધ્યાનો ભાગ.

सन्ध्याकाल पु० સંધ્યાનો સમય, દિવસ અને રાત્રિના સંધિકાળે કરવાનું દ્વિજજાતિનું નિત્ય કર્મ કરવાનો સમય.

सन्ध्यागिरि पु० તે નામે એક પર્વત.

सन्ध्याचल पु० તે નામે એક પર્વત.

सन्ध्यात्रय न० સવાર-બપોર-સાંજ-એ ત્રણ સંધ્યા.

सन्ध्यानट पु० શિવ.

सन्ध्यानाटिन् पु० શિવ.

सन्ध्यापर्वत पु० તે નામે એક પર્વત.

सन्ध्यापुष्पी स्त्री० જાઇનું ઝાડ.

सन्ध्यावल पु० રાક્ષસ.

सन्ध्यावलि पु० નંદીની એક મૂર્તિ.

सन्ध्यावली स्त्री० રાક્ષસ સ્ત્રી.

सन्ध्याभ्र न० સોના ગેરૂ સંધ્યાકાળનું વાદળું-મેઘ.

सन्ध्याराग पु० સિંદૂર, સંધ્યાકાળનો રંગ.

सन्ध्याराम पु० બ્રહ્મા.

सन्ध्यावेला स्त्री० सन्ध्याकाल જુઓ.

सन्ध्यासमय पु० सन्ध्याकाल જુઓ.

सन्न पु० ચારોળીનું ઝાડ.

सन्न त्रि० નીચું, ઠીંગણું, વામન, નાશ પામેલ, દુઃખી થયેલ, જેનો અંત આવેલ હોય તે.

सन्नक त्रि० ઉપરના અર્થ.

सन्नक पु० ચારોળીનું ઝાડ, નીચું ઝાડ.

सन्नकद्रु पु० ઉપરના અર્થ.

सन्नकद्रुम पु० सन्नक पु० જુઓ.

सन्नकवृक्ष पु० ઉપર જુઓ.

सन्नत त्रि० નમેલ, ધ્વનિવાળું, અવાજવાળું.

सन्नति स्त्री० નમન, નમવું, નમસ્કાર, પ્રણામ, નમ્રતા, ધ્વનિ, અવાજ, એક જાતનો હોમ.

सन्नद्ध त्रि० બખ્તર ધારણ કરેલ, વ્યૂહ રચનામાં ઉભેલ સૈન્ય, હથિઆર ધારણ કરી તૈયાર થયેલ, ગોઠવાયેલ, મંત્ર વગેરેથી યુક્ત.

सन्नय पु० સમૂહ, પાસે રહેલ, સૈન્ય.

सन्नहन न० બખ્તર ધારણ કરવું, ઉદ્યોગ, ઉદ્યમ.

सन्नाह पु० બખ્તર, સંબંધ પામવો, સારી રીતે બંધન.

सन्नाह्य पु० યુદ્ધમાં યોગ્ય એવો હાથી.

सन्निकर्ष पु० સમીપપણું, સમીપ, પાસે, વિષય અને ઇન્દ્રિયોનો સંબંધ, અલૌકિક પ્રત્યક્ષસાધન એક ઉપાય.

सन्निकर्षण न० સમીપપણું, પાસેપણું.

सन्निकृष्ट त्रि० સમીપનું, પાસેનું, ઇન્દ્રિય અને વિષયના સંબંધનું.

सन्निक्षार पु० એક જાતનું ઝાડ.

सन्निध न० સમીપપણું, પાસેપણું,

सन्निध त्रि० સમીપ રહેલ, પાસે રહેલ.

सन्निधातृ त्रि० સમીપ મૂકનાર, પાસે રાખનાર, થાપણ રાખનાર.

सन्निधान न० સમીપપણું, પાસેપણું, આશ્રય.

सन्निधि पु० સમીપ મૂકવું, પાસે મૂકવું, સમીપપણું, પાસેપણું, ઇન્દ્રિયવિષય, સારો ભંડાર, સજ્જનનો ભંડાર.

सन्निपतित त्रि० મળેલ, પાસે રહેલ, મરણ પામેલ, ઉતરેલ, સમીપ આવેલ.

सन्निपात पु० મળવું, પાસે રહેવું, મરણ પામવું, ઉતરવું, સમીપ આવવું, જે જેના આશ્રયે ઉત્પન્ન થાય તે તેના પ્રત્યે સન્નિપાત, નાશ, કફ વગેરે ત્રણ ધાતુની વિષમતારૂપ ત્રિદોષજ્વર, સંગીતપ્રસિદ્ધ એક તાલ.

सन्निपातज्वर पु० કફ વગેરે ત્રણ ધાતુની વિષમતારૂપ ત્રિદોષનો તાવ.

सन्निपातनुद् पु० ત્રિદોષના વિકારને દૂર કરનાર નેપાળી લીંબડો.

सन्निबद्ध त्रि० સારી રીતે બંધાયેલ–બાંધેલ.

सन्निबन्धन न० સારી રીતે બાંધવું, પરિણામ, સંબંધ, અસરકારકપણું.

सन्निभ त्रि० સરખું, સમાન, તુલ્ય, જેવું.

सन्निमग्न त्रि० ડુબેલ, સુતેલ.

सन्नियुक्त त्रि० નીમેલ, યોજેલ, જોડેલ, લગાડેલ, વળગાડેલ.

सन्नियोग पु० નીમવુ, યોજવું, જોડવું, લગાડવું, વળગાડવુ.

सन्निरुद्ध त्रि० રોકેલ, અટકાવેલ, વિઘ્ન કરેલ.

सन्निरोध पु० રોકવું, અટકાંવવું, વિઘ્ન કરવું, વિઘ્ન.

सन्निविष्ट त्रि० પ્રવેશ કરેલ, પેઠેલ, દાખલ થયેલ, નજીકનું, પાસેનું.

सन्निवेश पु० નગર વગેરેની બહાર વિહાર માટે પ્રદેશ, સારી રીતે સ્થિતિ કરવી, રહેવું.

सन्निवृत्त त्रि० પાછું ફરેલ, અટકેલ, રોકેલ, બંધ કરેલ, બંધ થયેલ.

सन्निवृत्ति स्त्री० પાછા ફરવું, અટકવું, રોકવું, બંધ કરવું, બંધ થવું.

सन्निहित त्रि० સમીપમાં રહેલ, નજીકમાં રહેલ, પાસે રહેલ, પડોશનું, સારી રીતે સ્થાપેલ.

सन्मार्ग पु० સારો માર્ગ, સારો રસ્તો.

सन्न्यसन न० સંન્યાસ, ત્યાગ, અર્પણ, ફેંકી દેવું.

सन्न्यस्त त्रि० સારી રીતે મૂકેલ, સ્થાપેલ, સારી રીતે ત્યાગ કરેલ, ફેંકેલ, યોજેલ, જોડેલ, અર્પણ કરેલ.

सन्न्यस्त न० સંન્યાસ, ત્યાગ, અર્પણ, ફેંકવું.

सन्न्यास पु० સારી રીતે ત્યાગ કરવો સંન્યાસ આશ્રમ, ચૈત્ર મહિનો, ફેંકવું, છોડવું, અર્પણ કરવું, જટામાંસી વનસ્પતિ.

सन्न्यासिता स्त्री० સંન્યાસીપણું.

सन्न्यासित्व न० સંન્યાસીપણું.

सन्न्यासिन् त्रि० ત્યાગી, સંન્યાસી, સંન્યાસ આશ્રમમાં રહેલ, છોડનાર, ફેંકી દેનાર, ત્યાગ કરનાર, અર્પણ કરનાર, ચૈત્ર મહિનામાં કરવાનું શિવનું એક વ્રત કરનાર.

सप् षप् જુઓ.

सपक्ष त्रि० સમાનપક્ષવાળું, તુલ્યરૂપ, સરખું, સમાન, પાંખોવાળું, પડખાવાળું.

सपक्ष पु० નિશ્ચિત સાધ્યક પક્ષ.

सपत्राकरण न० અત્યંત વ્યથા ઉપજાવવી, ઘણુંજ દુઃખ દેવું, બાણથી વીંધવું.

सपत्राकृत त्रि० અત્યંત વ્યથા ઉપજાવેલ, ઘણું દુઃખ દીધેલ, બાણથી વીંધેલ.

सपत्राकृति स्त्री० સત્રાકરણ જુઓ.

सपति स्त्री० સમાન પતિવાળી પૃથ્વી વગેરે.

सपत्न पु० શત્રુ.

सपत्नता स्त्री० શત્રુપણું.

सपत्नत्व न० શત્રુપણું.

सपत्नारि पु० એક જાતનો વાંસ.

सपत्नी स्त्री० શોક્ય, એક પતિવાળી સ્ત્રી, સમાન પતિવાળી પૃથ્વી વગેરે.

सपत्नीक पु० સ્ત્રીવાળો પુરૂષ.

सपदि अव्य० એકદમ, તત્કાળ, જલદી.

सपर् कण्ड्वा० प० स० सेट् પૂજા કરવી, સત્કાર કરવો.

सपर्या स्त्री० પૂજા, સત્કાર.

सपाद त्रि० પાદસહિત, ચતુર્થાંશસહિત, ચોથા ભાગસહિત.

सपिण्ड त्रि० સમાન પિંડવાળું, સગું, જ્ઞાતિભાગ ભોક્તા તરીકે એક પિંડવાળું.

सपिण्डता स्त्री० સગાઇ, સગપણ.

सपिण्डत्व न० ઉપરના અર્થ.

सपिण्डीकरण न० પ્રેતપણાથી મુક્ત કરવા માટે પ્રેતને ઉદ્દેશી કરવાનું એક શ્રાદ્ધ.

सपिण्डीकृत त्रि० પ્રેતપણાથી મુક્ત કરવા માટે પ્રેતને ઉદ્દેશી કરવાનું શ્રાદ્ધ કરેલ.

सपीतक पु० રાજઘોષાતકી વૃક્ષ.

सपीति स्त्री० રાજા વગેરેનું સાથે ભોજન, સાથે પીવું તે.

सपीतिका स्त्री० હસ્તિઘોષાતકી વૃક્ષ.

सप्तक न० સાતની સંખ્યા, સાતનો સમૂહ.

सप्तक त्रि० સાતની સંખ્યાવાળું, સાતમું.

सप्तकी स्त्री० મેખલા, કંદોરો.

सप्तचत्वारिंश त्रि० સડતાલીસમું.

सप्तचत्वारिंशत् स्त्री० સડતાલીસ.

सप्तचत्वारिंशत्तम त्रि० સડતાલીસમું.

सप्तच्छद पु० સાતપુડાનું ઝાડ.

सप्तजिह्व पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सप्तज्वाल पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सप्ततन्तु पु० યજ્ઞ.

सप्तत त्रि० સીત્તેરમું.

सप्तति स्त्री० સીત્તેર.

सप्ततितम त्रि० સીત્તેરમું.

सप्तदश त्रि० સત્તરમું.

सप्तदशन् त्रि० व० સત્તર.

सप्तदशम त्रि० સત્તરમું.

सप्तदीधिति पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सप्तद्वीपा स्त्री० પૃથ્વી.

सप्तधा अव्य० સાત, પ્રકારે, સાત રીતે.

सप्तधातु पु० व० શરીરમાં રહેલી સાત ધાતુઓ-રસ-લોહી-માંસ-મેદ—હાડકું-મજ્જા-વીર્ય.

सप्तन् त्रि० व० સાત, સાતની સંખ્યા.

सप्तनाडीचक्र न० વૃષ્ટિ જાણવા માટેનું એક ચક્ર.

सप्तनामा स्त्री० आदित्यभक्ता વનસ્પતિ.

सप्तपत्र पु० સાતપુડાનું ઝાડ, મુદ્ગર વૃક્ષ.

सप्तपदी स्त्री० વિવાહસમયે ચોરીમાં જે સાત પગલાં ભરાય છે તે.

सप्तपर्ण पु० સાતપુડાનું ઝાડ.

सप्तपर्ण न० સાત પાંદડાં.

सप्तपर्णी स्त्री० રીસામણીનો વેલો.

सप्तपाताल न० સાત પાતાલ.

सप्तपुत्रसू स्त्री० સાત છોકરાંની માતા.

सप्तप्रकृतिविकृति स्त्री० व० સાંખ્યપ્રસિદ્ધ મહત્તત્વ-અહંકાર-પાંચ સૂક્ષ્મ ભૂતો-પંચતન્માત્રાઓ.

सप्तभद्र पु० સરસડાનુંઝાડ.

सप्तम त्रि० સાતમું.

सप्तमी स्त्री० સાતમ તિથિ, સાતમી વિભક્તિ.

सप्तरक्त पु० જેના હાથ-પગનાં તળીયાં-નેત્રનો અંદરનો ભાગ-નખ-તાળવું-અધરોષ્ઠ-જીભ-એ સાત લાલ હોય તે.

सप्तरात्र न० સાત રાત્રિઓ.

सप्तर्षि पु० ब० સાત ઋષિઓ–મરીચિ–અત્રિ–પુલહ–પુલસ્ત્ય–ક્રતુ–અંગિરા-વશિષ્ઠ-એ સાત ઋષિઓ.

सप्तर्षिमण्डल न० આકાશમાં સાત ઋષિઓનું તારારૂપે મંડળ.

सप्तला स्त्री० મોગરો, ચણોઠી, પાડલ વનસ્પતિ, વનસ્પતિ ચર્મકષા.

सप्तशती स्त्री० સાતસો શ્લોકનો દેવી-ચરિત્રનો એક ગ્રંથ-ચંડીપાઠ.

सप्तशिरा स्त्री० નાગરવેલ.

सप्तसप्ति पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सप्तसागर पु० ब० સાત સમુદ્ર.

सप्तांशु पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सप्तांशुपुङ्गव पु० શનિ ગ્રહ.

सप्तार्चिस् पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ, શનિ ગ્રહ.

सप्ताश्व पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सप्ताश्ववाहन पु० ઉપરના અર્થ.

सप्ताह न० સાત દિવસ.

सप्ति पु० ઘોડો.

सफर पु० એક જાતનું માછલું.

सफरी स्त्री० એક જાતની માછલી.

सफल त्रि० સફળ, ફળવાળું, વ્યર્થ નહિ તે.

सबधूक त्रि० સ્ત્રીવાળો પુરૂષ.

सबल त्रि० સૈન્યવાળું, લશ્કરસહિત, સામર્થ્યવાળું, બળવાળું, બળવાન.

सबाध त्रि० બાધાવાળું, પીડાવાળું.

सब्रह्मचारिन् पु० એક ગુરૂ પાસેથી વેદાધ્યયનકાળે વેદાધ્યયન નિમિત્તે સમાન વ્રતનું આચરણ કરનાર.

सभय त्रि० ભયવાળું, બીકવાળું.

सभर्तृका स्त्री० હયાત ધણીવાળી સ્ત્રી.

सभा स्त्री० ઘણાઓને બેસવાનું સ્થાન, દ્યૂત, ઘર, સમૂહ, ન્યાયમંદીર, કોર્ટ.

सभाज् चु० उभ० सेट् સેવવું, દર્શન કરવું, स० દીપવું अ०

सभाजन न० જતી–આવતી વેળા સુખ–આનંદ-પ્રીતિનું સાધન સંભાષણ-વાતચીત, પૂજવું, પૂજા, સત્કાર.

सभाजन पु० સભાનો માણસ.

सभाजित त्रि० સુખ આનંદ કે પ્રીતિની વાતચીત કરેલ, પૂજેલ, સેવેલ, સત્કાર કરેલ.

सभापति पु० સભાનો પતિ, પ્રમુખ, સભાનો સ્થાપક રાજા.

सभासद् पु० સામાજિક-સભ્ય, સભામાં બેસનાર.

सभास्तार पु० સામાજિક, સભ્ય, સભાના પ્રમુખને સહાયક.

सभिक पु० જુગારી.

सभीक पु० જુગારી.

सभोचित पु० પંડિત.

सभोचित त्रि० સભાને યોગ્ય.

सभ्य पु० સામાજિક, સભાસદ, જુગારી.

सभ्य त्रि० વિશ્વાસુ, વિશ્વાસપાત્ર, સભાને યોગ્ય, નિમકહલાલ, સભ્યતાવાળું.

सभ्यता स्त्री० સભ્યપણું.

सभ्यत्व न० સભ્યપણું.

सम् अव्य० સાથે, એકઠાં, સારૂં, સારી રીતે, પ્રકર્ષમાં તથા સમુચ્ચયમાં વપરાય છે.

सम् षम् ધાતુ જુઓ.

सम त्रि० સમાન, તુલ્ય, સરખું, જેવું, સીધું, સપાટ, યોગ્ય, સારૂં, જોડું, જોડકું, સર્વ, બધું, સઘળું.

समकन्या स्त्री० પરણવાને યોગ્ય થયેલી કન્યા.

समकाल पु० સમાન કાળ, યોગ્ય કાળ.

समकोण पु० સર્પ.

समकोणी स्त्री० સાપેણ.

समक्ष અવ્ય૦ પ્રત્યક્ષ, આંખની નજરે, રૂબરૂ.

समक्ष ત્રિ૦ પ્રત્યક્ષના વિષયનું, આંખે જોયેલ.

समगन्धक પુ૦ એક જાતનો બનાવટી ધૂપ.

समगन्धिक પુ૦ સુગંધી વાળો-ખસ.

समग्र ત્રિ૦ સકલ, સંપૂર્ણ, બધું, પૂર્ણ, સઘળું.

समग्रता સ્ત્રી૦ સમગ્રપણું, સઘળાપણું.

समग्रत्व ન૦ સમગ્રપણું, સઘળાપણું.

समङ्गा સ્ત્રી૦ મજીઠ.

समचित्त ત્રિ૦ સર્વ ઠેકાણે સમાનતાવાળું, સર્વના ઉપર સમાન મનવાળું, તત્વજ્ઞાની.

समज्ञा સ્ત્રી૦ કીર્તિ, યશ.

समज्या સ્ત્રી૦ સભા, કીર્તિ, આબરૂ, યશ.

समञ्जस ત્રિ૦ યોગ્ય, યુક્ત, લાયક, વ્યાજબી, અત્યન્ત.

समञ्जस ન૦ યોગ્યપણું, યુક્તપણું, લાયકાત, વ્યાજબીપણું, અત્યન્તપણું.

समञ्जसता સ્ત્રી૦ ઉપરના અર્થ.

समञ्जसत्व ન૦ समञ्जस ન૦ જુઓ.

समण्ठ પુ૦ गण्डीर જુઓ.

समता સ્ત્રી૦ સમાનપણું, તુલ્યપણું.

समत्व ન૦ ઉપરના અર્થ.

समत्रय ન૦ ત્રણ સરખે ભાગે, સુંઠ-મરી-ગોળ-એ ત્રણ સરખે ભાગે.

समत्सर ત્રિ૦ મત્સરવાળું, અદેખું, ક્રોધી.

समदर्शिता સ્ત્રી૦ સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખનારપણું.

समदर्शित्व ન૦ ઉપરનો અર્થ.

समदर्शिन् ત્રિ૦ સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખનાર,

समदृष्टि ત્રિ૦ ઉપરનો અર્થ.

समदृष्टि સ્ત્રી૦ સર્વ ઉપર સમાન દૃષ્ટિ-સમભાવ.

समदृष्टिता સ્ત્રી૦ સર્વ ઉપર સમાન દૃષ્ટિ રાખનારપણું.

समदृष्टित्व ન૦ ઉપરનો અર્થ.

समधिक ત્રિ૦ અત્યંત અધિક.

समधृत ત્રિ૦ સમાન રીતે ધારણ કરેલ, બરાબર, સમાન.

समध्व ત્રિ૦ સમાન માર્ગવાળું, એક સાથે જનાર.

समनियत ત્રિ૦ વ્યાપકપણું હોતે છતે વ્યાપ્યત્વવાળું.

समनुज्ञा સ્ત્રી૦ રજા, કબૂલાત, પરવાનગી.

समनुज्ञात ત્રિ૦ રજા આપેલ, કબૂલેલ, પરવાનગી આપેલ.

समनुज्ञान ન૦ समनुज्ञा જુઓ.

समन्त પુ૦ સારી રીતે અંત-છેડો, સીમા, હદ.

समन्त ત્રિ૦ સારી રીતે અંગવાળું, સંપૂર્ણ, સઘળું.

समन्ततस् અવ્ય૦ ચોતરફ, બધે ઠેકાણે, સર્વત્ર.

समन्तदुग्धा સ્ત્રી૦ થોરનું ઝાડ.

समन्तपञ्चक ન૦ કુરુક્ષેત્રમાં આવેલું એક તીર્થ.

समन्तभद्र પુ૦ બુદ્ધ દેવ.

समन्तभुज् પુ૦ અગ્નિ, ચિત્રાનું ઝાડ.

समन्तात् અવ્ય૦ ચોતરફ, બધેય, સર્વત્ર.

समन्यु પુ૦ શિવ.

समन्यु ત્રિ૦ ક્રોધવાળું, શોકવાળું.

समन्वित ત્રિ૦ સહિત, સાથે, सङ्गत જુઓ.

समपद ન૦ લક્ષ્ય વીંધતી વેળા ધનુર્ધારીઓની ઉભા રહેવાની એક રીત, એક રતિબંધ-એક મૈથુન પ્રકાર.

समपाद ન૦ ધનુર્ધારીઓની લક્ષ્ય વીંધતી વેળા ઉભા રહેવાની રીત.

समबुद्धि ત્રિ૦ સમાન બુદ્ધિવાળું.

समभाव पु० સમાન ભાવ, સમાનપણું, તુલ્યપણું.

समभाव त्रि० સમાન ભાવવાળું, તત્વજ્ઞાની, સર્વ ઉપર સમાન ભાવ રાખનાર.

समभिव्याहार पु० સહિતપણું, પૂર્વાપરીભાવ, વ્યવધાનરહિતપણું, સહોચ્ચારણ.

समभिव्याहृत त्रि० સહિત, સહોચ્ચારણ કરેલ, વ્યવધાનરહિત.

समभिव्याहृति स्त्री० समभिव्याहार જુઓ.

समभिसरण न० સામે જવું, જવું, મેળવવા શોધવું, મેળવવા ચાહવું.

समभिहरण न० હરવું, હરણ કરવું, લેવું, પકડવું.

समभिहार पु० વારંવાર, ક્રિયાનું સતતપણું, અત્યંત, ઘણાપણું.

समम् अव्य० સાથે, સહિતપણું, એક સમયે, એકજ વખતે.

सममिति त्रि० સમાન માપનું.

सममिति स्त्री० સમાન માપ.

समय पु० કાળ, વખત, શપથ, સોગંદ, આચાર, સિદ્ધાન્ત, અંગીકાર, સ્વીકાર, સંકેત, નિર્દેશ, ભાષા, બોલવું, બોલી, સંપત્તિ, આજ્ઞા, નિયમ, અવસર, કાલવિજ્ઞાન, સમયનું જ્ઞાન, નિયમ બાંધવો, શાસ્ત્ર, કરાર, ઠરાવ, મોસમ, નિયમ.

समयभेद पु० વખત ગુમાવવો, નિયમનો ભંગ, કરારનો ભંગ.

समयव्यभिचार पु० ઉપરના અર્થ.

समया अव्य० પાસેપણું, સમીપ, મધ્યે, વચ્ચે.

समयाकार पु० સંકેત.

समयाध्युषित न० સૂર્ય અને તારા જે સમયે દેખાતા નથી તે સમય-પરોઢ-પ્રભાત.

समयाशुद्धि स्त्री० સમય-કાળની અશુદ્ધિ.

समर पु० યુદ્ધ, લડાઇ.

समरभ पु० તે નામે એક રતિબંધ,-મૈથુન પ્રકાર.

समरमूर्धन् पु० યુદ્ધનો અગ્રભાગ, લડાઇનો મોખરો

समरोचित पु० યુદ્ધને યોગ્ય હાથી.

समर्चन न० સારી રીતે પૂજન.

समर्चना स्त्री० ઉપરનો અર્થ.

समर्चित त्रि० સારી રીતે પૂજેલ.

समर्ण त्रि० સારી રીતે પીડેલ.

समर्थ त्रि० શક્તિમાન, સામર્થ્યવાળું, બળવાન, હિતકારી, યોગ્ય અર્થવાળું, બંધ બેસતા અર્થવાળું.

समर्थ पु० યોગ્ય અર્થ, સારો અર્થ, ઇચ્છિત અર્થ, વ્યાકરણપ્રસિદ્ધ પદસંબંધી વિધિ-સમાસ વગેરે.

समर्थक त्रि० સમર્થન કરનાર, સિદ્ધ કરનાર, સાબીત કરનાર.

समर्थक न० અગર ચંદન.

समर्थता स्त्री० સમર્થપણું, સામર્થ્ય, શક્તિ.

समर्थत्व न० ઉપરના અર્થ.

समर्थन न० 'અમુક આ પ્રમાણેજ છે-હોવું જોઇએ' ઇત્યાદિ નિશ્ચય કરવો તે, સિદ્ધ કરવું, સાબીત કરવું, યોગ્ય-અયોગ્યનો વિચાર કરવો, સમાધાન કરવું, ટેકો આપવો, વિરોધ.

समर्थना स्त्री० અશક્ય અધ્યવસાય-ન બને તેવું કાર્ય-વગેરેનો નિશ્ચય કરવો તે.

समर्थित त्रि० સમર્થન કરેલ, સિદ્ધ કરેલ.

समर्द्धक त्रि० ઇચ્છિત ફળ આપનાર દેવો વગેરે.

समर्द्धुक त्रि० વર આપનાર, વરદાન આપનાર.

समर्पण न० સોંપવું, અર્પણ કરવું, આપવું.

समर्पणीय खि० સોંપવા લાયક, અર્પણ કરવા યોગ્ય, આપવા લાયક,

समर्पित त्रि० અર્પણ કરેલ, સોંપેલ, આપેલ.

समर्याद त्रि० મર્યાદાવાળું, સીમાવાળું, હદવાળું, પાસેનું, સમીપનું.

समर्याद पु० સમીપ, પાસે.

समल न० વિષ્ટા, ગુ.

समल त्रि० મળવાળું, મેલું, વિષ્ટાવાળું.

समवकार पु० એક જાતનું નાટક.

समवतार पु० પાણીમાં ઉતરવાનાં પગથીયાં.

समवर्तिन् पु० યમ, ધર્મરાજા.

समवर्तिन् त्रि० સર્વ ઠેકાણે સમભાવે વર્તનાર.

समवनत त्रि० સારી રીતે નીચે નમેલ.

समवसर्ग्य त्रि० છોડી દેવા લાયક, જવા દેવા લાયક.

समवाप्ति स्त्री० મેળવવું, પામવું, પ્રાપ્તિ.

समवाय पु० સમૂહ, મેળવવું, મેળવી દેવું, એક જાતનો સંબંધ.

समवायिकारण न० એક જાતનું કારણ.

समवायिजनक न० એક જાતનું કારણ.

समवायिन् त्रि० સમવાય સંબંધને અનુસરનાર.

समवृत्ति त्रि० સમાન વૃત્તિવાળું.

समवेत त्रि० મળેલ, સમવાય સંબંધથી જોડાયેલ, સમૂહવાળું.

समशनीय पु० વિવાહ થઇ રહ્યા પછી દંપતીને ખાવા માટે કરેલ સ્થાલીપાક.

समष्टि स्त्री० સમગ્રપણું, સારી રીતે વ્યાપવું.

समष्टिल पु० એક જાતનું શાક.

समष्ठील पु० ઉપરનો અર્થ.

समसन न० સમાસ, સંક્ષેપ, ટુંકાવવુ, સારી રીતે ફેંકવું, સમાસ કરવો.

समसुप्ति पु० સંહાર, પ્રલય.

समसूत्रपातन्याय पु० એક ન્યાય-જ્યોતિષમાં પ્રસિદ્ધ છે.

समस्त त्रि० સંક્ષિપ્ત, ટુંકું થયેલ, સમાસ પામેલ, સમગ્ર, બધું.

समस्थ त्रि० સમભાવે રહેલ.

समस्थली स्त्री० વેદીની અંદરનો પ્રદેશ, સપાટ ભૂમિ.

समस्थलीकरण न० સપાટ કરવું.

समस्थलीकृत त्रि० સપાટ કરેલ.

समस्थलीभवन न० સપાટ થવું.

समस्थलीभूत त्रि० સપાટ થયેલ.

समस्या स्त्री० સમસ્યા-સંક્ષેપમાં કહેલ શ્લોકના ચરણ વગેરેને પોતે અથવા બીજાએ કરેલ બાકીના બીજા ભાગથી યોજવા માટે કરેલ પ્રશ્ન.

समा स्त्री० વર્ષ, વરસ.

समांश पु० સમાન અંશ, સમભાગ, સરખો ભાગ, સરખો હિસ્સો.

समांशहारक त्रि० સરખો ભાગ લેનાર, સમાન હિસ્સો લેનાર.

समांशहारिन् त्रि० ઉપરના અર્થ.

समांसमीना स्त्री० દરેક વર્ષે વીઆતી ગાય.

समाकर्षिन् त्रि० સારી રીતે આકર્ષણ કરનાર-ખેંચનાર-ખેડનાર.

समाकर्षिन् पु० અતિ દૂર સુધી જનાર ગંધ.

समाकुल त्रि० સારી રીતે આકુળ, વ્યાકુળ.

समाकुलता स्त्री० સારી રીતે આકુળ-વ્યાકુળપણું.

समाकुलत्व न० ઉપરનો અર્થ.

समाख्या स्त्री० કીર્તિ, યશ, આબરૂ, સંજ્ઞા, નામ, યોગબળ, યોગની શક્તિ.

समाख्यात त्रि० પ્રસિદ્ધ, કીર્તિવાળું, યશવાળું, આબરૂદાર, સારી રીતે કહેલ.

समाख्याति स्त्री० સારી રીતે કહેવું, યશ, કીર્તિ, આબરૂ, પ્રસિદ્ધિ.

समाख्यान न० સારી રીતે કહેવું.

समागत त्रि० આવેલ, સમાગમ થયેલ.

समागति स्त्री० આવવું, સંગમ, સમાગમ.

समागम पु० ઉપરના અર્થ.

समागमन न० આવવું, સમાગમ.

समाघात पु० યુદ્ધ, સારી રીતે ઘાત-પ્રહાર, આઘાત.

समाचर त्रि० આચરણ કરનાર, આચરનાર, કરનાર.

समाचरण न० આચરણ, આચાર, વર્તન, કરવું, કર્મ.

समाचरत् त्रि० આચરતું, વર્તતું, કરતું, આચારમાં મૂકતું.

समाचर्या स्त्री० समाचरण જુઓ.

समाचार पु० સારો આચાર, યોગ્ય આચરણ, સારૂં વર્તન, સમાચાર.

समाज पु० પશુ સિવાયનાઓનો સમૂહ, સભા, હાથી.

समाज्ञा स्त्री० સારી આજ્ઞા, હુકમ, આબરૂ, કીર્તિ, યશ.

समादान न० સારી રીતે ગ્રહણ, સારી રીતે સ્વીકાર, બૌદ્ધોનું પોતાનું કર્મ.

समादाय अव्य० લઇને, ગ્રહણ કરીને, સ્વીકારીને.

समादिष्ट त्रि० આજ્ઞા કરેલ, હુકમ કરેલ.

समादेय त्रि० લેવા લાયક, ગ્રહણ કરવા યોગ્ય, સ્વીકારવા લાયક.

समादेश पु० આજ્ઞા, હુકમ, ફરમાન.

समाधा स्त्री० નિષ્પત્તિ, સિદ્ધિ, વિવાદ ભાંગવો, સમાધાન કરવું, ધ્યેય વસ્તુમાં એકાગ્રપણે મનને સ્થાપવું.

समाधान न० ઉપરના અર્થ.

समाधि पु० ધ્યાન કરવા લાયક વસ્તુમાં એકાગ્રપણે મનને સ્થાપવારૂપ એક ધ્યાન, વચનનો અભાવ, મૌન, નિયમ, ઇન્દ્રિયોને વશ રાખવી તે, તે નામે એક અર્થાલંકાર, કાવ્યનો એક ગુણ, સારી રીતે નાખવું-દફ્નાવવું, મનની એકાગ્રતા.

समाधिमत् त्रि० સમાધિવાળું, મનની એકાગ્રતાવાળું.

समाध्मात त्रि० ધમેલ, ફુંકેલ, સારી રીતે ગર્વ પામેલ, સારી રીતે શબ્દ કરેલ.

समान त्रि० તુલ્ય, સરખું, સમાન, એક, અભિમાની, માનવાળું, પ્રાણ વગેરે પાંચ વાયુમાંનો એક વાયુ.

समानकाल पु० સરખો કાળ, એક વખત.

समानकालीन त्रि० સમાન કાળે હોનાર-થનાર, એક સમયે થનાર.

समानगोत्र त्रि० એક ગોત્રનું.

समानजन्मन् त्रि० સમાન જન્મવાળું, એક સાથે જન્મેલ.

समानजाति त्रि० એક જાતનું.

समानजातीय त्रि० એક જાતમાં હોનાર-થનાર.

समानता स्त्री० સમાનપણું.

समानत्व न० સમાનપણું.

समानयन न० આણવું, લાવવુ.

समानविभक्तिक त्रि० સરખી વિભક્તિવાળું, એક વિભક્તિવાળું.

समानविषय पु० એક વિષય, સમાન વિષય.

समानविषयक त्रि० એક વિષયનું, સમાન વિષયવાળું.

समानाकार पु० સરખો આકાર, સમાન આકૃતિ.

समानाकारक त्रि० સરખા આકારનું, સમાન આકારવાળું.

समानाकृति पु० समानाकार જુઓ.

समानाधिकरण न० એક અધિકરણમાં વર્તનાર-પોતાના અધિકરણમાં વર્તનાર પદાર્થ, જૂદી વિભક્તિવાળું નહિ એવું અને અભેદવડે એક અર્થને જણાવનારૂં પદ.

समानाधिकार पु० સમાન અધિકાર.

समानाशौच न० સમાન-તુલ્ય અશૌચ-સૂતક.

समानीत त्रि० આણેલ, લાવેલ.

समानोदक पु० અગીઆરથી માંડી ચૌદમી પેઢી સુધીનો સગો.

समानोदर्य पु० સગો ભાઈ.

समानोदर्या स्त्री० સગી બહેન.

समान्त पु० વર્ષનો છેડો.

समाप पु० દેવયજન સ્થાન.

समापक त्रि० સમાપ્ત કરનાર, પૂર્ણ કરનાર, માપનાર, મેળવનાર, ઠાર કરનાર, મારી નાખનાર

समापन न० સમાપ્ત કરવું, પૂર્ણ કરવું ઠાર કરવું, મારી નાખવું. માપવું, મેળવવું.

समापन्न त्रि० સમાપ્ત કરેલ, પ્રાપ્ત થયેલ, મેળવેલ, ક્લેશ પામેલ, મારી નાખેલ.

समापन्न न० સમાપ્તિ, વધ, નાશ.

समापित त्रि० સમાપ્ત કરેલ, પૂર્ણ કરેલ.

समाप्त त्रि० સમાપ્ત, સંપૂર્ણ કરેલ, મેળવેલ, અંત પામેલ, છેડાને પામેલ.

समाप्तपुनरात्तता स्त्री० સાહિત્યપ્રસિદ્ધ કાવ્યનો એક દોષ.

समाप्ताल पु० પતિ, સ્વામી, ધણી.

समाप्ति स्त्री० સમાપ્તિ, છેડો, અંત, પ્રાપ્તિ, મેળવવું, સમાધાન.

समाप्तिक त्रि० સમાપ્ત કરનાર, છેડો આણનાર, અંત લાવનાર.

समाम्नात त्रि० ગણેલ, ગણત્રી કરેલ, ફરી કરેલ.

समाम्नाय पु० ગણવું, ગણત્રી કરવી, ફરી કહેવું, કહેવું.

समाम्नान न० ગણત્રી, ગણના, ગણવું તે, ફરી ફરી કહેવું, વારંવાર.

समाय पु० આવવું, આવક, સમાગમ.

समायात त्रि० આવેલ, સારી રીતે આવેલ.

समायोग पु० સંયોગ-સમવાય વગેરે સંબંધ, પ્રયોજન, કારણ.

समारब्ध त्रि० આરંભેલ, શરૂ કરેલ.

समारम्भ पु० આરંભ, શરૂઆત.

समाराधन न० આરાધન કરવું, સેવવું, સેવા, સંતોષ ઉપજાવવો, ખુશી કરવું.

समाराधना स्त्री० ઉપરના અર્થ.

समारूढ त्रि० ઉગેલ, વધેલ, ચઢેલ.

समारोह पु० ઉગવું, વધવું, ચઢવું.

समारोहिन् त्रि० ઉગનાર, વધનાર, ચઢનાર, સ્વાર.

समालभन न० समालम्भ જુઓ.

समालब्ध त्रि० યજ્ઞમાં વધ કરવા પકડેલ પશુ વગેરે, યજ્ઞમાં વધ કરેલ.

समालम्ब पु० આશ્રય, આધાર, ટેકો, આલંબન, શરણ, લટકવું, વળગવું.

समालम्बन न० ઉપરના અર્થ.

समालम्बिन् त्रि० આશ્રય લેનાર, આધાર લેનાર, આશ્રયવાળું, આધારવાળું, ટેકાવાળું, આલંબન કરનાર, શરણ લેનાર, લટકનાર, વળગી રહેનાર.

समालम्बिन् पु० એક ઘાસ.

समालम्भ पु० કેસર વગેરે શરીરે ચોળવુ-ચોપડવું, લેપન કરવું. યજ્ઞમાં વધ કરવો, પકડવું.

समालम्भन न० ઉપરના અર્થ.

समालम्भिन् त्रि० કેસર વગેરેથી શરીરે લેપન કરનાર, યજ્ઞાર્થે પશુવધ કરનાર.

समावरण न० ઢાંકણ, વેષ્ટન, આવરણ.

समावर्त्तन न० વેદાધ્યયન કર્યા પછી ગૃહસ્થપણા માટે ગુરૂકુલથી આવવા નિમિત્તે એક સંસ્કાર.

समाविष्ट त्रि० યુક્ત, જોડાયેલ, મનના આગ્રહવાળું, હરકોઈ કામમાં મનની અત્યંત એકાગ્રતાવાળું.

समावृत त्रि० વીંટાયેલ, ઘેરાયેલ, ઢાંકેલ, ઢંકાયેલ.

समावृत्ति स्त्री० વીંટાવું, વીંટવું, ઘેરવું, ઢાંકવું, ઢંકાવું.

समावृत्त त्रि० જેનો સમાવર્ત્તન સંસ્કાર થયેલ હોય તે, ગુરૂગૃહેથી વેદાધ્યયન કરી ગૃહસ્થવાસ માટે પાછો ફરેલ શિષ્ય.

समावृत्तक त्रि० ઉપરના અર્થ.

समावेदनीय त्रि० નીચેનો શબ્દ જુઓ.

समावेद्य त्रि० નિવેદન કરવા યોગ્ય, જણાવવા લાયક.

समावेश पु० યોજના, જોડાવું, મનનો આગ્રહ, જુસ્સો, આવેશ, હરકોઇ કામમાં મનની અત્યંત એકાગ્રતા, અનેક અર્થો વગેરેનો એક વાકય વગેરેમાં સમાવેશ કરવો તે, સમાવવું.

समावेशित त्रि० સમાવેશ કરેલ, સમાવેલ.

समाश्रय पु० આશ્રય, આશરો, આધાર, ટેકો, શરણ.

समाश्रित त्रि० આશ્રય લીધેલ, આશરો લીધેલ, આધારવાળું, શરણવાળું.

समाश्लिष्ट त्रि० ભેટેલ, વળગેલ, આલિંગન કરેલ.

समाश्लेष पु० આલિંગન કરવું, સારી રીતે ભેટવું, વળગી રહેવું.

समाश्लेषिन् त्रि० આલિંગન કરનાર, સારી રીતે ભેટનાર, વળગી રહેનાર.

समाश्वसन न० આશ્વાસન પામવું, વિરમવું, શાંત થવું.

समाश्वस्त त्रि० અશ્વાસન પામેલ, વિરામ પામેલ, શાંત થયેલ.

समाश्वास पु० ઉપરના અર્થ.

समाश्वासन न० શાંત પાડવું, વિરામ પમાડવું, આશ્વાસન કરવું.

समास पु० સંક્ષેપ, ટુંકું થવું તે, સમર્થન, વ્યાકરણપ્રસિદ્ધ તત્પુરૂષ-કર્મધારય-દ્વિગુ-અવ્યયીભાવ-દ્વન્દ્વ-બહુવ્રીહિ-એકશેષ-એ સમાસ.

समासक्त त्रि० અત્યંત આસક્ત, વળગેલ, સંયુક્ત, જોડાયેલ, આગ્રહવાળું.

समासक्ति स्त्री० અત્યંત આસક્તિ, વળગવું, લાગ્યા રહેવું, જોડાવું, અત્યંત આગ્રહ.

समासङ्ग पु० ઉપરના અર્થ.

समासङ्गवत् त्रि० समासक्त જુઓ.

समासञ्जन न० समासक्ति જુઓ.

समासतस् अव्य० સંક્ષેપથી, ટુંકાણથી.

समासर्जन न० મૂકવું, છોડવું, ત્યજવું.

समासवत् पु० વ્યાકરણમાં કહેલ સમાસવાળો શબ્દ, તુંદવૃક્ષ.

समासवत् त्रि० સંક્ષેપવાળું, ટુંકાણવાળું, ટુંકું.

समासवत् अव्य० સમાસતુલ્ય ક્રિયા, સમાસ જેવું, સમાસની પેઠે.

समासादन न० પ્રાપ્ત કરવું, મેળવવું, પહોંચવું, પાસે આણવું.

समासादित त्रि० પ્રાપ્ત કરેલ, મેળવેલ, પહોંચેલ, પ્રાપ્ત થયેલ, પાસે આણેલ.

समासान्त पु० વ્યાકરણપ્રસિદ્ધ સમાસની અંતે આવતો પ્રત્યય વગેરે.

समासान्तविधि पु० વ્યાકરણમાં સમાસની અંતે આવતા પ્રત્યય વગેરેનો વિધિ.

समासार्थ पु० સમાસથી જાણવા યોગ્ય અર્થ.

समासार्था स्त्री० સમસ્યા, સમસ્યા.

समासीन त्रि० બેઠેલ.

समासृष्ट त्रि० મૂકેલ, છોડેલ, ત્યજેલ.

समासृष्टि स्त्री० મૂકવું, છોડવું, ત્યજવું.

समासेवन न० સારી રીતે સેવવું, સેવા.

समासेवना स्त्री० ઉપરના અર્થ.

समासेवा स्त्री० समासेवन જુઓ.

समासेवित त्रि० સારી રીતે સેવેલ, સેવેલ.

समासेव्य त्रि० સારી રીતે સેવવા લાયક.

समाहत त्रि० હણેલ, ઠોકેલ, વગાડેલ.

समाहनन न० હણવું, ઠોકવું, વગાડવું.

समाहार पु० સમુચ્ચય, જેના અવયવ પ્રકટ ન હોય તેવો સમૂહ.

समाहारद्वन्द्व पु० વ્યાકરણપ્રસિદ્ધ એક સમાસ.

समाहारद्विगु पु० વ્યાકરણપ્રસિદ્ધ એક સમાસ.

समाहित त्रि० મૂકેલ, સ્થાપેલ, સાવધાન થયેલ, એકાગ્ર થયેલ, પ્રતિજ્ઞા કરેલ, સિદ્ધ થયેલ, તૈયાર થયેલ, શુદ્ધ, સમાધાન કરેલ, કબૂલ કરેલ.

समाहित न० સમાધાન, શુદ્ધિ, સ્થાપના.

समाहृत त्रि० સંગ્રહ કરેલ, એકત્ર કરેલ, એકઠું કરેલ, આણેલ, મેળવેલ.

समाहृति स्त्री० समाहार જુઓ.

समाह्वय पु० નામ, સંજ્ઞા, બોલાવવું, પ્રાણીઓને પણમાં મૂકી રમાતું જુગટું, એ જુગટાના અધિકારે થયેલો એક વિવાદ.

समाह्वा स्त्री० નામ, સંજ્ઞા, ગોજીહ્વા વૃક્ષ.

समिक न० એક જાતનું અસ્ત્ર.

समित् स्त्री० યુદ્ધ, લડાઈ.

समिता स्त्री० ઘઉંનો એક જાતનો લોટ–મેંદાનો–લોટ.

समिति स्त्री० સભા, યુદ્ધ, સંકેત, જૈન દર્શનપ્રસિદ્ધ પાંચ સમિતિ.

समिथ पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ, યુદ્ધ, આહુતિ.

समिध् स्त्री० કાષ્ઠ, લાકડું, હોમનું એક જાતનું લાકડું.

समिध पु० લાકડું, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

समिन्धन न० લાકડું, ઈંધણું, સારી રીતે દીપવું–બળવું, પ્રકાશવું.

समिर पु० समीर જુઓ.

समीक न० યુદ્ધ.

समीकरण न० સરખું કરવું, સમાન કરવું, બીજગણિતપ્રસિદ્ધ એક ક્રિયા.

समीकृत त्रि० સરખું કરેલ, સમાન કરેલ.

समीक्ष न० સાંખ્ય શાસ્ત્ર.

समीक्ष पु० પર્યાલોચન, વિચારવું, સારી રીતે જ્ઞાન, સારી રીતે તપાસવું.

समीक्षा स्त्री० ઉપરના અર્થ, સત્ત્વ, બુદ્ધિ, મીમાંસાશાસ્ત્ર, યત્ન, પ્રયત્ન.

समीक्षित त्रि० સારી રીતે જોયેલ, વિચારેલ, તપાસેલ.

समीक्ष्य अव्य० સારી રીતે જોઇને, વિચારીને, તપાસીને.

समीक्ष्यकरण न० સારી રીતે જોઇને-વિચારીને કરવું.

समीक्ष्यकारिन् त्रि० સારી રીતે વિચાર કરીને કરનાર.

समीच त्रि० સંયુક્ત, જોડાયલું.

समीचक न० મૈથુન.

समीची स्त्री० હરિણી, મૃગલી, વંદના, પ્રશંસા, વખાણ.

समीचीन त्रि० યથાર્થ, સારૂં, સાચું, ખરૂં.

समीचीन न० સારૂં, ઠીક, સત્ય.

समीचीनता स्त्री० યથાર્થપણું, સત્યતા.

समीचोनत्व न० ઉપરના અર્થ.

समीद पु० समिता જુઓ.

समीनिका स्त्री० દરેક વર્ષે વીઆતી ગાય.

समीप त्रि० પાસેનું, નજદીકનું.

समीप न० નજદીક, પાસે.

समीपग त्रि० પાસે જનાર, નજદીક જનાર.

समीपतस् अव्य० નજદીકથી, પાસેથી.

समीपता स्त्री० પાસેપણું, નજદીકપણું.

समीपत्व न० ઉપરના અર્થ.

समीभवन न० સરખું થવું, સપાટ થવું, સીધું થવું.

समीभूत त्रि० સરખું થયેલ, સપાટ થયેલ, સીધું થયેલ.

समीर पु० પવન, વાયુ, ખીજડીનું ઝાડ.

समीरण पु० વાયુ, પવન, મરવાનું ઝાડ, મુસાફર.

समीरण न० સારી રીતે પ્રેરણા કરવી, ફેંકવું, સારી રીતે બોલવું, ઉચ્ચાર કરવો.

समीरित त्रि० સારી રીતે પ્રેરણા કરેલ, ફેંકેલ, સારી રીતે બોલેલ–ઉચ્ચાર કરેલ–કહેલ.

समीहन न० ચાહવું, ઇચ્છવું, સારી ચેષ્ટા કરવી.

समीहा स्त्री० ચાહના, ઇચ્છા, સારી ચેષ્ટા.

समीहित त्रि० ચાહેલ, ઇચ્છેલ, સારી ચેષ્ટા કરેલ.

समीहित न० समीहन જુઓ.

समुख त्रि० વાચાળ, બહુ બોલ બોલ કરનાર.

समुचित त्रि० યોગ્ય, વાજબી, સારી રીતે ઉપયોગી.

समुचितता स्त्री० યોગ્યતા, લાયકાત, વ્યાજબીપણું.

समुचितत्व न० ઉપરના અર્થ.

समुच्चय पु० સમૂહ, બે ત્રણ વગેરેનો ઢગ, પરસ્પર નિરપેક્ષ એવી અનેક વસ્તુઓનો એક ક્રિયા વગેરેમાં અન્વય, સંબંધ, समाहार જુઓ.

समुच्चर पु० સારી રીતે ઉચ્ચારણ, સારી રીતે ત્યાગ.

समुच्चार पु० ઉપરના અર્થ.

समुच्चारण न० समुच्चर જુઓ.

समुच्चित त्रि० એકઠું કરેલ, ઢગ કરેલ, સમૂહ કરેલ.

समुच्चीयमान त्रि० એકઠું કરાતું, ઢગલો કરાતું, સમૂહ કરાતું.

समुच्छिद्यमान त्रि० મૂળમાંથી ઉખેડાતું, નાશ પમાડાતું.

समुच्छेद पु० વિનાશ, મૂળમાંથી ઉખેડી નાખવું તે.

समुच्छ्रय पु० ઉંચાઇ, ઘણીજ ઉન્નતિ, વિરોધ.

समुच्छ्राय पु० ઉપરના અર્થ.

समुच्छ्रित त्रि० ઉંચું કરેલ, ઉન્નતિ કરેલ, વિરોધ કરેલ.

समुच्छलन न० સારી રીતે વિસ્તાર પામવો, ઉછળવું.

समुच्छलित त्रि० સારી રીતે વિસ્તાર પામેલ, ઉછળેલ.

समुच्छ्वलन न० समुच्छलन જુઓ.

समुच्छ्वलित त्रि० समुच्छलित જુઓ.

समुच्छ्वस पु० શ્વાસ.

समुच्छ्वसन न० સારી રીતે ઉચ્છ્વાસ લેવો, શ્વાસ લેવો, જીવવું.

समुच्छ्वसित त्रि० સારી રીતે ઉચ્છ્વાસ લીધેલ, શ્વાસ લીધેલ, જીવેલ.

समुज्झन न० છોડવું, ત્યાગ કરવો, તજવું.

समुज्झित त्रि० છોડેલ, ત્યાગ કરેલ, તજેલ.

समुत्क्रम पु० ઉંચે જવું, સારી રીતે ઉગવું.

समुत्क्रोश पु० ટીટોડો પક્ષી, ઘણો મોટો શબ્દ–બૂમ.

समुत्क्रोशी स्त्री० ટીટોડી.

समुत्थ त्रि० સારી રીતે ઉઠેલ, ઉગેલ.

समुत्थान न० ઉઠવું, ઉભા થવું, ઉદ્યોગ, ઉદ્યમ, વ્યાધિનો નિર્ણય, ઉગવું, વધવું, વધારો.

समुत्थित त्रि० ઉઠેલ, ઉભું થયેલ, ઉગેલ, વધેલ.

समुत्पतन न० ઉંચે ઉડવું, જવું, ચઢવું, ચઢાઈ, પ્રયત્ન કરવો.

समुत्पतित त्रि० ઉંચે ઉડેલ, ગયેલ, ચઢેલ, ચઢાઈ કરેલ, પ્રયત્ન કરેલ.

समुत्पत्ति स्त्री० ઉત્પત્તિ, ઉત્પન્ન થવું, ઉગવું, ઉપજ, પેદાશ.

समुत्पन्न त्रि० ઉત્પન્ન થયેલ, નીપજેલ, પેદા થયેલ.

समुत्पाट त्रि० મૂળમાંથી ઉખેડી નાખવું, નિર્મૂળ કરવું.

समुत्पाटन न० ઉપરના અર્થ.

समुत्पाटित त्रि० મૂળમાંથી ઉખેડી નાખેલ, નિર્મૂળ કરેલ.

समुत्पादन न० ઉપજાવવું, ઉત્પન્ન કરવું, પેદા કરવું, બનાવવું, કરવું.

समुत्पादित त्रि० ઉત્પન્ન કરેલ, ઉપજાવેલ, પેદા કરેલ, બનાવેલ, કરેલ.

समुत्पिञ्ज त्रि० અત્યંત આકુળ વ્યાકુળ, ઘણુંજ ગભરાયેલ.

समुत्पिञ्ज पु० ગભરાયલું સૈન્ય.

समुत्सर्ग पु० સારી રીતે ત્યાગ કરવો, તજવું.

समुत्सव पु० સારો ઉત્સવ, મોટો ઓછવ.

समुत्सुक त्रि० અત્યંત ઉત્સુક, ઇચ્છિત વસ્તુ મેળવવા માટે ઘણુંજ ઉતાવળું.

समुत्सृष्ट त्रि० સારી રીતે તજેલ, છોડેલ, ત્યાગ કરેલ.

समुत्सेध पु० અત્યંત ઉંચાઈ, અત્યંત વિશાળતા.

समुदक्त त्रि० કુવા વગેરેમાંથી બહાર કાઢેલ પાણી વગેરે.

समुदय पु० સમૂહ, યુદ્ધ, લડાઈ, સારી રીતે ઉદય, સારો ઉદય, દિવસ.

समुदय न० જ્યોતિષમાં કહેલ લગ્ન, પાછળના ભાગમાં રહેલ સૈન્ય.

समुदागम पु० સારૂં જ્ઞાન.

समुदाचार पु० અભિપ્રાય, સારો આચાર.

समुदाय पु० સમૂહ, યુદ્ધ, ઉગવું.

समुदित त्रि० એકઠું કરેલ, ઢગલો કરેલ, સમૂહરૂપ કરેલ.

समुदीरण न० સારી રીતે કહેવું.

समुदीरित त्रि० સારી રીતે કહેલ.

समुद्ग पु० સંપુટ, ડાબલો, ડાભડો, ઢાંકેલી પેટી વગેરે.

समुद्ग त्रि० ઉદય પામનાર, ઉગનાર, ઉત્પન્ન થનાર, મગવાળું, મગસહિત.

समुद्गक पु० समुद्ग पु० જુઓ.

समुद्गत त्रि० ઉગેલ, ઉંચે ગયેલ, જન્મેલ, ઉત્પન્ન થયેલ, ઉદય પામેલ.

समुद्गम पु० ઉંચે જવું, ઉગવું, ઉત્પન્ન થવું, જન્મ, ઉત્પત્તિ, ઉદય.

समुद्गीत त्रि० ઉચ્ચસ્વરથી ગાયેલ, ઉંચેથી ગાયેલ.

समुद्गीर्ण त्रि० વમેલ, ઓકેલ, બહાર કાઢેલ, બોલેલ, કહેલ, ઉંચું કરેલ, ઉંચે તોળેલ.

समुद्दिष्ट त्रि० સારા ઉદ્દેશવાળો પદાર્થ, દેખાડેલ, બતાવેલ.

समुद्देश पु० સારો ઉદ્દેશ, સારૂં લક્ષ્ય, દેખાડવું, બતાવવું.

समुद्धत त्रि० અત્યંત ઉદ્ધત, ઘણુંજ અવિનયી, બહાર કાઢેલ, ઉંચે કરેલ.

समुद्धरण न० ઉંચે કરવું, ઉંચકવું, ઉલટી કરવી, મૂળમાંથી ઉખેડી નાખવું, ઉદ્ધાર કરવો.

समुद्धरण त्रि० ઓકી કાઢેલ, બહાર કાઢેલ, મૂળમાંથી ઉખેડી નાખેલ.

समुद्धर्तृ त्रि० ઉદ્ધાર કરનાર, બહાર કાઢનાર, ઓકનાર, મૂળમાંથી ઉખેડી નાખનાર, હરાયલા દ્રવ્યને ફરી પાછું લાવનાર.

समुद्धृत त्रि० દૂર કરેલ, ખસેડેલ, ઉખેડી નાખેલ, ઉંચે ખેંચેલ, ઉદ્ધત, ઓકી કાઢેલ.

समुद्भव पु० ઉત્પત્તિ, જન્મ, ઉત્પન્ન થવું, પેદા થવું.

समुद्भूत त्रि० ઉત્પન્ન થયેલ, જન્મેલ, નીપજેલ, પેદા થયેલ.

समुद्यत त्रि० સારી રીતે ઉદ્યમવાળું, તૈયાર, સજ્જ થયેલ.

समुद्यम पु० સારી રીતે ઉદ્યમ, ઘણોજ પ્રયત્ન, સારો પ્રયત્ન.

समुद्र पु० દરીયો.

समुद्र त्रि० મુદ્રાવાળું, મુદ્રાસહિત, સીક્કાવાળું, મહોરવાળું, મર્યાદાવાળું.

समुद्रकफ पु० સમુદ્રફેન-સમદર ફીણ, સમુદ્રનું ફીણ.

समुद्रकाञ्ची स्त्री० પૃથ્વી.

समुद्रकान्ता स्त्री० નદી.

समुद्रग त्रि० દરીયા તરફ જનાર, સમુદ્રમાં જનાર.

समुद्रगा स्त्री० નદી.

समुद्रगृह न० દરીયાઈ ઘર, દરીયામાં જળયંત્ર ગૃહ-દરીયાના પાણી ઉપર બાંધેલ ઘર.

समुद्रचुलुक पु० અગસ્ત્ય મુનિ.

समुद्रज पु० ચંદ્ર, કપૂર.

समुद्रजा स्त्री० લક્ષ્મી દેવી.

समुद्रतट न० દરીયાનો કીનારો.

समुद्रतनय पु० ચંદ્ર, કપૂર.

समुद्रतनया स्त्री० લક્ષ્મી દેવી.

समुद्रदयिता स्त्री० નદી.

समुद्रनवनीत न० અમૃત, ચંદ્ર, કપૂર.

समुद्रपत्नी स्त्री० નદી.

समुद्रपुत्र पु० ચંદ્ર, કપૂર.

समुद्रपुत्री स्त्री० લક્ષ્મી દેવી.

समुद्रप्रिया स्त्री० નદી.

समुद्रफल न० એક જાતની ઔષધિ.

समुद्रफेन पु० સમુદ્રનું ફીણ-સમદર ફીણ.

समुद्रमेखला स्त्री० પૃથ્વી.

समुद्रयात्रा स्त्री० સમુદ્રને તીર્થ માની મુસાફરી, તેમાં ડુબી મરવું.

समुद्रयान न० દરીયાઇ વાહન-વહાણ-સ્ટીમર વગેરે, દરીયાઈ મુસાફરી.

समुद्ररमणी स्त्री० પૃથ્વી.

समुद्ररशना स्त्री० પૃથ્વી.

समुद्रलवण न० દરીયાનું મીઠું.

समुद्रवन्हि पु० વડવાનળ અગ્નિ.

समुद्रवसना स्त्री० પૃથ્વી.

समुद्रवस्त्रा स्त्री० પૃથ્વી.

समुद्रविजय पु० બાવીસમા જૈન તીર્થંકર-નેમિનાથના પિતા એક યાદવ રાજા.

समुद्रवेला स्त्री० દરીયાનો કીનારો.

समुद्रसुत पु० ચંદ્ર, કપૂર.

समुद्रसुता स्त्री० લક્ષ્મી દેવી.

समुद्रसुभगा स्त्री० ગંગા નદી.

समुद्रसूनु पु० ચંદ્ર, કપૂર.

समुद्रसूनू स्त्री० લક્ષ્મી દેવી.

समुद्रा स्त्री० કચૂરો વનસ્પતિ, ખીજડીનું ઝા.ડ

समुद्राग्नि पु० વડવાનળ અગ્નિ.

समुद्रान्त न० જાયફળ.

समुद्रान्त त्रि० સમુદ્ર સુધીનું.

समुद्रान्त पु० સમુદ્રનો અંત-છેડો.

समुद्रान्ता स्त्री० ધમાસો વનસ્પતિ, કપાસનું ઝાડ, પૃક્કા વનસ્પતિ, જવાસો વનસ્પતિ.

समुद्राम्बरा स्त्री० પૃથ્વી.

समुद्रारु पु० એક જાતનું માછલું, સમુદ્ર ઉપરનો બંધ-પૂલ, મગરમચ્છ.

समुद्रिय त्रि० સમુદ્રમાં હોનાર-થનાર.

समुद्रीय त्रि० ઉપરનો અર્થ.

समुद्वह त्रि० શ્રેષ્ઠ, વહન કરનાર, ધારણ કરનાર.

समुद्वहत् त्रि० વહન કરતું, વહેતું, ધારણ કરતુ.

समुन्दन न० સારી રીતે ભીનું થવું, પલળવું.

समुन्न त्रि० ભીનું થયેલ, પલળેલ, ભીનું.

समुन्नत त्रि० ઉંચું, ઉન્નત, ઉન્નતિવાળું, ઘણુંજ ઉંચું.

समुन्नत पु० એક જાતનો સ્તંભ.

समुन्नति स्त्री० ઉંચાઇ, સારી રીતે ઉન્નતિ.

समुन्नद्ध त्रि० ગર્વવાળું, ઉદ્ધત, પોતાને પંડિત માનનાર, ઉંચું કરેલ, ઉંચું કરી બાંધેલ ઉત્પન્ન થયેલ.

समुन्नद्ध पु० પ્રભુ સ્વામી, શેઠ.

समुन्नद्ध न० ઉંચું કરીને બંધવું.

समुन्नय पु० ઉંચે લઈ જવું, ઉંચું કરવું, સારી નીતિ, મેળવવું, પ્રાપ્ત કરવું, ઉપજાવવું, કલ્પી કાઢવું, બનાવવું, બનાવ, તર્ક કરવો.

समुन्नयत् त्रि० પ્રાપ્ત કરતુ, લઇ જતું, ઉંચે લઈ જતું, મેળવતુ, તર્ક કરતું, ઉપજાવતું, કલ્પી કાઢતું.

समुन्नयन न० समुन्नय જુઓ.

समुपगच्छत् त्रि० પાસે જતું, પહોંચતું.

समुपगत त्रि० પ્રાપ્ત થયેલ, પહોંચેલ, પાસે ગયેલ.

समुपगम पु० પ્રાપ્ત થવું, પહોંચવું, પાસે જવું.

समुपगम्यमान त्रि० પ્રાપ્ત કરાતું, પહોંચાતું, પાસે જવાતું.

समुपचित त्रि० અત્યંત ઘણું કરેલ, વૃદ્ધિ પામેલ, વધેલ, વધારેલ, એકઠું કરેલ.

समुपचिन्वत् त्रि० અત્યંત ઘણું કરતું, વૃદ્ધિ કરતું, વધારતું, એકઠું કરતું.

समुपचिन्वान त्रि० ઉપરના અર્થ.

समुपचीयमान त्रि० વધારાતું, વૃદ્ધિ કરાતું, અત્યંત ઘણું કરાતું.

समुपजोषम् अव्य० અત્યંત આનંદ.

समुपनयन न० સમીપ લઇ જવું, પાસે લઇ જવું.

समुपविष्ट त्रि० પાસે બેઠેલ, સમીપ બેઠેલ.

समुपवेश पु० બેસવું, બેસાડવું, પાસે બેસાડવું.

समुपवेशन न० ઉપરના અર્થ.

समुपवेष्टृ त्रि० પાસે બેસનાર, સમીપ બેસનાર.

समुपस्था स्त्री० સમીપ ઉભવું, પાસે રહેવું.

समुपस्थान न० ઉપરના અર્થ.

समुपस्थित त्रि० સમીપ ઉભેલ, પાસે રહેલ, નજીક આવેલ.

समुपस्थिति स्त्री० समुपस्था જુઓ.

समुपेक्षा स्त्री० સારી રીતે ઉપેક્ષા કરવી, સારી રીતે જોવું તપાસવું.

समुपेक्षित त्रि० સારી રીતે ઉપેક્ષા કરેલ સારી રીતે જોયેલ તપાસેલ.

समुपेत त्रि० પાસે આવેલ, સમીપ ગયેલ, યુક્ત, યોગ્ય, સાથે, સહિત.

समुपेयिवस् त्रि० સમીપ ગયેલ, પાસે ગયેલ, પ્રાપ્ત થયેલ, આવેલ.

समुपोढ त्रि० સંગત, જોડાયેલ, યુક્ત, યોગ્ય, થયેલ, ઉત્પન્ન થયેલ.

समुल्लेख पु० પગ વગેરેથી જમીન વગેરે ખોતરવી તે.

समूढ त्रि० એકઠું કરેલ, ઢગલો કરેલ, દમન કરેલ, એકદમ ઉત્પન્ન કરેલ, વિવાહ કરેલ, પરણેલ, શોધન કરેલ, શોધેલ, પવિત્ર કરેલ, વક્ર, વાંકું, સોબતી, સંઘાતી.

समूढ त्रि० મૂઢસહિત, મૂર્ખની સાથે.

समूर पु० એક જાતનો મૃગ.

समूरक पु० એક જાતનો મૃગ.

समूरकी स्त्री० એક જાતની મૃગલી.

समूरी स्त्री० એક જાતની મૃગલી.

समूरु पु० એક જાતનો મૃગ.

समूरु स्त्री० એક જાતની મૃગલી.

समूरुक पु० એક જાતનો મૃગ.

समूरुकी स्त्री० એક જાતની મૃગલી.

समूल त्रि० મૂળસહિત, મૂળીયાંની સાથે.

समूलघातम् अव्य० મૂળમાંથી નાશ કરીને, મૂળસહિત હણીને.

समूह पु० સમુદાય, સારો તર્ક, ઢગલો, સમૂહ, જથ્થો.

समूहत् त्रि० સારો તર્ક કરતું, એકઠું કરતું, ઢગલો કરતું.

समूहन न० સારો તર્ક કરવો, એકઠું કરવું, ઢગ કરવો, સાફ કરવું.

समूहनी स्त्री० સાવરણી.

समूहालम्बन न० સમૂહના વિષયનું જ્ઞાન, સામૂહિક જ્ઞાન.

समूहिन् त्रि० સમૂહવાળું, સારા તર્કવાળું.

समूह्य पु० યજ્ઞનો અગ્નિ, યજ્ઞના અગ્નિનો એક સંસ્કાર.

समूह्य त्रि० સારી રીતે તર્ક કરવા લાયક.

समूह्य अव्य० સમૂહ કરીને, એકઠું કરીને, સારી રીતે તર્ક કરીને.

समृद्ध त्रि० અધિક સંપત્તિવાળું, અત્યંત વધેલ, સમૃદ્ધિમાન, અત્યંત વૃદ્ધ, ઘણું.

समृद्धवेग त्रि० ગણા વેગવાળું, વધેલા વેગવાળું.

समृद्धि स्त्री० અત્યંત સંપત્તિ, સારી રીતે વૃદ્ધિ, ઘણીજ વૃદ્ધિ.

समेत त्रि० આવેલ, જોડાયેલ, યુક્ત, સાથે.

समेधित त्रि० સારી રીતે વધેલ–વૃદ્ધિ પામેલ, ઘણું વધેલ.

समोद त्रि० હર્ષવાળું, આનંદવાળું, ખુશ.

समोदक न० દહીં જેટલાજ પાણીવાળી છાશ.

समोदक त्रि० હર્ષવાળું; આનંદી, ખુશી, લાડુવાળું, લાડુસહિત.

सम्प त्रि० નીચે ઉતરનાર, પડનાર.

सम्पतत् त्रि० નીચે પડતું, ઉતરતું.

सम्पत्ति स्त्री० અત્યંત વૈભવ, યોગ્ય એવો આત્મલાભ, વિભૂતિ, સમૃદ્ધિ.

सम्पद् स्त्री० વૈભવ, સંપત્તિ; વિભૂતિ, ગુણોત્કર્ષ.

सम्पद् पु० એક જાતનો હાર.

सम्पद न० ઉપરનો અર્થ.

सम्पद्वर पु० રાજા.

सम्पन्न त्रि० સંપત્તિવાળું, સાધિત, સિદ્ધ, સંપૂર્ણ, યુક્ત.

सम्पराय पु० યુદ્ધ, લડાઇ. આપત્તિ, દુઃખ. ઉત્તરકાળ.

सम्परायक न० ઉપરના અર્થ.

सम्परायिक न० યુદ્ધ, લડાઇ.

सम्पर्क पु० સંબંધ, રતિ, મૈથુન, મળવું, જોડાવું.

सम्पर्किन् त्रि० સંબંધવાળું, રતિવાળું, મૈથુન કરનાર, જોડનાર, મળનાર.

सम्पश्यत् त्रि० દેખતું જોતું.

सम्पा स्त्री० વીજળી.

सम्पाक पु० ગરમાળાનું ઝાડ.

सम्पाक त्रि० ધૃષ્ટ, નિર્લજ્જ, બેશરમ, તર્ક કરનાર, લંપટ, અલ્પ, થોડું.

सम्पात पु० પક્ષીની એક ગતિ, સારી રીતે પડવું, રેખા, સૂર્ય વગેરેનું સંપતન.

सम्पातपाटव न० ઝંપલાવવું, ઝંપાપાત કરવો, ખૂબ ઉંચેથી કૂદી પડવું.

सम्पाति पु० જટાયુ પક્ષીનો મોટો ભાઇ એક પક્ષી.

सम्पातिक पु० ઉપરનો અર્થ, ગરૂડનો મોટો પુત્ર.

सम्पादक त्रि० સંપાદન કરનાર, મેળવનાર, પામનાર.

सम्पादन न० સંપાદન કરવું, મેળવવું, પામવું.

सम्पादित त्रि० સંપાદન કરેલ, મેળવેલ, પામેલ.

सम्पिष्ट त्रि० પીસેલ, દળેલ.

सम्पीडन न० પીડવું, દુઃખ દેવું, પીડા, દુઃખ, મોકલવું, દાબવું, ચોળવું, મસળવું.

सम्पीडा स्त्री० ઉપરના અર્થ.

सम्पीडित त्रि० પીડેલ, દુઃખ દીધેલ, મોકલેલ, દાબેલ, ચોળેલ, મસળેલ.

सम्पीति स्त्री० એકઠા મળીને પીવું.

सम्पुट पु० કુરૂવક વૃક્ષ, ડાબલો, ડાભડો, પેટી.

सम्पुट त्रि० એક જાતના પદાર્થથી જૂદી જાતનાને બન્ને તરફથી વ્યાપ્ત.

सम्पुटक पु० પેટી, દાભડો, ડાબલો, પેટારો.

सम्पूर्ण त्रि० પરિપૂર્ણ, પૂર્ણ, સમગ્ર, બધું.

सम्पूर्णता स्त्री० સંપૂર્ણપણું, સમગ્રપણું.

सम्पूर्णत्व न० સંપૂર્ણપણું, સમગ્રપણું.

सम्पूर्णा स्त्री० સૂર્યોદય વેળાની પહેલાં બે મુહૂર્તથી શરૂ અગીઆરશ તિથિ.

सम्पूर्णा स्त्री० સાઠ ઘડી સુધીની હરકોઇ તિથિ.

सम्पृक्त त्रि० મિશ્ર, મિશ્ર કરેલ, સંબંધ પામેલ, જોડાયેલ.

सम्पृक्ति स्त्री० મિશ્ર થવું, સંબંધ, જોડાવું.

सम्प्रणयन न० સારી રીતે અગ્નિ–ઘી વગેરેને શુદ્ધ કરવાં માટે એક સંસ્કાર, વિધાન, વિધિ.

सम्प्रणीत त्रि० આણેલ, લાવેલ.

सम्प्रणेतृ त्रि० આણનાર, લાવનાર.

सम्प्रति अव्य० હમણાં, હાલ.

सम्प्रति पु० એક જૈન રાજા.

सम्प्रतिपत्ति स्त्री० વાદીએ કહેલ અર્થવાળા વિષયનો સ્વીકાર, કબૂલત, સ્વીકાર, એક જાતનો ઉત્તર.

सम्प्रतीक्षण न० નીચેનો શબ્દ જુઓ.

सम्प्रतीक्षा स्त्री० રાહ જોવી, આશા રાખવી, તકાસવું.

सम्प्रतीक्षित त्रि० રાહ જોયેલ, આશા રાખેલ, તકાસેલ.

सम्प्रतीति स्त्री० યશ, કીર્તિ, ખાતરી, નિશ્ચય.

सम्प्रदातृ त्रि० દાન કરનાર, આપનાર.

सम्प्रदान न० સારી રીતે દેવું, આપવું, વ્યાકરણપ્રસિદ્ધ સંપ્રાદન કારક.

सम्प्रदाय पु० ગુરૂપરંપરા, વંશપરંપરા, ગુરૂપરંપરાનો ઉપદેશ, હરકોઇ ધર્મ, માર્ગ, પંથ.

सम्प्रदायिन् त्रि० ગુરૂપરંપરાના ઉપદેશવાળું, અમુક કોઇ ધર્મપંથવાળું, ગુરૂપરંપરાવાળું, વંશપરંપરાનું.

सम्प्रधारण न० યુક્ત–અયુક્ત વિવેચનના અર્થનું સમર્થન, યોગ્યાયોગ્ય વિષયનો વિચાર કરવો તે.

सम्प्रधारणा स्त्री० ઉપરના અર્થ.

सम्प्रपद् पु० ભટકવું, રખડવું.

सम्प्रयाण न० જવું, પ્રયાણ કરવું.

सम्प्रयुक्त त्रि० જોડેલ, પ્રયોગ કરેલ.

सम्प्रयुक्ति स्त्री० યોજના, જોડવું, સારી રીતે પ્રયોગ કરવો.

सम्प्रयोग पु० વ્યાજ વગેરે લાભની ઇચ્છાથી ધન વગેરે કોઇને આપવું, રમણ, મૈથુન, અન્વય, સંબંધ, કામણ–વશીકરણ વગેરે.

सम्प्रयोग त्रि० પ્રાર્થના કરેલ, માગેલ સંદિગ્ધ–સંદેહવાળું.

सम्प्रयोगिन् त्रि० કામી, કામુક, રંડીબાજ, મૈથુન કરનાર, યોજનાર, જોડનાર, વશીકરણ વગેરે કરનાર, કામણ કરનાર, વ્યાજ માટે પૈસાની ધીર ધાર કરનાર.

सम्प्रवदन न० બોલવું, વાતચીત.

सम्प्रसन्न त्रि० સારી રીતે પ્રસન્ન થયેલ, નિર્મળ મનવાળું, પ્રસન્ન, સૂઇ ગયેલ, નિદ્રાવશ.

सम्प्रसाद पु० યોગ વગેરે શાસ્ત્રમાં કહેલ ચિત્તની નિર્મળતાસંપાદક એક પ્રયત્ન, સારી રીતે પ્રસન્નતા, સુષુપ્તિ, નિદ્રાવસ્થા.

सम्प्रसाधन न० અલંકાર, દાગીનો, શોભાવવું, શણગારવું.

सम्प्रसारण न० સારી રીતે વિસ્તારવું, વ્યાકરણમાં કહેલ य् व् र् ल् ને ઠેકાણે इ, उ, ऋ, ऌ એ આદેશ.

सम्प्रस्थान न० પ્રયાણ કરવું, જવું, મુસાફરીએ જવું, ચાલવું.

सम्प्रस्थित त्रि० પ્રયાણ કરેલ, ગયેલ, મુસાફરીએ ગયેલ, ચાલેલ.

सम्प्रस्थिति स्त्री० सम्प्रस्थान જુઓ.

सम्प्रहरण न० પ્રહાર કરવો, મારવું, યુદ્ધ, લઢાઈ, ગમન કરવું, જવું.

सम्प्रहार पु० ઉપરના અર્થ.

सम्प्रहृत त्रि० સારી રીતે પ્રહાર કરેલ, મારેલ.

सम्प्रहसन न० સારી રીતે હસવું, ખડખડ હસવું.

सम्प्रहास पु० ઉપરના અર્થ.

सम्प्राप्त त्रि० સારી રીતે પ્રાપ્ત થયેલ, મેળવેલ, પામેલ.

सम्प्राप्ति स्त्री० સારી રીતે પ્રાપ્ત થવું, મેળવવું, પામવું, વૈદ્યકમાં દર્શાવેલ રોગની એક ઉત્પત્તિ.

सम्प्रीत त्रि० સારી રીતે પ્રસન્ન થયેલ.

सम्प्रीति स्त्री० સારી રીતે પ્રસન્ન થવું.

सम्प्रेक्षा स्त्री० સારી રીતે જોવું, તપાસવું, વિચારવું.

सम्प्रेक्षण न० ઉપરના અર્થ.

सम्प्रेक्षित त्रि० સારી રીતે જોયેલ, તપાસેલ, વિચારેલ.

सम्प्रेष पु० યોજવું, જોડવું, મોકલવું, આજ્ઞા કરવી, વિધિ.

सम्प्रेषण न० ઉપરના અર્થ.

सम्प्रेषित त्रि० યોજેલ, જોડેલ, મોકલેલ, આજ્ઞા કરેલ.

सम्प्रैष पु० सम्प्रेष જુઓ.

सम्प्रोक्षण न० જળ વગેરેથી સીંચવું–છાંટવું.

सम्प्रोक्षित त्रि० જળ વગેરેથી સીંચેલ–છાંટેલ.

सम्प्लव पु० બોળાવું, તરબોળ થવું, પાણીનું પૂર વગેરે, જૂદી જૂદી દિશામાં પડવું, સારી રીતે તરવું.

सम्फाल पु० બકરો, ઘેટો.

सम्फुल्त त्रि० પ્રફુલ્લ થયેલ, વીકસેલ, ખીલેલ.

सम्फुल्ल त्रि० ઉપરના અર્થ.

सम्ब् भ्वा० प० स० सेट् સરકવું, ખસવું, જવું.

सम्ब् चु० उभ० स० सेट् જોડાવું, જોડવું.

सम्ब न० ખેડેલાને બીજીવાર ખેડવું, પાણી, સીધું ખેડી પાછું અવળું ખેડવું.

सम्बद्ध त्रि० સંબંધ પામેલ, જોડાયેલ, સંબંધવાળું, સંબંધી.

सम्बद्ध न० સારી રીતે બંધન, બાંધવું તે.

सम्बन्ध पु० સંયોગ વગેરે સંબંધ, સંસર્ગ, જોડાવું, સમૃદ્ધિ, સારી રીતે બાંધવું, મનુષ્યોનો એક પ્રકારનો સંબંધ–સગપણ.

सम्बन्ध त्रि० હિતકારી, હિતનું, યોગ્ય.

सम्बन्धिन् त्रि० સંબંધવાળું, જોડાયેલ, સંબંધ પામેલ.

सम्बर न० પાણી, બૌદ્ધોનું એક વ્રત.

सम्बर पु० પૂલ, પાજ, તે નામે એક દૈત્ય,

એક જાતનો મૃગ, એક જાતનું માછલું, તે નામે એક પર્વત, તે નામે એક જૈન, જૈનદર્શનપ્રસિદ્ધ એક પદાર્થ, સંશય.

सम्बरनिषूदन पु० કામદેવ.

सम्बररिपु पु० કામદેવ.

सम्बरशत्रु पु० કામદેવ.

सम्बरसूदन पु० કામદેવ.

सम्बरहन् पु० કામદેવ.

सम्बरहन्तृ पु० કામદેવ.

सम्बरारि पु० કામદેવ.

सम्बरी स्त्री० ઉંદરકાની વનસ્પતિ, શતાવરી વનસ્પતિ, એક જાતની મૃગલી, એક જાતની માછલી; શંબરાસુરની માયા.

सम्बल न० પાણી.

सम्बल पु० न० ભાતું, મુસાફરીમાં સાથે રાખવાનો ખોરાક, મુસાફરીમાં ઉપયોગી સરસમાન.

सम्बाकरण न० સીધું ખેડી પાછું અવળું ખેડવું–ખેડેલાંને ફરી ખેડવું.

संम्बाकृत त्रि० સીધું ખેડી પાછું અવળું ખેડેલ-ખેડેલાંને ફરી ખેડેલ,

सम्बाध न० નરકનો એક જાતનો માર્ગ.

सम्बाध पु० અન્યોન્ય ઘર્ષણ, ચડસાચડસી, સ્પર્ધા, સંકટ, સ્ત્રીની યોનિ.

सम्बाधन पु० દ્વારપાળ, ત્રિશૂલની અણી, સૂળીનો અગ્ર ભાગ, સ્ત્રીની યોનિ.

सम्बाधन न० પીડવું, દુઃખ દેવું, પીડા, દુઃખ.

सम्बुद्ध पु० બુદ્ધાવતાર.

सम्बुद्ध त्रि० સારી રીતે બોધ પામેલ, જ્ઞાની,

सम्बुद्धि स्त्री० સારી રીતે બોધ પામવો–જાણવું, વ્યાકરણપ્રસિદ્ધ સંબોધન, સારા પ્રકારનું જ્ઞાન.

सम्बोध पु० સારી રીતે બોધ–જ્ઞાન, ફેંકવું, નાશ.

सम्बोधन न० સારૂં જ્ઞાન, સારી રીતે જણાવવું, બોધ આપવો, સમજાવવું, વ્યાકરણમાં કહેલ એક વિભક્તિ.

सम्बोधना स्त्री० ઉપરના અર્થ.

सम्भली स्त्री० કુટણી સ્ત્રી–પરપુરૂષ સાથે પરસ્ત્રીને જોડી આપનારી સ્ત્રી.

सम्भव पु० ઉત્પત્તિ, ઉત્પન્ન થવું, સંભવવું, થવું, સત્તા, ઉત્કટ કોટીવાળો સંદેહ, સંકેત, હેતુ, અપાય, નાશ, પૌરાણિક મતસિદ્ધ એક પ્રકારની બુદ્ધિ, એ બુદ્ધિનું પ્રમાણ, મરણ.

सम्भव त्रि० મેળવી આપનાર, જોડી દેનાર, મિશ્ર કરનાર.

सम्भवत् त्रि० સંભવતું, હોતું, થતું, ઉત્પન્ન થતું, પેદા થતું.

सम्भव्य पु० કોઠનું ઝાડ.

सम्भव्य त्रि० સારી રીતે હોનાર–થનાર, સંભવને યોગ્ય.

सम्भार पु० પરિપૂર્ણતા, સમૂહ, ઉત્પન્ન થવું, સંભવવું, સામગ્રી.

सम्भार्य त्रि० ભરણ પોષણ કરવા લાયક.

सम्भावन न० તે નામે એક અર્થાલંકાર, વ્યાકરણપ્રસિદ્ધ સંભાવના, આબરૂ, કીર્તિ, પ્રસિદ્ધિ, યોગ્યતા, લાયકાત, ઉત્કટકોટીના સંશયરૂપ એક જ્ઞાન, સંભવવાળું, પૂજા, સંકેત, વિચારવું, માનવું, સત્તા, શક્યપણું, પ્રતિષ્ઠા. માન.

सम्भावना स्त्री० ઉપરના અર્થ.

सम्भावित त्रि० આબરૂદાર, પ્રતિષ્ઠિત, સન્માન પામેલ, કીર્તિવાળું, માનેલ, વિચારેલ, સંભવવાળું.

सम्भावितात्मन् त्रि० ઉદાર સ્વભાવવાળું, માન્ય.

सम्भाषण न० નીચેનો અર્થ.

सम्भाषा स्त्री० ભાષણ, વાતચીત, બોલવું, કહેવું,

सम्भाषित त्रि० ભાષણ કરેલ, બોલેલ, કહેલ, વાતચીત કરેલ.

सम्भाष्य त्रि० બોલવા લાયક, વાતચીત કરવા યોગ્ય.

सम्भिन्न त्रि० ભેદાયેલ, ચીરાયેલ, ઉઘડેલ, ભિન્ન-જુદું, સારી રીતે વિકસેલ.

सम्भु पु० ઉત્પન્ન કરનાર, પેદા કરનાર, માતપિતા.

सम्भुग्न त्रि० વાકું વળી ગયેલ, વાંકું.

सम्भूत त्रि० ઉત્પન્ન થયેલ, સંભવેલ, હોયેલ, થયેલ.

सम्भूतविजय पु० જૈન દર્શનપ્રસિદ્ધ છ શ્રુતકેવલીપૈકી ચોથા શ્રુતકેવલી.

सम्भूति स्त्री० ઉત્પત્તિ. પેદા થવું તે, સંભવ, હોવાપણું.

सम्भूय अव्य० એકઠા મળીને, સાથે થઇને.

सम्भूयकरण न० એકઠા મળીને કરવું, સાથે થઇને કરવું.

सम्भूयकारिन् त्रि० એકઠા મળીને કરનાર, સાથે થઇને કરનાર.

सम्भूयकृत त्रि० એકઠા મળીને કરેલ, સાથે થઇને કરેલ.

सम्भूयसमुत्थान न० મળીને વેપારીઓએ વેપાર વગેરે કરવો, એકત્ર મેળાપના વિષયનો એક વિવાદ.

सम्भृत त्रि० સારી રીતે ભરણ પોષણ કરેલ, એકઠું કરેલ, ધારણ કરેલ.

सम्भृति स्त्री० સારી રીતે પોષણ, તૈયારી, ધારણ કરવું, એકઠું કરવું.

सम्भृत्य त्रि० ભરણ પોષણ કરવા લાયક.

सम्भेद पु० બે નદીઓનું સંગમસ્થાન, સંગમ, સમાગમ, સારી રીતે ભેદાવું, ફૂટવું, મળી જવું, એક રૂપ થવું, એક રૂપપણું.

सम्भोग पु० સારી રીતે ભોગવવું, ઉપભોગ, મૈથુન, મિત્રશાસન ભેદ, હર્ષ, આનંદ, કેલિનાગર-મશ્કરો, શૃંગારની એક અવસ્થા.

सम्भोगिन् त्रि० સારી રીતે ભોગવનાર, મૈથુન કરનાર, હર્ષવાળું, આનંદી.

सम्भोजन न० ભોજન કરવુ, ભોગવવું, જમવું, સારી રીતે ભોજન, સાથે જમવું.

सम्भ्रम पु० ભય વગેરેથી ઉત્પન્ન થયેલ વેગ, ત્વરા, ઉતાવળ, ઉતાવળથી ઉત્પન્ન થતો ભય, આદર, અતિશય ભ્રાંતિ, સૂત્ર, ગભરાટ.

सम्भ्रान्त त्रि० ભય વગેરેથી ઉત્પન્ન થયેલ ભયવાળું, વેગવાળું, ઉતાવળીયું, ગભરાયેલ, આદરવાળું, અતિશય ભ્રાંતિવાળું.

सम्भ्रान्ति स्त्री० અત્યંત ભ્રાંતિ, વેગ, ઉતાવળ, ગભરાટ, ભય.

सम्मत त्रि० માનેલ, કબૂલ કરેલ, માન આપેલ, પ્રિય ઇચ્છેલ, પસંદ કરેલ, અનુમોદેલ.

सम्मति स्त्री० માનવું, કબુલ કરવું, સલાહ, અનુમોદન, ઇચ્છવું, માન આપવું, ઇચ્છા.

सम्मतिदान न० સંમતિ આપવી.

सम्मद पु० હર્ષ, આનંદ, ખુશાલી.

सम्मद त्रि० હર્ષવાળું, આનંદી, ખુશી.

सम्मर्द पु० યુદ્ધ, લડાઇ, અન્યોન્ય ઘર્ષણ, ગીડદી, મર્દન કરવું.

सम्मर्दित त्रि० મર્દન કરેલ, અન્યોન્ય ઘસેલ,

सम्मर्दिन् त्रि० ગીડદીવાળું, અન્યોન્ય ઘર્ષણવાળું.

सम्मातुर पु० સતી સ્ત્રીનો પુત્ર, સારી સ્ત્રીનો છોકરો.

सम्माद पु० હર્ષ, ઉન્માદ, આનંદ.

सम्भान न० માન, આદર, સત્કાર, પૂજા.

सम्मान न० માપવું, માપણી કરવી.

सम्मानन न० सम्मान पु० જુઓ.

सम्मानना स्त्री० ઉપર પ્રમાણે.

सम्मानित त्रि० માન આપેલ, પૂજેલ, સત્કાર કરેલ, આદર આપેલ.

सम्मान्य त्रि० માન આપવા લાયક, પૂજવા યોગ્ય, સત્કાર કરવા લાયક, આદર આપવા યોગ્ય.

सम्मार्जक पु० સાવરણી.

सम्मार्जक त्रि० માર્જન કરનાર, સાફ કરનાર, વાળનાર, શુદ્ધ કરનાર.

सम्मार्जन न० માર્જન કરવું, સાફ કરવું, વાળવું, ઝાડવું, શુદ્ધ કરવું.

सम्मार्जना स्त्री० ઉપરના અર્થ,

सम्मार्जनी स्त्री० સાવરણી.

सम्मित त्रि० તુલ્ય, સમાન, સરખું, તુલ્ય માપનું, માપેલું.

सम्मितता स्त्री० તુલ્યપણું, સમાનપણું, સરખાપણું, માપેલાપણું.

सम्मितत्व न० ઉપરના અર્થ.

सम्मिश्र त्रि० મિશ્ર, શેળભેળ, મિશ્ર કરેલ.

सम्मिश्रित त्रि० ઉપરના અર્થ.

सम्मुख त्रि० સામે આવેલ, સામું, મુખ સામે.

सम्मुखिन् पु० કાચ, આરસી.

सम्मुखीन त्रि० સામે આવનાર, સામે જનાર, સામેનું.

सम्मुग्ध त्रि० મોહિત, ગોહ પામેલ, ગભરાયલું, મુંઝાયેલ.

सम्मुग्धता स्त्री० મોહપણું, મુંઝવણ, ગભરાટ.

सम्मुग्धत्व न० ઉપરના અર્થ,

सम्मूढ त्रि० મોહ પામેલ, મુંઝાયેલ, ગભરાયેલ.

सम्मूढचेतस् त्रि० મોહિત મનવાળું, ગભરાયલા મનવાળું.

सम्मूढचेतस् न० મોહ પામેલું મન, મુંઝાયલું મન, ગભરાયલું મન.

सम्मूढचेतस्क त्रि० सम्मूढचेतस् त्रि० જુઓ.

सम्मूर्च्छज त्रि० ઘાસ વગેરે.

सम्मूर्च्छन न० સારી રીતે વિસ્તાર, ઉન્નતિ, મોહ, મૂર્છા, ઉંચાઇ.

सम्मूर्च्छनोद्भव पु० માછલું.

सम्मृष्ट त्रि० વાળેલ, ઝાડેલ, સાફ કરેલ, શુદ્ધ કરેલ, માખી વગેરે દૂર કરી શુદ્ધ કરેલ, અન્ન વગેરે.

सम्मोद पु० હર્ષ, આનંદ, પ્રીતિ, પ્રેમ.

सम्मोह पु० મોહ, મૂર્ખાઈ, અજ્ઞાન, મૂર્છા, બેભાનીયત.

सम्मोहित त्रि० મોહ પમાડેલ, મોહિત કરેલ.

सम्यक् अव्य० સારૂં, ઠીક, યોગ્ય રીતે, સારી રીતે, સુંદર રીતે, જૂદાપણું સાથે.

सम्यच् त्रि० સારૂં, સુંદર, મનને ગમે એવું, ઘટતું, યોગ્ય, સાચું.

सम्यच् न० સત્ય વાક્ય.

सम्राज् पु० જેણે રાજસૂય યજ્ઞ કર્યો હોય તેવો આખી પૃથ્વીનો મહારાજા–ચક્રવર્તી રાજા.

सयत्न त्रि० યત્નવાળું, પુરૂષાર્થી, મહેનતુ.

सयोनि त्रि० સમાન ઉત્પત્તિસ્થાનવાળું.

सयोनि पु० સગો ભાઇ, સુડી.

सयोनि स्त्री० સગી બહેન.

सँय्यम पु० संयम જુઓ.

सँय्यम त्रि० संयम त्रि० જુઓ.

सर न० પાણી, મીઠું, બાણ, દહીંની તર, દહીંની મલાઇનું માખણ, ભેદવું, તોડવું, જવું, સરકવું, ખસવું.

सर त्रि० ભેદનાર, તોડનાર, જનાર, સરકનાર, ખસનાર.

सरक पु० न० દારૂ પીવાનું પાત્ર, દારૂ પીરસવો, શેલડીનો દારૂ, શેલડીના દારૂનું પાત્ર, ઘાટી મુસાફરોની પંક્તિ.

सरक त्रि० ખસનાર, જનાર, સરકનાર.

सरक न० સરોવર, તળાવ.

सरघा स्त्री० મધમાખી.

सरङ्ग पु० ચાર પગવાળું પ્રાણી, પક્ષી.

सरङ्गी स्त्री० ચાર પગવાળી કોઇપણ સ્ત્રી-જાતિ, પક્ષિણી.

सरज न० માખણ.

सरजस् स्त्री० ઋતુમતી સ્ત્રી, અભડાયલી સ્ત્રી.

सरजस् त्रि० રજવાળું, રજોગુણવાળું.

सरजस् अव्य० રજસહિતપણું.

सरट् पु० વાયુ, મેઘ, કાચંડો, મધમાખી, મોથ.

सरट पु० કાચંડો, કાકીડો.

सरटि पु० વાયુ, મેઘ, મોથ.

सरटी स्त्री० કાચંડી, કાકીડી.

सरटु पु० કાચંડો, કાકીડો.

सरण न० ગમન કરવું, જવું, સરકવું, લોઢાનો મેલ.

सरणा स्त्री० નસોતર, એક જાતનો વેલો.

सरणि स्त्री० માર્ગ, રસ્તો, પંક્તિ, લાઇન, પ્રસારણીનો વેલો, નસોતર.

सरणी स्त्री० ઉપરના અર્થ.

सरण्ड पु० પક્ષી, કામી પુરૂષ, ધૂતારો, રંડીબાજ, કાચંડો, કાકીડો, એક જાતનો દાગીનો.

सरण्डी स्त्री० પક્ષિણી, કામી સ્ત્રી, વ્યભિચારિણી સ્ત્રી, ધૂર્ત સ્ત્રી, કાકીડી, કાચંડી.

सरण्यु पु० વાયુ, મેઘ, મોથ, પાણી, વસન્ત ઋતુ, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सरत् त्रि० સરકતું, ખસતું, જતું.

सरत् न० સૂત્ર, સુતરનો તાંતણો.

सरत्नि पु० रत्नि જુઓ.

सरन्ती स्त्री० સરકતી, ખસતી, જતી સ્ત્રી.

सरपत्रिका स्त्री० કમળનું ઝાડ, કમળનો વેલો.

सरभस त्रि० ઉતાવળીયું, ઉતાવળું, વેગવાળું.

सरभसम् अव्य० વેગથી, ઉતાવળથી.

सरमा स्त्री० તે નામે દેવોની એક કુતરી, હરકોઇ કુતરી, તે નામે એક રાક્ષસી–વિભીષણની પત્ની, કશ્યપ ઋષિની એક પત્ની.

सरयु स्त्री० અયોધ્યાની પાસે વહેતી એક નદી.

सरयु पु० વાયુ, પવન.

सरल पु० એક જાતના દેવદારનું ઝાડ, પીતસાલ વૃક્ષ.

सरल त्रि० સરળ, સીધું, ઉદાર.

सरलद्रव पु० સરલ વક્ષનો રસ–ટારપીન.

सरलनिर्यास पु० ઉપરનો અર્થ.

सरलरस पु० सरलद्रव જુઓ।

सरला स्त्री० त्रिपुटा જુઓ.

सरलाङ्ग पु० શ્રીવેષ્ટ નામે એક ગંધદ્રવ્ય.

सरलाङ्ग त्रि० સીધા અંગવાળું, સીધું.

सरलाङ्ग न० સરળ–સીધું અંગ.

सरस् न० પાણી, સરોવર, તળાવ.

सरस त्रि० રસવાળું, સુકું નહિ તે, ભીનું,

सरस न० સરોવર, તળાવ.

सरसंप्रत न० એક જાતનું ઝાડ–त्रिकण्टक વૃક્ષ.

सरसा स्त्री० ધોળું નસોતર.

सरसिज न० કમળ.

सरसिज पु० સારસ પક્ષી.

सरसिजी स्त्री० સારસ પક્ષિણી.

सरसिजासन पु० બ્રહ્મા.

सरसिजासन त्रि० કમળનાં આસનવાળું.

सरसा स्त्री० સરોવર, તળાવનું, નાસરોવર.

सरसीक पु० સારસ પક્ષી.

सरसीकी स्त्री० સારસ પક્ષિણી.

सरसीरुह न० કમળ.

सरसीरुह पु० સારસ પક્ષી.

सरसीरुही स्त्री० સારસ પક્ષિણી.

सरस्तट પુ૦ સરોવરનો કાંઠો, તળાવનો કીનારો.

सरस्तीर પુ૦ ઉપરનો અર્થ.

सरस्वत् પુ૦ સરોવર, તળાવ, સમુદ્ર, નદ.

सरस्वत् त्रि० રસીક.

सरस्वती स्त्री० નદી, વાણી, ગાય, ઉત્તમ સ્ત્રી, માલકાંકણી, બ્રાહ્મી વનસ્પતિ, સરસ્વતી દેવી, સોમલતા, બુદ્ધની એક શક્તિ, દુર્ગા દેવી, વાણીની અધિષ્ઠાયક દેવી, સરસ્વતી નદી.

सरा स्त्री० પ્રસારણીનો વેલો, પાણીનું ઝરણ.

सराव પુ૦ માટીનું કોડીયું, રામપાતર, શકોરૂં.

सराव त्रि० શબ્દવાળું, શબ્દ કરતું, બૂમ પાડતું.

सरि પુ૦ પાણીનું ઝરણ, ઝરણું.

सरि स्त्री० ઉપરના અર્થ.

सरिका स्त्री० હિંગુપત્રી વનસ્પતિ.

सरित् स्त्री० નદી, સૂત્ર, સૂતર, દુર્ગા દેવી.

सरितांनाथ પુ૦ સમુદ્ર.

सरितांपति પુ૦ સમુદ્ર.

सरित्तनय પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरित्तनुज પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरित्तनूज પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरित्वत् પુ૦ સમુદ્ર.

सरित्पति પુ૦ સમુદ્ર.

सरित्पुत्र પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरित्सुत પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरित्सूनु પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरिदात्मज પુ૦ ગંગાપુત્ર ભીષ્મ.

सरिद्वरा स्त्री० ગંગા નદી.

सरिन्नाथ પુ૦ સમુદ્ર.

सरिन्मुख ન૦ નદીનું મુખ, જ્યાંથી નદી નીકળતી હોય તે સ્થળ.

सरिमन् પુ૦ વાયુ, ગતિ, ગમન, જવું તે.

सरिल ન૦ પાણી.

सरिषप પુ૦ સરસવ.

सरी स्त्री० પાણીની ઝરણ-ઝરણું.

सरीसृप પુ૦ સર્પ-વીછી વગેરે, જ્યોતિષમાં કહેલ મીન-વૃશ્ચિક-કર્ક રાશિ.

सरीसृपी स्त्री० સાપેણ.

सरु પુ૦ તરવાર વગેરેની મુઠ.

सरूप त्रि० સમાન રૂપવાળું, સરખું, સમાન, તુલ્ય.

सरूपता स्त्री० સમાનરૂપવાળાપણું, સરખામણી, તુલ્યતા, સમાનતા.

सरूपत्व ન૦ ઉપરના અર્થ.

सरोग त्रि० રોગવાળું, રોગી.

सरोज ન૦ કમળ.

सरोज પુ૦ સારસ પક્ષી.

सरोज त्रि० સરોવર-તળાવ વગેરેમાં ઉત્પન્ન થયેલ, પાણીમાં ઉત્પન્ન થનાર.

सरोजन्मन् ન૦ કમળ.

सरोजन्मन् પુ૦સારસ પક્ષી.

सरोजन्मन् त्रि० सरोज त्रि० જુઓ.

सरोजन्मन् स्त्री० સારસ પક્ષિણી.

सरोजासन પુ૦ બ્રહ્મા.

सरोजासन त्रि० કમળના આસનવાળું.

सरोजिन् પુ૦ બ્રહ્મા.

सरोजिनी स्त्री० કમળનો વેલો, કમળોનો સમૂહ, કમળ જેમાં ઉગતાં હોય તેવી વાવ.

सरोजी स्त्री० સારસ પક્ષિણી.

सरोत्सव પુ૦ સારસ પક્ષી.

सरोत्सवी स्त्री० સારસ પક્ષિણી.

सरोरुह् ન૦ કમળ.

सरोरुह् પુ૦ સારસ પક્ષિ.

सरोरुह ન૦ કમળ.

सरोरुह પુ૦ સારસ પક્ષી.

सरोरुही स्त्री० સારસ પક્ષિણી.

सरोरुहासन पु० બ્રહ્મા.

सरोरुहासन त्रि० કમળના આસનવાળું.

सरोवर पु० તળાવ, સરોવર.

सर्क पु० વાયુ, મન, પ્રજાપતિ.

सर्ग पु० સ્વભાવ, સૃષ્ટિ, નિર્મોહ, કાવ્ય વગેરેનો ભાગ, નિશ્ચય, મોક્ષ, ઉત્સાહ, અનુમતિ, કબૂલાત, સલાહ.

सर्गबन्ध पु० સર્ગની બાંધણીનું મહાકાવ્ય.

सर्ज् भ्वा० प० स० सेट् અર્જન કરવું, ઉપાર્જવું, મેળવવું.

सर्ज पु० લાખનું ઝાડ, લાખ, પીતશાલ વૃક્ષ.

सर्जक पु० ઉપરના અર્થ.

सर्जगन्धा स्त्री० રાસ્ના વનસ્પતિ.

सर्जन न० સૃષ્ટિ, સૈન્યનો પાછળનો ભાગ.

सर्जनिर्यास पु० સાલ વૃક્ષનો રસ-લાખ.

सर्जनिर्यासक पु० ઉપરનો અર્થ.

सर्जमणि पु० सर्जनिर्यास જુઓ.

सर्जरस पु० सर्जनिर्यास જુઓ.

सर्जि स्त्री० તે નામે એક નદી, સાજીખાર.

सर्जिका स्त्री० ઉપરના અર્થ.

सर्जिकाक्षार पु० સાજીખાર.

सर्जीक्षार पु० સાજીખાર.

सर्जी स्त्री० सर्जि જુઓ.

सर्जीका स्त्री० सर्जि જુઓ.

सर्जीकाक्षार पु० સાજીખાર.

सर्जीक्षार पु० સાજીખાર.

सर्जु पु० વેપારી, વાણીયો.

सर्ज्य पु० सर्जनिर्यास જુઓ.

सर्प पु० નાગકેસર, સર્પ, સાપ, આશ્લેષા નક્ષત્ર, ગમન, ગતિ, જવું તે.

सर्पकङ्काली स्त्री० સર્પના ઝેરનો નાશ કરનાર એક વેલો.

सर्पगन्धा स्त्री० ઉપરના અર્થ.

सर्पघातिन् त्रि० સર્પનો નાશ કરનાર.

सर्पघातिनी स्त्री० सर्पकङ्काली જુઓ.

सर्पण न० સરકવું, ખસવું, જવું.

सर्पत् त्रि० સરકતું, ખસતું, જતું.

सर्पतृण पु० નોળીયો.

सर्पतृणी स्त्री० નોળીયણ.

सर्पदंष्ट्र पु० નાગદંતી વૃક્ષ-જેનો સ્પર્શ કરતાં સર્પની દાઢને સ્પર્શ કરવા જેવું દુઃખ થાય છે.

सर्पदंष्ट्रा स्त्री० સર્પની દાઢ, વૃશ્ચિકાલી લતા.

सर्पदंष्ट्रिका स्त्री० મેંઢાશીંગ વનસ્પતિ.

सर्पदण्डी स्त्री० ગોરક્ષી વૃક્ષ.

सर्पदन्ती स्त्री० નાગદંતી વૃક્ષ.

सर्पदमनी स्त्री० વંધ્યાકર્કોટી વનસ્પતિ.

सर्पनामा स्त्री० સર્પના ઝેરનો નાશ કરનારી એક વનસ્પતિ.

सर्पपुष्पी स्त्री० નાગદન્તી વનસ્પતિ.

सर्पफणज पु० સર્પની ફેણ ઉપર ઉત્પન્ન થતો એક મણિ.

सर्पभुज् पु० મોર પક્ષી, ગરૂડ પક્ષી, નોળીયો.

सर्पमणि पु० સર્પની ફેણ ઉપર ઉત્પન્ન થતો એક મણિ.

सर्पराज् पु० વાસુકિ નામે સર્પોનો રાજા.

सर्पराज पु० ઉપરનો અર્થ.

सर्परिपु पु० ગરૂડ, મોર, નોળીયો.

सर्पलता स्त्री० નાગરવેલ.

सर्पवल्ली स्त्री० નાગરવેલ.

सर्पवैरिन् पु० ગરૂડ, મોર, નોળીયો, જનમેજય રાજા.

सर्पवैरिन् त्रि० સર્પનો શત્રુ.

सर्पवैरिणी स्त्री० ગરૂડ માદા, મોર પક્ષિણી, નોળીયણ.

सर्पशत्रु पु० નોળીયો, મોર, ગરૂડ.

सर्पशत्रु त्रि० સર્પોનો શત્રુ.

सर्पसत्र न० સર્પોનો નાશ કરવા માટે જનમેજય રાજાએ કરેલો એક યજ્ઞ.

सर्पसत्रिन् पु० સર્પોના નાશ માટે યજ્ઞ કરનાર જનમેજય રાજા.

सर्पसहा स्त्री० સર્પના ઝેરનો નાશ કરનાર એક વેલો.

सर्पहन् पु० નોળીયો, ગરૂડ, મોર.

सर्पहन् त्रि० સર્પનો નાશ કરનાર.

सर्पहन्तृ त्रि० સર્પનો નાશ કરનાર.

सर्पहन्तृ पु० નોળીયો, ગરૂડ, મોર.

सर्पहन्त्री स्त्री० ગરૂડ માદા, મોર માદા, નોળીયણ.

सर्पाक्षी स्त्री० गन्धनाकुली નામે એક વેલો.

सर्पाख्य पु० નાગકેસર, મહિષકન્દ ભેદ.

सर्पाङ्गी स्त्री० સર્પના ઝેરનો નાશ કરનારી એક લતા, સિંહલી વનસ્પતિ.

सर्पादन पु० મોર, ગરૂડ, નોળીયો.

सर्पादनी स्त्री० મોર માદા, ગરૂડ માદા, નોળીયણ, નાકુલી વનસ્પતિ.

सर्पाराति पु० ગરૂડ, મોર, નોળીયો.

सर्पारि पु० ઉપરના અર્થ.

सर्पावास न० ચન્દન વૃક્ષ.

सर्पावास पु० સર્પોનું રહેઠાણ.

सर्पाशन पु० મોર પક્ષી, ગરૂડ, નોળીયો.

सर्पाशनी स्त्री० મોર પક્ષિણી, ગરૂડ માદા, નોળીયણ.

सर्पिणी स्त्री० સાપેણ, એક જાતનો છોડ, જનારી સ્ત્રી.

सर्पिन् त्रि० સરકનાર, ખસનાર, જનાર.

सर्पिस् न० ઘી.

सर्पी स्त्री० સાપેણ.

सर्पीष्ट न० ચંદન વૃક્ષ.

सर्पेष्ट न० ચંદન વૃક્ષ.

सर्पेष्ट त्रि० સર્પને પ્રિય.

सर्ब् भ्वा० प० स० सेट् સરકવું, ખસવું, જવું.

सर्व पु० શિવ, વિષ્ણુ.

सर्व त्रि० સંપૂર્ણ, સમગ્ર, બધું, સર્વ.

सर्वसह त्रि० બધું સહન કરનાર.

सर्वसहा स्त्री० પૃથ્વી.

सर्वक त्रि० સકળ, સમગ્ર, બધું, સંપૂર્ણ.

सर्वकर्तृ पु० બ્રહ્મા, પરમેશ્વર.

सर्वकर्मन् न० બધું કામ, સઘળું કાર્ય.

सर्वकर्मीण त्रि० સર્વ કામ કરવામાં સમર્થ.

सर्वकाल पु० સમગ્ર કાળ, બધો કાળ.

सर्वकालम् अव्य० ઉપરના અર્થ.

सर्वकालीन त्रि० સર્વ કાળે હોનાર-થનાર.

सर्वकेशिन् पु० નટ, નાટકીયો.

सर्वक्षार पु० સાબુ.

सर्वग न० પાણી.

सर्वग पु० શિવ, પરમેશ્વર, આત્મા, વાયુ.

सर्वग त्रि० સર્વ સ્થળે જનાર.

सर्वगन्ध पु० પરમેશ્વર.

सर्वगन्ध न० સર્વ સુગંધી દ્રવ્યોના મિશ્રણરૂપ એક પદાર્થ.

सर्वगा स्त्री० કાંગનું ઝાડ.

सर्वगामिन् त्रि० બધે જનાર.

सर्वग्रन्थि पु० પીપરીમૂળ–ગંઠાડા.

सर्वग्रन्थिक पु० ઉપરનો અર્થ.

सर्वङ्कष पु० પાપ.

सर्वङ्कष त्रि० સર્વ કરતાં ચઢીયાતુ, સર્વવ્યાપક.

सर्वङ्कष न० જળ.

सर्वजगत् न० આખું જગત.

सर्वजनीन त्रि० સર્વ માણસોમાં પ્રખ્યાત, સર્વ ઠેકાણે જાણીતું.

सर्वजित् त्रि० સર્વને જિતનાર.

सर्वज्ञ पु० શિવ, બુદ્ધદેવ, જિનદેવ, પરમેશ્વર.

सर्वज्ञ त्रि० બધું જાણનાર.

सर्वज्ञता स्त्री० બધું જાણનારપણું.

सर्वज्ञत्व न० ઉપરનો અર્થ,

सर्वज्ञा स्त्री० દુર્ગા દેવી.

सर्वतःशुभा स्त्री० કાંગનું ઝાડ.

सर्वतस् अव्य० સર્વ તરફથી, ચોતરફથી, બધેથી, બધે ઠેકાણે, ચોતરફ.

सर्वतापन पु० કામદેવ.

सर्वतापन त्रि० બધાને તપાવનાર, સર્વને દુઃખદાયી.

सर्वतिक्ता स्त्री० काकमाची વનસ્પતિ.

सर्वतोभद्र पु० न० ચાર બારણાવાળું એક જાતનું ઘર, પ્રતિષ્ઠા વગેરેમાં પૂજ્ય દેવોનું એક મંડળ, જ્યોતિષમાં કહેલ શુભ–અશુભ જ્ઞાન માટેનું એક ચક્ર, અલંકાર શાસ્ત્રમાં કહેલ બંધભેદરૂપ એક કાવ્ય.

सर्वतोभद्र पु० લીંબડાનું ઝાડ, વિષ્ણુનો એક રથ.

सर्वतोभद्रचक्र न० જ્યોતિષમાં કહેલ શુભ-અશુભ જાણવા માટે એક ચક્ર.

सर्वतोभद्रबन्ध पु० અલંકાર શાસ્ત્રમાં કહેલ એક ચિત્રકાવ્ય.

सर्वतोभद्रमण्डल न० પ્રતિષ્ઠા વગેરેમાં પૂજ્ય દેવોનું એક મંડળ.

सर्वतोभद्रा स्त्री० ગાંભારી વનસ્પતિ, નટની સ્ત્રી, નટી.

सर्वतोमुख न० પાણી, આકાશ.

सर्वतोमुख पु० શિવ, બ્રહ્મા, પરમેશ્વર, આત્મા, બ્રાહ્મણ, સ્વર્ગ, અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सर्वतोमुख त्रि० સર્વવ્યાપક, સર્વ તરફ મુખવાળું.

सर्वत्र अव्य० સઘળે, બધે, સર્વ દેશમાં, સર્વ કાળે, સર્વ દિશામાં, બધે ઠેકાણે.

सर्वत्रग त्रि० બધે ઠેકાણે જનાર.

सर्वत्रग पु० વાયુ, પરમેશ્વર.

सर्वत्रगामिन् पु० ઉપરના અર્થ.

सर्वत्रगामिन् त्रि० બધે ઠેકાણે જનાર.

सर्वथा अव्य० સર્વ પ્રકારે, અત્યંત, પ્રતિજ્ઞામાં તથા હેતુમાં વપરાય છે.

सर्वदम पु० શકુંતલાપુત્ર ભરત રાજા.

सर्वदम त्रि० બધાંને દમનાર–દુઃખ દેનાર.

सर्वदमन त्रि० ઉપરનો અર્થ.

सर्वदमन पु० सर्वदम पु० જુઓ.

सर्वदर्शिन् पु० બુદ્ધદેવ, જિનદેવ, પરમેશ્વર.

सर्वदर्शिन् त्रि० બધું જોનાર.

सर्वदर्शिनी स्त्री० બધું જોનારી સ્ત્રી, દુર્ગા દેવી.

सर्वदा अव्य० સર્વ કાળે, હમેશ.

सर्वदुःखक्षय पु० મોક્ષ, સર્વ દુઃખોનો નાશ.

सर्वदेवमुख पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सर्वद्रष्टृ पु० सर्वदर्शिन् पु० જુઓ.

सर्वद्रष्टृ त्रि० सर्वदर्शिन् त्रि० જુઓ.

सर्वयज्ञ् त्रि० સર્વને પૂજનાર.

सर्वधुरावह त्रि० સર્વ ભારને ઉપાડનાર બળદ વગેરે.

सर्वधुरीण त्रि० સમગ્ર ભારને ઉપાડનાર બળદ વગેરે.

सर्वनामता स्त्री० સર્વનામપણું.

सर्वनामत्व न० સર્વનામપણું.

सर्वनामन् न० વ્યાકરણપ્રસિદ્ધ સર્વનામ.

सर्वनाश पु० સર્વનો નાશ.

सर्वनाशक त्रि० સર્વનો નાશ કરનાર.

सर्वनाशन त्रि० ઉપરનો અર્થ.

सर्वन्दम पु० દુષ્યંતપુત્ર ભરત રાજા.

सर्वपा त्रि० સર્વનું રક્ષણ કરનાર.

सर्वपा स्त्री० બલિ રાજાની સ્ત્રી.

सर्वपूर्ण पु० પરમાત્મા.

सर्वपूर्णता स्त्री० સામગ્રી, તૈયારી, સર્વ પ્રકારની પૂર્ણતા, મોક્ષ.

सर्वपूर्णत्व न० ઉપરના અર્થ.

सर्वप्रहरणायुध पु० વિષ્ણુ.

सर्वप्रिय त्रि० સર્વને પ્રિય, બધાંને વહાલું.

सर्वभक्ष पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ, બકરો.

सर्वभक्ष त्रि० બધું ખાનાર, બધાંનું ખાનાર.

सर्वभक्षक त्रि० ઉપરના અર્થ.

सर्वभक्षक पु० सर्वभक्ष पु० જુઓ.

सर्वभक्षकी स्त्री० બકરી.

सर्वभक्षा स्त्री० બકરી.

सर्वभक्ष्य पु० सर्वभक्ष पु० જુઓ.

सर्वभक्ष्य त्रि० બધું ખાનાર.

सर्वभक्ष्या स्त्री० બકરી.

सर्वभृत् त्रि० સર્વનું ભરણ પોષણ કરનાર, સર્વને ધારણ કરનાર.

सर्वमङ्गला स्त्री० દુર્ગા દેવી.

सर्वमय पु० પરમાત્મા, પરમેશ્વર.

सर्वमय त्रि० સઘળાસ્વરૂપ, સમગ્રમય.

सर्वमही स्त्री० આખી પૃથ્વી.

सर्वमहीन पु० નીચેનો શબ્દ જુઓ.

सर्वमहीश पु० આખી પૃથ્વીનો રાજા–ચક્રવર્તી રાજા.

सर्वमहीश्वर पु० ઉપરનો અર્થ.

सर्वमूल्य न० કોડી, કોડું.

सर्वमूषक पु० કાળ, સમય.

सर्वरस पु० બધો રસ, શાલરસ–લાખ, વીણા વગેરે વાદિત્ર, પંડિત, ખારો રસ, પરમેશ્વર.

सर्वरसोत्तम पु० ખારો રસ.

सर्वरात्र पु० આખી રાત્રિ,સમગ્ર રાત્રી.

सर्वरी स्त्री० રાત્રિ, હળદર.

सर्वरीकर पु० ચંદ્ર, કપૂર.

सर्वरीनाथ पु० ચંદ્ર, કપૂર.

सर्वरीपति पु० ચંદ્ર, કપૂર.

सर्वरीश पु० ચંદ્ર, કપૂર.

सर्वरीश्वर पु० ચંદ્ર, કપૂર.

सर्वरीस्वामिन् पु० ચંદ્ર, કપૂર.

सर्वर्तुपरिवर्त पु० વર્ષ, વરસ.

सर्वला स्त्री० તોમર નામનું અસ્ત્ર.

सर्वलिङ्गिन् पु० પાખંડ વેશધારી, પાખંડી.

सर्वली स्त्री० તોમર નામનું અસ્ત્ર.

सर्वलोक पु० આખું જગત, બધો લોક.

सर्वलोकेश पु० પરમેશ્વર,

सर्वलोकेश्वर पु० પરમેશ્વર.

सर्वलोह पु० આખું લોઢાનું બાણ.

सर्वलौह पु० ઉપરનો અર્થ.

सर्ववर्णिका स्त्री० ગાંભારી વનસ્પતિ.

सर्ववल्लभ त्रि० સર્વને પ્રિય.

सर्ववल्लभा स्त्री० વેશ્યા સ્ત્રી, વ્યભિચારિણી સ્ત્રી.

सर्वविद् पु० સર્વજ્ઞ પરમેશ્વર.

सर्वविद् त्रि० બધું જાણનાર, સર્વ જાણનાર.

सर्ववेद पु० સર્વ વેદાધ્યયન કરનાર.

सर्ववेद त्रि० સર્વ જાણનાર.

सर्ववेदस् पु० જેમાં સર્વસ્વ દક્ષિણા હોય છે તે વિશ્વજિત નામે યજ્ઞ કરનાર.

सर्ववेदस न० વિશ્વજિત નામના યજ્ઞમાં દક્ષિણા તરીકે વિધાન કરેલ ઘરનું સર્વસ્વ–ધન.

सर्ववेदिन् पु० સર્વજ્ઞ પરમેશ્વર.

सर्ववेदिन् त्रि० સર્વ જાણનાર, સર્વજ્ઞ.

सर्ववेशिन् पु० સર્વના વેશ લેનાર નટ, નાટકીયો.

सर्वसंसर्गलवण न० એક જાતનું મીઠું.

सर्वसङ्गत पु० એક જાતનું ધાન્ય.

सर्वसन्नहन न० ચતુરંગી સૈન્ય તૈયાર કરી યુદ્ધ માટે પ્રયાણ.

सर्वसन्नाह पु० ઉપરનો અર્થ.

सर्वसह पु० ગુંગળ.

सर्वसह त्रि० સર્વ સહન કરનાર, બધું સહેનાર.

सर्वसिद्धि पु० શ્રીફળ.

सर्वसिद्धि त्रि० સમગ્ર અર્થનું સાધન.

सर्वसिद्धि स्त्री० સમગ્ર સિદ્ધિ.

सर्वस्व न० સમગ્ર ધન.

सर्वस्वदक्षिण पु० જેમાં ઘરના સમગ્ર ધનની દક્ષિણા હોય છે તે વિશ્વજિત યજ્ઞ.

सर्वस्वहरण न० સમગ્ર ધનનું હરણ.

सर्वस्वामिन् पु० સમગ્રનો સ્વામી.

सर्वहरण न० સમગ્રનું હરણ, બધું લઈ લેવું તે.

सर्वहार पु० ઉપરના અર્થ.

सर्वहित न० મરી, તીખાં.

सर्वहित त्रि० સઘળાંને હિતનું કારણ.

सर्वाङ्ग न० સઘળું અંગ, સમગ્ર અંગ.

सर्वाङ्गसुन्दर पु० એક જાતનું ઔષધ.

सर्वाङ्गसुन्दर त्रि० સર્વાંગે સુંદર.

सर्वाङ्गीण त्रि० સર્વ અવયવમાં વ્યાપક, સર્વ અંગમાં વ્યાપક.

सर्वाणी स्त्री० દુર્ગા દેવી.

सर्वात्मक त्रि० સર્વમય, સર્વસ્વરૂપ.

सर्वात्मन् पु० પરમાત્મા, પરમેશ્વર.

सर्वानुकरण न० સઘળાંનું અનુકરણ, બધાંની નકલ કરવી તે.

सर्वानुकार पु० ઉપરના અર્થ.

सर्वानुकारिन् त्रि० સઘળાંનું અનુકરણ કરનાર, સર્વસમાન.

सर्वानुकारिणी स्त्री० શાલપર્ણી વનસ્પતિ.

सर्वानुभूति स्त्री० ધોળું નસોતર.

सर्वानुभूति त्रि० તત્વજ્ઞાની.

सर्वानुभूति पु० તે નામે એક જિન દેવ.

सर्वान्न न० સઘળું અન્ન, સઘળાંનું અન્ન.

सर्वान्नभक्षक त्रि० સઘળું અન્ન ખાનાર, સઘળાંનું અન્ન ખાનાર.

सर्वान्नभक्षिन् त्रि० ઉપરના અર્થ.

सर्वान्नभोजिन् त्रि० सर्वान्नभक्षक જુઓ.

सर्वान्नीन त्रि० सर्वान्नभक्षक જુઓ.

सर्वाभिसन्धक त्रि० સર્વને છેતરનાર, બધાની નિંદા કરનાર.

सर्वाभिसन्धक पु० કપટી–પાખંડી તાપસ.

सर्वाभिसन्धिन् पु० ઉપરનો અર્થ.

सर्वाभिसन्धिन् त्रि० सर्वाभिसन्धक જુઓ.

सर्वाभिसार पु० ચતુરંગી સેનાને તૈયાર કરી યુદ્ધ માટે પ્રયાણ.

सर्वार्थसिद्ध पु० બુદ્ધ દેવ.

सर्वार्थसिद्ध त्रि० સમગ્ર ઇષ્ટ સિદ્ધિવાળું, જેના સર્વ મનોરથ પૂરા થયા હોય તે.

सर्वार्थानुसाधिनी स्त्री० દુર્ગા દેવી.

सर्वावसर पु० અર્ધ રાત્રિ, મધરાત.

सर्वाशिन् त्रि० બધું ખાનાર, બધાંનું ખાનાર.

सर्वास्त्र त्रि० સઘળાં અસ્ત્રોવાળું, સર્વ અસ્ત્રો ધારણ કરનાર.

सर्वास्त्रमहाज्वाला स्त्री० જૈનદર્શનપ્રસિદ્ધ સોળ વિદ્યાદેવીઓ પૈકી અગીઆરમી વિદ્યા દેવી.

सर्वास्त्रा स्त्री० તે નામે એક દેવી.

सर्वाह्ण पु० આખો દિવસ.

सर्वाह्णकृत त्रि० આખા દિવસમાં કરેલ.

सर्वीय त्रि० સર્વનું, બધાનું, સઘળાંનું, સર્વસંબંધી.

सर्वेश पु० સઘળાનો ઇશ્વર–પરમેશ્વર, શિવ.

सर्वेश्वर पु० ઉપરનો અર્થ.

सर्वौघ पु० એકત્ર મળેલ સમગ્ર સૈન્યનો ધસારો, સમગ્ર જળનો વેગ.

सर्वौषधि स्त्री० કુષ્ઠ-જટામાંસી-હળદર-વજ-શિલાજિત-ચંદન-મોરવેલ-ચંપો-કપૂર-મોથ-એ સર્વ ઔષધિ.

सर्वौषधिगण पु० ઉપરનો અર્થ.

सर्षप पु० સરસવ, એક જાતનું માછલું, જાળીયામાં સૂર્યના પ્રકાશની અંદર દેખાતી ચોવીસ રજકણ બરોબર એક વજન.

सर्षपतैल ન० સરસવનું તેલ, સરસીયું તેલ.

सर्षपी स्त्री० खञ्जनिका પક્ષિ.

सल् षल् જુઓ.

सल ન० પાણી.

सलज्ज त्रि० લાજવાળું, શરમવાળું, શરમાળ.

सलिल ન० પાણી, ઉત્તરાષાઢા નક્ષત્ર, લગ્નાવધિક ચોથું સ્થાન.

सलिलकुन्तल પુ० પાણીનો વાળ–શેવાળ.

सलिलकृति स्त्री० सलिलक्रिया જુઓ.

सलिलकृत्य ન० सलिलक्रिया જુઓ.

सलिलक्रिया स्त्री० મરેલાને ઉદ્દેશી જલપ્રદાન વગેરે ઉત્તર ક્રિયા.

सलिलज ન० કમળ.

सलिलज त्रि० પાણીમાં ઉત્પન્ન થનાર.

सलिलनिधि पु० સમુદ્ર.

सलिलनिलय पु० જલચર પ્રાણી, મીન તથા કર્ક રાશિ.

सलिलरय पु० પાણીનો વેગ.

सलिलराशि पु० સમુદ્ર.

सलिलेन्धन पु० વડવાનળ અગ્નિ.

सलील त्रि० લીલાવાળું, વિલાસયુક્ત.

सल्लकी स्त्री० એક વનસ્પતિ–જેને હાથી બહુ ખાય છે.

सव पु० યજ્ઞ, સંતાન, સૂર્ય, આકડાનું ઝાડ.

सव ન० પાણી.

सवन ન० યજ્ઞના અંગરૂપ સ્નાન, સોમરસ કાઢવો, સોમ પાન કરવું, યજ્ઞ, પ્રસવ, દારૂ કાઢવો.

सवयस् त्रि० મિત્ર, સોબતી, સમાન વયવાળું.

सवर्ण पु० તુલ્યરૂપ, એક જાતનું, સમાન રંગનું, વર્ણ સહિત, સજાતીય, સમાન.

सवर्णन ન० તુલ્યરૂપતા કરવી, એકરૂપ કરવું, સમાન કરવું, સજાતીય કરવું.

सवर्णसंज्ञक त्रि० સજાતીય સંજ્ઞાવાળું.

सवर्णसंज्ञा स्त्री० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ અક્ષરોની સજાતીય સંજ્ઞા.

सवर्णा स्त्री० સૂર્યની એક સ્ત્રી, સમાન વર્ણની સ્ત્રી.

सवलि पु० સાયંકાળ.

सवहा स्त्री० નસોતર.

सवास त्रि० વાસવાળું, સહવાસવાળું, વાસવાળું, ગંધવાળું.

सवासस् त्रि० વેગવાળું, વસ્ત્રવાળું, વસ્ત્રસહિત.

सविकल्पक ન० વેદાંતપ્રસિદ્ધ એક સમાધિ, ન્યાયમાં કહેલ એક જ્ઞાન.

सविकाश त्रि० પ્રફુલ્લ, વિકસેલ, સંકોચ વગરનું.

सविचारा स्त्री० પાતંજલ યોગશાસ્ત્રપ્રસિદ્ધ એક સમાધિ.

सवितर्क त्रि० તર્કવાળું, તર્કસહિત.

सवितर्का स्त्री० પાતંજલ યોગદર્શનપ્રસિદ્ધ એક સમાધિ.

सवितृ पु० જગત્સ્રષ્ટા પરમેશ્વર, સૂર્ય, આકડાનું ઝાડ, હસ્ત નક્ષત્ર.

सवितृदेवत पु० હસ્ત નક્ષત્ર.

सवितृदैवत पु० હસ્ત નક્ષત્ર.

सवित्र ન० ઉત્પત્તિનું કારણ, જન્મનું કારણ.

सवित्रिय त्रि० પરમેશ્વર સંબંધી, પરમેશ્વરનું, સૂર્યસંબંધી, સૂર્યનું.

सवित्री स्त्री० માતા, મા.

सविद्य त्रि० વિદ્યાવાળું, વિદ્વાન, ભણેલ.

सविध त्रि० સમીપનું, પાસેનું, પાસે, નજદીકનું, પ્રકારવાળું, વિધાનવાળું.

सविनय त्रि० વિનયવાળું, વિનયી.

सविस्मय त्रि० વિસ્મયવાળું, વિસ્મય પામેલ, આશ્ચર્ય પામેલ.

सवीज पु० પાતંજલ યોગશાસ્ત્રમાં કહેલ એક સમાધિ.

सवीज त्रि० બીજવાળું, મૂળકારણવાળું.

सवीजयोग पु० સબીજ સમાધિયોગ.

सवृद्धिक त्रि० વૃદ્ધિવાળું, વ્યાજવાળું, વ્યાજસહિત.

सवेश त्रि० સમીપનું, પાસેનું, નજદીકનું, પાસે.

सवेश त्रि० વેશવાળું, વેશસહિત.

सव्य त्रि० ડાબું, જમણું, પ્રતિકૂલ, વિરૂદ્ધ.

सव्य पु० વિષ્ણુ.

सव्यथ त्रि० વ્યથાવાળું, પીડાવાળું, દુઃખી.

सव्यभिचार त्रि० વ્યભિચારવાળું, વ્યભિચારી.

सव्यसाचिन् पु० અર્જુન, સાદડાનું ઝાડ.

सव्याज त्रि० બહાનાવાળું, મિષવાળું, કપટવાળું, કપટી.

सव्येष्टृ पु० રથ હાંકનાર, સારથિ.

सव्येष्ठ पु० ઉપરના અર્થ.

सव्रीड त्रि० લાજવાળું, શરમવાળું, શરમાળ.

सशङ्क त्रि० શંકાવાળું, શંકાસહિત.

सशस्य त्रि० ધાન્યવાળું, ધાન્યસહિત.

सशस्या स्त्री० નાગદંતી વનસ્પતિ.

सशोक त्रि० શોકવાળું, શોકસહિત, દીલગીર.

सश्मश्रु स्त्री० દાઢી મૂછવાળી સ્ત્રી.

सस् अक० प० स० सेट् જવું.

ससत्त्व त्रि० સત્વવાળું, પરાક્રમી, ધીરજવાળું, ધીર, પ્રાણીવાળું.

ससत्त्वा स्त्री० ગર્ભિણી સ્ત્રી.

ससन न० યજ્ઞ માટે પશુને હણવું તે.

ससाध्वस त्रि० ભય પામેલ, બીધેલ.

ससीमम् अव्य० સમીપ, પાસે, નજીક.

ससौष्ठव त्रि० ઉત્તમ, શ્રેષ્ઠ, ઉતાવળું, સુંદરતાવાળું.

सस्ज् षस्ज् જુઓ.

सस्तर पु० પાંદડાં વગેરેની શય્યા.

सस्य न० વૃક્ષ વગેરેનું ફળ, ખેતરમાં રહેલું ધાન્ય, ગુણ, શસ્ત્ર.

सस्यक पु० એક જાતનો મણિ, તરવાર.

सस्यमारिन् पु० ઉંદર.

सस्यमारिन् त्रि० વૃક્ષ વગેરેના ફળનો નાશ કરનાર, ખેતરના ધાન્યનો નાશ કરનાર, ગુણનો નાશ કરનાર.

सस्यमारिणी स्त्री० ઉંદરડી.

सस्यशीर्षक न० અનાજનું ડુંડું.

सस्यशूक न० ધાન્ય વગેરેનો અગ્રભાગ.

सस्यसंवर पु० શાળનું ઝાડ.

सस्यसंवरण पु० અશ્વકર્ણ વૃક્ષ.

सस्याद् त्रि० ધાન્ય ખાનાર, ખેતરમાં રહેલા અનાજને ખાનાર, વૃક્ષ વગેરેના ફળને ખાનાર.

सस्येष्टि स्त्री० નવું ધાન્ય નીપજી રહે તે વેળા કરવાનો એક યજ્ઞ.

सस्वाद त्रि० સ્વાદવાળું, સ્વાદિષ્ટ.

सस्वेद त्रि० પરસેવાવાળું, ધામવાળું.

सस्वेदा स्त्री० દૂષિત કન્યા.

सह् षह् ધાતુ જુઓ.

सह अव्य० સાથે, સહિતપણું, સમગ્રપણું, સમાનતા, એકી સાથેપણું, વિદ્યમાનતા, સમૃદ્ધિ, સંબંધ, સામર્થ્ય–એ અર્થોમાં વપરાય છે.

सह पु० માગશર મહિનો.

सह पु० न० એક જાતનું મીઠું–ગંધલવણ, બળ, જોર.

सह त्रि० સહન કરનાર, ખમનાર, સહનશીલ.

सहकार पु० અત્યંત દૂર સુધી જનાર સુગંધીવાળો આંબો, સાથે કામ કરવું.

सहकारिता स्त्री० સહાયકપણું, સાથે કામ કરનારપણું, મદદ.

सहकारित्व न० ઉપરના અર્થ.

सहकारिन् त्रि० સાથે રહી કામ કરનાર, સહાયક, મદદગાર.

सहकारिन् पु० પોતાથી ભિન્ન રહી પોતાનું કાર્ય કરનાર એક હેતુ,

सहगत त्रि० સાથે ગયેલ.

सहगति स्त्री० નીચેનો શબ્દ જુઓ.

सहगमन न० સાથે જવું, પતિ સાથે પત્નીએ મરી જવું તે.

सहगामिता न० સાથે જનારપણું.

सहगामित्व न० સાથે જનારપણું.

सहगामिन् त्रि० સાથે જનાર.

सहगामिनी स्त्री० મરણ પામેલા પતિ સાથે મરનારી સ્ત્રી.

सहचर पु० પીળી ઝીંઝોટી, કાળી ઝીંઝોટી, મિત્ર, ખોબતી, ગોઠીયો, ઝીંઝોટી વનસ્પતિ, પતિ, સ્વામી, ધણી.

सहचर त्रि० સાથે જનાર, સહાયક, અનુચર, સેવક, પ્રતિબંધક.

सहचरत् त्रि० સાથે જતું, સાથે ફરતું, સાથે ચાલતું.

सहचरी स्त्री० પીળી ઝીંઝોટી, સખી, બહેનપણી, સોભાગણ, ધર્મપત્ની.

सहचार पु० સાથે ફરવું, સાથે જવું, સાથે ચાલવું.

सहचारिन् पु० सहचर पु० જુઓ.

सहचारिन् त्रि० सहचर त्रि० જુઓ.

सहचारिणी स्त्री० सहचरी જુઓ.

सहज पु० સગો ભાઇ, જ્યોતિષમાં કહેલ જન્મ લગ્નથી ત્રીજું સ્થાન.

सहज त्रि० સાથે ઉત્પન્ન થનાર, સ્વાભાવિક, સ્વતઃસિદ્ધ.

सहजमित्र न० સ્વભાવસિદ્ધ મિત્ર-ભાણેજ વગેરે.

सहजवैरिन् पु० સ્વભાવસિદ્ધ શત્રુ-સાવકા ભાઈ-કાકાનો છોકરો વગેરે.

सहजशत्रु पु० ઉપરના અર્થ.

सहजसुहृद् पु० सहजमित्र જુઓ.

सहजा स्त्री० સગી બહેન.

सहजारि पु० सहजवैरिन् જુઓ.

सहजेतर त्रि० સ્વાભાવિક ન હોય તે, સ્વતઃસિદ્ધ ન હોય તે.

सहण्डुक न० એક જાતનું પક્વ માંસ.

सहता स्त्री० સાથેપણું, સહન કરનારપણું.

सहत्व न० ઉપરના અર્થ.

सहदेव पु० માદ્રીનો પુત્ર તે નામે એક પાંડવ.

सहदेवा स्त्री० બલા વનસ્પતિ, દંડોત્પલ વનસ્પતિ, ઉંપલસરી વનસ્પતિ.

सहदेवी स्त्री० સર્પાક્ષી વનસ્પતિ, પીળી દંડોત્પલ વનસ્પતિ.

सहदेव्यादि पु० પ્રતિષ્ઠાના દેવોને સ્નાનમાં ઉપયોગી એક દ્રવ્યસમૂહ.

सहधर्मिणी स्त्री० પત્ની, ભાર્યા.

सहधर्मिन् त्रि० સમાન ધર્મવાળું, પોતાના સમાન ધર્મ પાળનાર.

सहन न० સહન કરવું, સહેવું, ખમવું, ક્ષમા.

सहन त्रि० સહન કરનાર, સહેનાર, ખમનાર, સહનશીલ, ક્ષમાવાળું.

सहनर्तक त्रि० સાથે નાચનાર, સાથે નૃત્ય કરનાર.

सहनर्तन न० સાથે નાચવું, સાથે નૃત્ય કરવું.

सहनृत्त न० ઉપરના અર્થ.

सहनृत्य न० सहनर्तन જુઓ.

सहपान न० સાથે પીવું, એક સ્થળે મળીને દારૂ વગેરે પીવો તે.

सहपायिन् त्रि० સાથે પીનાર, એક સ્થળે મળીને દારૂ વગેરે પીનાર.

सहपांशुकिल पु० મિત્ર, બાલમિત્ર, ધૂળીયો ગોઠીયો.

सहभाविन् त्रि० સહાયક, મદદગાર, સાથે હોનાર–થનાર.

सहभाविनी स्त्री० સહાયક સ્ત્રી, સોબતણ, સાથે હોનારી–થનારી.

सहभोजन न० સાથે જમવું.

सहभोजिन् त्रि० સાથે જમનાર.

सहम न० જ્યોતિષપ્રસિદ્ધ એક રાશિભેદ.

सहमरण न० મરેલા પતિની સાથે એક ચિતામાં પત્નીએ બળી મરવું તે.

सहमृति स्त्री० ઉપરનો અર્થ.

सहमृत्यु पु० सहमरण જુઓ.

सहरस त्रि० રસવાળું, રસિક, રસાળ.

सहरसा स्त्री० मुद्गपर्णी વનસ્પતિ–જંગલી મગ.

सहरि पु० સૂર્ય, આકડાનું ઝાડ, બળદ.

सहर्ष पु० સ્પર્ધા કરવી, હર્ષ, આનંદ.

सहर्ष त्रि० હર્ષવાળું, આનંદી, સ્પર્ધા કરનાર.

सहस् न० બળ, તેજ.

सहस् पु० માગશર મહિનો.

सहस त्रि० હાસ્યવાળું, હસતું.

सहसा अव्य० એકાએક, અકસ્માત, એકદમ, હઠથી.

सहसादृष्ट पु० દત્તક પુત્ર.

सहसान पु० બલિદાન, મોર પક્ષી.

सहसानी स्त्री० મોર પક્ષિણી.

सहस्य पु० પોષ મહિનો.

सहस्र न० એક હજારની સંખ્યા, બહુ સંખ્યા, બહુ સંખ્યાવાળું, મોટી સંખ્યા.

सहस्रकर पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सदस्रकाण्डा स्त्री० ધોળી ધ્રોખડ.

सहस्रकिरण पु० सहस्रकर જુઓ.

सहस्रकृत्वस् अव्य० હજારવાર.

सहस्रद त्रि० હજાર આપનાર, ઘણું દાન કરનાર, ઉદાર.

सहस्रदंष्ट्र पु० હજાર દાઢવાળું એક માછલું.

सहस्रदंष्ट्रिन् पु० ઉપરનો અર્થ.

सहस्रदंष्ट्री स्त्री० હજાર દાઢવાળી એક માછલી.

सहस्रदल पु० સારસ પક્ષી.

सहस्रदल न० કમળ.

सहस्रदली स्त्री० સારસ પક્ષિણી.

सहस्रधा अव्य० હજાર પ્રકારે, અનેક પ્રકારે, ઘણા પ્રકારે.

सहस्रधारा स्त्री० હજારગણી ધારા, અનેક ધારા, ઘણી ધાર.

सहस्रनयन पु० ઇન્દ્ર, ઘુવડ પક્ષી.

सहस्रनयनी स्त्री० ઘુવડ માદા.

सहस्रनेत्र पु० ઇન્દ્ર, ઘુવડ પક્ષી.

सहस्रनेत्री स्त्री० ઘુવડ માદા.

सहस्रपत्र न० કમળ.

सहस्रपत्र पु० સારસ પક્ષી.

सहस्रपत्री स्त्री० સારસ પક્ષિણી.

सहस्रपाद् पु० વિષ્ણુ, પરમેશ્વર.

सहस्रपाद पु० ઉપરના અર્થ, સૂર્ય, આકડાનું ઝાડ, કારંડવ પક્ષી.

सहस्रपादी स्त्री० કારંડવ પક્ષિણી.

सहस्रबाहु पु० કાર્તવીર્ય–સહસ્રાર્જુન, બાણાસુર, વિષ્ણુ, પરમેશ્વર.

सहस्रबाहु स्त्री० લક્ષ્મી દેવી.

सहस्रभुज पु० सहस्रबाहु पु० જુઓ.

सहस्रभुजा स्त्री० લક્ષ્મી દેવી.

सहस्रमूर्द्धन् पु० વિષ્ણુ, પરમેશ્વર.

सहस्रमूली स्त्री० द्रवन्तीનો વેલો.

सहस्ररश्मि पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सहस्रवीर्या स्त्री० દૂર્વા–ધ્રોખડ, મહાશતાવરી વનસ્પતિ.

सहस्रवेध न० चुक्र એક જાતની કાંજી.

सहस्रवेधिन् न० હીંગ, પાણીમાં થતું એક જાતનું નેતર.

सहस्रवेधिन् पु० કસ્તૂરી.

सहस्रवेधिन् त्रि० હજારને વીંધનાર, ઘણાંને વીંધી નાખનાર.

सहस्रशस् अव्य० હજારો, અનેક.

सहस्रशीर्षन् पु० सहस्रमूर्द्धन् જુઓ.

सहस्रा स्त्री० અંબષ્ઠા વનસ્પતિ.

सहस्रांशु पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सहस्राक्ष पु० ઇન્દ્ર, ઘુવડ પક્ષી, વિષ્ણુ, પરમેશ્વર.

सहस्राक्ष त्रि० હજાર નેત્રોવાળું.

सहस्राक्षी स्त्री० ઘુવડ માદા.

सहस्रार न० મસ્તકમાં સુષુમ્ણા નાડીની વચ્ચે આવેલું એક હજાર પાંખડીવાળું કમળ.

सहस्रिन् पु० હજારોના સૈન્યવાળો રાજા, હજાર દાઢવાળું, એક માછલું.

सहस्रिन् त्रि० હજારવાળું હજારોવાળું.

सहा स्त्री० જંગલી મગ, એક જાતની કુંવાર, પૃથ્વી, રાસ્ના વનસ્પતિ, સોનામુખી, નખભેષજ ઔષધિ, સાપનું ઝેર ઉતારનારી એક વનસ્પતિ, નારીપુષ્પ, ધોળી ઝીંઝોટી.

सहाचर पु० પીળી ઝીંઝોટી વનસ્પતિ.

सहाय त्रि० સહાયક, મદદગાર, સોબતી, પોતાને અનુકૂલ.

सहायता स्त्री० સહાયપણું, મદદ, સહાયનો સમુદાય, મદદગાર થવું, સોબત, સંગત.

सहायत्व न० સહાયપણું, મદદ, સોબત, સંગત.

सहायवत् त्रि० સહાયવાળું, મદદવાળું, સોબતીવાળું.

सहार पु० આંબાનું ઝાડ, મહાપ્રલય, મોટો સંહાર.

सहार त्रि० હારવાળું, હારસહિત.

सहारोग्य त्रि० આરોગ્યવાળું, તંદુરસ્ત, નીરોગી, રોગરહિત.

सहासन न० સાથે આસન, એક આસન ઉપર બેસવું તે.

सहित त्रि० સાથે, સાથેનું, સારી રીતે હિતકારક, સાથે ઉચ્ચારેલ, સાથે કહેલ, હિતસહિત.

सहितृ त्रि० સહન કરનાર, સહેનાર, ખમનાર, સહનશીલ.

सहित्र न० સહનસાધન એક ધર્મ.

सहिष्णु त्रि० સહનશીલ, સહન કરનાર, સહેનાર, ક્ષમા કરનાર.

सहिष्णुता स्त्री० સહનશીલપણું, ક્ષમા, તાઢ-તાપ વગેરે વિરૂદ્ધ બન્ને ધર્મો સહન કરવા.

सहिष्णुत्व न० ઉપરના અર્થ.

सहुरि पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सहुरि स्त्री० પૃથ્વી.

सहृदय त्रि० હૃદયવાળું, શ્રેષ્ઠ મનવાળું, વિદ્વાન, પંડિત, શાસ્ત્રીય અર્થભાવનાથી પરિપક્વ બુદ્ધિવાળું.

सहृदयता स्त्री० શ્રેષ્ઠ મનવાળાપણું, વિદ્વત્તા.

सहृदयत्व न० ઉપરના અર્થ.

सहृलेख पु० દૂષિત અન્ન, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક યંત્ર.

सहृल्लेख त्रि० આનંદવાળું, હર્ષવાળું, ખુશી, શોકવાળું.

सहेल त्रि० ગમન કરનાર, મોજીલું, ખુશમાં રહેનાર.

सहोक्ति स्त्री० સાથે કહેવું, એક ઉક્તિ, તે નામે એક અર્થાલંકાર.

सहोटज पु० મુનીઓની પર્ણશાળા, પાંદડાં વગેરેથી બનાવેલ ઝુંપડી.

सहोढ पु० જેનો ગર્ભ ન જણાયો હોય તેવી ગર્ભિણી અવસ્થામાં પરણેલી સ્ત્રીનો ગર્ભ.

सहोढज पु० જેનો ગર્ભ ન જણાયો હોય તેવી ગર્ભિણી અવસ્થામાં પરણેલી સ્ત્રીનો તે ગર્ભથી ઉત્પન્ન થયેલો પુત્ર.

सहोढजा स्त्री० જેનો ગર્ભ ન જણાયો હોય તેવી ગર્ભિણી અવસ્થામાં પરણેલી સ્ત્રીના તે ગર્ભથી જન્મેલી કન્યા.

सहोदर पु० સગો ભાઇ-એક પેટથી ઉત્પન્ન થયેલો ભાઇ.

सहोदरा स्त्री० સગી બ્હેન-એક પેટથી ઉત્પન્ન થયેલી બ્હેન.

सहोर पु० સાધુ, સજ્જન માણસ.

सह्य न० સહાયપણું, મદદ, સંગત, સોબત, આરોગ્ય, સમાનતા, સમભાવ, માધુર્ય, મીઠાશ.

सह्य त्रि० સહન કરવા લાયક, ક્ષમા કરવા યોગ્ય.

सह्य पु० તે નામે એક પર્વત.

सह्यगिरि पु० તે નામે એક પર્વત.

सह्यतनया स्त्री० કાવેરી નદી.

सह्यपर्वत पु० તે નામે એક પર્વત.

सह्यपुत्री स्त्री० કાવેરી નદી.

सह्यसुता स्त्री० કાવેરી નદી.

सह्याचल पु० તે નામે એક પર્વત.

सह्यात्मजा स्त्री० કાવેરી નદી.

सह्याद्रि पु० તે નામે એક પર્વત.

सा स्त्री० ગૌરી, લક્ષ્મી.

सांक्रमिक त्रि० સંસર્ગ-પ્રસંગ-સ્પર્શ વગેરેથી થનારા કોઢ વગેરે રોગ.

सांख्य न० સમ્યગ દર્શન, કપિલનું સાંખ્યશાસ્ત્ર.

सांख्य पु० સાંખ્યમાં કહેલ યોગ.

सांख्यप्रवचन न० કપિલ મુનિનું સાંખ્યશાસ્ત્ર, પાતંજલકૃત એક ગ્રંથ.

सांग्रामिक त्रि० યુદ્ધસાધન રથ વગેરે, યુદ્ધ માટેનું.

सांघातिक त्रि० સંઘાતના હિતનું, જન્મ-નક્ષત્રાવધિ સોળમું નક્ષત્ર.

सांदृष्टिक न० પ્રત્યક્ષને અનુસરતો એક ન્યાય.

सांदृष्टिक त्रि० તુરત ફળવાળું, પ્રત્યક્ષ ફળ આપનાર,

सांयात्रिक पु० વહાણથી વેપાર કરનાર, દરીયાઈ વેપારી.

सांयुगीन त्रि० યુદ્ધ કરવામાં હોંશીઆર, રણકુશળ.

सांराविण न० મોટો કોલાહલ, ચોતરફ ફેલાતો બજારનો ઘોંઘાટ.

सांवत्सर पु० જોશી, જ્યોતિષશાસ્ત્રી.

सांवत्सर त्रि० વર્ષસંબંધી, વર્ષનું.

सांवत्सरिक न० દરેક વર્ષે કરવાનું એક શ્રાદ્ધ-સંવત્સરી.

सांवत्सरिक त्रि० દરેક વર્ષે હોનાર-થનાર.

सांवादिक पु० નૈયાયિક, સંવાદદાતા.

सांशयिक त्रि० સંશયને પામેલ, સંશયવાળું, સંશયના વિષયનું.

सांसारिक त्रि० સંસારના હિતનું, સંસારને ઉપયોગી, સંસારમાં હોનાર-થનાર.

सांसिद्धिक त्रि० સ્વભાવસિદ્ધ, સ્વાભાવિક, સ્વયંસિદ્ધ.

साकम् अव्य० સાથેપણું, સાથે, સહ જુઓ.

साकरुण्ड पु० ગ્રંથિફલ વૃક્ષ.

साकल्य न० સકલપણું, સમગ્રપણું, સમુદાય, સમૂહ, સકલ, હોમ માટે મિશ્ર કરેલ તલ વગેરે દ્રવ્ય.

साकल्यवचन न० સમગ્ર અધ્યયન, પારાયણ, સમગ્ર કહેવું તે.

साकाङ्क्ष त्रि० અભિલાષાવાળું, ઇચ્છા-

વાળું, શાબ્દ બોધને ઉપયોગી આકાંક્ષાવાળું.

साकार त्रि० આકારવાળું, અવયવવાળું, મૂર્તિવાળું, પ્રત્યક્ષ.

साकेत न० અયોધ્યા શહેર.

साक्तुक पु० જવ.

साक्तुक न० સાથવાનો સમુદાય.

सक्तुक त्रि० સાથવાનું, સાથવાસંબંધી.

साक्षात् अव्य० લૌકિક પ્રત્યક્ષ, તુલ્ય, સમાન, પ્રકટ, ખુલ્લું.

साक्षात्करण न० પ્રત્યક્ષ કરવુ, પ્રકટ કરવુ, ખુલ્લું કરવું, નજરોનજર કરવું.

साक्षात्कार पु० ઉપરના અર્થ.

साक्षात्कृत त्रि० પ્રત્યક્ષ કરેલ, પ્રકટ કરેલ, ખુલ્લું કરેલ, નજરોનજર કરેલ.

साक्षात्कृत्य अव्य० પ્રત્યક્ષ કરીને, પ્રકટ કરીને, ખુલ્લું કરીને, નજરોનજર કરીને.

साक्षाद्भवन न० પ્રત્યક્ષ થવું, પ્રકટ થવું, ખુલ્લું થવું, નજરોનજર થવું.

साक्षाद्भाव पु० ઉપરનો અર્થ.

साक्षाद्भूत त्रि० પ્રત્યક્ષ થયેલ, પ્રકટ થયેલ, ખુલ્લું થયેલ.

साक्षाद्भूय अव्य० પ્રત્યક્ષ થઇને, પ્રકટ થઇને, ખુલ્લું થઇને.

साक्षिता स्त्री० સાક્ષીપણું.

साक्षित्व न० સાક્ષીપણું.

साक्षिन् पु० આત્મા, પરમાત્મા, ઉદાસીન હોઈ સર્વ જોનાર પરમેશ્વર.

साक्षिन् त्रि० સાક્ષી, સાક્ષાત જોનાર, પ્રત્યક્ષ જોનાર.

साक्षिपरीक्षण न० સાક્ષીની પરીક્ષા કરવી.

साक्षिपरीक्षा स्त्री० સાક્ષીની પરીક્ષા કરવી.

साक्षिभास्य त्रि० સાક્ષી માત્રને પ્રકાશ યોગ્ય બુદ્ધિવૃત્તિ વગેરે.

साक्ष्य न० સાક્ષીનુ કર્મ, સાક્ષીપણું, સાક્ષીનું કામ.

साखि पु० व० તુર્કસ્તાન દેશ.

साख्य न० મિત્રતા, દોસ્તી, ભાઈબંધી.

सागर पु० સમુદ્ર, દરીયો, એક જાતનો મૃગ.

सागरकाञ्ची स्त्री० પૃથ્વી.

सामरगामिन् त्रि० સમુદ્ર તરફ જનાર, દરીયા તરફ જનાર.

सागरगामिनी स्त्री० નદી, ઝીણી એલચી.

सागरनेमि स्त्री० પૃથ્વી.

सागरमेखला स्त्री० પૃથ્વી.

सागरवस्त्रा स्त्री० પૃથ્વી.

सागराम्बरा स्त्री० પૃથ્વી.

सागरालय पु० વરૂણ દેવ.

सागरी स्त्री० એક જાતની મૃગલી.

सागरोत्थ न० સમુદ્રનું મીઠું.

साग्नि पु० શ્રૌત–સ્માર્ત અગ્નિવાળો–અગ્નિહોત્રી બ્રાહ્મણ.

साग्निक पु० ઉપરનો અર્થ.

साङ्कर्य न० સંકરપણું, મિશ્રપણું, શેળભેળપણું, વર્ણસંકરપણું, સંકરનો ધર્મ, ન્યાયમાં કહેલ જાતિબાધક એક દોષ.

साङ्कल त्रि० સંકલનાથી થયેલ, સમૂહથી થયેલ.

साङ्काश्य पु० તે નામે એક પ્રાંત.

साङ्कुर त्रि० અંકુરસહિત, અંકુરવાળું, અંકુર સાથે.

साङ्कृति पु० તે નામે ગોત્રપ્રવર એક ઋષિ.

साङ्क्रमिक त्रि० સંબંધ–સંસર્ગ–સ્પર્શ વગેરેથી લાગુ થનાર કોઢ વગેરે ચેપી રોગ.

साङ्ख्य न० કપિલમુનિતું સાંખ્ય દર્શન, સમ્યગ્ દર્શન, વેદાંતશાસ્ત્ર.

साङ्ख्य पु० તે નામે એક યોગ–સાંખ્ય યોગ.

साङ्ख्यप्रसाद पु० શિવ.

साङ्ग त्रि० અંગસહિત, અંગવાળું.

साङ्गतिक त्रि० સંગતિવાળું, સોબતાળું, સોબતથી થયેલ, સંગતિથી સિદ્ધ.

साङ्गम पु० સંગમ, સમાગમ, સોબત, મેળાપ.

साङ्ग्रामिक त्रि० સંગ્રામનું, યુદ્ધસંબંધી, લડાઇનું.

साङ्ग्रामिक पु० સેનાપતિ, લશ્કરનો સરદાર.

साचि अव्य० વાંકું, તીરછું, ટેઢું, ત્રાંસુ, આડું.

साचिवाटिका स्त्री० ધોળી સાટોડી.

साचिविलोकन न० આડું જોવું, ત્રાંસુ જોવું, તિરછું જોવું, ટેઢું જોવું, વાંકું જોવું.

साचिविलोकित त्रि० આડું જોયેલ, ત્રાંસુ જોયેલ, તિરછું જોયેલ, વાંકું જોયેલ.

साचिव्य न० દીલગીરી, પ્રધાનપદ, પ્રધાનગીરી.

साचीकरण न० આડું કરવું, ત્રાંસુ કરવું, વાંકુ કરવું, ટેઢું કરવું.

साचीकृत त्रि० વાંકુ કરેલ, તીરછું કરેલ, આડું કરેલ.

साचीभवन न० વાંકું થવું, તીરછું થવું, આડું થવું.

साचीभूत त्रि० વાંકું કરેલ, તીરછું થયેલ, આડું થયેલ.

साञ्चन पु० કાકીડો, કાચંડો.

साट् चु० ઉભ० સ० सेट् પ્રકાશ કરવું, પ્રકટ કરવું.

साटोप त्रि० ગર્વવાળું, આડંબરવાળું, વિકટ.

साटोपम् अव्य० ગર્વથી, આડંબરથી, રોફથી.

सात् चु० ઉભ० सक० सेट् સુખ ઉપજાવવું, સુખ કરવું.

सात न० સુખ.

सात त्रि० દીધેલ, આપેલ, નાશ પામેલ, ખોવાઈ ગયેલ.

सातला स्त्री० એક જાતનું ઝાડ.

सातवाहन पु० શાલિવાહન રાજા.

साति स्त्री० અવસાન, અંત, છેડો, દાન, તીવ્ર પીડા.

सातिसार त्रि० અતીસારવાળું, ઝાડાના રોગવાળું, સંગ્રહણીના રોગવાળું.

सातीनक पु० વટાણા.

सातोलक पु० વટાણા.

सात्यकि पु० તે નામે યાદવવંશી એક ક્ષત્રિય.

सात्यवत पु० વેદવ્યાસ ઋષિ

सात्यवत त्रि० સત્યવાનસંબંધી, સત્યવાનનું, સત્યવાળા સંબંધી.

सात्यवतेय पु० સત્યવતીનો પુત્ર વ્યાસ.

सात्वत् पु० વિષ્ણુનો ઉપાસક, વૈષ્ણવ.

सात्त्वत पु० વિષ્ણુ, તે નામે એક યદુવંશી રાજા, બળરામ, વિષ્ણુનો એક ભક્ત, સાત્વત રાજાનો દેશ, સાત્વત રાજાના દેશમાં બાપદાદાઓથી રહેનાર, એક જાતિભેદ.

सात्त्वती स्त्री० શિશુપાલની માતા, નાટકની એક વૃત્તિ.

सात्त्विक पु० બ્રહ્મા, વિષ્ણુ, શૃંગારાદિ રસને અનુગુણ એક ભાવ.

सात्त्विक त्रि० સત્ત્વપ્રધાન, સત્વગુણનું, સત્વગુણસંબંધી, સત્વગુણથી ઉત્પન્ન થનાર, સત્ય, સાચું, સારૂં, પરાક્રમી, ધૈર્યવાળું.

सात्त्विक न० સત્વગુણ પ્રધાન એક પુરાણ, સાંખ્યનું અહંકાર તત્વ, મહત્તત્ત્વ.

सात्त्विकी स्त्री० દેવીની એક પૂજા, દુર્ગા દેવી, સત્વગુણી બુદ્ધિ, સત્વગુણી શ્રદ્ધા.

साद पु० નાશ, ક્ષય, કૃશપણું, દુર્બળતા, નિર્બળપણું, પરિશ્રમ, થાક.

सादन न० નાશ કરવો, નાશ પામવું, ક્ષીણ થવું, ઘર, રહેવાનું સ્થળ.

सादनी स्त्री० કડુ વનસ્પતિ.

सादयत् त्रि० નાશ કરતું, નાશ પમાડતું.

सादयितव्य त्रि० નાશ કરવા યોગ્ય, નાશ પમાડવા લાયક.

सादि पु० સારથિ, યોદ્ધો, લડવૈયો, વાયુ.

सादिन् पु० ઘોડેસ્વાર, હાથીસ્વાર, રથ ઉપર બેસનાર.

सादिन् त्रि० નાશ પામેલ, ખુટી પડેલ, ક્ષીણ થયેલ.

सादृश्य न० સમાનતા, સરખાપણું, તુલ્યપણું, યોગ્યતા.

साध् दिवा० प० अ० सेट् સિદ્ધ થવું, પૂર્ણ થવું, સમાપ્ત થવું.

साध् स्वा० प० स० सेट् સિદ્ધ કરવું, પૂર્ણ કરવું, સમાપ્ત કરવું, સાધવું, જીતવું.

साध् चु० प० स० सेट् જવું.

साधक त्रि० સાધનાર, સિદ્ધ કરનાર, સાધન કરનાર, મંત્રાદિની સાધના કરનાર.

साधक पु० જન્મની તારાવધિનું છઠ્ઠું–પંદરમું–ચોવીસમું નક્ષત્ર.

साधकतम न० વ્યાકરણપ્રસિદ્ધ કરણ કારક.

साधकता स्त्री० સાધકપણું, સિદ્ધ કરનારપણું.

साधकत्व न० ઉપરના અર્થ.

साधन न० વ્યાકરણપ્રસિદ્ધ કરણકારક, મારવું, મારી નાખવું, મરેલાને અગ્નિસંસ્કાર કરવો તે, ગતિ, ગમન, જવું તે, દ્રવ્ય, ધન, અર્થ અપાવવો, ઉપકરણ, રાચરચીલું, સાધન–હાથી ઘોડા વગેરે યુદ્ધની સામગ્રી, પાછળ જવું, સૈન્ય, લશ્કર, ઉપાય, સિદ્ધ ઔષધ, પુરુષનું લિંગ-લોડો, મિત્રતા, ગાય વગેરેનું અડાણ–બોલવું, સિદ્ધિ, કારક, પ્રમાણ, વ્યાપ્ય, મોહ પમાડવો, વેગ, ત્વરા, બ્રહ્મવિદ્યાનાં કારણ—નિત્યાનિત્ય વસ્તુવિવેક—શમદમ વગેરે.

साधना स्त्री० સિદ્ધિ, સિદ્ધ કરવું તે, ઉપાસના, સેવા.

साधनाप्रसिद्धि स्त्री० ન્યાયપ્રસિદ્ધ એક હેતુદોષ.

साधर्म्य न० સમાન ધર્મપણું, પોતાના સાધારણ ધર્મરૂપ લક્ષણ, અનુગત ધર્મ, અનુસરતો ધર્મ, એક ધર્મીપણું, સમાન ધર્મ.

साधर्म्यसम पु० સ્થાપનાહેતુદૂષક એક જાત્યુત્તર.

साधारण त्रि० સદૃશ, સમાન, અનેકની માલીકીનું એક ધન વગેરે, એક હેત્વાભાસ.

साधारणधर्म पु० સર્વવર્ણાશ્રમનો એક સરખો ધર્મ, અહિંસા વગેરે સર્વમાન્ય ધર્મ, પ્રજાસૃષ્ટિરૂપ પ્રાણીમાત્રનો ધર્મ, મૈથુન વગેરે સર્વનો ધર્મ.

साधारणस्त्री स्त्री० વેશ્યા.

साधारणी स्त्री० કુંચી.

साधारण्य न० સમાનપણું, સમાનધર્મપણું, સામાન્ય ધર્મ.

साधिका स्त्री० સાધનારી સ્ત્રી, સિદ્ધ કરનારી, સુષુપ્તિ, ગાઢ નિદ્રા, દુર્ગા દેવી.

साधित त्रि० સિદ્ધ કરેલ, સાધેલ, વશ કરેલ, શોધેલ, કરજ વગેરે અદા કરેલ.

साधिदैव त्रि० અધિદેવતાસહિત.

साधिदैव पु० પરમેશ્વર.

साधिभूत त्रि० અધિભૂતસહિત.

साधिभूत पु० પરમેશ્વર,

साधियज्ञ त्रि० અધિયજ્ઞસહિત.

साधियज्ञ पु० પરમેશ્વર.

साधिष्ठ त्रि० અત્યંત દૃઢ, અતિશય સાધુ,

ઘણુંજ સારૂં, ઘણુંજ આર્ય, ન્યાયવાળું, યોગ્ય.

साधिष्ठान ત્રિ૦ સન્નિહિત, સમીપનું, નજીકનું, પાસેનું, આધારવાળું, આશ્રયવાળું.

साधिष्ठान ન૦ તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ સુષુમ્ણાની વચ્ચે આવેલું એક ચક્ર.

साधीयस् ત્રિ૦ ઘણુંજ સારૂં, અત્યંત દૃઢ, ન્યાયવાળું, યોગ્ય.

साधु ત્રિ૦ ઉત્તમ કુળમાં જન્મેલ, સુંદર, સારૂં, યોગ્ય, ઉત્તમ, શ્રેષ્ઠ, સદ્ગુણી, સજ્જન.

साधु પુ૦ મુનિ, સત્પુરૂષ, જિન દેવ, વ્યાકરણની રીતે સિદ્ધ થયેલો શબ્દ.

साधुक પુ૦ નીચ જાતિનો પુરૂષ.

साधुज ત્રિ૦ સારા કુળમાં ઉત્પન્ન થનાર.

साधुता સ્ત્રી૦ સારાપણું, યોગ્યપણું, સજ્જનપણું, શ્રેષ્ઠતા.

साधुत्व ન૦ ઉપરના અર્થ.

साधुधी સ્ત્રી૦ સાસુ, સુંદર બુદ્ધિ, શ્રેષ્ઠ બુદ્ધિ, સારી બુદ્ધિ.

साधुधी ત્રિ૦ સારી બુદ્ધિવાળું, શ્રેષ્ઠ બુદ્ધિવાળું.

साधुपुष्प ન૦ સ્થળ કમળ, સારૂં ફૂલ, ઉત્તમ ફૂલ.

साधुवाह પુ૦ સારો કેળવાયેલો ઘોડો, ઉત્તમ ઘોડો.

साधुवाहिन् પુ૦ ઉપરના અર્થ.

साधुवाहिन् ત્રિ૦ સારી રીતે વહેનાર, સુંદર વહન કરનાર.

साधुवृक्ष પુ૦ કદંબનું ઝાડ, વરૂણ વૃક્ષ, ઉત્તમ ઝાડ.

साधुवृत्त ન૦ સારૂં વર્તન, સદ્વર્તન, સારી ચાલ, સદાચાર.

साधुवृत्त ત્રિ૦ સારી ચાલવાળું, સદાચારી, સદ્વર્તનસાળું.

साधुशील ત્રિ૦ સારા સ્વભાવવાળું, ઉત્તમ ચારિત્ર્યવાળું, સદ્વર્તનવાળું.

साधुशीलता સ્ત્રી૦ સારા સ્વભાવવાળાપણું, ઉત્તમ ચારિત્ર્યવાળાપણું.

साधूक्त ત્રિ૦ સારા વચનવાળું, સારૂં બોલેલ, યોગ્ય કહેલ, સુભાષિત.

साधूक्त ન૦ સારૂં વચન, સુભાષિત, સુંદર વાક્ય.

साधूक्ति સ્ત્રી૦ ઉપરના અર્થ.

साधृत ન૦ આશુપત્ર, મોરપક્ષીઓનો સમૂહ, પર્ણવીથી.

साध्य પુ૦ બાર સાધ્ય દેવ, અઢાર વિવાદોપૈકી પ્રમાણ વગેરેથી કહેવા યોગ્ય પદાર્થ, અનુમાનથી સાધવા યોગ્ય અગ્નિ વગેરે પદાર્થ, વ્યવહારમાં સાધન યોગ્ય સામેથી જાણવા યોગ્ય પક્ષ, સાધ્યવાળો પક્ષ, તાંત્રિક મંત્ર, હરકોઈ દેવ, વ્યાકરણમાં કહેલ સાધ્યરૂપ ક્રિયા, વીસમો એક યોગ.

साध्य ત્રિ૦ સાધવા યોગ્ય, સિદ્ધ કરવા લાયક.

साध्यता સ્ત્રી૦ ન્યાયપ્રસિદ્ધ એકવિષયતા, એક પ્રકારની ઇચ્છાવિષયતા.

साध्यताघटकसंबन्ध પુ૦ ન્યાયપ્રસિદ્ધ એક સંબંધ-જેમકે, પર્વત ધૂમના સંયોગને લીધે અગ્નિવાળો છે-વગેરે સ્થળે સંયોગ સંબંધ.

साध्यतावच्छेदक પુ૦ ન્યાયપ્રસિદ્ધ એક સંબંધ અથવા ધર્મ-જેમકે, પર્વત અગ્નિવાળો છે-એ સ્થળે અગ્નિપણું અને સંયોગ સંબંધ સાધ્યતાવચ્છેદક છે.

साध्यवत् ત્રિ૦ સાધ્યવાળું.

साध्यसम પુ૦ તે નામે એક હેત્વાભાસ.

साध्यसिद्धि સ્ત્રી૦ સાધવા યોગ્યની સિદ્ધિ, સાધ્યનો નિર્ણય.

साध्याप्रसिद्धि સ્ત્રી૦ ન્યાયપ્રસિદ્ધ એક હેત્વાભાસ.

साध्याभाव पु० સાધ્યનો અભાવ.

साध्याभाववत् त्रि० સાધ્યના અભાવવાળું.

साध्वस य० ભય, બીક.

साध्वाचार पु० સારો આચાર, સદ્વર્તન, સારી ચાલ, યોગ્ય આચાર, આચાર, સજ્જનોનો યોગ્ય વિચાર.

साध्वाचारिन् त्रि० સારા આચારવાળું, યોગ્ય વર્તનવાળું, સજ્જનોના આચરણવાળું.

साध्वी स्त्री० મેદા વનસ્પતિ, પતિવ્રતા સ્ત્રી, સાધુતાવાળી સ્ત્રી, સંન્યાસણી, સાધુ બનેલી સ્ત્રી.

सानन्द त्रि० આનંદવાળું, આનંદસહિત.

सानन्द पु० સંગીતપ્રસિદ્ધ એક ધ્રુવક, ગુચ્છકરંજ વૃક્ષ.

सानन्दम् अव्य० આનંદથી, આનંદપૂર્વક.

सानन्दूर पु० તે નામે એક તીર્થ.

सानसि पु० સોનું.

सानिका स्त्री० બંસી, વાંસળી, પાવો.

सानु पु० न० પર્વતનું વિખર, પર્વત ઉપરની સપાટ જમીન, વન, વાયુનો સમૂહ, માર્ગ, રસ્તો, અગ્ર, ટોચ, શિખર, વિદ્વાન, પંડિત, આકડાનું ઝાડ, પલ્લવ–કુંપળ.

सानुकम्प त्रि० દયાવાળું, દયાળુ.

सानुज न० પ્રપૌંડરીક.

सानुज पु० તુંબુરૂ વૃક્ષ.

सानुज त्रि० નાના ભાઇસહિત, પર્વતના શિખર ઉપર ઉત્પન્ન થનાર.

सानुमत् पु० પર્વત.

सानुराग त्रि० અનુરાગવાળું, સ્નેહવાળું, પ્રેમાળ.

सानेयिका स्त्री० બંસી, વાંસળી.

सानेयी स्त्री० વાંસળી, બંસી, પાવો.

सान्तपन न० બે દિવસનું એક વ્રત.

सान्तर त्रि० વિરલ, છુટું છવાયું, અંતરવાળું, વ્યવધાનવાળું, વચ્ચે આંતરાવાળું.

सान्तानिक त्रि० સંતાનસાધન એક વિધાન, સંતાન માટેનો કોઈ એક ઉપાય.

सान्तानिक पु० સંતાન માટે પરણવા ઇચ્છતો બ્રાહ્મણ.

सान्त्व् चुरा० उभ० स० सेट् અનુકૂળતા કરવી, શાંત પાડવું, દીલાસો દેવો.

सान्त्व न० અત્યંત મધુર વચન કહી અનુકૂલતા કરવી, કાન અને મનને પ્રિય વાક્ય, શાંત પાડવું, દીલાસો દેવો.

सान्त्वन न० ઉપરના અર્થ.

सान्त्वना स्त्री० सान्त्व જુઓ.

सान्दीपनि पु० બળદેવ અને શ્રીકૃષ્ણના ગુરૂ એક મુનિ–જે અવંતી નગરમાં રહેતા હતા.

सान्दृष्टिक न० તાત્કાલિક ફળ.

सान्द्र त्रि० ઘટ્ટ, ઘાટું, મૃદુ, કોમળ, સુંવાળું, ચીકણું, મનોહર, સુંદર.

सान्द्र न० વન, ઝાડી.

सान्द्रपुष्प पु० બહેડાનું ઝાડ.

सान्द्रस्निग्ध त्रि० અત્યંત મનોહર, ઘણુંજ સુંદર, ઘણુંજ ચીકણું, અત્યંત સ્નેહાળ.

सान्द्रता स्त्री० ઘટ્ટપણું, કોમળતા, ચીકણાપણું, સુંદરતા.

सान्द्रत्व न० ઉપરના અર્થ.

सान्धिक पु० દારૂ વેચનાર, કલાલ.

सान्धिक त्रि० સંધિ કરનાર, જોડનાર, સાંધનાર, સલાહ કરનાર.

सान्ध्य त्रि० સંધ્યાકાળે હોનાર–થનાર.

सान्ध्यकुसुमा स्त्री० એક જાતનું ફૂલઝાડ.

सान्नहनिक त्रि० બખ્તર ધારણ કરનાર, બખ્તર પહેરી સજ્જ થયેલ.

साम्नाय्य न० મંત્ર વગેરેથી સંસ્કાર યોગ્ય ઘી વગેરે.

सान्निध्य न० સંનિધિપણું, સમીપપણું.

सान्निपातिक त्रि० સંનિપાત-ત્રિદોષથી થયેલ રોગ વગેરે.

सान्न्यासिक पु० સંન્યાસી.

सान्वय त्रि० વંશસહિત, વંશવાળું, અન્વયવાળું, ઘટતું, બંધબેસતું.

सापत्न पु० શત્રુ, શોક્યનો છોકરો, સાવકો ભાઇ.

सापत्न्य पु० ઉપરના અર્થ.

सापत्य त्रि० અપત્યવાળું, સંતાનવાળું, છૈયાંછોકરાવાળું.

सापराध त्रि० અપરાધવાળું, અપરાધી, ગુન્હેગાર.

सापिण्ड्य न० સપિંડપણું.

साप्तपदीन न० સાત પગલે થતી મિત્રતા, દોસ્તી.

साप्तपौरुष त्रि० સાત પુરૂષોમાં વ્યાપક, સાત પેઢી સુધીનું.

साफल्य न० સફળપણું, સામર્થ્ય, સંપૂર્ણતા.

साम् चु० उभ० स० सेट् શાંત પાડવું, સમજાવવું, દીલાસો દેવો.

साम् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

सामक पु० સરાણ, ચપ્પુ વગેરે સજવાનું ઓજાર.

सामक न० વ્યાજ વગરનું મૂળમાત્ર કરજ.

सामग पु० સામવેદ અધ્યયન કરનાર બ્રાહ્મણ, સામવેદી બ્રાહ્મણ.

सामगर्भ पु० વિષ્ણુ.

सामग्री स्त्री० સમસ્તપણું, સમગ્રપણું, સાધનોનો સમૂહ, દ્રવ્ય, તૈયારી.

सामग्र्य न० સમગ્રપણું, બધાપણું, તમામ.

सामज पु० હાથી.

सामज त्रि० સામવેદના પાઠથી ઉત્પન્ન થનાર.

सामजी स्त्री० હાથણી.

सामज्ञ त्रि० सामविद् त्रि० જુઓ.

सामज्ञ पु० सामविद् पु० જુઓ.

सामञ्जस्य न० યોગ્યતા, ઠીકઠાક, વ્યાજબી.

सामन् न० તે નામે એક વેદ, સામવેદનું અમુક ગાન, રાજાઓનો શત્રુ વગેરેને વશ કરવાનો એક ઉપાય, મધુર વાક્યથી કોઇને શાંત પાડવું, સમજાવવું.

सामनी स्त्री० પશુને બાંધવાની દોરી.

सामन्त पु० પોતાના દેશની અંદરના દેશનો રાજા, ખંડીયો રાજા, ફટાયો, શ્રેષ્ઠ પ્રજા, પડોશી રાજા, નાયક, સેનાપતિ.

सामन्य पु० સામવેદમાં કુશળ બ્રાહ્મણ.

सामय पु० રોગી, દર્દી, બીમાર.

सामयिक त्रि० સમયે હોનાર-થનાર, સમયને યોગ્ય, નિયમિત, નિયમબદ્ધ.

सामयिकाभाव पु० અત્યંત અભાવ.

सामयोनि पु० હાથી, બ્રહ્મા.

सामर्थ्य न० સમર્થપણું, શક્તિ, દેહનું બળ, યોગ્યતા, સંગત-બંધબેસતા અર્થપણું, આકાંક્ષા-યોગ્યતા વગેરેવાળું.

सामर्ष त्रि० ક્રોધવાળું, ક્રોધી, અસહનશીલ.

सामर्षम् अव्य० ક્રોધપૂર્વક, ક્રોધથી, કોપથી.

सामवायिक पु० મંત્રી, સલાહકાર, પ્રધાન, દીવાન.

सामवायिक त्रि० સમવાય સંબંધવાળું.

सामविद् त्रि० શાંત પાડવાનું કરી જાણનાર, સામ ઉપાય કરી જાણનાર.

सामविद् पु० સામવેદ જાણનાર બ્રાહ્મણ.

सामवेद पु० તે નામે એક વેદ.

सामवेदज्ञ पु० સામવેદ જાણનાર.

सामवेदविद् पु० ઉપરનો અર્થ.

सामवेदिन् पु० સામવેદ જાણનાર.

सामसंगायक पु० સામવેદનું ગાન કરનાર બ્રાહ્મણ.

सामाजिक पु० સભાસદ, સભ્ય, સભામાં બેસનાર.

सामाजिक त्रि० સમાજનું, સમાજસંબંધી.

सामानाधिकरण्य न० સમાનાધિકરણપણું, સમાન વિભક્તિ-લિંગ-વચનપણું, અભેદાન્વયબોધકતા.

सामान्य न० સમાનપણું, તુલ્યપણું, સાદૃશ્યપ્રયોજક ધર્મ, દ્રવ્ય-ગુણ-કર્મમાં રહેલ જાતિ, તે નામે એક અર્થાલંકાર.

सामान्य त्रि० સમાન, સાધારણ.

सामान्यच्छल न० એક જાતનું છળ.

सामान्यतोदृष्ट न० એક જાતનું અનુમાન.

सामान्यप्रत्यासत्ति स्त्री० તે નામે એક અલૌકિક પ્રત્યક્ષ, સન્નિકર્ષ.

सामान्यलक्षण न० સામાન્ય લક્ષણ.

सामान्यलक्षणा स्त्री० ન્યાયમાં કહેલ અલૌકિક પ્રત્યક્ષસાધન એય ઉપાય.

सामान्या स्त्री० સાધારણ સ્ત્રી-વેશ્યા.

सामि अव्य० અર્ધું, નિંદા-એવા અર્થમાં વપરાય છે.

सामिकरण न० અર્ધું કરવું, નિંદા કરવી.

सामिकृत त्रि० અર્ધું કરેલ, નિંદા કરેલ.

सामिधेनी स्त्री० યજ્ઞના અગ્નિને પ્રજ્વલિત કરતી વેળા બોલવાની એક ઋચા, યજ્ઞમાં હોમવાનાં લાકડાં.

सामिधेन्य पु० યજ્ઞમાં અગ્નિને પ્રજ્વલિત કરતી વેળા બોલાતો એક મંત્ર..

सामिभवन न० અર્ધું થવું, નિંદા થવી.

सामिमूत त्रि० અર્ધું થયેલ, નિંદા થયેલ.

सामिभुक्त त्रि० અર્ધું ભોગવેલ, અર્ધું ખાધેલ.

सामिपीत त्रि० અર્ધું પીધેલ.

सामीप्य न० સમીપપણું, નજીક, પાસે, સાંનિધ્ય.

सामुद्र न० સમુદ્રનું મીઠું.

सामुद्र त्रि० સમુદ્રમાં હોનાર-થનાર.

सामुद्रक न० હાથ વગેરેની રેખા વગેરે ઉપરથી સ્ત્રીપુરૂષોનાં શુભ અશુભ લક્ષણને જણાવનાર સમુદ્ર ઋષિકૃત એક ગ્રંથ, દરીઆઈ મીઠું.

सामुद्रिक पु० હાથ વગેરેની રેખા વગેરે ઉપરથી સ્ત્રીપુરૂનાં શુભ અશુભ લક્ષણને જણાવનાર સમુદ્ર ઋષિકૃત ગ્રંથને ભણનાર કે જાણનાર.

साम्परायिक न० યુદ્ધ, લડાઈ.

सोम्परायिक त्रि० પરલોકનું સાધન.

साम्प्रतम् अव्य० યોગ્ય, હાલ, હમણાં.

साम्ब् चु० उभ० स० सेट् સંબંધ કરવો, જોડાવું.

साम्ब त्रि० અંબાસહિત, માતા સાથે.

साम्ब पु० પાર્વતીસહિત શંકર.

साम्बर न० સંબર દેશનું મીઠું.

साम्भवी स्त्री० લાલ લોધરનું ઝાડ.

साम्भस् त्रि० પાણીસહિત, જળસહિત, પાણી સાથે.

साम्मातुर पु० સતી સ્ત્રીનો પુત્ર, કલ્યાણી સ્ત્રીનો પુત્ર.

साम्य न० સમાનપણું, તુલ્યતા, તુલ્યત્વપ્રયોજક સાધારણ ધર્મ.

साम्राज्य न० ચક્રવર્તીપણું, આખા જગતના રાજાપણું, બાદશાહી, શહેનશાહત, દશ લાખ ગામોનું સ્વામીત્વ.

साय पु० બાણ, સાંજ, સાયંકાળ.

सायंसंध्या स्त्री० સાયંકાળની સંધ્યા, સાયંકાળે ઉપાસના કરવા યોગ્ય દેવ, સાયંકાળની ઉપાસના.

सायक पु० બાણ, તરવાર.

सायकपुङ्ख पु० બાણનો અગ્ર ભાગ.

सायकपुङ्खा स्त्री० શરપુંખ વૃક્ષ-નામે એક ઝાડ.

सायन न० વિષુવ વૃત્તથી આરંભી ગ્રહ સુધીની લંબાઈ.

सायन्तन त्रि० સાયંકાળે હોનાર-થનાર, સાંજનું, સાંજસંબંધી.

सायन्तनी स्त्री० સાયંકાળની સંધ્યા વગેરે ક્રિયા.

सायम् अव्य० સાયંકાળ, સાંજ.

सायिका स्त्री० ક્રમસ્થિતિ, અનુક્રમ.

सायाह्न पु० સાયંકાળ, સાંજ, પાંચ પ્રકારમાં વિભાગ પામેલા દિવસનો ત્રણ મુહૂર્તરૂપ પાંચમો છેલ્લો ભાગ.

सायिन् पु० ઘોડેસ્વાર.

सायुज्य न० સહયોગ, સાથે સંબંધ, સાથે હોવાપણું, પાંચ પ્રકારની મુક્તિપૈકી એક મુક્તિ, ઐક્ય, એકતા, અભેદ.

सार् चु० उभ० स० सेट् દુર્બળ કરવું, સારવું.

सार न० પાણી, ધન, માખણ, લોઢું, વન, જંગલ, યોગ્યપણું, યોગ્યતા, લાયકાત.

सार पु० બળ, વીર્ય, સ્થિરાંશ, મજ્જા–ચરબી, સાજીખાર, વાયુ, રોગ, પાસો, દહીંની તર–મલાઈ, પરમેશ્વર.

सार त्रि० શ્રેષ્ઠ, સારૂં, ઉત્તમ, અત્યંત દઢ, ઘણુંજ મજબૂત, ન્યાય ભરેલું, યોગ્ય.

सारक पु० નેપાળો.

सारक त्रि० સારનાર, રેચ લાવનાર.

सारखदिर पु० એક જાતનો દુર્ગંધી ખેર.

सारगन्ध पु० ચંદન, શ્રેષ્ઠ ગંધ, સુગંધ.

सारघ न० મધ.

सारङ्ग पु० ચાતક પક્ષી, બપૈયો, હરિણ, મૃગ, હાથી, ભમરો, એક જાતનું પક્ષી, છત્ર, રાજહંસ, વસ્ત્ર, રંગબેરંગી મૃગ, એક જાતનું વાદિત્ર, અનેક જાતનો રંગ, કાબરચિત્રો રંગ, મોર પક્ષી, કામદેવ, ધનુષ, કેશ, સોનું, અલંકાર, દાગીનો, કમળ, શંખ, ચંદન, કપૂર, પુષ્પ, કોયલ પક્ષી, બકરો, સિંહ, રાત્રિ, પૃથ્વી, દીપ્તિ, કાંતિ, મેઘ, મોથ.

सारङ्ग त्रि० રંગબેરંગી, કાબરચિત્રા રંગવાળું,

सारङ्गिक पु० શિકારી, પારધિ.

सारङ्गी स्त्री० સારંગી વાદિત્ર, ચાતક પક્ષિણી-બપૈયણ, મૃગલી, હાથણી, ભમરી, એક જાતની પક્ષિણી, રાજહંસલી, રંગબેરંગી એક મૃગલી, મોર પક્ષિણી, કોયલ માદા, બકરી, સિંહણ.

सारज न० માખણ.

सारण न० સુગંધી દ્રવ્ય.

सारण पु० અતિસાર રોગ–ઝાડાનો એક રોગ, રાવણનો એક મંત્રી–પ્રધાન, ભદ્રબલા વનસ્પતિ, આમ્રાતક વૃક્ષ.

सारणी स्त्री० ક્ષુદ્ર નદી, નાની નદી, નહેર, નેક, પ્રસારિણી લતા, તે નામે એક જ્યોતિષ ગ્રંથ.

सारणी स्त्री० ઉપરના અર્થ.

सारण्ड पु० સર્પનું ઈંડું.

सारतरु पु० કેળનું ઝાડ, ખેરનું ઝાડ.

सारतस् अव्य० સારામાંથી, સારથી–થકી.

सारता स्त्री० સારપણું, બળ, સામર્થ્ય.

सारत्व न० ઉપરના અર્થ.

सारथि पु० રથ હાંકનાર, સારથિ.

सारथिता स्त्री० સારથિપણું, સારથિનું કર્મ–કામ.

सारथित्व न० ઉપરના અર્થ.

सारथ्य न० सारथिता જુઓ.

सारद त्रि० બળ આપનાર, તેજ આપનાર, વીર્યવર્ધક.

सारदा स्त्री० સરસ્વતી દેવી, દુર્ગા દેવી.

सारद्रुम पु० सारतरु જુઓ.

सारपादप पु० ધામનિ વૃક્ષ.

सारभाण्ड न० અકૃત્રિમ પાત્ર, શ્રેષ્ઠ પાત્ર, સ્વાભાવિક પાત્ર.

सारभूषण न० શ્રેષ્ઠ દાગીનો.

सारमिति पु० વેદ.

सारमिति स्त्री० શ્રેષ્ઠ જ્ઞાન, સાર વગરનું જ્ઞાન.

सारमूषिका स्त्री० દેવદાલી વૃક્ષ.

सारमेय पु० કુતરો.

सारमेयी स्त्री० કુતરી.

सारलोह न० ગજવેલ, પોલાદ.

सारलौह न० ગજવેલ, પોલાદ.

सारव त्रि० સરયૂ નદીમાં હોનાર-થનાર.

सारस न० કમળ, કેડનો દાગીનો, કંદોરો, નદી કે પહાડમાંથી નીકળી એક સ્થળે જમા થયેલું પાણી.

सारस पु० સારસ પક્ષી, ચંદ્ર, કપૂર.

सारस त्रि० સરોવરનું, સરોવરસંબંધી.

सारसन न० સ્ત્રીના કેડનો દાગીનો-કંદોરો, કટિમેખલા, કેડે બાંધવાનો પટ્ટો, કમરપટ્ટો.

सारसी स्त्री० સારસ પક્ષિણી.

सारस्वत पु० બીલીના ઝાડની લાકડી, તે નામે એક દેશ, પંચગૌડ મધ્યે એક જાતનો બ્રાહ્મણ, સરસ્વતીએ પાળેલો એક મુનિ, બ્રહ્માના દિવસરૂપ એક કલ્પ, સારસ્વત દેશનો રહેવાસી.

सारस्वत त्रि० સરસ્વતીનું, સરસ્વતી સંબંધી, સરસ્વતી જેનો દેવ હોય તે.

सारस्वतकल्प पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ સરસ્વતીની એક ઉપાસના-વિધિ, તે નામે બ્રહ્માનો દિવસ.

सारा स्त्री० કાળું નસોતર, ક્રોખડ.

साराल पु० તલનું ઝાડ.

सारि पु० બાજી ખેલવાનો પાસો, એક જાતનું પક્ષી, સપ્તલા વનસ્પતિ.

सारिका स्त्री० મેના પક્ષી.

सारिणी स्त्री० સહદેવીનો વેલો, કપાસનો છોડ, ધમાસો વનસ્પતિ, એક જાતનું સીસમ, રાતી સાટોડી.

सारिवा स्त्री० અનંતમૂળનો વેલો.

सारी स्त्री० सारि જુઓ.

सारूप्य न० સમાનરૂપપણું, ઈશ્વર સાથે એકરૂપ થવું તે, મોક્ષ, સાદૃશ્ય, સમાનતા.

सारूप्यमुक्ति स्त्री० પરમેશ્વર સાથે એકતારૂપ મુક્તિ.

सारोष्ट्रिक पु० એક જાતનું ઝેર.

सार्थ पु० ટોળું, સમૂહ, કાફલો, પ્રાણીઓનો સમુદાય, વેપારીઓનો સમુદાય, શબ્દ, વેપારી.

सार्थ त्रि० અર્થવાળું, અર્થસહિત, ધનવાન.

सार्थक त्रि० અર્થવાળું, અર્થસહિત, ધનવાન.

सार्थवत् त्रि० ઉપરના અર્થ.

सार्थवाह पु० વેપારી, વાણીયો, મહાજન, વણઝારો.

सार्थिक पु० વેપારી, વાણીયો, મહાજન.

सार्द्र त्रि० ભીનું, નરમ, ભીનાશવાળું.

सार्द्रता स्त्री० ભીનાશ, ભીનાપણું.

सार्द्रत्व न० ઉપરના અર્થ.

सार्द्ध त्रि० અર્ધસહિત, અરધા સાથે, દોઢ.

सार्द्धम् अव्य० સાથે, સહિત.

सार्प न० આશ્લેષા નક્ષત્ર.

सार्प त्रि० સર્પનું, સર્પસંબંધી.

सार्पिष त्रि० ઘીનું, ઘીસંબંધી,

सार्पिष्क त्रि० ઘીથી સંસ્કારવાળું કરેલ, ઘીથી રાંધેલ-તળેલ વગેરે.

सार्पी स्त्री० આશ્લેષા નક્ષત્ર.

सार्व त्रि० સર્વનું, સર્વસંબંધી, બધાનું, બધાસંબંધી.

सार्वकालिक त्रि० સર્વ કાળે હોનાર-થનાર, હમેશનું.

सार्वजनिक त्रि० નીચેનો શબ્દ જુઓ.

सार्वजनीन त्रि० સર્વ લોકમાં જાણીતું, આખી જનસમાજમાં પ્રસિદ્ધ.

सार्वत्रिक त्रि० સર્વ કાળમાં-સર્વ દિશામાં-સર્વ દેશમાં-હોનાર-થનાર.

सार्वधातुक न० વ્યાકરણપ્રસિદ્ધ ક્રિયાપદના ચાર કાળ-વર્તમાન-આજ્ઞાર્થ-હ્યસ્તન-વિધ્યર્થ-એ કાળ-ગણકાર્યવિશિષ્ટ કાળ.

सार्वभौतिक त्रि० પ્રાણીમાત્રમાં વ્યાપક.

सार्वभौम पु० આખી પૃથ્વીનો રાજા, ચક્રવર્તી મહારાજા, ઉત્તર દિશાનો દિગ્ગજ, વિદૂરથ રાજાનો પુત્ર.

सार्वभौम त्रि० આખી પૃથ્વીનું; આખી પૃથ્વીસંબંધી.

सार्वलौकिक त्रि० સર્વ લોકમાં પ્રસિદ્ધ, આખી દુનીયામાં વિખ્યાત.

सार्ववर्णिक त्रि० સર્વ વર્ણસંબંધી, સમગ્ર અક્ષરો સંબંધી, બ્રાહ્મણ વગેરે સર્વ વર્ણોનું-સંબંધી.

सार्वविभक्तिक त्रि० સર્વ વિભક્તિમાં હોનાર-થનાર.

सार्षप त्रि० સરસવનું, સરસવસંબંધી.

सार्षप न० સરસવનું તેલ, સરસીયું તેલ.

साल पु० હરકોઈ ઝાડ, રાળનું ઝાડ, કિલ્લો, કોટ, એક જાતનું માછલું, રાળ.

सालन पु० રાળના ઝાડનો રસ, રાળ.

सालनिर्यास पु० ઉપરનો અર્થ.

सालपर्णी स्त्री० સાલપાન વનસ્પતિ.

सालपुष्प न० સ્થળ કમળ.

सालभञ्जिका स्त्री० લાકડાં વગેરેની પુતળી, વેશ્યા.

सालभञ्जी स्त्री० ઉપરના અર્થ.

सालरस पु० રાળ.

सालवेष्ट पु० રાળ.

साला स्त्री० શાળા, ઘર.

सालातुरीय पु० પાણિનિ મુનિ.

सालार न० ખીટી, ખીતી, અભરાઈ.

सालावृक पु० કુતરો.

सालावृकी स्त्री० કુતરી.

सालूर पु० દેડકો.

सालूरी स्त्री० દેડકી.

सालेय पु० मधुरिका જુઓ.

सालोक्य न० પરમેશ્વર સાથે એકતારૂપ મુક્તિ, પોતાના ઇષ્ટ દેવ સાથે એક લોકમાં નિવાસ કરવારૂપ મુક્તિ.

साल्व पु० તે નામે એક દેશ, તે દેશનો રાજા.

साल्वहन् पु० શ્રીકૃષ્ણ.

साल्वहन्तृ पु० શ્રીકૃષ્ણ.

साल्विक पु० એક જાતનું પક્ષી,

सावज्ञ त्रि० અપમાનસહિત, અવજ્ઞાસહિત, તિરસ્કારપૂર્વક.

सावधान त्रि० સચેતન, સવિતર્ક, સાવધાન, એકાગ્ર ધ્યાનવાળું; મનના આગ્રહવાળું.

सावधानता स्त्री० મનની એકાગ્રતા.

सावधानत्व न० ઉપરનો અર્થ.

सावधानम् अव्य० ધ્યાન પૂર્વક, એકાગ્રપણાથી, મનના આગ્રહ પૂર્વક.

सावन न० અહોરાત્રરૂપ દિવસ.

सावन पु० ત્રીસ અહોરાત્રનો મહિનો, તે નામે એક વર્ષ, યજ્ઞનો અંત, યજ્ઞની સમાપ્તિ, યજમાન, વરૂણ દેવ.

सावर पु० પાપ, અપવાદ, લોધરનું ઝાડ.

सावर्ण पु० સવર્ણાથી ઉત્પન્ન થયેલ સૂર્યનો પુત્ર આઠમો એક મનુ.

सावर्णि पु० ઉપરનો અર્થ.

सावलेप त्रि० ગર્વવાળું, અભિમાની, ઉદ્ધત.

सावशेष त्रि० બાકીવાળું, બાકી સાથે, અધુરૂં, અપૂર્ણ.

सावित्र पु० બ્રાહ્મણ, સૂર્ય, આકડાનું ઝાડ, મહાદેવ, સૂર્યનો પુત્ર કર્ણ, ગર્ભ.

सावित्र त्रि० સૂર્યનું, સૂર્યસંબંધી, સૂર્ય જેનો દેવ હોય તે ચરૂ વગેરે.

सावित्र न० યજ્ઞોપવીત-જનોઇ.

सावित्री स्त्री० તે નામે એક ઋચા, સત્યવાનની પત્ની સાવિત્રી, બ્રહ્માની પત્ની સાવિત્રી, દુર્ગા દેવી, ગાયત્રી.

सावित्रीपति पु० સત્યવાન, શિવ, બ્રહ્મા.

सावित्रीपतित त्रि० ગાયત્રીથી ભ્રષ્ટ થયેલ હરકોઈ બ્રાહ્મણ-ક્ષત્રિય કે વૈશ્ય.

सावित्रीभ्रष्ट त्रि० ઉપરનો અર્થ.

सावित्रीव्रत न० સાવિત્રીના પૂજનને ઉદ્દેશી કરવામાં આવતું એક વ્રત, જેઠ મહિનાની અંધારી ચૌદશે કરવાનું એક વ્રત.

सावित्रीसूत्र न० યજ્ઞોપવીત-જનોઇ.

साविष्कार त्रि० પ્રકટ, ખુલ્લું, અહંકારી, અભિમાની.

साविष्कार अव्य० પ્રકટતા પૂર્વક, ખુલ્લી રીતે.

साशूक पु० કામળી, ધાબળી, કામળો, ધાબળો.

साश्रुधी स्त्री० સાસુ.

सास्ना स्त्री० ગાય-બળદને ગળે લટકતી ચામડીની ગોદડી.

सास्र त्रि० આંસુવાળું, આંસુસહિત.

सास्थिताम्रार्द्ध न० કાંસું.

साहङ्कार त्रि० અહંકારવાળું, અભિમાની.

साहचर्य न० સહચરપણું, સાથે ફરવાપણું, સાથે હોવાપણું, મિત્રતા, દોસ્તી, સામાનાધિકરણ્ય.

साहस न० બળાત્કારે કરેલ ચોરી, બળાત્કાર, બળાત્કારે કરેલ સ્ત્રીસંભોગ વગેરે, ઉતાવળ, કોઈપણ કામમાં વિચાર નહિ કરવો તે.

साहस पु० એક પ્રકારનો દંડ, એક જાતનો અગ્નિ.

साहसाङ्क पु० વિક્રમાદિત્ય રાજા.

साहसिक त्रि० સાહસ કરનાર, ઉતાવળ કરનાર, બળાત્કાર કરનાર, બળાત્કારે ચોરી-સ્ત્રીસંભોગ વગેરે કરનાર.

साहसिक पु० ચોર, પરસ્ત્રીલંપટ, છીનાળવો, કઠોર, ક્રૂર.

साहसिन् त्रि० साहसिक त्रि० જુઓ.

साहसिन् पु० साहसिक पु० જુઓ.

साहस्र न० હજારોનો સમૂહ, હજારની સંખ્યા.

साहस्र त्रि० હજારની સંખ્યાવાળું, હજારના માપનું, હજારથી ખરીદેલ.

साहस्र पु० એક હજાર હાથીઓનો સમૂહ.

साहायक न० સહાય, મદદ.

साहाय्य न० ઉપરના અર્થ.

साहायककरण न० साह्यकरण જુઓ.

साहायककृत् त्रि० साह्यकृत् જુઓ.

साहाय्यकरण न० साह्यकरण જુઓ.

साहाय्यकृत् त्रि० साह्यकृत् જુઓ.

साहित्य न० સહિતપણું, મળવું, જોડાવું, પરસ્પર સાપેક્ષ તુલ્યરૂપ એક ક્રિયામાં જોડાવું, બુદ્ધિનો એક વિશેષ વિષય, પદ્યાત્મક કાવ્ય.

साहित्यशास्त्र न० સાહિત્યને લગતું શાસ્ત્ર.

साहित्यदर्पण पु० તે નામે એક સાહિત્ય ગ્રંથ.

साह्य न० સહન કરવા યોગ્યપણું, મળવું, જોડાવું, મદદ, સહાય, મિત્રતા.

साह्य त्रि० સહન કરવા યોગ્ય.

साह्यकरण न० સહાય કરવી, મદદ કરવી, દોસ્તી કરવી.

साह्यकृत् त्रि० સહાય કરનાર, મદદ કરનાર, મિત્ર.

साह्वय त्रि० નામવાળું, નામસહિત.

साह्वय પુ૦ સામ સામે લડનાર કુકડો-બકરો વગેરે પ્રાણી.

सि ષિ ધાતુ જુઓ.

सिंह પુ૦ સિંહ પ્રાણી, સિંહ રાશિ, રાતો સરગવો, જિનધ્વજ, એક પ્રકારનું દેવમંદીર, એક પ્રકારનું સિંહાસન, શ્રેષ્ઠ.

सिंहकेलि પુ૦ મંજુઘોષ નામે એક બૌદ્ધ સાધુ.

सिंहकेशर પુ૦ સિંહની કેશવાળી, બોલસરીનું ઝાડ.

सिंहतल પુ૦ જોડેલા હાથ, અંજલિ.

सिंहतुण्ड પુ૦ મેહુંડ વૃક્ષ.

सिंहद्वार ન૦ શહેર વગેરેમાં દાખલ થવાનો દરવાજો.

सिंहध्वनि પુ૦ સિંહની ગર્જના, સિંહના જેવો શબ્દ.

सिंहनर्दिका स्त्री० એક જાતનું વાદિત્ર.

सिंहनाद પુ૦ सिंहध्वनि જુઓ.

सिंहनादिका स्त्री० એક જાતનું વાદિત્ર, ધમાસો વનસ્પતિ.

सिंहपर्णिका स्त्री० અરડુસાનું ઝાડ.

सिंहपर्णी स्त्री० અરડુસાનું ઝાડ.

सिंहपुच्छिका स्त्री० चित्रपर्णिका વનસ્પતિ, જંગલી અડદ, પૃશ્નિપર્ણી વનસ્પતિ.

सिंहपुच्छी स्त्री० ઉપરના અર્થ.

सिंहपुष्पिका स्त्री० પૃશ્નિપર્ણી વનસ્પતિ.

सिंहपुष्पी स्त्री० ઉપરનો અર્થ.

सिंहमुखी स्त्री० અરડુસાનું ઝાડ.

सिंहयाना स्त्री० દુર્ગા દેવી.

सिंहल પુ૦ તે નામે એક દેશ.

सिंहल ન૦ પિતળ ધાતુ, કલઈ ધાતુ, તજ.

सिंहलस्था स्त्री० સિંહલીનો વેલો.

सिंहलास्थान પુ૦ તાડના જેવું એક ઝાડ.

सिंहलोल પુ૦ તે નામે એક રતિબંધ.

सिंहवाहना स्त्री० દુર્ગા દેવી.

सिंहवाहिनी स्त्री० દુર્ગા દેવી.

सिंहविक्रान्त પુ૦ ઘોડો.

सिंहविक्रान्त त्रि० સિંહના જેવું પરાક્રમી.

सिंहविक्रान्ती स्त्री० ઘોડી.

सिंहविन्ना स्त्री० માષપર્ણી વનસ્પતિ.

सिंहसंहनन त्रि० શ્રેષ્ઠ અંગવાળું, સિંહના જેવા મજબૂત શરીરવાળું.

सिंहसेन પુ૦ ચૌદમા જૈન તીર્થંકર અનન્તનાથના પિતા.

सिंहान ન૦ લોઢાનો મેલ, નાકનો મેલ, ગુંગું.

सिंहावलोक પુ૦ સિંહની પેઠે દૃષ્ટિ કરવારૂપ એક ન્યાય.

सिंहावलोकन ન૦ ઉપરનો અર્થ.

सिंहासन ન૦ સિંહાસન, સિંહનું આસન, રાજાનું એક જાતનું આસન.

सिंहासनस्थ त्रि० સિંહાસન ઉપર બેઠેલ.

सिंहासनस्थित त्रि० ઉપરનો અર્થ.

सिंहासनासीन त्रि० સિંહાસન ઉપર બેઠેલ.

सिंहास्य પુ૦ અરડુસાનું ઝાડ.

सिंहिका स्त्री० કાશ્યપની એક પત્ની-રાહુ ગ્રહની માતા.

सिंहिकातनय પુ૦ રાહુ ગ્રહ.

सिंहिकातनुज પુ૦ રાહુ ગ્રહ.

सिंहिकातनूज પુ૦ રાહુ ગ્રહ.

सिंहिकातमज પુ૦ રાહુ ગ્રહ.

सिंहिकापुत्र પુ૦ રાહુ ગ્રહ.

सिंहिकासुत પુ૦ રાહુ ગ્રહ.

सिंहिकासूनु પુ૦ રાહુ ગ્રહ.

सिंही स्त्री० સિંહણ, ભોરીંગણી, અરડુસી, રાહુની માતા, જંગલી મગ.

सिंहीतनय પુ૦ રાહુ ગ્રહ.

सिंहीतनुज પુ૦ રાહુ ગ્રહ.

सिंहीतनूज पु० રાહુ ગ્રહ.

सिंहीपुत्र पु० રાહુ ગ્રહ.

सिंहीलता स्त्री० ભોરીંગણી.

सिंहीसुत पु० રાહુ ગ્રહ.

सिंहीसूनु पु० રાહુ ગ્રહ.

सिक् सौत्र० प० स० सेट् સીંચવું, છાંટવું.

सिकता स्त्री० રેતી, વેળુ, રેતાળ દેશ.

सिकतामय त्रि० રેતાળ પ્રદેશ વગેરે, રેતીવાળો કાંઠો વગેરે.

सिकतावत् त्रि० રેતાળ, રેતીવાળું.

सिकतिल त्रि० રેતાળ, રેતીવાળું.

सिक्त त्रि० સીંચેલ, છાંટેલ.

सिक्थ न० મીણ, ગળી.

सिक्थक पु० ઉકાળેલા ચોખા, ચોખા વગેરેનો કોળીયો.

सिक्थक न० મીણ.

सिक्य न० શીકું.

सिङ्घाण न० નાકનો મેલ, લોઢાંનો મેલ.

सिङ्घाणक न० ઉપરના અર્થ.

सिच् तुदा ઉભ० स० अनिट् સીંચવું, છાંટવું, ભીનું કરવું, પલાળવું, રેડવું, છોડવું, બહાર કાઢવું, नि + છાંટવું, રેડવું, મિશ્ર કરવું, उद् + છાંટવું, ગર્વ કરવો, ઉદ્ધતાઈ કરવી, अभि + અભિષેક કરવો.

सिच् त्रि० સીંચનાર, છાંટનાર.

सिच् न० વસ્ત્ર, કપડું.

सिचय पु० વસ્ત્ર, કપડું, જુનું કપડું.

सिच्यमान त्रि० સીંચાતું, છંટાતું.

सिञ्चत् त्रि० સીંચતું, છાંટતુ.

सिञ्चमान त्रि० ઉપરના અર્થ.

सिञ्चिता स्त्री० પીપર.

सिट् षिट् ધાતુ જુઓ.

सित न० રૂપું, ચંદન, સુખડ, મુળો.

सित पु० કાસડો, શુક્ર ગ્રહ, ધોળો રંગ.

सित त्रि० ધોળા રંગનું, ધોળું.

सित त्रि० સમાપ્ત થયેલ, પૂર્ણ થયેલ, બંધાયેલ, જાણેલ.

सितकण्ठ पु० લક્કડકૂટ પક્ષી–दात्यूह.

सितकण्ठी स्त्री० લક્કડકૂટ પક્ષિણી–दात्यूही.

सितकर पु० ચંદ્ર, કપૂર.

सितकर्णिका स्त्री० અરડુસો.

सितकर्णी स्त्री० અરડુસો.

सितकिरण पु० ચંદ્ર, કપૂર.

सितकुञ्जर पु० ઇન્દ્ર, ઐરાવત હાથી, ધોળો હાથી.

सितगुञ्जा स्त्री० ધોળી ચણોઠી.

सितच्छत्र न० ધોળું છત્ર, ધોળી છત્રી.

सितछत्रा स्त्री० સુવા.

सितच्छद पु० હંસ પક્ષી.

सितच्छदा स्त्री० ધોળી ધ્રોખડ.

सितच्छदी स्त्री० હંસ પક્ષિણી.

सितदर्भ पु० ધોળો દર્ભ.

सितदीधिति पु० ચંદ્ર. કપૂર.

सितदीप्य पु० ધોળું જીરૂં.

सितदूर्वा स्त्री० ધોળી ધ્રોખડ.

सितद्रु पु० ધોળા રંગનું ઝાડ, મોરટભેદ.

सितधातु पु० રૂપું, ખડી–ચોક, કલઈ વગેરે ધોળી ધાતુ.

सितपक्ष पु० હંસ, શુદ્ધ–અજવાળીયું પખવાડીયું.

सितपक्षिन् पु० હંસ પક્ષી.

सितपक्षिणी स्त्री० હંસલી.

सितपक्षी स्त्री० હંસલી.

सितपर्णिका स्त्री० અર્કપુષ્પિકા વૃક્ષ.

सितपर्णी स्त्री० ઉપરના અર્થ.

सितपाटलिका स्त्री० ધોળી પાડલનું ઝાડ.

सितपुंखा स्त्री० ધોળી શરપુંખાનું ઝાડ.

सितपुष्प न० એક જાતની મોથ, ધોળું ફૂલ.

सितपुष्प पु० તગરનું ઝાડ, કાસડો, ધોળા રોહિડાનું ઝાડ.

सितपुष्पा स्त्री० મોગરો–मल्लिका.

सितमरिच्च न० ધોળું મરી.

सितमाष पु० રાજમાષ વનસ્પતિ.

सितरञ्जन पु० પીળો રંગ.

सितरञ्जन त्रि० પીળા રંગવાળું, પીળું.

सितरश्मि पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सितवर्षाभू स्त्री० ધોળી સાટોડી.

सितशिम्बि पु० ઘઉં.

सितशिम्बिक पु० ઘઉં.

सितशूक पु० જવ.

सितशूरण पु० જંગલી સુરણ.

सितसप्ति पु० અર્જુન, સાદડાનું ઝાડ, ધોળો ઘોડો.

सितसप्ति त्रि० ધોળા ઘોડાવાળું.

सितसर्षप पु० ધોળો સરસવ.

सितसायका स्त्री० ધોળી શરપુંખાનું ઝાડ.

सितसार पु० એક જાતનું શાક.

सितसारक पु० એક જાતનું શાક.

सितसिन्धु स्त्री० ગંગા નદી.

सितसिन्धु पु० ધોળો સમુદ્ર.

सिता स्त्री० સાકર, મોગરો, ધોળી ભોરીંગણી, વિદારી વનસ્પતિ, ધોળી ધ્રોખડ, ચાંદની, ચંદ્રની કાંતિ, કુટુંબિની વનસ્પતિ, દારૂ, મદિરા, પિંગા વનસ્પતિ, ત્રાયમાણ વનસ્પતિનો વેલો, તેજની વનસ્પતિ, પહાડી અપરાજીતા વનસ્પતિ.

सितांशु पु० ચંદ્ર, કપૂર.

सिताखण्ड पु० મધની સાકર, ખડી સાકર, સાકરનો ટુકડો.

सिताग्र पु० કાંટો.

सिताङ्क पु० એક જાતનું માછલું.

सिताङ्की स्त्री० એક જાતની માછલી.

सिताङ्ग पु० શ્વેત રોહિષ.

सिताङ्ग त्रि० ધોળાં અંગવાળું, ધોળું, સફેત, ધોળા શરીરવાળું.

सितादि पु० ગોળ.

सितानन पु० ગરૂડ પક્ષી.

सितानन न० ધોળું મુખ.

सितापाङ्ग पु० મોર પક્ષી.

सितापाङ्गी स्त्री० મોર પક્ષિણી.

सिताब्ज न० ધોળું કમળ.

सिताभ पु० ચંદ્ર, કપૂર.

सिताभा स्त्री० છાશ.

सिताभ्र पु० કપૂર.

सिताभ्र न० ધોળું કમળ.

सिताभ्रक पु० કપૂર.

सिताम्बर पु० શ્વેતાંબર જૈન.

सिताम्बर त्रि० ધોળાં કપડાંવાળું, સફેત કપડાં ધારણ કરનાર.

सिताम्बर न० ધોળું કપડું.

सिताम्भोज न० ધોળું કમળ.

सितार्जक पु० ધોળી તુલસી.

सितालक पु० ધોળું મંદાર વૃક્ષ.

सितालता स्त्री० ધોળી ધ્રોખડ.

सितालिकटभी स्त्री० ધોળું કિણિહી વૃક્ષ.

सितावर पु० એક જાતનું શાક.

सितावरी स्त्री० બાકુચી નામે એક વનસ્પતિ.

सिताश्व पु० અર્જુન, સાદડાનું ઝાડ, ધોળો ઘોડો.

सिताश्व त्रि० ધોળા ઘોડાવાળું.

सितासित पु० બળદેવ, કાળો અને ધોળો રંગ.

सितासित त्रि० કાળા અને ધોળા રંગવાળું.

सितासिता स्त्री० द्वि० ગંગા અને યમુના.

सिताह्वय पु० ધોળા સરગવાનું ઝાડ, ધોળા રોહિડાનું ઝાડ.

सिति पु० ધોળો રંગ, કાળો રંગ.

सिति त्रि० ધોળા રંગવાળું, કાળા રંગવાળું, ધોળું, કાળું.

सितिता स्त्री० ધોળાશ, કાળાશ.

सितित्व न० ઉપરના અર્થ.

सितिमन् त्रि० ધોળાશ, કાળાશ.

सितिवस्त्र पु० બળદેવ.

सितिवस्त्र त्रि० सितिवासस् त्रि० જુઓ.

सितिवस्त्र न० ધોળું વસ્ત્ર, કાળું વસ્ત્ર.

सितिवार पु० એક જાતનું શાક–मुनिषण्णक.

सितिवासस् पु० બળદેવ.

सितिवासस् त्रि० કાળા વસ્ત્રવાળું, ધોળાં વસ્ત્રવાળું.

सितवासस् न० કાળું વસ્ત્ર, ધોળું વસ્ત્ર.

सितेतर पु० કાળી ડાંગેર, કળથી ધાન્ય, ધોળા સિવાયનો કાળો વગેરે રંગ.

सितेतर त्रि० ધોળા સિવાયના રંગવાળું–કાળું વગેરે.

सितेतरगति पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सितोदर पु० કુબેર.

सितोपल पु० સ્ફટિક મણિ.

सितोपल न० ખડી–ચોક.

सितोपला स्त्री० સાકર.

सिद्ध न० સિંધાલૂણ.

सिद्ध पु० વ્યાસ વગેરે મુનિ, તે નામે એક દેવજાતિ, ગોળ, કાળો ધંતુરો, વ્યાપાર, સિદ્ધ એવો મંત્ર, સિદ્ધિવાળો મંત્ર, વિષ્કંભ વગેરે યોગપૈકી બાવીસમો યોગ.

सिद्ध त्रि० બનાવેલ, તૈયાર, સિદ્ધ, રાંધેલ, તૈયાર, નિત્ય, હમેશનું, કાયમનું, નિશ્ચિત, નિશ્ચયવાળું, સૂક્ત, સુભાષિત, પ્રસિદ્ધ, સારી રીતે કહેલ, પવિત્ર, ઈશ્વરી, કુશળ.

सिद्धक पु० નગોડનું ઝાડ, રાળનું ઝાડ, સાગનું ઝાડ.

सिद्धगङ्गा स्त्री० ગંગા નદી.

सिद्धजल न० કાંજી, પક્વ જળ, ઉકાળેલું પાણી.

सिद्धता स्त्री० સિદ્ધપણું.

सिद्धतोय न० सिद्धजल જુઓ.

सिद्धत्व न० સિદ્ધપણું.

सिद्धदेव पु० શિવ, મહાદેવ.

सिद्धधातु पु० પારદ–પારો.

सिद्धनदी स्त्री० ગંગા નદી.

सिद्धपीठ पु० न० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક સ્થાન.

सिद्धपुर न० લંકાની નીચેના ભાગમાં આવેલું એક શહેર, ગુજરાતમાં પાટણની પાસે સિદ્ધરાજે વસાવેલું એક શહેર.

सिद्धपुष्प पु० કરવીર વૃક્ષ, કરેણનું ઝાડ.

सिद्धप्रयोजन पु० ધોળો સરસવ.

सिद्धमोदक पु० એક જાતની સાકર.

सिद्धरस पु० પારદ–પારો.

सिद्धरस त्रि० હરકોઈ ધાતુ.

सिद्धविद्य त्रि० જને વિદ્યા સિદ્ધ થઈ હોય તે.

सिद्धविद्या स्त्री० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ કાલી વગેરે દશ દેવીઓ.

सिद्धसंघ पु० સિદ્ધોનો સમુદાય.

सिद्धसाधन न० સિદ્ધનું સાધન-નિશ્ચય કરેલાનું અનુમાન, ન્યાયશાસ્ત્રપ્રસિદ્ધ એક દોષ, તે નામે એક નિગ્રહસ્થાન.

सिद्धसाधन पु० ધોળો સરસવ.

सिद्धसाध्य पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

सिद्धसाध्य त्रि० સિદ્ધ એવું સાધ્ય–સાબીત કરેલ.

सिद्धसिद्ध पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

सिद्धसिन्धु स्त्री० ગંગા નદી.

सिद्धसुसिद्ध पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

सिद्धसेन पु० કાર્તિકસ્વામી, તે નામે એક જૈનાચાર્ય–સિદ્ધસેન દિવાકર.

सिद्धान्त पु० શાસ્ત્ર, નિશ્ચય, છેવટનો નિર્ણય, જ્યોતિષશાસ્ત્રપ્રસિદ્ધ સૂર્યસિદ્ધાંત વગેરે.

सिद्धान्तशिरोमणि पु० તે નામે એક ગ્રંથ.

सिद्धान्ताचार पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક આચાર.

सिद्धान्तिन् त्रि० સિદ્ધાંતવાળું, શાસ્ત્રનિશ્ચયવાળું.

सिद्धापगा स्त्री० ગંગા નદી.

सिद्धायिका स्त्री० તે નામે એક જૈન શાસનદેવતા.

सिद्धारि पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર.

सिद्धार्थ पु० ધોળો સરસવ, ફટી વૃક્ષ, શાકયસિંહ, જૈન તીર્થંકર મહાવીર સ્વામીના પિતા.

सिद्धार्थ त्रि० સિદ્ધ અર્થવાળું, સિદ્ધ પ્રયોજનવાળું, પ્રસિદ્ધ અર્થવાળું.

सिद्धार्थक त्रि० ઉપરના અર્થ.

सिद्धार्थक पु० सिद्धार्थ पु० જુઓ.

सिद्धार्था स्त्री० ચોથા જૈન તીર્થંકરની માતા.

सिद्धि स्त्री० ઋદ્ધિ નામે ઔષધિ, તે નામે એક યોગ, અંતર્ધાન થવું, અદૃશ્ય થવારૂપ સિદ્ધિ, સિદ્ધિ–સમાપ્તિ, પરિપૂર્ણતા, આબાદી, રસોઇ, રાંધવું, તૈયાર રસોઈ, અણિમા વગેરે આઠ પ્રકારનું ઐશ્વર્ય, વૃદ્ધિ, આબાદી, અભ્યુદય, ચઢતી, મુક્તિ, મોક્ષ, સંપત્તિ, બુદ્ધિ, સાધ્યવાનરૂપે નિશ્ચય, સાંખ્યમાં કહેલ, ઊહાદિક સિદ્ધિહેતુભેદ, પાદુકા, પાવડી, ચાંખડી, તે નામે દક્ષની એક કન્યા, વિજય, ફત્તેહ, જીત, શુદ્ધિ, પવિત્રતા, જ્ઞાન, કરજમાંથી મુક્ત થવું.

सिद्धिद पु० બટુકભૈરવ.

सिद्धिद त्रि० સિદ્ધિ આપનાર.

सिद्धिदातृ पु० બટુકભૈરવ.

सिद्धिदातृ त्रि० સિદ્ધિ આપનાર.

सिद्धिली स्त्री० એક જાતની લાકડી.

सिद्धियोग पु० જ્યોતિષશાસ્ત્રમાં કહેલ એક શુભ યોગ.

सिद्धिस्थान न० તે નામે એક તીર્થ.

सिद्धेश्वरी स्त्री० તે નામે એક દેવી.

सिद्धौघ पु० તંત્રશાસ્ત્રોક્ત તારાદેવીના પૂજનની અંતે પૂજ્ય એક ગુરૂ.

सिध् षिध् જુઓ.

सिध्म न० એક જાતનો રોગ–किलासरोग.

सिध्मन् न० એક જાતનો રોગ–किलासरोग.

सिध्मल त्रि० એક જાતના રોગવાળું–किलासरोगी.

सिध्मला स्त्री० મીઠું ચઢાવેલ માછલું.

सिध्मवत् त्रि० એક જાતના રોગવાળું–किलासरोगी.

सिध्य पु० પુષ્ય નક્ષત્ર.

सिध्र त्रि० સજ્જન, સારૂં.

सिध्र पु० ઝાડ.

सिध्रक पु० એક જાતનું ઝાડ.

सिध्रका स्त्री० ઉપરનો અર્થ.

सिध्रकावण न० તે નામે દેવોનો એક બગીચો.

सिन पु० ગ્રાસ, કોળીયો.

सिनी स्त्री० ધોળા રંગની સ્ત્રી, ધોળી સ્ત્રી.

सिनीवाली स्त्री० ચૌદશયુક્ત અમાસ, દુર્ગા દેવી.

सिन्दु पु० નગોડનું ઝાડ.

सिन्दुक पु० નગોડનું ઝાડ.

सिन्दुर न० નગોડનું ફૂલ.

सिन्दुवार पु० નગોડનું ઝાડ.

सिन्दुवार न० નગોડનું ફૂલ.

सिन्दूर पु० એક જાતનું ઝાડ.

सिन्दूर न० સિંદૂર, તે નામે એક લાલ રંગનું ચૂર્ણ.

सिन्दूरकारण न० સીસું.

सिन्दूरतिलक पु० હાથી.

सिन्दूरतिलका स्त्री० ધણીવાળી સ્ત્રી, સુવાસણ સ્ત્રી, જેના લલાટમાં સિંદૂરનો ચાંદલો હોય તેવી સ્ત્રી.

सिन्दूरतिलकी स्त्री० હાથણી.

सिन्दूरहेतु न० સીસું.

सिन्दूरिका स्त्री० હીંગળોક.

सिन्दूरित त्रि० સિંદૂર ચોપડેલ.

सिन्दूरी स्त्री० રોચના, ધાવડીનું ઝાડ.

सिन्धु पु० સમુદ્ર, રક્ત ચેલિ લતા, તે નામે એક નદ, હાથીનો મદ, નગોડનું ઝાડ, ધોળો ટંકણખાર, સંગીતપ્રસિદ્ધ એક રાગ, નૈઋર્ત ખૂણામાં આવેલો એક દેશ-સિંધદેશ.

सिन्धु स्त्री० નદી, તે નામે એક નદી.

सिन्धुक पु० નગોડનું ઝાડ.

सिन्धुकफ पु० સમુદ્રનું ફીણ-સમદરફીણ.

सिन्धुकर न० ધોળો ટંકણખાર.

सिन्धुखेल पु० સિન્ધુ દેશ-સિંધ.

सिन्धुज न० સૈંધવ-સિંધાલૂણ.

सिन्धुज पु० ચંદ્ર, કપૂર.

सिन्धुजन्मन् पु० ચંદ્ર, કપૂર.

सिन्धुजन्मन् न० સીંધાલૂણ.

सिन्धुजन्मन् स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुजा स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुजात न० સૈંધવ-સીંધાલૂણ.

सिन्धुजात पु० ચંદ્ર, કપૂર.

सिन्धुजाता स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुतनय पु० ચંદ્ર, કપૂર.

सिन्धुतनया स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुतनुज पु० ચંદ્ર, કપૂર.

सिन्धुतनुजा स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुतनूज पु० ચંદ્ર, કપૂર.

सिन्धुतनूजा स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुनन्दन पु० ચંદ્ર, કપૂર.

सिन्धुनन्दिनी स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुपुत्र पु० ચંદ્ર, કપૂર.

सिघुपुत्री स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुपुष्प पु० શંખ.

सिन्धुमन्थ पु० સમુદ્રમંથન.

सिन्धुमन्थज त्रि० સમુદ્ર મંથનથી ઉત્પન્ન થયેલ ચંદ્ર-સિંધાલૂણ-અમૃત વગેરે.

सिन्धुमन्थन न० સમુદ્રમંથન.

सिन्धुमन्थनज त्रि० सिन्धुमन्थज જુઓ.

सिन्धुर पु० હાથી.

सिन्धुरी स्त्री० હાથણી.

सिन्धुलवण न० સૈંધવ-સિંધાલૂણ.

सिन्धुवार पु० નગોડનું ઝાડ, ઉત્તમ ઘોડો.

सिन्धुवार न० નગોડનું ફૂલ.

सिन्धुवारित पु० નગોડનું ઝાડ.

सिन्धुवेषण पु० ગાંભારીનું ઝાડ.

सिन्धुशयन पु० વિષ્ણુ.

सिन्धुशायिन् पु० વિષ્ણુ.

सिन्धुसङ्गम पु० નદીનો સંગમ, નદી અને સમુદ્રનો સમાગમ.

सिन्धुसङ्गम त्रि० નદીનો સંગમપ્રદેશ, નદી અને સમુદ્રનો સંગમપ્રદેશ.

सिन्धुसुत पु० ચંદ્ર, કપૂર.

सिन्धुसुता स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धुसूनु पु० ચંદ્ર, કપૂર.

सिन्धुसूनू स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धूद्भव न० સિંધાલૂણ, સૈંધવ.

सिन्धूद्भव पु० ચંદ્ર, કપૂર.

सिन्धूद्भव त्रि० નદીમાં ઉત્પન્ન થનાર, સમુદ્રમાં ઉત્પન્ન થનાર.

सिन्धूद्भवा स्त्री० લક્ષ્મી દેવી.

सिन्धूपल पु॰ સિંધાલૂણ, સૈંધવ.

सिन्धूपल न॰ ઉપરના અર્થ.

सिप्र पु॰ તે નામે એક સરોવર, ચંદ્ર, કપૂર, પરસેવો, ઘામ.

सिप्रा स्त्री॰ ઉજ્જયિની પાસે એક નદી, ભેંસ.

सिम् षिम् ધાતુ જુઓ.

सिम त्रि॰ સર્વ, બધું, સઘળું.

सिम्बा स्त्री॰ શીંગ.

सिम्बि स्त्री॰ નખલો નામે એક સુગંધી દ્રવ્ય, निष्पावी જુઓ.

सिम्बिजा स्त्री॰ શીંગમાં થતું ધાન્ય, કઠોળ ધાન્ય.

सिम्बी स्त्री॰ सिम्बि જુઓ.

सिम्भ् षिम्भ् ધાતુ જુઓ.

सिर पु॰ પીપરમૂળ, ગંઠોડા.

सिरा स्त्री॰ નાડી, રગ, નસ, એક જાતનું જળપાત્ર.

सिल् षिल् ધાતુ જુઓ.

सिल्लकी स्त्री॰ सल्लकी वृक्ष.

सिव् षिव् ધાતુ જુઓ.

सिवर पु॰ હાથી.

सिवरी स्त्री॰ હાથણી.

सिसृक्षत् त्रि॰ સરજવા ઇચ્છતું, છોડી મૂકવા ઇચ્છતું.

सिसृक्षा स्त्री॰ સરજવાની ઇચ્છા, છોડી મૂકવાની ઇચ્છા.

सिसृक्षु त्रि॰ સરજવા ઇચ્છનાર, છોડી મૂકવા ઇચ્છનાર.

सिहुण्ड पु॰ થોરનું ઝાડ.

सिह्ल पु॰ લોબાન.

सिह्लक पु॰ લોબાન.

सिह्लकी स्त्री॰ सल्लकी वृक्ष.

सिह्लभूमि स्त्री॰ ઉપરનો અર્થ.

सीक् भ्वा॰ आ॰ स॰ वेट् સીંચવું, ચાંટવું.

सीक् चु॰ उभ॰ स॰ सेट् સ્પર્શ કરવો, અડકવું.

सीक् भ्वा॰ प॰ स॰ सेट् ઉપરના અર્થ.

सीकर पु॰ જળકણ, પાણીનો છાંટો.

सीता स्त्री॰ ખેતર વગેરેમાં હળની રેખા, જનક રાજાની પુત્રી સીતા દેવી, ભદ્રાશ્વ ખંડમાં આવેલી ગંગા નદી, દુર્ગા દેવી, પાર્વતી, લક્ષ્મી દેવી, દારૂ, મદિરા, ધાન્યની અધિષ્ઠાયક દેવી.

सीतापति पु॰ દશરથપુત્ર શ્રીરામચંદ્ર.

सीतायाःपति पु॰ ઉપરનો અર્થ.

सीतीनक पु॰ सतीलक જુઓ.

सीत्करण न॰ નીચેનો શબ્દ જુઓ.

सीत्कार पु॰ સ્નેહનો શબ્દ, પ્રેમનો શબ્દ, મૈથુનસમયે સ્ત્રીનો શબ્દ, તાઢ પડવાથી મનુષ્યના મુખમાંથી નીકળી પડતો અસ્પષ્ટ શબ્દ.

सीत्कृत न॰ ઉપરના અર્થ.

सीत्य त्रि॰ હળથી ખેડવા યોગ્ય ખેતર વગેરે.

सीत्य न॰ ધાન્ય, અનાજ.

सीधु पु॰ મદિરા, દારૂ, શેલડીનો દારૂ, ગોળનો દારૂ.

सीधुगन्ध पु॰ બોલસરીનું ઝાડ, દારૂનો ગંધ.

सीधुप त्रि॰ દારૂ પીનાર.

सीधुपायिन् त्रि॰ દારૂ પીનાર.

सीधुपुष्प पु॰ કદંબનું ઝાડ, બોલસરીનું ઝાડ.

सीधुपुष्पी स्त्री॰ ધાવડીનું ઝાડ.

सीधुरस पु॰ આંબાનું ઝાડ.

सीमन् स्त्री॰ મર્યાદા, હદ, સીમાડો, સીમ, અવધિ, સ્થિતિ, ક્ષેત્ર, અંડકોષ-વૃષણ-પેલીયો, વેળા, વખત.

सीमन्त पु॰ સેંથો, સેંથી, એક પ્રકારની

કેશરચના, છઠ્ઠે કે આઠમે મહિને કરવાનો એક ગર્ભસંસ્કાર.

सीमन्तक न० સિંદૂર.

सीमन्तोन्नयन न० છઠ્ઠે કે આઠમે મહિને કરવાનો એક ગર્ભસંસ્કાર.

सीमन्तिनी स्त्री० હરકોઈ સ્ત્રી.

सीमा स्त्री० મર્યાદા, હદ, સીમાડો, સીમ, ગામ વગેરેનો અંત, અવધિ, સ્થિતિ, ક્ષેત્ર, અંડકોષ–વૃષણ, પેલીયો, વેળા, વખત.

सीमाविवाद पु० અઢાર વિવાદોપૈકી એક વિવાદ–સીમાડો–હદ વગેરે માટે વિવાદ.

सीमीक पु० એક જાતનું ઝાડ.

सीर पु० હળ, સૂર્ય, આકડાનું ઝાડ.

सीरक पु० શિશુમાર ગ્રહ, એક જાતનું માછલું.

सीरधारिन् पु० બળદેવ.

सीरध्वज पु० ચંદ્રવંશી જનક રાજા.

सीरपाणि पु० બળદેવ.

सीरिन् पु० બળદેવ.

सीलन्द पु० એક જાતનું માછલું.

सीवन न० સીવવું.

सीवनी स्त्री० લિંગમણિની નીચેનું સૂત્ર.

सीस न० સીસું.

सीसक न० સીસું.

सीसपत्रक न० સીસું.

सीहुण्ड पु० થોરનું ઝાડ.

सु अव्य० પૂજામાં, અતિશયમાં, કષ્ટમાં, અનુમતિમાં, સારૂં, એવા અર્થમાં, સમૃદ્ધિમાં, અનાયાસમાં, મુશ્કેલી એવા અર્થમાં તથા સહેલાઈ એવા અર્થમાં વપરાય છે.

सु षु ધાતુ જુઓ.

सुकण्टका स्त्री० એક જાતની કુંવાર.

सुकण्डु स्त्री० ખરજનો રોગ, ખરજવું, જેને લીધે ચેળ આવે છે તે એક રોગ.

सुकन्द पु० कशेरु જુઓ.

सुकन्द त्रि० શ્રેષ્ઠ કંદવાળું, સારા કંદમૂળવાળું.

सुकन्दिन् पु० ડુંગળી, વારાહીકંદ વનસ્પતિ, ધરણીકંદ.

सुकन्दिन् पु० સુરણ.

सुकन्यका स्त्री० શર્યાતિરાજાની પુત્રી-ચ્યવન ઋષિની પત્ની.

सुकन्या स्त्री० ઉપરનો અર્થ, સારી કન્યા.

सुकरा स्त्री० ગરીબ ગાય, સહેલથી વશ થાય તેવી ગાય.

सुकर्णक पु० હસ્તિકંદ વનસ્પતિ.

सुकर्णक त्रि० સારા કાનવાળું, શ્રેષ્ઠ કાનવાળું.

सुकर्णिका स्त्री० ઉંદરકાની વનસ્પતિ.

सुकर्णी स्त्री० ઈંદરવરણી વનસ્પતિ.

सुकर्मन् पु० જ્યોતિષપ્રસિદ્ધ વિષ્કંભ વગેરે યોગો પૈકી સાતમો યોગ, વિશ્વકર્મા દેવ.

सुकर्मन् न० સારૂં કામ, શ્રેષ્ઠ કર્મ, પુણ્ય.

सुकर्मन् त्रि० સારૂં કામ કરનાર, શ્રેષ્ઠ કર્મવાળું, પુણ્યશાળી.

सुकल पु० દાતા તરીકે તથા ભોજન કરાવનાર તરીકે પ્રસિદ્ધ થયેલ માણસ, સુંદર મનોહર અસ્પષ્ટ શબ્દ.

सुकल त्रि० સુંદર–મનોહર અસ્પષ્ટ શબ્દ કરનાર.

सुकाण्ड पु० કારેલાંનો વેલો, કારેલી.

सुकाण्डिका स्त्री० काण्डीरलता નામે વેલો.

सुकाण्डिन् पु० ભમરો.

सुकाण्डी स्त्री० सुकाण्डिका જુઓ.

सुकाम त्रि० સારા મનોરથવાળું, શુભ અભિલાષાવાળું.

सुकामा स्त्री० ત્રાયમાણનો વેલો.

सुकालुका स्त्री० ડોડીનો વેલો.

सुकाष्ठ न० દેવદારનું લાકડું, સારૂં લાકડું.

सुकाष्ठा स्त्री० એક જાતની કેળ, કડુ વનસ્પતિ.

सुकुन्दक पु० ડુંગળી.

सुकुमार पु० એક જાતની શેલડી, જંગલી ચંપો, સામો ધાન્ય.

सुकुमार त्रि० અત્યંત કોમળ, સુંદર કુમારાવસ્થાવાળું.

सुकुमारक न० તમાલપત્ર.

सुकुमारक पु० ડાંગેર, શાળ.

सुकुमारा स्त्री० જાઈનું ઝાડ, બટમોગરો, મોગરો, કેળ, પૃક્કા વનસ્પતિ, માલતીની વેલ.

सुकृत् त्रि० પુણ્યકારક, પુણ્ય કરનાર, પુણ્યશાળી, ધાર્મિક મનુષ્ય.

सुकृत न० પુણ્ય, સારૂં કામ, ધર્મ, શ્રેષ્ઠ કર્મ, મંગલ.

सुकृत त्रि० સારી રીતે કરેલ, સારૂં કરેલ, શુભ, માંગલીક.

सुकृति स्त्री० પુણ્ય, મંગળ, સત્કર્મ, સારૂં કામ, ધર્મ.

सुकृतिन् त्रि० પુણ્યશાળી, માંગલીક, સત્કર્મવાળું, સારૂં કામ કરનાર, શુભવાળું, ધર્મિષ્ઠ,

सुकेसर पु० બીજોરાનું ઝાડ.

सुकोली स्त्री० ક્ષીરકાકોલી વનસ્પતિ.

सुकोषक पु० कोषाम्र વૃક્ષ.

सुक्रिय त्रि० સારી ક્રિયાવાળું, સત્કર્મવાળું, પુણ્યશાળી, ધર્મિષ્ઠ.

सुक्रिया स्त्री० સારી ક્રિયા, સત્કર્મ, પુણ્ય કર્મ, ધર્મ.

सुख् चु० उभ० स० सेट् સુખ સંપાદન કરવું, સુખ મેળવવું, સુખ કરવું, સુખી થવું.

सुख न० પુણ્યજન્ય આનંદ, એક ગુણ, જેના અનુભવ માટે ચિત્ત અનુકૂળ થાય છે તે એક પદાર્થ, સ્વર્ગ, ઋદ્ધિ નામે ઔષધિ.

सुखंसुण पु० શિવનું એક હથિઆર–खट्वांग.

सुख त्रि० સુખી, સુખકારક.

सुखकर त्रि० સુખ કરનાર.

सुखकारक त्रि० સુખ કરનાર.

सुखकारिन् त्रि० સુખ કરનાર.

सुखङ्कर त्रि० સુખ કરનાર.

सुखङ्करी स्त्री० જીવન્તી વૃક્ષ, સુખ કરનારી સ્ત્રી.

सुखङ्घुण पु० શિવનું એક હથિઆર–खट्वाङ्ग.

सुखचार पु० ઉત્તમ ઘોડો.

सुखच्छेद्य त्रि० સુખેથી કાપવા યોગ્ય, સહેલાઇથી કાપી શકાય તેવું.

सुखजात त्रि० જેને સુખ થયું હોય તે, સુખી.

सुखजात त्रि० સુખેથી ઉત્પન્ન થયેલ, સહેલાઇથી જન્મેલ.

सुखद पु० વિષ્ણુ, સંગીતશાસ્ત્રપ્રસિદ્ધ એક ધ્રુવ.

सुखद त्रि० સુખ આપનાર.

सुखदा स्त्री० સ્વર્ગની વેશ્યા, અપ્સરા, ખીજડીનું ઝાડ.

सुखदोह्या स्त्री० સહેલાઇથી દોહી શકાય તેવી ગાય.

सुखप्रतीक्ष त्रि० સુખની રાહ જોનાર, સુખની આશા રાખનાર.

सुखप्रतोक्षा स्त्री० સુખની રાહ, સુખની આશા.

सुखभाज् त्रि० સુખી, સુખ સેવનાર, સુખ ભોગવનાર.

सुखम् अव्य० સુખેથી, સહેલાઇથી, અનાયાસે, ખુશીથી.

सुखमय त्रि० સુખમય, સુખી, ઘણુંજ સુખી, સુખસ્વરૂપ.

सुखमोदा स्त्री० સલ્લકી વૃક્ષ.

सुखरात्रि स्त्री० આશ્વિન મહિનાની અમાસ-દીવાળી, મહાલક્ષ્મી દેવી.

सुखरात्रिका स्त्री० આશ્વિન મહિનાની અમાવાસ્યા–દીવાળીને દિવસે પૂજવા યોગ્ય મહાલક્ષ્મી દેવી.

सुखवर्चक पु० સાજીખાર.

सुखवर्चस् पु० સાજીખાર.

सुखवास पु० તરબુચ.

सुखवासन त्रि० સુખકારી સુગંધીવાળું, દ્રવ્ય.

सुखसंदोह्या स्त्री० સહેલાઇથી દોહી શકાય તેવી ગાય.

सुखसाध्य त्रि० સહેલાઇથી વશ થાય તેવું, સુખેથી સાધી શકાય તેવું, વિનાપ્રયાસે મટાડી શકાય તેવો રોગ વગેરે.

सुखा स्त्री० તે નામે વરૂણની નગરી.

सुखाधार पु० સ્વર્ગ, સુખનો આધાર.

सुखानुभव पु० સુખનો અનુભવ.

सुखान्त पु० સુખનો અંત.

सुखायत पु० કેળવાયેલો ઘોડો, ઉત્તમ ઘોડો.

सुखायन पु० સુશિક્ષિત ઉત્તમ ઘોડો.

सुखार्थम् अव्य० સુખ માટે, સુખ વાસ્તે, સુખ સારૂં.

सुखार्थिन् त्रि० સુખની ઇચ્છાવાળું, સુખ માગનાર.

सुखावह त्रि० સુખજનક, સુખ ઉત્પન્ન કરનાર.

सुखाश पु० વરૂણ દેવ, રાજતિનિશ વૃક્ષ, સુખેથી ખાવું.

सुखाश त्रि० સુખેથી ખાઇ શકાય તેવું.

सुखाशक पु० રાજતિનિશ વૃક્ષ.

सुखाशन पु० સુખેથી ખાવું, ફલપ્રધાન વૃક્ષ.

सुखासन व० પાલખી, મીયાનો વગેરે વાહન.

सुखासीन त्रि० સુખેથી બેસેલ, આનંદથી બેઠેલ.

सुखास्वाद पु० સુખનો સ્વાદ, સુખનો અનુભવ લેવો તે.

सुखाहर त्रि० સુખજનક, સુખ ઉપજાવનાર.

सुखिन् त्रि० સુખવાળું.

सुखेच्छा स्त्री० સુખની ઇચ્છા.

सुखेच्छु त्रि० સુખ ઇચ્છનાર.

सुखैषिन् त्रि० સુખ ઇચ્છનાર.

सुखोत्सव पु० પતિ, ધણી, સ્વામી, આનંદકારક ઉત્સવ.

सुखोदक न० સુખકારક ગરમ પાણી, સુખકારક પાણી.

सुखोदय पु० સુખનો ઉદય.

सुखोद्य त्रि० સુખેથી કહેવા લાયક, સહેલાઈથી કહી શકાય તેવું.

सुखोपवेशन न० સુખેથી બેસવું.

सुखोपविष्ट त्रि० સુખેથી બેસેલ, આનંદથી બેઠેલ.

सुखोर्जिक पु० સાજીખાર.

सुख्यात त्रि० સારી રીતે પ્રસિદ્ધ, અત્યંત પ્રસિદ્ધ.

सुख्याति स्त्री० સારી રીતે પ્રસિદ્ધિ, અત્યંત પ્રખ્યાતિ.

सुग न० વિષ્ટા, ગુ.

सुग त्रि० સુગમ, સહેલું, સારી રીતે જઈ શકાય તેવું.

सुगण् त्रि० સારી રીતે ગણનાર, એકદમ ગણનાર, સહેલાઇથી ગણનાર, બરાબર ગણનાર.

सुगणित त्रि० સારી રીતે ગણેલ, બરાબર ગણેલ.

सुगत पु० બુદ્ધ દેવ.

सुगत त्रि० સારી રીતે ગયેલ, સારી ગતિવાળું.

सुगन्ध पु० સારો ગંધ, સુગંધી એક જાતનું ઘાસ, ક્ષુદ્ર-જીરૂં-એક જાતનું ઝીણું જીરૂં, કાળું કમળ, ચંદન, ગ્રંથિપર્ણ વૃક્ષ, રાતો સરગવો, ગંધક, ચણો, ભૂતૃણ નામે એક ઘાસ.

सुगन्ध त्रि० સારા ગંધવાળું, સુગંધી, ખુશબોદાર, સુગંધી દ્રવ્યવાળી દુકાન વગેરે.

सुगन्धक न० રાતી તુલસી, ગંધક, નારંગી, કાકડી.

सुगन्धपत्रा स्त्री० રૂદ્રજટા વનસ્પતિ.

सुगन्धभूतृण न० એક જાતનું સુગંધી ઘાસ.

सुगन्धमूला स्त्री० સ્થલપદ્મિની-ભોંય ઉપર થનાર એક જાતની કમલિની, રાસ્ના વનસ્પતિ.

सुगन्धा स्त्री० રાસ્ના વનસ્પતિ, કચુરો, એક જાતની કાકડી, રૂદ્રજટા વનસ્પતિ, નાકુલી વનસ્પતિ, સુવા, બટમોગરો, સોનેરી જૂઈ, પૃક્કા વનસ્પતિ, સલ્લકી વૃક્ષ, ગંધપત્રી વનસ્પતિ, માધવી લતા, અનન્તા વનસ્પતિ, તુલસી, બીજોરૂં.

सुखामलक न० સર્વ ઔષધિઓથી યુક્ત આમળું-સર્વ ઔષધિથી યુક્ત સુકાયલી આંમળાંની છાલ.

सुगन्धि पु० ઈષ્ટ ગંધ, સારો ગંધ, મોથ, કશેરૂ, એક જાતનું સુગંધી ઘાસ, ધાણા, પીપરીમૂળ-ગંઠોડા, સુગંધી આંબો.

सुगन्धि त्रि० સુગંધવાળું, ખુશબોદાર.

सुगन्धिक न० લાલ કમળ, ધોળું સોનું, પુષ્કરમૂળ, સુગંધી વાળો-ખસ.

सुगन्धिक पु० એક જાતની સુગંધી ડાંગેર, તુર્કસ્તાની ગંધક.

सुगन्धिकुसुम पु० પીળી કરેણ.

सुगन्धिकुसुम न० સુગંધદાર ફૂલ.

सुगन्धिकुसुम त्रि० સુગંધદાર ફૂલવાળું.

सुगन्धिकुसुमा स्त्री० પૃક્કા વનસ્પતિ.

सुगन्धिता स्त्री० સુગંધીપણું, ખુશબોદાર.

सुगन्धित्रिफला स्त्री० જાયફળ સોપારી ને લવીંગ.

सुगन्धित्व न० સુગંધીપણું, ખુશબોદારપણું.

सुगन्धिमूल न० સુગંધી વાળો-ખસ.

सुगन्धिमूषिका स्त्री० છછુંદર.

सुगम त्रि० સહેલું, સહેલાઇથી સમજાય તેવું, સહેલાઇથી જઇ શકાય તેવું.

सुगमता स्त्री० સહેલાઈ, સુગમપણું.

सुगमत्व न० ઉપરના અર્થ.

सुगहन त्रि० અત્યંત ઘટ્ટ, ઘણુંજ ઘાટું, ઘણુંજ કઠિન, ક્લિષ્ટ.

सुगहना स्त्री० યજ્ઞમાં આસપાસ કરેલી વાડ વગેરે, હરકોઈ સ્થળે કરેલી વાડ.

सुगहनावृत्ति स्त्री० ઉપરના અર્થ.

सुगुप्त त्रि० સુરક્ષિત, અત્યંત રક્ષિત, ઘણુંજ છાનું-ગુપ્ત, સારી રીતે છુપાવેલ-સંતાડેલ.

सुगृह पु० એક જાતનું પક્ષી.

सुगृह न० સારૂં ઘર, ઉત્તમ ઘર.

सुगृही स्त्री० એક જાતની પક્ષિણી.

सुगृहीत त्रि० સારી રીતે ગ્રહણ કરેલ, સારી રીતે પકડેલ.

सुगृहीतनामन् पु० પ્રાતઃકાળે સ્મરણ કરવા યોગ્ય નામવાળું-પવિત્ર કીર્તિવાળો કોઈ મહાપુરૂષ વગેરે.

सुग्रन्थि पु० ચોરક નામે એક ઝાડ, સારી ગાંઠ.

सुग्रन्थि त्रि० સુંદર ગાંઠવાળું, સારી ગાંઠવાળું.

सुग्रीव पु० શ્રીકૃષ્ણનો ઘોડો, સૂર્યનો પુત્ર સુગ્રીવ વાનર.

सुग्रीव त्रि० સુંદર ડોકવાળું, સારી ડોકવાળું.

सुग्रीवी स्त्री० કશ્યપની એક પત્ની.

सुग्रीवेश पु० દશરથ પુત્ર શ્રી રામચંદ્ર.

सुग्रीवेश्वर पु० ઉપરનો અર્થ.

सुग्ल त्रि० સારી રીતે ગ્લાનિ પામેલ, ઘણું થાકેલ.

सुघटना स्त्री० વ્યવસ્થિત ગોઠવણી, યોગ્ય રીતે ઘટાવવું, સારી રીતે યોજવું.

सुघटित त्रि० સારી રીતે ઘડેલ, સારી રીતે જડી દીધેલ, યોગ્ય રીતે ઘટાવેલ–યોજેલ.

सुघोर त्रि० ઘણુંજ ભયંકર, અતિશય ઘોર.

सुघोष पु० સુંદર અવાજ, સારી ગર્જના, અત્યંત ગર્જના.

सुघोष त्रि० સુંદર અવાજવાળું, અત્યંત ગર્જનાવાળું.

सुचक्षुस् पु० ઉંબરાનું ઝાડ.

सुचक्षुस् त्रि० સુંદર નેત્રવાળું.

सुचक्षुस् न० સુંદર નેત્ર.

सुचञ्चुका स्त्री० એક જાતનું શાક.

सुचरित न० સારૂં ચરિત્ર, શ્રેષ્ઠ વર્તન, સારી ચાલ.

सुचरित त्रि० સારા ચરિત્રવાળું, શ્રેષ્ઠ વર્તનવાળું, સારી ચાલવાળું.

सुचरिता स्त्री० પતિવ્રતા સ્ત્રી.

सुचरित्र त्रि० સુંદર ચરિત્રવાળું, શ્રેષ્ઠ ચરિત્રવાળું, સારૂં ચારિત્ર્યવાન.

सुचरित्र न० સારૂં ચારિત્ર, શ્રેષ્ઠ વર્તન, સારી ચાલ.

सुचरित्रा स्त्री० પતિવ્રતા સ્ત્રી.

सुचर्मन् न० સારૂં ચામડું, સુંદર ચામડી, સારી છાલ.

सुचर्मन् पु० ભોજપત્રનું ઝાડ.

सुचर्मन् त्रि० સારી ચામડીવાળું, સુંદર ચામડીવાળું, સારી છાલવાળું.

सुचारु त्रि० અત્યંત સુંદર, ઘણુંજ મનોહર.

सुचारुस्वन त्रि० અત્યંત મનોહર શબ્દવાળું, સુંદર અવાજવાળું.

सुचित्र त्रि० સુંદર ચરિત્રવાળું, વિચિત્ર, અદ્દભુત.

सुचित्रक पु० એક જાતનું રંગબેરંગી પક્ષી, કાબરચિત્રો સર્પ.

सुचित्रक त्रि० સુંદર ચિત્રવાળું, રંગબેરંગી.

सुचित्रकी स्त्री० એક જાતની રંગબેરગી પક્ષિણી, કાબરચિત્રી સાપેણ.

सुचित्रवीजा स्त्री० વિડઙ્ગા વનસ્પતિ.

सुचित्रा स्त्री० ચીભડું.

सुचिन्तन न० સારી રીતે ચિંતવવું, સારી રીતે વિચાર કરવો, સારો વિચાર કરવો.

सुचिन्ता स्त्री० ઉપરના અર્થ.

सुचिन्तित त्रि० સારી રીતે ચિંતવેલ, સારી રીતે વિચારેલ, સારો વિચાર કરેલ.

सुचिर त्रि० અત્યંત લાંબાકાળનું, બહુ કાળનું.

सुचिरम् अव्य० અત્યંત લાંબો કાળ, બહુ કાળ.

सुचिरायुस् पु० દેવ.

सुचिरायुस् त्रि० ઘણા લાંબા આયુષવાળું.

सुचुटी स्त्री० ચીપીયો, સાંડસી.

सुचेल न० સુંદર વસ્ત્ર, બારીક વસ્ત્ર.

सुचेलक त्रि० સુંદર વસ્ત્રવાળું, બારીક વસ્ત્રવાળું, સૂક્ષ્મ વસ્ત્ર ધારણ કરનાર.

सुच्छत्री स्त्री० સતલજ નદી.

सुजन पु० સારો માણસ, સજ્જન માણસ, સદ્દગુણી માણસ.

सुजनता स्त्री० સુજનપણું, સજ્જનપણું, સદ્દગુણીપણું.

सुजनत्व न० ઉપરના અર્થ.

सुजन्मन् त्रि० સારા જન્મવાળું, ખાનદાન, ઉચ્ચ કુળમાં જન્મેલ.

सुजन्मन् न० સારો જન્મ.

सुजल મ૦ કમળ, સુંદર પાણી.

सुजल त्रि० સુંદર પાણીવાળું.

सुजात त्रि० મનોજ્ઞ, સુંદર, મનોહર.

सुजा स्त्री० તુવેર.

सुजाति स्त्री० સુંદર જાત, સારી જાત.

सुजाति त्रि० સારી જાતિવાળું, સુંદર જાતનું.

सुजीवत् त्रि० સારી રીતે જીવતું, સુંદર જીવનવાળું.

सुजीवन्ती स्त्री० સ્વર્ણજીવન્તી વનસ્પતિ.

सुजीवित न० સારૂં જીવતર, સુંદર જીવન.

सुजीवित त्रि० સારા જીવનવાળું, સારા જીવતરવાળું.

सुट्ट् (षुट्ट्) चु० उभ० स० सेट् અનાદર કરવો, તિરસ્કારવું.

सुत पु० પુત્ર, રાજા.

सुत त्रि० ઉત્પન્ન થયેલ, સંબંધ પામેલ, જોડાયેલ, નીચોવેલ, પીલેલ.

सुतक न० જન્મસુતક, મૃત્યુસુતક, હરકોઇ સુતક.

सुतनु स्त्री० સુંદર સ્ત્રી, સુંદર શરીર, ખુબસુરત દેહ.

सुतनु त्रि० અત્યંત નાજુક શરીરવાળું, સુંદર શરીરવાળું, રૂપાળું.

सुतनु त्रि० અત્યંત નાનું, ઘણુંજ થોડું, અતિ અલ્પ, ઘણુંજ સૂક્ષ્મ.

सुतनू स्त्री० सुतनु स्त्री० જુઓ.

सुतन्वी स्त्री० સુંદર શરીરવાળી સ્ત્રી, નાજુક બાંધાની સ્ત્રી.

सुतपस् पु० સૂર્ય, આકડાનું ઝાડ, મુનિ.

सुतपस् त्रि० સુંદર તપવાળું, અત્યંત તપસ્વી.

सुतपस् न० સુંદર તપ, શ્રેષ્ઠ તપ.

सुतपादिका स्त्री० હંસપદી લતા.

सुतप्त त्रि० સારી રીતે તપેલ, અત્યંત તપેલ.

सुतराम् અવ્ય૦ અત્યંત સારૂં, અતિશય ઠીક, ઘણુંજ સારૂં.

सुतर्कारी स्त्री० દેવદાલી લતા.

सुतर्द्दन पु० કોયલ પક્ષી.

सुतर्द्दनी स्त्री० કોયલ માદા.

सुतल पु० न० તે નામે એક પાતાલ.

सुतल पु० મકાન વગેરેનો સારો પાયો, અટારીનો એક બંધ.

सुतवत् त्रि० પુત્રવાળું, છોકરાંવાળું.

सुतवस्करा स्त्री० સાત પુત્રની માતા.

सुतश्रेणी स्त्री० ઉંદરકાની વનસ્પતિ, પુત્રોની પંક્તિ.

सुतहिबुकयोग पु० જ્યોતિષપ્રસિદ્ધ એક ગ્રહયોગ.

सुता स्त्री० પુત્રી, ધમાસો વનસ્પતિ.

सुतात्मज पु० પુત્રનો પુત્ર, પુત્રીનો પુત્ર–ભાણેજ.

सुतात्मजा स्त्री० પુત્રની પુત્રી, પુત્રીની પુત્રી–ભાણેજી.

सुतारका स्त्री० તે નામે એક જૈન શાસન દેવી.

सुतिक्त पु० પીતપાપડો.

सुतिक्त त्रि० અત્યંત કડવું.

सुतिक्तक पु० લીંબડાનું ઝાડ, ભૂનિંબ–એક જાતનો લીંબડો.

सुतिक्ता स्त्री० कोषातकी વનસ્પતિ.

सुतिन् पु० પુત્રવાળો પુરૂષ.

सुतिनी स्त्री० પુત્રવાળી સ્ત્રી.

सुतीक्ष्ण पु० સરગવાનું ઝાડ, ધોળો સરગવો, તે નામે એક મુનિ.

सुतीक्ष्ण त्रि० અત્યંત તીક્ષ્ણ, ઘણુંજ ઉગ્ર, ઘણુંજ તીખું.

सुतुङ्ग पु० નાળીએરનુ ઝાડ.

सुतुङ्ग त्रि० અત્યંત ઉંચું, ઘણુંજ ઉંચું.

सुतेजन पु० ધૂન્વન વૃક્ષ.

सुतेजस् पु० તે નામે એક જૈન તીર્થંકર.

सुतेजस् स्त्री० આદિત્યભક્તા વનસ્પતિ.

सुतेजस् त्रि० અત્યંત તેજસ્વી, ઘણા તેજવાળું.

सुतैला स्त्री० માલકાંકણી.

सुतोत्पत्ति स्त्री० પુત્રની ઉત્પત્તિ, પુત્રનો કે પુત્રીનો જન્મ.

सुत्या स्त्री० સોમરસ કાઢવો, યજ્ઞ માટે સ્નાન, જન્મ થવો, ઉત્પન્ન કરવું, ઉત્પન્ન થવું.

सुत्रामन् पु० ઇન્દ્ર.

सुत्वन् पु० જેણે સ્નાન કર્યું હોય તે, જેણે અભિષેક કર્યો હોય તે, જેણે યજ્ઞાર્થે સ્નાન કર્યું હોય તે, જેણે સોમરસ કાઢ્યો હોય તે.

सुदक्षिण पु० વિદર્ભ દેશનો એક રાજા.

सुदक्षिणा स्त्री० રઘુ રાજાની માતા—દીલીપરાજાની પત્ની.

सुदग्धिका स्त्री० દગ્ધા નામનું એક ઝાડ.

सुदण्ड पु० નેતર.

सुदण्ड त्रि० સારી લાકડીવાળું.

सुदण्डिका स्त्री० ગોરક્ષીનો વેલો, સારી લાકડીવાળી સ્ત્રી.

सुदत् त्रि० સુંદર દાંતવાળો હાથી વગેરે.

सुदती स्त्री० સુંદર દાંતવાળી તરૂણ સ્ત્રી.

सुदत्त त्रि० સારી રીતે આપેલ, યોગ્ય રીતે આપેલ.

सुदन्त त्रि० સુંદર દાંતવાળું.

सुदन्त पु० નટ, નાચનાર.

सुदम त्रि० સારી રીતે દમન થઇ શકે તેવું, સહેલાઇથી વશ થાય તેવું.

सुदर्भ त्रि० સુંદર દર્ભવાળો પ્રદેશ વગેરે.

सुदर्भा स्त्री० इक्षुदर्भा નામે એક ઝાડ.

सुदर्शन पु० વિષ્ણુનું સુદર્શન ચક્ર. મેરૂ પર્વત, જાંબુનું ઝાડ, તે નામે એક જૈન તીર્થંકર.

सुदर्शन न० ઇન્દ્રનું શહેર, વિષ્ણુનું ચક્ર.

सुदर्शन त्रि० સુંદર દેખાવનું, દેખાવડું, શ્રેષ્ઠ દર્શનવાળું.

सुदर्शन न० તાવ ઉપર અકસીર એક આયુર્વેદિક ચૂર્ણ.

सुदर्शना स्त्री० એક જાતની વેલ, આજ્ઞા, એક ઔષધિ, સુંદર દેખાવડી સ્ત્રી.

सुदर्शनी स्त्री० દેવોની નગરી–અમરાવતી.

सुदल पु० ક્ષીરમોરટા વનસ્પતિ.

सुदला स्त्री० સાલપાન વનસ્પતિ.

सुदामन् पु० મેઘ, તે નામે એક પર્વત, તે નામે એક ગોવાળ, સમુદ્ર, ઐરાવત હાથી, શ્રીકૃષ્ણનો મિત્ર એક બ્રાહ્મણ.

सुदामन् त्रि० શ્રેષ્ઠ દાતા.

सुदामा स्त्री० તે નામે એક નદી.

सुदाम्नी स्त्री० તે નામે એક નદી.

सुदाय पु० પોતાના પતિ તરફથી અથવા માતા પિતા વગેરે તરફથી મળેલું સ્ત્રીતું ધન, પિતા વગેરે જ્ઞાતિ.

सुदारु पु० તે નામે એક પર્વત.

सुदि अव्य० શુકલપક્ષ, અજવાળીયું.

सुदिन न० સારો દિવસ, શ્રેષ્ઠ દિવસ.

सुदिन त्रि० સારૂં, શ્રેષ્ઠ, ઉત્તમ.

सुदिनाह न० સારો દિવસ, શ્રેષ્ઠ દિવસ.

सुदीर्घ त्रि० ઘણુંજ લાંબું, અત્યંત લાંબું.

सुदीर्घधर्मा स्त्री० અસનપર્ણી વનસ્પતિ.

सुदीर्घा स्त्री० ચીનાઈ કાકડી.

सुदुर्जय त्रि० અત્યંત દુર્જય–ઘણી મુશ્કેલીથી જીતાય તેવું.

सुदुर्लभ त्रि० ઘણું દુર્લભ, અત્યંત દુર્લભ.

सुदुष्कर त्रि० અત્યંત કઠિન, ઘણુંજ અઘરૂં, અતિદુષ્કર.

सुदूर त्रि० અત્યંત દૂરનું, ઘણુંજ દૂર.

सुदृग् त्रि० સુંદર દૃષ્ટિવાળું, સારાં નેત્રવાળું.

सुदृढ त्रि० અત્યંત દૃઢ, ઘણુંજ મજબૂત.

सुद्युम्न पु० વૈવસ્વત મનુનો પુત્ર.

सुधन्वन् त्रि० સુંદર ધનુર્ધારી, શ્રેષ્ઠ ધનુર્ધર.

सुधन्वन् पु० માંધાતાના વંશનો એક રાજા, આંગિરસ એક મુનિ, અનંત નાગ, વિશ્વકર્મા.

सुधन्वाचार्य पु० પતિત એવા વૈશ્યથી સજાતીય સ્ત્રીમાં ઉત્પન્ન થયેલો પુત્ર.

सुधर्मन् पु० કુટુંબી.

सुधर्मन् स्त्री० દેવોની સભા.

सुधर्मा स्त्री० દેવોની સભા.

सुधर्मी स्त्री० દેવોની સભા.

सुधा स्त्री० અમૃત, કળીચૂનો, મોરવેલ, સ્નુહી વૃક્ષ, ગંગા, ઈંટ, વીજળી, રસ, પાણી, આંબળાનું ઝાડ, હરડે, મધ, શાલપર્ણી વનસ્પતિ.

सुधांशु पु० ચંદ્ર, કપૂર.

सुधांशुतैल न० કપૂરથી સુવાસિત એવું તેલ.

सुधांशुमणि पु० ચંદ્રકાંતમણિ.

सुधांशुरत्न न० મોતી.

सुधाकर पु० ચંદ્ર, કપૂર.

सुधाकिरण पु० ચંદ્ર, કપૂર.

सुधाङ्ग पु० ચંદ્ર, કપૂર.

सुधाजीविन् पु० કડીયો, સલાટ.

सुधाधवलित त्रि० કળીચૂનો લગાવી ધોળેલ.

सुधाधार पु० ચંદ્ર, કપૂર.

सुधानिधि पु० ચંદ્ર, કપૂર.

सुधापयस् न० થોરનું ઝાડ.

सुधापाणि पु० ધન્વંતરિ.

सुधापान न० અમૃતનું પાન, અમૃત પીવું તે.

सुधाभवन न० કળી ચુનાથી ધોળેલું ઘર.

सुधाभुज् पु० દેવ.

सुधाभृति पु० યજ્ઞ, ચંદ્ર, કપૂર.

सुधामय न० રાજમહેલ, હરકોઇ મહેલ.

सुधामय त्रि० અમૃતમય, ચુનાવાળું, અમૃતવાળું.

सुधामोदक पु० ખડી સાકર, કપૂર.

सुधावर्ष पु० અમૃતનો વરસાદ.

सुधावर्षिन् त्रि० અમૃત વરસનાર.

सुधावर्षिन् पु० ચંદ્ર, કપૂર, બ્રહ્મા, બુદ્ધભેદ.

सुधावास पु० ચંદ્ર, કપૂર.

सुधावासा स्त्री० ત્રપુષી વનસ્પતિ.

सुधावृष्टि स्त्री० અમૃતનો વરસાદ.

सुधासित त्रि० અમૃતના જેવું ધોળું, અમૃતના જેવું ઉજ્જવળ, અમૃતવડે બાંધેલ.

सुधासिन्धु पु० અમૃતનો સમુદ્ર.

सुधासूति पु० યજ્ઞ, ચંદ્ર, કપૂર.

सुधास्रवा स्त्री० રૂદંતી વૃક્ષ, ઉપજીહ્વા-પડજીભ.

सुधाहर पु० ગરૂડ પક્ષી.

सुधाहारक पु० ગરૂડ પક્ષી.

सुधाहृत् पु० ગરૂડ પક્ષી.

सुधिति पु० કુહાડો.

सुधिति स्त्री० કુહાડી.

सुधी पु० વિદ્વાન, પંડિત.

सुधी स्त्री० સુંદર બુદ્ધિ.

सुधी त्रि० સુંદર બુદ્ધિવાળું, શ્રેષ્ઠ બુદ્ધિવાળું.

सुधूम पु० એક જાતનું સુગંધી દ્રવ્ય.

सुधोद्भव पु० ધન્વન્તરિ.

सुधोद्भवा स्त्री० હરડે.

सुध्युपास्य त्रि० સારી બુદ્ધિવડે ઉપાસના કરવા લાયક, વિદ્વાનોવડે સેવવા યોગ્ય.

सुनन्द न० બળદેવનું મુસલ.

सुनन्द पु० શ્રીકૃષ્ણનો એક પાર્શ્વચર, એક જાતનો રાજમહેલ.

सुनन्द त्रि० અત્યંત આનંદવાળું, ઘણુંજ આનંદકારક.

सुनन्दा स्त्री० ગોરોચના, ઉમા-પાર્વતી, પાર્વતીની એક સખી, હરકોઈ સ્ત્રી, અર્કપત્રી વૃક્ષ.

सुनय पु० સારી નીતિ, ઉત્તમ નીતિ.

सुनयन पु० મૃગ, હરણ.

सुनयन त्रि० સુંદર નેત્રવાળું, ઘણીજ સુંદર આંખવાળું.

सुनयना स्त्री० સુંદર નેત્રવાળી સ્ત્રી.

सुनयनी स्त्री० મૃગલી, હરણી.

सुनाकृत पु० કપૂર.

सुनाभ पु० મૈનાક પર્વત.

सुनामद्वादशी स्त्री० તે નામે એક વ્રત.

सुनामन् त्रि० સુંદર નામવાળું.

सुनार पु० સર્પનું ઈંડું, કુતરીનું ધાવણ, ચકલો પક્ષી.

सुनारी स्त्री० ચકલી, સારી સ્ત્રી.

सुनालक पु० એક વૃક્ષ.

सुनालक त्रि० સુંદર નાળવાળું, સારા નાળચાંવાળું.

सुनाशीर पु० ઈન્દ્ર.

सुनाशीर्य पु० એક જાતનો યજ્ઞ.

सुनासिक त्रि० સુંદર નાકવાળું.

सुनासिका स्त्री० काकनासा વનસ્પતિ, સુંદર નાક.

सुनासीर पु० ઈન્દ્ર.

सुनासीर्य पु० એક જાતનો યજ્ઞ.

सुनिग्रह त्रि० જેને સહેલાઈથી વશ કરી શકાય તે, જેનો નિગ્રહ સારી રીતે થઈ શકે તે.

सुनिद्र त्रि० સારી નિદ્રાવાળું, ઘસઘસાટ ઉંઘતું.

सुनिद्रा स्त्री० સારી ઉંઘ, ઘસઘસાટ ઉંઘ.

सुनिभृतम् અવ્ય૦ અત્યંત ગુપ્ત, સારી રીતે ગુપ્ત, અત્યંત એકાંત, ઘણું જ છાનું, અતિશયપૂર્ણ, ખીચોખીચ ભરવાપૂર્વક.

सुनिरूपित त्रि० સારી રીતે જોયેલ-તપાસેલ.

सुनिश्चय पु० સારો નિશ્ચય.

सुनिश्चय त्रि० સારા નિશ્ચયવાળું.

सुनिश्चित त्रि० સારી રીતે નિશ્ચય કરેલ.

सुनिषण्ण पु० એક જાતનું શાક.

सुनिषण्णक पु० એક જાતનું શાક.

सुनिष्टप्त त्रि० સારી રીતે તપાવેલ, ઘણુંજ તપાવેલ.

सुनीत त्रि० સારી રીતે લઈ જવાયેલ, સારી રીતે આણેલ, સારી રીતે નીતિવાળું, સારી ચાલતું.

सुनीत न० સદ્વર્તન, સારૂં આચરણ, સારી ચાલ.

सुनीति स्त्री० સારી નીતિ, ઉત્તાનપાદ રાજાની પત્ની-ધ્રુવની માતા.

सुनीति त्रि० સારી નીતિવાળું, ન્યાયી.

सुनीथ त्रि० ધર્મશીલ, ધર્મ કરવાના સ્વભાવવાળું.

सुनीथ पु० બ્રાહ્મણ.

सुनील न० નીલમ મણિ, દાડમ.

सुनील पु० સુંદર લીલો રંગ.

सुनील त्रि० સુંદર લીલા રંગવાળું.

सुनीलक पु० કાળો ભાંગરો વનસ્પતિ.

सुनीलक न० નીલમ મણિ, દાડમ.

सुनीला स्त्री० અળસી, અપરાજીતા વનસ્પતિ, જરતી વૃક્ષ.

सुन्द् सौत्र० प० अ० सेट् શોભવું, શોભાયમાન થવું.

सुन्द पु० તે નામે એક દૈત્ય, તે નામે એક વાનર, તે નામે એક રાક્ષસ.

सुन्दर त्रि० મનોહર, સુંદર.

सुन्दर पु० કામદેવ, એક જાતનું વૃક્ષ–સુંદરી વૃક્ષ.

सुन्दरी स्त्री० તે નામે એક યોગિની, તે નામે એક છંદ, ત્રિપુર સુંદરી દેવી, ઉત્તમ સ્ત્રી, સુંદર સ્ત્રી.

सुन्वत् त्रि० યજ્ઞ કરતું, અભિષેક કરતું, સોમરસ કાઢતું.

सुन्वान त्रि० ઉપરના અર્થ.

सुप् स्त्री० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ શબ્દોના પ્રત્યયો.

सुपक्क त्रि० સારી રીતે પાકેલ.

सुपक्क पु० એક જાતનો ઉત્તમ આંબો.

सुपच त्रि० સારી રીતે પચી શકે તેવું, એકદમ હજમ થઇ જાય તેવું હરકોઈ હલકું ભક્ષ્ય દ્રવ્ય.

सुपत्र न० તેજપત્ર.

सुपत्र पु० આદિત્યપત્ર વનસ્પતિ, એક જાતનું ઘાસ.

सुपत्र त्रि० સુંદર પાંદડાંવાળું.

सुपत्रक पु० સરગવાનું ઝાડ.

सुपत्रा स्त्री० રૂદ્રજટા વનસ્પતિ, શતાવરી, પાલંકી વનસ્પતિ, ખીજડી, શાલપર્ણી.

सुपत्रिका स्त्री० લાખ.

सुपथ पु० સારો માર્ગ, સદાચાર, સદ્વર્તન.

सुपथ त्रि० સારા માર્ગવાળું, સદાચારી, સદ્વર્તનવાળું.

सुपथिन् पु० સન્માર્ગ, સારો રસ્તો, સદાચાર.

सुपथ्य त्रि० સારૂં પથ્ય, પ્રકૃતિને અનુકૂલ સારો પદાર્થ.

सुपथ्या स्त्री० શ્વેતચિલ્લી વૃક્ષ.

सुपद्मा स्त्री० વજ, કમલિની–કમળનો વેલો.

सुपर्ण पु० ગરૂડ પક્ષી, સ્વર્ણચૂલ પક્ષી, કૃતનાલ વૃક્ષ, નાગકેસર.

सुपर्ण त्रि० સુંદર પાંદડાંવાળું.

सुपर्णक पु० ગરૂડ પક્ષી, ગરમાળો, સાતપુડાનું ઝાડ.

सुपर्णकेतु पु० વિષ્ણુ.

सुपर्णकुमार पु० જૈનદર્શનપ્રસિદ્ધ ભવનપતિ એક દેવજાતિ.

सुपर्णध्वज पु० વિષ્ણુ.

सुपर्णिका स्त्री० સ્વર્ણજીવંતી વનસ્પતિ, વાકુચી વનસ્પતિ.

सुपर्णी स्त्री० ગરૂડની માતા, કમલિની, એક જાતની પક્ષિણી.

सुपर्णीतनय पु० ગરૂડ.

सुपर्णीतनुज पु० ગરૂડ.

सुपर्णीतनूज पु० ગરૂડ.

सुपर्णीपुत्र पु० ગરૂડ.

सुपर्णीसुत पु० ગરૂડ.

सुपर्णीसूनु पु० ગરૂડ.

सुपर्वन् पु० દેવ, બાણ, વંશ, વાંસ, ધુમાડો.

सुपर्वन् न० સુંદર પર્વ-ભાગ સાંધો–વિભાગ.

सुपर्वा स्त्री० ધોળી ધ્રોખડ.

सुपाक्य न० બિડલવણ–એક જાતનું મીઠું.

सुपात्र न० સારૂં પાત્ર.

सुपाद् त्रि० સારા પગવાળું, સાતમા જૈન તીર્થંકર.

सुपार्श्व पु० ખાખરાનું ઝાડ, સંપાતિ પક્ષીનો પુત્ર એક પક્ષી, મેરૂની ઉત્તરે આવેલ એક પર્વત, સારૂં પડખું.

सुपार्श्व त्रि० સારાં પડખાંવાળું.

सुपार्श्वक पु० ગર્દભાંડ વૃક્ષ, ભાવી ત્રીજા જૈન તીર્થંકર.

सुपिङ्गला स्त्री० માલકાંકણી, જીવંતી વૃક્ષ.

सुपीत न० ગાજર.

सुपीत पु० સુંદર પીળા રંગ.

सुपीत त्रि० સુંદર પીળા રંગવાળું.

सुपुट पु० કોલકંદ, વિષ્ણુકંદ.

सुपुत्र पु० સારો પુત્ર.

सुपुत्रिका स्त्री० લાખ.

सुपुत्रिन् त्रि० સારા પુત્રવાળું.

सुपुत्री स्त्री० સારી પુત્રી.

सुपुष्करा स्त्री० સ્થલ પદ્મિની, જમીન ઉપર થનાર કમળનો વેલો.

सुपुष्प न० લવીંગનું ફુલ, પ્રપૌંડરીક, આહવલ્ય, રૂ, સ્ત્રીઓનું રજ.

सुपुष्पक पु० મંદાર વૃક્ષ.

सुपुष्पिका स्त्री० પાટલા વનસ્પતિ.

सुपुष्पी स्त्री० ધોળી અપરાજિતા વનસ્પતિ, સુવા, વળીયારી, દ્રોણપુષ્પી, જીર્ણફંજી, કેળ.

सुपूर पु० બીજોરાંનું ઝાડ.

सुपूरक पु० બક વૃક્ષ.

सुप्त न० નિદ્રા, ઉંઘ, શયન, સુઈ જવું તે, સુષુપ્તિ.

सुप्त त्रि० સુઇ ગયેલ, ઉંઘી ગયેલ, નિદ્રામાં પડેલ.

सुप्तघातक त्रि० સુતેલાને મારી નાખનાર.

सुप्तजन पु० અર્ધરાત્રિ, મધ્ય રાત, સુતેલો માણસ, ઉંઘી ગયેલ લોક.

सुप्तज्ञान न० સ્વપ્ન, સમણું.

सुप्ति स्त्री० નિદ્રા, ઉંઘ, સુઈ જવું તે, સ્વપ્ન, સ્પર્શપણું, વિશ્વાસ.

सुप्रतिभ त्रि० ઉજ્જવળ બુદ્ધિવાળું, સારી બુદ્ધિવાળું.

सुप्रतिभा स्त्री० દારૂ, મદિરા, ઉજ્જવળ બુદ્ધિ.

सुप्रतिष्ठ त्रि० સારી પ્રતિષ્ઠાવાળું, સારી રીતે વખાણાયેલ, પ્રસિદ્ધ.

सुप्रतिष्ठा स्त्री० પ્રશંસા, વખાણ, પ્રસિદ્ધિ, પાંચ અક્ષરના ચરણવાળો એક છંદ.

सुप्रतिष्ठित त्रि० सुप्रतिष्ठ જુઓ, સારી રીતે પ્રતિષ્ઠા કરેલ-સ્થાપેલ.

सुप्रतिष्ठित पु० ઉંબરાનું ઝાડ.

सुप्रतीक पु० ઈશાન ખૂણાનો દિગ્ગજ, શિવ, કામદેવ.

सुप्रतीक त्रि० સુંદર અંગવાળું.

सुप्रतीक न० સુંદર અંગ.

सुप्रभ त्रि० સુંદર કાંતિવાળું, અત્યંત કાંતિવાળું.

सुप्रभा स्त्री० સારી કાંતિ, અત્યંત કાંતિ, અગ્નિની એક જીભ, વાકુચી વનસ્પતિ, ઉજ્જવળ તેજ, એક સરસ્વતી નદી.

सुप्रभात न० શુભસૂચક પ્રાતઃકાળ, પ્રાતઃકાળે ભણવા યોગ્ય માંગલિક વાક્ય.

सुप्रयुक्त न० સારી રીતે પ્રયોગ.

सुप्रयुक्त त्रि० સારી રીતે પ્રયોગ કરેલ, સારી રીતે યોજેલ-જોડેલ.

सुप्रयुक्तविशिख पु० ઝડપથી બાણ ફેંકનાર, બાણ ફેંકવાના અભ્યાસમાં કુશળ.

सुप्रयुक्तशर पु० ઉપરના અર્થ.

सुप्रयोगविशिख पु० सुप्रयुक्तविशिख જુઓ.

सुप्रयोगशर पु० ઉપરપ્રમાણે.

सुप्रलाप पु० સારૂં વચન.

सुप्रलापिन् त्रि० સારૂં વચન બોલનાર.

सुप्रसन्न पु० કુબેર.

सुप्रसन्न त्रि० સારી રીતે પ્રસન્ન, અત્યંત પ્રસન્ન.

सुप्रसन्नक पु० कृष्णार्जक જુઓ.

सुप्रसन्नता स्त्री० સારી રીતે પ્રસન્નપણું, અત્યંત પ્રસન્નપણું.

सुप्रसन्नत्व न० ઉપરના અર્થ.

सुप्रसाद પુ૦ શિવ, સુંદર પ્રસન્નતા, અત્યંત પ્રસન્નપણું.

सुफल પુ૦ દાડમ, બોર, મગ, કરેણ, કોઠ.

सुफल ત્રિ૦ સુંદર ફળવાળું, ઘણાં ફળવાળું.

सुफला સ્ત્રી૦ ઇંદરવરણી, કોહળાંનો વેલો, કેળ, પીળી દ્રાક્ષ, કાશ્મરી વનસ્પતી.

सुफेन ન૦ સમુદ્રનું ફીણ, સમદરફીણ.

सुबन्ध પુ૦ તલનું ઝાડ.

सुबुद्धि ત્રિ૦ સારી બુદ્ધિવાળું, અત્યંત બુદ્ધિવાળું.

सुबुद्धि સ્ત્રી૦ સારી બુદ્ધિ.

सुबोध પુ૦ સારૂં જ્ઞાન, સારો બોધ.

सुबोध ત્રિ૦ સારા જ્ઞાનવાળું, સારા બોધવાળું.

सुभग પુ૦ ચંપાનું ઝાડ, આસોપાલવ, રક્તામ્લાન વૃક્ષ, ટંકણખાર.

सुभग ત્રિ૦ સારા ઐશ્વર્યવાળું, ભાગ્યશાળી, સારૂં દેખાવડું, પ્રિય, નશીબદાર, સુંદર.

सुभगता સ્ત્રી૦ સારા ભાગ્યવાળાપણું, સુંદરતા.

सुभगत्व ન૦ ઉપરના અર્થ.

सुभगम्भावुक ત્રિ૦ પ્રિય થનાર.

सुभगम्मन्य ત્રિ૦ પોતાને પ્રિય માનનાર, પોતાને દેખાવડું સુંદર માનનાર, પોતાને ભાગ્યશાળી માનનાર.

सुभगा સ્ત્રી૦ એક જાતની મોથ, શાલપર્ણી, હળદર, લીલી ધ્રોખડ, તુલસી, કાંગ, સરસવ, કસ્તૂરી, સોનેરી કેળ, બટમોગરો, પતિને પ્રિય એવી સ્ત્રી, સુવાસણ સ્ત્રી, નશીબદાર સ્ત્રી.

सुभगातनय પુ૦ પતિને પ્રિય એવી સ્ત્રીનો પુત્ર.

सुभगातनया સ્ત્રી૦ પતિને પ્રિય એવી સ્ત્રીની પુત્રી.

सुभगातनुज પુ૦ सुभगातनय જુઓ.

सुभगातनुजा સ્ત્રી૦ सुभगातनया જુઓ.

सुभगातनूज પુ૦ सुभगातनय જુઓ.

सुभगातनूजा સ્ત્રી૦ सुभगातनया જુઓ.

सुभगापुत्र પુ૦ सुभगातनय જુઓ.

सुभगापुत्री સ્ત્રી૦ सुभगातनया જુઓ.

सुभगासुत પુ૦ सुभगातनय જુઓ.

सुभगासुता સ્ત્રી૦ सुभगातनया જુઓ.

सुभगासूनु પુ૦ सुभगातनय જુઓ.

सुभगासूनू સ્ત્રી૦ सुभगातनया જુઓ.

सुभङ्ग પુ૦ નાળીએરનું ઝાડ.

सुभङ्ग ત્રિ૦ સારી રીતે ભાંગી શકાય તેવું, સહેલાઈથી ભંગાય તેવું.

सुभट પુ૦ સુંદર યોદ્ધો, સારો યોદ્ધો.

सुभद्र પુ૦ વિષ્ણુ, તે નામે એક રાજા.

सुभद्र ત્રિ૦ સારા કલ્યાણવાળું, સારૂં માંગલિક,

सुभद्रक પુ૦ દેવનો રથ, બીલીનું ઝાડ.

सुभद्रा સ્ત્રી૦ શ્યામા લતા, શ્રીકૃષ્ણની બહેન સુભદ્રા–અર્જુનની સ્ત્રી.

सुभद्राणी સ્ત્રી૦ ત્રાંયમાણા લતા.

सुभद्रातनय પુ૦ સુભદ્રાનો પુત્ર અભિમન્યુ.

सुभद्रातनुज પુ૦ અભિમન્યુ.

सुभद्रातनूज પુ૦ ઉપરનો અર્થ.

सुभद्रात्मज પુ૦ અભિમન્યુ.

सुभद्रापति પુ૦ અર્જુન.

सुभद्रापुत्र પુ૦ सुभद्रातनय જુઓ.

सुभद्राभर्तृ પુ૦ અર્જુન.

सुभद्रासुत પુ૦ सुभद्रातनय જુઓ.

सुभद्रासूनु પુ૦ અભિમન્યુ.

सुभद्रास्वामिन् પુ૦ અર્જુન.

सुभद्रेश પુ૦ અર્જુન.

सुभद्रेश्वर પુ૦ અર્જુન.

सुभाञ्जन पु० સરગવાનું ઝાડ.

सुभाषण न० સારૂં ભાષણ, સારૂં વચન.

सुभाषित न० ઉપરના અર્થ.

सुभाषित त्रि० સારી રીતે બોલેલ, સારૂં કહેલ, ઠીક કહેલ.

सुभिक्ष त्रि० પુષ્કળ અન્નવાળો દેશ-કાળ વગેરે.

सुभिक्षा स्त्री० घातुपुष्पिका નામે એક ઝાડ.

सुभीरक पु० ખાખરાનું ઝાડ.

सुभूति पु० તે નામે એક પંડિત, બીલીનું ઝાડ.

सुभूति त्रि० સારી સમૃદ્ધિવાળું, સારા ઐશ્વર્યવાળું, ધનવાન.

सुभूति स्त्री० સારૂં ઐશ્વર્ય.

सुभूम पु० કાર્તવીર્ય, જૈનમતે એક ચક્રવર્તી રાજા.

सुभूमि स्त्री० સારી ભૂમિ-જમીન.

सुभूमि त्रि० સારી ભૂમિ-જમીનવાળું.

सुभृत त्रि० સારી રીતે ભરણપોષણ કરેલ, સારી રીતે ધારણ કરેલ.

सुभृश न० અત્યંત દઢપણું, અતિશય ઘણાપણું.

सुभृश त्रि० અતિશય ઘણું, અત્યંત.

सुभैरव त्रि० અત્યંત ભયંકર, ઘણું જ બીહામણું.

सुभ्रु स्त्री० હરકોઈ સ્ત્રી.

सुभ्रु त्रि० સુંદર ભ્રમ્મરવાળું.

सुभ्रू स्त्री० હરકોઇ સ્ત્રી.

सुम न० પુષ્પ, ફૂલ.

सुम पु० ચંદ્ર, કપૂર, આકાશ.

सुमङ्गल न० સારૂં મંગળ.

सुमङ्गल त्रि० સારા મંગળવાળું, સારૂં માંગલિક.

सुमङ्गला स्त्री० તે નામે એક ઝાડ.

सुमति त्रि० સારી બુદ્ધિવાળું.

सुमति स्त्री० સારી બુદ્ધિ, વિષ્ણુયશાની પત્ની, એક જિનદેવની માતા.

सुमद त्रि० અત્યંત મદવાળું, સારી રીતે મદવાળું.

सुमदन पु० આંબાનું ઝાડ.

सुमदात्मजा स्त्री० અપ્સરા.

सुमधुर न० અત્યંત પ્રિય વાક્ય, સાંત્વનવાક્ય.

सुमधुर पु० અતિમધુર રસ, જીવશાક વનસ્પતિ.

सुमधुर त्रि० અત્યંત મધુર, ઘણુંજ મીઠું.

सुमध्यमा स्त्री० સુંદર કેડવાળી સ્ત્રી.

सुमन पु० ધંતુરો.

सुमन त्रि० મનોહર, સુંદર.

सुमनःपत्रिका स्त्री० जातिपत्रिका વનસ્પતિ.

सुमनःफल पु० કોઠનું ઝાડ.

सुमनःफल न० જાયફળ.

सुमनस् न० પુષ્પ, ફૂલ, ઘણુંજ શાંત મન, સારૂં મન.

सुमनस् स्त्री० માલતી, શતપત્રી.

सुमनस् त्रि० ઘણાજ શાંત મનવાળું, સારા મનવાળું.

सुमनस् पु० દેવ, વિદ્વાન, પંડિત, લીંબડો, મહાકરંજ વૃક્ષ, ઘઉં.

सुमना स्त्री० માલતી વૃક્ષ.

सुमनोरजस् न० પુષ્પની રજ-પરાગ.

सुमनोहर त्रि० અત્યંત મનોહર, ઘણુંજ સુંદર.

सुमन्तु पु० અથર્વ વેદનું અધ્યયન કરનાર વ્યાસનો શિષ્ય એક મુનિ, કલ્કિદેવનો મોટો ભાઈ, દશરથનો સારથિ.

सुमन्तु त्रि० અત્યંત અપરાધી, ઘણા અપરાધવાળું.

सुमन्त्र पु० દશરથ રાજાનો સારથિ સુમંત્ર, સારો મંત્ર, શુભ વિચાર.

सुमन्त्रित त्रि० સારો વિચાર કરેલ, શુભ વિચાર કરેલ, સારી રીતે સલાહ આપેલ.

सुमन्त्रित न० સારો મંત્ર, સારો વિચાર, સારી સલાહ.

सुमहत् त्रि० અત્યંત મોટું, ઘણુંજ મોટું.

सुमित्र पु० તે નામે એક જૈન તીર્થંકર, સુરથ રાજાનો પુત્ર એક રાજા.

सुमित्र त्रि० સારા મિત્રવાળું.

सुमित्र न० સારો મિત્ર.

सुमित्रभू पु० સગર રાજા.

सुमित्रा स्त्री० દશરથ રાજાની એક પત્ની–લક્ષ્મણની માતા.

सुमित्रातनय पु० લક્ષ્મણ.

सुमित्रातनुज पु० લક્ષ્મણ.

सुमित्रातनूज पु० લક્ષ્મણ.

सुमित्रापुत्र पु० લક્ષ્મણ.

सुमित्राभू पु० લક્ષ્મણ.

सुमित्रासुत पु० લક્ષ્મણ.

सुमित्रासूनु पु० લક્ષ્મણ.

सुमुख पु० એક જાતનું શાક, ગણપતિ, તે નામે એક નાગ, ગરૂડનો એક પુત્ર, सितार्जक જુઓ, वर्वर જુઓ, वनवर्वरिका. જુઓ.

सुमुख त्रि० સુંદર મુખવાળું, મનોહર, સુંદર.

सुमुख न० સુંદર મુખ, એક પ્રકારનો નખક્ષત.

सुमुखसू पु० ગરૂડ.

सुमुखी स्त्री० સુંદર મુખવાળી સ્ત્રી, સુંદરી સ્ત્રી.

सुमुष्टि पु० એક જાતનો છોડ.

सुमू त्रि० સારી રીતે બાંધનાર.

सुमूल पु० ધોળો સરગવો.

सुमूल त्रि० સારા મૂળવાળું.

सुमूलक न० ગાજર.

सुमूला स्त्री० શાલપાન વનસ્પતિ, પૃશ્નિપર્ણી વનસ્પતિ.

सुमेखल पु० મુંજ ઘાસ.

सुमेखल त्रि० સુંદર મેખલાવાળું, સુંદર કંદોરાવાળું.

सुमेखला स्त्री० સુંદર મેખલા, સુંદર કંદોરો, સારી મેખલાવાળી સ્ત્રી.

सुमेधस् स्त्री० માલકાંકણી.

सुमेधस् त्रि० સારી બુદ્ધિવાળું.

सुमेरु पु० તે નામે એક પર્વત–મેરૂ પર્વત, માળાની વચ્ચેનો મોટો મણકો.

सुम्पलुण्ठ पु० કપૂર.

सुम्भ् षुम्भ् જુઓ.

सुम्भ पु० તે નામે એક દેશ.

सुम्भ पु० ब० સુંભ દેશનો રહેવાસી.

सुयशस् स्त्री० ૧૪ મા જૈન તીર્થંકરની માતા.

सुयशस् त्रि० સારા યશવાળું.

सुयामुन पु० વિષ્ણુ, વત્સરાજ, એક જાતનો મહેલ, તે નામે એક પર્વત, તે નામે એક મેઘ.

सुयुद्ध न० સારૂં યુદ્ધ.

सुयोधन पु० ધૃતરાષ્ટ્ર રાજાનો મોટો પુત્ર દુર્યોધન.

सुर् षुर् ધાતુ જુઓ.

सुर पु० દેવ, સૂર્ય, આકડાનું ઝાડ, પંડિત.

सुरकृत त्रि० દેવે કરેલ, સૂર્યે કરેલ, પંડિતે કરેલ.

सुरकृता स्त्री० ગળો.

सुरक्त त्रि० સારી રીતે રંગેલ, ઘણુંજ લાલ, સારી રીતે રાગ પામેલ, અત્યંત રાગી.

सुरक्तक पु० એક જાતનો આંબો, સોનાગેરૂ.

सुरक्षण न० સારી રીતે રક્ષણ.

सुरक्षा स्त्री० ઉપરનો અર્થ.

सुरक्षित त्रि० સારી રીતે રક્ષણ કરેલ.

सुरगज पु० ઐરાવત હાથી.

सुरगण पु० દેવોનો સમૂહ. પંડિતોનો સમૂહ.

सुदगिरि पु० મેરૂ પર્વત.

सुरगुरु पु० બૃહસ્પતિ.

सुरग्रामणी पु० ઇન્દ્ર.

सुरङ्ग न० હિંગળો, પતંગ.

सुरङ्ग पु० નારંગી, એક જાતનો ખાડો–ભોંયરૂં–સુરંગ.

सुरङ्ग त्रि० સારા રંગવાળું, અત્યંત આનંદવાળું.

सुरङ्गधातु पु० ગેરૂ.

सुरङ्गा स्त्री० સંધિ–સાંધો, બાકું, સુરંગ, ભોંયરૂં, મોથ.

सुरङ्गिका स्त्री० મોરવેલ.

सुरङ्गी स्त्री० કાકનાસા વનસ્પતિ, રાતો સરગવો.

सुरचाप पु० ઇન્દ્રધનુષ.

सुरजनी स्त्री० સારી રાત.

सुरज्येष्ठ पु० બ્રહ્મા.

सुरञ्जन पु० સોપારીનું ઝાડ.

सुरञ्जन न० સોપારી.

सुरणदी स्त्री० ગંગા નદી.

सुरत न० સ્ત્રીપુરૂષના સમાગમરૂપ ક્રીડા–મૈથુન.

सुरत त्रि० અત્યંત આસક્ત, અત્યંત રમેલ, ઘણુંજ માયાળુ.

सुरतरङ्गिणी स्त्री० ગંગા નદી.

सुरतरु पु० દેવદાર, કલ્પવૃક્ષ.

सुरतताली स्त्री० દૂતી, મસ્તક ઉપરની માળા.

सुरता स्त्री० દેવોનો સમૂહ, દેવપણું, અત્યંત આસક્ત એવી સ્ત્રી, ઘણીજ રાગી સ્ત્રી.

सुरताङ्ग पु० સુરપુન્નાગ વૃક્ષ.

सुरतोषक पु० કૌસ્તુભ મણિ.

सुरतोषक त्रि० દેવોને સંતોષ ઉપજાવનાર, દેવોને પ્રસન્ન કરનાર.

सुरथ पु० તે નામે ચંદ્રવંશી એક રાજા.

सुरथ त्रि० સુંદર રથવાળું.

सुरदारु न० દેવદારનું ઝાડ.

सुरदीर्घिका स्त्री० ગંગા નદી.

सुरदुन्दुभि पु० દેવોનું નગારૂં.

सुरदुन्दुभी स्त्री० તુલસી.

सुरद्रुम पु० દેવદાર, દેવનલ વૃક્ષ, કલ્પવૃક્ષ.

सुरद्विष् पु० અસુર.

सुरद्विष् त्रि० દેવોનો દ્વેષ કરનાર, દેવોનો શત્રુ.

सुरधनुस् न० ઇંન્દ્રધનુષ.

सुरधुनी स्त्री० ગંગા નદી.

सुरधूप पु० રાળ.

सुरनगरी स्त्री० દેવોની અમરાવતી નગરી.

सुरनदी स्त्री० ગંગા નદી.

सुरनन्दा स्त्री० તે નામે એક નદી.

सुरनाग पु० ઐરાવત હાથી.

सुरनाल पु० દેવનલ વૃક્ષ.

सुरनिम्नगा स्त्री० ગંગા નદી.

सुरनिर्गन्ध न० पत्रक જુઓ.

सुरपति पु० ઇન્દ્ર.

सुरपथ पु० આકાશ.

सुरपर्ण न० એક જાતની સુગંધી ઔષધિ.

सुरपर्णिक पु० સુરપુન્નાગ વૃક્ષ.

सुरपर्णिका स्त्री० પુન્નાગ વૃક્ષ.

सुरपर्णी स्त्री० પલાશી વૃક્ષ.

सुरपादप पु० દેવદાર, કલ્પવૃક્ષ.

सुरपुर् स्त्री० દેવોની અમરાવતી નગરી.

सुरपुरी स्त्री० ઉપરનો અર્થ.

सुरप्रिय पु० અગથીઆનું ઝાડ, બૃહસ્પતિ, ઇન્દ્ર.

सुरप्रिय त्रि० દેવને પ્રિય.

सुरप्रिया स्त्री० જાઈ, સોનેરી કેળ.

सुरभि न० સોનું, ગંધક.

सुरभि पु० સારો ગંધ, સુગંધ, ચંપો, જાઇફળ, વસન્ત ઋતુ, ખીજડીનું ઝાડ, કદંબનું ઝાડ, એક જાતનો ગુગળ, એક જાતનું સુગંધી ઘાસ, બોલસરીનું ઝાડ, રાળ, ચૈત્ર મહિનો, પંડિત, વિદ્વાન, ગંધફળ.

सुरभि स्त्री० સલ્લકી વૃક્ષ, રૂદ્રજટા વનસ્પતિ, તે નામે એક માતૃકા, ગાય, કામધેનુ ગાય, મુરા નામે એક ગંધદ્રવ્ય, તુલસી, પૂર્વ દિશા, પૃથ્વી, ગાયોની માતા, તે નામે કશ્યપની એક પત્ની.

सुरभि त्रि० સારા ગંધવાળું, સુગંધી, ખુશબોદાર, વિખ્યાત, પ્રખ્યાત, ધીર, મનોહર, સુંદર, ગમે એવું.

सुरभिका स्त्री० સોનેરી કેળ, એક જાતની કેળ.

सुरभित्वच् स्त्री० મોટી એલચી.

सुरभिदारु पु० દેવદારનું ઝાડ.

सुरभिपत्र पु० આંબાનું ઝાડ.

सुरभिपत्र त्रि० સુગંધી પાંદડાંવાળું.

सुरभिपत्रा स्त्री० જાંબુનું ઝાડ, રાજજાંબૂ વૃક્ષ.

सुरभिरस त्रि० સુગંધી રસવાળું.

सुरभिरस पु० સુગંધી રસ.

सुरभिरसा स्त्री० સલ્લકી વૃક્ષ.

सुरभिवल्कल न० તજ.

सुरभिस्रवा स्त्री० સલ્લકી વૃક્ષ.

सुरभुवन न० સ્વર્ગ.

सुरभूय न० દેવપણું, દેવપદ, દેવ થવાપણું.

सुरभूरुह पु० દેવદારનું ઝાડ, કલ્પવૃક્ષ.

सुरमृत्तिका स्त्री० ગોપીચંદન.

सुरमेदा स्त्री० મહામેદા વનસ્પતિ.

सुररिपु पु० અસુર.

सुररिपु त्रि० દેવો સાથે શત્રુતા રાખનાર.

सुरर्षभ पु० ઇન્દ્ર.

सुरर्षि पु० નારદ વગેરે દેવના ઋષિ.

सुरलता स्त्री० માલકાંકણી, દેવતાઇ લતા-કલ્પલતા, તુલસી.

सुरला स्त्री० ગંગા નદી, તે નામે એક નદી.

सुरलोक पु० સ્વર્ગ.

सुरवर्त्मन् न० આકાશ.

सुरवल्लभ त्रि० દેવોને પ્રિય.

सुरवल्लभा स्त्री० ધોળી ધ્રોખડ.

सुरवल्ली स्त्री० सुरलता જુઓ.

सुरवापी स्त्री० ગંગા નદી.

सुरविद्विष् पु० અસુર.

सुरविद्विष् त्रि० દેવોનો દ્વેષ કરનાર.

सुरविरोधिन् पु० અસુર.

सुरविरोधिन् त्रि० દેવોનો વિરોધ કરનાર.

सुरवृक्ष पु० દેવદાર, કલ્પવૃક્ષ.

सुरवैरिन् पु० અસુર.

सुरवैरिन् त्रि० દેવો સાથે વૈરભાવ રાખનાર.

सुरशत्रु त्रि० ઉપરનો અર્થ.

सुरशत्रु पु० અસુર.

सुरशाखिन् पु० કલ્પવૃક્ષ, દેવદાર.

सुरश्रेष्ठ पु० બ્રહ્મા.

सुरश्रेष्ठा स्त्री० બ્રાહ્મી વનસ્પતિ.

सुरस न० બોલ નામે સુગંધી દ્રવ્ય, તજ, એક જાતનું સુગંધી ઘાસ.

सुरस पु० નગોડનું ઝાડ, મોચરસ. તુલસી, સારો રસ, સ્વાદિષ્ટ રસ.

सुरस त्रि० સારા રસવાળું, ઘણા સ્વાદિષ્ટ રસવાળું.

सुरसङ्घ पु० દેવોનો સમૂહ.

सुरसद्मन् न० સ્વર્ગ.

सुरसभा स्त्री० દેવોની સભા, દેવોનો સમૂહ.

सुरसमिति स्त्री० ઉપરના અર્થ.

सुरसरित् स्त्री० ગંગા નદી.

सुरसा स्त्री० તુલસી, રાસ્ના, નાગોની માતા, વળીયારી, બ્રાહ્મી, મહાશતાવરી.

सुरसाष्ट पु० નગોડ વગેરે આઠ વસ્તુનું એક ઔષધ.

सुरसुरन्दरी स्त्री० મેનકા વગેરે અપ્સરાઓ, તે નામે એક યોગિની.

सुरस्वामिन् पु० ઇન્દ્ર.

सुरा स्त्री० મદ્ય, દારૂ, દારૂ પીવાનું પાત્ર.

सुराकर पु० દારૂનું ઉત્પત્તિસ્થાન, દારૂ બનાવનાર.

सुराग्रभाग पु० દારૂ ઉપરની તર.

सुराङ्गना स्त्री० મેનકા વગેરે અપ્સરાઓ.

सुराचार्य पु० બૃહસ્પતિ.

सुराजक पु० ભાંગરો.

सुराजक त्रि० સારા રાજાવાળો દેશ વગેરે.

सुराजन् पु० સુંદર રાજા, સારો રાજા.

सुराजन् त्रि० સુંદર રાજાવાળું, સારા રાજાવાળું.

सुराजीव पु० દારૂ વેચી જીવનાર-કલાલ.

सुराजीविन् पु० ઉપરનો અર્થ.

सुरात्रि स्त्री० સારી રાત.

सुराद्रि पु० મેરૂ પર્વત.

सुराप त्रि० દારૂ પીનાર, દારૂડીયું.

सुरापगा स्त्री० ગંગા નદી.

सुरापाण न० દારૂ પીવો તે, દારૂ પીવાનો ચમચો.

सुरापाण पु० દારૂ પીનાર પૂર્વદેશના લોક.

सुरापात्र न० દારૂ પીવાનું પાત્ર.

सुरापिन् त्रि० દારૂ પીનાર.

सुराभाग पु० सुराग्रभाग જુઓ.

सुराभाजन न० દારૂ પીવાનું પાત્ર.

सुरामण्ड पु० सुराग्रभाग જુઓ.

सुरारि पु० અસુર.

सुरारिहन् न० વિષ્ણુ.

सुरारिहन्तृ पु० વિષ્ણુ.

सुरार्चन न० દેવની પૂજા.

सुरार्चा स्त्री० દેવની પૂજા.

सुरार्ह न० હરિચંદન.

सुरालय पु० મેરૂ પર્વત, સ્વર્ગ.

सुरावारि पु० દારૂનો દરીયો.

सुराष्ट्र पु० સૌરાષ્ટ્ર દેશ-કાઠિઆવાડ.

सुराष्ट्रज न० એક જાતની માટી.

सुराष्ट्रज पु० કાળા મગ, એક જાતનું ઝેર.

सुराष्ट्रज त्रि०સૌરાષ્ટ્ર દેશમાં ઉત્પન્ન થનાર.

सुराह्व पु० દેવદારનું ઝાડ, મરવો, હળદરનું ઝાડ.

सुरुङ्ग पु० સરગવાનું ઝાડ.

सुरुङ्गा स्त्री० સુરંગ.

सुरुङ्गाहि पु० ઘરફાડુ ચોર, ઘર વગેરે ફાડી ચોરી કરનાર.

सुरुज् त्रि० અત્યંત રોગી, ઘણુંજ માંદું.

सुरुज त्रि० ઉપરના અર્થ.

सुरूप न० સારૂં રૂપ, રૂ.

सुरूप त्रि० સારા રૂપવાળું, રૂપાળું, સુંદર રૂપવાળું.

सुरूप पु० વિદ્વાન, પંડિત.

सुरूपा स्त्री० સાલપાન, ભારંગ વનસ્પતિ.

सुरूहक पु० ગર્દભાણ્ડ વૃક્ષ.

सुरेज्य पु० બૃહસ્પતિ.

सुरेज्या स्त्री० તુલસી.

सुरेन्द्र पु० સુરરાજ ઇન્દ્ર.

सुरेन्द्रजित् पु० ગરૂડ, રાવણનો પુત્ર ઇન્દ્રજીત.

सुरेभ पु० ઐરાવત હાથી.

सुरेवट पु० એક જાતની સોપારીનું ઝાડ.

सुरेश पु० શિવ, વિષ્ણુ, બ્રહ્મા, ઈન્દ્ર.

सुरेश्वर पु० ઉપરના અર્થ.

सुरेश्वरी स्त्री० દુર્ગા દેવી, મહાલક્ષ્મી, બ્રહ્માણી, ઇન્દ્રાણી.

सुरेष्ट पु० રાળનું ઝાડ, સુરપુન્નાગ વૃક્ષ.

सुरेष्टा स्त्री० શિવમલ્લી વનસ્પતિ, બ્રાહ્મી.

सुरै त्रि० અત્યંત ધનવાન, પુષ્કળ ધનવાન.

सुरोत्तम पु० સૂર્ય, આકડાનું ઝાડ.

सुरोत्तम त्रि० દેવોમાં ઉત્તમ.

सुरोत्तर पु० ચંદન.

सुरोद पु० દારૂનો દરીયો.

सुलक्षण त्रि० સારાં લક્ષણોવાળું.

सुलक्षण न० સારૂં લક્ષણ.

सुलभ त्रि० અનાયાસે મેળવી શકાય તેવું, દુર્લભ નહિ તે, સહેલાઇથી મળે તેવું.

सुलभा स्त्री० માષપર્ણી વનસ્પતિ, ધૂમપત્રા વનસ્પતિ.

सुलोचन पु० હરણ, મૃગ.

सुलोचन न० સારૂં નેત્ર.

सुलोचन न० સુંદર નેત્રવાળું.

सुलोचना स्त्री० સુંદર નેત્રવાળી સ્ત્રી.

सुलोचनी स्त्री० મૃગલી, હરણી.

सुलोमश त्रि० સુંદર રૂંવાટાંવાળું.

सुलोमशा स्त्री० કાકજંઘા વૃક્ષ.

सुलोमा स्त्री० તામ્રવલ્લી વનસ્પતિ, માંસચ્છદા વનસ્પતિ.

सुलोहक न० પીતળ.

सुलोहित पु० સારો લાલ રંગ.

सुलोहित त्रि० સારા લાલ રંગવાળું, ઘણું જ લાલ.

सुलोहिता स्त्री० અગ્નિજીહવા વૃક્ષ.

सुवचन न० સારૂં વચન, સારૂં ભાષણ, સુભાષિત.

सुवचन त्रि० સારા વચનવાળું, યોગ્ય બોલનાર.

सुवचनी स्त्री० શુભસુચની એક દેવી.

सुवचस् न० સારૂં વચન.

सुवचस्क त्रि० સારા વચનવાળું.

सुवन पु० સૂર્ય, અગ્નિ, આકડાનું ઝાડ, ચિત્રાનું ઝાડ.

सुवन न० સારૂં વન, સુંદર વન.

सुवर्च पु० તે નામે એક દેશ.

सुवर्चक पु० સાજીખાર.

सुवर्चल पु० તે નામે એક દેશ.

सुवर्चला स्त्री० સૂર્યની પત્ની, અળસી, આદિત્યભક્તા વનસ્પતિ, બ્રાહ્મી.

सुवर्चा स्त्री० ઉપરના અર્થ.

सुवर्चिक पु० સાજીખાર.

सुवर्चिका स्त्री० લાખ.

सुवर्चिन् पु० સાજીખાર.

सुवर्ण न० સોનું, હરિચંદન, સોનાગેરૂ, ધન, નાગકેસર, એક કર્ષ બરોબર વજન.

सुवर्ण पु० સોનું, તે નામે એક યજ્ઞ, ધંતુરો, એક જાતનો ગુગળ, સારો રંગ.

सुवर्ण त्रि० સારા વર્ણવાળું, સારા રંગનું, સારા અક્ષરોવાળું, સુંદર, રૂપાળું.

सुवर्णक न० પીતળ.

सुवर्णक त्रि० સુંદર વર્ણવાળું, સુંદર અક્ષરવાળું, સારા રંગનું, સુંદર, રૂપાળું.

सुवर्णकदली स्त्री० સોનેરી કેળ–એક જાતની કેળ.

सुवर्णकर्तृ पु० સોની.

सुवर्णकार पु० સોની.

सुवर्णकृत् पु० સોની.

सुवर्णगणित न० લીલાવતીપ્રસિદ્ધ એક ગણિત.

सुवर्णगैरिक न० સોનાગેરૂ.

सुवर्णजीविक पु० સોનું વેચી ખરીદી જીવનાર, સોનાનો વેપારી,

सुवर्णनकुला स्त्री० માલકાંકણી.

सुवर्णपुष्प पु० રાજતરૂણી વૃક્ષ.

सुवर्णप्रसर न० एलवालुक જુઓ.

सुवर्णबणिज् पु० સોનાનો વેપારી.

सुवर्णबिन्दु पु० વિષ્ણુ.

सुवर्णयूथिका स्त्री० પીળી જૂઇ.

सुवर्णयूथी स्त्री॰ પીળી જૂઇ.

सुवर्णवर्ण त्रि॰ સોના જેવા રંગવાળું.

सुवर्णवर्ण पु॰ વિષ્ણુ, સોનાનો રંગ.

सुवर्णवर्णा स्त्री॰ હળદર.

सुवर्णा स्त्री॰ કાળું અગર, હળદર, સોનામુખી.

सुवर्णी स्त्री॰ ઉંદરકાની વનસ્પતિ.

सुवयस् स्त्री॰ પ્રૌઢ સ્ત્રી.

सुवयस् त्रि॰ સુંદર વયવાળું.

सुवल्लि स्त्री॰ સોમરાજી લતા.

सुवल्ली स्त्री॰ સોમરાજી લતા.

सुवसन्त पु॰ ચૈત્ર મહિનાની પુનેમ.

सुवसन्तक पु॰ માધવી લતા, કામદેવનો ઉત્સવ, વસન્તોત્સવ.

सुवह त्रि॰ સારી રીતે વહેનાર, સહેલાઇથી વહન થઈ શકે તેવું.

सुवहा स्त्री॰ શેફાલિકા વનસ્પતિ, રાસ્ના વનસ્પતિ, ગોધાપદી વનસ્પતિ, એલાપર્ણી વનસ્પતિ, સલ્લકી વનસ્પતિ, વીણા, નસોતર, રૂદ્રજટા વનસ્પતિ, હંસપદી વનસ્પતિ, ગંધનાકુલી વનસ્પતિ, મુસલી, કાળી નગોડ.

सुवास पु॰ સારી ગંધ, ખુશબો, સારી રીતે નિવાસ કરવો, સારી રીતે રહેવું.

सुवास त्रि॰ સારી રીતે નિવાસ કરનાર, સારી રીતે રહેનાર, સુગંધદાર. ખુશબોદાર.

सुवासिन् त्रि॰ સારી રીતે વાસ કરનાર, સારા વાસવાળું.

सुवासिनी स्त्री॰ લાંબા કાળ સુધી પિતાને ઘેર વસનારી જુવાન સ્ત્રી, જેનો પતિ જીવતો હોય તેવી સ્ત્રી.

सुविद् पु॰ પંડિત, વિદ્વાન.

सुविद् स्त्री॰ સદ્‌ગુણી સ્ત્રી, ગુણવાન સ્ત્રી.

सुविद पु॰ રાજાનો કંચુકી, અંતઃપુરનો રક્ષક વડો અધિકારી, નાંજર વગેરે.

सुविदत् पु॰ રાજા.

सुविदत्र त्रि॰ સગુંવહાલું, કુટુંબ.

सुविदल्ल पु॰ રાજાના અંતઃપુરનો રક્ષક અધિકારી નાંજર વગેરે.

सुविदल्ला स्त्री॰ રાજાના અંતઃપુરમાં રહેનારી સ્ત્રી.

सुविदित त्रि॰ સારી રીતે જાણેલ, સુપ્રસિદ્ધ, વિખ્યાત.

सुविधि पु॰ નવમા જૈનતીર્થંકર, સારો વિધિ.

सुविनीत त्रि॰ સારાવિનયવાળું, કેળવાયેલ.

सुविनीता स्त्री॰ સુશીલ ગાય.

सुविहित त्रि॰ સારી રીતે કરેલ, શાસ્ત્રોક્ત રીતે આચરેલ, સારી રીતે વ્યવસ્થા કરેલ રચેલ–ગોઠવેલ.

सुवीज पु॰ એક જાતનું ઝાડ–ખસખસ.

सुवीज न॰ સારૂં બી.

सुवीज त्रि॰ સારા બીવાળું.

सुवीरक न॰ સૌવીરાંજન–સુરમો.

सुवीराम्ल न॰ કાંજી, કાંજિક.

सुवीर्य न॰ બોર, ઉત્તમ વીર્ય, ઘણુંજ બળ.

सुवीर्य त्रि॰ ઉત્તમ વીર્યવાળું, ઘણું જ બળવાન.

सुवीर्या स्त्री॰ કપાસનો છોડ.

सुवृत्त पु॰ સુરણ.

सुवृत्त त्रि॰ સારાં વર્તનવાળું, સારા ચારિત્ર્યવાળું, ઘણુંજ ગોળ.

सुवृत्ता स्त्री॰ શતપત્રી, કાકલી, દ્રાક્ષ, સારા ચારિત્ર્યવાળી સ્ત્રી.

सुवेग पु॰ ઘણોજ વેગ, ઉત્તમ વેગ.

सुवेग त्रि॰ ઉત્તમ વેગવાળું, અત્યંત વેગવાળું.

सुवेगा स्त्री॰ માલકાંકણી.

सुवेल पु॰ ત્રિકૂટ પર્વ.

सुवेल त्रि॰ શાન્ત, નમેલું, નમ્ર.

सुवेश पु० ધોળી શેલડી, સારો વેશ.

सुवेश त्रि० સારા વેશવાળું, ઉત્તમ વેશવાળું.

सुव्यक्त त्रि० અત્યંત ખુલ્લું, ઘણું જ સ્પષ્ટ, અત્યંત પ્રકટ.

सुव्रत पु० તે નામે એક જૈન તીર્થંકર.

सुव्रत त्रि० સારા વ્રતવાળું.

सुव्रता स्त्री० સારા વ્રતવાળી સ્ત્રી, સુશીલ ગાય, પંદરમા જૈન તીર્થંકરની માતા.

सुशर्मन् पु० તે નામે એક રાજા, ત્રીજા મનુનો એક પુત્ર, તે નામે એક નિંદ્ય બ્રાહ્મણ.

सुशर्मन् त्रि० સુંદર સુખવાળું.

सुशर्मन् न० સુંદર સુખ, ઉત્તમ સુખ.

सुशल्य पु० ખેરનું ઝાડ.

सुशवी स्त्री० કારેલાંનું ઝાડ, કાળું જીરૂં.

सुशाक न० આદુ, તાંદળજો, ઉત્તમશાક.

सुशाक पु० ભીંડાનું શાક.

सुशिख पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सुशिख त्रि० સુંદર શિખાવાળું.

सुशिखा स्त्री० મયૂરશિખા વૃક્ષ.

सुशीत न० પીળું ચંદન.

सुशीत पु० ઘણો શીતળ સ્પર્શ, નાનું પીપરનું ઝાડ.

सुशीत त्रि० અત્યંત શીતળ, ઘણુંજ થંડું.

सुशीतल न० એક જાતનું સુગંધી ઘાસ.

सुशीतल त्रि० અત્યંત શીતલ-ઘણુંજ થંડું.

सुशीता स्त्री० શતપત્રી વનસ્પતિ, શીતલ ગુણવાળી સ્ત્રી.

सुशीम पु० શીત સ્પર્શ, થંડો સ્પર્શ.

सुशीम त्रि० શીત સ્પર્શવાળું, થંડા સ્પર્શવાળું.

सुशील पु० તે નામે વિષ્ણુનો પાર્શ્વચર, સારો સ્વભાવ.

सुशील त्रि० સુંદર ચારિત્ર્યવાળું, સારા સ્વભાવવાળું.

सुशीलता स्त्री० સારા સ્વભાવપણું, સારા ચારિત્ર્યવાળાપણું.

सुशीलत्व न० ઉપરના અર્થ.

सुशीला स्त्री० કૃશાનુ રાજાની એક રાણી.

सुश्रीक त्रि० સુંદર શોભાવાળું.

सुश्रीक पु० સલ્લકી વૃક્ષ.

सुश्रुत पु० વિશ્વામિત્ર મનુનો એક પુત્ર, તેણે કરેલો એક આયુર્વેદિક ગ્રંથ.

सुश्रुत त्रि० સારી રીતે સાંભળેલ.

सुषम त्रि० મનોહર, સુંદર, સમાન, સદૃશ.

सुषमदुःषमा स्त्री० જૈનાગમપ્રસિદ્ધ બે કોડાકોડી સાગરોપમનો ત્રીજો આરો-એક કાળ.

सुषमा स्त्री० પરમ શોભા, ઘણી ઉત્તમ શોભા, જૈનાગમપ્રસિદ્ધ ત્રણ કોડાકોડી સાગરોપમનો બીજો આરો-એક કાળ.

सुषवी स्त्री० सुशवी જુઓ.

सुषामन् त्रि० સુંદર મધુર વચન બોલનાર, સારાં સામ વચન બોલનાર, મીઠું બોલનાર.

सुषि स्त्री० બાકું, કાણું, વીંધ, છેદ, પોલો વાંસ.

सुषिर न० બાકું, કાણું, વીંધ, છેદ.

सुषिर पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

सुषीम त्रि० મનોહર, સુંદર, થંડું, શીતલ.

सुषीम पु० શીતલ સ્પર્શ, થંડો સ્પર્શ.

सुषुप्त त्रि० સુઈ ગયેલ, ઉંઘી ગયેલ, નિદ્રાવશ થયેલ, સુષુપ્તિ અવસ્થામાં રહેલ.

सुषुप्त न० નીચેનો શબ્દ જુઓ.

सुषुप्ति स्त्री० નિદ્રા, ઉંઘ, જ્ઞાનશૂન્ય એવી એક અવસ્થા.

सुषुप्सत् त्रि० સુવા ઈચ્છતું, નિદ્રા લેવા ઇચ્છતું, ઉંઘવા ઈચ્છતું.

सुषुप्सा स्त्री० સુવાની ઇચ્છા, નિદ્રા લેવાની ઈચ્છા, ઉંઘવાની ઇચ્છા.

सुषुप्सु त्रि० સુવા ઇચ્છનાર, નિદ્રા લેવા ઇચ્છનાર, ઉંઘવા ઇચ્છનાર.

सुषुम्णा स्त्री० શરીરમાં તે નામની એક નાડી-જેમાં જીવ નિદ્રાવસ્થામાં રહે છે.

सुषेण पु० કરમદાનું ઝાદ, નેતરનું ઝાડ, ચિકિત્સક એક વાનર, વિષ્ણુ.

सुषेणिका स्त्री० કાળું નસોતર.

सुषेणी स्त्री० નસોતર.

सुषोमा स्त्री० તે નામે એક નદી.

सुष्ठु अव्य० સારૂં, સારી રીતે, પ્રશંસામાં, અતિશય એવા અર્થમાં તથા સત્યમાં વપરાય છે.

सुष्म न० દોરી, દોરડું.

सुसंस्कृत त्रि० સારી રીતે સંસ્કારવાળું કરેલ ઘી વગેરે, અનેક દ્રવ્યથી પ્રયત્ન પૂર્વક રાંધેલ, ઉત્તમ સંસ્કારવાળું.

सुसत्य त्रि० ઘણુંજ સત્ય, સારી રીતે સાચું.

सुसत्या स्त्री० જનક રાજાની પત્ની.

सुसमाद् स्त्री० સૌભાગ્ય, સારી સંપત્તિ, સમૃદ્ધિ.

सुसम्पद् त्रि० સૌભાગ્યવાળું, સારી સંપત્તિવાળું, સમૃદ્ધિવાળું.

सुसह त्रि० સારી રીતે સહન થઇ શકે તેવું, સુખેથી સહન થાય તેવું.

सुसार पु० રાતા ખેરનું ઝાડ.

सुसार त्रि० અતિશય સારવાળું.

सुसारवत् न० સ્ફટિક મણિ.

सुसारवत् त्रि० અતિશય સારવાળું.

सुसिकत त्रि० સાકરવાળું, ઉત્તમ જાતની રેતીવાળું.

सुसिकता स्त्री० સાકર, ઉત્તમ જાતની રેતી.

सुसीमा स्त्री० છઠ્ઠા જૈન તીર્થંકરની માતા.

सुस्थ त्रि० સ્વસ્થ, સુખી, આરોગ્યવાળું, નીરોગી.

सुस्थता स्त्री० સ્વસ્થપણું, સુખીપણું, આરોગ્ય, નીરોગીપણું.

सुस्थत्व न० ઉપરના અર્થ.

सुस्ना पु० એક જાતનું ધાન્ય.

सुस्नात त्रि० સારી રીતે ન્હાયેલ, મંગલ દ્રવ્યથી જેણે સ્નાન કર્યું હોય તે.

सुस्मिता स्त्री० એક જાતની સ્ત્રી.

सुस्वप्न न० સારૂં સ્વપ્ન.

सुह् षुह् જુઓ.

सुहस्तिन् पु० દશ પૂર્વધર પૈકી એક જૈનાચાર્ય.

सुहित त्रि० તૃપ્ત કરેલ, શાસ્ત્રોક્ત રીતે કરેલ.

सुहित न० સારૂં હિત.

सुहिता स्त्री० તે નામે અગ્નિની એક જિહ્વા.

सुहृद् पु० મિત્ર, જ્યોતિષપ્રસિદ્ધ લગ્નથી ચોથું સ્નાંન.

सुहृदय न० સારૂં હૃદય, શ્રેષ્ઠ મન.

सुहृदय त्रि० સારા હૃદયવાળું, શ્રેષ્ઠ મનવાળું.

सुहृद्बल न० મિત્રરૂપ સૈન્ય, મિત્રનું બળ.

सुहृद्बलवत् त्रि० મિત્રરૂપ સૈન્યવાળું, મિત્રના બળવાળું.

सुहोत्र पु० ચંદ્રવંશી એક રાજા.

सुह्म पु० તે નામે એક દેશ.

सुह्म पु० ब० સુહ્મ દેશના લોક,

सू षू ધાતુ જુઓ.

सू स्त्री० પ્રસવ, જન્મ, જણવું, ઉત્પત્તિ, ક્ષેપ, ફેંકવું, પ્રેરણા કરવી, મોકલવું.

सूक न० કમળ, બાણ, વાયુ.

सूकर पु० વરાહ, ભુંડ, ડુક્કર, કુંભાર, એક જાતનો મૃગ.

सूकरी स्त्री० વરાહણ, ભુંડણ, ડુક્કરી, કુંભારણ, એક જાતની મૃગલી, વરાહક્રાંતા વનસ્પતિ.

सूक्त न० સુભાષિત, સુંદર કથન, વિશિષ્ટ એકાર્થપ્રતિપાદક એક દેવતાવાળો વૈદિકમંત્રસમુદાય.

सूक्ता स्त्री० મેના પક્ષી.

सूक्ति स्त्री० સુભાષિત, સારૂં વચન, સુંદર કહેવું તે.

सूक्ति त्रि० સુભાષિત કહેનાર, સારૂં વચન બોલનાર.

सूक्ष्म न० કપટ, દગો, અધ્યાત્મ પદાર્થ, તે નામે એક અર્થાલંકાર.

सूक्ष्म त्रि० અત્યંત બારીક, અણુ પરિમાણવાળું, અલ્પ, થોડું.

सूक्ष्म पु० નિર્મળીનું ઝાડ–कतकवृक्ष.

सूक्ष्मकृष्णफला स्त्री० એક જાતના જાંબુનું ઝાડ.

सूक्ष्मतण्डुल पु० એક જાતનું ઝાડ.

सूक्ष्मतण्डुला स्त्री० પીપર.

सूक्ष्मतन्दुला स्त्री० પીપર.

सूक्ष्मता स्त्री० સૂક્ષ્મપણું, બારીકપણું, બારીકી, થોડાશ.

सूक्ष्मत्व न० ઉપરના અર્થ.

सूक्ष्मदर्शिन् त्रि० અત્યંત ઉત્તમ બુદ્ધિવાળું, કુશાગ્ર બુદ્ધિવાળું, તીક્ષ્ણ બુદ્ધિવાળું.

सूक्ष्मदेह पु० सूक्ष्मशरीर જુઓ.

सूक्ष्मदेहिन् पु० જીવાત્મા.

सूक्ष्मपत्रा स्त्री० ધાણા, કોથમીર, જંગલી જીરૂં, એક જાતના સરસવ, ચણીબોરનું ઝાડ, સુરપર્ણ વૃક્ષ, લાલ શેલડી, જંગલી બાવળ, બાવળનું ઝાડ.

सूक्ष्मपत्रा स्त्री० ધમાસો, આકાશમાંસી વનસ્પતિ.

सूक्ष्मपत्रिका स्त्री० સુવા, શતાવરી, લઘુબ્રાહ્મી વનસ્પતિ.

सूक्ष्मपर्णी स्त्री० રામદૂતી વનસ્પતિ.

सूक्ष्मपुष्पी स्त्री० यवतिक्ता વનસ્પતિ.

सूक्ष्मफला स्त्री० ભોંય આંમળી, ભૂકર્બુદાર વૃક્ષ.

सूक्ष्मबदरी स्त्री० એક જાતની બોરડી–भूम्बिदरी

सूक्ष्मबुद्धि त्रि० તીક્ષ્ણ બુદ્ધિવાળું, કુશાગ્ર બુદ્ધિવાળું.

सूक्ष्मबुद्धि स्त्री० તીક્ષ્ણ બુદ્ધિ, કુશાગ્ર બુદ્ધિ.

सूक्ष्मभूत न० વેદાંતપ્રસિદ્ધ પંચ તન્ત્રમાત્રાઓ–અપંચીકૃત પંચ મહાભૂતોના સૂક્ષ્માંશ.

सूक्ष्ममक्षिक पु० મચ્છર.

सूक्ष्ममक्षिका स्त्री० નાની માખી.

सूक्ष्मवल्ली स्त्री० તામ્રવલ્લી, લાખ.

सूक्ष्मवस्त्र न० બારીક કપડું, ઘણું ઝીણું કપડું.

सूक्ष्मवीज पु० એક જાતનું ઝાડ.

सूक्ष्मशरीर न० વેદાંતપ્રસિદ્ધ લિંગશરીર–જે સૂક્ષ્મ મહાભૂતોનું બનેલું હોઈ આત્માને ઘણુંજ આવરણ કરનાર છે.

सूक्ष्मशरीरिन् पु० જીવાત્મા.

सूक्ष्मशर्करा स्त्री० રેતી.

सूक्ष्मशर्करिल त्रि० ઝીણી રેતીવાળો પ્રદેશ વગેરે.

सूक्ष्मशाख पु० પાણીમાં થતો એક જાતનો બાવળ.

सूक्ष्मशालि पु० સામો વગેરે સૂક્ષ્મ ધાન્ય.

सूक्ष्मषट्चरण पु० આંખની પાંપણમાં થતી એક જાતની જૂ.

सूक्ष्मा स्त्री० જૂઈ, ઝીણી એલચી, રેતી.

सूक्ष्माङ्ग न० વેદાંતપ્રસિદ્ધ લિંગશરીર–જે જીવનું ભોગસાધન ગણાય છે.

सूक्ष्मीकरण न० સૂક્ષ્મ કરવું, બારીક કરવું.

सूक्ष्मीकार पु० ઉપરના અર્થ.

सूक्ष्मीकृत त्रि० ઝીણું કરેલ, બારીક કરેલ.

सूक्ष्मीभवन न० સૂક્ષ્મ થવું, બારીક થવું.

सूक्ष्मीभाव पु० ઉપરના અર્થ.

सूक्ष्मीभूत त्रि० ઝીણું થયેલ, બારીક થયેલ.

सूक्ष्मैला स्त्री० ઝીણી એલચી.

सूच् चु० उभ० स० सेट् :ચાડી કરવી, દેખાડવું, બતાવવું, સૂચવવું, આંતરિક દ્રોહ કરવો.

सूच पु० દર્ભનો અંકુર.

सूचक त्रि० જણાવનાર, બતાવનાર, ચાડી કરનાર, આંતરિક દ્રોહ કરનાર.

सूचक पु० કાગડો, કુતરો, બિલાડો, પિશાચ, સિદ્ધગણ, બુદ્ધ, નાટકપ્રસિદ્ધ સૂત્રધાર, કથા કહેનાર, ઝીણી ડાંગેર, સીવવાનું સાધન દ્રવ્ય.

सूचकी स्त्री० કાગડી, કુતરી, બિલાડી, પિશાચણી.

सूचन न० સૂચવવું, જણાવવું, ચાડી કરવી, દેખાડવું, બતાવવું, હિંસા કરવી.

सूचनकृत् न० સૂત્રરૂપ વાકય, સૂત્ર.

सूचनकृत् पु० સૂત્રકાર વિદ્વાન.

सूचनकृत् त्रि० ચાડી કરનાર, જણનાર, સૂચવનાર.

सूचना स्त्री० દૃષ્ટિ, નજર, પીડા, અભિનય, હાવભાવ–ચાળા, ઉપરનો શબ્દ જુઓ.

सूचि स्त्री० સીવવાનું સાધન, સોય, શિખા, ચોટલી, એક જાતનું નૃત્ય, પુસ્તકના વિષયનો કોઠો, સૂચીપત્ર, હાવભાવથી સુચવવું, જણાવવું, હાવભાવ, ચાળા, એક જાતનો ત્રિકોણ, શંકુ, એક જાતની સૈન્યની વ્યૂહરચના, અંકુર, દર્ભનો અંકુર, કાણાં પાડવાં.

सूचिक त्रि० સીવવાના ધંધા ઉપર જીવનાર–દરજી.

सूचिका स्त्री० સોય, સોયો, હાથીની સુંઢ.

सूचिकाधर पु० હાથી.

सूचिकाधर त्रि० સોય ધારણ કરનાર.

सूचिकाधरी स्त्री० હાથણી.

सूचिकाभरण न० વૈદ્યકમાં કહેલ એક ઔષધ.

सूचिकामुख पु० શંખ.

सूचिकामुख न० સોયનું મોઢું.

सूचिक्षेत्र न० લીલાવતીપ્રસિદ્ધ સોયના આકારનું એક ક્ષેત્ર.

सूचित त्रि० સૂચવેલ, જણાવેલ, કહેલ, હિંસા કરેલ.

सूचितव्य त्रि० सूच्य જુઓ.

सूचिता स्त्री० સોયનું કામ, સોયપણું.

सूचिदल पु० सूचिपत्रक જુઓ.

सूचिन् पु० દૂત, છાનો દૂત, કાસદ.

सूचिन् त्रि० સૂચવનાર, જાણનાર, કહેનાર.

सूचिपत्र न० ગ્રંથના વિષયને જણાવનાર કોઠો વગેરે.

सूचिपत्रक पु० સિતાવર નામે એક ઝાડ.

सूचिपुष्प पु० કેવડાનું ઝાડ.

सूचिरोमन् पु० વરાહ, ભુંડ, ડુક્કર.

सूचिवत् पु० ગરૂડ પક્ષી.

सूचिवदन पु० નોળીયો, મચ્છર.

सूचिवदनी स्त्री० નોળીયણ.

सूचिशालि पु० સામો વગેરે સૂક્ષ્મ ધાન્ય.

सूचिसूत्र न० સોયનો દોરો.

सूची पु० सूचि જુઓ.

सूचीकटाह पु० તે નામે એક ન્યાય.

सूचीक्षेत्र न० सूचिक्षेत्र જુઓ.

सूचीदल पु० सूचिपत्रक જુઓ.

सूचीपत्र न० सूचिपत्र જુઓ.

सूचीपत्रक पु० सूचिपत्रक જુઓ.

सूचीपत्रा स्त्री० એક જાતની ગ્રોખડ.

सूचीपुष्प पु० કેવડાનું ઝાડ.

सूचीमुख पु० ધોળો દર્ભ, હીરો.

सूचीमुख न० સોયનું મોઢું.

सूचीरोमन् पु० વરાહ, ભુંડ, ડુક્કર.

सूचीवत् पु० ગરૂડ.

सूचीवदन पु० નોળીયો, મચ્છર.

सूचीवदनी स्त्री० નોળીયણ.

सूचीशालि पु० સામો વગેરે સૂક્ષ્મ ધાન્ય.

सूच्य त्रि० સૂચવા લાયક, જણાવવા યોગ્ય, કહેવા લાયક.

सूच्यग्र न० સોયનો અગ્ર ભાગ, સોયની અણી.

सूच्यग्रस्थूलक पु० એક જાતનું ઘાસ.

सूच्यास्य पु० ઉંદર.

सूच्यास्य न० સોયનું મોઢું.

सूच्यास्या स्त्री० ઉંદરડી.

सूच्याह्व पु० સિતવારક નામે એક શાક.

सूत पु० સૂર્ય, આકડાનું ઝાડ, ક્ષત્રિયથી બ્રાહ્મણ સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ એક વર્ણસંકર, વિશ્વકર્મા, સારથિ, બંદી, ભાટ–ચારણ, સૂત પુરાણિ–જેનું બીજું નામ લોમહર્ષણ હતું.

सूत पु० न० પારદ–પારો.

सूत त्रि० જણેલ, ઉંત્પન્ત કરેલ, પ્રેરણા ફરેલ, ઉત્પન્ન થયેલ.

सूतक न० જન્મતું કે મૃત્યુનું સૂતક.

सूततनय पु० રાધાપુત્ર કર્ણ.

सूततनुज पु० રાધાપુત્ર કર્ણ.

सूततनूज पु० ઉપરનો અર્થ.

सूतपुत्र पु० રાધાપુત્ર કર્ણ.

सूतसुत पु० ઉપરનો અર્થ.

सूतसूनु पु० રાધાપુત્ર કર્ણ.

सूति स्त्री० પ્રસવ, જન્મ, ઉત્પત્તિ, પેદાશ, જણવું.

सूतिका स्त्री० સુવાવડી સ્ત્રી, તુરતમાં જેણે જણ્યું હોય તેવી સ્ત્રી.

सूतिकागार न० સુવાવડીને રહેવા લાયક ઘર, જ્યાં સુવાવડી રહી હોય તે ઘર.

सूतिकागृह न० ઉપરના અર્થ.

सूतिकाभवन न० सूतिकागार જુઓ.

सूतिकारोग पु० સુવાવડીનો રોગ.

सूतिकावेश्मन् न० सूतिकागार જુઓ.

सूतिकाषष्ठी स्त्री० સૂતિકા ગૃહમાં પ્રસવથી છટ્ઠે દિવસે પૂજવાની ષષ્ઠી દેવી.

सूतिगृह न० सूतिकागार જુઓ.

सूतिभवन न० सूतिकागार જુઓ.

सूतिमास पु० ગર્ભિણી સ્ત્રીનો જણવાનો છેલ્લો મહિનો.

सूतिरोग पु० સુવાવડીનો રોગ.

सूतिवेश्मन् न० सूतिकागार જુઓ.

सूतिषष्ठी स्त्री० सूतिकाषष्ठी જુઓ.

सूत्थान त्रि० ચતુર, કામ કરવામાં મશગુલ, હોંશીઆર.

सूत्पर न० દારૂ કાઢવો.

सूत्या स्त्री० યજ્ઞના અંગરૂપ એક સ્નાન, સોમરસ કાઢવો.

सूत्याशौच न० જન્મનિમિત્ત સૂતક.

सूत्र् चु० उभ० स० सेट् ગુંથવું, વીંટવું, રચવું.

सूत्र न० વસ્ત્રસાધન સૂત્ર–સુતર, સુતરનો તાંતણો, વ્યવસ્થા, નાટકનો પ્રસ્તાવ, અલ્પ શબ્દોમાં ગંભીર અને વિસ્તૃત ભાવ દર્શાવનારૂં એક શાસ્ત્રવાક્ય, જનોઈ.

सूत्रकण्ठ पु० બ્રાહ્મણ, હોલો, કબૂતર, ખંજરીટ પક્ષી.

सूत्रकृत न० જૈન દર્શનમાં માનેલ અગીઆર અંગો પૈકી એક અંગ.

सूत्रकोण पु० ડમરૂ.

सूत्रकोणक पु० ડમરૂ.

सूत्रगण्डिका स्त्री० વણકરનું વણવાનું એક સાધન.

सूत्रग्रह त्रि० સૂત્ર ગ્રહણ કરનાર, સૂત્ર ધારણ કરનાર.

सूत्रग्राह त्रि० ઉપરના અર્થ.

सूत्रतन्तु पु० સૂતરનો તાંતણો.

सूत्रतर्कुटी स्त्री० સૂતરસહિત ત્રાક.

सूत्रधार पु० નાટકનો પ્રસ્તાવ કરનાર મુખ્ય નટ, સુથાર, ઈન્દ્ર.

सूत्रपुष्प पु० કપાસ.

सूत्रभिद् पु० દરજી.

सूत्रमध्यभू पु० એક જાતનો ધૂપ.

सूत्रयन्त्र न० સૂત્ર વણવાનું યંત્ર-શાળ.

सूत्रला स्त्री० સુતરસહિત ત્રાક.

सूत्रवीणा स्त्री० એક જાતની વીણા.

सूत्रवेष्टन न० વણકરનું સાધન–સુતર વીંટવાની ફાળકી.

सूत्रात्मन् पु० સમષ્ટિ ઉપહિત ચૈતન્ય–હિરણ્યગર્ભ.

सूत्रामन् पु० ઈન્દ્ર.

सूत्राली स्त्री० સુતરની પંક્તિ, ગળામાં પહેરવાની એક જાતની માળા.

सूत्रिणी स्त्री० કાગડી.

सूत्रिन् त्रि० સૂત્રવાળું. સુતરવાળું.

सूत्रिन् पु० કાગડો.

सूद् षूद् ધાતુ જુઓ.

सूद पु० રસોઇઓ, દાળ, અપરાધ, પાપ, લોધરનું ઝાડ, કાદવ, મસાલેદાર અન્ન.

सूदन न० હિંસા કરવી, મૂકવું, સ્થાપવું, અંગીકાર, સ્વીકાર.

सूदशाला स्त्री० પાકશાળા-રસોડું, રાંધણીયું.

सूदाध्यक्ष पु० પાકશાળાનો અધ્યક્ષ–રસોડાં ઉપર દેખરેખ રાખનાર.

सूदित त्रि० મારી નાખેલ, નાશ કરેલ, હિંસા કરેલ,

सूदितृ त्रि० મારી નાખનાર, નાશ કરનાર, હિંસા કરનાર.

सून न० પુષ્પ, ફૂલ, પ્રસવ, અંકુર.

सून त्रि० વિકસેલ, ખીલેલ, જન્મેલ, ઉત્પન્ન થયેલ.

सूना स्त्री० પ્રાણીવધસ્થાન, ગૃહસ્થના ઘરમાં ચૂલો–ઘંટી-સાવરણી–ખાંડણીઓ–પાણીઆરૂં-એ પાંચ હિંસાનાં સ્થાન, કતલખાનું, માંસ વેચવું.

सूनु पु० પુત્ર, દીકરો, સૂર્ય, આકડાનું ઝાડ, નાનો ભાઈ.

सूनु स्त्री० પુત્રી, દીકરી, કન્યા.

सूनू स्त्री० ઉપરના અર્થ.

सूनृत न० સત્ય, પ્રિય વાક્ય, મંગળ.

सूनृत त्रि० સત્યવાળું, સાચું, પ્રિય વાક્યવાળું, માંગલીક.

सूनृतता स्त्री० સત્યપણું, સાચાઈ.

सूनृतत्व न० ઉપરના અર્થ.

सूप पु० દાળ, રસોઇઓ, વાસણ, પાત્ર, બાણ.

सूपकार त्रि० રસોઈ કરનાર, રાંધનાર.

सूपकृत् त्रि० ઉપરના અર્થ.

सूपत् अव्य० સારી રીતે.

सूपधूपक न० હીંગ.

सूपधूपन न० હીંગ.

सूपपर्णी स्त्री० મુદ્‌ગપર્ણી વનસ્પતિ.

सूपश्रेष्ठ पु० મગ.

सूपाङ्ग न० હીંગ.

सूम न० દૂધ, પાણી.

सूर पु० સૂર્ય, આકડાનું ઝાડ, પંક્તિ, તે નામે એક જિનદેવ.

सूरण पु० સુરણ.

सूरत त्रि० દયાળુ.

सूरसूत पु० સૂર્યનો સારથિ અરૂણ.

सूरि पु० સૂર્ય, આકડાનું ઝાડ, પંડિત,

વિદ્વાન, તે નામે એક યાદવ, એક જિનદેવ.

सूरिन् पु० પંડિત, વિદ્વાન.

सूरी स्त्री० રાઈ, સૂર્યની મનુષ્યજાતિની સ્ત્રી-કુંતી.

सूर्क्ष् भ्वा० प० स० सेट् અનાદર કરવો.

सूर्क्ष पु० અડદ.

सूर्क्षण न० અનાદર.

सूर्क्ष्य् सूर्क्ष् ધાતુ જુઓ.

सूर्क्ष्यण न० અનાદર.

सूर्प पु० न० शूर्प જુઓ, કુંભપરિમાણ, દ્રોણપરિમાણ.

सूर्पणखा स्त्री० તે નામે રાવણની એક બ્હેન.

सूर्मि स्त्री० शूर्मि જુઓ.

सूर्मी स्त्री० शूर्मी જુઓ.

सूर्य पु० સૂર્ય, આકડાનું ઝાડ, તે નામે એક દાનવ, સુરજ ફૂલનું ઝાડ.

सूर्यकन्या स्त्री० યમુના.

सूर्यकान्त पु० સ્ફટિકમણિ, આગીઓ કાચ.

सूर्यकान्ति पु० અળસી.

सूर्यकान्ति स्त्री० સૂર્યની દીપ્તિ, સૂર્યની કાંતિ, સૂર્યનું તેજ.

सूर्यकाल पु० દિવસ.

सूर्यग्रह पु० સૂર્યગ્રહણ, સૂર્યનું ગ્રહણ.

सूर्यग्रहण न० ઉપરના અર્થ.

सूर्यज पु० શનિ ગ્રહ, યમ, વૈવસ્વત મનુ, સુગ્રીવ વાનર સાવર્ણિ મનુ, કર્ણ.

सूर्यजा स्त्री० યમુના.

सूर्यतनय पु० सूर्यज જુઓ.

सूर्यतनया स्त्री० યમુના.

सूर्यतनुज पु० सूर्यज જુઓ.

सूर्यतनुजा स्त्री० યમુના.

सूर्यतनूज पु० सूर्यज જુઓ.

सूर्यतनूजा स्त्री० યમુના.

सूर्यतेजस् पु० સૂર્યનું તેજ.

सूर्यपत्र पु० આદિત્યપત્ર વૃક્ષ.

सूर्यपुत्र पु० सूर्यज જુઓ.

सूर्यपुत्री स्त्री० યમુના.

सूर्यभक्त पु० બપોરીયાનું ઝાડ.

सूर्यभक्त त्रि० સૂર્યની ભક્તિવાળું; સૂર્યનું ભગત.

सूर्यभक्तक पु० બપોરીયાનું ઝાડ.

सूर्यमणि पु० સ્ફટિક મણિ, આગીઓ કાચ, સૂરજ ફૂલ.

सूर्यलता स्त्री० સુરજ વેલ.

सूर्यवल्ली स्त्री० એક જાતની વેલ-अर्कपुष्पिका.

सूर्यसङ्क्रम पु० સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું.

सूर्यसङ्क्रमण न० ઉપરનો અર્થ.

सूर्यसङ्क्रान्ति स्त्री० सूर्यसङ्क्रम જુઓ.

सूर्यसंज्ञ न० કેસર.

सूर्यसारथि पु० સૂર્યનો સારથિ અરૂણ.

सूर्यसुत पु० सूर्यज જુઓ.

सूर्यसुता स्त्री० યમુના.

सूर्यसूत पु० સૂર્યનો સારથિ અરૂણ.

सूर्यसूनु पु० सूर्यज જુઓ.

सूर्यसूनु स्त्री० યમુના.

सूर्यसूनू स्त्री० યમુના.

सूर्या स्त्री० સૂર્યની દેવ જાતિની સ્ત્રી-સંજ્ઞા.

सूर्यालोक पु० સૂર્યનો પ્રકાશ, સૂર્યનું તેજ.

सूर्यावर्त्त पु० એક જાતનો છોડ, એક જાતનું શાક.

सूर्यावर्त्ता स्त्री० આદિત્યભક્તા-સુરજવેલ.

सूर्याश्मन् पु० સ્ફટિક મણિ, આગીઓ કાચ.

सूर्याश्व पु० સૂર્યનો ઘોડો.

सूर्याह्व पु० તાંબું, આકડાનું ઝાડ.

सूर्येन्दुसंगम पु० અમાસ તિથિ, સૂર્ય તથા ચંદ્રનો મેળાપ.

सूर्योढ पु० સૂર્યનો અસ્તકાળ, સૂર્યના અસ્તકાળે આવેલ અતિથિ.

सृ चु० उभ० स० सेट् જવું, સ્થિતિ કરવી.

सृ भ्वा० प० स० अनिट् સરકવું, ખસવું, જવું. प्र + પ્રસરવું, ફેલાવું, ઉત્પન્ન થવું, વ્યાપવું, ધસવું, આગળ જવું, વહેવું, વિસ્તાર પામવો, પ્રચાર પામવો, સત્તાવાળા થવું, તત્પર થવું, प्रति + પાછા જવું,સામા થવું,હુમલો કરવો,वि+ફેલાવું,વિસ્તાર પામવો, सम्+ઉત્પન્ન થવું, જન્મવું, પામવું, परि + ચારેતરફ વહેવું, ચોબાજુ ફરવું, વ્યાપવું, ફેલાવું, निस् + નીકળવું, બહાર જવું, ચાલ્યા જવું, વહેવું, આસપાસ ફરવું, उप + પાસે જવું, મળવું, મુલાકાત લેવી, ચાલ્યા જવું, अभि + તરફ જવું, પાસે જવું, સામે જવું, હુમલો કરવો, ચઢાઈ કરવી, સંકેતસ્થાને જવું, अनु + અનુસરવું, પાછળ જવું, अप + ખસવું, પાસે જવું પાછા ફરવું.

सृ जुहो० :पर० स० सेट् સરકવું, ખસવું, જવું.

सृक पु० રાત્રિવિકાશી કમળ, હરકોઈ કમળ, બાણ, વાયુ.

सृकण्डु पु० ખરજનો રોગ.

सृकाल पु० શિયાળ.

सृकाली स्त्री० શિયાળવી.

सृक्क न० હોડના છેડાનો ભાગ–ગલોફું.

सृक्कन् न० ઉપરનો અર્થ.

सृक्किणी स्त्री० सृक्क જુઓ.

सृक्किन् न० सृक्क જુઓ.

सृग पु० भिंदिपाल નામે એક અસ્ત્ર.

सृगाल पु० શિયાળ, તે નામે એક દૈત્ય.

सृगाली स्त्री० શિયાળવી.

सृज् दिवा० आ० स० अनिट् ત્યાગ કરવો, તજવું, સરજવું.

सृज् तुदा० प० स० अनिट् સરજવું, પેદા કરવું, છોડવું.

सृजकाक्षार पु० સાજીખાર.

सृणि पु० શત્રુ, દુશ્મન.

सृणि स्त्री० અંકુશ.

सृणिका स्त्री० લાળ.

सृणी स्त्री० અંકુશ.

सृणीका स्त्री० લાળ.

सृत त्रि० સરકેલ, ખસેલ, ગયેલ.

सृति स्त्री० સરકવું, ખસવું, જવું, માર્ગ, રસ્તો.

सृत्वन् पु० પ્રજાપતિ, વિસર્પ, વૃદ્ધિ, વધવું.

सृत्वर त्रि० સરકનાર, ખસનાર, જનાર.

मृदर पु० સર્પ.

सृदरी स्त्री० સાપેણ.

सृदाकु पु० વાયુ, વજ્ર, અગ્નિ, ચિત્રાનું ઝાડ, प्रतिसूर्यक જુઓ, મૃગ, હરણ.

सृदाकु स्त्री० નદી.

सृप् भ्वा० प० स० अनिट् સરકવું, ખસવું, જવું, પેટે ચાલવું, प्र + પ્રસરવું, નીકળવું, ફેલાવું, वि + આમતેમ દોડવું, ફેલાવું, ધસવું, કુચ કરવી, વહેવું, છૂટા થવું, વળવું, દોડવું, सम् + સરકવું, વહેવું, ફેલાવું, ચાલવું, ચરવું, अप + ચાલ્યા જવું, ખસવું, ચલિત થવું, જોવું, अनु + પાછળ જવું, અનુસરવું, પાસે જવું, उद् + ઉંચે ચઢવું, વધવું, આગળ જવું उप + સમીપ જવું, પાસે જવું, ગતિ કરવી, અનુભવવું, સહેવું, परि + ચોતરફ જવું, ફેલાવું, આમતેમ ફરવું.

सृपाट पु० એક જાતનું પાપ, લોહીની ધાર.

सृपाटिका स्त्री० ઉપરના અર્થ, ચાંચ.

सृपाटी स्त्री० ઉપર જુઓ.

सृप्र पु० ચંદ્ર, કપૂર.

सृभ् षृभ् धातु જુઓ.

सृमर त्रि० સરકનાર, ખસનાર, જનાર.

सृमर पु० એક જાતનો મૃગ.

सृमरी स्त्री० એક જાતની મૃગલી.

सृम्भ् षृम्भ् धातु જુઓ.

सृष्ट त्रि० સરજેલ, પેદા કરેલ, યોજેલ, જોડેલ, નિશ્ચય કરેલ, બહુલ, ઘણું, શણગારેલ, તજેલ, છોડેલ.

सृष्टि स्त्री० સરજવું, રચવું, છોડવું, તજવું, સ્વભાવ, સરજાતુ, નિર્ગુણ, જગત, સંસાર ઉત્પત્તિ, જન્મ.

सृष्टिकरण न० સરજવું, ઉત્પન્ન કરવું, પેદા કરવું.

सृष्टिकर्तृ त्रि० સરજનાર, પેદા કરનાર, ઉત્પન્ન કરનાર.

सृष्टिकृत् त्रि० ઉપરના અર્થ.

सृष्टिप्रदा स्त्री० ગર્ભદાત્રીનો છોડ.

सॄ (षॄ) क्र्या० प० स० सेट् હિંસા કરવી,

सेक् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.

सेक पु० સીંચવું, છાંટવું, ભીનું કરવું.

सेकपात्र न० સીંચવાનું પાત્ર, છાંટવાનું પાત્ર.

सेकिम न० મૂળો.

सेक्तृ पु० પતિ, ધણી, સ્વામી, મેઘ, મોથ.

सेक्तृ त्रि० સીંચનાર, છાંટનાર, ભીનું કરનાર.

सेक्त्र न० सेकपात्र જુઓ.

सेचक त्रि० સીંચનાર, છાંટનાર, ભીનું કરનાર.

सेचक पु० મેઘ, મોથ.

सेचन न० સીંચવું, છાંટવું, ભીનું કરવું, ઝરવું, ખરવું, ટપકવું, પાણી વગેરે છાંટવાનું પાત્ર.

सेचनी स्त्री० પાણી વગેરે છાંટવાનું એક નાનું પાત્ર.

सेट्टु पु० તરબુચનો વેલો.

सेतु पु० પાળ, પુલ, ધોરીયો, વરૂણ વૃક્ષ.

सेतुक पु० પ્રણવમંત્ર, ૐકાર મંત્ર, વરૂણ વૃક્ષ.

सेतुबन्ध पु० લંકામાં જવા માટે શ્રીરામચંદ્રે નલ વાનર પાસે બંધાવેલો સમુદ્ર ઉપરનો પૂલ, પાણીની આળ, ધોરીયો, પૂલ બાંધવો, હરકોઇ પાણીનો બંધ.

सेतुभेदिन् पु० નેપાળાનું ઝાડ.

सेतुवृक्ष पु० વરૂણ વૃક્ષ.

सेत्र न० બેડી.

सेधा स्त्री० સેઢાઈ, શાહુડી.

सेना स्त्री० લશ્કર, સૈન્ય, તે નામે એક જિન દેવની માતા.

सेनाङ्ग न० હાથી-ઘોડા-રથ-પાયદળનો સમૂહ, સૈન્યનું હરકોઇ અંગ.

सेनाचर पु० લશ્કરી સિપાઈ, સૈન્યને અનુસરનાર.

सेनानी पु० સેનાપતિ, કાર્તિક સ્વામી.

सेनापति पु० કાર્તિક સ્વામી, સૈન્યનો અધ્યક્ષ, લશ્કરનો વડો અધિકારી.

सेनापतिता स्त्री० સેનાપતિપણું.

सेनापतित्व न० સેનાપતિપણું.

सेनामुख न० સૈન્યનો અગ્રભાગ, લશ્કરનો મોખરો.

सेनारक्ष पु० સૈન્યનું રક્ષણ કરનાર-પહેરગીર એક સૈન્ય.

सेफ पु० પુરૂષનું ચિન્હ-લિંગ-લોડો.

सेमन्ती स्त्री० એક જાતનું ફૂલ.

सेर पु० એક વજન-શેર.

सेराह पु० ધોળો ઘોડો.

सेराही स्त्री० ધોળી ઘોડી.

सेरु त्रि० બંધન કરનાર, બાંધનાર.

सेल् षेल् ધાતુ જુઓ.

सेलु पु० શ્લેષ્માતક વૃક્ષ.

सेव् भ्वा० आ० स० सेट् સેવવું, સેવા કરવી.

सेव न० એક જાતનું ફળ.

सेवक त्रि० દરજી, સીવનાર, સાંધનાર, ચાકર, નોકર, દાસ, સેવનાર, સેવા કરનાર, આરાધનાર.

सेवकालु पु० निशाभङ्गा વૃક્ષ.

सेवधि पु० ખજાનો, ભંડાર, કુબેરના શંખ વગેરે ભંડાર.

सेवन न० સીવવું, સાંધવું, આશ્રય કરવો, ભોગવવું, ઉપભોગ કરવો, બાંધવું, બંધન, પૂજવું, ભજવું.

सेवनी स्त्री० સોઈ.

सेवनीय त्रि० સેવા કરવા યોગ્ય, ભજવા લાયક, ભોગવવા લાયક.

सेवमान त्रि० સેવા કરતું, સેવતું, ભજતું, ભોગવતું.

सेवा स्त्री० ભજવું, સેવવું, ઉપભોગ કરવો, આરાધન કરવું, આશ્રય કરવો, પૂજવું, પૂજા કરવી, ચાકરી કરવી, નોકરી.

सेवावृत्ति स्त्री० નોકરી, ચાકરી, દાસત્વ.

सेवि न० એક જાતનું ફળ.

सेविका स्त्री० એક જાતનું પકવાન્ન-સેવ.

सेवित त्रि० સેવેલ, સેવા કરેલ, ભજેલ, ભોગવેલ, આરાધેલ, પૂજેલ.

सेवितव्य त्रि० सेवनीय જુઓ.

सेवितृ त्रि० સેવા કરનાર, સેવનાર, ભજનાર, આરાધનાર, પૂજનાર.

सेविन् त्रि० ઉપરના અર્થ.

सेव्य न० વીરણમૂળ-સુગંધી વાળો-ખસ.

सेव्य पु० પીપળાનું ઝાડ, હિજ્જલ વૃક્ષ.

सेव्य त्रि० सेवनीय જુઓ.

सेव्यता स्त्री० સેવા કરવા યોગ્યપણું.

सेव्यत्व न० ઉપરનો અર્થ.

सेव्या स्त्री० વંદા વૃક્ષ.

सै षै ધાતુ જુઓ.

सैंह त्रि० સિંહનું, સિંહસંબંધી.

सैंहली स्त्री० સિંહલ દેશમાં થનારી પીપર.

सैंहिक पु० રાહુ ગ્રહ.

सैंहिकेय पु० રાહુ ગ્રહ.

सैकत न० પુષ્કળ રેતીવાળો નદી વગેરેનો કીનારો.

सैकत त्रि० પુષ્કળ રેતીવાળું.

सैकतिक पु० સંન્યસ્ત, સંન્યાસ, ક્ષપણક' સાધુ.

सैकतिक त्रि० સંદેહવાળું, સંદેહથી જીવનાર.

सैकतिक न० મંગલસૂત્ર.

सैकतेष्ट न० આદુ.

सैकतेष्ट त्रि० રેતાળ પ્રદેશ જેને પ્રિય હોય તે.

सैतवाहिनी स्त्री० બાહુદા નદી.

सैद्धान्तिक त्रि० સિદ્ધાંતને જાણનાર.

सैनापत्य न० સેનાપતિપણું, સેનાપતિપદ.

सैनिक पु० મળેલા હાથી-ઘોડા વગેરે, લશ્કરી સિપાઈ.

सैनिक त्रि० સોનાનું, સોનાસંબંધી.

सैन्धव न० સિંધાલૂણ, સૈંધવ.

सैन्धव पु० એક જાતનો ઘોડો, સિંધી ઘોડો.

सैन्धव त्रि० સમુદ્રનું, સમુદ્રસંબંધી, સિંધુ દેશમાં હોનાર-થનાર.

सैन्धवखिल पु० સચ્ચિદાનંદ પરમાત્મા, પરમેશ્વર.

सैन्धवघन पु० સિંધાલૂણનો કુકડો.

सैन्धवी स्त्री० સિંધુ દેશની ઘોડી, સિંધી ઘોડી.

सैन्धी स्त्री० તાડ વગેરેનો રસ.

सैन्य न० મળેલા હાથી-ઘોડા વગેરેનું લશ્કર, સેનાનો સમુદાય, લશ્કરી સમુદાય, સેના.

सैन्य पु० લશ્કરી સિપાઈ, સૈનિક, લશ્કરી હાથી-ઘોડા વગેરે.

सैन्यपति पु० સેનાપતિ.

सैन्याधिप पु० સેનાપતિ.

सैन्याधिपति पु० સેનાપતિ.

सैमन्तिक पु० સિંદૂર.

सैरन्ध्री स्त्री० પારકે ઘેર રહેનારી પોતાને સ્વાધીન એવી કારીગર સ્ત્રી-એક જાતની દાસી.

सैरिक पु० ખેડુત, હળ ખેંચનાર બળદ.

सैरिन्ध्री स्त्री० સૈરન્ધ્રી જુઓ.

सैरिभ पु० પાડો, સ્વર્ગ.

सैरिभी स्त्री० ભેંસ.

सैरीय पु० ઝીંઝોટી વનસ્પતિ.

सैरीयक पु० ઉપરનો અર્થ.

सैरेय पु० ઝીંઝોટી વનસ્પતિ.

सैरेयक पु० ઉપરનો અર્થ.

सैवाल न० શેવાળ.

सैवालक पु० શેવાળ.

सैसक त्रि० સીસાનું, સીસાંસંબંધી.

सो षो ધાતુ જુઓ.

सो स्त्री० પાર્વતી.

सोढ त्रि० સહન કરેલ, ક્ષમા કરેલ, તાઢ-તડકો વગેરે સહન કરનાર, ક્ષમાવાળું.

सोढृ त्रि० સહન કરનાર, ક્ષમા કરનાર, ક્ષમાવાળું.

सोत्कंठ त्रि० ઉત્કંઠાવાળું, આતુર, ઉત્સુક.

सोत्प्रास न० પ્રિય વાક્ય, વક્રોક્તિ.

सोत्प्रास पु० અટ્ટહાસ્ય, મોટેથી હસવું, ખડખડ હસવું.

सोत्प्रास त्रि० અટ્ટહાસ્ય કરનાર, મોટેથી હસનાર, ખડખડ હસનાર.

सोदक त्रि० પાણીવાળું, પાણીસહિત.

सोदय त्रि० ઉદયવાળું, પ્રકટ થયેલ, ઉત્પન્ન થયેલ, વૃદ્ધિવાળું, લાભવાળું, વ્યાજસહિત.

सोदर पु० સગો ભાઇ, એક પેટે જન્મેલ ભાઇ.

सोदरा स्त्री० સગી બહેન, એક પેટે જન્મેલી બહેન.

सोदर्य पु० સગો ભાઇ, એક પેટે જન્મેલ ભાઇ.

सोदर्या स्त्री० સગી બહેન, એક પેટે જન્મેલ બહેન.

सोद्योग त्रि० ઉદ્યોગવાળું, ઉદ્યમવાળું.

सोनह न० લસણ.

सोन्माद त्रि० ગાંડું, પાગલ, ઉન્માદ રોગવાળું, ચિત્તભ્રમવાળું.

सोपप्लव पु० ગ્રહણથી ઘેરાયેલ ચંદ્ર કે સૂર્ય.

सोपप्लव त्रि० ઉપદ્રવવાળું, ઉપદ્રવસહિત.

सोपधि त्रि० કપટી, ઠગ, ધૂતારૂં, શઠ.

सोपधि क्रियावि० अव्य० કપટથી, શઠતાથી, લુચ્ચાઇપૂર્વક.

सोपाधि त्रि० ઉપાધિવાળું, સામેથી લાભની આશાએ કરેલ દાન વગેરે.

सोपाधिक त्रि० ઉપરના અર્થ.

सोपान न० પગથીયું.

सोभाञ्जन पु० સરગવાનું ઝાડ.

सोम पु० ચંદ્ર, કપૂર, કુબેર, યમ, વાયુ, તે નામે એક વસુ, પાણી, સોમલતા ઔષધિ, વાનર, સોમરસ, અમૃત, કિરણ, શિવ, વાનરોનો રાજા, સુગ્રીવ, તે નામે એક યાગ.

सोम न० ચોખાનું પાણી, આકાશ.

सोमगर्भ पु० વિષ્ણુ.

सोमज न० દુધ.

सोमज पु० ચંદ્રનો પુત્ર બુધ.

सोमज त्रि० ચંદ્રથી ઉત્પન્ન થયેલ.

सोमतनय पु० બુધ ગ્રહ.

सोमतनया स्त्री० નર્મદા નદી.

सोमतनुज पु० બુધ ગ્રહ.

सोमतनूज पु० બુધ ગ્રહ.

सोमतनूजा स्त्री० નર્મદા નદી.

सोमतीर्थ न० પ્રભાસ તીર્થ.

सोमधारा स्त्री० આકાશ.

सोमप पु० યજ્ઞમાં સોમરસ પીનાર.

सोमप पु० बहु० તે નામે એક પિતૃગણ.

सोमपत्र पु० એક જાતનું ઘાસ.

सोमपा पु० યજ્ઞમાં સોમરસ પીનાર.

सोमपा पु० बहु० તે નામે એક પિતૃગણ.

सोमपान न० યજ્ઞમાં સોમરસ પીવો તે.

सोमपायिन् पु० યજ્ઞમાં સોમરસ પીનાર.

सोमपीतिन् पु० ઉપરનો અર્થ.

सोमपीथिन् पु० सोमपायिन् જુઓ.

सोमपीवन् पु० सोमपायिन् જુઓ.

सोमपुत्र पु० બુધ ગ્રહ.

सोमपुत्री स्त्री० નર્મદા નદી.

सोमबन्धु पु० સૂર્ય, આકડાનું ઝાડ, ચંદ્રનો પુત્ર બુધ.

सोमबन्धु न० રાત્રિવિકાશી કમળ–પોયણું.

सोमभू पु० ચંદ્રનો પુત્ર બુધ, ચંદ્રવંશી ક્ષત્રિય, તે નામે એક જિનદેવ.

सोमभू त्रि० ચંદ્રથી હોનાર–થનાર.

सोमयाग पु० ત્રણ વર્ષથી સાધ્ય તે નામે એક યાગ.

सोमयाजिन् पु० સોમયાગ કરનાર.

सोमयोनि न० એક જાતનું ચંદન.

सोमराजिका स्त्री० એક જાતની ઔષધિ–બાવચી.

सोमराजिन् पु० ઉપરનો અર્થ.

सोमराजी स्त्री० सोमराजिका જુઓ.

सोमलता पु० તે નામે એક વેલો.

सोमलतिका स्त्री० સોમલતા, ગળો.

सोमवंश पु० ચંદ્રવંશ, ચંદ્રવંશી ક્ષત્રિય.

सोमवंशविभूषण त्रि० ચંદ્રવંશમાં અલંકારરૂપ, ચંદ્રવંશને શોભાવનાર.

सोमवत् त्रि० સોમરસવાળું, ચંદ્રવાળું.

सोमवल्क पु० રીઠાકરંજ વૃક્ષ, ધોળો ખેર, કાયફળ.

सोमवल्लिका स्त्री० सोमलतिका જુઓ.

सोमवल्ली स्त्री० सोमलतिका જુઓ.

सोमवामिन् पु० ખૂબ સોમરસ પીવાથી મુખેથી સોમરસ ઓકી કાઢનાર.

सोमवार पु० સોમવાર.

सोमवासर पु० સોમવાર.

सोमविक्रय पु० સોમવલ્લી વેચવી તે.

सोमविक्रयिन् पु० સોમવલ્લી વેચનાર.

सोमवृक्ष पु० કાયફળનું ઝાડ, ધોળા ખેરનું ઝાડ.

सोमसंज्ञ न० કપૂર.

सोमसार पु० ધોળા ખેરનું ઝાડ.

सोमसिद्धान्त पु० જ્યોતિષનો એક સિદ્ધાંત ગ્રંથ.

सोमसिन्धु पु० વિષ્ણુ.

सोमसुत् पु० યજ્ઞ માટે સોમવલ્લીનો રસ કાઢનાર.

सोमसुत पु० બુધ ગ્રહ.

सोमसुता स्त्री० નર્મદા નદી.

सोमसुत्वन् पु० સોમરસ કાઢનાર.

सोमसूत्र न० અગાસી વગેરેમાંથી પાણી નીકળવાનો નળ પરણાળ વગેરે, પાણીને નીકળવાનું સ્થળ.

सोमसूनु पु० બુધ ગ્રહ.

सोमसूनू स्त्री० નર્મદા નદી.

सोमाख्य न० લાલ કમળ.

सोमाल पु० કોમળ સ્પર્શ.

सोमाल त्रि० કોમળ સ્પર્શવાળું, સુંવાળું.

सोमोद्भव पु० બુધ ગ્રહ.

सोमोद्भवा स्त्री० નર્મદા નદી.

सोल्लुण्ठ त्रि० પૃથ્વી ઉપર લોટેલ ઘોડો વગેરે, સ્તુતિ કરેલ, વખાણેલ, નિંદેલ.

सोल्लुण्ठ न० સ્તુતિમાંથી નિંદા જણાવતું અને નીંદામાંથી સ્તુતિ જણાવતું વાક્ય.

सोल्लुण्ठन न० ઉપરનો અર્થ.

सोष्यन्तोहोम पु० નજીકમાં પ્રસવનારી ગર્ભિણીના હિત માટે કરવામાં આવતો એક હોમ.

सौकर्य न० અનાયાસસાધ્યતા–સહેલાઈ, સહેલાપણું.

सौकुमार्य न० કોમળતા, કોમળપણું.

सौक्ष्म्य न० સૂક્ષ્મપણું, સૂક્ષ્મતા.

सौखसुप्तिक त्रि० પ્રાતઃકાળે સુખ શયન પૂછનાર ભાટ–ચારણ–સ્તુતિપાઠક વગેરે.

सौखिक त्रि० સુખ ઇચ્છનાર.

सौख्य न० સુખપણું, સુખ.

सौगत पु० બુદ્ધ દેવ.

सौगत त्रि० બુદ્ધનું, બુદ્ધસંબંધી, બુદ્ધ મતનાં શાસ્ત્ર ભણનાર.

सौगन्ध न० એક જાતનું ઘાસ–રામ કપૂર.

सौगन्धिक न० સુગંધી કમળ, એક જાતનું કમળ.

सौगन्धिक पु० સુગંધીદાર અત્તર વગેરે.

सौगन्धिक त्रि० સુગંધદાર, ખુશબોદાર.

सौगन्ध्य न० સુગંધપણું, સુગંધ, ખુશબો.

सौचि पु० દરજી.

सौचिक त्रि० સીવનાર દરજી.

सौजन्य न० સુજનપણું, સદ્વ્યવહાર.

सौण्डी स्त्री० ગજપીપર.

सौत्र पु० સૂત્રપઠિત ધાતુ, બ્રાહ્મણ.

सौत्र त्रि० સૂત્રનું, સૂત્રસંબંધી.

सौत्रामणी स्त्री० ઈન્દ્ર જેનો દેવ છે તેવી એક ઇષ્ટિ.

सौदामनी स्त्री० વીજળી, તે નામે એક અપ્સરા, ઐરાવત હાથીની પત્ની એક હાથણી.

सौदाम्नी स्त्री० ઐરાવત હાથીની પત્ની એક હાથણી.

सौदायिक न० પોતાના પતિ પાસેથી અથવા માતા પિતા પાસેથી મળેલું સ્ત્રીનું ધન.

सौदास पु० સૂર્યવંશી કલ્માષપાદ રાજા.

सौध पु० न० મહેલ, એક જાતનો રાજ-મહેલ.

सौध न० રૂપું.

सौध पु० દૂધીયો પત્થર.

सौध त्रि० અમૃતનું, અમૃતસંબંધી, કળી ચૂનાનું, કળી ચૂનાસંબંધી

सौधर्म पु० જૈનાગમપ્રસિદ્ધ એક દેવ લોક.

सौधर्मज पु० સૌધર્મ દેવલોકના દેવ.

सौन त्रि० વધસ્થળનું, વધસ્થળસંબંધી.

सौनन्द न० બળદેવનું મુસળ.

सौनन्दिन् पु० બળદેવ.

सौनिक पु० કસાઈ, ખાટકી, માંસ વેચી જીવનાર.

सौंदर्य न० સુંદરતા, ખુબસુરતી.

सौपर्ण न० મરકતમણિ. સુંઠ, મહાભારતનું એક પેટાપર્વ.

सौपर्ण त्रि० ગરૂડનું, ગરૂડસંબંધી.

सौपर्णी स्त्री० પાતાલગારૂડીનો વેલો.

सौपर्णेय पु० ગરૂડ.

सौपर्णेय न० ગાયત્રી વગેરે છંદ.

सौप्तिक न० રાત્રિયુદ્ધ, મહાભારતનું એક પર્વ.

सौभ न० ઇચ્છાનુસાર ફરનાર એક શહેર, હરિશ્ચંદ્ર રાજાનું નગર.

सौभ पु० તે નામે એક રાજા.

सौभद्र पु० સુભદ્રાનો પુત્ર અભિમન્યુ, બહે-ડાંનું ઝાડ.

सौभद्रेय पु० સુભદ્રાનો પુત્ર અભિમન્યુ.

सौभरि पु० તે નામે એક મુનિ.

सौभागिनेय પુ૦ સુભગા–પતિની માનીતી સ્ત્રીનો પુત્ર, નશીબદાર સ્ત્રીનો પુત્ર.

सौभाग्य ન૦ પતિને પ્રિયપણું, સિંદૂર, ટંકણખાર, નશીબદારપણું.

सौभाग्यचिन्तामणि પુ૦ તે નામે એક ઔષધ.

सोभाञ्जन પુ૦ સરગવાનું ઝાડ

सौभिक પુ૦ ઇન્દ્રજાળ જાણનાર, જાદુગર.

सौमनस्य ન૦ પ્રશસ્ત ચિત્તપણું, પ્રસન્ન મનપણું, મનની પ્રસન્નતા, શ્રાદ્ધમાં આપેલા પુષ્પની મનને પ્રસન્ન કરવામાં સાધનતા.

सौमनस्यायनी સ્ત્રી૦ માલતી, માલતીની કળી.

सौमिक ત્રિ૦ સોમરસસંબંધી, ચંદ્રનું, ચંદ્રસંબંધી.

सौमिकी સ્ત્રી૦ સોમયાગ માટે દીક્ષા આપવા યોગ્ય એક ઇષ્ટિ.

सौमित्र પુ૦ સુમિત્રાનો પુત્ર–લક્ષ્મણ.

सौमित्रि પુ૦ ઉપરનો અર્થ.

सौमेचक ન૦ સોનું.

सौमेधिक ત્રિ૦ સિદ્ધિવાળું, સુંદર બુદ્ધિવાળું.

सौम्य ત્રિ૦ ચંદ્ર જેનો દેવ છે તેવું હવિષ વગેરે, ચંદ્રનું, ચંદ્રસંબંધી, મનોહર, સુંદર નહિ તે, શાંત, પ્રિય દર્શનવાળું. પ્રકાશમાન, તેજસ્વી.

सौम्य પુ૦ બુધ ગ્રહ, ઉંબરાનું ઝાડ, સોમરસનું પાન કરનાર બ્રાહ્મણ, તે નામે એક બેટ, તે નામે એક વ્રત, વૃષભ વગેરે સમરાશિ, જ્યોતિષપ્રસિદ્ધ હરકોઇ શુભ ગ્રહ.

सौम्यकृच्छ्र પુ૦ ચંદ્ર જેનો દેવ છે તેવું એક કષ્ટસાધ્ય વ્રત.

सौम्यगन्ध પુ૦ સુંદર ગંધ, સુગંધ.

सौम्यगन्धिन् ત્રિ૦ સુંદર ગંધવાળું, સુંગધદાર.

सौम्यगन्धी સ્ત્રી૦ શતપત્રી વનસ્પતિ.

सौम्यग्रह પુ૦ જ્યોતિષમાં કહેલ પૂર્ણ ચંદ્ર વગેરે શુભ ગ્રહ.

सौम्यधातु પુ૦ શરીરમાં રહેલી કફ ધાતુ.

सौम्या સ્ત્રી૦ દુર્ગા દેવી, મહેન્દ્રવારૂણી વનસ્પતિ, રૂદ્રજટા વનસ્પતિ, માલકાંકણી વનસ્પતિ, મહિષવલ્લી વનસ્પતિ, ચણોઠી, શાલપાન વનસ્પતિ, બ્રાહ્મી વનસ્પતિ, કચૂરો વનસ્પતિ, મોગરો, મૃગશીર નક્ષત્રની ઉપર રહેલ પાંચ તારાઓ.

सौर પુ૦ સૂર્યનો પુત્ર શનૈશ્ચર, ઉંબરાનું ઝાડ, સૂર્યનો ઉપાસક, યમદેવ, સૂર્યપુત્ર કર્ણ, સુગ્રીવ વાનર.

सौर ત્રિ૦ સૂર્ય જેનો દેવ છે તેવું હવિષ વગેરે, સૂર્યગતિસાધ્ય દિવસ–માસ વગેરે.

सौरज પુ૦ તુંબુરૂ વૃક્ષ.

सौरभ ન૦ સારો ગંધ, સુગંધ, ખુશબો, કેસર, બોલ વનસ્પતિ.

सौरभेय પુ૦ બળદ.

सौरभेयी સ્ત્રી૦ ગાય.

सौरभ्य ન૦ સુગંધ, ખુશબો, યશ, કીર્તિ.

सौरभ्य પુ૦ કુબેર.

सौरसेय પુ૦ કાર્તિકસ્વામી.

सौराष्ट्र પુ૦ સોરઠ દેશ–કાઠિઆવાડ, કુન્દુરક વૃક્ષ.

सौराष्ट्र ત્રિ૦ સોરઠ દેશમાં હોનાર–થનાર–કાઠિયાવાડી.

सौराष्ट्र ન૦ કાંસું.

सौराष्ट्रक ન૦ એક જાતની ધાતુ.

सौराष्ट्रा સ્ત્રી૦ તુવેર.

सौराष्ट्रिक ન૦ એક જાતનું ઝેર.

सौराष्ट्रिका સ્ત્રી૦ ખાખરાનું ઝાડ.

सौराष्ट्री स्त्री० સુગંધદાર સોરઠી એક જાતની માટી.

सौरि पु० શનૈશ્ચર ગ્રહ, યમ, કર્ણ, સુગ્રીવ વાનર, અસન વૃક્ષ, આદિત્યભક્તા વનસ્પતિ.

सौरिक पु० શનૈશ્ચર ગ્રહ, સ્વર્ગ.

सौरिरत्न न० નીલમણિ.

सौल्किकेय पु० વચ્છનાગ.

सौल्विक पु० કંસારો.

सौव त्रि० પોતાનું, પોતાસંબંધી, આત્માનું, આત્માસંબંધી, સ્વર્ગનું, સ્વર્ગસંબંધી.

सौवग्रामिक त्रि० પોતાના ગામમાં હોનાર-થનાર પદાર્થ વગેરે.

सौवर्चल न० કાળું મીઠું-સંચળ.

सौवर्ण त्रि० સોનાનું, સોનાસંબંધી.

सौवर्णभेदिनी स्त्री० પ્રિયંગુ વૃક્ષ.

सौवस्तिक पु० પુરોહિત, ગોર.

सौविद पु० અંતઃપુરનો રક્ષક-નાંજર વગેરે.

सौविदल्ल पु० ઉપરનો અર્થ.

सौविदल्लक पु० सौविद જુઓ.

सौवीर न० સુવીર દેશમાં થનારૂં અંજન-સુરમો, બોરડીનું ફળ, બોર.

सौवीर पु० બોરડીનું ઝાડ-બોરડી.

सौवीरसार पु० न० એક જાતનું અંજન-સુરમો.

सौवीराञ्जन न० ઉપરનો અર્થ, એક જાતની કાંજી.

सौष्ठव न० અતિશયપણું, સારાપણું, સુંદરતા.

सौहार्द न० સ્નેહ, મિત્રતા, પ્રીતિ.

सौहित्य न० તૃપ્તિ.

सौहृद न० મિત્રતા, બંધુતા, સ્નેહ, પ્રીતિ. બંધુતા.

स्कन्द् चु० उभ० स० सेट् એકઠું કરવું, એકત્ર કરવું, કુદવું, ઉંચે જવું, ફાટવું, ફાટી નીકળવું, પડવું, ટપકવું, નાશ થવો, अव + ઘેરો ઘાલવો, ચઢાઇ કરવી, હુમલો કરવો, आ+ આસપાસ કૂદવું, ધસવું, परि + ઓળંગવું.

स्कन्द् भ्वा० आ० सेट् કુદવું, अ० ઉદ્ધાર કરવો, ઉંચકવું, ઉપાડવું, રેડવું स०

स्कन्दृ भ्वा० प० स० अनिट् જવું, સોસાવું, સુકાવું.

स्कन्द पु० કાતિંક સ્વામી. શરીર, રાજા, પારદ-પારો, તે નામે એક બાલગ્રહ.

स्कन्दकुमार पु० કાર્તિક સ્વામી.

स्कन्दन न० રેચ, જુલાબ, ખરવું, ઝરવું, ટપકવું, જવું, સોસાવું, સુકાવું, સુકવવું.

स्कन्दांशक पु० પારદ, પારો.

स्कन्ध पु० ખાંધ, ખભો, વૃક્ષનું થડ, રાજા, યુદ્ધ, કાયા, શરીર, સમૂહ, તે નામે એક છંદ, બૌદ્ધોએ માનેલ વિજ્ઞાન વગેરે પાંચ સ્કંધ, માર્ગ, રસ્તો, ગ્રંથ વગેરેનો પરિચ્છેદ-ભાગ, વ્યૂહ, ડાહ્યો માણસ, શિક્ષક.

स्कन्धचाप पु० ભાર વગેરે ઉંચકનારી ખાંધ ઉપર રહેનારી વાંસની કામઠી-જેમાં સીકું બાંધેલું હોય છે તે ખાંધે રહેનારી વાંસની લાકડી.

स्कन्धज पु० ઝાડના થડમાંથી થનારી ડાળી વગેરે.

स्कन्धतरु पु० નાળીએરનું ઝાડ.

स्कन्धदेश पु० ખાંધ, ખભો.

स्कन्धफल पु० નાળીએરનું ઝાડ, ઉંબરાનું ઝાડ.

स्कन्धवन्धना स्त्री० मधुरिका જુઓ.

स्कन्धमल्लक पु० કંક પક્ષી.

स्कन्धरुह पु० વડનું ઝાડ.

स्कन्धवाह प० ખાંધ ઉપર ગાડું વગેરે વહેનાર બળદ વગેરે.

स्कन्धवाहक पु० ઉપરનો અર્થ.

स्कन्धवाह्य त्रि० ખાંધ ઉપર ઉંચકવા લાયક કાવડ વગેરે.

स्कन्धशाखा स्त्री० ઝાડની મુખ્ય ડાળી.

स्कन्धशृङ्ग पु० પાડો.

स्कन्धशृङ्गी स्त्री० ભેંસ.

स्कन्धाग्नि पु० ઝાડના થડનો અગ્નિ.

स्कन्धावार पु० યુદ્ધ માટે સજ્જ એવાં સૈન્યોનો એક સ્થળે પડાવ–છાવણી, સૈન્ય, લશ્કર, રાજધાની.

स्कन्धिक पु० स्कन्धवाह જુઓ.

स्कन्धिन् पु० स्कन्धवाह જુઓ, ઝાડ.

स्कन्धोपनेय त्रि० ખાંધ ઉપર લઇ જવા યોગ્ય.

स्कन्न त्रि० ચવેલ, ખરેલ, ઝરેલ, ટપકેલ, ગળેલ, સુકાયેલ, ગળેલ.

स्कन्न न० ઝરવું, ખરવું, ટપકવું, ગળવું.

स्कन्भ् क्र्या० उभ० स० सेट् રોકવું, અટકાવવું, સામેથી ઘાત કરવો.

स्कन्भ् स्वा० उभ० स० सेट् ઉપરના અર્થ.

स्कम्भ् भ्वा० आ० स० सेट् થંભાવવું, રોકવું, અટકાવવું, ઉત્પન્ન કરવું.

स्कु क्र्या० उभ० स० सेट् ઉદ્ધાર કરવો, બહાર કાઢવું, ઉંચે લેવું, બોળવું, ઝબોળવું, ઢાંકવું, કુદવું, જવું.

स्कु स्वा० उभ० स० सेट् ઉપરના અર્થ.

स्कुन्द् भ्वा० आ० स० सेट् स्कु જુઓ.

स्कुन्भ् सौ० प० स० सेट् રોકવું, અટકાવવું.

स्कुन्भ् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

स्कुन्भ् स्वा० प० स० सेट् રોકવું, અટકાવવું.

स्खद् दिवा० आ० स० सेट् ફાડવું, ચીરવું.

स्खल् भ्वा० प० स० सेट् ચાલવું, ખસવું, ચળવું, ખરવું, ટપકવું, ભૂલ કરવી, અડકમ થવું, અટકવું, ઠોકર ખાવી, પ્રમાદ કરવો.

स्खलत् त्रि० ચાલતું, ખસતું, ખરતું, ટપકતું.

स्खलन न० અટકવું, ઠોકર ખાવી, ચળવું, પડવું, ભૂલ, પ્રમાદ, બોલતાં અટકવું.

स्खलित त्रि० અટકેલ, ઠોકર ખાધેલ, ચળેલ, પડેલ, ભૂલ કરેલ, પ્રમાદ કરેલ, બોલતાં અટકેલ.

स्तक् ष्टक् ધાતુ જુઓ.

स्तग् ष्टग् ધાતુ જુઓ.

स्तन् चु० उभ० स० सेट् મેઘનો અવાજ થવો, શબ્દ કરવો.

स्तन पु० સ્ત્રીનો સ્તન, થાન.

स्तनत् त्रि० મેઘનો અવાજ કરતું, શબ્દ કરતું.

स्तनन न० મેઘનો અવાજ, હરકોઈ શબ્દ–અવાજ.

स्तनन्धय पु० ધાવણો બાલક.

स्तनन्धयी स्त्री० ધાવણી બાલકી.

स्तनप पु० ધાવણો બાળક.

स्तनपा स्त्री० ધાવણી બાળકી.

स्तनभर पु० સ્તનનો ભાર, મોટા સ્તન.

स्तनमुख न० સ્તનનું દીટું.

स्तनयित्नु पु० મેઘ, મોથ.

स्तनवृन्त पु० સ્તનનું દીટું.

स्तनशिखा स्त्री० સ્તનનું દીટું.

स्तनाग्र न० સ્તનનો અગ્રભાગ–સ્તનનું દીટું.

स्तनान्तर न० બે સ્તનની વચ્ચેનો ભાગ, હૃદય.

स्तनाभोग पु० સ્તનની પરિપૂર્ણતા, સ્તનનો વિસ્તાર.

स्तनित न० મેઘની ગર્જના, મૈથુનનો શબ્દ.

स्तनित त्रि० શબ્દ કરેલ, ગર્જના કરેલ, અવાજ કરેલ.

स्तनित पु० જૈનમતે એક દેવજાતિ.

स्तनितकुमार पु० ઉપરનો અર્થ.

स्तनितफल पु० વિકંકત વૃક્ષ.

स्तन्भ् क्र्या० प० स० सेट् રોકવું, અટકાવવું, થંભાવવું.

स्तन्भ् स्वा० प० स० सेट् ઉપરના અર્થ.

स्तन्य न० ધાવણ, સ્તનનું દૂધ.

स्तबक पु० ગુચ્છો.

स्तब्ध त्रि० સ્તબ્ધ થયેલ, થંભેલ, જડ કરેલ, જડ થયેલ, થંભેલ, અટકેલ, અટકાયેલ, રોકેલ.

स्तब्धरोमन् पु० ભુંડ, ડુક્કર.

स्तब्धीकरण न० સ્તબ્ધ કરવું, રોકવું, અટકાવવું.

स्तब्धीकृत त्रि० સ્તબ્ધ થયેલ, રોકેલ, અટકાવેલ.

स्तब्धीभवन न० અટકવું, રોકાવું, થંભી જવું.

स्तब्धीभूत त्रि० સ્તબ્ધ થયેલ, રોકાયેલ, અટકેલ.

स्तभ पु० બકરો ઘેંટો.

स्तभी स्त्री० બકરી, ઘેંટી.

स्तम्ब पु० થુંબડું, ઘાસનો ગુચ્છો, ઝાડનું મૂળ, ઝીંઝોટી વગેરે વૃક્ષ.

स्तम्बकरि पु० વ્રીહિ ધાન્ય–ડાંગેર.

स्तम्बकार त्रि० ગુચ્છો કરનાર.

स्तम्बघन पु० થુંબડું ઉખેડવાનું કોદાળી વગેરે ઓજાર.

स्तम्बघ्न त्रि० ઉપરનો અર્થ.

स्तम्बहनन न० स्तम्बघन જુઓ.

स्तम्बपुर् स्त्री० તામ્રલિપ્ત શહેર.

स्तम्बेरम पु० હાથી.

स्तम्बेरमी स्त्री० હાથણી.

स्तम्भ् ष्टम्भ् ધાતુ જુઓ.

स्तम्भ पु० થાંભલો, જડપણું, જડ થવું.

स्तम्भन पु० કામદેવનું એક બાણ.

स्तम्भन न० થંભાવવું, જડ કરવું, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક અભિચાર–કર્મ.

स्तम्भित त्रि० થંભેલ, જડ કરાયેલ.

स्तर पु० આચ્છાદન, બીછાનુ, પથારી, થર.

स्तरिमन् पु० આચ્છાદન, બીછાનું.

स्तरी स्त्री० ધુમાડો.

स्तव पु० પ્રશંસા, સ્તુતિ, વખાણ.

स्तवक पु० ગુચ્છો, ગ્રંથનો અમુક ભાગ, સમૂહ.

स्तवरक पु० વાડ.

स्तवेय्य पु० ઈન્દ્ર.

स्तावक त्रि० સ્તુતિ કરનાર, પ્રશંસા કરનાર, વખાણનાર.

स्तिघ् ष्टिघ् જુઓ.

स्तिप् ष्टिप् જુઓ.

स्तिम् ष्टिम् જુઓ.

स्तिमित न० આર્દ્રતા, ભીનાશ, સ્થિરપણું, સ્થિરતા.

स्तिमित त्रि० ભીનું, અચંચળ, સ્થિર.

स्तिम्भि पु० વાયુ, સમુદ્ર.

स्तीम् ष्टीम् ધાતુ જુઓ.

स्तीर्वि पु० આકાશ, લોહી, એક જાતનું ઘાસ, અધ્વર્યુ–યાજ્ઞિક એક ગોર, પાણી, શત્રુ.

स्तु ष्टु ધાતુ જુઓ.

स्तुच् ष्टुच् ધાતુ જુઓ.

स्तुत त्रि० સ્તુતિ કરેલ, વખાણેલ.

स्तुत न० સ્તુતિકર્મ, પ્રશંસા.

स्तुति स्त्री० સ્તુતિ, પ્રશંસા, વખાણ.

स्तुतिपाठक पु० સ્તુતિ ભણનાર, રાજાની સ્તુતિ કરનાર, ભાટ–ચારણ વગેરે.

स्तुन्भ् क्र्या० प० स० सेट् રોકવું, અટકાવવું.

स्तुन्भ् स्वा० प० स० सेट् ઉપરના અર્થ.

स्तुतिव्रत पु० स्तुतिपाठक જુઓ.

स्तुत्य त्रि० સ્તુતિ કરવા લાયક, વખાણવા લાયક, પ્રશંસાને યોગ્ય.

स्तुत्यर्थवाद पु० એક પ્રકારનો અર્થવાદ, એક જાતનું સ્તુતિવાક્ય.

स्तुनक पु० બકરો.

स्तुनकी स्त्री० બકરી.

स्तुभ पु० બકરો.

स्तुभी स्त्री० બકરી.

स्तूप् ष्टूप् જુઓ.

स्तूप पु० ઢગલો કરેલ માટી વગેરે, કોઈ દેવ–દેવી–ગુરૂ વગેરેનાં પગલાં, સમૂહ, બળ, નિષ્પ્રયોજન.

स्तृ स्वादि० उभ० स० अनिट् વિસ્તારવું, પાથરવું, ઢાંકવું, सम् + સારી રીતે ઢાંકવું, છાઈ દેવું, वि + વિસ્તાર કરવો, પાથરવું, परि + ચોતરફથી ઢાંકવું, પાથરવું, ગોઠવવું, आ + છાઈ દેવું, પાથરવું, अव + ઢાંકવું, પૂરવું.

स्तृ स्वा० प० अनिट् પ્રીતિ કરવી अ० રક્ષણ કરવું स०

स्तृक्ष् ष्टृक्ष् ધાતુ જુઓ.

स्तृह् ष्टृह् ધાતુ જુઓ.

स्तॄ क्र्या० उ० स० सेट् આચ્છાદન કરવું, ઢાંકવું.

स्तेन् चुरा० उभ० स० सेट् ચોરી કરવી.

स्तेन न० ચોરી.

स्तेन पु० ચોર.

स्तेनता स्त्री० ચોરપણું, ચોરી.

स्तेनत्व न० ઉપરના અર્થ.

स्ते (ष्टे)प् चुरा० उभ० स० सेट् ફેંકવું.

स्तेम पु० ભીનાશ, ભીનાપણું, સ્નેહ.

स्तेय न० ચોરી.

स्तेयिन् त्रि० ચોરી કરનાર, ચોર.

स्तेयिन् पु० સોની.

स्तै ष्टै ધાતુ જુઓ.

स्तैन न० ચોરી.

स्तैन्य न० ચોરી.

स्तैन्य त्रि० ચોર, ચોરી કરનાર.

स्तैमित्य न० જડપણું, સ્નેહ, ભીનાશ.

स्तोक पु० ચાતક પક્ષી–બપૈયો, પાણીનું ટીપું.

स्तोक त्रि० થોડું, લગાર, જરા.

स्तोकक पु० ચાતક પક્ષી–બપૈયો.

स्तोककाय त्रि० નીચું, વામન, ઠીંગણું, નાના શરીરવાળું, નાજુક.

स्तोककी स्त्री० ચાતક પક્ષિણી–બપૈયો–માદા.

स्तोकी स्त्री० ઉપરનો અર્થ.

स्तोतव्य त्रि० સ્તુતિ કરવા લાયક, વખાણવા યોગ્ય.

स्तोतृ त्रि० સ્તુતિ કરનાર, વખાણનાર.

स्तोत्र न० સ્તુતિ, પ્રશંસા, વખાણ, ગુણકથન.

स्तोत्रिय त्रि० સ્તોત્રસાધન ઋચા વગેરે.

स्तोभ पु० ગાયન વગેરેનો આલાપ, હેલના કરવી, થંભાવવું.

स्तोम् चु० उभ० स० सेट् પોતાના ગુણ પ્રકટ કરવા.

स्तोम पु० સમૂહ, યજ્ઞ.

स्तोम न० સ્તુતિ, સ્તોત્ર, પ્રશંસા, એક જાતની સ્તુતિ, મસ્તક, ધન, લોખંડી અગ્રભાગવાળી લાકડી, અનાજ.

स्तोम त्रि० વાંકું, વખાણવા લાયક.

स्त्यान न० સ્નેહ, પ્રેમ, ઘનપણું, ઘનત્વ, સંહતિ, સમૂહ, ઘટ્ટપણું, આળસ, પડઘો, એકઠું કરવું તે.

स्त्यान त्रि० શબ્દ કરનાર, અવાજ કરનાર, એકઠું કરનાર.

स्त्येन पु० ચોર, અસત્ય, જૂઠાણું.

स्त्यै भ्वा० प० अ० अनिट् એકઠું કરવું, જમાવ કરવો, શબ્દ કરવો, અવાજ કરવો.

स्त्री स्त्री० હરકોઇ સ્ત્રી, નારી.

स्त्रीकार्य न० સ્ત્રીનું કામ.

स्त्रीगवी स्त्री० ગાય.

स्त्रीघ्न त्रि० સ્ત્રીનો નાશ કરનાર.

स्त्रीचित्तहारिन् पु० સરગવાનું ઝાડ.

स्त्रीचित्तहारिन् त्रि० સ્ત્રીના મનને હરણ કરનાર.

स्त्रीचिन्ह न० સ્ત્રીનું અસાધારણ ચિન્હ-યોનિ સ્તન વગેરે સ્ત્રીનું લક્ષણ.

स्त्रीचौर पु० કામી પુરૂષ, સ્ત્રીને હરી જનાર પુરૂષ, સ્ત્રીનો ચોર.

स्त्रीजननी स्त्री० સ્ત્રીની માતા.

स्त्रीजित त्रि० સ્ત્રીને વશ થયેલ.

स्त्रीता स्त्री० સ્ત્રીપણું.

स्त्रीत्व न० સ્ત્રીપણું.

स्त्रीधन न० સ્ત્રીનું ધન.

स्त्रीधव पु० પુરૂષ.

स्त्रीधर्म पु० સ્ત્રીનો ધર્મ, સ્ત્રીને અટકાવ આવે છે તે, રજોદર્શન.

स्त्रीधर्मिणी स्त्री० અભડાયલી સ્ત્રી, રજસ્વલા સ્ત્રી.

स्त्रीपण्योपजीविन् पु० ધન લઇ સંભોગ માટે બીજાને પોતાની સ્ત્રી આપીને તેથી મળેલા ધન ઉપર આજીવિકા ચલાવનાર.

स्त्रीपुंधर्म पु० સ્ત્રી અને પુરૂષનો ધર્મ.

स्त्रीपुंस पु० द्विव० સ્ત્રી અને પુરૂષ.

स्त्रीपुंसलक्षणा स्त्री० સ્તન વગેરે સ્ત્રીનાં ચિન્હને તથા દાઢી-મૂછ વગેરે પુરૂષનાં ચિન્હને ધારણ કરનારી સ્ત્રી.

स्त्रीप्रिय पु० આંબાનું ઝાડ.

स्त्रीप्रिय त्रि० સ્ત્રીને પ્રિય હરકોઇ વસ્તુ.

स्त्रीमत् पु० સ્ત્રીવાળો પુરૂષ.

स्त्रीमुखप पु० दोहल જુઓ.

स्त्रीरोग पु० સ્ત્રીનો યોનિરોગ વગેરે રોગ.

स्त्रीलिङ्ग पु० નારી જાતિનો હરકોઇ શબ્દ.

स्त्रीलिङ्ग न० स्त्रीचिन्ह જુઓ.

स्त्रीवश पु० સ્ત્રીને વશ થયેલ.

स्त्रीविधेय पु० સ્ત્રીને વશ થયેલ.

स्त्रीवृत त्रि० સ્ત્રીઓથી વીંટાયલું, સ્ત્રીઓથી ઘેરાયેલ.

स्त्रीसंग्रह न० પરસ્ત્રીહરણ રૂપ એક વિવાદપદ.

स्त्रीसभ न० સ્ત્રીઓની સભા.

स्त्रीसंबंध पु० સ્ત્રી સાથે સંબંધ, સ્ત્રીનો સંબધ કરવો તે.

स्त्रीसंभोग पु० સ્ત્રી ભોગવવી, સ્ત્રી સાથે મૈથુન કરવું તે,

स्त्रीसेवा स्त्री० સ્ત્રીને સેવવી, સ્ત્રી ભોગવવી, સ્ત્રી સાથે મૈથુન કરવું તે.

स्त्रीस्वभाव पु० સ્ત્રીનો સ્વભાવ, અંતઃપુરનો રક્ષક નાંજર.

स्त्रैण न० સ્ત્રીનો સ્વભાવ, સ્ત્રીનો સમૂહ, સ્ત્રીપણું, સ્ત્રીનું સંતાન.

स्त्रैण पु० સ્ત્રીને વશ, સ્ત્રીનો પુત્ર.

स्थ त्रि० સ્થિતિશીલ, રહેનાર.

स्थ पु० સ્થળ, સ્થાન.

स्थग् भ्वा० प० स० सेट् ઢાંકવું, આચ્છાદન કરવું.

स्थग त्रि० ધૂતારૂં, ધૂર્ત.

स्थगन न० ઢાંકવું, આચ્છાદન કરવું.

स्थगित त्रि० ઢાંકેલ, આચ્છાદન કરેલ.

स्थगी स्त्री० તાંબૂલપાત્ર, પાનદાની.

स्थगु न० ખુંધીયાપણાનો રોગ, ખુંધ.

स्थण्डिल न० ચૌટો, ચોક, સપાટ કરેલ પ્રદેશ, યજ્ઞ માટે શુદ્ધ કરેલ સ્થાન, હોમ માટે કુંડના પ્રતિનિધિ તરીકે રેતી વગેરેથી કરવામાં આવતું

મંડળ, માટી વગેરેનો ચોતરો, માટીની ઓટલી વગેરે.

स्थण्डिलशय त्रि० વ્રતને માટે ચૌટામાં કે ચોકમાં સૂનાર.

स्थण्डिलशायिन् त्रि० ઉપરનો અર્થ.

स्थण्डिलेशय पु० વ્રતને માટે ચૌટામાં કે ચોકમાં સૂતાર.

स्थपति पु० કંચુકી, છડીદાર, અંતઃપુરનો રક્ષક નાંજર વગેરે, સુથાર, કારીગર, કુબેર, અધીશ, સ્વામી, શેઠ, બૃહસ્પતિસવ નામે યજ્ઞ કરનાર.

स्थपति त्रि० અત્યંત ઉત્તમ, ઘણુંજ શ્રેષ્ઠ.

स्थपुट त्रि० ઉંચા-નીચું સ્થળ વગેરે.

स्थपुट पु० વિષમ સ્થાનમાં સંચાર કરનાર જીવ.

स्थल् भ्वा० प० स० सेट् સ્થાન કરવું, સ્થિતિ કરવી, સ્થિર રહેવું.

स्थल न० જલશૂન્ય અકૃત્રિમ ભૂપ્રદેશ, સ્થાન, કૃત્રિમ-અકૃત્રિમ હરકોઇ પ્રદેશ, કૃત્રિમ ભૂવિભાગ.

स्थलकन्द पु० એક જાતનો કંદ-અગ્રામ્ય કંદ.

स्थलकमल न० જમીન ઉપર થનારૂં કમળ.

स्थलकुमुद पु० કરવીર વૃક્ષ, કરેણનું ઝાડ.

स्थलचर त्रि० જમીન ઉપર ચાલનાર.

स्थलज त्रि० સ્થળ ઉપર ઉત્પન્ન થનાર.

स्थलपद्म न० સ્થળ ઉપર થયેલ કમળ.

स्थलपद्मिनी स्त्री० સ્થળં કમળનો સમૂહ, સ્થળ કમળનો વેલો.

स्थलमञ्जरी स्त्री० અઘાડો વનસ્પતિ.

स्थलशृङ्गाट पु० ગોખરૂ.

स्थली स्त्री० स्थल જુઓ.

स्थलीदेवता स्त्री० સ્થળનો દેવ.

स्थलेरुहा स्त्री० એક જાતની કુંવાર-ઘીકુંવાર, દગ્ધાવૃક્ષ.

स्थलेशय पु० ભુંડ-ડુક્કર-હરણ વગેરે.

स्थलेशय त्रि० સ્થળ ઉપર સૂનાર, જમીન ઉપર પડી રહેનાર.

स्थवि पु० વણકર, જંગમ, સ્વર્ગ.

स्थविर न० શિલાજિત.

स्थविर त्रि० અચળ, સ્થિર, વૃક્ષ.

स्थविर पु० બ્રહ્મા.

स्थविरा स्त्री० મહાશ્રાવણિકા વનસ્પતિ.

स्थविष्ठ त्रि० અતિશય વૃદ્ધ, ઘણુંજ સ્થૂલ, અત્યંત લઠ્ઠ.

स्थवीयस् त्रि० ઉપરના અર્થ.

स्थाणु पु० શિવ, શાખા વગરનું ઠુંઠ, લાકડું, એક જાતનું હથિઆર.

स्थाणु त्रि० વૃદ્ધ, ઘરડું.

स्थाण्डिल पु० વ્રતને માટે સ્થંડિલ ઉપર શયન કરનાર.

स्थातव्य त्रि० સ્થિતિ કરવા લાયક, રહેવા યોગ્ય, ઉભું રહેવા લાયક.

स्थातृ त्रि० સ્થિતિ કરનાર, ઉભું રહેનાર.

स्थाण्वाश्रम पु० હિમાલયમાં રહેલ શિવનો આશ્રમ.

स्थाण्वीश्वर पु० તે નામે એક શિવલિંગ.

स्थान न० સ્થિતિ, સ્થાન, ઠેકાણું, સ્થળ, સાદૃશ્ય, સમાનતા, અવકાશ, જગ્યા, રહેઠાણ, વસતિ, ગ્રંથસંધિ, પાત્ર, વાસણ, સમીપ, પાસે, વ્યાકરણમાં કહેલ સ્થાન-પ્રસંગ, ક્રમ, નીતિકુશળ પુરૂષોનું વૃદ્ધિ હાનિરહિત સામ્યપણે રહેવું, વ્યાકરણમાં કહેલ કંઠ-તાલુ વગેરે સ્થાન, પવિત્ર મૃત્યુ પછી જીવનું ગતિસ્થાન, સ્થળ, વેદિકા, શહેરમાં ખુલ્લી જગ્યા, નાટકમાં નટ જેનો ભાવ ભજવે છે તે, અંતર, અવાજ, સૂચના, પાત્ર.

स्थानक न० સ્થાન, જગ્યા, ઝાડનો ક્યારો વગેરે.

स्थानच्युत त्रि० સ્થાનથી ભ્રષ્ટ, પદભ્રષ્ટ.

स्थानभ्रष्ट त्रि० ઉપરના અર્થ.

स्थानाध्यक्ष त्रि० સ્થાનની રક્ષા કરનાર.

स्थानिक त्रि० ઉપરનો અર્થ.

स्थानिन् त्रि० સ્થાનવાળું, વ્યાકરણમાં કહેલ આદેશસ્થાની.

स्थानाङ्ग न० જૈનમતે અગીઆર અંગો પૈકી ત્રીજું અંગ.

स्थानीय न० નગર, ગામ, રહેવા લાયક સ્થળ, દેશ.

स्थानीय त्रि० સ્થાન સંબંધી, રહેવા લાયક, વસવા યોગ્ય, સદૃશ, સમાન.

स्थाने अव्य० યોગ્યતા, લાયકી, સત્ય, સાદૃશ્ય, યોગ્ય, કરવું એવા અર્થમાં વપરાય છે.

स्थापक त्रि० સ્થાપનાર, મૂકનાર, નક્કી કરનાર, સ્થિતિસ્થાપક.

स्थापत्य न० સુથારનું કામ, સુથારપણું, કારીગીરી, સુથારનો ધર્મ.

स्थापत्य पु० અંતઃપુરનો રક્ષક કંચુકી-નાંજર વગેરે.

स्थापन न० સ્થાપવું, મૂકવું, આરોપ કરવો, પુંસવન નામે ગર્ભસંસ્કાર, સમાધિ, ચિત્તની એકાગ્રતા, વ્યવસ્થા.

स्थापना स्त्री० ઉપરના અર્થ.

स्थापनी स्त्री० પાઢા વનસ્પતિ.

स्थापनीय त्रि० મૂકવા યોગ્ય, સ્થાપવા યોગ્ય.

स्थापयितव्य त्रि० ઉપરના અર્થ.

स्थामन् न० બળ, સામર્થ્ય.

स्थायिन् त्रि० સ્થિતિ કરનાર, ઉભું રહેનાર, સ્થિર.

स्थायिन् पु० અલંકાર શાસ્ત્રમાં કહેલ રતિ વગેરે રસાનુકૂલ સ્થાયી ભાવ.

स्थायिभाव पु० ઉપરનો અર્થ.

स्थायुक त्रि० સ્થિતિ કરનાર, રહેનાર, સ્થિર.

स्थायुक पु० એક ગામ ઉપર નીમેલો અધિકારી પુરૂષ.

स्थाल न० થાળી, થાળ, અન્ન વગેરે રાખવાનું પાત્ર.

स्थाली स्त्री० અનાજ રાંધવાનું પાત્ર તપેલી વગેરે.

स्थालीपाक पु० ગાયના દૂધ સાથે તપેલીમાં રાંધેલો એક પાક, ચરૂ, તપેલીમાં રાંધવું તે.

स्थालीपुलाक पु० મીમાંસકોએ માનેલો એક ન્યાય-તપેલીમાંના બધા ચોખાની દબાવી જોવાથી જેમ એક ચોખાની કચાશ કે પકવતા જણાય છે તેમ અન્ય સ્થળે જોવું તે.

स्थालीपुलाकन्याय पु० ઉપરનો અર્થ.

स्थालीबिल न० તપેલીનો અંદરનો ભાગ, તપેલીની અંદરનો ખાલી ભાગ.

स्थालीबिलीय त्रि० ચોખા વગેરે હરકોઈ રાંધવા માટે તૈયાર કરેલ અન્ન.

स्थालीवृक्ष पु० પીપળા જેવું એક જાતનું ઝાડ.

स्थावर त्रि० અચંચળ, સ્થિર, હાલે ચાલે નહિ તેવું, એક ઠેકાણેથી બીજે ઠેકાણે ન લઈ જઈ શકાય તેવી ઘર વગેરે મિલ્કત.

स्थावर पु० પર્વત.

स्थावर न० ધનુષની દોરી.

स्थावरादि पु० न० વછનાગ વગેરે સ્થાવર ઝેર.

स्थावरादि त्रि० સ્થાવર વગેરે.

स्थाविर न० વૃદ્ધપણું, ઘડપણ.

स्थासक पु० અલંકાર, ઘરેણું, દાગીનો, કંકુ વગેરેનો થાપો, પાણીનો પરપોટો.

स्थास्नु त्रि० સ્થિતિશીલ, સ્થિર, નિત્ય, નાશવંત નહિ તે.

स्थास्नु पु० ઝાડ.

स्थित त्रि० ઉભું રહેલ, નિશ્ચળ, સ્થિર, પ્રતિજ્ઞાવાળું, સ્થિતિશાળી, અચળ.

स्थितप्रज्ञ त्रि० આત્મજ્ઞાનમાં સ્થિર બુદ્ધિવાળું, આત્મજ્ઞાની, તત્વવેત્તા.

स्थिति स्त्री० મર્યાદા, ઉભા રહેવું, સ્થિર રહેવું, સ્થાન, સ્થળ.

स्थितिमत् त्रि० સ્થિતિવાળું, મર્યાદાવાળું, સ્થિર.

स्थितिस्थापक पु० સ્થિતિમાં સ્થાપનાર–ન્યાયમાં કહેલ એક સંસ્કાર.

स्थिर पु० પર્વત, દેવ, ઝાડ, કાર્તિક સ્વામી, શનિ ગ્રહ, મોક્ષ, બળદ, ધાવડીનું ઝાડ, જ્યોતિષમાં કહેલ વૃષભ–સિંહ–વૃશ્ચિક–કુંભ–એ રાશિ.

स्थिर त्रि० નિશ્ચળ, સ્થિર, કઠણ, મજબૂત.

स्थिरगन्ध पु० ચંપાનું ઝાડ.

स्थिरगन्ध त्रि० સ્થિર ગંધવાળું.

स्थिरगन्धा स्त्री० કેવડો.

स्थिरच्छद पु० ભોજપત્રનુ ઝાડ.

स्थिरच्छाय पु० હરકોઇ ઝાડ, પુષ્કળ છાયાવાળું વડ વગેરે ઝાડ.

स्थिरच्छाय त्रि० સ્થિર છાયાવાળું.

स्थिरजिह्व पु० માછલું.

स्थिरजीवित त्रि० સ્થિર જીવનવાળું, લાંબી આયુષવાળું.

स्थिरजीविता स्त्री० શીમળાનું ઝાડ.

स्थिरतम पु० ઈશ્વર.

स्थिरतम त्रि० અત્યંત સ્થિર, ઘણુંજ સ્થિર.

स्थिरतर त्रि० ઉપરના અર્થ.

स्थिरतर पु० ઈશ્વર.

स्थिरता स्त्री० સ્થિરપણું, નિશ્ચળપણું, અડગપણું.

स्थिरत्व न० ઉપરના અર્થ.

स्थिरदंष्ट्र पु० સર્પ, વરાહ અવતાર ધારણ કરનાર વિષ્ણુ, અવાજ, શબ્દ.

स्थिरदंष्ट्री स्त्री० સાપેણ.

स्थिरपत्र पु० હિન્તાલ વૃક્ષ.

स्थिरपुष्प पु० ચંપાનું ઝાડ, બોલસરીનું ઝાડ.

स्थिरपुष्पिन् पु० તિલક વૃક્ષ.

स्थिरबुद्धि स्त्री० સ્થિર બુદ્ધિ.

स्थिरबुद्धि त्रि० સ્થિર બુદ્ધિવાળું.

स्थिरमति स्त्री० સ્થિર બુદ્ધિ.

स्थिरमति त्रि० સ્થિર બુદ્ધિવાળું.

स्थिरयौवन न० સ્થિર એવું યૌવન.

स्थिरयौवन त्रि० જેનું યૌવન સ્થિર હોય છે તેવી વિદ્યાધર વગેરે દેવજાતિ.

स्थिरयौवन त्रि० સ્થિર યૌવનવાળું.

स्थिररङ्ग त्रि० સ્થિર રંગવાળું.

स्थिररङ्गा स्त्री० ગળી.

स्थिरराग त्रि० સ્થિર રંગવાળું.

स्थिररागा स्त्री० દારૂ હળદર.

स्थिरसाधनक पु० નગોડનું ઝાડ.

स्थिरसार पु० એક જાતનું શાકવૃક્ષ.

स्थिरा स्त्री० શીમળાનું ઝાડ, કાકોલી વનસ્પતિ, શાલપાન વનસ્પતિ, પૃથ્વી.

स्थिराङ्घ्रिप पु० હિન્તાલ વૃક્ષ.

स्थिरायुस् पु० શીમળાનું ઝાડ.

स्थिरायुस् त्रि० સ્થિર આયુષવાળું.

स्थुड् तुदा० प० स० सेट् વરવું, ઢાંકવું, વીંટવું.

स्थूणा स्त्री० ઘરનો થાંભલો, ખીલો, ખૂંટી, લોઢાની પ્રતિમા.

स्थूर पु० બળદ, મનુષ્ય.

स्थूरिन् पु० ભાર ઉંચકનાર બળદ વગેરે.

स्थूल् चु० उभ० अ० सेट् પુષ્ટ થવું, લઠ્ઠ થવું, વધવું, મોટા થવું.

स्थूल त्रि० લઠ્ઠ, જાડું, મોટું, પુષ્ટ, ક્રૂર.

स्थूल न० ઢગલો, સમૂહ.

स्थूल पु० પનસનું ઝાડ.

स्थूलक त्रि० स्थूल त्रि० જુઓ.

स्थूलक पु० એક જાતનું ઘાસ.

स्थूलकङ्गु पु० એક જાતનું ધાન્ય.

स्थूलकण त्रि० મોટા કણવાળું, મોટા દાણાવાળું.

स्थूलकणा स्त्री० મોટું જીરૂં.

स्थूलकण्टक पु० એક જાતનો બાવળ.

स्थूलकण्टकिका स्त्री० શીમળાનું ઝાડ.

स्थूलकण्टा स्त्री० ભોંરીંગણી.

स्थूलकन्द पु० લાલ લસણ, સૂરણ, હસ્તિકંદ.

स्थूलक्ष्वेड पु० બાણ.

स्थूलचञ्चु पु० એક જાતનું શાક.

स्थूलचञ्चु त्रि० મોટી ચાંચવાળું.

स्थूलजीरक पु० એક જાતનું જીરૂં.

स्थूलता स्त्री० સ્થૂલપણું, ઝાડાઇ, મોટાઈ.

स्थूलताल पु० હિંતાલ વૃક્ષ.

स्थूलत्व न० स्थूलता જુઓ.

स्थूलत्वचा स्त्री० કાશ્મરી વનસ્પતિ.

स्थूलदण्ड पु० દેવનલ-એક જાતનું ઘાસ.

स्थूलदर्भ पु० મુંજ ઘાસ.

स्थूलदला स्त्री० એક જાતની કુંવાર.

स्थूलनाल पु० स्थूलदण्ड જુઓ.

स्थूलनास पु० ભુંડ, ડુક્કર.

स्थूलनास त्रि० મોટા નાકવાળું.

स्थूलनासा स्त्री० મોટા-ઝાડા નાકવાળી સ્ત્રી.

स्थूलनासिक पु० ભુંડ, ડુક્કર.

स्थूलनासिक त्रि० મોટા નાકવાળું.

स्थूलनासिका स्त्री० મોટા-ઝાડા નાકવાળી સ્ત્રી.

स्थूलनासिकी स्त्री० ભુંડણી, ડુક્કરી.

स्थूलनासी स्त्री० ઉપરના અર્થ.

स्थूलपट्ट पु० કપાસનું ઝાડ.

स्थूलपट्ट न० જાડું કપડું.

स्थूलपट्टाक पु० કપાસનું ઝાડ.

स्थूलपाद पु० હાથી, શ્લીપદનો રોગ.

स्थूलपादी स्त्री० હાથણી.

स्थूलपुष्प पु० બક વૃક્ષ.

स्थूलपुष्पा स्त्री० પહાડી અપરાજિતા વનસ્પતિ.

स्थूलपुष्पी स्त्री० यवतिक्ता જુઓ.

स्थूलफल पु० શીમળાનું ઝાડ.

स्थूलभद्र पु० જૈનમતે છ શ્રુત કેવલીઓપૈકી છઠ્ઠા શ્રુત કેવલી.

स्थूलभूत न० વેદાંતમાં કહેલ પંચીકરણને પામેલ પૃથ્વી આદિ કોઇ પણ મહાભૂત.

स्थूलमति स्त्री० ઝાડી બુદ્ધિ, તીક્ષ્ણ બુદ્ધિ નહિ તે.

स्थूलमति त्रि० ઝાડી બુદ્ધિવાળું, તીક્ષ્ણ બુદ્ધિ નહિ ધરાવનાર.

स्थूलमरिच न० કક્કોલ વનસ્પતિ.

स्थूलमूल न० એક જાતનો મૂળો.

स्थूललक्ष त्रि० બહુ દાન કરનાર, મોટો દાતા.

स्थूललक्ष्य त्रि० ઉપરનો અર્થ.

स्थूलवर्त्मकृत् पु० બ્રાહ્મણયષ્ટિકા વનસ્પતિ.

स्थूलवल्कल पु० લાલ લોધરનું ઝાડ.

स्थूलवल्कल त्रि० ઝાડી ચામડીવાળું, ઝાડી છાલવાળું.

स्थूलवृक्षफल पु० એક જાતનું ઝાડ.

स्थूलवैदेही स्त्री० ગજપીપર.

स्थूलशाटक पु० ઝાડો સાદલો, ઝાડું કપડું.

स्थूलशाटिका स्त्री० ઉપરના અર્થ.

स्थूलशाटी स्त्री० स्थूलशाटक જુઓ.

स्थूलशालि पु० ઝાડા ચોખા.

स्थूलशीर्षक त्रि० મોટા માથાવાળું.

स्थूलशीर्षिका स्त्री० નાની કીડી, ઝીણી કીડી.

स्थूलषट्पद पु० મોટી એલચી.

स्थूलस्कन्ध पु० લકુચ વૃક્ષ.

स्थूलहस्त न० હાથીની સૂંઢ.

स्थूला स्त्री० મોટી એલચી, ગજપીપર.

स्थूलांश त्रि० મોટા અંશવાળું, મોટા અવયવવાળું.

स्थूलांशा स्त्री० ગંધપત્રા વનસ્પતિ.

स्थूलाम्र पु० એક જાતનો આંબો.

स्थूलास्य पु० સર્પ.

स्थूलास्य त्रि० મોટા મોઢાવાળું, ઝાડા મોઢાવાળું.

स्थूलास्या स्त्री० સાપેણ.

स्थूलैरण्ड पु० મોટા એરંડાનું ઝાડ.

स्थूलैला स्त्री० મોટી એલચી.

स्थूलोच्चय पु० પર્વતનો મોટો પત્થર, પર્વતની નાની ટેકરી, દાંતનું છિદ્ર, **वरण्ड** જુઓ, અસંપૂર્ણ, ન્યૂનતા.

स्थेमन् पु० સ્થિરતા, સ્થિરપણું.

स्थेय पु० વિવાદ, સંશયનો નિર્ણય કરનાર–જ્યૂરી, પંચ, પુરોહિત, ગોર.

स्थेय त्रि० સ્થિર રહેવા લાયક, ઉભા રહેવા લાયક.

स्थेयस् त्रि० અત્યંત સ્થિર.

स्थेष्ठ त्रि० અતિશય સ્થિર.

स्थैर्य न० સ્થિરપણું, સ્થિરતા.

स्थौणेय पु०ગ્રંથિપાર્ણ નામે સુગંધી દ્રવ્ય.

स्थौणेयक पु० ઉપરનો અર્થ.

स्थौरिन् पु० પીઠ ઉપર ભાર ઉપાડવામાં યોગ્ય એવો બળદ.

स्थौल्य न० સ્થૂલપણું, ઝાડાઇ, મોટાઇ.

स्नपन न० પાણી વગેરેથી અભિષેક કરવો, ન્હવડાવવું.

स्नपित त्रि० પાણી વગેરેથી અભિષેક કરેલ, ન્હવાડેલ.

स्नव पु० સ્રવવું, ઝરવું, ખરવું.

स्नस् ष्णस् ધાતુ જુઓ.

स्नसा स्त्री० સ્નાયુ–શરીરના બંધનરૂપ મોટી નાડી.

स्ना ष्णा ધાતુ જુઓ.

स्नात् त्रि० સ્નાન કરતું, ન્હાતું.

स्नात त्रि० ન્હાયેલ, સ્નાન કરેલ.

स्नातक पु० વેદાધ્યયન પછી ગૃહસ્થાશ્રમને માટે સમાવર્તનના અંગરૂપ સ્નાન જેણે કરેલ હોય તેવો એક જાતનો ગૃહસ્થ.

स्नान न० સ્નાન કરવું, ન્હાવું, શુદ્ધ થવું, પવિત્ર થવું, મંત્ર વગેરે દ્વારા આઠ પ્રકારનું સ્નાન.

स्नानगृह न० ન્હાવાનું ઘર.

स्नानतृण न० દર્ભ, દાભ.

स्नानीय त्रि० સ્નાનસાધન, સ્નાનને માટે હિતકારી, ન્હાવામાં ઉપયોગી.

स्नापक त्रि० ન્હવડાવનાર, સ્નાન કરાવનાર.

स्नायु स्त्री० શરીરના બંધનરૂપ નાડી, શરીરમાં રહેલી નસો–નાડીઓ.

स्नायिन् त्रि० ન્હાનાર, સ્નાન કરનાર.

स्नायुरोग पु० શરીરની કોઇનાડીમાં રોગ.

स्नाय्वर्मन् न० એક જાતનો નેત્રનો રોગ.

स्निग्ध त्रि० સ્નેહવાળું, સ્નેહાળ, સ્નેહી, ચીકણું, લીસું, સુંદર, ઘાટું, ગાઢ, ચળકતુ, ભીનું.

स्निग्ध पु० લાલ એરંડો, સરલ વૃક્ષ, મિત્ર.

स्निग्ध न० મધપુડાનું, મીણ, તેજ, પ્રકાશ.

स्निग्धदारु पु० સરલ વૃક્ષ, દેવદારનું ઝાડ.

स्निग्धतण्डुल पु० તુરત ઉગે તેવા ચોખા.

स्निग्धता स्त्री० સ્નેહીપણું, મિત્રતા, દોસ્તી, ચીકાશ, ભીનાશ.

स्निग्धत्व न० ઉપરના અર્થ.

स्निग्धपत्रक पु० એક જાતનું કરંજ વૃક્ષ, એક જાતનું ઘાસ.

स्निग्धपत्रा स्त्री० બોરડીનું ઝાડ, પાલકી વનસ્પતિ, કાશ્મરી વનસ્પતિ.

स्निग्धपिण्डीतक पु० મીંઢળનું ઝાડ, પિંડીતક વૃક્ષ.

स्निग्धफला स्त्री० नाकुली વનસ્પતિ.

स्निह् चु० उभ० स० सेट् સ્નેહ કરવો, પ્રેમ કરવો, ચીકટું કરવું.

स्निह् दिवा० प० स० वेट् ઉપરના અર્થ.

स्नु ष्णु ધાતુ જુઓ.

स्नु पु० પર્વતનો સપાટ ભૂપ્રદેશ, પર્વતનું શિખર, स्नायु જુઓ.

स्नुकछद पु० ક્ષીરકંચુકી વૃક્ષ.

स्नुच् ष्णुच् ધાતુ જુઓ.

स्नुत त्रि० સ્તવેલ, ઝરેલ, ખરેલ, ટપકેલ.

स्नुषा स्त्री० પુત્રની વહુ, થોરનું ઝાડ.

स्नुह् स्त्री० થોરનું ઝાડ.

स्नुहा स्त्री० ગોરનું ઝાડ.

स्नुहि स्त्री० થોરનું ઝાડ.

स्नुही स्त्री० થોરનું ઝાડ.

स्नेह पु० સ્નેહ, પ્રેમ, તેલ વગેરેનો એક જાતનો રસ, ન્યાયમાં કહેલ એક જાતનો ગુણ, ચીકાસ, તેલ ઘી વગેરે દ્રવ્ય.

स्नेहच्छेद पु० સ્નેહનો છેદ, પ્રેમનો નાશ, ચીકાશનો નાશ, તેલ–ઘી વગરેનો નાશ.

स्नेहन् पु० ચંદ્ર, કપૂર, મિત્ર, એક જાતનો ગુણરાગ.

स्नेहन न० તેલ વગેરેનું મર્દન, ચીકણું કરવું, સ્નેહસાધનક્રિયા.

स्नेहन त्रि० સ્નેહનું સાધન.

स्नेहपक्क त्रि० તેલ કે ઘીમાં રાંધેલ.

स्नेहप्रिय पु० દીવો.

स्नेहभू स्त्री० શ્લેષ્મ ધાતુ, સળેખમ, સ્નેહપાત્ર, સ્નેહનું સ્થાન.

स्नेहरङ्ग पु० તલ.

स्नेहवत् पु० મેદા વનસ્પતિ.

स्नेहवत् त्रि० સ્નેહવાળું, પ્રેમાળ, સ્નેહી.

स्नेहवती स्त्री० મેદા વનસ્પતિ.

स्नेहविच्छेद पु० स्नेहच्छेद જુઓ.

स्नेहविद्ध न० દેવદાર.

स्तेहवस्ति स्त्री० તેલ વગેરે ચીકકણુ દ્રવ્યથી ભરેલી પીચકારી.

स्नेहवीज पु० ચારોળીનું ઝાડ.

स्नेहवीज न० સ્નેહનું કારણ.

स्नेहाक्त त्रि० તેલ વગેરે ચીકણા દ્રવ્યથી લેવાયેલ–ખરડાયેલ.

स्नेहाश पु० દીવો.

स्नेहिन् पु० મિત્ર, દોસ્ત, ભાઈબંધ, બંધુ.

स्नेहिन् त्रि० સ્નેહવાળું, પ્રેમાળ.

स्नेहु पु० એક જાતનો રોગ, ચંદ્ર, કપૂર.

स्नै ष्णै ધાતુ જુઓ.

स्पन्द् भ्वा० आ० अ० सेट् લગાર હાલવું, થોડું કંપવું, ધડકવું, ફરકવું.

स्पन्द पु० લગાર હાલવું, થોડું કંપવું, ધડકવું, ફરકવું.

स्पन्दन न० ઉપરના અર્થ.

स्पन्दित त्रि० લગાર હાલેલ, થોડું કંપેલ, ધડકેલ, ફરકેલ.

स्पर्ध् भ्वा० आ० अ० सेट् સ્પર્ધા કરવી, ચડસાચડસી કરવી, બીજાને હરાવવાની ઇચ્છા કરવી, હરિફાઇ કરવી.

स्पर्धा स्त्री० હરીફાઈ, ચડસાચડસી, બીજાને હરાવવાની ઇચ્છા, સમાનતા, ક્રમે ઉન્નતિ.

स्पर्धिन् त्रि० હરીફાઇ કરનાર, ચડસાચડસી કરનાર, બીજાને હરાવવાની ઇચ્છા કરનાર.

स्पर्श् चु० आ० स० सेट् ગ્રહણ કરવું, ચોરી કરવી.

स्पर्श पु० સ્પર્શ કરવો, અડકવું, ત્વચા ઇન્દ્રિયથી ગ્રહણ કરાતો એક ગુણ, ગ્રહણ કરવું, રોગ, યુદ્ધ, ગુપ્તચર-જાસુસ, છુપી પોલીસ, વાયુ, 'ક' થી 'મ' સુધીના સ્પર્શ અક્ષરો, સંભોગ, દાન.

स्पर्श त्रि० ઉપતપ્ત-સંતાપ પામેલ.

स्पर्शतन्मात्र ન૦ સાંખ્યમતપ્રસિદ્ધ વાયુનું ઉપાદાન કારણ એક સૂક્ષ્મ ભૂત.

स्पर्शन ન૦ સ્પર્શ કરવો, ગ્રહણ કરવું, અડકવું, દાન.

स्पर्शन पु० વાયુ.

स्पर्शनीय त्रि० સ્પર્શ કરવા લાયક.

स्पर्शमणि पु० પારસ મણિ.

स्पर्शमणिप्रभव ન૦ સોનું.

स्पर्शलज्जा स्त्री० રીસામણીનો વેલો.

स्पर्शशुद्ध त्रि० સ્પર્શવડે શુદ્ધ.

स्पर्शशुद्धा स्त्री० શતમૂલી વનસ્પતિ.

स्पर्शा स्त्री० કુલટા સ્ત્રી, વ્યભિચારિણી સ્ત્રી.

स्पर्शाज्ञता स्त्री० જેથી ચામડી બહેરી થઈ જાય છે તે એક વાતજન્ય રોગ.

स्पर्शाज्ञत्व ન૦ ઉપરનો અર્થ.

स्पर्ष्टृ त्रि० સંતાપ કરાવનાર, તપાવનાર.

स्पर्ष्टृ पु० રોગ.

स्पश् ભ્વા૦ ઉભ૦ સ૦ સેટ્ અટકાવવું, બાધ કરવો, રોકવું, ગુંથવું.

स्पश पु० દૂત, જાસુસ, છૂપો બાતમીદાર, છુપી પોલીસ, યુદ્ધ.

स्पष्ट त्रि० ખુલ્લું, પ્રકટ.

स्पष्टता स्त्री० ખુલ્લાપણું, પ્રકટપણું.

स्पष्टत्व ન૦ ઉપરના અર્થ.

स्पृष्ट त्रि० સ્પર્શ કરેલ, અડકેલ.

स्पृष्टास्पृष्ट ન૦ પરસ્પર સ્પર્શ કરવો-અડકવું.

स्पृष्टास्पृष्टि ન૦ પરસ્પર સ્પર્શ કરવો-અડકવું.

स्पृष्टि स्त्री० સ્પર્શ, અડકવું તે.

स्पृह् चु० ઉભ૦ સ૦ સેટ્ ઝંખવું, તૃષ્ણા રાખવી, ચાહવું, ઇચ્છવું.

स्पृहणीय त्रि० ઝંખવા લાયક, તૃષ્ણા રાખવા લાયક, ચાહવા લાયક, ઇચ્છવા યોગ્ય, વખાણવા લાયક.

स्पृहा स्त्री० ઇચ્છા, તૃષ્ણા, વાંછા, ચાહના.

स्पृहित त्रि० ચાહેલ, ઇચ્છેલ, ઝંખેલ, તૃષ્ણા રાખેલ.

स्पृह्य पु० બીજોરાનું ઝાડ.

स्पृह्य त्रि० स्पृहणीय જુઓ.

स्फट् ભ્વા૦ અ૦ પ૦ સેટ્ વીખરાઈ જવું, છૂટા થઈ જવું.

स्फट पु० સાપની ફેણ.

स्फटा स्त्री० સાપની ફેણ.

स्फटत् त्रि० વીખરાઇ જતું, છૂટું થઇ જતું.

स्फटि स्त्री० ફટકડી.

स्फटिक पु० સ્ફટિક મણિ, ફટકડી.

स्फटिकगिरि पु० કૈલાસ પર્વત.

स्फटिकपर्वत पु० કૈલાસ પર્વત.

स्फटिका स्त्री० ફટકડી.

स्फटिकाचल पु० કૈલાસ પર્વત.

स्फटिकाद्रि पु० કૈલાસ પર્વત.

स्फटिकाद्रिभिद् पु० કપૂર.

स्कटिकाद्रिभिद पु० કપૂર.

स्फटिकाभ पु० કપૂર.

स्फटिकारि पु० કપૂર.

स्फटी स्त्री० ફટકડી.

स्फटीक पु० સ્ફટિકમણિ, ફટકડી.

स्फटीकगिरि पु० કૈલાસ પર્વત.

स्फटीकपर्वत पु० કૈલાસ પર્વત.

स्फटीका स्त्री० ફટકડી.

स्फटीकाद्रि पु० કૈલાસ પર્વત.

स्फटीकाद्रिभिद् पु० કપૂર.

स्फटीकाद्रिभिद पु० કપૂર.

स्फटीकाभ पु० કપૂર.

स्फटीकारि पु० કપૂર.

स्फण्ड् चु० उभ० स० सेट् હસવું, મશ્કરી કરવી.

स्फर् तुदा० प० अ० सेट् ફરકવું, તરફડવું, ધાલવું, જવું.

स्फरण न० ફરકવું, તરફડવું, સ્ફૂર્તિ, ગમન.

स्फल् स्फर् જુઓ.

स्फाटक न० પાણીનું ટીપું,

स्फाटिक पु० સ્ફટિક મણિ.

स्फाटिक न० સ્ફટિક મણિ, ફટકડી.

स्फाटिकगिरि पु० કૈલાસ પર્વત, સ્ફટિક મણિમય પર્વત.

स्फाटिकपर्वत पु० કૈલાસ પર્વત, સ્ફટિક મણિમય પર્વત.

स्फाटिकाचल पु० કૈલાસ પર્વત, સ્ફટિક મણિમય પર્વત.

स्फाटिकाद्रि पु० ઉપરના અર્થ.

स्फाटिकाद्रि पु० स्फाटिकाचल જુઓ.

स्फाटिकाद्रिभिद् पु० કપૂર.

स्फाटिकाद्रिभिद पु० કપૂર.

स्फाटिकाभ पु० કપૂર,

स्फाटिकारि पु० સ્ફટિક મણિ.

स्फाटिकोपल पु० સ્ફટિક મણિ.

स्फाटीक पु० સ્ફટિક મણિ.

स्फाटीक न० સ્ફટિક મણિ, ફટકડી.

स्फाति स्त्री० વૃદ્ધિ, વધવું.

स्फाय् भ्वा० आ० अ० सेट् વધવું, વૃદ્ધિ પામવી.

स्फार पु० સોનાનો પરપોટો.

स्फार त्रि० મોટું, વિશાળ, વિકટ, પુષ્કળ, ઘણું.

स्फारण न० વિકાસવું, પ્રકાશવું, પ્રકટ થવું.

स्फाल पु० સ્ફૂર્તિ, ધડકવું, ફરકવું, તરફડવું.

स्फिग्घातन पु० કાયફળ.

स्फिग्घातनक पु० કાયફળ.

स्फिच् स्त्री० નિતંબ, કુલ્લો, ઢગરો–કુલાનો એક રોગ, વાતજન્ય એક રોગ.

स्फिज् स्त्री० કુલ્લો, ઢગરો, નિતંબ.

स्फिट् चु० उभ० स० सेट् વરવું, વીંટાવું, અનાદર કરવો, હિંસા કરવી.

स्फिर त्रि० પુષ્કળ, ઘણું, વધેલું.

स्फीत त्रि० વૃદ્ધિ પામેલું, વધેલું, સમૃદ્ધ, સ્થૂલ.

स्फुट् चु० उभ० स० सेट् પ્રફુલ્લ કરવું, વિકાસ કરવો, ભેદવું, ફોડવું.

स्फुट् भ्वा० प० अ० सेट् વિકાસવું, પ્રફુલ્લ થવું, ખીલવું, ભેદ પામવો, ફુટવું.

स्फुट् तु० प० अ० सेट् ઉપરના અર્થ.

स्फुट् भ्वा० आ० अ० सेट् ચીરાઇ જવું, ફાટી જવું, ફુટી જવું.

स्फुट् चु० उभ० स० सेट् હિંસા કરવી.

स्फुट् चु० उभ० स० सेट् ફોડવું, વિકાસ કરવો, પ્રફુલ્લ કરવું.

स्फुट त्रि० પ્રકટ, ખુલ્લું, સ્પષ્ટ, ભેદાયેલ, ચીરાયેલ, ફુટેલ, ધોળું, વિકાસ પામેલ, પ્રફુલ્લ.

स्फुट पु० જ્યોતિષમાં કહેલ મેષ વગેરે રાશિઓમાં અમુક અંશે રહેલ સૂર્ય વગેરે ગ્રહ.

स्फुट न० ઉત્પ્રેક્ષાનું દ્યોતન, ઉત્પ્રેક્ષા પ્રકટ કરવી.

स्फुटत् त्रि० ફુટતું, વિકસતું, ખીલતું, ચીરાતું, પ્રકટ થતું.

स्फुटता स्त्री० પ્રકટપણું, ખુલ્લાપણું, સ્પષ્ટપણું.

स्फुटत्व न० ઉપરના અર્થ.

स्फुटन न० વિકસવું, ખીલવું, ફૂટિ જવું, ચીરાઇ જવું, ભેદ પામવો.

स्फुटबन्धनी स्त्री० कपोतपदी વનસ્પતિ.

स्फुटा स्त्री० સર્પની ફેણ.

स्फुटि स्त्री० પગ ફાટવાનો રોગ, કાકડી.

स्फुटित त्रि० ફુટેલ, વીકસેલ, ચીરાયેલ, ભેદાયેલ, પ્રકટ થયેલ, હાંસી કરેલ.

स्फुटी स्त्री० स्फुटि જુઓ.

स्फुट्ट् चु० उभ० स० सेट् અનાદર કરવો.

स्फुड् तुदा० प० स० सेट् વરવું, સ્વીકારવું, ઢાંકવું, વીંટવું.

स्फुण्ट् चु० उभ० स० सेट् હસવું, હાંસી કરવી, મશ્કરી કરવી.

स्फुण्ड् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

स्फुण्ड् भ्वा० आ० अ० सेट् વીકસવું, ખીલવું, ચીરાવું, ભેદાવું, પ્રકટ થવું.

स्फुत् अव्य० ભડભડ–ફડ ફડ એવો અસ્પષ્ટ અવાજ.

स्फुत्कर पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

स्फुर् तु० प० अ० सेट् ધડકવું, ફરકવું, તરફડવું, સ્ફુરવું.

स्फुर पु० ફલક–પાટીયું, ફળું.

स्फुरण न० સ્ફુરવું, ધડકવું, ફરકવું, તરફડવું, લગાર ફરકવું, થોડું કંપવું.

स्फुरणा स्त्री० ઉપરના અર્થ.

स्फुर्छ् भ्वा० प० स० सेट् વિસ્મરણ થવું, ભૂલી જવું.

स्फुर्ज् भ्वा० प० अ० सेट् વજ્રનો શબ્દ થવો, કડાકો થવો.

स्फुर्जथु पु० વજ્રનો કડાકો, વજ્રનો અવાજ.

स्फुल् तुदा० प० सेट् ફરકવું, ધડકવું, સ્ફુરવું, अ० ચાલવું, જવું, સંચય કરવો स०

स्फुल न० તંબુ, રાવટી.

स्फुल त्रि० સ્ફૂર્તિવાળું.

स्फुलन न० સ્ફૂર્તિ, ફરકવું, ધડકવું, સ્ફુરવું, તરફડવું.

स्फुलिङ्ग पु० અગ્નિકણ, અગ્નિનો તણખો.

स्फुलिङ्गा स्त्री० ઉપરના અર્થ.

स्फुलिङ्गिन् त्रि० અગ્નિના તણખાવાળું.

स्फुलिङ्गिनी स्त्री० અગ્નિની જ્વાળા.

स्फूर्जक पु० તિંદુ વૃક્ષ.

स्फूर्जथु पु० વજ્રપાત શબ્દ, વજ્રનો કડાકો.

स्फूर्ति स्त्री० स्फुरण જુઓ, પ્રતિભા, યાદશક્તિ, યાદદાસ્ત, વિકાસ, ફેલાવ, પ્રકાશ.

स्फूर्तिमत् पु० પાશુપત શૈવભેદ.

स्फूर्तिमत् त्रि० સ્ફૂર્તિવાળું, પ્રકટ, પ્રખ્યાત, વિકાસ પામેલ.

स्फेयस् त्रि० અતિશય ઘણું, પુષ્કળ.

स्फेष्ठ त्रि० ઉપરના અર્થ.

स्फोट पु० પ્રકટપણું, ખુલ્લાપણું, વ્યાકરણપ્રસિદ્ધ અખંડ એક શબ્દભેદ–જે પૂર્વ પૂર્વ અક્ષરના અનુભવસહિત છેલ્લા છેલ્લા અક્ષરના અનુભવથી જણાતા અર્થનું ભાન કરાવે છે, ફોલ્લો, ગુમડું, ફાડવું, ચીરવું.

स्फोटक पु० ઉપરના અર્થ.

स्फोटक त्रि० ચીરનાર, ફાડનાર, ફોડનાર.

स्फोटन न० ફોડવું, ચીરવું, ફાડવું, વિકાસવું, ખીલવું.

स्फोटनी स्त्री० મણિ વીંધવાનું એક યંત્ર.

स्फोटबीजक पु० ભીલામાનું ઝાડ.

स्फोटवीजक पु० ઉપરનો અર્થ.

स्फोटायन पु० એક વ્યાકરણશાસ્ત્રી મુનિ.

स्फोटिका स्त्री० એક જાતનું પક્ષી.

स्फ्य न० તરવારના આકારનું યજ્ઞ માટે એક કાષ્ઠ.

स्फ्याश्लिष्टेज्याधिकरण न० તે નામે એક અધિકરણ.

स्म અવ્ય૦ ભૂત અર્થમાં કે પાદપૂરણમાં વપરાય છે.

स्मय પુ૦ ગર્વ, અભિમાન, અદ્ભુત રસનો સ્થાયિભાવ–રસ.

स्मर પુ૦ કામદેવ, સ્મરણ, યાદદાસ્ત.

स्मरकूपक પુ૦ કામગૃહ–સ્ત્રીની યોનિ.

स्मरकूपिका સ્ત્રી૦ ઉપરનો અર્થ.

स्मरगुरु પુ૦ વિષ્ણુ.

स्मरगृह ન૦ કામગૃહ–સ્ત્રીની યોનિ.

स्मरचक्र ન૦ સ્મરદીપક ગ્રંથમાં કહેલ એક રતિબંધ.

स्मरण ન૦ સ્મૃતિ, યાદદાસ્ત, યાદ કરવું, સંભારવું, ચિંતવવું, વિચારવું, તે નામે એક અર્થાલંકાર.

स्मरणीय ત્રિ૦ સ્મરણ કરવા લાયક, યાદ કરવા લાયક.

स्मरदशा સ્ત્રી૦ કામી સ્ત્રીપુરૂષોની કામદેવે કરેલી દશ અવસ્થાઓ પૈકી કોઈ એક.

स्मरद्विष् પુ૦ શિવ.

स्मरध्वज ન૦ સ્ત્રીનું ચિન્હ–યોનિ.

स्मरध्वज પુ૦ વાદિત્ર.

स्मरप्रिय પુ૦ કામદેવનો પુત્ર અનિરૂદ્ધ.

स्मरप्रिया સ્ત્રી૦ કામદેવની પત્ની રતિ.

स्मरमन्दिर ન૦ સ્ત્રીની યોનિ.

स्मररिपु પુ૦ શિવ.

स्मरमर्दन પુ૦ શિવ.

स्मरलेखनी સ્ત્રી૦ મેના પક્ષી.

स्मरवल्लभ પુ૦ કામદેવનો પુત્ર અનિરૂદ્ધ.

स्मरवल्लभा સ્ત્રી૦ કામદેવની પત્ની રતિ.

स्मरवीथिका સ્ત્રી૦ વેશ્યા સ્ત્રી.

स्मरवृद्धि સ્ત્રી૦ કામદેવની વૃદ્ધિ. તે નામે એક છોડ.

स्मरशत्रु પુ૦ શિવ.

स्मरस्तम्भ પુ૦ પુરૂષનું લિંગ–લોડો.

स्मरस्मर्य પુ૦ ગધેડો.

स्मरहर પુ૦ શિવ.

स्मराकुल ત્રિ૦ કામદેવથી વ્યાકુળ.

स्मराङ्कुश પુ૦ નખ.

स्मरातुर ત્રિ૦ કામદેવથી આતુર.

स्मरान्ध પુ૦ કામદેવથી આંધળું.

स्मराम्र પુ૦ એક જાતનો આંબો.

स्मरासव પુ૦ લાળ.

स्मर्तव्य ત્રિ૦ સ્મરણ કરવા યોગ્ય, યાદ કરવા લાયક.

स्मार्त ત્રિ૦ સ્મૃતિમાં કહેલ દાન વગેરે, સ્મૃતિ શાસ્ત્ર જાણનાર, સ્મૃતિ શાસ્ત્રને અનુસરનાર.

स्मि (ष्मि) ચુ૦ આ૦ સેટ્ અનાદર કરવો સ૦ લગાર હસવું, વિસ્મય પામવો અ૦

स्मि ચુ૦ આ૦ સેટ્ વિસ્મય પામવો અ૦ અનાદર કરવો સ૦

स्मिट् ચુ૦ ઉભ૦ સેટ્ અનાદર કરવો સ૦ સ્નેહ કરવો અ૦

स्मित ન૦ મંદહાસ્ય, લગાર હસવું, મોં મલકાવવું.

स्मित ત્રિ૦ વિકસેલ, પ્રફુલ્લ, મંદ મંદ હસતું, મંદ હાસ્યવાળું.

स्मील् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ નેત્રની પેઠે ઉઘડવું, આંખની પેઠે પલકારા મારવા.

स्मृ ભ્વા૦ પ૦ સ૦ સેટ્ સ્મરણ કરવું, સંભારવું, યાદ કરવું.

स्मृत ત્રિ૦ સ્મરણ કરેલ, સંભારેલ, યાદ કરેલ.

स्मृति સ્ત્રી૦ સ્મરણ, યાદદાસ્ત, મનુ વગેરેએ રચેલ સ્મૃતિગ્રંથ, સંભારવું.

स्मृतिमत् ત્રિ૦ સ્મરણ શક્તિવાળું, યાદદાસ્તવાળું, સંભારતું.

स्मृतिहेतु પુ૦ વાસનારૂપ એક સંસ્કાર–જેથી સ્મરણશક્તિ નીપજે છે.

स्मेर ત્રિ૦ વિકસેલ, પ્રફુલ્લ, મંદ હાસ્યવાળું.

स्मेरमुख त्रि० હસમુખું, મંદ હાસ્ય કરતું, હસતા મ્હોંવાળું.

स्यद पु० વેગ.

स्यन् चु० आ० स० सेट् વિચાર કરવો, વિચારવું.

स्यन्द् भ्वा० आ० अ० वेट् ઝરવું, ખરવું, ટપકવું.

स्यन्द पु० પ્રવાહી વસ્તુનું, ઝરવું, ખરવું, ટપકવું.

स्यन्दन न० ઝરવું, ખરવું, ટપકવું, પાણી.

स्यन्दन पु० રથ, તિનિશવૃક્ષ.

स्यन्दनद्रुम पु० તિનિશ વૃક્ષ.

स्यन्दनारूढ त्रि० રથ ઉપર ચઢેલ, રથ ઉપર બેસેલ.

स्यन्दनारोह पु० રથ ઉપર બેસી યુદ્ધ કરનાર–રથી યોદ્ધો.

स्यन्दनारोहण न० રથ ઉપર ચઢવું, રથ ઉપર બેસવું.

स्यन्दनि पु० તિનિશ વૃક્ષ.

स्यन्दनी स्त्री० લાળ.

स्यन्दिन् त्रि० ઝરનાર, ખરનાર, ટપકનાર.

स्यन्दिनी स्त्री० લાળ.

स्यन्न त्रि० ઝરેલ, ખરેલ, ટપકેલ.

स्यन्नवीण त्रि० સ્તુતિ કરેલ, વખાણેલ.

स्यम् भ्वा० प० अ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

स्यम् चुं० उभ० स० सेट् વિતર્ક કરવો, વિચારવું.

स्यम् चु० उभ० स० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

स्यमन्तक पु० શ્રીકૃષ્ણના હાથમાં રહેતો એક મણિ, એક જાતનું ઝાડ, સત્રાજીતને સૂર્યે આપેલ મણિ.

स्यमीक पु० રાફડો, કાળ, વખત, મેઘ.

स्यमीका स्त्री० ગળી.

स्याद्वाद पु० જૈનોએ માનેલ અનેકાંત વાદ.

स्याद्वादवादिन् पु० જૈન.

स्याद्वादिन् पु० જૈન.

स्याल पु० સાળો.

स्यूत त्रि० સોય વગેરેથી વણેલ, ગુંથેલ.

स्यूत पु० સુતરનું પાત્ર–કોથળી–થેલી વગેરે.

स्यूति स्त्री० સોઈ વગેરેથી વસ્ત્ર વગેરે સીવવું તે.

स्यून पु० સૂર્ય, કિરણ, સુતરનું સીવેલું પાત્ર–કોથળી–થેલી વગેરે, આકડાનું ઝાડ.

स्यूम न० પાણી, કિરણ.

स्यूम पु० કિરણ.

स्योत पु० स्यूत पु० જુઓ.

स्योन पु० स्यूत पु० જુઓ, સૂર્ય, કિરણ, આકડાનું ઝાડ, સુખ.

स्योन त्रि० સુખ કરનાર.

स्रंस् भ्वा० आ० अ० सेट् નીચે પડવું, સરકી પડવું, નીચે લટકવું, જવું.

स्रंसन न० નીચે પડવું, પડવું, ઉંચે ગયેલાને નીચે લઇ જવું તે.

स्रंसना स्त्री० ઉપરના અર્થ.

स्रंसमान त्रि० નીચે પડતું, નીચે સરકી પડતું.

स्रंसिन् पु० પીલુનું ઝાડ.

स्रंसिन् त्रि० નીચે પડવાના સ્વભાવવાળું, નીચે પડનાર.

स्रंसिफल पु० શિરીષ વૃક્ષ, સરસડાનું ઝાડ.

स्रग्धर त्रि० માળા ધારણ કરનાર, હાર પહેરનાર.

स्रग्धरा स्त्री० ૨૧ અક્ષરના ચરણવાળો એક છંદ.

स्रग्वत् त्रि० પુષ્પની માળાવાળું. હરકોઈ માળા ધારણ કરનાર.

स्रग्विन् त्रि० ઉપરના અર્થ.

स्रङ्क् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.

स्रज् स्त्री० માળા, હાર.

स्रज्वा स्त्री० દોરડું, પ્રજાપતિ, તંતુઓનો સમૂહ.

स्रन्स् भ्वा० आ० અ૦ सेट् સરકી પડવું, નીચે પડવું, નીચે લટકવું.

स्रम्भ् भ्वा० आ० स० सेट् વિશ્વાસ કરવો.

स्रव पु० ઝરવું, ખરવું, ટપકવું, ઝરણું, ઝરણ.

स्रव त्रि० ઝરનાર, ખરનાર, ટપકનાર.

स्रवण न० ઝરવું, ખરવું, ઘામ, પરસેવો, મૂતર, મૂત્ર.

स्रवत् त्रि० ઝરતું, ખરતું, ટપકતું.

स्रवद्गर्भा स्त्री० દૈવયોગે પડી ગયેલા ગર્ભવાળી ગાય, દૈવયોગે પડી ગયેલા ગર્ભવાળી સ્ત્રી.

स्रवद्रंग पु० દુકાન, બજાર.

स्रवन्ती स्त्री० નદી, એક જાતની ઔષધિ, ગુલ્મસ્થાન.

स्रवा स्त्री० મૂર્વા–મોરવેલ.

स्रष्टृ पु० જગત્કર્તા પરમેશ્વર, બ્રહ્મા, શિવ.

स्रष्टृ त्रि० સરજનાર, પેદા કરનાર,

स्रस्त त्रि० સરકેલ, નીચે પડેલ, સરી પડેલ.

स्रस्तर पु० શય્યા, આસન, સંથારો.

स्राक् અવ્ય૦ જલદી, તુરત.

स्राव पु० स्रव पु० જુઓ.

स्रावक न० મરી, તીખાં.

स्रावक त्रि० ઝરવનાર, ટપકાવનાર, ખેરનાર.

स्रिन्भ् भ्वा० प० स० सेट् હિંસા કરવી, ઠાર કરવું.

स्रिभ् भ्वा० प० स० सेट् હિંસા કરવી, મારી નાખવું.

स्रिव् दिवा० प० वेट् સુકાવું. અ૦ જવું स०

स्रु भ्वा० प० अनिट् જવું, स० ખરવું, ઝરવું અ૦

स्रुग्दारु पु० વિકંકત વૃક્ષ.

स्रुघ्न पु० તે નામે એક દેશ.

स्रुघ्नी स्त्री० સાજીખાર.

स्रुच् स्त्री० તે નામે એક યજ્ઞપાત્ર–સરવો.

स्रुचा स्त्री० ઉપરના અર્થ.

स्रुत त्रि० સ્રવેલ, ઝરેલ, ખરેલ, ટપકેલ, ગયેલ.

स्रुता स्त्री० હિંગુપત્રી વનસ્પતિ.

स्रुव पु० ખેરના લાકડાંનું એક યજ્ઞપાત્ર–સરવો.

स्रुवा स्त्री० ઉપરનો અર્થ, સલ્લકી વૃક્ષ, મોરવેલ.

स्रुवावृक्ष पु० વિકંકત વૃક્ષ.

स्रू स्त्री० તે નામે એક યજ્ઞપાત્ર–શરવો.

स्रेक् भ्वा० प० स० सेट् જવું.

स्रै भ्वा० प० અ૦ अनिट् ઉકળવું, રંધાઇ જવું.

स्रोत पु० સ્વાભાવિક જળપ્રવાહ, પાણીનો પ્રવાહ.

स्रोतईश पु० સમુદ્ર.

स्रोतस् न० સ્વાભાવિક જળપ્રવાહ, પાણીનો પ્રવાહ, વીર્ય; શરીરમાં રહેલ છિદ્ર, તરંગ, મોજું, ઝરો, પાણી, ઇન્દ્રિય, હાથીની સુંઢ.

स्रोतस्य पु० શિવ, ચોર.

स्रोतस्वत् त्रि० પ્રવાહવાળું.

स्रोतस्वती स्त्री० નદી.

स्रोतस्विनी स्त्री० નદી.

स्रोतोऽञ्जन न० સૌવીરાંજન–સુરમો.

स्रोतोवहा स्त्री० નદી.

स्व न० ધન, દોલત.

स्व पु० આત્મા, પોતે, જ્ઞાતિ.

स्व त्रि० પોતાનું.

स्वकम्पन पु० વાયુ, પવન.

स्वकर्मकरण न० પોતાનું કર્મ-કામ કરવું.

स्वकर्मकर्तृ त्रि० પોતાનું કર્મ-કામ કરનાર.

स्वकर्मकृत् त्रि० પોતાનું કર્મ કરનાર, પોતાનું કામ કરનાર.

स्वकर्मन् न० પોતાનું કર્મ-કામ.

स्वकीय त्रि० પોતાનું.

स्वकुटुम्ब न० પોતાનું કુટુંબ.

स्वकुलक्षय पु० પોતાના કુળનો નાશ.

स्वकृत त्रि० પોતે કરેલ.

स्वक् ष्वक् જુઓ.

स्वगत त्रि० પોતાનામાં રહેલ, મનમાં રહેલ, આત્મામાં રહેલ.

स्वगत न० પોતાના મનમાં રહેલ વચન વગેરે.

स्वगुप्ता स्त्री० શૂકશિંબી વનસ્પતિ, રીસામણીનો વેલો.

स्वगृह न० પોતાનું ઘર.

स्वगृह पु० એક જાતનું પક્ષી.

स्वङ्ग् भ्वा० प० स० सेट् સરકવું, ખસવું, જવું.

स्वङ्ग त्रि० સારા અંગવાળું.

स्वच्छ त्रि० અતિ નિર્મળ, મેલું નહિ તે, રોગરહિત, નીરોગી, ધોળું, સફેત, ઉજવળ.

स्वच्छ पु० મોતી, સ્ફટિક મણિ.

स्वच्छ न० નિર્મળ, ઉપરમ.

स्वच्छता स्त्री० સ્વચ્છપણું, નિર્મળપણું, ધોળાશ, ઉજવળતા.

स्वच्छत्व न० ઉપરના અર્થ.

स्वच्छन्द त्रि० સ્વાધીન, સ્વતંત્ર.

स्वच्छन्दक त्रि० ઉપરના અર્થ.

स्वच्छपत्र न० અભરખ.

स्वच्छमणि पु० સ્ફટિક મણિ.

स्वच्छा स्त्री० ધોળી ધ્રોખડ.

स्वज न० લોહી.

स्वज पु० પુત્ર.

स्वज त्रि० પોતાથી ઉત્પન્ન થનાર.

स्वजन पु० પોતાનો માણસ, જ્ઞાતિ, કુટુંબી, સગો, પોતાનો લોક.

स्वजा स्त्री० પુત્રી, કન્યા.

स्वजाति स्त्री० પોતાની જાત.

स्वजातीय त्रि० પોતાની જાતનું.

स्वञ्ज् ष्वञ्ज् ધાતુ જુઓ.

स्वट् चु० उभ० स० सेट् ગમન કરવું, જવું, સંસ્કાર કરવો.

स्वतन्त्र त्रि० સ્વતંત્ર, સ્વાધીન, પરાધીન નહિ તે.

स्वतन्त्रता स्त्री० સ્વતંત્રપણું.

स्वतन्त्रत्व न० સ્વતંત્રપણું.

स्वतस् अव्य० પોતાથી, પોતાની મેળે, પોતાની જાતે.

स्वता स्त्री० પોતાપણું, પોતાનાપણું, સ્વામીત્વ, માલીકી, સ્વતંત્રપણું, સ્વાધીનપણું.

स्वतोग्राह्य न० વેદાન્તીઓએ માનેલ એક જ્ઞાનપ્રામાણ્ય.

स्वत्व न० ઉપરના અર્થ.

स्वद् भ्वा० आ० स० सेट् સ્વાદ લેવો, ચાખવું, ચાટવું.

स्वदन न० સ્વાદ લેવો, ચાખવું, ચાટવું.

स्वधर्म पु० પોતાનો ધર્મ, પોતાની ફરજ.

स्वधर्मच्युत त्रि० પોતાના ધર્મથી ચૂકેલ, પોતાની ફરજથી ચૂકેલ.

स्वधर्मत्यजन न० પોતાના ધર્મનો ત્યાગ કરવો તે.

स्वधर्मत्याग पु० ઉપરનો અર્થ.

स्वधर्मस्थ त्रि० પોતાના ધર્મમાં રહેલ.

स्वधर्मस्थित त्रि० પોતાના ધર્મમાં રહેલ.

स्वधा अव्य० પિતૃદેવને ઉદ્દેશીને હવિષનો ત્યાગ કરતી વેળા વપરાતો શબ્દ.

स्वधा स्त्री० તે નામે એક માતૃકા.

स्वधाप्रिय पु० કાળા તલ, 'સ્વધા' જેને પ્રિય છે તે પિતૃદેવ, પિતૃલોક.

स्वधाभुज् पु० પિતૃગણ, દેવ.

स्वधिति स्त्री० કુહાડી.

स्वधिती स्त्री० કુહાડી.

स्वन् भ्वा० प० आ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

स्वन् चु० उभ० अ० सेट् ઉપરના અર્થ.

स्वन पु० શબ્દ, અવાજ.

स्वनगर न० પોતાનું શહેર.

स्वनत् त्रि० શબ્દ કરતું, અવાજ કરતું.

स्वनाश पु० પોતાનો નાશ, ધનનો નાશ.

स्वनि पु० શબ્દ, અવાજ.

स्वनित त्रि० શબ્દ કરેલ, અવાજ કરેલ.

स्वनित न० શબ્દ, અવાજ, મેઘની ગર્જના.

स्वनिताह्वय पु० તાંદળજાનું શાક.

स्वप् ष्वप् ધાતુ જુઓ.

स्वपत् त्रि० સૂતું, નિદ્રા લેતું, ઉંઘતું.

स्वपन न० સૂવું, નિદ્રા લેવી, ઉંઘવું, નિદ્રા.

स्वपिण्डा स्त्री० પિંડખર્જૂરી વનસ્પતિ.

स्वप्न पु० નિદ્રા, ઉંઘ, સમણું, માનસિક એક જ્ઞાન, જોવું, દેખવું.

स्वप्नकृत् न० એક જાતનું શાક.

स्वप्नज् त्रि० નિદ્રા લેવાના સ્વભાવવાળું, ઉંઘણસી, ઉંઘનાર, નિદ્રા લેનાર.

स्वप्नशील त्रि० ઉપરના અર્થ.

स्वबीज पु० આત્મા.

स्वबीज न० પોતાનું બીજ, પોતાનું વીર્ય, પોતાનું કારણ.

स्वबीजा स्त्री० પુત્રી, કન્યા.

स्वभाव पु० સ્વતઃસિદ્ધ ભાવ, સ્વભાવ, પ્રકૃતિ, મૂળ, સ્થિતિ.

स्वभावज त्रि० સ્વભાવથી ઉત્પન્ન થનાર.

स्वभावतस् अव्य० સ્વભાવથી, સ્વભાવથકી.

स्वभावदुर्जन पु० સ્વભાવથી ખરાબ એવો માણસ.

स्वभावदौर्जन्य न० સ્વાભાવિક દુર્જનતા.

स्वभावोक्ति स्त्री० તે નામે એક અર્થાલંકાર.

स्वभू पु० બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈશ્વર, કામદેવ.

स्वयंकृत त्रि० પોતાની મેળે કરેલ.

स्वयंवर पु० કન્યાએ પોતેજ પતિને પસંદ કરી વરવો તે.

स्वयंवरा स्त्री० પોતે જાતેજ પસંદ કરી પતિને વરનારી કન્યા.

स्वयंदत्त त्रि० પોતાની મેળે આપેલ.

स्वयंदत्त पु० એક જાતનો પુત્ર.

स्वयंशीर्ण त्रि० પોતાની મેળે પડેલ-ખરેલ, વીખરાઈ ગયેલ.

स्वयंहारिका स्त्री० બ્રહ્માના માનસિક પુત્ર દુઃસહની એક કન્યા.

स्वयङ्कृत पु० કૃત્રિમ પુત્ર.

स्वयङ्कृत त्रि० પોતાની મેળે કરેલ.

स्वयङ्गुप्ता स्त्री० શકશિંબી વનસ્પતિ.

स्वयन्दत्त पु० એક જાતનો પુત્ર.

स्वयन्दत्त त्रि० પોતે આપેલ, પોતાની મેળે આપેલ.

स्वयम् अव्य० પોતે, પોતાની મેળે.

स्वयम्प्रभ पु० ભાવી ચોથા જૈન તીર્થંકર.

स्वयम्भु पु० બ્રહ્મા.

स्वयम्भुवा स्त्री० ધૂમ્રપત્રા વનસ્પતિ.

स्वयम्भू पु० બ્રહ્મા, સ્તન, કાળ, કામદેવ, વિષ્ણુ, શિવ, પરમેશ્વર, જિનદેવ.

स्वर् चु० उभ० स० सेट् આક્ષેપ કરવો, ઠપકો દેવો.

स्वर् अव्य० સ્વર્ગ, આકાશ, દુઃખથી મિશ્ર નહિ એવી સુખની પરંપરા, સારૂં, સુંદર, શ્રેષ્ઠ.

स्वर पु० ઉદાત્ત–અનુદાત્ત–સ્વરિત–સ્વર, 'અ' વગેરે સ્વર, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ પ્રાણ વગેરે વાયુનો વ્યાપાર, કાકુ વગેરેથી કરેલ વર્ણોચ્ચારણરૂપ એક જાતનો અવાજ, નિષાદ–ઋષભ–ગાંધાર વગેરે સાત સ્વર.

स्वरघ्न पु० એક જાતનો રોગ.

स्वरचक्र न० સ્વરોદયમાં કહેલ એક ચક્ર.

स्वरपत्तन न० સામવેદ.

स्वरभङ्ग पु० સ્વરનો ભંગ કરનાર–ઘાંટો બેસાડી દેનાર એક રોગ.

स्वरभेद पु० ઉપરનો અર્થ.

स्वरमण्डलिका स्त्री० વીણા વાદિત્ર, સ્વરોનો સમૂહ.

स्वरमण्डली स्त्री० સ્વરોનો સમૂહ.

स्वरलासिका स्त्री० વીણાવાદિત્ર, વાંસળી.

स्वरशून्य त्रि० સ્વરવિનાનું.

स्वरस पु० હરકોઈ પદાર્થની ચટણી, લુબદી, એક જાતનો ઉકાળો.

स्वरस त्रि० પોતાનો અભિપ્રાય, પોતાનું તાત્પર્ય વાક્ય વગેરેની એક પ્રકારની રચના.

स्वरसन्धि पु० વ્યાકરણની રીતે સ્વરના નિમિત્તે થતી સંધિ, સ્વરનો સંધિ.

स्वरसामन् न० એક યજ્ઞીય દિવસ.

स्वरांश पु० સ્વરનો અંશ–ભાગ.

स्वरा स्त्री० બ્રહ્માની પ્રથમ પત્ની.

स्वराज् पु० પરમેશ્વર.

स्वरापगा स्त्री० ગંગા નદી.

स्वरालु पु० વજ.

स्वराष्ट्र पु० न० પોતાનો દેશ, પોતાનું રાજ્ય.

स्वरित पु० ઉદાત્ત--અનુદાત્ત સ્વરનો ભાગ જેમાં એકત્ર થયો હોય તે એક સ્વર.

स्वरित त्रि० સ્વરવાળું, અવાજવાળું.

स्वरु पु० યૂપનો ખંડ, બાણ, યજ્ઞ, સૂર્યનું કિરણ, એક જાતનો વીંછી.

स्वरुचि त्रि० સ્વતંત્ર, પરાધીન નહિ તે.

स्वरुचि स्त्री० પોતાની ઈચ્છા, પોતાનો અભિલાષ.

स्वरूप न० સ્વભાવ, પોતાનું રૂપ, આત્મરૂપ, પોતારૂપ પદાર્થ.

स्वरूप त्रि० સુંદર, મનોહર.

स्वरूप पु० પંડિત, વિદ્વાન.

स्वरूपसंबन्ध पु० ન્યાયશાસ્ત્રમાં કહેલ એક સંબંધ.

स्वरेणु स्त्री० સૂર્યની એક પત્ની.

स्वरोदय पु० શુભ--અશુભપણાના જ્ઞાનનું સાધન એક તંત્રશાસ્ત્ર.

स्वर्ग पु० સ્વર્ગ, દેવોનું નિવાસસ્થળ.

स्वर्गगङ्गा स्त्री० ગંગા નદી.

स्वर्गगत त्रि० સ્વર્ગમાં ગયેલ.

स्वर्गगति स्त्री० સ્વર્ગમાં જવું.

स्वर्गगमन न० સ્વર્ગમાં જવું.

स्वर्गगामिन् त्रि० સ્વર્ગમાં જનાર.

स्वर्गगिरि पु० મેરૂ પર્વત.

स्वर्गङ्गा स्त्री० ગંગા નદી.

स्वर्गत त्रि० સ્વર્ગમાં ગયેલ.

स्वर्गनाथ पु० ઈન્દ્ર.

स्वर्गपति पु० ઇન્દ્ર.

स्वर्गवधू स्त्री० અપ્સરા, દેવાંગના.

स्वर्गभर्तृ पु० ઈન્દ્ર.

स्वर्गवधू स्त्री० અપ્સરા, દેવાંગના.

स्वर्गसद् पु० દેવ.

स्वर्गस्वामिन् पु० ઈન્દ્ર.

स्वर्गाचल पु० મેરૂ પર્વત.

स्वर्गिगिरि पु० મેરૂ પર્વત.

स्वर्गिन् पु० દેવ.

स्वर्गिन् त्रि० દેવલોકમાં જનાર, સ્વર્ગવાસી.

स्वर्गिरि पु० મેરૂ પર્વત.

स्वर्गौकस् पु० દેવ.

स्वर्ग्य त्रि० સ્વર્ગનું સાધન, સ્વર્ગસંબંધી, સ્વર્ગનું.

स्वर्जिक पु० સાજીખાર.

स्वर्जिका स्त्री० જવખાર.

स्वर्जिकाक्षार पु० જવખાર.

स्वर्जिन् पु० સાજીખાર.

स्वर्ण न० સોનું, ધંતુરો, નાગકેસર, એક જાતનું શાક.

स्वर्णक त्रि० સોનાનું, સોનાસંબંધી.

स्वर्णकण न० એક જાતનો ગુગળ.

स्वर्णकण पु० સોનાનો કણ--લેશ-અંશ-થોડો ભાગ.

स्वर्णकदली स्त्री० એક જાતની કેળ-- સોનેરી કેળ.

स्वर्णकाय पु० ગરૂડ પક્ષી.

स्वर्णकाय त्रि० સોનાના શરીરવાળું.

स्वर्णकार पु० સોની.

स्वर्णकृत् पु० સોની.

स्वर्णकेतकी स्त्री० પીળા કેવડાનું ઝાડ.

स्वर्णक्षीरी स्त्री० એક જાતની વનસ્પતિ.

स्वर्णगिरि पु० મેરૂ પર્વત.

स्वर्णगैरिक न० સોનાચેરૂ.

स्वर्णग्रीवा स्त्री० તે નામે એક નદી.

स्वर्णचूड पु० ચાસ પક્ષી.

स्वर्णचूडी स्त्री० ચાસ પક્ષિણી.

स्वर्णज न० કલઈ.

स्वर्णज त्रि० સોનાથી ઉત્પન્ન થનાર.

स्वर्णदी स्त्री० ગંગા નદી, વૃશ્ચિકાલી વનસ્પતિ.

स्वर्णदीधिति पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

स्वर्णद्रु पु० ગરમાળાનું ઝાડ.

स्वर्णपक्ष पु० ગરૂડ પક્ષી.

स्वर्णपाटक पु० ટંકણખાર.

स्वर्णपुष्प पु० ચંપાનું ઝાડ, ગરમાળાનું ઝાડ.

स्वर्णपुष्पा स्त्री० સાતલા, કલિકારી, વનસ્પતિ.

स्वर्णपुष्पी स्त्री० ગરમાળાનું ઝાડ, પીળા કેવડાનું ઝાડ.

स्वर्णफला स्त्री० એક જાતની કેળ-સોનેરી કેળ.

स्वर्णवणिज् पु० સોનાનો વેપારી.

स्वर्णभूमिका स्त्री० તજ.

स्वर्णभृङ्गराज पु० પીળો ભાંગરો, સોનાની ઝારી, સોનાનો કળશ.

स्वर्णमाक्षिक न० સુવર્ણ માક્ષિક નામે એક ઉપધાતુ.

स्वर्णमाक्षिका स्त्री० સોનામુખી.

स्वर्णयूथिका स्त्री० પીળી જૂઈ.

स्वर्णयूथी स्त्री० પીળી જૂઈ.

स्वर्णलता स्त्री० માલકાંકણી.

स्वर्णवर्णा स्त्री० શ્યોનાક વૃક્ષ.

स्वर्णवल्कल पु० શ્યોનાક વૃક્ષ.

स्वर्णवल्ली स्त्री० એક જાતની વેલ.

स्वर्णशेफालिका स्त्री० પીળી શેફાલિકા વનસ્પતિ, ગરમાળો.

स्वर्णाङ्ग पु० ગરમાળાનું ઝાડ.

स्वर्णाङ्ग त्रि० સોનાના અંગવાળું-પીળા શરીરવાળું.

स्वर्णाभा स्त्री० પીળી જૂઈ.

स्वर्णारि पु० ગંધક.

स्वर्णुलि स्त्री० એક જાતનો વેલો.

स्वर्त् चु० उभ० सेट् જવું स० દુઃખથી જીવવું अ०

स्वर्द् भ्वा० आ० सेट् પ્રસન્ન થવું अ० ચાટવું स०

स्वर्भानव पु० ગોમેદ મણિ.

स्वर्भानु पु० રાહુ ગ્રહ.

स्वर्यात त्रि० સ્વર્ગ લોકમાં ગયેલ.

स्वर्लोक पु० સ્વર્ગ લોક, સ્વર્ગ, સ્વર્ગમાં રહેલ લોક.

स्वर्वधू स्त्री० અપ્સરા, દેવાંગના.

स्वर्वापी स्त्री० ગંગા નદી.

स्वर्वेश्या स्त्री० ઉર્વશી વગેરે સ્વર્ગની વેશ્યાઓ-અપ્સરાઓ.

स्वर्वैद्य पु० द्वि० સ્વર્ગના વૈદ્ય-અશ્વિની કુમાર.

स्वलक्षण न० સ્વભાવ, પ્રકૃતિ, પોતાનું લક્ષણ.

स्वलीन पु० તે નામે એક દાનવ.

स्वल्प त्रि० અતિઅલ્પ, ઘણુંજ થોડું.

स्वल्पकेशरिन् पु० કોવિદાર વૃક્ષ.

स्वल्पकेशिन् पु० એક જાતનો પિશાચ.

स्वल्पकेशिन् त्रि० ઘણાજ ઓછા કેશવાળું.

स्वल्पता स्त्री० ઘણીજ ઓછાશ, અત્યંત ઉણપ, અતિશય થોડાપણું.

स्वल्पत्व न० ઉપરના અર્થ.

स्वल्पपत्रक पु० એક જાતનો મહુડો.

स्वल्पबल त्रि० થોડા બળવાળું.

स्ववश त्रि० પોતાને વશ, પોતાને સ્વાધીન.

स्ववासिनी स्त्री० લાંબા કાળ સુધી પિતાને ઘેર પડી રહેનારી પરણેલી નહિ પરણેલી હરકોઈ સ્ત્રી, જેનો પતિ જીવતો હોય તેવી સ્ત્રી-સુવાસણ સ્ત્રી.

स्ववीज पु० આત્મા, પુત્ર.

स्ववीज न० પોતાનું બી, પોતાનું કારણ, પોતાનું વીર્ય.

स्ववीजा स्त्री० કન્યા, પુત્રી.

स्वहितैषिन् त्रि० પોતાનું હિત ઇચ્છનાર.

स्वसृ स्त्री० બહેન.

स्वस्क् भ्वा० आ० स० सेट् જવું.

स्वस्ति अव्य० કલ્યાણ, આશીર્વાદ, સ્વીકાર, સૂચન.

स्वस्तिक पु० न० સાથીયો.

स्वस्तिक पु० સિતાવર શાક, ચૌટો.

स्वस्तिक न० એક જાતનું આસન, ચોખાના લોટનો ત્રિકોણાકાર એક પદાર્થ, જિનધ્વજભેદ.

स्वस्तिमुख पु० બ્રાહ્મણ, લખવા લાયક કાગળ વગેરે, દસ્તાવેજ, ખત.

स्वस्तिमुख त्रि० સ્વસ્તિવાદી.

स्वस्तिवाचन न० કોઇ કર્મના આરંભસમયે વિઘ્નની શાંતિ માટે બ્રાહ્મણ દ્વારા કર્તવ્ય કર્મનું શુભપણું.

स्वस्तिवाचनिक त्रि० સ્વસ્તિવાચનનું સાધન, સ્વસ્તિવાચનસંબંધી.

स्वस्त्ययन न० શુભને માટે કરાતા વેદોક્ત ગ્રહયાગ વગેરે.

स्वस्थ त्रि० સ્વભાવમાં રહેલ, સ્વર્ગમાં રહેલ, સુખમાં રહેલ, સુખી, શાંત, નીરોગી.

स्वस्थता स्त्री० સ્વસ્થપણું.

स्वस्थत्व न० સ્વસ્થપણું.

स्वस्रीय पु० બહેનનો છોકરો-ભાણેજ.

स्वस्रीया स्त्री० બહેનની પુત્રી-ભાણેજી.

स्वागत न० સુખથી આવવું, કુશલ, કુશલપ્રશ્ન.

स्वाङ्किक पु० મૃદંગ-નરઘું, મૃદંગ-નરઘાં વગાડનાર.

स्वाच्छन्द्य न० સ્વચ્છંદપણું, સ્વાધીનપણું, સ્વતંત્રતા, સ્વસ્થપણું.

स्वातंत्र्य न० ઉપરના અર્થ.

स्वाति पु० स्त्री० અશ્વિની વગેરે નક્ષત્રો-પૈકી પંદરમું નક્ષત્ર.

स्वाति स्त्री० તે નામે સૂર્યની એક પત્ની, પક્ષી.

स्वातियोग पु० સ્વાતી નક્ષત્ર અને અમુક તિથિથી થનારો એક યોગ.

स्वाद् भ्वा० आ० सेट् પ્રસન્ન થવું अ० સ્વાદ લેવો, ચાખવું स०

स्वाद पु० સ્વાદ, રસનો અનુભવ, પ્રીતિ, પ્રેમ, પ્રસન્ન કરવું, ખુશ કરવું, ચાટવું, સ્વાદ લેવો.

स्वाद ન૦ ઉપરના અર્થ.

स्वादन ન૦ રસનો અનુભવ કરવો, ચાખવું, ચાટવું, સ્વાદ લેવો.

स्वादित त्रि० ચાખેલ, ચાટેલ.

स्वादिष्ठ त्रि० અતિશય સ્વાદવાળું, લહેજતદાર, અતિમધુર.

स्वादीयस् त्रि० ઉપરના અર્થ.

स्वादु पु० મધુર રસ, ગોળ, જીવક ઔષધિ, અગરનો સાર.

स्वादु त्रि० ઈષ્ટ, ઇચ્છિત, પ્રિય, મનોહર, સુંદર.

स्वादु स्त्री० દ્રાક્ષ.

स्वादुकण्टक पु० વિકંકત વૃક્ષ.

स्वादुकन्दा स्त्री० વિદારી વનસ્પતિ.

स्वादुका स्त्री० નાગદંતી વનસ્પતિ.

स्वादुखण्ड पु० ગોળ, મધુર ભાગ.

स्वादुगन्धा स्त्री० લાલ સરગવો, ભોંયકોહળું.

स्वादुपर्णिका स्त्री० દુધી.

स्वादुपर्णी स्त्री० દુધી.

स्वादुपाका स्त्री० કાકમાચી વનસ્પતિ.

स्वादुपिण्डा स्त्री० પિંડખર્જૂરી વનસ્પતિ.

स्वादुपुष्प पु० कटभी જુઓ.

स्वादुफल ન૦ સ્વાદિષ્ટ ફળ, મીઠું ફળ, બોરડીનું ફળ–બોર.

स्वादुफला स्त्री० બોરડી.

स्वादुमज्जन् पु० પહાડી પીલુનું ઝાડ.

स्वादुमांसी स्त्री० કાકોલી વનસ્પતિ.

स्वादुमूल ન૦ ગાજર.

स्वादुरस पु० સ્વાદિષ્ટ રસ.

स्वादुरसा स्त्री० કાકોલી , મદિરા–દારૂ, શતાવરી, દ્રાક્ષ, આમ્રાતક વૃક્ષ.

स्वादुलता स्त्री० વિદારી વનસ્પતિ.

स्वादूदक पु० તે નામે એક સમુદ્ર.

स्वाद्वन्न ન૦ સ્વાદવાળું અન્ન.

स्वाद्वम्ल पु० દાડમનું ઝાડ.

स्वाद्वी स्त्री० દ્રાક્ષ.

स्वाधिकार पु० પોતાનો અધિકાર.

स्वाधिपत्य ન૦ પોતાનું અધિપતિપણું, પોતાની માલકી, પોતાનું સ્વામીત્વ.

स्वाधिष्ठान ન૦ લિંગના મૂળ ભાગમાં સુષુમ્ણા નાડીની અંદર આવેલ ષડ્દલ એક ચક્ર.

स्वाधीन त्रि० સ્વાધીન, સ્વતંત્ર.

स्वाधीनता स्त्री० સ્વાધીનપણું, સ્વતંત્રતા.

स्वाधीनत्व ન૦ ઉપરના અર્થ.

स्वाधीनपतिका स्त्री० જેનો પતિ પોતાના સૌંદર્યાદિ ગુણોથી આકૃષ્ટ હોઇ વશ હોય તેવી સ્ત્રી.

स्वाधीनभर्तृका स्त्री० ઉપરનો અર્થ.

स्वाध्याय पु० દ્વિજાતીએ પાઠ કરવાનો અમુક વેદભાગ, અવશ્ય પાઠ કરવા યોગ્ય વેદાધ્યયન, નિત્ય નિયમિત અમુક અધ્યયન, પોતાનો પાઠ.

स्वान पु० શબ્દ, અવાજ.

स्वान्त ન૦ મન, ગફોલ, ગુફા.

स्वान्त त्रि० શબ્દ કરેલ, અવાજ કરેલ.

स्वाप पु० સૂવું, ઉંઘવું, નિદ્રા લેવી, અજ્ઞાન, સ્પર્શનું અજ્ઞાન, સ્પર્શ નહિ જાણવો તે.

स्वापतेय ન૦ ધન, દોલત.

स्वाभाविक त्रि० સ્વભાવસિદ્ધ, સ્વાભાવિક.

स्वामिता स्त्री० સ્વામીપણું, માલીકી, શેઠાઇ, રાજાપણું, ધણીપણું.

स्वामित्व ન૦ ઉપરના અર્થ.

स्वामिन् पु० પતિ, ભરથાર, ધણી, શેઠ, કાર્તિક સ્વામી, રાજા, માલીક, શિવ,

વિષ્ણુ, વાત્સ્યાયન મુનિ, તે નામે એક જૈન, સંન્યાસીને લાગતું વિશેષણ.

स्वामिपालविवाद पु० એક જાતનો વિવાદ.

स्वामिसद्भाव पु० સ્વામીનું હોવાપણું.

स्वामिसेवन न० સ્વામીની સેવા.

स्वामिसेवा स्त्री० ઉપરનો અર્થ.

स्वाम्य न० સ્વામીપણું.

स्वाम्युपकार पु० સ્વામીનો ઉપકાર.

स्वाम्युपकारक पु० ઘોડો.

स्वाम्युपकारक त्रि० સ્વામીનો ઉપકાર કરનાર.

स्वायम्भुव पु० સ્વયંભૂ મનુનો પુત્ર.

स्वायम्भुव त्रि० સ્વયંભુ મનુનું, સ્વયંભૂ મનુસંબંધી, સ્વયંભૂસંબંધી-તું.

स्वाराज् पु० ઇન્દ્ર.

स्वाराज्य न० બ્રહ્મપણું, બ્રહ્મત્વ.

स्वारोचिष पु० તે નામે બીજા મનુ.

स्वार्थ पु० સ્વપ્રયોજન, સ્વાભિધેય-પોતાનો અર્થ.

स्वार्थतत्पर त्रि० સ્વાર્થમાં તત્પર, સ્વાર્થી.

स्वार्थतत्परता स्त्री० સ્વાર્થીપણું.

स्वार्थतत्परत्व न० સ્વાર્થીપણું.

स्वार्थसिद्धि स्त्री० પોતાના પ્રયોજન-મતલબની સિદ્ધિ.

स्वार्थिक पु० સ્વાર્થમાં કરેલ વ્યાકરણનો પ્રત્યય.

स्वास्थ्य न० સ્વસ્થપણું, નીરોગીપણું, આરોગ્ય, સંતોષ.

स्वाहा अव्य० દેવોને ઉદ્દેશી હવિષનો ત્યાગ કરતી વેળા ઉચ્ચારાય છે.

स्वाहा स्त्री० તે નામે અગ્નિની પત્ની.

स्वाहापति पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

स्वाहाप्रिय पु० ઉપરના અર્થ.

स्वाहाभुज् पु० દેવ.

स्विद् अव्य० પ્રશ્નમાં, વિતર્કમાં તથા પાદપૂરણમાં વપરાય છે.

स्विन्न त्रि० ધામવાળું, પરસેવાવાળું, પાકેલ, રૂંધાઇ ગયેલ.

स्वीकरण न० સ્વીકાર કરવો, કબૂલ કરવું, સ્વીકારવું.

स्वीकरणीय त्रि० સ્વીકારવા લાયક, કબૂલ કરવા લાયક.

स्वीकर्तव्य त्रि० ઉપરના અર્થ.

स्वीकार पु० અંગીકાર, કબૂલ કરવું, સ્વીકારવું, કબૂલત.

स्वीकृत त्रि० સ્વીકારેલ, કબૂલેલ.

स्वीय त्रि० પોતાનું, પોતાસંબંધી.

स्वीया स्त्री० એક જાતની નાયિકા-સ્ત્રી.

स्वुर्च्छ् भ्वा० प० स० सेट् ભૂલી જવું, વિસરી જવું.

स्वृ भ्वा० प० वेट् શબ્દ કરવો अ० ઉપતાપ કરવો, સંતાપ કરવો स०

स्वॄ क्र्या० प० स० सेट् હિંસા કરવી.

स्वेक् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.

स्वेच्छा स्त्री० પોતાની ઇચ્છા. પોતાનો અભિલાષ.

स्वेच्छामरण पु० ભીષ્મ પિતામહ.

स्वेच्छामरण न० પોતાની ઇચ્છા હોય ત્યારે મરવું.

स्वेच्छामृत्यु पु० ઉપરનો અર્થ, ભીષ્મ પિતામહ.

स्वेद पु० પરસેવો, ધામ, ગરમી, પરસેવો લાવવો તે, બાફ.

स्वेदज पु० પરસેવાથી થનાર-જૂ-માંકડ વગેરે.

स्वेदजल न० પરસેવો.

स्वेदन न० પરસેવો લાવવો, બાફ દેવી.

स्वेदनिका स्त्री० લોઢાં વગેરેની તવૈ-કઢાઇ, શેકવા-ભુંજવાનું પાત્ર.

स्वेदनी स्त्री० ઉપરના અર્થ.

स्वेदबिन्दु पु० પરસેવાનું ટીપું.

स्वेदित त्रि० પરસેવો આપેલ,

स्वेदोदक न० પરસેવાનું પાણી, પરસેવો.

स्वैर न० સ્વેચ્છા, પોતાની ઇચ્છા.

स्वैर त्रि० પોતાની ઇચ્છાવાળું, સ્વતંત્ર, પરાધીન નહિ તે, મંદ, ધીમું.

स्वैरवृत्त त्रि० સ્વતંત્ર, પોતાની ઇચ્છાનુસાર વર્તનાર.

स्वैरिणी स्त्री० પોતાની ઇચ્છા પ્રમાણે વર્તતી સ્ત્રી, વ્યભિચારિણી, પરાયા ચાર પુરૂષો સાથે વ્યભિચાર કરતી સ્ત્રી.

स्वैरिन् पु० સ્વેચ્છાચારી, સ્વતંત્ર.

स्वोपार्जित त्रि० પોતે ઉપાર્જન કરેલ, પોતે મેળવેલ.

ह.

ह् વ્યંજનોમાં છેલ્લો કંઠસ્થાની ઊષ્માક્ષર વ્યંજન.

ह अव्य० પાદપૂરણમાં, સંબોધનમાં, પ્રેરણામાં, નિંદામાં, તિરસ્કારમાં, નિગ્રહ-શિક્ષામાં, પ્રસિદ્ધિમાં અને કોપ સાથે વારણમાં વપરાય છે.

ह पु० શિવ, પાણી, મીંડું, શૂન્ય, આકાશ, સ્વર્ગ, ધારણ કરવું, ચંદ્ર, કપૂર.

ह त्रि० સુકાયલું. રક્ત, લાલ.

हंस पु० હંસ પક્ષી, નિલોભ રાજા, વિષ્ણુ, સૂર્ય, પરમાત્મા, મત્સર, દ્વેષ, એક જાતનો યતિ-સંન્યાસી, એક જાતનો મંત્ર, શરીરમાં રહેલો એક વાયુ, એક જાતનો ઘોડો, ગુરૂ, પર્વત, શિવ,

हंसक पु० આગળ રહેલ, મોખરે રહેલ, વિશુદ્ધ, પવિત્ર, શ્રેષ્ઠ.

हंस त्रि० ઝાંઝર, પગનો દાગીનો-છડા વગેરે.

हंसक पु० हंस पु० જુઓ, રાજહંસ પક્ષી, સંગીતશાસ્ત્રમાં કહેલ એક તાલ.

हंसकालीतनय पु० પાડો.

हंसकीलक पु० એક જાતનો રતિબંધ-એક જાતનો મૈથુનપ્રકાર.

हंसकूट पु० બળદની ખૂંધ.

हंसग पु० બ્રહ્મા.

हंसगद्गदा स्त्री० મધુર-મીઠું બોલનારી સ્ત્રી.

हंसगामिन् त्रि० હંસની પેઠે જનાર.

हंसगामिनी स्त्री० હંસની પેઠે ચાલનારી સ્ત્રી, બ્રાહ્મણી.

हंसदाहन न० અગર ચંદન.

हंसनाद पु० હંસનો શબ્દ.

हंसनादिन् त्रि० હંસની પેઠે શબ્દ કરનાર.

हंसनादिनी स्त्री० એક જાતની સ્ત્રી.

हंसपदी स्त्री० એક જાતનો વેલો.

हंसपाद न० હીંગળો.

हंसपादिका स्त्री० હંસપદીનો વેલો.

हंसपादी स्त्री० હંસપદીનો વેલો.

हंसमाला स्त्री० હંસની પંક્તિ, હંસનો સમૂહ, તે નામે એક છંદ.

हंसमाषा स्त्री० माषपर्णी વનસ્પતિ.

हंसरथ पु० બ્રહ્મા.

हंसरथा स्त्री० બ્રહ્માણી, સરસ્વતી દેવી.

हंसलोमश न० હીરાકસી.

हंसलोहक न० પિતળ ધાતુ.

हंसवत् त्रि० હંસવાળું.

हंसवती स्त्री० હંસપદીનો વેલો.

हंसवाहन पु० બ્રહ્મા.

हंसवाहना સ્ત્રી० બ્રહ્માણી, સરસ્વતી દેવી.

हंसाङ्घ्रि પુ० હીંગળો.

हंसाभिख्य ન० રૂપું.

हंसारूढ પુ० બ્રહ્મા.

हंसारूढा સ્ત્રી० બ્રહ્માની શક્તિ–બ્રહ્માણી, સરસ્વતી દેવી.

हंसिका સ્ત્રી० હંસલી.

हंसी સ્ત્રી० હંસલી.

हंसोदक ન० નવા માટીના ઘડામાં રાખેલું–સૂર્યનાં કિરણોથી કંઇક તપેલું–રાત્રે ચંદ્રના કિરણોથી મિશ્ર થયેલું–મંદવાયુથી તરંગિત અને એલચી વગેરેથી સુવાસિત કરેલું–નદીનું શ્રમનાશક અને પિત્તોષ્ણશામક જળ.

हंहो અવ્ય० સંબોધનમાં, ગર્વમાં, દંભમાં તથા પ્રશ્નમાં વપરાય છે.

हक्क પુ० હાકલ પાડીને બોલાવવું, હાથીને બોલાવવો.

हक्कार પુ० હાકલ પાડીને બોલાવવું.

हञ्जा અવ્ય० નાટકમાં દાસીને બોલાવવામાં વપરાય છે.

हञ्जे અવ્ય० ઉપરનો અર્થ.

हञ्जि પુ० ક્ષુધા, ભૂખ.

हट् ભ્વા० પ० અ० સેટ્ દીપવું, પ્રકાશવું.

हटपर्णि ન० શેવાળ.

हट्ट પુ० બજાર, દુકાન, હાટ.

हट्टचौर પુ० બજારમાં ચોરી કરનાર ચોર.

हट्टचौरक પુ० ઉપરનો અર્થ.

हट्टविलासिनी સ્ત્રી० એક જાતનું સુગંધી દ્રવ્ય, હળદર.

हट्टाध्यक्ष પુ० મોટો દુકાનદાર, મોટો વેપારી, બજારનો ઉપરી.

हठ् ભ્વા० પ० સેટ્ ખીલે બાંધવું સ० બલાત્કાર કરવો, કૂદવું અ०

हठ પુ० બલાત્કાર, પાણીમાં થતી એક વનસ્પતિ–પ્રશ્ની.

हठपर्णी સ્ત્રી० શેવાળ, कुंभिका જુઓ.

हठयोग પુ० રાજયોગ વિનાજ કેવળ પ્રાણાયામ વગેરે ક્રિયાઓથી થનાર પરમાત્મદર્શનરૂપ ચિત્તવૃત્તિનિરોધાત્મક યોગ.

हठालु પુ० कुंभिका જુઓ.

हडि પુ० પશુને મારવાનું સાધન લાકડાનું એક યંત્ર, હેડ.

हडिक પુ० એક નીચ જાતિનો માણસ.

हडिकी સ્ત્રી० એક નીચ જાતિની સ્ત્રી.

हड्ड ન० હાડકું.

हड्डक પુ० એક નીચ જાતિનો માણસ.

हड्डकी સ્ત્રી० એક નીચ જાતિની સ્ત્રી.

हड्डज ન० હાડકામાં થનારી મજ્જા–ચરબી.

हड्डि પુ० હાડકું.

हड्डिक પુ० એક નીચ જાતિનો માણસ.

हड्डिकी સ્ત્રી० એક નીચ જાતિની સ્ત્રી.

हण्डा સ્ત્રી० મોટું માટીનું એક પાત્ર.

हण्डा અવ્ય० નાટકમાં હલકી દાસી પ્રત્યે સંબોધનમાં વપરાય છે.

हण्डिका સ્ત્રી० નાનું એક જાતનું માટીનું વાસણ–હાંડલી.

हण्डिकासुत પુ० એક જાતનું માટીનું વાસણ.

हण्डे અવ્ય० हण्डा અવ્ય० જુઓ.

हत ત્રિ० નાશ પામેલ, હણેલ, નાશ પમાડેલ, હણાયેલ, આશારહિત ગુણેલ.

हत ન० હણવું, મારી નાખવું, ગુણવું, ગુણાકાર.

हतक ત્રિ० નષ્ટપ્રાય, મુડદાલ, અભાગીયું.

हताश ત્રિ० હણાયલી આશાવાળું, આશાશૂન્ય, નિર્દય, ચાડીયું, વાંઝીયું.

हति સ્ત્રી० હણવું, મારી નાખવું, ગુણવું, વ્યાઘાત, વિઘ્ન, અપકર્ષ.

हतौजस् ત્રિ० હણાયલા બળવાળું, નિસ્તેજ.

हत्नु पु० વ્યાધિ, રોગ, શસ્ત્ર, હથિઆર.

हत्या स्त्री० મારવું, વધ, નાશ કરવો, હણી નાખવું.

हथ त्रि० ખેદ પામેલ, થાકેલ, કંટાળેલ.

हद् भ्वा० आ० अ० अनिट् હગવું, મળત્યાગ કરવો.

हदन न० હગી રહેવું, હગવું, મળત્યાગ કરવો.

हद्दा स्त्री० જ્યોતિષપ્રસિદ્ધ અમુક રાશિનો અમુક અંશ.

हन् भ्वा० प० स० अनिट् હણવું, મારી નાખવું, હિંસા કરવી. अभि+અથડાવું, સામે આઘાત થવો, अव+ખાંડવું, ફોતરાં દૂર કરવાં વગેરેને લગતો કોઇ વ્યાપાર કરવો, आ+મારવું, ઠોકવું, માર મારવો, ઠોકીને કોઈ વાદિત્ર વગાડવું. प्रति+आ+સામેથી ઠોકવું, રોકવું, અટકાવવું, પ્રતિબંધ કરવો वि+आ+પરસ્પર વિરોધ કરવો, વિશેષ મારવું, उद्+ઉંચે જવું, ઉંચું કરીને હણવું, उप+उद्+આરંભ કરવો, नि+નિઃશેષ રીતે હણવું-બીજા સ્વર સાથે સ્વરને અથડાવીને ઉદાત્ત સ્વર સંપાદન કરવો, निर्+સંપૂર્ણ હણવું, વજ્ર વગેરેનો શબ્દ થવો, કડાકો થવો, परा+પ્રતિબંધ કરવો, રોકવું, અટકાવવું, प्रति+સામેથી રોકવું, પ્રતિકૂલ જવું, वि+अति+પરસ્પર હણવું, સામસામા મારી નાખવું, सम्+સારી રીતે હણવું, સમૂહરૂપે થવું.

हन् अव्य० ક્રોધથી કહેવામાં, વિનવવામાં વપરાય છે.

हन् त्रि० હણનાર, મારી નાખનાર.

हन त्रि० ઉપરના અર્થ.

हनन न० હણવું, મારી નાખવું, ઠાર કરવું.

हननीय त्रि० હણવા લાયક, મારી નાખવા લાયક.

हनील पु० કેવડાનું ઝાડ.

हनु पु० स्त्री० હડપચી, જડબું.

हनु स्त्री० એક જાતનું સુગંધી દ્રવ્ય, રોગ, એક જાતનું અસ્ત્ર, મૃત્યુ, મરણ.

हनुग्रह पु० એક જાતનો રોગ-જેમાં હડપચી જકડાઈ જાય છે.

हनुमत् पु० રામચંદ્રનો ભક્ત-અંજનાપુત્ર એક વાનર.

हनुस्तम्भ पु० हनुग्रह જુઓ.

हनू स्त्री० હડપચી, જડબું.

हनूग्रह पु० हनुग्रह જુઓ.

हनूमत् पु० हनुमत् જુઓ.

हनूष पु० રાક્ષસ.

हनूषी स्त्री० રાક્ષસી.

हनूस्तम्भ पु० हनुग्रह જુઓ.

हन्त अव्य० હર્ષમાં, અનુકંપામાં, દયાજનક સ્થિતિમાં, ખેદમાં, વાક્યના આરંભમાં, પીડામાં, દુઃખમાં, વાદમાં, સંભ્રમમાં, ગભરાટમાં, ઉતાવળમાં, છેડો કલ્પવામાં વપરાય છે.

हन्तकार पु० અતિથિને અન્નદાન કરવું; ‘ हन्त ’ શબ્દનો ઉચ્ચાર કરવો.

हन्तव्य त्रि० હણવા લાયક, મારી નાખવા લાયક.

हन्तु पु० મૃત્યુ, મરણ, બળદ.

हन्तृ त्रि० હણનાર, મારી નાખનાર, સતત હણનાર.

हन्न त्रि० હગેલ.

हपुषा स्त्री० વણિગદ્રવ્યવિશેષ-રોંશ.

हपुसा स्त्री० ઉપરનો અર્થ.

हम् अव्य० ક્રોધપૂર્વક કહેવામાં તથા વિનવવામાં વપરાય છે.

हम्वा स्त्री० નીચેનો શબ્દ જુઓ.

हम्भा स्त्री० ગાયનો શબ્દ, ગાયનું ભાભરવું.

हम्म् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.

हम्मा स्त्री० हम्भा જુઓ.

हय् भ्वा० प० सेट् જવું, स० કરમાવું, થાકવું. अ०

हय पु० ઘોડો.

हयकातरा स्त्री० તે નામે એક ઝાડ.

हयगन्ध पु० એક જાતનું મીઠું.

हयगन्धा स्त्री० આસંધ વનસ્પતિ, અજમોદા વનસ્પતિ.

हयग्रीव पु० વિષ્ણુનો એક અવતાર, તે નામે એક દૈત્ય, તે નામે એક રાજર્ષિ.

हयग्रीवहन् पु० વિષ્ણુ.

हयग्रीवा स्त्री० દુર્ગા દેવી.

हयङ्कष पु० ઇન્દ્રનો સારથિ માતલિ.

हयङ्कष त्रि० ઘોડા હાંકનાર.

हयद्विषत् पु० પાડો.

हयन न० कर्णीरथ જુઓ

हयपुच्छ न० ઘોડાનું પૂછડું.

हयपुच्छी स्त्री० માષપર્ણી વનસ્પતિ.

हयप्रिय पु० જવ.

हयप्रिय त्रि० ઘોડા જેને પ્રિય હોય તે.

हयप्रिया स्त्री० આસંધ વનસ્પતિ, ખજૂરી.

हयमार पु० કરેણનું ઝાડ.

हयमारक पु० કરેણનું ઝાડ.

हयमारण पु० પીપળાનું ઝાડ.

हयमेध पु० અશ્વમેધ યજ્ઞ.

हयवाहन पु० સૂર્યપુત્ર રેવન્ત.

हयवाहन त्रि० ઘોડાના વાહનવાળુ.

हयवाहनसंकर पु० રક્તકાંચન વૃક્ષ.

हयशाला स्त्री० ઘોડાનો તબેલો, ઘોડાર.

हयशीर्ष पु० વિષ્ણુની એક મૂર્તિ, શાલગ્રામની એક મૂર્તિ.

हया स्त्री० આસંધ વનસ્પતિ.

हयाध्यक्ष पु० ઘોડાના રક્ષણ માટે નામેલ અધિકારી.

हयानन्द पु० મગ.

हयारि पु० કરેણનું ઝાડ.

हयारूढ त्रि० ઘોડા ઉપર ચઢેલ.

हयाशना स्त्री० સલ્લકી વૃક્ષ.

हयी स्त्री० ઘોડી.

हयोत्तम पु० ઉત્તમ ઘોડો.

हर पु० રુદ્ર, શિવ, અગ્નિ, ગધેડો, વિભાજક, હરવું, ભાગવું.

हरक पु० ઠગ, વિભાજક, હરનાર, ભાગાકાર કરનાર.

हरक त्रि० હરી જનાર, લઈ જનાર.

हरचूडामणि पु० ચંદ્ર, કપૂર.

हरण न० હરણ કરવું, લઇ જવું, ચોરવું, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું, દાયજામાં અપાતું ધન, ભાંગવું.

हरण पु० ભુજા, હાથ, બાહુ.

हरणीय त्रि० હરણ કરવા લાયક, લઈ જવા લાયક, ચોરવા લાયક, ભાંગવા લાયક.

हरतेजस् न० પારો, શિવનું વીર્ય.

हरपर्वत पु० કૈલાસ પર્વત.

हरबीज न० हरतेजस् જુઓ.

हरवीज न० हरतेजस् જુઓ.

हरशेखरा स्त्री० ગંગા નદી.

हरहूरा स्त्री० દ્રાક્ષ.

हराद्रि पु० કૈલાસ પર્વત.

हरि पु० વિષ્ણુ, સિંહ, સર્પ, વાનર, દેડકો, પોપટ પક્ષી, ચંદ્ર, સૂર્ય, કપૂર, આકડાનું ઝાડ, ઘોડો, યમ, વાયુ. મહાદેવ, બ્રહ્મા, કિરણ, જંબુદ્વીપમાં આવેલો એક ખંડ, ઇન્દ્ર, મોરપક્ષી, કોયલ પક્ષી, હંસ, અગ્નિ, ચિત્રાનું ઝાડ, પંડિત, ભર્તૃહરિ નામે વાક્યપ્રદીપ ગ્રંથનો કર્તા એક મુનિ, લીલો રંગ, પીંગળો રંગ, ઇન્દ્રનો ઘોડો.

हरि त्रि० લીલું, પીંગળું, માંજરું.

हरिक पु० કંઇક પીળો અને લીલો એવો ઘોડો.

हरिकेलीय પુ૦બંગદેશ–બેંગાળ.

हरिकेश પુ૦ શિવ, શિવનો ભક્ત એક યક્ષ.

हरिक्रान्ता સ્ત્રી૦ વિષ્ણુક્રાંતા વનસ્પતિ, અપરાજિતા વનસ્પતિ.

हरिगृह ન૦ વિષ્ણુનું મંદિર, એકચક્રા નગરી.

हरिचन्दन ન૦ એક જાતનું કલ્પવૃક્ષ, ધોળું ચંદન, ચંદ્રનું તેજ, જ્યોત્સ્ના, કેસર, પદ્મકેસર, સુંદર અંગ, ઘસેલું તુલસીનું લાકડું-કપૂર–અગર–કેસર–આ–સર્વ સાથે મેળવેલ–હરિચંદન.

हरिण પુ૦ હરણ, મૃગ, શિવ, વિષ્ણુ, હંસ, ધોળો રંગ, પીળો રંગ.

हरिण ત્રિ૦ ધોળું, પીળું.

हरिणनर्त्तक પુ૦ કિંનર નામે દેવજાતિ.

हरिणहृदय પુ૦ બીકણ, ભયવાળું.

हरिणप्लुता સ્ત્રી૦ તે નામે એક છંદ.

हरिणाक्ष ત્રિ૦ હરણ સમાન આંખવાળું.

हरिणाक्षी સ્ત્રી૦ હરણ સમાન આંખવાળી સ્ત્રી.

हरिणाङ्क પુ૦ ચંદ્ર, કપૂર.

हरिणी સ્ત્રી૦ પીળા રંગની સ્ત્રી, લીલા રંગની સ્ત્રી, સોનેરી જૂઇ, મજીઠ, જુવાન સ્ત્રી, શ્રેષ્ઠ સ્ત્રી, સત્તર અક્ષરના ચરણવાળો એક છંદ, મૃગલી, હરણી, તે નામે એક અપ્સરા.

हरित् પુ૦ લીલો પીળો મિશ્ર રંગ, માંજરો રંગ, સૂર્યનો ઘોડો, મગ, સિંહ, સૂર્ય, વિષ્ણુ, આકડાનું ઝાડ.

हरित् ન૦ ઘાસ.

हरित् સ્ત્રી૦ દિશા, હળદર.

हरित् ત્રિ૦ લીલા પીળા મિશ્ર રંગવાળું, માંજરૂં, લીલું.

हरित्पर्ण ન૦ મૂળો.

हरित પુ૦ સિંહ, એક જાતનું ઘાસ, લીલો રંગ, પીળો રંગ, માંજરો રંગ.

हरित ત્રિ૦ લીલા રંગનું, પીળા રંગનું, માંજરા રંગનું.

हरित ન૦ એક જાતનું સુગંધી દ્રવ્ય.

हरितक ન૦ હરકોઈ શાક.

हरितपत्रिका સ્ત્રી૦ એક જાતનો વેલો.

हरितशाक પુ૦ સરગવાનું ઝાડ.

हरितायत् ત્રિ૦ લીલા જેવું થતું, લીલું થતું.

हरिताल ન૦ હરતાલ નામે એક ઉપધાતુ.

हरिताल પુ૦ એક જાતનું પક્ષી.

हरितालक ન૦ હરતાલ નામે એક ઉપધાતુ.

हरितालिका સ્ત્રી૦ ભાદરવા શુદ ચોથ, ધ્રો-ખડ.

हरिताली સ્ત્રી૦ ધ્રો-ખડ, આકાશરેખા.

हरिताश्म ન૦ એક જાતનો મણિ.

हरितीकरण ન૦ લીલું કરવું.

हरितीकृत ત્રિ૦ લીલું કરેલ.

हरिद्र्भ પુ૦ લીલો દર્ભ.

हरिद्श्व પુ૦ સૂર્ય, આકડાનું ઝાડ.

हरिदेव પુ૦ શ્રવણ નક્ષત્ર.

हरिद्गर्भ પુ૦ લીલો દર્ભ.

हरिद्रव પુ૦ નાગકેસરની રજ.

हरिद्रा સ્ત્રી૦ હળદર.

हरिद्रागणेश પુ૦ પીળા રંગના ગણપતિ.

हरिद्राङ्ग પુ૦ એક જાતનું પક્ષી.

हरिद्राङ्गी સ્ત્રી૦ એક જાતની પક્ષિણી.

हरिद्राभ પુ૦ પીળો રંગ, ચારોળીનું ઝાડ, કાબરચિત્રો રંગ.

हरिद्राभ ત્રિ૦ હળદર જેવું, પીળા રંગનું, કાબરચિત્રા રંગનું, રંગબેરંગી.

हरिद्राराग પુ૦ હળદરનો રંગ.

हरिद्रु પુ૦ હરકોઈ ઝાડ, દારૂહળદર.

हरिद्वार ન૦ તે નામે એક તીર્થ.

हरिनामन् ન૦ હરિનું નામ, વિષ્ણુનું નામ.

हरिनामन् पु० મગ.

हरिनेत्र न० ધોળું કમળ, વિષ્ણુનું નેત્ર, હરિનું નેત્ર.

हरिनेत्र पु० ઘુવડ.

हरिनेत्री स्त्री० ઘુવડ માદા.

हरिन्मणि पु० મરકત મણિ, લીલો મણિ.

हरिन्मुद्ग पु० શરદ ઋતુમાં પાકેલા મગ.

हरिपर्ण न० મૂળો.

हरिप्रिय न० એક જાતનું ચંદન, સુગંધીવાળો–ખસ.

हरिप्रिय पु० કદંબનું ઝાડ, પીળો ભાંગરો, વિષ્ણુકંદ નામે એક કંદમૂળ, કરેણનું ઝાડ, શંખ, બપોરીયાનું ઝાડ, શિવ, વાયુપ્રકૃતિનો મનુષ્ય, વાયલ.

हरिप्रिय त्रि० હરિને પ્રિય, વિષ્ણુને પ્રિય, વાયડું.

हरिप्रिया स्त्री० લક્ષ્મી, તુલસી, પૃથ્વી, બારશ. તિથિ.

हरिवालुक न० એક જાતનું સુગંધી દ્રવ્ય.

हरिभक्त त्रि० હરિની ભક્તિ કરનાર, વિષ્ણુનો ભક્ત-વૈષ્ણવ, સર્વ સ્થળે સમભાવ રાખનાર હરિજન.

हरिभद्र न० એક જાતનું સુગંધી દ્રવ્ય.

हरिभद्र पु० તે નામે એક જૈનાચાર્ય.

हरिभद्रसूरि पु० ઉપરનો અર્થ.

हरिभुज पु० સર્પ.

हरिमन् पु० કાળ, સમય, વખત.

हरिमन्थ पु० ચણો, ગણીઆરીનું ઝાડ, તે નામે એક દેશ.

हरिमन्थक पु० ચણો.

हरिमन्थज न० ચણો, કાળો મગ.

हरिय पु० પીળો ઘોડો.

हरिले अव्य० નાટકમાં સ્ત્રીને બોલાવતી વેળા વપરાય છે.

हरिलोचन पु० ઘુવડ, કરચલો.

हरिलोचनी स्त्री० ઘુવડી, કરચલી.

हरिवंश पु० મહાભારતની અંદર આવતો ખિલરૂપ વ્યાસકૃત એક ગ્રંથ.

हरिवर्ष न० જંબુદ્વીપના નવ ખંડપૈકી એક ખંડ.

हरिवल्लभ त्रि० હરિને વહાલું, વિષ્ણુને પ્રિય.

हरिवल्लभा स्त्री० લક્ષ્મી, તુલસી, બારશ તિથિ, જયા.

हरिवात् पु० ઇન્દ્ર.

हरिवासर न० અગીઆરશનો દિવસ, બારશનો પ્રથમ વિભાગ.

हरिवाहन पु० ગરુડ પક્ષી.

हरिवाहन न० ગરૂડ પક્ષી.

हरिवीज न० હરતાલ નામે એક ઉપધાતુ.

हरिशयन न० વિષ્ણુનું શયન, વિષ્ણુની નિદ્રા, વિષ્ણુનો નિદ્રાકાળ.

हरिश्चन्द्र पु० સૂર્યવંશી-ત્રિશંકુનો પુત્ર એક રાજા.

हरिश्चन्द्रनगर न० સૌભ નગર.

हरिश्चन्द्रनगरी स्त्री० સૌભ નગર.

हरिश्चन्द्रपुर् स्त्री० સૌભ નગર.

हरिश्चन्द्रपुर न० સૌભ નગર.

हरिश्चन्द्रपुरी स्त्री० સૌભ નગર.

हरिषेण पु० તે નામે એક જૈન ચક્રવર્તી.

हरिसङ्कीर्तन न० હરિનું નામ જપવું.

हरिसुत पु० ઉપરનો અર્થ.

हरिहय पु० ઇન્દ્રનો ઘોડો, ઇન્દ્ર, કાર્તિકસ્વામી, ગણપતિ, આકડાનું ઝાડ.

हरिहर पु० વિષ્ણુ અને શિવના અર્ધા અર્ધા શરીરવાળી મૂર્તિ.

हरिहरक्षेत्र न० ગંગા અને ગંડકી નદીના સંગમની પાસેનું એક તીર્થક્ષેત્ર.

हरिहरात्मक पु० ગરૂડ, શિવનો પોઠીયો.

हरीतकी स्त्री० હરડેનું ઝાડ, હરડે.

हरेणु स्त्री० કુળવાન સ્ત્રી, રેણુકા નામે એક સુગંધી દ્રવ્ય.

हरेणु पु० વટાણા.

हरेणुक पु० વટાણા.

हर्तृ पु० ચોર, સૂર્ય, આકડાનું ઝાડ.

हर्तृ त्रि० હરણ કરનાર, હરનાર, ચોરી કરનાર, લઇ જનાર.

हर्मन् न० બગાસું,

हर्मित त्रि० બગાસું ખાધેલ, દાઝેલ, બળી ગયેલ, ફેંકેલ, ઉરાડેલ.

हर्म्य न० હવેલી, ધનવાનોનું ઘર.

हर्य् भ्वा० प० सेट् થાકવું, થાકી જવું अक० જવું स०

हर्य्यक्ष पु० સિંહ, કુબેર.

हर्य्यक्षी स्त्री० સિંહણ.

हर्य्यश्व पु० ઇન્દ્ર.

हर्ष पु० હર્ષ, આનંદ, સુખ, કામદેવનો પિતા, તે નામે એક રાજા.

हर्षक त्रि० હર્ષ કરનાર, આનંદ કરનાર, આનંદકારક.

हर्षक पु० તે નામે એક પર્વત.

हर्षण न० આનંદ પામવો, ખુશી થવું, હર્ષ, આનંદ, ખુશાલી.

हर्षण पु० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ, એક જાતનો નેત્રરોગ, એક જાતનું શ્રાદ્ધ, તે નામે એક શ્રાદ્ધદેવ.

हर्षण त्रि० આનંદ કરનાર, હર્ષ કરનાર, ખુશાલી કરનાર.

हर्षमाण त्रि० આનંદ પામતું, હર્ષ પામતું, હરખાતું.

हर्षयित्नु पु० દીકરો, પુત્ર.

हर्षयित्नु न० સોનું.

हर्षयित्नु त्रि० આનંદ પામનાર, ખુશી થનાર.

हर्षस्वन पु० આનંદનો અવાજ, ખુશીનો શબ્દ, ખુશાલીનો પોકાર.

हर्षिणी स्त्री० વિજયા–ભાંગ.

हर्षित त्रि० હર્ષ પામેલ, આનંદ પામેલ, ખુશ થયેલ.

हर्षिन् त्रि० ખુશી થનાર, આનંદ પામનાર, હર્ષકારક.

हर्षुल पु० મૃગ, હરણ.

हर्षुल त्रि० કામી, આનંદી, હર્ષવાળું, ખુશ.

हल् भ्वा० प० स० सेट् ખેંચવું, ખેડવું.

हल न० હળ.

हलद्दी स्त्री० હળદર.

हलधर पु० બળદેવ, બળરામ.

हलधर त्रि० હળને ધારણ કરનાર ખેડુત વગેરે.

हलभूति स्त्री० ખેડ, ખેતી.

हलभृत् पु० બળદેવ, બળરામ.

हलभृत् त्रि० હળ ધારણ કરનાર ખેડુત વગેરે.

हलभृति पु० તે નામે એક મુનિ, હળ ધારણ કરવું તે, ખેડ કરવી, ખેતી કરવી.

हला अव्य० નાટકમાં સખીને બોલાવતી વેળા વપરાય છે.

हला स्त्री० સખી, બહેનપણી, પૃથ્વી, પાણી.

हलायुध पु० બળદેવ, બળરામ, તે નામે એક વિદ્વાન.

हलाह पु० રંગબેરંગી ઘોડો, કાબરચિત્રો ઘોડો.

हलाहल पु० એક જાતનું ઝેર, એક જાતનો સર્પ, અંજના, તે નામે એક બુદ્ધ.

हलाही स्त्री० રંગબેરંગી ઘોડી.

हलि पु० મોટું હળ.

हलिन् पु० બળરામ, બળદેવ.

हलिन् त्रि० હળ ધારણ કરનાર ખેડુત વગેરે.

हलिनी स्त्री० લાંગલી વૃક્ષ.

हलिप्रिय पु० કદંબનું ઝાડ.

हलिप्रिया स्त्री० મદિરા, દારૂ, બળદેવની પત્ની રેવતી.

हली स्त्री० હળોનો સમૂહ.

हलीन पु० સાગનું ઝાડ.

हलीमक पु० એક જાતનો પાંડુરોગ.

हलीशा स्त्री० હળની ઈસ, હળનો દાંડો.

हलीसक पु० એક જાતનો પાંડુરોગ.

हल्य त्रि० હળથી ખેડવા લાયક ખેતર વગેરે, હળસંબંધી, હળનું.

हल्या स्त्री० હળોનો સમૂહ.

हल्ल् भ्वा० प० अ० सेट् વિકાસ પામવું, ખીલવું.

हल्लक न० લાલ કમળ.

हल्लन न० ઉંઘમાં આળોટવું.

हल्लीष न० સ્ત્રીઓનું ગોળાકારે નૃત્ય-સ્ત્રીઓનો ગરબો, રાસક્રીડા.

हल्लीषक न० ઉપરના અર્થ.

हल्लीस न० हल्लीष જુઓ.

हल्लीसक न० ઉપર પ્રમાણે.

हव पु० યજ્ઞ, હોમ, આજ્ઞા, બોલાવવું તે.

हवङ्ग पु० કાંસાના પાત્રમાં ઘીભાત ખાવા તે.

हवन न० હોમ, હવન કરવો તે.

हवन पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हवनी स्त्री० યજ્ઞનો કુંડ.

हवनीय त्रि० હોમ કરવા લાયક, હવન કરવા લાયક.

हवा अव्य० પ્રસિદ્ધ એવા અર્થમાં વપરાય છે.

हवित्री स्त्री० હોમકુંડ.

हविरशन न० ઘી ખાવું તે.

हविरशन पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हविर्गन्ध पु० ઘીનો ગંધ, હોમદ્રવ્યનો ગંધ.

हविर्गन्धा स्त्री० ખીજડીનું ઝાડ.

हविर्गेह न० યજ્ઞમંડપની પાસેનું હોમદ્રવ્ય રાખવાનું ઘર.

हविर्भुज् पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हविर्भोजन न० ઘી ખાવું તે.

हविर्भोजन पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हविर्मन्थ पु० ગણિયારીનું ઝાડ.

हविष्य न० ઘી, હોમદ્રવ્ય.

हविष्यभुज् पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हविष्यभोजन पु० ઉપરના અર્થ.

हविष्यभोजन न० ઘી ખાવું, ઘીનું ભોજન.

हविष्यान्न न० વ્રત વગેરેમાં ખાવા લાયક અમુક પદાર્થ.

हविस् न० ઘી, હોમદ્રવ્ય, હોમ, હવન.

हव्य त्रि० હવન કરવા લાયક, હોમ કરવા યોગ્ય.

हव्य न० હોમ, હવન.

हव्यपाक पु० હોમને માટે દૂધ-ઘી વગેરેથી મિશ્ર રાંધેલો ચરૂ.

हव्यवाह् पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हव्यवाह पु० ઉપરના અર્થ.

हव्यवाहन पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हव्याश पु० ઉપરના અર્થ.

हव्याशन पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हव्याशन त्रि० ઘી ખાનાર, હોમદ્રવ્ય ખાનાર.

हस् भ्वा० प० अ० सेट् હસવું, ખીલવું, ઉઘડવું, વિકસવું, પ્રફુલ્લ થવું, હાંસી કરવી, મશ્કરી કરવી, મશ્કરીમાં હસવું, પ્રકાશવું, દીપવું, સમાન થવું, સરખાવવું, वि+મંદ હાસ્ય કરવું, હસી કાઢવું, प्र+મશ્કરીમાં હસવું, મોટેથી હસવું. ખડખડ હસવું, परि+મશ્કરીમાં હસવું, હાંસી કરવી, अप+ખડખડ હસવું, હાંસી કરવી, अव+હસવું, મશ્કરી કરવી, उप+હસી કાઢવું.

हस पु० હસવું, હાંસી કરવી, મશ્કરી કરવી.

हस त्रि० હસનાર, મશ્કરી કરનાર, હાંસી કરનાર.

हसत् त्रि० હસતું, હાંસી કરતું, મશ્કરી કરતું.

हसन न० હસવું, હાંસી કરવી, મશ્કરી કરવી.

हसनी स्त्री० સગડી.

हसन्तिका स्त्री० સગડી.

हसन्ती स्त्री० એક જાતનો મોગરો, એક જાતની ડાકણ, સગડી, હસતી સ્ત્રી.

हसित त्रि० હસેલ, હાંસી કરેલ, વિકસેલ, ખીલેલ, પ્રફુલ્લ.

हसित न० હસવું, હાંસી કરવી, વીકસવું, ખીલવું.

हस्त पु० હાથ, ચોવીસ આંગળનું માપ, હાથીની સુંઢ, હસ્ત નક્ષત્ર, સમૂહ.

हस्त न० ધમણ.

हस्तच्छेदन न० હાથ કાપવા.

हस्तजोडि पु० હાથજોડ વૃક્ષ.

हस्तधारण न० હાથમાં ધારણ કરવું, હાથથી રોકવું, હાથથી રક્ષણ કરવું.

हस्तपुच्छ न० હાથનો પોંચો.

हस्तबिम्ब न० શરીર ઉપર અત્તર વગેરે ચોળવું તે.

हस्तवारण न० હાથ વડે અટકાવવું, આડા હાથ દેવા તે.

हस्तसिद्धि स्त्री० પગાર, મજૂરી, કિંમત.

हस्तसूत्र न० હાથનું કડું, પોંચી વગેરે.

हस्तस्थ त्रि० હાથમાં રહેલ.

हस्तस्थित त्रि० હાથમાં રહેલ.

हस्ता स्त्री० હસ્ત નક્ષત્ર.

हस्तामलक न० હાથમાં રહેલું આંબળું, હાથમાં રહેલા આંબળાની પેઠે વિના પ્રયાસે પ્રાપ્ત થવા યોગ્ય પદાર્થ, વેદાંતનો એક ગ્રંથ.

हस्तिक न० હાથીઓનો સમૂહ.

हस्तिकक्ष्य पु० વાઘ, સિંહ.

हस्तिकन्द पु० એક જાતનું કંદમૂળ.

हस्तिकरञ्ज पु० મહાકરંજ વૃક્ષ.

हस्तिकर्ण पु० એરંડાનું ઝાડ, એક જાતનો ખાખરો, તે નામે એક ગણદેવ, એક જાતનુ કંદ, લાલ એરંડો, હાથીનો કાન.

हस्तिकर्णक पु० ઉપરના અર્થ.

हस्तिकर्णदल पु० એક જાતનો ખાખરો.

हस्तिकोलि पु० એક જાતની બોરડી.

हस्तिगिरि पु० કાંચી નગરી.

हस्तिघोषा स्त्री० वृहद्घोषा વનસ્પતિ.

हस्तिघोषातकी स्त्री० ઉપરનો અર્થ.

हस्तिचारिणी स्त्री० મહાકરંજ વૃક્ષ.

हस्तिचारिन् पु० હાથીસ્વાર, હાથીનો મહાવત.

हस्तिदघ्न त्रि० હાથીજેવડું.

हस्तिदन्त पु० હાથીનો દાંત, ભીંતમાં નાખેલી ખૂંટી.

हस्तिदन्त न० મૂળો.

हस्तिदन्तक न० મૂળો.

हस्तिदन्तफला स्त्री० એક જાતની કાકડી.

हस्तद्वयस त्रि० હાથીજેવડું.

हस्तिन् पु० હાથી, ચંદ્રવંશી એક રાજા.

हस्तिनख पु० શહેરના દરવાજા પાસે ચડઉતર માટીનો ઢોળ, શહેરના દરવાજા પાસેનો માટીનો ઢગલો.

हस्तिनापुर न० દિલ્હી શહેર.

हस्तिनासा स्त्री० હાથીની સૂંઢ.

हस्तिनी स्त्री० હાથણી, હટ્ટવિલાસિની વનસ્પતિ.

हस्तिनीपुर न० દિલ્હી શહેર.

हस्तिप पु० હાથીનો માવત. હાથીસ્વાર.

हस्तिपक पु० ઉપરના અર્થ.

हस्तिपत्र पु० હસ્તિકંદ વૃક્ષ.

हस्तिपर्णिका स्त्री० રાજકોષાતકી વનસ્પતિ.

हस्तिपर्णी स्त्री० મોરટા લતા, કાકડી.

हस्तिमद पु० હાથીનો મદ, તે નામે એક ગંધદ્રવ્ય.

हस्तिमल्ल पु० ઐરાવત હાથી, ગણેશ, શંખ, નાગ.

हस्तिमात्र त्रि० હાથીજેવડું.

हस्तियूथ न० હાથીઓનું ટોળું.

हस्तिरोहणक पु० મહાકરંજ વૃક્ષ.

हस्तिलोध्रक पु० એક જાતનું લોધર.

हस्तिवाह पु० હાથીને વશ રાખવાનું અંકુશ.

हस्तिविषाणी स्त्री० કેળ.

हस्तिशाला स्त्री० હાથીઓનું રહેવાનું સ્થળ, હાથીખાનું.

हस्तिशुण्डा स्त्री० હાથીની સૂંઢ.

हस्तिशुण्डी स्त्री० હાથીની સૂંઢ.

हस्तिश्यामाक पु० એક જાતનો મોટા દાણાવાળો સામો.

हस्तिस्नान न० હાથીનું સ્નાન, હાથીના ન્હાવાની પેઠે કોઇ વ્યર્થ પદાર્થ.

हस्ते अव्य० હાથમાં, સ્વીકાર એવા અર્થમાં વપરાય છે.

हस्तेकरण न० સ્વીકારવું, હાથમાં કરવું, પરણવું, પાણિગ્રહણ.

हस्तेकृत्य अव्य० હાથમાં કરીને, સ્વીકારીને, પરણીને, પાણિગ્રહણ કરીને.

हस्तेकृत्वा अव्य० ઉપરના અર્થ.

हस्त्य त्रि० હાથથી ગ્રહણ કરેલ, હાથથી દીધેલ-આપેલ, હાથથી કરેલ.

हस्त्यध्यक्ष पु० હાથી ઉપરનો અધિકારી.

हस्त्यारोह पु० હાથીસ્વાર, હાથીનો માવત.

हस्र त्रि० મૂર્ખ, બેવકૂફ.

हहल अव्य० હાલાહળ-ઝેર, એક જાતનું સ્થાવર ઝેર.

हहा पु० તે નામે એક ગંધર્વ.

हा जुहो० प० स० अनिट् ત્યાગ કરવો, તજવું, છોડવું, પડતું મૂકવું.

हा जुहो० आ० स० अनिट् જવું, उद्+ ઉંચે જવું, ચઢવું, ઉત્પન્ન થવું, ઉઠવું, ઉગવું, ચાલ્યા જવું, ઉંચું કરવું, ઉંચે ફેંકવું.

हा अव्य० ખેદમાં, શોકમાં, પીડામાં, નિદામાં વપરાય છે.

हाङ्गर पु० એક જાતનું જળજંતુ.

हाङ्गरी स्त्री० એક જાતનું જળજંતુ-માદા.

हाटक न० તે નામે એક દેશ, તે દેશમાં થતું સોનું, હરકોઇ સોનું.

हाटक त्रि० સોનાનું. સોનાનું બનાવેલ.

हाटकमय त्रि० ઉપરના અર્થ.

हाटकेश्वर पु० ગોદાવરીને તીરે એક શિવલિંગ.

हातव्य त्रि० તજવા લાયક, છોડવા લાયક, જવા યોગ્ય.

हात्र न० વેતન, પગાર, મરણ, મોત.

हान न० છોડવું, તજવું, ત્યાગ.

हानि स्त्री० નુકશાન, ક્ષીણતા, ઓછાશ, ઉણપ.

हापुत्रिका स्त्री० એક જાતનું પક્ષી.

हापुत्री स्त्री० ઉપરનો અર્થ.

हाफिका स्त्री० બગાસું.

हायन पु० વર્ષ, સાલ, ડાંગેર.

हायनी स्त्री० વર્ષ, સાલ, અગ્નિશિખા.

हार पु० એક જાતની મોતીની માળા, હાર, યુદ્ધ, ભાજક-ભાગનારો અંક.

हार त्रि० હરણ કરનાર, હારનાર.

हारक त्रि० ઉપરના અર્થ.

हारक पु० ચોર, ઠગ, એક જાતનું ગદ્ય

એક પ્રકારનું વિજ્ઞાન, ભાજક અંક, શાખોટક વૃક્ષ.

हारकल ન૦ પાંચ સેરનો હાર.

हारयष्टि સ્ત્રી૦ હાર, માળા.

हारहारा સ્ત્રી૦ પીળી દ્રાક્ષ.

हारहूर પુ૦ મદ્ય-દારૂ.

हारहूरा સ્ત્રી૦ દ્રાક્ષ.

हारावली સ્ત્રી૦ મોતીની માળા.

हारावली સ્ત્રી૦ ઉપરનો અર્થ, એક કોષ-ગ્રંથ.

हारि સ્ત્રી૦ જુગારમાં પરાજય-હાર, મુસાફરોનો સમૂહ, યુદ્ધ.

हारिकण्ठ પુ૦ કોયલ પક્ષી.

हारिकण्ठी સ્ત્રી૦ કોયલ-માદા.

हारिण ત્રિ૦ હરણનું, મૃગનું, મૃગસંબંધી.

हारित પુ૦ એક જાતનું પક્ષી, લીલો પીળો રંગ, માંજરો રંગ.

हारितक ન૦ શાક.

हारिती સ્ત્રી૦ એક જાતની પક્ષિણી.

हारिद्र પુ૦ કદંબનું ઝાડ.

हारिद्र ત્રિ૦ હળદરથી રંગેલ.

हारिन् ત્રિ૦ હારનાર, હારવાળું, મનોહર, સુંદર.

हारिल પુ૦ એક જાતનું પક્ષી.

हारिली સ્ત્રી૦ એક જાતની પક્ષિણી.

हारी સ્ત્રી૦ હારિ જુઓ, મોતી.

हारीत પુ૦ સ્મૃતિકાર એક મુનિ, એક જાતનું પક્ષી.

हारीत ત્રિ૦ કપટી, ઠગ, જુગારી.

हारीतक ત્રિ૦ ઉપરના અર્થ.

हारीतक પુ૦ हारीत પુ૦ જુઓ.

हारीती સ્ત્રી૦ એક જાતની પક્ષિણી.

हार्द ન૦ સ્નેહ, પ્રેમ.

हार्द ત્રિ૦ હૃદયમાં રહેનાર, હૃદયથી જાણવા લાયક.

हार्य પુ૦ બહેડાનું ઝાડ.

हार्य ત્રિ૦ હરણ કરવા લાયક.

हाल પુ૦ બળદેવ, બળરામ, હળ, શાલિવાહન રાજા.

हालक પુ૦ પીળો તથા લીલો ઘોડો, માંજરા રંગનો ઘોડો.

हालकी સ્ત્રી૦ પીળા તથા લીલા રંગની-માંજરા રંગની ઘોડી.

हालहल ન૦ એક જાતનું ઝેર.

हाला સ્ત્રી૦ મદ્ય, દારૂ, તાડીનો રસ.

हालाहल પુ૦ ન૦ એક જાતનું સ્થાવર ઝેર.

हालाहली સ્ત્રી૦ મદિરા-મદ્ય-દારૂ.

हालाहल ન૦ એક જાતનું ઝેર.

हालिक પુ૦ હળ ખેંચનાર-ખેડુત વગેરે, બળદેવ.

हालिक ત્રિ૦ હળનું, હળસંબંધી, હળથી યુદ્ધ કરનાર.

हालिनी સ્ત્રી૦ મોટી ગરોળી.

हाली સ્ત્રી૦ નાની સાળી.

हालु પુ૦ દાંત.

हाव પુ૦ બોલાવવું, સ્ત્રીઓની શૃંગારિક ચેષ્ટા.

हास પુ૦ હસવું, સાહિત્યપ્રસિદ્ધ હાસ્યનો સ્થાયિભાવ એક રસ.

हासस् પુ૦ ચંદ્ર, કપૂર,

हासिका સ્ત્રી૦ હસવું, હાસ્ય.

हासिन् ત્રિ૦ હસનાર.

हास्तिक ન૦ હાથીઓનો સમૂહ.

हास्तिक પુ૦ હાથીનો માવત.

हास्तिन ન૦ હસ્તિનાપુર-દિલ્હી શહેર.

हास्तिन ત્રિ૦ હાથીનું, હાથીસંબંધી, હાથી જેટલા માપનું.

हास्तिनपुर ન૦ હસ્તિનાપુર-દિલ્હી [illegible].

हास्य ન૦ હસવું તે. હાસ્ય રસ.

हास्य ત્રિ૦ હસવા લાયક, હાંસી કરવા યોગ્ય.

हाहल न० એક જાતનું ઝેર.

हाहस् पु० તે નામે એક દેવ, ગંધર્વ.

हाहा पु० ઉપરનો અર્થ.

हाहा अव्य० વિસ્મયનો શબ્દ, શોકનો શબ્દ.

हाहाकार पु० ઉપરનો અર્થ, યુદ્ધનો અવાજ.

हि स्वा० प० स० अनिट् વધવું, જવું.

हि अव्य० હેતુ, કારણ, અવધારણ, નિશ્ચય, વિશેષ, પ્રશ્ન, સંભ્રમ, ગભરાટ, હેતુ દર્શાવવો, દૃષ્ટાંતમાં અસૂયામાં, પાદપૂર્તિમાં તથા શોક દર્શાવવામાં વપરાય છે.

हिंसक पु० વાઘ વગેરે હિંસક પશુ, શત્રુ, અથર્વવેદી બ્રાહ્મણ.

हिंसक त्रि० હિંસા કરનાર.

हिंसन न० હિંસા કરવી, ઠાર કરવું, હિંસા, વધ.

हिंसा स्त्री० વધ, મારી નાખવું તે, ચોરી વગેરે કામ.

हिंसारु पु० વાઘ.

हिंसालु पु० કુતરો.

हिंसालु त्रि० હિંસા કરવાના સ્વભાવવાળું.

हिंसीर पु० વાઘ, પક્ષી.

हिंस्र त्रि० હિંસા કરવાના સ્વભાવવાળું, હિંસક.

हिंस्र पु० ઘોર ભય, ભીમસેન, મહાદેવ, શિકારી પશુ.

हिंस्रा स्त्री० જટામાંસી વનસ્પતિ, કાકાદની વનસ્પતિ, એલુવાલુકા, ગવેધુકા, સિરા, નાડી.

हिक् भ्वा० उभ० स० सेट् અસ્પષ્ટ અવાજ કરવો.

हिक् चु० आ० अ० सेट् હિંસા કરવી, વધ કરવો, હેડકી ખાવી.

हिक्का स्त्री० હેડકી.

हिङ्कार पु० વાઘ.

हिङ्गु न० હીંગ, ઈંગોરીયાંનું ઝાડ.

हिङ्गुनाडिका स्त्री० એક જાતની હીંગ.

हिङ्गुनिर्यास पु० લીંબડાનું ઝાડ, હિંગનો રસ, હિંગુ વૃક્ષનો રસ.

हिङ्गुपत्र पु० ઈંગોરીયાંનું ઝાડ.

हिङ्गुपत्री स्त्री० તે નામે એક ઝાડ.

हिङ्गुपर्णी स्त्री० હિંગુપત્રી વૃક્ષ.

हिङ्गुल पु० न० હીંગળો.

हिङ्गुलि स्त्री० હીંગળો, રીંગણી.

हिङ्गुलिका स्त्री० હીંગળો, રીંગણી.

हिङ्गुली स्त्री० હીંગળો, રીંગણી.

हिङ्गुलु पु० न० હીંગળો.

हिङ्गुसिराटिका स्त्री० વંશપત્રી વનસ્પતિ.

हिङ्गूल न० એક જાતનું મૂળીયું.

हिज्ज पु० હિજ્જલ વૃક્ષ.

हिज्जल पु० હિજ્જલ વૃક્ષ.

हिञ्जीर पु० હાથીને પગે બાંધવાનું દામણ.

हिडिम्ब पु० તે નામે એક રાક્ષસ.

हिडिम्बजित् पु० પાંડવ ભીમસેન.

हिडिम्बनिषूदन पु० પાંડવ ભીમસેન.

हिडिम्बा स्त्री० હિડિંબ રાક્ષસની બહેન-ભીમસેનની પત્ની એક રાક્ષસી.

हिडिम्बापति पु० પાંડવ ભીમસેન, હનુમાન.

हिडिम्बारि पु० પાંડવ ભીમસેન.

हिडिम्बास्वामिन् पु० પાંડવ ભીમસેન.

हिण्ड् भ्वा० आ० स० सेट् જવું, હીંડવું, ભમવું, ભટકવું.

हिण्डन न० હીંડવું, જવું, ભમવું, ભટકવું, મૈથુન કરવું, રમવું, ખેલવું, લખવું.

हिण्डिक पु० જોશી, લગ્નાચાર્ય.

हिण्डिर पु० સમુદ્રફેણ, વંતાકડી, પુરૂષ, रुचक જુઓ.

हिण्डी स्त्री० દુર્ગા દેવી.

हिण्डीपति पु० શિવ.

हिण्डीप्रिय पु० શિવ.

हिण्डीप्रियतम पु० શિવ.

हिण्डीर पु० हिण्डिर જુઓ.

हिण्डीस्वामिन् पु० શિવ.

हित त्रि० ગયેલ, પથ્ય, હિતકારક, ઈષ્ટસાધન, મંગળ, માંગલિક, યોગ્ય, ધારણ કરેલ, શુભ, ઉપકાર કરનાર, સલાહ આપનાર.

हित न० મંગળ, કલ્યાણ.

हितक पु० બાળક, બચ્ચું.

हितकर त्रि० હિત કરનાર.

हितकारिन् त्रि० હિત કરનાર.

हितप्रणी पु० ગુપ્ત દૂત, છાનો દૂત, છૂપી પોલીસ.

हितवचन न० हितोक्ति જુઓ.

हितवादिन् त्रि० હિત કહેનાર, સારી સલાહ આપનાર.

हितान्वेषिन् त्रि० હિત ખોળનાર, હિત શોધનાર.

हितावली स्त्री० તે નામે એક ઔષધિ.

हितैषिन् त्रि० હિત ઇચ્છનાર.

हितोक्ति स्त्री० હિત કહેવું, હિત બોલવું, યોગ્ય કહેવું, સારી સલાહ આપવી.

हितोपदेश पु० હિત કહેવું, સારી શીખામણ આપવી, તે નામે એક નીતિગ્રંથ.

हिन्ताल पु० તે નામે એક ઝાડ.

हिन्दु पु० ભરતખંડમાં વસતી જાતિ.

हिन्दोल पु० હીંચકો, હીંડોળો, શ્રાવણ શુદમાં કરવાનો એક ઉત્સવ, તે નામે એક રોગ.

हिन्दोलक पु० ઉપરના અર્થ.

हिन्व् भ्वा० प० स० सेट् પ્રસન્ન કરવું, ખુશ કરવું.

हिम पु० આકાશમાંથી પડેલ જળકણ, ઝાકળ, બરફ, શીતલ વૃક્ષ, ચંદન, સુખડ, મોતી, તાજું માખણ, શીતલ સ્પર્શ, હિમાલય, હેમંત ઋતુ, થંડીની ઋતુ, કપૂર, ચંદનનું ઝાડ.

हिम त्रि० શીતળ, થંડું.

हिमक पु० વિકંકત વૃક્ષ.

हिमकर पु० ચંદ્ર, કપૂર.

हिमकिरण पु० ચંદ્ર, કપૂર.

हिमकूट पु० હિમાલય પર્વત, શિશિર ઋતુ.

हिमगिरि पु० હિમાલય પર્વત.

हिमज त्रि० હિમથી થનાર, હિમાલયમાં થનાર, થંડીમાં થનાર.

हिमज पु० મૈનાક પર્વત.

हिमजा स्त्री० પાર્વતી, ક્ષીરિણી લતા, ગંગા.

हिमझण्टि पु० ઝાકળ.

हिमतैल पु० કપૂરનું તેલ.

हिमदुग्धा स्त्री० ક્ષીરિણીનો વેલો.

हिमदुर्दिन न० ઝાકળથી ઝાંખો થયેલો દિવસ.

हिमद्युति पु० ચંદ્ર, કપૂર.

हिमद्रुम पु० લીંબડાનું ઝાડ.

हिमपर्वत पु० હિમાલય પર્વત.

हिमप्रस्थ पु० હિમાલય પર્વત.

हिमवत् पु० હિમાલય પર્વત.

हिमवत्तनय पु० મૈનાક પર્વત.

हिमवत्तनया स्त्री० પાર્વતી, ગંગા.

हिमवत्तनुज पु० મૈનાક પર્વત.

हिमवत्तनुजा स्त्री० પાર્વતી, ગંગા.

हिमवत्तनूज पु० મૈનાક પર્વત.

हिमवत्तनूजा स्त्री० પાર્વતી, ગંગા.

हिमवत्पुत्र पु० મૈનાક પર્વત.

हिमवत्पुत्री स्त्री० પાર્વતી, ગંગા.

हिमवत्सुत पु० મૈનાક પર્વત.

हिमवत्सुता स्त्री० પાર્વતી, ગંગા.

हिमवत्सूनु પુ૦ મૈનાક પર્વત.

हिमवत्सूनू સ્ત્રી૦ પાર્વતી, ગંગા..

हिमवालुक પુ૦ કપૂર.

हिमवालुका સ્ત્રી૦ કપૂર.

हिमशर्करा સ્ત્રી૦ યાવનાલ-એક જાતનું ધાન્ય.

हिमशैल પુ૦ હિમાલય પર્વત.

हिमशैलज ત્રિ૦ હિમાલયમાં થનાર.

हिमशैलजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमशैलतनय પુ૦ મૈનાક પર્વત.

हिमशैलतनया સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमशैलतनुज પુ૦ મૈનાક પર્વત.

हिमशैलतनुजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमशैलतनूज પુ૦ મૈનાક પર્વત.

हिमशैलतनूजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमशैलपुत्र પુ૦ મૈનાક પર્વત.

हिमशैलपुत्री સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमशैलसुत પુ૦ મૈનાક પર્વત.

हिमशैलसुता સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमशैलसूनु પુ૦ મૈનાક પર્વત.

हिमशैलसूनू સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमश्रथ પુ૦ ચંદ્ર, કપૂર.

हिमसंहति સ્ત્રી૦ હિમનો સમૂહ, બરફનો સમૂહ.

हिमहासक પુ૦ હિન્તાલ વૃક્ષ.

हिमा સ્ત્રી૦ નાની એલચી, નાગરમોથ, ભદ્રમોથ, રેણુકા નામે એક ગંધદ્રવ્ય.

हिमांशु પુ૦ ચંદ્ર, કપૂર.

हिमांश्वभिख्य ન૦ રૂપું.

हिमागम પુ૦ હેમન્ત ઋતુ.

हिमाद्रि પુ૦ હિમાલય પર્વત.

हिमाद्रिज પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रिजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા, ક્ષીરિણી લતા.

हिमाद्रितनय પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रितनया સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमाद्रितनुज પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रितनुजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमाद्रितनूज પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रितनूजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमाद्रिपुत्र પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रिपुत्री સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमाद्रिसुत પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रिसुता સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमाद्रिसूनु પુ૦ મૈનાક પર્વત.

हिमाद्रिसूनू સ્ત્રી૦ પાર્વતી ગંગા.

हिमानी સ્ત્રી૦ હિમનો સમૂહ, બરફનો સમૂહ.

हिमाब्ज ન૦ થંડીના વખતમાં થનારૂં કમળ.

हिमाराति પુ૦ સૂર્ય, અગ્નિ, આકડાનું ઝાડ, ચિત્રાનું ઝાડ.

हिमालय પુ૦ હિમાલય પર્વત, ધોળા ખેરનું ઝાડ.

हिमालयज પુ૦ મૈનાક પર્વત.

हिमालयजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमालयतनय પુ૦ મૈનાક પર્વત.

हिमालयतनया સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमालयतनुज પુ૦ મૈનાક પર્વત.

हिमालयतनुजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमालयतनूज પુ૦ મૈનાક પર્વત.

हिमालयतनूजा સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमालयपुत्र પુ૦ મૈનાક પર્વત.

हिमालयपुत्री સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमालयसुत પુ૦ મૈનાક પર્વત.

हिमालयसुता સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमालयसूनु પુ૦ મૈનાક પર્વત.

हिमालयसूनू સ્ત્રી૦ પાર્વતી, ગંગા.

हिमावती સ્ત્રી૦ સોનામુખી.

हिमाश्रया સ્ત્રી૦ સ્વર્ણજીવંતી વનસ્પતિ.

हिमाह्व पु॰ કપૂર.

हिमोत्तरा स्त्री॰ પીળી દ્રાક્ષ.

हिमोत्पन्न त्रि॰ હિમમાં ઉત્પન્ન થયેલ, થંડીમાં ઉત્પન્ન થયેલ.

हिमोत्पन्ना स्त्री॰ યાવનાલી વનસ્પતિ.

हिमोद्भव त्रि॰ હિમમાં ઉત્પન્ન થનાર, થંડીમાં ઉત્પન્ન થનાર.

हिमोद्भवा स्त्री॰ શઠી-કચૂરો વનસ્પતિ.

हिरण न॰ વીર્ય, સોનું, કોડી, શંખલું, પારો.

हिरण्मय त्रि॰ સોનાનું, સોનામય.

हिरण्मय न॰ જંબૂદ્વીપમાં એક ખંડ.

हिरण्मय पु॰ બ્રહ્મા.

हिरण्मयी स्त्री॰ સોનાની પ્રતિમા.

हिरण्य न॰ સોનું, ધંતુરો, વીર્ય, દ્રવ્ય, કોડી, રૂપું, એક જાતનું માપ, ધન, અકુપ્ય, અક્ષય, અખૂટ.

हिरण्यकशिपु पु॰ તે નામે એક દૈત્ય.

हिरण्यकशिपुज पु॰ વિષ્ણુભક્ત પ્રહ્લાદ.

हिरण्यकशिपुतनय पु॰ ઉપરનો અર્થ.

हिरण्यकशिपुतनूज पु॰ વિષ્ણુભક્ત પ્રહ્લાદ.

हिरण्यकशिपुनिषूदन पु॰ વિષ્ણુ.

हिरण्यकशिपुपुत्र पु॰ પ્રહ્લાદ.

हिरण्यकशिपुसुत पु॰ વિષ્ણુભક્ત પ્રલ્હાદ.

हिरण्यकशिपुसूनु पु॰ ઉપરનો અર્થ.

हिरण्यकशिपुहन् पु॰ વિષ્ણુ.

हिरण्यकशिपुहन्तृ पु॰ વિષ્ણુ.

हिरण्यकामधेनु स्त्री॰ દાન માટે કલ્પેલી સોનાની કે રૂપાની ગાય.

हिरण्यकोष पु॰ સોનું, રૂપું.

हिरण्यगर्भ पु॰ બ્રહ્મા, સૂર્યમંડળનો અધિષ્ઠાયક દેવ.

हिरण्यद पु॰ સમુદ્ર.

हिरण्यद त्रि॰ સોનું આપનાર, રૂપું આપનાર, ધન આપનાર.

हिरण्यदा स्त्री॰ પૃથ્વી.

हिरण्यनाभ पु॰ મૈનાક પર્વત.

हिरण्यबाह पु॰ મહાદેવ, શોણ નામે એક નદ.

हिरण्यबाह पु॰ ઉપરના અર્થ.

हिरण्यय त्रि॰ સોનાનું, સોનામય, સોનાનો વિકાર.

हिरण्यय पु॰ સૂર્યમંડળનો અધિષ્ઠાયક દેવ.

हिरण्यरेतस् पु॰ અગ્નિ, ચિત્રાનું ઝાડ, શિવ.

हिरण्यवर्ण त्रि॰ સોના જેવા રંગનું, રૂપા જેવા રંગનું.

हिरण्यवर्णा स्त्री॰ તે નામે એક નદી.

हिरण्यवाह पु॰ મહાદેવ, શોણ નામે એક નદ.

हिरण्यवाहु पु॰ ઉપરના અર્થ.

हिरण्याक्ष पु॰ તે નામે એક દૈત્ય.

हिरण्याश्व पु॰ દાન માટે કલ્પેલો સોનાનો કે રૂપાનો ઘોડો.

हिरण्याश्वरथ पु॰ દાન માટે કલ્પેલો સોનાનો કે રૂપાનો ઘોડો અને રથ.

हिरण्याश्वरथ न॰ દાન માટે કલ્પેલ સોનાના કે રૂપાના ઘોડાસહિત રથનું દાન.

हिरुक् अव्य॰ વિના, સિવાય, વર્જવું, ત્યાગ, મધ્યે, વચ્ચે, સામીપ્ય, સમીપપણું, અધમ, નીચ, હલકું.

हिल् तुदा॰ प॰ स॰ सेट् હાવભાવ કરવો.

हिलमोचि स्त्री॰ એક જાતનું શાક.

हिलमोचिका स्त्री॰ ઉપરનો અર્થ.

हिलमोची स्त्री॰ એક જાતનું શાક.

हिल्ल पु॰ એક જાતનું પક્ષી.

हिल्ली स्त्री॰ એક જાતની પક્ષિણી.

हिल्लोल् चु॰ उभ स॰ सेट् હીંચોળવું, ડોલાવવું.

हिल्लोल पु० તરંગ, મોજું, એક જાતનો રતિબંધ-મૈથુનપ્રકાર, દોલવું, હીંચવું, હીંચોળવું.

हिल्वला स्त्री० મૃગશીર્ષ નક્ષત્ર ઉપરના પાંચ તારાઓ.

हिंस् चु० ઉભ૦ स० सेट् વધ કરવો, હિંસા કરવી, ઠાર કરવું.

हिंस् रुधा० प० स० सेट् ઉપરના અર્થ,

हिहि अव्य० હર્ષમાં, વિસ્મયમાં તથા શોકમાં વપરાય છે.

ही अव्य० વિસ્મયમાં, દુઃખમાં, ખેદમાં, શોકમાં, હેતુમાં વપરાય છે.

हीन त्रि० ઓછું, હલકું, નિંદવા લાયક, અધમ, નીચ, તજેલું, છોડેલું.

हीनवादिन् पु० એક જાતનો હલકો વાદી.

हीनवादिन् त्रि० હલકું બોલનાર, ઓછું બોલનાર, મુંગું.

हीनसेवन न० હલકાની સેવા, નીચની સેવા.

हीनसेवा स्त्री० ઉપરના અર્થ.

हीनाङ्ग त्रि० હલકાં અંગવાળું, ઓછા અંગવાળું, ખોડખાપણવાળું.

हीनाङ्गी स्त्री० એક જાતની પીપર.

हीन्ताल पु० હિંતાલ વૃક્ષ.

हीर न० હીરો, વજ્ર.

हीर पु० શિવ, સર્પ, હાર, સિંહ.

हीरक न० હીરો.

हीरा स्त्री० લક્ષ્મી, કીડી, કાશ્મીરી.

हीराङ्ग पु० વજ્ર.

हील न० વીર્ય, પારો.

हीलुक न० એક જાતનો દારૂ.

हीही अव्य० हिहि જુઓ.

हु जुहो०प० स० अनिट् હોમ કરવો, ખાવું, યજ્ઞ કરવો, પ્રસન્ન કરવું.

हुङ्कार पु० ‘હુ” એવો અસ્પષ્ટ શબ્દ કરવો, ક્રોધથી હુંકાટો કરવો, ત્રાડુકીને બોલવું, છણકો કરવો.

हुङ्कृत न० ઉપરના અર્થ.

हुङ्कृति स्त्री० हुङ्कार જુઓ.

हुड् तुदा प० सेट् ઢગલો કરવો, એકઠું કરવું, स० ન્હાવું, સ્નાન કરવું, ડુબવું, ડુબકી ખાવી अ०

हुड् भ्वा० आ० स० सेट् જવું.

हुड पु० મેઘ, ચોરને અટકાવવા માટે જમીનમાં ખોડેલો લોઢાનો ખીલો, સેનાનું આશ્રયસ્થાન-છાવણી, રથ ઉપર વિષ્ટા-મૂત્ર વગેરેના ત્યાગ માટેનો અમુક ભાગ.

हुडु पु० બકરો, ઘેટો.

हुडुक्क पु० એક જાતનું વાદિત્ર, દાત્યૂહ પક્ષી, કપાટદંડ.

हुडुक्क त्रि० મદમત્ત, છકેલ.

हुडुक्की स्त्री० દાત્યૂહ પક્ષિણી.

हुडुत् न० બળદનો શબ્દ, હરકોઇ અસ્પષ્ટ શબ્દ.

हुडुम्ब पु० શેકેલો લોટ.

हुण्ड् भ्वा० आ० स० सेट् ઢગલો કરવો.

हुण्ड पु० વાઘ, ગામમાં રહેતું ભુંડ, રાક્ષસ, અગ્નિ, ચિત્રક વૃક્ષ.

हुण्ड त्रि० મૂર્ખ, બેવકુફ.

हुण्डी स्त्री० વાઘેણ, ગામમાં રહેતી ભુંડણી, રાક્ષસણી.

हुत त्रि० હોમેલ, હવન કરેલ, દેવતાને ઉદ્દેશી મંત્રોચ્ચારપૂર્વક અગ્નિમાં હોમેલ ઘી વગેરે.

हुत न० હવન, હોમ.

हुतभुज् पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हुतवह पु० ઉપરના અર્થ.

हुताश पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हुताशन पु० ઉપરના અર્થ.

हुताशनी स्त्री० હોળી, ફાગણ શુદ પુનેમ.

हुम् अव्य० સ્મરણમાં, પ્રશ્નમાં, અનુજ્ઞામાં, નિવારણમાં વપરાય છે.

हुर्च्छ् ભ્વા૦ પ૦ स० सेट् કુટિલતા કરવી, વાંકાઇ કરવી, આડાઈ કરવી.

हुल् ભ્વા૦ પ૦ स० सेट् હણવું, અથડાવું, ઠોકવું, ઢાંકવું.

हुलहुली स्त्री० સ્ત્રીઓનો એક પ્રકારનો મંગળધ્વનિ.

हुहु पु० તે નામે એક દેવગંધર્વ.

हुहू पु० ઉપરનો અર્થ.

हूङ्कार पु० हुङ्कार જુઓ.

हूड् ભ્વા૦ आ० स० सेट् જવું.

हूण पु० ब० હૂણલોક, હૂણલોકનો દેશ.

हूत त्रि० આહ્વાન કરેલ, બોલાવેલ.

हूति स्त्री० આહ્વાન કરવું, બોલાવવું.

हून पु० તે નામે એક મ્લેચ્છજાતિ, એ જાતિનો દેશ.

हूम् अव्य० પ્રશ્નમાં, વિતર્કમાં, સંમતિમાં, ક્રોધમાં, ભયમાં, નિંદામાં, અવજ્ઞા–અપમાનમાં વપરાય છે.

हूर्च्छन न० વક્રતા કરવી, વાંકાઇ કરવી, વાંકું થવું.

हूरव पु० શિયાળ.

हूरवी स्त्री० શિયાળવી

हूहु पु० તે નામે એક દેવગંધર્વ.

हूहू पु० ઉપરનો અર્થ.

हृ ભ્વા૦ उभ० द्वि० अनिट् હરણ કરવું, લઈ જવું, હરી લેવું, ચોરવું, अनु+સમાનતા કરવી, સરખું કરવું, અનુકરણ કરવું, નકલ કરવી, अप+દૂર કરવું, ખસેડવું, ચોરવું, अभि+સામેથી હરવું. સામે થઇને હરવું, सम्+अभि+પુનઃપુનઃ સંપાદન કરવું, વારંવાર પ્રાપ્ત કરવું, अभि+अव+ભોજન કરવું, सम्+अभि+वि+आ+સામીપ્યસંબંધ સંપાદન કરવો, નજદીક કરવું, अव + દૂર કરવું. वि+अव+વિવાદ કરવો, સ્નાન—ભોજન વગેરેથી સંસર્ગ કરવો, ઉપભોગ કરવો, आ+ભોજન કરવું, જૂદા જૂદા સ્થાને રહેલાંને એક સ્થળે ગોઠવવું. अधि+आ+તર્ક કરવો, ઉપરથી લેવું, અધ્યાહાર કરવો, अभि+સામેથી લેવું, સામેથી હરવું, उद्+દષ્ટાંતરૂપે મૂકવું–સ્થાપવું, દષ્ટાંત કહેવું, प्रति+उद्+आ+વિરૂદ્ધ દાખલો કહેવો, સામું ઉદાહરણ આપવું, परि+आ+ચોતરફ આણવુ, प्रति+आ+સંક્ષેપ કરવો, ટુંકાવવું, એકથી અનેકનું ગ્રહણ કરવું, વિષયોથી ઇન્દ્રિયો તથા મનને પાછું ખેંચવું–વાળી લેવું, वि+आ+કથન કરવું, કહેવું, બોલવું, सम् + आ+સંગ્રહ કરવો, એકઠું કરવું, જૂદા જૂદા સ્થળે રહેલાને એક સ્થળે સ્થાપવું, उद्+ઉદ્ધાર કરવો, ઉંચે કરી તોળવું, ઉંચે ફેંકવું, प्रति+उद्+પ્રતિકૂળરૂપે વિરૂદ્ધરૂપે ઉંચે કરવું, उप+ભેટ આપવી, નજરાણું કરવું, प्रति+उप+સામેથી ભેટણું કરવું.

नि+અત્યંત હરણ કરવું, હિમતું ઝરવું, निस्+બહાર કાઢવું, બહિષ્કાર કરવો, દૂર કરવું, ખસેડવું, निर्+બહાર કાઢવું, દૂર કરવું, परि+દોષ વગેરે દૂર કરવા प्र+પ્રહાર કરવો, મારવું, प्रति+प्र+સામેથી પ્રહાર કરવો, प्रति+દરેકનું હરણ કરવું, સામેથી હરણ કરવું, वि+વિહાર કરવો, જૂદા જૂદા દેશોમાં જવા વગેરેથી સંતોષ માટે વ્યાપાર કરવો, वि+अति+પરસ્પર એકજાતીય ક્રિયા કરવી, सम्+સંહાર કરવો, મારી નાખવું, उप+सम्+ઉપસંહાર કરવો, ચાલુ ક્રિયાનો અંત આણવો.

हृ जु० प० स० अनिट् બલાત્કારથી હરી

લેવું, જોરજુલમથી લઈ લેવું.

हृच्छय पु० કામદેવ.

हृच्छय त्रि० હૃદયમાં રહેનાર-હોનાર.

हृच्छूल न० હૃદયમાં નીકળતું શૂલ-એક જાતનો શૂળનો રોગ.

हृणी कण्ड्वा० आ० अ० सेट् લાજવું, શરમાવું.

हृणीया स्त्री० લાજ, શરમ, નિંદા.

हृत् त्रि० મનોહર, સુંદર, હરણ કરનાર, લઇ જનાર.

हृत् न० હૃદય, મન.

हृत त्रि० હરણ કરેલ, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવાયેલ, વહેંચેલ.

हृतसर्वस्व त्रि० જેનું સર્વસ્વ હરાઈ ગયું હોય તે.

हृत्कम्प पु० હૃદયનો કંપ, ભય વગેરેથી હૃદયનું ધડકવું.

हृत्पिण्ड न० હૃદય, મન.

हृत्स्थ त्रि० હૃદયમાં રહેનાર.

हृत्स्थित त्रि० હૃદયમાં રહેલ.

हृद् त्रि० હરનાર, લઇ જનાર.

हृद् न० હૃદય, મન.

हृदय न० મન, હૃદય, અંતઃકરણ, છાતી, પરબ્રહ્મ, પરમાત્મા.

हृदयग्रन्थि पु० હૃદયમાં રહેલ અજ્ઞાનરૂપ સંસારબંધ.

हृदयङ्गम त्रि० યુક્તિયુક્ત, મનોહર, સુંદર, હૃદયને ગમે એવું.

हृदयङ्गमता स्त्री० મનોહરતા, સુંદરતા, હૃદયને આકર્ષનારપણું, વાણીનો ગુણ.

हृदयवत् त्रि० હૃદયવાળું, સારા મનવાળું, ઉદાર મનનું.

हृदयस्थान न० હૃદયનું સ્થાન, મનનું સ્થાન, છાતી.

हृदयालु त्रि० શ્રેષ્ઠ મનવાળું, ઉત્તમ હૃદયવાળું, વિદ્વાન, જ્ઞાની.

हृदयिक त्रि० ઉત્તમ મનવાળું, શ્રેષ્ઠ મનવાળું.

हृदयिन् त्रि० ઉપરના અર્થ.

हृदयेश पु० ભરથાર, ધણી, પતિ.

हृदयेशा स्त्री० પત્ની, ભાર્યા, સ્ત્રી.

हृदामय पु० હૃદયનો એક જાતનો રોગ.

हृदावर्त पु० ઘોડાની છાતી ઉપર રહેલ રૂવાંટાંની ગોળ નીશાની.

हृदिक पु० તે નામે એક યાદવ-કૃતવર્માનો પિતા.

हृदिकतनय पु० કૃતવર્મા યાદવ.

हृदिकतनुज पु० કૃતવર્મા યાદવ.

हृदिकतनूज पु० કૃતવર્મા યાદવ.

हृदिकपुत्र पु० કૃતવર્મા યાદવ.

हृदिकसुत पु० કૃતવર્મા યાદવ.

हृदिकसूनु पु० કૃતવર્મા યાદવ.

हृदिकात्मज पु० કૃતવર્મા યાદવ.

हृदिस्पृश् त्रि० મનોહર, સુંદર, મર્મને સ્પર્શ કરનાર, દુઃખદાયી.

हृद्गोल पु० તે નામે એક પર્વત.

हृद्ग्रन्थ पु० હૃદયમાં વ્રણ.

हृद्ग्रन्थि पु० हृदयग्रन्थि જુઓ.

हृद्य न० તજ.

हृद्य त्रि० મનોહર, સુંદર.

हृद्य पु० વશીકરણ એક મંત્ર.

हृद्यगन्ध न० એક જાતનું જીરૂં.

हृद्यगन्ध पु० બીલીનું ઝાડ.

हृद्यगन्धा स्त्री० જૂઈ નામે ફૂલઝાડ.

हृद्यगन्धि न० એક જાતનું જીરૂ.

हृद्रोग पु० એક જાતનો હૃદયનો રોગ.

हृद्रोगवैरिन् पु० અર્જુન વૃક્ષ-સાદડાનું ઝાડ.

हृद्वण्टक पु० પેટ.

हृल्लास पु० હેડકી.

हृल्लेख पु० જ્ઞાન, તર્ક, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મંત્ર, હર્ષ, શોક.

हृल्लेखा स्त्री० હૃદયની ઉત્કંઠા, આનંદ, હર્ષ, શોક.

हृष् भ्वा० प० अ० सेट् હર્ષ પામવો, હરખાવું.

हृष् दिवा० प० अ० सेट् હર્ષ પામવો, હરખાવું.

हृष् भ्वा० प० अ० से् મિથ્યા કરવું.

हृषित त्रि० હર્ષ પામેલ, ખુશી થયેલ, હરખાયેલ, વિસ્મય પામેલ, જેનાં રૂંવાટાં ખડાં થઇ ગયાં હોય તે. નાખુશ થયેલ, નાઉમેદ થયેલ,

हृषीक न० ઇન્દ્રિય.

हृषीकेश पु० વિષ્ણુ, આત્મા.

हृष्ट त्रि० હર્ષ પામેલ, ખુશી થયેલ, હરખાયેલ, વિસ્મય પામેલ, જેનાં રૂંવાટાં ખડાં થઈ ગયાં હોય તે.

हृष्टमानस त्रि० હર્ષ પામેલા મનવાળું.

हृष्टमानस न० હર્ષ પામેલું મન.

हृष्टरोमन् त्रि० જેનાં રૂંવાટાં ઉભાં થઇ ગયાં હોય તે, રોમાંચિત.

हृष्टि स्त्री० હર્ષ, આનંદ, જ્ઞાન.

हे अव्य० સંબોધનમાં, બોલાવવામાં તથા અસૂયા વગેરેમાં વપરાય છે.

हेक्का स्त्री० હેડકી.

हेठ् भ्वा० प० अ० सेट् અટકાવવું, રોકવું, વિઘાત કરવો, અથડાવું.

हेठ् तु० प० सेट् આબાદ થવું, ઉત્પન્ન થવું अ० પવિત્ર કરવું स०

हेठ् भ्वा० आ० स० બાધ કરવો, રોકવું, અટકાવવું, હરકત કરવી.

हेठ पु० બાધા, પીડા, હરકત, રોકાણ, અટકાયત, વિઘ્ન.

हेड् भ्वा० आ० स० सेट् અનાદર કરવો.

हेड् भ्वा० प० स० सेट् વીંટવું, ઘેરવું.

हेड पु० અનાદર, તિરસ્કાર, અપમાન, રોકાણ, અટકાયત, વિઘ્ન.

हेडज पु० ક્રોધ, કોપ, ગુસ્સો.

हेडाबुक्क पु० ઘોડા વેચનાર, ઘોડા વેચી આજીવિકા ચલાવનાર.

हेति स्त्री० અસ્ત્ર, હથિઆર, અગ્નિની શિખા, સૂર્યનું કિરણ, હરકોઇ તેજ, સાધન.

हेतु पु० કારણ, અનુમિતિસાધન વ્યાપ્ય, ફળ.

हेतुता स्त्री० હેતુપણું, કારણપણું.

हेतुत्व न० ઉપરના અર્થ·

हेतुमत् त्रि० કારણવાળું. ફળવાળું.

हेत्वपह्नुति स्त्री० તે નામે એક અલંકાર.

हेत्वन्तर न० બીજું કારણ, બીજું ફળ, ગૌતમે કહેલ એક નિગ્રહસ્થાન.

हेत्वसिद्धि स्त्री० સ્વરૂપાસિદ્ધિરૂપ હેત્વાભાસ.

हेत्वाभास पु० ન્યાયશાસ્ત્રમાં કહેલ દુષ્ટ હેતુ, અસત્ હેતુ, હેતુનો દોષ, કારણનો દોષ.

हेम न० સોનું, ધંતુરો, નાગકેસર.

हेम पु० એક માસા બરોબર વજન, કાળા રંગનો ઘોડો, બુધ ગ્રહ.

हेमकन्दल पु० પ્રવાલ, પરવાળું.

हेमकान्ति स्त्री० દારૂહળદર, સોનાની કાંતિ.

हेमकान्ति त्रि० સોના જેવી કાંતિવાળું.

हेमकार पु० સોની, સોનારો.

हेमकिञ्जल्क न० નાગકેસર.

हेमकूट पु० તે નામે એક પર્વત.

हेमकेलि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हेमकेश पु० શિવ.

हेमक्षीरी स्त्री० સોનામુખી.

हेमगन्धिनी स्त्री० રેણુકા નામે એક ગંધદ્રવ્ય.

हेमगिरि पु० મેરૂ પર્વત, નૈર્ઋત્ય ખુણામાં આવેલો એક દેશ.

हेमगौर पु० આસોપાલવનું ઝાડ.

हेमगौर त्रि० સોના જેવું ઉજ્વળ.

हेमज्वाल पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

हेमतरु पु० ધંતુરાનું ઝાડ.

हेमतार न० મોરથુથુ.

हेमदुग्ध पु० ઉંબરાનું ઝાડ.

हेमदुग्धक पु० ઉંબરાનું ઝાડ.

हेमदुग्धा स्त्री० સોનામુખી.

हेमदुग्धी स्त्री० સોનામુખી.

हेमन् न० સોનું, ધંતુરો, નાગકેસર.

हेमन्त पु० न० માગશર અને પોષ મહિનાની ઋતુ.

हेमन्तनाथ पु० કોઠનું ઝાડ.

हेमपुष्प न० જવાપુષ્પ–કાંટાસરીયાનું ફૂલ.

हेमपुष्प पु० આસોપાલવનું ઝાડ.

हेमपुष्पक पु० ચંપાનું ઝાડ, લોધરનું ઝાડ.

हेमपुष्पिका स्त्री० પીળી જુઈ.

हेमपुष्पी स्त्री० મજીઠ, સ્વર્ણજીવંતી વનસ્પતિ, ઇદરવરણી, મુસળી, ભોંરીંગણી.

हेमफला स्त्री० સોનેરી કેળ–પીળા રંગનાં કેળાંની કેળ.

हेममालिन् पु० સૂર્ય, આકડાનું ઝાડ.

हेमयूथिका स्त्री० પીળી જુઇ.

हेमरागिणी स्त्री० હળદર.

हेमल पु० સોની, કસોટીનો પત્થર, કાચંડો, કાકીડો.

हेमलता स्त्री० સ્વર્ણજીવંતીનો વેલો.

हेमली स्त्री० કાચંડી, કાકીડી.

हेमवल न મોતી.

हेमशंख पु० વિષ્ણુ.

हेमशिखा स्त्री० સોનામુખી.

हेमसार न० મોરથુથુ.

हेमहस्तिरथ पु० દાન માટે કલ્પેલો સોનાના હાથીથી જોડેલો સોનાનો રથ.

हेमाङ्ग पु० ગરૂડ પક્ષી, સિંહ, સુમેરૂ પર્વત, બ્રહ્મા, વિષ્ણુ, ચંપાનું ઝાડ.

हेमोङ्ग त्रि० સોના જેવા અંગવાળું.

हेमाङ्ग न० સોના જેવું અંગ.

हेय त्रि० ત્યાગ કરવા લાયક, તજવા લાયક.

हेर न० હળદર, એક જાતનો મુકુટ.

हेरम्ब पु० ગણેશ, ગણપતિ, પાડો, બુદ્ધ.

हेरम्ब त्रि० શૌર્યથી ગર્વવાળું.

हेरम्बजननी स्त्री० દુર્ગા દેવી–પાર્વતી.

हेरम्बमातृ स्त्री० દુર્ગાં દેવી–પાર્વતી.

हेरम्बहट्ट पु० દક્ષિણમાં આવેલો દેશ.

हेरम्बाम्बा स्त्री० દુર્ગા દેવી–પાર્વતી.

हेरिक पु० ચર, દૂત, જાસુસ, કાસદ.

हेरुक पु० એક બુદ્ધ, મહાકાલનો ગણ.

हेरुक न० કામાખ્યામાં એક શિવલિંગ.

हेलञ्ची स्त्री० હિલમોચિકા વનસ્પતિ.

हेलन न० આજ્ઞા, અપમાન, અનાદર.

हेला स्त्री० અનાદર, અપમાન, પુખ્ત ઉંમરની સ્ત્રીઓની મૈથુન માટે પ્રૌઢ ઇચ્છા, જ્યોત્સ્ના, ચાંદની.

हेलावुक पु० ઘોડા વેચી આજીવિકા ચલાવનાર.

हेलि पु० સૂર્ય, આકડાનું ઝાડ, અવજ્ઞા, અપમાન.

हेलिन् पु० સૂર્ય, આકડાનું ઝાડ.

हेष् भ्वा० आ० अ० सेट् ઘોડાનો શબ્દ થવો, ઘોડાનું હણહણવું.

हेषा स्त्री० ઘોડાનો હણહણાટ.

हेषिन् पु० ઘોડો.

हेहै अव्य० સંબોધનમાં, બોલાવવામાં વપરાય છે.

है अव्य० સંબોધનમાં, બોલાવવામાં વપરાય છે.

हैतुक त्रि० હેતુવાદમાં આસક્ત, યુક્તિવાળું વાક્ય બોલનાર, મીમાંસક.

हैम त्रि० હિમથી થનાર, હિમમાં હોનાર.

हैम त्रि० સોનાનું, સોનામાંથી બનેલ.

हैम न० સવારમાં પડતું ઝાકળનું પાણી.

हैमन पु० હેમન્ત કાળ.

हैमन त्रि० સોનાનું, સોના સંબંધી.

हैमन त्रि० હેમન્ત કાળે હોનાર-થનાર.

हैमन्त पु० હેમંત કાળ.

हैमन्तिक त्रि० હેમંતકાળે હોનાર-થનાર-ડાંગર વગેરે.

हैमल पु० હેમંત ઋતુ.

हैमवत न० હિંદુસ્થાન.

हैमवत त्रि० હિમાલયનું, હિમાલયસંબંધી.

हैमवत पु० એક જાતનું ઝેર.

हैमवती स्त्री० પાર્વતી, હરડે, સોનામુખી, હિમાલયની પુત્રી, ધોળી વજ, ગંગા, રેણુકા નામે એક ગંધદ્રવ્ય.

हैमा स्त्री० પીળી જુઈ.

हैमी स्त्री० પીળી જુઇ.

हैयङ्ग न० માખણ, ગઇ કાલે દોહેલી ગાયના દૂધનું ઘી.

हैयङ्गवीन न० ઉપરના અર્થ.

हैरिक पु० ચોર.

हैहय पु० કાર્તવીર્ય રાજા.

हैहयेश्वर पु० કાર્તવીર્ય રાજા.

हैहेय पु० કાર્તવીર્ય રાજા.

हो अव्य० સંબોધનમાં-બોલાવવામાં વપરાયછે.

होड् भ्वा० आ० स० सेट् જવું, અનાદર કરવો.

होड पु० સમુદ્રમાં જનાર, નૌકા-હોડી, ચોરનું ચિન્હ.

होतृ पु० ઋગ્વેદને જાણનાર બ્રાહ્મણ.

होतृ त्रि० હવન કરનાર, હોમનાર.

होत्र न० હવન, હોમ, ઘી વગેરે હોમવાનું દ્રવ્ય-હવિષ.

होत्रा स्त्री० સ્તુતિ, પ્રશંસા, વખાણ.

होत्रीय न० હોમવાનાં દ્રવ્યો રાખવાનું સ્થળ.

होत्रीय त्रि० હોતાનું, હોતાસંબંધી.

होम पु० હવન, હોમ, પાંચ યજ્ઞોપૈકી દૈવ યજ્ઞ, શ્રાદ્ધમાં બેસાડેલા બ્રાહ્મણને શ્રાદ્ધના મુખ્ય ભાગનું મંત્રપૂર્વક દાન.

होमकुण्ड पु० न० હોમ માટે કુંડ, હોમનો કુંડ.

होमधान्य न० તલ, જવ.

होमधूम पु० હોમ માટેના અગ્નિનો ધૂમાડો.

होमभस्मन् न० હોમની ભસ્મ.

होमाग्नि पु० યજ્ઞનો અગ્નિ.

होमि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ, ઘી, પાણી.

होमिन् पु० હોમ કરનાર.

होम्य त्रि० હોમ માટે હિતનું, હોમમાં ઉપયોગી ઘી વગેરે.

होरा स्त्री० જ્યોતિષમાં કહેલ યજ્ઞ, રાશિનો અર્ધભાગ, હોરા જણાવનારૂં એક શાસ્ત્ર, રેખા.

होलक पु० ઘાસ વગેરેથી અર્ધું પાકેલ શમી ધાન્ય.

होलका स्त्री० નીચેનો શબ્દ જુઓ.

होलाका स्त्री० તે નામે એક વસંતોત્સવ, હોળી-ફાગણ શુદ પુનેમ.

होलिका स्त्री० ઉપરનો અર્થ.

होली स्त्री० होलाका જુઓ.

हौ अव्य० સંબોધનમાં, બોલાવવામાં વપરાય છે.

हौड् भ्वा० आ० स० सेट् અનાદર કરવો, જવું.

हौत्र न० હોતાનું કર્મ, હોતાપણું.

हौत्र त्रि० હોતાનું, હોતાસંબંધી.

ह्नु अदा० आ० स० अनिट् ચોરી કરવી, છુપાવવું.

ह्मल् भ्वा० प० अ० सेट् ચાલવું, ખસવું, જવું.

ह्यस् अव्य० ગઈ કાલે.

ह्यस्तन त्रि० ગઈ કાલે હોનાર–થનાર.

ह्यस्तन पु० વ્યાકરણપ્રસિદ્ધ હ્યસ્તન ભૂતકાળ.

ह्यस्त्य त्रि० ગઈ કાલે હોનાર–થનાર.

ह्रग् भ्वा० प० स० सेट् ઢાંકવું.

ह्रद पु० અગાધ જલાશય, પાણીનો ધરો, કિરણ.

ह्रदिनी स्त्री० નદી.

ह्रप् चु० उभ० स० सेट् ભાષણ કરવું, બોલવું.

ह्रस् भ्वा० प० स० सेट् શબ્દ કરવો, અવાજ કરવો, ક્ષીણ થવું, ઓછા થવું, થોડા થવું, ટુંકા થવું.

ह्रसिमन् पु० ટુંકાઈ, નાનાપણું, ઓછાશ, ક્ષીણતા.

ह्रसिष्ठ त्रि० અતિશય નાનું, ઘણુંજ ટુંકું,

ह्रसीयस् त्रि० ઉપરના અર્થ.

ह्रस्व न० એક જાતનું માપ, લઘુ અક્ષર.

ह्रस्व त्रि० ઘણુંજ નાનું, અત્યંત ટુંકું, ઠીંગણું, નીચું.

ह्रस्व पु० હ્રસ્વ વર્ણ, લઘુ અક્ષર.

ह्रस्वकुश पु० ધોળો દર્ભ, ધોળો દાભ.

ह्रस्वगर्भ पु० દર્ભ, દાભ.

ह्रस्वगविधुका स्त्री० નાગબલા વનસ્પતિ.

ह्रस्वजम्बू स्त्री० નાનાં જાંબુનું ઝાડ.

ह्रस्वता स्त्री० ટુંકાઈ, નાનાપણું, હ્રસ્વપણું.

ह्रस्वत्व न० ઉપરના અર્થ.

ह्रस्वदर्भ पु० ધોળો દાભ.

ह्रस्वदा स्त्री० સલ્લકી વૃક્ષ.

ह्रस्वपत्रक पु० પહાડી મહુડો.

ह्रस्वपत्रिका स्त्री० પીપરનું ઝાડ.

ह्रस्वफला स्त्री० એક જાતનાં જાંબુનું ઝાડ.

ह्रस्वमूल पु० લાલ શેલડી.

ह्रस्वशाखाशिफ पु० છોડ, છોડવો.

ह्रस्वा स्त्री० જંગલી મગ, નાગબલા વનસ્પતિ, એક જાતની જાંબુડી..

ह्रस्वाग्नि पु० આકડાનું ઝાડ.

ह्रस्वाङ्ग न० ટુંકું અંગ, નાનું અંગ.

ह्राद् भ्वा० आ० अ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

ह्राद पु० શબ્દ, અવાજ, હિરણ્યકશિપુનો પુત્ર પ્રહ્લાદ.

ह्राद त्रि० શબ્દ કરનાર, અવાજ કરનાર.

ह्रादिन् त्रि० શબ્દવાળું, અવાજવાળું, શબ્દ કરતું, અવાજ કરતુ.

ह्रादिनी स्त्री० નદી, વિજળી, વજ્ર.

ह्रास पु० ક્ષીણતા, ઓછાશ, ઓછા થવું, શબ્દ.

ह्रिणी कण्ड्वा० आ० अ० सेट् લાજવું, શરમાવું.

ह्रिणिया स्त्री० લાજ, શરમ.

ह्रिणीया स्त्री० લાજ, શરમ.

ह्रित न० ભાગ.

ह्रिबेर न० સુગંધી વાળો–ખસ.

ह्रिबेल न० ઉપરનો અર્થ.

ह्री जु० प० अ० अनिट् લાજવું, શરમાવું.

ह्री स्त्री० લાજ, શરમ.

ह्रीका स्त्री० ત્રાસ, ભય, લાજ, શરમ.

ह्रीकु त्रि० લાજેલ, શરમાયેલ, શરમાળ.

ह्रीकु पु० સ્નાન કરવું, ડુબવું, લાખ, કલઈ, સીસું.

ह्रीच्छ् भ्वा० प० स० सेट् લાજવું, શરમાવું.

ह्रीजित त्रि० શરમાળ, શરમથી જીતાયેલ, લાજવાળું.

ह्रीण त्रि० શરમાયેલ, શરમ પામેલ, લાજેલ.

ह्रीत त्रि० ઉપરના અર્થ.

ह्रीबेर न० સુગંધી વાળો ખસ.

ह्रीबेल न० ઉપરનો અર્થ.

ह्रीमत् त्रि० લાજવાળું, શરમવાળું, શરમાળ.

ह्रीवेर न० સુગંધીવાળો—ખસ.

ह्रीवेरक न० સુગંધી વાળો—ખસ.

ह्रीवेल न० ઉપરનો અર્થ.

ह्रीवेलक न० સુગંધી વાળો—ખસ.

ह्रुड् भ्वा० आ० स० सेट् જવું.

ह्रूड् भ्वा० आ० स० सेट् જવું.

ह्रेप् भ्वा० आ० स० सेट् જવું.

ह्रेपण न० શરમાવવું લજાવવું, લાજ પમાડવી, સ્પર્ધા કરવી, હરીફાઈ કરવી, સરસાઇ કરવી.

ह्रेष् भ्वा० आ० सेट् ઘોડાનું હણહણવું અ૦ સરકવું, ખસવું, જવું स०

ह्रेषा स्त्री० ઘોડાનો શબ્દ, ઘોડાનો હણહણાટ.

ह्रौड् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.

ह्लग् भ्वा० प० स० सेट् ઢાંકવું.

ह्लप् चु० उ० द्वि० सेट् ભાષણ કરવું, બોલવું.

ह्लस् भ्वा० प० अ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

ह्लाद् भ्वा० आ० सेट् અસ્પષ્ટ શબ્દ કરવો, અવાજ કરવો, અ૦ ખુશ કરવું स० आ०+ આનંદ પમાડવો.

ह्लाद पु० હર્ષ, આનંદ, શબ્દ, અવાજ.

ह्लादन न० ઉપરના અર્થ.

ह्लादिन् त्रि० હર્ષ પામનાર, ખુશ થનાર, હર્ષવાળું, આનંદી, શબ્દવાળું, શબ્દ કરનાર.

ह्लादिनी स्त्री० વિજળી, વજ્ર, ઇશ્વરની એક શક્તિ.

ह्वल् भ्वा० प० स० सेट् ચાલવું, હાલવું, જવું.

ह्वान न० શબ્દ, અવાજ, બોલાવવું.

ह्वृ भ्वा० प० स० अनिट् કુટિલ કરવું, વાંકું કરવું.

ह्वे भ्वा० उभ० अनिट् સ્પર્ધા કરવી, હરીફાઇ કરવી, સરસાઈ કરવી, શબ્દ કરવો, અવાજ કરવો અ૦ બોલાવવું, પૂછવું, માગવું स० आ० સ્પર્ધા કરવી, બોલાવવું, આમંત્રણ કરવું, ચેલેંજમાં બોલાવવું, હોડ બકવી, આમંત્રણ કરવું.

समाप्त.

परिशिष्ट.

આ મહાન શબ્દકોષમાં આપતાં બાકી રહી ગયેલ હૈમ શેષનામમાલાના શબ્દો, હૈમ અભિધાનચિન્તામણિટીકાન્તર્ગત શબ્દો, હૈમ અનેકાર્થસંગ્રહ તથા હસ્તલિખિત શબ્દરત્નસમુચ્ચયના ઘણાજ ઉપયોગી શબ્દો.

अ.

अक्षतस्वन पु० શિવ.

अंग पु० ब० તે નામે એક દેશ.

अग्निरेचक पु० શરીરમાં રહેલી પિત્ત ધાતુ.

अचला स्त्री० પૃથ્વી.

अच्युतदेवी स्त्री० છઠ્ઠા જૈન તીર્થંકરની એક શાસન દેવી

अजिता स्त्री० બીજા જૈન તીર્થંકરની એક શાસન દેવી.

अटाटा स्त्री० ભટકવું, રખડવું.

अतिसारकिन् त्रि० ઝાડાના રોગવાળું, સંગ્રહણીના રોગવાળું.

अत्युग्र न० હીંગ.

अद्धा अव्य० નિશ્ચય કે પ્રત્યક્ષ એવા અર્થમાં વપરાય છે.

अधियाङ्ग न० શરીરે પહેરવાનું સીવેલું એક વસ્ત્ર.

अनपयति अव्य० પ્રભાત, સવાર.

अनिन्द्रिय न० હૃદય, મન, અંતઃકરણ.

अनूराधा स्त्री० તે નામે એક નક્ષત્ર.

अनेड त्रि० મૂર્ખ, બેવકૂફ.

अन्ती स्त्री० ચૂલો, સગડી.

अन्दोलन न० હીંચવું, હીંચકવું, ઝૂલવું.

अपरेतरा स्त्री० ઉત્તર દિશા.

अपांग पु० નેત્રનો અંત, આંખનો છેડો, કટાક્ષ, पुंड्र જુઓ.

अपांनाथ पु० વરૂણ દેવ.

अपाचीतरा स्त्री० ઉત્તર દિશા.

अप्रतिचक्रा स्त्री० પહેલા જૈન તીર્થંકરની શાસન દેવી.

अविभ त्रि० કુળવાન, કુલીન.

अभिषस्ति स्त्री० યાચના, માગવું તે, માગણી.

अभीक्ष्णम् अव्य० જલદી, તુરત, અત્યંત.

अमृतपायिन् पु० દેવ.

अमृतलिह् पु० દેવ.

अमृतव्रत पु० દેવ.

अम्बरस्थली स्त्री० પૃથ્વી.

अम्बुघन पु० વરસાદનો કરો.

अम्बुतस्कर पु० સૂર્ય, આકડાનું ઝાડ.

अयुक्पलाश पु० સાતપુડાનું ઝાડ.

अयुक्शक्ति पु० શિવ, શંકર.

अयुगिषु पु० કામદેવ.

अयुङ्नेत्र पु० શિવ, શંકર.

अरसंचित ન૦ ચક્ર નામે એક હથિઆર.

अर्धकाल પુ૦ શિવ.

अर्धकूट ષુ૦ શિવ.

अर्धतूर પુ૦ રણસંગ્રામમાં વગાડવાનું વાદિત્ર.

अर्धलोटिका સ્ત્રી૦ એક ખાદ્ય પદાર્થ-વડું.

अर्धनाराच પુ૦ એક જાતનું બાણ.

अराफल પુ૦ લોઢાંની લાકડી-એક જાતનું હથિઆર.

अरिष्टहन् પુ૦ શ્રીકૃષ્ણ, વિષ્ણુ.

अल्लुका સ્ત્રી૦ ધાણા-કોથમીર.

अलिषिक પુ૦ કોયલ, ભમરો.

अवकटिका સ્ત્રી૦ પોતાનો આકાર છુપાવવો, મુખવિકાર વગેરે નહિ જણાવવો.

अवकुटारिका સ્ત્રી૦ ઉપરના અર્થ.

अघगण ત્રિ૦ એકાકી-એકલું.

अवगणना સ્ત્રી૦ અવજ્ઞા, અપમાન, તિરસ્કાર.

अवटिन् પુ૦ આકાશ.

अविसंवादिवाच् ત્રિ૦ આપ્ત, હિતેચ્છુ, સારો માણસ, સજ્જન.

अष्टालाऽऽयता સ્ત્રી૦ શક્તિ નામે એક હથિઆર.

असन्महस् પુ૦ ઇન્દ્ર.

अस्त्रशेखर ન૦ ઢાલનો અગ્રભાગ.

अस्त्री સ્ત્રી૦ છુરી, જમૈયો.

अस्थितेजस् ન૦ શરીરમાં રહેલી મજ્જા ધાતુ-ચરબી.

अहमग्रिका સ્ત્રી૦ હું પહેલો હું પહેલો એ પ્રમાણેની પહેલ.

अहम्प्रथमिका સ્ત્રી૦ ઉપરનો અર્થ.

अहिपर्यङ्क પુ૦ શંકર, શિવ.

अहोरणिन् પુ૦ રાજસર્પ-એક જાતનો બે મોઢાવાળો મોટો સર્પ.

आ.

आं અવ્ય૦ વાક્યમાં, સ્મરણમાં વપરાય છે.

आकारगूहन ન૦ પોતાના મુખ વગેરેનો આકાર છુપાવવો.

आकाशचमस પુ૦ ચંદ્ર, કપૂર.

आक्षपटलिक ત્રિ૦ અધિકારી વર્ગ સાથે ફરનાર, પરીક્ષા કરનાર.

आक्षारणा સ્ત્રી૦ મૈથુનને ઉદ્દેશી ગાળ ભાંડવી તે.

आखोर પુ૦ ગ્રીષ્મ ઋતુ, ઉનાળો.

आग्नीध्री સ્ત્રી૦ યજ્ઞનો અગ્નિ કરવો.

आच्छोटन પુ૦ ભાતનું ઓસામણ.

आत्मरुह પુ૦ બ્રહ્મા.

आत्मसूति પુ૦ બ્રહ્મા.

आन्तःपुरिक પુ૦ અંતઃપુરનો અધ્યક્ષ-જનાનખાનાનો ઉપરિ અમલદાર.

आरणिन् પુ૦ કુકડો પક્ષી.

आरणिनी સ્ત્રી૦ કુકડી.

आराफल પુ૦ લોઢાની લાકડી-એક જાતનું હથિઆર.

आशी સ્ત્રી૦ સાપની દાઢ.

इ.

इड्वत्सर પુ૦ વર્ષ, વરસ.

इडावत्सर પુ૦ વર્ષ, વરસ.

इन्द्रभगिनी સ્ત્રી૦ દુર્ગા દેવી.

इन्द्रवृद्धिक પુ૦ રંગબેરંગી ઘોડો.

इरावर ન૦ વરસાદનો કરો.

ई.

ईण्डेरिका स्त्री० એક ખાદ્ય પદાર્થ–વડું.

उ.

उग्रचारिणी स्त्री० દુર્ગા દેવી.

उच्चलिङ्ग पु० કુલ્લાના બન્ને બાજુના ખાડા.

उत्क्षेपणा स्त्री० ઉંચે ફેંકવું, વીંઝણો, પંખો, અનાજ મસળવાની વસ્તુ.

उत्तरदिक्पति पु० વાયુ.

उत्तराशाधिपति पु० કુબેર.

उत्तरेतरा स्त्री० દક્ષિણ દિશા.

उत्सर पु० વૈશાખ મહીનો.

उद्‌घ पु० માંસ.

उद्‌धूष पु० શાળ, ડાંગેર.

उन्मत्तवेष पु० શિવ.

उम् अव्य० વિરોધમાં તથા વિરૂદ્ધમાં વપરાય છે.

उर्वङ्ग पु० પર્વત.

उषाकील पु० કુકડો પક્ષી.

उषाकीली स्त्री० કુકડી.

उदरिक त्रि० મોટા પેટવાળું, ફાંદવાળું.

उदस्त त्रि० ઉંચે ફેંકેલ.

उद्‌घाटन न० ઘટીયંત્ર–પાણી ખેંચવાનો રેંટ.

उन्दर पु० ઉંદર.

उन्दरी स्त्री० ઉંદરડી.

उपकर्या स्त्री० તંબુ, રાવટી.

उपवस्त्र न० ઉપવાસ, લાંઘણ.

उपशोचन न० શોક કરવો, વિલાપ.

उष्णायण पु० ઉનાળો.

उहार पु० કાચબો.

उहारी स्त्री० કાચબી.

ऊ.

ऊर्ध्वदेहिक न० પ્રેતકૃત્ય, મરનારની પાછળ કરવાનું દાન વગેરે કર્મ.

ए.

एकभू पु० ચંદ્ર, કપૂર.

एकादशोत्तम पु० શિવ.

एकानसी स्त्री० દુર્ગા દેવી.

ओ.

ओदुम्बर न० તાંબુ.

औ.

औषधीगर्भ पु० ચંદ્ર, કપૂર.

औषधीश पु० ચંદ્ર, કપૂર.

क.

ककुदिन् पु० કાંટ ઉપર રૂંવાટાંના ચકરવાળો ઘોડો.

कक्षापुट पु० કોપીન, લંગોટ, લંગોટી.

कक्षीकृत त्रि० અંગીકારેલ, સ્વીકારેલ.

कखटी स्त्री० ખડી, ચોક.

कटाटङ्क पु० શિવ.

कडन्दिका स्त्री० સર્વ વિદ્યા.

कणय पु० એક જાતનું લોખંડી હથિઆર.

कनिश न० અનાજનું ડુંડું.

कपितन पु० લાખીપિંપર, સોપારી, શીશવ, પીપલ, ગિરોષનું વૃક્ષ.

कपिलाञ्जन पु० શિવ.

कफाणि स्त्री० હાથની કોણી.

कबर न० લવણ, મીઠું, ખટાઈ.

कबरी स्त्री० અંબોડો, કેશકલાપ, એક જાતનું શાક.

कपितना स्त्री० ગર્દભાંડ વૃક્ષ, સરસડો, આમ્રાતક વૃક્ષ, પીપળો.

कमलजन्मन् पु० બ્રહ્મા.

करकट पु० કરચલો પ્રાણી, કુકડો-કુમાર પક્ષી.

करकटी स्त्री० કરચલી, કુકડી, કુમાર પક્ષિણી.

करकशालि पु० રસાલ ઈક્ષુ.

करंगण न० બજાર-હાટ.

करवाल पु० નખ.

करात्ती स्त्री० પત્ની, ભાર્યા સ્ત્રી.

कर्णधारिणी स्त्री० હાથણી.

कर्णादर्श पु० કુંડળ.

कर्णिकारच्छाय न० સોનું.

कर्णिरथ पु० આચ્છાદન કરેલો રથ, ઢાંકેલો રથ

कर्म्मंदिन् पु० સંન્યાસી.

कलकूणिका स्त्री० વ્યભિચારિણી સ્ત્રી.

कलशीमुख पु० એક જાતનું વાદિત્ર.

कलाधिक पु० કુકડો.

कलाधिकी स्त्री० કુકડી.

कलापूर पु० એક જાતનું વાદિત્ર.

कलिन्दतनया स्त्री० યમુના નદી.

कवचित त्रि० બખ્તર જેણે ધારણ કરેલ હોય તે, બખ્તરધારી

कवितृ पु० કવિ, વિદ્વાન, પડિત.

कशारुका स्त्री० પીઠનું હાડકું.

काकजात पु० કોયલ પક્ષી.

काङ्करु पु० ક્રૌંચ પક્ષી.

काचक पु० બંગડી, ખાર, સ્ફટિક.

काठिन पु० ખજુરીનું ઝાડ.

कान्तपाषाण पु० લોહચુંબક.

कान्तारवासिनी स्त्री० દુર્ગા દેવી.

कामरूपिन् पु० ભુંડ, ડુક્કર.

कामलेखा स्त्री० વેશ્યા.

कामसख पु० ચૈત્ર મહિનો.

कामायु पु० ગીધ પક્ષી.

कारू स्त्री० શક્તિ નામનું હથિઆર, રોગ.

कालङ्गमा स्त्री० દુર્ગા દેવી.

कालञ्जरी स्त्री० દુર્ગા દેવી.

कालदमनी स्त्री० દુર્ગા દેવી.

कालनेमिहर पु० કૃષ્ણ, વિષ્ણુ.

कालभृत् पु० સૂર્ય, આકડાનું ઝાડ.

कालवाहन न० પાડો.

कालाष्टमी स्त्री० કાર્તિક–માગશર માસની અંધારી આઠમ.

कालियशासन पु० શ્રીકૃષ્ણ.

कालियारि पु० શ્રીકૃષ્ણ.

कासी स्त्री० ફટકડી.

किट्टिम न० પાણી.

किणालात पु० ઈન્દ્ર.

किण्विन् पु० ઘોડો.

किरत त्रि० પ્રકાશિત, ફેલાયેલ.

किरिकिञ्चिका स्त्री० એક જાતનું વાદિત્ર.

किर्मीरारि पु० પાંડવ ભીમસેન.

कीकसमुख पु० પક્ષી.

कीलालज न० માંસ.

कुज्झटि स्त्री० હિમ, ઝાકળ.

कुटिलाशय पु० કુવાડી.

कुट्टन्ती स्त्री० લાંબી છરી.

कुट्टार पु० પર્વત.

कुण्डा स्त्री० દુર્ગા દેવી

कुण्डिन् पु० ઘોડો.

कुण्डिनपुर न० વિદર્ભ દેશની રાજધાની.

कुण्डिनापुर न० ઉપરનો અર્થ.

कुध्र पु० પર્વત.

कुनालिक पु० કોયલ પક્ષી.

कुन्तल पु० व० તે નામે એક દેશ.

कुन्त्या स्त्री० ભૂત.

कुन्द्रा स्त्री० દુર્ગા દેવી.

कुमुख पु० ભુંડ, ડુક્કર.

कुमुदसुहृत् पु० ચંદ્ર, કપૂર.

कुरण्टी स्त्री० લાકડાંની પુતળી.

कुरुवक पु० શોણામ્લાન વૃક્ષ.

कुरुबिस्त पु० સુવર્ણનું પલ નામનું પ્રમાણ–૮૦ ચણોઠીનો ૧ તોલો એવા ૭ તોલાનું માપ.

कुला स्त्री० દુર્ગા દેવી.

कुलाक्षुता स्त्री० કુતરી.

कुलेश्वरी स्त्री० દુર્ગા દેવી.

कुवीणा स्त्री० ચંડાળની વીણા.

कुष्ठल न० પૃથ્વી.

कुष्ठहन्तृ पु० હાથીનો દાંત.

कुष्ठारि पु० ગંધક.

कुसुमधन्वन् पु० કામદેવ.

कुसुमान्त न० કેસર.

कुहाला स्त्री० એક જાતનું વાદિત્ર.

कुहावती स्त्री० દુર્ગા દેવી.

कूणितेक्षण पु० ગીધ પક્ષી.

कृच्छ्रहर पु० પાષાણભેદ વનસ્પતિ.

कृत त्रि० છેદેલ, કાપેલ, વીંટેલ.

कृतनिर्णेजन पु० જેણે પ્રાયશ્ચિત કરેલું છે તે.

कृतरुष् त्रि० કોપેલ, કોપાયમાન થયેલ.

कृतवाप पु० જેણે હજામત કરાવી છે તે.

कृतविक्रिय पु० જેનું રૂપાંતર કર્યું હોય તે.

कृतवेधन पु० તુરીયાંનો વેલો.

कृतवेधनी स्त्री० તુરીયાંનો વેલો.

कृत्यवत् त्रि० કામમાં ગુંથાએલ.

कृपान न० પાલખી, મીયાનો.

कृमिसू स्त्री० છીંપોલી.

कृशाक्ष पु० કરોળીઓ.

कृशेतर त्रि० સ્થૂલ, ઝાડું.

कृष्णतण्डुला પીપર.

केतित त्रि० બોલાવેલ.

केलिनी स्त्री० પૃથ્વી.

केशावमर्षण न० માથું ચોળવું.

कैतवप्रयोग पु० નુકશાનકારક જુગાર રમવો, કપટ કરવું.

कैरवबन्धु पु० ચંદ્ર, કપૂર.

कैषी स्त्री० પહાડમૂલ વનસ્પતિ.

कोटिश्री स्त्री० દુર્ગા દેવી.

कोट्टपति पु० શહેરનું રક્ષણ કરનાર કોટવાળ.

कोणवादिन् पु० શિવ.

कौञ्ज पु० તે નામે એક પર્વત.

कौशाम्बर न० રેશમી વસ્ત્ર.

क्रतुधामन् पु० નારાયણ, વિષ્ણુ.

क्रमतस् अव्य० અનુક્રમપ્રમાણે, ધીમે ધીમે.

क्रान्तिकक्ष पु० સૂર્યને ફરવાનો માર્ગ.

क्रिमिशत्रु पु० ખેરનું ઝાડ.

क्रियावादिन् पु० ફરિયાદી.

क्रीडनीयक न० પુતળી.

क्रीलि त्रि० ક્રીડા કરનાર.

क्रूरव पु० કાગડો, શિયાળ.

क्रूरात्मन् पु० શનિગ્રહ, શનૈશ્ચર.

क्लपुष न० હૃદયની જમણી બાજુ જ્યાં પાણી રહે છે તે સ્થળ.

क्लोमन् न० ઉપરનો અર્થ.

क्वणत् त्रि० શબ્દ કરતું.

क्वाथि पु० અગસ્ત્ય ઋષિ.

क्षणंक्षणम् अव्य० ક્ષણ, દરેક ક્ષણે.

क्षान्ता स्त्री० પૃથ્વી.

क्षाराब्धिमानुषी स्त्री० લક્ષ્મી દેવી.

क्षीराह्वय पु० એક જાતનો દેવદારનો રસ-જેનો ધૂપ થાય છે.

